ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૨૯

ગુરુવાર, તા. ૧૫મી માર્ચ ૨૦૦૭
ફાલ્ગુન ૨૪, ૧૯૨૮ શાકે

થી

ગુરુવાર, તા. ૨૨મી માર્ચ, ૨૦૦૭
ચૈત્ર ૧, ૧૯૨૯ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ

## અગિયારમી ગુજરાત વિધાનસભા

## અગિયારમું અધિવેશન

ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય

ગાંધીનગર.

## ગુરૂવાર, તા. ૧૫મી માર્ચ, ૨૦૦૭ / ફાલ્ગુન ૨૪, ૧૯૨૮ શાકે

### પહેલી બેઠક


| | |
|---|---|
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૧ - ૪૧ |


### બીજી બેઠક


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૪૨ - ૫૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૫૧ - ૧૧૩ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૧૪ - ૧૧૪ |
| કામકાજ સલાહકાર સમિતિનો પંદરમા અહેવાલની ઉપર પોઈન્ટ ઓફ ઓર્ડર | ૧૧૫ - ૧૧૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ) | ૧૧૮ - ૧૨૭ |
| બિન સરકારી વિધેયકો | ૧૨૮ - ૧૪૭ |


## શુક્રવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૦૭ / ફાલ્ગુન ૨૫, ૧૯૨૮ શાકે


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧૪૮ - ૧૫૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૫૯ - ૨૨૨ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૨૨૩ - ૨૨૫ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨૨૬ - ૨૨૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૨૭ - ૨૪૭ |
| સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ | ૨૪૮ - ૨૪૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૫૦ - ૨૫૭ |

## સોમવાર, તા. ૨૧મી માર્ચ, ૨૦૦૭ / ફાલ્ગુન ૩૦, ૧૯૨૮ શાકે


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૨૫૮ - ૨૬૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૭૦ - ૩૦૬ |
| શોકદર્શક ઉલ્લેખ | ૩૦૭ - ૩૧૪ |
| સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો | ૩૧૫ - ૩૧૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૧૬ - ૩૪૭ |


## મંગળવાર, તા. ૨૨મી માર્ચ, ૨૦૦૭ / ચૈત્ર ૧, ૧૯૨૯ શાકે

### પહેલી બેઠક


| | |
|---|---|
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૮ - ૩૮૪ |


### બીજી બેઠક


| | |
|---|---|
| ટૂંકી મુદતનો પ્રશ્ન | ૩૮૫ - ૩૮૬ |
| તારાંકિત પ્રશ્નો | ૩૮૭ - ૩૯૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૯૬ - ૪૪૮ |
| સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો | ૪૪૯ - ૪૪૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૫૦ - ૪૬૭ |
| બિન સરકારી સંકલ્પો | ૪૬૮ - ૪૮૭ |


******

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તારીખ:૧૫મી માર્ચ, ૨૦૦૭,**
**ફાલ્ગુન ૨૪, ૧૯૨૮ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

**શિક્ષણ વિભાગ**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૪૮,૯૧,૭૨,૪૪,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૧,૨૦,૭૧,૪૬,૦૦૦ની માગણી ક્રમાંક ૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૬ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિત અ. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનહરલાલ મ. મકવાણા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા : :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ, સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧,૨૩,૬૫,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૧૭,૯૦,૪૫,૦૦૦/-ની માગણી ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બળદેવજી ચં. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૩ રજૂ કરવામાં આવી.**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**શ્રી અશોક ભટ્ટ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૯,૩૧,૨૨,૭૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૬૩,૪૯,૬૯,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૩૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલભાઈ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪૬ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી અશોક ભટ્ટ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવાર કલ્યાણને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૫૨,૪૪,૮૫,૦૦૦ ની માગણી ક્રમાંક: ૪૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૪૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૫૦ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૫૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૫૨ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૫૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૫૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી અશોક ભટ્ટ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય અને પરિવાર કલ્યાણને લગતું અન્ય ખર્ચ સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧૬,૩૫,૦૦૦ અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૧,૧૦,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક ૪૧ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક: ૪૧ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૫ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૭–૨૦૦૮ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની ગુરૂવાર, તા.૧૫–૩–૨૦૦૭ (પહેલી બેઠક) (છઠ્ઠો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **શિક્ષણ વિભાગ**<br>**માગણી નં. ૯** | | |
| ૧. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–પ્રાથમિક ........ બનાવવી<br>રૂા. ૧,૩૫,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં. ૧૭–૧૮ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની અનિયમિત હાજરી સામે પૂરતાં પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મનીષ ગીલીટવાલા |
| * ૨. | ––"–– | ૧૦૦ | શાળાઓમાં વર્ગ માટેના ઓરડા પૂરતી સંખ્યામાં બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| * ૩. | ––"–– | ૧૦૦ | પ્રાથમિક શાળાના જર્જરીત મકાનોની સત્વરે મરામત કરાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪. | ––"–– | ૧૦૦ | પ્રાથમિક શાળાઓને નિયમો વિરૂધ્ધ મંજૂરી અપાતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા (રશીદાબેન પટેલ) |
| ૫. | ––"–– | ૧૦૦ | ખાનગી પ્રાથમિક શાળાઓમાં એડમીશન સમયે લેવાતા ઈન્ટરવ્યુ રોકવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૬. | ––"–– | ૧૦૦ | ખાનગી પ્રાથમિક શાળાઓમાં ફીના ઉંચા ધોરણોને ઘટાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| * ૭. | ––"–– | ૧૦૦ | પી.ટી.સી. અભ્યાસક્રમની ફીના ધોરણો નકકી કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| * ૮. | ––"–– | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| * ૯. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રારંભિક શિક્ષણ<br>૧૦૬–શિક્ષણ ........ સેવાઓ<br>૦૪–ઈડીએન–૩<br>પ્રાથમિક...સુધારણા<br>રૂા. ૨૫,૪૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં. ૨૨ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સુવિધાઓનો અભાવ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૦. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રારંભિક શિક્ષણ<br>૧૦૬–શિક્ષણ......સેવાઓ<br>૧૩–ઈ.ડી.એન.–૩ કોમ્પ્યુટર | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં અનુભવી સ્ટાફના અભાવે વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર શિક્ષણ પૂરી પાડવામાં પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |

| | | | | |
|---|---|---|---|---|
| | શિક્ષણ<br>રૂા. ૨,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં. ૨૬ | | | |
| ૧૧. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રારંભિક શિક્ષણ<br>૧૦૮– પાઠ્યપુસ્તકો<br>રૂા. ૨૮,૯૬,૮૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં. ૨૮ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તકો સમયસર પૂરા પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| *૧૨. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૨–માધ્યમિક શિક્ષણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧– માધ્યમિક ..... બોર્ડ<br>રૂા. ૧,૩૮,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં. ૩૨–૩૩ | ૧૦૦ | ધોરણ ૧૦–૧૨ની જવાબવહીઓ બિન તાલીમી શિક્ષકોને બદલે તાલીમી શિક્ષકો ઘ્વારા ચકાસાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૩ | ––"–– | ૧૦૦ | ધો. ૧૦–૧૨ની પરીક્ષામાં વિદ્યાર્થીઓને નજીકના સ્થળે કેન્દ્ર મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| *૧૪. | ––"–– | ૧૦૦ | માધ્યમિક શિક્ષણમાં ટ્યૂશનની બદી ડામવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૧૫. | ––"–– | ૧૦૦ | ધોરણ ૧૦–૧૨ની વાર્ષિક પરીક્ષાઓ સમયે સ્કૅવોડની કામગીરી સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૬. | ––"–– | ૧૦૦ | ઉચ્ચ ન્યાયાલયના ચૂકાદા છતાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના કર્મચારીઓને કાયમી નિમણૂક ન આપનાર જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| *૧૭. | ––"–– | ૧૦૦ | બોર્ડના કથળેલા વહીવટને સુદૃઢ બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૮. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૨–માધ્યમિક શિક્ષણ<br>૧૦૯–સરકારી માધ્યમિક શાળાઓ<br>રૂા.૪૫,૪૫,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં.૪૪ | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓમાં વિષયવાર શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. સી. જે. ચાવડા |
| ૧૯. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૩–યુનિવર્સીટી અને ઉચ્ચતર શિક્ષણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂા. ૫૫,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં. ૫૧ – ૫૩ | ૧૦૦ | કોલેજોમાં રેગીંગ કરનાર તત્વો સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માધુભાઈ ભોયે |
| ૨૦. | ––"–– | ૧૦૦ | વિદ્યાર્થીઓને કોલેજોમાં એડમીશન મેળવવામાં પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૨૧. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૩–યુનિવર્સીટી અને ઉચ્ચતર શિક્ષણ<br>૧૦૨– યુનિવર્સિટીઓને.... સહાય<br>૦૪–ઈ.ડી.એન.–૩૪ | ૧૦૦ | યુનિવર્સિટીઓ ઘ્વારા થતા બેફામ ખર્ચાઓની તપાસ કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમીત ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | યુનિ... અનુદાન<br>રૂા. ૮૮,૨૧,૬૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં. ૫૪ | | | |
| *૨૨. | --"-- | ૧૦૦ | યુનિવર્સિટીઓના નાણાકીય વહીવટનું આંતરિક ઓડિટ સમયસર કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૩. | --"-- | ૧૦૦ | યુનિવર્સિટીઓના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૨૪. | ૨૨૦૩– તકનિકી શિક્ષણ<br>૧૧૨–ઈજનેરા/તકનિકી.....સંસ્થાઓ<br>૦૧–ટીઈડી–૫ સરકારી....વિકાસ<br>રૂા. ૩૧,૪૩,૨૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં. ૧૧૨–૧૧૩ | ૧૦૦ | પછાત જિલ્લાઓમાં સરકારી ઈજનેરી કોલેજોની સંખ્યા વધારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મનહરલાલ મકવાણા |
| *૨૫. | --"-- | ૧૦૦ | રાજયના પછાત જિલ્લાઓની સરકારી ઈજનેરી કોલેજોમાં વિદ્યાર્થીઓને શિક્ષણ મેળવવામાં પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૬. | --"-- | ૧૦૦ | સરકારી ઈજનેરી કોલેજોમાં લાંબા સમયથી ખાલી રહેતી પ્રાધ્યાપકો/આચાર્યોની જગ્યાઓ ભરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલ જોષીયારા |
| ૨૭. | ૨૨૦૪ – ખેલકૂદ અને યુવક સેવાઓ<br>૧૦૧–વ્યાયામ શિક્ષણ<br>રૂા. ૧,૩૯,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં. ૧૨૩ | ૧૦૦ | સરકારી વ્યાયામ કોલેજો / શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૨૮. | ૨૨૩૬– પોષણ<br>૦૨– પોષણ ...... વિતરણ<br>૧૦૨–મધ્યાહન.....ભોજન<br>૦૧–એમડીએમ–૧<br>સરકારી....યોજના<br>રૂા. ૨,૦૬,૩૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં. ૧૩૩–૧૩૪ | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનામાં હલકી કક્ષાનો ખોરાક આપનાર સામે કડક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| *૨૯. | --"-- | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનાના સંચાલકો ધ્વારા જીવજંતુઓ વાળો ખોરાક અપાતો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૩૦. | --"-- | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનામાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ સામે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૧. | ૪૨૦૨–શિક્ષણ, ખેલકૂદ, કલા અને સાંસ્કૃતિ<br>૦૧–સામાન્ય શિક્ષણ<br>૦૩–ઈ.ડી.એન.૮<br>ઉચ્ચ..... સુવિધાઓ<br>રૂા. ૨,૧૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં. ૧૪૦ | ૧૦૦ | ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ માટે અલગ સ્વચ્છતા વિષયક જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. સી. જે. ચાવડા |
| | **માગણી નં. ૧૦** | | | |
| *૩૨. | ૨૨૦૫– કલા અને સંસ્કૃતિ<br>૧૦૧– લલિતકલા શિક્ષણ<br>રૂા. ૧૫,૭૫,૦૦૦ | ૧૦૦ | સંગીત નાટય ભારતીને સુદૃઢ બનાવી તેનો પૂરતો લાભ મેળવવામાં તંત્રની ઉદાસીનતા | |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં. ૪<br>પા.નં. ૧૨૮ | | | |
| ૩૩. | ૩૪૨૫–અન્ય વૈજ્ઞાનિક સંશોધન<br>૬૦–...... અન્ય<br>૨૦૦–અન્ય વિજ્ઞાન સંસ્થાઓને સહાય<br>રૂા. ૩૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં. ૧૩૮ | ૧૦૦ | વૈજ્ઞાનિક સંશોધનના પ્રચાર માટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બળદેવજી ઠાકોર |
| | **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**<br>**માગણી નં.૩૯** | | | |
| ૩૪. | ૨૨૧૦–તબીબી અને આરોગ્ય<br>૦૧–શહેરી .....એલોપથી<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–એચએલટી–૧<br>રૂા.૧,૮૨,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં.૭ | ૧૦૦ | સ્ટાફની બદલીઓમાં ચાલતી ગેરરીતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૩૫. | –– " –– | ૧૦૦ | ધારાસભ્યોના પત્રો અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| *૩૬. | –– " –– | ૧૦૦ | મિટીંગોના બહાને અધિકારીઓ ઘ્વારા આચરવામાં આવતી અનિયમિતતા નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૩૭. | –– " –– | ૧૦૦ | બગડેલ એમ્બ્યુલન્સ વાહનોની મરામત કરાવવામાં તથા તેની અછત નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૮. | ૨૨૧૦–તબીબી અને જાહેર આરોગ્ય<br>૦૧–શહેરી.......એલોપથી<br>૧૦૪–તબીબી સ્ટોર ડેપો<br>રૂા.૧,૮૨,૫૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં.૧૪ | ૧૦૦ | દવાખાનાઓમાં જરૂરી દવાઓ સમયસર પહોંચાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૩૯. | –– " –– | ૧૦૦ | દવાઓ અને સાધન સામગ્રીની ખરીદીના ટેન્ડરમાં ચાલતી ગેરરીતિ રોકવા યોગ્ય પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| *૪૦. | –– " –– | ૧૦૦ | બનાવટી દવાઓના વેચાણ સામે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૪૧. | ૨૨૧૦–તબીબી અને જાહેર આરોગ્ય<br>૦૧–શહેરી....... એલોપથી<br>૧૧૦–હોસ્પિટલ અને દવાખાના<br>૦૧–સિવિલ.......વહીવટ<br>રૂા.૧,૦૪,૩૯,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં.૧૫–૧૬ | ૧૦૦ | સરકારી હોસ્પિટલોના કથળેલા વહીવટીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪૨. | –– " –– | ૧૦૦ | સરકારી હોસ્પિટલોમાં પ્રજાને આધુનિક સારવાર સત્વરે મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મનહરલાલ મકવાણા |
| ૪૩. | –– " –– | ૧૦૦ | સરકારી હોસ્પિટલો / દવાખાનાઓમાં સ્વચ્છતા જાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અનિલકુમાર પટેલ |
| ૪૪. | –– " –– | ૧૦૦ | સરકારી હોસ્પિટલોમાં ગરીબ દર્દીઓને મફત દવાઓ ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૫. | —— " —— | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં ગરીબ દર્દીઓ પ્રત્યે દાખવવામાં આવતું ઓરમાયું વર્તન નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માધુભાઈ ભોયે |
| ૪૬. | —— " —— | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં દર્દીઓને પૂરતા પ્રમાણમાં સ્વચ્છ પથારીઓ આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૪૭. | ૨૨૧૦–તબીબી અને જાહેર આરોગ્ય<br>૦૧–શહેરી......એલોપથી<br>૧૧૦–હોસ્પિટલ અને દવાખાના<br>૦૬–એચએલટી–૩૨ કુટીર હોસ્પિટલો<br>રૂા.૨,૬૯,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં.૨૦ | ૧૦૦ | કુટિર હોસ્પિટલોનો વ્યાપ વધારી તેનો લાભ વધુ દર્દીઓ મેળવે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનીલ જોષીયારા |
| ૪૮. | ૨૨૧૦–તબીબી અને જાહેર આરોગ્ય<br>૦૧–શહેરી.........એલોપથી<br>૨૦૦–અન્ય......સેવાઓ<br>૦૧–શાળા આરોગ્ય સેવાઓ<br>રૂા.૮,૧૮,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં.૩૭ | ૧૦૦ | શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ બિમાર વિદ્યાર્થીઓને ઉત્તમ સેવાઓ પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૪૯. | ૨૨૧૦–તબીબી અને જાહેર આરોગ્ય<br>૦૨–શહેરી.....પધ્ધતિઓ<br>૧૦૧–આયુર્વેદ<br>૦૪–એચએલટી–૨૧ તબીબી......વિસ્તરણ<br>રૂા.૬,૬૩,૩૧,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં.૪૩ | ૧૦૦ | બંધ પડેલ આયુર્વેદિક હોસ્પિટલોમાં ડોકટરોની ભરતી કરી પૂરતી સગવડો સાથે તેને ફરીથી ચાલુ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| | | **<u>માગણી નં. ૪૦</u>** | | |
| ૫૦. | ૨૨૧૧–પરિવાર કલ્યાણ<br>૧૦૧–ગ્રામીણ.....સેવાઓ<br>રૂા.૮૯,૭૫,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં.૧૨૦ | ૧૦૦ | ગ્રામીણ પરિવાર કલ્યાણ સેવાઓનો વ્યાપ વધારી ગ્રામીણ જનતાને મદદરૂપ થવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૫૧. | ૨૨૧૧–પરિવાર કલ્યાણ<br>૧૦૩–પ્રસુતિ અને બાળ કલ્યાણ<br>૦૩–પ્રસુતિ અને બાળ આરોગ્ય<br>રૂા.૨,૧૬,૪૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં.૧૨૨–૧૨૩ | ૧૦૦ | નવજાત શીશુના આરોગ્યની સઘન ચકાસણી કરી જરૂરી સેવાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| ૫૨. | —— " —— | ૧૦૦ | ગરીબ સગર્ભા નારીઓ માટે ચિરંજીવી વીમા સુરક્ષાની રકમમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૫૩. | —— " —— | ૧૦૦ | સગર્ભા મહિલાઓને પૂરતી આરોગ્ય વિષયક સેવા પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. સી. જે. ચાવડા |
| ૫૪. | ૨૨૧૧–પરિવાર કલ્યાણ<br>૧૦૫–વળતર<br>૦૪–પ્રાણઘાતક......સહાય<br>રૂા.૧,૦૦,૦૦૦ | ૧૦૦ | પ્રાણઘાતક જટીલ કેસોમાં દર્દીઓને રહેમરાહે નાણાકીય સહાય ચૂકવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૧૧<br>પા.નં.૧૨૬–૧૨૭ | | | |
| | **માગણી નં. ૪૧** | | | |
| ૫૫. | ૨૨૩૫–સામાજિક સુરક્ષા અને કલ્યાણ<br>૦૧–પુનઃ સ્થાપન<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂા.૧૬,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં.૧૩૧ | ૧૦૦ | નિર્વાસિતોની અને અન્ય વ્યકિતઓની વસાહતોમાં તબીબી અને સ્વચ્છતા વિષયક સેવા અંગે પૂરતા સ્ટાફની વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી રશીદાબેન પટેલ |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નહીં.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ લોકશાહી દેશમાં અને વિકસતા રાજયમાં શિક્ષણ અને આરોગ્ય એ સેવાના મુખ્ય અંગો છે. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી કહેતા હતા કે નિરક્ષરતા એ પાપ છે અને જનસમૂહ માટે એ શરમાવા જેવી બાબત છે. આઝાદીના આટલા વર્ષો પછી અને ગુજરાતમાં શિક્ષણ અંગે આટલી બધી નીતિઓ જાહેર કર્યા પછી આ રાજયમાં ૫ કરોડની જનતામાં ૧ કરોડ અને ૩૫ લાખ લોકો નિરક્ષર છે. આ રાજય માટે આ એક ખૂબ જ ચિંતાનો વિષય છે. ૩૦ ટકા જેટલા લોકો આજે પણ નિરક્ષર છે. અંગુઠા છાપ છે. આની ચિંતા રાજયના શિક્ષણ વિભાગે કરવી જોઈએ.

કેન્દ્ર દ્વારા, સરકારના શિક્ષણ અભિયાન દ્વારા કન્યા કેળવણીના વિકાસ માટે અને કન્યા કેળવણી માટે દરેક રાજયની જેમ ગુજરાત રાજયને પણ કરોડો રૂપિયા આપવામાં આવે છે અને રાજય સરકાર પણ કરોડો રૂપિયાનું આયોજન કન્યા કેળવણી પાછળ કરે છે. આટલા આયોજન થતા હોવા છતા જે જાતીય સમાનતાનો ગુણોત્તર છે, એમાં આ રાજયમાં વધારો થયો નથી. ૧૦૦ વિદ્યાર્થીઓ ભણવા જાય છે, એમાં આજે પણ ૮૫ વિદ્યાર્થીનીઓ છે. ૮૫ દીકરી, કન્યા આજે પણ ૧૦૦ દીકરાની સામે ભણવા જાય છે. એટલે જાતીય સમાનતાનો ગુણોત્તર બીજા રાજયોની સરખામણીમાં ખૂબ પાછળ છે. એટલું જ નહીં, પરંતુ જે પ્રથમ હરોળનાં રાજય ભારત દેશમાં છે તેમાં ગુજરાતનો સમાવેશ થતો નથી અને બીજી હરોળનાં રાજયો બિહાર, ઝારખંડ, ઉત્તર પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીર છે એ લાઈનમાં આજે પણ ગુજરાત ઉભું છે ત્યારે એની ચિંતા આપણે બધાએ ભેગા થઈને કરવાની છે. એક બાજુ કન્યા કેળવણી વધતી નથી અને આપણે લાગણીસભર ભાષણો કરીએ છીએ. માનનીય મુખ્યમંત્રીશ્રી જાહેર સભામાં કહે છે કે તમારી દીકરીઓને ભણાવો એવી ભીખ માંગીને લાગણી સભર ભાષણો કરવાથી રાતોરાત કન્યાઓ ભણવા આવી જતી નથી, પરંતુ એના માટે તો લાંબાગાળાનું આયોજન કરવું પડતું હોય છે. આઝાદી આવ્યા પછી વર્ષો સુધી કોંગ્રેસે આયોજન કર્યુ એ જ આયોજનની પાછળ પાછળ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આટલું બધું કરવા છતાં અને કેન્દ્ર સરકાર દ્વારા કરોડો રૂપિયા આપવા છતાં કન્યા કેળવણીમાં પાછલા ત્રણ વર્ષમાં કોઈ પ્રગતિ હાંસલ થઈ શકી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શિક્ષણમાં ગુજરાતમાં ક્રાંતિકારી સર્જન થયું છે એવી વાતો માનનીય મુખ્યમંત્રીશ્રી અને આ સરકારે અને માનનીય શિક્ષણ મંત્રીશ્રી અવારનવાર કરે છે, પરંતુ નેશનલ યુનિવર્સિટી ઓફ એજયુકેશન પ્લાનિંગ એન્ડ એડમિનિસ્ટ્રેશન એ વિભાગે સરવે કર્યા પછી પ્રાથમિક શિક્ષણની સફળતામાં આજે પણ ગુજરાત દેશમાં ૧૩ મા સ્થાને છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી અને સરદારનું આ ગુજરાત જયાં સુધી કોંગ્રેસની સરકારો રહી હતી ત્યાં સુધી ગુજરાત પ્રાથમિક શિક્ષણમાં ૭ મા સ્થાને હતું અને ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને ગુજરાતની પ્રજાએ એવી અપેક્ષા રાખી હતી કે આ સરકાર પ્રાથમિક શિક્ષણની સફળતામાં ૭ મા સ્થાનેથી ત્રીજા બીજા કે પહેલા સ્થાને જશે, પરંતુ અફસોસ છે કે આજે પણ એ ૧૩ મા સ્થાને છે એટલે કે એમાં સતત પીછેહઠ થઈ રહી છે, આ રીતે તો ગુજરાતની પ્રગતિ ભવિષ્યમાં રૂંધાઈ જશે, આ હું એકલો વાત કરતો નથી, હું મહેસાણા જિલ્લાના પ્રાથમિક શિક્ષણ અધિકારી તરીકે એક વર્ષ સેવા બજાવીને આવ્યો છું, એટલે એની અંદર ઉતરીને આ એકલો હું વાત કરતો નથી, પરંતુ એક વખતના આ રાજયના પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન અને આ રાજયના જાણીતા સાહિત્યકાર અને કેળવણીકાર ડો. મફતલાલ પટેલ એ પણ દુઃખ સાથે વાત કરે છે કે આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રીનો જે ભ્રમ છે એમાંથી એમણે બહાર નીકળવું જોઈએ અને સાચી દિશામાં ગુજરાતને લઈ જવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, 'અચલા' નામનું શૈક્ષણિક પાક્ષિક બહાર પડે છે તેમાં ગુજરાત સરકારના આ ભ્રમને આ કેળવણીકાર ડો. મફતભાઈ પટેલે ભાંગી નાંખ્યો છે. તો એની અંદર જઈને આપણે શું કરી શકાય એની ચિંતા અને મંથન આ સરકારે અને શિક્ષણમંત્રીશ્રીએ કરવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી મળી ત્યારથી અને ગુજરાતની રચના થઈ ત્યારથી દરેક વર્ષે શાળા શરૂ થતી હોય ત્યારે વિદ્યાર્થીઓ ભણવા માટે દાખલ થતા હોય છે, એમાં આ સરકાર શાળા પ્રવેશોત્સવ લઈને આવી એમાં કાંઈ ખોટું નથી, એમાં કાંઈ વાંધો પણ નથી, પરંતુ પ્રવેશોત્સવ કર્યા પછી પણ વિદ્યાર્થીઓ કે વિદ્યાર્થીનીઓની પ્રવેશ સંખ્યામાં વધારો થવો જોઈએ એ વધારો આજ દિવસ સુધી થયો નથી. ૨૦૦૦-૨૦૦૧ ની સાલમાં કોંગ્રેસની સરકાર આવી, માનનીય કેશુભાઈની સરકાર આવી, શંકરસિંહ વાઘેલાની સરકાર આવી, આ સમયગાળામાં પણ ૮૨ લાખ ૫૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ પ્રાથમિક શિક્ષણ લેતા હતા અને એના પછી આજે આ આંકડો શું છે. તો ૫ વર્ષમાં વસતિ પણ વધી છે, લોકોની શિક્ષણ તરફથી ભૂખ જાગી છે તો પણ ૮૨ લાખ ૬૭ હજારની સંખ્યા છે એટલે ફકત એમાં ૧૭ હજારનો જ વધારો થયો છે. એટલે કરોડો રૂપિયા ખર્ચીને પ્રવેશોત્સવ કરવાથી વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો નથી, એવો કોઈ નોંધપાત્ર વધારો આ સરકાર આનાથી કરાવી શકી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી, આ સરકાર અને ભારતીસય જનતા પાર્ટીના ધારાસભ્યો અવારનવાર વાત કરતા હોય છે આ ગૃહમાં અને ગૃહની બહાર પણ કે અમે ૮૦ હજાર જેટલા વિદ્યા સહાયકોની ભરતી કરીને ક્રાંતિ લાવ્યા છીએ. તો તમે કર્યુ છે એની તો તમે વાત કરો છો, પરંતુ જે નથી કર્યુ એ પણ વાત કરો ને?

માનનીય અધ્યક્ષશ્રી, આ વિદ્યા સહાયકો શું છે? ૧૯૯૬-૯૭ની સાલમાં આ રાજયમાં શંકરસિંહ વાઘેલાની સરકાર હતી, દસ વર્ષ થયા, તે વખતે આ રાજયમાં બાળ ગુરુ યોજના દાખલ કરવામાં આવી, અને એ યોજનામાં ફિકસ પગારથી કોઈ પણ શાળામાં ઘટ ન રહે તેવું પ્રયોજન કરવા માટે આ યોજના દાખલ કરવામાં આવી. એ વખતે સામે બેઠેલા સત્તાધારી પક્ષના લોકો તેનો વિરોધ કરતાં હતાં. આ યોજના સારી હતી, સમાજમાં અને રાજયમાં તેની પ્રશંસા થઈ હતી. એટલે પડતી મૂકી શકાય એમ નહોતી. એટલે આ ભારતીય જનતા પાર્ટી સત્તા પર આવી અને આ બાળ ગુરુ યોજનાનું નામ બદલી નાખ્યું, અને નામ બદલી અને વિદ્યા સહાયક યોજના નામ કરવામાં આવ્યું. અમે વાંધો નથી લીધો. ગમે તે નામ હોય, ભરતી કરે તો સારું, નામ બદલવા માટે તેઓ ટેવાયેલા છે. પણ જ્યાં સુધી ૨૦૦૧ની સાલ સુધી કેશુભાઈની સરકાર રહી ત્યાં સુધી ૪૫ હજાર કે ૪૮ હજાર જેટલા વિદ્યા સહાયકોની ભરતી થઈ ગઈ હતી. જ્યારથી આ સરકાર આવી, માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકાર આવી ત્યારથી ૮૨ હજાર જેટલા વિદ્યા સહાયકો થયા, તમે કેટલા ભર્યા ? ૪૮ હજાર બાદ કરો, ૩૦ થી ૩૫ હજાર વિદ્યા સહાયકો ભર્યા. જાહેરાતો કર્યા કરે છે, પણ દર વર્ષે ૧૨ હજાર પ્રાથમિક શિક્ષકો નિવૃત્ત થાય છે, ગુજરાત રાજયમાં શિક્ષકોની સંખ્યા બે લાખ પચ્ચીસ હજાર ૧૯૯૧ ની રહી છે. દર વર્ષે એમાંથી દસ થી બાર હજાર શિક્ષકો નિવૃત્ત થાય તો નિવૃત્ત થતા શિક્ષકો પાંચ વર્ષમાં ભરે તો ૬૦ હજાર થાય, તમે ભરતી ૩૫ હજારની કરી છે. એટલે આજે પણ આ રાજયમાં ૨૦ થી ૨૫ હજાર શિક્ષકોની ઘટ છે. અને પાંચ વર્ષ રહ્યા અને એક વર્ષ બીજું રહેશો તો પણ એ પુરી કરી શકવાના નથી. અને તે ઘટ અમારે આવીને પુરી કરવાની છે. આ રીતે આંકડાની માયાજાળ રચીને આ ગુજરાતની પ્રજાને આ સરકાર ગુમરાહ કરી રહી છે. પ્રાથમિક શાળાના મકાનોની વાત પણ મારે કરવી છે. આ રાજયમાં ગુજરાતની સ્થાપના થયા પછી કોંગ્રેસે ૩૦ વર્ષ શાસન કર્યુ. અમે જ્યારે શાસન છોડયું ત્યારે ૩૫૫૦૧ પ્રાથમિક શાળાના ઓરડાઓ હતા. ગુજરાત સરકારનો ૨૦૦૨-૨૦૦૩નો અહેવાલ પ્રસિદ્ધ થયો છે એમાં આ વાતનો સ્વીકાર કરવામાં આવેલ છે. કોંગ્રેસની સરકાર ગઈ પછી ૧૫ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આ રાજયમાં બેઠી છે. ૫૦ ટકા જેટલો સમય ગાળો અમારા કરતાં એમણે ઓછો પસાર કર્યો છે. તો અમે જે કામ કર્યુ હોય તેનાથી ૫૦ ટકા કામ તો તમારે કરવું પડે તે વાત સ્વીકારવી જોઈએ. ૩૫ હજાર પ્રાથમિક શાળાના મકાનો બની ગયા હતાં અને પછી ૨૦૦૧ ની સાલ આવી ત્યાં સુધી માનનીય કેશુભાઈની સરકાર રહી, ત્યાં સુધીમાં આ આંકડો ૩૭૫૦૦ સુધી પહોંચ્યો, પછી શું ? પછી અંધકાર. આ પ્રાથમિક શાળાના મકાનો આજે ૩૯ હજાર સુધી પહોંચ્યા છે. છ વર્ષના શાસનમાં ફક્ત ૧૫૦૦ મકાનો બન્યા છે. અને ભાજપની સરકારના ગણો તો ૪૦૦૦ મકાનો બન્યા છે, તેની સામે કોંગ્રેસના શાસનમાં ૩૫ હજાર મકાનો આ ગુજરાત રાજયમાં બન્યા છે. ગૌરવ કોઈ લઈ શકે તો આ કોંગ્રેસ લઈ શકે એમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારે વાત કરવી છે કે તમે શિક્ષકો આપી દીધા, વિદ્યા સહાયકો આપી દીધા, કોઈ જગ્યાએ ઘટ નથી, શાળાના ઓરડાઓ આપી દીધા, પણ તમે બહાર પાડેલ સર્વેક્ષણ જણાવે છે કે શિક્ષક દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે? આજે રાજયમાં વિદ્યાર્થીઓની સંખ્યા નક્કી છે, શિક્ષકોની સંખ્યા નક્કી છે, હવે એવરેજ કાઢવામાં આવી તો શિક્ષક દીઠ વિદ્યાર્થીની સંખ્યા ૧૯૮૫-૮૬ માં, એટલે વીસ વર્ષ પહેલાની હું વાત કરું છું. ત્યારે શિક્ષક દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા ૪૦ ની હતી. જ્યાં સુધી કોંગ્રેસની સરકાર રહી ત્યાં સુધી એટલે ૧૯૯૬-૯૭ સુધીમાં આ શિક્ષક દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા ૪૦ અને ૪૧ ની વચ્ચે રહી હતી. પછી તમારું શાસન આવ્યું, શિક્ષક દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા વધીને ૪૪ થી ૪૫ સુધી પહોંચી ગઈ. છેલ્લા બે-ત્રણ વર્ષમાં આ રાજય સરકારને કેન્દ્ર સરકારે થોડા પૈસા આપ્યા એટલે એણે પ્રયત્નો કર્યા છે અને આજે પણ શિક્ષક દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા ૪૧ ની છે. ૧૯૮૫-૮૬ની પરિસ્થિતિએ આજનું પ્રાથમિક શિક્ષણ તંત્ર પહોંચ્યું નથી જે આપનું આ અંગે ધ્યાન દોરવા માગુ છું. શિક્ષકોની ઘટ, શાળાના ઓરડાઓની પણ ૨૦ હજારની ઘટ છે. અગાઉ શાળાના ઓરડાઓ સિમેન્ટ કોંકેટના બન્યા હતા એવા ઓરડાઓ આ સરકાર બનાવી શકી નથી. ગામડાંમાં નવું કલ્ચર

ઊભું કરવામાં આવ્યું છે. પ્લાસ્ટિકના ઓરડા, એલ.એન્ડ ટી.ના ઓરડા શિક્ષણ વિભાગે ગામડાંના આચાર્યશ્રીઓએ માગ્યા હોય કે ન હોય તો પણ રાતોરાત ઉતારી દેવામાં આવે અને દિવસે એને ઊભા કરી દેવામાં આવ્યા છે. આ ઓરડાઓ આજે તૂટી ગયા છે એમાં વિદ્યાર્થીઓ બેસતા નથી આવા પ્રશ્નો શિક્ષણ વિભાગ પાસે ઊભા છે.

બીજી એક અગત્યની વાત કરવી છે. શાળામાંથી વિદ્યાર્થીઓ ઊઠી જાય છે અથવા તો ભણવા જ નથી આવતા. ૬ થી ૧૮ વર્ષના બાળકો સ્કૂલે જતા નથી એનું એક સર્વેક્ષણ આખા ભારત દેશમાં થયું છે અને દરેક રાજયમાં કેટલા વિદ્યાર્થીઓ ૬ થી ૧૪ વર્ષના ઊઠી જાય છે અને ૬ થી ૧૪ વર્ષના કેટલા બાળકો શાળાએ જતા જ નથી એનું ૨૦૦૫ની સાલમાં એટલે કે તાજેતરમાં જ એનું સર્વેક્ષણ થયું છે. ગુજરાત રાજયમાં ૧ લાખ ૮૫ હજાર વિદ્યાર્થીઓ ૬ થી ૧૪ વર્ષના શાળાએ જતા જ નથી. તો પ્રવેશોત્સવ શું કામનો. ૧ લાખ ૯૭ હજાર વિદ્યાર્થીઓ ૬ થી ૧૪ વર્ષના શાળા છોડીને જતા રહે છે. એટલે કુલ ૩ લાખ ૮૦ હજાર વિદ્યાર્થીઓ દર વરસે પ્રાથમિક શિક્ષણથી વંચિત રહી જાય છે. આ ભારત સરકારે સર્વેક્ષણ કરેલ છે. અને ગુજરાત સરકારની બુકમાં છપાયું છે. શાળામાંથી આ રીતે ઊઠી જાય છે કે આવતા જ નથી એના ભારત સરકારે રાજયવાર નંબરો કાઢ્યા છે એમાં ગુજરાતનો નંબર ૧૦મો છે. ગુજરાતમાં આટલી બધી વ્યવસ્થા હોય, આટલું સુંદર તંત્ર રચાયું હોય ત્યારે પણ ગુજરાતનો નંબર છેક દસમાં ક્રમે છે. બીજી બાજુ અહીંયા એમ કહેવામાં આવે છે કે ડ્રોપ આઉટ રેશિયો ઘટી ગયો તેવી ખોટી પ્રશંસા અંદરોઅંદર કરી રહી છે. ડ્રોપ આઉટ રેશિયાની વાત નીકળી છે ત્યારે ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવાનું કોઈએ ક્રાંતિકારી પગલું ભર્યુ હોય અને કોઈને પણ જો જશ આપવો હોય તો એ માનનીય માધવસિંહજી સોલંકીને આપવો જોઈએ. માધવસિંહજી સોલંકીની સરકારે આ રાજયમાં બક્ષીપંચની વસતિ ૩૫ થી ૪૦ ટકા હોય, ઠાકોર સમાજ જેવો વિશાળ સમાજ શિક્ષણથી વંચિત રહી ગયો હોય ત્યારે આ રાજયની ચિંતા કરી હોય, પ્રાથમિક શિક્ષણમાંથી વિદ્યાર્થીઓ ઊઠી જતા હતા કારણ કે એને એક ટંક ખાવાનું નહોતુ મળતું ત્યારે માધવસિંહ સોલંકીની સરકારે રાજયમાં મધ્યાહ્ન ભોજન યોજના દાખલ કરી એની પણ તમે ટીકા કરી હતી. આ ન ચાલે એના માટે પ્રયત્નો કર્યા હતા. પરંતુ આ દેશની સુપ્રીમ કોર્ટે આખા દેશમાં મધ્યાહ્ન ભોજન યોજના હોવી જોઈએ અને માધવસિંહજી સોલકીની સરકારે આ યોજના દાખલ કરી છે એ વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા માટેની સર્વોત્તમ યોજના છે એવું સુપ્રીમ કોર્ટે કહ્યું અને આજે આખા દેશમાં મધ્યાહ્ન ભોજન યોજના ચાલે છે. ૧૯૮૫ સુધી ૫૦ ટકા ડ્રોપ આઉટ રેશિયો હતો એ ડ્રોપ આઉટ રેશિયો માધવસિંહ સોલંકીએ મધ્યાહ્ન ભોજન યોજના દાખલ કર્યા પછી ધીમે ધીમે ઘટતો ગયો. ૨૦૦૧ની સાલ સુધીમાં આ ડ્રોપ આઉટ રેશિયો ૧૫ ટકાએ આવી ઊભો રહ્યો. આ સરકાર બેઠી એ પહેલા ડ્રોપ આઉટ રેશિયો ૧૫ ટકા ક્રમશઃ ઘટતો ઘટતો આવ્યો હતો. મધ્યાહ્ન ભોજન યોજના સિવાય ઘણા કારણો હતા. કન્યા કેળવણી મફત, પ્રાથમિક શિક્ષણ મફત, સ્કોલરશીપ, શિષ્યવૃત્તિ, એસ.સી., એસ.ટી., અને બક્ષીપંચના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપી. કુટુંબોને રોટી અને ધોતી મળી રહે તેવું કોંગ્રેસ સરકારનું આયોજન આ બધા કારણોને લીધે ડ્રોપ આઉટ રેશિયો ઘટતો ઘટતો આજે ૮ ટકાએ આવીને ઊભો છે. આ બધા પરિણામો અગાઉની સરકારોએ કર્યા છે એ પગલે તમે ચાલ્યા છો એટલે તમને એટલા અભિનંદન ચોક્કસ આપીએ પણ અગાઉની સરકારોએ કામ કર્યુ છે એ તમારે ભૂલી જવું જોઈએ નહિ.

આ રાજયમાં શિક્ષણને લગતા અનેક કૌભાંડો થયા છે. આ દેશમાં સૌથી મોટામાં મોટુ એલ.ટી.સી. કૌભાંડ આ રાજયમાં આ સરકાર આવ્યા પછી થયું કરોડો રૂપિયાનું એલ.ટી.સી. કૌભાંડ બોગસ પ્રમાણપત્રોનું કૌભાંડ, બોગસ બી.એડની ડીગ્રી સર્ટિફિકેટોનું કૌભાંડ એટલું જ નહિ બોગસ સ્ટડી સેન્ટરો આ શિક્ષણ મંત્રીશ્રી અને આ સરકારની છત્રછાયા નીચે ફાલ્યા. માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદમાં બોગસ સ્ટડી સેન્ટરો ચાલતા હોય, ગાંધીનગરમાં સ્ટડી સેન્ટરો ચાલતા હોય અને સરકારના ધ્યાનમાં ન હોય? પણ જ્યારે ખૂબ મોટા પાયામાં આ કૌભાંડ રચાયું ત્યારે સરકારના ધ્યાનમાં આવ્યું. ખરેખર તો શિક્ષણ જગતમાં આટલા ભ્રષ્ટાચારો અને આટલા કૌભાંડો કોઈ રાજયમાં અને કોઈ સરકારમાં થયા નહીં હોય. ખરેખર તો આનું ગીનેસ બુક ઓફ વર્લ્ડ રેકૉર્ડમાં નામ આવે એવું છે. જો શિક્ષણ વિભાગ સાચી માહિતી મોકલે તો. ડીમ્ડ યુનિવર્સિટીઓ અને સ્ટડી સેન્ટરો ઉભા કરીને અને સેલ્ફ ફાયનાન્સ કૉલેજો ઉભી કરીને અમારા વખતમાં સેલ્ફ ફાયનાન્સ શબ્દ અમે સાંભળ્યો જ નહોતો. આ સેલ્ફ ફાયનાન્સ શબ્દ કયાંથી શોધી લાવ્યા અમને ખબર નથી અને સેલ્ફ ફાયનાન્સ કૉલેજો ઉભી કરી. તેમને ૨૫ ટકા મેનેજમેન્ટ કવોટા ભરવાની છૂટ આપવામાં આવી. આ સફેદ આતંકવાદીઓ આ રાજયમાં ઉભા થયા. સફેદ જુઠ્ઠાણું ચલાવતા લોકો ઉભા થયા. વેપારી પેઢીઓ બનાવી. સાહેબ, શિક્ષણના નામે વેપાર શરૂ થયો. વેપારની હાટડીઓ શરૂ થઈ અને વેપાર શરૂ કરીને શિક્ષણને કલંકિત કરવાનું કામ આ સરકારમાં છેલ્લા પાંચ વર્ષમાં બન્યું છે એ તરફ આપનું ધ્યાન દોરવા માગું છું.

માધ્યમિક શાળાઓ, કૉલેજો હોય તેના નોર્મ્સ નક્કી થયા હોય, એક પણ નોર્મ્સ સચવાતું ન હોય. એ વિશે મારે વિશેષ વાત કરવી નથી કારણ કે ગુજરાતની પ્રજા બરાબર જાણે છે. ગ્રાન્ટેબલ સ્કૂલો કરવામાં આવતી હોય. ગ્રાન્ટેબલ સ્કૂલો કરવા માટેના સરકારે નિયમો કરેલા હોય. એ નિયમો અભેરાઈ પર ચડાવી દેવાના. મારે તમને ત્રણ દાખલાઓ આપવા છે આ રાજયના. સુમસોર નામનું ચાણસ્મા તાલુકાનું માલજીભાઈના મતવિસ્તારનું

ગામ. ૧૦૦ ટકા ઠાકોર સમાજની વસતિ, બક્ષી પંચની વસતિ. એ લોકોએ પોતાના ખર્ચે સુંદર મકાન બનાવ્યું છે અને સુંદર અભ્યાસ આજે ચાલ્યો છે. પૂજ્ય રવિશંકર મહારાજ પણ ૧૫ દિવસ આ ગામમાં રહ્યા હતા. આજે સ્વાધ્યાયની સારામાં સારી પ્રવૃત્તિ આ ગામમાં ચાલે છે. બક્ષી પંચની કન્યાઓ ભણે છે. આ સરકાર તેને ગ્રાન્ટેબલ કરતી નથી. મહુડી અનોડીયા નામના વિસ્તારમાં આખું ગામ બક્ષી પંચનું, સાત પેટાપરાં બક્ષીપંચના. ધોરણ-૧૨ સુધીની સ્કૂલ ચાલે અને ૧૪૦૦ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ બક્ષીપંચની ભણતી હોય, વર્ષોથી ગ્રાન્ટેબલ કરવા માટેની માગણી થતી હોય તેને સ્વીકારવામાં આવતી નથી. અમારા વખતે તો ગ્રાન્ટેબલની જ મંજૂરી મળતી હતી. આવો નૉન ગ્રાન્ટેબલ શબ્દ જ નહોતો. માનનીય અધ્યક્ષશ્રી, આ પરિસ્થિતિનું નિર્માણ આ સરકારમાં થઈ રહ્યું હોય ત્યારે અને કોઈને ગ્રાન્ટેબલ ન બનાવતા હોય તો વાંધો નહીં પણ બીજી સ્કૂલો તો બને છે. સુખી ગામની સ્કૂલો તો ગ્રાન્ટેબલ બને છે. આ બાબતમાં આપે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું જોઈએ. (સમયસૂચક ઘંટડી) મારે ફક્ત બે મિનિટ આરોગ્ય તંત્રની વાત કરવી છે. શિક્ષણ તંત્રની વાત પૂરી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર તો સરકારમાં મહેસૂલ તંત્રની ટીકાઓ થાય, માર્ગ અને મકાન વિભાગની ટીકાઓ થાય, પોલીસ તંત્રની અને ગૃહ વિભાગની ટીકાઓ થાય એ તો માની શકાય પણ આ રાજયમાં જે સેવાના માધ્યમો છે, તંત્ર છે એવા શિક્ષણ તંત્ર અને આરોગ્ય તંત્ર વિશે ટીકાઓ થાય છે ત્યારે અમને દુઃખ થાય છે. એ દુઃખ સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી બિમલ શાહ (કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી શિક્ષણ વિભાગની માગણી ક્રમાંક-૯ અને માગણી ક્રમાંક-૧૦ લઈને આવ્યા છે તેને અનુમોદન આપું છું અને મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય સંજોગોમાં આ ગૃહમાં જ્યારે શિક્ષણની માગણીઓ ઉપરની ચર્ચા શરૂ થઈ ત્યારે મને થયું કે મારા લર્નેડ મિત્ર શિક્ષણની માગણીઓમાં ઉભા થયા છે ત્યારે મારી અપેક્ષા વધી ગઈ કે શિક્ષણ માટેના કંઈક સારા, નવા સૂચનો અને શિક્ષણ માટેની કંઈક સારી માગણીઓ આ ગૃહ સમક્ષ લાવશે. પરંતુ તેમની વાતમાં મને વચ્ચે એમ લાગ્યા કરતું હતું કે એ તેમનો પોતાનો અનુભવ તેમણે જે શિક્ષણાધિકારી તરીકે નોકરી કરી, શંકરસિંહજીના પી.એસ. તરીકે નોકરી કરી અને અત્યારે માનનીય ચાવડા સાહેબ ધારાસભ્ય તરીકે જોઈ રહ્યા છીએ તે કમ્પેરીઝનમાં ફક્ત અત્યારનો ભાગ ભૂલી ગયા અને આગળનો ભાગ તેમને યાદ રહ્યો, કારણ કે હું તો ગણિતનો બહુ સારો વિદ્યાર્થી હતો. તેમણે કેટલાક આંકડાઓ આપ્યા કે અમારા વખતે શિક્ષકોની સંખ્યા અને વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી હતી?

મારે ફકત એટલું જ પૂછવું છે કે તમારા વખતમાં કેટલા શિક્ષકો ખૂટતા હતા, ૫૦ વિદ્યાર્થીઓ અને કહે કે અમારી વખતે ૫ હજાર વિદ્યાર્થીઓ રહ્યા એટલે વિદ્યાર્થીઓની સંખ્યા શિક્ષકો પ્રમાણે વધારે થઈ ગઈ. આજે ખૂટતા શિક્ષકો અમે પૂરા કર્યા છે અને એટલા માટે દરેક ક્લાસમાં અમે એક એક શિક્ષક આપ્યો છે. વર્ગ પ્રમાણે શિક્ષક આપ્યો છે પણ એ એમને નહીં દેખાય એ અમારી કમનસીબી છે. એમણે કહ્યું પ્રાથમિક શિક્ષણના સંદર્ભમાં, પ્રાથમિક શિક્ષણની જે પરિસ્થિતિ કોંગ્રેસે ઉભી કરી છે એનાથી વધારે બહેતર પરિસ્થિતિ આખા દેશમાં હું તો ખાસ કરીને ગુજરાતનો જયારે બધા અનુભવ કરે છે ત્યારે એ પોતાની છાતી પર હાથ મૂકીને કોંગ્રેસના બધા લોકો બોલે કે આ એ વખતની શિક્ષણની પરિસ્થિતિ અને આજની શિક્ષણની પરિસ્થિતિમાં કેટલો ફરક છે અને અનેકોઅનેક વિદ્યાર્થીઓ શિક્ષણના ઓરડાની બહાર બેસતા હતા. કયાંક ભૂલથી શિક્ષણનો ઓરડો થયો હોય તો ત્યાં આગળ શિક્ષક ના હોય અને કદાચ એનાથી આગળ શિક્ષકો હોય, ઓરડા હોય ત્યાં પાટિયું સારું ના હોય અને પાટિયું હોય તો ત્યાં ચોક ના પહોંચ્યા હોય એવા અનેક બનાવો, અનેક દાખલાઓ શિક્ષણ સમાજમાં અગાઉ જોયા છે. મેં તો અનુભવ કર્યો છે. શિક્ષણમાં જે ક્રાંતિ આવી છે, હું તો માનનીય મુખ્યમંત્રીશ્રી અને બેનને અભિનંદન આપુ છું એમણે જનજીવનના ધબકારાનો અનુભવ કર્યો છે. આજે શિક્ષણમાં શેની જરૂરિયાત છે એની ચિંતા કરી છે. ફકત ચીલાચાલુ શિક્ષણની વાત નથી કરી, મારે દુઃખ સાથે કહેવું પડે છે કે સેલ્ફ ફાઈનાન્સ કોલેજ શું હતી એ એમને ખબર નથી. ડીમ્ડ યુનિવર્સિટી શું હતી એ એમને ખબર નથી. લાખો અને કરોડો રુપિયા ગુજરાતના ગુજરાતની બહાર એમણે ધકેલી દીધા છે. આજે નર્મદા યોજના કરતા વધારે પૈસા, આટલા રુપિયા ગુજરાતમાં રહ્યા હોત તો આજે જેટલી સંસ્થાઓ છે એટલી સંસ્થાઓ માટે એમણે થોડોક પણ વિચાર કર્યો હોત તો આખી નર્મદા યોજનાનો પૈસો, ગુજરાતનો વિદ્યાર્થીઓ બહાર આપી આવ્યો એ ગુજરાતમાં અને ગુજરાતમાં વપરાયા હોત. લૂંટારાઓ (અંતરાય) વેપાર.. (અંતરાય.)

**અધ્યક્ષશ્રી .** : બળદેવભાઈ બેસી જાવ, પ્લીઝ બંધ થઈ જાય, બેસી જાવ ટેવ પડી ગઈ છે. મનહરભાઈ પ્લીઝ બેસો. બહાર કાઢવા પડશે મારે. પ્લીઝ

**શ્રી બિમલ શાહ** : સાહેબ, દયા ખાઈએ છીએ. એ કહે છે ને વેપાર અને લૂંટારાની વાત કરે છે. સાહેબ મુકેશ અંબાણીએ ગ્રાન્ટેબલ સ્કૂલો કરી છે. કરસનભાઈએ કરી હોય, અનિલભાઈએ કરી હોય, માણેકભાઈએ કરી હોય, પાટીદાર સમાજે કરી હોય, અનુસૂચિત જાતિના લોકોએ કરી હોય, અનુસૂચિત જનજાતિના મંડળોએ કરી હોય આ બધા લૂંટારાઓ છે? છાતી ઉપર હાથ મૂકે સાહેબ, મને યાદ છે, હું તો શિક્ષણમાં અનેકોઅનેક વખતથી વિદ્યાર્થી તરીકે કામ કરતો આવ્યો છું. યુનિવર્સિટીમાં સેનેટ મેમ્બર તરીકે રહી ચૂકયો છું. શિક્ષણ સમિતિના સભ્ય તરીકે મેં કામ કર્યુ છે. આપણને સાંભળવામાં આવે કે આ કોંગ્રેસના ધારાસભ્યના ભાઈની સ્કૂલ છે. સાહેબ

આપણને સાંભળવામાં આવે કે આ કોંગ્રેસના પ્રમુખની સ્કૂલ છે. આપણને સાંભળવામાં આવે કે કોંગ્રેસને, જેણે વિધાનસભામાં ટિકિટ આપી હતી, એની આ કોલેજ છે. અનેકોઅનેક દાખલા એક પણ શિક્ષણ સંસ્થા જે વેપાર ના કરતી હોય એ બધી જ શિક્ષણની સંસ્થાઓ કોંગ્રેસીયાઓને સાચવવા હતી. એ કોંગ્રેસની હતી. એક શબ્દ એના કરતા આગળ ધારાસભ્યને સાચવવા માટે એક સ્કૂલ આપવામાં આવતી હતી. તમને તમારા વિસ્તારમાં એક સ્કૂલ આપવામાં આવશે. અનેકોઅનેક ભ્રષ્ટાચારો આજ સુધી એમણે શિક્ષણમાંથી કઈ રીતે મલાઈ કાઢી લેવી એના સિવાય વિચાર કર્યો નથી અને આ કમનસીબ ઘટના ને કારણે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આજે જે પરિસ્થિતિ શિક્ષણમાં થઈ છે એ તમારા પાપે થઈ છે. એમણે ગામડાનો વિચાર કર્યો નથી, ગરીબ માણસનો વિચાર કર્યો નથી. આદિવાસીઓનો વિચાર કર્યો નથી. ફક્ત જ્ઞાતિઓના વાડા પર એમણે રાજકારણ કર્યુ છે અને એટલા માટે શિક્ષણમાં એમણે કોઈ દિવસ પ્રયત્ન પણ કર્યો નથી. આ તો ૧૫હજાર કરોડની અમારી આદિવાસીઓ માટેની મુખ્યમંત્રીશ્રી સાહેબે જાહેરાત કરી એમાં શિક્ષણ માટે કેટલા પૈસા ફાળવ્યા, કયાં જઈને સમાજ ઉભો રહેશે એનો વિચાર કર્યો. એમના પેટમાં પાપ છે, એમને પેટમાં દુ:ખે છે કે આ બધા ભણી જશે તો અમારી હાલત શું થશે? ડૉ. જોષીયારા સાહેબ ટિકિટ માગે, આવા કેટલા જોષીયારા ઉભા કરવા, એમના પેટમાં આ પાપ છે. મારે તમને કહેવું છે પ્રવિણભાઈ, (અંતરાય)

**શ્રી દોલતભાઈ પરમાર** : આવા શબ્દો બરાબર નથી.

**અધ્યક્ષશ્રી** : કયા શબ્દો ?

**શ્રી દોલતભાઈ પરમાર** : આપ સાંભળી રહ્યા છો.

**અધ્યક્ષશ્રી** : પણ કયા શબ્દો એ બોલો.

**શ્રી દોલતભાઈ પરમાર** : એમણે જે શબ્દોનો ઉપયોગ કર્યો.

**અધ્યક્ષશ્રી .** : હું શબ્દો કાઢી નાખીશ, આપ બોલો કયા શબ્દો?

**શ્રી દોલતભાઈ પરમાર** : ધારાસભ્યોને સ્કૂલો આપી અને એ બધું બોલ્યા એ.

**અધ્યક્ષશ્રી .** : એમ નહિ ચાલે, એવા કોઈ શબ્દો હોય તો ઠીક છે.

**શ્રી બિમલ શાહ** : એમણે કહ્યું કે માધવસિંહભાઈ એક જ બહુ સારા હતા અને એમના જમાનામાં ડ્રોપ આઉટ રેશિયો ઓછો હતો. તો તમે બધાએ ભેગા થઈને એમને કાઢીને અમરસિંહભાઈને કેમ બેસાડ્યા? તમે એમને ડ્રોપ આઉટ કરી દીધા. માનનીય અધ્યક્ષશ્રી, મારે દુ:ખ સાથે કહેવુ પડે છે કે એકેએક વસ્તુમાં માનનીય સી.જે.ચાવડા સાહેબ આંકડા કાઢીને લાવ્યા એ ખબર નથી પડતી ક્યાંથી લાવ્યા? હું ડ્રોપ આઉટ રેશિયોના આંકડા આપું છું. ૧૯૯૦-૯૧માં એમનો ડ્રોપ આઉટ રેશિયો ૪૯ ટકા હતો. ત્યારથી શરૂ કરીને આજે ડ્રોપ આઉટ રેશિયો ૫.૧૩ ટકા છે. આપની પાસે આંકડા ખોટા હોય તો આ પ્રાપ્ત કરી લેજો. હું જે આંકડા આપીશ એ પોતે પોતાની જાતે કમ્પેર કરી લે કે તમે આંકડા આપ્યા હતા અને આજે શું છે? એમના વખતમાં સ્થાયી રેશિયો ૫૦ ટકા હતો આજે એ ૯૪ ટકાએ પહોંચી ગયો છે. શા માટે બધા અધિકારીઓ પોતાની એ.સી. ઑફિસ છોડીને ગામડામાં જાય? મુખ્યમંત્રીશ્રી, બધા ધારાસભ્યો ગામડે જઈને તમે તમારી દીકરીને ભણાવો એની ચિંતા કરી. .એમણે ચિંતા કરી હતી? બક્ષીપંચ સમાજ, દલિત સમાજ, આદિવાસી સમાજની વાતો કરો છો. શા માટે દર વર્ષે ગામડે ગામડે જવું પડે? દીકરીઓને ભણાવવા, એને પ્રોત્સાહિત કરવા શા માટે બૉન્ડ આપવા પડે? મુખ્યમંત્રીશ્રીને મળેલ ભેટ સોગાદો શા માટે કન્યાઓના શિક્ષણમાં આપવી પડે? શા માટે આવી પરિસ્થિતિનું નિર્માણ થયું? માનનીય અધ્યક્ષશ્રી, એમણે આ બધું નથી કર્યું. આટલા વર્ષ પછી હેન્ડપંપનું ખાતમુહૂર્ત કરવા જઈએ ત્યારે દુ:ખ થાય. ઓરડાઓનું ખાતમુહૂર્ત અને ઉદ્‌ઘાટન કરવા જઈએ ત્યારે અમને દુ:ખ થાય છે કે આ પરિસ્થિતિનું નિર્માણ કોંગ્રેસે કર્યું છે. આ બધી વાતો કરે છે પણ એમને એટલું પૂછો કે તમારા વખતમાં ખૂટતા ઓરડાઓની સંખ્યા ૧૯૯૮ની સ્થિતિએ ૪૨,૮૩૦ હતી (અંતરાય) મારે બે દીકરીઓ છે અને બન્ને આજે બોર્ડની પરીક્ષા આપે છે, ભણે છે. ૪૨,૮૩૦ ઓરડાઓની ઘટ હતી અને આજની પરિસ્થિતિએ શાળાના ૨૫૯૭ ઓરડાઓ ખૂટે છે. (સમય સૂચક ઘંટડી) એનાથી આગળ તમે જે ખર્ચ કર્યો. શાળાની સંખ્યા ૮૫૬૮ હતી એની સામે અત્યારે ૩૦ હજાર કરતા વધારે શાળાઓ છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી એમની પાસે કહેવાની કોઈ જગ્યા નથી. (અંતરાય)

**પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે માગણી નં. ૯ શિક્ષણ વિભાગની મહેસૂલ સદર માટે લઈને આવ્યા છે એને મારું અનુમોદન અને સમર્થન આપવા માટે ઊભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૂજ્ય ગાંધી બાપુના કન્યા કેળવણીના આદર્શ અને સ્વપ્નને સાકાર કરવા માટે કન્યા કેળવણી આંદોલનથી બે પેઢીને સંસ્કારી અને શિક્ષિત બનાવવાનો મહાયજ્ઞ આ રાજ્ય સરકારે માંડ્યો છે. ઐતિહાસિક પ્રાચીન ગુજરાતને વિશ્વના નકશામાં મૂકવા માટે સરકારે બરાબર તૈયારી કરેલ છે. આ ગોલ્ડન ગુજરાતનું સ્વપ્ન સાકાર કરીશું એવો જયઘોષ ઈન્વેસ્ટમેન્ટ સમીટ ૨૦૦૭માં મુખ્યમંત્રીશ્રીએ કર્યો. એ મંચ ઉપર એમની સામે સ્વામી વિવેકાનંદજીને રાખવામાં આવ્યા હતા. હું મુખ્યમંત્રીશ્રીએ પોતાની ક્ષમતાનો એકે એક કણ રાજ્યની પ્રગતિ માટે દાવ ઉપર લગાવ્યો છે ત્યારે આદર્શ શાળા વિવેકાનંદજીને સામે રાખ્યા છે, હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત વર્ષના સંસ્કાર, એની સંસ્કૃત્તિ, જીવન મૂલ્યો, આધ્યાત્મિકતા અને જીવન દર્શનને સાથે રાખીને ગુજરાતનું યુવા ધન તૈયાર થાય એ ઉદ્દેશ સાથે ગુજરાતમાં પડેલી આંતરિક શકિત જગાડવાનું કામ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણ મંત્રીએ કરેલ છે. હું આનંદીબેનને ખૂબ ખૂબ હ્રદયપૂર્વક અભિનંદન આપું છું. સંસ્કૃત્તિની પવિત્ર જીવન ધારાને અખંડ રાખનાર શિક્ષણની પ્રણાલી છે એમાં પરિવર્તન લાવવા માટે અથાગ પ્રયત્ન શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે. શિક્ષણના વિકાસ માટે જે કંઈ કરવું પડે તે શિક્ષકોને તાલીમ, વિદ્યા સહાયકની ભરતી, શાળા નિર્માણ માટેની સુવિધા, અભ્યાસક્રમ, ફેકલ્ટી અને આજના સમાજની આવશ્યકતા પ્રમાણે પ્રયત્નો કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવિણભાઈને કહેવા માગું છું કે ડ્રોપ આઉટ રેશિયાની અને કન્યા કેળવણીના પ્રમાણની વાત કરતા હતા, મારે પૂછવું છે કે ભૂતિયા શાળા, ભૂતિયા ખંડો અમારી સરકારે કોના અને કેટલા બંધ કરાવ્યા છે. ડ્રોપ આઉટ રેશિયાની વાત હું પછી કરીશ. શિક્ષણ વિભાગનું આ કાર્ય એક ઇતિહાસ બનવાનું છે અને શિક્ષણ વિભાગ દ્વારા તો કોંગ્રેસ સરકારે ફાઈલમાં રાખેલ હતા એ બધું લાઈટમાં લાવવાનો પ્રયત્ન કર્યો છે. હું વિદ્યાર્થી પરિષદની કાર્યકર્તા હતી. "શિક્ષણ બચાવો" આંદોલન અમારે કરવું પડ્યું હતું, એ વાત હું ક્યારેય ભૂલતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી સાંસ્કૃત્તિક સંસ્કૃત્તિની ગરિમા મુજબનું સ્થાન વિશ્વમાં અંકિત કરવા માટે આ યુવા પેઢીને તૈયાર કરવા માટેનો આત્મવિશ્વાસ અને એના માટે અમારી રાજ્ય સરકાર કટિબદ્ધ અને વચનબદ્ધ છે. ૨૧મી સદી જ્ઞાનની સદી છે. આ જ્ઞાનની સદીમાં મગજમાંથી ઉત્પન્ન થશેને એનાથી જ આપણે રાષ્ટ્ર અને આપણા પોતાનો વિકાસ કરવાના છીએ. અમારી સરકાર એ ખૂબ સારી રીતે સમજી છે, સરકાર એની ફરજ બજાવે છે શિક્ષણના તમામ સ્તરે મૂડીરોકાણ કરવા માટે પ્રયત્નો કર્યા છે. સાથે સાથે ગુણવત્તાપૂર્ણ શિક્ષણ મારફતે આપણા સમાજની પરંપરાને આધુનિક બનાવવા માટે સાહસપૂર્ણ દ્રષ્ટિ વિકસાવવાનું પણ મારી સરકારે શરૂ કર્યુ છે. હું શિક્ષણ વિભાગની કાપ દરખાસ્ત જોતી હતી અને એ કાપ દરખાસ્તની અંદર શિક્ષણ, ખેલકૂદ, કલા અને સાંસ્કૃતિક વિભાગમાં ડો. સી.જે. ચાવડા - "ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ માટે અલગ સ્વચ્છતા વિષયક જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા" એ વાંચીને મને દુઃખ થયું. જે લખવા માટે આ કાપ દરખાસ્ત મૂકી દીધી. ગુજરાત સરકારની સ્પોટર્સ ઓથોરિટી દ્વારા એટલી બધી સુંદર કામગીરી થઈ છે. વિશ્વ મહિલા દિન નિમિત્તે માત્ર મહિલાઓ રાષ્ટ્રીય લેવલે અને રાજ્ય લેવલે જે ઇનામો લાવી છે એનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. અમને દેખાતું હતું અહીંયા અમારી એકેય બહેનો નહોતી, નહિ તો સારી રીતે જોઈ શકત. સ્પોટર્સ ઓથોરિટી દ્વારા મારા જામનગર કેન્દ્રનું નાટક લલિતકલા અકાદમી દ્વારા રાજ્યમાં પ્રથમ અને કેન્દ્રમાં દ્વિતિય આવ્યું છે. એનો જશ મારે શિક્ષણ વિભાગને આપવો છે. કેન્દ્રમાં બીજા આવેલ નાટકને અબ્દુલ કલામજીના હસ્તે નવાજવામાં આવ્યું હતું.

બીજી માગણી એવી હતી, બોર્ડ મોડા પુસ્તકો આપે છે. બોર્ડ મોડા પુસ્તકો આપતું હશે. ખોટો ઇતિહાસ નથી આપતું. ગુજરાત સરકાર દ્વારા GCERT દ્વારા યુવા ધનને ધ્યાનમાં રાખીને જે પુસ્તકો તૈયાર કર્યા છે એ શિક્ષણ મંત્રી અને એમના વિભાગે રાત-દિવસ ઉજાગરા કરીને, પ્રયત્નો કરીને પુસ્તકો દર વર્ષે resource ગૃપ દ્વારા એની રચના કરી, કાર્ય શિબિરો થાય, S.R.G સુધીની વિડિયો કૉન્ફરન્સથી તાલીમ exposure tour નું આયોજન કરાય, લેખકોને સ્કૂલના પુસ્તકો કેમ લખવા એની તાલીમ અપાય અને એના જે પ્રશ્નપત્રો હોય એ પ્રશ્નપત્રો પ્રમાણે દરેક અભ્યાસક્રમ, ટૅક્નૉલૉજી અભ્યાસક્રમ સ્વઅધ્યયન માટે પોથીઓ તૈયાર થઈ.

૨૦૦૬-૦૭માં શિક્ષકો, વાલીઓના પ્રતિભાવો મેળવી એનું પૃથ્થકરણ કરી અને રાજય વ્યાપી અમલીકરણ માટેની યોજના અમારા શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવે છે.. આ અભ્યાસક્રમમાં અધ્યયન પ્રવૃત્તિ, યોગને સ્થાન આપવામાં આવ્યું છે અને ક્ષમતા કેન્દ્રિય આ પુસ્તકો તૈયાર કર્યા છે અને હવે સાંભળો, હવે હું એ કહેવા માગું છું કે, એન.સી.આર.ટી. દ્વારા રાષ્ટ્રીય મુક્ત વિશ્વ વિદ્યાલય, નેશનલ લેવલે માનવ સંશાધન દ્વારા અને સી.બી.એસ.સી. બોર્ડ દ્વારા જે પુસ્તકો તૈયાર થયા હતા, સંસદમાં વિજયકુમાર મલ્હોત્રાએ શિવજી અને દુર્ગા વિશે જે અત્યંત તિરસ્કૃત, એમ.એ.ના ઇતિહાસના પુસ્તકમાં લખ્યું છે તેની વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો સંસદમાં અને કોંગ્રેસના પ્રણવ મુખરજી સિવાય બધા નેતાઓએ આ વિધેયકને અનુમોદન આપ્યું હતું. દુર્ગા સપ્તશતીનો એક શ્લોક છે એનું ખોટું અર્થઘટન કરીને પ્રણવ મુખરજીએ દુર્ગા શરાબ પીતી હતી એવો અર્થ એમણે કર્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, એમાં જે પુસ્તકો તૈયાર કર્યા છે એનસીઆરટી દ્વારા એ પુસ્તકોના કેટલાક અંશો મારે એટલા માટે કહેવા જોઈએ કે, ગુજરાત રાજયનું શિક્ષણ ખાડે ગયું છે, ગુજરાત સરકારનું શિક્ષણ વિભાગ કાંઈ કરતું નથી, સાહેબ જીવન મૂલ્યના તત્ત્વો જળવાઈ રહે, ભારત વર્ષની ઋષિ પરંપરાને ઉજાગર કરી અને આ નવી પેઢી એ સંસ્કૃતિક મૂલ્યોને સ્વીકારે અને એના આધારે પોતાનું જીવન બનાવે એ રીતે આ પુસ્તકો તૈયાર ગુજરાતની સરકાર જ્યારે કરી રહી છે ત્યારે એનસીઆરટી દ્વારા તૈયાર થયેલા પુસ્તકોમાં ધોરણ-૭ના મધ્યકાલીન ભારતના પૃષ્ઠ-૨૩ ઉપર લેખિકા રોમીલ થાપરે કહ્યું છે કે, મહંમદ ગઝનવીએ મૂર્તિઓ તોડી અને તેથી તે ધાર્મિક નેતા બની ગયો, એના જ પૃષ્ઠ-૨૧ ઉપર, અકબરે રાજપૂતો સાથે મિત્રતા માટે રાજપૂત કન્યાઓ સાથે લગ્ન કર્યા હતા. માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ-૮ના, બોલોને હવે કાંઈ? માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ -૮ના સામાજિક વિજ્ઞાન ભાગ-૧માં બાલ ગંગાધર તિલક, બિપીનચંદ્ર પાલ, લાલા લજપતરાય અને અરવિંદ ઘોષ એ આતંકવાદી હતા એવું ( અંતરાય )

પૃષ્ઠ ઉપર લખવામાં આવ્યું છે ( અંતરાય ) માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ-૧૨નું કહું છું, કૉલેજની વાત પણ કહું છું ( અંતરાય) સાંભળોને, ધોરણ-૧૨નું આધુનિક ભારત એના પૃષ્ઠ-૧૭૫ ઉપર ( સમય સૂચક ઘંટડી ) આર્ય સમાજે રાષ્ટ્રીય એકતા તથા અખંડિતતાના માર્ગમાં વિઘ્નો ઊભા કરતા હતા અને ધોરણ-૧૨ના આજ ઇતિહાસના પૃષ્ઠ-૧૭૯ ઉપર સ્વામી દયાનંદ સરસ્વતીના વિરોધીઓ એમને ઈસાઈઓના ખરીદાયેલા પ્રચારકો, કહેતા હતા. પૃષ્ઠ-૨૦૭ ઉપર અરવિંદ ઘોષ, કાલીમાં સમક્ષ આતંકવાદીઓએ તૈયાર કરેલા  શપથ લેતા હતા અને પૃષ્ઠ-૬૫ ઉપર સુભાષચંદ્ર બોઝને આતંકવાદી રાસબિહારીએ ખૂબ મદદ કરી હતી અને દિલ્હી વિશ્વ વિદ્યાલયના, કૉલેજની વાત કરું છું, બી.એ.ના પ્રથમ વર્ષના ઇતિહાસના પુસ્તકમાં શિવાજીને શેતાનની ઓલાદ અને વીર રાણા સંગે નિરાશ થઈ આત્મહત્યા કરી હતી એવું કહ્યું હતું.  હિન્દુ દેવ- દેવીઓના નગ્ન ચિત્રો દોરનાર મહંમદ ફિદા હુસેનની આત્મકથા બાળકોને ભણાવવાની ફરજ પાડવામાં આવી હતી. (સમયસૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી .** : બહેન, પ્રવચન પૂરું કરો.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શિક્ષણ અને આરોગ્ય વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા સૂચનો કરવા માટે અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પહેલાંના માનનીય સદસ્યશ્રીઓ જ્યારે બોલતા હતા ત્યારે મારા એક મુરબ્બીનો મને એક સંદેશો મળ્યો, તમે જે બોલો એ સાચું બોલો, ત્યારે આ ફ્લોર ઉપર સાચી વાત મૂકવા માટે હું અહીંયા ઉપસ્થિત થયો છું. હું એક એવા કુટુંબમાંથી, એવા સમાજમાંથી, એવા રાજયમાં અહીંયા પ્રતિનિધિત્વ કરવા આવ્યો છું અને છેલ્લી ત્રણ ટર્મથી પ્રતિનિધિત્વ કરી રહ્યો છું. શિક્ષણમાં પણ મેં લાંબા સમય સુધી કામ કર્યું, સતત ગામડાઓમાં રહીને ગ્રામ્ય વિસ્તારની શું હાલત છે શું પરિસ્થિતિ છે એની વાસ્તવિક પરિસ્થિતિ એની અહીંયા વાત કરવા માટે હું ઉપસ્થિત થયો છું. પ્રાથમિક શિક્ષણની વાત થાય ત્યારે ખૂબ દુ:ખ થાય, કોંગ્રેસે કશું નથી કર્યું, અમે જ બધું કર્યુ છે, હું કરું છું, હું કરું છું એજ અજ્ઞાનતા. મારે એમને વિનંતી કરવી છે કે તમે ગામડાંની ધૂળી શાળામાં જઈને જુઓ કે વિદ્યાર્થીઓની શું હાલત છે? સાચી વાત કહેવામાં મારા મિત્રો કયાંક અચકાય છે. એ વાત સ્વીકારવી જોઈએ કે કેન્દ્રની સહાયથી ખૂબ સારા શાળાના ઓરડા થયા. સર્વ શિક્ષા અભિયાન નીચે પ્રાથમિક શાળામાં સુવિધા વધી એ વાત સ્વીકારવી જોઈએ. એમાં શંકાને સ્થાન નથી પણ પ્રાથમિક શાળામાં છેલ્લા વર્ષમાં કોમ્પ્યુટર અપાયા છે તો કેટલા કોમ્પ્યુટર ધૂળ ખાય છે? જે શાળામાં વીજળીની સુવિધા ન હોય ત્યાં કોમ્પ્યુટર અપાયા છે. વૈજ્ઞાનિક ઢબે આયોજન થવું જોઈએ. ચીલાચાલુ બ્યુરોકસીમાંથી બહાર આવીને વૈજ્ઞાનિક ઢબે આયોજન થવું જોઈએ એ થતું નથી. ચોથા ધોરણથી અંગ્રેજી દાખલ કરવામાં આવ્યું પણ વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવે છે, પી.ટી.સી. થયેલાની ભરતી કરવામાં આવે છે એમાં સ્પેલીંગ કેટલાને આવડે છે? ધોરણ-૫, ૬, ૭માં ગણિત છે એ જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૧ અને ૧૨માં આર્ટસ કરીને પી.ટી.સી. પૂરતું ગણિત અને વિજ્ઞાનનું શિક્ષણ લીધું છે એ કોઈ રીતે શિક્ષણ આપી શકે તેમ નથી. એની અંદર વૈજ્ઞાનિક ઢબે આયોજન થવું જોઈએ. સાતમા ધોરણથી આગળ નીકળ્યા પછી આઠમા ધોરણમાં જાય છે એને અંગ્રેજી કે ગણિતનું પૂરું જ્ઞાન છે? હાયર સેકન્ડરીમાં જે વિજ્ઞાન પ્રવાહમાં પી.ટી.સી. થઈને વિદ્યા સહાયક તરીકે આગળ આવ્યા છે એની સામે જેણે અંગ્રેજી નથી રાખ્યું, ગણિતનું પૂરતું જ્ઞાન નથી, વિજ્ઞાનનું પૂરતું જ્ઞાન નથી એને વિદ્યા સહાયક તરીકે ધોરણ-૫, ૬, ૭નું ગણિત આવડે? એની પાસે આપણે શું અપેક્ષા રાખી શકીએ? પ્રાથમિક શિક્ષણની અંદર વૈજ્ઞાનિક ઢબે આયોજન થવું જોઈએ એ થતું નથી. સાતમા ધોરણના વિદ્યાર્થીને ગણિતનું પૂરતું જ્ઞાન નથી. લખતા વાંચતા આવડતું નથી. એ વાસ્તવિક પરિસ્થિતિ ગામડાંની છે. મારા મિત્રો ગામડાંમાં આવે તો હું બતાવું. કેળવણી નિરીક્ષકની નિમણૂક ૪-૫ વર્ષથી વારંવાર રજૂઆત કરવા છતાં ન થતી હોય, એનું નિરીક્ષણ ન થતું હોય છતાં શિક્ષણની ઊંચી વાત કરે કે ખૂબ સુધરી ગયું છે. પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવ્યા પછી ધોરણ- ૬ અને સાતમાં કેટલી દીકરીઓ આગળ ભણી? આઠમા ધોરણ પછી જયાં આજુબાજુ  માધ્યમિક શાળા કે ઉચ્ચતર માધ્યમિક શાળાની સુવિધા નથી એ દીકરીની હાલત શું છે એનો વિચાર કરો. છેલ્લા બે વર્ષમાં માધ્યમિક શાળામાં ૪૧૧ નવી મંજૂરી આપી એમાં ફકત બે ગ્રાન્ટેડ શાળાને કન્યા વિદ્યાલય તરીકે મંજૂરી આપવામાં આવી. ઉચ્ચતર માધ્યમિક શાળામાં ૪૨૧ મંજૂરી આપવામાં આવી એમાં ગ્રાન્ટવાળી એક પણ નહીં અને આપણે વાત કરીએ છીએ કન્યા કેળવણીની. હું એમ કહેવા માગું છું કે નબળા વર્ગને, આર્થિક રીતે પછાત વર્ગોને શિક્ષણથી વંચિત રાખવાનું વ્યવસ્થિત કાવતરુ થતું હોય તો આ સરકારમાં થઈ રહ્યું છે એના પુરાવા આપવા તૈયાર છું. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાને ગ્રાન્ટ આપવાનું ધોરણ અભરાઈએ ચડાવી દેવામાં આવ્યું છે. કોઈ ધોરણ ધ્યાનમાં લીધા વિના આડેધડ માધ્યમિક શાળા ગ્રાન્ટવાળી શાળાઓને મંજૂરી આપવામાં આવી છે. કેટલી એવી શાળા છે કે ગ્રાન્ટવાળી શાળા પછાત વિસ્તારમાં આપવામાં આવી? જે સમાજ શિક્ષિત છે, પોતાના સમાજની ચિંતા કરે છે ચોકકસ એની અંદર કન્યા શિક્ષણ લેતી થઈ છે. ૯૫ટકા શિક્ષણ લેતી થઈ છે પણ માનનીય શિક્ષણ મંત્રીશ્રી અહીં હાજર નથી. મારે આપની મારફત સંદેશો મૂકવો છે કે જે સમાજ જાગૃત થયો છે, શિક્ષણ મેળવવા તરફ આગળ વધી રહ્યો છે એવા સમાજને આજે સેલ્ફ ફાઈનાન્સ દાખલ કરીને શિક્ષણથી વંચિત રાખવાનું વ્યવસ્થિત કાવતરું આ સરકારમાં થઈ રહ્યું છે.

ખાસ કરીને હાયર સેકન્ડરીથી આગળ વધીને મારે કહેવું છે જે સમાજ શિક્ષિત છે. શિક્ષણનું મહત્ત્વ સમજતો થયો છે, એને પોતાની સમાજની દીકરીઓને ભણાવવા માટે, સમાજનાં બાળકો ભણે અને આગળ આવે એટલા માટે શાળા અને કૉલેજોની સમાજના લોકોએ વ્યવસ્થા ગોઠવી છે. જે સમાજના લોકો આર્થિક રીતે નબળા છે, એના માટેની જે યોજના હતી. મફત પુસ્તિકા આપવાની યોજના હતી એ યોજના છેલ્લા ૨ વર્ષમાં બંધ કરવામાં આવી છે. આ સરકાર એમ કહે કે અમે નબળા વર્ગના વિસ્તારો છે, આર્થિક પછાત વિસ્તારો છે, શૈક્ષણિક પછાત વિસ્તારો છે, એવા વિસ્તારોની અંદર અમે અભ્યાસ ગૃહો શરૂ કરવાના છીએ. આ ગૃહની અંદર એની જાહેરાત થઈ હતી. સરકારને મારે પૂછવું છે કે કેટલા વિસ્તારોમાં અભ્યાસ ગૃહો શરૂ કર્યા છે એ બતાવો? બતાવો કે આ જગ્યાએ શરૂ કર્યા છે? કેન્દ્ર સરકારનાં નાણા શિક્ષણ વિભાગમાં આવી રહ્યાં છે, પણ એ નાણાં પૂરેપૂરાં વપરાતાં નથી અને પછાત વર્ગના લોકોને, નબળા વર્ગના લોકોને શિક્ષણથી વંચિત રાખવાનું કાવતરુ આ સરકામાં થઈ રહ્યું છે.

આરોગ્યની પણ મારે બે-ત્રણ વાતો કરવી છે. સમય ઓછો મળ્યો છે. આરોગ્ય માટે લાગે છે કે આપણા આરોગ્ય મંત્રીશ્રીના રાજ્યની અંદર આરોગ્ય વિભાગ ગ્રામ્ય વિસ્તાર માટે મૃતપ્રાય સ્થિતિમાં થઈ રહ્યું છે. પી.એચ.સી. ની ગ્રામ્ય વિસ્તારની અંદર શું હાલત છે, એનો હું સાક્ષી છું. પ્રાથમિક સુવિધા માટેની ફિમેલ હેલ્થ વર્કરની જગ્યા છે, એની જગ્યા ૯૦૦ જેટલી ખાલી છે. ૩ વખત ફક્ત ૧૧-૧૧ માસ માટે કોન્ટ્રાક્ટ બેઝથી રાખવામાં આવ્યા. છેલ્લે એ બધાને છૂટા કરીને એને પણ કહેવામાં આવ્યું હવે પછી આગળ જે નોકરી કરી તે ગઈ. હવે નોકરી કરવી હોય તો ૨૫૦૦ ના ફિક્સ પગારથી અને તે પણ ૨૪ કલાક કામ કરવાનું. આજે ગ્રામ્ય વિસ્તારની અંદર જેટલા વિસ્તારો છે તેમાં ક્યાંય ફિમેલ હેલ્થ વર્કર, આરોગ્ય વર્કર મળતા નથી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છે, સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે, ત્યાં આગળ જુનિયર ફાર્માસિસ્ટની, લેબોરેટરી ટેક્નિશિયનની, એક્સ-રે ટેક્નિશિયનની અને જેની અંદર ક્લાસ-૨ મૅડિકલ ઑફિસરો પણ નહીં. આરોગ્ય મંત્રીશ્રી ગઈ વખત વાત કરતા હતા કે અમે આયુર્વેદ વિભાગને ખૂબ મહત્ત્વ આપવાના છીએ. એ વાત ભૂલાઈ ગઈ. આયુર્વેદ વિભાગની અંદર દવાખાનાં છે, ત્યાં આયુર્વેદ દવાખાનાની અંદર ડૉક્ટરો નથી. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે દરેક ધારાસભ્યશ્રીના મતવિસ્તાર દીઠ ૨ દવાખાનાની મંજૂરી આપવાના છીએ અને શરૂ કરી,પણ એલોપેથી, આયુર્વેદમાં કેટલા ડૉક્ટરોની નિમણૂક થઈ? હું માનનીય મંત્રીશ્રીનું ગંભીરતાપૂર્વક ધ્યાન દોરું છું આ સરકારની અંદર આરોગ્ય વિભાગને લગતા ધારાસભ્યશ્રી તરફથી પત્ર લખાય છે, પણ આ પત્રના જવાબ આરોગ્ય વિભાગ તરફથી આપવામાં આવતા નથી. (સમય સૂચક ઘંટડી) મંત્રીશ્રી કહેશે તો બધી ફાઇલ રજૂ કરવા માટેની મારી તૈયારી છે. હું ખાસ કરીને એ વાત ધ્યાન ઉપર મૂકવા માગું છું કે ખાસ જે પછાત વિસ્તારો છે, એવા વિસ્તારની અંદર ગ્રામ્ય વિસ્તારનાં દવાખાનામાં પી.એચ.સી. અને સી.એચ.સી.ને ખાનગીકરણ કરવાનાં વાયરા ફૂકાયા છે. આ ખાનગીકરણ કરો, પણ શહેરની સરકારી હૉસ્પિટલોનું ખાનગીકરણ કરો, પણ ગ્રામ્ય વિસ્તારની આર્થિક પછાત વર્ગના લોકોને સુવિધાથી વંચિત રાખવાનું આયોજન આ સરકાર કરી રહી છે.

**અધ્યક્ષશ્રી .** : માનનીય ડો. જિતુભાઈ પટેલ

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી માગણી ક્રમાંક-૩૯, ૪૦, ૪૧ લઈને આવ્યા છે, એના અનુમોદનમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું. આ દેશની સંસ્કૃતિ રહી છે જનેસુ ભક્તિ, પરમાત્મ ભક્તિ vision of humanity is vision of God અને આ પ્રકારની વિચારધારા લઈ અને સમગ્રતય્ ગુજરાતની સરકાર કામ કરી રહી હોય ત્યારે આરોગ્ય ક્ષેત્રે જે કામગીરી થયેલ છે, એનું મૂલ્યાંકન કેવળ આ સભાગૃહ કરે એ મહત્ત્વનું નથી. વિશ્વની સંસ્થાએ આ આરોગ્યની સેવાનું મૂલ્યાંકન કર્યુ છે. એના બે તાજેતરના દાખલા આપણા માટે ખૂબ જ અગત્યના છે. કુંવરજીભાઈ આરોગ્યની કથળેલી સેવા વિષે કહી રહ્યા હતા, ત્યારે મારે એટલું જ કહેવું છે કે આ ગુજરાતના સપૂત અને હિન્દુસ્તાનના અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલના જન્મ દિવસ તા. ૩૧-૧૦-૨૦૦૬ ના રોજ સિંગાપુર મુકામે આ રાજ્યના ચિફ સેક્રેટરી દ્વારા એશિયન ઈનોવેશન એવોર્ડ એ ચિરંજીવી યોજના માટે આ સરકારને મળ્યો છે. એ વિશ્વની અંદર આરોગ્ય સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

રક્તપિત્તની સેવાની અંદર પણ ટોકિયાની, જાપાનની સાસાકાવા હેલ્થ ફાઉન્ડેશન દ્વારા આ જ આરોગ્ય વિભાગને હમણાં દોઢ મહિના પહેલાં અમદાવાદમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી, ગુજરાતના આરોગ્ય મંત્રીશ્રી અને ગુજરાતના અધિકારીઓને સાસાકાવા એવોર્ડ આપી ગુજરાતની ઉત્કૃષ્ટ સેવાના દર્શન કરાવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મારો માનનીય અશોકભાઈ સાથેનો વિદ્યાર્થીકાળથી એટલે કે છેલ્લા ૩૦-૩૧ વર્ષથી સંબંધ છે. આજે જે ચર્ચા થઈ રહી છે ત્યારે અશોકભાઈના મનમાં એક વિચાર થતો હશે કે આવતી ૨૮મી જાન્યુઆરી કોંગ્રેસના મિત્રો જોડે ઉજવીએ. તેઓ ખૂબ સંવેદનશીલ માણસ છે અને આગામી ૨૮મી જાન્યુઆરીના રોજ તેમનો જન્મ દિવસ છે અને તેઓ મોટાભાગે માનસિક રોગીઓના દર્દીઓની સાથે ગુજારતા હોય છે. આ વર્ષે તેઓએ નક્કી કર્યુ છે કે આ મિત્રો સાથે ઉજવવો. આવું ન કહેવાય. પ્લીઝ ભાઈ મારો ટાઈમ જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, મોનાલીસા જેવા પ્રખ્યાત ચલચિત્રના નિર્માતા લીયોનાર્દ ધી વીન્ચીનું એક સરસ મજાનું ચિત્ર છે. એક માતા એક બાળકને

ગોદમાં લઈને બેઠી છે અને તેની નીચે લખ્યું છે. The mother at whose hand the civilisation is cradled, the mother at whose brest the childhood is nourished. માતા કે જેના હાથ દ્વારા સભ્યતાનું પારણું ઝૂલે છે અને તેના ત્યાં માનવતા સ્તનપાન કરે છે.

ચિરંજીવી યોજના બહુમુખી યોજના છે. માનનીય કુંવરજીભાઈ જ્યારે વાત કરી રહ્યા હોય ત્યારે આઝાદ હિન્દુસ્તાનના ઈતિહાસમાં ન બની હોય એવી આ ઘટના અને ડબલ્યુ.એચ.ઓ. અને અનેક સંસ્થાઓએ જેને વખાણી છે તેવી ગરીબ પ્રસૂતા દીકરી જ્યારે આપણા ઘેર આવે છે ત્યારે તે ગરીબ બાપ પોતાની દીકરીની પ્રસૂતા કરાવી શકતો નથી અને કરાવી શકતો નથી ત્યારે કાં તો પ્રસૂતા દીકરી મૃત્યુ પામે છે કાં તો તેના બાળકને કોઈ માનસિક વિકૃતિ પેદા થાય છે કાં તો બાળક મૃત્યુ પામતું હોય છે. આવી અનેક ઘટનાઓ હિન્દુસ્તાનની અંદર બનતી હતી. ગરીબ દીકરીઓની પ્રસૂતાનું કોઈએ ધ્યાન ન રાખ્યું ત્યારે આ રાજય સરકાર તેના પિતા તરીકે સ્વીકૃતિ પામી છે. આ ચિરંજીવી યોજના દ્વારા છેલ્લા એક મહિનાની અંદર ૫૦૨૫ સાહેબ જાન્યુઆરી મહિનાની અંદર પ્રસૂતાઓને લાભ લીધો છે અને તેની અંદર ૯૦ લાખ ૯૮ હજાર ૭૮૫ રૂપિયાનો ખર્ચ ગરીબ દીકરીઓ માટે આ રાજય સરકારે કર્યો છે. કેવળ પ્રસૂતિ મફત થતી નથી. કોઈપણ જનરલ હૉસ્પિટલમાં પ્રસૂતિ મફત થઈ શકે છે. હું કેમ તેને પિતૃત્વની વ્યાખ્યામાં કંડારું છું કે એકલી પ્રસૂતિ થતી નથી પરંતુ દીકરી હૉસ્પિટલમાં જાય તો હૉસ્પિટલમાંથી તેને ઘેર જવા માટે ગ્રામ્ય વિસ્તારની અંદર ૨૦૦ રૂપિયા અને શહેરી વિસ્તારમાં ૧૦૦ રૂપિયા વધારાના આપવામાં આવે છે. સાહેબ, મારે કહેવું છે કે એકલી દીકરી પ્રસૂતિ કરાવવા જતી નથી તેની સાથે તેનો ગરીબ પિતા કે ગરીબ માતા જતી હોય છે. તે અંગેનો પણ રાજય સરકારે વિચાર કર્યો છે અને ૫૦ રૂપિયા જેટલી રકમ તેના સહાયક તરીકે તેઓને આપવામાં આવે છે. કદાચ દુનિયાની અંદર આ પ્રકારની કોઈ ઘટના જોવા નહીં મળે. ગત વર્ષની અંદર ૭,૭૫,૫૪,૭૭૦ રૂપિયા જેટલી રકમનો રાજય સરકારે ખર્ચ કર્યો છે ઓ આ વર્ષે આ યોજનાથી પ્રોત્સાહિત થઈ આવનારા વર્ષની અંદર આ યોજના માટે માનનીય શ્રી વજુભાઈએ ૨૭ કરોડ ૫૦ લાખ રૂપિયા જેટલી માતબર રકમની જોગવાઈ કરી છે અને સમગ્ર ગુજરાતની અંદર આ યોજનાનું અમલીકરણ કરવાનું છે. માતૃવંદના પણ સાહેબ તેનો એક ભાગ છે. રાજય સરકારે વિચાર્યુ છે કે માણસ જન્મે તો પહેલેથી શરૂ કરી બાળક જન્મે એટલે તુરતજ રસીકરણ કરાવી આપવું અને ત્યારપછી બાળક સ્કૂલમાં જાય એટલે ૮૩ લાખ જેટલા બાળકોની આરોગ્યની તપાસ કરાવી આ આરોગ્યની અંદર કયાંક બાળકને કોઈ ગંભીર બિમારી લાગે તે ચાહે હ્દયની હોય, કેન્સરની હોય, કિડનીની હોય તે બધી જવાબદારી રાજય સરકારે ઉઠાવી છે અને મારે ગર્વ સાથે ગૃહ સમક્ષ એક વાત મૂકવી છે કે ભૂતકાળની અંદર ન બની હોય એવી ઘટના સાહેબ રાજયની બહાર ૭૧ જેટલા બાળકોને વિશિષ્ટ પ્રકારની સારવાર માટેનો સંપૂર્ણ ખર્ચ રાજય સરકારે આપવાનો પ્રયત્ન કર્યો છે. આનાથી મોટું માનવતાનું કોઈ કાર્ય ન હોઈ શકે. બદલાતા જતા સમયની સાથે સાથે મારે બીજી એક વાત સભાગૃહના ધ્યાને મૂકવાની છે કે ડબલ્યુએચઓ આજે કોઈપણ ગામડાના બાળકને પૂછો તો ડબલ્યુએચઓ શું એ ખબર પડે, આ ડબલ્યુએચઓ કોઈપણ કુદરતી આફતો કે કૃત્રિમ આફતો આવે ત્યારે કટોકટીભર્યા સમયમાં રાજયનું વ્યવસ્થા તંત્ર એ કેવી રીતે કામ કરે છે તે વિભાગ ઉપરથી કોઈપણ વિભાગનું મૂલ્યાંકન થતું હોય છે અને એટલે જ મારે કહેવું છે કે, સુરતના પૂર વખતે અનેક હોબાળા થયા, અનેક વિજાણુ માધ્યમ અને સમાચાર પત્રોએ એક પ્રકારની ભ્રમણા ફેલાવી કે સુરતની અંદર ભયાનક રોગચાળો ફાટી નીકળવાનો છે, ત્રીજા દિવસે હું અને અમારા ઈન્ડિયન મૅડિકલ એસોસિએશન, ગુજરાત શાખાના પ્રમુખ સુરતમાં અશોકભાઈને મળ્યા, મારે ખૂબ ગર્વ સાથે કહેવું પડે છે કે, તે વખતના માનનીય અશોકભાઈના આ શબ્દો મને બરાબર યાદ છે કે અગર સુરતનું તબીબી આલમ જો આ જવાબદારી ઉઠાવી લેતું હોય તો રાજય સરકાર બધી જ દવાઓ વિનામૂલ્યે દરેક ડૉકટરના દવાખાના ઉપર પહોંચાડશે અને આ માનનીય મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી છે. ૨૪ કલાકમાં આવડો મોટો નિર્ણય લઈ અને કરોડો રૂપિયાની દવાઆનો ખડકલો કર્યો એ મારે ગર્વ સાથે કહેવું પડે છે એક તબીબી વ્યવસાય સાથે હું સંકળાયેલો છું ત્યારે આ ગુજરાતમાં આવડી મોટી આફત્તિ આવવા છતાં ચેપી રોગો- લેપ્ટોસ્પાયરોસીસ થઈ જશે, લેપ્રેસી થઈ જશે, પ્લેગ ફાટી નીકળશે, એવો એક પણ કેસ જોવા મળ્યો નથી, આપણે સૌએ, આ બાજુના સભ્યો હોય કે તે બાજુના સભ્યો હોય દરેકે આરોગ્ય વિભાગની આ કામગીરી માટે ગર્વ અનુભવવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, કોમી તોફાનો વખતે આફત્તિની કામગીરીની અંદર તે વખતના તત્કાલીન વડાપ્રધાનશ્રી અટલજીને મારે મળવા જવાનું થયેલું અને ત્યારે મેં એક વાત કહેલી, આ બાજુના લોકો એમ કહેતા હતા કે સાંપ્રદાયિક ભાવનાઓને લઈ આરોગ્ય વિભાગની કામગીરી કરી રહ્યા છે ત્યારે શાહઆલમના એ રાહત કૅમ્પની ટાઈમ્સ ઑફ ઇન્ડિયાએ તે વખતની ૨૧ પ્રસૂતિ થયેલી અને કોઈપણ એક બાળકને પણ કોઈ નુકસાન ન હોય એવો જ્યારે એમને એક ફોટોગ્રાફ આપ્યો ત્યારે તે વખતે વડાપ્રધાનશ્રીએ પણ સ્વીકાર કર્યો હતો કે, ગુજરાતની આરોગ્ય સેવા કટોકટીભર્યા વખતમાં કોઈ જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વગર કોઈપણ પ્રસૂતાને પોતાની દીકરી સમજીને એને સેવા આપી છે એનાથી મોટું કોઈ મૂલ્યાંકન ન હોઈ શકે, આ મૂલ્યાંકન એ કેવળ આપણે નથી કરતા પણ આ સમાચાર માધ્યમોએ તે વખતે કરેલું છે. રાજય સરકારે એક સ્વીકાર કર્યો છે કે યુવાનીની અંદર, માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ એક બિલની આપણે ચર્ચા કરતા હતા ત્યારે ટીકાઓ સામેની પાટલી તરફથી થતી હતી અને અત્યારે ગુજરાતમાં એક મોટી ક્રાંતિ થઈ રહી છે, ગુજરાતે દુનિયા સાથે કદમ મિલાવવા

હશે તો આપણે અહીંયા પણ દુનિયાની સાથે બનતા ગુણવત્તા સાથે કદમ મેળવીને ચાલવું પડશે. ટ્રોમા સેન્ટરો ઊભા કર્યા, સુરત, અમદાવાદ, જામનગર અને વડોદરામાં કાર્યરત છે. (સમયસૂચક ઘંટડી ) માનનીય અધ્યક્ષશ્રી, આ જ્યારે ટ્રોમા સેન્ટરો શરૂ થયા ત્યારે મારે એ વાત કરવી છે કે, ચેપી રોગો ફાટી નીકળશે એટલે રાજય સરકારની કેટલીક નીતિઓના કારણે રાજય સરકારને ફોગીંગ મશીનોના ખર્ચા વધારે આવ્યા છે અને આ સ્વીકાર કરીએ છીએ, રાજય સરકારની કેટલીક નીતિઓ એવી રહી છે. આ વર્ષે ફોગીંગ મશીનો વધારે ખરીદવા પડ્યા પણ કોંગ્રેસના રાજયમાં એ નહોતા ખરીદવા પડતા કારણ કે તે વખતે કેરોસીનથી રિક્ષાઓ ભરપૂર પ્રમાણમાં ચાલતી હતી અને હવે આ સીએનજીના મશીન આવ્યા પછી અમારે એ મચ્છરોને મારવા માટે આવા ફોગીંગ મશીનો ખરીદવા પડ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું મારી એક વાત કરીને મારું વક્તવ્ય પૂરું કરીશ. ઉત્તર ગુજરાતમાં એક લાગણી અનેક વર્ષોથી છે, અને આપણે સૌ સાથે મળીને કોઈક એવું આયોજન કરીએ કે એક મૅડિકલ કૉલેજ સ્થપાય. ગુજરાતની અંદર આઈ ડોનેશન ક્ષેત્રે અને રક્તદાન ક્ષેત્રે ક્રાંતિ સર્જી છે અને ગુજરાતમાં ડેડ બોડીનું ડોનેશન પણ પુષ્કળ પ્રમાણમાં થાય છે, માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રીને મેં રજૂઆત કરી છે કે આનું એક તંત્ર ગોઠવાય જેથી કરીને જયાં જરૂર હોય ત્યાં ડેડ બોડી પહોંચી શકે અને સ્વયં સેવી સંસ્થાઓ સાથે સંકલન થઈ અને ગુજરાતમાં વિદ્યાર્થીઓ વધારે નિપુણ બને એવી અભ્યર્થના, આભાર.

**ડૉ. અતુલ કે.પટેલ (કલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી માગણી ક્રમાંક ૩૯, ૪૦ અને ૪૧ લઈને આવ્યા છે એને મારું અનુમોદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર જ્યારે ૨૦૧૦ને ગુજરાતનું સુવર્ણ જયંતી વર્ષ ઉજવવા જઈ રહી છે ત્યારે ગુજરાતના માનનીય મુખ્યમંત્રશ્રીનો દ્રઢ સંકલ્પ છે કે, ગુજરાતના પાંચ કરોડ લોકોના સ્વાસ્થ્ય માટે આરોગ્ય સેવાઓ મજબૂત બનાવવી, અદ્યતન બનાવવી એ સાથે ગુજરાત આરોગ્ય ક્ષેત્રે દેશમાં જ નહીં પણ પરદેશમાં પણ મોખરે રહે. છેલ્લા પાંચ વર્ષમાં આ રાજયે આરોગ્ય ક્ષેત્રે હરણફાળ ભરી છે અને તેનો પ્રતિભાવ થાય છે કે પરદેશના અને બીજા રાજયોના લોકો ગુજરાતની હૉસ્પિટલોમાં આરોગ્યની સેવા લેવા આવતા થયા છે. અમારા ઉત્તર ગુજરાતના અમૅરિકામાં કેટલાય પરિવારો વસે છે આ પરિવારના કોઈ સભ્યને જ્યારે જ્યારે સારવારની જરૂર પડે, કોઈ પણ રોગ અંગેની સારવાર ત્યાં શોધાય એની દવા અને ટ્રિટમૅન્ટ ત્યાં ખૂબ મોઘી હોવાના લીધે એ લોકો ત્યાં દવાની ટ્રિટમૅન્ટ લેતા નથી કે ત્યાં સારવાર કરાવતા નથી પરંતુ સારવાર માટે હવે ગુજરાતમાં આવે છે અને મોટું ઑપરેશન હોય તો એ પણ તેઓ ગુજરાતમાં કરાવે છે. એ બતાવે છે કે, ગુજરાતના આરોગ્ય ક્ષેત્રની કેટલી કાયા પલટ આ સરકારે કરી છે. આરોગ્ય ક્ષેત્રે જો વધુમાં વધુ પ્રગતિ થઈ હોય તો એ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કૉન્ગ્રેસના શાસનમાં ગામડાંઓ અને શહેરોનું આરોગ્યનું માળખું ધૂળ ખાતું હતું, ગામડાંમાં પી.એચ.સી. અને સી.એચ.સી. સેન્ટરો હતા પણ ત્યાં કોઈ પણ સગવડ કૉન્ગ્રેસના વખતમાં હતી નહીં, ત્યાં પૂરતા ડૉક્ટરો, પૂરતો નર્સ સ્ટાફ, પૂરતી દવાઓ કે પૂરતા સાધનો પણ હતા નહીં અને આ આખું તંત્ર ધૂળ ખાતું થઈ ગયું હતું. ત્યાં હૉસ્પિટલો હોવા છતાં ગામડાંના લોકોને સારી સારવાર મળતી ન હતી. શહેરોની હૉસ્પિટલોમાં જઈએ તો કોઈ પણ અદ્યતન સાધન-સામગ્રી, નિદાન કરવાના સાધનો વગેરે કંઈ પણ વસાવવાનું કૉન્ગ્રેસને જરૂરી લાગ્યું ન હતું, ત્યારે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આ જ માળખામાં બધી જ સગવડ પૂરી પાડી છે અને ગામડાં અને શહેરોમાં લોકોને સારી સારવાર આ સરકાર આપી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલીય કુદરતી આપત્તિઓ છેલ્લા ચાર વર્ષમાં આવી છે. ભૂકંપ આવ્યો, અતિવૃષ્ટિ આવી, સુનામી આવી આટલી બધી કુદરતી આપત્તિઓ આવ્યા છતાં ગુજરાતમાં કોઈ પણ જગ્યાએ રોગચાળો ફાટી નીકળ્યો નથી. એ જ બતાવે છે કે સરકારની સારી પ્રશંસનીય કામગીરી છેલ્લા ચાર-પાંચ વર્ષમાં થઈ છે. આ સરકારે પ્રવાસન વર્ષની સાથે સાથે મૅડિકલ ટૂરિઝમનું પણ ડૅવલપમેન્ટ કર્યું છે. મૅડિકલ ટૂરિઝમના લીધે સારી હૉસ્પિટલો, સારા અદ્યતન સાધનો અને સારી સગવડ વાળી શહેરોમાં મોટી મોટી હૉસ્પિટલો બનાવી છે અને એના લીધે લોકો પરદેશથી ગુજરાતમાં સારવાર માટે આવતા થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સત્રમાં અમારા આરોગ્ય મંત્રીશ્રી આકસ્મિક તબીબી બિલ લાવ્યા હતા, આ બિલ એટલા માટે લાવવામાં આવ્યું છે કે અત્યાર સુધી અકસ્માત થતો ત્યારે તાત્કાલિક સારવારની જરૂરત પડતી ત્યારે કોઈ પણ સગવડ અત્યાર સુધી હતી નહીં. જ્યારે આ બીલ લાવ્યા પછી અદ્યતન સાધનોવાળી મોટી મોટી હૉસ્પિટલો, રોગના નિદાન માટે સાધનો વસાવવામાં આવ્યા છે. તાત્કાલિક સારવાર કરવા માટે સારા રેસ્પી રેટર કે એવા સારા સાધનોથી હૉસ્પિટલોને સુસજ્જ બનાવવામાં આવી છે અને એમ્બ્યુલન્સમાં પણ અમુક સગવડ હોવી જોઈએ અને એમ્બ્યુલન્સમાં પણ તાત્કાલિક સારવાર આપી શકાય એવા સાધનોથી એમ્બ્યુલન્સોને પણ સજ્જ કરવાનું આ સરકારે નક્કી કર્યું છે. ટ્રોમા સેન્ટરો ઊભા કરવામાં આવ્યા છે. રાજકોટ અને ભાવનગરમાં સારા ટ્રોમા સેન્ટરો ઊભા કરીને તાત્કાલિક સારવાર આપી શકાય એવી સગવડ આ સરકારે કરી છે.

ગામડાંઓમાં લોક ભાગીદારીથી સારું સુસજ્જ આરોગ્ય માળખું જળવાઈ રહે એ માટે આ સરકારે રોગી કલ્યાણ સમિતિની રચના કરી છે આ રોગી કલ્યાણ સમિતિની શહેરોની હૉસ્પિટલોમાં પણ એક કમિટી બનાવી

અને એમાં સારા સારા માણસોને કમિટીમાં રાખી અને આ સુસજજ માળખા સાથે સારી સારવાર આપી શકાય એવા આ સરકારે પ્રયત્નો કર્યા છે. શહેરોમાં આ રોગી કલ્યાણ સમિતિને ૪૦ લાખ રૂપિયા દર વર્ષે આપવાનું આ સરકારે નક્કી કર્યુ છે અને જે અનુદાન આપવામાં આવ્યું છે તે વિકાસના માટે કોઈ પણ આરોગ્ય માટે, કોઈ પણ સાધન-સામગ્રી વસાવવી હોય તો તેના માટે, વસ્તુ કોઈ વસાવવી હોય તો આ કમિટીને આની સત્તા આપવામાં આવી છે. એવી જ રીતે ગામડાંમાં પણ રોગી કલ્યાણ સમિતિની રચના કરી અને જે પી.એસ.સી.સેન્ટરો જે છે તેમાં ૪૦ હજારનું અનુદાન આપી અને ત્યાં પણ સાધન-સામગ્રી અને તેના વિકાસ માટે આ સરકારે આ કમિટી બનાવી છે અને તેની ચોક્કસ સારી અસર આરોગ્યમાં પડવાની છે. આ સાથે સાથે સારી ફોરેન્સીક મૅડિકલ લેબોરેટરીનું ડેવલપમેન્ટ અને અદ્યતન લેબોરેટરી આપણાં ગુજરાત સરકારમાં બનાવવામાં આવી છે અને આના લીધે રાજયના બીજા દેશોમાં પણ જે ગુન્હાઓમાં લેબોરેટરીની તપાસ કયાંય પણ ના થઈ શકતી હોય એવી તપાસ તે ગુજરાતની તે ફોરેન્સીક લેબોરેટરીમાં થતી થઈ ગઈ છે. અત્યાર સુધી નર્સિંગ સ્ટાફ તે કોઈ પણ હોસ્પિટલોમાં મળતો નહોતો. કારણકે નર્સિંગ કોલેજો કેટલાય વખતથી બનાવવામાં આવી નહોતી અને આના લીધે નર્સિંગની જે જરૂરિયાત હતી તે દરેક હોસ્પિટલોમાં તેની ઉણપ હતી. આ સરકારે આવી અને નર્સિંગ કોલેજો ખોલવાનું નક્કી કર્યું. કેટલીય નર્સિંગ કોલેજો ચાલુ કરી નાંખી અને સારી સારી મોટી હોસ્પિટલોમાં અને ગામડાંઓમાં અત્યાર સુધી નર્સિંગ સ્ટાફ અવેલેબલ છે. પોસ્ટ ગ્રેજયુએશન માટે પણ આ સરકારે સારા એવા પ્રયત્નો કર્યા છે. પોસ્ટ ગ્રેજયુએશન ડોકટરો ઉભાં કરવા માટે પોસ્ટ ગ્રેજયુએશનની સીટો વધારી છે અને સુપર સ્પેશ્યાલીટીવાળા તજજ્ઞો અહીંયા બનાવવા માટે આ સરકારે પ્રયત્નો કર્યા છે. ચાલુ ૨૦૦૬-૦૭માં છ જેટલી મૅડિકલ કોલેજોના એમ.ઓ.યુ. થયા અને મોટી મોટી હોસ્પિટલો બોમ્બે હોસ્પિટલ, દિલ્હીની ગંગારામ હોસ્પિટલ આવી હોસ્પિટલવાળા અહીંયા ગુજરાતમાં મૅડિકલ કોલેજ બનાવવા માટે તૈયાર થયા છે અને તે આવતા ટૂંક સમયમાં આ છ જેટલી મેડિકલ કોલેજો તે ગુજરાતમાં ચાલુ થઈ જશે અને તેના લીધે આપણાં વિદ્યાર્થીઓને આવતા વર્ષોમાં ખૂબ જ લાભ થવાનો છે. આ સરકારે બ્લડ બેન્કોનું પણ આધુનિકરણ કર્યુ છે અને એચ.આઈ.વી.ની મફત કીટ આપી બ્લડ બેન્કોમાં અદ્યતન અને ઈમરજન્સીમાં life saving કામ કરી શકે એવી બ્લડ લેબોરેટરી આ સરકારે ચાલુ કરી છે. આ ઉપરાંત પણ આ સરકારે કેટલીય યોજનાઓ મૂકી અને તે યોજનાઓ દ્વારા લોકોની સેવા કરવાનો પ્રયત્ન કર્યો છે. ચિરંજીવી યોજના જે ખૂબ જ સફળ થઈ છે. ગુજરાતની ચિરંજીવી યોજના આપણા મુખ્યમંત્રીશ્રીએ જે ચાલુ કરી છે તેના ખૂબ જ વખાણ થયા છે અને આપણા દેશના બીજા રાજયો કે જે તેનું અનુકરણ કરવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. આ ચિરંજીવી યોજના માટે સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગોને સરળતાથી સેવાઓ પૂરી પાડવા ૨૦૦૫માં શરૂઆત કરી. શરૂઆત પાયલોટ પ્રોજેકટ તરીકે પાંચ પછાત જિલ્લા જેવા કે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ અને દાહોદ જિલ્લામાં આની શરૂઆત કરી અને આ સેવાઓ દ્વારા જે ખાનગી ડોકટરો ગાયનોકોલોજીસ્ટ હતા તેઓની ભાગીદારીના લીધે આ ચિરંજીવી યોજનાની શરૂઆત કરી અને આ ચિરંજીવી યોજના તે ગરીબ લોકોમાં ખૂબ જ સફળ થઈ. આવી કેટલીય યોજનાઓ એઈડસ પોગ્રામ હોય, રક્તપિત્તના નિર્મૂળનો કાર્યક્રમ હોય કે શાળાઓના આરોગ્યનો કાર્યક્રમ હોય આવા કેટલાય કાર્યક્રમો દ્વારા આ સરકારે આરોગ્યની સારી સેવા ચાલુ કરી છે અને આ બધું જોતાં હું આપણા આરોગ્ય મંત્રીશ્રી જે માગણીઓ લઈ આવ્યા છે તેમાં મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયારે એમના વિભાગોની માગણીઓ લઈને આવ્યા છે, ત્યારે મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજકીય અવલોકનો કરવા માટે ઘણો બધો સમય મળી રહે છે. પરંતુ શિક્ષણનું કામ રાજકીય અવલોકનોથી પર ઉઠે છે. આરોગ્યનું કામ પણ પ્રજા જીવન સાથે સંકળાયેલું હોવાથી વિરોધ પક્ષના મિત્રો ધ્યાન દોરવા જેવી બાબતો તરફ સરકારનું ધ્યાન દોરે અને રાજય તેનો અમલ કરે એવી અપેક્ષા હોય છે. પરંતુ અવલોકનો કરનારા સામા પક્ષમાં બેઠેલા મિત્રો એ ભૂલી જાય છે કે ૫૨ વર્ષથી નીચેના છે એ તમામ લોકો કોંગ્રેસના રાજમાં ભણેલા છે અને છતાંયે કોંગ્રેસની ટીકા કરે છે, એટલે એ જરા વિચારે એવી મારી એમને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શિક્ષણ એ રાજયની જવાબદારી છે. દેશના બંધારણે પણ એ હકકો આપ્યા છે કે પ્રાયમરી એજયુકેશન એ સંપુર્ણ જવાબદારી રાજયની છે. એક વર્ગ, એક શિક્ષક અને એક ઓરડો. એ જ જાતનો અભિગમ છે. એ તરફ આપણે ઝડપથી આગળ વધીએ તો મને લાગે છે કે પ્રાથમિક શિક્ષણમાં આપણે જે સુધારા કરવા માગીએ છીએ તે મહત્વના બની રહેશે. પ્રાથમિક શિક્ષકોની ભરતી, વિદ્યા સહાયકોની ભરતીની પ્રક્રિયા થાય છે એમાં ગયું વર્ષ આખું વહીવટી ગુંચમાં નીકળી ગયું. કોર્ટો વચ્ચે આવે છે, એટલે પણ વિલંબ થતો હોય છે. પરંતુ આ કામ એવું છે કે જેના કારણે શિક્ષક વગર એ વર્ગનો બાળક શું કરે? બે બે, ત્રણ ત્રણ ધોરણો ભેગા કરીને શિક્ષકો ભણાવતા હોય ત્યારે કેવું પરિણામ આવી શકે? આજે વર્ષની આખરમાં આપણે ભરતીની પ્રક્રિયા ચાલુ કરી છે, એ પ્રક્રિયાને ઝડપી બનાવીને આગળ વધીએ. વચ્ચે છાપામાં આવ્યું કે કોર્ટનો સ્ટે આવી રહ્યો

છે, તેથી પણ લોકો ચિંતિત થયા, છતાંયે આ પ્રક્રિયા ચાલુ છે અને એ કામ ઝડપથી ચાલુ થાય એવી મારી અપેક્ષા છે.

વિજ્ઞાન પ્રવાહ અને એની ટકાવારી પી.ટી.સી.માં આપી છે. એ જ વિજ્ઞાનના શિક્ષકોની ભરતીમાં એને વેઈટેઝ આપતા નથી. અને મેરિટ લિસ્ટ ઉપર જવા દઈએ છીએ. સ્વાભાવિક છે કે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની ટકાવારી પ્રમાણમાં નીચી રહેવાની. સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓની સરખામણીમાં એમનું પરિણામ નીચું હોય એ સ્વાભાવિક છે. પરંતુ રાજય અને દેશ અને દુનિયા વિજ્ઞાન તરફ આગળ વધી રહ્યા છે અને આપણી એક દીકરી પણ આકાશમાં ફરી રહી છે ત્યારે એને મહત્વ આપવા માટે વિજ્ઞાન પ્રવાહના શિક્ષણ ઉપર વધુ વેઈટેઝ આપવું જોઈએ એવું મારું મંતવ્ય છે.

નીરિક્ષકો માટેના એ.ડી.આઈ.ની સીટો નકકી કરેલી છે. અમે તો વડોદરા રાજયમાં ભણેલા છીએ એટલે અમને ખબર છે કે એમને કેટલું કામ રહેતું હતું. આટલી બધી જગ્યાઓ ખાલી છે, પણ પ્રાથમિક શિક્ષકો ઉપરની કંટ્રોલ રાખનારી અને એને સૂચના અને માર્ગદર્શન આપનારી આ જગ્યાઓ ખાલી છે એ વહેલી તકે ભરવામાં આવે એવી મારી લાગણી વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર ૭૦ ટકા આસપાસ જેમાં ૫૦ ટકા જેટલા બક્ષી પંચના લોકો, આદિવાસી લોકો, પછાત, અનુસૂચિત જાતિના લોકો અને અધર બેકવર્ડ કલાસ અને ૧૦ ટકા આર્થિક પછાત લોકો મળી ૬૫ થી ૭૦ ટકા વસતિ ગ્રામ્ય વિસ્તારમાં રહેતી હોય છે. આપણે બોમ્બે સ્ટેટ વખતથી આશ્રમશાળાઓની પેટર્ન સ્વીકારી છે અને એમાં જે શિક્ષકો કામ કરતા હતા એમને રાજય લીયન આપતું હતું. ૫, ૧૦ વર્ષ કામ કરે પછી રાજયની સર્વિસમાં પાછા આવવું હોય તો ત્યાં એને હકક મળતો હતો અને પાછા આવી શકતા હતા. આ રાજયે એ લીયન દૂર કર્યો છે એના કારણે આશ્રમશાળાઓને શિક્ષકો મેળવવાની મુશ્કેલી દિનપ્રતિદિન વધતી જાય છે. તો આ મેરિટવાળા શિક્ષકો નહીં મળે અને આ પછાતવર્ગના બાળકોને એનાથી બહુ મોટું નુકસાન થશે એટલે એના માટે પણ પુનઃવિચારણા કરે એવી મારી નમ્ર વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં રાજયમાં સર્વોદય યોજનાની શાળાઓ ચાલતી હતી અને એનો અનુભવ પણ મને ઠીક ઠીક થયેલ છે. આજે પ્રોઢ શિક્ષણ માટેની ઝૂંબેશ ચાલે છે, એના માટેના સારા પ્રયત્નો થાય છે અને થવા જોઈએ, પરંતુ મારું એક સૂચન છે કે જે ગામમાં પ્રાથમિક શાળા છે એના સંપૂર્ણ સ્ટાફને આપણે એક નૈતિક જવાબદારી સોંપીએ કે ગામના લોકોના કોઈ દીકરા અથવા દીકરી એ પ્રાથમિક શાળામાં પ્રથમ વર્ષમાં દાખલ થવાથી વંચિત ના રહે એના માટેના સઘન પ્રયત્નો કરે અને એવા શિક્ષકોને અને શાળાઓને આપણે કોઈ ઈન્સેન્ટીવ આપીએ અથવા પ્રોત્સાહિત કરીએ તો જે બાળકો માઈગ્રેટ થાય છે એ તો આપણા હાથમાં નથી, પરંતુ જે ગામમાં જ રહે છે અને એમાં ખાસ કરીને ખેતમજૂરો અને માલધારીઓ એમનાં બાળકો આ રીતે વર્ગ છોડીને જતાં રહેતાં હોય છે ત્યારે શિક્ષકો એ બાબતમાં વધારે કાળજી રાખે અને એ લોકોનાં બાળકો શાળા છોડી ના દે તો મને લાગે છે કે પ્રોઢ શિક્ષણની ઝૂંબેશ હવે પછી નહીં કરવી પડે. આપણું પ્રાથમિક શાળાનું નેટવર્ક સમગ્ર ગુજરાતમાં ગોઠવાયેલું છે અને એ દ્વારા આપણે આ કામ સારી રીતે કરાવી શકીએ તેમ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માધ્યમિક શાળાઓની વાત કરું તો ૧૦+૨ ની પેટર્ન આવ્યા પછી હું સ્પષ્ટપણે એમ કહી શકું તેમ છું કે ગ્રામ્ય વિસ્તારમાં વધારેમાં વધારે નુકસાન થયું હોય તો એ દીકરીઓને નુકસાન થયું છે. આપણે કન્યા કેળવણી માટેની ઝૂંબેશ તો કરીએ છીએ અને એ સારી વાત છે, પરંતુ ૧૦ મા ધોરણની માધ્યમિક શાળાઓ તો છે, પરંતુ ૧૧ અને ૧૨ ધોરણની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ગ્રામ્ય વિસ્તારના ઉંડાણના વિસ્તારોમાં નથી ત્યાં વાલીઓ પોતાની દીકરીઓને ૧૦ કિલોમિટર, ૧૫ કિલોમિટર કે ૨૦ કિલોમિટર દૂર અભ્યાસ કરવા માટે મોકલતા નથી. એટલે ધોરણ ૧૦ પછી આવી દીકરીઓનું શિક્ષણ સમાપ્ત થઈ જાય છે. તો મારી વિનંતી છે કે જે માધ્યમિક શાળાઓ ૧૦ વર્ષ ઉપરથી ચાલે છે એવી શાળાઓને રાજયે ક્રમશઃ આ દીકરીઓની સંખ્યા જયાં વિશેષ હોય અથવા ઠીક ઠીક પ્રમાણમાં દીકરીઓની સંખ્યા મળી શકે તેમ હોય તો એવી શાળાઓને ક્રમશઃ ૧૧ અને ૧૨ ધોરણોની માન્યતા આપવી જોઈએ એવું મારું એક બહુ નમ્રપણે સૂચન છે અને એના કારણે દીકરીઓનો ઉચ્ચ શિક્ષણમાં રેશિયો જે દિનપ્રતિદિત ઘટતો જાય છે એ મને લાગે છે કે આનાથી વધશે કારણ કે ૧૨ મા પછી જ જ એ ઉચ્ચ શિક્ષણમાં આગળ જઈ શકે છે અને જો ધોરણ ૧૧ અને ૧૨ ની શાળાઓ જ ના હોય તો એ કેવી રીતે ઉચ્ચ શિક્ષણ મેળવી શકશે?

માનનીય અધ્યક્ષશ્રી, સેલ્ફ ફાઈનાન્સ કોલેજોની વાતો આ રાજયમાં ઠીક ઠીક પ્રમાણમાં થાય છે. આવી સેલ્ફ ફાઈનાન્સ કોલેજો ઘણું સારું કામ પણ કરે છે એમાં ગણપત વિદ્યાનગર હોય કે નિરમા હોય એ માટે કાંઈ કહેવાનો જ સવાલ નથી, એને આપણે પ્રોત્સાહિત કરી શકીએ, પરંતુ સેલ્ફ ફાઈનાન્સના નામે આર્થિક અને પછાતવર્ગના બાળકોને જે પ્રવેશ મળતો નથી અને તેઓને નાણાકીય મૂંઝવણ પડે છે એના કારણે આપણી જે અસમાનતાની ખાઈ છે એ મને લાગે છે કે દિનપ્રતિદિન વધતી જાય છે અને આ ...(સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો ૫-૭ જ મિનિટ થઈ છે અને મારી યાદીમાં મને ૧૦ મિનિટ મળેલી છે.આપની ઘડિયાળ એમ કહે છે કે હજી તો ૭ મિનિટ જ થઈ છે.

**અધ્યક્ષશ્રી** : આ ધડિયાળ સામે જોઈ લો.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, મને અહીંથી દેખાય છે, મને ૧૦ મિનિટ આપી છે અને હજી તો ૭ જ મિનિટ થઈ છે.

**અધ્યક્ષશ્રી** :સામે જુઓ પ્લીઝ, (અંતરાય) એ ઘડિયાળ સામે જુઓ.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ**: સાહેબ મને એ દેખાય જ છે, ગાંધીજીના નીચે ઘડિયાળ છે એ મને દેખાય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી:** માલજીભાઈ, આપનો સમય ૯.૫૯ મિનિટે પતી જાય છે. (અંતરાય) સમય સાચવવા માટે આપના દંડકશ્રીએ કહયું છે અને એ પ્રમાણે હું ચાલુ છું. હું ઘડિયાળ સામે જોઈને જ ચાલુ છું. (અંતરાય) માનનીય શંકરભાઈ ચૌધરી, આપ ચાલુ કરો.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શિક્ષણ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી આરોગ્ય વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન કરું છું. આ માગણીઓને હું આનંદ સાથે ટેકો આપું છું, એક સમય શસ્ત્રો અને સૈન્યનો હતો, જેની પાસે લશ્કર વધારે હોય તે શકિતશાળી ગણાતું, અત્યારનો જમાનો જે ચાલુ થયો છે એમાં જેની ઈકોનોમી સાઉન્ડ હોય જે વધારે સક્ષમ હોય તે દેશ હોય, સમાજ હોય કે વ્યકિત હોય તેનો સમય છે. અને આવતી કાલ જે આવી રહી છે જેની શરૂઆત થઈ રહી છે એ જ્ઞાન અને માહિતીનો જમાનો છે. જેની પાસે ઈન્ફરમેશન અને નોલેજ વધુ હશે તે સમાજ હોય, રાષ્ટ્ર હોય યા વ્યકિત હોય તે શ્રેષ્ઠતમ પદ સુધી પહોંચી શકશે. એવા સંજોગોમાં રાજય સરકારે ગુણવત્તાની બાબતમાં ખૂબ સારી શરૂઆત કરી છે. તેને હૃદય પૂર્વક અભિનંદન આપું છું. રાજય સરકારે કવોલિટી એજયુકેશન માટે પ્રાથમિકથી કોલેજ સુધીના શિક્ષણમાં કવોલિટી એજયુકેશન આપવા માટેના જે પ્રયાસો કર્યા છે તે પ્રશંસનીય છે. બાકીના રાજયો માટે પણ ઉદાહરણરૂપ છે.

ગુજરાત રાજયમાં જી.સી.ઈ.આર.ટી. નામની એક સંસ્થા છે, જે અભ્યાસ ક્રમમાં નવા નવા આયામો ઉમેરવાની સાથે સાથે શિક્ષકોને ગુણવત્તા સભર બનાવવાનું કામ કરે છે. પહેલાના સમયમાં એવું કહેવાતું કે પી.ટી.સી. કે બી.એડ એક વખત કરી નાખે અને વિદ્યાર્થી એક વખત શિક્ષક બની ગયા પછી જિંદગીભર બીજો કોઈ ચાન્સ નહોતો રહેતો. અત્યારે આ રાજય સરકારે, માત્ર બી. એડ કે પી.ટી.સી. કર્યા પછી એ કાયમી પૂર્ણ થઈ ગયા છે એવું નહીં, પણ નવા નવા જ્ઞાનને વિદ્યાર્થી સુધી પહોંચાડવા માટે શિક્ષકોની ગુણવત્તા સુધારવા માટેના જે પ્રયાસો કર્યા છે. જેને કારણે નવી નવી જે બાબતો વિદ્યાર્થીઓને આપવાની હોય તેના માટે શિક્ષકોને ટ્રેઈન કરવા માટે ગયા વર્ષે જી.સી.ઈ.આર.ટી. દ્વારા ૧૪ દિવસનો એક વિષય વસ્તુ સજ્જતા માટેનો શિક્ષકો માટેનો તાલીમ કાર્યક્રમ થયો, આ સિવાય રાજયમાં માસ્ટર ટ્રેનર્સને, ૧૬૩૮ જેટલા માસ્ટર ટ્રેનર્સને તાલીમ આપવામાં આવી અને તેના માધ્યમથી દરેક જિલ્લા સ્તરે નવ હજાર જેટલા શિક્ષકોને ટ્રેઈન કર્યા કે જે બાકીની જગ્યાએ ટ્રેઈનિંગ આપી શકે. આ તજજ્ઞો દ્વારા ૧ લાખ ૭૦ હજાર જેટલા શિક્ષકોને તાલીમ આપી અને તેના મારફત જે જ્ઞાન ઉપર છે તેને છેક વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવું, અને સરળ, સાદી ભાષામાં, વિદ્યાર્થી સમજી શકે તેવી ભાષામાં વિદ્યાર્થીઓ સુધી પહોંચાડી શકાય તેના માટેનો રાજય સરકારે જે પ્રયત્ન કર્યો છે. તે ખૂબ પ્રશંસનીય છે. જેના કારણે ખૂબ સારા પરિણામો પણ અત્યારે મળી રહ્યા છે. અત્યારે હમણાં જી.સી.ઈ.આર.ટી. દ્વારા ગુણવત્તા વધે તેના માટે પણ પ્રયાસ થઈ રહ્યા છે. અને એમાં સિદ્ધિ વૃદ્ધિ આંક એવું નામ આપવામાં આવ્યું છે. વિદ્યાર્થી તૈયાર થયા પછી તેની ગુણવત્તામાં શું સુધારો થયો છે એ માટે આ સંસ્થા દ્વારા ૧૯૯૮-૯૯ માં વિદ્યાર્થીઓના વૃદ્ધિ આંકનો માપ કાઢવા માટેનો એક ટેસ્ટ લેવામાં આવ્યો હતો. તે વખતે ૪૮.૮ ટકા જેટલો વૃદ્ધિ આંક હતો, ત્યારબાદ ૨૦૦૦-૨૦૦૧ માં ૪૯.૫૪ ટકા વૃદ્ધિ આંક દેખાયો, ૨૦૦૨-૨૦૦૩ માં ૫૪.૧૪ ટકા અને ૨૦૦૪-૦૫ માં ૫૮.૮૪ ટકા વૃદ્ધિ આંક દેખાયો છે. માત્ર વિદ્યાર્થીઓ ભણે, નામકરણ થાય, સ્થાયી કરણ થાય ડ્રોપ આઉટ રેશીયો ઘટે એટલું જ નહીં પણ કવોલિટી એજ્યુકેશન મળે તેના માટેના પ્રયાસો રાજય સરકારે કર્યા છે. તે પ્રશંસનીય છે. અને તેના કારણે ગુજરાતની આવતી કાલ, જેમ દુનિયામાં એવું કહેવાય છે કે હિન્દુસ્તાનની આવતીકાલ, એ પ્રમાણે દેશની અંદર એવું કહેવાય છે કે ગુજરાતની આવતી કાલ, આવતીકાલ ગુજરાતની અત્યારે પ્રાથમિક અને હાઈસ્કૂલની અંદર, વિદ્યાલયો અને મહાવિદ્યાલયોની અંદર છે. એ આવતી કાલ ગુજરાતની સો ટકા થશે એવો મને દૃઢ વિશ્વાસ છે, ગુણવત્તાની સાથે સાથે બાકીના આયામો વિકસાવ્યા છે જેવા કે યોગ ક્રિયા દ્વારા વિદ્યાર્થીઓમાં પડેલ સુષુપ્ત શકિતઓને બહાર લાવવી, અને તેના માટે યોગનો ૧૫ મિનિટનો અભ્યાસ ક્રમ પણ દાખલ કર્યો છે. તેના કારણે વિદ્યાર્થીઓ પોતે પોતાની રીતે સજ્જ થઈ શકે. તે પગલું પણ આવતા દિવસોમાં આખા રાજયમાં પ્રેરણારૂપ પગલું ગણાશે. ઈકો કલબની સ્થાપના કરીને પાંચ હજાર જેટલી શાળાઓને આ વર્ષે પસંદ કરવામાં આવી છે.

વિદ્યાર્થીઓ શિક્ષણની બાબતમાં સજાગ બને અને તેમાં પણ આ શ્રૃષ્ટિ છે એ બધું મારુ છે એની સાર સંભાળ મારે કરવી જોઈએ, એના પ્રત્યે લગાવ ઊભો થાય એની સાથે સાથે વાચન પ્રવૃત્તિ દરેક શાળાની અંદર વિદ્યાર્થીઓ અને શિક્ષકો કેળવે. વિદ્યાર્થીઓ વાચવાની પ્રવૃત્તિ અભ્યાસક્રમ સિવાયની ટાળતા હોય છે, એ વિદ્યાર્થીઓ અભ્યાસક્રમ સિવાય પણ બહારના પુસ્તકો વગેરે વાચે એના માટે આ પ્રવૃત્તિ દાખલ કરી છે. એમાં વિદ્યાર્થીઓ રસ લેતા થાય સાથે સાથે શિક્ષકો પણ એ વિષય ઉપર વાચન કરીને વિદ્યાર્થીઓ સાથે પરામર્શ કરીને બાકીની દુનિયાનું જ્ઞાન અભ્યાસક્રમ સિવાય વિદ્યાર્થીઓને મળે એના માટેના પ્રયત્નો આ સરકારે કર્યા છે. પહેલી

વખત આનંદ થાય તેવું કર્યુ છે. હું ગામડાંમાંથી આવુ છું. ગામડાંની શાળામાં ભણીને હું તૈયાર થયો છું. શિક્ષકો અમારા ગામમાં આવતા ત્યારે એ વાત કરતા હતા કે કોઈની લાગવગ છે, નોકરીમાં ભરતી થવું હોય તો લાગવગ લગાવવી પડે નહિતર કોઈને પૈસા આપવા પડે. આજે પહેલી વખત ગુજરાતની અંદર નવા ઇતિહાસની રચના થઈ છે. એક લાખ જેટલા શિક્ષકોની ભરતી થઈ ત્યારે આખા રાજયમાં એક પણ વ્યકિત એમ ન કહી શકે કે એક પણ નવો પૈસો કોઈએ લીધો છે. શિક્ષણમાં સ્વાભિમાન જાગે તો જ સમાજ આ પ્રમાણે બની શકે. એના માટે રાજયના શિક્ષણ મંત્રીશ્રી અને આ રાજયના મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. આ માત્ર પ્રાથમિક શિક્ષણ જ નહિ હાઈસ્કૂલ લેવલે પણ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ભરતીની આખી વ્યવસ્થા બની છે. જેને કારણે ગુણવત્તાના આધાર ઉપર ભરતી થાય. પહેલા ટ્રસ્ટી મંડળો એના સબંધીઓ અને બાકી પરિચિત ઓળખીતા હોય એને માર્ક આપવામાં આવતા હતા. પરંતુ આજે ગુણવત્તાના આધાર ઉપર ઊંચી ટકાવારી હોય જે વિદ્યાર્થીને કોઈ ઓળખતું ન હોય એ પોતે પણ એની અંદર દાખલ થઈ શકે, શિક્ષક બની શકે. પહેલા લાગવગ અને પૈસા જોતા. ગુણવત્તા ગમે તેટલી હોય પરંતુ લાગવગ અને પૈસા ન હોય તો એ શિક્ષક બની શકતો નહોતો. આજે કવોલિટીવાળા શિક્ષકો બને છે.

મારા સાંતલપુર તાલુકાની વાત કરું તો પ્રાથમિક શિક્ષણની અંદર જબરજસ્ત પરિવર્તન આવ્યું છે. રાજયના સાત અતિ પછાત તાલુકાની અંદર આ તાલુકો આવે છે. આ તાલુકામાં આજે સો ટકા નામાંકન થયું છે. સ્થાઈકરણ થયું છે. ડ્રોપ આઉટ રેશિયો ઘટયો છે. તમામ સીત્તેરે સીત્તેર ગામોમાં એક ડિઝાઇનની શાળા બની છે. પૂરતા મકાનો, વિદ્યાર્થીઓને અનુરૂપ ત્યાં વરસાદી પાણીનો સંગ્રહ કરી ચોમાસામાં આવેલું પાણી ચાર-છ મહિના સુધી વિદ્યાર્થીઓ આ મીનરલ વોટર પી શકે એવી વ્યવસ્થા. દરેક શાળાને બાજુમાં ચાર-પાંચ વીઘા જેટલું રમતગમતનું મેદાન, રમતગમતના પૂરતા સાધનો એટલું જ નહિ એક થી સાતમાં ધોરણના વિદ્યાર્થીઓને બેસવા માટે બેંચની વ્યવસ્થા આવું અદ્‌ભુત કામ થઈ રહ્યું છે. રાજયના સૌથી વિકસિત તાલુકા સુધી અમારા વિદ્યાર્થીઓ પહોંચે એના માટેની જે વ્યવસ્થા કરી છે એનાથી સર્વશ્રેષ્ઠતમ કાર્યવાહી કઈ હોઈ શકે. એટલું જ નહિ હાઈસ્કૂલોને પણ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે જોડવામાં આવી છે. યુનિસેફ સાથે જોડીને કવોલિટી એજયુકેશન મળે એના માટેની વ્યવસ્થા કરી છે. રાધા સ્વામી સત્સંગ બ્યાસ નામની સંસ્થા પણ જોડાયેલી છે. આ સંસ્થાઓ ક્યારે આવે કે એને રાજય સરકાર ઉપર વિશ્વાસ હોય ત્યારે એ કામ કરે. રાધા સ્વામી સત્સંગ બ્યાસે પણ ઓરડાઓની વ્યવસ્થા ખૂબ સારી કરી આપી છે.

હાઈસ્કૂલ લેવલનું શિક્ષણ મેળવવા માટે અમારા વિદ્યાર્થીઓને દૂર દૂર સુધી જવું પડતું હોય તેવે વખતે જવા માટેની કોઈ વ્યવસ્થા ન હોય ત્યારે રાજય સરકારે બે બસની વ્યવસ્થા કરી આપી છે. એક પણ રૂપિયો વિદ્યાર્થીઓએ આપવાનો નહિ. સરકારે બસો દ્વારા વિદ્યાર્થીઓને હાઈસ્કૂલો સુધી પહોંચાડવાનું કામ કર્યુ એનો મને આનંદ છે. રાજયના શિક્ષણમંત્રીશ્રી ઉપર ઘણા લોકો આક્ષેપો કરતાં હોય છે. એમને ખબર નહિ હોય આ બહેન પોતે શિક્ષક હતા ત્યારે 'વીર બાળા' નામનો એવોર્ડ મળેલો છે. એ વિદ્યાર્થીને બચાવવા માટે પોતે જાતે નદીની અંદર કૂદીને પોતાની જાતને જોખમમાં મૂકીને બાળકને બચાવેલ હતું એના કારણે 'વીર બાળા' નો એવોર્ડ મળેલો છે. શિક્ષક તરીકે આવ્યા પછી શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ રાષ્ટ્રપતિજીના હસ્તે મળેલો છે એટલે શિક્ષણની અંદર શું ખામી છે એ જાણી શકે છે, સમજી શકે છે.

**શ્રી કાંતિભાઈ ત્રિ. ભીલ (નસવાડી)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની માગણી લઈને માનનીય શિક્ષણ મંત્રીશ્રી આવ્યા છે તેને અનુમોદન આપવા અને શિક્ષણ વિભાગે કરેલી કામગીરીની સરાહના કરવા માટે હું ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે- "Eduction is the manifestation of perfection already in man" માણસ જ્યારે જન્મે છે ત્યારથી માંડીને તેની વિવિધ અવસ્થાઓમાં તેમાં સુષુપ્ત શકિતઓનો ભંડાર રહેલો હોય છે. એ ભંડારને બહાર લાવવાનું કામ કેળવણી કરે છે. શિક્ષણ વિભાગ કરે છે અને એ બાબતને આ રાજય સરકારમાં, આદરણીય નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં શિક્ષણ વિભાગ ચલાવતા આનંદીબેને સાર્થક કરવાની દિશામાં આ કામ કર્યું છે અને તેના માટે હું અભિનંદન પાઠવું છું.

આ તબક્કે મારે એક વાત ખાસ કહેવી છે કે આદરણીય વિરોધપક્ષના ભાઈઓએ કેટલીક અગત્યની વાત કરી. તેમાં તેમણે એ વાત કબૂલ કરી છે કે પ્રાથમિક શિક્ષણની જવાબદારી રાજય સરકારના શિરે છે. ૫૦-૫૦ વર્ષ સુધી એકધારું શાસન કરવા છતાં પ્રાથમિક શિક્ષણ મફત, ફરજીયાત, સાર્વત્રીકરણની દિશામાં એ સરકારોએ કોઈ અસરકારક કામગીરી બજાવી નથી. અસરકારક કામગીરી માત્ર છેલ્લા ૧૦ વર્ષના ગાળામાં ૧૯૯૫થી માંડીને ૨૦૦૭ની સાલ ચાલી રહી છે. તેની અંદર જે અગત્યના કામો થયા છે તેમાં નોંધપાત્ર બાબતો છે. હું એમ ચોક્કસ કહીશ કે રાજયના તમામ રેવન્યુ ગામોમાં પ્રાથમિક શાળા ખોલવાનું અને તેને યોગ્ય રીતે નિભાવવાનું કામ આ રાજયની પ્રાથમિક શાળા નિભાવતા શિક્ષણ વિભાગના આદરણીય મંત્રી આનંદીબેન પટેલ કરી રહ્યા છે. મારા વિસ્તારમાં ત્રણ તાલુકાઓ આવેલા છે. ત્રણ તાલુકામાં ઉજજડ વિસ્તાર છે. ઉંડાણનો વિસ્તાર છે. નસવાડી, કવાંટ અને તિલકવાડા તાલુકો. આ ડુંગરાળ વિસ્તાર અને પૂર્વપટ્ટીના આદિવાસી વિસ્તારો છે. અંતરિયાળ વિસ્તારો છે. તેમાં તમામ જગ્યાએ જ્યાં આગળ ઉજજડ ગામો છે, જે ડૂબાણમાં આવતા ગામો હતા એ સિવાય તમામ ગામોમાં પ્રાથમિક શાળાઓ ખોલીને તમામ રીતે સભર કરવાનું કામ આ રાજય સરકારે કર્યું છે. હું એમ માનું છું કે

પ્રાથમિક શિક્ષણની જવાબદારીનો મુખ્ય પાયો દરેક રેવન્યુ ગામ પ્રાથમિકશાળા સભર હોવું જોઈએ. એ સિદ્ધ કરવાનું કામ આ રાજય સરકારે કર્યું છે. મને કહેવા દો, અગાઉની સરકારોમાં શિક્ષકોનું પ્રમાણ છે એ પ્રમાણમાં દયાજનક સ્થિતિ હતી. દયાજનક સ્થિતિ એટલા માટે કહું છું કે મેં પણ એક શિક્ષણાધિકારી તરીકે સેવા આપી છે. એ સેવાકાળ દરમ્યાન અમને શું મુશ્કેલીઓ પડી છે તેનો હું સાક્ષી છું. એક વર્ગ, એક શિક્ષક અને એક વર્ગખંડની નેમને સાર્થક કરવાનું કામ આ રાજય સરકારે કર્યું છે. એટલી જ વાત નથી, પરંતુ એક અગત્યની વાત એ છે કે ભરતી છે તેમાં પારદર્શકતા લાવવાનું કામ છે તેનું માત્ર ને માત્ર જો શ્રેય જતું હોય તો હું માનું છું કે ભારતીય જનતા પાર્ટીના શાસનને જાય છે. હું ચોક્કસ કહીશ. હું પણ તેનો સાક્ષી છું.

૧૯૮૮-૮૯માં સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ અધિકારી તરીકે હતો. જાહેરાત થઈ, ૬૦૦ જગ્યા ભરવાની હતી. ૨૪૦૦ જેટલી જે અરજીઓ આવી, ૨૪૦૦ જેટલી અરજીઓ આવી એ પૈકી આગલા દિવસે મને ખબર પડી કે બોગસ સર્ટિફિકેટવાળા ઘણા ઉમેદવારો આપણે ત્યાં આવવાના છે અને એ બોગસ ઉમેદવારને જો શોધી કાઢવામાં ન આવે તો બોગસ માણસો તે વખતે નોકરીમાં આવી જશે તો તે વખતે જાહેરાત કરીને ઈન્ટરવ્યુ વખતે ૨૧ ઉમેદવારો પકડી પાડી અને એના પી.ટી.સી. અને એસ.એસ.સી.ના ખોટા પ્રમાણપત્ર અને કેસ કરવાનું સૌભાગ્ય અમને પ્રાપ્ત થયું છે. તો તે વખતની સરકાર કોણ હતી એ આપ સૌ જાણો છો. કહેવાનો મતલબ શું છે કે ભરતીની બદલીમાં પારદર્શકતા લાવવાનું કામ આ રાજય સરકારે કર્યુ છે અને ભારતીય જનતા પક્ષની સરકારે કર્યુ છે. મારે દુઃખ સાથે કહેવું પડે કે બદલીમાં બદલીની જે પ્રક્રિયા છે એ જટીલમાં જટીલ હતી એ જટીલ પ્રક્રિયાની અંદર યોગ્ય નિયમો બનાવીને પ્રત્યક્ષરુપે શિક્ષકોને સંતોષ થાય એ રીતે કોઈપણ આડખીલી ઉભી ન થાય એ રીતે કોઈપણ પૈસા આપીને બદલી ના કરાવી શકે એ રીતે જોગવાઈ કરીને બદલીની અંદર પણ એક ઉત્તમ ઉદાહરણ આ સરકારે પ્રાપ્ત કર્યુ છે અને એનું સૌભાગ્ય પણ જે તે વખતે સુરત જિલ્લામાં પ્રાથમિક શિક્ષણાધિકારી હતો ત્યારે તેની અંદર પહેલાના વખતમાં ભરતી અને બદલીની પ્રક્રિયા છે એ પ્રક્રિયા શરૂ કરવાનું સૌભાગ્ય અમને પ્રાપ્ત થયું હતું. કહેવાની વાત બિલકુલ સ્પષ્ટ છે કે અગાઉની સરકારોમાં જે ભરતી અને બદલીની બાબતમાં જે પ્રશ્નો ઉભા થતા હતા અને એમાં જે કટકી લેવામાં આવતી હતી એમાં જે ભ્રષ્ટાચાર થતો હતો એ ભ્રષ્ટાચારને નાબૂદ કરવાનું જે કામ છે એ કામ માત્ર અને માત્ર આ સરકારને ફાળે જાય છે. આનંદીબેન પટેલના ફાળે જાય છે. હું એમ ચોકકસ કહીશ કે આ બધા ભ્રષ્ટાચાર નાબૂદ કરવાનું કામ આ સરકારે કર્યુ છે.

બીજી અગત્યની વાત કે આદિવાસી વિસ્તારની અંદર શિક્ષણનું પ્રમાણ ધીરેધીરે વધતું જાય છે. વધતુ જાય છે એ વાત બિલકુલ સાચી છે. પણ સંતોષકારક રીતે એને પાર પાડવા માટે શિક્ષકોને સજજ કરવાની જે વાત છે એ વાત પણ આ સરકારની અંદર થઈ છે. સરકારે એનું પૂરેપૂરું ધ્યાન રાખ્યું છે. ગુજરાત સરકારે તમામ કર્મચારીઓને શિક્ષિત કર્યા છે, પ્રશિક્ષિત કર્યા છે અને સેવાના માધ્યમમાં યોગ્ય પ્રદાન કરી શકે એ માટેની જાહેરાત કરી છે. શિક્ષણ ખાતાએ પણ તમામ પ્રાથમિક શિક્ષકોને પ્રશિક્ષણની તાલીમથી સજજ કર્યા છે અને એની સાથેસાથે તેમની સરાહના પણ કરી છે. હું તો એમ માનું છું કે શિક્ષક સારું કામ કરે એને યોગ્ય રીતે નવાજવા જોઈએ અને એ રીતની પ્રક્રિયામાં બ્લોક કક્ષાએથી માંડીને તાલુકા અને જિલ્લા અને રાજય કક્ષા સુધી એને નવાજવામાં આવે, હું એમ માનું છું કે શિક્ષણની સાર્થકતા કયારે થઈ શકે, શિક્ષણમાં સારું પરિણામ કયારે પ્રાપ્ત થઈ શકે એનો ઉંડો અભ્યાસ આ સરકારે કર્યો છે. ઉંડો અભ્યાસ એટલા માટે કહુ છું કે અગાઉના વર્ષોની અંદર અગાઉની સરકારોમાં જે શાળા છોડી જવાનું જે પ્રમાણ હતું એ પ્રમાણ ૫૦ ટકા પૂરતું હતું અને એમાં ધોરણ ૧ થી ૫માં ૧૯૯૦-૯૧ની અંદર ૪૯ ટકા વિદ્યાર્થીઓ શાળા છોડી જતા હતા, આજે ૨૦૦૫-૦૬ની સાલમાં માત્ર ૫.૩૧ ટકા એટલે માત્ર ૪૩.૮૯ ટકાનો ઘટાડો આ સરકારે કર્યો છે. અને એ માટે આપણે બધા સાક્ષી છીએ. એ જ પ્રમાણે ધોરણ- ૧ થી ૭માં શાળા છોડી જવાનું જે પ્રમાણ હતું એ અગાઉ ૬૪ ટકા જેટલું હતું, આપણે હાલમાં ૨૦૦૫-૦૬માં એનો આંક ૧૧ ટકા થયું છે અને એ રીતે ૫૨ ટકા જેટલો ઘટાડો થયો છે. કહેવાનો મતલબ સ્પષ્ટ છે કે સરકારની શિક્ષણની જે કામગીરી છે એ સંતોષકારક છે.

**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મંત્રીશ્રીઓ પોત પોતાની માગણીઓ જે લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની પ્રજાને આરોગ્યની સુવિધાઓ સહેલાઈથી નજીકના સ્થળે મળી રહે એ માટે ગ્રામ્ય લેવલથી માંડીને શહેર સુધી આપણી પાસે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, પેટા કેન્દ્રોથી મંડીને શહેરોની સિવિલ હૉસ્પિટલ સુધીનું સેટ-અપ ગોઠવાયેલું છે. આ વર્ષોથી ચાલે છે, આ સરકાર આવી પછી આ થઈ ગયું છે એમ નથી. ગ્રામ્ય વિસ્તારમાં પેટા કેન્દ્રો, પી.એચ.સી. અને સી.એચ.સી. આ જે માળખું હતું એ માળખું વર્ષોથી ચાલે છે અને એમાં કોઈ મોટો ફેરફાર થયો નથી. એમના આવ્યા પછી નવી નવી કમિટીઓ જરૂર રચાઈ છે. ડિસ્ટ્રિક્ટ હેલ્થ કમિટી, બ્લૉક હેલ્થ કમિટી, વિલેજ હેલ્થ કમિટીઓ જરૂર રચવામાં આવી છે. પણ ગામડામાં આરોગ્યની સુવિધામાં કોઈ ફેરફાર થયો નથી. ગામડામાં તાત્કાલિક સારવાર મળે રહે એ માટે પેટા કેન્દ્રો હોય છે. આ પેટા કેન્દ્રમાં ફિમેલ હેલ્થ વર્કર હોય છે. આજે ગામડામાં કોઈ માણસને તાવ આવે કે સામાન્ય બિમારી આવે તો પહેલા ફિમેલ હેલ્થ વર્કરને મળે છે. આ પેટા કેન્દ્રોમાં અત્યારે કોઈ રહેતું નથી. પહેલાના જમાનામાં ડિસ્ટ્રિક્ટ હેલ્થ

ઑફિસર અને ડી.ડી.ઓ.ના નિયંત્રણ હેઠળ હોવાના કારણે ગમે ત્યારે સરવે કરતાં અને એના લીધે ફિમેલ હેલ્થ વર્કર પોતાના સૅન્ટર ઉપર રહેતા હતા. આજે રહેતા નથી. એના કારણે આવા કેન્દ્રો બંધ થઈ ગયા છે. એના મકાનોના બારી-બારણા તૂટી ગયા છે એવી હાલત છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે પેટા કેન્દ્રોની ગ્રાન્ટ જ્યારે વધારીએ છીએ, વર્ષ ૨૦૦૫-૦૬માં રૂપિયા ૯.૭૫ કરોડ હતા એને વધારીને ૧૬ કરોડ કર્યા છે ત્યારે આ પેટા કેન્દ્રોની કોઈ અધિકારીને જવાબદારી સોંપવામાં આવે. આપણી પાસે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં જે ડૉક્ટર સાથેની વ્યવસ્થા છે અને ગામડા લેવલે આ વ્યવસ્થા છે ત્યારે મુશ્કેલી એ છે કે ઘણા પી.એચ.સી.માં ડાંકટરો નથી. આજે વર્ષો વર્ષ ગ્રાન્ટ ઘટતી જાય છે. વર્ષ ૨૦૦૫-૦૬ કરતાં આ વર્ષે ઓછી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે, ત્યારે મને લાગે છે કે આ ગામડાના આરોગ્ય માટે સરકાર ચિંતિત હોય એવું દેખાતું નથી. ગામડામાં પી.એચ.સી.માં ડૉક્ટર હોતા નથી. આજે બ્લૉક લેવલે એક બ્લૉક હેલ્થ ઑફિસરની ૧૭૦ જગ્યાઓ ઊભી કરી છે. એમને પી.એચ.સી.માં સુપરવિઝન કરવાનું હોય છે. પી.એચ.સી.માં એક બાજુ ડૉક્ટરની જગ્યાઓ ખાલી હોય ત્યારે બ્લૉક લેવલે વહીવટી કામગીરી કરવાની, કોઈ દર્દીને જોવાના નહિ એવા ૧૭૦ જેટલા ડૉક્ટરો પાસેથી કામગીરી લેવામાં આવે છે. એમાં ફેરફાર કરવામાં આવે એ જરૂરી છે. પી.એચ.સી. અને બ્લૉક હેલ્થ લેવલના અધિકારીની જગ્યા સરખી કેડરની હોવાના કારણે કોઈ સુપરવિઝન થઈ શકતું નથી અને ખોટા પગારો આપવા પડે છે. આમાં જરૂરી તપાસ કરીને યોગ્ય કરવામાં આવે એવી મારી વિનંતી છે. સી.એચ.સી.માં આપણે રોગી કલ્યાણ સમિતિની રચના કરી. મને લાગે છે કે દર્દીઓ પાસેથી ફી લેવા માટેનું સરકાર ડાયરેક્ટ ન કરી શકે એટલે એમણે આ કલ્યાણ સમિતિ નીમીને દર્દીઓ પાસેથી યુઝર્સ ચાર્જના નામે ફી લેવાનું ચાલું કર્યું છે. આ ચાર્જ લેવામાં આવે છે એમાં દવા માટે લેવામાં આવે તો વાંધો નથી પણ એમાંથી કોઈ જગ્યાએ સ્ટાફની નિમણૂક તો કોઈ જગ્યાએ ફર્નિચર ખરીદવામાં છે આવી રીતે ગરીબોના પૈસાનો દુરુપયોગ કરવામાં આવે છે એ ન થાય એ જરૂરી છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં પૈસા દર વખતે વધારતા જઈએ છીએ. આ વખતે ૭૨ કરોડ જેટલો વધારો કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારમાંથી લગભગ ૫૫ લાખ જેટલા રૂપિયા ત્રણ તબક્કે મળે છે. આટલા બધા પૈસા મળતા હોય ત્યારે એની સેવા સુધરવાના બદલે દિવસે દિવસે કથળતી જાય છે.

રાષ્ટ્રીય ક્ષય નિવારણ કેન્દ્રોમાં આજે ૪,૪૫,૫૨૦ જેટલા દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ગામડા લેવલે અત્યારે રેજીસ્ટન્સમાં ઘટાડો થવાના કારણે કેસોનો વધારો થયો છે તો આવા કેસો માટે સ્પેશિયલ કોઈ ડ્રાઈવ ચાલું કરવામાં આવે અને નવા કેસો શોધી કાઢવામાં આવે. કારણ કે દિવસે દિવસે નવા કેસો વધતા જાય છે. મેલેરિયામાં દર વર્ષે એક કરોડ જેટલા દર્દીઓના લોહીના નમૂના લઈએ છીએ એમાંથી ૮૫૦૦૦ જેટલા મેલેરિયા પૉઝિટીવ મળે છે. ૧૬૦૦૦ જેટલા ફાલ્સી ફેરમના નીકળ્યા છે અને ગામડા લેવલે તાત્કાલિક સારવાર ના મળવાને કારણે ફાલ્સી ફેરમના દર્દીના મૃત્યુનું પ્રમાણમાં વધ્યા છે એવા ઘણા દાખલા છે. ઈવન એક સિવિલ સર્જનના સગા આવી રીતે મૃત્યુ પામ્યા છે એટલે આના માટે ખાસ કાળજી લેવામાં આવે. સરકારે મચ્છરદાની ખરીદવાનું નક્કી કર્યુ છે એ જંતુનાશક દવાથી બોળેલી હોય ત્યારે મારે એ કહેવું છે કે મચ્છરદાની ૬,૬૪,૦૦૦ જેટલી ખરીદવાના છે તો કોઈપણ ગામના પરિવારના માણસો એક મચ્છરદાની નીચે નથી રહેતો અને બીજું મારે એ કહેવું છે કે આ મચ્છરદાનીથી જો મચ્છરને નુકસાન થતું હોય તો માણસ જ્યારે આ જંતુનાશક દવાની નીચે સૂવાનો હોય તો એના આરોગ્ય ઉપર શું અસર પડવાની છે એનો પણ અભ્યાસ કરવામાં આવે તો મને લાગે છે કે એમાં જરૂર કોઈક મુશ્કેલી ઊભી થશે એટલે આમાં ફેરફાર કરવામાં આવે. નડિયાદ, આણંદ અને દાહોદ જેવી જગ્યા ઉપર પાંચ કરોડના ખર્ચે આવી મચ્છરદાની પૂરી પાડવાનો સરકારે વિચાર્યુ છે. એટલે આમાં પણ પછાત વિસ્તારને ધ્યાનમાં લેવામાં આવે.

ચિકનગુનિયાના રોગનું પ્રમાણ આ વખતે ખૂબ પ્રમાણમાં વધેલું મેં એમાં સરકારનું ધ્યાન દોરેલું. સરકારી રિપૉર્ટ મુજબ ૧,૧૮,૦૦૦ જેટલા દર્દીઓ નોંધાયેલા છે અને ૨૧૩ જેટલા પૉઝિટીવ અને ૧૧ ના મરણ થયા પણ મારે કહેવું છે કે ગુજરાતના તમામ ગામડામાં કોઈ ઘર બાકી નથી રહ્યું. શહેરોમાં મને ખબર નથી. ગામડામાં પાંચ માણસ હોય તો પાંચે પાંચ માણસ ચિકનગુનિયાના કેસમાં સંડોવાયેલો હોય એટલે આટલું મોટું નુકસાન હતું અને જો તાત્કાલિક સારવાર અને એની તપાસ કરવામાં આવી હોત તો ઘણા દર્દી મરણ પામ્યા એ ના થઈ શકત. એટલા માટે કે આ ચિકનગુનિયાથી મરણ નથી પામતા પણ એની આડ અસરથી બેવડવળી જાય અને દર્દી દવાખાને જતા એને લીધેલા જે ઇંજેક્શન અને બાટલા આપવામાં આવતા હતા, એનાથી જે આડસર થઈ એવા દર્દીઓ રેકોર્ડેડ નથી થયા એવા દર્દીઓને મોટું નુકસાન થયું છે, એ આપણે બચાવી શક્યા હોત.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે હડકવાની રસી છે ટીસ્યુકલ્ચર આપણે વ્યકિતને આપીએ છીએ. અગાઉની સરકારમાં હડક્વાની રસી બિલકુલ મફત મળતી હતી. આજે બી.પી.એલ. સિવાય કોઈને મફત મળતી નથી, ૧૦૦ રૂપિયા લેવામાં આવે છે એટલે આ વૅક્સિન પણ મફત મળે એવું કરો. કારણ કે કૂતરાને ખબર નથી હોતી કે આ બી.પી.એલ.વાળો છે કે કેમ? એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે કમસેકમ આ કૂતરાની રસી ફ્રી મળવી જોઈએ. National Rural Health Mission Programme - આ પ્રોગ્રામ પહેલા પણ ચાલતો હતો. Maternal Child Health Care programme ચાલતો હતો. એમાં ફેરફાર કરીને Reproductive Child Health Care એવો પ્રોગ્રામ ચાલુ કર્યો. એમાં ચિરંજીવ યોજના ચાલુ કરી એ બહુ સારી યોજના છે માટે એમાં સ્વીકારવું જોઈએ. એક

વાત આ ગૃહના ધ્યાન પર મૂકવા માગું છું કે આને લીધે અત્યારે જે બહેનોને સારવારના લીધે ડિલિવરી થઈ એમાં સિઝેરિયનનું પ્રમાણં ૪.૯ ટકા જેટલું ઓછું થયું. મોટાભાગે તો પ્રાઈવેટ ડૉકટરો સિઝેરિયન કરી નાખે છે. આ પહેલી વખત એવું બન્યું છે કે જેમાં સિઝેરિયનનું પ્રમાણ ઘટયું છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે સિઝેરિયન કરનાર જે ડૉકટર છે એમના રેકર્ડ જોવા પડે કે તમારે ત્યાં દર્દી આવે છે એમાંથી કેટલી માતાઓનું સિઝેરિયન કર્યુ છે, ચિરંજીવ યોજનામાં કેટલા સિઝેરિયન કરવામાં આવ્યા છે તો એની પૂર્ણ ખબર પડે. જે બહેનો છે એ દવાખાને જાય તો તુરત સિઝેરિયન કરી નાંખે છે એમાં ઘટાડો જરૂર આવ્યો છે. ભ્રૂણ હત્યાને અમારા ટ્રાયબલ વિસ્તારમાં પાપ ગણે છે પણ આ શિક્ષણ આવ્યું તેમ તેમ ભ્રૂણ હત્યા વધી ગઈ. સોનોગ્રાફી કરતા ડોકરટોને પકડવા જોઈએ. સાથે સાથે જે લોકો એને રિફર કરે છે એને કેમ આપણે પકડતા નથી? આ કોણે રિફર કર્યા છે કે સોનોગ્રાફી માટે radiologist પાસે આ દર્દી ગયો, આની પણ તપાસ કરવામાં આવે. એ બંને સામે એકશન લેવા જોઈએ. તાલુકા કક્ષાએ બ્લડ બેંકો નથી. બ્લડ અવેલેબલ નથી. બે-ત્રણ લાખની વસ્તી થઈ ગઈ હોય એના માટે જો બ્લડબેંક સ્વીકારવામાં આવે તો સારી સારવાર મળી શકે તેમ છે.

ટ્રોમા સૅન્ટરનો આશય એવો હતો કે હાઈવે ઉપર જે અકસ્માત થાય છે એના માટે તાત્કાલિક સારવાર મળે, પણ સરકારે તો સિવિલ હૉસ્પિટલ તો અમદાવાદ, વડોદરા અને સુરત એ પ્રમાણે કર્યુ એમાં સારવાર મેળવે છે પણ જે હાઈવે છે ત્યાં જે દર્દીઓ છે એમને તાત્કાલિક સારવાર મળે એના માટે ટ્રોમા સૅન્ટરની જરૂરિયાત છે.

આર્યુવેદિક દવા છે, એમાં ખાસ કરીને દર વર્ષે જે ગ્રાન્ટ હોય એ ઓછી થતી જાય છે એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આર્યુવેદિક, હોમિયોપેથી દવાની સારી અસર હોય છે. એટલે પણ તમે ગ્રાન્ટ વધારો. ખાસ કરીને આપે કહ્યું હતું કે ધારાસભ્ય દીઠ નહિ પણ દર્દીની અનુકૂળતા પડે તે પ્રમાણે તાલુકા મથકે આર્યુવેદિક દવાખાનું મૂકવામાં આવે. તો બધાને સારી રીતે ઈઝીલી એપ્રોચેબલ હશે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે, આપનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**( સભાપતિશ્રી મહેન્દ્ર મશરૂ, અધ્યક્ષસ્થાને )**

**સભાપતિશ્રી** :. ડૉ. કનુભાઈ કળસરિયા.

**ડૉ. કનુભાઈ કળસરિયા (મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી પોતાની માગણી નંબર ૩૯, ૪૦ અને ૪૧ તથા માનનીય શિક્ષણ મંત્રીશ્રી પોતાની માગણી નંબર ૯ અને ૧૦ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે તેમાં સૂર પુરાવવા અને મારા વિચારો પ્રગટ કરવા હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને શિક્ષણ એ બંને માનવજાતના કલ્યાણના મહત્ત્વના અંગો છે. માનનીય અધ્યક્ષશ્રી, માણસ જાતની આધ્યાત્મિક પ્રગતિ માટે પણ એ એના કેન્દ્રના સ્થાને રહેલ છે બંને, એટલા માટે આપણા ઋષિઓએ કહેલું કે, " શરીર માદ્યમ ખલુ ધર્મ સાધનમ્ " એટલે શરીર એ ધર્મ સાધનાનું શ્રેષ્ઠ માધ્યમ છે અને એવી જ રીતે " સા વિદ્યા યા વિમુક્તયે " એટલે કે, મૂકિત કરે, મૂકિત અપાવે એજ સાચી વિદ્યા, અને વિદ્યાને પ્રાપ્ત કરવા માટે પણ શરીર આરોગ્ય છે એ ખૂબ જરૂરી છે. આરોગ્ય એ એટલું બધું મહત્ત્વનું અંગ છે કે, જેથી કરીને રાજય સરકારે બાળ આરોગ્ય અને માતૃ આરોગ્યની સૌ પ્રથમ ચિંતા કરી અને માતૃ વંદનાની સાથે ચિરંજીવી નામની યોજના, ચિરંજીવી યોજના વિશે મારા સાથી મિત્રો ડૉ. જીતુભાઈ અને ડૉ. અતુલભાઈ એમણે પણ કહ્યું સાથે વિરોધપક્ષના ડૉ. અનિલભાઈ જોષીયારાએ પણ આ યોજનાને બિરદાવી, એનાથી આપણને ખ્યાલ આવે છે કે, આ યોજનામાં કેટલું સત્ત્વ સમાયેલું છે. પહેલા પાંચ જિલ્લાઓમાં આનો પ્રયોગ કર્યો અને પછીથી સમગ્ર ગુજરાતમાં જ્યારે એની અમલવારી થઈ રહી છે ત્યારે ખરેખર એનાથી જે બાળકોનું અને માતાઓનું મૃત્યું પ્રમાણ ઘટવાનું છે. આપણું ધ્યેય છે કે, માતાઓનો મૃત્યુ દર હાલમાં જે એક હજારે ૩.૮૯ જેટલો છે એ ઘટાડીને આવતા વર્ષોમાં એક સુધી લઈ જવો અને એજ રીતે બાળકોનો મૃત્યું દર હાલના સંજોગોમાં એક હજારે જે ૫૪ છે એને ઘટાડી ૩૦ સુધી લઈ જવો, કારણ કે, આ જમાનામાં લોકો આરોગ્ય પ્રત્યે વધારે સભાન થયા છે અને એના કારણે તેમજ જ્યારે નાનું કુટુંબ અને કુટુંબ નિયોજન અને કુટુંબ નાનું રાખી અને વધારે પ્રગતિ કરવાની પણ ભાવના હોય ત્યારે માતાઓનું અને બાળકોનું આરોગ્ય સચવાય અને બાળકો તંદુરસ્ત રીતે વિકાસ પામે એ પણ એટલું જ મહત્ત્વનું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ચિરંજીવી યોજના હવે અમારા જિલ્લામાં પણ અમલવારી થઈ રહી છે તો ઘણા બધા ડાંકટર મિત્રો ખાસ કરીને બહેનોનું કાર્ય કરનારા ગાયનેકોલોજીસ્ટો આમાં જોડાયા છે અને અમારે ત્યાંની હૉસ્પિટલોમાં માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, કલસાર ગામમાં જે હૉસ્પિટલ આવેલી છે ત્યાં પાંચ વર્ષ પહેલાં દર મહિને એક જ સુવાવડ થતી હતી, આજે મહિનામાં ૧૫૦ જેટલી સુવાવડ થાય છે એટલે લોકો પણ જ્યારે સારું કાર્ય થાય ત્યારે ચોક્કસ પહેલાં જે ઘરે સુવાવડ કરતા હતા એના બદલે દવાખાનામાં સુવાવડ કરે છે માનનીય અધ્યક્ષશ્રી, મને પણ એવો આગ્રહ કરવામાં આવ્યો કે તમે પણ આ ચિરંજીવી યોજના લો, પરંતુ અમારા ઉપરનો કાર્ય બોજ અને જે કાર્ય અમે ત્યાં ૧૫૦ રૂપિયાનો જ માત્ર ત્યાં સુવાવડનો ચાર્જ છે એ જોતાં ગરીબ લોકોને એનાથી પણ ઓછામાં અથવા મફત કરી દેવાની પણ વ્યવસ્થા છે અને એના કારણે વધુ ખાનગી ડાંકટરો વધારે જે કામ પ્રાયવેટમાં કરી રહયા છે એ પણ આમાં જોડાય એ પણ ગરીબોનું કામ કરવામાં પોતાની શકિતનો સદુપયોગ કરે એ દૃષ્ટિથી અમે આ યોજનામાં જોડાયા નથી પણ ખરેખર આ યોજના શ્રેષ્ઠ જ છે

અને કોઈપણ ગરીબ માણસ છે એનું બાળક અને એ કુટુંબની માતા એ સુવાવડ ખાનગી અથવા સરકારી હૉસ્પિટલમાં જઈને કરાવે તો સરકારી હૉસ્પિટલમાં ૬૫૯ રૂપિયા જેવી રકમ સરકારી હોસ્પિટલમાં જઈને ડૉકટર એને સુવાવડ કરાવે તો એને આપવામાં આવે છે. મારા સાથી મિત્ર ડૉ. અનિલભાઈ જોષીયારાએ ધ્યાન દોર્યુ કે, પ્રાયવેટ સિઝેરિયનનો રેટ ઘણો બધો ઊંચો છે અને આ ચિરંજીવી યોજના છે એમાં આ રેટનું પ્રમાણ ઘણું નીચું છે.એ બધી જ સાચી વાત છે કે આ યોજનાની અંદર જે કાંઈ ૧૭૯૫ રૂપિયા આપવામાં આવે છે એ કાર્ય કરનાર આરોગ્યના ડોકટર છે, ગાયનેક છે એને તો એમાં એ સુવાવડ કરે કે સિઝેરિયન કરે રેટમાં કોઈ ફેર નથી. ખરેખર તો આરોગ્ય મંત્રીશ્રીને ધન્યવાદ આપું છું કે આમાં સિઝેરિયનને જુદી રીતે ન લીધું. ઓપરેશન કરવાનું હોય તો વધારે પૈસા આપવામાં આવે એવું લીધું હોત તો ચોકકસ એમાં કોઈપણ ડોકટર પેલાની જેમ જ પૈસાની લાલચને લીધે ઓપરેશન કરવા પ્રેરાય. આ જમાનો એવો છે કે પૈસાની લાલચ રોકવી અત્યંત કઠિન છે. ચિરંજીવી યોજનામાં સર્વને સમાન ગણીને કરવામાં આવે છે. સામાન્ય રીતે સુવાવડનો ખર્ચ પેરીફેરી કેન્દ્રમાં થતો નથી. ખાનગી ડોકટર પણ ૭૦૦-૮૦૦ રૂપિયામાં સુવાવડ કરાવે છે અમારા મહુવા કેન્દ્રમાં. તો જયારે એને ૧૫૦૦-૧૭૦૦ જેવી રકમ મળે છે તો આરામથી કરાવે છે અને કયારેક સિઝેરિયન કરવું પડે તો એ જ રકમમાં સિઝેરિયન કરાવે છે.

માતૃ વંદનાના કાર્યક્રમમાં સાયકલ યાત્રા હમણા અમે કરી. માતૃ વંદના કાર્યક્રમમાં લોકોનો એટલો જબરજસ્ત પ્રતિભાવ મળ્યો છે કે લોકો એને દિલથી આવકારે છે. માતૃ શકિતની વંદના સદીઓથી આપણે કરતા આવ્યા છીએ. ઋષિઓએ માતાને આવકારી છે એટલે સપ્તર્ષિમાં સાત ઋષિઓનું સ્થાન છે. એમાંથી છેલ્લા ત્રણ નીચેના તારા છે એમાં વચ્ચેનો તારો વશિષ્ઠ ઋષિનો તારો છે. સમી સાંજમાં આકાશ ચોખ્ખુ હોય તો આજે પણ જોવા મળે છે. વશિષ્ઠ ઋષિની બાજુમાં ઝીણી આંખોએ જોઈ શકાય એવો અરૂંધતિનો તારો છે એટલે ત્યાં આકાશમાં પણ વશિષ્ઠ સાથે અરૂંધતિને બિરદાવ્યા છે. પછી એ શિવાજીના માતા જીજાબાઈ હોય, ગાંધીજીના માતા પૂતળીબાઈ હોય, કૃષ્ણના માતા દેવકી કે જશોદા હોય પણ મહાપુરુષો પણ એવા વિચારો લઈને જન્મ્યા અને દુનિયાનું કલ્યાણ કરી શકયા છે. વૈજ્ઞાનિક કારણ પણ છે કે પુરુષની અંદર એકસ અને વાય સેકસ ક્રોમોઝમ જે ૪૬ જોડ હોય છે. એમાંની એક જોડ સેકસ ક્રોમોઝમ કહેવાય. સેકસ ક્રોમોઝમ સ્ત્રીમાં એકસએકસ હોય છે અને પુરુષમાં એકસવાય હોય છે આને કારણે કોઈ એક દંપતિને ભેગા લઈએ તો સ્ત્રીના એકસએકસ અને પુરુષના એકસવાય આને કારણે કુટુંબની અંદર પણ એકસનો પ્રભાવ વધારે રહેવાનો. પુરુષે કોઈપણ કાર્ય કરવાનું હોય તો છુપાછુપા પણ સ્ત્રીની સંમતિ લેવાની હોય છે (અંતરાય) સ્વઅનુભવ એટલે દરેકને એ અનુભવ હોઈ શકે છે એટલે આ તો વૈજ્ઞાનિક રીતે અને એટલા માટે બીજા જે દોષારોપણ સ્ત્રીઓ ઉપર સામાન્ય રીતે થતા હોય છે કે જયારે સંતતિમાં દીકરી જન્મે તો મોટેભાગે બાળકની માતા ઉપર માછલા ધોવાતા હોય છે કે તે ઉપરાઉપરી દીકરીને જન્મ આપે છે. અણસમજુ લોકોમાં આવું જોવા મળે છે. તો ખરેખર બાળકની જાતિ નકકી કરવા માટે સ્ત્રી જવાબદાર છે જ નહીં. એનો આધાર વાય ઉપર છે. સ્ત્રીની અંદર બંને એકસએકસ છે જયારે પુરુષની અંદર એકસવાય છે. જયારે એકસ સાથે એકસ જોડાય ત્યારે સ્ત્રી જન્મે અને એકસ સાથે વાય જોડાય ત્યારે પુરૂષ જન્મે એટલે કે દીકરો જન્મે. આવું છે ત્યારે સ્ત્રીનું સન્માન કેમ ચૂકી જઈએ? છેલ્લા હજારો વર્ષની અંદર જે મુસ્લિમ શાસકોએ સ્ત્રીઓ ઉપર જુલમ ગુજાર્યો, મુગલ શાસન દરમિયાન સ્ત્રીઓ ઉપર જે અત્યાચાર થયા એને કારણે સ્ત્રી શકિતની લાજની રક્ષા કરવા માટે આપણે સ્ત્રીને સાવ ઘરમાં પૂરી દીધી. મારે બે વાત શિક્ષણની કરવી છે પણ આપ સમય નહીં આપો એની મને ખાતરી છે.

**સભાપતિશ્રી** . : એકાદ મિનિટમાં પૂરું કરો.

**ડૉ.કનુભાઈ કળસરિયા :** સાવ પછાત વિસ્તાર મઢિયા નામનું ગામ જેમાં આજુબાજુનાં ગામમા કોઈ દીકરા-દીકરીને ભણાવે નહિ એવા વિસ્તારમાં સરકારી શાળા આપી. આ સરકારની આ તટસ્થ નીતિ છે. હજુ પણ એ વખતે શાળાના ભૂમિપૂજનનો કાર્યક્રમ વખતે માનનીય શિક્ષણમંત્રીશ્રી પધાર્યા ત્યારે મને રસ્તામાં વાત કરતા હતા કે ઉના વિસ્તારમાં એવું ગામડું છે કે જ્યાં જેની કોઈ રાજકીય ફેવર કરતું નથી અને મને એ ગામ શોધીને આપો એમાં મારે હાઈસ્કૂલ આપવી છે. જુઓ એમના વિચારો કે જ્યાં કોઈ જેનું હાથ પકડવા તૈયાર ન હોય ત્યાં આગળ આવીને શોધી શોધીને સરકારી શાળા આપી. અમારી સરકારી શાળાનો પુનરોદ્ધાર કર્યો, નવાં મકાનોને મંજૂર કર્યા અને શેંદરડા અને બોરડી, ગુંદણા અને તરેઠ એ ગામની અંદર આજે ૨૦ વર્ષ પહેલા શાળા મંજૂર થઈ તો મકાન નથી, તો આ બજેટમાં એ લેવડાવી દીધું અને કામગીરી પણ તાત્કાલિક બજેટ પૂરું થાય તે પહેલા એના અંદાજો બનાવીને ચાલુ કરવાની સૂચના અપાઈ ગઈ, તો ખરેખર સરકારને, આરોગ્ય મંત્રીશ્રી અને શિક્ષણમંત્રીશ્રીને ધન્યવાદ આપું એટલા ઓછા છે.

**શ્રી અંબાલાલ આ. રોહિત(સોજીત્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણમંત્રીશ્રી માગણી નં. ૯, ૧૦ જે લઈને આવ્યા છે, એમાં મારું સમર્થન આપું છું અને મારી વાત કહેવા માગું છું.

ગુજરાતના શબ્દદ્રષ્ટા, ગુજરાતના પ્રણેતા આદરણીય મુખ્યમંત્રીશ્રીની રાહબરી હેઠળ ગુજરાતમાં દીકરી ભણાવવાનો રેશિયો જ્યારે સત્તાના સૂત્રો ૨૦૦૨ માં સંભાળ્યા ત્યારે ખૂબ પાછળ હતો. ગુજરાતની દીકરી ભણે અને દીકરી આગળ વધે એના માટે આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ કન્યા કેળવણી રથયાત્રા ૨૦૦૩ માં ૧૪, ૧૫,

૧૬ એમણે શરૂ કર્યુ. હું મારા વિસ્તારની વાત કરું છું. મારા વિસ્તારની અંદર વાંકતળા ગામ છે, એ ગામની અંદર દીકરીનો રેશિયો ૧૫ ટકા હતો અને આજે ૪ વર્ષ પછી, રથયાત્રા પછી એ ગામમાં પ્રૌઢ, બાલિકાઓનો રેશિયો ૭૫ ટકાએ પહોંચ્યો છે. આંકડા સાથે કહું છું. ૭૫ ટકાએ. તો સરકારની જે કામગીરી કન્યા કેળવણી રથયાત્રાની અંદર ૪૫ ડિગ્રી ધોમધખતો તાપ હોય ગુજરાતના મુખ્યમંત્રીશ્રી, ગુજરાતનું મંત્રી મંડળ, શિક્ષણ મંત્રીશ્રી, સચિવશ્રી, કલેક્ટરશ્રી, ડી.ડી.ઓ.શ્રી,, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી ગામેગામ ફરીને ધોમધખતા તાપમાં ભણવા માટે જે વિનંતી કરી, ભીક્ષા માગી અને એના કારણે ગુજરાતમાં ભણવાની જાગૃતિ આવી છે. હું માનું છું કે ૧૯૯૧ માં જે ૪૯ ટકા ડ્રોપ આઉટ રેશિયો હતો તે આજે ૪૫ ટકા જેટલો ઓછો કરી શક્યા છીએ એ રીતની સરકારની નીતિ છે અને સર્વાંગી વિકાસ ત્યારે થઈ શકે કે તમામ લોકોમાં એજ્યુકેશન આવે, ત્યારે થઈ શકે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ કન્યા કેળવણી રથયાત્રા કાઢીને એક પ્રખર ઉદાહરણ પૂરું પાડ્યું છે. આદરણીય મુખ્યમંત્રીજી જ્યારે કન્યા કેળવણી રથયાત્રા લઈને જે તે ગામમાં જાય, અત્યારે તો બળદગાડા ઓછા થઈ ગયા છે, બળદગાડામાં મુખ્યમંત્રી હોય કે શિક્ષણમંત્રી કે ધારાસભ્ય, મંત્રીશ્રી હોય ગામના લોકો મોટી સંખ્યામાં આવે અને બહેનો માથે તાંબાનો કળશ મૂકીને, નારિયેળ મૂકીને, ગોળધાણા લઈને મંત્રીશ્રીને, ધારાસભ્યશ્રીને, સંસદસભ્યશ્રીને, અધિકારીશ્રીને વધાવવા માટે આવે અને નાની નાની બાલિકાઓ એમનું સ્વાગત કરે અને એવા વાતાવરણનું સર્જન થયું, જે માહોલ બન્યો છે, એના કારણે છેલ્લા ૪ વર્ષમાં આપણે આ સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા છીએ. અત્યાર સુધી દેશ ગુલામીમાં હતો, આઝાદી આવી અને ગુલામીમાંથી આઝાદી આવ્યા પછી ૩૦ વર્ષનું આ શાસન મારા તમામ સાથી મિત્રોએ કર્યુ છે. હમણા ડો. સી.જે. ચાવડા બોલ્યા હતા કે અત્યારે ૧ કરોડ ૩૫ લાખ લોકો નિરક્ષર છે. એમણે ૧૯૮૧ થી ૧૯૯૪ સુધી ભણાવ્યા તો ભણેલા લોકો અભણ થઈ ગયા? ધરેલો માણસ ભૂખ્યો થઈ જાય. ઉજાગરાવાળો માણસ ઊંઘીને જાગે અને ફરી પાછો ઊંઘે અને જાગે એવું એમણે કહ્યું. જ્યાં જે માણસ શિક્ષિત બન્યો હોય એની ડિગ્રી રદ થઈ જાય, ભણેલો અભણ થઈ જાય.

માનનીય અધ્યક્ષશ્રી, આ તો ગજબના આંકડા આપે છે. કોઈ ન માની શકે. ૧ કરોડ ૩૫ લાખ લોકો અભણ થઈ ગયા. માનનીય ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રીઓએ જે યોજનાઓ આપી હતી, માનનીય ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રીઓએ જે યોજનાઓ આપી હતી પ્રૌઢ શિક્ષણની અને જેની પાછળ લાખો કરોડો રૂપિયાનો ખર્ચો કર્યો અને ખર્ચ કર્યા પછી લોકો અભણ થઈ ગયા તે દુર્ભાગ્યની વાત કહેવાય. આ તો કોને કહેવાય. આ વસ્તુનો નિકાલ કોણ કરી શકે? સ્વયં પરમાત્મા આવીને જ નિકાલ થઈ શકે. ભણેલા અભણ થઈ જાય સાહેબ? મને દુઃખ થાય છે. ગુજરાત સરકાર કયાંક ભૂલ કરતી હોય તો સબળ વિરોધપક્ષ તરીકે ચોક્કસ વિરોધ કરવો જોઈએ. વિધાનસભા ગૃહમાં અને મેજ ઉપર વિરોધ કરવો જોઈએ. પણ જે તે બાબતનો વિરોધ. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી, ગુજરાતના શિક્ષણમંત્રીશ્રી સારુ કામ કરે તે બાબતનો પણ વિરોધ. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને વિશ્વના લોકો વખાણે, બીજા રાજયોના લોકો વખાણે અને ગુજરાતમાં તો તેના પગલાં પૂજવા લોકો તૈયાર હોય તે વખતે મુખ્યમંત્રીશ્રીનું નિશાન તાકીને માનનીય અર્જુનભાઈ અને તમામ સાથી મિત્રો વાત કરે છે. તમે અમારો ચોક્કસ વિરોધ કરો. જે જગ્યાએ અમે ખોટું કરતા હોય ત્યાં વિરોધ કરો.

લોકાયુકત કોર્ટની વાત કરતા હતા. થોડાક રાજકીય અવલોકન કરી લઉ. તે કરતા હોય તો મારે કરવા જોઈએ તે સ્વાભાવિક છે. લોકાયુકત બંધ થઈ ગયું છે તેમ કહેતા હતા. આપણે સૌ જાણીએ છીએ કે લોકાયુકતમાં કોની સામે કેસ ચાલતો હતો અને કેટલી વખત મુદતમાં કોણ ગયું છે. હમણાં આશ્રમશાળા અને છાત્રાલયોની વાત કરતા હતા. ગુજરાત સરકારની આ આશ્રમશાળાઓ અને છાત્રાલયો કોણ ચલાવે છે? આપણે આ બધી યોજનાઓમાં શું કરવું જોઈએ અને કેવું કરવું જોઈએ તે કયારેય વિચાર્યુ નથી. માત્રને માત્ર આક્ષેપોથી રાજકારણ ચલાવવાનું નથી. લોકો સુધી પહોંચવું હોય, ગરીબો સુધી પહોંચવું હોય, છેવાડાના માનવી સુધી પહોંચવું હોય, પીડિતો સુધી પહોંચવું હોય તો સરકાર જે કામ કરે તેમાં વિપક્ષોએ સરકાર આપવો પડશે. રચનાત્મક કામ ન કરીએ તો કહી શકો છો. વર્ષોથી ગુજરાતનો વિકાસ રૂંધાઈ ગયો હતો. છેલ્લા ચાર પાંચ વર્ષમાં ગુજરાત જે રીતે જે ક્ષેત્રોમાં કૂદકે અને ભૂસકે આગળ વધી રહ્યું છે તેની ઈર્ષ્યા કરવાથી ગુજરાતનો વિકાસ નથી થવાનો. ગુજરાતનો વિકાસ કરવા માટે રચનાત્મક કામગીરી કરવી પડશે. ૨૦૦૬-૦૭માં પ્રવેશ દરમ્યાન, ત્રણ દિવસના પ્રવેશોત્સવ દરમ્યાન ૩,૪૨,૩૭૫ કુમાર અને ૩,૧૦,૮૭૪ કન્યાઓ એમ કુલ મળીને છએક લાખ જેટલા બાળકોએ પ્રવેશ લીધો છે. વિદ્યાલક્ષ્મી બોન્ડની વાત કરું તો કુલ મળીને ૫,૪૬,૫૦૦ કન્યાઓએ ૫૪ કરોડ અને ૬૫ લાખ વિદ્યાલક્ષ્મી બોન્ડ આ ગુજરાત સરકારે કન્યાઓને વ્યાજ સાથે આપ્યા છે. એકથી સાત ધોરણમાં ભણતી કન્યાઓને આપ્યા છે. ગુજરાતમાં કેટલાય મુખ્યમંત્રીશ્રીઓ આવ્યા અને શિક્ષણમંત્રીશ્રીઓ આવ્યા અને અમારા કરતાં તેજસ્વી પણ આવ્યા આ કામ કોઈ ન કરી શકયા. જનભાગીદારીથી દસ કરોડ રૂપિયા વિદ્યાલક્ષ્મી યોજનામાં લાવ્યા છે. લોકોના મનમાં એવો ભાવ થાય છે કે સરકાર સારું કામ કરે છે તેમાં મારે સહકાર આપવો છે. આ સામાન્ય ઘ ટના નથી. ખૂબ મોટી ઘટના છે.

બીજી વાત કહેવા માગું છું કે શિક્ષણ મંત્રીશ્રીએ ચાલુ વર્ષે શહેરી વિસ્તારોમાં ગરીબ કન્યાઓ છે, આધાર વગરની છે તેવી ૩૦ હજાર દીકરીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવાની વાત કરી છે. વિદ્યાદીપ યોજનાની વાત કરું તો જે માબાપને પોતાને ખાવાનું ન હોય, રહેવા માટે ઘર ન હોય તેવા બાળકોને સારવાર માટેની વાત છે. છેલ્લા

બે વર્ષથી જે કામગીરી કરી છે તેમાં બાળકોને તપાસીને ચશ્માં આપવાની વાત, કેન્સરના દર્દી હોય, કિડનીના દર્દી હોય અને મારી પાસે આંકડા છે. ૪૦૬૭૧ બાળકોને વિનામૂલ્યે ચશ્માં આપ્યા છે. ૮૭૭૨ બાળકોને હૃદયની સારવાર આપી છે અને ૫૭૬ બાળકોને કિડનીની સારવાર આપી છે અને ૧૦૯ બાળકોને કેન્સરની સારવાર આપવામાં આવી છે. ૮ જેટલા જટિલ બિમારીના બાળકોને રાજય બહાર વિનામૂલ્યે સારવાર આપવામાં આવી છે. આમ કુલ મળીને ૧ કરોડ ૧૪ લાખ વિદ્યાર્થીઓને વિદ્યાદીપ યોજનામાં વીમા કવચ આપેલ છે. પ્રાથમિક શાળામાં અમારી દીકરી કે દીકરો આકસ્મિક મૃત્યું પામે તો ૨૫ હજાર અને માધ્યમિક શાળામાં ભણતાં આકસ્મિક મૃત્યુ પામે તો ૫૦ હજારનું વીમા કવચ આ સરકાર ગરીબ વિદ્યાર્થીઓને આપે છે અને ગરીબ પીડિત માબાપની ચિંતા સરકારે માથે લીધી છે. આમ આ જે મહત્વના કામ કર્યા છે તે બદલ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી, શિક્ષણમંત્રીશ્રી અને અન્ય મંત્રીશ્રીઓએ જે સરાહનીય કામગીરી કરી છે તે બદલ અભિનંદન આપી મારી વાત પૂરી કરું છું. આભાર. જયહિંદ.

**શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ માનનીય શિક્ષણ મંત્રીશ્રી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય સભાગૃહમાં ઘણી બધી વાતો થઈ, કન્યા કેળવણી સુધારણા માટે કન્યા કેળવણીની રથયાત્રાઓ ઘણી કાઢવામાં આવી, ૯૯ ટકા કન્યાઓ શાળાઓમાં દાખલ કરવામાં આવી છે એવી ઘણી બધી વાતો થઈ અને સરકારના ગુણગાન પણ ઘણા ગવાયા પણ કન્યા રથયાત્રાઓ પછી જે કન્યાઓને શાળાઓમાં દાખલ કરવામાં આવી છે એ કન્યાઓ આજની તારીખે એ શાળાઓમાં જાય છે ખરી અને એની કોઈએ દરકાર કરી છે ખરી ? આ કન્યાઓને શાળાઓમાં દાખલ કરી એ કન્યાઓને ભણાવનારા શિક્ષકોની સંખ્યા જે તે શાળાઓમાં પૂરતી છે ખરી? આજે માત્ર કન્યાઓને શાળાઓમાં દાખલ કર્યા પછી જો શાળાઓમાં ભણાવનારા શિક્ષકો ન હોય ત્યારે એ શાળાઓમાં શિક્ષણ કેવું મળી શકે એ તો આપણે સૌ જાણીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષકોની જ્યારે જ્યારે ભરતી થતી હોય છે ત્યારે જિલ્લા ટ્રાન્સફરથી બદલી થઈ જાય છે અને એ ઘટ કાયમ માટે રહેતી હોય છે, મારા મત વિસ્તારની વાત કરું તો, આજની તારીખે પણ એ ઘટ દિવસેને દિવસે વધતી ગઈ છે એ ઘટ કયારેય ઘટી નથી, આજે જે કોઈ ભરતી કરવાની વાત આવે, અને એનું મેરિટ લિસ્ટ ઊંચું બનતું હોય તો ત્યારે બહારના શિક્ષકોની ભરતી થતી હોય ત્યારે એ શિક્ષકો પાંચ વર્ષ પૂરા કરીને પછી પોતાના વતનનો લાભ લઈને ચાલ્યા જતા હોય છે અને એટલે એ ઘટ કાયમ માટે રહેતી હોય છે, ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મારે એક વિનંતી કરવી છે કે, આ છેવાડાનો જિલ્લો છે, તો કચ્છનો આ પ્રશ્ન કાયમ માટે ઉકેલાય એ અંગે માનનીય શિક્ષણ મંત્રીશ્રી વિચાર કરે તેવી હું એમને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વાતો શાળાના ઓરડા બનાવવા અંગેની કરવામાં આવી છે, ભૂકંપ પછી ઘણી નવી શાળાઓ મારા વિસ્તારમાં બની પણ એ શાળાઓ બન્યા પછી મૂળ વાત શિક્ષકોની છે, શિક્ષકોની તાતી જરૂર છે તો એ પૂરી થાય એવી હું ખાસ વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક ગંભીર વાત આ સભાગૃહના ધ્યાને મૂકવા માગું છું કે, અત્યારે બોર્ડની પરીક્ષાઓ શરૂ થઈ ગઈ છે દશમા અને બારમા ધોરણના પેપરો આવ્યા એમાં દશમા ધોરણના વિજ્ઞાનના પેપરમાં કેટલીય ભૂલો છે, જ્યારે વિદ્યાર્થીઓ પરીક્ષા ખંડમાં દાખલ થતા હોય અને એ વિદ્યાર્થીઓ પોતે પરીક્ષા આપવા જતા હોય અને પરીક્ષા વખતે પેપર આપવાના વિચારો હોય ત્યારે આવા ભૂલભરેલા પેપરો હોય અને એ પણ વિજ્ઞાનના પેપરમાં અને દશમા ધોરણનું બોર્ડનું પેપર અને જ્યારે વિદ્યાર્થીઓની પોતાની કારકિર્દીની ભાવિ કેડી કંડારવા માટેની વાત હોય ત્યારે આ પેપરમાં ભૂલોની પરિસ્થિતિ ઊભી થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ધૂમકેતુ હેલીનો કે કેલીનો, જ્યારે આવા પ્રશ્ન ઉપસ્થિત થતા હોય, આજે કેબીસીમાં એક હજાર રૂપિયાના પ્રશ્ન પૂછવામાં આવતા હોય એવા પ્રશ્ન દશમા ધોરણના બોર્ડના પેપરમાં આવા પ્રશ્નો પૂછવામાં આવતા હોય છે તો માનનીય અધ્યક્ષશ્રી, હેલીના બદલે કેલી લખવામાં આવેલું છે, કેલીના ધૂમકેતુનું આવર્તકાર કેટલા વર્ષ છે? હકીકતમાં હેલી જોઈએ, આવી એક નહીં પણ અનેક ભૂલો છે. પ્રશ્ન નંબર ૩૫માં લખેલું છે કે વિદ્યુત પ્રવાહની ઉન્મીય અસરના સ્થાને ઉષ્મીય અસર હોવું જોઈએ, એ પછી આગળ વધીને કહું તો પ્રશ્ન નંબર ૪૦માં રસાયણનું વર્તન નહીં પરંતુ રસાયણનું વર્ણન હોવું જોઈએ. આવી ત્રણ ભૂલો, અને એનાથી પણ આગળ કહું તો પ્રશ્ન નંબર ૪૮માં એમોનીયન ધાતુની બનાવટ છપાયું છે, આ ધાતુ કોઈ હોતો જ નથી, એમોનિયા વાયુનો ધાતુ આવું હોવું જોઈએ. જ્યારે બોર્ડની પરીક્ષા લેવાતી હોય અને વિદ્યાર્થીઓને પરીક્ષા આપવાનું ટેન્શન હોય ત્યારે આવી ભૂલો કરીને વધારે ટેન્શન આપવાની વાત આવતી હોય ત્યારે આવી મહત્ત્વની વાત પ્રત્યે કોઈ દરકાર ન રાખતું હોય તો આપણે આપણું શિક્ષણ કેવી રીતે આગળ વધારી શકીએ?

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે બોર્ડના પેપરમાં આવી ભૂલ થતી હોય ત્યારે એ ભૂલ સુધારવા માટે દરકાર કરવી જોઈએ. ભવિષ્યમાં આવા બોર્ડના પેપરમાં છબરડા ન થાય એના માટે દરકાર કરવી જોઈએ. જ્યારે વિદ્યાર્થી ભણતો હોય ત્યારે ૩૬૦ દિવસમાંથી ૫૦ ટકા દિવસો રજાના હોય છે એટલે કે ૧૮૦ દિવસ ભણવાનું હોય છે, એ ૧૮૦ દિવસ ભણેલું ૧૮૦ મિનિટમાં એટલે કે ૩ કલાકમાં પેપર લખવાનું હોય છે અને એ ૧૮૦ મિનિટમાં

લખેલું પેપર છે એ ૧૮૦ સેકન્ડમાં એટલે કે ત્રણ મિનિટમાં પેપર જોવાવાળા છે એ જોતા હોય છે ત્યારે પેપરમાં છબરડા થાય છે એવા જ છબરડા પેપર જોવામાં થતા હોય છે. જ્યારે વિદ્યાર્થી પરિણામની આતુરતાથી રાહ જોતો હોય ત્યારે એના હૃદયની ધક-ધક ચાલુ હોય જેણે પરીક્ષા આપી છે એવા વિદ્યાર્થીને એ પરિણામના આધારે આગળ વધવું હોય, આઈ.ટી. માં જવું હોય, મૅડિકલ લાઈનમાં જવું હોય કે એન્જીનીયરીંગ કૉલેજમાં જવાનું હોય ત્યારે પૉઈન્ટ ઉપર એની ટકાવારીને આધારે એને એડમિશન મળતું હોય છે કે ઘટતું હોય છે ત્યારે આ એડમિશન મેળવવાનું અને પરિણામનું ખૂબ મહત્ત્વ હોય ત્યારે પેપર જોવા વાળા નાની અમથી ભૂલ કરે, માત્ર ત્રણ મિનિટમાં પેપર જોતા હોય ત્યારે એને કારણે કોઈની કારકિર્દિ ખરાબે ચડી જતી હોય છે. 'કીસી કી થોડી સી ભૂલ પર હજારો દિલ ધડકતે હૈ, કીસી કા જિંદગીભર ડિગ્રી પ્રાપ્ત કરના યું હી બેકાર હો જાતા હે.'

માનનીય અધ્યક્ષશ્રી, અમારા સામેના મિત્રોએ કહ્યું કે, આવી સામાન્ય ભૂલ ચાલે. પણ સામાન્ય ભૂલ કોઈને જિંદગીની કાયમી કેડી કંડારવી હોય એનો રસ્તો બદલી નાંખે છે. આવી સામાન્ય ભૂલ પણ કેવો અર્થ બદલી નાંખે છે એનો હું એક દાખલો આપીશ. એક શબ્દ 'દિન' એટલે દિવસ કહેવાય છે અને એક શબ્દ 'દીન' એટલે ગરીબ કહેવાય છે. આ સામાન્ય ભૂલ હ્રસ્વ અને દીર્ઘની છે એમાં જો આટલો તફાવત આવતો હોય તો પરીક્ષાના પેપર જોવાવાળાની સામાન્ય ભૂલ થાય એ યોગ્ય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, વધુમાં મારે થોડી આરોગ્યની વાત કરવી છે. આરોગ્યની વાત કરું તો આ ભૂકંપ પછી કચ્છમાં અદ્યતન ૧૩૦ કરોડના ખર્ચે હોસ્પિટલ બનાવવામાં આવી એ બદલ ચોક્કસ આભાર માનું છું પણ એની પાયા વિધિ કરવામાં આવી, ઉદ્‌ઘાટન વિધિ કરવામાં આવી એ વખતે એક મોટું બોર્ડ મૂક્યું હતું કે આ હૉસ્પિટલ મૅડિકલ કૉલેજ સાથેની હૉસ્પિટલ છે. જ્યારે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું ત્યારે તત્કાલીન વડા પ્રધાન શ્રી અટલબિહારી વાજપેયીની હાજરી, આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીની હાજરી એ ટાઈમના તત્કાલીન આરોગ્ય મંત્રીશ્રી સુરેશભાઈ મહેતાની હાજરીમાં એ બોર્ડ મૂક્યું હતું પણ આજની તારીખમાં એ બોર્ડ માત્ર બોર્ડ જ રહી ગયું છે. આજની તારીખે આ સન્માનીય ગૃહમાં માનનીય આરોગ્ય મંત્રીશ્રી પાસેથી એટલું ચોક્કસ જાણવા માગુ છું કે આ મૅડિકલ કૉલેજ બનશે કે નહીં? સન્માનીય ગૃહમાં માનનીય આરોગ્ય મંત્રીશ્રી આનો જવાબ આપે અથવા આશ્વાસન મળે એવી આપના દ્વારા માગણી કરું છું.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(રાજગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગ અને આરોગ્ય વિભાગની માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રીઓ આવ્યા છે, એમના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો આ વિભાગના માનનીય મંત્રીશ્રીઓ અને રાજયના મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન પાઠવીશ. ટીકા-ટિપ્પણથી લઈને આ માગણીઓ ઉપર ચર્ચા ચાલે છે ત્યારે હું દરેક સભ્યશ્રીની વાત ધ્યાનથી સાંભળતો હતો. માનનીય અધ્યક્ષશ્રી હું આરોગ્ય વિભાગ અને શિક્ષણ વિભાગ એમ બંને વિભાગ ઉપર બોલવા માગુ છું તો મને દસ મિનિટ વધારે આપજો. આરોગ્ય વિભાગનો હવાલો પહેલા માનનીય આઈ. કે. જાડેજા પાસે હતો અને પછી માનનીય અશોકભાઈ ભટ્ટને આપ્યો છે. ઘણા મિત્રોએ આરોગ્ય વિભાગની ચિંતા કરી ત્યારે મારે એમને યાદ અપાવવું છે કે, આ રાજયમાં ગયા ચોમાસામાં પૂર-હોનારત થઈ એમાં મારો જિલ્લો પણ બાકાત ન હતો. એ વખતથી ગુજરાતના આરોગ્ય વિભાગને જે રીતે કંડારવામાં કૉન્ગ્રેસે જે રસ લીધો. તે મિત્રોએ કયારેય આરોગ્ય વિભાગને મદદ કરવાની નહીં, આરોગ્ય વિભાગને ડિસ્ટપ કરવા માટે તે મિડિયા સેલમાં પહોંચીને જે પેપર માધ્યમમાં રજૂઆત કરી કે આ ગુજરાતમાં પ્લેગ જેવો મહા ભયંકર રોગ ફાટી નીકળવાનો. પંચમહાલ રોગના ભરડામાં આવી જશે. આ સરકાર ઉંઘતી છે, આ વિભાગ ઉંઘતો છે. આ વિભાગનો કર્મચારી તે રાત કે દિવસ જોયા વગર કામ કર્યુ, એટલા માટે હું આરોગ્ય વિભાગના કર્મચારીને ધન્યવાદ આપું છું કે જે ભીતિ હતી કોંગ્રેસના મનમાં કે ક્યાંક કરેને કર્મચારી નબળા પડે અને અમારા કુંડળામાં કંઈક આવી જાય. આવી કુદ્રષ્ટિની જે ભાવના હતી તે કુદરતે સકસેસ ના જવા દીધી કોંગ્રેસની, ને આરોગ્ય વિભાગના કર્મચારીઓ અને રાજયની જનતાએ રાત-દિવસ મહેનત કરીને આ પૂર હોનારતમાં કયાંય બદનામી ના મળી સરકારને તેને માટે ફરી અભિનંદન આપું છું.

મારા જિલ્લાની વાત કરું પંચમહાલ જિલ્લામાં પૂર આવ્યું અને ભૂતકાળનો ઇતિહાસ કે પંચમહાલ જિલ્લો રાજકારણના નકશામાં નહોતો. વિકાસના નકશામાં નહોતો તે પંચમહાલ, દાહોદ જિલ્લાનો રેકોર્ડ ગયા વર્ષના આરોગ્ય વિભાગના રેકોર્ડમાં આપને જોવા મળશે. એક પણ મૃત્યુ આંક અમારા જિલ્લામાં નહીં. તે ચીકન ગુનિયા હોય, આ ચીકન ગુનિયા તો તમારી દેન છે. અંગ્રેજી રોગ છે એટલે અને એટલા માટે કહું કે ચીકન ગુનિયા હોય કે મેલેરિયા હોય આ તમામને હું મારા જિલ્લાના અધિકારીઓને પણ ધન્યવાદ આપું છું અને તે વિભાગે જે કાર્ય કર્યુ છે રાત્રેના બાર બાર વાગ્યા સુધી એકલી મહિલા કર્મચારી, આરોગ્ય વિભાગની તે ગામડાંમાં ક્યાંક આ વિભાગને અપજશ મળશે એવી બીક રાખીને, પોતાની નોકરી ઉપર અડીખમ રહીને રાજય સરકારને અપજશ મળવાનો હતો તેમાં યશ અપાવવાની જે કામગીરી કરી છે તે મેં મારી નજરે જોઈ છે. આરોગ્ય વિભાગમાં હમણાં સભ્યશ્રીએ ચિંતા કરી ટ્રોમા સેન્ટરમાં આ નથી, ટ્રોમા સેન્ટર આ જગ્યાએ હોવું જોઈએ, ટ્રોમા સેન્ટરમાં આવું, મારે કોંગ્રેસના મિત્રોને કહેવું છે ભૂતકાળમાં આવી કોઈ વ્યવસ્થા તમારા રાજયમાં નહોતી કરી તેનો હું સાક્ષી છું. આજે વડોદરા અને અમદાવાદમાં ટ્રોમા સેન્ટરમાં તે હ્દયરોગનો હુમલો હોય, અકસ્માત હોય કે કોઈ પણ કિસ્સો હોય

ત્યારે રાજય સરકારે તે તીવ્રતા તે વિભાગે જે કરી છે તેમાં ટેલિફોન જોડો અને એમ્બ્યુલન્સ ત્યાં હાજર થાય. ગુજરાતમાં આ પહેલી વ્યવસ્થા છે અન્ય કોઈ સ્ટેટની અંદર આની વ્યવસ્થા નથી અને આપણે તેને યાદ કરવું જોઈએ કે આરોગ્ય વિભાગે ચિરંજીવી યોજના દાખલ કરી. હું મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું કે તે દાહોદ આવેલા તે દાહોદના અતિ પછાત વિસ્તારમાં પહેલી વખત આવ્યા પછી રાજયના મુખ્યમંત્રીશ્રીએ અતિ પછાત જિલ્લા પાંચ લીધા. કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, મારો પંચમહાલ અને દાહોદ. ત્યાંની નિરાધાર અબળા મને કહેતા દુ:ખ થાય છે કે જે લોકો ભાષણ કરીને કોઈના નામ ઉપર ખુરશી ટકાવવા વાળા લોકો, કોઈ સમાજને આધારિત વાતો કરીને ખુરશી ટકાવવવા વાળા લોકોએ આ ધરતી ઉપર ૪૫થી ઉપર વર્ષો સુધી તેમણે રાજય કર્યુ અને તે વખતે હાલની અમારી સરકારની નીતિઓ જે છે તેની ટીકા કરવાનો સમય મળ્યો. સમાજની દેખભાળ રાખવા માટે કયાંય તેમને સમય ના મળ્યો અને તેમનો દાખલો અમારા મુખ્યમંત્રીશ્રીએ આપ્યો. આ ચિરંજીવી યોજના દાખલ કરી ૩૭ હજાર બહેનોએ આ યોજનાનો લાભ લઈ પાંચ જિલ્લામાં તેમાં વિશ્વના આરોગ્ય વિભાગના અધિકારીઓએ આ યોજનાના વખાણ કર્યા છે અને તેના પછી આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર રાજયમાં આ યોજનાને દાખલ કરી. આ દાખલ કરી તેનાથી પૂરું થતું નથી પણ સ્ત્રી કેળવણીમાં જેની દાનત નબળી હતી એવી કંઈ સરકારો આવી કે આ ચિરંજીવી યોજનાનો જન્મ થયો અને આ ચિરંજીવી યોજનાએ જન્મ લીધા પછી કોઈના પેટમાં તેલ રેડાયું તે સ્વભાવિકપણે છે. કારણકે બુદ્ધિ જેનામાં નહોતી, જેનામાં નીતિ નહોતી, જેનામાં રાજયની પ્રજા પ્રત્યે લાગણી નહોતી તેને આવી ખોડ ઉભી કરવાની તક મળી હતી. અમારા વિભાગમાં હું જ્યારે સરપંચ તરીકે દેવગઢ બારીયા તાલુકામાં માત્ર બિન કોંગ્રેસી સરપંચ તરીકે જ્યારે ચૂંટાયો ત્યારે. સરકારી હોસ્પિટલ દેવગઢબારિયાની હાલત, હું આનંદ સાથે કહી શકું કે જિલ્લા મથકની હોસ્પિટલ સિવાય કોંગ્રેસના રાજમાં કયાંય કોઈ વ્યવસ્થા નહોતી. તમે અમારા પી.એચ.સી. કે તાલુકા મથકના કેન્દ્રો હોય, એની ચર્ચા કરો કે અહીંયા આ નથી અને તે નથી. અમારી સરકારે દેવગઢબારિયા અને ઘોઘંબા તાલુકામાં છેલ્લા ૫ વર્ષમાં ૧૮ પી.એચ.સી. કેન્દ્રોના મકાનો બાંધીને એના સ્ટાફની પૂર્તતા કરવામાં જે શરૂઆત કરી છે અને લોકો અમને પૂછે છે કે હમણા ડોકટર આવ્યા અને હમણા મકાન આવ્યા તો પહેલા આ બધા પૈસા કયાં ગયા? તો મેં કીધું ઈન્દિરા ગાંધીજી જોડે જતા રહ્યાં. હા, ત્યાં જતા રહ્યાં પછાત વિસ્તારના પછાત સમાજના નામે મત લીધા, સ્ત્રીઓના નામે મત લીધા, પણ એક રૂપિયો પણ વિકાસના કામમાં ખર્ચ્યો નથી. એનો મારા વિસ્તારનો દાખલો આપું છું. આરોગ્ય વિભાગને ફરીવાર અભિનંદન આપું છું કે સીટી સ્કેન મશીન.. (અંતરાય) અમે અતિ પછાત વિસ્તારમાંથી આવીએ છીએ, ત્યારે સીટી સ્કેન મશીન, કોઈ માનવીને શરીરનું ચેકઅપ કરવા માટે અમદાવાદ કે વડોદરા આવવું પડે અને માલજીકાકા, એના માટે ૨ હજાર રૂપિયાનુ તો ડીઝલ જોઈએ. અને એને ફાવે એટલા પૈસા લે. અમારી રાજય સરકારે અમારા જિલ્લા માટે દોઢ કરોડ રૂપિયાનું એક સીટી સ્કેન મશીન ગોધરામાં મૂકી આપ્યું છે. અમારે એવા પી.એચ.સી. સેન્ટરો હતા. જોષીયારા સાહેબ બોલી રહ્યા હતા. હું ધ્યાનથી સાંભળતો હતો. એવા પી.એચ.સી. સેન્ટરો મેં જોયા છે કે માત્ર દિવાલ હતી. ડોકટરને લખવા માટે પેન પણ નહોતી. એકપણ કર્મચારી નહોતા. અને એ દવાખાનામાં.. (અંતરાય) એ કપડા જ તમને મોંઘા પડવાના છે. એ કલર જ.

માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય વિભાગમાં આદરણીય અશોક ભટ્ટ સાહેબને અભિનંદન પાઠવું છું. છેલ્લો એક મુદ્દો છે. માલજીકાકા, આ કુટુંબ કલ્યાણ યોજના.

**સભાપતિશ્રી .** : માલજીકાકા તરફ નહીં, આ તરફ જોઈને બોલો.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં કોઈ ગંભીર સમસ્યા જો હોય તો તે છે વસતિ વધારો. વસતિ વધારાને કંટ્રોલ કરવા માટે આ લોકોની વાતને ટાંકીએ તો તેઓ કહે છે કે અમે ગાંધીજીના વારસદારો છીએ. અમે ગાંધીજીના ગુજરાતના છીએ, એવું ગૌરવ લે છે ત્યારે એમણે રાષ્ટ્રવ્યાપી કાયદો, કુટુંબ નિયોજનનો કાયદો લાવી અને કોના કોના ઉપર ઉપયોગ કર્યો? આ દેશના બહુમતિ સમાજ માટે એ લાગુ પાડયો. ધર્મને આધારિત આ કોંગ્રેસના મિત્રોએ આ કાયદાને ગરીબ સમાજ ઉપર ઠોકી બેસાડયો અને એ સમાજને લાગુ પાડયો છે. આ દેશમાં મારે કહેવું જોઈએ કે નાગાલેન્ડ અને મિઝોરમ જેવા અતિ પછાત ૭ રાજયો, ત્યાં ૭૧-૭૨માં ૯૧ ટકા સુધી હિન્દુઓની વસતિ હતી, ૮૦ ટકા સુધી હતી. આજે એ ઘટીને ૨૧ ટકા થઈ છે. કયું કારણ છે? તો એનું કારણ છે કે આ એકતરફી બિન-સાંપ્રદાયિકતાનો અંચળો પહેરીને ફરનારી કોંગ્રેસને મારે પૂછવું છે કે બિન સાંપ્રદાયિકનો રાષ્ટ્રએ ઘડેલો કોઈપણ કાયદો અને એનો અમલ આખો સમાજ કરે તો એ માટે અમને ગૌરવ છે, પણ એ ન કર્યુ અને આજે વસતિ વધારા હેઠળ વસતિ વધી અને શિક્ષણ ઘટયુ ત્યારે એ કયાં ઉંઘી ગયેલા? (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, મારે શિક્ષણ વિશે બે વાત કરવી છે.

**શ્રી અમિત અ. ચાવડા(બોરસદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ શિક્ષણ અને આરોગ્ય વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યકત કરવા અને એને મારું સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બંધારણમાં આ દેશના તમામ નાગરિકોને પ્રાથમિક શિક્ષણ મળે અને આરોગ્યપ્રદ સેવાઓ મળે અને એ પણ મફત મળે એ રીતે બંધારણીય રીતે જોગવાઈ કરીને એ ફરજીયાત બનાવ્યું છે. કોઈપણ

ઈમારતને જો ગગનચુંબી બનાવવી હોય અને એનું આયુષ્ય લાંબુ બનાવવું હોય તો પહેલામાં પહેલું એનો પાયો મજબૂત બનાવવો પડે. કોઈપણ રાજય હોય એનો વિકાસ સારી રીતે કરવો હોય, એનું ભવિષ્ય ઉજળું બનાવવું હોય તો એનો પાયો પણ મજબૂત બનાવવા માટે રાજ્યનું પ્રાથમિક શિક્ષણ મજબૂત બનાવવું પડે. અમારા સભ્યશ્રી ડો. સી.જે.ચાવડાએ આ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું ત્યારથી આજ દિવસ સુધી આ રાજયમાં પ્રાથમિક શિક્ષણમાં કઈ રીતે પ્રગતિ થઈ, આ રાજયમાં શિક્ષણનું પ્રમાણ કઈ રીતે વધ્યું, એ માટેની સુવિધાઓ કઈ રીતે વધી અને ભૂતકાળમાં જે ખૂબ જ મોટી યોજનાઓ મધ્યાહ્ન ભોજન યોજના અને મફત કન્યા કેળવણી એવી યોજનાઓ દ્વારા ખૂબ પ્રગતિ થઈ એનો એક ખૂબ જ સાચો અને સુંદર ચિતાર આપ્યો, પરંતુ મારે ખાસ કરીને માનનીય મંત્રીશ્રીનું અને આ ગૃહનું આજના પ્રાથમિક શિક્ષણની પરિસ્થિતિ ઉપર ધ્યાન દોરવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જે પણ શાળાઓમાં પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે એમાં ખાસ કરીને અહીં બેઠેલા તો કોઈ સભ્યો એમનાં બાળકોને રાજય સરકાર સંચાલિત પ્રાથમિક શાળાઓમાં મોકલવા માગતા ના હોય, પરંતુ સાથોસાથ જે પ્રાથમિક શાળાઓમાં જે શિક્ષકો શિક્ષણ આપે છે એ શિક્ષકો જ પોતાના બાળકોને આવી રાજય સરકાર સંચાલિત પ્રાથમિક શાળાઓમાં ભણાવવાનું યોગ્ય સમજતા નથી, એટલા માટે કે જેમ જેમ સમય આગળ વધે છે તેમ તેમ ભૌતિક સુવિધાઓ ઉભી થતી હોય છે. ઓરડાઓ વધ્યા હશે કે શક્ષિકો વધ્યા હશે, પરંતુ શિક્ષણની જે ગુણવત્તા હતી, શિક્ષણની જે કવોલિટી હતી એ પહેલાંના સમયમાં ભૌતિક સુવિધાઓ ઓછી હોય તે વખતે જે ગુણવત્તા શિક્ષણની હતી એના કરતાં આજની ગુણવત્તામાં ખૂબ જ ઘટાડો થયો છે એના લીધે જે લોકો પોતાને સાધન સંપન્ન સમજે છે, જે વિકસિત ગામો છે એ ગામોના લોકો સાથે મળીને પોતાના જ ગામમાં સરકાર સંચાલિત પ્રાથમિક શાળાઓમાં પોતાનાં બાળકોને મોકલવાને બદલે પોતાની જ ખાનગી શાળાઓ ચાલુ કરે છે અને પોતાના બાળકોને આવી ખાનગી શાળાઓમાં ભણાવે છે એ આપણા સૌ માટે ચિંતાનો અને દુ:ખનો વિષય છે.

માનનીય અધ્યક્ષશ્રી, કન્યા કેળવણીની વાત થઈ, પરંતુ મારે ખાસ એ ધ્યાન દોરવું છે કે આ રાજયના ગ્રામ વિસ્તારમાં આજે પણ સ્ત્રી સાક્ષરતાનો દર ૪૭.૮૪ ટકકા જેટલો જ છે અને આજે પણ આ રાજયના ૮૦ જેટલા તાલુકાઓમાં કન્યા કેળવણીનું પ્રમાણ ખૂબ જ ઓછું છે ત્યારે આપણે સૌએ સાથે મળીને એ પ્રમાણ વધારવાનો પ્રયત્ન કરવો જરૂરી છે એ ચાહે જેમ ભૂતકાળમાં માનનીય માધવસિંહ સોલંકીના સમયમાં મફત કન્યા કેળવણી કરીને પ્રોત્સાહન આપ્યું હતું, ભલે આજે કન્યા કેળવણી રથ કાઢો, પરંતુ આપણે એ કરવું પડશે કે જયાં સુધી પ્રાથમિક શિક્ષણથી માંડીને જયાંસુધી એ શિક્ષણ લેવા માંગે ત્યાં સુધીનું બધું જ ઉચ્ચ શિક્ષણ એમાં કોઈપણ જાતનું ફીનું ધોરણ ના રાખવું જોઈએ પછી ચાહે એ સેલ્ફ ફાઈનાન્સ હોય કે સરકારી ગ્રાન્ટ મેળવતી સંસ્થા હોય, પરંતુ એ તમામ જગ્યાએ મફત શિક્ષણ કન્યાઓને મળવું જોઈએ. તો જ ખરા ખર્થમાં આ કન્યા કેળવણી રથ યાત્રાની વાત સાર્થક થશે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથોસાથ માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણની વાત કરું તો આજે રાજયમાં ગ્રામ્ય વિસ્તારમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓનું પ્રમાણ ઘણું ઓછું છે અને કોઈપણ રાજયની પ્રગતિનો આધાર એ વિજ્ઞાન અને ટેકનોલોજી ઉપર રહલો છે. રાજયમાં વિજ્ઞાન પ્રવાહ સાથે બાળકો અભ્યાસ ના કરે એ રાજય પ્રગતિ કરી શકે નહીં. તો આ રીતે ગ્રામ્ય વિસ્તારોમાં આ વિજ્ઞાન પ્રવાહની શાળાઓનું પ્રમાણ ઓછું હોવાને લીધે એ બાળકો આગળ આવી શકતાં નથી, તો મારી વિનંતી છે કે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં જયાં પણ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ શરૂ કરવાની માગણી આવે ત્યારે એવી માગણીવાળી શાળાઓ ગ્રાન્ટેડ શાળાઓ તરીકે ચાલુ કરવા માટે મંજૂરી આપવામાં આવે તો ગ્રામ્ય વિસ્તારમાં જે બક્ષીપંચ, પછાતવર્ગના સમાજના વિદ્યાર્થીઓ છે એ વિદ્યાર્થીઓ પોતાને અન્ય સમાજની હરોળમાં અને શહેરી લોકોની હરોળમાં પોતાને લાવી શકશે. આવા સમાજનાં બાળકો વિજ્ઞાન પ્રવાહ સાથે અભ્યાસ કરીને ઓછા ખર્ચ સાથે પ્રગતિ કરી શકશે. આ રાજયમાં ભાજપની સરકાર આવ્યા પછી એવી શિક્ષણ નીતિને પ્રોત્સાહન આપવામાં આવ્યું કે જેના લીધે ગરીબ, બક્ષી પંચ અને પછાતવર્ગનાં જે આપણાં બાળકો છે એનું શિક્ષણ અને એની પ્રગતિ રૂંધાઈ અને શિક્ષણથી એમને વંચિત કરવાની નીતિ અપનાવી એ આપણા સૌના માટે દુ:ખદ બાબત છે.સેલ્ફ ફાઈનાન્સનો આંચળો ઓઢી ને એક એવી શરૂઆત કરવામાં આવી કે જ્યાં મોટી ફી લેવામાં આવતી હોય, મોટા મોટા ડોનેશનો લેવામાં આવે, મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે બાળકને પી.ટી.સી. કોલેજમાં એડમીશન લેવું હોય તો આ સેલ્ફ ફાઈનાન્સમાં બે થી અઢી લાખ રૂપિયા ડોનેશન થાય, બી એડમાં એડમીશન જોઈએ તો દોઢ થી બે લાખ રૂપિયા ડોનેશન લેવાય, અને મેડિકલમાં તો વીસ, પચ્ચીસ કે ત્રીસ લાખ રૂપિયા સુધીનું ડોનેશન આપવું પડે અને ફાર્મસીમાં પણ પાંચ થી સાત લાખ રૂપિયા ડોનેશન લેવામાં આવે છે. કયા મોઢે આપણે વંચિતો અને ગરીબ સમાજને શિક્ષણ આપવાની વાત કરીએ છીએ? એટલે હું એ વિનંતી કરવા માગું છું કે આ રાજયમાંથી ડોનેશન પ્રથા બિલકૂલ નાબૂદ કરવામાં આવે અને એન.આર.આઈ. સીટ હોય કે બીજો કોઈ પણ કવોટા હોય કે મેનેજમેન્ટ કવોટા હોય, તેના ઉપર એડમિશન આપવા માટે જે ડોનેશન લેવામાં આવે છે તે બિલકૂલ નાબૂદ કરવામાં આવે તેટલી મારી વિનંતી છે. ભાઈ શ્રી બિમલભાઈએ વાત કરી કે ભૂતકાળમાં સેલ્ફ ફાઈનાન્સ શાળા અને કોલેજો નહોતી. અને તેના કારણે અન્ય રાજયોમાં વિદ્યાર્થીઓ જતા હતા. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આ રાજયમાં વિજ્ઞાન પ્રવાહનું પરિણામ સમયસર આવવા છતાં યોગ્ય શિક્ષણ નીતિ ન હોવાને કારણે અને વારંવાર બદલાતા રહેતા નિયમોને કારણે વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આવ્યા પછી ત્રણ

થી ચાર મહિના સુધી રાજયના હજારો વિદ્યાર્થીઓ સારી રીતે ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તેના માટે તેમને એડમિશન નથી મળતું અને તેને કારણે આજે પણ રાજયના પાંચ હજાર જેટલા વિદ્યાર્થીઓ અને ૩૦૦ કરોડ રૂપિયા જેટલી રકમ આ રાજયની બહાર જતી હોય ત્યારે આપણે સાથે મળી અને એ નિયમોમાં પણ સુધારો કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. માનનીય મંત્રીને એક બે સૂચનો કરવા માગું છું. એટલા માટે કે આજે પણ રાજયની ઘણી બધી પ્રાથમિક શાળાઓમાં વીજળીની સુવિધાઓ નથી. ઘણી બધી પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટ છે, ઓરડાઓની પણ ઘટ છે અને ભૌતિક સુખ સુવિધાની ઘટ છે. સાથે સાથે પીવાના પાણીની પણ ઘણી પ્રાથમિક શાળાઓમાં સગવડ નથી. કેન્દ્ર સરકારે રાજીવ ગાંધી પેય ઝલ મીશન અંતર્ગત કરોડો રૂપિયા આપવાની જોગવાઈ કરેલી છે. તો આપણે તે જોગવાઈઓનો ઉપયોગ ઝડપથી કરી અને તે યોજનાનો અમલ કરીએ તેટલી વિનંતી કરું છું.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં દુ:ખ થાય છે કે ગુજરાતની અંદર શહેરો અને ગામડાંઓની વચ્ચે શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ તફાવત પડી રહ્યો છે. ત્યારે મારે પહેલા ચોક્કસપણે એ કહેવું જોઈએ કે અહીં જે ભાજપ દ્વારા કહેવામાં આવ્યું છે કે ૯ વર્ષમાં અમે બધું જ કરી નાખ્યું છે. ભલે તમે બધું કરી નાખ્યું પણ તેમ છતાં પણ ઘણું કરવાનું બાકી છે તે અંગેના માત્ર સૂચનો જ કરવા માગું છું. આપને અનુભવ થઈ ચૂકેલો છે. સાઈનિંગ ઈન્ડિયા વખતે આપની પરિસ્થિતિ શું થઈ હતી? હાઈવે ઉપરના બધા બોર્ડ ઉતરી ગયા છે, હવે શહેરોનો વારો છે, શહેરોમાં તમારા જે બોર્ડ લાગેલા છે તે પણ ઉતરી જવાના છે. તે પણ યાદ રાખજો. મારે ગામડાં અને શહેરો એ બે વચ્ચે શિક્ષણ ક્ષેત્રે જે તફાવત થઈ રહ્યો છે તેના ઉપર માત્ર મારા સૂચનો જ કરવા છે. જો ગામડાંનો વિકાસ કરવો હોય, વંચિતોનો વિકાસ કરવો હોય, તો હું એમ માનું છું કે આપણે જો ગુજરાતના વંચિતોની વાત કરતા હોઈએ ત્યારે મને એવું લાગે છે કે બધા જ, હું કે તું નહીં, આપણે બધા જ સભ્યો અહીં ચિંતન કરીએ, મનન કરીએ, તો જ આપણે ગૌરવભેર બીજા રાજયો સાથે શિક્ષણમાં સમાનતા સાધી શકીશું. અત્યારે ગુજરાતમાં ગામડાંમાં અને શહેરોમાં જે પરિસ્થિતિ ઊભી થઈ છે અને ખાગની સંસ્થાઓ ટોકન ઉપર લાખો અને કરોડોની જમીન લે છે અને તેના પછી ખાનગી શાળા ચાલુ કરે છે અને લાખો રૂપિયાના ડોનેશન લે છે તેનાથી આપણે બધા પરિચિત છીએ. ત્યારે ગામડાંમાં સ્કૂલમાં પ્રાથમિક શાળાની જે પરિસ્થિતિ ઉદ્‌ભવી છે તેના વિષે મારે ખાસ આપની સમક્ષ કહેવું છે. ગામડાંની શું પરિસ્થિતિ છે એ અંગે હું આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું. ગામડાંના ગરીબ માણસો અને વંચિતો શિક્ષણ લે એવું વિચારતા હોઈએ ત્યારે ગામડાંની અંદર જે શાળાઓ આવેલી છે એના અંગે હું વાત કરવા માગું છું. ગુજરાતમાં ૧૮ હજાર ગામડાં આવેલા છે આ ગામડાંની દરેક પ્રાથમિક શાળામાં ફરજિયાત અંગ્રેજી શિક્ષણ શીખવી શકે તેવા શિક્ષકની ભરતી થવી જોઈએ. આપણે હકીકતમાં આદિવાસીઓ વંચિતોનું રક્ષણ કરવું હોય એમને શિક્ષણ ક્ષેત્રે આગળ લાવવા હોય શહેરો સાથે સમતોલન જાળવવું હોય તો પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષક ફરજિયાત મૂકવા જોઈએ. એની સાથે સાથે શહેરના બાળકોને કૉમ્પ્યુટર શીખવવામાં આવે છે, કૉમ્પ્યુટરનો અભ્યાસ એ કરી શકતો હોય છે. જ્યારે ગામડાંના સાતમાં ધોરણના વિદ્યાર્થીને ખબર નથી હોતી કે કૉમ્પ્યુટર શું છે. ખરેખર વંચિતોનો વિકાસ આપણે કરવા માગતા હોય તો આવી શાળાઓમાં કૉમ્પ્યુટરો મૂકવા જોઈએ, અંગ્રેજી શિક્ષકો મૂકવા જોઈએ જેથી એ અંગ્રેજી શીખવી શકે એની સાથે સાથે ગામડાંની શાળાઓની વાત કરીએ તો ગામડાંની શાળામાં ઓરડાની પરિસ્થિતિ સારી નથી. ૧૬૧૭૩ જેટલા ઓરડાઓ આજે કકડભૂસ થઈને તૂટી પડે તેવી પરિસ્થિતિમાં છે. આપણે અહીંયા સારી સારી વાતો કરીએ છીએ, ગામડાંમાં ઘણા બધા કામો થયા છે એની ના નથી. કોંગ્રેસે શું કર્યુ એ નથી કહેવા માગતો પરંતુ તમારા ભાગે જે કામ આવ્યું છે એ તમે કરો આ તબક્કે હું એટલું જ કહેવા માગું છું. તમે વંચિતોનો વિકાસ કરવા માગતા હોય પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી કરવી જોઈએ. તમે પૂરતા પ્રમાણમાં શિક્ષકો ભરતા નથી. એલ.એન્ડ ટી. ના ઓરડાની વાત કરી. ૮૮૪ જેટલા એલ.એન્ડ ટી. ના ઓરડાઓ તૂટી પડ્યા છે એના કોઈ ઠેકાણા નથી. આ ઓરડાઓ રિપેર કરો અથવા તો એની જગ્યાએ કંઈક બીજું પ્લાનિંગ કરીને આ પ્રાથમિક શાળાના ઓરડાઓ તૈયાર થાય એ દિશામાં કાર્યવાહી કરવામાં આવે તેવી વિનંતી છે.

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

આપણે ગામડામાં શિક્ષણનું સ્તર ઉંચુ લઈ જવા માગીએ છીએ, વધારેમાં વધારે બાળકો શિક્ષણ તરફ વળે એના માટે પ્રયત્ન કરી રહ્યા છીએ ત્યારે ગરીબ બાળકો માલેતુજારોના બંગલાઓમાં રહીને મજૂરી કામ કરે છે. એકબાજુ આપણે શિક્ષણની ટકાવારી ઊંચી લઈ જવા માગીએ છીએ પરંતુ માલેતુજારોના બંગલાઓમાં કુમળા બાળકો કામ કરી રહ્યા છે એના માટે શ્રમ કાયદો છે એનો ચુસ્ત અમલ કરવો જોઈએ. આપણે હોટલોમાં જઈએ છીએ એમાં પણ આજ પરિસ્થિતિ છે. હોટલોની અંદર આપણે સૌ જઈએ છીએ ત્યાં આપણને પાણી આપવા તથા જમવાનું આપવા માટે નાના બાળકો જ આવતા હોય છે. તેથી સરકારે કડકાઈથી શ્રમ કાયદાનો અમલ કરવો જોઈએ. વંચિતોના વિકાસની વાત કરતાં હોઈએ ત્યારે આ કાયદાનો ચુસ્તપણે અમલ કરવો જોઈએ.

કન્યા કેળવણીમાં ડ્રોપ આઉટ રેશિયો ૧૪.૨ ટકા જેટલો છે. જ્યારે આદિજાતિમાં આ ડ્રોપ આઉટ રેશિયો ૪૭.૭૪ ટકા જેટલો છે. જ્યારે આદિજાતિ સ્ત્રીઓનો ડ્રોપ આઉટ રેશિયો ૩૬.૨ ટકા છે. આપણે અહીંયા શિક્ષણની વાતો કરતાં હોઈએ ત્યારે આપણે સૌએ સાથે મળીને આ સાક્ષરતાનું પ્રમાણ વધે એના માટે પ્રયત્નો

કરવા જોઈએ. માત્ર આક્ષેપો અને પ્રતિ આક્ષેપો કરવાને બદલે આપણે સાથે મળીને સાક્ષરતાનું પ્રમાણ વધે એના માટે વિચાર કરવો પડશે.

માનનીય સભ્યશ્રી કાંતિભાઈ અહીંયા વાત કરતા હતા કે આ સરકારમાં કોઈ ભ્રષ્ટાચાર નથી. મારી પાસે કોઈ પ્રમાણ નથી એ વાત નથી કરતો. ગયા વરસે વલસાડ જિલ્લામાં રોયણા આશ્રમશાળામાં એક શિક્ષક દંપતીએ ખોટું પ્રમાણપત્ર આપી સાત વર્ષ સુધી નોકરી કરી. આ રીતે સાત લાખ રૂપિયા જેટલો ખોટો પગાર લીધો છે એની મેં વિધાનસભામાં રજૂઆત કરેલ તેમ છતાં આ અંગે કોઈ તપાસ ન થઈ એ પછી વલસાડ કલેકટરને રજૂઆત કરતાં એ દંપતીને જેલના હવાલે કરેલ છે. ક્ષતિ થઈ હોય તો એમાં આશ્રમશાળાના સંચાલકની પણ જવાબદારી બને છે. જે તે સમયે આ શિક્ષક દંપત્તિને નોકરી આપેલી ત્યારે પ્રમાણપત્ર જે રીતે જોવું જોઈતું હતું યા તો જે ખાતરી કરવી જોઈતી હતી એ નહીં કરેલી તેના કારણે હું માનું છું કે આ શિક્ષક દંપત્તિએ સાત વર્ષ સુધી નોકરી કરી અને સાડાસાત લાખ રૂપિયા જેવો ખોટો પગાર લેવામાં આવેલો.

**અધ્યક્ષશ્રી** : માનનીય છનાભાઈ.

**શ્રી છનાભાઈ કો. ચૌધરી (ધરમપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી તેમની માગણી નં. ૯,૧૦ અને ૩૯,૪૦,૪૧ લઈને આવ્યા છે તે માગણીઓ ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને જે આરોગ્યની સેવાઓ છે, અહીં ઘણી વાતો થઈ કે ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્યની સેવાઓમાં ખૂબ વધારો કર્યો છે. હશે, ઘણી જગ્યાએ આરોગ્ય કેન્દ્રો બન્યા પણ છે. આરોગ્ય સેવામાં વધારો પણ થયો છે પણ તેની સાથે રાજય સરકારે જે રોગી સમિતિ બનાવી, દરેક તાલુકા કક્ષાએ સી.એચ.સી. સેન્ટરોમાં, એટલે એક જાતની ખો આપી કે સીધેસીધું અમે નહીં લઈ શકીએ. પણ રોગી સમિતિને વચ્ચે ઉભી રાખીને તેના દ્વારા જે ફી ઉઘરાવવાનું નક્કી કર્યું છે. અહીં કહેવામાં આવ્યું કે મરજીયાત છે પણ રોગી સમિતિએ તેના ફીના ધોરણો નક્કી કર્યા છે. હજુ હૉસ્પિટલના ઓટલા પર દાખલ થાવ, તેનો કેસ પેપર કઢાવો એટલે ત્રણ રૂપિયા કે પાંચ રૂપિયા ફી આપવી પડે. તમારે દાખલ થવું હોય તો ફી આપવી પડે. એક્સ-રે કરાવવો હોય તો ફી આપવી પડે. ખરેખર જે નાના માણસો છે, ગરીબ માણસો છે તેને જે મફત સેવા મળતી હતી તેના ઉપર ફી લગાવી છે. આજે પી.એચ.સી. સેન્ટરો છે ગ્રામ્ય કક્ષાએ, ત્યાં આવી ગેરરીતિ હોય કે ડૉકટરોની ત્યાં ભરતી થઈ નથી. ઘણી જગ્યાઓ ખાલી છે. ફીમેલ હેલ્થ વર્કરો છે, મારા વલસાડ જિલ્લામાં ત્રણ વર્ષ પહેલાં ફીમેલ હેલ્થ વર્કરની ભરતી થયેલ અને રેગ્યુલર પગારમાં તેમની ભરતી કરવામાં આવેલ. ૧૧ મહિનાનો ઑર્ડર આપીને તેમની ભરતી કરેલી. અત્યારે ચાલુ વર્ષે સરકારનો એક જી.આર. બહાર પડ્યો અને તેમને રેગ્યુલર પગારમાંથી ૨૫૦૦/-ના ફીકસ પગારમાં પાછા મૂકી દીધા. જે કર્મચારી પાસેથી આરોગ્યની સેવાઓ લઈએ છીએ તેવા કર્મચારીઓના દિલ દુભાય તો એ કેવી સેવા કરી શકે? તો મંત્રીશ્રીને આપના મારફત કહેવા માગું છું કે ગામડાંઓની સેવાઓ સારી બનાવે, જે કોઈ ખાલી જગ્યાઓ હોય તેની ભરતી કરે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે તેમની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે શિક્ષણ ખાતા અંગે મારા સૂચનો છે કે આજે ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણ આપી રહ્યા છીએ ત્યારે પ્રાથમિક શાળાઓ છે, છેલ્લા બે-ત્રણ વર્ષથી એક શિક્ષક પર આખી શાળાઓ ચાલે છે. અમે જ્યારે જ્યારે રજૂઆત કરીએ ત્યારે કહેવામાં આવે કે આ તો કોર્ટનો સ્ટે છે. પણ એ કોર્ટના સ્ટેના નામે બે-બે વર્ષથી અમારા આદિવાસી વિસ્તારોમાં અમારા વિદ્યાર્થીઓનું શિક્ષણ બગડ્યું છે. મારા વાંસદા તાલુકાની વાત કરું તો એક જ તાલુકામાં ૧૧૬ શિક્ષકોની ઘટ છે અને ૧૧૬ શિક્ષકોની ઘટથી અમારા આદિવાસી વિદ્યાર્થીઓનું કેટલું શિક્ષણ બગડ્યું હશે તેનો આપણે વિચાર કરવાનો છે. તેની સાથે આદિવાસી વિસ્તારમાં માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સ્કૂલો ચાલે છે. સેલ્ફ ફાયનાન્સથી ચાલે છે તો એ વિસ્તારમાં કોણ ફી ભરવાનું છે? જે વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ છે, તાલુકામાં ભાગ્યે જ કદાચ એક હશે. તો મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે જે આદિવાસી વિસ્તારમાં જે કોઈ ઉચ્ચતર માધ્યમિક શાળાને તમે માન્યતા આપો તો ગ્રાન્ટેબલ શાળાને આપો અને સાથે જે કોઈ વિજ્ઞાનના વિષયો છે તેની સાથેની શાળાઓ આપો. તો અમારા આદિવાસીઓના ભણતરમાં સાયન્સ સાથે જે વિદ્યાર્થી ભણવા ઇચ્છે છે એ કરી શકે. સાથે સાથે પ્રાથમિક શિક્ષણની જે ખાનગી શાળાઓ પુષ્કળ પ્રમાણમાં દરેક જગ્યાએ ખોલાય છે ત્યારે સમાજમાં એક ભેદરેખા પડી ગઈ છે કે જે પૈસાદાર છે એ ફી આપીને તેના બાળકોને એ શાળામાં ભણાવે છે. જે મધ્યમ વર્ગ છે, જે ગરીબ છે એના બાળકોને પ્રાથમિક શિક્ષણની જે શાળા ચાલે છે એમાં મોકલે છે ત્યારે આ વિસ્તારમાં એને મંજૂરી ન મળે

**અધ્યક્ષશ્રી .** : આનંદીબેન..

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : સાહેબ એક સભ્યને બોલી લેવા દો ને.

**અધ્યક્ષશ્રી** :ના સમય થઈ ગયો છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગ ઉપર અનેક ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો અહીં વ્યકત કર્યા છે. માનનીય સભ્યશ્રી માલજીભાઈ, કુંવરજીભાઈ, સી.જે. ચાવડા, અમિત ચાવડા, લક્ષ્મણભાઈ, છનાભાઈ, ડૉ. અનિલભાઈ, અમિતભાઈ, બિમલભાઈ, વસુબેન, શંકરભાઈ,

કનુભાઈ, કે. પી. ભીલ, અંબાલાલભાઈ અને ફતેસિંહભાઈ,આ બધાએ પોતાના વિચારો અહીં વ્યકત કર્યા છે. કેટલાક સન્માનનીય ધારાસભ્યશ્રીએ પોતાના કેટલાક સૂચનો પણ અહીં એમણે રજૂ કર્યા છે. આ સન્માનનીય સભાગૃહને હું કેટલીક બાબતો જણાવવા માગુ છું. એ ઠીક છે કે જેઓ અહીં સૂચનો કરીને ગયા છે, કોમેન્ટો કરીને ગયા છે એ ધારાસભ્યશ્રી અહીં ઉપસ્થિત નથી પરંતુ આ રાજયસરકારે વિદ્યા સહાયકોની ભરતી, ૯૪હજાર શાળાના ઓરડાઓ, શાળાના રીપેરીંગ, શાળામાં ટોયલેટની વ્યવસ્થા, વિદ્યાલક્ષ્મી બોન્ડ, શાળા આરોગ્ય કાર્યક્રમ, કર્મયોગી તાલીમ, મકાનોનું બાંધકામ, યોગનું શિક્ષણ, કોમ્પ્યુટરનું શિક્ષણ, વિજ્ઞાનમેળાઓ, રમતોત્સવ, બાલોત્સવ, શૈક્ષણિક પ્રવાસ, પુસ્તક પર્વ, ઈકોકલબ, વિજ્ઞાનના સાધનો શાળાની અંદર આપવા આવી અનેક પ્રકારની સુવિધાઓ પ્રાથમિક શાળાની અંદર ઉભી કરવા માટે પાછી પાની આ રાજય સરકારે કરી નથી. આ બધાની અંદર પણ કરોડો રૂપિયાનું બજેટ ફાળવીને પણ આ કામ રાજય સરકાર આવતા એક વર્ષની અંદર પૂર્ણ કરવા ધારે છે.

અહીં આપણે એટલો તો સ્વીકાર કર્યો સન્માનનીય માલજીભાઈએ કે અમારા સમયની અંદર પર ટકા ભાઈઓ અને બહેનો ભણેલા હતા. તદ્દન સાચી વાત છે. એનો અર્થ એ થયો કે ૪૮ ટકા નિરક્ષર હતા એ આપ સ્વીકારો છો અને જ્યારે ૨૦૦૧ની અંદર જો આટલા લોકો નિરક્ષર હોય તો એ એમના સમયની અંદર નિરક્ષર રહ્યા અને કહેવામાં એમ આવે કે તમારા સમયની અંદર નિરક્ષર રહ્યા. મને આનંદ થયો કે માલજીભાઈ જેવા એક સન્માનનીય ધારાસભ્યશ્રીએ એ વાતનો સ્વીકાર કર્યો છે અને એટલા માટે આનંદ વ્યકત કરુ છું. સી. જે. ચાવડાજી કયાંથી બધા ડેટા લાવ્યા એ મને ખબર નથી પણ હું પૂછીશ એમને કે મને બધા ડેટા આપે, આના પછીના ડેટા જેમણે એમને કહ્યા છે એ બધા પછીના ડેટા આપવા માટે તૈયાર છું. ધારાસભ્યશ્રી કોંગ્રેસના એક વાત કરતા હતા કે દસમા ધોરણની અંદર પેપરોની અંદર ભૂલો છે. વાત સાચી છે. દસમા ધોરણની અંદર પ્રિન્ટિંગની અંદર ભૂલો જરૂર રહી છે પરંતુ એ સુધારી ન શકાય એવી સ્થિતિ હોય છે. કારણ કે પેપરો ગુપ્ત હોય છે અને એટલે પાછળથી પેપરની અંદર જ્યારે વિદ્યાર્થીઓ લખતા હોય છે ત્યારે એને સુધારી દેવામાં આવે છે. એટલું જ નહીં પણ આપ સૌને પણ ખાતરી પૂર્વક કહુ છું કે એક પણ વિદ્યાર્થીને દસમામાં કે બારમા ધોરણની અંદર એક પણ માર્કનો અન્યાય ન થાય એ જોવાની જવાબદારી મારા વિભાગની રહેશે.પરંતુ આ વાત આપણે અહીં જ્યારે કરીએ છીએ ત્યારે ધારાસભ્યશ્રી એ ભૂલી ગયા કે ભાઈ તમારા શાસનની અંદર તો પેપરો બહાર વેચાતા હતા. પરીક્ષા સેન્ટરોની અંદર લખાવાતા હતા. એ ભૂલી ગયા એટલું જ નહીં પરીક્ષા સેન્ટરો ઉપર ગોળીબારો થતા હતા એ સ્થિતિ તો તમારા જમાનાની અંદર હતી. આ ભારતીય જનતા પાર્ટીની સરકારના સમયમાં શાંતિથી બધા વિદ્યાર્થીઓ અત્યારે પરીક્ષા આપી રહ્યા છે.

બીજી વાત એમણે કરી કે કચ્છ જિલ્લાની અંદર કચ્છના જ વિદ્યાસહાયકો ની ભરતી કરવી જોઈએ. આ જાતની માનસિકતા? સાબરકાંઠાનો વિદ્યાર્થી કચ્છમાં ના જઈ શકે અને કચ્છનો વિદ્યાર્થી અમદાવાદની અંદર ના આવી શકે, જયાં પણ એણે જરૂર હોય ત્યાં એ પોતે ફોર્મ ભરી શકે છે. નોકરી કરી શકે છે અને આવો પ્રદેશવાદ હોઈ શકે પણ જિલ્લાવાદ તો ના હોઈ શકે. તમે પ્રતિબંધ મૂકો માત્ર મારા જ વિસ્તારનો, માત્ર કચ્છનો જ વિદ્યાર્થી જોઈએ. કચ્છ સિવાય આજુબાજુમાંથી કોઈપણ વિદ્યા સહાયક અમારા કચ્છની અંદર ન આવી શકે. આ કેવી જાતની માનસિકતા છે અને એટલા માટે મારે ધારાસભ્યશ્રીને કહેવું છે કે આ માનસિકતાની અંદરથી આપ સૌ બહાર નીકળો અને સમગ્ર રાજયની ચિંતા કરો. સમગ્ર જિલ્લાની ચિંતા કરો.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં જે કાંઈ ધારાસભ્યશ્રીઓ બોલ્યા છે એમાં મારે એટલું જ કહેવાનું છે કે ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયે નક્કી કરેલા મુદ્દાઓ જેમાં શિક્ષકોને તાલીમ, પૂરા કરેલ સિવિલ વર્ક, બજેટની સામે થયેલ ખર્ચ, શાળાથી વંચિત બાળકોનો શાળામાં સમાવેશ, ઈનોવેટીવ કામોના ફંડનો ઉપયોગ, ડાયસ ડેટા પૂરા પાડવા અને પ્રોજેકટમાં ખાલી રહેલ જગ્યા પ્રમાણે મૂલ્યાંકન કરવામાં આવે છે. આ મૂલ્યાંકનમાં મારે ગૌરવ સાથે કહેવું છે કે સમગ્ર ભારતમાં ગુજરાતનો પ્રથમ ક્રમ આવ્યો છે. સમગ્ર દેશમાં આ બાબતમાં રાજ્ય સરકાર, મારો શિક્ષણ વિભાગ પ્રથમ ક્રમે રહ્યો છે. એટલું જ નહિ પરંતુ આ એક પરિપત્ર છે જે કેન્દ્ર સરકારનો પરિપત્ર છે, અમારો પરિપત્ર નથી. શ્રી કે.આર.મીના, ડેપ્યુટી સેક્રેટરીએ તા. ૨૯મી ઓગષ્ટ ૨૦૦૬ના રોજ મને નહિ, પૂરા દેશના બધા સચિવશ્રીઓને પત્ર લખ્યો છે કે, The State of Gujarat is one of the pioneer State to introduce innovative practices in the implementation of Sarva Shiksha Abhiyan especially in the field work such as. પછી ચાર મુદ્દાઓ લખ્યા છે. ત્યાર પછી તેઓ લખે છે કે, I am grateful if you can depute your civil works coordinataor alongwith two or three engineers for an expert visit to Gujarat to study the impact, manpower arrangement special evaluation, earthquake resistance technique, involvement of community and other innovative projects and practice followed by the State. આ છે ગુજરાતનું ગૌરવ. તમને ગૌરવ લેતા પણ આવડવું જોઈએ. આ સરકારે સારું કામ કર્યું છે એનું આ પરિણામ છે. ડૉ. સી.જે.ચાવડા ડેટા ક્યાંથી લાવ્યા

એ ખબર નથી. હું એમની પાસેથી માગીશ કે મને આંકડા આપો. મારે કહેવું છે કે આ ડ્રોપ આઉટ રેશિયો તો ૧૯૯૦-૯૧થી શરૂ થયો. એમણે ૧૯૮૫-૯૬ના આંકડા મને આપ્યા અને એ પણ માત્ર રાજ્યના આંકડાઓ. આજ સુધીમાં આ આંકડાઓ આ સરકારે કાઢ્યા છે. ગામની અંદર તાલુકા લેવલે, જિલ્લા લેવલે અને રાજ્ય લેવલે ડ્રોપ આઉટ રેશિયો કેટલો છે એ કાઢવાનું કામ આ રાજ્ય સરકારે શરૂ કર્યું ત્યારે ખબર પડી કે કેટલાક ગામો એવા છે કે જેની અંદર બહેનો અને ભાઈઓ  આજે પણ અભણ રહ્યા છે. એટલા માટે રાજ્ય સરકારે અનેકવિધ યોજનાઓની અમલવારી કરીને આજે જે ડ્રોપ આઉટ રેશિયો છે એની સામે ૧૯૯૧-૯૨માં જે ડ્રોપ આઉટ રેશિયો હતો એ ધોરણ ૧ થી ૫ માં ૨૯.૨૮ ટકા હતો જે આજે ૨.૮૪ ઉપર આ રાજ્ય સરકાર લઈ આવી છે. એ જ રીતે કન્યાઓની ચિંતા કરીને કન્યાઓનો ડ્રોપ આઉટ રેશિયો ૧૯૯૧-૯૨માં જે ૨૭.૫૬ ટકા હતો એ આજે ૩.૬૮ ટકા ઉપર આવ્યો છે. એ જ રીતે ધોરણ ૧ થી ૭ માં બાળકોનો ડ્રોપ આઉટ રેશિયો ૧૯૯૧-૯૨માં ૪૬ ટકા હતો એ આજે ૯.૧૩ ટકા લઈ આવ્યા છીએ. એ જ રીતે ગર્લ્સનો ડ્રોપ આઉટ રેશિયો ૪૯.૭૪ હતો એ આજે ૧૧.૬૪ ઉપર આ ભારતીય જનતા પક્ષની સરકાર લાવી છે. જેમાં અમે મહેનત કરી છે. ગરીબોની વાતો કરીએ છીએ કે ગરીબોને શિક્ષણ મળવું જોઈએ. પહેલીવાર અગરિયા, માછીમાર અને અન્ય વ્યવસાય સાથે સ્થળાંતર કરવાવાળાઓની જો ચિંતા કરી હોય તો આ સરકારે કરી છે. એટલા માટે રાજ્ય સરકાર દ્વારા ૫૦ સિઝનલ હોસ્ટેલો અને ૫૦ સપોર્ટ સ્કૂલો ચાલું નાણાકીય વર્ષમાં પૂરી કરી અને આજે ૪૭ સપોર્ટ સ્કૂલમાં ૧૫૯૮ અને ૪૫ સિઝનલ હોસ્ટેલોમાં ૧૮૩૬ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. આજે આ બાળકો અગરિયાઓની સાથે જતા નથી અને હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરે છે. એમના માટે તમામ વ્યવસ્થાઓ રાજ્ય સરકારે ઊભી કરી છે. એક નવી યોજના અમે આ વર્ષે અમલમાં મૂકી છે કે શાળામાં શિક્ષકોની હાજરી, શાળામાં બાળકોની હાજરી, શાળામાં આ પ્રકારની હાજરીની ઓટોમેટિક નોંધ થાય એના માટે બાયોમેટ્રિક હાજરી પત્રકનો પ્રયોગ નર્મદા જિલ્લામાં શરૂ કર્યો છે. એના કારણે શાળામાં બાળકોની ખોટી હાજરી અથવા શિક્ષકોની હાજરી રહેતી નથી એવી બૂમો પડે છે એ બૂમો ભવિષ્યમાં નીકળી જશે. આ જે પ્રયોગ કરીને શરૂઆત કરી છે. પ્રયોગના કારણે હવે ભવિષ્યની અંદર રાજ્યના જુદા જુદા જિલ્લાઓની અંદર પણ એ જ પ્રમાણે બાળકો, શાળાઓના શિક્ષકોની હાજરી એટલા માટે કામ કરવામાં આવશે. ચિંતા આપણે કરીએ શિક્ષકો રહેતા નથી, રહેતા નથી, રહેતા નથી, વાત સાચી છે. શિક્ષકોને રહેવા માટે ઘર જોઈએ કે ના જોઈએ? જો ગામની અંદર એક પણ મકાન ખાલી ના હોય તો શિક્ષકો રહે ક્યાં? એટલા માટે ૩૦-૪૦ કિલોમિટર દૂરથી પ્રાથમિક શાળાના શિક્ષકોને આવવું-જવું પડે છે. એસ.ટી.ની સુવિધા ના હોય અને સમયસર ના આવતી હોય, એ સમયે આવતી ના હોય એવા પ્રશ્નો ઊભા થાય.  એટલા માટે રાજ્ય સરકારે ટ્રાયબલ એરિયાની અંદર શિક્ષકો માટેના સ્ટાફ કવાર્ટર પહેલીવાર બાંધ્યા. અત્યાર સુધીમાં ૩૩૮ કવાટર્સ અમે મંજૂર કર્યા જેની અંદરથી ૨૧૦ કવાર્ટર બની ગયા. જે હું પણ જોવા ગઈ છું. બહુ સરસ બધી સુવિધા સાથે બાંધવામાં આવ્યા છે. ૨૦ કવાર્ટર પ્રગતિમાં અને ૩૨ ના ટેન્ડર બહાર પાડવામાં આવ્યાં છે અને બાકીના આવતા એક વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે અને નવા પણ કવાટર અમે બાંધવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સી. જે. ચાવડાજીએ એમ કહ્યું કે વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થતો જાય છે. એટલે મેં કહ્યું કે તમે આંકડો કયાંથી લાવ્યા. ૨૦૦૩-૦૪ થી ૨૦૦૬-૦૭ સુધીનો આંકડો મારી પાસે છે અને એના ટકા મેં કાઢ્યા છે. એમાં ૧૪.૩૧ ટકા બાળકોનો શાળાની અંદર વધારો થયો છે. એસ.સી., એસ.ટી. બાળકોમાં ૧૦.૬૩ ટકા બાળકોને, girls enrolment છે દીકરીઓ જે શાળામાં દાખલ થાય છે એ ૧૫.૫૨ ટકાનો આ સંખ્યામાં વધારો થયો છે. ક્યાંય પણ સંખ્યામાં ઘટાડો થયો હોય એવું મારા ધ્યાન ઉપર નથી. આ આંકડો બતાવે છે કે બાળકોની સંખ્યામાં દર વર્ષે વધારો થતો જાય છે. જ્યારે એ આંકડો ક્યાંથી લાવ્યા એ સમજી નહિ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજ્યની અંદર ૧૦૦૦ છોકરાઓની સામે ૮૮૩ દીકરીઓ છે. આ કોઈ જોતા નથી. ૧૦૦૦ છોકરાઓ છે એમાં કન્યા ૮૮૩ છે. જ્યારે આપણે એમ કહીએ કે ૧૦૦૦ છોકરાઓની સામે માત્ર આટલી જ છોકરીઓ દાખલ થઈ છે. છોકરીઓની સંખ્યા જ ના હોય, દીકરીઓ જ ના હોય તો તમે ૧૦૦૦ છોકરાઓની સામે ૧૦૦૦ દીકરીઓ હોવી જોઈએ એવું તમે કયા આધારે કહી શકો?  એટલા માટે ૨૦૦૬-૦૭ની અંદર ૧૦૦૦ કુમારોની સામે ૮૬૬ છોકરીઓ આજે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરે છે. બાકીની દીકરીઓ હયાત જ નથી. આપણે જ મારી નાંખી એટલા માટે લાવવી કયાંથી?  અમારે તો લાવવી છે એટલા માટે અમારા આરોગ્ય મંત્રી વાત કરશે. મેં ભૂતકાળની અંદર કરી છે. જગ્યાની વાત આપણે કરીએ અને કરવી જોઈએ એટલા માટે વ્યવસ્થા પણ કરવી જોઈએ. આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ 'વનબંધું' કાર્યક્રમ જાહેર કર્યો અને એની અંદર જે પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને કોલેજોની વાત એમણે કરી છે.  શિક્ષણની ગુણવત્તા અને એના અભ્યાસ ઉપર જે અસર થાય છે તેની હું ટૂંકી વાત કરવા માગું છું. દરેક તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શળા ખોલવામાં આવશે. જેજે એવું કહેતા હતા માધ્યમિક શાળા અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા જોઈએ તો આજે દરેક વિસ્તારની અંદર તાલુકા પ્રમાણે એક વિજ્ઞાન પ્રવાહની શાળા ખોલવામાં આવશે. પસંદ કરેલા ૧૦૦૦ આદિવાસી વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયમાં પ્રવેશ મળે અને સર્વશ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે આયોજન કરવામાં આવ્યું છે અને આદિજાતિ વિદ્યાર્થી એક ટેલેન્ટ પૂલ ઊભો કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, તાલુકામાં નવોદય અથવા એકલવ્ય જેવી નિવાસી શાળા ખોલવી અને શહેરની શ્રેષ્ઠ શાળા જેવી ગુણવત્તા સભર બનવાની હમણા એમ વાત થતી હતી કે ગામડાના શિક્ષણ અને શહેરના શિક્ષણમાં ભેદ છે. આ જે શાળા શરૂ થઈ છે એને કારણે ગામડા અને શહેરના શિક્ષણમાં કોઈ પણ ભેદભાવ નહિ રાખવામાં આવે. કોલેજના વિદ્યાર્થી માટે ૧૦૦ છાત્રાલયની સ્થાપના કરવામાં આવશે. મેડિકલ કોલેજ, ઈજનેરી કોલેજ, પોલિટેકનિક કોલેજ, નર્સિંગ કોલેજ અને આઈ.ટી.આઈ. જેવા શ્રેષ્ઠ શિક્ષણ એકમો આદિવાસી વિસ્તારમાં સ્થાપના કરવામાં આવશે. પરંતુ આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજોના એકમો પણ અંતરિયાળ વિસ્તારોની અંદર શરૂ કરવામાં આવશે. આમ કરીને અંતરિયાળ વિસ્તારની અંદર પણ આદિવાસી વિસ્તારની અંદર માંડવી, કપરાડા જેવા વિસ્તારોમાં પણ આ શાળા અને કૉલેજો આ રાજય સરકાર ઊભી કરવાની છે અને એનું આયોજન પણ રાજય સરકારે કર્યુ છે.

સાગર ખેડૂઓ માટે જે ૧૧ હજાર કરોડની જે જાહેરાત હમણાં કરવામાં આવી એમાં પણ ગરીબમાં ગરીબ જે બાળકો છે, જે આજ સુધી આપણે કહીએ છીએ કે, શિક્ષણ નથી મેળવી શક્યા, ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત નથી કરી શકાય એવા સાગર કાંઠે વસેલા સાગર ખેડૂઓ માટે પણ આ યોજના શરૂ કરવા માટે રાજય સરકારે એક પૅકેજની જાહેરાત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, સાગર ખેડૂઓ આત્મવિશ્વાસું હોય છે, એમનામાં અજબ પ્રકારની શક્તિઓ પડેલી છે અને એટલા જ માટે આજ વિસ્તારોમાં સાગર ખેડૂઓના સંતાનો નૌકાદળમાં, નેવીમાં જોડાય તે માટે ખાસ પ્રોત્સાહક યોજના શાળા-કૉલેજોમાં નૌકાદળ, એન.સી.સી.ના યુનિટો વધુમાં વધુ સ્થપાય એ માટેનો સઘ ન પ્રયત્ન આ રાજય સરકાર કરશે. આ વર્ષે ૪૪ જેટલી નવી માધ્યમિક શાળાઓ, ૩૩ સામાન્ય પ્રવાહની અને ૧૧ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળા મળી કુલ ૮૮ નવી શાળાઓ માટે આશરે ૧૫ કરોડ રૂપિયાનું આયોજન આપણે કર્યુ છે. ધોરણ-૧૨ પાસ થતા વિદ્યાર્થીઓને તાંત્રિક શિક્ષણની સુવિધાઓ નજીકમાં ઉપલબ્ધ થાય તે માટે પ્રથમ તબક્કે ૮ નવી પોલીટેકનિકો, ૧૭૨ કરોડ રૂપિયાના ખર્ચે શરૂ કરવાનું આયોજન છે. આ ઉપરાંત જરૂરિયાત મુજબ ૭ વધારાની પૉલિટૅક્નિક કૉલેજો શરૂ કરવાનું પણ આયોજન આ રાજય સરકારે કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્ચ શિક્ષણની જરૂરિયાતને પહોંચી વળવા માટે સ્વૈચ્છિક ખાનગી ક્ષેત્રે ઊભી થનાર શૈક્ષણિક સંસ્થાઓને રાજય સરકાર તરફથી પણ વિશેષ પ્રોત્સાહન આપવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, જે વિસ્તાર આજ સુધી નિરક્ષર રહ્યો, શિક્ષણથી દૂર રહ્યો એ બધાને પણ શિક્ષણ સારી રીતે પ્રાપ્ત થાય અને એમનામાં રહેલી શકિતઓને ખીલવવા માટે અને એમને સમય મળે અને એમને શિક્ષણ લેવાની તક મળે એટલા માટે આપણે આ પ્રયત્ન કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળિયા એક વાત કરતા હતા, આમ તો એ પોતે પ્રિન્સિપાલ છે, આચાર્યશ્રી છે અને એ ભણાવવાનું કામ કરતા જ હશે તો દસમા-બારમા ધોરણમાં આચાર્યશ્રી તરીકે દસ-બાર પિરિયડો તો લેતા હશે, એમણે એક વાત કરી કે, પી.ટી.સી.ના શિક્ષકો, ધોરણ ૫, ૬ અને ૭ માં શિક્ષણ બરાબર આપી શકતા નથી. તો મારે એમને આટલું જ પૂછવું છે કે, આપ ધોરણ ૧૦-૧૨માં શાળાઓ ચલાવો છો, તો એવું શિક્ષણ આપવામાં આવે છે કે જેના કારણે વિજ્ઞાન પ્રવાહનો વિદ્યાર્થી જ્યારે પી.ટી.સી.માં જાય ત્યારે બધું ભૂલી જાય, યા તો શિક્ષણ પ્રાપ્ત નથી કરતો ? આ રીતની વાત કરવી એ શિક્ષકો અને અધ્યાપકોના અપમાન તરીકે હું ગણું છું કે એમને લખતા-વાંચતા નથી આવડતું, પી.ટી.સી. થયેલા શિક્ષકોને અને એટલા માટે શબ્દો એમણે પાછા ખેંચવા જોઈએ. પી.ટી.સી.નો શિક્ષક હોય, ગમે તે શિક્ષક હોય એને એટલું તો જ્ઞાન હોય છે અને એવી વાત કરી એમણે ધોરણ ૧૨ના ૩.૫ લાખ, અને ૧૦ લાખ વિદ્યાર્થીઓના અપમાન સમાન છે અને એટલા માટે આવું અપમાન આ સન્નમાનીય સભાગૃહમાં નહીં કરવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ૨૯મી જૂન, ૧૯૭૭ના એક ઠરાવની વાત કરવી છે. માનનીય અધ્યક્ષશ્રી એમના સમયમાં ખાનગી પ્રાથમિક શાળાઓની શરૂઆત કરવાની મંજૂરી આપી ૧૯૭૭માં અને આજે આપણે વાત કરીએ કે, ગરીબ વિદ્યાર્થીઓને શિક્ષણ મળતું નથી તો ૧૯૭૭માં જ્યારે ખાનગી પ્રાથમિક શાળાઓની શરૂઆત થઈ ત્યારે આપ બધા કયાં ગયા હતા? આમાં લખ્યું છે કે, ૧લી જુલાઇ, ૧૯૭૬ થી સ્થાપવામાં આવેલી શાળાઓને ૧૯૭૭-૭૮માં કે તે પછી શરૂ કરવામાં આવેલ નવા વર્ગો કે ડિવિઝન અંગે કોઈ સહાયક ગ્રાન્ટ ન ચૂકવવાનું ઠરાવવામાં આવે છે. આ પ્રાથમિક શાળાઓ બંધ કરી એ આપે બંધ કરી. આ સરકારે એવું કશું બંધ નથી કર્યું. એજ રીતે એમણે નવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની મંજૂરી કેવી રીતે મળશે, ગ્રાન્ટ કેવી રીતે મળશે એનો પણ એક ઠરાવ કર્યો અને એ ૩૧-૧-૧૯૯૭ના દિવસે ઠરાવ કર્યો અને એમાં એમણે લખ્યું કે કાયમી ધોરણે ગ્રાન્ટ નહીં લેવાની શરતે શાળા સંચાલક મંડળો શાળા ચલાવવા માગતા હોય તેવા ટ્રસ્ટોની અરજીઓ વિચારણામાં લઈને જો ટ્રસ્ટ આર્થિક સદ્ધરતા ધરાવતું હોય અને અન્ય શરતો પરિપૂર્ણ કરતી હોય તો તેવી પસંદગીની શાળાઓને કાયમી ધોરણે ગ્રાન્ટ નહીં લેવાની શરતે જૂન, ૧૯૯૩ના શૈક્ષણિક વર્ષથી નવી શાળાઓની મંજૂરી આપવાની નીતિ સરકારે અમલમાં મૂકી છે અને ત્યાર પછી ફી લેવાની જે વાત છે માત્ર એટલી વાત કરવી છે કે, હાલમાં જે અનામત કક્ષાના વિદ્યાર્થીઓ પાસેથી ફી લેવામાં નથી આવતી, તેવા અનામત કક્ષાના વિદ્યાર્થીઓ પાસેથી ગ્રાન્ટ વગરની શાળા ફી લઈ શકશે. સંસ્થાને સરકાર તરફથી ફી પેટે કોઈ ગ્રાન્ટ ચૂકવવામાં આવશે નહીં આ ઠરાવ તમે કર્યો છે. હાલમાં કન્યા કેળવણી મફત છે પરંતુ ગ્રાન્ટ વગરની શાળા માટે ફી એ જ આવકનો મુખ્ય સ્ત્રોત હોઈ ગ્રાન્ટ વગરની ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક શાળા કન્યા પાસેથી ફી લઈ શકશે. કન્યાની ફી પેટે સરકાર

તરફથી કોઈ ગ્રાન્ટ ચૂકવવામાં આવશે નહીં. આ ગ્રાન્ટ લેવાની અને ન લેવાની એ બધી જ ચર્ચા આપના સમયમાં થયેલ છે. રાજય સરકારે આ છેલ્લા ૪-૫ વર્ષમાં ૩૭૦ માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળા ગ્રાન્ટ સાથેની એવા તાલુકામાં અને એવા ગામમાં આપી છે કે ભૂતકાળમાં આટલા વર્ષમાં પણ નહોતી મળી. કપરાડા તાલુકાનું માલી ગામ મહારાષ્ટ્રની બોર્ડર ઉપર આવેલું છે. હું જયારે ત્યાં ગઈ ત્યારે મને ખબર પડી કે અહીં ગ્રાન્ટ આપવી જોઈએ અને આપી. નાના પાંડા, અંબાજ એવા કેટલાય વિસ્તાર છે કે મારા પ્રવાસ દરમિયાન મારા ધ્યાન પર આવ્યું. એવા ગામમાં શાળા શરૂ કરવા માટે ગ્રાન્ટ સાથેની મંજૂરી અને એટલું જ નહીં પરંતુ સરકારી શાળા પણ રાજય સરકારે ઉભી કરી છે અને ભવિષ્યમાં આ રાજય સરકાર જયાં પણ જરૂર પડશે ત્યાં આપશે. આ રાજયની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રયાસોને કારણે છ લાખકરોડનું મૂડીરોકાણ રાજયની અંદર આવ્યું છે. આ મૂડી રોકાણને કારણે ગુજરાતની અંદર ૨૫લાખ કરતા પણ વધારે રોજગારી ઉભી થવાની છે. આ રોજગારીનો લાભ ગુજરાતના યુવક-યુવતીઓને પ્રાપ્ત થાય એ માટે રાજય સરકારે એકશન પ્લાન તૈયાર કર્યો. આપણને બધાને ખબર છે ગુજરાતના વિદ્યાર્થીઓ પાસે જ્ઞાન છે, નોલેજ છે, અભ્યાસ કરે છે, મહેનત કરે છે, પરિશ્રમ કરે છે પરંતુ માત્ર અંગ્રેજી થોડું નબળું હોવાને કારણે ઈન્ટરવ્યુમાં ક્ષતિ ઉભી થાય છે, નબળા પુરવાર થાય છે એટલા માટે રાજય સરકારે નકકી કર્યું કે ગુજરાતના યુવક અને યુવતીઓ જેમની ઉંમર ૧૫ થી ૩૫ વર્ષની હોય તેવા તમામ વિદ્યાર્થી ભાઈબહેનોને અંગ્રેજી બોલતા કરવા અને સર્ટીફીકેટ જોઈતું હોય તો સર્ટીફીકેટ આપવું. એ પ્રકારના નીતિ નિયમો નિર્ધારિત કર્યા એના માટે સાર્વજનિક ટ્રસ્ટ સ્કોપ બનાવવામાં આવ્યું. આ સ્કોપના નામે ૧૩કરોડની રકમ મૂકવામાં આવી છે અને પ્રોફેશનલ સંસ્થાઓ આ કામ ઉપાડશે. આ વર્ષે વિદ્યાર્થીઓ પાવરફુલ અંગ્રેજી બોલતા થાય એ માટે રાજય સરકારે પ્રયત્ન કર્યો છે. ત્રણ પ્રકારના કોર્ષ તાલુકા મથકે ચાલશે. દરેક તાલુકામાં પાંચ સેન્ટર ઊભા કરવામાં આવશે. જિલ્લામાં ૨૦ સેન્ટર ઊભા કરવામાં આવશે. શહેરમાં પણ ૨૦-૨૫ સૅન્ટર ઊભા કરવાના છે. ૩૫ વર્ષ સુધીના વિદ્યાર્થીઓ આવશે અને આ શિક્ષા તેઓ પ્રાપ્ત કરશે. જો કોઈ વિદ્યાર્થીને પરીક્ષા આપવાની જરૂરિયાત ઉભી થશે તો પરીક્ષા પણ સ્કોપ લેશે અને એને સર્ટિફિકેટ આપશે અને એ સર્ટિફિકેટ પણ માન્ય ગણાશે યુનિવર્સિટીમાં અને ઔદ્યોગિક ગૃહો પણ સર્ટિફિકેટ માન્ય ગણે એ પ્રકારના નીતિ નિયમો નિર્ધારિત કરવામાં આવ્યા છે. આ આગોતરું આયોજન છે. ૪-૫ વર્ષ ઔદ્યોગિક ઉત્પાદનમાં જાય અને નોકરીની સવલત ઉભી થાય ત્યારે આ બધું કરીએ તો વિદ્યાર્થીઓ ભોગ બને એટલે આગોતરું આયોજન કરીને વિદ્યાર્થીઓને આ પ્રકારની તાલીમ આપીને તૈયાર કરવાની યોજના બનાવી છે. હું નથી માનતી કે આખા દેશમાં એવું કોઈ રાજય હોય કે વિદ્યાર્થીઓને તૈયારી કરવા માટે આગોતરું આયોજન કરતું હોય. આપણે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોની વાત કરીએ છીએ. ગુજરાતમાં ૧૯૯૮ પહેલા ૧૩૧૫૫ સીટ માત્ર હતી. માત્ર ૯૦ કોલેજો હતી. આને કારણે વિદ્યાર્થીઓને રાજયની બહાર દક્ષિણ ભારતમાં જવું પડતું હતું. લાખો રૂપિયા, કરોડો રૂપિયાનો ખર્ચ કરતા હતા. હોસ્ટેલમાં રહેવું પડતું હતું. આને કારણે ગુજરાતને નુકસાન થતું હતું. રાજય સરકારે સેલ્ફ ફાઈનાન્સ કોલેજ શરૂ કરી અને ૯૦માંથી ૨૪૧ કોલેજ થઈ છે. અત્યારે ૪૦૮૮૪ સીટો ઉપલબ્ધ થઈ છે. આને કારણે ભાગ્યે જ કોઈ વિદ્યાર્થીને ગુજરાત છોડીને બીજા રાજયની અંદર જવું પડશે.

બાકી તમામ વિદ્યાર્થીઓને પોતાના જ વતનની અંદર આવી ઇન્સ્ટિટ્યૂટની અંદર પછી એ ડિગ્રી એન્જિનિયરિંગ કૉલેજ હોય કે ડિપ્લોમાં કૉલેજ હોય કે ફાર્મસી કૉલેજ હોય કે એમ.બી.એ. હોય કે એમ.સી.એ. હોય, એની અંદર એને પોતાના ઘરની અંદર જ એડમિશન મળે છે. મેં કહ્યું તેમ ૬ લાખ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ ગુજરાતમાં આવ્યું હોય ત્યારે જે ઉદ્યોગો આવ્યા છે, એ ઉદ્યોગોને અનુરૂપ માનવશક્તિ તૈયાર કરવી જોઈએ અને એટલા માટે જુદી જુદી યુનિવર્સિટીઓની અંદર અમે નવા નવા અભ્યાસક્રમો દાખલ કરી રહ્યા છીએ. પોસ્ટ ડિપ્લોમાં ઈન ઈન્ટર્નલ ઑડિટ, એમ.ફીલ. કૉમર્સ, એકાઉન્ટસ એન્ડ સ્ટેટીસ્ટીક્સ, બેચલર ઑફ ફાઈન આર્ટસ, બેચલર ઑફ ઈન્ટિરિયર ડિઝાઇન, પી.જી. ડિપ્લોમાં, એમ.એસ.સી., બાયો ટૅક્નૉલૉજી, એમ.એસ.સી. એપ્લાઈડ સ્ટેટીસ્ટીક્સ, એમ.એસ.સી. બાયો ઈન્સ્ટ્રુમેન્ટ, એમ.એસ.ડબલ્યુ, એમ.એલ.ડબલ્યુ, સ્પેશ્યલ બી.એ.ડ. આવા અનેક અભ્યાસક્રમો ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીઓમાં શરૂ થઈ ચૂક્યા છે. આવતા વર્ષ ૨૦૦૭ જૂનમાં ૪૦ થી ૫૦ જેટલા નવાં અભ્યાસક્રમો આ રાજ્ય સરકાર તૈયાર કરાવી રહી છે. જેના કારણે જે વિદ્યાર્થીઓને જેમાં અભ્યાસ કરવો હોય તેમાં અભ્યાસ કરી શકે, ત્યારપછી રોજગારીની તક મળવાની છે, એની અંદર આરામથી રોજગારી મળે અને કોઈ પણ વિદ્યાર્થીઓને કયાંય બેરોજગાર ન થવું પડે એના માટેનો રાજય સરકારે પ્રયાસ કર્યો છે. ગુજરાતની અંદર ગયા વર્ષે નવી ડિગ્રી એન્જિનિયરિંગ કૉલેજો ૮ શરૂ કરી એ પણ સરકારી ડિગ્રી ઇજનેરી કૉલેજ છે. સેલ્ફ ફાઈનાન્સ નથી. આ સરકારી ડિગ્રી એન્જિનિયરિંગ કૉલેજ શરૂ થઈ, એમાં ગાંધીનગરમાં કૉલેજ બનાવવા માટે ૨૭ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે, જેનું કામ ચાલુ થયું. પાટણની અંદર ૨૦ કરોડ, ભાવનગરની અંદર ૧૬ કરોડ, વલસાડમાં ૧૬ કરોડ, ભરૂચમાં ૨૦ કરોડ, સુરતમાં ૨૫ કરોડ, રાજકોટમાં ૨૦ કરોડ, ચાંદખેડામાં ૧૭ કરોડ, સરકારી ઇજનેરી કૉલેજ દાહોદમાં જે ટ્રાયબલ એરિયા માટે ૨૫ કરોડ, વડનગરમાં ૯ કરોડ રૂપિયા, ગોધરામાં મકાનનું નવું બાંધકામ કરવા માટે ૧૩ કરોડ રૂપિયા, સરકારી પૉલિટૅક્નિક કૉલેજ દાહોદ અને એનું પુસ્તકાલય બાંધવા માટે ૫૨ લાખ રૂપિયા, સરકારી પૉલિટૅક્નિક દાહોદ ખાતે ૧૨૦ વિદ્યાર્થીઓ માટે છાત્રાલય

પૂરું પાડવા માટે ૩.૫ કરોડ રૂપિયાનો ખર્ચ એના માટે રાજ્ય સરકાર અત્યારે કામ કરી રહી છે. આ વર્ષે નવાં અભ્યાસક્રમની વાત કરી, પરંતુ માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિકની અંદર મૅડિકલ ચૅકઅપ કરાવવાની આ વર્ષે યોજના બનાવી છે. પ્રાયમરીમાં એ ખૂબ સુંદર રીતે યોજના ચાલે છે. સૌએ એની સરાહના પણ કરી છે. ૧૨ માં ધોરણના તમામ બાળકોનું મૅડિકલ ચૅકઅપ કરીને જે બાળકોને ઑપરેશનની આવશ્યકતા હશે એ પ્રમાણે ઑપરેશન કરાવવાની સુવિધા આ રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે અને શિક્ષણ વિભાગે કરી છે.

કચ્છ, બનાસકાંઠા સરહદી એરિયા છે. સરહદી જિલ્લો છે અને એટલા માટે ત્યાં આ વર્ષે એન.એસ.એસ., સ્કાઉટ એન્ડ ગાઈડ ફરજિયાત પોતાની પ્રાથમિક શાળાની અંદર શરૂ કરવા માટેનું આયોજન આ રાજ્ય સરકારે કર્યુ છે. પ્રાયમરી વિભાગની અંદર યોગ શિક્ષણ ચાલે છે. આ વર્ષે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકની અંદર યોગ શિક્ષણ દાખલ કરી રહ્યા છીએ, એના માટે શિક્ષકોને પણ અમે તાલીમ આપવાના છીએ. સ્વાતંત્ર સંગ્રામનો ઈતિહાસ અને જેને ૧૫૦ વર્ષ જ્યારે આ સ્વાતંત્ર સંગ્રામના થયા છે, ત્યારે એ ઈતિહાસ બાળક જાણે એના માટે કૅલેન્ડર તૈયાર કરી અને રાજ્યના તમામ પ્રાથમિક, માધ્યમિક અને કૉલેજોની અંદર એ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિ થાય એના માટેના રાજ્ય સરકારે પ્રયત્ન શરૂ કર્યા છે.

સાક્ષરદીપ કાર્યક્રમ આ રાજ્ય સરકારે શરૂ કર્યો, જેની અંદર છેલ્લા ૩ વર્ષથી નિરક્ષર ભાઈ-બહેનોને ભણાવવા માટેનો કાર્યક્રમ ચાલુ થયો છે. એકપણ રૂપિયાના ખર્ચ લીધા વગર પ્રાથમિક શાળાના શિક્ષકો, પી.ટી.સી.ના બાળકો, બી.એ.ડ. કૉલેજના વિદ્યાર્થીઓ ભેગા મળીને જે ગામની અંદર નિરક્ષર ભાઈ બહેનોને ભણાવવાનું કામ કરી રહ્યા છે. મને કહેતા આનંદ થાય છે કે ૩ વર્ષની અંદર ૨૬ લાખ ભાઈ બહેનો સાક્ષર બન્યા છે, એની અંદર ૧૬ લાખ મહિલાઓ સાક્ષર બની છે. તમે એમને અભણ રાખ્યા હતા, નિરક્ષર રાખ્યા હતા, એમને સાક્ષર બનાવવાનું કામ આ રાજ્ય સરકાર કરી રહી છે અને એટલા માટે જ અત્યાર સુધીમાં જે વાત કરતા હતા કે રાજ્યની અંદર શિક્ષણનું સ્તર બગડી રહ્યું છે. શિક્ષણનું આમ થઈ રહ્યું છે. દાવા સાથે કહેવું છે કે ડ્રોપ આઉટ રેટ, નવી શાળા આપવાની વાત, નવા અભ્યાસ ક્રમ આપવાની વાત હોય એ તમામ રાજ્ય સરકાર કરી રહી છે, ત્યારે આપ બધા મારા વિભાગની જે દરખાસ્ત લઈને હું આવી છું, એ દરખાસ્તને આપ મંજૂરી આપશો એવી હું વિનંતી કરું છું.

**શ્રી અશોક ભટ્ટ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં નિરામય જીવન માટે સૌના આરોગ્યની ચર્ચાઓ થઈ અને આ ચર્ચાઓને મારા વિભાગ માટે માર્ગદશર્ક માનું છું. આરોગ્ય વિભાગની ચર્ચાઓમાં સૌ સભ્યોનો આભારી એટલા માટે છું કે આ પાટલી બેઠેલા હોય કે સામી પાટલી બેઠેલા હોય સૌ સભ્યોએ વિધેયાત્મક અને રચનાત્મકરીતે જે સૂચનો કર્યા છે તે સૂચનો મને અને મારા વિભાગ માટે માર્ગદર્શકરૂપ બની રહેશે. એક ચિંતન સાથે સાહેબ આ સરકાર કામ કરી રહી છે. તે ઋષિઓનું ચિંતન છે. સર્વે જના સુખિનો ભવન્તુ, સર્વે સન્તુ નિરામય, સર્વે ભદ્રાણી પશ્યન્તુ.આ ઋષિઓનું ચિંતન છે અને આ ચિંતનને માનનીય મુખ્યમંત્રીશ્રી આ ઋષિઓના ચિંતનને સાચું પાડવા માટે જે પ્રયત્નો કરી રહ્યા છે અને હજારો વર્ષ પછી આ ચિંતન આપણા ત્યાં સાકાર થઈ રહ્યું છે.

આ સભાગૃહની અંદર આપણે સૌએ એક વાતનો સ્વીકાર કરવો પડશે અને બધાએ કર્યો છે તે બદલ સૌને કહું છું કે આ રાજયની અંદર શું પરિસ્થિતિ હતી? ગરીબ ઘરની દીકરી તેના ત્યાં પ્રસૂતિ આવે ત્યારે ઝૂંપડાની અંદર, ગંદા કપડાની વચ્ચે દાયણને બોલાવીને દાતરડાથી તેની સર્જરી, તેની નાડ કાપીને કરતી અને ક્યાંક માતાનું મૃત્યું થતું હતું અને ક્યાંક બાળકનું મૃત્યું થતું હતું. આ હ્દયભરી વેદનાઓની અંદરથી રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક યોજનાને જન્મ આપ્યો અને તે યોજના બની ચિરંજીવી યોજના. ચિરંજીવી યોજના ન હતી ત્યારે ૧ લાખ પ્રસૂતિએ ૩૮૯ માતાઓ મૃત્યું પામતી હતી. હમણાં માલજીભાઈએ કહ્યું. એમણે કહ્યું કે ૫૨ વર્ષમાં જે જનમ્યા છે તે કોગ્રેસના રાજયમાં જનમ્યા છે. એટલા માટે મારે કહેવું પડે છે કે ૩૦ વર્ષના કૉન્ગ્રેસના રાજની અંદર ચિરંજીવી યોજનાઓ નહીં થવાને કારણે કેટલી માતાઓના મૃત્યુ થયા? બાળ મૃત્યુ સાહેબ ૨૪ લાખ ૪૮ હજાર થયા ૩૦ વર્ષની અંદર. કારણકે બાળ મૃત્યુદર ૬૮ ટકા હતો. અંદાજે માતા મૃત્યુદર ૧ લાખ ૪૪ હજાર થયા. કારણકે માતા મૃત્યુદર ૧ લાખે ૪૮૦ હતો. એટલે કૉન્ગ્રેસના રાજમાં ચિરંજીવી યોજના થઈ હોત તો? પરંતુ તે ન થાય. કારણકે આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ ચિરંજીવી યોજના શરૂ કરી નથી, ચિરંજીવી યોજના શરૂ નથી કરી પણ પ્રસૂતા માતાના હ્દયની વેદના સમજીને કહ્યું કે તારા પિયરિયા તારી પ્રસૂતિ નહી કરાવી શકે તો સરકાર તારું પિયરિયું બનશે. અમે સાહેબ રાજયના ૭૦૦ ડૉકટરોને કહ્યું અને જોડ્યા છે. હજુ પણ વધારે જોડાશે. પરિણામ શું આવ્યું સાહેબ? છેલ્લા એક વર્ષમાં ૪૯૦૮૫ દીકરીઓએ ખાનગી તજજ્ઞોને ત્યાં કે જ્યાં અમીર માણસો, પૈસાદાર માણસોની દીકરીઓ પ્રસૂતિ કરાવે છે તે દવાખાનામાં તેની પ્રસૂતિ થઈ અને ખાનગી ડૉકટરોએ સલામત પ્રસૂતિ કરાવી છે, પરંતુ એટલું જ નહીં અને તેનું પરિણામ શું આવ્યું? ૪૯૦૮૫ દીકરીઓની પ્રસૂતિમાંથી માત્ર છ દીકરીઓએ પોતાના પ્રાણ ગુમાવ્યા છે. એટલે આપણે ૩૦૦ માતાઓ બચાવી શક્યા છીએ અને બે હજાર કરતાં વધારે બાળકો બચાવી શક્યા છીએ. તે જ પ્રમાણે આદરણીય અનિલભાઈએ કહ્યું તેની અંદર કહું કે આપણે સુવિદ્યાઓમાં સુધારો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સિવિલ હૉસ્પિટલોમાં સુધારો કર્યો છે અને તેના કારણે ગયા

વર્ષે સરકારી હૉસ્પિટલોની અંદર ૨,૮૨,૯૩૬ પ્રસૂતિ થઈ, એટલે સંસ્થાકીય પ્રસૂતિનું સ્થાન વધતું જાય છે એટલા માટે રાજયની ગરીબ દીકરીને અને પરિણામ શું આવ્યું? કદાચ આ માનનીય સભાગૃહના સભ્યશ્રીઓને તો એની ખબર છે, કેટલીકવાર આપણે આપણી સાચી વાતને રાજકારણના ચશ્માથી જોઈ શકતા નથી. રાજકારણના ચશ્મા પહેરીને અંધાપો આપણી જાતે બોલાવીએ છીએ ત્યારે દુનિયા તો એ અંધારું નથી જોતી. ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ચિરંજીવી યોજના મૂકી. સિંગાપોરની એક સંસ્થા ગ્લોબલ એન્ટર પોલિટેક, સિંગાપોરની અને વાણિજ્ય વિષયક વૉલ સ્ટ્રીટ એશિયાએ સાથે મળીને એશિયા ઈનોવેશન એવોર્ડ ગુજરાતને આપ્યો, ગુજરાત જેવા એક નાનકડા રાજયની અંદર ચિરંજીવી યોજનાનો જન્મ થયો અને હજુ એને એક વર્ષ પૂરું પણ થયું નહતું એ પહેલાં દુનિયાએ કહ્યું કે, આ દુનિયાએ ગુજરાતમાં આ જોવા જેવું છે, પણ માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહની અંદર કે સભાગૃહની બહાર ગુજરાતનું આ ગૌરવ છેને એને ગુજરાતીઓ સ્વીકારે છે, ભારતીયો સ્વીકારે છે પણ આ સભાગૃહના કેટલાક સભ્યશ્રીઓ આ આનંદ માણવાનું ચૂકે છે, સભાગૃહની બહાર પણ કેટલાક લોકો આ આનંદ માણવાનું ચૂકે છે, આ ગૌરવ આપણું છે, એશિયા ઈનોવેશન એવોર્ડ માટે ચૌદ દેશોના ૨૨૪ રાજયો હતા અને એમાંથી આપણને આ એવોર્ડ મળેલો છે. ૩૧મી ઑકટોબરે, માનનીય જીતુભાઈએ કહું એ વાત સાચી છે કે ૩૧મી ઑકટોબર સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસે આપણને મળ્યો. માનનીય અધ્યક્ષશ્રી, મહારાષ્ટ્ર અને ઓરિસ્સાની ટીમો પણ ચિરંજીવી યોજના જોવા માટે આવી, વિશ્વ આરોગ્ય સંસ્થાએ બોલાવીને કહ્યું કે આને દુનિયાભરની અંદર મૂકો. કેન્દ્રના આરોગ્ય મંત્રીશ્રી અહીંયા આવ્યા અને એમણે કહ્યું કે મારે આખા દેશમાં આ મૂકવી છે. માનનીય અધ્યક્ષશ્રી, જે ગુજરાત કરે છે એ દેશ કરે છે અને એટલા માટે હું કહું છું કે, ગુજરાતે જે કર્યુ છે તે દેશ કરી રહ્યો છે.

રાજયની અંદર બીજું શું બન્યું કે બેટી બચાવો આંદોલન શરૂ થયું, આજથી વીસ વર્ષ પહેલાં એ આંદોલન શરૂ થયું હોત તો, હું એમ નથી કહેતો કે કોંગ્રેસના રાજયમાં આ વાત નહતી, બેટી બચાવો આંદોલન વીસ વર્ષ પહેલાં જો શરૂ કર્યુ હોત તો આજે ગુજરાતમાં દીકરીઓની સંખ્યા એક હજારે એક હજાર હોત, આજે આદિવાસી વિસ્તારોમાં હજુ પણ એ છે, વીસ વર્ષ પહેલાં રાજયના સામાજિક પ્રશ્નો એ વખતની સરકારોના ધ્યાનમાં ન હતા? હું એ સરકારોનો સાક્ષી છું, હું સી.જે.ચાવડાની વાતને બહુ જ ગંભીરતાથી સાંભળતો હતો એમણે ડ્રોપઆઉટની વાત કરી. વીસ વર્ષ પહેલાં આ સભાગૃહમાં સરકારો બેસતી હતી. સી.જે. ચાવડા માધવસિંહભાઈ સોલંકીના ખૂબખૂબ પેટભરીને વખાણ કરતા હતા, એ જ માધવસિંહભાઈ સોલંકીને ડ્રોપઆઉટ કોણે કર્યા? (અંતરાય) હું શિક્ષણનો જવાબ નથી આપતો, મારા વિભાગની જ વાત કહું છું, હું કયાંય ડાયવર્ટ થવા નથી માગતો. માધવસિંહભાઈની સરકાર હોય કે અમરસિંહભાઈ ચૌધરીની સરકાર હોય, (અંતરાય) કોંગ્રેસના મિત્રોએ આદરણિય નરેન્દ્રભાઈ મોદીની માફક એમના વખતમાં બેટી બચાવો આંદોલન શરૂ કર્યા હોત તો આજે એક હજારે એક હજાર દીકરીઓ હોત. ૭ વર્ષની અંદર એક હજારે ૮૨૪ દીકરીઓ હોત, પણ પરિણામ શું આવ્યું? મારે એ જ કહેવું છે કે ભલે તે વખતે એમણે ન કર્યુ, બેટી બચાવો આંદોલન અંગે મારે વિરોધપક્ષના નેતાશ્રીને પૂછવું છે કે, શા માટે રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીના બેટી બચાવો આંદોલનમાં પોતાના વિસ્તારોમાં કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ નથી જોડાતા? કોંગ્રેસનો એક પણ ધારાસભ્યશ્રી પોતાના વિસ્તારની અંદર દીકરીઓની હત્યાની સામે ગયા નથી. એ પોતાના વિસ્તારમાં ગયા નથી. મંત્રીમંડળના સભ્યશ્રીઓ તો પોતાના વિસ્તારોમાં ગયા છે. માનનીય મનસુખભાઈ જેવા ધારાસભ્યશ્રી પોતાના વિસ્તારમાં પદયાત્રા કરે છે, માનનીય કનુભાઈએ સાયકલ યાત્રા કરી છે, જ્યારે કોંગ્રેસના મિત્રો, એક પણ ઉદાહરણ બતાવો કે સામાજિક પ્રશ્નો માટે તેઓ લડ્યા હોય, પરિણામ શું આવ્યું? (અંતરાય) મારે કોઈને સલાહ આપવી નથી, સલાહ તો એને જ અપાય કે જે સલાહને લાયક હોય. માનનીય અધ્યક્ષશ્રી, પરિણામ શું આવ્યું બેટી બચાવો આંદોલન એક વર્ષ ચાલ્યું એક વર્ષ પહેલા ૪૩ તાલુકાઓ એવા હતા કે જે સરેરાશ કરતા ઓછા હતા એ એક વર્ષમાં ભરાઈ ગયા. (અંતરાય) તમને બોલાવીશું, આમંત્રણ આપીશું. આપણે બધા સાથે મળીને બેટી બચાવો આંદોલન કરીએ અને જે ૧૭ તાલુકાઓમાં ઘટ છે એ ઘ ટ પૂરી કરવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના પગલે પગલે બેટી બચાવો આંદોલનના સારા પરિણામો આવ્યા છે અને જે એમાં જોડાયા છે એ સૌના સહકારથી. આપણે આપણું લક્ષ્યાંક નક્કી કરવું પડશે કે ગુજરાતના ૫૦ વર્ષ ૨૦૧૦માં પૂરા થાય છે રાજયની સરકાર એ વખતે કેટલાક ગોલ્ડન લક્ષ્યાંકો સાથે ચાલવા માગે છે. આપણે બધા સાથે મળીને કામ કરીએ તો ૨૦૧૦માં ગુજરાતના ૫૦ વર્ષ પૂરા થાય ત્યારે દીકરી અને દીકરાનું પ્રમાણ એક સરખું થાય. આ આપણા સૌની સામાજિક વેદના હોય તો આ પક્ષ હોય કે પેલો પક્ષ હોય આપણે સૌએ આ કાર્યક્રમને ઉપાડી લેવો જોઈએ. (અંતરાય) કોણ કરે છે એવું કહેવામાં આવ્યું, હું કહું છું કે રાજયની સરકાર કટિબદ્ધ છે, સંકલ્પબધ્ધ છે કોઈ પણ કરનાર હશે એવો તબીબ હશે, તજજ્ઞ હશે એને પકડીને જેલના સળિયા પાછળ ધકેલવાની અમારી તૈયારી છે. આ સરકાર સૌની સરકાર છે અને 'સર્વે સુખીનો ભવતુ સર્વે સન્તુ નિરામયા' ની વાત કરીએ છીએ ત્યારે સૌથી પહેલા તાજા જન્મેલા નવજાત બાળકની ચિંતા કરી છે અને છેલ્લા ચાર વર્ષથી રાજયમાં ૧ કરોડ ૧૦ લાખ નવજાત શિશુથી ૧૪ વર્ષના બાળક સુધી મારા સાથી શિક્ષણ મંત્રી આનંદીબેને કહ્યું તેમ હવે આ યોજના આગળ લઈ જઈએ છીએ. ૧ કરોડ ૧૦ લાખ બાળકોના મા-બાપને ખબર ન હતી કે મારું બાળક હૃદય રોગના દર્દથી પીડાય છે, કેન્સરના રોગથી પીડાય છે, કિડનીના રોગથી પીડાય છે એને દવાખાનામાં

લઈ જઈને ટ્રિટમૅન્ટ આપવામાં આવી છે. પહેલા શું થતું હતું માનનીય અનિલભાઈ જાણે છે. પહેલા શાળા આરોગ્ય કાર્યક્રમો ચાલતા હતા એ માત્ર હેલ્થ વર્કરો દ્વારા ચાલતા હતા, શિક્ષકો દ્વારા ચાલતા હતા. હું ના નથી પાડતો ચાલતા હતા. હવે શાળા આરોગ્ય કાર્યક્રમ તબીબો અને તજજ્ઞો દ્વારા ચાલે છે એના પરિણામે ચાર વર્ષમાં ૨૦૦૩માં ૮૨૧ બાળકોને કાર્ડિયાક ટ્રિટમૅન્ટ મળી છે, ૨૦૦૪-૨૦૦૫માં ૨૮૭૫ બાળકોને કાર્ડિયાક ટ્રિટમૅન્ટ મળી, ૨૦૦૫-૨૦૦૬માં ૩૯૭૫ બાળકોને કાર્ડિયાક ટ્રિટમૅન્ટ મળી, આ કાર્ડિયાક ટ્રિટમૅન્ટ યુ. એન. મહેતા હૉસ્પિટલમાં લાવીને અને યુ. એન. મહેતામાં ન થાય એવી સર્જરીને વિશ્વના સૌથી સારા ડૉકટર ચેરિયનની પાસે મોકલીને ૩૬૧, કિડની ૩૯, અને ત્યાર પછીના વર્ષમાં ૨૦૫, ૩૫૨, ૧૦૯. કૅન્સર ૯ બાળકોને, ૩૮ બાળકોને, ૬૯ બાળકોને. માનનીય અધ્યક્ષશ્રી, નવજાત બાળકને યુ. એન. મહેતામાં દાખલ કર્યું હોય ત્યારે એના બાપના હૃદયની વેદના, એની માતાના હૃદયની વેદના શું હોય એ કલ્પી શકાય છે. અને જો એ બાળકની સર્જરી ત્યાં નહીં થઈ શકે એવું યુ. એન. મહેતાનો ડૉકટર કહે તો એનો બધો જ ખર્ચ ઉપાડીને રાજય સરકારે ડો. ચેરિયનને ત્યાં મોકલ્યા છે. આ સભાગૃહના સભ્યશ્રીઓને વિનંતી છે કે આપના વિસ્તારમાં પણ કોઈ આવું નાનું બાળક સારવાર વગર રહી જતું હોય તો એને શોધીને અમને આપો. (અંતરાય) મને આપો. અનિલભાઈ તમે મને આજે કહો છો. આ સભાગૃહ (અંતરાય) મને કહો. આ વ્યવસ્થા ઉભી કરી છે. લાઈન લાંબી છે. ડાયરેકટરને કહો તેનો કોઈ વાંધો નથી. કહેવાનું એક સ્થાન તો ઉભું થયું છેને ? કહેવાનું એક નામ અને સરનામું તો ઉભું થયું છેને ? અનિલભાઈ હતા ત્યારે એ નામ અને સરનામું નહોતું. મને કહેવું જરૂરી નથી. આ સભાગૃહની અંદર આ હ્રદયની વેદનાઓની વાત છે. રાજકારણના આટાપાટા ખેલવાની વાત નથી. તે તો બહાર ફોડીશું. અરે, ચૂંટણી આવશે ત્યારે ખેલીશું. હું તો પહેલો ગરીબ બાળક રહી ગયો હોય ત્યારે હું કહું છું કે મને કહો અને મને કહો તે મારી જવાબદારી છે. (અંતરાય.)

રાજયના કોંગ્રેસ પીડિત રાજયને કોંગ્રેસી રાજયોમાં, કોંગ્રેસના ટેકાવાળા રાજયોમાં બાળ લકવાની શું સ્થિતિ છે તેની વાત હું કરવા માગતો નથી. પરંતુ કોંગ્રેસનું રાજય હતું ત્યારે મોટા મોટા કાર્યક્રમો થતા હતા. ઘણી સામાજિક સંસ્થાઓ પણ કરતી હતી અને તે સંસ્થાઓમાં જશ શું લેવાય કે અમે બાળકોને બોલાવીએ છીએ. મેળાઓ કરીએ છીએ અને કેલીપર્સ આપીએ છીએ. બાળ લકવાનો દર્દી હોય તેને ટેકા માટે કેલીપર્સ આપીએ. આજે હું ચેલેન્જ સાથે કહું છું આજે કોઈ પણ બાળકને ૪-૫ વર્ષથી નીચેના બાળકને બાળ લકવો ચાર વર્ષમાં માત્ર ચાર બાળકોને થયો છે. ચાર વર્ષની અંદર. હવે હું કોંગ્રેસના રાજયની અંદર જે આ વાયરસ ના આવે તો હું તેને રોકી શકું નહીં. મને .. અંતરાય.. . મને મહેરબાની કરીને રોકો નહીં નહીંતર સમય લંબાવવો પડશે.

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી,..

**અધ્યક્ષશ્રી** : બેસી જાવ પ્લીઝ,

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, બાળ લકવાની સફળતાનું કારણ એ છે કે, રાજયના મુખ્યમંત્રીશ્રી પોતે જ .. અંતરાય...

**અધ્યક્ષશ્રી** : દોલતભાઈની તબિયતના કારણે ઠપકો નથી અપાતો. પ્લીઝ, બેસો. બેસો પ્લીઝ.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, જો કોઈ બાળકને રાજયમાં પોલિયો થયો હોય તો મારા અધિકારીની અને મારા કર્મચારીની આંખમાં આંસુ આવે છે. રાજયની સામાજિક સંસ્થાઓ, (અંતરાય) જેમણે પોલિયો કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપ્યો છે. અહીં રોગી કલ્યાણ સમિતિની વાત કરવામાં આવી. રોગી કલ્યાણ સમિતિ શું છે કે આપણે નાના હતા ત્યારે ભણતા હતા લોકોની, લોકો વડે, લોકો માટે ચાલતી સરકાર. આ લોકશાહીનું વાક્ય તે રોગી કલ્યાણ સમિતિમાં છે. પહેલાં સરકાર વહીવટ કરતી હતી હવે રોગી કલ્યાણ સમિતિમાં લોક પ્રતિનિધિઓ, લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, લોકોના મુકાયેલા સામાજિક કાર્યકર્તાઓ વડે ચાલતો વહીવટ અને તેમાં પણ રાજય સરકાર પોતે ક્યાંક ૧૦ હજાર, ક્યાંક ૫૦ હજાર, ક્યાંક લાખ અને મૅડિકલ કોલેજમાં ૪૦ લાખની રકમ આપે છે. આ વખતે ૧૫ લાખ રૂપિયા સિવિલ હોસ્પિટલોને આપવાની છે. એટલે લોકો વડે અને એટલા માટે સરકારી દવાખાનામાં પરિણામ શું આવ્યું છે? પરિણામ એ આવ્યું છે કે પહેલા કેટલા લોકો સરકારી દવાખાનાનો લાભ લેતા હતા એના આંકડાની વાતમાં મારે પડવું નથી, પરંતુ ગયા વર્ષે પ્રાયમરી હેલ્થ સેન્ટરથી માંડી સિવિલ હોસ્પિટલના લાભાર્થીઓનો આંકડો ૩.૪૯ કરોડને પહોંચ્યો છે.

રાજયનું એક બીજું આંદોલન, બેટી બચાવો જેવું બીજું એક આંદોલન લઈને રાજયના મુખ્યમંત્રીશ્રી નીકળ્યા છે અને એનો હેતુ છે ગુજરાતને તંદુરસ્ત અને સ્વસ્થ બનાવવું છે. ગુજરાતના એક એક માનવીને નિરામય જીવન આપવું છે. નિર્મળ ગુજરાત એ ગાંધીજીનો કાર્યક્રમ છે અને એ કાર્યક્રમમાં આ સભાગૃહના બધા સભ્યો ન જોડાય? શાના માટે? પહેલા પણ સામાજિક કાર્યક્રમો તો હતા જ. જો ગાંધીજીની વાતને આપણે માનતા હોઈએ તો ગાંધીજીનો જ આ કાર્યક્રમ છે. આજે નકકી કરીએ કે નિર્મળ ગુજરાતના કાર્યક્રમમાં આપણે બધા જોડાઈએ, તો પરિણામ શું આવશે? પરિણામ એ આવશે કે, ઘણીબધી ટીકાઓ થઈ પણ પરિણામો જોઈએ તો બર્ડફ્લ્યુ આવ્યો એટલે કયા રાજયમાં કેટલા મર્યા એ વાતમાં હું પડવા માગતો નથી. ગુજરાતના આરોગ્ય વિભાગે બર્ડ ફ્લ્યુને મહારાષ્ટ્રની સરહદેથી આ બાજુ આવવા દીધો નથી. અને એકપણ માણસનું મૃત્યુ થવા દીધુ નથી. બધા લોકો કહેતા હતા કે સુરતમાં ફરી પ્લેગ થશે. હંટા નામનો વાયરસ આવ્યો છે. સુરતમાં કમળો થશે, સુરતમાં મેલેરિયા

થઈ જશે, સુરતમાં ફાલ્સીપેરમ થશે, લેપ્ટોપાયરોસીસ થશે. સાહેબ, એકપણ રોગ ન થયો. પરિણામ એ આવ્યું છે કે અતિવૃષ્ટિ પછી આગલા વર્ષમાં જે રોગચાળો થયો હતો એના કરતા પણ પરિણામો સારા આવ્યા અને માણસોને મૃત્યુના મુખમાંથી બચાવી શકાયા.

માનનીય અધ્યક્ષશ્રી, આ લડાઈ લડવામાં જેમણે જેમણે સહયોગ આપ્યો છે એ બધી સંસ્થાઓને આ સભાગૃહમાંથી હું અભિનંદન આપવા માગુ છું. અનેક સામાજિક સંસ્થાઓ, એના નામની યાદી બહુ મોટી છે, પરંતુ એ લડાઈ લડવામાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવ્યો. કે ચીકનગુનિયા અને ડેન્ગ્યુના રોગ માટે લોહીના પરિક્ષણ માટે આપણે પૂનાની લેબોરેટરી પર આધાર રાખવો પડતો હતો. આપણે બી.જે.મેડિકલ કોલેજમાં પૂનાની લેબોરેટરી જેવી વ્યવસ્થા ઉભી કરી. લેપ્ટોપાયરોસીસમાં પણ આપણે પૂનાની લેબોરેટરીમાં જવું પડતું હતું. કયારેક કયારેક કેન્દ્ર સરકારની બીજી લેબોરેટરી ઉપર આધાર રાખવો પડતો હતો. આપણે સુરતમાં લેબોરેટરી શરુ કરી અને આવા રોગની લડાઈ લડવાની બાબતમાં સમગ્ર દેશ અને કેન્દ્ર સરકારે કહ્યું કે અમે આયુર્વેદનો પણ ઉપયોગ કર્યો અને ૩૨ લાખ લોકોને ઉકાળો પાયો, દવાઓ આપી. ૩ હજાર કરતા વધારે આરોગ્ય મેળા કરીને રોગચાળા સામે સફળતાપુર્વક લડાઈ લડયા. (અંતરાય) દવા કેટલી છાંટી એના આંકડા પણ આપી શકું તેમ છું અને કેવા પ્રકારની છાંટી એ પણ કહી શકું, અનિલભાઈ, પૂરી વિગતો આપું, પણ સમયની મર્યાદા છે. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર રામનામમાં શ્રદ્ધા રાખનારી સરકાર છે. ગાંધીજી પણ રામનામમાં શ્રદ્ધા રાખતા હતા. અને એટલે જ શબરીના પૂત્રો માટે વનબંધુઓ માટે રાજયના મુખ્યમંત્રીશ્રીએ જે યોજનાની જાહેરાત કરી છે એના દસ મુદ્દાના કાર્યક્રમમાં એક મુદ્દો આ પણ છે. આરોગ્યનો. સ્વઆરોગ્યનો મુદ્દો. અમે ગરીબ માણસને ૧૯૮૫ની સાલમાં દસ હજાર વ્યકિતએ ૨૧ વ્યકિતને રકતપીત થતો હતો. આજે દસ હજાર વ્યકિતએ ૦.૮ વ્યકિતને રકતપીત થાય છે. સાસાકાવા, જાપાનની એક સંસ્થાએ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીનું ગુજરાતમાં આવીને સન્માન કર્યુ. ગુજરાતના આરોગ્ય વિભાગનું સન્માન કર્યુ. રાષ્ટ્રના મહામહિમ રાષ્ટ્રપતિ જયાં જાય છે ત્યાં કહે છે કે રકતપીત નિર્મૂળ કરવો એ આપણી જવાબદારી છે. અને એ નિર્મૂળ કરવાનું કામ કર્યુ હતું.

માનનીય અધ્યક્ષશ્રી, એક વાત મહાત્મા ગાંધીજીએ એકવાર કહી હતી કે મને રકતપિત્તની હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કરવા બોલાવ્યો છે તો એને જયારે તાળુ મારો ત્યારે મને બોલાવજો. તો ગાંધીજીએ જે કહયું હતું એ અમે કર્યુ છે. ૧૩૦ વર્ષે (અંતરાય) માનનીય મુકેશભાઈ, આ હસવા જેવી વાત નથી, ગાંધીજીના કહયા પ્રમાણે અમે ૧૩૦ વર્ષ પછી નારોલમાં આવેલ રકતપિત્તની હોસ્પિટલને તાળું માર્યુ છે એ વાત હું આજે કરી રહયો છું અને એ વાતને જો હસી કાઢવી હોય તો મને વાંધો નથી. (અંતરાય) ૧૯૯૦ પહેલાં...(અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : બીજા કોઈને તાળું ના મારતા, પ્લીઝ.(અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : ના, ના, કોઈના નસીબનું તાળું પોતે જ મારતા હોય છે, પોતે જ પોતાના હાથે અહીં આવવાનું બારણું બંધ કરતા હોય છે, મારે કોઈનું બારણું બંધ કરવું નથી. મારે કહેવું છે કે લક્ષ્મણભાઈ કહેતા હતા કે....(અંતરાય)

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને માગણીઓ ઉપરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાંસુધી ૧૦ મિનિટ સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, ૫ મિનિટ લંબાવીને ૧-૦૫ કલાકે પૂરું કરી દઈએ.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦ મિનિટ લંબાવવામાં આવે કારણ કે મને ડિસ્ટરબન્સ થયું છે.

**અધ્યક્ષશ્રી** : ૫ મિનિટ સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : એ બાકીનો જવાબ ટેબલ ઉપર મૂકી દે.

**અધ્યક્ષશ્રી .** : ના, ના, ટેબલ ઉપર ના મૂકાય.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય લક્ષ્મણભાઈની વાત કરું તો મારે તેમને કહેવું છે કે મને એમ હતું કે એ સીકલસેલ વિશે બોલશે અને એ સિકલસેલ વિશે બોલીને એમ કહેશે ૧૯૯૦ પહેલાં એટલે કે આ રાજય સરકાર બની ત્યાં સુધી માત્ર ૩૬ હજાર રૂપિયાનો એમાં ખર્ચ થયો હતો, ૧૯૯૦ થી માંડીને કોંગ્રેસની સરકાર હતી ત્યાંસુધીમાં આ સિકલસેલ રોગની નાબૂદી પાછળ માત્ર ૩૭ હજારની જ યોજના હતી અને આ વખતે અમે ૮ કરોડ રૂપિયા ફાળવ્યા છે. આ સિકલસેલની નાબૂદી માટે ખાસ કાર્યક્રમ થયો છે અને એ કાર્યક્રમને હું આ સભાગૃહના સમય દરમ્યાન જ આદિવાસી ધારાસભ્યોની વચ્ચે મૂકવાનો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાગરખેડૂઓ માટેની પેકેજ યોજના આવી એના કારણે હું રાજયની અંદર એ પેકેજ યોજનાને વધારે સઘન બનાવવા માટે જવાબદારી લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે વાત ટી.બી.ની કરી, માનનીય સભ્ય ડો. અનિલભાઈ જોષીયારાએ વાત કરી એ વાત સાચી છે ડ્રગ રેજીસ્ટન્સ કારણ કે ડોટ કાર્યક્રમની સૌથી મોટી મુશ્કેલી એ ડ્રગ રેજીસ્ટન્સ છે અને કેન્દ્ર સરકાર સાથે રહીને એમાં ગુજરાત રાજયને પસંદ કરવામાં આવ્યું છે ડ્રગ રેજીસ્ટન્સ સામે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી વધારે સફળતા ગુજરાતને એચ.આઈ.વી.પોઝિટીવમાં દેશમાં મળી છે. નાકોએ પસંદ કરેલો નકશો એમાં ગુજરાતનો રંગ પહેલાં લીલો હતો એ આ વખતે ૨૦૦૫ માં ગુજરાતે રંગ બદલ્યો અને

એ રંગ પીળો થયો છે અને એ પીળો થવાનું કારણ શું છે કે ગુજરાતમાં એચ.આઈ.વી.નું પ્રમાણ પહેલાં ૧૨ ટકા કરતાં વધારે હતું એ ઘટીને ૨ ટકા થયું છે, ગર્ભવતી માતામાં એ ૦.૫૮ હતું એ ઘટીને ૦.૨૫ થયું છે, એટલે ગુજરાતમાં એચ.આઈ.વી. રોકવામાં સફળતા મળી છે, પરંતુ હજુપણ એમાં વધારે કામ કરવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે ગુજરાત ગર્વ લઈ શકે એનું એક કારણ એ છે કે ગુજરાત રકતપિત્ત નાબૂદીમાં સૌથી પહેલું છે, ગુજરાત દેહદાનમાં સૌથી આગળ નંબર વન છે, ચક્ષુંદાનમાં ગુજરાત નંબર વન છે, ગુજરાત મોતીયાના ઓપરેશનોમાં છેલ્લા ૫ વર્ષમાં નંબર વન રહયું છે. માનનીય અધ્યક્ષશ્રી, તબીબી શિક્ષણ અંગે પણ હું વાત કરીશ. (અંતરાય) ગુજરાતનો રંગ અમે બદલ્યો છે અને નર્મદે કહ્યા પ્રમાણે કસુંબીના રંગ વાળું ગુજરાત અમે બનાવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાતમાં ૨૦૦૦ કરોડના નવા એમ.ઓ.યુ. થયા છે એમાં Appollo Hospital, Wakhard, Clinic Isolate, Forty Centuring, Bombay Hospital, United Phosphorus and Anoop Kothari Public Health Foundation જેવી દેશની સર્વશ્રેષ્ઠ સંસ્થાઓ આરોગ્યની સેવા માટે અને તબીબી શિક્ષણ માટે ગુજરાતમાં આવી રહી છે. ગુજરાતમાં મલ્ટીપલ હેલ્થ વર્કરની ૧૫૦૦ ખાલી જગ્યાઓ ભરવા માટે નિયમમાં સુધારો કરવામાં આવ્યો છે. કુંવરજીભાઈએ કહ્યું એ ફિમેલ હેલ્થ વર્કરની ભરતી કરવા માટેની પણ પ્રોસેસ ચાલુ છે. રાજયમાં ૧૩૬૩ સ્ટાફ નર્સને નિયમિત કરવામાં આવેલ છે. ૧૦ નવી ફિમેલ હેલ્થ વર્કર સ્કૂલ ચાલુ કરી છે. ચાર નવી નર્સિંગ સ્કૂલ ચાલુ કરી છે. રાજયની સિવિલ હોસ્પિટલને National Accredation for a Board, ઉચ્ચ કક્ષાની કરવા માટેના પ્રયત્નો કર્યા છે. બે નવી ફિઝિયો થેરપી કોલેજ શરૂ કરવામાં આવશે. ચાર નર્સિંગ કોલેજો અપગ્રેડ કરવામાં આવશે. મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની ૯૦૦ જગ્યાઓ અને મેલેરિયા હેલ્થ વર્કરની જગ્યાઓ પુરવામાં આવનાર છે. ગુજરાત એક આદર્શ આરોગ્ય વ્યવસ્થાનું કેન્દ્ર બનતું ગયું છે. અને મેં કહ્યું એમ આર્યુવેદમાં ગુજરાતે સૌથી સારું કામ કર્યુ છે. અને તે કામ એ છે કે સમગ્ર દુનિયાના ૧૭ જેટલા રાષ્ટ્રોના વિદ્યાર્થીઓ ગુજરાતમાં ભણવા આવે છે. અને આર્યુવેદની આપણી કોલેજમાં છ રાષ્ટ્રોના, જર્મન સહિતના છ રાષ્ટ્રોના સેવા કરે છે, મેં આ સભાગૃહમાં કહ્યું હતું કે ગુજરાત એ નાલંદા અને તક્ષશિલા બનશે, તો ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી, જામનગર એ નાલંદા અને તક્ષશિલા બનીચૂકી છે. અને ૧૮ હજાર ગામડાંમાં પહોંચવા માટે દરેક ગામમાં ગ્રામ આરોગ્ય સમિતિની રચના કરવામાં આવી છે. અને એટલે ગ્રામીણ આરોગ્યના પ્રશ્નોમાં એ લોકો પોતે ભાગીદાર બની શકે. એટલા માટે આ સભાગૃહના સૌ સભ્યોએ મને જે સહાય કરી છે, અને માનનીય મુકેશભાઈ આપના સહિત હું બધા સભ્યો પાસે સહાયતાની ભીખ માગું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૪, ૫, ૬, ૧૦, ૧૧, ૧૩, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૩૧, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૩૯, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪ અને ૫૫ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૯, ૧૦, ૩૯, ૪૦ અને ૪૧ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**
**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧-૦૫ વાગ્યે પુરું થતાં, સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર,બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા. ૧૫મી માર્ચ, ૨૦૦૭**
**ફાલ્ગુન ૨૪, ૧૯૨૮ શાકે**
**બીજી બેઠક**
**બપોરના ૨.૩૦**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**અમદાવાદ શહેરમાં નિરાધાર વૃદ્ધ સહાયની અરજીઓ**

*** ૨૧૭૩૪ ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિરાધાર વૃદ્ધ સહાય અંગેની કેટલી અરજીઓ આવી,
(૨) તે પૈકી કેટલાને સહાય ચૂકવવામાં આવી, વ્યકિતદીઠ કેટલી સહાય ચૂકવી, અને
(૩) કેન્દ્ર સરકાર તરફથી કેટલી સહાય મળે છે, તે પણ ચૂકવાઈ છે કે કેમ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) ૧૨૯૦ અરજીઓ.
(૨) તે પૈકી ૬૯૩ લાભાર્થીઓને પ્રતિમાસ રૂા. ૨૦૦/- લેખે રૂા. ૧૫.૩૩ લાખની સહાય ચૂકવવામાં આવી છે.
(૩) કેન્દ્ર સરકાર તરફથી મળતી સહાય પેટે વ્યકિતદીઠ પ્રતિમાસ રૂા. ૭૫/- લેખે ચૂકવણી કરવામાં આવી છે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, બે વર્ષમાં નિરાધાર વૃદ્ધ સહાય અંગે ૧૨૯૦ અરજીઓ પૈકી ૬૯૩ લાભાર્થીઓની અરજીઓ મંજૂર થઈ. તો મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે બાકીની પડતર અરજીઓની પરિસ્થિતિ શું છે? બીજો પ્રશ્ન એ છે કે નિરાધાર વૃદ્ધ સહાય પ્રતિ માસ ૨૦૦ રૂપિયા આપવામાં આવે છે. આજના સમયમાં આ ૨૦૦ રૂપિયા બહું જ ઓછા કહેવાય તો એમાં કંઈ ફેરફાર કરીને વધારો કરવા માગે છે કે કેમ? કેન્દ્ર સરકાર તરફથી મળતી પ્રતિ માસ ૭૫ રૂપિયા લેખે ચૂકવાણી કરવામાં આવે છે. તો કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલીને આમાં વધારો કરવા માગે છે કે કેમ? નિરાધાર વૃદ્ધ સહાયની યોગ્યતામાં કંઈ ફેરફાર કરવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : ૧૨૯૦ અરજીઓ પૈકી ૬૯૩ મંજૂર થયેલ છે તેવો જવાબ આપવામાં આવેલ છે. એ પછી ૨૩૬ અરજીઓ નવી મંજૂર કરવામાં આવી છે. એટલે આમાં ૯૨૩ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. ૩૬ અરજીઓ પડતર છે. બહેને કહ્યું એમ એમને સહાય મળે છે એ ૨૦૦ રૂપિયા દર મહિને આપવામાં આવે છે એ ઓછા છે. તો આ સહાયમાં પણ રાજય સરકાર વધારો કરવા માટેની સક્રિય વિચારણા કરી રહી છે અને સાથે સાથે એમની જે યોગ્યતાનું ધોરણ છે અત્યારે જે તે નિરાધાર વૃદ્ધ છે એની વ્યકિતગત આવક ૨૦૦ રૂપિયા હોય અને કુટુંબની વાર્ષિક આવક ૪૫૦૦ રૂપિયા હોય તો આ ધોરણની અંદર સુધારો કરવામાં આવે તો ગુજરાતમાં વધારે નિરાધાર વૃદ્ધોને લાભ મળી શકે એ દિશામાં રાજય સરકાર હકારાત્મક રીતે વિચારે છે.

**શ્રી જીતેનદ્રકુમાર ઉ. વાઘેલા** : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે નિરાધાર વૃદ્ધ સહાયની અંદર આવકનો દાખલો તલાટી કે મામલતદાર પાસે માગવામાં આવે છે ત્યારે એની આવક મર્યાદા ૧૧હજારથી વધારે આપવામાં આવે છે. અને વૃદ્ધ સહાયની અંદર ૧૧ હજારની મર્યાદાની અંદર હોય તો જ મળે છે. તો આ આવક મર્યાદા હટાવવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : મેં આગળ કહ્યું એમ આવક મર્યાદા હટાવવાનો વિષય નથી. અત્યારે વ્યકિતગત વાર્ષિક આવક મર્યાદા ૨૦૦ રૂપિયા છે અને કુટુંબની વાર્ષિક આવક ૪૫૦૦ રૂપિયા છે. એટલે આ આવક મર્યાદાનું ધોરણ વધારીને વધારે નિરાધાર વૃદ્ધોને લાભ આપવાનું સરકાર વિચારે છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : આખી યોજનાનો મૂળભૂત હેતુ એ છે કે જે નિરાધાર વૃદ્ધ છે એ સ્વમાનભેર જીવી શકે અને એવા સંજોગોમાં ખાલી નિરાધાર અને વૃદ્ધ છે અને જે લોકો ખૂબ જ સક્ષમ છે એ તો આમાં એપ્લાય નથી થવાના. એટલે આવક મર્યાદા દૂર કરવા માટે સરકાર હકારાત્મક અભિગમ અપનાવવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : રાજય સરકારની તમામ યોજનાઓમાં કયાંક તો આવકનું ધોરણ છે અને એટલા માટે મેં કહ્યું એ પ્રમાણે આવકનું ધોરણ ખૂબ ઓછુ છે તેથી રાજય સરકાર હકારાત્મક રીતે વિચારીને આવક મર્યાદા ઠીક પ્રમાણમાં કરીને વધારે વૃદ્ધોને લાભ મળે એ દિશામાં ચોક્કસ આગળ વધી રહ્યા છીએ.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : કુટુંબની આવક ૪૫૦૦ રૂપિયા હોય તો, નિરાધાર વૃદ્ધ કુટુંબ સાથે હોય તો, નિરાધાર સહાય માટેના ધોરણો શું નક્કી થયેલા છે એના નોમ્સ શું છે?

**શ્રી રમણલાલ વોરા** : નિરાધાર વૃદ્ધ પોતે હોય તો એની વાર્ષિક આવક ૨૦૦ રૂપિયા, કુટુંબની વાર્ષિક આવક ૪૫૦૦ રૂપિયા અને એ સિવાય પુખ્ત વયનો દીકરો ન હોવો જોઈએ એ ધોરણ છે. એ દસ વર્ષથી ગુજરાત રાજયમાં વસવાટ કરતો હોવો જોઈએ. ઉંમરની મર્યાદા વિકલાંગ હોય તો ૪૫ વર્ષ અને અન્ય સંજોગોમાં ઉંમરની મર્યાદા ૬૦ વર્ષની છે.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગુજરાત સરકારના ૨૦૦ રૂપિયા અને કેન્દ્ર સરકારની કેટલી સહાય છે? એ અંગે માહિતી આપે.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર ૨૦૦ રૂપિયા આપે છે અને કેન્દ્ર સરકાર તરફથી ૭૫ રૂપિયા આપવામાં આવે છે. એટલે ૨૭૫ રૂપિયા આપવામાં આવે છે. મેં કહ્યું તે પ્રમાણે આવક મર્યાદા ઓછી છે, સહાય મળે છે તે ઓછી છે. રાજય સરકાર હકારાત્મક રીતે આમાં વધારો કરવા માટે વિચારી રહી છે.

## કૃષિ યુનિવર્સિટી નવસારી તરફથી શેરડીનું બિયારણ

***૨૦૯૭૬ શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. કૃષિ યુનિવર્સિટી નવસારી તરફથી એકર દીઠ વધુ ઉત્પાદન આપતી અને ખાંડની ઉંચી રીકવરી આપતી શેરડીની કોઈ નવી જાત શોધવામાં આવી છે અને

૨. જો હા, તો એ જાતનું બિયારણ વાવેતર માટે ખેડૂતોને ક્યારે અને કયાંથી મળી શકશે?

**કૃષિમંત્રીશ્રી:**

૧. હા,જી.

૨. શેરડીના વાવેતર માટે ખેડૂતોને આગામી ઑકટોબર અંતથી નવૅમ્બર-૨૦૦૭ માસમાં નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતેના નવસારી, અછાલીયા અને વ્યારા સંશોધન કેન્દ્રો ઉપરથી બિયારણ મળી શકશે.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી કૃષિ મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી હાલમાં શેરડીની કઈ કઈ જાતોની ભલામણ કરવામાં આવેલી છે? આશાસ્પદ અને ભલામણ થયેલ જાતનું ઉત્પાદન કેટલું મળશે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, યુનિવર્સિટીનું કામ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણનું છે. આ કામગીરી વધારે સારી રીતે કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક યુનિવર્સિટીમાંથી ચાર યુનિવર્સિટી કરી છે અને આઠ ઝોન પ્રમાણે ચાર યુનિવર્સિટીઓ વાતાવરણ અને આબોહવા પ્રમાણે કામ કરી રહી છે. અહીં નવસારી કૃષિ યુનિવર્સિટીમાં હાલમાં વહેલી પાકતી જાતો અત્યારે ચાલુ છે. તે વર્ષ ૨૦૦૧ અને ૨૦૦૪માં સીઓએન-૯૫૧૩૨ સુગરકેન નં.૩, ૨૦૦૪ની સીઓએન-૦૩૧૩૧ સુગરકેન નં. ૪ અને મધ્યમ મોડી પાકતી જાતમાં પણ ૧૯૯૭ અને ૨૦૦૦માં જે હાલમાં જાત ઉપયોગમાં આવે છે એ સીઓએન-૮૫૧૩૪. નવી જે ભલામણ કરવામાં આવી છે અને આગામી સમયમાં આ ઉપયોગમાં આવશે એ સીઓએન-૦૫૦૭૧ અને સીઓએન-૦૫૦૭૨. અપેક્ષિત શેરડીનું ઉત્પાદન ટન હેકટર દીઠ ૧૪૨.૯૮ અને ૧૩૪.૮૯. ખાંડનું ઉત્પાદન અપેક્ષિત હેકટર દીઠ ૧૬.૬૮ અને ૧૬.૮૮.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે નવી શેરડી વિકસાવેલી છે એ શેરડીનું નામ શું છે અને એકર દીઠ કેટલું ઉત્પાદન આપશે? અને બીજો પ્રશ્ન છે કે ટીસ્યુ કલ્ચરથી તૈયાર થયેલા રોપાઓથી થતાં ફાયદા શું? અને ભલામણ કરેલી જાતો એક ટન શેરડીમાંથી કેટલી ખાંડ બને અને શેરડીમાં ટીસ્યુકલ્ચર, પેશી સંવર્ધન શું છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી નવી જાત જાણવા માગે છે તે નવી જાતની હમણાં જ ભલામણ કરેલી એ જાતોના નામ બોલી ગયો છું. સીઓએન-૦૫૦૭૧ અને સીઓએન-૦૫૦૭૨ અને તેનું ઉત્પાદન પણ અપેક્ષિત છે એ બોલી ગયો છું. બીજી વાત ટીસ્યુ કલ્ચરની કરી છે. ટીસ્યુ કલ્ચર એ પેશી સંવર્ધન છે. શેરડી ઉપરનો ટોચનો ભાગ હોય, આંખ હોય કે મૂળ હોય તેમાંથી શેરડીને પ્રયોગશાળામાં વિવિધ રસાયણોનો ઉપયોગ કરીને તેના એક છોડમાંથી અનેક છોડ તૈયાર કરવા માટેની વૈજ્ઞાનિક પદ્ધતિ છે. તેને ટીસ્યુ કલ્ચર કહેવામાં આવે છે. તેના અનેકવિધ ફાયદાઓ છે. એ વધારે ઉત્પાદન આપે છે. રોગમુકત ઉત્પાદન આપે છે. વધારે સારું અને વહેલું ઉત્પાદન આપે છે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સીઓએન-૫૦૭૧ અને સીઓએન-૫૦૭૨ આ નવી જાતની શેરડી સંશોધન કરવામાં આવી છે. એમાં જે અગાઉની ૬૩૦૪૬૭૧ એ પૈકી આમાં કેટલો ઉતારો શેરડીનો વધારે થાય એમ છે અને રાજય સરકાર આમાં ખાંડ ફેકટરીને રીકવરી વધારે મળે છે એટલે ઉત્પાદનમાં ફાયદો થાય છે તો રાજય સરકાર આ બિયારણમાં કોઈ

સબસીડીની સ્કીમ કે જેનાથી ખેડૂતો પ્રોત્સાહિત થાય અને નવા બિયારણોનો ઉપયોગ કરી શકે, ભૂતકાળમાં ૬૭૧માં એક ટને ૧૦૦ રુપિયા સબસીડી હતી એમ આમાં સબસીડી આપવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩-૦૪માં રીકવરીના ટકા ૧૦.૯૩ હતા. ૨૦૦૪-૦૫માં ૧૦.૭૬ હતા. ૨૦૦૫-૦૬માં ૧૦.૮૨ હતા અને નવી જાતથી ૧૩ થી ૧૪ પોઈન્ટ આપવાની અમારી ગણતરી છે. બીજા પ્રશ્નના જવાબમાં સબસીડી આપવા આપવા માગે છે કે કેમ એ માનનીય મંત્રીશ્રીનું સૂચન છે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વિભાગ દ્વારા અને રાજય સરકાર દ્વારા અનેક સુધારાના બિયારણોની અનેક જાતની અંદર મૂકીને જે ઉત્પાદનનો વધારો થયો છે એ માત્ર હેતુ હોય તો આ રાજય સરકારના સુધારાના બિયારણના કારણે તો મારે મંત્રીશ્રીને એ પૂછવું છે કે નવસારી યુનિવર્સિટીની અંદર જે આ શેરડીની જાતનું સંશોધન એ નવસારી યુનિવર્સિટીમાં જે કરવામાં આવેલું અને હવે પછી આનાથી ઉતારો વધારે આવે એવી કોઈ જાતનું સંશોધન કરવા માગો છો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ એક નિરંતર ચાલતી પ્રક્રિયા છે એ કયારેય અટકતી નથી. ભૂતકાળમાં કપાસનો દાખલો વારંવાર આપુ છું કે ૧૩૨માંથી આપણે ૬૨૫ સુધી પહોંચ્યા છીએ. રાજય સરકારે નકકી કર્યુ છે. એક એક પાકમાં સંશોધન ચાલુ જ રાખવાનું દર વખતે નવા નવા બિયારણો ખેડૂતોને આપવાના અને આ પ્રક્રિયામાં પણ માનનીય સભ્યશ્રીને હું કહુ છું કે આ પ્રક્રિયા કયારેય બંધ રહેવાની નથી. દેશમાં આપણે ઉત્પાદકતામાં પહેલા નંબરે આવીએ એવી રાજય સરકારની નેમ છે.

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે શેરડીની નવી જાતની સમજ આપવા કૃષિ યુનિવર્સિટી નવસારીને જિલ્લાવાર દક્ષિણ ગુજરાતમાં કાર્યક્રમ રાખવા સરકાર ગોઠવણી કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મહોત્સવનો બહુ મોટા મોટા માધ્યમનો આપણે ઉપયોગ કરીએ છીએ. આ બધી જાતો ઉપર પહેલા પણ સંશોધન થયા હતા પરંતુ એ સંશોધન અને ખેડૂતો વચ્ચે લગભગ ત્રણ થી ચાર માધ્યમો આવતા હતા. સચિવ, ડાયરેકટર, ડેપ્યુટી ડાયરેકટર, તાલુકા પંચાયત, તલાટી, નીચે સુધી પહોંચવામાં, ખેડૂત સુધી પહોંચવામાં અનેક વર્ષો લાગતા હતા. હવે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે નવો અભિગમ અપનાવ્યો છે એના કારણે સંશોધન થયેલ બિયારણ એ વૈજ્ઞાનિક જેણે સંશોધન કર્યુ છે એ વૈજ્ઞાનિક પોતે જ કૃષિ મહોત્સવ દ્વારા અને ૭૫૦ જેટલા વૈજ્ઞાનિકો એ ૨૨૫ રથની સાથે ૧૮૬૦૦ ગામડામાં પ્રત્યેક ગામમાં એક એક વૈજ્ઞાનિક એની મુલાકાત લે છે અને આખા દેશમાં ઉત્તમમાં ઉત્તમ નમૂનાનું કામ એ કૃષિ મહોત્સવ છે.

### અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશના બદલે રોકડ રકમ

***૨૧૬૨૯ શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજયમાં નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭માં અનુસૂચિત જાતિના ધોરણ -૧ થી ૭માં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ આપવાની ચાલતી યોજનામાં ફેરફાર કરી વિદ્યાર્થીઓને રુ. ૧૫૦/- રોકડા આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓને તાઃ-૩૧-૧-૦૭ સુધીમાં લાભ આપવામાં આવ્યો?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી :**

(૧) હા, જી.

(૨) ૨,૦૪,૯૦૬ વિદ્યાર્થીઓને.

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશને બદલે રોકડ રકમ આપવા માટે જવાબમાં જણાવ્યા મુજબ ૩૧-૧-૦૭ સુધીમાં ૨,૦૪,૯૦૬ વિદ્યાર્થીઓને લાભ આપવાનું જણાવેલ છે તો તેમાં ૩૧-૧-૦૭ની સ્થિતિએ વર્ષ ૨૦૦૬-૦૭માં કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને બીજું વર્ષ ૨૦૦૫-૦૬માં કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો અને તેની પાછળ રાજય સરકારે કેટલો ખર્ચ કર્યો છે?

**શ્રી રમણલાલ વોરા** : ગણવેશ પેટે રુ. ૧૫૦ રોકડ સહાય રૂપે એમણે જે પ્રશ્ન કર્યો છે એ પ્રમાણે ૩૦ કરોડ ૭૩ લાખ રૂપિયાનો આ યોજના પાછળ ખર્ચ કરવામાં આવ્યો છે. સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં ૨,૨૪,૮૭૩ વિદ્યાર્થીઓને ૩૩૭.૭૧ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલો.

**શ્રી જેઠાભાઈ ઘ. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, જે ૧૫૦ રૂપિયા વિદ્યાર્થીઓને ગણવેશ પેટે આપવામાં આવે છે તો આ ગણવેશ પેટે રોકડ રકમ આપવા કરતાં ડ્રેસ બનાવીને આપવા માગે છે કે કેમ અને એ યોજના માનનીય મંત્રીશ્રી અમલમાં લાવવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : આ અગાઉ આ યોજના પેટે બે જોડી ગણવેશ આપવાની જ યોજના હતી. એ યોજના પૂર્ણ સ્વરૂપે સફળ ન થવાના કારણે જે તે બાળકને પોતાની પસંદગી પ્રમાણે વસ્ત્રો ખરીદીને પહેરી શકે એટલા માટે રોકડ સ્વરૂપે રૂપિયા ૧૫૦ આપવામાં આવે છે.

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : દિન પ્રતિદિન મોંઘવારી વધતી જાય છે તો ૧૫૦ રૂપિયામાં માત્ર સિલાઈ થાય છે. આ રકમ વધારવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : આ સહાય શીવજીભાઈના શાસનમાં ૩૦ રૂપિયા હતી. ગયા વખતે અમે ૧૧૦ રૂપિયામાંથી ૧૫૦ રૂપિયા કર્યા છે. આગળ પણ જરૂર પડશે તો સહાયમાં વધારો કરીશું.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મંત્રીશ્રીએ વાત કરી એ પ્રમાણે ગણવેશના કારણે અનેક સમસ્યાઓ હતી. રાજ્ય સરકારે આ કદમ લીધું એના માટે રાજ્ય સરકારને અભિનંદન આપું છું પણ અનુસૂચિત જાતિ સિવાયના બીજા કયા કયા વર્ગ સમૂહના અનામતના વિદ્યાર્થીઓને આ સહાય આપવામાં આવે છે? આ લાભ ગણવેશના બદલે રોકડમાં આપવાની શરૂઆત ક્યારથી કરવામાં આવી?

**શ્રી રમણલાલ વોરા** : અનુસૂચિત જાતિ પૂરતો આ મર્યાદિત પ્રશ્ન છે. છતાં પણ મારા વિભાગમાં બક્ષીપંચના વિદ્યાર્થીઓ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓને પણ આ લાભ આપવામાં આવે છે. બે જોડી ગણવેશની યોજના તા. ૨૦-૧૦-૨૦૦૪ના રોજથી અમલમાં મૂકેલ છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અવાર નવાર એવી વાતો અહીંથી થાય છે કે તમારી સરકારમાં આટલું આપવામાં આવતું હતું. ૧૯૪૦માં ૨૦૦ રૂપિયામાં ભરણ-પોષણ થતું હતું. દિવસે દિવસે મોંઘવારી વધતી જાય છે. આ ૧૫૦ રૂપિયામાં વધારો કરી ૩૦૦ રૂપિયા કરવા માગો છો કે કેમ? આ સહાય વિદ્યાર્થીઓને આપવામાં આવે છે તો એ પૂરેપૂરા વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે કે કોઈ બાકી રહી ગયા છે?

**શ્રી રમણલાલ વોરા** : મેં કહ્યું એ પ્રમાણે ૧૧૦ રૂપિયા હતા એમાંથી ૧૫૦ કરવામાં આવ્યા છે. જરૂરિયાત પ્રમાણે એમાં પણ ચોક્કસ વધારો કરીશું અને અત્યાર સુધીમાં જેટલા પણ વિદ્યાર્થીઓ છે એ બધાને સંપૂર્ણપણે આ ગણવેશની યોજનાનો લાભ આપવામાં આવ્યો છે.

**બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોના પાક તેમજ જમીન ધોવાણની ચૂકવણી**

***૨૨૩૧૨ શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) સને ૨૦૦૬ના ચોમાસા દરમિયાન સરસ્વતી બાલારામ તથા ઉમરદશી નદીઓના પૂરથી બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર, અમીરગઢ તથા દાંતા તાલુકાની ખેતીની જમીનો તથા પાકને થયેલ ધોવાણ બદલ સરકાર તરફથી ખેડૂતોને નુકસાની ચૂકવવામાં આવેલ નથી તે વાત સાચી છે,

(૨) જો હા, તો તેના શાં કારણો છે, અને

(૩) જો ના, તો તાલુકાદીઠ કયા ગામના કેટલા ખેડૂતોને કેટલી નુકસાની ક્યારે ચૂકવવામાં આવી?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) પાલનપુર તાલુકો અસરગ્રસ્ત જાહેર થયેલ નથી તે સિવાયના અમીરગઢ અને દાંતા એમ બે તાલુકાના ખેડૂતોને પાક નુકસાનીની સહાય ચૂકવવામાં આવેલ છે. જમીન ધોવાણની સહાયની ચૂકવણીની કાર્યવાહી ચાલું છે.

(૨) અસરગ્રસ્ત બે તાલુકાઓના ખેડૂતોને પાક નુકસાનીની સહાય ચૂકવેલ છે. જમીન ધોવાણની અરજીઓની સરવે અને ચૂકવણીની કાર્યવાહી ગતિમાં હોઈ કારણો આપવાનો પ્રશ્ન નથી.

(૩) ચૂકવણીની પ્રક્રિયા ચાલુ હોઈ તે પૂર્ણ થયે ગામવાર વિગતો ઉપલબ્ધ થશે.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો માનનીય મંત્રીશ્રીએ જે ખેડૂતોને પાક નુકસાનીના વળતર પેટે ૮૦,૧૦૦ અને ૧૫૦ થી વધુ રકમ ન ચૂકવી એના માટે અભિનંદન. બીજું કે પાલનપુર એક તો અસરગ્રસ્ત કયા કારણોસર જાહેર નથી કર્યો એ જાણવા માગું છું અને નદી કિનારા ઉપર આવેલા ખેતરો કે જેમાં ખૂબ મોટા પ્રમાણમાં ધોવાણ થયું છે. એમાં સરકારે ૧૦ હજાર રૂપિયાનું વળતર ચૂકવવાની વાત કરી છે. આજે આઠ મહિના થયા, ગોકળગાયની ગતિએ ચાલતી આ સરકાર છે ત્યારે વળતર નહિ ચૂકવવા પાછળના કારણો શું છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : સી.આર.એફ.ના નિયમો પ્રમાણે ચૂકવણી કરવામાં આવે છે. આ ચૂકવણી અને સરવેમાં રાજ્ય સરકારના નિયમો નથી એટલે સી.આર.એફ. કેન્દ્ર સરકારનું છે, એ તમારી સરકારનું છે. આમાં જરૂરી ફેરફાર કરવા માટે આ સરકારે સબ કમિટીની મિટિંગમાં ઠરાવ પસાર કરીને કેન્દ્ર સરકારને મોકલ્યો પણ છે કે આ નોમ્સ છે એમાં ફેરફાર કરવામાં આવે. બીજું કે ગોકળગાયની ગતિએ નથી. ભૂતકાળમાં ૯૭ના પૂરના પૈસા ૨૦૦૦માં આપવામાં આવેલ હતા. આ વખતે ભૂતકાળની સરખામણીમાં જે ગામોની સંખ્યા છે એ પહેલા ૨૦૦, ૫૦૦, ૧૦૦૦ કે ૨૦૦૦ થી વધારે ગામો ક્યારેય નહોતા. આ વખતે ૮૦૧૪ ગામો છે. (અંતરાય) મને સાંભળો તો ખરા.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, સાંભળવાની ટેવ રાખો.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, એ ૩-૪ વર્ષ થતા હતા એના પ્રમાણમાં અમે તો બે-ત્રણ મહિનામાં પૈસા ચૂકવી આપ્યા છે. એમાં દાંતા અને અમીરગઢમાં જે વિગત જોઈતી હોય તો તમને આપું. કેટલા ખેડૂતોની અરજી આવી, કેટલા ખેડૂતોને મળવાપાત્ર છે, કેટલી નામંજૂર કરી. આ જમીનના ધોવાણના મારી પાસે બધાજ છે અમીરગઢ અને દાંતામાં ૩૭૦ અરજીઓ મળી, ચાર ૨૬ થઈ એમાંથી ૮,૪૫,૦૦૦નું ચુકવણું થયું, બાકીનાનું ચુકવણું ચાલું છે અને ૧૫ એપ્રિલ સુધીમાં બાકીનું ચુકવણું થઈ જશે.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ચાલુ વર્ષે જે પૅકેજ જાહેર કર્યુ એ પેકજની વિશેષતાઓ શું છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ બિનપિયત પાકોમાં ૧૦૦૦ રૂપિયા નુકસાનીના આપવામાં આવતા હતા એમાં અમે આ વખતે ૧૫૦૦ રૂપિયા કર્યા છે. પિયત પાકોમાં ૨૫૦૦ આપવામાં આવતા હતા એ પ્રતિ હેકટર અમે ૩૦૦૦ રૂપિયા કર્યા છે. ભૂતકાળના પૅકેજોમાં કયારેય બિયારણ આપવામાં આવતું જ નહોતું. આ વખતે પહેલીવાર બિયારણ આપવામાં આવ્યું છે. ઈલેક્ટ્રિસિટીમાં ભૂતકાળમાં કયારેય જે નુકસાન થયું હોય એમાં બિલની ચુકવણીમાં કોઈ દિવસ હપતા કે સમય લંબાવાતો નહોતો આ વખતે પહેલીવાર આ બધી સુવિધાઓ રાજ્યના ખેડૂતોને આપવામાં આવી છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી અને એમના વિભાગે સમયસર જે પૈસાની ચુકવણી અમારા જિલ્લામાં કરવામાં આવી છે તે બદલ રાજ્ય સરકારને અભિનંદન આપું છું. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે અમીરગઢ અને દાંતા આ બે તાલુકાની અંદર કુલ કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે અને એમાં કેટલી રકમની ચુકવણી કરવામાં આવી રહી છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, અમીરગઢમાં પૅકેજ ૧-૨ માં ૫૪૪ લાભાર્થી ખેડૂતો હતા અને એમાં ૪.૪૫ લાખની ચુકવણી કરી છે. પૅકેજ-૪માં ૩૭૦ મેં હમણાં કહ્યું તેમ ૮,૪૫,૦૦૦ની ચુકવણી થઈ છે. દાંતા પૅકેજ ૧-૨ માં ૨૫૨૮ અરજીઓ મળેલ હતી. ૨૦.૬૧ લાખનું ચુકવણું થયું છે. દાંતા પૅકેજ-૪ માં ૧૩૫૯ અરજીઓ મળેલ હતી એમાંથી ૩૪.૩૧ લાખ એમ બંને તાલુકાના કુલ મળીને ૪૨.૭૬ લાખનું ચુકવણું થયું છે. **શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમીરગઢ અને દાંતા એમ બે તાલુકાના ખેડૂતોને પાક નુકસાનીની સહાય ચુકવવામાં આવી છે. તો આ જે સહાય ચુકવવામાં આવી છે એ એક ખેડૂતને ઓછામાં ઓછી કેટલી સહાય ચુકવવામાં આવેલ છે અને મહત્તમમાં મહત્તમ કેટલી સહાય ચુકવવામાં આવી છે? નંબર વન. આ જે સહાય પૅકેજ હમણા જાહેર કરેલ છે એમાં કેન્દ્ર સરકારે કેટલી મદદ કરેલી છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, નુકસાનીના પ્રમાણમાં આ સહાય ચુકવવામાં આવી છે. એટલે જેટલું નુકસાન થયું હોય એટલી સહાય ચુકવવામાં આવી છે. હમણાં મેં જે સ્કીમની વાત કરી એમાં ૧૦૦૦ રૂપિયા બિનપિયતમાં અને પિયતમાં ૨૫૦૦ રૂપિયા કેન્દ્ર સરકારના હોય છે. આ રાજ્ય સરકારે પહેલીવાર ૫૦૦-૫૦૦ રૂપિયા હેકટર દીઠ વધારો કર્યો છે. (અંતરાય)

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, વાવ અને થરાદ તાલુકામાં ૨૬૫ ગામોનો સરવે થયો એમાંથી પચાસ ટકાને પૈસા મળ્યા છે, આ મશ્કરી રૂપ છે અને પચાસ ટકાને નથી મળ્યા તો એ ક્યારે આપવા માગો છો ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન દાંતા અને અમીરગઢનો છે પરંતુ વડીલ અને સિનિયર સભ્યશ્રી છે એટલા માટે એમની માહિતી માટે કહું કે ૧૫મી એપ્રિલ સુધીમાં બાકીની ચૂકવણી પૂરી થઈ જશે.

**અધ્યક્ષશ્રી . :** નેકસ્ટ, પ્રશ્ન ક્રમાંક, ૮.

### વિકસતી જાતિના વિદ્યાર્થીઓની વિદેશ અભ્યાસ માટે અરજીઓ

**૨૧૪૦૪ શ્રી બચુભાઈ ખાબડ(દેવગઢ બારિયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) વિદેશ અભ્યાસ કરવા માટે વિકસતી જાતિના વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૦૫-૦૬માં તા.૩૧-૧-૦૭ સુધીમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી નામંજૂર કરવામાં આવી ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૩૨.

(૨) ૧૯.

(૩) ૦૩.

**શ્રી બચુભાઈ ખાબડ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આઝાદીના ઇતિહાસમાં પહેલીવાર વિકસતી જાતિના વિદ્યાર્થીઓને વિદેશ ભણવા માટે જે સહાય આપી છે તે બદલ રાજ્ય સરકારને અને મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું અને માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, આ રાજ્યની ૫૨ ટકા જેટલી વિકસતી જાતિ છે, માત્ર ૩૨ અરજીઓ આવી છે તો આ અરજીઓ વધારે આવે એના માટે પ્રચાર-પ્રસાર થાય એના માટે કંઈ કરવા માગો છો કે કેમ, અને એમાં ૧૯ અરજીઓ જે મંજૂર કરી છે એની રકમ કેટલી અને ત્રણ અરજીઓ જે નામંજૂર કરી છે તો એ નામંજૂર કરવાના એના કારણો શું છે ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે આટલી વસ્તીના પ્રમાણમાં અરજીઓની સંખ્યા ઓછી છે અને એટલા માટે રાજય સરકાર અને માહિતી વિભાગ તરફથી અમે જુદા જુદા પુસ્તકો મારફતે, પ્લેમફલેટ મારફતે આગામી દિવસોમાં હોર્લ્ડિંગ સ્વરૂપે આ યોજનાનો વ્યાપક પ્રચાર થાય અને આ લોકોને વધારે લાભ મળે એ દિશામાં અમારા પ્રયત્નો છે, અત્યાર સુધીમાં જે ૩૨ અરજીઓ હતી એમાં એમણે ૩૧-૧-૦૭ સુધીની માહિતી પૂછેલી છે એ ૧૯ પછી બીજી ૩ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, કુલ ૨૨ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, એક લાભાર્થીને પાંચ લાખ રૂપિયા ચાર ટકાના વ્યાજે રાજય સરકાર આપે છે. ત્રણ જે અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે એ અરજીઓ, રાજય સરકારે જે નોમર્સ બનાવ્યા છે એ નોમર્સમાં નહીં આવવાના કારણે એ નામંજૂર કરવામાં આવેલ છે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જે આ ૩૨ અરજીઓ આવી એ કયા કયા જિલ્લામાંથી આવેલ છે અને જે ૧૦ અરજીઓ છે એ નામંજૂર થઈ છે કે મંજૂર થઈ છે, તે શું છે એની માહિતી આપવામાં આવે ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ૧૦ અરજીઓ આવી છે એ આ અરજીમાં પાંચ સભ્યો એવા છે અમારા ધારાધોરણ પ્રમાણે જેને વિઝા મળેલ હોય એણે વિઝાની કોપી બતાવવાથી અમે આપતા હોઈએ છીએ, પાંચ લાભાર્થીને વિઝા મળેલ નથી અને બે લાભાર્થી અનેક ક્ષેત્ર પૂર્તતા માટે, એમની રિકવરી માટે પ્રમાણપત્ર માગેલ છે એની વિગતો ન આપવાના કારણે આવી સાત અરજીઓ પડતર છે, એમની યોગ્ય પૂર્તતા કરીને આપશે તો આ સાતે સાતને વિદેશ અભ્યાસ લોન અમે આપવા માગીએ છીએ.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, વિકસતી જાતિના વિદ્યાર્થીઓને પ્રથમવાર લાભ આપ્યો એ બદલ અભિનંદન પણ મારે જાણવું છે કે, આના પહેલાં કોઈએ આવા પ્રયત્નો કર્યા હતા કે કેમ ?

**શ્રી રમણલાલ વોરા** : વિદેશ અભ્યાસ લોન એ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થયેલ છે એટલે સ્વાભાવિકપણે આગળ આ યોજનાનો લાભ ન મળે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, હમણાં છેલ્લા નિયમો મુજબ બાર મૅડિકલ કૉલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને પણ હવે ગુજરાતમાં જ્યારે પ્રૅક્ટિસ કરવાની અને અહીંયા પોતાની કારકિર્દી બનાવવાની તક આપવાનો નિર્ણય લેવાયો છે ત્યારે વિદેશમાં અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીને જે સહાય આપવામાં આવે છે એ ખરેખર બહુ સારી યોજના છે, સહાય નથી આપતા આપણે લોન આપીએ છીએ. લોન એની પોતાની કૅરિયર શરૂ થાય ત્યારે ખૂબ નજીવા વ્યાજે લે છે અને પાછળથી લોન પૈસા રૂપે લઈએ છીએ. હમણાં ટ્રાયબલ એરિયામાં પાંચ લાખમાંથી દસલાખ કરવાની રજૂઆત થઈ છે. માનનીય મંત્રીશ્રી આપના દ્વારા મુખ્યમંત્રીશ્રી આટલો બધો રસ લઈ રહ્યા છે અને વિદ્યાર્થીઓ વિદેશમાં ભણવા જાય છે ત્યારે લોન વધારીને ૧૫લાખ જેટલી કરવા માગે છે કે કેમ? પાંચ લાખ છે એની દસ લાખ કે પંદર લાખ કરવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન પ્રમાણે અત્યાર સુધીમાં આ યોજનામાં વિદેશ અભ્યાસ માટે ચાર લાખની લોન આપવામાં આવતી હતી. આ વર્ષે બજેટમાં ૮ લાખ એટલે કે ડબલ વધારો કરવા માટે રાજય સરકાર સક્રિય વિચારણા કરી રહી છે.

**શ્રી જેઠાભાઈ ઘ. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીને આ યોજના લાવવા માટે અભિનંદન પણ આ જે લોન આપવા માટે વ્યાજ ચાર ટકા છે એમાં ઘટાડો કરે કારણકે બક્ષીપંચની વસ્તી ખૂબ મોટી છે. આર્થિક સ્થિતિ પણ નબળી હોય છે. તો આવા લોકોને ચાર ટકા છે એમાં ઘટાડો કરીને બે ટકા કરવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ના.

**અમદાવાદ શહેરમાં માનવ ગરિમા યોજના હેઠળ અરજીઓ**

***૨૧૫૬૬ શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ દરમ્યાન અમદાવાદ શહેરમાં માનવ ગરિમા યોજના અંતર્ગત કેટલી અરજીઓ પ્રતિવર્ષ આવી હતી,

(૨) આ વર્ષો દરમિયાન આવેલ અરજીઓમાંથી કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી હતી, અને

(૩) બાકી રહેલ અરજીઓનો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) મળેલી અરજીઓ

| | વર્ષ | સા.શૈ.પ.વ. | અનુ.જાતિ |
|---|---|---|---|
| | ૨૦૦૪-૦૫ | ૪૨૬ | ૩૧૪૬ |
| | ૨૦૦૫-૦૬ | ૨૫૫ | ૧૫૬૦૦ |
| (૨) | | ૫૬૦ | ૩૦૬૧ |

(૩) મંજૂર કરવાપાત્ર તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબો માટેની આ યોજના કોઈને સ્વરોજગારી નથી એવા લોકોને માટે માનવ ગરિમા યોજના છે. જયારે અમદાવાદ શહેરનો પ્રશ્ન છે ત્યારે ખાસ કરીને ઝુંપડપટ્ટી અને ગરીબ વિસ્તારમાં રહે છે એમની અમારી પાસે મોટી સંખ્યામાં સ્વનિર્ભર થવા માટે અરજી આવે છે. જવાબમાં જણાવ્યું છે ૧૮૭૪૬ અરજી અનુસૂચિત જાતિના અમદાવાદ શહેરમાં માનવ ગરિમા યોજનામાં આવી અને એમાંથી માત્ર ૩૦૬૧ મંજૂર કરી. લગભગ ૧૫૬૮૫ અરજીઓ એમ કહેવામાં આવ્યું છે કે બધી અરજીઓ મંજૂર થઈ ગઈ છે પરંતુ મારે મંત્રીશ્રીને પૂછવું છે કે સામાજિક શૈક્ષણિક પછાત વર્ગની અરજીઓ આવવાની સંખ્યામાં એટલો બધો વધારો નથી તો ગરીબીનું પ્રમાણ અનુસૂચિત જાતિમાં છે. ખાસ કરીને ચાલી, ઝુંપડામાં તો સરકારે જે લક્ષ્યાંક નિયત કરેલો હોય તો ગરીબીને ધ્યાનમાં લઈને વધારાના લક્ષ્યાંક આપે તો જેટલી પણ અરજી આવે એ બધાને સ્વનિર્ભર કરી શકે એટલે ૧૫૬૮૫ એટલે ૮૦ટકા જેટલી આપણે મંજૂર કરી શકયા લક્ષ્યાંકને કારણે તો હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે લક્ષ્યાંકમાં ખૂબ મોટો વધારો કરવા માગો છો કે કેમ? અને આ ગરીબ પરિવારના લોકોને જુદાજુદા અનેક કામો માટેની જે યોજના છે એમાં જે વિલંબ થાય છે તો કેટલા સમયમાં અરજી કર્યા પછી એ અરજદારોને કાર્યાન્વિત કરવા આ યોજનાનો લાભ આપી શકે? શું મર્યાદા છે?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે ખૂબ ઓછા લોકોને આ લાભ મળે છે. પરંતુ રાજય સરકારે જે ક્રાઈટ એરિયા નકકી કર્યો છે એમાં એક લાભાર્થીને માત્ર એક જ વખત લાભ આપવાને કારણે ઘણીબધી અરજી આમાંથી નીકળી જાય છે.છતાંપણ ગરીબ લોકોને મદદરૂપ થવાય એ દિશામાં રાજય સરકાર ચોકકસ વધારો કરીને મદદ કરવા પ્રયાસ કરશે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં લક્ષ્યાંક ૨૦૦૦ છે. અરજીની સંખ્યા એટલી બધી આવતી હોય તો અમદાવાદ શહેરનો હાલનો લક્ષ્યાંક કેટલો છે અને કેટલો કરવા માગીએ છીએ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરનો લક્ષ્યાંક ૧૨૫૦ નો હતો. રાજય સરકારે માત્ર અમદાવાદ શહેરમાં ૧૮૧૯ એટલે લગભગ દોઢા લાભાર્થીઓને લાભ આપ્યો છે. છતાંપણ જરૂર પડશે તો વધારે લોકોને લાભ આપવામાં આવશે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, કયાંક મર્યાદા હોય સાચી વાત છે. લક્ષ્યાંક હતો છતાં વધારે પણ એક વસ્તુ આપણે સ્વીકારવી પડે કે ૧૮૦૦૦ જેટલી અરજી આવી છે.એટલે એમને કયાંકને ક્યાંક રોજગારી આપવા માટે આ યોજના છે એવું થઈ શકે. મારે મંત્રીશ્રી પાસે પૂછવા માગું છું કે સ્વ સહાય જુથની જે બધી યોજનાઓ ગ્રામ વિકાસની છે. માનવ ગરીમા નીચે અરજી કરે અને લક્ષ્યાંકને કારણે ન મળતી હોય તેવા લોકોને ત્યાંથી માર્ગદર્શન આપીને સ્વ સહાય જુથ બનાવીને રોજગારી આપવા માટે થઈને બીજો વિકલ્પ મળે તેવી વ્યવસ્થા સરકાર કરવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય સભ્યશ્રીનું ખૂબ સારું સજેશન છે. આ યોજના ગરીબ લોકોને માત્ર ૩,૦૦૦ રૂપિયાની મર્યાદામાં આપવાની યોજના છે, પરંતુ રાજ્ય સરકાર અમારા જુદા જુદા નિગમ થકી માત્ર ૩,૦૦૦ નહિ પણ ૫,૦૦૦ અને ૫,૦૦૦ કરતા વધારે લોકોને આ સ્વ રોજગાર તરફ આગળ વધે એ દિશામાં નિગમના માધ્યમથી ચોક્કસ મદદરૂપ થવાનો પ્રયત્ન કરશે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે અનુસૂચિત જાતિની કુલ અરજીઓ ૧૮,૭૪૬ આવી એમાંથી ૩૦૬૧ મંજૂર કરી છે અને બક્ષીપંચમાં ૬૮૧ આવી અને એમાંથી ૫૬૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે, તો એ સિવાયની અરજીઓ જે છે તે નામંજૂર કરવામાં આવી છે. જો નામંજૂર

કરવામાં આવી હોય તો તેનાં કારણો શાં હતાં? જેમ કહ્યું તેમ એક વ્યક્તિને બે વખત લાભ ન મળી શકે, તો એવી બેવડાતી અરજીઓ કેટલી હતી? નામંજૂર કરવા પાત્ર કેટલી અરજીઓ હતી?

**શ્રી રમણલાલ વોરા** : જે નામંજૂર કરેલ અરજીઓ લગભગ ૧૪,૩૫૯ ૨૦૦૫-૦૬ના વર્ષમાં છે. આંકડાકીય માહિતી આપું તો વાર્ષિક આવક વધારે હોવાથી ૧,૦૯૪ લોકોની, દાખલો સક્ષમ અધિકારીનો ન હોવાથી ૧૦૩૩, જાતિનો દાખલો સામેલ ન થવાને કારણે ૨૭૫, સક્ષમ અધિકારીનો દાખલો ન આપવાને કારણે ૨૬૫, ટૂલકીટ યોજના પહેલેથી અપાયેલી એવા ૫૧૩, કુટુંબના અન્ય સભ્યોને ટૂલકીટ આપી છે, તેવા ૪૮૬, અરજદારોની વધારે ઉંમર હોય તેવી ૨૩૧, અરજદારની ઓછી ઉંમર હોય તેવી ૨૫૯, અગાઉથી જેણે લોન સહાય લીધેલ છે એવી ૫૧૧, જે સક્ષમ અધિકારીના પ્રમાણિત નકલની ક્ષતિ પૂર્તતા સમયસર નહિ કરવાના કારણે ૬૨૬૪, એક જ કાર્ડમાં એક જ વ્યક્તિએ બે ફૉર્મ ભરેલ હોય તેવા ૨૫૨૩, આવકનો દાખલો જે તે નાણાકીય વર્ષનો ન હોવાના કારણે ૫૫૫, અનુસૂચિત જાતિ સિવાયના અન્ય લોકો આ યોજનામાં લાભ લીધો તેવા ૨૧૫, સીધા જોડાણ યોજનાની અંદર જે રાજ્ય સરકારના બાકીદાર છે એવા ૧૩૫ લોકો એમ કરીને આટલા વધારે સંખ્યાની અંદર આ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે. (અંતરાય) ૧,૦૦૦ માંથી ૩,૦૦૦ કર્યા છે. ૩ ગણો વધારો કર્યો છે. જરૂર પડશે તો આ જ સરકાર કરશે. ગરીબો માટે અન્ય યોજનાઓ આ રાજ્ય સરકારમાં છે. (અંતરાય) તમામ યોજના માત્રને માત્ર ગરીબોને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલી આ યોજનાઓ છે.

**બારડોલી તાલુકામાં સરદાર આવાસનાં પૂર્ણ થયેલ કામો**

***૨૧૬૩૨ શ્રી અનિલકુમાર મો.પટેલ(બારડોલી) : માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) બારડોલી તાલુકામાં તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ સરદાર આવાસ યોજના હેઠળ કેટલા આવાસ મંજૂર થયેલ છે

(૨) મંજૂર થયેલ આવાસ પૈકીના કેટલા આવાસનું કામ પૂર્ણ થયેલ નથી, અને

(૩) આવા આવસો કયા કારણસર અધૂરા છે અને આ આવાસો જલ્દીથી પૂર્ણ કરવા માટે સરકાર શી કાર્યવાહી કરવા માગે છે?

**ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી :**

(૧) બારડોલી તાલુકામાં તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ સરદાર આવાસ યોજના હેઠળ ૬૦ આવાસો મંજૂર થયેલ છે.

(૨) મંજૂર થયેલ આવાસ પૈકીના ૩૦ આવાસોનું કામ પ્રગતિ હેઠળ છે.

(૩) વહીવટી કારણોસર પ્રગતિ હેઠળનાં આ કામો ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ ના વર્ષમાં કુલ કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા અને કેટલા ખર્ચે અને આ આવાસોમાં કેટલા પૂર્ણ કરવામાં આવ્યા? આ પૈકીના કુલ કેટલાં કામ પ્રગતિમાં છે. કુલ કેટલાં કામ ચાલુ નથી કર્યાં અને તે કયા કારણોસર? આ આવાસોનાં કામમાં ભ્રષ્ટાચાર થયો હોવાની કોઈ ફરિયાદ સરકારશ્રીને મળી છે કે કેમ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે ૩૧-૧-૦૭ની સ્થિતિએ જે પૂછયું છે અને જે વર્ષનું પૂછયું છે તેમાં ૬૦ આવાસોના વર્ક ઑર્ડર આપ્યા છે અને અત્યાર સુધીમાં ૨૮-૨-૨૦૦૭ની સ્થિતિએ ૪૩ કામ પૂર્ણ થઈ ગયા છે. બાકીના કામો ચાલું છે. બાકીના જે વર્ષોની માહિતી આપી તેના માટે તેમણે જૂદી નોટિસ આપવી પડે. આ એક જ યોજના એવી છે કે જે બીજા કોઈ રાજયની અંદર આવી રીતે કેન્દ્ર સરકારની રાહત વગર અને આ યોજના રાજય સરકારની છે અને તેમાં રાજય સરકાર ૪૦ હજાર આપે છે. ૩ હજાર લાભાર્થીના છે. એટલે આ યોજના રાજય સરકારની છે. બીજા કોઈ રાજયમાં આવી યોજના નથી. સિવાય કે આ રાજયમાં

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં માનનીય મંત્રીશ્રી પાસેથી ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ની માહિતી માગી છે. તેમાં કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા અને કેટલા બન્યા તેની માહિતી મંત્રીશ્રી પાસે હોવી જોઈએ.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ માહિતી માગી છે. ૨૦૦૫-૦૬ અને ૨૦૦૪-૦૫ ની માહિતી માટે જૂદી નોટિસ આપે. તેમણે વ્યકિતગત જોઈતી હોય તો વ્યકિતગત મળશે તો હું આપીશ. તેમણે તો એક જ વર્ષની માહિતી માગી છે.

**અધ્યક્ષશ્રી .** : માહિતી હોય તો આપો.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬-૦૭ની આપી છે. તે માહિતી મારી પાસે નથી.

**અધ્યક્ષશ્રી .** : હોવી જોઈએ. તૈયાર રાખવી જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશની માહિતી અપાય છે. આ પ્રશ્નમાં એક બે વર્ષની અગાઉની માહિતી તૈયાર કરીને ન લાવે તે કેવી રીતે ચાલે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, બહુ સીધો પ્રશ્ન છે. ૩૧-૧-૦૭ની સ્થિતિએ સરદાર આવાસ નીચે કેટલા આવાસ મંજૂર થયા તેનો જવાબ આપ્યો છે. આ પ્રશ્નનું મીસઈન્ટરપ્રીટેશન કરો છો.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, આગળના વર્ષોની માહિતી માગી હોય તો આપત. તેમા હવે નવી નોટિસ આપવી પડે. વ્યકિતગત જોઈતી હોય તો આપીશ. આ પ્રશ્ન એક જ વર્ષનો પૂછયો છે.

**અધ્યક્ષશ્રી .** : તમે ટેબલ ઉપર મૂકી દેજો. બધી બાબતો ટેબલ ઉપર મૂકી દેજો.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, સારુ.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બીજા સવાલના જવાબમાં તેઓએ જણાવ્યું છે કે મંજૂર થયેલ આવાસો પૈકીના ૩૦ આવાસોનું કામ પ્રગતિ હેઠળ છે. ત્રીજા સવાલના જવાબમાં જણાવ્યું છે કે વહિવટી કારણોસર આટલા આવાસો તો કયા કારણસર તેના સવાલમાં વહિવટી કારણસર જણાવ્યું છે. તો માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે અધૂરા કામો રહ્યા છે અથવા ગતિમાં નથી તેમાં કયા વહિવટી કારણો છે કે જેના કારણે આ વિલંબમાં પડે.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૧-૧-૨૦૦૭ સુધીમાં પૂરા થઈ જશે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, આ આવાસો કયા કારણોસર અધૂરા છે તેના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે વહિવટી કારણોસર તો કયા વહિવટી કારણો છે તે જાણવું છે.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું કે ૩૧-૩-૨૦૦૭ સુધી પૂર્ણ થશે.

**અધ્યક્ષશ્રી .** : તેમને કારણો જાણવાં છે.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, વહિવટી કારણોસરની પ્રક્રિયામાં બી.પી.એલ.ની યાદી ચકાસવી પડે. બી.પી.એલ.યાદીમાં છે કે નહીં તે જોવું પડે. તેની પાસે પ્લોટ છે કે નહીં તે ચકાસવું પડે. એમને એમ કયાંથી મળે. આને વહિવટી કારણો કહેવાય.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ ત્રીજો એવો સવાલ પૂછયો છે કે આવા આવાસો કયા કારણોસર અધૂરા છે તો તેના જવાબમાં એમણે કહ્યું છે કે વહિવટી કારણોસર તો મારે જાણવું છે કે કયા વહિવટી કારણો છે?

**અધ્યક્ષશ્રી .** : હોય તો આપો.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, નથી સાહેબ . અમાં મારી પાસે જે માહિતી હતી તે આપી દીધી છે. આમાં ગામ ઉતારામાં અધૂરા પરંતુ પ્રગતિમાં છે તેવા આવાસોની સંખ્યા ચાર છે. વધાવા ગામમાં ચાર કામો અધૂરા છે છતાં પ્રગતિમાં છે. સાંભળો તો ખરા?

**અધ્યક્ષશ્રી .** : પ્લીઝ, એ આપ ટેબલ ઉપર મૂકી દેજો.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી ન હોય તો પ્રશ્ન મુલતવી રાખો.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ, મને જવાબ તો પૂરો કરવા દો. (અંતરાય) એ ડિસ્ટર્બ ન કરે.

**અધ્યક્ષશ્રી .** : માનનીય સભ્યશ્રીને જે માહિતી જોઈએ છે એ... (અંતરાય)

**શ્રી ભરત બારોટ** : વહીવટી કારણસર બધાના ઑર્ડર આપી દીધા હોય, કામો પ્રગતિમાં છે, પણ ક્યાંક કોઈ અરજી અધૂરી હોય એટલે એ ન થયા હોય (અંતરાય) એનો એક હપ્તો બાકી હોય, સાહેબ, આમાં હપ્તા આપતા હોઈએ છીએ, એ હપ્તાના સંદર્ભમાં એક હપ્તાનું આગળનું કામ બાકી હોય એટલે એને બીજો હપ્તો ન ચૂકવાયો હોય. (અંતરાય)

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : વહીવટી કારણો અંગેનો જવાબ ન હોય તો આ પ્રશ્ન મુલતવી રાખવો જોઈએ.

**શ્રી ભરત બારોટ:** માનનીય અધ્યક્ષશ્રી, આ મકાનો અરજદારોએ પોતાને બનાવવાના હોય છે એ અધૂરા હોય, એ પોતે એ લાભાર્થી પૂરા જાતમહેનતથી બનાવવાના હોય પણ એ ન બનાવે તો બીજો હપ્તો એને ન મળે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : જવાબમાં જે વહીવટી કારણો કહ્યા છે તો એ કયા છે?

**શ્રી ભરત બારોટ** : આમાં બહુ સ્પષ્ટ છે કે.. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં હું જવાબ આપું છું, એ જ વહીવટ ( અંતરાય) ભાઈ, પહેલાં જે વહીવટ થતો હતો એ વહીવટ નથી, (અંતરાય) આમાં વહીવટી કારણો આપવાનાં છે, હા, તમે જે વહીવટ કર્યો છે એટલે તો ત્યાં ગયા છો. (અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : એ તો તમે વહીવટ કરો છો, સમજ્યા, બેય બાજુમાં બેસીને તમે વહીવટ કરો છો, તમે પાંચ કરોડપતિઓ જોડે વહીવટ કરો છો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હવે હું જવાબ આપું છું.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ, જુઓ, આ એક સામાન્ય પ્રશ્ન છે, સામાન્ય બાબતને મોટી બાબત ન બનાવો, પ્લીઝ, પ્લીઝ. બેસો.

**શ્રી વજુભાઈ વાળા** : જવાબ તો ટ્રેજરી બેચમાંથી ગમે તે આપી શકે, હા, પણ જવાબ આપીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આમાં સરદાર આવાસ યોજના નીચે જે મકાનો બનાવવાના હોય એ અરજદારે પોતે જાત મહેનત કરીને બનાવવાના હોય છે પણ એને બદલે બીજા કોઈ માણસો મારફત બનાવતા હોય, બીજાથી એ કરતા

હોય એની અંદર એની રીતે ચકાસણી કર્યા પછી એમ કહેવામાં આવે કે આ મકાન તમારે કરવાનું છે, એ વહીવટ કારણ એ રીતે થયું. એના નિયમો હોય કે આ મકાનો આટલા રૂપિયામાં એ બનશે અને આટલા આટલા હપ્તા થશે અને એને પોતે જ આ રીતે કામ કરવાનું હોય, જાતમહેનત કરીને કરવાનું હોય, અને મજૂરી એ એક એનો ભાગ છે આ કિંમતમાં. એટલા માટે એ વહીવટી કારણસર સ્થળ તપાસમાં એવું નીકળ્યું હોય કે એ માણસ પોતે મકાન બનાવતો નથી અને બીજા માણસ મારફતે એ કરે છે તો એને ન મળે, એ જ કારણ છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : માનનીય પુંજાભાઈ, આ સામાન્ય સવાલ છે, પ્લીઝ, પ્લીઝ.

**શ્રી વજુભાઈ વાળા** : હા, એ જ વાંચો, જુઓ.

**અધ્યક્ષશ્રી** : જુઓ, પ્લીઝ, બેસો, હવે બેસી જાઓ, પ્લીઝ, પ્લીઝ, જુઓ, ગૃહનો સામાન્ય નિયમ એવો છે કે આપ પ્રશ્ન પૂછી શકો, એમાં પૂરક પ્રશ્ન પૂછી શકો પણ માનનીય મંત્રીશ્રી જે જવાબ આપે એ એનો જવાબ છે. (અંતરાય) નો, નો..પ્લીઝ. એ તો માનનીય વજુભાઈએ કહ્યું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એ લેખિતમાં આપ્યો છે.

**અધ્યક્ષશ્રી .** : પણ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે... (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : જવાબમાં એમ લખ્યું છે કે, વહીવટી કારણોસર પ્રગતિ હેઠળના આ કામો ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. જે અરજદારો છે એ અરજદારોના નામંજૂર કરતા નથી, પણ અમે એને કહીએ છીએ કે તમે આ કામ પૂર્ણ કરો, અને વહીવટી કારણોસર એ તમારે કરવાનું છે, તમે નથી કરતા એટલે હવે તમે કરો એમ કરીને અમે પૂર્ણ કરાવીને એને પૈસા દેવા માગીએ છીએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજુભાઈ વાળા કહે છે પણ પ્રશ્ન આવાસો અંગેનો પ્રશ્ન છે. આવા આવાસો કયા કારણોસર અધૂરા હતા. માનનીય વજુભાઈ કહે છે એ (અંતરાય) •* (xxxx) આ બાબતમાં વહીવટી કારણો કહ્યા છે એ કયા છે, એ હું પૂછું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો ગરીબ માણસો માટેના મકાનોની વાત છે. (અંતરાય) પણ એમણે જે શબ્દો કહ્યા એ શબ્દો પાછા ખેંચાવા જોઈએ. (અંતરાય). વારંવાર પુનરાવર્તન કરે છે વિરોધ પક્ષના નેતાશ્રી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એના તરફથી કહેવામાં આવે તો વાંધો નહીં, ત્યાંથી કહેવાય વહીવટ તો વાંધો નહીં, હું કહું એટલે શબ્દો પાછા ખેંચાવવાના. હું આ જ વહીવટનું કહું છું. આ આવાસ અંગેના વહીવટનું. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમાંનો નહીં, એમ મેં કહ્યું. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** :હું એમ કહું છું કે * (xxxx) આનો વહીવટ. હું એમ જ કહું છું. આજ વહીવટનું કહું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ કોઈ પ્રશ્ન જ નથી, આમાં બીજા બધાનો સમય વ્યય થાય છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે, સામાન્ય પ્રશ્ન માટે ગૃહનો આટલો સમય ન બગાડો. (અંતરાય) પ્લીઝ, પ્લીઝ. આપ બેસી જાવ. તમે પૂછવું હોય તો પૂછો.(અંતરાય) શું કહે છે માનનીય સભ્યશ્રી એ સાંભળો. (અંતરાય)

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનું કામકાજ ૧૫ મિનિટ માટે મુલતવી રાખું છું. (બપોરના ૩.૨૨)

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૩-૩૭ કલાકે ફરી મળી.**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

## અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓને ટ્યુશન ફી

૨૧૩૯૬ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ગ્રાન્ટ ન લેતી હોય તેવી હાઇસ્કુલોમાંની અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓને | (૧) નિયમોમાં જોગવાઈ ન હોવાના કારણે. |

• * (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

તા. ૧-૧-૦૭ ની સ્થિતિએ પણ ટ્યુશન ફી સરકાર ચૂકવતી નથી તેના શા કારણો છે, અને

(૨) અનુસૂચિત જાતિની ગરીબ વિદ્યાર્થીનીઓને આ ગ્રાન્ટ /ટ્યુશન ફી અંગે ફેર વિચારણા નહી કરવાના શા કારણો છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**મંડાલી (વિહાર)ની ગૌચર જમીન ઉપરના દબાણ દૂર કરવાની કાર્યવાહી**

૨૨૧૧૮**શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર):** તા. ૧૪-૯-૦૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક : ૧૩૨૨૦ (અગ્રતા ક્રમાંક : ૩૭) ના અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મંડાલી (વિહાર) તા. માણસાની ગોચરની જમીનનું દબાણ તા. ૩૧-૧-૦૭ સુધીમાં દૂર કરવામાં આવેલ નથી તેના શા કારણો છે, | (૧) મંડાલી (વિહાર) ગામની ગોચરની જમીન પેકી. --બ્લોક નં. ૧૦માં થયેલ દબાણો અંગે માણસા દિવાની કોર્ટમાં મેટર સબ જ્યુડીશ હોવાથી. --બ્લોક નં. ૧૦૪માં થયેલ દબાણો અંગે જિલ્લા પંચાયત અપીલ સમિતિએ મનાઈ હુક્મ આપેલ હોવાથી. |
| (૨) આ દબાણો દૂર નહીં કરનાર અધિકારી સામે સરકારે શી કાર્યવાહી કરી, | (૨) ક્રમાંક (૧) મુજબની હકીક્તના લીધે હાલમાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ દબાણો કેટલા સમયથી કરવામાં આવેલ છે અને દબાણકારો સામે દંડાત્મક કાર્યવાહી કરવા માંગે છે કે કેમ, અને | (૩) આ દબાણો ૧૯૯૧, ૧૯૯૮, ૨૦૦૧ તથા ૨૦૦૪થી થયેલા છે આ કુલ-૨૦૨ દબાણો પેકી ૭૫ દબાણો દૂર થયેલા છે બાકીના ૧૨૭ દબાણો અંગે ગ્રામ પંચાયતે દબાણદારોને દબાણ દૂર કરવા નોટીસ આપેલ છે. પરંતુ આ બાબત હાલમાં સબ જ્યુડીશ હોવાથી અને જિલ્લા પંચાયત, ગાંધીનગર અપીલ સમિતિનો મનાઈ હુક્મ હોવાથી બાકીના દબાણો હાલમાં યથાવત રહેલ છે. |
| (૪) આ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ? | (૪) ઉપર દર્શાવેલ બાબતોનો નિકાલ થયેથી વહેલી તકે આ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

-----------

**ઉકાઈ ડેમમાંથી મત્સ્ય ઉછેરનો ધંધો**

૨૨૦૪૦**શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના ઉકાઈ ડેમમાંથી મત્સ્ય ઉછેરનો ધંધો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કોને આપવામાં આવેલ છે. | (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ઉકાઈ જળાશય કોઈને ઈજારા ઉપર આપવામાં આવેલ નથી. |
| (૨) આ ડેમ આદિવાસી વિસ્તારમાં આવેલ હોઈ માછીમારીનો ધંધો આદિવાસી મંડળીઓને ન આપવાના શા કારણો છે, અને | (૨) ઉકાઈ જળાશયની આસપાસ સ્થાનિક આદિવાસી મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓ તથા ઉકાઈ અસરગ્રસ્ત મત્સ્યોદ્યોગ સહકારી સંઘ ડીફોલ્ટર હોવાથી પ્રવર્તમાન ઈજારા નીતિની જોગવાઈ મુજબ ઈજારો આપી શકાયેલ નથી. |
| (૩) મત્સ્યોદ્યોગ મંડળીના સભાસદોને રોજી રોટી મળી રહે તે માટે સરકારે શું આયોજન કર્યું છે ? | (૩) લોકલ સહકારી મંડળીઓ અને આગેવાનોની સાથે પરામર્શ કરેલ છે. તેઓની પ્રપોઝલની રાહ જોઈએ છીએ. |

-----------

**સુરેન્દ્રનગર જિલ્લામાં બિયારણ કિટ્સ અને જંતુનાશક દવા**

૨૧૩૫૩ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા | (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા |

તાલુકામાં તા. ૧-૧-૦૫ થી તા. ૩૧-૧૨-૦૬ દરમ્યાન બક્ષીપંચ અને નાના અને સીમાંત ખેડૂતોને કેટલી બિયારણ કિટ્સ અને જંતુનાશક દવાઓ આપવામાં આવી, અને

(૨) આ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

તાલુકામાં તા.૧-૧-૦૫ થી તા.૩૧-૧૨-૦૬ દરમ્યાન બક્ષીપંચ અને નાના સિમાંત ખેડુતોને કુલ ૩૦૩૬ બીયારણ કીટ્સ (જંતુનાશક દવાઓ સાથે) આપવામાં આવેલ છે.

(૨) આ પાછળ કુલ રૂા. ૬,૭૫,૮૬૧/- નો ખર્ચ કરવામાં આવ્યો.

-----------

**રાજ્યમાં ભારે વરસાદથી નુકસાન માટે રાહત**

૨૨૩૮૯**પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જુલાઇ-ઓગષ્ટ ૨૦૦૬ દરમ્યાન રાજ્યમાં આવેલ ભારે પૂરની પરિસ્થિતિથી કૃષિ ક્ષેત્રને નુકસાન અન્વયે રાજ્ય સરકારે કઇ કઇ રાહતો જાહેર કરી ?

**જવાબ**

જુલાઇ-ઓગષ્ટ ૨૦૦૬ દરમ્યાન રાજ્યમાં આવેલ પૂરની પરિસ્થિતિથી થયેલ નુકસાન અન્વયે સરકારશ્રીએ તા. ૪-૯-૦૬ના ઠરાવથી કૃષિ સહાય પેકેજ ૧ થી ૪ તેમજ સહાયીત દરે બીજ વિતરણ યોજના જાહેર કરી હતી. જેની વિગત નીચે મુજબ છે.

**અ.** પેકેજ-૧માં ઉભા પાક ૫૦% કે તેથી વધુ નિષ્ફળ ગયો હોય તેવા નાના અને સિમાંત ખેડૂતોને વાર્ષિક ખેતી/બાગાયતી બીન પિયત પાકો માટે રૂા. ૧૫૦૦/- અને પિયત પાકો માટે રૂા. ૩૦૦૦/-પ્રતિ હેકટરે સહાય, જ્યારે બહુ વર્ષાયુ બાગાયતી પાકો માટે રૂા. ૪૦૦૦/- પ્રતિ હેકટરે સહાય.

**બ.** પેકેજ-૨માં નાના અને સિમાંત સિવાયના અન્ય ખેડૂતોને ઉભા પાકમાં ૫૦% કે તેથી વધુ નુકસાન થયેલ હોય તો રૂા. ૧૦૦૦/- પ્રતિ હેકટર પ્રમાણે વધુમાં વધુ ત્રણ હેકટર માટે સહાય.

**ક.** પેકેજ-૩માં જે ખેડૂતોને યાંત્રિક સાધનો, સિંચાઈના સાધનો અને હયાત કૂવા/ટયુબવેલમાં નુકસાન થયેલ હોય તો તેવા બી.પી.એલ.ની યાદીમાં સમાવિષ્ટ નાના અને સિમાંત ખેડૂતોને ખર્ચના ૫૦% પરંતુ વધુમાં વધુ રૂા. ૫૦૦૦/- ની મર્યાદામાં અને બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ન થયેલ હોય તેવા નાના અને સિમાંત ખેડૂતોને ખર્ચના ૨૫% અને વધુમાં વધુ રૂા. ૫૦૦૦/- ની મર્યાદામાં બેન્કેબલ યોજના અંતર્ગત સહાય.

**ડ.** પેકેજ-૪માં જમીનમાં નદી/નાળાના પ્રવાહ બદલવાના કારણે મોટા પાયે જમીનનું ધોવાણ થયેલ હોય તેવા સંજોગોમાં જમીન મુળ સ્વરૂપમાં લાવવા માટે નાના અને સિમાંત ખેડૂતોને રૂા. ૧૦૦૦૦/- પ્રતિ હેકટરની મર્યાદામાં સહાય.

જ્યારે જમીનમાં ઓછા વધતું ધોવાણ થયેલ હોય અથવા રેતી/કાંપના ભરાવાના કારણે જમીન અસમતલ બનેલ હોય તેવા સંજોગોમાં જમીન મુળ સ્વરૂપમાં લાવવા માટે થયેલ ખર્ચના નાના અને સિમાંત ખેડૂતોને અનુક્રમે ૨૫% અને ૩૩.૩ ટકા અને મુજબ રૂા. ૫૦૦૦/-ની મર્યાદામાં સહાય.

નાના અને સિમાંત ખેડૂતો સિવાયના તમામ ખેડૂતોને મોટા પ્રમાણમાં જમીન ધસી પડી હોય/નદી-નાળા કે નદીના કોઈ ફાંટાના વહેણ બદલાવવાથી ધોવાણ થયેલ હોય કે જમીન અસમતલ થઈ હોય તેને સમતલ કરવા કે મૂળ સ્વરૂપમાં લાવવા રૂા. ૫૦૦૦/- પ્રતિ હેકટર આપવા ખરેખર ખર્ચ એ બેમાંથી જે ઓછું

હોય તે પરંતુ વધુમાં વધુ પાંચ હેક્ટરની મર્યાદામાં સહાય.

**ઈ. ખરીફ ૨૦૦૬ કે રવિ. ૦૬-૦૭માં આપાતકાલીન પુનઃવાવેતર માટે સહાયીત દરે બીજ વિતરણની યોજના.**

રાજ્યના નાના અને સિમાંત ખેડૂતો કે જેનું વાવેતર ૫૦ટકા તેથી વધારે વિસ્તારમાં નિષ્ફળ ગયેલ હોય તેને પુનઃવાવેતર માટે બિયારણના ખરીદ કિંમતના ૭૫% અને નાના સિમાંત સિવાયના ખેડૂતોને ૫૦ટકા લેખે રૂા. ૫૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં વધુમાં વધુ પાંચ હેક્ટર માટે ખરીફ ૨૦૦૬ કે રવિ-૨૦૦૬-૦૭માં સહાયના દરે બીજ વિતરણ.

-----------

## વડોદરા તાલુકામાં ખેત તલાવડીનું નિર્માણ

૨૧૬૨૬**શ્રી દિલુભા ટે. ચુડાસમા(વડોદરા (ગ્રામ્ય) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા તાલુકામાં કુલ કેટલી ""ખેત તલાવડીનું"" નિર્માણ થયું, | (૧) ૪૫૦ ખેત તલાવડી. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલી કાર્યરત છે, અને | (૨) તમામ. |
| (૩) તેનાથી કેટલી જમીનને પાણીનો લાભ મળે છે ? | (૩) ૭૪ હેક્ટર જમીનને પાણીનો લાભ મળે છે. |

-----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોને ચૂકવેલ પાક વીમાની રકમ

૨૦૯૭૪**શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને પાક વીમાની કુલ કેટલી રકમ ચૂકવાઇ, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ખેડૂતોને નીચે મુજબ પાક વીમાની રકમ ચૂકવવામાં આવેલ છે.

| અ.નં. | ઋતુ/વર્ષ | તાલુકો | ખેડૂતોની સંખ્યા | ચૂકવેલ રકમ રૂા. લાખમાં. |
|---|---|---|---|---|
| ૧ | રવિ-૨૦૦૨-૦૩ | લીંબડી | ૬૬૬ | ૧૩.૮૨ |
| ૨ | ખરીફ-૨૦૦૩ | ચૂડા | ૨૮૭૪ | ૧૮૨.૫૪ |
| | | સાયલા | ૬૬૬૯ | ૨૭૪.૬૯ |
| ૩ | ખરીફ-૨૦૦૪ | ધ્રાંગધ્રા | ૧૬ | ૦.૭૫ |
| | | વઢવાણ | ૧૪૧ | ૦.૬૫ |
| ૪ | ખરીફ-૨૦૦૫ | દસાડા | ૨૩૫ | ૪.૬૮ |
| | | ચૂડા | ૪ | ૦.૦૫ |
| | | વઢવાણ | ૧૩૪ | ૪.૩૩ |
| કુલ | | | ૧૦૭૩૯ | ૪૮૧.૫૧ |

(૨) કેટલા ખેડૂતોને કેટલી રકમ ચૂકવવાની બાકી છે અને બાકી રહેલ વીમા રકમ નહીં ચૂકવવાના શાં કારણો છે ?

(૨) મંજૂર થયેલ કોઈ રકમ ખેડૂતોને ચૂકવવાની બાકી નથી.

-----------

**કચ્છ જિલ્લામાં ગોશાળા અને પાંજરાપોળોને બાંધકામ અંગે ચૂકવણી**

૨૨૨૭૬ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય ગોસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ભૂકંપગ્રસ્ત વિસ્તારની ગોશાળા-પાંજરાપોળને ભૂકંપથી ધ્વંશ થયેલ મકાનો બાંધવા પૂરતી રકમ મળી નથી તે હકીક્ત સાચી છે, | (૧) ના. જી. |
| (૨) જો હા, તો જિલ્લામાં આવી કઇ કઇ ગોશાળા કે પાંજરાપોળને તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ પૂરી રકમ બાંધકામ અન્વયે મળી નથી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ભૂકંપના કારણે કચ્છ જિલ્લામાં પાંજરાપોળ ગોશાળાને કેટલું નુક્સાન થયેલ અને તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલું ચૂકવણું થયું ? | (૩) ક્લેકટરશ્રી, ભુજ દ્વારા થયેલ તાંત્રિક સર્વે મુજબ ભૂકંપ દરમ્યાન કચ્છ જિલ્લાની ૬૦ ગોશાળા/પાંજરાપોળને રૂા. ૨,૬૬,૯૩,૨૫૬/-ની નુક્સાનીનો અંદાજ આપેલ હતો. જે પૈકી જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની ૧૫% ગોશાળા/ પાંજરાપોળોએ જરૂરી દસ્તાવેજો પુરા પાડતા નુક્સાનીના ૭૫% પ્રમાણે રૂા. ૩૬,૦૪,૨૫૦/-ની ભૂકંપ સહાયનું ચુકવણું તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ કરવામાં આવેલ છે. |

**યાદી**

ભૂકંપ સહાય ચૂકવાયેલ સંસ્થાઓની યાદી

| **અ.નં.** | **સંસ્થાનું નામ** | **ચૂક્વાયેલ રકમ** |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | શ્રી અંજાર પાંજરાપોળ | ૨,૯૨,૫૦૦/- |
| ૨ | શ્રી નગાવલાડીયા પાંજરાપોળ | ૨,૨૫,૦૦૦/- |
| ૩ | શ્રી માધાપર ગો રક્ષા સંસ્થા | ૧,૮૦,૦૦૦/- |
| ૪ | શ્રી ભૂજ પાંજરાપોળ | ૩,૩૭,૫૦૦/- |
| ૫ | શ્રી મુન્દ્રા પાંજરાપોળ | ૭,૫૦૦/- |
| ૬ | શ્રી લુણી પાંજરાપોળ | ૪,૮૭૫/- |
| ૭ | શ્રી મોટા કાંડાગરા પાંજરાપોળ | ૧૧,૨૫૦/- |
| ૮ | શ્રી વડાલા પાંજરાપોળ | ૨,૧૭,૫૦૦/- |
| ૯ | શ્રી રતાડીયા પાંજરાપોળ | ૧૭,૬૨૫/- |
| ૧૦ | શ્રી ગુંદાલા પાંજરાપોળ | ૨,૧૧,૮૦૦/- |
| ૧૧ | શ્રી મોટી ભુજપુર પાંજરાપોળ | ૧૮,૭૫૦/- |
| ૧૨ | શ્રી માંડવી પાંજરાપોળ | ૮,૮૪,૦૦૦/- |
| ૧૩ | શ્રી રવેચી દેવસ્થાન ગોશાળા | ૪,૩૮,૭૫૦/- |
| ૧૪ | શ્રી પ્રાગપુર પાંજરાપોળ | ૩૦,૦૦૦/- |
| ૧૫ | શ્રી જીવદયા મંડળ, રાપર | ૭,૨૭,૨૦૦/- |
| | **કુલ** | **૩૬,૦૪,૨૫૦/-** |

-----------

**અતિ વરસાદથી સાબરકાંઠા જિલ્લામાં જમીનનું ધોવાણ**

૨૧૧૧૫**શ્રી દિપસિંહ શં. રાઠોડ(પ્રાંતિજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૫-૦૬ના વર્ષમાં સાબરકાંઠામાં અતિપૂરના કારણે ખેડૂતોને કેટલું નક્સાન થયું ને કેટલી જમીનમાં ધોવાણ થયું, અને | (૧) અને (૨) ૨૦૦૫-૦૬ ના વર્ષમાં સાબરકાંઠા જીલ્લાને અસરગ્રસ્ત જાહેર કરવામાં આવેલ ન હોવાથી મદદ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૨) ધોવાણ થયેલ જમીન માટે સરકારે શું મદદ કરી ?

-----------

**તીર્થગ્રામ તરીકે જાહેર થયેલ ગામો**

૨૧૫૪૮ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૦૭ સુધીમાં રાજ્યમાં કુલ કેટલા ગામોને જિલ્લાવાર તીર્થગ્રામ તરીકે જાહેર કરવામાં આવ્યા છે ?

**જવાબ**

પત્રક મુજબ :

**પત્રક**

**તીર્થગામ તરીકે જાહેર થયેલ ગામોની વર્ષવાર માહિતી પત્રક**

| અ.નં. | જીલ્લાનું નામ | સને ૨૦૦૪-૦૫ | સને ૨૦૦૫-૦૬ | સને ૨૦૦૬-૦૭ (તા.૩૧/૧/૦૭ અંતિત) | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪ | ૨ | ૦ | ૬ |
| ૨ | અમરેલી | ૧૮ | ૦ | ૪ | ૨૨ |
| ૩ | આણંદ | ૨ | ૦ | ૦ | ૨ |
| ૪ | બનાસકાંઠા | ૨૦ | ૧૨ | ૦ | ૩૨ |
| ૫ | ભાવનગર | ૧૫ | ૦ | ૪ | ૧૯ |
| ૬ | ભરુચ | ૭ | ૧ | ૦ | ૮ |
| ૭ | દાહોદ | ૩ | ૦ | ૦ | ૩ |
| ૮ | ડાંગ | ૨૭ | ૭ | ૦ | ૩૪ |
| ૯ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | જામનગર | ૯ | ૧ | ૦ | ૧૦ |
| ૧૧ | જૂનાગઢ | ૫ | ૬ | ૦ | ૧૧ |
| ૧૨ | ખેડા | ૩ | ૦ | ૦ | ૩ |
| ૧૩ | કચ્છ | ૧૬ | ૧૦ | ૦ | ૨૬ |
| ૧૪ | મહેસાણા | ૩ | ૧ | ૦ | ૪ |
| ૧૫ | નર્મદા | ૪ | ૧૧ | ૦ | ૧૫ |
| ૧૬ | નવસારી | ૧૨ | ૦ | ૦ | ૧૨ |
| ૧૭ | પંચમહાલ | ૧૯ | ૭ | ૦ | ૨૬ |
| ૧૮ | પાટણ | ૪ | ૦ | ૨ | ૬ |
| ૧૯ | પોરબંદર | ૧ | ૧ | ૦ | ૨ |
| ૨૦ | રાજકોટ | ૧૬ | ૫ | ૦ | ૨૧ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૩ | ૨ | ૨ | ૭ |
| ૨૨ | સાબરકાંઠા | ૧૨ | ૬ | ૮ | ૨૬ |
| ૨૩ | સુરત | ૬૨ | ૭ | ૦ | ૬૯ |
| ૨૪ | વડોદરા | ૨૭ | ૦ | ૦ | ૨૭ |
| ૨૫ | વલસાડ | ૧૭ | ૦ | ૦ | ૧૭ |
| | **કુલ...** | **૩૦૯** | **૭૯** | **૨૦** | **૪૦૮** |

-----------

**ભરૂચ જિલ્લામાં ઇન્દિરા આવાસના પૂર્ણ થયેલ મકાનો**

૨૦૯૭૧**શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસો તાલુકાવાર ફાળવેલ છે,

**જવાબ**

(૧) ભરુચ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇન્દિરા આવાસ યોજના હેઠળ નીચેની વિગતે તાલુકાવાર આવાસો ફાળવેલ છે.

| **ક્રમ** | **તાલુકો** | **૨૦૦૫-૦૬** | | **૨૦૦૬-૦૭** | | **કુલ** | |
|---|---|---|---|---|---|---|---|
| | | **ફાળવેલ આવાસો** | **મંજુર કરેલ આવાસો** | **ફાળવેલ આવાસો** | **મંજુર કરેલ આવાસો** | **ફાળવેલ આવાસો** | **મંજુર કરેલ આવાસો** |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | જંબુસર | ૫૪૮ | ૫૪૭ | ૩૧૪ | ૩૩૨ | ૮૬૨ | ૮૭૯ |
| ૨. | આમોદ | ૧૬૨ | ૨૧૧ | ૨૫૫ | ૧૯૯ | ૪૧૭ | ૪૧૦ |

| ક્રમ | તાલુકો | ૨૦૦૫-૦૬ | | ૨૦૦૬-૦૭ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | ફાળવેલ આવાસો | મંજુર કરેલ આવાસો | ફાળવેલ આવાસો | મંજુર કરેલ આવાસો | ફાળવેલ આવાસો | મંજુર કરેલ આવાસો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૩. | વાગરા | ૧૫૯ | ૧૮૨ | ૨૫૫ | ૧૭૩ | ૪૧૪ | ૩૫૫ |
| ૪. | ભરુચ | ૪૦૮ | ૪૨૦ | ૨૮૩ | ૨૯૧ | ૬૯૧ | ૭૧૧ |
| ૫. | અંકલેશ્વર | ૨૬૧ | ૨૮૦ | ૧૯૮ | ૨૦૭ | ૪૫૯ | ૪૮૭ |
| ૬. | હાંસોટ | ૧૫૯ | ૧૬૧ | ૧૬૪ | ૧૭૧ | ૩૨૩ | ૩૩૨ |
| ૭. | વાલીયા | ૪૪૦ | ૪૫૩ | ૫૪૭ | ૫૫૦ | ૫૮૭ | ૧૦૦૩ |
| ૮. | ઝગડીયા | ૩૯૮ | ૪૨૯ | ૫૯૫ | ૫૮૧ | ૯૯૩ | ૧૦૧૦ |
| | **કુલ..** | **૨૫૩૫** | **૨૬૮૩** | **૨૬૧૧** | **૨૫૦૪** | **૫૧૪૬** | **૫૧૮૭** |

(૨) તે પૈકી કેટલા મકાનો પૂર્ણ થયા અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) નીચેની વિગતે મકાનો પૂર્ણ થયા અને ખર્ચ કરવામાં આવ્યો.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૦૫-૦૬ | | | ૨૦૦૬-૦૭ | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર થયેલ આવાસો | પૂર્ણ આવાસો | થયેલ ખર્ચ રૂા.લાખમાં) | મંજુર થયેલ આવાસો | પૂર્ણ આવાસો | થયેલ ખર્ચ (રૂા.લાખમાં) | મંજુર થયેલ આવાસો | પૂર્ણ આવાસો | થયેલ ખર્ચ રૂા.લાખમાં) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | જંબુસર | ૫૪૭ | ૪૪૭ | ૧૬૩.૦૧ | ૩૩૨ | ૭૦ | ૬૭.૮૭ | ૮૭૯ | ૬૧૭ | ૨૩૦.૮૮ |
| ૨ | આમોદ | ૨૧૧ | ૧૮૯ | ૫૨.૮૯ | ૧૯૯ | ૨૨ | ૧૪.૫૪ | ૪૧૦ | ૨૧૧ | ૬૭.૪૩ |
| ૩ | વાગરા | ૧૮૨ | ૧૭૪ | ૫૬.૬૯ | ૧૭૩ | ૫૪ | ૧૭.૬૬ | ૩૫૫ | ૨૨૮ | ૭૪.૩૫ |
| ૪ | ભરુચ | ૪૨૦ | ૪૨૦ | ૧૧૨.૫૦ | ૨૯૧ | ૧૬ | ૨૭.૪૬ | ૭૧૧ | ૪૩૬ | ૧૩૯.૯૬ |
| ૫ | અંકલેશ્વર | ૨૮૦ | ૨૬૧ | ૮૫.૪૫ | ૨૦૭ | ૩૯ | ૩૯.૬૮ | ૪૮૭ | ૩૦૦ | ૧૨૫.૧૩ |
| ૬ | હાંસોટ | ૧૬૧ | ૧૬૧ | ૪૮.૮૦ | ૧૭૧ | ૫૭ | ૨૯.૪૮ | ૩૩૨ | ૨૧૮ | ૭૮.૨૮ |
| ૭ | વાલીયા | ૪૫૩ | ૪૩૬ | ૧૨૯.૭૦ | ૫૫૦ | ૮૦ | ૬૨.૦૪ | ૧૦૦૩ | ૫૧૬ | ૧૯૧.૭૪ |
| ૮ | ઝગડીયા | ૪૨૯ | ૩૯૦ | ૧૨૫.૮૫ | ૫૮૧ | ૧૫૬ | ૮૧.૪૩ | ૧૦૧૦ | ૫૪૫ | ૨૦૭.૨૮ |
| | કુલ... | ૨૬૮૩ | ૨૫૭૮ | ૭૭૪.૮૯ | ૨૫૦૪ | ૪૯૪ | ૩૪૦.૧૬ | ૫૧૮૭ | ૩૦૭૨ | ૧૧૧૫.૦૫ |

(૩) કેટલા આવાસોના બાંધકામ શરૂ કરાયેલ નથી ? તે ક્યારે શરૂ કરવામાં આવશે ?

(૩) કુલ ૧૭૫ આવાસોના બાંધકામ શરૂ કરાયેલ નથી. તે પૈકી ૧૯ રદ કરવાના થાય છે. અને ૧૫૬ આવાસોનું બાંધકામ લાભાર્થી દ્વારા ત્વરિતે થાય તેવું આયોજન કરેલ છે.

-----------

## વલસાડ જિલ્લા પંચાયત કચેરીમાં ખાલી જગ્યાઓ

૨૨૧૨૯**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લા પંચાયત કચેરીમાં મંજૂર થયેલ મહેકમ મુજબની લાંબા સમયથી ખાલી પડેલ જગ્યાઓ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલી છે,

(૨) આવી જગ્યાઓ કઇ કઇ અને કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) ૩૩.

(૨)

| ક્રમ | ખાલી જગ્યાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧. | અધિક્ષક | ૧ |
| ૨. | નાયબ ચીટનીશ | ૭ |
| ૩. | નાયબ હિસાબનીશ | ૧ |
| ૪. | જુનીયર ક્લાર્ક (હિ) | ૧ |
| ૫. | અંગ્રેજી ટાઈપીસ્ટ | ૧ |
| ૬. | સંશોધન મદદનીશ | ૨ |
| ૭. | મીકે. સુપર. | ૧ |

| | | |
|---|---|---|
| ૮. | ડ્રાઈવર | ૭ |
| ૯. | પી.એચ.એન. | ૧ |
| ૧૦. | સ્ટેનોગ્રેડ-૨ | ૧ |
| ૧૧. | હિસાબનીશ | ૧ |
| ૧૨. | સી.એક્ર.ક્લાર્ક | ૩ |
| ૧૩. | સમાજ કલ્યાણ નીરીક્ષક | ૧ |
| ૧૪. | આંકડા મદદનીશ | ૧ |
| ૧૫. | મદદ. મેલે. અધિ. | ૧ |
| ૧૬. | ડી.એસ.આઈ./ એસ.એસ.આઈ. | ૨ |
| ૧૭. | પટાવાળા | ૧ |
| | કુલ : | ૩૩ |

આ જગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

(૩) આવી ખાલી જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે ?

(૩) બનતી ત્વરાએ.

-----------

**બનાસકાંઠા જિલ્લામાં ખાતરનો જથ્થો ફાળવવા અંગે**

૨૧૪૦૫**શ્રી ભેમાભાઈ ૨ા. પટેલ(દીઓદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ખાતરની જરૂરીયાત સામે કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો, અને

(૨) જરૂરીયાત કરતાં ઓછો જથ્થો ફાળવવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ખાતરની જરૂરીયાત સામે ફાળવેલ જથ્થાની વિગત આ પ્રમાણે છે :

| ખાતરનું નામ | ખાતરની જરૂરીયાત (મે.ટન) | ફાળવેલ જથ્થો (મે.ટન) |
|---|---|---|
| યુરિયા | ૮૩૮૦૬ | ૮૩૮૬૮ |
| ડીએપી | ૧૨૧૧૦ | ૧૨૭૬૫ |
| એમઓપી | ૫૭૯૬ | ૭૨૮૯ |

(૨) જરૂરીયાત કરતાં ફાળવણી વધારે હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ખેડબ્રહ્મા તાલુકામાં દુધાળા ઢોર ખરીદવાની માંગણી**

૨૨૧૧૭ **શ્રીમતી ૨મીલાબેન ૨ા. દેસાઈ(ખેરાલુ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડબ્રહ્મા તાલુકાના ખેડૂતોને પશુપાલન માટે વર્ષ ૨૦૦૬-૨૦૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલી સહાય દુધાળા ઢોર માટે આપવામાં આવી, અને

(૨) કેટલા દુધાળા ઢોરની માંગણી પડતર છે ?

**જવાબ**

(૧) બેંન્કો દ્વારા અરજીઓ મંજુર ન થવાના કારણે કોઇ સહાય ચુકવી શકાયેલ નથી.

(૨) બેંક કક્ષાએ કુલ ૪ અરજીઓ પડતર છે.

-----------

**આણંદ જિલ્લામાં અતિવૃષ્ટિથી નુક્સાન**

૨૦૮૬૬ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકા પ્રમાણે અતિવૃષ્ટિથી ખેડૂતોની જમીનને કેટલું નુક્સાન થયું;

**જવાબ**

(૧) તાલુકાવાર નુક્સાનની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું | નુક્સાનનો વિસ્તાર |
|---|---|---|
| ૧. | આણંદ | ૧૩૩૨.૫૫ |
| ૨. | ઉમરેઠ | ૬૨૬.૧૭ |
| ૩. | બોરસદ | ૯૮૧.૫ |

| | | |
|---|---|---|
| ૩. | બોરસદ | ૯૮૧.૫ |
| ૪. | આંકલાવ | ૯૩૩.૧૯ |
| ૫. | પેટલાદ | ૬૧.૨૬ |
| ૬. | સોજીત્રા | ૫૦.૮૩ |
| ૭. | ખંભાત | ૧૬૩૯.૧૪ |
| ૮. | તારાપુર | ૧૬૯૦.૮૧ |
| | કુલ : | ૭૩૧૫.૪૫ |

(૨) ખેડૂતોને સરકાર તરફથી તા. ૩૧-૧-૦૭ સુધીમાં હેક્ટર દીઠ શું વળતર ચૂકવાયું;

(૩) કેટલા ખેડૂતોને ક્યા તાલુકામાં વળતર ચૂકવવાનું બાકી છે, અને

(૪) ક્યા કારણોસર બાકી છે અને ક્યારે ચૂકવવામાં આવશે ?

(૨) હેક્ટર દીઠ નુક્સાનીના પ્રમાણમાં વળતર ચૂકવાયેલ છે.

(૩) તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ચૂકવણા માટે બાકી ખેડૂતોની સંખ્યા |
|---|---|---|
| ૧. | આણંદ | ૧૨૯૦ |
| ૨. | ઉમરેઠ | ૬૧૯ |
| ૩. | બોરસદ | ૧૩૨૭ |
| ૪. | આંકલાવ | ૧૦૭૦ |
| ૫. | પેટલાદ | ૭૪ |
| ૬. | સોજીત્રા | ૫૧ |
| ૭. | ખંભાત | ૧૪૮૧ |
| ૮. | તારાપુર | ૮૩૨ |
| | કુલ : | ૬૭૪૪ |

(૪) વહીવટી કારણોસર બાકી છે. જેમ બને તેમ જલદીથી.

-----------

**રાજ્યમાં પશુ ડૉક્ટર, લાઇવ સ્ટોક ઇન્સ્પેક્ટરની ખાલી જગા**

૨૦૧૪૨**શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પશુ ડૉક્ટરો અને લાઇવ સ્ટોક ઇન્સ્પેક્ટરોની કેટલી જ્યાઓ ખાલી છે,

(૨) આ જ્યાઓ ભરવા છેલ્લા એક વર્ષમાં ક્યારે ક્યારે ઇન્ટરવ્યુ પરીક્ષા લેવામાં આવ્યા,

(૩) કેટલી જ્યાઓ ભરવા ઓર્ડર બહાર પાડવામાં આવ્યા, અને

(૪) ઇન્ટરવ્યુ પરીક્ષા બાદ ભરતી ન કરવાના કારણો શા શા છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં પશુ ચિકિત્સા અધિકારીની ૧૮૮ અને લાઇવ સ્ટોક ઇન્સ્પેક્ટરની ૫૩૩ જ્યાઓ જિલ્લાવાર પત્રકમાં દર્શાવ્યા મુજબ ખાલી છે. (પત્રક સામેલ છે.)

(૨) છેલ્લા એક વર્ષમાં ઇન્ટરવ્યુ થયેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પત્રક

તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ તથા લાઇવ સ્ટોક ઇન્સ્પેક્ટર વર્ગ-૩ની ખાલી જ્યાની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | જિલ્લાનું નામ | પશુ ચિકિત્સા અધિકારીની ખાલી જ્યા | લાઇવ સ્ટોક ઇન્સ્પેક્ટરની ખાલી જ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | વલસાડ | ૬ | ૨૫ |
| ૨ | નવસારી | ૬ | ૪ |

| અ.નં. | જિલ્લાનું નામ | પશુ ચિકિત્સા અધિકારીની ખાલી જગ્યા | લાઇવ સ્ટોક ઇન્સ્પેકટરની ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૩ | ડાંગ-આહવા | ૨ | ૩ |
| ૪ | સુરત | ૧૨ | ૬૫ |
| ૫ | ભરૂચ | ૭ | ૨૦ |
| ૬ | નર્મદા | ૨ | ૧૫ |
| ૭ | વડોદરા | ૮ | ૫૫ |
| ૮ | પંચમહાલ-ગોધરા | ૧૨ | ૧૮ |
| ૯ | દાહોદ | ૨ | ૧૧ |
| ૧૦ | આણંદ | ૪ | ૧૨ |
| ૧૧ | નડીયાદ | ૬ | ૧ |
| ૧૨ | અમદાવાદ | ૩ | ૮૧ |
| ૧૩ | ગાંધીનગર | - | ૫ |
| ૧૪ | સાબરકાંઠા | ૧૧ | ૧૩ |
| ૧૫ | મહેસાણા | - | ૮ |
| ૧૬ | પાટણ | ૫ | - |
| ૧૭ | બનાસકાંઠા | ૩ | ૧૮ |
| ૧૮ | કચ્છ | ૨૦ | ૨૦ |
| ૧૯ | જામનગર | ૧૨ | ૯ |
| ૨૦ | રાજકોટ | ૫ | ૫૬ |
| ૨૧ | પોરબંદર | ૨ | ૬ |
| ૨૨ | જુનાગઢ | ૧૭ | ૨૭ |
| ૨૩ | અમરેલી | ૧૩ | ૧૬ |
| ૨૪ | ભાવનગર | ૧૭ | ૪૦ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૧૩ | ૫ |
| | કુલ | ૧૮૮ | ૫૩૩ |

-----------

**જૂનાગઢ જિલ્લામાં એક્ષપોર્ટ ઝોનને મંજૂરી**

૨૧૯૩૨**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ક્યા ક્યા એગ્રીકલ્ચર એક્ષપોર્ટ ઝોનને મંજૂરી આપવામાં આવેલ છે,

(૨) તેમાં સરકાર કોઇ વધારો કરવા માંગે છે કે કેમ, અને

(૩) આવા ઝોનથી ખેડૂતોને ક્યા ક્યા પ્રકારના ફાયદાઓ થવા પામ્યા છે ?

**જવાબ**

(૧) ડુંગળી માટે.

(૨) કેરી અને શાકભાજી માટેના એગ્રી એક્ષપોર્ટ ઝોનમાં જૂનાગઢ જિલ્લાનો સમાવેશ કરવાની કાર્યવાહી ચાલુ છે.

(૩) એગ્રી એક્ષપોર્ટ ઝોનથી ખેડૂતોને પોષણક્ષમ વળતરનો સીધો ફાયદો થશે.
જ્યારે એગ્રો પ્રોસેસીંગ પ્રોજેક્ટો સ્થાપવાથી પ્રિ અને પોસ્ટ હાર્વેસ્ટીંગની તાલીમ ખેડૂતોને મળશે. જેથી કૃષિ પાકોની ગુણવત્તામાં સુધારો થવાથી સારૂ વળતર મળશે.

-----------

**રાજ્યમાં ડૉ. આંબેડકર આવાસના પૂર્ણ થયેલ મકાનો**

૨૨૧૧૧**શ્રી નરેશકુમાર મી. કનોડિયા(કરજણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, તેમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે, | (૧) ફાળવેલ ગ્રાન્ટ રૂા. ૨૧,૯૮,૨૫,૦૦૦/-<br>થયેલ ખર્ચ રૂા. ૨૦,૨૩,૪૨,૦૭૫/- |
| (૨) તા. ૩૧-૩-૦૬ની સ્થિતિએ કુલ કેટલા મકાનો અધુરા હતા, | (૨) ૬,૬૯૩. |
| (૩) તે પેકી કેટલા પૂર્ણ કરવામાં આવ્યા છે, અને | (૩) ૨,૦૯૮. |
| (૪) બાકી રહેલ અધૂરા મકાનો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૪) શક્ય તેટલું ઝડપથી. |

----------

**જૂનાગઢ જિલ્લામાં યુરિયા ખાતરની ખેંચ**

૨૧૯૨૩ **શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તાજેતરમાં જૂનાગઢ જિલ્લામાં યુરિયા ખાતરની તંગી ઉભી થયેલ હતી તે સરકાર જાણે છે. | (૧) જૂનાગઢ જિલ્લામાં યુરિયા ખાતરની તંગી ઉભી થયેલ ન હતી. જૂનાગઢ જિલ્લાની ૭૩૧૭૫ મે. ટનની જરૂરીયાત સામે ૭૭૯૮૭ મે. ટન યુરિયા ખાતર ફાળવેલ છે. |
| (૨) જો હા, તો આ અંગેના શા કારણો હતા અને તેના નિવારણ માટે ક્યા ક્યા પગલાં લીધા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ભવિષ્યમાં આવી તંગી ઉભી ન થાય તે માટે સરકારે શું આયોજન વિચારેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**હાલોલ તાલુકા પંચાયતના મકાનની કાર્યવાહી**

૨૨૦૪૬ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં આવેલ હાલોલ તાલુકા પંચાયતોનું મકાન ઘણા વર્ષો જુનું જર્જરીત થઈ ગયેલ હોય નવીન મકાન માટે કોઈ માંગણી મળેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો, હા, તો તા. ૩૧-૧૨-૦૬ની પરિસ્થિતિએ હાલોલ તાલુકા પંચાયતના નવીન મકાન માટે સરકારે શી કાર્યવાહી કરેલ છે ? | (૨) જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. |

-----------

**ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો માટે શોચાલય બનાવવા અંગે**

૨૨૧૨૪ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નિર્મળ ગુજરાત વર્ષ ઉજવી રહ્યા છીએ ત્યારે ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને શોચાલય બનાવવા માટે અપાતી સહાય જે ખૂબજ ઓછી છે તેના કારણે લોકોને તકલીફ પડે છે અને લાભાર્થી ગરીબ હોવાને કારણે નાણા કાઢી શક્તા નથી તો આ સહાયમાં વધારો કરવા માંગો છો કે કેમ, અને | (૧) સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન પ્રોજેક્ટ અંતર્ગત શોચાલય બનાવવાની યોજના કેન્દ્ર પુરસ્કૃત છે જેથી આ બાબત કેન્દ્ર સરકારની નીતિ વિષયક બાબત છે. |

(૨) જો હા, તો કેટલો ક્યારે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ**

૨૨૦૦૭ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પસંદ થયેલ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની યોજના માટે ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં બજેટમાં કેટલી જોગવાઈ કરવામાં આવી છે,

(૨) આ યોજના નીચે કેવા પ્રકારની સહાય અને સુવિધા આપવામાં આવે છે, અને

(૩) આ સમયગાળામાં કેટલા વિદ્યાર્થીઓને તા. ૩૧-૧-૦૭ સુધીમાં સહાય આપવામાં આવી છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | બજેટ જોગવાઇ (રૂા. લાખમાં) |
|---|---|
| સને ૨૦૦૫-૦૬ | ૧૦.૦૦ |
| સને ૨૦૦૬-૦૭ | ૧૦.૦૦ |

(૨) આ યોજના નીચે રૂા. ૫૦,૦૦૦/- અથવા ખરેખર ખર્ચની રકમ એ બેમાંથી જે ઓછી હોય તેટલી રકમની સહાય આપવામાં આવે છે. જેમાં પ્રવેશ ફી, ટ્યુશન ફી, હોસ્ટેલ ફી, જમવાનો ખર્ચ, પુસ્તકો, ગણવેશ અને અન્ય આનુષાંગિક તમામ ખર્ચનો સમાવેશ થાય છે.

(૩)

| વર્ષ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| સને ૨૦૦૫-૦૬ | ૭ (સાત) |
| સને ૨૦૦૬-૦૭ (તા.૩૧-૧-૦૭ સુધી) | ૫ (પાંચ) |

-----------

**ખેડા જિલ્લામાં હરિયાળી વોટરશેડની યોજનાની કામગીરી**

૨૨૧૩૭**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૩૧-૧-૦૭ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં હરિયાળી વોટર શેડ યોજનાની કામગીરી ખુબજ ધીમી છે તે હકીકત સાચી છે,

(૨) કેટલા ગામોમાં કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા અને તેનો કુલ ખર્ચ કેટલો થયો, અને

(૩) વર્ષવાર પ્રગતિની ટકાવારી કેટલી છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) ૨૩ ગામોમાં ૨૯૩ કામો પૂર્ણ કરવામાં આવ્યા અને તેનો કુલ ખર્ચ રૂા. ૩૯,૬૮,૫૯૮/- થયો અને

(૩) (૧) સને ૨૦૦૪-૦૫ માં મંજૂર થયેલ પ્રોજેક્ટમાં ૪૩.૫૫ ટકા

(૨) સને ૨૦૦૫-૦૬માં મંજૂર થયેલ પ્રોજેક્ટમાં ૪૪.૬૪ ટકા

-----------

**રાજ્યમાં માછીમારોને ડીઝલની સબસીડી**

૨૧૭૩૧**શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૫-૦૬ અને વર્ષ ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧-૦૭ સુધીમાં માછીમારોને કેટલી રકમની ડીઝલ સબસીડી મંજૂર કરવામાં આવી,

(૨) જિલ્લાવાર કેટલી રકમ ચૂકવવામાં આવી,

**જવાબ**

(૧)

| વર્ષ ૨૦૦૫-૦૬ (રૂા. લાખમાં) | વર્ષ ૨૦૦૬-૦૭ (રૂા. લાખમાં) |
|---|---|
| ૫૩૮૨ | ૨૫૦૦ |

(૨)

અને

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ | વર્ષ |
|---|---|---|---|
| | | ૨૦૦૫-૦૬ (રૂ.લાખમાં) | ૨૦૦૬-૦૭ (રૂ.લાખમાં) |
| ૧ | વલાસડ | ૨૨૮.૧૪ | ૨૧.૦૦ |
| ૨ | નવસારી | ૧૮૩.૦૧ | ૭૧.૫૦ |
| ૩ | કચ્છ | ૯૩.૨૧ | ૦.૧૫ |
| ૪ | પોરબંદર | ૧૫૫૧.૮૦ | ૮૩૫.૦૦ |
| ૫ | અમરેલી | ૨૪૩.૮૨ | ૧૭૮.૨૮ |
| ૬ | જામનગર | ૧૮૫.૦૦ | ૪૦.૯૪ |
| ૭ | જૂનાગઢ | ૨૮૯૭.૦૮ | ૧૩૦૦.૮૦ |
| | કુલ... | ૫૩૮૨.૦૬ | ૨૪૪૭.૬૭ |

(૩) બાકીની સબસીડી કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ?

(૩) શક્ય તેટલી ઝડપથી

-----------

**રાજ્યમાં તલાટીઓની ખાલી જગા**

૨૨૩૫૫ **ડૉ. સી. જે. ચાવડા(ગાંધીનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા તલાટીઓની જગ્યા ખાલી છે,

**જવાબ**

(૧) ૨૮૧૪ (પત્રક સામેલ છે.)

**પત્રક**

| ક્રમ | જીલ્લાનું નામ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૪૯ |
| ૨ | અમરેલી | ૧૫૬ |
| ૩ | આણંદ | ૧૧૯ |
| ૪ | બનાસકાંઠા | ૧૬૭ |
| ૫ | ભાવનગર | ૧૩૯ |
| ૬ | ભરૂચ | ૧૩૪ |
| ૭ | દાહોદ | ૩૧ |
| ૮ | ડાંગ | ૧૨ |
| ૯ | ગાંધીનગર | ૬૦ |
| ૧૦ | જામનગર | ૧૬૫ |
| ૧૧ | જૂનાગઢ | ૧૪૫ |
| ક્રમ | જીલ્લાનું નામ | ખાલી જગ્યાઓ |
| ૧૨ | ખેડા | ૮૪ |
| ૧૩ | કચ્છ | ૧૭૫ |
| ૧૪ | મહેસાણા | ૧૦૦ |
| ૧૫ | નર્મદા | ૪૫ |
| ૧૬ | નવસારી | ૬૫ |
| ૧૭ | પંચમહાલ | ૧૧૧ |
| ૧૮ | પાટણ | ૧૦૦ |
| ૧૯ | પોરબંદર | ૪૬ |
| ૨૦ | રાજકોટ | ૧૬૦ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૧૬૮ |
| ૨૨ | સાબરકાંઠા | ૬૮ |
| ૨૩ | સુરત | ૧૭૫ |
| ૨૪ | વડોદરા | ૧૯૯ |
| ૨૫ | વલસાડ | ૪૧ |
| | **કુલ : -** | **૨૮૧૪** |

(૨) આ ખાલી જગા ભરવા માટે સરકાર શાં પગલાં લેવા માંગે છે, અને

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં તલાટીઓની કેટલી ભરતી કરી ?

(૨) પંચાયત સહાયકથી તથા રહેમરાહે નિમણૂંકમાં તલાટી-કમ-મંત્રીનો વિકલ્પ મેળવી.

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં તલાટીઓની ખાલી જગ્યા સામે પંચાયત સહાયકથી તથા રહેમરાહે નોકરીમાં તલાટી-કમ-મંત્રીના વિકલ્પ મેળવી ૧૩૪૬ જગ્યા ભરવામાં આવી છે.

-----------

**ડાંગ, વલસાડ અને નવસારી જિલ્લામાં નોંધાયેલ જંગલ કામદાર સહકારી મંડળીઓ**

૧૯૯૩૨**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાંગ-વલસાડ અને નવસારી જિલ્લામાં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલી જંગલ કામદાર સહકારી મંડળીઓ નોંધાયેલ છે, અને

(૨) તે અન્વયે કેટલી જંગલ સહકારી મંડળીઓ ચાલુ છે, અને કેટલી બંધ હાલતમાં છે ?

**જવાબ**

(૧) તારીખ ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ,

| | | |
|---|---|---|
| ડાંગ જિલ્લામાં | ... | ૨૯ |
| વલસાડ જિલ્લામાં | ... | ૧૦ |
| નવસારી જિલ્લામાં | ... | ૦૩ |

મળીને કુલ ૪૨ જંગલ કામદાર સહકારી મંડળીઓ નોંધાયેલ છે.

(૨) (અ) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ચાલુ જંગલ સહકારી મંડળીઓ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ડાંગ જિલ્લો | ... | ૧૯ |
| વલસાડ જિલ્લો | ... | ૦૫ |
| નવસારી જિલ્લો | ... | ૦૨ |
| | **કુલ :** | **૨૬** |

તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ બંધ (સ્થગિત) જંગલ સહકારી મંડળીઓ

| | | |
|---|---|---|
| ડાંગ જિલ્લો | ... | ૧૦ |
| વલસાડ જિલ્લો | ... | ૦૫ |
| નવસારી જિલ્લો | ... | ૦૧ |
| | **કુલ :** | **૧૬** |

-----------

**૧૧મી પંચવર્ષીય યોજના હેઠળ કૃષિ ટેકનીકલ કોલેજ માટે દરખાસ્ત**

૨૧૧૫૨**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ(ગોધરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૧૧મી પંચવર્ષીય યોજનામાં ગોધરા ખાતે કૃષિ ટેકનીકલ કોલેજ માટે દરખાસ્ત આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો તે અંગે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ચકાસણી હેઠળ છે.

-----------

**અનુસુચિત જાતિની મહિલાઓને શિવણવર્ગોની તાલીમ**

૨૧૯૩૬**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય સામજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ અનુસૂચિત જાતિની મહિલાઓને પુરક રોજી મળે તે માટે કેટલા શિવણવર્ગો ચલાવવામાં આવે છે,

**જવાબ**

(૧) ૧૨.

(૨) આ શિવણવર્ગોમાં કેટલી બહેનો તાલીમ લઈ રહી છે, — (૨) ૩૩૯.

(૩) તાલીમ દરમ્યાન કોઈ સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે કે કેમ, અને — (૩) હા, જી.

(૪) જો હા, તો કેટલું ? — (૪) તાલીમાર્થી દીઠ રૂા. ૨૫૦/- વધુમાં વધુ રૂા.૧૫૦૦/- ૬ માસ સુધી.

-----------

**ભાવનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૨૦૪૩**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય સામજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ | | |
|---|---|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં ડીસેમ્બર, ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ કેટલી અરજીઓ આવી, | (૧) | અનુસૂચિત જાતિ<br>૮૩૮ અરજીઓ | સા.શે.પ.વ.<br>૧૧૦૮ અરજીઓ |
| (૨) તે પેકી કેટલી મંજૂર થઈ, કેટલી નામંજૂર થઈ, | (૨) | ૫૯૮ અરજીઓ મંજૂર<br>૨૦૦ અરજીઓ નામંજૂર કરી | ૪૬૬ અરજીઓ મંજૂર<br>૫૫૮ અરજીઓ નામંજૂર કરી |
| (૩) મંજૂર થયેલ અરજી પેકી કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) | રૂા. ૨૯.૯૦ લાખ | રૂા. ૨૩.૩૦ લાખ |
| (૪) અરજીઓ નામંજૂર થવાનાં કારણો શાં છે. | (૪) | (૧) આવક વધુ હોવાથી<br>(૨) લગ સમયે કન્યા/કુમારની ઉંમર ઓછી હોવાથી<br>(૩) અરજી સમય મર્યાદા બહાર મળેલ હોવાથી<br>(૪) અગાઉ લાભ લીધેલ હોવાથી | |

-----------

**જામનગર જિલ્લામાં સ્વર્ણ જ્યંતિ ગ્રામ સ્વરોજગાર યોજના દ્વારા રકમ ફાળવવા અંગે**

૨૧૫૩૪**ડૉ. દિનેશ પરમાર (જામનગર રૂરલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્વર્ણજ્યંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હસ્તક જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને અનુ.જાતિના લોકો માટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) કુલ રકમ રૂા. ૨૪.૩૩ ફાળવવામાં આવી છે. |
| (૨) અનુસૂચિત જાતિના લોકો માટે તાલુકાવાર ધિરાણ માટે અને સહાય પેટે કેટલી રકમ ફાળવવામાં આવી જો રકમ ફાળવવામાં આવી ન હોય તો તેના કારણો શું છે, અને | (૨) અનુસૂચિત જાતિના લોકો માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા તાલુકાવાર સહાયની રકમ ફાળવવામાં આવેલ છે. પરિશિષ્ટ-૧ સામેલ છે. જ્યારે ધિરાણની રકમ બેંક દ્વારા ચુકવવામાં આવે છે. |
| (૩) આ વર્ગના લોકોને આ યોજનાથી વંચિત રાખનાર જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધા ? | (૩) આ યોજનાનો કોઈ લાભાર્થી વંચિત રાખેલ નથી તેથી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## પરિશિષ્ટ-૧

## જામનગર જિલ્લામાં સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના ધ્વારા રકમ ફાળવવા અંગે.

| એપ્રિલ-૨૦૦૬ થી ડિસેમ્બર-૨૦૦૬ (નાણાંકીય વર્ષ-૨૦૦૬-૨૦૦૭) | | | | | | | એપ્રિલ-૨૦૦૬ થી ડિસેમ્બર-૨૦૦૬ (નાણાંકીય વર્ષ-૨૦૦૬-૨૦૦૭) | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૫-૨૦૦૬ દરમ્યાન ફાળવવામાં આવેલ રકમ પેકી અ.જા. માટે ફાળવવામાં આવેલ રકમ | જાન્યુઆરી-૦૬થી માર્ચ-૦૬ દરમ્યાન આવરી લેવાયેલ અનુસૂચિત જાતિના સ્વરોજગારીઓની સંખ્યા | | | જાન્યુઆરી-૦૬થી માર્ચ-૦૬ દરમ્યાન અ.જા. સ્વરોજગારીઓને ચુકવવામાં આવેલ સહાયની રકમ | ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પેકી અ.જા. માટે ફાળવવામાં આવેલ રકમ | એપ્રિલ-૦૬થી ડીસેમ્બર-૦૬ દરમ્યાન આવરી લેવાયેલ અનુસૂચિત જાતિના સ્વરોજગારીઓની સંખ્યા | | | એપ્રિલ-૦૬થી ડીસેમ્બર-૦૬ દરમ્યાન અ.જા. સ્વરોજગારીઓને ચુકવવામાં આવેલ સહાયની રકમ |
| | | | જૂથ | વ્યક્તિગત | કુલ | | | જૂથ | વ્યક્તિગત | કુલ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | જામનગર | ૨.૬૩ | ૧/૫ | ૨૯ | ૩૪ | ૧.૮૮ | ૧.૭૬ | ૦.૦૦ | ૧૧ | ૧૧ | ૧.૦૭ |
| ૨ | લાલપુર | ૦.૭૨ | ૦ | ૫ | ૫ | ૦.૭૫ | ૦.૭૦ | ૦.૦૦ | ૨ | ૨ | ૦.૧૬ |
| ૩ | જામજોધપુર | ૧.૯૪ | ૧/૧ | ૧ | ૨ | ૦.૦૨ | ૦.૬૧ | ૦.૦૦ | ૫ | ૫ | ૦.૬૨ |
| ૪ | ભાણવડ | ૨.૪૩ | ૦ | ૬ | ૬ | ૧.૨૬ | ૧.૭૬ | ૦.૦૦ | ૩ | ૩ | ૦.૭૨ |
| ૫ | કલ્યાણપુર | ૧.૭૬ | ૧/૪ | ૧૪ | ૧૮ | ૦.૬૯ | ૦.૧૮ | ૦.૦૦ | ૦ | ૦ | ૦.૦૦ |
| ૬ | ધ્વારકા | ૦.૭૯ | ૦ | ૪ | ૪ | ૦.૩૪ | ૦.૫૩ | ૦.૦૦ | ૬ | ૬ | ૦.૪૮ |
| ૭ | ખંભાળીયા | ૧.૩૯ | ૦ | ૪ | ૪ | ૦.૨૪ | ૧.૩૨ | ૨/૧૬ | ૭ | ૨૩ | ૦.૭૫ |
| ૮ | જોડીયા | ૧.૦૫ | ૦ | ૩ | ૩ | ૦.૩૦ | ૧.૫૮ | ૦.૦૦ | ૧૪ | ૧૪ | ૧.૩૨ |
| ૯ | ધ્રોલ | ૦.૮૬ | ૦ | ૦ | ૦ | ૦.૦૦ | ૦.૪૪ | ૦.૦૦ | ૧૨ | ૧૨ | ૧.૦૨ |
| ૧૦ | કાલાવડ | ૧.૧૮ | ૦ | ૨ | ૨ | ૦.૫૮ | ૦.૭૦ | ૦.૦૦ | ૪ | ૪ | ૦.૫૬ |
| | કુલ : | ૧૪.૭૫ | ૩/૧૦ | ૭૮ | ૬૮ | ૬.૦૬ | ૯.૫૮ | ૨/૧૬ | ૬૪ | ૮૦ | ૬.૭૦ |

-----------

### રાજ્યના મત્સ્યોદ્યોગને વધુ હુંડિયામણ

૨૨૩૦૮**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યના ૧૬૦૦ કિ.મી. દરિયા કિનારા ઉપર થતા માછીમારો દ્વારા મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલ આ ઉદ્યોગોને વધુમાં વધુ હુંડિયામણ મળે તે માટે કોઈ અલગ સ્પેશીયલ ઈકોનોમીક ઝોન સરકાર ઉભું કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

વિચારણા હેઠળ છે.

-----------

### પાક સંરક્ષણ સાધન યોજના અન્વયે ચૂકવેલ સહાય

૧૯૯૬૯ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાક સંરક્ષણ સાધન યોજના હેઠળ અનુસૂચિત જાતિની અને જનજાતિના ખેડૂતો માટે તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી,

(૨) આ યોજના હેઠળ રાજ્યમાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા અનુસૂચિત જાતિ અને જનજાતિના ખેડૂતોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી છે,

(૩) હજુ સુધી કેટલી સહાય કેટલા લોકોને ચૂકવવાની બાકી છે, અને તેનો નિકાલ ક્યારે કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તારીખ : ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાક સંરક્ષણ સાધન ઘટક હેઠળ અનુસૂચિત જાતિ અને જનજાતિના ખેડૂતો માટે વર્ષવાર કરેલ નાણાંકીય જોગવાઈ (રૂા.લાખમાં) ની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | અનુ.જાતિ | અનુ.જન.જાતિ |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૫-૦૬ | ૧૮.૩૦ | ૧૧.૦૦ |
| ૨ | ૨૦૦૬-૦૭ | ૧૮.૩૦ | ૨૬.૫૦ |
| | કુલ : | ૩૬.૬૦ | ૩૭.૫૦ |

(૨) પાક સંરક્ષણ સાધન ઘટક હેઠળ છેલ્લા ૨ (બે) વર્ષમાં જિલ્લાવાર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતોની તેમજ ચૂકવેલ સહાયની વિગત આ સાથે સામેલ પત્રક-અ માં દર્શાવેલ છે.

(૩) સહાય ચૂકવવાની બાકી નથી, જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-અ**

**પાક સંરક્ષણના સાધન ઘટક હેઠળ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર અનુસૂચિતજાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતોની સંખ્યા અને ચૂકવેલ સહાય રૂા. લાખમાં દર્શાવતું પત્રક**

| અ.નં. | જિલ્લાનું નામ | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત જનજાતિ | |
|---|---|---|---|---|---|
| | | લાભાર્થી ખેડૂતોની સંખ્યા | નાણાંકીય સિધ્ધિ રૂા. લાખમાં | લાભાર્થી ખેડૂતોની સંખ્યા | નાણાંકીય સિધ્ધી રૂા. લાખમાં |
| ૧ | અમદાવાદ | ૮૪ | ૦.૪૦ | -- | -- |
| ૨ | આણંદ | ૧૨૪ | ૦.૭૪ | -- | -- |
| ૩ | ખેડા | ૧૨૦ | ૦.૬૮ | -- | -- |
| ૪ | ગાંધીનગર | ૪૪ | ૦.૨૨ | -- | -- |
| ૫ | વડોદરા | ૨૬૪ | ૧.૫૭ | ૫૧૬ | ૧.૨૮ |
| ૬ | દાહોદ | ૭૩ | ૦.૪૪ | ૩૪૨ | ૧.૨૫ |
| ૭ | નર્મદા | ૨૯ | ૦.૧૮ | ૩૫૫ | ૦.૭૮ |
| ૮ | પંચમહાલ | ૧૦૫ | ૦.૬૦ | ૩૨૭ | ૦.૫૬ |
| ૯ | ભરૂચ | ૯૭ | ૦.૬૦ | ૨૯૧ | ૧.૬૬ |
| ૧૦ | સુરત | ૧૭૧ | ૧.૦૧ | ૭૪૦ | ૫.૯૧ |
| ૧૧ | નવસારી | ૪૬ | ૦.૨૫ | ૫૫૩ | ૩.૩૨ |
| ૧૨ | વલસાડ | ૩૭ | ૦.૧૩ | ૩૮૫ | ૦.૬૬ |
| ૧૩ | મહેસાણા | ૭૨ | ૦.૩૭ | -- | -- |
| ૧૪ | પાટણ | ૭૦ | ૦.૩૭ | -- | -- |
| ૧૫ | બનાસકાંઠા | ૧૦૫ | ૦.૯૫ | ૫૮ | ૦.૩૫ |
| ૧૬ | સાબરકાંઠા | ૨૧૭ | ૧.૪૪ | ૩૫૫ | ૨.૦૮ |
| ૧૭ | રાજકોટ | ૨૭૯ | ૧.૪૪ | -- | -- |
| ૧૮ | કચ્છ | ૬૦ | ૦.૩૬ | -- | -- |
| ૧૯ | જામનગર | ૯૧ | ૦.૩૪ | -- | -- |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૭૫ | ૦.૩૯ | -- | -- |
| ૨૧ | જૂનાગઢ | ૨૭૨ | ૧.૬૪ | -- | -- |
| ૨૨ | અમરેલી | ૨૭૪ | ૧.૪૩ | -- | -- |
| ૨૩ | પોરબંદર | ૧૩૫ | ૦.૪૮ | -- | -- |
| ૨૪ | ભાવનગર | ૨૪૯ | ૦.૮૪ | -- | -- |
| ૨૫ | ડાંગ | -- | -- | ૨૦૧ | ૦.૩૪ |
| | **કુલ :** | **૩૦૯૩** | **૧૬.૮૭** | **૪૧૨૩** | **૧૮.૧૯** |

-----------

**સુરત જિલ્લામાં મત્સ્યોદ્યોગના તળાવોથી લાભ**

૨૧૭૨૩ **શ્રી મનીષ ન. ગીલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં આવેલા જુદા જુદા મત્સ્યોદ્યોગના તળાવોમાં જે લાભાર્થીઓને આના માટે લાભ આપેલ છે તેનો ઉપયોગ મત્સ્યોદ્યોગના બદલે બીજા કામોમાં થઈ

**જવાબ**

(૧) સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં જુદા જુદા મત્સ્યોદ્યોગના તળાવોનો ઉપયોગ મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિ માટે જ થઈ રહેલ છે. બીજા કામ માટે ઉપયોગ કરેલ નથી.

રહ્યો છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ અંગે સરકાર શાં પગલાં ભરવા માંગે છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્યમાં વિક્લાંગો માટેની શાળાઓ**

૨૨૨૭૦ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં સમાજ સુરક્ષા વિભાગની સહાયથી વિક્લાંગો માટેની વિશિષ્ટ શાળાઓમાં ધોરણ-૮ થી ૧૦ સુધીની માધ્યમિક શાળાઓ કુલ કેટલી છે, | (૧) એક પણ નહિ. |
| (૨) ઉપરોક્ત પેકી અંધ માટે કેટલી અને બહેરામૂંગા માટે કેટલી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) હાલમાં આવી વ્યવસ્થા પૂરતી ન હોવાથી ધોરણ-સાત પછીથી વિક્લાંગો અભ્યાસ છોડી દેતા હોવાની કોઈ રજૂઆત સરકારને મળેલ છે, હા તો શુ કાર્યવાહી કરી ? | (૩) સરકારને મળેલી એક સંસ્થાની રજૂઆત તપાસવામાં આવી રહી છે. |

-----------

**કડી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં રાયડા અને કપાસની માર્કેટ સેસ**

૨૧૬૬૬ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ કડી ખાતે કેટલા રાયડા તેમજ કપાસની ખરીદી કરવામાં આવી, | (૧) ૯૦,૦૪૮ ક્વિન્ટલ રાયડો<br>૩,૧૦,૮૧૫ ક્વિન્ટલ કપાસ. |
| (૨) કપાસની ખરીદી ઉપર કેટલી માર્કેટ સેસ વસૂલ કરવામાં આવી, | (૨) રૂા. ૨,૪૮,૨૩,૧૦૪/- |
| (૩) માર્કેટ સેસ વસૂલાતમાં ગેરરીતિ આચરવા સંદર્ભે સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો મળેલ છે, અને | (૩) ૩. |
| (૪) સરકારે શાં પગલાં ભર્યા ? | (૪) તપાસ દરમ્યાન ૧ ફરિયાદમાં કંઇ તથ્ય જણાયેલ નથી જ્યારે ૨ ફરિયાદો અંગે તપાસ ચાલુ છે. |

-----------

**તીર્થધામ યોજના હેઠળ ગામોને લાભ આપવાનો લક્ષ્યાંક**

૨૨૧૩૪ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તીર્થગામ યોજના અને પંચવટી યોજના હેઠળ કુલ કેટલા ગામોને લાભ આપવાનો લક્ષ્યાંક હતો, કેટલાને લાભ આપવામાં આવ્યો, અને | (૧) તીર્થગામ યોજનામાં લક્ષ્યાંક હોતો નથી. તીર્થગામ તરીકે ૯૯ ગામોને અને પંચવટી યોજનામાં કુલ-૧૭૦૨ લક્ષ્યાંક સામે ૯૫૭ ગામોને લાભ આપવામાં આવેલ છે. |
| (૨) આ યોજનાઓ હેઠળ જિલ્લાવાર કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું ? | (૨) યોજનાનું નામ — કુલ ખર્ચ (રૂા. લાખમાં)<br>તીર્થગામ — ૯૧.૩૨<br>પંચવટી — ૬૯૭.૧૫<br>(જિલ્લાવાર પત્રક સામેલ છે.) |

**<u>પંચવટી યોજના</u>**

સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ માટે પંચવટી યોજના હેઠળ કરેલ નાણાંકીય

જોગવાઇ અનુક્મે રૂા. ૭૦૨.૦૦ લાખ અને રૂા. ૭૫૦.૦૦ લાખ છે. બંને વર્ષની એકંદર કુલ જોગવાઇ રૂા. ૧૪૫૨.૦૦ લાખ છે. જિલ્લા પ્રમાણે ખર્ચ દર્શાવતું પત્રક

| અ.નં. | જિલ્લો | ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૮.૧૦ |
| ૨ | અમરેલી | ૧૩.૬૨ |
| ૩ | આણંદ | ૨૧.૦૭ |
| ૪ | બનાસકાંઠા | ૭૨.૬૮ |
| ૫ | ભાવનગર | ૫૦.૨૭ |
| ૬ | ભરુચ | ૧૯.૦૦ |
| ૭ | દાહોદ | ૪૩.૫૦ |
| ૮ | ડાંગ | ૫.૦૦ |
| ૯ | ગાંધીનગર | ૧૨.૧૦ |
| ૧૦ | જામનગર | ૩૩.૫૭ |
| ૧૧ | જુનાગઢ | ૨૬.૦૦ |
| ૧૨ | ખેડા | ૧૯.૦૦ |
| ૧૩ | કચ્છ | ૧૧.૫૫ |
| ૧૪ | મહેસાણા | ૧૫.૫૯ |
| ૧૫ | નર્મદા | ૬.૬૭ |
| ૧૬ | નવસારી | ૧૭.૦૦ |
| ૧૭ | પંચમહાલ | ૧૮.૫૦ |
| ૧૮ | પોરબંદર | ૭.૦૦ |
| ૧૯ | પાટણ | ૬૧.૦૫ |
| ૨૦ | રાજકોટ | ૬૨.૦૦ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૩૩.૫૦ |
| ૨૨ | સાબરકાંઠા | ૧૬.૦૦ |
| ૨૩ | સુરત | ૧૩.૯૧ |
| ૨૪ | વડોદરા | ૫૫.૪૭ |
| ૨૫ | વલસાડ | ૨૫.૦૦ |
| | **કુલ :** | **૬૯૭.૧૫** |

**તીર્થગામ યોજના**

જિલ્લા પ્રમાણે ખર્ચ દર્શાવતું પત્રક

| અ.નં. | જિલ્લો | ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨.૦૦ |
| ૨ | અમરેલી | ૦.૦૦ |
| ૩ | આણંદ | ૦.૦૦ |
| ૪ | બનાસકાંઠા | ૧૨.૦૦ |
| ૫ | ભાવનગર | ૧૫.૦૦ |
| ૬ | ભરુચ | ૧.૦૦ |

| | | |
|---|---|---|
| ૭ | દાહોદ | ૦.૦૦ |
| ૮ | ડાંગ | ૭.૦૦ |
| ૯ | ગાંધીનગર | ૦.૦૦ |
| ૧૦ | જામનગર | ૧.૦૦ |
| ૧૧ | જુનાગઢ | ૬.૦૦ |
| ૧૨ | ખેડા | ૦.૦૦ |
| ૧૩ | કચ્છ | ૧૦.૦૦ |
| ૧૪ | મહેસાણા | ૧.૦૦ |
| ૧૫ | નર્મદા | ૬.૩૨ |
| ૧૬ | નવસારી | ૦.૦૦ |
| ૧૭ | પંચમહાલ | ૭.૦૦ |
| ૧૮ | પોરબંદર | ૧.૦૦ |
| ૧૯ | પાટણ | ૦.૦૦ |
| ૨૦ | રાજકોટ | ૫.૦૦ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૪.૦૦ |
| ૨૨ | સાબરકાંઠા | ૬.૦૦ |
| ૨૩ | સુરત | ૭.૦૦ |
| ૨૪ | વડોદરા | ૦.૦૦ |
| ૨૫ | વલસાડ | ૦.૦૦ |
| | **કુલ :** | **૯૧.૩૨** |

-----------

**જૂનાગઢ જિલ્લામાં લેન્ડ કમીટી દ્વારા સો ચોરસવારના પ્લોટ**

૨૧૧૫૫**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં માંગરોળ અને પોરબંદર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ લેન્ડ કમીટીમાં ૧૦૦ ચો.વારના પ્લોટ આપવા માટે કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા, અને

(૨) કેટલા લાભાર્થીઓને આ લાભ આપવાના બાકી છે, તે અન્વયે લેન્ડ કમીટીની મીટીંગો ક્યારે ક્યારે મળી ?

**જવાબ**

(૧) માંગરોળ ૩૦૩
પોરબંદર ૨૫૩

(૨)

| તાલુકો | લાભ આપવાનો બાકી | લેન્ડ કમીટી મળ્યા તારીખ |
|---|---|---|
| માંગરોળ | શૂન્ય | ૨૦-૫-૦૫ |
| પોરબંદર | શૂન્ય | ૪-૮-૦૫<br>૧૦-૧૧-૦૬ |

-----------

**બક્ષીપંચ જાતિના વિદ્યાર્થીઓને આશ્રમશાળામાં અપૂરતી વ્યવસ્થા**

૨૨૨૬૮**શ્રી રાકેશ રાવ(માતર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે જાન્યુઆરી-૨૦૦૬ થી ડીસેમ્બર-૨૦૦૬ સુધીમાં કેટલી આશ્રમશાળાઓ મંજૂર કરવામાં આવી છે.

(૨) વિદ્યાર્થી દીઠ મહિનાના કેટલા રૂપિયાનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે,

(૩) પૂરતી ગ્રાન્ટના અભાવે આશ્રમશાળાના વિદ્યાર્થીઓને ભોજનની પૂરતી વ્યવસ્થા નહિ મળતી હોવાની હકીકત સાચી છે, અને

(૪) વિભાગ દ્વારા આશ્રમશાળાના

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) માસિક રૂ. ૪૫૦/-

(૩) ના, જી.

(૪) સબંધિત અધિકારીઓ મારફતે

વિદ્યાર્થીઓને પૂરતી ભોજન, રહેવાની સગવડ પ્રાપ્ત થાય છે કે નહિ તે જોવા શું પધ્ધતિ અપનાવવામાં આવે છે ?

આશ્રમશાળાઓની ઓચિંતી મુલાકાત લઇ તપાસણી તેમજ નિરીક્ષણો કરવામાં આવે છે.

-----------

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિનો વહીવટ**

૨૨૩૫૮**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ(ખેરાલુ) : માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં સરકારે કેટલી અને કઈ કઈ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ચૂંટાયા વગરની બોડીને વહીવટ સોંપેલ હતો ?

**જવાબ**

મજકુર બજાર સમિતિઓ નીચે મુજબ છે.

**નિયુક્ત કમીટી ધરાવતી બજાર સમિતિની યાદી**

(૧) શિહોર (૨) નડિયાદ (૩) મહુધા (૪) ધરમપુર

**વહીવટદાર હેઠળની બજાર સમિતિની યાદી**

(૧) હારીજ (૨) ભાભર (૩) દિઓદર (૪) હાલોલ (૫) જાંબુઘોડા (૬) કપરાડા (૭) ગોંડલ (૮) કોટડા સાંગાણી (૯) કામરેજ

-----------

**વલસાડ જિલ્લામાં સાતફેરા સમુહલગ્નમાં ચૂકવેલ રકમ**

૨૨૧૨૬ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ(ખેરાલુ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં સાત ફેરા સમુહ લગ્ન યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને જાન્યુઆરી-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાભો આપવામાં આવ્યા, અને

(૨) કેટલી રકમ ચૂકવાઈ ?

**જવાબ**

(૧) ૫૦ લાભાર્થીઓને

(૨) ૫૦ લાભાર્થીઓને રૂા. ૨,૫૦,૦૦૦/-
(અંકે રૂપિયા બે લાખ પસાસ હજાર પૂરા)

અને

બે સંસ્થાઓને રૂા. ૫૦,૦૦૦/-
(અંકે રૂપિયા પચાસ હજાર પૂરા)

-----------

**ભાવનગર જિલ્લામાં ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના હેઠળ ચૂકવણી**

૨૧૭૨૧**શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લા ખેડૂત ખાતેદારોના અકસ્માત મૃત્યુ વીમા યોજના હેઠળ વર્ષ ૨૦૦૪-૦૫, ૦૫-૦૬ તથા ૦૬-૦૭માં તા. ૩૧-૧-૦૭ સુધી કેટલા કેસો નોંધાયેલ,

(૨) આ કેસોમાંથી મૃત્યુ પામનાર ખેડૂતોનાં કેટલા પરિવારોને અકસ્માત વિમા યોજના હેઠળ કેટલી રકમ ચૂકવવામાં આવી છે,

(૩) કેટલા પરિવારોને સહાય ચૂકવવાની બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લા ખેડૂત ખાતેદારોના અકસ્માત મૃત્યુ વીમા યોજના હેઠળ વર્ષવાર નીચે મુજબ કુલ ૨૯૭ કેસો નોંધાયેલ છે.

| વર્ષ | નોંધાયેલ કેસો |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૬૪ |
| ૨૦૦૫-૦૬ | ૧૦૩ |
| ૨૦૦૬-૦૭ | ૧૩૦ |

(૨) આ કેસોમાંથી મૃત્યુ પામનાર ખેડૂતોના ૭૩ પરિવારોને અકસ્માત વિમા યોજના હેઠળ કુલ રૂા. ૭૩.૦૦ લાખ રકમ ચૂકવવામાં આવી છે.

(૩) ૪૫ પરિવારોને સહાય ચૂકવવાની બાકી છે.

(૪) અરજદારો તરફથી સાધનિક કાગળો પૂરા પાડવામાં આવ્યેથી કેસોની ચકાસણીની કામગીરી પૂરી થયેથી નિયમાનુસાર મળવાપાત્ર રકમ ચૂકવવામાં આવશે.

-----------

## ગ્રામીણ રોજગારી માટે ફાળવણી અને ખર્ચ

૨૧૭૨૫ **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી ૨૦૦૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ગ્રામીણ રોજગારીમાં કુલ કેટલી સહાય આપી, | (૧) જાન્યુઆરી ૨૦૦૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ગ્રામીણ રોજગારીમાં કુલ રૂા. ૨૮૦૮૧.૭૩ (રૂા. લાખમાં) ની ફાળવણી કરવામાં આવી. |

| | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | કુલ |
|---|---|---|---|
| કેન્દ્ર | ૧૨૩૨૦.૧૧ | ૮૭૪૧.૧૯ | ૨૫૦૬૧.૩૦ |
| રાજ્ય | ૪૧૦૬.૭૦ | ૨૯૧૩.૭૩ | ૭૦૨૦.૪૩ |
| કુલ.. | ૧૬૪૨૬.૮૧ | ૧૧૬૫૪.૯૨ | ૨૮૦૮૧.૭૩ |

| | |
|---|---|
| (૨) રાજ્ય સરકાર ધ્વારા જિલ્લાવાર કુલ કેટલી ફાળવણી અને ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) ૧. રાજ્ય સરકાર દ્વારા કુલ રૂા. ૭૦૨૦.૪૩ લાખની ફાળવણી કરવામાં આવી. (પત્રક-૧ સામેલ છે)<br>૨. કેન્દ્ર તથા રાજ્ય સરકારની એકંદર ગ્રાન્ટમાંથી નીચે મુજબ ખર્ચ કરેલ છે. |

| ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | કુલ |
|---|---|---|
| ૧૬૮૮૭.૫૬ | ૭૪૦૮.૩૬ | ૨૪૨૯૫.૯૨ |

| | |
|---|---|
| (૩) રાજ્ય સરકાર ધ્વારા જિલ્લાવાર કુલ કેટલી રોજગારી ઉભી કરવાના લક્ષ્યાંકો રાખવામાં આવ્યા, અને કેટલી રોજગારી ઉભી કરવામાં આવી ? | (૩) રાજ્ય સરકાર દ્વારા કુલ : ૩૨૨.૧૧ લાખના લક્ષ્યાંક સામે કુલ ૨૪૯.૭૨ લાખ માનવદિનની રોજગારી ઉભી કરવામાં આવી. (પત્રક-૨ સામેલ છે) |

પત્રક- ૧

ગ્રામિણ રોજગારી માટે ફાળવણી અને ખર્ચ

(રૂા. લાખમાં)

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૦૫-૦૬ની ફાળવણી | | ૨૦૦૬-૦૭ની ફાળવણી | | કુલ ફાળવણી | |
|---|---|---|---|---|---|---|---|
| | | ફાળવણી | ખર્ચ | ફાળવણી | ખર્ચ | ફાળવણી | ખર્ચ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | અમદાવાદ | ૧૬૭.૪૦ | ૬૪૪.૩૩ | ૧૭૩.૩૦ | ૪૦૩.૦૬ | ૩૪૦.૭૦ | ૧૦૪૭.૩૯ |
| ૨. | અમરેલી | ૧૦૭.૯૦ | ૪૨૪.૯૦ | ૧૧૧.૭૦ | ૨૫૧.૯૦ | ૨૧૯.૬૦ | ૬૭૬.૮૦ |
| ૩. | આણંદ | ૧૧૧.૬૫ | ૪૫૪.૨૪ | ૧૧૫.૫૮ | ૨૨૨.૪૧ | ૨૨૭.૨૩ | ૬૭૬.૬૫ |
| ૪. | બનાસકાંઠા | ૧૮૪.૧૭ | ૮૫૮.૩૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૮૪.૧૭ | ૮૫૮.૩૦ |
| ૫. | ભરૂચ | ૧૫૪.૩૨ | ૬૪૭.૬૪ | ૧૫૯.૭૫ | ૪૭૮.૭૪ | ૩૧૪.૦૭ | ૧૧૨૬.૩૮ |
| ૬. | ભાવનગર | ૧૬૨.૨૭ | ૬૯૦.૨૧ | ૧૬૭.૯૮ | ૩૪૯.૫૪ | ૩૩૦.૨૫ | ૧૦૩૯.૭૫ |
| ૭. | દાહોદ | ૨૯૧.૫૫ | ૧૧૮૩.૯૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૯૧.૫૫ | ૧૧૮૩.૯૫ |
| ૮. | ડાંગ | ૨૧૬.૪૦ | ૮૬૮.૨૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૧૬.૪૦ | ૮૬૮.૨૩ |
| ૯. | ગાંધીનગર | ૧૧૪.૦૮ | ૪૧૦.૦૨ | ૧૧૮.૦૯ | ૩૧૦.૮૫ | ૨૩૨.૧૭ | ૭૨૦.૮૭ |
| ૧૦. | જામનગર | ૧૧૪.૨૦ | ૪૫૯.૯૫ | ૧૧૮.૨૨ | ૨૭૧.૦૩ | ૨૩૨.૪૨ | ૭૩૦.૯૮ |
| ૧૧. | જુનાગઢ | ૧૫૦.૨૯ | ૬૯૮.૫૦ | ૧૫૫.૫૮ | ૪૩૮.૦૦ | ૩૦૫.૮૭ | ૧૧૩૬.૫૦ |
| ૧૨. | કચ્છ | ૧૨૧.૩૯ | ૪૩૪.૬૨ | ૧૨૫.૬૬ | ૨૮૯.૮૮ | ૨૪૭.૦૫ | ૭૨૪.૫૦ |
| ૧૩. | ખેડા | ૧૪૧.૦૩ | ૫૬૭.૦૪ | ૧૪૬.૦૦ | ૩૭૩.૭૧ | ૨૮૭.૦૩ | ૯૪૦.૭૫ |
| ૧૪. | મહેસાણા | ૧૪૬.૬૬ | ૫૮૮.૯૨ | ૧૫૧.૮૨ | ૪૧૦.૧૨ | ૨૯૮.૪૮ | ૯૯૯.૦૪ |
| ૧૫. | નર્મદા | ૧૨૭.૨૮ | ૫૪૦.૮૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૨૭.૨૮ | ૫૪૦.૮૧ |
| ૧૬. | નવસારી | ૧૭૯.૯૫ | ૭૪૧.૬૪ | ૧૮૬.૨૯ | ૬૪૬.૭૫ | ૩૬૬.૨૪ | ૧૩૮૮.૩૯ |
| ૧૭. | પંચમહાલ | ૨૬૫.૪૯ | ૧૦૦૯.૭૪ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૬૫.૪૯ | ૧૦૦૯.૭૪ |
| ૧૮. | પાટણ | ૧૧૫.૫૧ | ૫૩૯.૩૫ | ૧૧૯.૫૮ | ૩૦૬.૪૪ | ૨૩૫.૦૯ | ૮૪૫.૭૯ |
| ૧૯. | પોરબંદર | ૪૩.૯૫ | ૧૬૮.૭૫ | ૪૫.૪૯ | ૧૭૫.૦૯ | ૮૯.૪૪ | ૩૪૩.૮૪ |
| ૨૦. | રાજકોટ | ૧૪૯.૮૫ | ૬૧૮.૫૫ | ૧૫૫.૧૨ | ૩૪૩.૭૫ | ૩૦૪.૯૭ | ૯૬૨.૩૦ |

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૦૫-૦૬ની ફાળવણી | | ૨૦૦૬-૦૭ની ફાળવણી | | કુલ ફાળવણી | |
|---|---|---|---|---|---|---|---|
| | | ફાળવણી | ખર્ચ | ફાળવણી | ખર્ચ | ફાળવણી | ખર્ચ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૨૧. | સાબરકાંઠા | ૨૦૭.૧૫ | ૮૨૯.૪૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૦૭.૧૫ | ૮૨૯.૪૩ |
| ૨૨. | સુરત | ૨૩૬.૧૦ | ૯૯૫.૬૭ | ૨૪૪.૪૧ | ૫૭૩.૨૫ | ૪૮૦.૫૧ | ૧૫૬૮.૯૨ |
| ૨૩. | સુરેન્દ્રનગર | ૧૫૭.૧૨ | ૬૮૫.૯૭ | ૧૬૨.૬૫ | ૪૪૮.૧૬ | ૩૧૯.૭૭ | ૧૧૩૪.૧૩ |
| ૨૪. | વડોદરા | ૨૪૨.૩૭ | ૧૦૦૬.૮૯ | ૨૫૦.૯૦ | ૬૧૨.૪૧ | ૪૯૩.૨૭ | ૧૬૧૯.૩૦ |
| ૨૫. | વલસાડ | ૧૯૮.૬૨ | ૮૧૯.૯૧ | ૨૦૫.૬૧ | ૫૦૩.૨૭ | ૪૦૪.૨૩ | ૧૩૨૩.૧૮ |
| | કુલ | ૪૧૦૬.૭૦ | ૧૬૮૮૭.૫૬ | ૨૯૧૨.૭૩ | ૭૪૦૮.૩૬ | ૭૦૨૦.૪૩ | ૨૪૨૯૫.૯૨ |

પત્રક- ૨
ગ્રામીણ રોજગારી માટે ફાળવણી અને ખર્ચ

(રૂા. લાખમાં)

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૦૫-૦૬ની ફાળવણી | | ૨૦૦૬-૦૭ની ફાળવણી | | કુલ ફાળવણી | |
|---|---|---|---|---|---|---|---|
| | | લક્ષ્યાંક | સિધ્ધિ | લક્ષ્યાંક | સિધ્ધિ | લક્ષ્યાંક | સિધ્ધિ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | અમદાવાદ | ૭.૭૬ | ૮.૨૮ | ૭.૭૬ | ૪.૧૩ | ૧૫.૫૨ | ૧૨.૪૧ |
| ૨. | અમરેલી | ૫.૦૧ | ૨.૭૪ | ૫.૦૧ | ૨.૦૪ | ૧૦.૦૨ | ૪.૭૮ |
| ૩. | આણંદ | ૫.૧૮ | ૪.૬૧ | ૫.૧૮ | ૨.૫૬ | ૧૦.૩૬ | ૭.૧૭ |
| ૪. | બનાસકાંઠા | ૮.૫૪ | ૧૨.૩૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૮.૫૪ | ૧૨.૩૦ |
| ૫. | ભરૂચ | ૭.૧૬ | ૧૧.૫૩ | ૭.૧૬ | ૫.૩૭ | ૧૪.૩૨ | ૧૬.૯૦ |
| ૬. | ભાવનગર | ૭.૫૩ | ૫.૪૩ | ૭.૫૩ | ૨.૪૫ | ૧૫.૦૬ | ૭.૮૮ |
| ૭. | દાહોદ | ૧૩.૫૩ | ૧૫.૨૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૩.૫૩ | ૧૫.૨૧ |
| ૮. | ડાંગ | ૧૦.૦૪ | ૬.૦૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦.૦૪ | ૬.૦૨ |
| ૯. | ગાંધીનગર | ૫.૨૯ | ૨.૯૯ | ૫.૨૯ | ૨.૬૨ | ૧૦.૫૮ | ૫.૬૧ |
| ૧૦. | જામનગર | ૫.૩૦ | ૨.૬૭ | ૫.૩૦ | ૨.૦૭ | ૧૦.૬૦ | ૪.૭૪ |
| ૧૧. | જુનાગઢ | ૬.૯૭ | ૮.૬૨ | ૬.૯૭ | ૪.૮૧ | ૧૩.૯૪ | ૧૩.૪૩ |
| ૧૨. | કચ્છ | ૫.૬૩ | ૨.૯૯ | ૫.૬૩ | ૧.૫૨ | ૧૧.૨૬ | ૪.૫૧ |
| ૧૩. | ખેડા | ૬.૫૪ | ૪.૪૬ | ૬.૫૪ | ૨.૭૫ | ૧૩.૦૮ | ૭.૨૧ |
| ૧૪. | મહેસાણા | ૭.૩૮ | ૫.૦૮ | ૭.૩૮ | ૩.૮૫ | ૧૪.૭૬ | ૮.૯૩ |
| ૧૫. | નર્મદા | ૫.૯૦ | ૧૮.૦૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૫.૯૦ | ૧૮.૦૨ |
| ૧૬. | નવસારી | ૮.૩૫ | ૬.૭૮ | ૮.૩૫ | ૪.૬૬ | ૧૬.૭૦ | ૧૧.૪૪ |
| ૧૭. | પંચમહાલ | ૧૨.૩૧ | ૧૨.૨૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૨.૩૧ | ૧૨.૨૨ |
| ૧૮. | પાટણ | ૫.૩૬ | ૩.૨૭ | ૫.૩૬ | ૧.૬૬ | ૧૦.૭૨ | ૪.૯૩ |
| ૧૯. | પોરબંદર | ૨.૦૪ | ૨.૧૨ | ૨.૪૦ | ૨.૦૧ | ૪.૦૮ | ૪.૧૩ |
| ૨૦. | રાજકોટ | ૬.૯૫ | ૬.૭૨ | ૬.૯૫ | ૨.૧૭ | ૧૩.૯૦ | ૮.૮૯ |
| ૨૧. | સાબરકાંઠા | ૯.૬૧ | ૯.૬૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૯.૬૧ | ૯.૬૫ |
| ૨૨. | સુરત | ૧૦.૯૦ | ૧૧.૫૮ | ૧૦.૯૦ | ૫.૫૧ | ૨૧.૮૦ | ૧૭.૦૯ |
| ૨૩. | સુરેન્દ્રનગર | ૭.૨૯ | ૫.૭૦ | ૭.૨૯ | ૩.૨૧ | ૧૪.૫૮ | ૮.૯૧ |
| ૨૪. | વડોદરા | ૧૧.૨૪ | ૧૧.૨૦ | ૧૧.૨૪ | ૬.૪૮ | ૨૨.૪૮ | ૧૭.૬૮ |
| ૨૫. | વલસાડ | ૯.૨૧ | ૬.૧૫ | ૯.૨૧ | ૩.૫૧ | ૧૮.૪૨ | ૯.૬૬ |
| | કુલ | ૧૯૧.૦૨ | ૧૮૬.૩૪ | ૧૩૧.૦૯ | ૬૩.૩૮ | ૩૨૨.૧૧ | ૨૪૯.૭૨ |

-----------

**કાંકરેજ તાલુકામાં ખેડૂતોના પાકને નુકસાન**

૨૦૭૧૫**શ્રી ધારશીભાઈ લ. ખાનપુરાM#>(કાંકરેજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૬ના વર્ષમાં અતિવૃષ્ટિના કારણે કાંકરેજ તાલુકામાં ખેતીના પાકને કેટલું નુકસાન થયેલ

**જવાબ**

(૧) ખેતીના પાકને ૨૫૦૦૦ હેક્ટર અને બાગાયતી પાકને ૨૬૦૦ હેક્ટરમાં નુકસાન થયેલ છે.

છે,

(૨) ખેડૂતોને વળતર પેટે કેટલી સહાય ચૂકવેલ છે, અને

(૨) રૂા. ૧૫૦.૪૦ લાખ

(૩) બાકી રહેતા ખેડૂતોને ક્યારે સહાય ચૂકવવામાં આવશે ?

(૩) મંજુર થયેલ તમામ અરજીઓની સહાયનું ચૂકવણું પૂર્ણ થયેલ હોઈ ચૂકવણી કરવાનું બાકી નથી.

-----------

**બનાસકાંઠામાં ગ્રામ સેવકોની ખાલી જ્ગ્યા**

૨૧૯૨૮**શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ગ્રામ સેવકોની કેટલી જ્ગ્યાઓ તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ખાલી છે, અને

**જવાબ**

(૧) ગ્રામ સેવકોની ૬૫ જ્ગ્યાઓ તાલુકાવાર નીચે મુજબ ખાલી છે.

| | તાલુકાનું નામ | ખાલી જ્ગ્યા |
|---|---|---|
| (૧) | પાલનપુર | ૦૩ |
| (૨) | વડગામ | ૦૩ |
| | તાલુકાનું નામ | ખાલી જ્ગ્યા |
| (૩) | દાંતા | ૦૫ |
| (૪) | ડીસા | ૧૬ |
| (૫) | દાંતીવાડા | ૦૩ |
| (૬) | ધાનેરા | ૦૯ |
| (૭) | થરાદ | ૦૯ |
| (૮) | વાવ | ૦૪ |
| (૯) | દિયોદર | ૦૧ |
| (૧૦) | ભાભર | ૦૩ |
| (૧૧) | કાંકરેજ | ૦૫ |
| (૧૨) | અમીરગઢ | ૦૪ |
| | **કુલ :-** | **૬૫** |

(૨) આ જ્ગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) કાર્યવાહી ગતિમાં છે.

-----------

**રાજ્યમાં દુધ ઉત્પાદનનો વધારો**

૨૨૩૦૩ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજ્યમાં દૂધ ઉત્પાદન કેટલું હતું, તેમાં ૨૦૦૬ના વર્ષે કેટલો વધારો કે ઘટાડો થયો,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજ્યમાં દૂધ ઉત્પાદન નીચે મુજબ હતું

| | | |
|---|---|---|
| (૧) | તા. ૧-૨-૦૪ થી તા. ૩૧-૧-૦૫ | ૬૭૪૨ હજાર ટન |
| (૨) | તા. ૧-૨-૦૫ થી તા. ૩૧-૧-૦૬ | ૬૯૪૦ હજાર ટન |
| (૩) | તા. ૧-૨-૦૬ થી તા. ૩૧-૧-૦૭ | ૭૨૯૧ હજાર ટન |

તેમાં ૨૦૦૬ના વર્ષમાં દૂધ ઉત્પાદનમાં ૩૭૮ હજાર ટનનો વધારો થયેલ છે.

(૨) જો વધારો થયો હોય તો સરકારે તે માટે કોઈ નિતિ ક્રમગીરી કરી છે કે કેમ, અને

(૨)

| ક્રમ | કરવામાં આવેલ ક્રામગીરી | સિધ્ધ કરવામાં આવેલ લક્ષ્યાંક |
|---|---|---|
| ૧ | પશુઓની સારવાર | ૭૯.૫૯ લાખ |
| ૨ | પશુઓને રોગ પ્રતિકારક રસીકરણ | ૧૬૦.૦૦ લાખ |
| ૩ | પશુઓને ખસીકરણ | ૨.૮૧ લાખ |
| ૪ | પશુ સારવાર કેમ્પનું આયોજન | ૭૧૭૯ |
| ૫ | પશુ આરોગ્ય મેળા | ૮૮૬૫ ગામમાં ૩૧૩૪ કેમ્પ દ્વારા ૩,૩૫,૫૦૦ પશુઓને સારવાર |

કૃષિ મહોત્સવ દરમ્યાન :

- ગ્રામ સ્તરે ગ્રામ સભાઓમાં પશુમાવજતની વેજ્ઞાનિક સમજ આપવામાં આવી.
- ઘનિષ્ટ રસીકરણ તથા જાતીય આરોગ્ય કેમ્પ યોજવામાં આવ્યા.
- સુધારેલ ઘાસચારા મીનીકીટસ મીનરલ મીક્ષર તથા ડીર્વોમર બોલ્સનું વિતરણ કરવામાં આવ્યું.

(૩) હજુ વધારે ઉત્પાદન માટે સરકાર શાં પગલાં લેવા માંગે છે ?

(૩)

(૧) કૃત્રિમ બીજદાન તથા પશુ આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવા માંગે છે.

(૨) દૂધ ઉત્પાદનની વૃધ્ધિ માટે અતિ આધુનિક વેજ્ઞાનિક પધ્ધતિઓ દ્વારા પશુપાલનની પ્રવૃત્તિઓનું અમલીકરણ કરાવવા માંગે છે.

(૩) કૃષિ મહોત્સવ ૨૦૦૬માં કરવામાં આવેલ રૂા. ૨.૮૦ ક્રોડની જોગવાઈથી ગ્રામ્ય સ્તરે પશુપાલકોમાં આવેલી જાગૃતિને ધ્યાને લઈને અગાઉની જોગવાઈ કરતાં ત્રણ ગણા કરતાં પણ વધુ જોગવાઈ રૂા. ૧૦ ક્રોડ આગામી કૃષિ મહોત્સવ માટે કરવામાં આવી છે.

-----------

## રાજ્યમાં સમરસ થયેલ ગ્રામ પંચાયતો

૨૧૩૫૭ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સને ૨૦૦૬ અને તા. ૩૧-૧-૦૭ અંતિત ગ્રામપંચાયતોની ચૂંટણી યોજવામાં આવેલ જેમાં કેટલી ગ્રામપંચાયતો સમરસ (બિનહરિફ) બનેલ છે, અને

(૨) સુરત જિલ્લામાં કેટલી, તે પૈકી ઓલપાડ અને ચોર્યાસીની કેટલી પંચાયતો સમરસ બનેલ છે ?

**જવાબ**

(૧) ૨૮૬૪

(૨) સુરત જિલ્લામાં ૨૨૪ ગ્રામ પંચાયતો સમરસ બનેલ છે. તે પૈકી ઓલપાડમાં ૩૯ અને ચોર્યાસીમાં ૧૦ ગ્રામ પંચાયતો સમરસ બનેલ છે.

-----------

**જૂનાગઢ જિલ્લામાં સોઈલ હેલ્થકાર્ડ હેઠળ જમીનની ચકાસણી**

૧૯૬૭૪ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ સોઈલ હેલ્થ કાર્ડ આપવાની યોજના નીચે કેટલી જમીનની ચકાસણી પૂરી થઈ,

(૨) કેટલા સોઈલ હેલ્થકાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા, બાકીના ક્યારે આપવામાં આવશે, અને

(૩) આપેલ કાર્ડ પ્રમાણે ચાલુ વર્ષે પાકોની વાવણી સંદર્ભે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ સોઈલ હેલ્થ કાર્ડ આપવાની યોજના નીચે ૬૭૩૦૬ જમીનના નમુનાઓની ચકાસણી પૂરી થયેલ છે.

(૨) ૬૭૩૦૬ સોઈલ હેલ્થકાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ છે. જમીન ચકાસણી પ્રયોગશાળાઓની નમુના પૃથ્થકરણની ક્ષમતા મુજબ દર વર્ષે તબક્કાવાર આપવામાં આવે છે.

(૩) આપેલ કાર્ડ પ્રમાણે જમીનની ફળદ્રુપતાને ધ્યાને લઈને પાકોની વાવણી માટે ખેડૂતોએ ક્યા ક્યા પાકો વાવવાં તથા તેમાં ક્યા ખાતરો કેટલા પ્રમાણમાં વાપરવા તે બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું.

-----------

**ભારે વરસાદથી રણકાંઠાની જમીનમાં ખારાશ**

૨૨૩૪૨ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૬માં વર્ષમાં ચોમાસામાં ભારે વરસાદના કારણે રાજ્યમાં રણકાંઠાની ખેતીની જમીનમાં મોટા પ્રમાણમાં ખારાશ આવી છે તે સરકારના ધ્યાનમાં છે, અને

(૨) જો હા, તો આ જમીનને પુનઃ ફળદ્રુપ અને ઉપજાઉ બનાવવા માટે સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**જવાબ**

(૧) અને (૨) આ બાબત ચકાસણી હેઠળ છે. ચકાસણી બાદ જરૂર જણાયે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

-----------

**રાજકોટ જિલ્લામાં આરોગ્ય વર્કરોની ખાલી જ્ગ્યાઓ**

૨૦૯૦૭**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ તાલુકાવાર આરોગ્ય વર્કરોની જ્ગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨) આ જ્ગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **ખાલી જ્ગ્યાની સંખ્યા** |
|---|---|
| (૧) રાજકોટ | ૨૧ |
| (૨) પડધરી | ૦૫ |
| (૩) વાંકાનેર | ૦૮ |
| (૪) ટંકારા | ૦૩ |
| (૫) મોરબી | ૦૯ |
| (૬) જસદણ | ૨૨ |
| (૭) માળીયા મીંયાણા | ૦૩ |
| (૮) કોટડા | ૦૪ |
| (૯) ગોંડલ | ૧૧ |
| (૧૦) લોધીકા | ૦૪ |
| (૧૧) જેતપુર | ૦૮ |
| (૧૨) જામકંડોરણા | ૦૭ |
| (૧૩) ધોરાજી | ૦૭ |
| (૧૪) ઉપલેટા | ૧૫ |
| **કુલ :-** | **૧૨૭** |

આ જ્ગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

(૨) બનતી ત્વરાએ.

માંગે છે ?

-----------

**રાજ્યમાં પશુ આરોગ્ય મેળાનું આયોજન**

૨૧૯૨૫ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૬-૦૭ના વર્ષમાં રાજ્યમાં ચાલી રહેલા પશુ આરોગ્ય મેળાઓ પેકી કચ્છ જિલ્લામાં શા લક્ષ્યાંકો હતા,

(૨) જાન્યુઆરી ૨૦૦૭ની સ્થિતિએ કઈ કઈ જગ્યાઓ પશુ આરોગ્ય મેળાઓ યોજવામાં આવ્યા, તેમાં શી કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૩) બાકી રહેલા પશુ આરોગ્ય મેળાઓ ક્યારે યોજવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) ૧૪૦

(૨) જાન્યુઆરી ૨૦૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ૧૫૦ પશુ આરોગ્ય મેળાઓ યોજેલ જેના સ્થળ તથા કરેલ કામગીરીની વિગત દર્શાવતુ *પત્રક-૧ સામેલ છે.

(૩) લક્ષ્યાંક સિધ્ધ થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**કૃષિ ઉત્પાદન પાછળ ખર્ચ**

૨૨૦૩૭ડૉ. **અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કૃષિ ઉત્પાદન કેટલું થયું, અને

(૨) કૃષિ ઉત્પાદન વધારવા સરકારને કેટલો ખર્ચ વર્ષવાર કરવો પડયો ?

**જવાબ**

(૧) રાજ્યમાં ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ અને ખરીફ ૨૦૦૬-૦૭માં કૃષિ પાકોનું અંદાજીત ઉત્પાદન નીચે મુજબ છે.

| અ. નં. | વર્ષ | ઉત્પાદન (લાખ મે.ટન) |
|---|---|---|
| ૧ | ૨૦૦૪-૦૫ | ૨૧૯.૭૫ |
| ૨ | ૨૦૦૫-૦૬ | ૨૭૬.૬૮ |
| ૩ | ૨૦૦૬-૦૭ ફક્ત ખરીફ (તા. ૩૧-૧-૦૭ સુધી) | ૧૬૩.૫૩ |

(૨) કૃષિ ઉત્પાદન વધારવા સરકારને વધારાનો કોઈ ખર્ચ કરવો પડ્યો નથી.

-----------

**સમરસ તરીકે જાહેર થયેલ ગામો**

૨૨૨૭૩ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી ૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ગામોને સમરસ તરીકે જાહેર કરવામાં આવ્યા, અને

(૨) આ ગામોને રાજ્ય સરકાર ધ્વારા કુલ કેટલી વધારાની ગ્રાન્ટ આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૮૬૪.

(૨) તા. ૭-૧૧-૨૦૦૬ના ઠરાવની જોગવાઈ મુજબ જે ગ્રામ પંચાયતો સતત બીજીવાર સમરસ જાહેર થાય તેવી ગ્રામ પંચાયતોને મળવાપાત્ર પ્રોત્સાહક ગ્રાંટ ઉપરાંત વધારાની ૨૫% પ્રોત્સાહક ગ્રાંટ આપવામાં આવે છે. આવા ૧૪૭૫ ગામોને કુલ રૂપિયા ૩,૭૧,૬૨,૫૦૦ની વધારાની ગ્રાંટ આપવામાં આવી છે.

-----------

## મગફળી અને કપાસનો નિષ્ફળ ગયેલ પાક

૨૨૩૬૧**શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી, જુનાગઢ, જામનગર, રાજકોટ અને ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મગફળી અને કપાસનો પાક નિષ્ફળ ગયેલ છે, તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો તાલુકાવાર સરેરાશ ઉત્પાદન કરતાં કેટલું ઓછું ઉત્પાદન થયેલ છે, અને

(૩) તેના પાક વિમાની રકમ ક્યારે ચૂકવવામાં આવશે, ચૂકવી હોય તો કેટલી ચૂકવી અને બાકીની રકમ ક્યારે ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મગફળી અને કપાસનો પાક નિષ્ફળ ગયેલ છે, તે વાત સાચી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) મગફળી અને કપાસ પાક્ના પાક વીમાના મંજુર થયેલ તમામ દાવાઓની ચૂક્વણી કરેલ છે તેની વિગતો પત્રક-૧ મુજબ છે. મંજુર થયેલ દાવાઓની કોઈ રકમ ચૂકવવાની બાકી નથી.

**પત્રક--૧**

**અમરેલી, જૂનાગઢ, જામનગર, રાજકોટ અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર મગફળી અને કપાસની ચૂક્વેલ પાક વીમાની રકમ (રકમ રૂા. લાખમાં)**

| અ.નં. | જિલ્લો | તાલુકો | ખરીફ-૨૦૦૪ | | ખરીફ-૨૦૦૫ | | ખરીફ-૨૦૦૬ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | મગફળી | કપાસ | મગફળી | કપાસ | મગફળી | કપાસ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | અમરેલી | અમરેલી | ૫૦૫.૪૩ | ૦ | ૦ | ૦ | ઉપજની વિગતો દાવાની ગણત્રી માટે વીમા કંપનીને તા. ૩૧-૧-૦૭ સુધીમાં મોકલી આપેલ છે. | * * ઉપજની વિગતો મોકલવાની કટ ઓફ ટેડ તા. ૩૧-૭-૨૦૦૭ છે. |
| | | બાબરા | ૧૧૩૪.૪૦ | ૦ | ૦ | ૦ | | |
| | | બગસરા | ૧૨૨૧.૬૪ | ૦ | ૫૪૫.૪૩ | ૦ | | |
| | | ધારી | ૯૫૧.૩૮ | ૦ | ૦ | ૦ | | |
| | | જાફરાબાદ | ૨૩૩.૩૯ | ૦ | ૦ | ૦ | | |
| | | ખાંભા | ૧૨૦૧.૭૪ | ૦ | ૦ | ૦ | | |
| | | લાઠી | ૫૯૯.૪૬ | ૦ | ૦ | ૦ | | |
| | | લીલીયા | ૧૩૩.૧૯ | ૦ | ૦ | ૦ | | |
| | | રાજુલા | ૧૫૩૬.૦૯ | ૦ | ૦ | ૦ | | |
| | | સાવરકુંડલા | ૦ | ૦ | ૦ | | | |
| | | કુકાવાવ | ૧૬૦૬.૮૯ | ૦ | ૦ | ૦ | | |
| | | **કુલ** | **૯૧૨૩.૬૧** | **૦** | **૫૪૫.૪૩** | **૦** | | |
| ૨ | જામનગર | જામનગર | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | ભાણવડ | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | ધ્રોલ | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | જામજોધપુર | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | જોડીયા | ૨૦૮૬.૬૧ | ૦ | ૦ | ૦ | | |
| | | કાલાવાડ | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | કલ્યાણપુર | ૦ | ૦ | * | ૦ | *દાવાઓ હજુ મંજુર થયેલ નથી | |
| | | ખંભાળીયા | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | લાલપુર | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | ઓખામંડળ | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | **કુલ** | **૨૦૮૬.૬૧** | **૦** | ૦ | **૦** | | |
| ૩ | જૂનાગઢ | ભેંસાણ | ૧૬૨૧.૯૭ | ૦ | ૦ | ૦ | | |
| | | જૂનાગઢ | ૨૦૯.૨૮ | ૦ | ૦ | ૦ | | |
| | | કેશોદ | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | કોડીનાર | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | માળીયા | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | માણાવદર | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | માંગરોળ | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | મેંદરડા | ૨૮૬.૮૮ | ૦ | ૦ | ૦ | | |
| | | સુત્રાપાડા | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | તાલાલા | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | ઉના | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | વંથલી | ૦ | ૦ | ૦ | ૦ | | |

| અ.નં. | જિલ્લો | તાલુકો | ખરીફ-૨૦૦૪ | | ખરીફ-૨૦૦૫ | | ખરીફ-૨૦૦૬ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | મગફળી | કપાસ | મગફળી | કપાસ | મગફળી | કપાસ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | વેરાવળ | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | વિસાવદર | ૬૭૭.૮૩ | ૦ | ૦ | ૦ | | |
| | | **કુલ** | **૨૭૯૫.૯૬** | **૦** | ૦ | **૦** | | |
| ૪ | ભાવનગર | ભાવનગર | ૧૮.૭૭ | ૦ | ૦ | ૦ | | |
| | | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | ગારીયાધાર | ૪૩૦.૪૫ | ૦ | ૦ | ૦ | | |
| | | ગઢડા | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | ઘોઘા | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | મહુવા | ૧૪૩૪.૯૧ | ૦ | ૦ | ૦ | | |
| | | પાલીતાણા | ૯૭૨.૮૪ | ૦ | ૦ | ૦ | | |
| | | શીહોર | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | તળાજા | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | ઉમરાળા | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | વલ્લભીપુર | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | કુલ | ૨૮૫૬.૯૭ | ૦ | ૦ | ૦ | | |
| ૫ | રાજકોટ | રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | ધોરાજી | ૩૮૬.૧૦ | ૦ | ૦ | ૦ | | |
| | | ગોંડલ | ૩૪૫૮.૩૭ | ૦ | ૦ | ૦ | | |
| | | જામકંડોરણા | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | જસદણ | ૨૦૬૩.૩૨ | ૦ | ૦ | ૦ | | |
| | | જેતપુર | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | કોટડાસાંગાણી | ૧૦૧૯.૬૪ | ૦ | ૦ | ૦ | | |
| | | લોધીકા | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | માળીયા | ૧૦૬૧.૭૭ | ૦ | ૦ | ૦ | | |
| | | મોરબી | ૧૯૫૬.૬૬ | ૦ | ૦ | ૦ | | |
| | | પડધરી | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | ટંકારા | ૮૦૩.૭૨ | ૦ | ૦ | ૦ | | |
| | | ઉપલેટા | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | વાંકાનેર | ૦ | ૦ | ૦ | ૦ | | |
| | | **કુલ** | **૧૦૭૪૯.૫૮** | **૦** | **૦** | **૦** | | |

-----------

## અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિથી મગફળી અને કપાસનું ઓછું ઉત્પાદન

૨૦૬૫૩**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧ જાન્યુ.-૦૭ની સ્થિતિએ ખરીફ-૨૦૦૬ સિઝન દરમ્યાન અતિવૃષ્ટિના કારણે અમરેલી જિલ્લામાં મગફળી અને કપાસના પાકોનું ઓછું ઉત્પાદન થયેલ છે, તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો અમરેલી જિલ્લામાં તાલુકાવાર સરેરાશ ઉત્પાદન કરતા કેટલું ઓછું ઉત્પાદન થયેલ છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧ જાન્યુ.-૦૭ની સ્થિતિએ ખરીફ-૨૦૦૬ સિઝન દરમ્યાન અતિવૃષ્ટિના કારણે અમરેલી જિલ્લામાં મગફળી અને કપાસના પાકો અસરગ્રસ્ત થયેલ હતા.

(૨) ખરીફ-૨૦૦૬ની ઋતુમાં કપાસ પાકની તાલુકાવાર ઉપજ અંદાજવાની કાર્યવાહી ચાલુ છે જ્યારે મગફળી પાકમાં સરેરાશ ઉત્પાદન કરતાં ચાલુ વર્ષમાં આવેલ ઘટની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | ઉત્પાદનમાં ઘટ (કિ.ગ્રા./હેક્ટર) |
|---|---|---|
| ૧ | અમરેલી | ૫૬૨ |
| ૨ | બાબરા | ૧૦૧૬ |
| ૩ | બગસરા | ૧૦૬૫ |
| ૪ | ધારી | ૯૫૫ |
| ૫ | જાફરાબાદ | ૮૫૫ |

| | | |
|---|---|---|
| ૬ | ખાંભા | ૯૦૭ |
| ૭ | લાઠી | ૫૦૪ |
| ૮ | લીલીયા | * |
| ૯ | રાજુલા | ૮૯૯ |
| ૧૦ | સાવરકુંડલા | ૩૭૨ |
| ૧૧ | વડીયા (કુકાવાવ) | ૧૦૯૫ |

*ઉત્પાદનમાં ઘટ નથી.

(૩) તેના પાક વિમાની રકમ ક્યારે ચૂકવવામાં આવશે ?

(૩) ભારતીય કૃષિ વીમા કંપની દ્વારા દાવાઓ મંજૂર થયે મળવાપાત્ર વીમો ચૂકવવામાં આવશે.

-----------

**અનુસૂચિત જાતિ અને પછાત વર્ગની યોજનાઓ બંધ થવા અંગે**

૨૧૭૨૮**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૧-૧-૨૦૦૫ થી ૩૧-૧-૦૭ સુધીમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ધ્વારા અનુસૂચિત જાતિઓના કલ્યાણ અને સામાજિક શૈક્ષણિક પછાતના કલ્યાણ અંગેની કઈ કઈ યોજનાઓ બંધ કરવામાં આવી,

(૧) શૂન્ય.

(૨) આ યોજનાઓ ગરીબ અને પછાત વર્ગ વિકાસ માટેની હતી તે બંધ કરવાના કારણો શા છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ બંધ કરેલ યોજનાઓ ફરી શરુ કરવા માંગો છો કે કેમ ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**અમદાવાદ શહેરમાં માનવ ગરીમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૨૧૧૪ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા(શહેર કોટડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં માનવ ગરીમા યોજના હેઠળ કેટલી અરજીઓ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળી,

(૧)

| અનુસુચિત જાતિ | સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ |
|---|---|
| ૧૬૨૮૧ | ૭૬૯ |

(૨) તેમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨)

| અનુસુચિત જાતિ | સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ |
|---|---|
| ૧૮૩૦ | ૫૪૦ |

(૩) શહેરમાં ક્યા ક્યા વિસ્તારના લાભાર્થીઓને આ લાભ આપવામાં આવ્યો, અને

(૩) ગીરધરનગર, અસારવા, મેઘાણીનગર, પ્રેમ દરવાજા, દરિયાપુર, વાડજ, રાણીપ, સાબરમતી, આંબાવાડી, શાહપુર, રાયપુર, જમાલપુર,બહેરામપુરા, ગીતામંદિર, રાયખડ, કાંકરીયા, મણીનગર, દાણીલીમડા, ખોખરા, અમરાઇવાડી, રાજપુર, ગોમતીપુર, સરસપુર, રખિયાલ, બાપુનગર, નરોડા, ઓઢવ.

(૪) આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયો હતો ?

(૪) અનુ. જાતિ. -રૂા. ૩૬,૫૭,૩૨
સા.સે.પ.વ.- રૂા. ૧૪,૪૬,૦૭૫

-----------

**ઉના તાલુકામાં એસ.જી.આર. યોજનાના કામોમાં ગેરરીતિ**

૨૧૨૧૯ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉના તાલુકાના સનવાવ ગામે તાલુકા કક્ષાના એસ.જી.આર.વાયના કામમાં વ્યાપક ગેરરીતિ આચરવામાં આવેલી છે તેવી કેટલી ફરિયાદો રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં મળી, | (૧) ૨ (બે) |
| (૨) તે અન્વયે કેટલા રૂપિયાની ગેરરીતિ આચરવામાં આવી છે, અને | (૨) તે અન્વયે રૂા. ૭૫,૫૨૩.૦૦ની ગેરરીતી આચરવામાં આવેલાનું તપાસમાં જણાયેલ છે. |
| (૩) આ ગેરરીતિ આચરવામાં કોણ કોણ જવાબદારો છે, તેમની સામે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) તપાસમાં ઇન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, અધિક મદદનીશ ઇજનેર, નાયબ હિસાબનીશ, સીનીયર ક્લાર્ક, સરપંચ સનવાવ ગ્રામ પંચાયત તથા તલાટી કમ મંત્રી જવાબદાર જણાયેલ હોઇ તેઓની સામે શિસ્ત વિષયક કાર્યવાહી હાથ ધરવાની સૂચના આપેલ છે. |

-----------

**વાવ-થરાદમાં પશુ ડૉક્ટરની ખાલી જગા**

૨૧૩૫૦ **શ્રી હેમાજી દ. રાજપૂત(વાવ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વાવ-થરાદ તાલુકામાં પશુ દવાખાનામાં કેટલા પશુ ડૉક્ટરો છે, કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને | (૧) વાવ-થરાદ તાલુકામાં પશુ દવાખાના ખાતે કુલ ૭ પશુ ચિકિત્સા અધિકારીની જ્ગ્યા મંજૂર થયેલ છે. તેમાંથી ૧ જ્ગ્યા તા. ૩૧-૧૦-૦૬થી ખાલી છે. |
| (૨) ખાલી જ્ગ્યા ક્યારે ભરવા માંગો છો ? | (૨) ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જેમ બને તેમ જલ્દીથી. |

-----------

**પંચાયતીરાજ સંસ્થાને સંગીન બનાવવા રકમની ફાળવણી**

૨૧૭૧૮**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પંચાયતીરાજ સંસ્થાઓને સંગીન બનાવવા કેન્દ્રના નાણા પંચે તા. ૩૧-૩-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલી રકમની સહાય પેટે ફાળવણી કરી છે, અને | (૧) રૂા.૨૯૨૭૪.૦૭ લાખ. |
| (૨) તે પૈકીની કેટલી રકમ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ફાળવવામાં આવી ? | (૨) અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ફાળવવામાં આવેલ રકમ નીચે મુજબ છે. |

| અ.નં. | તાલુકાનું નામ | કુલ ફાળવણી (રૂા.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | સીટી | ૯.૭૭ |
| ૨ | દસક્રોઇ | ૨૬.૦૨ |
| ૩ | ધોળકા | ૧૭.૩૬ |
| ૪ | બાવળા | ૧૧.૯૪ |
| ૫ | ધંધુકા | ૧૮.૯૪ |
| ૬ | રાણપુર | ૧૧.૪૮ |
| ૭ | બરવાળા | ૯.૬૪ |
| ૮ | સાણંદ | ૧૭.૫૧ |
| ૯ | વિરમગામ | ૧૬.૮૦ |
| ૧૦ | માંડલ | ૧૧.૬૪ |
| ૧૧ | દેત્રોજ-રામપુરા | ૧૨.૫૩ |
| | **કુલ :-** | **૧૬૩.૬૩** |

-----------

## રાજકોટ જિલ્લામાં શૌચાલય બનાવવા પાછળ ખર્ચ

૨૨૩૬૫ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** ( રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં સસ્તા પ્રકારના શૌચાલયો ક્યા ક્યા તાલુકામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બનાવવામાં આવ્યા,

(૨) તેની પાછળ કુલ કેટલી રકમ વાપરવામાં આવી, અને

(૩) જો કોઈ બિલ ચૂકવવાના બાકી હોય તો કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન ૧૯૩૨૦ તથા વર્ષ ૨૦૦૬-૦૭ (જાન્યુઆરી-૦૭ અંતિત) દરમ્યાન ૩૦,૬૧૨ મળી કુલ ૪૯,૯૩૨ શૌચાલયો જે તે લાભાર્થી દ્વારા બાંધવામાં આવેલ છે જેનું તાલુકાવાર પત્રક-૧ આ સાથે સામેલ છે.

(૨) તેની પાછળ કુલ રૂા.૫૧.૦૯ લાખ વાપરવામાં આવેલ છે.

(૩) કોઇ લાભાર્થીને રકમ ચૂકવવાની બાકી રહેતી નથી.

### પ ત્ર ક - ૧
### સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન

| ક્રમ | તાલુકાનું નામ | બનાવવામાં આવેલ વ્યક્તિગત શૌચાલય | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૫-૦૬ | | | | વર્ષ ૨૦૦૬-૦૭ (તા.૩૧.૧.૦૭ અંતિત) | | | |
| | | બી.પી.એલ કુટુંબો માટે (સંખ્યા) | એ.પી.એલ. કુટુંબો માટે (સંખ્યા) | કુલ શૌચાલયોની સંખ્યા | પ્રોત્સાહન રૂપે વાપરવામાં આવેલ રકમ (રૂા.લાખમાં) | બી.પી.એલ. કુટુંબો માટે (સંખ્યા) | એ.પી.એલ. કુટુંબો માટે (સંખ્યા) | કુલ શૌચાલયોની સંખ્યા | પ્રોત્સાહન રૂપે વાપરવામાં આવેલ રકમ (રૂા.લાખમાં) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | માળીયા | ૦ | ૧૦૪૦ | ૧૦૪૦ | ૦ | ૪૦૦ | ૬૨૩ | ૧૦૨૩ | ૦.૭૦ |
| ૨ | મોરબી | ૦ | ૧૨૬૦ | ૧૨૬૦ | ૦ | ૬૦ | ૨૧૩૦ | ૨૧૯૦ | ૦.૭૨ |
| ૩ | ટંકારા | ૦ | ૧૩૭૫ | ૧૩૭૫ | ૦ | ૫૮૩ | ૧૨૩૦ | ૧૮૧૩ | ૫.૫૩ |
| ૪ | વાંકાનેર | ૦ | ૩૧૪૦ | ૩૧૪૦ | ૦ | ૭૨૦ | ૨૧૧૦ | ૨૮૩૦ | ૮.૬૪ |
| ૫ | પડધરી | ૦ | ૧૨૩૦ | ૧૨૩૦ | ૦ | ૭૧ | ૧૮૩૦ | ૧૯૦૧ | ૦.૨૪ |
| ૬ | રાજકોટ | ૧૧૪ | ૧૬૪૦ | ૧૭૫૪ | ૦.૫૭ | ૩૬૩ | ૨૧૪૦ | ૨૫૦૩ | ૩.૫૪ |
| ૭ | જસદણ | ૭૧ | ૨૪૩૦ | ૨૫૦૧ | ૦.૩૬ | ૫૬૦ | ૨૪૧૦ | ૨૯૭૦ | ૫.૫૯ |
| ૮ | કોટડાસાંગાણી | ૦ | ૯૪૦ | ૯૪૦ | ૦ | ૫૨૯ | ૧૧૭૦ | ૧૬૯૯ | ૫.૪૮ |
| ૯ | લોધીકા | ૦ | ૭૩૫ | ૭૩૫ | ૦ | ૨૧૪ | ૯૧૦ | ૧૧૨૪ | ૩.૪૧ |
| ૧૦ | ગોંડલ | ૦ | ૨૦૨૫ | ૨૦૨૫ | ૦ | ૪૦૧ | ૩૧૨૦ | ૩૫૨૧ | ૪.૩૭ |
| ૧૧ | જેતપુર | ૩૦ | ૧૪૮૫ | ૧૫૧૫ | ૦.૧૫ | ૫૫ | ૨૯૭૦ | ૩૦૨૫ | ૦.૬૬ |
| ૧૨ | ધોરાજી | ૪૯ | ૪૬૦ | ૫૦૯ | ૦.૨૪ | ૩૭૬ | ૨૪૩૦ | ૨૮૦૬ | ૪.૫૧ |
| ૧૩ | ઉપલેટા | ૦ | ૧૧૧૬ | ૧૧૧૬ | ૦ | ૧૯૬ | ૧૫૭૦ | ૧૭૬૬ | ૨.૩૫ |
| ૧૪ | જામકંડોરણા | ૦ | ૧૮૦ | ૧૮૦ | ૦ | ૩૩૪ | ૧૧૦૭ | ૧૪૪૧ | ૪.૦૩ |
| કુલ | | ૨૬૪ | ૧૯૦૫૬ | ૧૯૩૨૦ | ૧.૩૨ | ૪૮૬૨ | ૨૫૭૫૦ | ૩૦૬૧૨ | ૪૯.૭૭ |

-----------

## કૃષિ મહોત્સવ માટે મળેલ અરજીઓ

૧૯૫૭૨ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ-૨૦૦૫ અને ૨૦૦૬માં કૃષિ મહોત્સવ માટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬ માં કૃષિ મહોત્સવ માટે નીચે મુજબનો ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | કચેરીઓ | વર્ષ ૨૦૦૫ | વર્ષ ૨૦૦૬ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | બાગાયત નિયામકશ્રી | રૂા.૪૯.૬૬ લાખ | રૂા.૨૬.૧૮ લાખ |
| ૨ | ખેતી નિયામકશ્રી | રૂા.૭૮૯.૫૧ લાખ | રૂા.૫૬૧.૪૮ લાખ |

| | | | |
|---|---|---|---|
| ૩ | પશુપાલન નિયામકશ્રી | રૂા.૭૯.૮૫ લાખ | રૂા.૨૭૭.૪૩ લાખ |
| ૪ | જળસંપતિ વિભાગ | રૂા.૬૩૩.૫૯ લાખ | રૂા.૨૯૬.૬૨ લાખ |
| | કુલ ખર્ચ | રૂા.૧૫૫૩.૫૧ લાખ | રૂા.૧૦૬૧.૭૧ લાખ |

(૨) આ મહોત્સવ દરમ્યાન રાજ્ય સરકારને કુલ કેટલી અરજીઓ મળી હતી, અને

(૨) કૃષિ મહોત્સવ દરમ્યાન નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં ટપક પધ્ધતિ અન્વયે ૧૪૦૦ અરજીઓ તથા સિંચાઇ યોજના હેઠળ ૧૪૭ અરજીઓ મળી કુલ ૧૫૪૭ અરજીઓ રાજ્ય સરકારને મળેલ છે.

(૩) કેટલી અરજીઓ પડતર છે ?

(૩) સિંચાઇ યોજના હેઠળ ૬૮ અરજીઓ પડતર છે.

-----------

**મહિલા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા યોજના**

૨૧૭૩૫ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહિલા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા રાજ્યમાં કઈ કઈ યોજનાઓ કાર્યરત છે, અને

(૨) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલી યોજનાઓમાં કેટલી મહિલાઓને આ અંતર્ગત લાભ મળ્યો ?

**જવાબ**

(૧) અને (૨) : ખેડૂતોને પ્રોત્સાહિત કરવા અંગે કૃષિ અને બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ રાજ્યમાં અમલમાં છે. તેમાં મહિલા ખેડૂતોને પ્રાધાન્ય આપવામાં આવે છે. આવી વિવિધ યોજનાઓ અને તે હેઠળ મહિલા ખેડૂતોને આપવામાં આવેલ લાભની વિગતો સામેલ પત્રક મુજબ છે.

**પ ત્ર ક**

| ક્રમ | યોજનાનું નામ | વર્ષ ૨૦૦૫-૦૬ | વર્ષ ૨૦૦૬-૦૭ (તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ખેડૂતો તાલીમ કેન્દ્ર દ્વારા આપેલ તાલીમ | ૨૭૦૯ | ૩૬૪૪ |
| ૨ | જુદી જુદી યોજના હેઠળ આપેલ તાલીમ | ૧૧૨૦ | ૧૦૪૫ |
| ૩ | વર્કપ્લાન યોજના હેઠળ આપેલ તાલીમ | ૪૪ | ૩૦ |
| ૪ | મીની મીશન હેઠળ આપેલ લાભ | ૨૫ | ૩૩ |
| ૫ | આઇ સો પોમ હેઠળ આપેલ લાભ | ૯૦ | ૪૦ |
| ૬ | ખાસ અંગભૂત હેઠળ આપેલ લાભ | ૧૦ | ૦૮ |
| ૭ | એજીઆર-૨૩<br>ગુજરાતમાં સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ | ૧૩૮ | ૩૨ |
| ૮ | એજીઆર-૨૫<br>અનુ.જાતિના પેટા યોજના હેઠળ બાગાયત વિકાસ કાર્યક્રમ | ૯૦ | ૩ |
| ૯ | એજીઆર-૨૬<br>ફળ અને શાકભાજીની જાળવણી અને તાલીમ આપવા અંગેની યોજના<br>ગ્રામ્ય<br>શહેરી | <br><br>૧૦૭૨<br>૨૫૫ | <br><br>૮૩૩<br>૨૭૦ |
| ૧૦ | એજીઆર-૨૯<br>સુગંધિત/ઔષધિય છોડ અને ફુલની ખેતીના વિકાસ માટેની યોજના | ૧૮ | ૭ |
| | કુલ ... | ૫૫૭૧ | ૫૯૪૫ |

-----------

## રાજ્યમાં ઘઉંના પાક્નું વાવેતર

૨૦૯૭૭**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યમાં ૨૦૦૬-૦૭ની રવી સીઝનમાં ઘઉંના પાક્નું કેટલા હેકટરમાં વાવેતર થયેલ છે અને અંદાજીત ઉત્પાદન મે. ટનમાં કેટલું થશે, | (૧) અંદાજે ૧૨ લાખ હેકટરમાં વાવેતર અને ૩૦ લાખ મે.ટન જેટલું ઉત્પાદન થવાનો અંદાજ છે. |
| (૨) રાજ્યના વપરાશ માટે આ જથ્થો પર્યાપ્ત છે, | (૨) લોકોના ખોરાક માટે પર્યાપ્ત છે. |
| (૩) જો હા, તો ગ્રાહકને શું ભાવે ઘઉં ઉપલબ્ધ થશે, અને | (૩) ભાવની બાબત માંગ અને પુરવઠા ઉપર આધારિત છે. |
| (૪) જો ના, તો અપૂરતો જથ્થો સરભર કરવા સરકારશ્રી શી વ્યવસ્થા ગોઠવવા વિચારે છે ? | (૪) ખોરાક માટેનો જથ્થો ઉપલબ્ધ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## ઉકાઈ અસરગ્રસ્ત ખેડૂતોને ખેતીના ઉપયોગ માટે યોજના

૨૨૦૪૧ **શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) સુરત જિલ્લાના ઉકાઈ અસરગ્રસ્તોના સોનગઢ, માંડવી, ઉચ્છલ અને નિઝર તાલુકાના આદિવાસી ખેડૂતો માટે ખેતીના ઉપયોગ માટે વિકાસની કોઈ યોજનાઓ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) સન ૨૦૦૫-૨૦૦૬ના નાણાકીય વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેમના વિકાસ માટે સરકારનું શું આયોજન છે ? | (૩) ૧૧મી પંચવર્ષીય યોજનામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૃષિ, બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ તથા હોર્ટીકલ્ચર મીશન હેઠળ નિયત ધોરણો મુજબ સહાય આપવાનું આયોજન છે. |

-----------

## સ્વામી તેજાનંદ કર્મકાંડ તાલીમ યોજનામાં લીધલ તાલીમ

૨૧૬૩૦ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) સ્વામી તેજાનંદ કર્મકાંડ તાલીમ યોજના રાજ્યમાં ક્યારથી અમલમાં મૂકવામાં આવી, | (૧) તા.૧૮-૪-૨૦૦૦ થી |
| (૨) આ યોજનામાં તાલીમાર્થીઓને તાલીમ આપવા માટે કોઈ ફી લેવામાં આવે છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) યોજનાની શરુઆતથી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલા યુવકોએ આ તાલીમ મેળવી ? | (૩) ૬૫૮ |

-----------

## બનાસકાંઠા જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા

૨૨૩૧૩ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, અમીરગઢ તથા દાંતા તાલુકામાં ગરીબી રેખા હેઠળના કુટુંબોની સંખ્યામાં તાત્કાલિક અસરથી એકદમ ઘટાડો કરી દેવામાં આવ્યો છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |

(૨) જો હા, તો તેના કારણો શું છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો ના, તો છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષ દરમ્યાન વર્ષદીઠ આવા કુટુંબોની કેટકેટલી સંખ્યા હતી, અને

(૩) છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષ દરમ્યાન વર્ષ દીઠ આવા કુટુંબોની સંખ્યા નીચે દર્શાવ્યા પ્રમાણેની હતી.

| તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૪ દરમ્યાન તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિ | વર્ષ ૨૦૦૫ દરમ્યાન તા.૩૧-૧૨-૦૫ ની સ્થિતિ | વર્ષ ૨૦૦૬ માં તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિ | | |
|---|---|---|---|---|---|
| | | | ૦ થી ૧૬ સ્કોર | ૧૭ થી ૨૦ સ્કોર | કુલ |
| પાલનપુર | ૧૦૦૫૩ | ૧૦૦૫૩ | ૧૧૯૯૨ | ૮૫૭૩ | ૨૦૫૬૫ |
| અમીરગઢ | ૧૦૯૬૫ | ૧૦૯૬૫ | ૫૧૪૭ | ૫૫૯૯ | ૧૦૭૪૬ |
| દાંતા | ૧૭૬૮૯ | ૧૭૬૮૯ | ૧૦૨૦૯ | ૧૦૬૦૦ | ૨૦૮૦૯ |
| કુલ .. | ૩૮૭૦૭ | ૩૮૭૦૭ | ૨૭૩૪૮ | ૨૪૭૭૨ | ૫૨૧૨૦ |

(૪) જાન્યુઆરી-૨૦૦૭ અંતિત આવા કુટુંબોની કેટલી સંખ્યા છે ?

(૪) જાન્યુઆરી-૨૦૦૭ અંતિત આવા કુટુંબોની સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ૦ થી ૧૬ સ્કોર | ૧૭ થી ૨૦ સ્કોર | કુલ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| પાલનપુર | ૧૧૯૯૨ | ૮૫૭૩ | ૨૦૫૬૫ |
| અમીરગઢ | ૫૧૪૭ | ૫૫૯૯ | ૧૦૭૪૬ |
| દાંતા | ૧૦૨૦૯ | ૧૦૬૦૦ | ૨૦૮૦૯ |
| કુલ .. | ૨૭૩૪૮ | ૨૪૭૭૨ | ૫૨૧૨૦ |

-----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં વૃધ્ધ સહાય યોજના હેઠળ અરજીઓ

૨૧૩૫૪ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૧-૧-૦૫ થી તા. ૩૧-૧૨-૦૬ દરમ્યાન નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે કેટલી વ્યક્તિની અરજીઓ મળી,

(૧) તા.૧-૧-૨૦૦૫ થી તા.૩૧-૧૨-૨૦૦૬ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે નીચે મુજબ અરજીઓ મળી :-

| | |
|---|---|
| ચોટીલા | ૨૧ |
| સાયલા | ૪૬ |
| કુલ ૬૭ અરજીઓ | |

(૨) તે પૈકી કેટલી મંજૂર કેટલી નામંજૂર કરી, કેટલી સહાય ચુકવી, અને

(૨) તે પૈકી મંજૂર, નામંજૂર અને સહાયની વિગતો નીચે મુજબ છે :-

| તાલુકો | મંજૂર | નામંજૂર | પડતર | ચૂકવાયેલ સહાયની રકમ |
|---|---|---|---|---|
| ચોટીલા | ૧૦ | ૧૦ | ૧ ચકાસણી માટે પડતર | રૂા.૨૧,૬૦૦ |
| સાયલા | ૩૪ | ૧૧ | ૧ ચકાસણી માટે પડતર | રૂા.૯૧,૦૦૦ |

(૩) કેટલી અરજીઓ બાકી છે ?

(૩) બે અરજીઓ ચકાસણી હેઠળ હોવાથી બાકી છે.

-----------

**વડોદરા જિલ્લા રજિસ્ટ્રાર ધ્વારા સહકારી મંડળી અને સોસાયટીની તપાસણી**

૨૧૬૨૮ **શ્રી દિલુભા ટે. ચુડાસમા(વડોદરા (ગ્રામ્ય) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિયત ધોરણોનુસાર વર્ષ ૨૦૦૫-૦૬માં વડોદરા જિલ્લા રજીસ્ટ્રાર કચેરી ધ્વારા કુલ કેટલી મંડળી સોસાયટીઓની તપાસણી કરવામાં આવી, | (૧) નિયત ધોરણોનુસાર, વર્ષ ૨૦૦૫-૦૬ માં વડોદરા જિલ્લા રજીસ્ટ્રાર કચેરી દ્વારા કુલ ૨૨ (બાવીસ) મંડળીઓની તપાસણી કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા કિસ્સાઓમાં ગેરરિતીઓ જણાઈ આવી, અને | (૨) એકપણ કિસ્સામાં ગેરરીતિઓ જણાઇ આવેલ નથી. |
| (૩) આ અંગે ભરાયેલ પગલાંની વિગતો શું છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**બારડોલી તાલુકામાં ઇન્દિરા આવાસો પૂર્ણ કરવા અંગે**

૨૧૬૩૩ **શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બારડોલી તાલુકામાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઇન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા. | (૧) કુલ-૭૩૦ ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) મંજુર થયેલ આવાસ પૈકીના કેટલા આવાસો બન્યા અને કેટલા અધુરા છે, | (૨) મંજૂર થયેલ આવાસો પૈકી ૫૨૭ આવાસોનું કામ પુર્ણ થયું છે. ૨૦૩ આવાસોનું કામ પ્રગતિ હેઠળ છે. |
| (૩) અધુરા આવાસો કયા કારણસર અધુરા છે, અને | (૩) ઈન્દિરા આવાસની માર્ગદર્શિકા મુજબ આવાસ બાંધકામની કામગીરી લાભાર્થી મારફતે કરવામાં આવે છે તે કારણે, આ કામો પ્રગતિ હેઠળ છે. |
| (૪) આવાસો કયા સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) બનતી ત્વરાએ. |

-----------

**નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૦૯૭૫ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૫-૦૬ ના નાણાકીય વર્ષમાં વઢવાણ તાલુકામાં નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના અન્વયે કુલ કેટલી અરજીઓ આવી, | (૧) સને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં વઢવાણ તાલુકામાં નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના અન્વયે કુલ ૧૨૬ અરજીઓ આવી. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) ૧૨૬ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો |
| (૩) બાકી અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**એસ.જે.આર. યોજના હેઠળ ગરીબ પરિવારોને માનવદિન રોજગારી**

૨૨૨૭૮ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ વર્ષમાં એસ.જી.આર. યોજના અન્વયે પૂરતી રોજગારી અપાતી નથી કે ખર્ચ થયું નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કચ્છ જિલ્લામાં તાલુકાવાર ગરીબી રેખાનીચે જીવતા પરિવારો અને પરિવાર દીઠ ૧ જણને રોજી આપવાનાં ધોરણો અનુસાર કેટલા માનવદિન સામે કેટલા માનવદિનોની કામગીરી | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ નોંધાઇ અને વર્ષવાર કેટલું ખર્ચ ખયું ?

-----------

**પાકિસ્તાન દ્વારા પકડાયેલા માછીમારો**

૨૧૫૪૨**શ્રી દિપસિંહ શં. રાઠોડ(પ્રાંતિજ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેટલા માછીમારો પાકિસ્તાન દ્વારા પકડવામાં આવ્યા, અને | (૧) ૧૫૬૧. |
| (૨) કેન્દ્ર સરકારની મદદથી કેટલા માછીમારોને છોડવામાં આવ્યા ? | (૨) ૧૧૮૩. |

**રાજ્યમાં અષ્ટાવક્ર યોજના હેઠળ વિકલાંગોને સાધન સહાય**

૨૨૩૯૧ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કેટલા તાલુકામાં ""અષ્ટાવક્ર"" વિક્લાંગો સર્વે કરવાનું બાકી છે, | (૧) ૧૦૫ તાલુકાઓમાં. |
| (૨) તા.૩૧-૧-૦૭ સુધીમાં કેટલા તાલુકાઓમાં આવા વિક્લાંગોને સર્વે કરી તેઓને પાસ સર્ટી આપવામાં આવ્યા, | (૨) ૧૨૦. |
| (૩) આ કાર્ય હેઠળ કેટલા વિક્લાંગોને સાધન સહાય આપી, અને | (૩) ૨૭,૦૭૭. |
| (૪) આવી કામગીરી અંગે રાજ્યમાં કેટલા તાલુકા બાકી છે અને તે માટે ક્યાં સુધીમાં આ અંગેની કામગીરી કરવામાં આવશે ? | (૪) ૧૦૫ તાલુકાઓમાં કામગીરી બાકી છે. આ કામગીરી શક્ય તેટલી વહેલી પૂર્ણ કરવામાં આવશે. |

-----------

**વોટરશેડ કાર્યક્રમ અંતર્ગત જળ વિકાસના પૂર્ણ થયેલ કામો**

૨૦૯૭૨ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વોટરશેડ કાર્યક્રમ અંતર્ગત ભરુચ જિલ્લાના ભરુચ-વાગરા-વાલીયા અને જંબુસર તાલુકામાં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જમીન અને જળ વિકાસના પ્રોજેકટો ગામવાર કેટલા તૈયાર કરવામાં આવ્યા અને કેટલી રકમ તાલુકા દીઠ મંજૂર કરવામાં આવી, | (૧) વોટરશેડ કાર્યક્રમ અંતર્ગત ભરૂચ જિલ્લાના ભરૂચ-વાગરા-વાલીયા અને જંબુસર તાલુકામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જમીન અને જળ વિકાસના ૫૫ પ્રોજેક્ટો ગામવાર તૈયાર કરવામાં આવ્યા.<br>તાલુકાદીઠની રકમ નીચે મુજબ મંજૂર કરવામાં આવી.<br>(૧) ભરૂચ -- રૂા. ૪૨૦.૦૦ લાખ<br>(૨) વાગરા -- રૂા. ૪૨૦.૦૦ લાખ<br>(૩) વાલીયા-- રૂા. ૩૬૦.૦૦ લાખ<br>(૪) જંબુસર -- રૂા. ૪૫૦.૦૦ લાખ |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા કામો પ્રગતિમાં છે, અને | (૨) તે અન્વયે રૂા. ૧૧૪.૨૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ તમામ ૫૫ પ્રોજેક્ટો તેની અવધિ અનુસાર પ્રગતિ હેઠળ છે. |
| (૩) આ કામોમાં ગેરરીતિની ફરીયાદો અન્વયે શા પગલાંઓ લેવાયા ? | (૩) આ કામોમાં ગેરરીતિની ફરીયાદો મળેલ ન હોઇ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**વલસાડ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ**

૨૨૧૩૧ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર તલાટી-કમ-મંત્રીઓનું કુલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ખાલી જગ્યા સરકાર ક્યારે ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨)

| તાલુકાનું નામ | મંજૂર મહેકમ | ખાલી જગ્યા |
|---|---|---|
| વલસાડ | ૮૧ | ૧૪ |
| પારડી | ૪૮ | ૧૧ |
| ઉમરગામ | ૩૫ | ૧૧ |
| ધરમપુર | ૩૭ | ૦૩ |
| કપરાડા | ૪૦ | ૦૩ |
| કુલ... | ૨૪૧ | ૪૨ |

(૩) બનતી ત્વરાથી.

-----------

**રાજ્યમાં બક્ષીપંચની આશ્રમશાળા અને છાત્રાલયને મંજૂરી**

૨૦૯૮૧ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ડીસે.-૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષ પ્રમાણે કેટલા છાત્રાલયો અને કેટલી આશ્રમશાળાઓ જિલ્લા પ્રમાણે બક્ષીપંચની મંજૂર કરી,

(૨) ક્યા જિલ્લામાં કેટલી ગ્રાન્ટ છાત્રાલયો અને આશ્રમશાળાઓ માટે ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) છાત્રાલયો

| જિલ્લો | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ |
|---|---|---|---|
| ગાંધીનગર | ૦ | ૧ | ૦ |
| સાબરકાંઠા | ૦ | ૨ | ૦ |
| અમરેલી | ૦ | ૧ | ૦ |
| બનાસકાંઠા | ૦ | ૩ | ૦ |
| ભરૂચ | ૦ | ૧ | ૦ |
| સુરેન્દ્રનગર | ૦ | ૧ | ૦ |
| જુનાગઢ | ૦ | ૪ | ૦ |
| અમદાવાદ | ૦ | ૧ | ૦ |
| જામનગર | ૦ | ૧ | ૦ |
| પાટણ | ૦ | ૧ | ૦ |
| મહેસાણા | ૦ | ૧ | ૦ |
| દાહોદ | ૦ | ૧ | ૦ |
| ખેડા | ૦ | ૧ | ૦ |
| રાજકોટ | ૦ | ૧ | ૦ |

આશ્રમશાળાઓ -શૂન્ય.

(૨) ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં)

| જિલ્લો | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ |
|---|---|---|---|
| ગાંધીનગર | ૦ | ૦ | ૨.૦૯ |
| સાબરકાંઠા | ૦ | ૦ | ૩.૫૬ |
| અમરેલી | ૦ | ૦ | ૦ |
| બનાસકાંઠા | ૦ | ૦ | ૨.૪૯ |
| ભરૂચ | ૦ | ૦ | ૦ |
| સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૧.૨૧ |
| જુનાગઢ | ૦ | ૦ | ૬.૦૪ |
| અમદાવાદ | ૦ | ૦ | ૦ |

| | | | |
|---|---|---|---|
| જામનગર | ૦ | ૦ | ૧.૮૯ |
| પાટણ | ૦ | ૦ | ૧.૫૩ |
| મહેસાણા | ૦ | ૦ | ૧.૬૩ |
| દાહોદ | ૦ | ૦ | ૦ |
| ખેડા | ૦ | ૦ | ૧.૪૯ |
| રાજકોટ | ૦ | ૦ | ૧.૭૫ |

આશ્રમશાળાઓ -શૂન્ય.

(૩) કેટલી આશ્રમશાળાઓ અને છાત્રાલયોની મંજૂરી આપ્યા બાદ રદ થઈ ?

(૩) શૂન્ય.

-----------

**રાજ્યમાં ડૉ. આંબેડકર ભવન બાંધવા અંગે**

૨૦૧૪૩**શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજ્યમાં ક્યા ક્યા જિલ્લામાં ડૉ. આંબેડકર ભવન બાંધવાના બાકી છે, અને

(૨) આ આંબેડકર ભવન જિલ્લાવાર ક્યારે બાંધવામાં આવશે ?

**જવાબ**

(૧) સાબરકાંઠા, ખેડા, ભરૂચ, આણંદ, દાહોદ, ડાંગ, કચ્છ, નર્મદા, નવસારી અને ગોધરા ખાતે ડૉ. આંબેડકર ભવનો બાંધવાના બાકી છે.

(૨) શક્ય તેટલાં વહેલાં.

-----------

**જૂનાગઢ જિલ્લામાં એસ.જી.આર. યોજના અને હરિયાળી ક્રાંતિ માટે ફાળવેલ રકમ**

૨૧૯૩૩**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ-૨૦૦૫-૦૬ તથા ૨૦૦૬-૦૭ દરમ્યાન તા. ૩૧-૧-૦૭ સુધીમાં એસ. જી. આર. વાય. અને હરિયાળી ક્રાંતિ માટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) તે પેકી કેટલી રકમનો વપરાશ ક્યા તાલુકામાં કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) ૧. એસ.જી.આર.વાય. યોજના

| વર્ષ | રૂા. લાખમાં |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૬૦૧.૧૬ |
| ૨૦૦૬-૦૭ | ૫૭૮.૪૯ |

૨. હરિયાળી ક્રાંતિ યોજના

| વર્ષ | રૂા. લાખમાં |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૨૨૭.૨૫ |
| ૨૦૦૬-૦૭ | ૯૦.૦૦ |

(૨) તે પેકી તાલુકાવાર રકમનો વપરાશ.

| ક્રમ | તાલુકો | એસ.જી.આર.વાય. અને |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ભેંસાણ | ૪૭.૫૫ |
| ૨ | જૂનાગઢ | ૪૪.૩૧ |
| ૩ | કેશોદ | ૭૪.૯૯ |
| ૪ | કોડીનાર | ૮૩.૬૯ |
| ૫ | માળીયા | ૬૦.૧૬ |
| ૬ | માણાવદર | ૪૬.૪૪ |
| ૭ | માંગરોળ | ૫૩.૩૪ |
| ૮ | મેંદરડા | ૪૯.૬૪ |
| ૯ | સૂત્રાપાડા | ૭૧.૩૭ |
| ૧૦ | તલાલા | ૭૬.૨૪ |
| ૧૧ | ઉના | ૧૨૧.૦૦ |
| ૧૨ | વંથલી | ૫૫.૮૮ |
| ૧૩ | વેરાવળ | ૫૦.૭૬ |

| | | |
|---|---|---|
| ૧૩ | વેરાવળ | ૫૦.૭૬ |
| ૧૪ | વિસાવદર | ૪૫.૨૬ |
| ૧૫ | જિ.પં. | ૧૯૨.૯૮ |
| | કુલ... | ૧૦૭૩.૬૧ |

(૩) કેશોદ તથા વંથલી તાલુકામાં ક્યા ક્યા કામો સંપન્ન થયા ?

(૩) ૧. એસ.જી.આર.વાય. યોજના હેઠળ વંથલી તથા કેશોદ તાલુકામાં ચેકડેમ/આડબંધનું કામ, મેટલ રોડનું કામ, બોરીબંધનું કામ, ગ્રામ સફાઇનું કામ, સી.સી.રોડનું કામ, ગટર કામ, જંગલ કટીંગનું કામ, રસ્તા સફાઇનું કામ, ગ્રામ વાટીકાનું કામ, પુરાણનું કામ, તળાવનું કામ/મરામતનું કામ, ટીએસસી ટોયલેટનું કામ, આંતરિક રસ્તાના કામો થયેલ છે.
૨. હરિયાળી ક્રાંતિ યોજના હેઠળ વંથલી તથા કેશોદ તાલુકામાં એકપણ કામો સંપન્ન થયેલ નથી.

-----------

**અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ટ્યુશન ફી**

૨૨૧૧૨**શ્રી નરેશકુમાર મી. કનોડિયા(કરજણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં અનુસૂચિત જાતિના ધોરણ-૧૧-૧૨ સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન માટે સહાય આપવાની યોજના અમલમાં છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૦૬-૦૭ માં તા. ૩૧-૧-૦૭ સુધીમાં કુલ કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે, અને | (૨) ૧૩૫. |
| (૩) કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂા. ૧૫.૧૬ લાખ |

-----------

**કૃષિ વિષયક જણસીઓને આવરી લેવા અંગે**

૨૨૩૦૫**શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ખેત ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા કૃષિ વિષયક કેટલી જણસીઓ આવરી લીધલ છે, અને | (૧) કુલ ૯૫ જણસીઓ. |
| (૨) ખેડૂતોને યોગ્ય ભાવ મળી રહે તે માટે શું આયોજન કરવામાં આવેલ છે ? | (૨) ગુજરાત રાજ્યમાં ખેડૂતો નજીક્ના સ્થળે તેમના ખેત ઉત્પન્નનું વેચાણ કરી શકે તે માટે તાલુકા દીઠ બજાર સમિતિ સ્થાપવામાં આવેલ છે. જ્યાં ખેડૂતોની હાજરીમાં જ જાહેર હરાજીથી વેચાણ કરવામાં આવે છે. ખુલ્લી હરાજી, સાચો તોલ અને રોકડા નાણાની સુવિધા છે. |

-----------

**પાવાગઢ ખાતે નવીન હટ બનાવવા પાછળ ખર્ચ**

૨૨૦૪૭ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ હાલોલ તાલુકાના પાવાગઢ માંચી ખાતે ચાર નવીન હટ (ઝુંપડાઓ) બનાવેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) પાવાગઢ-માંચી ખાતે ગ્રામીણ પ્રવાસન વિકાસ માટે ૪ (ચાર) ક્ચ્છી પ્રકારના ભુંગાઓનું સંકુલ બનાવેલ છે. |
| (૨) જો હા, તો આ કામ પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે, | (૨) રૂા. ૯.૬૮ લાખ |
| (૩) આ કામની તાંત્રિક મંજૂરી ક્યારે આપવામાં આવેલ છે, | (૩) તા. ૨૩-૧૧-૦૬ના રોજ રાષ્ટ્રીય સમ વિકાસ યોજનાની પંચમહાલ ડિસ્ટ્રીકટ ડેવલપમેન્ટ એજન્સીની |

સમિતિએ મંજૂરી આપેલ છે.

(૪) આ કામ પેટે કેટલું પેમેન્ટ આપવામાં આવેલ છે અને કઈ સંસ્થાને આપવામાં આવેલ છે અને કેટલું પેમેન્ટ આપવાનું બાકી છે, અને

(૪) રૂા. ૯.૬૮ લાખનું પેમેન્ટ શ્રી યોગી કૃપા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ નામની સંસ્થાને આપવામાં આવેલ છે અને તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કરેલ કામગીરીનું કોઈ પેમેન્ટ ચુકવવાનું બાકી નથી.

(૫) આ કામ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા કઈ સંસ્થા મારફતે કરાવેલ છે ?

(૫) શ્રી યોગી કૃપા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ, મોડાસા.

-----------

## ડૉ. આંબેડકર આવાસના ફોર્મ ભરાવા અંગે

૨૨૧૨૫ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડૉ. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનામાં વર્ષ ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ ના સમયગાળામાં જિલ્લાવાર અને તાલુકાવાર કેટલા ફોર્મ ભરાયા,

(૨) કેટલા ફોર્મ ભરાઈને પરત આવ્યા, અને

(૩) કેટલા ફોર્મ મંજૂર થયા, કેટલા નામંજૂર, તેના કારણો શું છે ?

**જવાબ**

(૧) અને (૨) : ડૉ. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનામાં સામેલ પત્રક-૧માં જિલ્લાવાર અને તાલુકાવાર જણાવ્યા મુજબ વર્ષ ૨૦૦૪-૦૫માં ૨૦૭૦ અને ૨૦૦૫-૦૬માં ૧૧,૯૫૫ અરજીઓ મળેલ હતી.

(૩) આ પૈકી, વર્ષ ૨૦૦૪-૦૫માં ૩૭૭ અરજીઓ મંજૂર અને ૧૫૦૨ અરજીઓ નામંજૂર થયેલ છે.

વર્ષ ૨૦૦૫-૦૬માં ૩૬૦૪ અરજીઓ મંજૂર અને ૮૧૯૧ અરજીઓ નામંજૂર થયેલ છે.

મુખ્યત્વે, અરજદાર પાકું મકાન ધરાવતા હોવાથી, ઠરાવેલ આવક કરતાં વધુ આવક ધરાવતા હોવાથી, જમીન રેકર્ડમાં લાભાર્થીનું નામ ન હોવાથી, અરજદારે આ જ હેતુ માટે અન્ય ખાતામાંથી સહાય મેળવેલ હોવાથી, તથા જરૂરી દસ્તાવેજો/સાધનિક કાગળો રજુ ન કરવાથી, વિગેરે કારણોસર આવી અરજીઓ નામંજૂર રહેવા પામેલ છે.

-----------

## અમદાવાદ શહેર અને જિલ્લામાં વિદ્યાર્થીઓને વિના મૂલ્યે સાયકલ

૨૨૦૦૮**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેર અને જિલ્લામાં ધો.-૮ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને વિના મૂલ્યે સાયકલ આપવાની યોજના હેઠળ સને ૨૦૦૫-૦૬ તથા ૨૦૦૬-૦૭ ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં કેટલી કન્યાઓને કેટલી રકમ ચૂકવી આપવામાં આવી છે,

(૨) કેટલી કન્યાઓને આ સાયકલો માટે રકમ ચૂકવવાની બાકી છે, અને

(૩) તે ક્યારે ચૂકવાશે ?

**જવાબ**

(૧) અમદાવાદ શહેર :

| વર્ષ | કન્યાઓની સંખ્યા | ચૂકવેલ રકમ રૂા. |
|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૩ | ૧૯,૫૦૦/- |
| ૨૦૦૬-૦૭ | ૧૮ | ૨૭,૦૦૦/- |

અમદાવાદ જિલ્લા :

| વર્ષ | કન્યાઓની સંખ્યા | ચૂકવેલ રકમ રૂા. |
|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૩૯૨ | ૫,૮૮,૦૦૦/- |
| ૨૦૦૬-૦૭ | ૪૨૨ | ૬,૩૩,૦૦૦/- |

(૨) કોઈને ચૂકવવાની બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## રાજ્યમાં કૃત્રિમ બીજદાન

૨૨૩૫૭ડૉ. **સી. જે. ચાવડા(ગાંધીનગર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગાય/ભેંસમાં જિલ્લાવાર કેટલા કૃત્રિમ બીજદાન થયા,

(૨) પ્રર્વતમાન કૃત્રિમ બીજદાનનો દર કેટલો છે, અને

(૩) આ દર સરકારના ક્યા પરિપત્રથી નકકી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | કૃત્રિમ બીજદાન |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૨૮૫૬૧૮૪ |
| ૨૦૦૫-૦૬ | ૩૨૦૭૪૦૫ |
| ૨૦૦૬-૦૭ | ૨૭૩૫૩૧૩ |

જિલ્લાવાર કૃત્રિમ બીજદાનના પત્રકોની માહિતી આ સાથે સામેલ છે.

(૨) બીન આદિજાતિ વિસ્તારમાં રૂપિયા ૩૦/- આદિજાતિ વિસ્તારમાં રૂપિયા ૨૦/-

(૩) કૃષિ અને સહકાર વિભાગના તા. ૪-૬-૦૪ના ઠરાવ ક્રમાંક : વીએચડી/૨૧૯૧/૧૩૨૧/ ૫.૧ થી નક્કી કરવામાં આવેલ છે.

(* પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

## ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ ડાંગ જિલ્લામાં ફાળવેલ રકમ

૨૧૬૬૫**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકારના ગ્રામીણ રોજગાર ગેરંટી કાનુન હેઠળ ડાંગ જિલ્લા માટે તા. ૩૧-૧-૦૭ સુધીમાં કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) ફાળવેલ રકમ પેકી તાલુકાવાર રોજગારી કેટલા ઈસમોને પૂરી પાડવામાં આવી, અને

(૩) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) કેન્દ્ર સરકારના ગ્રામીણ રોજગાર ગેરંટી કાનૂન હેઠળ ડાંગ જિલ્લા માટે તા. ૩૧-૧-૦૭ સુધીમાં કેન્દ્ર સરકાર દ્વારા રૂા. ૧૪૭૭.૮૩ લાખ તથા રાજ્ય સરકાર દ્વારા રૂા. ૭૮.૪૩૩ લાખ મળી કુલ રૂા. ૧૫૫૬.૨૬૩ લાખની રકમ ફાળવવામાં આવી,

(૨) ૩૭૩૮૨ ઈસમોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે.

(૩) રૂા. ૩૯૪.૦૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

-----------

## શહેરા અને લુણાવાડા તાલુકામાં વોટરશેડ પાછળ ખર્ચ

૨૧૯૩૭ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના શહેરા અને લુણાવાડા તાલુકામાં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેટલા અને ક્યા ક્યા ગામોના વોટર શેડ પ્રોજેકટો મંજૂર હતા,

(૨) તે પેકી કેટલા પ્રોજેકટોની કામગીરી માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) પ્રોજેકટોની કામગીરી માટે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી તે બાબત સરકારે શાં પગલાં ભર્યા ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન શહેરા તાલુકામાં ૧૨ અને લુણાવાડા તાલુકામાં ૧૨ વોટરશેડ પ્રોજેક્ટ મંજૂર થયેલ છે. વર્ષવાર સમાવિષ્ટ ગામોની વિગત **પરિશિષ્ટ-અ** મુજબ છે.

(૨) તે પેકી શહેરા તાલુકામાં ૧૨ અને લુણાવાડા તાલુકામાં ૧૨ પ્રોજેક્ટોની કામગીરી માટે અનુક્રમે રૂા.૧૬.૦૦ લાખ અને રૂા.૧૬.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો, જેની વિગત વર્ષવાર/ગામવાર **પરિશિષ્ટ-અ** મુજબ છે.

(૩) પ્રોજેકટના અમલીકરણની કામગીરી માટે ગ્રામ પંચાયત તરફથી કરવાની કાર્યવાહીમાં ગ્રામ પંચાયતમાં ચૂંટણીના કારણે કામગીરી પૂર્ણ કરવામાં સમય વ્યતિત થયેલ છે. હવે ચૂંટણીઓ પૂર્ણ થતાં નવા ચૂંટાયેલા

સરપંચશ્રીઓને બાકીની કામગીરી તાકીદે પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી છે અને આ કામગીરી સમય-મર્યાદામાં પૂર્ણ થાય તે અંગે જરૂરી સંક્લન / સુપરવિઝન રાખવામાં આવેલ છે.

**પરિશિષ્ટ--અ**

**પંચમહાલ જિલ્લામાં શહેરા અને લુણાવાડા તાલુકામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન મંજૂર પ્રોજેક્ટની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | તાલુકાનું નામ | પ્રોજેક્ટ ફાળવણીનો સમયગાળો | મંજુર પ્રોજેક્ટની સંખ્યા | પ્રોજેક્ટના ગામનું નામ | તે પૈકી થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧. | શહેરા | તા. ૧-૨-૦૪ થી ૩૧-૧-૦૫ | ૪ | છાણીપ | ૪.૦૦ |
| | | | | ધામણોદ | ૪.૦૦ |
| | | | | નવી વસાહત બાહી | ૪.૦૦ |
| | | | | પાદરડી | ૪.૦૦ |
| | | તા. ૧-૨-૦૫ થી ૩૧-૧-૦૬ | ૪ | સગરાડા-ભુણીદ્રા | ૦.૦૦ |
| | | | | સદનપુર | ૦.૦૦ |
| | | | | ખટકપુર/સદનપુર | ૦.૦૦ |
| | | | | ગગડીયા | ૦.૦૦ |
| | | તા. ૧-૨-૦૬ થી ૩૧-૧-૦૭ | ૪ | ભેસાલ | ૦.૦૦ |
| | | | | વાંટા વછોડા | ૦.૦૦ |
| | | | | મીઠાપુર/હાંસલાવ | ૦.૦૦ |
| | | | | પોયડા, નાથુજીના મુવાડા | ૦.૦૦ |
| | | **કુલ..** | **૧૨** | -- | **૧૬.૦૦** |
| ૨. | લુણાવાડા | તા. ૧-૨-૦૪ થી ૩૧-૧-૦૫ | ૪ | લકડી પોયડા-મોચી વાડીયા | ૪.૦૦ |
| | | | | કડાછલા | ૪.૦૦ |
| | | | | નમનાર-મોતીપુરા | ૪.૦૦ |
| | | | | ધમાણીયા | ૪.૦૦ |
| | | તા. ૧-૨-૦૫ થી ૩૧-૧-૦૬ | ૪ | કોલવણ | ૦.૦૦ |
| | | | | ગરીઆ | ૦.૦૦ |
| | | | | હાડોદ | ૦.૦૦ |
| | | | | વખતપુરા-કીડીયા | ૦.૦૦ |
| | | તા. ૧-૨-૦૬ થી ૩૧-૧-૦૭ | ૪ | વરધરી | ૦.૦૦ |
| | | | | ખારોલ | ૦.૦૦ |
| | | | | રામપટેલના મુવાડા, ઉકરડી | ૦.૦૦ |
| | | | | ખેમપુર, ડેટા | ૦.૦૦ |
| | | **કુલ..** | **૧૨** | -- | **૧૬.૦૦** |
| | | **એકંદર કુલ..** | **૨૪** | -- | **૩૨.૦૦** |

-----------

**ભાવનગર ખેત ઉત્પાદક સહકારી મંડળી ફડચામાં જવા અંગે**

૨૨૦૪૪ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કુલ કેટલી ખેત ઉત્પાદક સહકારી મંડળીઓ છેલ્લા ત્રણ વર્ષમાં ફડચામાં ગયેલ છે, અને | (૧) ૧૪ (ચોદ). |
| (૨) ફડચામાં જવાના કારણો શાં છે ? | (૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ મુજબ મંડળી તેના નિયત ઉદ્દેશો મુજબનું કામકાજ કરતી બંધ થઈ હોય તેવા કિસ્સામાં અને/અથવા મંડળીના, સભાસદો/ વ્યવસ્થાપક સમિતિને મંડળીનો વહીવટ ચલાવવામાં રસ ન હોય તેવા કારણોસર ફડચામાં લઈ જવામાં આવેલ છે. |

-----------

**રાજ્યની સહકારી સંસ્થામાં એસ.સી.ને ડાયરેકટર તરીકે મૂકવા અંગે**

૨૧૫૩૬ડૉ. **દિનેશ પરમાર (જામનગર રૂરલ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ રાજ્યની સહકારી સંસ્થાઓમાં અનુસૂચિત જાતિના ડાયરેકટર મુકવા માટેની જોગવાઈ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેનો અમલ નહીં કરવાના કારણો શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ.નંબર ૧૨૮/૨૦૦૧ તથા અન્ય ગૃપ મેટરોમાં તારીખ ૨૧-૭-૨૦૦૪ ના કોમન ઓરલ જજમેન્ટથી આ અંગેના સરકારશ્રીના તારીખ ૫-૪-૧૯૮૨ના પ્રસિધ્ધ થયેલ જાહેરનામાને રદ કરેલ હોવાથી તેનો અમલ થઈ શકેલ નથી.

-----------

૯૬

**ખેડૂત ખાતેદારોની આકસ્મિક વીમાની અરજીઓ**

૨૨૩૦૯**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂત ખાતેદારોની આકસ્મિક વીમા અંગેની કેટલી અરજીઓ જિલ્લાવાર મળી છે, અને

(૨) તેમાંથી કેટલા ખેડૂતોના આશ્રિતોને વીમાની કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂત ખાતેદારોની આકસ્મિક વીમા અંગેની કુલ ૨૬૬૧ અરજીઓ જિલ્લાવાર સામેલ પત્રક-૧ મુજબ મળી છે.

(૨) તેમાંથી ૫૫૬ ખેડૂતોના આશ્રિતોને વીમાની કુલ રૂા. ૫૫૪.૦૦ લાખ રકમની ચૂકવણી કરવામાં આવી છે.

**પત્રક-૧**

| અ.નં. | જિલ્લાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા | લાભાર્થી આશ્રિતોની સંખ્યા | ચૂકવેલ રકમ (રૂા.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૦૧ | ૩૪ | ૩૪ |
| ૨ | અમરેલી | ૧૪૦ | ૨૬ | ૨૬ |
| ૩ | આણંદ | ૧૦૯ | ૨૦ | ૨૦ |
| ૪ | બનાસકાંઠા | ૧૪૨ | ૨૮ | ૨૮ |
| ૫ | ભરૂચ | ૩૦ | ૫ | ૫ |
| ૬ | ભાવનગર | ૨૩૩ | ૪૩ | ૪૨.૫ |
| ૭ | દાહોદ | ૫૮ | ૭ | ૭ |
| ૮ | ગાંધીનગર | ૮૧ | ૨૭ | ૨૬.૫ |
| ૯ | જામનગર | ૧૪૫ | ૨૪ | ૨૪ |
| ૧૦ | જૂનાગઢ | ૧૮૪ | ૩૨ | ૩૨ |
| ૧૧ | ખેડા | ૧૩૯ | ૩૫ | ૩૫ |
| ૧૨ | કચ્છ | ૫૨ | ૧૨ | ૧૨ |
| ૧૩ | મહેસાણા | ૧૪૫ | ૪૧ | ૪૦.૫ |
| ૧૪ | પંચમહાલ | ૧૩૩ | ૩૭ | ૩૭ |
| ૧૫ | નવસારી | ૫૨ | ૮ | ૮ |
| ૧૬ | પાટણ | ૭૨ | ૯ | ૯ |
| ૧૭ | પોરબંદર | ૨૬ | ૪ | ૪ |
| ૧૮ | રાજકોટ | ૨૩૮ | ૫૨ | ૫૧.૫ |
| ૧૯ | સાબરકાંઠા | ૨૩૧ | ૫૨ | ૫૨ |
| ૨૦ | સુરત | ૭૭ | ૧૯ | ૧૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧ | સુરેન્દ્રનગર | ૮૫ | ૧૧ | ૧૧ |
| ૨૨ | વડોદરા | ૧૧૧ | ૧૯ | ૧૯ |
| ૨૩ | વલસાડ | ૫૦ | ૯ | ૯ |
| ૨૪ | નર્મદા | ૨૫ | ૨ | ૨ |
| ૨૫ | ડાંગ | ૨ | ૦ | ૦ |
| | કુલ : | ૨૬૬૧ | ૫૫૬ | ૫૫૪.૦૦ |

-------------

**માઈક્રો મેનેજમેન્ટ ઓફ એગ્રીકલ્ચર યોજના અન્વયે ફાળવેલ રકમ**

૧૯૯૭૦ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કૃષિ ક્ષેત્રે માઈક્રો મેનેજમેન્ટ ઓફ એગ્રીકલ્ચર યોજનામાં છેલ્લા બે વર્ષમાં એટલે કે સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ માં તા. ૩૧-૧-૦૭ સુધી રાજ્યમાં જિલ્લાવાર કેટલી રકમ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવી,

(૨) ફાળવેલ આ રકમ પેકી કુલ કેટલી રકમ રાજ્ય સરકારને ઉપલબ્ધ થઈ, અને

(૩) પ્રાપ્ત થયેલ આ રકમમાં જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) કૃષિ ક્ષેત્રે માઈક્રો મેનેજમેન્ટ ઓફ એગ્રીકલ્ચર યોજનામાં કેન્દ્ર સરકાર દ્વારા જિલ્લાવાર રકમની ફાળવણી કરવામાં આવતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**સુરત જિલ્લામાં મત્સ્યોદ્યોગના તળાવો**

૨૧૭૨૪ **શ્રી મનીષ ન. ગીલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં જુદા જુદા ગામોમાં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ મત્સ્યોદ્યોગના કેટલા તળાવો આવેલા છે,

(૨) આ તળાવોને લીધે ભારે વરસાદના પાણીનો નિકાલ થતો નથી તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો આ પાણીના નિકાલ માટે સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**જવાબ**

(૧) મીઠાપાણીના તળાવો-૦૪
ભાંભરાપાણીના તળાવો-૮૯૦

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્યમાં બિયારણ વૃધ્ધિ કેન્દ્રો**

૨૨૧૨૦**શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ રાજ્યમાં કેટલા અને ક્યા ક્યા બિયારણ વૃધ્ધિ કેન્દ્રો આવેલ છે,

(૨) ક્યા કેન્દ્ર પાસે કેટલી જમીન છે,

(૩) આ કેન્દ્રો પેકી ક્યા ક્યા કેન્દ્રોએ છેલ્લા બે વર્ષમાં નફો કર્યો,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ રાજ્યમાં ૩૩ બિયારણ વૃધ્ધિ કેન્દ્રો કાર્યરત છે. તેની વિગત સામેલ પત્રક-૧ મુજબ છે.

(૨) બિયારણ વૃધ્ધિ કેન્દ્રો પાસેની જમીનની વિગત સામેલ પત્રક-૧માં દર્શાવેલ છે.

(૩) છેલ્લા બે વર્ષમાં નફો કરેલ બિયારણ વૃધ્ધિ કેન્દ્રોની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | સીડ ફાર્મનું નામ |
|---|---|
| નવસારી | વેડછા |
| નવસારી | નાનીભમતી |
| અમદાવાદ | મીરોલી |

| | |
|---|---|
| અમદાવાદ | ધંધુકા |
| જૂનાગઢ | મણાવદર |
| જૂનાગઢ | તલાલા |
| જૂનાગઢ | કોડીનાર |
| સુરત | માંડવી |
| સુરત | વાલોડ |
| ખેડા | ઠાસરા |
| ખેડા | બાલાશીનોર |
| ખેડા | નડીયાદ |
| ખેડા | મહીજ |

(૪) ખોટ કરતા કેન્દ્રોને સરકાર ખાનગી એકમોને આપી વિકસાવવા માગે છે કે કેમ, અને

(૪) ના, જી.

(૫) આ કેન્દ્રો ખાનગી એકમોને આપવા અંગેની કેટલી માગણીઓ સરકારને છેલ્લા બે વર્ષમાં મળેલ છે ?

(૫) આ કેન્દ્રો ખાનગી એકમોને આપવા અંગેની માંગણીઓ સરકારને છેલ્લા બે વર્ષમાં મળેલ નથી.

**પત્રક-૧**

**તા. ૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ રાજ્યમાં કાર્યરત ૩૩ બિયારણ વૃધ્ધિ કેન્દ્રોની વિગત તથા આ બિયારણ વૃધ્ધિ કેન્દ્રો પાસેની જમીનની વિગત**

| અ.નં. | સીડ ફાર્મનું નામ | જિલ્લો | વિસ્તાર (હેક્ટર-આર) |
|---|---|---|---|
| ૧ | વેડછા | નવસારી | ૯.૭૦ |
| ૨ | નાનીભમતી | નવસારી | ૯.૫૪ |
| ૩ | બારોલીયા | વલસાડ | ૧૦.૦૦ |
| ૪ | દાવદહાડ | ડાંગ | ૭.૩૫ |
| ૫ | ઠાસરા | ખેડા | ૧૨.૩૬ |
| ૬ | બાલાશિનોર | ખેડા | ૧૯.૦૧ |
| ૭ | માતર | ખેડા | ૨૪.૬૧ |
| ૮ | નડીયાદ | ખેડા | ૧૮.૬૫ |
| ૯ | મહીજ | ખેડા | ૧૯.૨૧ |
| ૧૦ | દહેગામ | ગાંધીનગર | ૩૦.૫૦ |
| ૧૧ | ધમાસણા | ગાંધીનગર | ૨૧.૨૫ |
| ૧૨ | વેડા | ગાંધીનગર | ૮.૮૦ |
| ૧૩ | મીરોલી | અમદાવાદ | ૧૮.૨૫ |
| ૧૪ | ધંધુકા | અમદાવાદ | ૧૮.૨૫ |
| ૧૫ | વિરમગામ | અમદાવાદ | ૧૧.૧૨ |
| ૧૬ | સનાથલ | અમદાવાદ | ૧૦.૩૩ |
| ૧૭ | બોરસદ | આણંદ | ૧૮.૮૫ |
| ૧૮ | માવાપર | જામનગર | ૧૦.૦૦ |
| ૧૯ | જૂનાગઢ | જૂનાગઢ | ૨૧.૭૯ |
| ૨૦ | માણાવદર | જૂનાગઢ | ૨૧.૬૦ |
| ૨૧ | વંથલી | જૂનાગઢ | ૧૩.૮૭ |
| ૨૨ | ભેસાણ | જૂનાગઢ | ૧૦.૧૦ |
| ૨૩ | વેરાવળ | જૂનાગઢ | ૮.૭૪ |
| ૨૪ | માળીયા-હાટીના | જૂનાગઢ | ૧૦.૩૯ |
| ૨૫ | તલાલા | જૂનાગઢ | ૭.૮૨ |
| ૨૬ | કોડીનાર | જૂનાગઢ | ૧૬.૪૦ |
| ૨૭ | ખાંડીવાલ | પંચમહાલ | ૨૧.૩૧ |
| ૨૮ | હાલોલ | પંચમહાલ | ૨૩.૩૩ |

| | | | |
|---|---|---|---|
| ૨૯ | લુણાવાડા | પંચમહાલ | ૨૧.૬૦ |
| ૩૦ | ઓલપાડ | સુરત | ૧૧.૧૧ |
| ૩૧ | ચલથાણ | સુરત | ૮.૭૨ |
| ૩૨ | માંડવી | સુરત | ૨૬.૦૪ |
| ૩૩ | વાલોડ | સુરત | ૧૩.૧૬ |

-----------

**જૂનાગઢ જિલ્લામાં ભૂમિ સંરક્ષણના કામો**

૨૨૧૧૯ ડૉ. **ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ ભૂમિ સંરક્ષણના કુલ કેટલા કામો કરવામાં આવ્યા, અને

(૨) આ કામો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) કુલ ૧૯ કામો ૨૬.૪૮ હેકટરમાં કરવામાં આવેલ છે.

(૨) રૂા. ૨.૧૬૨ લાખ

-----------

**૧૦૧**

**કૃષિ વિભાગ હસ્તકના જાહેર સાહસોમાં ચેરમેન**

૨૨૩૫૯ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ(ખેરાલુ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પશુપાલનમાં સને ૨૦૦૫-૦૬માં કેટલા અને ક્યા ક્યા જાહેર સાહસો કાર્યરત હતા, અને

(૨) તેમાં ચેરમેનશ્રીઓ કોણ કોણ હતાં ?

**જવાબ**

(૧) ગુજરાત ઘેટા અને ઊન વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગર

(૨)

| જાહેર સાહસનું નામ | ચેરમેનશ્રી |
|---|---|
| ગુજરાત ઘેટા અને ઊન વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગર | ૧. શ્રી એસ.સી.સનેહી (આઈ.એ.એસ.)<br>તા.૧-૪-૦૫ થી તા. ૨૮-૯-૦૫<br>૨. શ્રી કિશોર રાવ ડી. (આઈ.એ.એસ.)<br>તા.૨૯-૯-૦૫ થી તા. ૩૧-૩-૦૬ |

-----------

**વલસાડ જિલ્લામાં ડૉ. આંબેડકર આવાસનો લક્ષ્યાંક**

૨૨૧૨૭**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ બે વર્ષમાં ડૉ. આંબેડકર આવાસ યોજનાનો લક્ષ્યાંક કેટલો હતો, અને

(૨) તે લક્ષ્યાંક કેટલો પૂર્ણ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૯૦

(૨) ૧૦૭ ટકા

-----------

**બનાસકાંઠા જિલ્લામાં બી.પી.એલ. ના લાભાર્થીઓને રકમ ચૂકવવા અંગે**

૨૧૯૨૯**શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીઓ પાસે ખેત તલાવડી કરાવી તા.૩૧-૧-

**જવાબ**

(૧) ના, જી.

૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી કોઇ રકમ લાભાર્થીઓને ચૂકવવામાં આવી નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને

(૩) કેટલા સમયમાં તે ચૂકવવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**કન્યા કેળવણી અંતર્ગત છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળામાં વિદ્યાર્થીઓ**

૨૨૩૦૪ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કન્યા કેળવણી અંતર્ગત અનુસૂચિત જાતિની કન્યાઓ માટે રાજ્યમાં સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓ કેટલી, અને

(૨) તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ રહે છે ?

**જવાબ**

(૧) સરકારી કન્યા છાત્રાલયો : ૧૩
આદર્શ નિવાસી શાળાઓ (કન્યા) : ૭

(૨) સરકારી કન્યા છાત્રાલયોમાં ૫૪૩ વિદ્યાર્થીનીઓ તથા આદર્શ નિવાસી શાળાઓ (કન્યા) માં ૮૪૯ વિદ્યાર્થીનીઓ.

-----------

**૧૦૫**

**સુરત શહેર અને જિલ્લામાં સહકારી મંડળીઓને નુકસાન**

૨૧૩૫૮ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત શહેર અને જિલ્લામાં સને ૨૦૦૬ની વરસાદઋતુમાં તાપીનદી પુરના કારણે કેટલી સહકારી મંડળીઓને નુકસાન પહોંચેલ છે, અને

(૨) ક્યા ક્યા પ્રકારનું નુકસાન થયેલ છે ?

**જવાબ**

(૧) સુરત શહેર અને જિલ્લામાં સને ૨૦૦૬ની વરસાદ ઋતુમાં તાપીનદી પુરના કારણે કુલ ૧૨ સહકારી મંડળીઓને નુકસાન પહોંચેલ છે.

(૨) કુલ ૧૨ સહકારી મંડળીઓને નીચે જણાવ્યા મુજબનું નુકશાન થયેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | માલ સ્ટોક | રૂા. ૧,૩૭,૬૩,૦૦૦/- |
| ૨. | મિલક્ત/ગોડાઉન/ મશીનરી | રૂા. ૧૭,૩૮,૦૦૦/- |
| ૩. | ડેડસ્ટોક/ફર્નિચર/ વાહનો | રૂા. ૭૬,૩૭,૦૦૦/- |
| ૪. | ખેતી/પાક (એગ્રીકલ્ચર ક્રોપ્સ) | રૂા. ૩,૧૭,૦૦૦/- |
| | **કુલ ...** | **રૂા. ૨,૩૪,૫૫,૦૦૦/-** |

-----------

**સૌરાષ્ટ્રની ડેરીઓ પુન : શરૂ કરવા અંગે**

૧૯૬૭૬ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા સૌરાષ્ટ્રની ડેરીઓ પુનઃ શરૂ કરવા માટે કરાયેલી જાહેરાત અન્વયે તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ તેમાં શું પ્રગતિ થઇ છે,

(૨) તેને આધારે કેટલી ડેરીઓ ક્યારે પુનઃ

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા સૌરાષ્ટ્રની ૬ ડેરીઓ પુનઃ શરૂ કરવા માટે એન.ડી.ડી.બી. ને સોંપવામાં આવેલ, જે પૈકી જૂનાગઢ અને ચલાલા (અમરેલી) ડેરી એન.ડી.ડી.બી. દ્વારા તા. ૩૧-૧-૦૭ સુધીમાં શરૂ કરાયેલ છે. જ્યારે સુરેન્દ્રનગર અને ભાવનગર ડેરી જે તે જિલ્લાના સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા કાર્યરત થયેલ છે.

(૨) કુલ-૬ ડેરીઓ એન.ડી.ડી.બી દ્વારા તેઓના

શરૂ કરવામાં આવનાર હતી,

(૩) તે પૈકી કેટલી શરૂ થઇ, અને

(૪) બાકીની ક્યારે શરૂ કરવા માંગો છો ?

એકશન પ્લાન મુજબ શરૂ કરવામાં આવનાર હતી.

(૩) એન.ડી.ડી.બી. દ્વારા ૨ અને સ્થાનિક જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા ૨ ડેરીઓ કાર્યરત થઈ છે.

(૪) એન.ડી.ડી.બી. દ્વારા તેઓના એકશન પ્લાન મુજબ બાકીની ડેરીઓ શરૂ કરવામાં આવશે.

-----------

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના વિભાજન**

૨૧૭૧૫ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્યમાં જિલ્લાવાર કેટલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓના સરકાર તરફથી વિભાજન કરવામાં આવ્યા, અને

(૨) અમુક જિલ્લાઓમાં કોઇ સુવિધા ન હોવા છતાં આવા વિભાજન કરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | વિભાજન કરેલ બજાર સમિતિ |
|---|---|---|
| (૧) | ભાવનગર | પાલીતાણા |
| (૨) | બનાસકાંઠા | ભાભર |
| (૩) | ખેડા | નડિયાદ |
| (૪) | રાજકોટ | રાજકોટ |
| (૫) | રાજકોટ | ગોંડલ |
| (૬) | પાટણ | પાટણ |

(૨) ખેડૂતોને તેમની ખેત-પેદાશોના વેચાણ માટે નજીકના સ્થળે સુવિધા પૂરી પાડવા

-----------

**કચ્છ જિલ્લા પશુ દવાખાનામાં રસીનો જથ્થો**

૨૧૯૨૭ **શ્રી શીવજીભાઈ ક. આહીર ભૂજ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં આવેલ પશુ દવાખાનાઓમાં જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ ક્યા ક્યા પ્રકારની રસીઓ (વેકશીન) નો જથ્થો ઉપલબ્ધ નથી,

(૨) તેના શાં કારણો છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂરો પાડવામાં આવશે ?

**જવાબ**

(૧) તાંત્રિક રીતે રસીકરણ ઋતુ તથા રસીકરણ ચક્ર મુજબ જાન્યુ. ૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં જરૂરિયાત મુજબની રસી ઉપલબ્ધ કરાવીને રસીકરણ કરવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ થયેલ ખર્ચ**

૨૨૦૩૮**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય રોજગાર ગેરંટી સ્કીમ હેઠળ રાજ્યના છ જિલ્લાઓ માટે કેન્દ્ર સરકાર તરફથી કુલ કેટલી રકમ આવી,

(૨) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ આ યોજનામાં કુલ કેટલો ખર્ચ થયો,

(૩) ખર્ચ ઓછો થવાના કારણો શાં છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય રોજગાર ગેરંટી સ્કીમ હેઠળ રાજ્યના છ જિલ્લાઓ માટે કેન્દ્ર સરકાર તરફથી કુલ રૂા. ૯૦૮૦.૧૪ લાખ રકમ રાજ્યને ફાળવવામાં આવેલ છે.

(૨) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ આ યોજનામાં કુલ રૂા. ૫૮૫૯.૧૧ લાખનો ખર્ચ થયો.

(૩) આ યોજના માંગ આધારિત હોય, રોજગારીની માંગણી કરનાર તમામ કુટુંબોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. જેથી ખર્ચ ઓછો થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પુરતી રોજગારી આ યોજના હેઠળ ગરીબ જનતાને મળે તે માટે સરકાર કેવા પ્રકારનું આયોજન કરવા માંગે છે ?

(૪) આ યોજના હેઠળ ગ્રામ્ય કુટુંબોને રોજગારી મળે તે માટે માંગણી કરનાર તમામ કુટુંબોને રોજગારી પુરી પાડી શકાય તે પ્રકારનું સરકાર દ્વારા આયોજન કરવામાં આવેલ છે.

-----------

**હાઇટેક ઓક્સન સેન્ટર માટે બજેટની ફાળવણી**

૨૨૨૭૪ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા હાઇટેક ઓકશન સેન્ટર માટે બજેટ ફાળવણી કરાઇ હતી કે કેમ,

(૨) જો હા, તો છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ સેન્ટર રાજ્યમાં ક્યા સ્થળે બનાવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હાઈટેક ઓક્સન સેન્ટરની સ્થાપના થયેલ ન હોઈ, બજેટ ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં છાત્રાલયો અને આશ્રમશાળાઓ**

૨૨૩૬૨ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત, નવસારી, ભરૂચ, નર્મદા, વલસાડ અને ડાંગ તા.૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં છાત્રાલય અને આશ્રમશાળાઓ માટે કેટલી અરજીઓ આવી,

(૨) આમાંથી કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરી,

(૩) આ પેકી આ શાળાઓમાં ગેરરીતિની ફરિયાદો મળી છે કે કેમ, કેટલી, તેની પર શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) ગેરરીતિ જે શાળામાં માલૂમ પડી તેમની અરજી રદ કરીને ફરી મંજૂર કરવામાં આવી એવી કેટલી આશ્રમશાળાઓ છે ?

**જવાબ**

(૧) નીચે દર્શાવ્યા મુજબ અરજીઓ આવી.

| **ક્રમ** | **જિલ્લો** | **છાત્રાલયો** | **આશ્રમશાળા** |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સુરત | ૧૪ | ૦ |
| ૨ | નવસારી | ૪ | ૦ |
| ૩ | ભરૂચ | ૨ | ૦ |
| ૪ | નર્મદા | ૬ | ૦ |
| ૫ | વલસાડ | ૪ | ૦ |
| ૬ | ડાંગ | ૧ | ૦ |
| | **કુલ .** | **૩૧** | **૦** |

(૨) મંજૂર-૩
નામંજૂર-૨૮

(૩) ના, જી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્યમાં ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ**

૨૨૧૧૫ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા(શહેર કોટડા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ અને તેમાં કુલ કેટલો ખર્ચ થયેલ,

(૨) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કુલ કેટલા મકાનો અધૂરા હતા,

**જવાબ**

(૧) ફાળવેલ ગ્રાન્ટ : રૂા.૨૧૯૮.૨૫/- લાખ
થયેલ ખર્ચ : રૂા.૨૦૨૩.૪૨/- લાખ

(૨) ૫૭૯૪ મકાનો

(૩) તે પેકી કેટલા પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૪) બાકી રહેલ અધૂરા મકાનો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૩) ૨૧૭૪

(૪) શક્ય તેટલું ઝડપથી.

-----------

**રાજકોટ ખાતે સરપંચના સંમેલનનો ખર્ચ**

૨૦૯૮૫ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજકોટ ખાતે સરપંચોના સંમેલન રાખેલ તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તે માટે ખર્ચ ક્યા ક્યા હેડ હેઠળ કેટલી રકમનું કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) હા.

(૨) મુખ્ય સદર-૨૫૧૫
અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ-
ગોણ સદર-૮૦૦
સીડીપી-૨ મોજણી અને અભ્યાસ સદરે જોગવાઇની મર્યાદામાં જિલ્લા ક્ક્ષાએ વ્યવસ્થા કરવામાં આવી છે.

-----------

**રાજ્યમાં ગરીબી રેખા હેઠળ કુટુંબો**

૨૧૭૧૯ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૩-૨૦૦૬ની સ્થિતિએ ગરીબી રેખા નીચે કુલ કેટલા કુટુંબો છે, અને

(૨) ગરીબી રેખા નીચે હોય છતાંય સમાવવાના રહી ગયા હોય તેવા કુટુંબોને સમાવવા સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં તા.૩૧-૩-૨૦૦૬ની સ્થિતિએ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો ૨૩,૨૯,૩૭૮ છે.

(૨) ૧૦મી પંચવર્ષીય યોજના માટે નવી બી.પી.એલ. યાદીમાં લાભાર્થીઓનો (કુટુંબોનો) સમાવેશ ભારત સરકારની સૂચના મુજબ અને વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી કરવામાં આવશે.

-----------

**કૃષિ વિકાસ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ**

૧૯૫૭૪**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ વિકાસ માટે કેન્દ્ર સરકાર તરફથી કઇ કઇ યોજના હેઠળ કુલ કેટલી રકમ પ્રાપ્ત થઇ,

**જવાબ**

(૧) સામેલ પત્રક-""અ"" મુજબ.

**પ ત્ર ક - અ**

| **અ.નં.** | **યોજનાનું નામ** | **જાન્યુ-૦૭ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ વિકાસ માટે કેન્દ્ર સરકાર તરફથી પ્રાપ્ત થયેલ રકમ (રૂા.લાખમાં)** |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| ૧ | આઇસોપોમ | ૨૭૫૭.૫૦ |
| ૨ | વર્કપ્લાન | ૨૦૨૪.૭૮ |
| ૩ | કોટન મીનીમીશન-૨ | ૧૬૬૭.૫૩ |
| ૪ | ગાંધીનગર ખાતે જૈવિક નિયંત્રણ પ્રયોગશાળાને બળવત્તર બનાવવાની યોજના | ૫.૨૮ |

| | | |
|---|---|---|
| ૫ | એગ્રો ટેક્નોલોજી મેનેજમેન્ટ (આત્મા) | ૧૭૬.૦૦ |
| ૬ | છોડની અલગ મથકોની સ્થાપના ફાઇટો સેનેટીંગ સર્ટી ઇસ્યુ ઓથોરીટી | ૬.૬૨ |
| ૭ | એ.જી.આર-૮(FVM) | ૪૯.૨૦ |
| ૮ | ICS AGR -૭ | ૮૪.૩૩ |
| ૯ | TRS AGR -૮ | ૧૧૧.૦૯ |
| ૧૦ | ને.વો.ડે.પ્રો. | ૨૩૩૦.૫૭ |
| ૧૧ | આર.વી.પી. | ૨૬૦૮.૧૬ |
| ૧૨ | આલ્કલી | ૫૧૨.૪૦ |
| ૧૩ | ઓઇલપામ | ૬૭.૫૦ |
| ૧૪ | હોર્ટી.મીશન | ૩૯૩૯.૨૮ |
| ૧૫ | કોકોનટ | ૭૪.૬૨ |
| ૧૬ | સી.આર.એફ. | ૬૬૪.૦૦ |
| | **કુલ** | **૧૭૦૭૮.૮૬** |

(૨) આ પેકી કેટલું ખર્ચ કરવામાં આવ્યું, અને

(૨) સામેલ પત્રક-""બ"" મુજબ.

**પ ત્ર ક - બ**

| **અ.નં.** | **યોજનાનું નામ** | **યોજનાવાર થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | આઇસોપોમ | ૨૮૦૪.૪૨ |
| ૨ | વર્કપ્લાન | ૧૯૫૧.૮૯ |
| ૩ | કોટન મીનીમીશન-૨ | ૧૫૫૫.૬૪ |
| ૪ | ગાંધીનગર ખાતે જૈવિક નિયંત્રણ પ્રયોગશાળાને બળવત્તર બનાવવાની યોજના | ૫.૦૮ |
| ૫ | એગ્રો ટેક્નોલોજી મેનેજમેન્ટ (આત્મા) | ૨૨.૩૫ |
| ૬ | છોડની અલગ મથકોની સ્થાપના ફાઇટો સેનેટીંગ સર્ટી ઇસ્યુ ઓથોરીટી | ૨.૭૩ |
| ૭ | એ.જી.આર-૮(FVM) | ૩૭.૮૭ |
| ૮ | ICS AGR-૭ | ૩૮.૮૮ |
| ૯ | TRS AGR-૮ | ૫૨.૯૦ |
| ૧૦ | ને.વો.ડે.પ્રો. | ૧૭૯૭.૮૧ |
| ૧૧ | આર.વી.પી. | ૩૦૫૨.૯૨ |
| ૧૨ | આલ્કલી | ૭૫૬.૨૬ |
| ૧૩ | ઓઇલપામ | ૩૯.૨૪ |
| ૧૪ | હોર્ટી.મીશન | ૨૬૬૪.૮૯ |
| ૧૫ | કોકોનટ | ૭.૪૨ |
| ૧૬ | સી.આર.એફ. | ૪૮૦.૧૧ |
| | **કુલ** | **૧૫૨૭૦.૪૧** |

(૩) યોજનાકીય ખર્ચ ના થવાના કારણો ક્યા ક્યા છે ?

(૩) -હવામાનની પ્રતિકૂળતા જેવી કે, અતિવૃષ્ટિ/અનાવૃષ્ટિ/માવઠું/અપ્રમાણસર

વરસાદ

-કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટના આખરી હપ્તા નાણાકીય વર્ષના અંતે મળવાને કારણે,
-લાભાર્થી ઓછા મળવાના કારણે.

-----------

**ભાષાકીય લઘુમતીના બાળકોને સહાય**

૨૧૭૩૬ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં ભાષાકીય લઘુમતીના કેટલા બાળકોને વર્ષ પ્રમાણે અમદાવાદ શહેરમાં સહાય આપવામાં આવી ?

**જવાબ**

ભાષાકીય લઘુમતીના બાળકો માટે અલાયદી કોઇ યોજના નથી.

-----------

**ખેતીના વિકાસ અને બિયારણની વૃધ્ધિ**

૨૦૯૭૯**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેતીના વિકાસ અને બિયારણોની વૃધ્ધિ માટે સરકારે ક્યા ક્યા પગલાં લીધા અને રાજ્યની કઇ કઇ યુનિવર્સિટીએ આ પ્રયોગોમાં સફળતા મેળવી ?

**જવાબ**

રાજ્યમાં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ચારેય કૃષિ યુનિવર્સિટીએ બિયારણની નવી જાતો વિક્સાવવામાં નીચેની વિગતે સફળતા મેળવેલ છે.

| અ.નં. | કૃષિ યુનિવર્સિટીનું નામ | બિયારણની નવી વિક્સાવેલ જાતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ કૃષિ યુનિવર્સિટી | ૧૦ |
| ૨ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી | ૦૭ |
| ૩ | નવસારી કૃષિ યુનિવર્સિટી | ૦૬ |
| ૪ | દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી | ૧૧ |
| | **કુલ :-** | **૩૪** |

-----------

**સુરત જિલ્લાની ગ્રામ પંચાયતો અલગ કરવાની કાર્યવાહી**

૨૨૦૪૨**શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાના ગામોને અલગ ગ્રામ પંચાયતો આપવાની કોઇ કાર્યવાહી ચાલી રહેલ છે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં અલગ ગ્રામ પંચાયતો જાહેર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સોનગઢ અને નિઝર તાલુકાની માંગણીઓ અંગે જરૂરી કાર્યવાહી ચાલુ છે. જ્યારે માંડવીની તથા ઉચ્છલની કોઇ દરખાસ્ત આવેલ નથી.

(૨) નિયમાનુસાર બનતી ત્વરાએ.

-----------

**અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ખાનગી ટયુશન**

૨૧૬૩૧ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અનુસૂચિત જાતિના ધોરણ-૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને ખાનગી ટયુશન માટે સહાય આપવાની કોઇ યોજના અમલમાં છે,

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૬-૨૦૦૭ માં તા.૩૧-૧-૦૭ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે, અને

(૩) તે હેઠળ કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૬૨ વિદ્યાર્થીઓને.

(૩) રૂા.૩.૬૭ લાખ.

-----------

**માર્કેટયાર્ડમાં અનાજની આયાત**

૨૨૩૧૪ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઉંઝા, પાલનપુર, ડીસા, પાંથાવાડા અને ધાનેરા માર્કેટયાર્ડોમાં બહારના રાજ્યોમાંથી ખૂબજ મોટા પ્રમાણમાં અનાજ વેચાણ માટે આવે છે, તે હકીકત સરકારના ધ્યાનમાં છે ખરી, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આવા બહારથી આવતા અનાજ ખરીદનાર વેપારીઓ પાસેથી કોઇ ખાસ પ્રકારનો વેરો વસૂલવા સરકાર વિચારી રહી છે, | (૨) ના, જી. |
| (૩) આ માર્કેટયાર્ડોમાં સેસ ચોરી ઘટાડવા સરકારે કોઇ ઓચિંતી તપાસ કરેલ છે કે કેમ, અને | (૩) બજાર સમિતિઓના હિસાબોનું ઓડીટ કરાવવામાં આવે છે.<br>જિલ્લા રજીસ્ટ્રાર મારફત ચકાસણી કરવામાં આવે છે. |
| (૪) એવી તપાસ બાદ કોની સામે કેવી કાર્યવાહી કરવામાં આવી ? | (૪) સેસ ચોરીનો બનાવ બનેલ ન હોઇ, કોઇ કાર્યવાહી કરવાનો પ્રશ્ન રહેતો નથી. |

-----------

**વિકાસ સેવા વર્ગ-૨ માં ડીમડેઇટ માટે માંગણીઓ**

૨૧૩૫૫ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વિકાસ સેવા વર્ગ-૨ ની તા.૧-૧-૦૪ થી તા.૩૧-૧૨-૦૬ દરમ્યાન ડીમડેઇટ માટે કેટલી માંગણીઓ આવી, | (૧) ૧૮. |
| (૨) કેટલી માંગણીઓ મંજૂર કરી, | (૨) ૧. |
| (૩) કેટલી વિચારણા હેઠળ છે, અને | (૩) ૧૨. |
| (૪) તે કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૪) જેમ બને તેમ જલ્દીથી. |

-----------

**માંડવી તાલુકામાં સરદાર આવાસના પૂર્ણ થયેલ કામો**

૨૧૬૩૪**શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) :માનનીય ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) માંડવી તાલુકામાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજના હેઠળ કેટલા આવાસોની મંજૂરી આપવામાં આવી, | (૧) તા. ૩૧-૧-૦૭ અંતિત કુલ ૩૫૬ આવાસો. |
| (૨) મંજૂર થયેલ આવાસો પેકીના કેટલા આવાસો પૂર્ણ થયેલ છે અને કેટલા આવાસો અધુરા છે, | (૨) પૂર્ણ આવાસોની સંખ્યા ૨૫૨<br>પ્રગતિ હેઠળના આવાસો ૧૦૪ |
| (૩) અધુરા આવસો ક્યા ક્યા ગામે છે, | (૩) |

એચબી-૨૬૯-૧

<u>**સને ૨૦૦૬-૦૭ના પ્રગતિ હેઠળના આવાસોની સંખ્યા**</u>

| | |
|---|---|
| તારાપોર | ૨૦ |
| દાદાકુઈ | ૦૭ |
| કીમડુંગર | ૧૦ |
| ખોડંબા | ૦૮ |
| ટીટોઈ | ૦૫ |
| વાંકેલ | ૦૪ |
| રતનીયા | ૧૬ |
| દેગામા | ૧૦ |

| | |
|---|---|
| લાડકુવા | ૧૨ |
| તડકેશ્વર | ૦૨ |
| કોલસાણ | ૦૧ |
| ગોડધા | ૦૯ |
| **કુલ :-** | **૧૦૪** |

(૪) આ આવાસો ક્યા કારણસર અધુરા છે, અને

(૪) વહીવટી કારણોસર પ્રગતિ હેઠળના આ કામો ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

(૫) આ આવાસો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૫) કામો પ્રગતિમાં છે. તા. ૩૧-૩-૦૭ સુધીમાં પુર્ણ કરવામાં આવશે.

-----------

**કૃષિ વિષયક જણસીઓને આવરી લેવા અંગે**

૨૧૫૪૪**શ્રી દિપસિંહ શં. રાઠોડ(પ્રાંતિજ) : માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં ખેત ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા કૃષિ વિષયક કેટલી જણસીઓ આવરી લીધેલ છે, અને

(૧) કુલ ૯૫ જણસીઓ.

(૨) ખેડૂતોને યોગ્ય ભાવ મળી રહે તે માટે શું આયોજન કરવામાં આવેલ છે ?

(૨) ગુજરાત રાજ્યમાં ખેડૂતો નજીક્ના સ્થળે તેમના ખેત ઉત્પન્નનું વેચાણ કરી શકે તે માટે તાલુકા દીઠ બજાર સમિતિ સ્થાપવામાં આવેલ છે. જ્યાં ખેડૂતોની હાજરીમાં જ જાહેર હરાજીથી વેચાણ કરવામાં આવે છે. ખુલ્લી હરાજી, સાચો તોલ અને રોકડા નાણાની સુવિધા છે.

-----------

**૧૨૪**

**ભરૂચ જિલ્લામાં સો ચોરસવારના પ્લોટ પર મકાન બાંધવા સહાય**

૨૦૯૭૩ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સરદાર પટેલ આવાસ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન વિહોણા ખેતમજૂરોને ૧૦૦ ચોરસવારના મફત પ્લોટ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા મંજૂર કરવામાં આવ્યા,

(૨) આ પ્લોટ ઉપર મકાન બાંધવા સહાય યોજના અંતર્ગત કેટલા મકાનોને સહાય આપવામાં આવી, અને

(૧) અને (૨) ૨૧૦૧ પ્લોટ મંજૂર કરવામાં આવ્યા ૨૦૫૮ પ્લોટ ઉપર મકાન બાંધવા સહાય આપવામાં આવી.

(તાલુકાવાર પત્રક સામેલ છે)

(૩) તે અન્વયે મકાનોના કામ કેટલા પૂર્ણ થયા અને કેટલાના કામો બાકી છે ?

(૩) ૨૧૮ પૂર્ણ અને ૧૮૪૦ પ્રગતિ હેઠળ છે.

(તાલુકાવાર પત્રક સામેલ છે.)

**ભરૂચ જિલ્લામાં સો ચોરસવારના પ્લોટ ઉપર મકાન બાંધવા સહાય**

**પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂર કરેલ પ્લોટ | સહાય આપેલ મકાનોની સંખ્યા | તે પેકી પૂર્ણ મકાનોની સંખ્યા | તે પેકી પ્રગતિ હેઠળના મકાનોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧. | ભરૂચ | ૪૧૫ | ૪૦૨ | ૦૦ | ૪૦૨ |
| ૨. | અંક્લેશ્વર | ૨૯૩ | ૨૯૩ | ૧૦૦ | ૧૯૩ |
| ૩. | હાંસોટ | ૧૫૫ | ૧૫૫ | ૦૦ | ૧૫૫ |
| ૪. | વાગરા | ૧૮૦ | ૧૮૦ | ૦૧ | ૧૭૯ |
| ૫. | આમોદ | ૧૯૩ | ૧૯૩ | ૩૧ | ૧૬૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬. | જંબુસર | ૩૪૫ | ૩૪૫ | ૦૭ | ૩૩૮ |
| ૭. | ઝઘડીયા | ૩૧૮ | ૨૮૮ | ૭૯ | ૨૦૯ |
| ૮ | વાલીયા | ૨૦૨ | ૨૦૨ | ૦૦ | ૨૦૨ |
| | **કુલ :-** | **૨૧૦૧** | **૨૦૫૮** | **૨૧૮** | **૧૮૪૦** |

-----------

**ખેડા, આણંદ અને મહેસાણામાં શોચાલયો બાંધવામાં ગેરરીતિ**

૨૦૯૮૨ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડિસેમ્બર-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા, આણંદ, પાટણ અને મહેસાણા જિલ્લાઓમાં શોચાલયો બાંધવાનું કામ કઇ કઇ એજન્સીઓને આપવામાં આવ્યું, | (૧) સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન પ્રોજેક્ટ અંતગર્ત છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ખેડા, આણંદ, પાટણ અને મહેસાણા જિલ્લાઓમાં શોચાલયો બાંધવાનું કામ કોઈ એજન્સીઓને સોંપવામાં આવેલ નથી. લાભાર્થી જાતે અથવા લાભાર્થીની સંમતિથી ગ્રામ પંચાયતના સહયોગથી ગ્રામ સુખાકારી સમિતિ દ્વારા વ્યક્તિગત શોચાલયનું બાંધકામ હાથ ધરવામાં આવે છે. |
| (૨) આ એજન્સીઓ ઉપર ગેરરીતિઓની કોઇ ફરિયાદો થયેલી છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આવી ફરિયાદો ક્યારે અને કોના દ્વારા કરવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) સરકારે શાં પગલાં લીધા ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.. |

-----------

**કચ્છ જિલ્લાની ગ્રામ પંચાયતોના પોતાના ઘર**

૨૦૧૪૪ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લાના માંડવી-નખત્રાણા-અબડાસા અને લખપત તાલુકાની કઇ ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત દ ાર નથી, અને | (૧) આ તમામ તાલુકાની ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘર છે. |
| (૨) આ પંચાયત ઘર ક્યાં સુધી આપવાનું આયોજન છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**કૃષિ મહોત્સવ દરમ્યાન ખેડૂતોને ફાયદા**

૨૧૯૩૪**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ ૨૦૦૫ અને ૨૦૦૬ થી રાજ્યના ખેડૂતોને ક્યા ક્યા પ્રકારના ફાયદા થયા, | (૧) સદરહુ માહિતીથી ખેડૂતોમાં બાગાયતી પાકો જેવા કે દ્રાક્ષ, કાજુ, સ્ટ્રોબેરી, ઓષધિય પાકો, સુગંધીત પાકોના વાવેતરની જાણકારી મળેલ છે. ફુડ પ્રોસેસીંગ, મૂલ્ય વર્ધન તથા હાઈટેક ખેતી અંગેનું માર્ગદર્શન મળેલ છે.<br>કૃષિ મહોત્સવ દરમ્યાન કૃત્રિમ બીજદાન, શિક્ષણ શિબિર, દૂધ ઉત્પાદન હરીફાઈઓ, પશુ મેળો ધ્વારા માર્ગદર્શન પૂરું પાડેલ છે. પશુપાલન ખાતા ધ્વારા મીનરલ મીક્ચર તથા ડીવર્મર બોલ્સના ઈનપુટ આપવાથી |

દૂધ ઉત્પાદનમાં ફાયદો થયેલ છે.

સમતોલ ઈનપુટ જેવા કે રાસાયણિક ખાતર, બિયારણ, જંતુનાશક દવાના વિવેકપૂર્ણ ઉપયોગ, ખેતી ખર્ચમાં ઘટાડો થયો. સોઈલ હેલ્થ કાર્ડ આધારિત સપ્રમાણ રાસાયણિક ખાતરનો ઉપયોગ થવાથી ખાતરનો સમતોલ વપરાશ થયો, ટપક અને ફુવારા પધ્ધતિથી પાણીની કાર્યક્ષમ ઉપયોગ, માંગ આધારિત ખેતી, જૈવિક ખાતરો અને બાયોટેક્નોલોજીની ખેતીમાં ઉપયોગ વધ્યો, અનાજની સંગ્રહ કરવાથી બગાડ અટક્યો.

| | |
|---|---|
| (૨) વર્ષ ૨૦૦૭ દરમ્યાન રાજ્ય સરકાર આ કાર્યક્રમ ચાલુ રાખવા માંગે છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તેમાં વધુ લોકોને જોડી શકાય અને વધુ સારૂં માર્ગદર્શન આપવા સરકારને કોઇ સૂચનો મળેલ છે ? | (૩) હા, જી. |

-----------

## વિદેશ અભ્યાસ અર્થે વિદ્યાર્થીઓને લોન

૨૨૧૧૩**શ્રી નરેશકુમાર મી. કનોડિયા(કરજણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વિદેશ અભ્યાસ કરવા માંગતા અનુસૂચિત જાતિના રાજ્યના કેટલા વિદ્યાર્થીઓને છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં લાભ આપવામાં આવ્યો ? | ૧૦૯ વિદ્યાર્થીઓને |

-----------

## અનુસૂચિત જાતિના વકીલોને સ્વનિર્ભર થવા તાલીમ

૨૨૩૦૭**શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અનુસૂચિત જાતિના જુનીયર વકીલોને સ્વનિર્ભર થવા માટે કેટલા વર્ષની તાલીમ આપવામાં આવે છે, | (૧) અનુસૂચિત જાતિના જુનીયર વકીલોને સ્વનિર્ભર થવા માટે ત્રણ વર્ષની તાલીમ આપવામાં આવે છે. |
| (૨) તાલીમ દરમ્યાન કોઇ સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કેટલું ? | (૩) પ્રથમ વર્ષે માસિક રૂા. ૧૦૦૦/-<br>બીજા વર્ષે માસિક રૂા. ૮૦૦/- અને<br>ત્રીજા વર્ષે માસિક રૂા. ૬૦૦/-<br>સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. |

-----------

## અતિ વરસાદથી પંચમહાલ જિલ્લામાં પાકને નુકસાન

૨૨૦૪૮**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ભારે વરસાદને કારણે ખેતીના પાકને નુકસાન તેમજ ખેતીની જમીનને નુકસાન માટે કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે, | (૧) રૂા. ૨૪૬.૦૬ લાખ, ખેતીના પાકને નુકસાન માટે ચૂકવવામાં આવ્યા છે. જ્યારે ખેતીની જમીનના નુકસાન માટે સહાય ચૂકવવાની કાર્યવાહી ચાલુ છે. |
| (૨) જિલ્લાના દરેક તાલુકાઓમાં કેટલી કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે, | (૨) આ સાથેના પત્રક મુજબ |
| (૩) કેટલી સહાય ચૂકવવાની બાકી છે, અને | (૩) જમીન ધોવાણના કિસ્સાઓમાં મરામત બાદ સ્થળ ચકાસણીની કામગીરી ચાલું હોઈ હાલ ચોક્કસ રકમ |

(૪) કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ?

નક્કી થઈ શકે તેમ નથી.
(૪) ચકાસણી પૂર્ણ થયા બાદ, ચૂકવણીની કાર્યવાહી ચાલુ છે.

એચબી-૯૬૯-૧૮

**પત્રક**

**પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ચૂકવેલ સહાયની વિગત**

| અ.નં. | તાલુકા | કૃષિ | | બાગાયત | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | લાભાર્થીની સંખ્યા પેકેજ ૧/૨ | ચૂકવેલ સહાય રૂ. લાખમાં | લાભાર્થીની સંખ્યા પેકેજ ૧/૨ | ચૂકવેલ સહાય રૂ. લાખમાં | લાભાર્થીની સંખ્યા પેકેજ ૧/૨ | ચૂકવેલ સહાય રૂ. લાખમાં |
| ૧ | શહેરા | ૬૧૭૬ | ૧૦૪.૯૭ | ૧ | ૦.૦૧ | ૬૧૭૭ | ૧૦૪.૯૮ |
| ૨ | લુણાવાડા | ૪૭૨૪ | ૮૧.૦૧ | ૪૯ | ૦.૨૯ | ૪૭૭૩ | ૮૧.૩ |
| ૩ | ખાનપુર | ૯૧૬ | ૨૦.૫૩ | ૦ | ૦ | ૯૧૬ | ૨૦.૫૩ |
| ૪ | જાંબુઘોડા | ૧૦૨૫ | ૧૦.૯૧ | ૦ | ૦ | ૧૦૨૫ | ૧૦.૯૧ |
| ૫ | કાલોલ | ૧૮૨૮ | ૨૭.૨૮ | ૧૫ | ૦.૪૧ | ૧૮૪૩ | ૨૭.૬૯ |
| ૬ | સંતરામપુર | ૦ | ૦ | ૧૦૦ | ૦.૬૫ | ૧૦૦ | ૦.૬૫ |
| | **કુલ :** | **૧૪૬૬૯** | **૨૪૪.૭** | **૧૬૫** | **૧.૩૬** | **૧૪૮૩૪** | **૨૪૬.૦૬** |

-----------

## રાજ્યમાં યુરિયા ખાતરની ખેંચ

૨૧૯૩૮**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં યુરિયા, ડી.એ.પી. ફર્ટીલાઇઝર ખાતરોની માંગ કેટલી હતી,

(૨) કેટલો જથ્થો પૂરો પાડવામાં આવ્યો, અને

(૩) યુરિયા, ડી.એ.પી. ફર્ટીલાઇઝર ખાતરોની ખાદ્યને પહોંચી વળવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) યુરીયો, ડીએપી ખાતરોની વિગતો.

| વર્ષ | યુરીયા મે.ટન | ડીએપી મે.ટન |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૧૭૦૦૦૦ | ૪૫૦૦૦૦ |
| ૨૦૦૫-૦૬ | ૧૨૫૦૦૦૦ | ૫૨૦૦૦૦ |

(૨) પૂરો પાડવામાં આવેલ જથ્થાની વિગત.

| વર્ષ | યુરીયા મે.ટન | ડીએપી મે.ટન |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૨૫૩૯૧૩ | ૪૮૧૭૨૯ |
| ૨૦૦૫-૦૬ | ૧૪૦૭૭૭૮ | ૫૨૫૬૫૧ |

(૩) ખેતી નિયામકશ્રીની કચેરી દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે અને જરૂરીયાતવાળા વિસ્તારોને ખાતર પૂરૂં પાડવામાં આવે છે. તેમજ ભારત સરકાર સાથે પરામર્શ કરવામાં આવે છે.

-----------

## ખેડૂતોના અકસ્માત વીમા યોજના હેઠળ અરજીઓ

૨૨૦૪૫ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ખેડૂતોના અકસ્માતે મૃત્યુ થતા વારસદારોને અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ખેડૂતોના અકસ્માતે મૃત્યુ થતા વારસદારોને અકસ્માત વિમા યોજના હેઠળ કુલ ૨૨૮ અરજીઓ આવી.

(૨) તે પેકી ૪૨ અરજીઓ મંજૂર કરવામાં આવી.

-----------

**મહેસાણા જિલ્લામાં ખેડૂત ખાતેદાર અકસ્માત વીમાના કેસો**

૨૨૧૨૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા ખેડૂતો ખાતેદારોને ""કૃષિ અકસ્માત વીમા સહાય"" ની રકમ ચૂકવવામાં આવી,

(૨) કુલ કેટલા કેસો સરકારને મળ્યા અને કેટલા મંજૂર થયા,

(૩) ખેડૂત અકસ્માત વીમાના પ્રિમિયમ પાછળ આ સમયગાળા દરમિયાન રાજ્ય સરકારે કેટલો ખર્ચ કર્યો,

(૪) કઇ કંપનીને ક્યારે કેટલું પ્રિમિયમ ચૂકવવામાં આવ્યું,

(૫) બાકી ખેડૂત ખાતેદારોને વીમાની રકમ ક્યારે ચૂકવવામાં આવશે, અને

(૬) વિલંબ થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ૪૧ ખેડૂત ખાતેદારોને ""કૃષિ અકસ્માત વીમા સહાય"" ની રકમ ચૂકવવામાં આવી.

(૨) કુલ ૧૪૫ કેસો મળ્યા અને ૪૧ મંજૂર થયા.

(૩) ખેડૂત અકસ્માત વીમાના પ્રિમિયમ પાછળ આ સમયગાળા દરમિયાન રાજ્ય સરકારે સમગ્ર જિલ્લાઓ માટે રૂા.૪૦૮.૪૫ લાખ ખર્ચ કરેલ છે. તેમાં મહેસાણા જિલ્લાનો પણ સમાવેશ થાય છે.

(૪) આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ જનરલ ઇન્સ્યોરન્સ કંપનીને વર્ષ ૨૦૦૫-૦૬ માટે રૂા.૪૦૮.૪૫ લાખ પ્રિમિયમ ચૂકવવામાં આવ્યું.

(૫) બાકી ખેડૂત ખાતેદારોને ચકાસણીની કામગીરી પૂર્ણ થયે વીમાની રકમ ચૂકવવામાં આવશે.

(૬) અરજદારોની અરજીઓની ચકાસણી બાદ તેની પૂર્તતા માટે માંગેલ સાધનિક કાગળો સમયસર પૂરા પાડવામાં આવેલ ન હોવાને કારણે વિલંબ થયેલ છે.

-----------

**કૃષિ મેળામાં કીટ ફાળવવાનો ખર્ચ**

૨૨૩૬૦ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ(ખેરાલુ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૫-૦૬ના વર્ષમાં સરકારે કૃષિ મેળામાં કેટલા ખેડૂતોને કૃષિલક્ષી કીટ ફાળવી, અને

(૨) તેની પાછળ થયેલો અંદાજીત ખર્ચ કેટલો ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૫-૦૬ ના વર્ષમાં કૃષિ મહોત્સવ-૦૫ માં નીચે મુજબની કીટની ફાળવણી કરવામાં આવેલ છે.

| ક્રમ | કચેરીઓ | વર્ષમાં ૨૦૦૫-૦૬ માં કીટ વિતરણ સંખ્યા |
|---|---|---|
| ૧ | બાગાયત નિયામકશ્રી | ૯૧૫૮૦ |
| ૨ | ખેતી નિયામકશ્રી | ૯૧૪૬૫ |
| | કુલ કીટ | ૧,૮૩,૦૪૫ |

(૨) તેની પાછળ નીચે મુજબનો ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | કચેરીઓ | ખર્ચ |
|---|---|---|
| ૧ | બાગાયત નિયામકશ્રી | રૂા.૯,૦૭,૦૮,૬૫૬-૦૦ |
| ૨ | ખેતી નિયામકશ્રી | રૂા.૧૨,૫૦,૮૫,૬૫૦-૦૦ |
| | કુલ ખર્ચ | રૂા.૨૧,૫૭,૯૪,૩૦૬-૦૦ |

-----------

**અનુસૂચિત જાતિની કન્યાઓને સરસ્વતી સાધના યોજના હેઠળ આપેલ સાયકલ**

૨૨૧૨૮**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં ધોરણ-૮ માં ભણતી અનુસૂચિત જાતિની કેટલી કન્યાઓને સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલ આપવા માટે કેટલી સાયકલો ખરીદી,

(૨) કેટલી કન્યાઓને આપવામાં આવી,

(૩) આ સાયકલ ખરીદવાની કિંમત શું છે, અને

**જવાબ**

(૧) સાયકલ ખરીદવા રૂા.૧૫૦૦/- લેખે પ્રત્યેક કન્યાને રોકડ સહાય આપવામાં આવે છે.

(૨) ૧૦૭૦૯.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) કઇ કંપનીની સાયકલો ખરીદવામાં આવે છે?

(૪) ટી.આઇ.(હરક્યુલસ), એટલાસ, હીરો, એ-વન જેવી **બ્રાન્ડેડ આઇ.એસ.આઇ. માર્કાની સાયકલ** ખરીદવા અંગે કન્યા/વાલીને ભલામણ કરવામાં આવે છે.

-----------

## રાજ્યમાં કમોસમી વરસાદથી બટાટાના પાકને નુકસાન

૨૧૯૩૦**શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં રાજ્યમાં કમોસમી વરસાદને કારણે ડીસા તાલુકામાં બટાટાના પાકને સુકારો રોગ થવાથી ખેડૂતોને ભારે આર્થિક નુકસાન થયું છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ખેડૂતોને આર્થિક મદદ કરવા સરકાર ક્યા પગલાં ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાજેતરમાં ફેબ્રુ-૦૭ ના માસમાં કમોસમી વરસાદ પડેલ નથી. પરંતુ વાદળછાયુ વાતાવરણ સતત રહેવાના કારણે અને સામાન્ય નોંધી ન શકાય તેવા છાંટા થયેલ છે. કમોસમી વરસાદને કારણે નહિ પરંતુ હવામાનના કારણે ડીસા તાલુકામાં બટાટાના ૧૭૦૦૦ હેક્ટરમાં થયેલ વાવેતરમાં ડીસા અને આજુબાજુના ગામોમાં ૧૫૦૦ હેક્ટરમાં પાછોતરા સુકારાની અસર જોવા મળેલ છે. જો કે ભારે નુકસાન થવાના કોઇ અહેવાલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## રાજકોટ જિલ્લામાં નિર્મળ ગામ યોજના હેઠળ સુવિધા

૨૧૭૧૭**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં નિર્મળ ગ્રામ યોજના હેઠળ તાલુકાવાર કેટલા ગામોને કઇ કઇ સુવિધા સાથે નિર્મળ ગ્રામ તરીકે ક્યારે જાહેર કરવામાં આવ્યા, અને

(૨) નિર્મળ ગ્રામ તરીકે યોજના હેઠળ કઇ કઇ સુવિધા પાછળ રાજ્ય અને કેન્દ્ર સરકારના કેટલો નાણાંકીય સહયોગ રહેલો છે ?

**જવાબ**

(૧) જાન્યુઆરી-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લાનાં રાજકોટ તાલુકાનું રાજસમઢીયાળા ગામ નિર્મળ ગ્રામ તરીકે ફેબ્રુઆરી-૨૦૦૫ માં જાહેર કરી પુરસ્કૃત કરવામાં આવેલ છે.

ખુલ્લામાં શોચક્રિયા બિલકુલ ન થતી હોય અને ગામમાં પ્રત્યેક કુટુંબ શોચાલયનો ઉપયોગ કરતાં હોય અને ગામમાં સ્વચ્છતાલક્ષી વાતાવરણ બની રહે તે માટે નીચેની સુવિધાઓ સાથે નિર્મળ ગ્રામ જાહેર કરેલ છે.

૧. ગામમાં પ્રત્યેક રહેણાંક આવાસમાં શોચાલયની સુવિધા.
૨. શાળા/આંગણવાડીમાં શોચાલયની વ્યવસ્થા હોવાથી.
૩. જાહેર માર્ગ ઉપર ગંદા પાણીની યોગ્ય વ્યવસ્થા માટે શોષખાડા તથા ગટર વ્યવસ્થા હોવાથી તેમજ ગામમાંથી ઉકરડાનું સ્થળાંતર યોગ્ય જ્ગ્યાએ થવાથી.
૪. સ્વચ્છતા અને આરોગ્ય સંબંધેની જાગૃતિ માટે ભીતસુત્રો, સ્લોગન, ચાર્ટ, લીફલેટ સાથે પ્રચાર પ્રસાર થયેલ હોવાથી.

(૨) સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન પ્રોજેક્ટ અંતર્ગત તા.૧-૪-૨૦૦૬ થી નીચેની સુવિધાઓ માટે રાજ્ય તથા કેન્દ્ર સરકાર તેમજ લાભાર્થીનો નાણાંકીય સહયોગ નીચે મુજબ રહેલ છે.

| ક્રમ | સુવિધા | યુનીટનો દર રૂા. | કેન્દ્ર હિસ્સો | રાજ્ય હિસ્સો | લાભાર્થી હિસ્સો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | એ.પી.એલ. વ્યક્તિગત શોચાલય | -- | -- | -- | ૧૦૦ |
| ૨ | બી.પી.એલ. વ્યક્તિગત શોચાલય | ૧૫૦૦/- સુધી | ૬૦% | ૨૦% | ૨૦% |
| ૩ | બી.પી.એલ. વ્યક્તિગત શોચાલય | ૨૦૦૦/- સુધી | ૩૦% | ૩૦% | ૪૦% |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ | શાળા શોચાલય સંકુલ | ૨૦૦૦૦/- સુધી | ૭૦% | ૩૦% | -- |
| ૫ | આંગણવાડી શોચાલય સંકુલ | ૫૦૦૦/- સુધી | ૭૦% | ૩૦% | -- |
| ૬ | સામુહિક શોચાલય સંકુલ | ૨૫૦૦૦૦/- સુધી | ૬૦% | ૨૦% | ૨૦% |
| ૭ | ઘન/પ્રવાહી કચરાનાં નિકાલનું વ્યવસ્થાપન | -- | ૬૦% | ૨૦% | ૨૦% |
| ૮ | આઇ.ઇ.સી. પ્રવૃત્તિ (માહિતી, શિક્ષણ અને પ્રચાર) | -- | ૮૦% | ૨૦% | -- |

-----------

**રાજ્યમાં યુરિયા ખાતરની ફાળવણી**

૨૨૦૩૯ ડૉ. **અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર યુરિયા ખાતરની કેટલી ફાળવણી કરવામાં આવી, અને

(૨) સમયસર યોગ્ય પ્રમાણમાં ખાતર ખેડૂતોને મળે એ માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર યુરિયા ખાતરની ફાળવણી સામેલ પત્રક મુજબ કરવામાં આવેલ છે.

| **અ.નં.** | **જિલ્લો** | **કુલ (મે.ટન)** |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ | ૮૩૫૯૪ |
| ૨ | ખેડા | ૭૦૧૬૪ |
| ૩ | આણંદ | ૭૬૫૨૩ |
| ૪ | વડોદરા | ૧૦૨૭૬૬ |
| ૫ | પંચમહાલ | ૫૦૧૨૧ |
| ૧ | ૨ | ૩ |
| ૬ | દાહોદ | ૧૪૨૫૭ |
| ૭ | ભરૂચ | ૩૭૧૮૭ |
| ૮ | નર્મદા | ૯૮૪૪ |
| ૯ | સુરત | ૭૬૧૨૮ |
| ૧૦ | વલસાડ | ૧૦૭૦૫ |
| ૧૧ | નવસારી | ૧૯૯૬૪ |
| ૧૨ | ડાંગ | ૬૩ |
| ૧૩ | ગાંધીનગર | ૨૬૧૧૬ |
| ૧૪ | મહેસાણા | ૬૩૯૦૭ |
| ૧૫ | પાટણ | ૩૭૨૯૫ |
| ૧૬ | બનાસકાંઠા | ૯૫૩૦૦ |
| ૧૭ | બનાસકાંઠા | ૮૩૮૬૮ |
| ૧૮ | રાજકોટ | ૧૬૦૧૮૧ |
| ૧૯ | સુરેન્દ્રનગર | ૭૬૫૨૧ |
| ૨૦ | ભાવનગર | ૮૧૭૩૪ |
| ૨૧ | જામનગર | ૬૬૨૦૯ |
| ૨૨ | અમરેલી | ૬૩૮૩૯ |
| ૨૩ | જૂનાગઢ | ૭૭૯૮૭ |
| ૨૪ | પોરબંદર | ૭૩૬૧ |
| ૨૫ | કચ્છ | ૪૭૮૬૩ |
| | **કુલ** | **૧૪,૩૯,૪૯૭** |

(૨) સમયસર યોગ્ય પ્રમાણમાં ખાતર ખેડૂતોને મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે રાજ્ય ખાતર સલાહકાર સમિતિની બેઠક યોજવામાં આવે છે. જેમાં સરકારશ્રીના અધિકારીઓ, ખાતર ઉત્પાદકો, વિતરકો મળે

છે. અને ચાલુ વર્ષ માટે ખાતરની માંગ અને પુરવઠાની સમીક્ષા કરવામાં આવે છે, કેન્દ્ર સરકાર સાથે પરામર્શ કરી રાજ્ય સરકારને માસવાર ખાતરનો જથ્થો મળી રહે તે માટે ઝોનલ કોન્ફરન્સમાં માંગણી કરવામાં આવે છે. જિલ્લાવાર/માસવાર સપ્લાય પ્લાન તૈયાર કરવામાં આવે છે. અને તેનું મોનીટરીંગ સતત કરવામાં આવે છે. જિલ્લા/તાલુકા ખાતેના ખાતર વિતરણ કેન્દ્રો ખાતે બફર સ્ટોકનું આયોજન કરવામાં આવે છે.

-----------

## અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને રોકડ રકમ

૨૨૨૭૫**શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧-૦૭ સુધીમાં અનુસૂચિત જાતિના ધોરણ-૧ થી ૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગણવેશ માટે કેટલી રકમ રોકડમાં ચૂકવવામાં આવી, અને

**જવાબ**

(૧) સામેલ પત્રક-૧ માં જણાવ્યા મુજબ રૂા.૭,૭૯,૦૭,૦૫૦/- ની ગણવેશ સહાય રોકડમાં ચૂકવવામાં આવી છે.

**પ ત્ર ક - ૧**

ગણવેશ સહાયની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | જિલ્લાનું નામ | ચૂકવવામાં આવેલ ગણવેશ સહાય રકમ રૂા. | | કુલ |
|---|---|---|---|---|
| | | તા.૧-૨-૦૫ થી તા.૩૧-૧-૦૬ | તા.૧-૨-૦૬ થી તા.૩૧-૧-૦૭ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમદાવાદ | ૮૨૭૪૭૨૦ | ૭૩૫૦૬૦૦ | ૧૫૬૨૫૩૨૦ |
| ૨ | ગાંધીનગર | ૬૧૬૩૫૦ | ૩૯૪૨૦૦ | ૧૦૧૦૫૫૦ |
| ૩ | મહેસાણા | ૬૧૨૯૦૦ | ૫૧૭૮૦૦ | ૧૧૩૦૭૦૦ |
| ૪ | પાટણ | ૨૯૭૯૫૦ | ૨૭૧૮૦૦ | ૫૬૯૭૫૦ |
| ૫ | ખેડા | ૫૨૪૫૫૦ | ૫૧૩૭૫૦ | ૧૦૩૮૩૦૦ |
| ૬ | આણંદ | ૧૪૪૪૮૮૦ | ૮૦૨૩૫૦ | ૨૨૪૭૨૩૦ |
| ૭ | સાબરકાંઠા | ૨૬૫૪૫૫૦ | ૨૮૦૭૭૦૦ | ૫૪૬૨૨૫૦ |
| ૮ | બનાસકાંઠા | ૧૭૯૭૭૫૦ | ૧૧૦૮૮૦૦ | ૨૯૦૬૫૫૦ |
| ૯ | રાજકોટ | ૩૮૩૪૧૪૦ | ૨૯૭૩૩૦૦ | ૬૮૦૭૪૪૦ |
| ૧૦ | જામનગર | ૧૭૬૩૪૫૦ | ૧૯૯૨૧૫૦ | ૩૭૫૫૬૦૦ |
| ૧૧ | જૂનાગઢ | ૬૫૩૨૨૫૦ | ૨૬૩૬૮૫૦ | ૯૧૬૯૧૦૦ |
| ૧૨ | પોરબંદર | ૧૧૫૨૩૮૦ | ૫૬૩૧૦૦ | ૧૭૧૫૪૮૦ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૨૨૬૪૪૯૦ | ૧૨૪૮૪૫૦ | ૩૫૧૨૯૪૦ |
| ૧૪ | ભાવનગર | ૧૧૩૯૨૭૦ | ૯૭૨૧૫૦ | ૨૧૧૧૪૨૦ |
| ૧૫ | અમરેલી | ૬૨૭૯૦૦ | ૫૭૬૭૫૦ | ૧૨૦૪૬૫૦ |
| ૧૬ | કચ્છ | ૪૨૯૮૨૬૦ | ૩૭૧૫૬૫૦ | ૮૦૧૩૯૧૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭ | સુરત | ૧૪૧૭૫૦૦ | ૧૨૨૬૮૫૦ | ૨૬૪૪૩૫૦ |
| ૧૮ | વડોદરા | ૩૫૧૦૫૧૦ | ૧૪૬૫૮૦૦ | ૪૯૭૬૩૧૦ |
| ૧૯ | ભરૂચ | ૬૩૧૮૫૦ | ૫૬૭૪૫૦ | ૧૧૯૯૩૦૦ |
| ૨૦ | નર્મદા | ૫૭૧૫૦ | ૫૭૧૫૦ | ૧૧૪૩૦૦ |
| ૨૧ | વલસાડ | ૬૨૧૬૦૦ | ૩૬૬૯૦૦ | ૯૮૮૫૦૦ |
| ૨૨ | નવસારી | ૩૧૨૯૦૦ | ૨૮૯૮૦૦ | ૬૦૨૭૦૦ |
| ૨૩ | પંચમહાલ | ૩૯૮૩૫૦ | ૪૯૮૬૦૦ | ૭૯૬૯૫૦ |
| ૨૪ | દાહોદ | ૧૨૨૭૦૦ | ૧૫૫૭૦૦ | ૨૭૮૪૦૦ |
| ૨૫ | ડાંગ | ૧૧૪૦૦ | ૧૩૬૫૦ | ૨૫૦૫૦ |
| કુલ... | | **૪૪૮૧૯૭૫૦** | **૩૩૦૮૭૩૦૦** | **૭૭૯૦૭૦૫૦** |

(૨) કેટલી રકમ હજુ ચૂકવવાની બાકી છે ? (૨) રૂા.૫,૨૬,૨૦૦/-

--------

**વિદેશ અભ્યાસ માટે વિદ્યાર્થીઓને લાભ**

૨૨૧૧૬ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા(શહેર કોટડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં વિદેશ અભ્યાસ કરવા માગતા અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાભ આપવામાં આવ્યો ? | ૧૦૯ વિદ્યાર્થીઓને. |

-------

**પંચાયત વિભાગમાં રહેમરાહે આશ્રિતોને નોકરીના કેસો**

૨૧૨૨૦**શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ પંચાયત વિભાગમાં રહેમરાહે આશ્રિતોને નોકરી આપવાના કેટલા કેસો કેટલા સમયથી પડતર છે, | (૧) ૪૧૬ જુદા જુદા સમયથી પડતર છે. |
| (૨) આવા કેસોનો સત્વરે નિવેડો લાવવા સરકારે કાર્યવાહી કરી, અને | (૨) હા, જી. |
| (૩) કેટલા સમયમાં તેનો સુખદ ઉકેલ લાવવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

-----------

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર. (અંતરાય) બેસી જાવ.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર. કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર નથી. બેસી જાવ.

**શ્રી અનિલકુમાર મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર.પ્લીઝ બેસી જાવ. (અંતરાય)

(આ તબકકે માનનીય સભ્યશ્રી અનિલકુમાર પટેલ વેલમાં આવી ગયા)

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર.પ્લીઝ, પ્લીઝ. વેલમાં આવેલ સભ્યશ્રીને બહાર લઈ જવામાં આવે.

(આ તબકકે માનનીય સભ્યશ્રીએ પુનઃ પોતાનું સ્થાન લીધું)

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર. માનનીય સભ્યશ્રી પોતાની જગ્યાએ બેસી ગયા છે. હવે એમને બેસવા દો. નેકસ્ટ.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશનરશ્રીનો અહેવાલ

**શ્રી રમણલાલ વોરા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશનરશ્રીનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

## ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો અહેવાલ

**શ્રી રમણલાલ વોરા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

## કૃષિ અને સહકાર વિભાગની અધિસૂચના

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ અને સહકાર વિભાગની સન ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ અન્વયેની તા. ૧૭-૨-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: જીએચકેએચ-૯-સીડીઈ-૧૦-૨૦૦૬-૨૩૨૦-ક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

## કામકાજ સલાહકાર સમિતિનો પંદરમા અહેવાલની રજૂઆત

**અધ્યક્ષશ્રી .** : હું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલી સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો પંદરમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક બુધવાર, તારીખ:૧૪મી માર્ચ, ૨૦૦૭ના રોજ માનનીય અધ્યક્ષશ્રીના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિ નીચે મુજબ ભલામણો કરે છે.

૧. બુધવાર, તા.૨૮મી માર્ચ, ૨૦૦૭ના રોજ સભાગૃહની બેઠકનો સમય બે કલાક લંબાવવો અને તે દિવસે વિનિયોગ વિધેયક અને નાણાકીય વિધેયકો ઉપર વિચારણા હાથ ધરવી અને તેની વિચારણા પૂરી કરવી.

૨. ગુરુવાર, તા.૨૯મી માર્ચ, ૨૦૦૭ના રોજ સભાગૃહની બે બેઠકો રાખવી અને તેમાં નીચે મુજબનું કામકાજ હાથ ધરવું.

**પહેલી બેઠક**

સરકારી વિધેયકો અને સરકારી કામકાજ

**બીજી બેઠક**

(૧) સરકારી વિધેયકો અને સરકારી કામકાજ

(૨) બિન-સરકારી વિધેયકો

૩. શુક્રવાર, તા.૩૦મી માર્ચ, ૨૦૦૭ના રોજ નીચે મુજબનું કામકાજ હાથ ધરવું

(૧) વિચારણા માટે બાકી રહેતા સરકારી વિધેયકો વિચારણા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૨) છેલ્લા દિવસનો પ્રસ્તાવ.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

# કામકાજ સલાહકાર સમિતિનો પંદરમા અહેવાલની પર માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનો સુધારો

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, અમે કામકાજ સલાહકાર સમિતિમાં પણ વાત કરી હતી કે લગભગ ૧૬ જેટલાં બિલો આવવાના છે અને આ બિલો ઉતાવળે પાસ કરાય નહીં, તે બિલોને સભાગૃહે વિચારણામાં લેવા જોઈએ. પુખ્ત વિચારણા કરવી જોઈએ અને તે પુખ્ત વિચારણા કરવા માટે તમામ સભ્યશ્રીઓને પોતાના અભિપ્રાયો, વકતવ્યો આપવાની મોકળાશ રહેવી જોઈએ. જે રીતે અહીંયા કામકાજ સલાહકાર સમિતિમાં તે દિવસે ચર્ચા થઈ તેમાં અમે એવી જ વિનંતી કરી હતી કે બિલની અંદર એક દિવસ વધે તેનો વાંધો નહીં પરંતુ આ સમય છે તે ૩૦ તારીખ પછીના આગળના પિરિયડમાં ચાલુ વર્કીંગ ડેમાં આપણે દિવસો વધારી અને જેટલાં દિવસ જરૂરી હોય એટલા દિવસ આપણે ચર્ચા કરવી જોઈએ.આ ગૃહ તે બાબતની અંદર બિલોની ચર્ચા કરવા માટે ખૂબ ગંભીર છે. તેના માટે પૂરતો સમય પણ જરૂરી છે અને એટલા માટે અમે ત્યાં પણ વિનંતી કરી હતી અને અહીંયા પણ એવી વિનંતી કરીએ છીએ કે ગૃહની અંદર વચ્ચે કોઈ સમય વધાર્યા વગર ૩૦મી તારીખ પછીના જેટલાં વર્કીંગ ડેઈઝ આવે તે તમામ વર્કીંગ ડેઈઝમાં ચર્ચા-વિચારણાં કરી અને આ બિલો પાસ થાય એવી અમારી દરખાસ્ત છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે પ્રમાણે કહ્યું તેમાં હું સૂર પુરાવું છું. તેની સાથે સાથે એ પણ ચર્ચા થઈ હતી કે, આજે વિધાનસભાની એક પરંપરા રહી છે અને પરંપરા અત્યાર સુધીમાં ૧૦૧નો આપણો જે પ્રસ્તાવ છે તે હંમેશા આપણે જેના ૧૦૧ના પ્રસ્તાવ આવ્યા હોય તેને લેતાં હોઈએ છીએ. આ વખતે પણ અમે કામકાજ સલાહકાર સમિતિમાં વિનંતી કરી હતી કે અમારો ૧૦૧નો પ્રસ્તાવ જે પાંચ જણનો છે તેમાંથી ૧૦૧નો પ્રસ્તાવ લેવો જોઈએ. તે દિવસે પણ વિચારણા થઈ હતી અને અમે બિલો બાબતમાં તે વખતે પણ ખાતરી આપી હતી કે અમે ચોક્કસ એક-બે કલાક સમય વધારી પછી જેમ ૩૦મી તારીખે કહ્યું તેમ ભલે પાંચ દિવસ સુધી લંબાવવામાં આવે. પણ અમે બધા જ બિલો પાંચ દિવસ લંબાવીને પૂર્ણ કરીશું પણ નિત્ય સમયે કે આ જ દિવસે પૂરાં કરીએ તે તો સમર્થન આપી શકાય એવી સ્થિતિ નથી અને ૧૦૧નો પ્રસ્તાવ લેવામાં આવે એવી હું વિનંતી કરું છું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીને વિનંતી છે, મેં ત્યાં પણ વિનંતી કરી હતી કે આપણી પાસે ત્રણ સરકારી કામકાજ માટેના દિવસો હતા ૨૮, ૨૯ અને ૩૦. પરંતુ અમને એમ લાગ્યુ કે વધારે સારી રીતે ચર્ચા કરી શકાય એટલા માટે એક બેઠક ૨૯મીએ આપણે વધારીએ. એક બેઠકને આપણે એક દિવસ જ ગણીએ છીએ. અને ૧૬ બિલો છે એ વાત સાચી છે, પણ એમાં ૭ બિલો તો નાણાકીય બિલો છે, જેની ચર્ચા અંદાજપત્રની ચર્ચા દરમ્યાન થઈ ગઈ છે. સામાન્યતઃ વિનિયોગ વિધેયક સહિતના બિલો હોવાને કારણે વિનિયોગ વિધેયકમાં પણ ચર્ચા મળવાની છે, એટલે ચર્ચાને પૂરતો અવકાશ છે. અને નાણાકીય બિલો આવી ગયા છે એમાં ચર્ચાને બહુ અવકાશ એટલા માટે નથી કે વિભાગની ચર્ચા માનનીય મંત્રીશ્રીઓએ પોતપોતાના વિભાગમાં ટેકસેશન કે આર્થિક વ્યવસ્થાને લીધે જે બિલ લાવવા પડે એ પૂરતા ૭ બિલ છે. એટલે બાકીના ૯ બિલ માટે ૩ દિવસ આપવા માટે પૂરતો સમય છે. અને જરૂર પડે તો આ ૯ બિલમાં એ દિવસે પણ મોડે સુધી બેસીને પૂરા કરી શકાય તેમ છે. એટલે ૨૯ કે ૩૦ મી તારીખે મોડે સુધી બેસવું. વિધાનસભાનું સૌથી અગત્યનું કામ કાયદા ઘડવાનું છે અને ભૂતકાળમાં પણ એક બિલ માટે રાત્રે ૩ વાગ્યા સુધી બેઠા છીએ. હું વિરોધ પક્ષને એ જ કહું છું કે મોડી રાત સુધી બેસીને ૯ બિલ આપણી પાસે ૩ દિવસની અંદર છે. ભૂતકાળના એ પણ ઉદાહરણ છે કે એક દિવસમાં ૧૦ બિલ પસાર કર્યા હોય એવા ૧૦ દિવસો છે. ૭ બિલ પસાર કર્યા હોય એવા ૨૫ અને ૫ કરતા વધારે બિલ પસાર કર્યા હોય એવા ૩૫ દિવસો છે. હું માનનીય અધ્યક્ષશ્રી, ૩ બિલ પ્રમાણે. કેમ કે ૧૬ બિલ ૪ દિવસની અંદર છે અને એમાં ૭ બાદ કરીએ તો ૯ બિલ ચર્ચા માટે છે અને ૩ દિવસના પૂરતા

સમય સાથે જ આવ્યો છું. અને જયારે લાગ્યુ તો અમે ૨૯મી તારીખે સંમત થયા છીએ. ૨૯મીએ અમે જ કીધું છે. ૧૦૧ ના પ્રસ્તાવમાં નિયમ એવો છે અને એમાં સંમત પણ થઈએ, પણ આ ગૃહના નેતા નકકી કરે અને એ ફાળવે એ સમય હોય છે. કામકાજ સલાહકાર સમિતિમાં ચર્ચામાં આવ્યું ત્યારે કીધું હતું કે અમે લેવા તૈયાર છીએ, પરંતુ જો ૩૦મી તારીખ સુધીમાં બધી જ ચર્ચાઓ આપણે મોડે સુધી બેસીને પૂરી કરતા હોઈએ તો ૧૦૧ નો ઠરાવ લેવામાં મને કોઈ વાંધો નથી. ૩૦ મી તારીખના છેલ્લા દિવસના પ્રસ્તાવ પહેલા.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કોઈ શરતી વાત હોય જ નહીં. બિલ છે એ અને કાર્યવાહી છે એ નિયમો મુજબની વાત છે અને એ નિયમો મુજબ અમારી બધી જ તૈયારી છે. મેં કહ્યું તેમ બિલની અંદર દિવસો વધારે, વચ્ચે દિવસો વધાર્યા સિવાય. ૩૦મી તારીખે જે વર્કીંગ ડે હોય અને એમાં ગૃહના સભ્યોની બધાની આવવાની તૈયારી છે અને એમાં કદાચ અમે વાંધો લઈએ તો લઈ શકાય પણ નહીં. પરંતુ વચ્ચે રજાના દિવસોમાં અને સમય વધારીને આ ગૃહમાં બિલ જેવી બાબતમાં ગંભીર બાબતની ચર્ચા આવી રીતે કરી શકાય નહીં. સભ્યોને વિચાર કરવા અને એને રોકવા માટેનો વિચાર પણ ન કરાય. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ કીધું કે એક દિવસમાં ૧૦ બિલની પણ પરંપરા છે. વિરોધ પક્ષને સસ્પેન્ડ કરીને ૧૦ નહીં, ૧૫ પણ કદાચ કરી શકાતા હશે, પણ જયારે બધા જ સામૂહિક રીતે ચર્ચા કરવાની તૈયારી હોય ત્યારે બિલને કન્સીડર કરવા જોઈએ. બીજી વાત એવી છે કે આવી રીતે બિલ થયેલા છે અને ભૂતકાળનો એવો દાખલો પણ છે કે એક સભ્ય આપણે ત્યાં એક બિલમાં બાબુભાઈ વૈદ્ય અઢી દિવસ સુધી બોલ્યા હતા અને એ વખતના ૨, ૪ મિત્રો આમાંના સાક્ષી હશે કે એમને વિનંતી કરવી પડી હતી કે હવે બહુ થઈ ગયુ. એક જે આયુર્વેદિક્નું બિલ હતુ અને એમાં આટલો વખત સુધી બોલ્યા હતા. બિલમાં રોકી શકાય નહીં. છતા બિલની અંદર સમયની અંદર સંયમ રાખવાની તૈયારી છે. સમય વેડફાય નહીં, સમયની મર્યાદામાં થાય, પણ આ રીતે ઉતાવળે બિલો પાસ કરાવવાની જરૂર નથી. આપણે કાયદા પસાર કરીએ છીએ. અશોકભાઈએ સાચું કીધું કે ધારાગૃહનું સૌથી પહેલું કામ કાયદા ઘડવાનું છે અને એ વખતે ગંભીરતાથી ચર્ચા થવી જોઈએ. એટલા માટે હું એવી વિનંતી કરું છું કે ૧૦૧ નો પ્રસ્તાવ પરંપરાથી ચાલ્યો આવે છે, એને શરતોની સાથે જોડી શકાય નહીં. અને ઘણી પરંપરા આ વખતે ગઈ છે અને એમ આ પણ જવા દેવી હોય તો એ શરતો સાથે જોડવાની અમારી તૈયારી નથી. આપની અને આપના નેતાની ઈચ્છા હોય તો ૧૦૧ નો પ્રસ્તાવ લાવવો જોઈએ અને અમારી તૈયાર છે અને નોટીસ પણ આપેલ છે, પરંતુ આ ગૃહમાં સમય વધારવાની અમારી પૂરી તૈયારી છે, બિલો ઉપર ચર્ચા કરવાની પણ તૈયારી છે અને ચર્ચા આપણે જે બુધ્ધિશાળી માણસો ચર્ચા કરવા બેસે અને કેટલા કલાક સુધી કામ કરી શકે અને આપ કેટલા કલાક બેસી શકો એ મર્યાદામાં જ ૩૦ મી તારીખ પછીના વર્કિંગ ડેઝ હોય અને ૩૦ મી પછીનો શનિવાર હોય તો એમાં પણ અમારી કામ કરવાની તૈયારી છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં નિયમ ૧૦૧ ના પ્રસ્તાવ માટે કોઈ શરત મૂકી નથી એના માટેના નિયમ તરફ ધ્યાન દોર્યુ છે એ નિયમ એવો છે કે જો બિન સરકારી સભ્યશ્રીએ સૂચના આપી હોય અને અધ્યક્ષશ્રીએ એ દાખલ કરી હોય, અધ્યક્ષશ્રી સભાગૃહને કામકાજની સ્થિતિ અંગે વિચારણા કરી તેને સભાગૃહના નેતા સાથે મંત્રણા કરીને આવો કોઈપણ પ્રસ્તાવ માટે ચર્ચા માટે એક દિવસ અથવા વધારે દિવસો અથવા એક દિવસનો ભાગ ફાળવી શકશે. જો ગૃહના નેતાની સંમતિ લીધી અને ૩૦ મી તારીખે સમય ફાળવવા તૈયારી છે, પરંતુ સભાગૃહનું સરકારી કામકાજ પૂરું થયા પછી એટલે કે મારાં બિલ આવી જાય એ બિલો પૂરાં થઈ જાય પછી પ્રસ્તાવ લવાય અને પછી છેલ્લા દિવસનો પ્રસ્તાવ લવાય એ આટલી સામાન્ય વાત છે, પરંતુ એ આપણી વલણ ના ચાલે કે આજે ૫-૧૫ કલાકનો સમય થઈ ગયો છે અને હવે બિલની ચર્ચા કરવા માગતા નથી કારણ કે સરકારી કર્મચારી એમ કહે કે મારે ઓવર ટાઈમ કરવો નથી એ મનોવૃત્તિ ના હોવી જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અમારી એવી મનોવૃત્તિ હોત તો અમે આ બે બેઠકોના કામકાજ માટે તૈયાર ના થયા હોત અને અમે આ રીતે ઘણા સમય કરીએ છીએ એટલે એવી અમારી મનોવૃત્તિ નથી, પરંતુ એવી મનોવૃત્તિ ના હોવી જોઈએ કે દિવસો કોઈપણ સંજોગોમાં વધારવા નથી. કારણકે અહીંથી ચર્ચા થાય એનું રિફલેકશન પ્રજામાં જાય અને એમાં સરકારનું બરાબર ના દેખાય માટે થઈને દિવસો ટૂંકાવવાની વૃત્તિ બરાબર નથી.

**શ્રી અશોક ભટ્ટ** : દિવસો ટૂંકાવતા નથી, એક બેઠક એટલે આપણે એક દિવસ ગણીએ છીએ. ૨૯ મી તારીખે બે બેઠક રાખી છે એટલે બે દિવસ કહેવાય. એટલ વી આર નોટ ઓબ્લાઈઝિંગ એની બડી. જેટલું કામ હોય એટલો સમય લંબાવવા તૈયાર છીએ. કુલ ૧૬ બિલો છે એમાંથી ૭ બિલો તો નાણાકીય બિલો છે અને એ નાણાકીય બિલોની ચર્ચા તો અંદાજપત્રની ચર્ચામાં ઓલરેડી થઈ જવાની છે તેમ છતાં પણ નાણાકીય બિલ માટે આખો દિવસ અને બાકીના ત્રણ દિવસમાં ૯ બિલો લેવાની જોગવાઈ છે અને એ અમારી જરૂરિયાત છે અને આ બધું ૩૦ મી તારીખ સુધીમાં પૂરું થઈ શકશે પછી લંબાવવાની જરૂરિયાત રહેતી નથી એ હકીકત છે અને

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પણ વિનંતી છે. હા, ૩૦ મી એ કામકાજ પૂરું કરવાનું છે એ વાત ચોકકસ છે. ૩૦ મીએ ગૃહનું કામકાજ પૂરું કરવાનું છે અને ૨૯ મી તારીખે એ વધારવાની દરખાસ્ત એટલા માટે જ લાવ્યા છીએ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય મંત્રીશ્રીએ જે કહયું એ પ્રમાણે ૩ દિવસ છે, પરંતુ ગુરુવાર છે એ દિવસે ૨ કલાકનો બિન સરકારી સભ્યોના સંકલ્પ માટેનો સમય છે એટલે અરધો દિવસ તો એમાં ઓટોમેટિક ઓછો થઈ જાય છે. જે એક દિવસ આપણે વધારીએ છીએ એના બદલે ૨ કલાક પાછળના ઓટોમેટિક ઓછા થઈ જવાના છે અને હમણાં જે કહયું કે આમાં શરત નથી, પરંતુ આપે પણ સાંભળ્યું છે કે જે રીતે ૧૦૧ ના પ્રસ્તાવની વાત કરે છે. તો કોઈ શરત ના હોઈ શકે. બિલની પરંપરા આપણી એવી રહી છે કે કાયદો ઘડવામાં સહેજ પણ ખામી રહી જાય એની ૫ કરોડની જનતાને અસર થવાની છે ત્યારે કોઈપણ કાયદો ઘડતા હોઈએ ત્યારે ૧૮૨ સભ્યો બરાબર ચર્ચા કરી શકે એ માટે આ ચોકકસ જરૂરી છે. અમારો સાથસહકાર છે અને ભૂતકાળમાં અને અત્યારસુધીમાં પણ જયારે જયારે પણ સમય વધારવાનું કહયું છે ત્યારે સમય વધાર્યો છે એ રેકર્ડ ઉપરની વાત છે અને ભૂતકાળમાં ૨ થી ૩ કલાકનો સમય વધાર્યો છે એટલે મારી વિનંતી છે કે દિવસો લંબાવવામાં આવે અને વિસ્તૃત રીતે ચર્ચા થાય.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં બહુ જ સારી રીતે વિનંતી કરી છે અને આપ પણ વિનંતી કરી શકતા હોય તો કરો, પરંતુ એ અસર થવાની હોય તો સારું. જરૂરિયાત જેટલી છે એટલી જ મેં વાત કરી છે અને સર્વાનુમત્તે આવો નિર્ણય થાય એ પરંપરા છે અને ખરેખર આ કામકાજ સલાહકાર સમિતિમાં સરકારી જે કામકાજ લાવે એમાં વિરોધપક્ષે સહયોગી બનવું જોઈએ સરકારી કામકાજમાં એ વિરોધપક્ષની પણ ફરજ છે. આખરે કાયદો એટલે કે ધારો ઘડવો એ આપણા સૌની જવાબદારી છે, એકલા સરકારની એ જવાબદારી નથી અને ચર્ચામાં ૯ જેટલાં બિલો છે અને લગભગ ચાર દિવસ જેટલો સમય મળે છે. એટલા માટે મેં કહ્યું કે ફાઈનાન્સિયલ બિલ બાદ કરતાં અને ગુરુવારે એમણે કહ્યું તે વાત સાચી છે કે ગુરુવારે બે કલાક બિન સરકરી સભ્યો માટેના છે, તો ગુરુવારે પણ વધારે બેસી શકાય, ૩૦ મી તારીખની મર્યાદામાં, ૩૦ મી પછી અનુકૂળ એટલા માટે નથી કે આપણે બજેટ પાસ કરીએ એટલે સમગ્ર વહીવટી તંત્ર માટે આખું અઠવાડિયું નાણાંકીય કામકાજમાં વ્યસ્ત રહેતું હોય છે, એટલે પછીના દિવસમાં વહીવટી તંત્રને અહીં રોકી શકાય તેવી સ્થિતિ નથી હોતું. એટલા માટે મેં વિનંતી કરી હતી કે ૨૯મી અને ૩૦ મી તારીખની મર્યાદા છે કે ૩૧ થી ૧ લી તારીખ સુધીના દિવસો વહીવટી તંત્ર માટે સતત કામના દિવસો પરંપરાગત રીતે રહેતા હોય છે અને હંમેશા રહેતા હોય છે આ સરકાર છે એટલે રહે છે એવું નથી. એ દિવસોમાં વહીવટી તંત્ર અને વિધાનસભાનું કામકાજ મંત્રી મંડળના સભ્યો અને સરકારને લેવું અઘ ારું પડતું હોય છે. અને રાજય સરકારની મોટી જવાબદારી રહે છે એટલા માટે મારે વિનંતી કરવાની છે કે ૩૧મી માર્ચ એ વર્ષનો છેલ્લો દિવસ હોવાને કારણે અને ત્યાર પછી સમય વધારાનો જરુર પડે તેમ પણ ન હોવાથી હું આપના દ્વારા આ વિનંતી કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારી વાત તો મેં કરી દીધી હતી. અને આ બાબતમાં ત્યાં પણ ચર્ચા થઈ છે. આ માનનીય અશોકભાઈ ભલે અહીં કહે પણ ત્યાં પણ અમારી પાસે કેટલીક શરતો મૂકી હતી એટલું જ નહીં અમારા ચાર સભ્યોને સસ્પેન્ડ કર્યા હતા તેને પાછા લેવાની બાબતમાં પણ કેટલીક શરતો આપની હાજરીમાં મુકેલી છે. એટલે નિયમ પ્રમાણે જ ગૃહ ચાલતું હોય તે પ્રમાણે ચાલે અને હું આપના દ્વારા એ પણ કહેવા માગું છું કે નિયમ પ્રમાણે આ બિલ પાસ થવા જોઈએ, નિયમ મુજબ પાસ થાય તો વાંધો નથી, પણ નિયમની બહાર જઈને ચર્ચા કરવામાં આવશે અને નિયમની બહાર જઈને દાખલ કરવામાં આવશે, પહેલું વાચન કરવામાં આવશે, બીજું વાચન કરવામાં આવશે અને ત્રીજું વાચન કરવામાં આવશે અને તેમાં નિયમનું પાલન નહીં થાય તો પછી તેના પરિણામ માટે અમે જવાબદાર નથી.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, તે દિવસે કોઈ શરતની વાત થઈ નથી. ૨૯મી તારીખે બે બેઠક કરવાનું નકકી થયેલ અને બાકી ૨૮મી તારીખે જરૂર પડે તો બે કલાક વધારવાની પણ વાત કરેલી.

**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો છઠ્ઠો અહેવાલની રજૂઆત**

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**કામકાજ સલાહકાર સમિતિના ૧૫મા અહેવાલ ઉપરનો માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનો સુધારો મત પર મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અશોક ભટ્ટ (સંસદીય બાબતોના મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ૧૫માં અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (સમિતિના પ્રમુખશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના છઠ્ઠા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# દાખલ કરવાના સરકારી વિધેયકો

**સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક**

**ગુજરાત (હોટૅલ અને નિવાસગૃહ) સુખ સુવિધા કર (સુધારા) વિધેયક, ૨૦૦૭**

**ગુજરાત (હોટૅલ અને નિવાસગૃહ) સુખ સુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૦૭નું ગુજરાત (હોટૅલ અને નિવાસગૃહ) સુખ સુવિધા કર (સુધારા) વિધેયકને દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૭નું ગુજરાત (હોટૅલ અને નિવાસગૃહ) સુખ સુવિધા કર (સુધારા) વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી .** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

## સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક

**ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક, ૨૦૦૭**

**ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે, સન ૨૦૦૭નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકને દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૭નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક દાખલ કરુ છું.

**અધ્યક્ષશ્રી .** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ)

**માર્ગ અને મકાન વિભાગ**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( માર્ગ અને મકાન મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પુલો અને સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૯,૯૮,૩૫,૧૩,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂા. ૮,૯૫,૯૫,૦૧,૦૦૦ની માગણી ક્રમાંક ૮૬ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક ૮૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાટનગર બાંધકામ યોજના સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૮,૧૧,૭૦,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂા. ૫૦,૭૦,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક-૮૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૮૭ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૫, ૨૬, ૨૮ અને ૨૯,રજૂ કરું છું

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૫, ૨૬, ૨૮ અને ૨૯ રજૂ કરવામાં આવી.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ વિભાગને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧૩,૦૭,૬૯,૮૦,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂા.૫૦,૦૦,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક-૧૦૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૧૦૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું

**કાપદરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું

**કાપદરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું

**કાપદરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરું છું

**કાપદરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું
**કાપદરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવી.**
**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરું છું
**કાપદરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરવામાં આવી.**
**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરું છું
**કાપદરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરવામાં આવી.**
**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરું છું
**કાપદરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરવામાં આવી.**
**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરું છું
**કાપદરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરવામાં આવી.**
**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરું છું
**કાપદરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરવામાં આવી.**
**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરું છું
**કાપદરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૭–૨૦૦૮ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી ગુરૂવાર, તા.૧૫–૩–૨૦૦૭ (બીજી બેઠક) (સાતમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **માર્ગ અને મકાન વિભાગ**<br>**માગણી નં.૮૬** | |
| *૧. | ૩૦૫૪–માર્ગ અને પુલ<br>૦૪–અન્ય માર્ગો<br>૩૩૭–માર્ગ કામો<br>રૂા.૨,૨૧,૮૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (૧)<br>પા.નં.૬૯ | ૧૦૦ | ગ્રામ્ય માર્ગોનું કામ લાંબો સમય ટકે તેવું કરાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨. | –– " –– | ૧૦૦ | ગ્રામ્ય માર્ગોને તાલુકા મથક સાથે જોડતાં માર્ગોનાં અધૂરાં રહેલા કામો સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ |
| ૩. | –– " –– | ૧૦૦ | ગ્રામ્ય માર્ગોના મેટલ ડામર સપાટીના કામો સમયસર પૂર્ણ કરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલ જોષીયારા |
| ૪. | –– " –– | ૧૦૦ | ગ્રામ્ય માર્ગોના હલકી કક્ષાનાં બાંધકામની સ્થળ પર ચકાસણી કરી જવાબદારો સામે જરૂરી પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| ૫. | –– " –– | ૧૦૦ | ગ્રામ્ય માર્ગોને પાકા બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૬. | –– " –– | ૧૦૦ | ચોમાસા દરમિયાન તૂટી જતા ગ્રામ્ય રસ્તાઓની મરામત કામગીરી ઝડપથી પૂર્ણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઈ મારૂ |
| ૭. | –– " –– | ૧૦૦ | જિલ્લાના માર્ગોની મરામત કામગીરી માટે ડામર/કપચીની યોગ્ય ફાળવણી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૮. | –– " –– | ૧૦૦ | પરિવહનના માર્ગોની જાળવણી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મનીષ ગલીટવાલા |
| *૯. | –– " –– | ૧૦૦ | દરેક કાચા રસ્તાઓને ડામરની સપાટીવાળા બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૦. | ૩૦૫૪–માર્ગ અને પુલ<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૪–કેન્દ્રીય માર્ગ નિધિ (ફાળવણી)<br>રૂા.૧૮,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (૧)<br>પા.નં.૭૬–૭૭ | ૧૦૦ | કેન્દ્રીય માર્ગ નિધિ હેઠળ મળતી રસ્તા નિર્માણ માટેની ગ્રાન્ટ સમયસર નહી મળવાથી રસ્તાઓની સગવડ ન થતાં રાજયને મળનાર બહારના પ્રોજેકટો મેળવવામાં પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| *૧૧. | –– " –– | ૧૦૦ | મુખ્ય માર્ગોની સુધારણામાં થતી અવગણના રોકવામાં તંત્રની નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨. | —— " —— | ૧૦૦ | કેન્દ્રીય માર્ગ નિધિ ફંડ હેઠળની દરખાસ્તોને મંજૂરી આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઈ ઝાલા |
| ૧૩. | ૩૦૫૪–માર્ગ અને પુલ<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૮–નિદેશ રાષ્ટ્રીય.....વર્તુળ<br>રૂા.૩૩,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (૧)<br>પા.નં.૮૪–૮૫ | ૧૦૦ | સર્વિસ રોડના અભાવે સ્થાનિક વિસ્તારની પ્રજાને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૧૪. | —— " —— | ૧૦૦ | રાષ્ટ્રીય ધોરી માર્ગમાં ટોલટેક્સના મોટા કલેકશન પછી પણ માર્ગોની પૂરતી જાળવણી રખાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શિવજીભાઈ આહીર |
| ૧૫. | ૩૦૫૪–માર્ગ અને પુલ<br>૮૦–સામાન્ય<br>૧૦૭–રેલવે સલામતીના કામ<br>૦૧–રેલવે સલામતીના કામ<br>(સંપૂર્ણ કે.પુ.યો.)<br>રૂા.૧૦,૧૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (૧)<br>પા.નં.૯૨–૯૩ | ૧૦૦ | રેલવે ઓવરબ્રીજની દરખાસ્તોની કેન્દ્ર સમક્ષ સમયસર રજૂઆત કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા |
| ૧૬. | —— " —— | ૧૦૦ | રાજયમાં રેલવે ફાટકોની મોજણી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જેસાભાઈ બારડ |
| ૧૭. | —— " —— | ૧૦૦ | ભરૂચ જિલ્લાની પાલેજ–પાનોલી–કીમ રેલવે ઓવરબ્રીજની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી રશીદાબેન પટેલ |
| *૧૮. | ૫૦૫૪–માર્ગ.....જોગવાઈ<br>૦૩–રાજય ધોરી માર્ગ<br>૧૯૦–જાહેર......રોકાણ<br>રૂા.૮૭,૯૧,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (૧)<br>પા.નં.૩૮૩–૩૮૫ | ૧૦૦ | ટોલટેક્ષ લેવાતો હોય તેવા રાજય ધોરી માર્ગોની બાજુના સામાન્ય માર્ગોની મરામત તથા જાળવણી સમયસર કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૯. | —— " —— | ૧૦૦ | ટોલટેક્ષ લેવાતા માર્ગો ઉપર એસ. ટી. બસોની સેવાઓને ટોલટેક્ષમાંથી મુકિત આપવાની કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મુકેશકુમાર ગઢવી |
| ૨૦. | ૫૦૫૪–માર્ગ.....જોગવાઈ<br>૦૩–રાજય ધોરી માર્ગ<br>૧૯૦–જાહેર રોકાણ<br>રૂા.૮૭,૯૧,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (૧)<br>પા.નં.૩૮૩–૩૮૫ | ૧૦૦ | ટોલટેક્ષ કરારોની જોગવાઈઓને કારણે પ્રજાને વર્ષો સુધી ભરવા પડતા ટોલટેક્ષના બોજામાંથી મુક્ત કરવાનો માર્ગ શોધવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી દોલતભાઈ પરમાર |
| ૨૧. | ૫૦૫૪–માર્ગ.....જોગવાઈ<br>૦૪–જિલ્લા અને અન્ય માર્ગો<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂા. ૧૧,૪૪,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (૧)<br>પા.નં.૪૫૬ | ૧૦૦ | જિલ્લા / તાલુકાના માર્ગોને રાષ્ટ્રીય ધોરી માર્ગો સાથે સાંકળવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| | | **માગણી નં.૮૭** | | |
| *૨૨. | ૪૨૧૭–શહેરી...જોગવાઈ<br>૦૧–રાજય પાટનગર વિકાસ<br>૦૫૧–બાંધકામ<br>૦૧–રહેણાંકના મકાનો<br>રૂા.૯,૦૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (૧)<br>પા.નં.૨૭૪–૭૫ | ૧૦૦ | ખાલી પડેલા સરકારી મકાનોની મરામત અને જાળવણી પાછળ થતો વ્યાપક ખર્ચ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૩. | —— " —— | ૧૦૦ | ગાંધીનગરના સરકારી મકાનોની મરામતની કામગીરી માટે પૂરતી કાળજી રાખવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. સી. જે. ચાવડા |
| ૨૪. | —— " —— | ૧૦૦ | રાજય પાટનગરના વિકાસના કામો સમયસર પૂરા કરી તેની યોગ્ય ચકાસણી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૨૫. | ૪૨૧૭–શહેરી.....જોગવાઈ<br>૦૧–રાજય પાટનગર વિકાસ | ૧૦૦ | સેકટરોમાં બનાવેલ પોલીસ ચોકીઓ/ દવાખાનાઓની યોગ્ય દેખરેખ રાખવામાં તંત્રની | ડૉ. સી. જે. ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૫૧–બાંધકામ<br>૦૨–બિન રહેણાંક મકાનો<br>રૂા. ૮,૬૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (૧)<br>પા.નં.૨૭૬ થી ૨૮૧ | | નિષ્ફળતા | |
| ૨૬. | ૪૨૧૭–શહેરી...જોગવાઈ<br>૦૧–રાજ્ય પાટનગર વિકાસ<br>૦૫૧–બાંધકામ<br>૦૩–માર્ગ અને પૂલ<br>રૂા.૧૧,૭૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (૧)<br>પા.નં.૨૮૨–૨૮૪ | ૧૦૦ | ગાંધીનગર શહેરના તમામ સેકટરોના આંતરિક માર્ગોના અધૂરા રહેલા કામો ઝડપથી પૂર્ણ કરવામાં તંત્રની ઉદાસીનતા | ર્ડા. સી. જે. ચાવડા |
| *૨૭. | ૪૨૧૭–શહેરી...જોગવાઈ<br>૦૧–રાજ્ય પાટનગર વિકાસ<br>૦૫૧–બાંધકામ<br>૦૩–માર્ગ અને પૂલ<br>રૂા.૧૧,૭૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (૧)<br>પા.નં.૨૮૨–૨૮૪ | ૧૦૦ | પાણીની પાઈપલાઈનનું કામ પૂર્ણ થયેલ હોવા છતાં તેની આજુબાજુમાં થયેલ ખાડાઓ પૂરવાની કાર્યવાહી કરાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૮. | ૪૨૧૭–શહેરી...જોગવાઈ<br>૦૧–રાજ્ય પાટનગર વિકાસ<br>૦૫૧–બાંધકામ<br>૦૩–માર્ગ અને પૂલ<br>રૂા.૧૧,૭૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (૧)<br>પા.નં.૨૮૨–૨૮૪ | ૧૦૦ | ગાંધીનગરના સેકટરોમાં પૂરતા ફોર્સથી પાણી આપવાની ફરિયાદોનું નિરાકરણ કરવામાં તંત્રની નિષ્ફળતા | ર્ડા. સી. જે. ચાવડા |
| ૨૯. | –– " –– | ૧૦૦ | ગાંધીનગરના ઘ–૬ થી કોલવડા તરફ જતા રસ્તાને દુરસ્ત કરવામાં તંત્રની નિષ્ફળતા | ર્ડા. સી. જે. ચાવડા |
| | **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**<br>**માગણી નં.૧૦૨** | | | |
| ૩૦. | ૨૨૧૭– શહેરી વિકાસ<br>૦૩–નાના......વિકાસ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૨–યુ.ડી.પી.–૨૬ પ્રાદેશિક...યોજના<br>રૂા. ૧,૫૪,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬<br>પા.નં. ૨૪–૨૫ | ૧૦૦ | પ્રાદેશિક નકશા અને વિકાસ નકશા સમયસર તૈયાર ન થતાં પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માધુભાઈ ભોયે |
| ૩૧. | –– " –– | ૧૦૦ | પ્રાદેશિક નકશા અને વિકાસ નકશાની યોગ્ય ચકાસણી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અનિલકુમાર પટેલ |
| ૩૨. | ૨૨૧૭– શહેરી વિકાસ<br>૦૩–નાના......વિકાસ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૩–મુખ્ય....મૂલ્યાંકન ખાતું)<br>રૂા. ૧૦,૩૮,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬<br>પા.નં. ૨૬–૨૭ | ૧૦૦ | નાના અને મધ્યમ નગરના ટાઉન પ્લાનીગના કામો ઝડપથી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| ૩૩. | ––"–– | ૧૦૦ | મુખ્ય નગર નિયોજકની કચેરીની નબળી કામગીરી દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૩૪. | ––"–– | ૧૦૦ | નાના અને મધ્યમ નગરોના ટાઉન પ્લાનીગના નકશાઓ તૈયાર કરતી વખતે ગરીબ–મધ્યમ વર્ગના રહેણાંકોને અસર ન થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોધાજી ઠાકોર |
| ૩૫. | ૨૨૧૭– શહેરી વિકાસ<br>૦૪–ગંદા......વિકાસ<br>૧૯૧–સ્થાનિક......સહાય<br>૦૨–યુ.ડી.પી.–૫૮–<br>સંકલિત....કાર્યક્રમ (કે.પુ.યો.)<br>રૂા. ૨૯,૩૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬<br>પા.નં. ૪૫ | ૧૦૦ | ગંદા વસવાટોના વિકાસ માટે ફાળવવામાં આવતી રકમનો યોગ્ય ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હેમાજી રાજપૂત |
| ૩૬. | ૨૨૧૭– શહેરી વિકાસ<br>૦૪–ગંદા......વિકાસ<br>૧૯૧–સ્થાનિક......સહાય | ૧૦૦ | ગંદા વસવાટોના વિકાસના કામો સમયસર પૂર્ણ કરવામાં તંત્રની ઉદાસનીતા | શ્રીમતી ભારતીબેન પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૨–યુ.ડી.પી.–૫૮– સંકલિત....કાર્યક્રમ (કે.પુ.યો.) રૂા. ૨૯,૩૨,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૬ પા.નં. ૪૫ | | | |
| ૩૭. | --"-- | ૧૦૦ | ગંદા વિસ્તાર સુધારણાને લગતા કામોમાં રખાતી બેદરકારી દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૩૮. | ૨૨૧૭– શહેરી વિકાસ ૮૦–સામાન્ય ૧૯૨–નગરપાલિકા.....સહાય રૂા. ૨૩,૫૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૬ પા.નં. ૫૦ – ૫૧ | ૧૦૦ | નગરપાલિકાઓના વિકાસ માટેની ગ્રાન્ટની ફાળવણીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મનહરલાલ મકવાણા |
| ૩૯. | --"-- | ૧૦૦ | નગરપાલિકાઓને વિકાસના કામો માટે ફાળવેલ રકમનો યોગ્ય ઉપયોગ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શંકરભાઈ વારલી |
| ૪૦. | ૩૪૭૫–અન્ય.....સેવાઓ ૧૦૮–શહેર...... કાર્યક્રમ ૦૧–યુ.ડી.પી.–૨૪ સુવર્ણ... યોજના રૂા. ૮,૦૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૬ પા.નં. ૬૫ | ૧૦૦ | ' સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના ' નો વ્યાપ વધારી તેની જરૂરી દેખરેખ રાખવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમીત ચાવડા |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નહીં.**

**અધ્યક્ષશ્રી** : હવે માગણીઓ અને રજૂ થયેલી કાપદરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક-૮૬, ૮૭ અને ૧૦૨ લઈને આવ્યા છે. આજે ૩૦૦૦ કરોડ રૂપિયાથી વધારે માર્ગ અને મકાન વિભાગની તેમજ શહેરી વિકાસ વિભાગની માગણી છે. આજે ૪૦ ટકાથી વધારે ભાગ જ્યારે શહેરી વિકાસ વિભાગનો હોય અને માર્ગ અને મકાન જેવા આટલા મોટા વિભાગની માગણીઓ હોય અને માત્ર મારે પાંચ મિનિટ બોલવાનું હોય. વિપક્ષના તમામ સભ્યોના ભાગમાં માત્ર પાંચ મિનિટ બોલવાનું હોય એ ખરેખર દુ:ખદ બાબત છે. પાછળના સમયમાં હું પણ આવીને આપને મળ્યો હતો. દંડકશ્રીને પણ મેં વાત કરી હતી કે પાંચ-સાત મિનિટમાં આ બે વિભાગ ઉપર કેવી રીતે બોલી શકાય? તો અમે બધા સરકારના જો વખાણ જ એકતરફી કરવાના હોય તો મને એવું લાગે છે કે અમારે અહીં આગળ રહેવાનો કોઈ અર્થ નથી. જો પાંચ મિનિટ બે વિભાગ ઉપર બોલવાનું હોય તો અમે બધા અહીં આગળ સભાત્યાગ કરીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : આમાં સમય તો જે હોય તે મળે. પ્લીઝ, સમય છે એ પ્રમાણે કરી શકાય.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : પાંચ મિનિટમાં માણસ શું બોલી શક્વાનો છે? આટલા બધા માણસો, પાંચ મિનિટમાં શું બોલી શકાય? આ સરકાર સમય પણ ન વધારે એ કેવી રીતે કરી શકાય? આવું ગૃહમાં કોઈ દિવસ બન્યું નથી. આજે બે બેઠકો છે અને આવતીકાલે શુક્રવારે સવારની બેઠક છે. આજે એવી રીતે ગોઠવવામાં જ આવે છે કે અમે અમારા સમયનો કોઈ રીતે લાભ જ ન લઈ શકીએ. આજે બે બેઠકો હોય, પાછળ ૨ કલાક રહયા છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તમારે સમય વધારવો હોય તો કલાક સમય વધારો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : સમય કેવી રીતે વધી શકે? આ પ્રમાણે કરી શકાય? ચાલો બધા

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : સવારના ૮-૩૦ વાગ્યાથી કોઈ સમજવા જ તૈયાર નથી.

**અધ્યક્ષશ્રી :** તમારે સમય વધારવો હોય તો વધારો . (અંતરાય) સમય વધારવો હોય તો કલાક સમય વધારો.

(આ તબકકે વિરોધપક્ષના સભાગૃહમાં ઉપસ્થિત રહેલા તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.)

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના મારા મિત્રોએ સમય વધારવા માટે આજે અત્યારે વાત કરી. ઘણા સમયથી કહેતા હતા કે આમાં સમય વધારવો જોઈએ. બધા જ સત્તાધારી પક્ષના અને વિપક્ષના મિત્રો જાણે છે કે પહેલા એમણે સમય વધારવાની ના પાડી, આ બંને વિભાગો એવા છે કે જેમાં સરકારના કોઈપણ વિભાગમાં આ વખતે એમને કોઈ બોલવા જેવા શબ્દો રહેતા નથી અને એટલા માટે પાંગળો વિરોધ કરીને ઉપજાવી કાઢેલી વાતો કરીને સમાચાર પત્રોમાં કયા પ્રકારે પ્રસિદ્ધિ મેળવી શકાય એ પ્રકારનો ખોટો પ્રયત્ન કરીને આ પ્રકારના વ્યવહાર કરે છે પરંતું ગુજરાતના લોકો આ કોંગ્રેસને ઓળખી ગયા છે અને એટલા માટે વિપક્ષની નહીં પણ સત્તાધારી પક્ષમાં તો કયારેય આવવાના જ નથી. પણ વિપક્ષની પણ સાચી ભૂમિકા ભજવા માટે ગુજરાતના હિતમાં નિષ્ફળ જનારા લોકોને આગામી ડીસેમ્બર માસમાં ગુજરાતમાંથી સુપડા સાફ કરીને આ ગુજરાતના લોકો રવાના કરવાના છે. રાજયના સર્વાંગી વિકાસ સાથે લોકો લોકસુખાકારી કરવાના દ્રઢ નિશ્ચય સાથે માર્ગ અને મકાન વિભાગની માગણીઓ આ ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે. જયારે ઔદ્યોગિકક્ષેત્રે વિકાસની ક્ષિતિજો આપણે પ્રાપ્ત કરી રહયા છીએ, ત્યારે બંને વિભાગો એવા છે માર્ગ અને મકાન વિભાગ અને શહેરી વિકાસ વિભાગ જેની આગામી દિવસોમાં ગુજરાતમાં વિશેષ જવાબદારી રહેવાની છે અને એટલા માટે પહેલી વખત ઐતિહાસિક સ્વરૂપમાં ૨૦૦૭-૦૮ના વર્ષમાં ગુજરાતમાં ૧૯૦૦ કરોડથી વધારે રુપિયાના માર્ગોના કામનું આયોજન હાથ ધરવાનો આ સરકારે નિશ્ચય કર્યો છે અને આ દિશામાં જવા માટેનો પ્રયત્ન કર્યો છે. કિસાનપથ, વિકાસપથ, પ્રગતિપથ અને પ્રવાસીપથ દ્વારા જે પ્રકારનું આયોજન હાથ ધરાયું હતું, સમગ્ર ગુજરાતે આગવા સ્વરુપમાં એની સિદ્ધિઓ પ્રાપ્ત કરેલી છે અને આગામી વર્ષે પણ આ દેશમાં આગળ વધવાનો અમે નિશ્ચય કરેલો છે. હું ગુજરાતની ભારત દેશની જે રસ્તાની સ્થિતિ રહેલી છે એની સામે એવરેજ સરખામણી કરું તો ગામોની કનેકટીવીટી માટે, ભારત દેશની એવરેજ ૬૨ ટકાની રહેલી છે. આ ગુજરાતની ગામડાઓની કનેકટીવીટી ૯૮.૯ ટકા રહેલી છે. ડામર મેટલ સપાટી સાથેના રસ્તા આ ભારત દેશની ટકાવારી ૫૯ ટકા છે. આ ગુજરાતમાં ડામર મેટલ સપાટી સાથેના રસ્તાની ટકાવારી ૯૬ ટકા જેટલી રહેલી છે. દ્વિમધ્યમ માર્ગીય રાજય ધોરી માર્ગોની ટકાવારી ૭૨ ટકા સાથે સમગ્ર દેશની અંદર આપણે અગ્રેસર છીએ. મારે વિપક્ષના મિત્રો નોંધ લે એ પ્રકારે આજે અહીંયા એક વાત મૂકવી છે કે ૯૨ થી ૯૭માં પંચવર્ષીય યોજનામાં ફકત ૪૯૦ કરોડનું આયોજન ૫ વર્ષનું રસ્તાઓ માટે હતું અને આ સારકારમાં આ ૨૦૦૨થી ૨૦૦૭ની પંચવર્ષીય યોજનામાં લગભગ દસગણું ૪૪૮૧ કરોડ રુપિયાનું રસ્તાઓ માટેનું આયોજન હાથ ધર્યુ છે. ચાર વર્ષમાં ૩૩હજાર કિલોમિટર જેટલા માર્ગોની વિવિધ યોજનાઓ હેઠળ સુધારણા કરવામાં આવી છે. ગત વર્ષે વિધાનસભામાં અમે જાહેરાત કરેલી કે ૧૦૧૩૦ રસ્તાઓનું અમે કામ હાથ ધરીશું. એ લક્ષાંક કરતાં વિશેષ કાર્ય, ૧૧૨૫૦ના કામો અમે પૂર્ણ કર્યા છે. એટલું જ નહિ આગામી વર્ષે ગુજરાતમાં ૧૨૧૩૦ કિલોમીટરના રસ્તાની સુધારણાના કામો હાથમાં લઈને અમે આગળ વધવાના છીએ. માર્ગ અને મકાન વિભાગે અનેક નવા અભિગમો અપનાવ્યા છે. એ અભિગમોના એક આગવું પરિણામ સમગ્ર ગુજરાતમાં રસ્તાઓની ગુણવત્તા સાથેની સ્થિતિ સુધારવા માટેનું પ્રાપ્ત થયેલું છે. આ સરકારે દાખલ કરેલ ગુણવત્તાને અગ્રીમતા આપતી ૮૦૦૦ કિલોમીટર જેટલી લંબાઈના માર્ગો ઉપર થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન સિસ્ટમ અમે દાખલ કરી શક્યા છીએ. ૧૬૦૦૦ કિલોમીટરથી વધારે લંબાઈના માર્ગોમાં ત્રણ વર્ષના ગેરન્ટીના કરારનો ઉપયોગ કરીને નિભાવણી કાર્ય અમે કરી શક્યા છીએ. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું છે કે ગુજરાતના ગામડા એક બજાર નહિ પણ ઉત્પાદનના કેન્દ્રો બનવા જોઈએ. એ દિશામાં ગ્રામ્ય રસ્તાઓનું આગવું આયોજન કરવાનો આ સરકારે દ્રઢ નિર્ધાર કર્યો છે. કિસાનપથ યોજના જેને ખેતી, ખેડૂત અને ગામડાની સમૃદ્ધિ માટેનું એક આગવું સ્તર સ્થાપ્યું છે એ દિશામાં ગત વર્ષમાં લક્ષ્યાંક હતો એની પૂર્તતા સાથે આગામી વર્ષમાં લગભગ ૨૪૦૦ કિલોમીટરના રસ્તાઓ માટેના આયોજન માટેની કાર્યવાહી હાથ ધરાયેલી છે. વર્ષ ૨૦૦૭-૦૮ના વર્ષમાં કિસાનપથના રસ્તાઓ માટે ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવેલ છે. જે આગામી દિવસોમાં ગુજરાતના ગ્રામ વિસ્તારોમાં સમૃદ્ધિના નવા દ્વાર ખોલવાની છે. ગ્રામ્ય વિસ્તારના મુખ્ય જિલ્લા માર્ગો ઉપર ખૂટતી કડી ઉપરના કામો, ખૂટતા નાળા અને પુલોની સભ્યશ્રીઓની અવાર નવાર રજૂઆતો રહેલી છે. એના માટે આ વર્ષે ૭.૯૯ કરોડની વિશેષ જોગવાઈ હાથ ધરવામાં આવેલ છે. ૩૦૦૦ થી વધુ વસતિ ધરાવતા ડામર સપાટીથી જોડાયેલા બે મોટા ગામો કે જે કોઈ અન્ય રસ્તે નૉન પ્લાન કે મેટલ સાથે જોડાયેલા હોય એની કનેક્ટિવિટી કરવા માટે ૭.૯૯ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ આગામી વર્ષમાં ૩૪૦ ગામ પરાઓને પ્રથમ વખત ડામર સપાટીના રસ્તાઓનો લાભ પ્રાપ્ત થવાનો છે. નાબાર્ડની યોજના હેઠળ વિવિધ કાર્યો હાથ ધરાયા છે. આ કાર્યમાં ૨૨૫ રસ્તાઓના ૮૫૪ કિલોમીટરના સુધારણાના કામો ૪૬૫ ગામોને ડામર રસ્તાઓનો લાભ પ્રાપ્ત થાય એ દિશામાં આગળ વધવા માટે ૮૦ કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. તાલુકાથી તાલુકા અને તાલુકાથી જિલ્લા મથકોને જોડતા ગ્રામ્ય રસ્તાઓની સુધારણા હેઠળ ૩૧ કરોડના ખર્ચે ૫૦૫ કિલોમીટરની સુધારણાની કામગીરી હાથ ધરવાનો આ સરકારે નિર્ણય કર્યો છે. જેના માટે ૨૨ કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. રાજ્ય ધોરીમાર્ગોમાં જે પ્રકારે ઔદ્યોગિક ક્ષેત્રે, બંદર ક્ષેત્રે ગુજરાતનો વિકાસ હાથ ધરાઈ રહ્યો છે, ૨૦૦૦ કિલોમીટરની લંબાઈના રાજ્ય ધોરીમાર્ગોને આગામી વર્ષમાં ખાનગી રોકાણ દ્વારા ૧૦ મિટર પહોળા કરવાની યોજનાને રાજ્ય સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. એના

માટે ૧૦ કરોડ રૂપિયાની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. હયાત ઔદ્યોગિક વિસ્તારને વધુ રસ્તાઓ અને સક્ષમતા આપવા માટે ૩૩ કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. અમદાવાદ-વિરમગામ-માળીયા રોડ રૂપિયા ૭૮૫ કરોડના ખર્ચે, હાલોલ-ગોધરા-શામળાજી રોડ ૫૮૦ કરોડના ખર્ચે, રાજકોટ-જામનગર-વાડીનાર રૂપિયા ૬૦૪ કરોડના ખર્ચે ફોરલેન પહોળો કરવાની વી.જી.એફ. યોજના હેઠળ મંજૂરી આપેલ છે. જે માટે આ વર્ષે ૭૪.૩૦ કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે અમદાવાદ-વિરમગામ-માળીયા રસ્તો ફોરલેન હાઈવે સરખેજથી માળીયાની નેશનલ હાઈવે ટુ નેશનલ હાઈવે કનેક્ટિવિટી રૂપિયા ૭૮૫ કરોડના ખર્ચે સમગ્ર દેશની યોજનાઓનો આ સૌથી મોટો પ્રોજૅકટ બનેલો છે. ખાનગીકરણમાં વિવિધ રસ્તાઓની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જનભાગીદારી દ્વારા, સહાયિત યોજના દ્વારા વિવિધ કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. વિશ્વબેંક યોજના જે ૧૮૦૦ કિલોમીટરથી વધારેની યોજના હતી એ પૂર્ણતાના આરે છે. મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે સમગ્ર દેશમાં જુદા જુદા રાજ્યોમાં હાથ ધરાયેલ વિશ્વબેંક સહાયિત યોજનાઓ માટે ભારત સરકારે આ યોજનાની સમીક્ષાની કાર્યવાહી કરેલ. ગુજરાત રાજ્યની આ યોજનાને સમીક્ષામાં અન્ય રાજ્યો કે જ્યાં વિશ્વબેંક પ્રોજૅકટ હાથ ધરાયેલા છે તેવા તામિલનાડું, કેરાલા, ઉત્તરપ્રદેશ અને મિઝોરમની યોજનાને ભારત સરકારે તેની તજજ્ઞોની એક ટીમ દ્વારા મૂલ્યાંકન કરાયેલ. મને એક વાત કહેતા આનંદ થાય છે કે આ બધા જ રાજ્યની અંદર ગુજરાત એક માત્ર રાજ્યનું સંતોષકારક રેટીંગ પ્રાપ્ત થયેલ છે. જેને સમગ્ર દેશમાં આ રસ્તાની ક્યા પ્રકારની સ્થિતિ છે એ કાર્યવાહી દર્શાવેલ છે. વિશ્વબેંક સહાઈત વર્લ્ડ બેંક ફોલોઅપ પ્રોજૅકટ ૩૦૦૦ કિલોમિટર આગામી દિવસોમાં હાથ ધરવા માટેનું આયોજન છે. માનનીય અધ્યક્ષશ્રી, ૪-૩૦ વાગ્યે પૂર્ણ કરવાનું છે?

**અધ્યક્ષશ્રી .** : હા, જી.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગનો જવાબ ટેબલ ઉપર મૂકી દઉં. હજુ તો આખો શહેરી વિકાસ વિભાગ બાકી છે.

**અધ્યક્ષશ્રી .** : ટેબલ ઉપર નહિ મૂકી શકાય. નિયમમાં જોગવાઈ નથી. નિયમ નથી એટલે ઝડપથી બોલી જાવ જે બોલવું હોય તે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ ૧૦ મિનિટ મળે તો.

**અધ્યક્ષશ્રી .** : ૧૦ મિનિટ છે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, બીજી ૧૦ મિનિટ મળે તો શહેરી વિકાસ વિભાગ ઉપર બોલવાનું છે તો ૧૦ મિનિટ રીસૅસ ટૂંકાવો.

**અધ્યક્ષશ્રી .** : કાંઈ વાંધો નહિ ૧૦ મિનિટ રીસૅસ ટૂંકાવીને આપને સમય આપવામાં આવે છે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, પૂલો અને આર.ઓ.બી. માટેની જે પ્રકારની વિશેષ વ્યવસ્થા હાથ ધરાયેલ છે. છેલ્લા ચાર વર્ષમાં લગભગ ૮૩ જેટલા પૂલો ૪૯૫ કરોડના ખર્ચે પૂર્ણ કર્યા છે. આગામી વર્ષમાં ૨૧ પૂલોની વધુ કાર્યવાહી હાથ ધરવા માટે ૧૬ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. પ્રગતિ પથ યોજના એ જે પ્રકારની એક સફળતા અપાવી છે. આંતરરાષ્ટ્રીય જોડાણ આપવા નવ હાઈટ ફીટ કોરીડોર તૈયાર કરવા માટેની એક સંતોષકારક કાર્યવાહી થયેલ છે આગામી વર્ષ માટે રુપિયા ૧૦૦ કરોડની જોગવાઈ પ્રગતિ પથ યોજના માટે હાથ ધરાયેલ છે. વિકાસ પથ જેને તમે નગરપાલિકાના પ્રવેશધ્વાર એક આગવા સ્વરૂપમાં કાર્યવાહી કરેલ છે. લગભગ ૨૮૭ કિલોમિટરથી વધારે રસ્તા જુદા જુદા ૧૨૨ કરોડના ખર્ચે અને ૮૯ કિલોમિટરના રસ્તા ૩૯ કરોડના ખર્ચે વિવિધ તબક્કે પૂર્ણ અથવા તો ચાલુ છે. ત્રીજા તબક્કામાં, ૧૬૦ કરોડના ખર્ચે ગુજરાતની તમામ નગરપાલિકાઓની અંદર ૧૭૫ કરોડ રૂપિયાના રસ્તાની સુધારણા હાથ ધરી, ૭૫ કરોડ રૂપિયાની જોગવાઈ હાથ ધરવામાં આવેલ છે. પ્રવાસી પથની જે પ્રકારની વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે. પ્રવાસન સ્થળને રસ્તા દ્વારા યોગ્ય સ્વરૂપ આપવાની કાર્યપદ્ધતિ અપનાવવામાં આવેલ છે. વિશ્વ પ્રસિદ્ધ ધોરાવીરાને ને ભચાઉથી ટૂંકું અંતર આપવા માટે ૨૦ કરોડ રૂપિયાની ખાસ યોજના આ બજૅટમાં સુચવાયેલ છે. ચાંપાનેર વિશ્વ પ્રસિદ્ધ પુરાતત્ત્વ સ્થળ પાસેથી બાય પાસ કરવા માટે રૂા.૪ કરોડની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનેક યોજના દ્વારા રસ્તાઓને ખૂબ ઝડપથી યોગ્ય સ્વરૂપમાં વધુ ક્ષમતા આપવા માટેની યોજના હાથ ધરાયેલ છે. પહેલી વખત જિલ્લાથી જિલ્લા મથક જોડવા માર્ગોની સુધારણા માટે રૂા. ૨૦ કરોડનું અલાયદું આયોજન કરવામાં આવ્યું છે. જે પ્રકારે પૂર મરામતની કાર્યવાહી હાથ ધરવામાં આવી ૨૦૦૫-૦૬ માં જુદી જુદી કાર્યવાહી દ્વારા ૨૮૨ કરોડ રૂપિયાના રસ્તાના નાળા-પૂલિયાને મંજૂરી આપવામાં આવી જેની કાર્યવાહી હાથ ધરાયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, 'વનબંધુ કલ્યાણ યોજના'ને વેગ આપવા માટે જે યોજના અહીંયા જણાવવામાં આવી છે એ યોજનાથી આદિજાતિ વિસ્તારમાં માર્ગોના વિકાસ માટે રૂા. ૨૨૭ કરોડની જોગવાઈ આગામી વર્ષમાં સુચવવામાં આવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે 'સાગરખેડુ વિકાસ યોજના' રજૂ કરેલી છે. એ યોજનામાં આ વિસ્તારના રસ્તાની સુધારણા માટે ગુજરાત રાજયમાં ૩૨૩ કરોડની અંદાજી રકમની જોગવાઈ સુચવવામાં આવી

છે. ૨૦૦૭-૦૮ના વર્ષમાં લગભગ ૧૬૦ કરોડ રૂપિયાના મકાનોની જોગવાઈ સુચવવામાં આવી છે. પાટનગર યોજના ૨૦૦૭-૦૮ના વર્ષમાં આયોજન હાથ ધરવામાં આવેલ છે. ગાંધીનગર - કોબા - અમદાવાદ રસ્તાને છ માર્ગીય બનાવવા માટે રૂા.૨.૭૫ કરોડની જોગવાઈ સુચવવામાં આવી છે. ગાંધીનગરમાં 'ચ' અને 'ઘ' રસ્તાને છ માર્ગીય બનાવવા માટેનું આયોજનમાં પણ ૨.૭૦ કરોડની જોગવાઈ સુચવવામાં આવી છે. ગાંધીનગરના વિવિધ રસ્તાઓને યોગ્ય સ્વરૂપમાં આપવાની સાથે સાથે ગાંધીનગરમાં વિવિધ સુવિધા ઊભી કરવા માટેની પણ કાર્યવાહી આ પાટનગર યોજનામાં હાથ ધરવામાં આવી છે. નિર્મળ ગુજરાતનું જ્યારે વર્ષ ચાલી રહ્યું છે ત્યારે ૨૦૦૭ના વર્ષમાં માર્ગ અને મકાન વિભાગની વિશિષ્ટ જવાબદારી છે એ જવાબદારીને ધ્યાને લઈને, મકાનો અને રસ્તાઓ નિર્મળ બને એના માટેની યોગ્ય વ્યવસ્થા હાથ ધરવામાં આવેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગને ૨૦૦૫ની જે પ્રકારે સફળતા પ્રાપ્ત થઈ, ગુજરાતના શહેરોને આગવા સ્વરૂપમાં સ્વચ્છ, સુંદર, હરિયાળા અને નિર્મળ બનાવવા માટેની વિવિધ યોજનાઓ હાથ ધરાયેલી છે. એ યોજનાને વધુ તાકાત આપવા માટે ગત વર્ષની ૨૦૦૬-૦૭ની સરખામણીએ ૨૦૦૭-૦૮ના બજેટમાં ૧૫૦ ટકાનો જંગી વધારો શહેરી વિકાસ વિભાગની જોગવાઈઓ સૂચવવામાં આવેલ છે. વાયબ્રન્ટ અર્બન સમિટ-૦૭ દ્વારા માળખાકીય વિકાસ માટે વાણીજિયક જવાબદારીઓ પૂર્ણ કરવા તેમજ નાના અને મધ્યમવર્ગના લોકોની આવાસો વગેરેની પૂર્તતા માટે ૨ લાખ કરોડથી વધારે રૂપિયાના ૩૧૩ સમજુતી કરારો હાથ ધરાયા છે, જેના કારણે ૮ લાખ ૪૦ હજાર જેટલી રોજગારીની તકો ઉપલબ્ધ થવાની છે. શહેરી વિકાસ વર્ષની સફળતા બાદ ૨૦૦૭ના વર્ષને નિર્મળ ગુજરાત વર્ષ તરીકે જ્યારે ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ત્યારે આ કાર્ય માટે પહેલીવાર નિર્મળ ગુજરાતના ઐતિહાસિક કાર્ય માટે રૂપિયા ૯૮ કરોડની જોગવાઈ ૨૦૦૭-૦૮ના વર્ષમાં સૂચવવામાં આવેલી છે જે ગુજરાતના શહેરોને સ્વચ્છ, સુંદર અને નિર્મળ બનાવશે. જે પ્રકારે નિર્મળ ગુજરાત હેઠળ વિવિધ કાર્યો હાથ ધરાયેલા છે એ દિશામાં આગામી દિવસોમાં પણ એને પણ વધુ સફળતા સાથે કાર્યો કરવા માટે અને જન ભાગીદારી સાથેનું કાર્ય હાથ ધરવાનો અમે નિર્ણય કર્યો છે. ક્ન્સેપ્ટ ટુ કમ્પલીએશન, આયોજનથી અમલીકરણ માટેની ૧૬૦૦ કરોડથી વધારે રૂપિયાની વિવિધ યોજનાઓ દ્વારા જે સફળતા પ્રાપ્ત થઈ એ વિવિધ યોજનાઓને આગામી દિવસોમાં આગળ ધપાવવા માટેનો સરકારે નિર્ણય કર્યો છે. પીવાનું પાણીની યોગ્ય વ્યવસ્થા આપવા અમૃત ધારા યોજના માટે થઈને રૂપિયા ૩૭૧ કરોડના પાણી પુરવઠાના વિસ્તૃત કામો હાથ ધરાયેલા છે અને આ યોજનાને વધુ સક્ષમતા આપવા આગામી વર્ષમાં ૭૫ કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. ટાઉન પ્લાનીંગ સ્કીમમાં છેલ્લા બે વર્ષોમાં જે પ્રકારની સફળતા પ્રાપ્ત કરી છે, જે પ્રકારે જૂના રેકર્ડોનું ડિઝિટાઈઝેશન હાથ ધરાયેલું છે. ટાઉન પ્લાનીંગ સ્કીમ બનાવવા માટે જે પ્રકારના આધુનિકરણની અમલવારી થયેલ છે એ કાર્યને આગળ ધપાવવા માટે વિવિધ યોજનાઓને જોડવામાં આવી છે, એટલું જ નહીં, જે નવા જિલ્લાઓ બન્યા છે અને જ્યાં જરૂરિયાત છે એવા વિસ્તારોમાં અસરકારક કામગીરી કરવા માટે જિલ્લાકક્ષાની નવી કચેરીઓ ખોલવા માટે પાટણ, નવસારી ,અમરેલી અને આણંદ આ ચાર જિલ્લાઓમાં તેમજ રાજકોટ શહેરમાં એક વધારાની અને ગાંધીનગરમાં બે વધારાની જિલ્લા કક્ષાની કચેરીઓ ખોલવા માટે આગામી વર્ષમાં આયોજન કરાયેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ બૅન્કે જે પ્રકારના જી.યુ.ડી.પી. પ્રોજૅકટના અમલીકરણ માટેની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે રૂપિયા ૭૭૫ કરોડના, ૧૦ શહેરોના પ્રોજૅકટો માટેની એના માટેની પૂર્તતા માટે પણ આ વર્ષમાં ડિસૅમ્બર-૦૭ સુધીમાં આયોજનને સફળતા પ્રાપ્ત થાય એ પ્રકારની કાર્યવાહી હાથ ધરવા માટેની વ્યવસ્થા હાથ ધરવામાં આવેલ છે. દેશમાં પ્રથમ વખત સીટી ડૅવલપમેન્ટ પ્લાન બનાવીને શહેરોનો ટૂંકાગાળાનું અને લાંબાગાળાનું આયોજન હાથ ધરવાનો નિર્ણય કર્યો છે અને એટલા માટે ૪૨ શહેરોમાં જન ભાગીદારી દ્વારા સીટી ડૅવલપમેન્ટ પ્લાન બનાવવા માટેનું આયોજન કરાયેલું છે. હાઉસીંગ બોર્ડમાં ૭ હજાર જેટલા મકાનોનું વેચાણ કરીને ૮૦ કરોડની આવક પ્રાપ્ત કરી છે. પૅકેજ યોજના છેલ્લા ત્રણ વર્ષોમાં મૂકતાં ૩૨ હજાર ૭૦૦ જેટલા લાભાર્થીઓ જોડાયા છે એટલું જ નહી લગભગ ૨૧૬ કરોડની વસુલાત દ્વારા પહેલી વખત હાઉસીંગ બોર્ડ સંપૂર્ણ પણે દેવા મૂકત બન્યું છે. માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ જે વાત કરી એ મુજબ શહેરી આરોગ્ય કાર્યક્રમ ગત વર્ષે પહેલી વખત શહેરોમાં હાથ ધરીને એક આગવી સફળતા દ્વારા આ દિશામાં જવા માટેનો પ્રયત્ન કર્યો છે. જે સ્લમ વિસ્તારોમાં શહેરોમાં સ્વચ્છતા આપશે અને આની સાથો સાથ નિર્મળ ગુજરાતના કાર્યોમાં વધુ ઉપયોગી બનશે. રાજય સરકાર દ્વારા જે કેટલાક નવતર અભિગમો હાથ ધરાયેલ છે એની કેટલી માહિતી હું સન્નમાનીય સભાગૃહને આપવા માગું છું. માનનીય મુખ્ય મંત્રીશ્રી જે કહે છે વેસ્ટ ટુ વેલ્થ, કચરાથી કલ્યાણ કરવા માટે અંતર્ગત વર્લ્ડ બૅન્કની સહાયથી સીસી શરૂ કરવા નિર્ણય કરવામાં આવેલ છે. સૌ પ્રથમ વખત રાજયમાં પુલ ફાયનાન્સ ડૅવલપમેન્ટ ફંડ શરૂ કરવામાં આવ્યું છે. જેના દ્વારા નગરપાલિકાના વિવિધ કામોને બહારથી સહાય મળવાને કારણે એક વધુ વેગ પ્રાપ્ત થશે. ભારત દેશનું ગુજરાત એવું પ્રથમ રાજય છે કે જયાં શહેરી ગરીબો માટે ૨૦ટકા રકમ અનામત રાખીને સ્લમ વિસ્તારમાં વિકાસના કામો હાથ ધરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. સૌ પ્રથમ વખત ઉમ્મીદ કાર્યક્રમ હેઠળ એક લાખ જેટલા શહેરી ગરીબ યુવક, યુવતીઓને સ્વનિર્ભર બનાવવા માટે રોજગાર તાલીમ આપી પ્લેસમેન્ટ આપવાની કાર્યવાહી હાથ પર લીધી છે. જેના માટે બજેટમાં ૧૦કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આગામી એક વર્ષમાં એક લાખ આવાસોનું નિર્માણ કાર્ય હાથ ધરવાની ઐતિહાસિક કાર્યવાહી હાથ ધરી છે. રાજય સરકારે નગરપાલિકાની સક્ષમતા વધારવા માટે

આરોગ્ય વિભાગ એટલે કે આરોગ્યના અધિકારી, હિસાબી સેવાના અધિકારી, એકાઉન્ટન્ટ અને નગરપાલિકાને એક એંજિનિયર કોમન કેડર તરીકે આપવાની સક્રિય વિચારણા કરી છે. વર્લ્ડ મેયર કોન્ફરન્સમાં વિશ્વ સ્તરે જાહેર થયેલા વિશ્વના સો ઝડપી વિકાસ પામતા શહેરોમાં ગુજરાતના ત્રણ શહેર સુરત, અમદાવાદ અને રાજકોટનો સમાવેશ થયો છે આને ધ્યાનમાં રાખીને રાજય સરકારે આ શહેરના વિકાસને વેગવંતો અને આયોજનબદ્ધ બનાવવા માટે, વહિવટી ક્ષમતા વધે તે હેતુથી અખિલ ભારતીય સેવાના અધિકારી, કમિશ્નરથી વધારાના આપીને એની નિમણૂક કરવામાં આવી છે. વાઈબ્રન્ટ ગુજરાતના પ્રતિસાદરૂપે જે પ્રકારની એક નવી જવાબદારી ઉભી થઈ છે એ વિશ્વમાં ગુજરાત દેશનું એવું પ્રથમ રાજય છે કે જયાં રીઝનલ પ્લાનીંગ માટે પદ્ધતિ હાથ ધરાઈ છે, જે પ્લાનીંગ હાથ ધરવા ૯.૨૬કરોડની બજેટ જોગવાઈ સૂચવવામાં આવી છે. ૨૦૦૬ના ભયાનક પુરમાં સુરતમાં જે પ્રકારની એક અલગ પ્રકારની ભયાનકતાનો સામનો કરવો પડયો, એ સુરતને ફરીથી ધબકતુ, ચેતનવંતુ બનાવવામાં આવ્યું છે. આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા ૭૮કરોડ રિપેરીંગ અને રીસ્ટોરેશનની કાર્યવાહી હાથ ધરી એટલું જ નહીં પણ નગરપાલિકા અને મહાનગરપાલિકાને પણ ૫૮કરોડ જેટલા ફાળવવામાં આવ્યા છે. હમણાં જ અર્બન સમીટ વાઈબ્રન્ટ ગુજરાત યોજાયો એમાં મહામહિમ રાષ્ટ્રપતિએ અમદાવાદ ખાતે અર્બન સમીટ દરમિયાન સુરત આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે ગુજરાતે જે વિશિષ્ટ કાર્ય કર્યું છે એના વખાણ કર્યા છે. એના માટે અમે આનંદ અનુભવીએ છીએ. ગુજરાતમાં સોલીડ વેસ્ટમાં વિશિષ્ટ પ્રકારનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. નિર્મળ ગુજરાત ૨૦૦૭નું વર્ષ આપણે ઉજવી રહયા છીએ ત્યારે સફાઈ કામદારો માટે લઘુત્તમ મહેકમ લગભગ ૨૫-૩૦ વર્ષ પછી ગુજરાતમાં પહેલી વખત જાહેર કરવામાં આવ્યું છે. જેને કારણે સફાઈ કામદારને વિશિષ્ટ પ્રકારના લાભ સાથે સ્વચ્છતા માટેના વધુ લાભ આપણે પ્રાપ્ત કરી શકીશું. કૈલાસધામ યોજના તળે સ્મશાનગૃહની સુધારણા માટે ૭.૫કરોડની જોગવાઈ સાથે આગામી દિવસોમાં જનભાગીદારી જોડીને આ દિશામાં કામ કરવાનો નિર્ણય કર્યો છે. દેશમાં એક માત્ર ગુજરાતમાં તમામ મહાનગરપાલિકા, નગરપાલિકા ઈગવર્નન્સની કાર્યવાહી હાથ ધરશે અને પ્રથમ વખત તમામ નગરપાલિકાને રાજય સરકાર તરફથી ઈન્ટરનેટ કનેકટીવીટી આપવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. રીફોર્મ્સ પ્રક્રિયામાં જે પ્રથમ વખત વિસ્તાર આધારિત કર માળખાની કાર્યવાહી નકકી કરવામાં આવી છે એને કાયદાકીય સ્વરૂપ આપવામાં આવશે. ડબલ એન્ટ્રી એપ્રુઅલ એકાઉન્ટ સિસ્ટમની અમલવારી કરવામાં આવી રહી છે. તે પણ આગામી દિવસોમાં નગરપાલિકાના વહીવટમાં વધુ સક્ષમતા આપવાની છે. ઘન કચરાના નિકાલની સાથેસાથે દેશમાં ૯૬ vermicompost અને ૩૪ infrastructure પ્લાનના કન્સ્ટ્રકશનની કામગીરી શરૂ કરવામાં આવી છે જે પ્રકારે આપત્તિ વ્યવસ્થાપન તંત્રની સમગ્ર ગુજરાતમાં અમલવારી થઈ રહી છે. નગરપાલિકા અને મહાનગરપાલિકાની પણ એને માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. વંચિતોના વિકાસને વરેલી આ સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે વનબંધુ યોજના હેઠળ આદિવાસી વસ્તી ધરાવતી નગરપાલિકાના વિકાસ માટે એક ચોકકસ પ્લાન તૈયાર કર્યો છે. એ પ્લાનની અમલવારી માટે ૩૦ કરોડની બજેટ જોગવાઈ સૂચવવામાં આવી છે. જે આદિવાસી નગરપાલિકાને વધુ સક્ષમતા આપશે. માનનીય મુખ્યમંત્રીશ્રીની આગવી દ્રષ્ટિ દ્વારા હાથ ધરાયેલી વૈભવી વાવના વિચારને મૂર્તિમંત સ્વરૂપ શહેરી ક્ષેત્રની વાવને આપવા વિકાસ હાથ ધરાશે.

ઘણા લાંબા સમયથી આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓની લાગણી રહેલી છે. ગામડામાં તળાવો ખોદવામાં આવે છે. શહેરોમાં તળાવો ખોદવામાં આવતા નથી, એટલા માટે સિંચાઈ વિભાગના સહકાર સાથે આ વર્ષની અંદર જ શહેરી ક્ષેત્રની અંદર તળાવો ઊંડા કરવા માટે નગરપાલિકાને મંજૂરી મળે તે પ્રકારની કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. આગામી વર્ષે દરેક નગરપાલિકામાં વૉર્ડ દીઠ ઓછામાં ઓછા એક અને મહાનગરપાલિકામાં વૉર્ડ દીઠ ઓછામાં ઓછા ૫ સખી મંડળની રચના કરીને બંનેને સ્વરોજગારી આપવા માટેનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. જ્યારે ૨૦૦૭ ના વર્ષને નિર્મળ ગુજરાત વર્ષ તરીકે મનાવી રહ્યા છીએ, ત્યારે માર્ગ મકાન વિભાગ અને શહેરી વિકાસ વિભાગ બંને વિભાગો દ્વારા નિર્મળ ગુજરાતની રચના કરીને આ ગુજરાત સુખ અને સમૃદ્ધિની સાથે ગુજરાતના નગરો સ્વચ્છ, સુંદર, નિર્મળ, હરિયાળા બને તે દિશામાં જવા માટેના રાજ્ય સરકારના આ બંને વિભાગો અથાગ પ્રયત્નો કરશે.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯ અને ૪૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૮૬, ૮૭ અને ૧૦૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનો વિરામનો સમય થયો છે. સભાગૃહ સાંજના ૫-૦૦ વાગ્યે મળશે.

**વિરામ સાંજના ૪-૩૮ થી ૫-૦૦**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : (બેઠા બેઠા):** અમને સાહેબ એમ થયું કે નહીં જઈએ તો મજા નહીં આવે એટલે અમે આવી ગયા છીએ.

**અધ્યક્ષશ્રી .** : તમે ટાઈમ વધાવાનું કહ્યું હોત તો બે કલાક વધારત. તમે સમય જ માગ્યો નહીં અને બહાર નીકળી ગયા. તમારે કહેવું જોઈએ ટાઈમ વધારો.ટાઈમ માગવો પડે. વધારીએ નહીં તો તમે કહી શકો છો. ના પાડી હોય તો કહેવાય. આપે માગણી કરી હોત તો બે-ત્રણ કલાક વધારત. તમે માગ્યો નહીં અને કહો છો ટાઈમ નથી મળતો. ઓર્ડર ઓર્ડર.

# બિન સરકારી વિધેયકો

## સન ૨૦૦૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૭
## ગુજરાત માર્ગ અને પુલ વિકાસ બોર્ડ વિધેયક,૨૦૦૩
### ગુજરાત રાજયમાં માર્ગો અને પુલોના આંતરમાળખાની ગુણવત્તા સુધારવા માટે ગુજરાત માર્ગ અને પુલ વિકાસ બોર્ડની સ્થાપના કરવા અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધયેક

**શ્રી દોલતભાઈ પરમાર (વડગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૩નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૦૩નું ગુજરાત માર્ગ અને પુલ વિકાસ બોર્ડ વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ સન્માનનીય ગૃહ સમક્ષ જે બિલ લાવ્યો છું તેના ઉદ્દેશો અને કારણો સ્પષ્ટ છે. તેમ છતાં આ સભાગૃહના ધ્યાન પર આવે એટલે તેનો ખ્યાલ આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને રાજયમાં યોજના માર્ગો અને પુલોનું વિશાળ માળખું છે. વર્તમાન સમયમાં આ માળખામાં ભારે વાહનોની અવરજવરની વ્યવસ્થા કરવા માટે વિકાસની તાતી જરૂર છે. ગુજરાત આગળ પડતું કૃષિ અને ઔદ્યોગિક રાજય છે. રાજયમાં માર્ગ અને પુલના બાંધકામની નબળી પરિસ્થિતિને કારણે, ભાવિ ઔદ્યોગિક અને કૃષિ વિકાસ રૂંધાઈ રહ્યો છે. રાજય સરકાર, સાધનસંપત્તિની તીવ્ર અછતને કારણે પોતાના સામાન્ય અંદાજપત્રમાંથી યોજના માર્ગ અને પુલોના સમારકામ જાળવણી અને સુધારણા માટે પૂરતા ફંડની જોગવાઈ કરી શકે તેમ નથી. તદ્નુસાર યોજના માર્ગો અને પુલોની આંતરમાળખાકીય સુધારણા માટે ફંડની પર્યાપ્ત નિર્ધારિત ઉપલભ્યતા સુગમ બનાવવાના હેતુથી, વધારાના પ્રાપ્તિ સ્થાનોને ગતિશીલ બનાવવાની અને માર્ગો અને પુલો માટે એક અલગ ફંડ બનાવવાની તાકિદની જરૂરિયાત છે. આ વિધેયકથી આ ઉદ્દેશ બર લાવવા ધાર્યુ છે. આ પગલાંથી રાજય સરકાર, વાર્ષિક ધોરણે આશરે રૂા.૨૫૦,૦૦ કરોડ સુધીની રકમના ફંડો અલગ રાખી શકશે જેનાથી વિકાસના મહત્વના ક્ષેત્રની વધતી જરૂરિયાતોની કાળજી રાખી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, મારા બિલના ઉદ્દેશોમાં બહુ સ્પષ્ટ વાત છે. રસ્તા અને પુલો એ રાજયના સર્વાંગી વિકાસની દૃષ્ટિએ ખૂબ જ ઉપયોગી એવું પરિબળ છે. રસ્તા વિના ગામ ગામથી, તાલુકો તાલુકાથી, જિલ્લો જિલ્લાથી, રાજય રાજયથી અને દેશ દેશથી નજીક આવી શકતો નથી. જયારે ભૌગોલિક રીતે આ રીતે નજીક આવવાની વાત થાય ત્યારે જે તે વિસ્તારના અને વિભાગના લોકો એકબીજાને મળે અને એકબીજાના સમન્વયમાં આવતા હોય ત્યારે આર્થિક રીતે, સામાજિક રીતે અને સાંસ્કૃતિક રીતે વિકાસની પ્રક્રિયામાં સહભાવી બને છે અને સંવાદીતા અને સાતત્યતા વધે છે તેને ધ્યાનમાં રાખીને આ બિલની જે ભાવના છે

આ બિલની ભાવના એ છે કે લોકો લોકો વચ્ચે સંબંધો વધે, લોકો એકબીજાની નજીક આવે, એક બીજાને પ્રેમથી હળેમળે અને જીવનનો આહલાદ માણે, એ શુદ્ધ ભાવના આ મારા બિલ પાછળની છે. રાજય સરકાર દ્વારા રસ્તા અને પુલોની બાબતમાં ઘણી સુંદર કામગીરી થઈ રહી છે એ હકીકત છે પણ તેમ છતાં જે રીતના પૂર્ણતઃ આ દિશામાં ગંભીરતાથી વિચારવું જોઈએ એ દિશામાં વિચારાતું નથી અને ખાસ કરીને દેશના રાષ્ટ્રિય ધોરીમાર્ગો, રાજયના ધોરીમાર્ગો એ માર્ગો અને પુલો ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવે છે પણ ગ્રામ્ય વિસ્તારના જે ગ્રામ માર્ગો છે, રસ્તાઓ છે, જિલ્લાના રસ્તાઓ છે અને સ્થાનિક રસ્તાઓ છે એ રસ્તાઓ ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી અને એને કારણે લોકો દુઃખી થાય છે એટલે દરેક નાગરિકને રસ્તાનો લાભ મળે એ જરૂરી છે અને એટલા માટે સમતુલિત વિકાસની દૃષ્ટિએ, ગ્રામ વિકાસની દૃષ્ટિએ રાજય સરકારે ખાસ વિચારવું જોઈએ અને એ રીતે ગામડાઓના રસ્તાઓનો વ્યાપ વધારવો જોઈએ.

રાજય ધોરીમાર્ગથી નીચે ઊતરતાં જિલ્લા માર્ગો સાથે, ગ્રામ માર્ગો થઈને જઈએ છીએ ત્યારે એ એના સ્પેશિફિકેશન ધોરણો પ્રમાણે કોઈક જગ્યાએ વધારે વાઈડનિંગ હોય તો કોઈ જગ્યાએ ઓછું વાઈડનિંગ હોય, કોઈક જગ્યાએ સમારકામવાળો સુંદર રસ્તો હોય, તો કોઈ જગ્યાએ રસ્તો ન હોય અને એને કારણે ખુબડખાબડ રસ્તાઓનો અનુભવ આપણને થાય છે ત્યારે રાજયના બાંધકામ મંત્રીશ્રી છે અને ઘણા મને કહે છે કે આપણા

બાંધકામ મંત્રીશ્રીનું ભાલ છે એ કાયમ ચકચકાટ રહે છે અને ચકચકાટ રહે છે એટલા માટે ભાલના જેવા સુંદર ચકચકાટ રસ્તા પાછળ એ તનમનથી પડ્યા છે પણ વાસ્તવમાં ગામડાઓમાં રસ્તા પણ ભાલ જેવા ચકચકાટ રહે અને સરળતાથી ચાલે એવું લોકો ઇચ્છે છે અને હું પણ અપેક્ષા રાખું છું. (અંતરાય)

માનનીય વજુભાઈ, આપ મને સમજવાનો પ્રયત્ન કરો, માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વટેમાર્ગુની વાત કરું છું. મુસાફરની વાત કરું છું. અને હું આપની પાસે એવી અપેક્ષા રાખું છું. " એક મુસાફીરકો દુનિયામેં કયા ચાહીએ, સિર્ફ થોડીસી દિલમે જગા ચાહીએ" તો આમાં વિરોધ કરવાનો કોઈ સવાલ જ નથી, માત્ર સવાલ ગામડાના લોકો માટે છે અને દિલમાં જ જગ્યા જોઈએ છે, માનનીય વજુભાઈ, આપના દિલમાં જગા જોઈએ છે, માનનીય અધ્યક્ષશ્રીનું દિલ તો બહુ વિશાળ છે, તેઓશ્રી ભાવનાશીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માણસ ઘરડો થાય છે પણ દિલ ઘરડુ થતું નથી અને એટલા માટે આ દિલની વાત છે. (અંતરાય) મારી વાત મારા મિત્રો સમજી શક્યા નહીં એટલે માનનીય ચુડાસમા સાહેબે કહ્યું કે દિલ ઘરડુ થતું નથી, પણ માણસ ઘરડો થાય છે એ એમને યાદ દેવડાવ્યું, મિત્રોની ટ્યુબલાઈટ પાછળથી ઊપડી, ટૂંકમાં મારી વાત એટલી જ છે કે (અંતરાય) ગામડાના લોકોને ધ્યાનમાં રાખીને ગામડાના રસ્તા, ડેરીના રસ્તા, વેપારના રસ્તા એ રસ્તા જરૂર થાય એ જોવું જરૂરી છે અને નાના નાના રસ્તાઓ માટે ધ્યાન આપવું જરૂરી છે, મોટા મોટા રસ્તાઓ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે પણ એના દશ ટકા જેટલો ખર્ચ નાના નાના રસ્તાઓ પાછળ જો ખર્ચવામાં આવે તો ગામડાંમાં સુખાકારી, સમૃદ્ધિ, સંપત્તિ, અને પ્રગતિ વધે એટલા માટેની મારી આ વાત છે. (અંતરાય) માનનીય મોહનભાઈ હું એ જ કહેવા માગું છું, મારા વખતમાં જે રસ્તા મેં કરેલા હતા, જે માટીકામ થયું હતું, ડામર કામ થયું હતું એ રસ્તા એકયા બીજા કારણસર બાજુ પર મૂકી દીધા છે અને નવા રસ્તા ઊભા કર્યા છે, અને એટલા માટે મારે આ વાત કરવી પડે છે. આ બિલ લાવવા પાછળનો મારો હેતુ પણ એ જ છે, ઘણીવાર પુલિયા, નાળાં કે બ્રિજ ન હોય અને રસ્તા હોય છે અને રસ્તા હોય છે તો પુલિયા નથી હોતા. રસ્તાઓ હોય છે તો પુલ નથી હોતા એના કારણે લોકો હેરાન થાય છે, લોકોની મુશ્કેલીઓ વધે છે એટલે એકધારા સતત જળવાઈ રહે અને સારા કામ થાય એ બહુ જરૂરી છે. ગ્રામ્ય વિસ્તારની પ્રજાને ધ્યાનમાં રાખીને આ વાત લઈને આવ્યો છું. આપ બાંધકામ ખાતું ચલાવો એમાં અમને વાંધો નથી પરંતુ નેશનલ હાઈવે ઓથોરિટી છે એવી રાજય હાઈવે ઓથોરિટીનું નિર્માણ થવું જોઈએ અને લોકોને ઉપયોગી થવાનો પ્રયાસ કરવો જોઈએ. આ લોકોના દિલની વાત કરું છું જો આપ લોકોને સાંભળશો નહીં તો લોકો માનનીય મંત્રીશ્રી જાડેજા સાહેબ માટે એમના કપાળ સામે જોઈને એમ પૂછશે કે આવું સુંદર મજાનું કપાળ છે તો એવા સુંદર મજાના ગામડાંના રસ્તાઓ કેમ નથી? એની કાળજી લો. (અંતરાય) બધા ઝહેર ખાનારા શંકર નથી હોતા. આપે મારું સમય માટે ધ્યાન દોર્યું છે એટલે હું મારું વક્તવ્ય ટૂંકાવું છું અને સરકારને વિનંતી કરું છું કે આ બાબતમાં ગંભીરતાથી વિચારે અને આ પવિત્ર સભાગૃહના આદરણીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે તેઓએ મુંગા મુંગા બેસીને સમર્થન આપ્યું છે એમ ઉભા થઈને આ બિલના સંદર્ભમાં વાત કરીને સમર્થન આપે એવી મારી વિનંતી છે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દોલતભાઈ પરમાર જે બિલ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલમાં માનનીય દોલતભાઈએ રસ્તાઓની વાત કરી એમાં હું કહેવા માગું છું કે, ગામડામાં જે રસ્તાઓ છે એ છેલ્લા બે પૂર આવવાના કારણે અને અતિવૃષ્ટિ થઈ એના કારણે નદીના કાંઠાળ વિસ્તાર છે ત્યાં સારા રહ્યાં નથી અને જ્યાં રસ્તાઓ તૂટી ગયા છે ત્યાં ફરી મંજૂર કર્યા નથી. જ્યાં જ્યાં નદીનો કાંઠાળ વિસ્તાર છે ત્યાં બિલકુલ રસ્તાઓ તૂટી ગયા છે. મેં ગયે વખતે આ રસ્તઓ અંગે માનનીય મંત્રીશ્રી જાડેજા સાહેબને કહ્યું હતું પરંતુ માનનીયમંત્રીશ્રીએ એને ધ્યાનમાં લીધા નથી. જે રસ્તાઓ ઉપયોગી છે, બિચારા લોકો નદી વિસ્તારમાં રહે છે એમના ઉપયોગના રસ્તાઓ બિલકુલ ખરાબ છે. મારી પાસે દાખલા છે આપ મારી સાથે આવો તો હું મારી પોતાની ગાડીમાં મારા ખર્ચે આપને લઈ જવા તૈયાર છું. આપ જોશો તો ખ્યાલ આવશે કે લોકોને કેટલી મુશ્કેલી છે. આ તો આપ એ.સી. રૂમોમાં રહો છો એટલે ખબર પડતી નથી. અમે ગામડે ગામડે ફરીએ છીએ એટલે ખબર છે કે લોકો ઉપર શું વિતે છે. આ હકીકત નહીં સમજે તો એમને મુશ્કેલી છે ફરી વાર અહીં બધા દેખાશે નહીં. ખરેખર કાગળ ઉપર જ બધું કામ થાય છે, કાગળવાળું નહીં ચાલે લોકોને વાસ્તવિક કામ જોઈએ છે, લોકોને ધ્યાનમાં આવે એ પ્રકારનું કામ કરવું જોઈએ. નહીં કરો તો આ વખતે લોકો કહેશે કે આ સરકારે શું કર્યું? પણ હજુ સરકારને ખબર નથી કે લોકોની ઉપર જે વિતે છે એ લોકોની લાગણી સરકારને ખબર

નથી. આ વખતે જો જો તમે બધા કાગળ ઉપર જે ખર્ચ કરો છો અને બીજા બધા ખરચા કરો છો, ઉત્સવોમાં ખરચા કરો છો એના બદલે રસ્તાઓ માટેની જોગવાઈ વધારો અને રસ્તાઓ સારા બનાવો. અમે જોઈએ છીએ, કાંઠા વિસ્તારના ગામોમાં રહીએ છીએ એટલે શું વિતે છે લોકો ઉપર એ અમને ખબર છે. આપને પણ ચૂંટણીમાં ખબર પડશે કે લોકો શું જવાબ આપે છે, આપ જો જો આ વખતે તમારા સૂપડા સાફ થઈ જવાના છે, લોકોની એવી મુશ્કેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે શહેરની થોડી વાત કરું તો શહેરી વિસ્તાર છે એમાં જે ઝૂંપડપટ્ટી આવેલી છે એમાં કેવી રીતે લોકો રહે છે એ જોવું જોઈએ અને એમના માટે ઝૂંપડા સુધી જવા માટેના રસ્તાઓ પણ બહુ ખરાબ છે એટલે એ પણ કરવા જેવા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અંતમાં માનનીય દોલતભાઈ જે આ બિન સરકારી વિધેયક લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના મારા સાથી સભ્ય દોલતભાઈ જે બિન સરકારી વિધેયક લઈને આવ્યા છે એક વસ્તુ નક્કી છે કે તેમના દિલમાં આ બિલ કેમ વસ્યું ? કારણ તેમના દિલમાં આ બિલ એટલા માટે વસ્યુ કે તે ફિલ કરે છે કે આ અત્યારના જો પુલ ના હોય તો વાહન કિલ થાય, માણસ કિલ થાય એટલે આ કિલ ના થાય એટલે એવું ફિલ કરે માણસ એટલા માટે તે બિલ લાવ્યા છે અને તેના દિલની લાગણી વ્યક્ત કરી અને એટલા માટે હું પણ તેમના હાર્દ સાથે સંમત થઈને એક વાત સાચી છે કે, માર્ગો આપણે હવે ખૂબ જ સરસ નેશનલની અંદર આપણું એક મોડેલ બને એવા સરસ માર્ગો આપણાં બનતા જાય છે અને આપણે ત્યાં ત્રિસ્તરીય રસ્તાઓની જોગવાઈ છે પંચાયત, સ્ટેટ હાઈવે, નેશનલ હાઈવે અને શહેરોના રસ્તાઓ તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તેનું સંચાલન કરે. આપણે કાલે કે પરમ દિવસે કલોલના બ્રિજની વાત ચર્ચાણી. આવા અનેક ઉદાહરણો છે જેના કારણે માત્ર આ બ્રિજ એક માથાનો દુ:ખાવો બન્યો હોય અને તેને કારણે આપણે એટલા બધા ખર્ચે જે રસ્તો બનાવ્યો હોય તેનો ઉપયોગ પણ ના કરી શકીએ, તેનું વળતર પણ ના લઈ શકીએ અને તે આ ત્રીસ્તરીય, ચાર સ્તરીય જે અલગ અલગ વ્યવસ્થાઓ છે તેને માત્ર જો બ્રિજ માટે કોઈ એક બોર્ડ બનાવવાનું કે તે સરકારની પાસે તે વધુ સુગમ રસ્તો હોય તે કરી શકે પણ એવી એક ઓથોરીટી પણ બની શકે કે જેના કારણે તે નેશનલ હાઈવેનો બ્રિજ હોય કે સ્ટેટ હાઈવે કે પંચાયતમાં આવતો કે કોઈ નગરપાલિકા કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં આવતો હોય તો એ બ્રિજ માટે થઈને તેમની પાસે તે ઓથોરીટી બને તો તેમની પાસે તેના એકસપર્ટ હોય, તેની ડિઝાઇન બ્રિજની ખૂબ જ અલગ પ્રકારની હોય. રસ્તા કરતા બ્રિજની ડિઝાઇન બહુ જ તે મહેનત માગી લે છે અને તેની રીતે કુશળતા પણ બહુ જરૂરી છે. તો ઓથોરીટી પાસે એવો એકસપર્ટ સ્ટાફ હોય કે જેની ડિઝાઇન તરતજ બનાવી શકે પછી તેની પાસે તેના ખૂબજ આઈડેન્ટીફાઈ થયેલા એ ક્લાસ, બી ક્લાસ એવા કોન્ટ્રાકટરોની યાદીઓ હોય શોર્ટ લિસ્ટ કરેલી તો મને લાગે છે કે તેમની પાસે આ એક જ વિષય હોય તેને કારણે ઘણી બધી સુગમતા રહે. તેમની પાસે તેની ખૂબ એકસપર્ટાઈઝ પણ હોય. મને યાદ છે ભાવનગરની અંદર અમારા ધંધુકાવાળા રસ્તે, વાયા ધંધુકા પાસે તે લોલીયા પાસે અને તેની પછીના જે બે બ્રિજ છે તે વખતે ખૂબ જ વરસાદના કારણે નીચેથી જતા હતા ત્યારે બંધ થઈ ગયું. તે પહેલાં આ બ્રિજ થયા છે. તે હતા જ, પણ ખબર નહીં કયા કારણોસર તે બ્રિજનો ઉપયોગ નહોતો થતો. તેનું કારણ એ હશે કે ક્યારેક કોઈના મનમાં એવુ હતું કે આની સ્ટ્રેન્થ બરાબર નથી કે નબળાઈ હશે જે હશે તે પછી તેને સ્ટ્રેન્થનીંગ કર્યો હશે. વિકલ્પ બીજો હતો એટલે પણ બ્રિજ માટે આવી કોઈ એકસપર્ટ ઓથોરીટી હોય તો તે માત્ર બ્રિજનું જ કામ જુએ અને તેને ગતિ પણ મળે તે દ્રષ્ટિએ માનનીય સભ્યશ્રી દોલતભાઈ પરમાર આ સભાગૃહની વિચારણા માટે જે બિન સરકારી બિલ લાવ્યા છે તેના હાર્દ સાથે હું ચોક્કસ સંમત છું પણ આપણે આપણાં નાગરિકોને વધુ ઉત્તમ સુવિધા આપવાનો આપણાં બધાનો ઉદ્દેશ્ય છે. માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી અને સમગ્ર સરકાર પણ તે દિશામાં ઈન્ફ્રાસ્ટ્રકચર, આપણી પાસે એક સરસ બોર્ડ પણ છે તે ઈન્ફ્રાસ્ટ્રકચર બોર્ડ પણ તેનું કામ પણ વધુ ઉત્તમ કોટીનું પૂરું પાડવાનું જ છે અને એટલા માટે કોઈ નવું બોર્ડ કદાચ ભલે આપણે તેના માટે રચીએ ના રચીએ પણ માત્ર બ્રિજનું જ સંચાલન કરે, તેનું મેઈન્ટેનન્સ કરે, તેનું બ્રિજનું ક્રિએશન કરે, તેનું ડિઝાઈનીંગ કરે અને પૂરું થાય ત્યાં સુધીનું કામ તે કોઈ એક ઓથોરીટી પાસે હોય તો ચોક્કસ આપણો વિકાસ તેને વધુ વેગ મળશે અને મને આશા છે કે જ્યારે કોઈ એક પ્રગતિશીલ વિચારથી નવા નવા વિચારો સાથે રસ્તાઓનું પણ આધુનિકરણ, તેને મોડેલ બનાવવાનું જે રીતના સરકારશ્રીએ હાથ ધર્યુ છે તેમાં કોઈ પેલાથી નહીં પણ માત્ર આખા રાજયના વિકાસની

દ્રષ્ટિથી આ મારી વાત છે એને માટે મંત્રીશ્રી પણ હકારાત્મક અભિગમ લઈને એના ઉપર આ ગૃહમાં પણ આ બિલ આવ્યું છે એ નાતે પણ આપણે વધુ સારું કંઈક કરી શકાય એવી મને આશા છે અને માનનીય મંત્રીશ્રી પણ એમના પ્રગતિકારક વલણને કારણે કોઈપણ ઉમદા વાતને સ્વીકારવા હરહંમેશ તૈયાર હોય છે ત્યારે માનનીય દોલતભાઈને હું કહીશ કે તમે જે ઉદ્દેશો સાથે આ બિલ લાવ્યા છો એ એની અંદર ત્રિસ્તરીય અને ચાર સ્તરીય રસ્તાઓની વ્યવસ્થામાં માત્ર બ્રિજની જ વ્યવસ્થા થાય તો પછી નગરપાલિકામાં પણ નબળા બ્રિજ નહીં થાય. આજે લીમડીમાં આપણે દાખલ થવું હોય. રાજશ્રી મુનિના ઉત્સવમાં ભાગ લેવા હું જઈ રહ્યો હતો તો ભાવનગરથી લીમડી જતા ૧૫ મિનિટ સુધી બહાર ઉભા રહેવુ પડયુ. એક વાહન જતું હોય ત્યારે બીજુ વાહન જઈ શકે નહીં. આપણને એમ લાગે કે આ પ્રકારની સમસ્યા એક બે ઉદાહરણ છે. ભાવનગરમાં જૂના બંદરથી વાયા જે દરિયાની અંદર લકડીયો બ્રીજ છે એમાં બે પૈડાવાળા વાહન ચાલે છે. જો એ બ્રિજ મોટો થાય તો ભાવનગર શહેરની અંદરનો ટ્રાફિક એને હાઈવે પર જવા આવવાનું ભારણ ઘટે, ૨૫ કિલોમીટરનું અંતર ઘટે. મૂળ જે શહેર છે, એને હાઈવે ઉપર વાયા નિરમા ઉપર થઈને નીકળી શકાય. એને સરસ ડિઝાઈનીંગ કરીને જો કરી શકાય તો મને લાગે છે કે આની આ યોજના તો આપણે હમણા જ સાગરકાંઠા વિકાસ યોજના હમણા જ જાહેર કરી છે. આખા ૨૫ ગામના લોકો ભાવનગર મજૂરી કરવા જે આવે છે એમને આવી સુવિધા મળે તો રોજ સાંજે પોતાના ઘરે જઈ શકે. આ બે ત્રણ ઉદાહરણને ધ્યાનમાં રાખીને બ્રિજ માટેના એકસ્પર્ટસ અને એનું જ ધ્યાન રાખી શકે એવી કેન્દ્રિત વ્યવસ્થા થાય તો વધુ સારું છે. એના માટે માનનીય મંત્રીશ્રી જે કંઈ મેં એમની પાસે વિચારો મૂકયા છે એને ધ્યાનમાં રાખીને આ કામ જલદી થાય, સારા થાય એવું ચોકકસ કરશે એવી અપેક્ષા સાથે હું દોલતભાઈના બિન-સરકારી બિલમાં સૂર પૂરાવીને એમ કહું છું કે એમણે એક સરસ બિલ આ સભાગૃહની વિચારણા માટે મૂકયું છે. એમાંથી કંઈક સારા પરિણામો આવશે.

**ડૉ. કનુભાઈ કળસરિયા (મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દોલતભાઈ જે બિન-સરકારી વિધેયક લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે, વિધેયક ક્રમાંક-૧૭, ગુજરાત માર્ગ અને પુલ વિકાસ બોર્ડ વિધેયક. તેમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દોલતભાઈ આ વિધેયક લાગણીથી પ્રેરાઈને લાવ્યા હોય એવું તો સ્પષ્ટ લાગે છે. કેમ કે લાગણી સાથે બિલને જોડેલું છે. એટલે લાગણીસભર અને વાસ્તવિકતાથી થોડે દૂર, કેમ કે લાગણી અને વાસ્તવિકતા અલગ અલગ ચાલતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, એમની લાગણી તરીકે વાત બરાબર છે કે માર્ગો અને પુલો ખૂબ જરૂરી છે, માર્ગ અને મકાન વિભાગના હાર્દ સમાન છે. અને તાત્કાલિક આ વસ્તુ જયાં જરૂર હોય ત્યાં બને અને નિર્ણય લેવામાં વાર ન થાય તો સારું થાય, પણ હમણા મહેન્દ્રભાઈએ જે વિચારો વ્યકત કર્યા એમાં હું એટલા માટે સંમત થઈ શકતો નથી કે તંત્ર જયારે ખૂબ સરસ રીતે કામગીરી કરતું હોય ત્યારે જુદા જુદા વિભાજીત કરવાથી તંત્રનું કામ સુધરવાને બદલે બગડે પણ ખરું. એક ડોકટર તરીકે મેં અનુભવ્યુ છે કે સ્પેશ્યાલિસ્ટ, સુપર સ્પેશ્યાલિસ્ટ એમ થતા થતા અમે ડોકટર મિત્રો ભેગા થઈએ ત્યારે વાત થાય કે હવે તો અંગુઠાના પણ સ્પેશ્યાલિસ્ટ જુદા બનશે. પછી ટચલી આંગળી માટેના સ્પેશ્યાલિસ્ટ જુદા. એવી રીતે થતા થતા કેઓસ થઈ જાય સામાન્ય માણસ માટે અને નકકી કરવું મુશ્કેલ થાય કે શું તકલીફ છે. અંગુઠો દેખાડીએ પછી એ ડોકટર કહે કે આની નસ તો મગજમાં છે, એટલે તમે મગજના સ્પેશ્યાલિસ્ટ પાસે જાઓ અને પછી મગજના ડોકટર એવું કહે કે મગજને લોહી બરાબર મળતું નથી એટલે લોહીના અને ધમનીઓના ડોકટર પાસે જાઓ. ત્યારે જૂના જમાનામાં તો જે વૈદરાજો અને અનુભવી ફેમિલી ફીઝીશીયનો એ આજે પણ જે કાંઈ કરી રહયા છે કે જે સમગ્ર તંત્રને જાણે છે અને સમગ્ર તંત્ર અનુસાર એનો નિર્ણય લે છે અને ઘણાખરાને તો પોતે જ સાજા કરી દે છે અને એનાથી સાજા થાય તેમ ના હોય તો જ સ્પેશ્યાલિસ્ટને પાસે જવા માટે કહે છે. તો આવી રીતે પુલ અને રસ્તાની વાત છે એમાં અત્યારે હાલમાં જે તંત્ર કામ કરી રહયું છે અને માનનીય જે રીતના સુધારાઓ લાવતાં લાવતાં અત્યારે મારે કહેવું છે કે આ વખતના બજેટમાં ૧૨ જેટલી આવી આઈટમો ઉચ્ચકે જોગવાઈઓ દાખલ કરેલ છે કે જેની અંદર કયારેક પણ ના થયું હોય એવાં કામ કરવાની મોકળાશ આખા વિભાગને આવે છે. કેટલી સારી વાત છે કે તાલુકામાં ગ્રામ વિસ્તારના કાચા માર્ગને કપચીવાળા માર્ગમાં રૂપાંતર અને પછી જુદા જુદા કપચીવાળા માર્ગોને ડામરવાળા માગમાં રૂપાંતર્ર કરવા અને પછી હાલના માર્ગના ખૂટતા બેઠા પુલ નાળા વગેરે જયાં બાકી હોય એની પહેલાં આની જોગવાઈ પહેલાં નહોતી અને અલગ રીતે બજેટમાં આવે તો જ આઈટમો લઈ શકાતી હતી અને એના બદલે ઉચ્ચક જોગવાઈ પણ જયારે જરૂર લાગે ત્યાં આ કામ થઈ શકે એવી રીતે આ આઈટમો છે એ જાતોં તો લાગે છે કે આ કામો છે જે અત્યારે નિષ્ઠાપૂર્વક કામો કરી રહયા છે એમાં વધારો થઈ રહયો છે એમાં ઓર વધારો કરવાની માનનીય દોલતભાઈ અને માનનીય મહેન્દ્રભાઈની લાગણી છે એને ચોકકસ સંતોષી શકાય. માનનીય મંત્રીશ્રીએ એના હાર્દ સાથે સંમત થવું કે ના થવું એ એમનો વિષય છે, પરંતુ મને આ

દિશામાં કહેવાની તક મળી છે તો જરૂર એમ થાય છે કે છેલ્લા ૯ વર્ષમાં હમણાં સાયકલ સાથેની માતૃવંદના પદયાત્રા નીકળી હતી તો અમારી સાથે ૫૦ મિત્રો હતા. અમે ભાણવડથી હરીપુર ગામે નીકળ્યા તો મેટલવાળો રસ્તો હતો એ મેટલ રહી નહોતી એ ૨૦ વર્ષ પહેલાં બન્યો હશે અને રસ્તામાં નદી ઉપર પુલ આવ્યો, પરંતુ એ પુલનું અસ્તિત્વ જ નહોતું, પરંતુ ખબર પડતી હતી કે આની ઉપર કોઈ વખતે પુલ બનેલો છે. ૨૦ વર્ષ પછી કાંઈ થયું નહોતું અને એનો ઉપયોગ પણ નહોતો થતો અને ૯ વર્ષ થઈ ગયાં એ ગામડાંનો સંપર્ક હોવા છતાં કોઈએ માગણી કરી નથી. આ શું કામ બનાવ્યો હશે એની જરૂરિયાત નથી તો પણ કદાચ એ વખતે કદાચ કાર્યકર્તાઓને જરૂર હોય અને પછી કહે કે કોઈ કામ નથી કામ લાવો. આ વાતની ખબર નહીં, પરંતુ આવી રીતે કામ બન્યું હોય તો આ રીતે ત્યારે આ રીતે કામ કરતા હતા. અમારા જિલ્લામાં એ તંત્રની નિષ્ક્રિયતા ઘણી હતી, પરંતુ એમાં હમણાં હમણાં છેલ્લા ૮ વર્ષમાં ઘણો સુધારો થયો છે એનો હું સાક્ષી છું. અગાઉની મને ખબર નથી. રોગ જયારે શરીરમાં આવે છે ત્યારે ધડાધડ આવે છે, જેમ હમણાં પાણીનું પૂર આવ્યું અને રેલ આવી તો રસ્તાઓ એક સાથે ધોવાઈ ગયા, પરંતુ મરામતમાં વાર લાગે એ સ્વાભાવિક છે, પરંતુ આ તંત્ર જે રીતે કામ કરે છે એ રીતે લોકોને ફરિયાદ કરવાનો ભાગ્યેજ મોકો મળે છે અને આ રીતે ખૂબ સુધારાનું કાર્ય થઈ રહયું છે. અમારા વિસ્તારમાં ઈટીયા, કોદાળીયા અને કરજાળા ગામડાંની પરિસ્થિતિ એવી છે કે ચોમાસામાં બેટ બની જાય છે એના માટે અલગ જોગવાઈ કરી છે. ગામડાં બેટ બની જતાં હોય અને ચોમાસામાં એનો સંપર્ક કપાઈ જતો હોઈ એને જરૂર હોય એવા પુલ અને રસ્તા આપીને કનેકટીવીટી આપવી જોઈએ.

બીજું મારે કહેવું છે કે શરીરમાં લોહીની નસો, ધમની તંત્ર, શિરાતંત્રની જરૂરિયાત છે એવી જરૂરિયાત આ વિસ્તારમાં અથવા રાજયમાં રસ્તાઓની છે. રસ્તાઓ દ્વારા લોકોનો વહેવાર તો થાય છે. માનનીય દોલતભાઈ કહેતા હતા કે સુખ, શાંતિ અને આનંદ મેળવી શકે, પરંતુ એની સાથો સાથ બિમાર હોય ત્યારે મોટા શહેરમાં લઈ જઈ શકે અને ગામડામાં વાહન મળી શકે અને કોઈપણ વાહન ધંધાદારી વાહન પણ જલદી મળી શકે એ બધા કારણોને લઈને રસ્તાની અત્યંત આવશ્કયતા છે અને પુલ પણ અનિવાર્ય છે અને એનું જે રીતે કાર્ય થઈ રહયું છે એ જોતાં અલગ બોર્ડ બનાવીને વધારાની જફા કહું તો ખોટું ના ગણે, પરંતુ વધારાનું તંત્ર નિભાવવાની અને એના ઉપર કંટ્રોલ રાખવો અને કામ લેવું......

તેના માટે તંત્ર ઉભું કરવાને બદલે જે તંત્ર હાલમાં કામ કરી રહ્યું છે અને જે વધારે સક્ષમ બની રહ્યું છે તેને વધારે સક્ષમ બનાવવાથી આ પ્રશ્નનો ઉકેલ લાવી શકાય તેમ છે, એટલે સાથે સાથે માનનીય મંત્રીશ્રી અને વિભાગને અભિનંદન પણ આપું છું કે આવા કોઈ બોર્ડની જરૂરિયાત ન રહે તેવા પ્રકારની કામગીરી થઈ રહી છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. આટલું કહી અને મારી વાત પુરી કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિનિયર સભ્યશ્રી એક વખત આ વિભાગમાં પાંચ વર્ષ માટે મંત્રી રહી ચૂકયા છે, આ વિધાનસભામાં છ વખત ચૂંટાઈને આવ્યા છે, અને એમનો જે અભ્યાસ છે તે અભ્યાસના આધાર ઉપર એમણે પોતાના દિલની વાત આ બિલમાં રજૂ કરી છે. તેમાં હું મારો સૂર પુરાવું છું. દોલતભાઈ સાહેબ જે ચિંતા વ્યકત કરતા હતા કે જયારે બે વર્ષમાં પુલના વિકાસ માટે ૧૮.૩૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે, અને ખાસ કરીને માર્ગ અને પુલના વિકાસ માટે ૪૫.૦૨ જેટલી રકમ વિશ્વ બેંક, નાબાર્ડ અને એન.ડી.ડી.બી. પાસેથી સહાય લેવામાં આવી છે અને તેનું તગડું, ૯ ટકાથી વધારે વ્યાજ ચુકવવામાં આવે છે, કોઈપણ રાજયનો વિકાસ થાય, રાજય આગળ વધે, રસ્તાઓની સુવિધા થાય અને તેનું સારું કામ થાય તે બહુ સારી વાત છે, પણ આટલા બધા પૈસા ખર્ચીને બે વર્ષમાં સાડા અઢાર કરોડ રૂપિયાથી વધારે ખર્ચ થયો છે અને છતાં પુલની આજે જે સ્થિતિ છે તે બહુ નબળા પ્રકારની છે. આજે જે સ્થિતિ પુલોની છે તેમાં એટલો બધો ટેકસ આપવો પડે છે કે એક પુલ ઉપરથી બીજા પુલ ઉપર અને બીજા પુલ ઉપરથી ત્રીજા પુલ ઉપર એમ સો થી સવા સો રૂપિયા જેટલો ટેકસ આપવો પડે છે, મને ખ્યાલ છે કે સિદ્ધપુરથી બોમ્બે જવામાં ૧૧૦૦ રૂપિયા જેટલો ટેકસ આપવો પડે છે. માનનીય દોલતભાઈના બિલનું જે હાર્દ છે તે જે સરકાર નવ ટકાએ પૈસા લાવે તેના બદલે આવું કોઈ ડિપાર્ટમેન્ટ ઉભું કરવામાં આવે અને સ્પેશ્યલ આ પ્રકારનું જ કામ કરે તો ઘણો મોટો ફાયદો થઈ શકે. આજની સ્થિતિએ સરકાર રોડની ચિંતા કરે છે. અત્યારે હું કોઈ મજાક કે કોઈ સીરીયસ વાત પણ નહીં કરું કારણ કે બધા આજે સારી વાત કરી રહ્યા છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, જયારે આપણે બધા ચિંતા કરતાં હોઈએ ત્યારે ૨૦૦૬-૦૭ માં ૪૩૨ કરોડ રૂપિયા પ્રગતિ પથ, વિકાસ પથ અને કિસાન પથમાં ફાળવ્યા હતા, અને આ વખતે બજેટમાં આપણે એમ કહીએ છીએ કે રસ્તાઓ સારા થયા છે. આઈ.કે.જાડેજા સાહેબ સારું કામ કરે છે, પણ રાજય સરકાર વિભાગને બજેટ આપે તો ચોક્કસ કામ સારું કરી શકે, પણ આ વખતે એમાં પણ

૧૫૬ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. અમે ઈચ્છીએ કે એમને વધારે પૈસા આપવામાં આવે. મારે બિલ ઉપરની વાત કરવી છે કે સરકાર પુલો બનાવે પણ રેલવેના કેન્દ્ર સરકારના અનેક ગણા પૈસા આવતા હોય છે આપણે ઘણી વખત એવું જોયું છે કે કેન્દ્રનો રેલવેનો પુલ થઈ ગયો હોય પણ આપણે જે પુલ કરવાનો હોય તે ત્રણ-ચાર વર્ષ સુધી થયો ન હોય અને પછી મોડો થયો હોય, રેલવે ઉપરના પુલ માટે કેન્દ્ર સરકારની ગ્રાન્ટ આવી હોય અને તેનો પુલ થઈ ગયો હોય પણ આપણો પુલ કરવા માટે ઘણો બધો સમય લાગતો હોય છે. એટલે હવે વધારે વાત નથી કરતો પાંચ મિનિટ બાકી છે અને માનનીય મંત્રીશ્રી પણ બોલી શકે એટલા માટે મારી વાત પુરી કરું છું અને આ માનનીય દોલતભાઈના બિલના હાર્દ સાથે હું સંમતિ આપું છું.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા(ચકલાસી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દોલતભાઈ પરમાર જે વિધેયક લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરુ છું. આ બિલના ઉદ્દેશો અને કારણો બહુ સ્પષ્ટ છે. હું આ અંગે લાંબી વાત નહિ કરુ પણ મારા વિસ્તારમાં ત્રાંબવાથી ડભાણ સુધીનો રસ્તો દસ વર્ષ થયા બન્યો છે પરંતુ એક નાળુ નહિ બનવાને કારણે આ રસ્તાનો ઉપયોગ થઈ શકતો નથી. એ જ રીતે ચકલાસીથી સલુણ રસ્તો એમાં ૨૫-૩૦ હજારનું નાનું નાળુ એને પણ આપણે પુરુ કરી શક્યા નથી. આવા તો અનેક દાખલાઓ છે. રસ્તાઓ બને ખરા પરંતુ નાના પુલ ન હોવાને કારણે આ રસ્તાનો ઉપયોગ થતો નથી ત્યારે હું બીજી વાત નથી કરતો પરંતુ જિલ્લા કક્ષાએ કે તાલુકા કક્ષાએ સર્ચ કમિટી બનાવી આવા નાના નાના કામો હોય જે રહી ગયા હોય અને જેની પાછળ આપણે કરોડો રૂપિયા ખર્ચા હોય છતાં નાના એવા કામ માટે એ ઉપયોગમાં ન આવતું હોય ત્યારે એ સર્ચ કમિટી ધ્યાન દોરે. સલુણાથી રસ્તો થયો પરંતુ નાળુ નથી કર્યુ.

બીજું એક મારુ સૂચન એ છે કે રસ્તામાં જે મટિરિયલ વપરાય એનું જાહેરમાં બોર્ડ મૂકવું જોઈએ. કેટલું કાર્પેટીંગ થશે, કેટલું માટી કામ થશે, કેટલું મેટલ કામ થશે. અત્યારે આપણે અનુભવીએ છીએ કે રસ્તો રાતોરાત થઈ જાય છે. ધારાસભ્યશ્રીઓને પણ ખબર ન હોય એના પ્રતિનિધિઓને પણ ખબર ન હોય ત્યારે જ્યાં જ્યાં રસ્તાઓ કે પુલના કામો થતાં હોય ત્યાં તમારા પ્રતિનિધિઓ કે અમારા પ્રતિનિધિઓ હોય અથવા જિલ્લા પંચાયત હોય એને દેખરેખ રાખવા માટે તમારે કોઈકને કોઈક વ્યકિતને મૂકવા જોઈએ. રાતોરાત રસ્તો થઈ જાય છે. મારા ફતેપુરા-નડિયાદ-ચકલાસીનો રસ્તો રાતોરાત બે દિવસમાં થઈ ગયો. આ કામ ૪૦ લાખ ૮૦ હજારનું હતું. બીજી લાંબી વાત નથી કરતો પણ અમારા સાથી સભ્ય દોલતભાઈ પરમાર જે બિલ લાવ્યા છે એનો હેતુ સ્પષ્ટ છે. આવા જ્યાં જ્યાં રસ્તા બનાવતા હોય એની ઉપર સર્ચ કમિટી ધ્યાન રાખે તો આપણું કામ દીપી ઊઠે એટલી વિનંતી કરી વિરમું છું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી દોલતભાઈ જે વિધેયક લઈને આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું. અને બે બાબતો માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગું છું.

પંચાયત હસ્તકના જે રસ્તાઓ મંજૂર કરીએ છીએ એના જોબ નંબર આપી એમાં પહેલા મેટલ કામ થાય અને પછી પેવર માટેની મંજૂરી આપવામાં આવે છે. આ તબક્કે મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે એક વખત જોબ નંબર આપ્યા પછી જે પેવરના કામો થયા પછી એ રસ્તાનો વારો દસ વરસે આવે છે. અને દસ વર્ષ સુધી એ રસ્તો મંજૂર નથી થતો. એ રસ્તો ત્રણ ચાર કે પાંચ વર્ષમાં ખરાબ થઈ જાય છે. આ સરેરાશ રેશિયો છે, એક રસ્તો મંજૂર કર્યા પછી બીજી વખત એ રસ્તાનો વારો છેક દસ વર્ષે આવે છે. તેથી આ જે દસ વર્ષનો રેશિયો છે એમાં ઘટાડો કરવો જોઈએ તેવી હું માનનીય મંત્રીશ્રીને આપની મારફત વિનંતી કરુ છું.

બીજી વાત એ છે કે જમીન સંપાદનના કારણે વરસોથી રસ્તાની બંને સાઈડે કામ થઈ ગયું હોય પછી કયાંક જમીન સંપાદનનું કામ અટવાયું હોય અને જમીન સંપાદન ન થઈ હોય તો એના માટે રાજયકક્ષાની કમિટી જિલ્લામાં કે રાજયમાં જ્યાં જ્યાં જમીન સંપાદનના કારણે જે કામ અટવાયેલ હોય અને માનનીય શંકરભાઈએ કહ્યું એ પ્રમાણે બંને સાઈડો ઉપર કામ થઈ ગયું હોય અને પૈસા પણ ખર્ચાયા હોય અને વચ્ચે જમીન સંપાદનમાં મુશ્કેલી હોય ત્યાં મહેસૂલ વિભાગ તથા માર્ગ અને મકાન વિભાગ બંને વિભાગોએ સંકલન કરી આવી મુશ્કેલી હોય ત્યાં વહેલામાં વહેલી તકે નિરાકરણ કરવું જોઈએ. જેથી આ રસ્તો સારી રીતે થઈ શકે અને રાજયના આર્થિક વિકાસની અંદર માર્ગોનું જે મહત્ત્વ હાલ છે એ અસરકારક રીતે જળવાયા કરે એટલી વાત કરી વિરમું છું.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્ય મુરબ્બી દોલતભાઈ બિલ લઈને આવ્યા છે. મુરબ્બી સભ્યશ્રી આ વિભાગના મંત્રી પણ રહી ચૂક્યા છે અને એમને જે હાર્દ મૂકયું છે, ગુજરાતમાં રસ્તાઓ, પુલોનું જે પ્રકારે કામ થઈ રહ્યું છે એમાં વધુ ક્ષમતા રહે એ પ્રમાણેની એમની લાગણી રહેલી છે. એમણે પણ સ્વીકાર્યુ છે કે ગુજરાતના રસ્તાઓ સારા છે. અન્ય રાજયોના પ્રમાણમાં સારું માળખાકીય સ્તર આપણે ધરાવીએ છીએ. વિપક્ષના દંડકશ્રી સહિત અનેક સભ્યશ્રીઓએ જે બજેટમાં કહેવાની વાત બાકી રહી ગઈ હતી એ પણ વિચારો સભ્યશ્રીઓએ વ્યક્ત કર્યા છે. બાકીના અમારા સભ્યશ્રીઓએ તેમના વિચારો વ્યક્ત કર્યા છે. મેં બજેટની ચર્ચા સમયે જ જણાવેલું કે વિવિધ બાબતે સમગ્ર દેશમાં રસ્તાઓની સ્થિતિએ ગુજરાત અગ્રેસર રહેલું છે અને દેશની એવરેજમાં પણ વિવિધ ક્ષેત્રે ચાહે રૂરલ રોડ કનેકટીવીટી હશે, ચાહે દ્વિમાર્ગી રસ્તાઓ હશે, ચાહે રસ્તાઓની ગુણવત્તા માટેની બાબત હશે બધામાં આપણે શ્રેષ્ઠ

છીએ. મુરબ્બી શ્રી દોલતભાઈ દિલથી વાત લઈને આવ્યા હતા. મને હતું કે રસ્તાઓને કોઈના ગાલ સાથે સરખાવશે પણ તેમણે મારા કપાળ સાથે સરખાવ્યા છે. પણ અંતે તો તેમણે રસ્તાઓને વખાણ્યા છે. જે આપણા સૌ માટે સારી બાબત છે. તેમનું હાર્દ છે પુલોના વિકાસ માટેનું, ગુજરાતમાં એક લાખ કિલોમીટરથી વધારે રસ્તાઓ રહેલા છે. જેમાં લગભગ ૭૪ હજાર કિલોમીટરના પ્લાન રસ્તાઓ છે અને બાકીના નૉન પ્લાન રસ્તાઓ રહેલા છે. ગુજરાતમાં કૉઝવે, નાળા, નાના પુલ, મોટા પુલ આ બધું મળીને ૯૦,૦૦૦ કરતા વધારે આ પ્રકારના સ્ટ્રકચર રહેલા છે. જેને યોગ્ય સ્વરૂપમાં રાખવા માટેની આ સરકારે અને માર્ગ અને મકાન વિભાગે કાર્યપદ્ધતિ હાથ ધરેલી છે. સાથી સભ્યશ્રી પુંજાભાઈએ વિચારો વ્યક્ત કર્યા તે મુજબ ૨૦૦૨ પહેલાં એ પ્રકારની સ્થિતિ હતી કે છેલ્લા ૧૮-૨૦ વર્ષની એવરેજ કાઢીએ તો ૧૧-૧૨ વર્ષે રસ્તા રીકાર્પેટ થતા હતા અને મેં છેલ્લા ચાર વર્ષના આંકડા બજૅટમાં વાંચ્યા એ મુજબ આપણે અત્યારે એ સ્થિતિમાં આવી શક્યા છીએ કે ગુજરાતના તમામ રસ્તાઓ છથી સાત વર્ષે રીકાર્પેટ થઈ રહ્યા છે અને જે બાકી રહ્યા છે તે રસ્તાઓનો એ વર્ષમાં સમાવેશ થાય તે પ્રકારની પ્રક્રિયા લઈને આપણે ચાલી રહ્યા છીએ. માનનીય મુરબ્બી શ્રી દોલતભાઈએ જે પુલો માટેનો વિચાર વ્યક્ત કર્યો છે આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓ જાણે છે કે જી.એસ.આર.ડી.સી.ની, ગુજરાત સ્ટેટ રોડ ડૅવલપમેન્ટ કૉર્પોરેશનની આપણે રચના કરેલી છે અને આ કૉર્પોરેશન રસ્તાઓ અને પુલોને બાકીની પદ્ધતિ ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડૅવલપમેન્ટ બોર્ડની કાર્યપદ્ધતિ સાથે રહીને ખાનગી ધોરણે હાથ ધરાય એ પ્રકારની કાર્યપદ્ધતિ ૧૯૯૯થી આ રાજયમાં જી.એસ.આર.ડી.સી. દ્વારા શરૂ થયેલ છે. આમ છતાં માર્ગ અને મકાન વિભાગે વિવિધ તબક્કે તેના માટેની તકનિકી, તજજ્ઞ કાર્યપ્રણાલિ પણ પ્રાપ્ત કરેલી છે. ગુણવત્તા માટેની વિશેષતા પણ આપણે પ્રાપ્ત કરેલી છે એવા સ્વરૂપમાં ગુજરાતમાં ચાહે રસ્તાઓનું કામ હશે, ચાહે પુલોનું કામ હશે, ગુજરાતના સભ્યશ્રીઓ જાણે છે તે મુજબ રેલવે ઓવરબ્રિજ ભૂતકાળની સ્થિતિએ જે હતા, છેલ્લા ચાર વર્ષમાં આર.ઓ.બી.નો ખૂબ મોટા પ્રમાણમાં આપણે સમાવેશ કરી શક્યા છીએ. તેના કામો પૂર્ણ કરી શક્યા છીએ. આગામી બજૅટમાં પણ તેની ખૂબ મોટી જોગવાઈ કરી શક્યા છીએ. મેં હમણાં જ બજૅટ પ્રવચનમાં કહ્યું કે ચાર વર્ષમાં લગભગ ૮૩ જેટલા નાના-મોટા પુલો આપણે પૂર્ણ કરી શક્યા છીએ. આઠેક જેટલા પુલોનું કામ ચાલે છે. ૨૧ જેટલા પુલો આગામી વર્ષમાં અમલવારીમાં આવવાના છે. એવા સ્વરૂપમાં માર્ગ અને મકાન વિભાગે એક તકનિકી પ્રકારની કાર્યપદ્ધતિની અમલવારી સાથે એક વ્યવસ્થિત માળખાની સાથે વિભાગે પણ આ પ્રકારની ક્ષમતા પ્રાપ્ત કરેલી છે. તેની સાથે સાથે ચાહે દેશમાં પહેલો રેલવે ખાનગીકરણનો પ્રોજૅકટ હશે, ચાહે દેશમાં પહેલાં રસ્તાઓના ખાનગીકરણનો પ્રોજૅકટ હશે, જી.એસ.આર.ડી.સી. દ્વારા આ પ્રકારની ઉચ્ચતમ પ્રણાલિઓ આપણે પ્રાપ્ત કરી શક્યા છીએ. એવા સ્વરૂપે મુરબ્બી સભ્યશ્રી દોલતભાઈના હાર્દ સાથે હું સંમત છું કે વધુ વિકાસ આપણે કરવો જોઈએ. રસ્તાઓ અને પુલોને વધુ યોગ્ય સ્વરૂપ આપણે આપવું જોઈએ અને એ આપવા માટે જ્યારે રાજય સરકારે, માર્ગ અને મકાન વિભાગે યોગ્ય સ્વરૂપનું આયોજન કર્યું હોય ત્યારે હું સમજું છું ત્યાં સુધી આ પ્રકારના બિલની કોઈ આવશ્યકતા રહેતી નથી. માર્ગ અને મકાન વિભાગ આ દિશામાં ચોક્કસપણે કાર્ય કરવા માગે છે. ગુજરાતને જે પ્રકારે ઔદ્યોગિક વિકાસ પ્રાપ્ત થયો છે, ગુજરાતના બંદરોનો જે પ્રકારે વિકાસ પ્રાપ્ત થઈ રહ્યો છે એવા સ્વરૂપમાં રસ્તા અને પુલો માટે આપણે ચોક્કસપણે વધુ સારી કાર્યવાહી કરવી પડશે અને એ કરવાની જવાબદારી માર્ગ અને મકાન વિભાગ સ્વીકારે છે ત્યારે હું મુરબ્બીશ્રી દોલતભાઈને વિનંતી કરુ છું કે એ જે બિન સરકારી વિધેયક લઈને આવ્યા છે એ પાછું ખેંચે અને જે એમનું હાર્દ છે એ હાર્દનો સરકાર અને માર્ગ અને મકાન વિભાગની કાર્યપદ્ધતિમાં સમાવેશ થાય છે. આપણે સૌ સાથે મળીને એવા સહિયારા પ્રયત્નો કરીએ કે દિલથી પાછું ખેંચે બરાબરને? દિલથી જ પાછું ખેંચશે, હું દિલથી કહુ છું , હું તો એમના દિલમાં રહેલો જ છું કાયમ માટે બરાબરને દોલતભાઈ? એમના દિલમાં મારું સ્થાન છે જ એટલે એ ચોકકસપણે પાછું ખેંચે. અને એમના હાર્દ સાથે આપણે સંમત થઈએ અને આગામી દિવસોમાં સહિયારા પ્રયત્નો દ્વારા આ રસ્તા અને પુલોના માળખાકીય વિકાસ માટે સૌ કોઈ આપણું યોગદાન આપીએ.

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારા બિલના સંદર્ભમાં આ સન્માનનીય સભાગૃહમાં માનનીય નટવરસિંહ બાપુ, માનનીય મહેન્દ્રભાઈ સાહેબ, ડૉ. કનુભાઈ કળસરીયા સાહેબ, અમારા દંડકશ્રી બલવંતસિંહ રાજપુત, મુરબ્બી શંકરભાઈ વાઘેલા સાહેબ અને માનનીય ભાઈશ્રી પુંજાભાઈ વંશ તેમજ આ વિભાગના આદરણીય માનનીય મંત્રીશ્રી સાહેબે એમના વકતવ્યમાં ખૂબ ભાવનાથી વાત કરી છે અને મારા બિલના હાર્દને સમજવા માટે પ્રયાસ કર્યો છે, મારી ભાવનાને સમજવા માટે પ્રયાસ કર્યો છે ત્યારે હું એટલું જ કહેવા માગુ છું કે આ બિલ લાવવા પાછળનો આશય ખાતુ બંધ કરી દેવાનો નથી. આ બિલ લાવવાનો આશય એટલો જ છે કે કામમાં ગતિશીલતા આવે, ગુણવત્તા આવે, સમય સચવાય, સંકલન વધુ અને કંસ્ટ્રકશન મજબૂત થાય, એ દિશામાં વિચાર માટે હું આ બિલ લાવ્યો છું. મારી ખુશીની વાત એ છે કે એક દાખલો આપું, એક નમાજી મોલવી સાહેબ હતા, એ નિયમિત નમાજ પઢતા હતા, ત્યારે કોઈએ આવીને કીધું કે મૌલવી સાહેબ આપકી નમાજ કબૂલ નહીં હુઈ હૈ, એટલે મૌલવી સાહેબ આ સાંભળી નાચવા મંડયા, કુદવા મંડયા, તો કહે કે તમારી નમાજ કબૂલ નથી થઈ તો નાચવા શેના માંડયા છો? અરે કબૂલ નથી થઈ તો કંઈ નહીં નોંધ તો લીધી છે એટલું જ

મારા માટે ઘણું છે. અને આ ખાતુ એ રાજા ખાતુ છે. ખરેખર રાજાની સાથે રાજ ખાતાનો સુભગ સમન્વય થયો છે. જાડેજા સાહેબ પણ રાજા છે પણ એક એમણે ટકોર કરી કે આ રસ્તાને કોઈના ગાલ સાથે સરખાવવાનું રહી ગયું છે. અને મારા ભાલ સાથે કેમ સરખાવ્યું છે તો માનનીય મંત્રીશ્રીને મારી પ્રાર્થના છે કે અમારે ગ્રામીણ વિસ્તારમાં શહેરના જેવા રસ્તા, ઐશ્વર્યા રાયના ગાલ જેવા રસ્તા જોઈતા નથી. અમારે તો ગામડામાં વૈજંતિમાલાના ગાલ જેવા રસ્તા હશે તો પણ ચાલશે આટલી કાળજી રાખીને આપ ચાલશો તો પણ ઘણું છે. એટલા શબ્દો સાથે સમગ્ર સભાગૃહ જે ખૂબ લાગણીથી મારી ઉપર ઓળઘોળ થઈ ગયું છે અને માનનીય બેનશ્રી આનંદીબેન કયારેય હસતા નહોતા એ આજે ખૂબ હસ્યા છે. ખાસ સંજોગોમાં એમનો આભાર માનુ છું. સાથેસાથે માનનીય વજુભાઈ વાળા સાહેબનો પણ આભાર માનુ છું અને લાગણીને ધ્યાનમાં રાખીને આ વિધેયક પાછુ ખેંચી લેવાની આપની પાસેથી રજા માગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૦૩નું વિધેયક ક્રમાંક: ૧૭, સન ૨૦૦૩નું ગુજરાત માર્ગ અને પુલ વિકાસ બોર્ડ વિધેયક પાછુ ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૩નું વિધેયક ક્રમાંક: ૧૭, સન ૨૦૦૩નું ગુજરાત માર્ગ અને પુલ વિકાસ બોર્ડ વિધેયક પાછુ ખેંચી લઉ છું.

**અધ્યક્ષશ્રી .** : વિધેયક પાછુ ખેંચવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી .** : મને લાગે છે કે આ સત્રમાં સૌથી વધારે સુંદર સમય હોય તો આજના માનનીય દોલતભાઈના પ્રવચનનો છે.

**સચિવશ્રી** : સન ૨૦૦૪નું વિધેયક ક્રમાંક-૨૯-સન ૨૦૦૪નું ગુજરાત (રાજ્ય સેવક દ્વારા) લોક તિરસ્કાર નિવારણ વિધેયક.... (થોડી વાર બાદ) **માનનીય સભ્યશ્રી સાબીરભાઈ ખેડાવાળા ગેરહાજર.**

**સચિવશ્રી** : સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૦૭નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક....(થોડી વાર બાદ) **માનનીય સભ્યશ્રી સિદ્ધાર્થ પરમાર ગેરહાજર.**

### સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક:-૧૧
### ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક,૨૦૦૭
### ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગ અટકાવવા અને તેની સાથે સંકળાયેલી બાબતો બાબત વિધેયક.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા(માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૧૧- સન ૨૦૦૭ના ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૧ સદીનું આધુનીકરણ, એક બાજુ ટી.વી.નું વધુ પડતું આક્રમણ અને એ પરિસ્થિતિમાં શિક્ષણ જગતની અંદર એક નવું દૂષણ દિન પ્રતિદિન ઊભું થતું રહ્યું છે. ગામડાના લોકો શહેરમાં દૂર દૂરથી ભણવા માટે આવે છે. હોસ્ટેલમાં રહે અને સ્કૂલમાં ભણે. પરંતુ પરિસ્થિતિ એવી થઈ છે કે શિક્ષણ જગતમાં દિન પ્રતિદિન વધુ પડતું થતું દૂષણ રેગીંગ એ આજે કલંક થઈ ગયું છે. શૈક્ષણિક સત્રની શરૂઆત થાય ત્યારે વિદ્યાર્થીઓ ખૂબ જ ઉમંગથી અને ઉત્સાહથી નવી દિશા અને નવી વાત સાથે શહેરમાં ભણવા માટે હોસ્ટેલમાં એડમિશન લે છે. લોકો ઘેરથી નીકળે છે ત્યારે એને કશી જ ખબર નથી કે અમે જે હોસ્ટેલમાં જઈએ છીએ, જે સ્કૂલમાં એડમિશન લઈએ છીએ ત્યાં શું પરિસ્થિતિ થવાની છે? ગઈ કાલ અને આજ. ગઈ કાલ એવી હતી કે ગામડેથી હોસ્ટેલમાં ભણવા માટે આવીએ તો આપણા સિનિયર વિદ્યાર્થીઓ હોય એ આપણને પોતાની પાસે રાખે, સમજાવે અને એમ કહે કે આટલા આટલા રુલ્સ છે અને શિખામણ આપીને સંભાળપૂર્વક રાખવાની પ્રક્રિયા હતી. પરંતુ મેં કહ્યું એમ ટી.વી.નું આક્રમણ અને ૨૧મી સદી, વધુ પડતા ક્યાંક ન કહેવાય એવા દૂષણોના કારણે પરિસ્થિતિ એવી થાય કે જે વિદ્યાર્થી આવે છે એને આવકારવાના બદલે તેના ઉપર, તેના માનસ ઉપર એક કુઠારાઘાત થાય એવો પ્રયત્ન રેગીંગ દ્વારા થાય છે. પરિણામે ખૂબ જ ઊંચા માર્કસ લઈને આવેલો વિદ્યાર્થી હોય કે વિદ્યાર્થીની હોય એ ડિપ્રૅશનમાં આવે છે. ઘણીવાર એટલી બધી માનસિક તકલીફ પડે છે કે એ વ્યક્તિ અભ્યાસ છોડીને ઘેર જતી રહે છે અને ઘણીવાર એવું પણ બને છે કે ડિપ્રૅશનમાં આવેલ વિદ્યાર્થી ક્યાંક આપઘાત કરે એવી સ્થિતિ બનતી જાય છે. આવા સંજોગોમાં જે પરિસ્થિતિઓ છે, આપણે જોઈએ છીએ કે સ્કૂલમાં શૈક્ષણિક સત્ર શરૂ થાય ત્યારે મિડિયા દ્વારા અથવા આપણને મળતી રજૂઆતો દ્વારા આવા કિસ્સાઓ દિન પ્રતિદિન વધતા જતા હોય એવું જણાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની અંદર ગુરુ અને વિદ્યાર્થીનો એક પરસ્પર પવિત્ર પ્રેમનો સંબંધ હતો. ગુરુ ઊભો થાય, ગુરુ બોલે ગમે એવો વિદ્યાર્થી હોય એ એનું માન-સન્માન રાખતો હતો પણ હવે સ્થિતિ બદલાઈ ગઈ છે. અત્યારે આચાર્યના કંટ્રોલમાં પણ વિદ્યાર્થી નથી એવા સમાચાર અને રજૂઆતો મળી છે. કૉલેજના કે સંસ્થાનો

વડો વિદ્યાર્થીને કહી ના શકે એવી સ્થિતિ નિર્માણ થઈ છે અને એના કરતા પણ પરિસ્થિતિ ત્યારે બગડે અને એમાં મૅડિકલ કૉલેજ, એન્જિનિયરિંગ કૉલેજ જે જે મહત્ત્વની કૉલેજ, એમ.બી.એ. કૉલેજ છે ત્યારે આ બાબતમાં આપણને સૌને ચિંતા રહી છે અને ધારાસભ્યોનું ધ્યાન આ બાબતમાં દોરવાનો મારો એક હ્રદયપૂર્વકનો પ્રયાસ છે. રેગિંગ પ્રથાને કારણે સમાજ રચનામાં ૨૧મી સદીની વાત, પરંતુ મારે આપના દ્વારા સભાગૃહના તમામ સભ્યશ્રીઓને એક વાત કરવી છે કે એક વિદ્યાર્થીનીને ૨૧મી સદીની ગમે તેવી હવા હોય તો પણ જે સમાજમાં જીવે છે, સમાજનું જે ઘરનું ઘડતર છે એમાં વિદ્યાર્થીની સીધી કૉલેજમાં આવી ૨૧મી સદીનો વિચાર કરે એવું બનતું નથી. મારી પાસે રજૂઆત આવી અને એ રજૂઆત એવી આવી ધરાર ઈરાદાપૂર્વક એના ઉપર રેગિંગ કરવામાં આવે અને કહેવાય કે તમારે પિકચર જોવા આવવાનું છે, વિદ્યાર્થીને ફરજિયાત પિકચર જોવા જવું પડે એટલું જ નહિ એને એમ કહેવામાં આવે કે તમે પાછળ મોઢું રાખીને બેસો. મને એમ લાગે છે કે આ કોણ કરે છે? વિદ્યાર્થી કરે છે. જેને ભણવું છે એ લોકો કરે છે. હોસ્ટેલની અંદર એવા લોકો રહેવા માંડ્યા છે કે બે-ત્રણ-ચાર ટર્મ ભણવું નથી. ફેઈલ થયા છે અને ફેઈલ થઈને પોતાની મોનોપોલી, પોતાની દાદાગીરી અથવા અમે સિનિયર છીએ એવી એક વાત ઊભી કરવા માટે વિકૃત માનસ હોવાને કારણે રેગિંગ દિન પ્રતિ દિન વધતું જાય છે ત્યારે કાયદાઓમાં ફેરફાર કરવો પણ જરૂરી છે. માનનીય આનંદીબેન 'મોહીનીબા' જેવી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ રહ્યાં છે. જે સ્કૂલ અમદાવાદની સર્વશ્રેષ્ઠ ગણાતી હતી. અમે ભણતા ત્યારે પણ એમ થતું કે 'મોહીનીબા' સ્કૂલ જેવી સ્કૂલ નથી. એક સમયની વાત અને આજની ૨૧મી સદીમાં પહેલા ગુરુ હોય કે શિક્ષકનો ડર હતો એ ડર નથી રહ્યો. આજે શિક્ષક અને વિદ્યાર્થી એક બીજાના ખભા પર હાથ રાખીને ચાલે છે. તમાકુની પટ્ટી હોય એમાંથી વિદ્યાર્થી અને શિક્ષક ખાય. કયાંય ડર નથી અને ડર ના હોય ત્યાં કાં પ્રેમથી, કાં કોઈ સમજીને, કાં ડરથી સમજે. હવે પરિસ્થિતિ એવી છે કે ડરથી સમજાવવો પડે તો કાયદો લઈ આવીને જે સ્થિતિ છે એમાં નવા કાયદાથી, નવી વાતથી સુધારો લાવવાની જરૂર છે. મારે એમ કહેવું છે કે આ રેગિંગની પ્રક્રિયા ગુજરાતમાં નહોતી. આઉટ સાઈડરોમાં બહુ હતી અને એક વખત એવું હતું કે ગુજરાતમાં આના માટે આવતા દિવસોમાં પણ આપણે જાગવું પડે તો કાંઈક કરીએ. ૨૦૦૦માં આ ચર્ચા થઈ હતી. આ સભાના સભ્યશ્રી માયાબહેન એ વખતે આ વિધેયક લાવ્યા હતા. સંબંધિત મંત્રીશ્રીએ જવાબ આપ્યો હતો કે આપણે લઈ આવીશું. એ પછી સમસ્ત કૉલેજની યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરોની એક મિટિંગ બોલાવવામાં આવી અને તેમની પાસેથી સૂચનો લેવામાં આવ્યાં. કઈ દિશામાં શું કાર્યવાહી કરવી તેની એક કમિટી બનાવવામાં આવી અને કમિટીએ રિપૉર્ટ સબમીટ કર્યા પછી વાત એવી હતી કે ગુજરાતની અંદર વિધેયકના રૂપમાં વાત આવશે. અત્યાર સુધી વિધેયકના રૂપમાં એ વાત ના આવી ત્યારે મંત્રીશ્રીએ એવું કહ્યું હતું કે આવા બનાવો બન્યા નથી બનશે પછી વિચારીશું. અત્યારે આવા બનાવો બનવા શરૂ થઈ ગયા છે. કયાંક રજૂઆત આપણી પાસે આવે છે, કયાંક નથી આવતી પણ કોઈ કૉલેજ મૅડિકલ કૉલેજ, એમ.બી.એ.કૉલેજ, એન્જિનિયરિંગ કોલેજ હોય કે સામાન્ય કૉલેજમાં કયાંક રમૂજવૃત્તિ, કયાંક વિકૃત માનસના કારણે આવું ના બનતું હોય? મારે એક-બે વાત એ કરવી છે એ બિલમાં લઈ આવે. જે વ્યકિત રેગિંગના કૃત્યમાં પકડાય એને સજા થવી જોઈએ. માનો કે, એના વડા છે એણે ધ્યાન ન દીધું હોય તો એના ઉપર પણ કાયદાકીય પગલા લેવા જોઈએ અને એને દસ હજારનો દંડ થવો જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, રેગીંગ કરનારા વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં આબાદ રહે, હોસ્ટેલમાં એનું એડમિશન ન હોય તો પણ ત્યાં રહે અને એની એટલી બધી મોનોપોલી અને જાહોજલાલી હોય. ત્રીજી વસ્તુ કહેવી છે કે, એક સમય એવો હતો કે વિદ્યાર્થી જગતમાં રાજકારણ નહતું પણ અત્યારે દિન પ્રતિદિન ગુજરાતમાં નહીં પણ સમગ્ર વિશ્વમાં આ છે, ગુજરાતમાં પણ વિદ્યાર્થી જગતમાં રાજકારણ શરૂ થયું છે અને જે રાજકારણ શરૂ થયું છે એના કારણે દિન પ્રતિદિન મને એમ લાગે છે કે, આ વિકૃતિ વધતી જવાની છે ત્યારે હું આ બિલ લઈને આવી છું, તમામ સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, ક્યાંક આપણી દીકરી-દીકરો, ક્યાંક આપણો પરિવાર, કયાંક આપણા ગામમાં આવેલા આપણા મત વિસ્તારના લોકો, કયાંકને ક્યાંક આ સફર થાય છે અને સફર થાય છે ત્યારે મારી વિનંતી છે કે, આ બાબતની પ્રક્રિયા જુએ.

માનનીય અધ્યક્ષશ્રી, બે વાત મારી પાસે આવી હતી, સરકારી મૅડિકલ કૉલેજની હોસ્ટેલના જુનિયર વિદ્યાર્થીનું રેગીંગ, ૨ ફેબ્રુઆરી, ૨૦૦૪ ચાર દિવસ સુધી જુનિયર વિદ્યાર્થી ઉપર રેગીંગ થયું અને એ રેગીંગ થયું ત્યારે અમે કાગળો લખ્યા, ડીનને પૂછયું અને ડીને જે જવાબ આપ્યો એ એટલો જ આપ્યો કે અમે એની સામે, જે થયું છે એ થયું છે પણ એને માત્ર અમે ઠપકો આપ્યો છે. હું પણ સમજું છું કે, વિદ્યાર્થી કદાચ રમૂજમાં ભૂલ કરે, રમૂજમાં ક્યાંક નિદોર્ષતાથી ભૂલ થાય તો એનું ભવિષ્ય ન બગડે એની કાળજી પણ આપણે રાખવી પડે પરંતુ ઘ ણીવાર એવું બને કે ચાર-પાંચ વિદ્યાર્થીઓના કારણે બીજા દસ વિદ્યાર્થીઓનું ભવિષ્ય ન બગડે માનનીય અધ્યક્ષશ્રી, એમ.બી.એ. જે મહત્ત્વની કૉલેજ છે અને જે અમદાવાદની ક્રિમ છે. માસ્ટર ઑફ બિઝનેસ જેવી મહત્ત્વની કૉલેજમાં પણ ૨૭ ઑગસ્ટ, ૨૦૦૦ના છોકરીઓ પાસે અમુક જ કપડા પહેરવાના અને એના કરતાં પણ આગળ વધીને કોઈ ગીત ગાય એના તાલે નૃત્ય કરવાનું, આવી રજૂઆત મળી, મેં તપાસ પણ કરાવી અને એના પૂર્વે આવતા દિવસોમાં આ સ્થિતિ વધુ ના વણશે ત્યારે આ બિલ રૂપે આપ સૌ સમક્ષ મેં મારા વિચારો વ્યક્ત કર્યા છે, જે વાત કરી છે એ લાગણીની કરી છે ત્યારે મને વિશ્વાસ છે કે, આ તમામ સભ્યશ્રીઓ પાસે હું આ બિલ મૂકું છું ત્યારે પોતાના વિચારો વ્યક્ત કરે.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ(સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્નમાનીય સભ્ય માનનીય ચંદ્રિકાબેન જે બિલ લઈ આવ્યા છે એ ભાવના સાથે હું સંમત થાઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, આપણા સાંસ્કૃતિક વિરાસતમાં એમ કહ્યું છે કે, વિદ્યા વિનયતે શોભતે અને આ દેશની ઋષિ પરંપરામાં જેનો ઉલ્લેખ બહેનશ્રીએ કર્યો કે, સાંદીપનિ ઋષિના આશ્રમમાં એક શ્રીકૃષ્ણ જેવા તવંગર અને સુદામા જેવા એક ગરીબ વિદ્યાર્થી સાથે મળી અને પૂરતું શિક્ષણ લઈ શકતા હતા એ આ હિન્દુસ્તાનની સાંસ્કૃતિક વિરાસતનો ઉત્કૃષ્ઠ નમુનો છે. દૂરદર્શનના આક્રમણ અને અતિક્રમણને લઈ અને પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવમાં હિન્દુસ્તાનનું સાંસ્કૃતિક વિરાસતનું અધ:પતન બેશક આપણા માટે ચિંતાનો વિષય છે અને આ ચિંતાનો વિષય જ્યારે પેદા થયો છે ત્યારે આપણી શિક્ષણ સંસ્થાઓમાં પેદા થયેલી માનસિક વિકૃતિને માટે આપણે બધાએ ચિંતા કરવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, આજ પાશ્ચાત્ય સાંસ્કૃતિના આક્રમણને લઈ અને આ જે વિદ્યા સંકુલોમાં વેલેન્ટાઈન ડે જેવા દિવસો ઉજવવામાં આવે છે અને આ વેલેન્ટાઈન ડે જેવા દિવસો ઉજવી અને આપણી બહેન દીકરીઓને જે પ્રકારે એમની સાથે વ્યવહાર કરવામાં આવે છે આ ચિંતાનો વિષય આપણા માટે છે. આપણે સૌ જાણીએ છીએ કે, સહજાનંદ કૉલેજની બહાર કેટલાક તત્ત્વો સરખેજ અને જુહાપુરાથી આવી અને આ દીકરીઓને હેરાન કરી રેગીંગ કરતા આપણે રંગે હાથ પકડી અને એમણે જેલના સળિયા પાછળ ધકેલ્યા છે. એજ બતાવે છે કે, આજના સમાજ વ્યવસ્થામાં આ વિકૃતિને એક પ્રાધાન્ય મળ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મૅડિકલ કૉલેજમાં આજથી ૩૦ વર્ષ પહેલાં હું દાખલ થયેલો અને તત્કાલીન સમયે આવી કોઈ રેગીંગ પ્રથા નહતી, પરંતુ કેટલાક પ્રવેશ નિયમો બદલવાના કારણે પરપ્રાંતમાંથી અનેક વિદ્યાર્થીઓ ત્યાંના પર્યાવરણમાં જ્યારે ઊછર્યા હોય ત્યારે એ પર પ્રાંતના વિદ્યાર્થીઓ જ્યારે મૅડિકલ અને ઇજનેરી કૉલેજોમાં એડમિશન લે છે ત્યારે છેલ્લા કેટલાક વખતથી આ પ્રકારની માનસિક વિકૃતિ ઉચ્ચકક્ષાની જે શિક્ષણ સંસ્થાઓ છે એમાં જોવા મળે છે અને જયારે આવી પરપ્રાંતમાંથી આવતી રેગીંગની પ્રથા જોવા મળે છે ત્યારે આપણે એટલું જ કહી શકીએ કે વિદ્યા કેવી હોવી જોઈએ. એમાં ઉપનિષદમાં કીધું છે કે "દ્વૈ વિદ્યા વિદિતવ્યૈ પરા ઐવ અપરાચ" બે પ્રકારનું શિક્ષણ હોવું જોઈએ. એક બાહય અને એક આંતરિક. જયાં સુધી વિદ્યાર્થીમાંથી એક પ્રકારની આંતરિક ભાવના પેદા નહીં થાય એ જે વિદ્યાશાળામાં જાય છે ત્યાં કેવળ વિદ્યા લેવી જોઈએ એ પ્રકારની ભાવના વિદ્યાર્થીઓમાં પેદા નહીં કરી શકીએ તો આવા વિદ્યાર્થીઓનું ભવિષ્ય ચિંતાનો વિષય બની જાય છે ત્યારે આ વિધેયક લઈને આવ્યા છે એમાં અનેક કલમની જોગવાઈ છે એમાં બહેને કહ્યું શૈક્ષણિક સંસ્થાઓ બહાર અને અંદર રેગીંગ થવું એ કલમ-૩ની અંદર છે. કલમ-૪માં એને બે વર્ષની કેદની સજા અને ૧૦૦૦૦નો દંડ થઈ શકે. કલમ-૫માં જે વિદ્યાર્થી આ પ્રકારની પ્રવૃત્તિઓ કરતા પકડાય એને સંસ્થામાંથી પાંચ વર્ષ માટે બરતરફ કરવાની પણ જોગવાઈ કરવામાં આવે છે. કલમ-૬માં ફરિયાદ કરે એટલે સંસ્થાના વડા એની તપાસ કરી અને સાત દિવસ સુધીમાં લેખિત જવાબ આપવા બંધાયેલો છે. આવી વિશિષ્ટ કલમની અંદર વિવરણ કરવામાં આવ્યું છે. ક્લમ-૬માં વિવરણ કર્યું છે કે અગર જો સંસ્થાનો વડો રેગીંગ કઈ રીતે થાય છે એના ઊંડાણમાં જતો નથી. આપણે સૌ જાણીએ છીએ ઊઠ બેસ કરાવે, શારીરિક અથવા માનસિક ત્રાસ આપવા એવા અનેક પ્રકારના રેગીંગ હોઈ શકે. રેગીંગની પરિભાષામાં ઊંડાણમાં જવા માગતો નથી પણ જેને રેગીંગ તરીકે સ્વીકૃત કરીએ એ રેગીંગ પ્રથા આપણા ગુજરાતમાં શાંતિપ્રિય ગાંધીના ગુજરાતમાં ન થાય એ આપણા માટે પ્રાથમિકતા હોવી જોઈએ અને એ ચિંતાનો વિષય જયારે બન્યો છે ત્યારે આ બીલ લઈને આવ્યા છે એના હાર્દ સાથે આપણે સૌ સંમત થઈએ છીએ. આનો ઉકેલ શું હોઈ શકે? કેવળ કાયદો ઘડવાથી આ રેગીંગ બંધ થઈ જવાનું છે? કાયદાની પરિસીમામાં કેટલીક જોગવાઈ આજે પણ છે અગર એ રેગીંગ ન હોય પણ કોઈપણ આપણે શારીરિક કે માનસિક ત્રાસ આપે તો હિન્દુસ્તાનના કાયદામાં સજા કરવાની જોગવાઈ આપણા બંધારણે ઘડેલી છે ત્યારે કેવળ કાયદો કામ આવવાનો નથી એટલે જ ભગવદ ગીતામાં એમ કહ્યું છે કે પરસ્પરં ભવયંત: શ્રેય: પરંઅવપશ્યત: પરસ્પર માન અને સન્માન, ભાતૃભાવની ભાવના જો હોય તો ભૌતિક, આધ્યાત્મિક સારપતા ભોગવી શકીએ છીએ. વિદ્યાશાખામાં રૂષિ પરંપરા પુનર્જીવિત કરવી પડશે. વિદ્યાર્થીને આપણું શિક્ષણ આપવું પડશે કે આ દેશની સંસ્કૃતિ કયા પ્રકારની છે. દેશની સંસ્કૃતિનું અવમૂલ્યન થતું હોય ત્યારે આપણે વિદ્યાર્થીને શિક્ષણના માધ્યમ દ્વારા અને જયાં જયાં જરૂર પડે ત્યાં કાયદાની પરિભાષામાં રહીને સજા કરવાની જોગવાઈ કરવી પડશે. મારે એટલું જ કહેવું છે કે જયારે વિદ્યાર્થી કોઈપણ સંસ્થામાં એડમિશન લે ત્યારે એ ખરાબ હોતો નથી. બાળક જયારે પર્યાવરણમાં, જે વાતાવરણમાં જાય છે ત્યારે ગુનેગાર બને છે એટલે જ આપણે સૌ જાણીએ છીએ હમણાં બે પીકચર ચાલ્યા છે. મુન્નાભાઈ એમ.બી.બી.એસ. અને લગે રહો મુન્નાભાઈ આ ચલચિત્રમાં મુન્નાભાઈ નામનું પાત્ર પહેલા કેવું હોય છે એની ભાવના કેટલી ઉત્કૃષ્ટ હોય છે એ આપણે સૌ જાણીએ છીએ અને એ પહેલા ચલચિત્ર દ્વારા જણાવે છે એક તબીબમાં માનવતાની ભાવના હોય છે પરંતુ પરિસ્થિતિ પેદા થઈ એને કારણે વિકૃત માનસને લીધે કોલેજમાં પણ એવું વર્તન કરતો હતો. અગર એનામાં સુધારો થઈ શકે તો એ માનવતાવાદી ડોકટર પણ બની શકે એવી જ રીતે લગે રહો મુન્નાભાઈના પ્રથમ ભાગમાં કેવા મવાલીનું પાત્ર છે કે એક શિક્ષકને મારે છે, વિદ્યાર્થીને મારે છે. પરંતુ ગાંધીજીનો પ્રભાવ આવે છે એમાં ગાંધીજીના પ્રભાવ હેઠળ કેવો મુન્નાભાઈ બની રહે છે અને આવી ગાંધીગીરી સમાજે સ્વીકૃત બનાવી છે. ત્યારે માત્ર એમ કહેવું છે ભાવના સારી છે. હાર્દ સારો છે. આપણે માનીએ છીએ કે પ્રિવેન્શન ઈઝ બેટર ધેન ક્યોર એવી રીતે ક્યારે આ રોગ કૅન્સરની ગતિએ સમાજ જીવનને વેરવિખેર કરી નાખે

એ પહેલા આપણે સૌએ જાગૃત થવાની જરૂર છે. જાગૃત થવાની જરૂર છે ત્યારે મારે નાનો દાખલો આપવો છે. એક રાજાના ૩ કર્મચારીઓ હતા. એમાં એક કર્મચારી અતિ પ્રિય છે. ૩ કર્મચારીઓએ એક દિવસ ગુનો કર્યો. રાજાએ ફરમાન કર્યુ પહેલા કર્મચારીને ફાંસીની સજા અને બીજા કર્મચારીના હાથ-પગ કાપી નાખ્યા, ત્રીજો પ્રિય કર્મચારી હતો એને માત્ર ઠપકો આપ્યો. બીજી સવારે ત્રીજા કર્મચારીએ આત્મહત્યા કરી લીધી હતી. એને પોતાને અહેસાસ થવો જોઈએ મેં કંઈક ભૂલ કરી છે. જો એવા સમાજનું નિર્માણ કરી શકીશું તો વિદ્યાર્થી સમન્વય સમિતિઓ દ્વારા ગુરુ અને શિષ્યની પરંપરાને ફરી પુનઃ જાગૃત કરી અને આ પરંપરા અને આ પ્રકારના અભ્યાસ અને સમન્વય સમિતિ દ્વારા અગર જો પરિણામ ન આવે તો અત્યારનો કાયદો છે, તે કાયદાના માધ્યમ દ્વારા જ તેને સજા આપી અને આપણે રેગિંગની પ્રથાને જડમૂળથી નાબૂદ કરવાને સૌ સભાગૃહ સંમત થાય અને મને બોલવાની તક આપી એ બદલ આભાર.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના આપણા સિનિયર સભ્ય આદરણીય ડો. ચંદ્રિકાબેન ચુડાસમાએ જે સમાજની આવતીકાલની પેઢીની ચિંતા કરી છે. જે વિધેયક લાવ્યા છે. આ વિધેયકની પાછળ બહેને પોતાના અનુભવની વાત પણ કરી છે. સમાજ જીવનની વ્યવસ્થાના કેટલાક પાસાઓને ડો. જિતુભાઈએ પણ ઉજાગર કર્યા છે. મારે શિક્ષણના વ્યવસાયની સાથે આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ પણ કેટલીક બદીઓ દેખાતી નહિ હોય તેવી પણ ગુજરાતમાં પ્રવેશ કરી ચૂકી છે. શિક્ષણની આ સંસ્થાઓમાં ડિગ્રી બનાવવાનાં કારખાનાની હોડમાં ક્યાંક માણસાઈ જતી રહી છે. સારામાં સારા મકાનો બનાવીને ખૂબ સારી યુનિવર્સિટીઓમાં ડિમ્ડ યુનિવર્સિટી બનાવી, પણ સંસ્કારની સર્વાણી વહે એવા પ્રકારની સંસ્થાની દેશમાં તો ખોટ છે, પણ આપણે ત્યાં ખોટ સાલે છે, એનું કારણ એ છે કે એમાં કાયદો કે વ્યવસ્થા કે સરકાર એની તો જવાબદારી છે જ, પરંતુ આપણું બાળક એ સવારથી પોતાનાં માતા-પિતાને નમે છે. રસ્તામાં પડેલા માણસને અકસ્માત થાય છે, એમાં કોઈ ચોપડીમાં લખ્યું નથી કે આને દવાખાને લઈ જવો. એવી કંઈ પ્રેરણા છે કે દવાખાને ખભે ઉંચકીને લઈ જવા પ્રેરે છે, એ પણ સંસ્કાર છે અને આપણે ગુજરાતીઓ ભાગ્યશાળી છીએ કમસે કમ આખા દેશમાં જે પ્રકારની પરિસ્થિતિ છે, એનાથી લાખ ગણી પરિસ્થિતિ ગુજરાતની સારી છે. શિક્ષણની સાથે જ્યારે ટકાની દોડમાં વિદ્યાર્થી પડ્યો છે. ડાર્વિનના ઉત્ક્રાંતિવાદના સિદ્ધાંતને સ્ટ્રગલ ફૉર એક્ઝિસ્ટન્સમાં પડ્યો છે. પ્રવેશ લેવા માટે અંગ્રેજી માધ્યમની હોડમાં અમારી પાસે પણ બહું મોટી ભલામણો આવે છે, ત્યારે હું તો વિવેકપૂર્વક સમજાવું કે આપણે અંગ્રેજી બનવું છે? અંગ્રેજિયત કરવી છે? હું માનું છું કે ગાંધીજી અંગ્રેજી ન ભણ્યા હોત તો વિલાયત ન ગયા હોત અને કાળા ગોરાની ભેદની એને અનુમતિ ન થઈ હોત તો કદાચ આઝાદીનો સંગ્રામ ન થયો હોત, પણ ગાંધીજીમાં અંગ્રેજિયત આવી નહોતી. સરદાર વલ્લભભાઈ પટેલ અંગ્રેજી ન ભણ્યા હોત તો બૅરિસ્ટર ન થયા હોત, પણ સરદાર વલ્લભભાઈ પટેલમાં ધરતીના ધાવણની સુગંધ છેક સુધી રહી, એના કારણે આપણા સમાજનું વાતાવરણ છે. વાતાવરણ કોણ બનાવી શકે? શાસન વ્યવસ્થા એનો એક ભાગ છે. આપણે કહીએ અંગ્રેજીના પુસ્તકો, સિલેબસ કેવા હોવા જોઈએ. અભ્યાસ ક્રમ કેવો હોવો જોઈએ એ માત્ર અભ્યાસ લક્ષી, ટકાલક્ષી હોવો જોઈએ? ત્રીજા ધોરણની ચોપડીનો હું કાયમ ઉલ્લેખ કરું છું, એમાં એક અંગ્રેજી મીડિયમની ચોપડીમાં લખેલ છે કે I Went to London to Look at the Queen. હું રાણીને જોવા ઈન્ગ્લેન્ડમાં ગઈ.

What I saw, I saw a litle mouse under Her chair.તેની ખુરશી નીચે મેં ઉંદરડો જોયો, તેમાંથી સ્વામી વિવેકાનંદ પેદા થાય જ નહીં અને એટલે આપણે આપણા મહાપુરુષોની વાત કરીએ છીએ ત્યારે ભગવાકરણના નામે અમને ઘણું દુઃખ થાય છે. પરંતુ ભારતની સંસ્કૃતિના સંસ્કાર સાથેના આકાશને આંબી શકાય એવી ઉંચાઈએ પહોંચી શકાય છે પણ મૂળિયા ઉખેડયા વગર પણ જઈ શકાય છે અને એટલે જ માનનીય અધ્યક્ષશ્રી, રેગીંગની પ્રથા બહારથી આવતા વાતાવરણ અને આક્રમણ ટીવીનું હશે પણ ટીવી આપણા વિદ્યાર્થીઓના પૉઝિટીવ પાસાને ઉજાગર કરે છે. આજે કૉમ્પ્યુટર ન હોત તો ગુજરાતના હજારો વિદ્યાર્થીઓ રોજ વિદેશમાં બ્રેઈન પૂરા પાડે છે. વિદ્યાર્થીઓની આ વ્યવસ્થાને કેમ ઉજાગર કરીએ, સંસ્કાર તો ઈતિહાસના પાના ઉપર ઘણા પડ્યા છે. ચિત્રલેખા, જી, અભિયાન, કાનૂન વાંચતા વિદ્યાર્થીઓ પાસે આ ભારતની સંસ્કૃતિને ઉજાગર કરવાની કલ્પના થઈ શકે નહીં. શું આપણે આવું પૂરું પાડી શકીએ છીએ ખરા? આપણે તેમાં ઉણા ઉતર્યા છીએ. આપણી શાળા, મહાશાળાઓમાં બહેને કહ્યું તેમ ન ભણતો એક મોટો વર્ગ અને પહેલીવાર બારમું પાસ થયેલા છોકરાઓ તેમની આંગળી પકડીને બિચારા પ્રવેશ માટે પૈસા આપવા પ્રેરાય છે અને તે પદ્ધતિને કારણે તેઓની સંગતમાં આવે છે અને સંગતમાં આવ્યા પછી બગડે છે અને રેગીંગ તરફ લઈ જાય છે. આપણે એવી વ્યવસ્થા ચોક્કસ કરવી જોઈએ કે જેને ઓળખાણ નથી, ધારાસભ્ય, સંસદસભ્ય અને ફલાણાની કોઈ ઓળખાણ નથી તેને આપણે મેરીટસથી પ્રવેશ આપી શકીએ. મારું તો સૂચન છે કે આપણે રોમિયો સ્કવોડ બનાવી છે જે કૉલેજોની આસપાસ ફરે છે. પણ આ રોમિયો સ્કવોડની સફળતા કેટલી? આ રોમિયો સ્કવોડ હોય કે ન હોય દીકરી અને દીકરા આ ઉંમરે આવે છે અને બારમા ધોરણ પછી તેઓને જે દિશા તરફ લઈ જવા હોય તે દિશા તરફ લઈ જઈ શકાય છે. માયકાંગલાપણું યુવાનોમાં એટલું બધુ આવ્યું છે અને આપણી ચિંતા એ છે કે આવતીકાલના ભારતની ધરોહળ તેઓના ખભા ઉપર ઉભી રાખી શકાશે કે કેમ? તેવા સમયે આ જે ડો.ચંદ્રિકાબેનનો જે વિચાર છે તે

વિચારમાં હું તો ઉમેરવા માગું છું કે આ વિચારને આપણે સંસ્કાર અને ઈતિહાસના મહાપુરુષોના ઈતિહાસના પાના ઉખેડયા વગર ભવિષ્યની પેઢી ખડી રહી શકે નહીં અને એટલા માટે આપણી સંસ્કારની આ સરવાણી ખોટી છે. કૉલેજો બહુ સારી બની છે પણ તે ડીગ્રી બનાવવાના કારખાના છે. બી.એ., બી.કોમ., એલ.એલ.બી., થયા પછી એક હજાર રૂપિયા માણસ કમાઈ ન શકે તો આ છોકરાઓ જશે કયાં? ચાલીમાં, ઝૂંપડપટ્ટીમાં ૧૦ ગ્રૅજ્યુએટમાંથી ૭ ગ્રૅજ્યુએટ તેના બાપ પાસે એમ.કોમ. થયા પછી પણ ૨૦ રૂપિયા વાપરવાના માગે છે અને આ યુવાનોને આપણે માર્ગ નહીં બતાવી શકીએ તો આ દૂષણથી બચી શકવાના નથી. આ દૂષણના મૂળમાં કાયદો નથી. આ દૂષણના મૂળમાં આને દિશા દર્શન કરાવવાની આવશ્યકતા છે. એટલે આપણે કહ્યું છે કે If tou plan for a year, then you sow a seed બિયારણ વાવો, અનાજ વાવો. If you plan for a decade, then you plant a tree.એક દશકાનો વિચાર કરો તો ઝાડનું વૃક્ષારોપણ કરો.When you plan for a century, then you educate a person.પણ એજયુકેશન એ શિક્ષણ નથી. એજયુકેશન શિક્ષણ હોત તો આપણી બધી લાઈબ્રેરીઓને આપણે પંડિત કહેતા હોત. કારણકે તેની અંદર બધા જ પ્રકારનું જ્ઞાન છે. પણ આ ગૃહ ચિંતા કરે છે. આ ગૃહ સદભાગી છે કે અહીંયાં વિચારશીલ, ચિંતનશીલ પ્રતિનિધિઓ છે. તે ગુજરાતનું પણ ગૌરવ છે કે નાનામાં નાનું પણ સમાજનું દૂષણ હોય અને સમાજને ઉજાગર કરીને આ બિલ ભલે પાસ ન થાય પણ ચૂંટાયેલા લોકો આની ચિંતા કરે છે કે અમારી આવતીકાલની ભારતની યુવાની માયકાંગલી તો નહીં થાય ને? ભગવદ ગીતામાં એમ કહ્યું છે કે તત્ત્વ હદય દુર્બલ ન મુકિતસ્ય પરમતપ, હ્દયની દુર્બળતા છોડીને ઉભો થા એમ કહેવાવાળો હૉલેન્ડ, પોલેન્ડ, જાપાન, જર્મની જરૂર નથી. મામલિક શરમાવજ. મારે શરણે આવ તેવું કહેવાવાળો જેનો બાપ કૃષ્ણ હોય તેની પ્રજા માયકાંગલી શું કામ? એ સંસ્કારો તરફ વધારે ધ્યાન આપવું પડશે. મા-બાપે પોતાના વ્યવસાયમાંથી બાળકો માટે, સંસ્કારો માટે સમય કાઢવો પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, જે માબાપ સમય કાઢી શક્યા નથી, ત્યારે હું તો માનીશ કે બાળકોનો દોષ નથી, આ દોષ સમાજનો છે, બાપ પૈસા લે અને દીકરાની નજર સામે લે, બાપ ઘરમાં હોય અને એમ કહે કે પપ્પા દ ારમાં નથી એવા બાપ આ જગતમાંથી વહેલા રજા લે ત્યાં જ આનો ઉકેલ છે. આપણે કહીએ છીએ કે કરપ્શન ન આપવું કે ન કરવું પણ આપણી આખી પ્રથા યુવાનોને બીજા માર્ગે દોરી જાય છે એટલે ચિંતાનો વિષય આજે માનનીય ચંદ્રિકા બેને જે રજૂ કર્યો છે એમાં એટલો ઉમેરો કરીને, બિલને આપણે જાણીએ છીએ કે આ પ્રાઇવેટ મેમ્બરનું બિલ છે અને બધાને ચિંતા છે, બિલના હાર્દ સાથે સંમત થઈએ એટલું જ નહીં પણ એ માટેનો આપણે સૌ પ્રયાસ કરીએ, આપણે જેમ મત માટે પ્રયાસ કરીએ છીએ એમ આપણી નૈતિક જવાબદારી છે કે જ્યાં જયાં જઈએ ત્યાં નાની બે કથા પ્રસંગ કહીએ, જ્યાં જઈએ ત્યાં આપણે યુવાનો, આપણા બાળકોને, આપણી યુવા પેઢીને, અને એમના હ્રદયને કોરી ખાય છે એ આવતીકાલની ચિંતા એમને કોરી ખાય છે, બી.કોમ., એમ. કોમ., એલ.એલ.બી. થયેલા યુવાનને હજાર રૂપિયા ન મળે તો એ કરે શું? અને એવી વ્યવસ્થામાં આપણું ગુજરાત ના આવે એના માટે આપણે સૌએ ચિંતા કરવાની જરૂર છે અને કાયદો તો ક્યારે બને? આ રાજયમાં કાયદો ન હતો ત્યારે પણ દેશ ચાલતો હતો, "ન રાજયમ્ ન ચ રાજાઅસી," રાજાએ ન હતો અને રાજય પણ નહોતું, " ન દંડો ન ચ દંડિક:" માર ખાવાવાળોય કોઈ ન હતો અને માર મારવાવાળોય કોઇ ન હતો ત્યારે" ધર્મેણ એવમ્ રક્ષિતુમ્ પ્રજા સર્વા પરસ્પરા:" ત્યારે પણ આ દેશ ચાલતો હતો એટલે આપણી ધર્મદંડની જરૂર ક્યારે પડી જ્યારે આપણે એનાથી વિચલિત થયા હોય એટલે આ જે પ્રસંગો બન્યા હશે માનનીય ચંદ્રિકા બેન, બે - પાંચ પ્રસંગો બન્યા હશે પણ આ પ્રસંગોય કરતાં પણ ગુજરાતનું ગૌરવ આજેય છે, ગુજરાતમાં આજેય રોમિયોને કાન પકડવાવાળા યુવાનો પણ છે અને એટલા માટે કાયદામાં તો જોગવાઈ ચોક્કસ ઇન્ડિયન પીનલ કોડમાં બધી જ કરી છે છતાં પણ સમાજની સજાગતા, અને એકવીસમી સદીમાં જવાની ઉતાવળ, એ કપડાંમાંય ઉતાવળ થઈ છે એ કુસંસ્કારમાંય ઉતાવળ થઈ છે અને મોર્ડનાઈઝેશનમાં આપણે એમ કહીએ છીએ , માનનીય અધ્યક્ષશ્રી, હું એક કંપનીમાં હતો તો બધા લોકો કોકટેઈલ પાર્ટી કરે, હું કહું કે હું નથી પીતો, તો મને કહે કે, you are living in the state of Gandhian era. તમે ગાંધીના યુગમાં છો, અમૅરિકન કંપની, ત્યારે મેં કહ્યું કે, I would like to be in Gandhian era, but I will change my ideology. તમે લોકો એકવીસમી સદીમાં જાઓ, મને અઢારમી સદીમાં રહેવા દો, પણ મારું એચીવમેન્ટ તમારા ઈન્ડિયા કરતાં ગુજરાતનું મેં કાયમ ઊંચું રાખ્યું છે. એટલે મોર્ડનાઈઝેશન પોતાની જાતને કહેવાતી આધુનિકતાએ આપણને ભરખી લીધા છે અને એવા સમયે માનનીય ચંદ્રિકા બેન જે બિલ લઈને આવ્યા છે, it is the proud of the House. કે આપણે ત્યાં આજે પણ એવી ચિંતા કરવાવાળા છે, તેમાં કોઈ પોલિટિકલ નથી, કોઈ વ્યકિતગત નથી, માત્ર સમાજ છે અને એવા જ્યારે આપણા સભ્યશ્રીઓ હોય એ પણ આપણું એક ગૌરવ છે અને બેનશ્રી, આપણા આવા વિચારો ઈશ્વર હંમેશને માટે સમાજને માટે રાખે એવી શુભેચ્છા વ્યક્ત કરું છું.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક, ૨૦૦૭ જે લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ અને સંસ્કાર એ એક સિક્કાની બે બાજુ છે, માત્ર શિક્ષણ હોય અને સંસ્કાર ન હોય તો એ શિક્ષણ નકામુ છે. આપણા ગુજરાતમાં જે રેગીંગના બનાવો બન્યા છે એને અટકાવવા માટે

માનનીય ચંદ્રિકાબેન આ બિન સરકારી બિલ લઈને આવ્યાં છે, આપણા સંસ્કાર અને સંસ્કારિતા જાળવવા માટે આપણે જે પ્રયત્નો કરવા જોઈએ, સામાજિક રીતે આપણે જે મહેનત કરવી જોઈએ એ આપણે આપણી ફરજો ભૂલી ગયા છીએ, મા બાપ પોતાના બાળકને સ્કૂલમાં જતો હોય ત્યારે અને સ્કૂલમાંથી પરત આવ્યા પછી એ એમની ઉપર દૃષ્ટિ રાખવી જોઈએ એ આપણે રાખી શક્યા નથી તેના હિસાબે આવા બનાવો બનતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક બનાવ ગયા વર્ષે બન્યો હતો એ બનાવ પ્રત્યે આપનું ધ્યાન હું દોરવા માગું છું. વડોદરામાં એક દલિત વિદ્યાર્થી, પૉલિટૅકનિક કૉલેજમાં ભણતો વિદ્યાર્થી અને તેના ઉપર થયેલું રેગીંગ. અને રેગીંગના કારણે ૬-૮ મહિના સુધી એ કૉલેજ ગયો નહીં, એની માનસિક સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ. એના વાલી મારી પાસે એને લઈને આવ્યા અને મને કહેતા આનંદ થાય છે કે, હું એને શિક્ષણ મંત્રી આનંદીબેન પાસે લઈ ગયો એટલે અઠવાડિયામાં એની ટ્રાન્સફર ભાવનગર કૉલેજમાં કરી આપી. આવા બનાવ ઉપર બહેને ધ્યાન આપ્યું એ માટે એમને અભિનંદન આપું છું. વાસ્તવમાં જે રેગીંગ થાય છે એમાં વિદ્યાર્થીની માનસિક સ્થિતિ બહુ ખરાબ થઈ જાય છે. આ વિદ્યાર્થી ૮૫ ટકા ઉપર માર્કર્સ લઈ આવ્યો છે. આવા બનાવમાં આ વિદ્યાર્થી ઉપર માનનીય શિક્ષણ મંત્રીશ્રી તરીકે બહેને જે ધ્યાન આપ્યું અને ડો. ચંદ્રિકાબેન આ વિધાનસભા ગૃહમાં આ પ્રકારનું બિલ લઈને આવ્યા છે ત્યારે મારે કહેવું છે કે આવા વિદ્યાર્થી આવતા ભારતનું ભવિષ્ય છે એને સુધારવા માટે કોઈ આયોજન કરવું જોઈએ. આજના યુગમાં ટીવી માધ્યમથી જે પરિસ્થિતિનું નિર્માણ થાય છે એને ધ્યાનમાં લઈને જ મેં છેલ્લા આઠ વર્ષથી મારા ઘરમાં ટીવી નથી રાખ્યું. આ એટલા માટે કહું છું કે, ટીવીમાં 'સાંસ ભી કભી બહુ થી' જેવી અનેક સિરિયલો અને પીકચરો આવતા હોય છે એ આપણી ગેરહાજરીમાં આપણા બાળકો જોતા હોય ત્યારે જે કુસંસ્કાર રેડાય છે એ વિકૃત માનસ ધારણ કરે છે અને આપણે અંગ્રેજીમાં એક કહેવત છે Heaven and Hell, both are on this Earth. એના જેવી પરિસ્થિતિ થાય છે. માણસનું મગજ કઈ દિશામાં કામ કરે છે એના આધારે એના સંસ્કાર ઘડાય છે. માણસ સારું વિચારી શકતો હોય તો એ સ્વર્ગ છે અને ખરાબ વિચારતો હોય અને એની માનસિક સ્થિતિ સારી ન હોય તો એને નર્ક કહેવાય. સ્વર્ગ અને નર્ક આ પૃથ્વી ઉપર જ છે. વ્યકિતનું જીવન અને વ્યકિતનું શિક્ષણ સુધરે એના માટે આપણા સમાજે અને મા-બાપે જાગૃત થવાની જરૂર છે. આ બિલ વિધાનસભા ગૃહમાં ભવિષ્યમાં સરકાર તરફથી આવશે એવી મને શ્રદ્ધા અને વિશ્વાસ છે કેમ કે, આવતા દિવસોમાં આવી રોમિયોગીરી અટકાવવા માટે, માનસિક વિકૃતિ ધરાવતા લોકોને જાહેરમાં મોટી સજા થાય અને આપણા ભારતનું ભવિષ્ય ઉજ્જવળ બને એવી આ તકે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

**ડૉ. અતુલ કે.પટેલ(કલોલ)** : માનનીય અધ્યક્ષ શ્રી, આ સન્માનીય ગૃહના સભ્ય ડો. ચંદ્રિકાબેન ગુજરાત રેગીંગ અટકાયત બાબત વિધેયક લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રેગીંગ એ વિદ્યાર્થી જીવનમાં થતી ખૂબ જ ક્રૂર, જંગલી અને બીજા વિદ્યાર્થીને શારીરિક અને માનસિક હેરાનગતિ આપી આનંદ મેળવવા માટે બીજા વિદ્યાર્થી દ્વારા થતું કૃત્ય છે. એ માનસિક વિકૃતિ તરીકે ગણાય છે. આજે ડો.ચંદ્રિકાબેન જે બિલ લઈને આવ્યા છે ત્યારે મને પણ મારી જિંદગીની વિદ્યાર્થી લાઈફ યાદ આવે છે. મેં મારો ફસ્ટ એમ.બી.બી.એસ.નો અભ્યાસ જ્યારે જમશેદપુર કર્યો આજથી ૩૦ વર્ષ પહેલા એ વખતે આ રેગીંગ એ બિહારમાં એટલું બધું પ્રચલિત હતું કે ત્યાં આપણા ગુજરાતના વિદ્યાર્થીઓ જતા એના ઉપર શારીરિક રેગીંગ, માનસિક રેગીંગ કરવામાં આવતું અને એ વખતે અમને ખ્યાલ છે કે અમારી તકલીફ કેટલી વધી જતી અને અમારી દુર્દશા કેટલી ખરાબ થતી હતી. એટલે આજે મારી વિદ્યાર્થી લાઈફના અનુભવ ઉપરથી કહું છું કે, રેગીંગ એ ખૂબ જ ખરાબ વસ્તુ છે. જો કે ગુજરાત બહાર મહારાષ્ટ્ર, બિહાર અને બંગાળ જેવા રાજયો છે ત્યાં આપણા રાજય કરતા ખૂબ જ રેગીંગ પ્રચલિત છે. આપણા ગુજરાતના સંસ્કાર અને સંસ્કૃતિ એવી છે કે આજે પણ આપણે ત્યાં રેગીંગનું પ્રમાણ ખૂબ જ નહિવત્ છે. ક્યાંક ક્યાંક એની શરૂઆત આપણા ગુજરાતમાં પણ થઈ છે. પરંતુ મારું એવું માનવું છે કે, આપણા ગુજરાતમાં જ્યારે કૉલેજો શરૂ થાય છે ત્યારે ગેટ ટુ ગેધર પાર્ટી વિદ્યાર્થીઓ એક બીજાને આપતા હોય છે. 'ફ્રેન્ડશીપ' બાંધતા હોય છે. જ્યારે બીજા રાજયોમાં જોઈએ તો રેગીંગ એટલું ક્રૂર કરવામાં આવતું હોય છે કે ઘણી વખત જેમ આગળના વકતાઓએ કહ્યું અને ડો.ચંદ્રિકાબેને કહ્યું તેમ વિદ્યાર્થી કૉલેજ છોડીને જતો રહે છે. એની ઉપર માનસિક એટલું ડિપ્રેશન આવતું હોય છે કે વિદ્યાર્થી એટલો બધો પરેશાન થઈ જાય છે કે ભણવામાં પણ એ ધ્યાન આપી શકતો નથી. રેગીંગ બીજા રાજયોમાં જેમ થાય છે એમ ગુજરાતમાં ન થાય એના માટે આપણે ખૂબજ કાળજી રાખવી જોઈએ અને વિદ્યાર્થી કૉલેજ છોડી ચાલ્યો ન જાય એના માટે ખાસ કરીને આ રેગીંગને જેટલું શકય એટલું ઝડપથી આપણે એને અટકાવવું જોઈએ. પરંતુ આ બિલમાં જેમ ડો.ચંદ્રિકાબહેને કહ્યું છે તેને કડકમાં કડક એટલે બે વર્ષથી સજા થાય, દંડ થાય આ આપણાં ગુજરાતમાં આટલી કડકાઈની જરૂર નથી. કારણકે આપણે અહીંયા કાયદો અને કાનૂન છે અને હું માનું છું કે,ગુજરાત તે બીજા કોઈપણ રાજયો કરતાં સારામાં સારો કાયદો અને કાનૂન જાળવી રાખ્યો છે આપણાં વિદ્યાર્થીઓ અહીંના ખૂબજ શાંત અને શાણા હોય છે. આપણાં વિદ્યાર્થીઓ ભણવામાં વધારે સમજતા હોય છે. તે આખી ગુજરાતની સંસ્કૃતિ અને સંસ્કાર તેમણે જાળવી રાખ્યા છે એટલે આ રેગીંગની શરૂઆત થઈ છે તે દૂરદર્શન

જોઈને બહારના રાજયો છે ત્યાં આગળ રેગીંગના કિસ્સા સાંભળીને અને બહારના જે વિદ્યાર્થીઓ આવે તેમણે જે આ શરૂઆત કરી છે ત્યારે આપને મારું એવું સૂચન છે કે આપણી જે સંસ્થાના વડા હોય કે કોલેજોના પ્રિન્સિપાલ હોય તેમને થોડી ઘણી પણ જો સૂઝ બૂઝથી વાત કરવામાં આવે તો આ રેગીંગ અટકાવી શકાય છે. આપણાં કાયદામાં જ્યારે શારીરિક ત્રાસ જો આપવામાં આવે તો તેનો કાયદો છે અને કાયદો કાયદાનું કામ ચોક્કસ કરવાનો છે મારું આજે સ્પષ્ટપણે એવું માનવું છે. રેગીંગ તે અટકાવવું જોઈએ, રેગીંગ બિલકુલ થવું ના જોઈએ પરંતુ કાયદાની જોગવાઈ પ્રમાણે આ વિધેયક લાવવાની કોઈ જરૂર નથી અને આપણાં કાયદા સખત રીતે જ્યારે આવી માનસિક કે શારીરિક ત્રાસ ગુજારવામાં આવશે ત્યારે ચોક્કસ કાયદો કાયદાનું કામ કરવાનો છે એટલે હું એવુ માનું છું કે આ વિધેયક ના લાવતા રેગીંગ તે ચોક્કસ બંધ થવું જ જોઈએ. આપણાં ગુજરાતની સંસ્કૃતિમાં તે શોભતું નથી એટલે હું તે સાથે સંમત છું કે રેગીંગ અટકાવવું જોઈએ પરંતુ આવા વિધેયક લાવવાની કોઈ જરૂર નથી અને માનનીય ચંદ્રિકાબહેન જે આ વિધેયક લઈને આવ્યા છે તેમનું સૂચન ખૂબ જ સારું છે પરંતુ તે આવતા દિવસોમાં ચોક્કસ આપણાં સમાજે કાળજી લેવી જોઈએ અને આવા વિધેયકોની કોઈ જરૂર નથી તેમ હું માનું છું.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ(ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ચંદ્રિકાબહેન જે બિલ લઈને આવ્યા છે ઘણા બધા મિત્રોએ પોતાની લાગણીઓ વ્યક્ત કરી છે. કોઈ વિશેષ વાત મારે નથી કરવી. ગુજરાત તે સંસ્કાર ભૂમિ છે, શાંતિનો પ્રદેશ છે. હજારો વર્ષથી આ ધરતી ઉપર જૈન સંપ્રદાયની પણ મોટી અસર રહી છે, જૈન શાસનની રહી છે, અહિંસાની રહી છે તે પછી સ્વામિનારાયણ સંપ્રદાય હોય, રાધા સ્વામી સંપ્રદાય હોય કે પછી પાંડુરંગ શાસ્ત્રીનો સંપ્રદાય હોય આ બધાનું ગુજરાત ઉપર એક મોટું નેટવર્ક છે અને તેની મોટી અસરો છે. જુવાનોમાં જે જાતની વાતો આવી રહી છે તેમાં એક વાતનો હું ઉમેરો કરવા માગું છું કે જુવાનો જે નવા નવા ડ્રગ્સ સાથે તેના સેવનમાં જઈ રહ્યાં છે તેને માટે આપણાં માટે ચિંતાનો વિષય છે. રાજયે હમણાં એક પરિપત્ર કર્યો છે કે સ્કૂલના અમુક કિલોમીટરની અંદર આવી કોઈ વ્યસનવાળી વસ્તુઓ ના મળે. એક બહુ સારી વાત કરી છે પરંતુ મને એક બહુ સારા માણસે વાત કરી હતી કે ગુજરાતના યુવાનોની યુવાની ખતમ કરવી હોય તો તેને ડ્રગ્સના રવાડે ચડાવી દો. મને ખબર છે. અમારી જુવાનીમાં એક જમાનો હતો ગુજરાતમાં વ્યાયામની પ્રવૃત્તિનો ઉત્તર ગુજરાતમાં અને પુરાણી બંધુઓ જે જાતની વ્યાયામની પ્રવૃત્તિ ગુજરાતમાં કરતા હતા એક નમૂનેદાર હતું. તે વિદ્યાર્થીઓ આજે તેમાંથી પાછાં હઠતા જાય છે અને જે જાતના એકવીસમી સદીના જે આક્રમણોની વાતો થાય છે, જે સંસ્કૃતિનું આપણી ઉપર આક્રમણ થઈ રહ્યું છે તેના કરતાં પણ જે વિદ્યાર્થીઓ વ્યસને જઈ રહ્યાં છે તે અતિ ગંભીર છે. તે તેમનું શરીર, તેમની જુવાની તો ખતમ કરે જ છે પરંતુ તે સમાજ જીવન ઉપર પણ એટલું જ નુકસાન કરે છે. આજે તમે જુદા જુદા દર્દોની વાતો જુઓ તો કેન્સર જેવો રોગ પણ આજે વધારેમાં વધારે વિકસી રહ્યો છે. આ બધું એના જીવનમાં ૨૫ વર્ષની વયે થાય. ૧૦ થી ૨૫ વર્ષની વય એ એવી વય છે કે જે અતિ સંવેદનશીલ અને લાગણીસભર છે. એને કયો મોડ આપો છો એના ઉપર એ એના જીવનનો રસ્તો કંડારે છે અને એટલા માટે આ ડ્રગ્સવાળી વાત રેગીંગની સાથે છે. એ કુસંગે ચડેલા જુવાનીયાઓ નાના મોટા વ્યસન કરીને એક જાતની પોતાની ધાક બેસાડવા અને રૂઆબ કરવા માટે આ જાતની પ્રવૃત્તિ નાના નાના ગૃપમાં કરતા હોય છે, ત્યારે એને અટકાવવા માટે સખતમાં સખત પગલાં લેવા જોઈએ. ચંદ્રિકાબેનના હાર્દ સાથે હું સંમત છું.

**ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સદસ્ય ડો. ચંદ્રિકાબેન રેગીંગ અટકાવવા માટેનું જે બિલ લઈને આવ્યા છે, એના હાર્દ સાથે સંમત થઈ હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૦ની સાલમાં આ સન્માનનીય ગૃહ સમક્ષ હું બિલ લઈને આવી હતી. તે વખતે પણ સભાગૃહના બધા જ સદસ્યો એના હાર્દ સાથે સંમત થયા હતા. રેગીંગ એ વિકૃત માનસિકતાનું પ્રદર્શન હોય છે. એની પાછળના મૂળ કારણો શું હોય, એના મૂળિયા સુધી ગયા વગર કાયદાથી કયારેય પણ એનું નિરાકરણ થઈ શકશે નહીં એ આપણે બધા જાણીએ છીએ. વિકૃત માનસિકતા પાછળના મૂળિયા શું, એની શરૂઆત કયાંથી થઈ શકે, એ જે વિદ્યાર્થીઓ કોલેજમાં જાય છે. ૧૬, ૧૭, ૧૮ વર્ષની ઉંમરે. એ કુમળી વયે એ સ્કૂલમાંથી સીધો કોલેજમાં જાય છે. કોલેજમાં જતાની સાથે જે વાતાવરણ એ જૂએ છે, જે સ્વચ્છંદતા જૂએ છે, કયાંક એના કારણે એ પોતે ભોગ બને છે અને મેં ભોગવેલ છે એટલા માટે બીજા ઉપર અત્યાચાર કરાવે છે. આવી જાતની માનસિકતા સાથે આ ચક્ર ચાલ્યા કરે છે. પણ, મેં કહ્યું તેમ કોલેજમાં જતા પહેલા સ્કૂલમાં ભણે છે ત્યારે એના ચારિત્ર્યનું નિર્માણ એ રીતે થાય. સ્કૂલમાં એ પ્રમાણે એને પાઠ ભણાવવામાં આવે. એકબીજા પ્રત્યેનો પ્રેમ, સૌહાર્દય અને એકબીજાને રીસ્પેકટ આપવાની બાબતો સ્કૂલમાં શીખવવામાં આવે તો જડમૂળથી આ પ્રક્રિયાનો નાશ થઈ શકે. ચાણકયે બહુ સુંદર કહ્યું છે કે શિક્ષક કભી સાધારણ નહીં હોતા હૈ, પ્રલય ઔર નિર્માણ દોનો ઉસકી ગોદમે હોતે હૈ. શિક્ષકની જે જવાબદારી છે, દેશ અને વિશ્વમાં ચારિત્ર્ય નિર્માણની જવાબદારી માબાપ જેટલી જ શિક્ષકની છે. શિક્ષક અને માતાપિતા કુંભારનું કામ કરતા હોય છે. માટીનો લોંદો ઘડવા માટે અંદરથી સપોર્ટ આપવો પડે અને બહારથી થાપ મારવી પડે. કયાંક થાપ મારવી પડે, કડક થવું પડે, અને અંદરથી સપોર્ટ પણ આપવો પડે, આવી

માનસિકતા સાથે શિક્ષક અને માતાપિતા પોતાના બાળકોને સંસ્કાર આપશે તો જ આ પ્રક્રિયા અટકાવી શકાશે. અત્યારે દુષણ ફેલાયેલું છે, પણ મને ગૌરવ એ વાતનું છે કે ગુજરાતમાં ખૂબ ઓછા પ્રમાણમાં આવી ઘટનાઓની ટકાવારી ખૂબ ઓછી છે. એનું કારણ એ છે કે ગુજરાત એ ઋષિઓની ભૂમિ છે અને ગુજરાત એ આધ્યાત્મિકતાને વરેલો પ્રદેશ છે. મેં છાપામાં થોડા દિવસ પહેલા વાંચેલું. એમાં અમદાવાદ વિશે લખ્યુ હતું. અમદાવાદ એ ભારતના પશ્ચિમ પ્રાંતમાં આવેલું શહેર છે, પરંતુ અમદાવાદ પશ્ચિમમાં હોવા છતા અમદાવાદમાં પશ્ચિમત્વ આવ્યુ નથી. એનો અર્થ કે અમદાવાદમાં વેસ્ટર્નાઈઝેશન હજુ આવ્યુ નથી. સંસ્કૃતિ ટકી રહી છે, એ વાતનું આપણને સૌને ગૌરવ હોવું જોઈએ કે ગુજરાતે પોતાની અસ્મિતા ટકાવી રાખી છે. પરપ્રાંતથી આવેલા વિદ્યાર્થીઓ અથવા આપણા વિદ્યાર્થીઓ ત્યાં જાય છે ત્યારે આ પ્રકારનો ભોગ બને છે, પરંતુ આ રેગીંગની જેટલી પણ પ્રમાણમાં ટકાવારી હોય, એની પણ ચિંતા કરીને, અને એને પણ અટકાવવા માટેના પ્રયત્નો કરવાની ચિંતા કરી રહયા છે એ ખરેખર આવકારદાયક છે. વચ્ચે એક સાયકલોજીકલ સરવે થયો અને એનું તારણ એ જ આવ્યું કે આ વિદ્યાર્થીઓ રેગિંગ કેમ કરે છે ? તો કાં તો એમનામાં એક સુપિરિયાલિટી કોમ્પ્લેકસ હોય, એક સિનિયર વિદ્યાર્થીમાં આ સુપરિયાલિટી કોમ્પ્લેક્ષ આવે કે હું બોસ છું અને સુપિરીયર છું અને એ સુપિરિયાલીટી કોમ્પ્લેકસ હોવાને કારણે મારે મારા જુનિયર ઉપર કોઈને કોઈ અત્યાચાર કરવો છે અને એ ભાવનાને કારણે આ રેગિંગની પ્રવૃત્તિ તરફ આગળ વધે છે. આ રેગિંગનાં કેવાં પરિણામ આવે છે એની કલ્પના પણ કરી શકાય તેમ નથી. ઘણા બધા લાખો રૂપિયા ખર્ચીને મેડીકલ, એન્જિનિયરિંગ અને પ્રોફેશનલ કોર્સમાં વાલીઓ પોતાના દીકરા-દીકરીને મોકલતા હોય છે અને પછી જયારે એ આવા સેલ્ફ ફાઈનાન્સ કોર્સમાં જાય અને આ રેગિંગનો ભોગ બને તો ઘણા વિદ્યાર્થીઓની તો કારકિંદી ખતમ થઈ જાય છે, એ આપઘાત કરવા તરફ દોરાય છે અને વિદ્યાર્થીનીઓની તો જે પરિસ્થિતિ થાય છે એનું તો વર્ણન આ સભાગૃહમાં કરી શકાય તેમ નથી. ત્યારે ભલે ટકાવારી ઓછી હોય, પરંતુ જેટલી પણ ટકાવારી હોય એને કોઈપણ હિસાબે રોકવું જોઈએ એની સાથે સંમત છું, પરંતુ ગુજરાતમાં જે પ્રમાણે કાયદો અને વ્યવસ્થા છે, જે પ્રમાણે કાયદો અને વ્યવસ્થા સચવાઈ રહયાં છે, જે પ્રમાણે સંસ્કારીતા સચવાઈ રહી છે એ પ્રમાણે મને લાગે છે કે ચારિત્ર નિર્માણ તરફ વધારે ધ્યાન આપીશું તો ચોકકસ એનાં પરિણામો મળવાનાં છે. મને એ વાતનું ગૌરવ છે કે અમે લોકો દેમેનેગી ચારિત્ર્ય નિર્માણમાં વધારે માનીએ છીએ. અમારા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની શાખાઓમાં રોજ સવારે નાનાં બાળકો ભેગાં થઈને શાખામાં આવે, અમારા ધ્વજ નીચે શારીરિક કાર્યક્રમો કરે, એમને સારી સારી કથાઓ કહેવામાં આવે અને આ રીતે રોજ બાળકોને ભેગા કરીને ચારિત્ર્ય નિર્માણ કરવાનું કામ આર.એસ.એસ. દ્વારા થઈ રહયું છે એ પણ ખૂબ મોટો રોલ ઉભો કરી શકે તેમ છે ત્યારે ઘણી વખત ઘણાબધા લોકો કહે છે કે રોજ ભેગા થઈને શું કરે છે, પરંતુ તાંબાનો લોટો હોય એને રોજ દ ાસવો પડે અને ના ઘસીએ તો એના ઉપર ડાઘ પડી જાય. એ રીતે આ આ ચારિત્ર્ય નિર્માણની પ્રક્રિયા પણ રોજ કરવી પડે, એમને રોજ સારામાં સારા સંસ્કાર આપવા પડે, તો જ આવતીકાલનું ભવિષ્ય ઉજજવળ થઈ શકે. એટલા માટે બાળકોના ચારિત્ર્ય નિર્માણ સાથે આપણે આગળ વધીએ અને ગુજરાતની અસ્મિતાને જાળવી રાખીએ અને આ રેગિંગ પ્રક્રિયાને કોઈપણ હિસાબે ગુજરાતમાંથી નિર્મૂળ કરી દઈએ. ગુજરાત ઘણીબધી વાતોમાં અગ્રેસર રહયું છે એવી જ રીતે આ રેગિંગની બાબતમાં પણ આખા દેશમાં ઉદાહરણ પૂરું પાડી શકે કે ગુજરાતમાં અમે આ રેગિંગને નેસ્તનાબૂદ કરી ઝીરો કરી શકયા છીએ એ પરિસ્થિતિ લાવીએ. એ મને લાગે છે કે બહેને આ વિશે જે ચિંતા વ્યકત કરી છે એ સાચી છે અને એના હાર્દ સાથે સંમત થઈને કાયદામાં આગળ ના વધે, પરંતુ ચારિત્ર્ય નિર્માણમાં આગળ વધે.

**ડૉ. કનુભાઈ કળસરિયા(મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્ય ડો. ચંદ્રિકાબેન ગુજરાત રેગિંગ અટકાવવા બાબતનું જે બિલ લઈને આવ્યાં છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી આનંદની વાત એ છે કે આ બિલ દ્વારા આ ગૃહમાં એક સાત્વિક વાતાવરણનું નિર્માણ થયું છે. એક સુંદર વાતાવરણ કે જેમાં સૌએ પોતાની સાત્વિકતા પ્રગટ કરેલ છે ત્યારે મને આનંદ છે કે ગીતાના ૧૬ મા અધ્યાયમાં દૈવી અને આસુરી સંપત્તિ એનો પહેલો શબ્દ છે.

અભયં સત્વસંશુદ્રિર્જ્ઞાનયોગવ્યવસ્થિતિ:,દાનં દમશ્ચ સ્વાધ્યાયસ્તપ આર્જવમ્

એનો ગુજરાતી ભાવાર્થ એવો છે કે અભય સત્વ સંશુધ્ધિ વ્યવસ્થા જ્ઞાનયોગ, દાન નિગ્રહ સ્વાધ્યાય યજ્ઞ સરળતા એટલે કે અભયનું મહત્વ કેટલું છે અભય અને જયારે એનાથી એકદમ ઉલટું છે એ રેગિંગ છે. એ સૌથી પહેલાં ભય પ્રતિપાદિત કરે છે. માનસિક ભય, પછી શારિરીક ભય પ્રતિપાદિત કરે છે અને એક વિકૃત પાસું જે દરેક માણસમાં ઉજાગર થવા માટે તલસતું હોય છે. એવો ભાવ છે જે ૧૪ મા અધ્યાયમાં પ્રગટ કરવામાં આવ્યો છે કે

,

રજસ્તમશ્ચાભિભૂય સત્વં ભવતિ ભારત,રજઃ સત્વં તમશ્ચૈવ તમઃ સત્વં રજસ્થા

હે ભારત, રજોગુણ અને તમોગુણને દબાવીને સત્વગુણ, સત્વગુણ અને તમોગુણને દબાવીને રજોગુણ, તેમજ સત્વગુણ અને રજોગુણને દબાવીને તમોગુણ વૃધ્ધિ પામે છે. એટલે એ ત્રણે ગુણો દરેક વ્યકિતમાં વિદ્યમાન હોય જ છે. પણ જયારે એવું વાતાવરણ મળે છે ત્યારે સાત્વિક ગુણો દબાઈ જાય છે, અને રેગીંગમાં પ્રવર્તિત વિદ્યાર્થીઓ હોય છે એમાં રજો ગુણ અને તમો ગુણ પ્રધાન બની જાય છે, અને સામે વાળામાં આવા ગુણો વધારે પ્રોત્સાહિત કરે છે. અને ભવિષ્યમાં કોલેજ લાઈફ પૂરી થયા પછી પણ સારા ગણાતા વિદ્યાર્થીઓ પણ આવું કરવા પ્રેરાય છે એટલે સૌથી પહેલા મને એક વાત કરવાની ઈચ્છા થાય છે, કે મારી ધારાસભ્યની ટીકીટની વાત નીકળી હતી ત્યારે મારા એક ખૂબ જ આદરણીય સાત્વિક વડિલનો પત્ર અને એક યુવાન મિત્રનો પણ પત્ર મને મળ્યો હતો. તેઓએ લખ્યું હતું કે તમને આ શું સૂજયું, તમને આવા ગંદા રાજકારણમાં જવાનો વિચાર કેમ આવ્યો? એ લોકોએ મને ખૂબ સારો માણસ માનીને આવો પત્ર લખ્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, આજે ૯ વર્ષ પછી મને બહુ જ સારો અનુભવ થયો છે, અને આની અંદર આપણે ગુજરાતના રાજકારણમાં સારા લોકોને કેટલું મહત્વનું સ્થાન છે તેનો મને અનુભવ થયો છે. અને એવી જ રીતે આ રેગીંગમાં પણ ગુજરાત કરી બતાવશે તો માનનીય ચંદ્રીકાબહેન જે બિલ લઈને આવ્યા છે તેવો કાયદો બનાવવાની જરૂર નહીં રહે. એવું સુંદર વાતાવરણ ચોકકસ નિર્માણ કરી શકીએ તેના માટે માનનીય અતુલભાઈએ કહ્યું તેમ ડીન અને પ્રિન્સિપાલ કે ઓથોરીટી કે હેડ જે હોય તે શું કામ તેને કાબૂમાં ન લાવી શકે? લાવી જ શકવા જોઈએ. જયારે આટલું સક્ષમ તંત્ર હોય, સરકાર સક્ષમ હોય અને સાત્વિક હોય તો ચોક્કસ તેને કાબૂમાં લાવી શકે છે. એટલે આ બિલના હાર્દ સાથે હું જરૂર સંમંત થાઉં છું. પણ ગુજરાતના વાતાવરણમાં ચોકકસ આ રેગીંગને કાબૂમાં લઈ શકાશે તેવા વિશ્વાસ સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય ચંદ્રિકાબહેન રેગીંગ અટકાવવા બાબતનું બિલ લઈને આવ્યા છે તેને સમર્થન કરું છું. અને અભિનંદન પણ આપું છું. અને મારા એક બે સૂચનો છે તે રજૂ કરું છું. બધા મિત્રોએ વાત કરી પણ આ વિદ્યાર્થીઓમાં અને એમના અધ્યાપકોમાં અને આવી સંસ્થાઓમાં આનો ચેપ લાગ્યો છે તેનો ઉંડો વિચાર કરીશું અને તેને રોકવા માટે કંઈક કરવું હશે તો જડમૂળમાં જવાની જરૂર પડશે. એક દસકા પહેલાની વાત કરું તો કોલેજના અધ્યાપક કે પ્રોફેસર મળે તો તેના ચહેરાના હાવભાવ અને તેની વાણીમાંથી પ્રેરણા મળતી હતી. કે આ પીફેસર છે, અધ્યાપક છે, ગુરુજી છે. કોઈ અભણ માણસ તેની સામે જાય તો તેમને હાથ જોડીને પ્રણામ કરતો હતો. પગે લાગતો હતો, પણ આજે તેમાં થોડોક અભાવ આવ્યો છે અને એક દસકામાં જે નવી હરોળના અધ્યાપકો આવેલા છે એમાં અને સાથે સાથે સંચાલકોમાં પણ, અમારા મુરબ્બી માલજીભાઈ આ રહ્યા, તેઓ પણ એક સંસ્થાના સંચાલક છે, જયારે ઘણાં એવા પણ હશે કે જેમને કોઈ વિદ્યાર્થી તો શું પણ વાલી પણ મળી શકે નહીં અને પશ્ચિમના દેશની અસર એમનામાં હોય છે. એટલે એના જડમૂળમાં જઈ અને તેમાં સુધારો લાવવો જોઈએ, સરકાર તરફથી તેનો સેમિનાર કરવામાં આવે મિટીંગો રાખવામાં આવે, આ કાયદાથી નિકાલ થાય તેવી વસ્તુ નથી કાયદો કાયદાનું કામ કરે છે, સજા કરે છે દંડ કરે છે, પણ એ નાબૂદ નથી થતું, પણ તેના માટે સંચાલકો, પ્રોફેસરો અને અધ્યાપકો છે અને આ નવી હરોળમાં આ દસકામાં જે આવેલા છે તેની સાથે પરામર્શ કરીને આપણી સંસ્કૃત્તિ શું છે, આપણે ગુજરાતના યુવાનને કઈ દિશામાં લઈ જવાનો છે તે બાબતની વાત કરવામાં આવે, અને આપણા જે વડિલો આ ગુજરાતમાં જે થઈ ગયા છે ગાંધી બાપુથી માંડીને અનેક તેની વાત કરીશું અને તેમને એની અસર થશે અને વિદ્યાર્થીઓ સુધી એ અસર પહોંચશે તો આને અટકાવી શકાશે. એટલે આ બાબતમાં વિચાર કરવાની જરૂર છે. આપણે કોઈને મળીશું તો આપણને ખ્યાલ આવશે, તેમના ચહેરા ઉપરથી આપણને એવો ભાવ થશે કે એમનાંમા કેટલી સંસ્કારીતા છે કેટલી સારી ભાવના છે, તે ખબર પડી જશે. અમારા માલજીભાઈ આજે પણ છોકરાઓની વચ્ચે જ સૂઈ રહે છે, અમારા પાલનપુરનાં હરિસિંહ ચાવડા રાતના ૧૨ વાગ્યે જઈએ તો પણ આજુબાજુ છોકરાઓ સૂતા હોય અને પોતે વચ્ચે બંડી પહેરીને સુતા હોય છે. તેઓ આજે એમ.પી. છે. બંડી પહેરીને ઉંઘયા હશે. એમ.પી. છે એ પણ સંસ્થા ચલાવે છે. એવા સંચાલકો પણ થોડી એમની વાણીમાં, એમની રહેણીકરણીમાં એમના વસ્ત્રોમાં આવશે તો કાલે એમના અધ્યાપકો, શિક્ષકો અને બાળકો છે એના સુધી પહોંચશે. આ કરવું ખૂબ જ જરૂરી છે. આને રાજકીય ન લેતા ખૂબ ખતરનાક ચેપ મોટા શહેરોમાં થોડો થોડો હતો એ હવે નાના શહેરોમાં પણ પગ પેસરો કરતો જાય છે. અને આ યુવાધન બીજા રસ્તે ચડી જશે એની પહેલા આ થવું ખૂબ જરૂરી છે. માનનીય આનંદીબહેન જરૂર આ કરશે એવો મને વિશ્વાસ છે. માનનીય ચંદ્રિકાબહેનને પણ અભિનંદન આપીશ કારણ કે એમણે એક સારી વાત કરવાનો મોકો આપ્યો છે. માનનીય ગોરધનભાઈ પણ સારી વાત કરી છે. માનનીય મંત્રીશ્રી એમાં થોડી મહેનત કરશે નહિતર કાયદાથી એ નાબૂદ નહિ થાય. એ જાતના સંસ્કાર આપવા પડશે. સંસ્કાર શું છે એની વાત કરવી પડશે તો જ આનો નિકાલ થશે એટલી વાત કરીને વિરમુ છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં યુનિવર્સિટીઓ, કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગ અટકાવવા બાબતનું બિલ લઈને ડો. ચંદ્રિકાબેહન આ વિધાનસભામાં આવ્યા છે. જેમાં માનનીય સભ્યશ્રી કનુભાઈ, ગોવાભાઈ, ડો. અતુલભાઈ, ડો. માયાબેન, માલજીભાઈ, જીતુભાઈ, ગોરધનભાઈ તથા પ્રવિણભાઈ આ સૌ સન્માનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. જ્યારે ધારાસભ્યશ્રીઓ પોતાના વિચારો વ્યક્ત કરતા હતા ત્યારે ખૂબ શાંતિથી સાંભળતા હતા અને દરેકને ફીલ થતું હશે કે સમાજમાં આ પ્રકારનું વાતાવરણ બનતું હોય તો ભવિષ્યમાં ચિંતાનો વિષય જરૂર બને. મેં અહીંયા બેઠા બેઠા વિચાર કર્યો અને અમારા મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને પણ વિચાર આવ્યો કે આવતી કાલથી આપણું કામ સરળ થઈ જશે. અહીંયા બેઠેલા ધારાસભ્યો સારી રીતે વર્તન કરશે. પોલિટિકલ રેગીંગ નહિ થાય તેવું આવતી કાલથી શરૂ થશે તેવું લાગે છે અને હું માનુ છું કે આપણે આની અંદર માનતા હોય તો આવતી કાલાથી આપણા બંને પક્ષના સભ્યશ્રીઓ પોલિટિકલ રેગીંગ ન કરે અને સારુ વાતાવરણ બનાવી રાખે. સારુ વાતાવરણ આપણા ગૃહમાં થાય તેમ છે. નહિતર બનશે એવું કે અહીંયા આપણે જે કરીએ છીએ એ પેપરોમાં જાય છે અને આજે આપણે જે વિચારો વ્યક્ત કર્યા એ પણ થવાના છે અને પછી બંનેને કમ્પેર થવાનું છે.

**અધ્યક્ષશ્રી** : અહીંયા ધારાસભ્યો પણ કેટલા જાગૃત છે. મને પણ કહ્યું કે સાહેબ તમે આ ચર્ચા, તમે પોલિટિકલ રેગીંગ અટકાવવાનું બિલ લાવો.

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : બધાને આવો વિચાર ચોક્કસ આવ્યો હશે. આ ગુજરાત એ મહાત્મા ગાંધી અને સરદાર પટેલનું ગુજરાત છે. સ્વામી, સાધુ સંતો બધાનું ગુજરાત છે. સંસ્કારી ગુજરાત છે અને એટલે તો રાત્રીના બાર કે એક વાગ્યા સુધી ગુજરાતની બહેન દીકરીઓ દસ તોલા સોનું પહેરીને ગુજરાતના ગામોમાં, શહેરોમાં કે શેરીઓમાં કે કોઈ સંસ્થામાં કે પીકચરમાં જોઈ શકો છો. એટલે ગુજરાત માટે ગૌરવ લેવું જોઈએ અને આપણા સૌને પણ એનું ગૌરવ છે. એક વાત સારી કરી કે ધીરે ધીરે કરીને કૉલેજોમાં અધ્યાપકો અને આચાર્યોનો પ્રભાવ હોવો જોઈએ એ ધીરે ધીરે ઘટતો જાય છે. આ પ્રભાવ લાવવાના માટેના પ્રયત્નો અમારા ચોક્કસ ચાલુ છે. વી.સી.ની બેઠકો કરેલી છે. બધા વી.સી.ઓએ આની અંદર શું કરવું જોઈએ યુનિવર્સિટીની અંદર શું કરવું જોઈએ એનાથી માહિતગાર કર્યા છે. કોલેજોમાં કયા પ્રકારની પ્રવૃત્તિ હોવી જોઈએ, કયા પ્રકારની પ્રવૃત્તિ થવી જોઈએ જેના કારણે વિદ્યાર્થીઓ આ પ્રવૃત્તિમાં જોડાય અને એને આવા પ્રકારના વિચારો ન આવે. એ ઉપરાંત અનેક કોલેજોમાં પ્રવેશોત્સવ થયા છે. કોલેજોમાં પહેલા વર્ષમાં વિદ્યાર્થીઓ દાખલ થાય છે એને તકલીફ વધારે પડતી હોય છે. જૂના વિદ્યાર્થીઓ નવા વિદ્યાર્થીઓને સ્વીકારે એમની સાથે બેસીને ચર્ચા વિચારણા કરે, એની સાથે અધ્યાપકો અને આચાર્યો જોડાય તો કોલેજોની અંદર એવું સારુ વાતાવરણ ઊભું ચોક્કસ કરી શકાશે. મારે કહેવું છે કે જો આપણે વિદ્યાર્થીઓને સારી રીતે ટ્રેનિંગ આપીએ તો વિદ્યાર્થીઓમાં કોઈ દોષ હોય તેવું મને દેખાતું નથી. મેં વરસો સુધી આ ક્ષેત્રમાં કામ કર્યુ છે.

મારે બે-ત્રણ-ચાર કોલેજોમાં જવાનું થયું હતું. આ કૉલેજોમાં વિદ્યાર્થીઓએ થોડાક જ દિવસો પહેલાં ઘ ાાયલ ડે ઉજવ્યો હતો. વગર ઘાયલ થયે પાટા-પીંડી શરીરે બાંધીને જાણે કંઈક મહાન કામ કર્યું હોય એવા પ્રકારનો એક કાર્યક્રમ કર્યો હતો અને સંજોગોવશાત્ ત્રીજા કે ચોથા દિવસે આ કૉલેજમાં એક સમારંભમાં મારે જવાનું થયું હતું. એ સમયે મેં બધાં જ વિદ્યાર્થીઓ સમક્ષ આ વિષય ઉપાડ્યો હતો. તેમને મેં કહ્યું હતું કે તમે ઘ ાાયલ ડે ઉજવ્યો પરંતુ તમે તમારો ઘાયલ ડે આ રીતે ઉજવ્યો હોત, મેં તેમને એમ કહ્યું કે હૉસ્પિટલોમાં અનેક નાના બાળકો, અનેક માતાઓ, વૃદ્ધો આવે છે. દર્દીઓ થઈને આવે છે. તેમની સેવા કરવા માટે એકાદ દિવસ તમે કંઈ ફ્રુટ્સ લઈને ગયા હોત તો હું માનું છું કે તમને આનંદ થયો હોત. જ્યારે ઘાયલ ડે ઉજવવાથી તમને કોઈ આનંદ નહીં થયો હોય. સાહેબ, મારે કહેવું જોઈએ કે ત્યાર પછી તે કૉલેજમાં આજ સુધીમાં ઘાયલ ડે ઉજવાયો નથી અને તેઓ સ્કૂલોમાં અથવા તો ક્યાંક જઈને વૃક્ષારોપણનું કામ કરે છે. એ વખતે હું કચ્છમાં ગઈ હતી. કચ્છમાં નવી યુનિવર્સિટીના મકાનનું ખાતમુહૂર્ત હતું. એ સમયે ત્યાં વિદ્યાર્થીઓએ, છોકરા-છોકરીઓએ બાંધણી ડે ઉજવ્યો હતો ત્યારે મેં જાહેરમાં વિદ્યાર્થીઓને કહ્યું કે તમે બાંધણી પહેરીને અહીં આવ્યા છો બધા, મને આનંદ છે. તેનો વિરોધ ન હોઈ શકે. પરંતુ તેમને એમ કહ્યું કે જો તમારે બાંધણી ડે ઉજવવો હતો તો જામનગરમાં, કચ્છમાં બાંધણી બાંધવા માટેના પરિવારો છે તો આ પરિવારોનો તમે એક દિવસ જઈને અભ્યાસ કર્યો હોત તો? તેમને કેટલી રોજી-રોટી મળે છે? કેવી રીતે કલર મિક્સ કરે છે? કેવી રીતે ડિઝાઈન બનાવે છે, કેવી રીતે તેને રોજી-રોટી મળે છે? તેના કારણે તેને કેવા પ્રકારના રોગ થાય છે? આ બધી બાબતોનો એક સરવે રિપૉર્ટ તૈયાર કર્યો હોત અને જો રાજય સરકારને આપ્યો હોત તો કદાચ અમારા મુખ્યમંત્રીશ્રીને એમાંથી કોઈ નવી યોજનાનો વિચાર ચોક્કસ આવ્યો હોત. તો કરવા જેવા આવા કામો છે મિત્રો, કચ્છ યુનિવર્સિટીના વી.સી.ને પણ એ વિચાર

આવ્યો કે વાત તદ્દન સાચી છે અને ધીરે ધીરે કરીને આવી કૉલેજોમાં આ પ્રકારના જે ડે ઉજવાતા હતા તેના ઉપર રોક આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપ સૌને પણ મારે કહેવું છે કે ૨૦૦૭ની સાલ છે. આઝાદીનો સ્વાતંત્ર્ય સંગ્રામ શરૂ થયો હતો તેને ૧૫૦ વર્ષ પૂરા થાય છે. એટલા માટે રાજયનું પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ અને ઉચ્ચતર વિભાગ એટલે કે કૉલેજમાં આખા વર્ષમાં આપણે દેશને આઝાદ કરવામાં કયા કયા પ્રકારના નેતાઓએ કામ કર્યું છે, કેવી રીતે શહીદી વહોરી છે, કેવી રીતે તેમને ફાંસીની સજા થઈ છે, કયા દિવસોએ કયા કાર્યક્રમો થયા હતા આ બધું જ કૅલૅન્ડર તૈયાર કરીને સમગ્ર રાજયમાં જેટલી પણ ઇન્સ્ટિટ્યૂટ છે એ ઇન્સ્ટિટ્યૂટમાં આ પ્રકારના કાર્યક્રમો આવતા વર્ષે થશે, જેથી નહીં એ વેલેન્ટાઈન ડે ઉજવે કે નહીં બાંધણી ડે ઉજવે કે નહીં ઘાયલ ડે ઉજવે. તેમને દિશા આપવી પડે અને આપણે જો વિદ્યાર્થીઓને યોગ્ય દિશા આપીએ અને આચાર્યના મનની અંદર આ બધી બાબતો ઉતરે અને અધ્યાપકોને એમ લાગે કે અમારે આ કરવું જોઈએ તો આ કામ થઈ શકે. આજે જે રીતે યુનિવર્સિટીમાં કામ થઈ રહ્યું છે અને અધ્યાપકોને પણ કર્મયોગીની ટ્રેનિંગ આપી રહ્યા છીએ. હું માનું છું કે ધીરે ધીરે કરીને કૉલેજમાં પણ આ પ્રકારનું વાતાવરણ અમે બનાવી શકીશું. એ વાત તદ્દન સાચી છે કે જો કૉલેજોમાં તેના આચાર્ય, અધ્યાપકો, સંચાલકો અને ટ્રસ્ટીઓ આ બધા ભેગા મળીને જો સુંદર વાતાવરણ કૉલેજમાં કે હાઈસ્કૂલમાં ઉભું કરી શકે તો આવા રેગીંગનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત જ ન થાય પણ મુસીબત ત્યાં છે કે જો કોઈ કૉલેજમાં કોઈ એકાદ વિદ્યાર્થી આ પ્રકારનું કામ કરતો હોય અને જો તેને કોઈ સજા થાય અથવા તો તેને પરીક્ષામાં બેસવા ન મળે અથવા તો તેને ૧૦૦-૧૦૦૦ રૂપિયાનો દંડ થાય તો તરત જ પોલીટીકલ દબાણો, સામાજિક દબાણો તેના ઉપર આવી જાય. મને યાદ છે કે ત્રણ-ચાર વર્ષ ઉપર એક વિદ્યાર્થીએ એલ.ડી. એન્જિનિયરીંગ કૉલેજમાં બધાં જ ઈજનેરી વિભાગના વિદ્યાર્થીઓની પરીક્ષા અટકાવી હતી. કેવી રીતે અટકાવી? તો જઈને બધા જે બ્લૉક હતા એ બ્લૉકમાં જઈને તેણે તાળા મારી દીધા. અમારા અધ્યાપકો તેમની કૉલેજોમાં બેસી રહ્યા અને આ બાજુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા માટે આવ્યા તો કૉલેજોના બ્લૉકને તાળા મારેલા. આ વાત જ્યારે મારા સુધી પહોંચી ત્યારે રાત્રે ૧૧-૦૦ વાગે એ વિદ્યાર્થીને મારી પાસે લાવવામાં આવ્યો. મેં કહ્યું કે મારી પાસે લઈને આવો. જેણે આ કામ કર્યું છે તેને. એ મારી પાસે આવ્યો, મેં તેને સમજાવ્યો કે આ આપણાંથી ન થાય અને જો તું એલ.ડી. એન્જિનિયરીંગ કૉલેજના મકાન આગળ હોઈશ તો ધરપકડ કરાવીશ. મહેરબાની કરીને તારે નથી આવવાનું. બીજા દિવસે એ વિદ્યાર્થી ન આવ્યો અને કૉલેજમાંથી તેને સસ્પૅન્ડ કરવામાં આવ્યો. પરંતુ ત્યાર પછી મારી ઉપર એટલા બધા પોલીટીકલ દબાણો આવ્યા કે આ તો બહુ સારો વિદ્યાર્થી, આ તો બહુ સારો વિદ્યાર્થી. આપણે સૌએ સમજવું પડશે. આવા વિદ્યાર્થીઓને પણ. કે જે હજારો વિદ્યાર્થીઓનું ભવિષ્ય બગાડે તો હજારો વિદ્યાર્થીઓનું ભવિષ્ય સુધારવા માટે એકાદ વિદ્યાર્થીને આવી સજા કરવી જ પડે અને આવા સંજોગો જયારે થાય ત્યારે

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો આ જવાબ પૂરો થાય ત્યાં સુધી સમયની અવધી લંબાવવા માટે વિનંતી કરુ છું.

**અધ્યક્ષશ્રી .** : આજનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ત્યાર પછી આજ સુધીમાં એક વિદ્યાર્થી આ રીતે સસ્પેન્ડ કરવાને કારણે યુનિવર્સિટીની પરીક્ષાની અંદર કે આજ સુધીમાં હોસ્ટેલોની અંદર એકેય ગરબડ કોઈપણ કરી શકયું નથી. આ વાત સાચી છે કે નાપાસ થયેલા વિદ્યાર્થીઓ વારંવાર એડમીશનો લીધા કરે, હોસ્ટેલોની અંદર રહ્યા કરે અને નવા વિદ્યાર્થીઓ આવતા હોય એમને હેરાન કરે અને એટલે જ ગુજરાત યુનિવર્સિટીની અંદર અને બીજી યુનિવર્સિટીઓની અંદર આવા જે વિદ્યાર્થીઓ કે જે ચાર-ચાર વર્ષથી એક જ સ્ટાન્ડર્ડમાં એફ.વાય.માં કે એસ.વાય.માં પડી રહ્યા હતા, બધાઓને દૂર કરવામાં આવ્યા કે ન ભણવું હોય તો ઘેર જાવ, અહીં તમારા માટે જગાઓ નથી અને આપણે ખાલી કરાવ્યું છે. એ જ રીતેની ઘટના બની, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ઈજનેરીંના વિદ્યાર્થીઓ મોરબીની અંદર, ત્યાં લગાતાર દર વર્ષે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર બે વિભાગ

જુદા પડી જાય અને બધા આમને સામને લડે અને એકબીજાના ઉપર દોષારોપણો કરી હોસ્ટેલની અંદર આજ પ્રકારનું વાતાવરણ બન્યું. આ આખો વિષય મેં મારા હાથ પર લીધો. છેલ્લા ૩ વર્ષ થયા આજ સુધીમાં એક પણ ઘટના ઉત્તર ગુજરાતની કે સૌરાષ્ટ્રની બની નથી. મારે એ કહેવું છે કે જો આપણે સૌ સાથે મળીને વાતાવરણ સુધારવા માટેનો પ્રયાસ કરીશું અહીં પણ અનેક ટ્રસ્ટીઓ બેઠા હશે, સંચાલકો પણ હશે. આપણે સૌ સાથે મળીને નક્કી કરીએ કે આપણે જે કોર્સ ચલાવતા હોઈએ એ કોર્સની અંદર દીકરી હોય કે દીકરો હોય એમને સારું શૈક્ષણિક વાતાવરણ મળી રહે, અભ્યાસ કરવાની સુવિધાઓ એમને પ્રાપ્ત થાય. એમની કોઈ મુશ્કેલી હોય તો ત્યાં કલબો ઉભી કરવામાં આવી છે. સેલ ઉભા કરવામાં આવ્યા છે. એ સેલની અંદર જઈને તેઓ અમને મળી શકે છે અને જે વી.સી. છે અથવા તો કોલેજના આચાર્ય છે એમને પણ જઈને મળી શકો છો અને કયાંય પ્રશ્નનો ઉકેલ ન આવે તો અમારી પાસે આવી શકો છો. ધારાસભ્યશ્રી પાસે પણ આવી શકો છો. ધારાસભ્યશ્રી દ્વારા મંત્રીશ્રીઓ પાસે અથવા તો અમારા સચિવશ્રીઓ પાસે જઈ શકો છો અને એમના પ્રશ્નનું આપણે સોલ્યુશન લાવી શકીએ છીએ એ વાત સાચી છે. પ્રવિણભાઈ મારુ મારી પાસે એક વિદ્યાર્થીને લઈને આવ્યા હતા. એમ.એસ. યુનિવર્સિટીની અંદર એમને તકલીફ હતી તો એની અંદરથી આપણે માર્ગ કાઢયો છે કે ચલો બીજી યુનિવર્સિટીની અંદર એને દાખલ કર્યો અને એ રીતે એને માર્ગ કાઢી અને વિદ્યાર્થીનું ભવિષ્ય ન બગડે એની પણ તકેદારી રાખી. સાથેસાથે યુનિવર્સિટીની અંદર એમ.એસ. યુનિવર્સિટીની અંદર વી.સી. એ પણ કડકાઈથી જે વિદ્યાર્થીઓ એને રેગીંગ કરતા હોય એની સામે પણ પગલાં લીધા અને વાત સાચી છે કે કાયદો બનાવવાથી આ પરિવર્તન ન આવી શકે. સમજદારીથી, જાગૃતિ લાવવાથી આ કાયદો લાવવાથી પરિવર્તન આવે પરંતુ કોલેજો હોય હાઈસ્કૂલો હોય ઉચ્ચતર માધ્યમિક શાળાઓ હોય એની અંદર જો આપણે સૌ સાથે મળીને જ્યાં પણ આપણે કામ કરતા હોઈએ, જયાં પણ આવી ઘટનાઓ ધ્યાન પર આવે તો આપણે પહોંચી જઈએ અને એનું સમાધાન કરવા માટેના પ્રયાસો કરીશું તો હું માનુ છું કે વધારે સારું થશે. ખેડા જિલ્લાની અંદર એક કોલેજ હતી જેને મારે બંધ કરવી પડી. પી.ટી.સી. કોલેજ અને એના ટ્રસ્ટીનો દીકરો, ટ્રસ્ટીનું મારે નામ નથી દેવું, રાતના ૧૨-૦૦ વાગે અને પીટી.સી. કોલેજ અમારી વિદ્યાર્થીઓની, દીકરીઓની એ દીકરીઓ ફફડે, એ વિદ્યાર્થીઓને ૮-૧૦ દીકરીઓને લઈને રાતના ૧૧-૦૦ વાગે લઈને કાળુભાઈ આવ્યા મારી પાસે અને એમણે વર્ણન કર્યુ કે આ પ્રમાણે અમને હેરાનગતિ કરવામાં આવે છે અને એ હેરાનગતિ દૂર થાય, મેં એનું ઈન્સ્પેકશન કરાવ્યું. તદ્દન સાચી વાત નીકળી ચાર દિવસ પછી મેં આખી કોલેજ બંધ કરી દીધી. આખી કોલેજ બંધ કરી દીધી કે શા માટે? તમારે જો આ પ્રમાણે દીકરીઓની હેરાનગતિ કરવાની હોય તો આવી કોલેજો ચલાવવાની કોઈ આવશ્યકતા જ નથી. આજે આ કોલેજને ફરી ચાલુ કરવા માટે મથામણ કરી રહ્યા છે પરંતુ આજ સુધી એ કોલેજ ચાલુ નથી થઈ. આવા કડક પગલા લીધા છે. જો કોલેજના સંચાલકો અને એમના દીકરાઓ આ રીતે બાળકોને હેરાનપરેશાન કરતા હોય, બધાને ફીઓ માગતા હોય અને માનસિક ત્રાસ આપતા હોય તો એવી કોલેજો ચલાવવાની કોઈ આવશ્યકતા જ નથી અને એટલા માટે જરૂરિયાત છે હિંમતભેર એમની ઉપર કાયદાકીય પગલા લેવાની, જરૂર પડે તો કોલેજ બંધ કરવાની, જરૂર પડે તો આચાર્યને સજા કરવાની આવશ્યકતા ઉભી થશે તો આ રાજય સરકાર અને મારો વિભાગ અચકાશે નહીં અને હું ખાતરી આપુ છું આપ સૌને કે કોઈપણ જગ્યાએ કોલેજની અંદર કે હાઈસ્કૂલની અંદર કોઈપણ બાળકને માનસિક ત્રાસ અથવા શારીરિક રીતે જો એમને ત્રાસ આપવામાં આવે તો મારું ધ્યાન જરૂર દોરો. ગુજરાતની અંદર તદ્દન શાંતિ છે. રેગીંગના એવા કોઈ પ્રસંગો ઉભા નથી થયા કે જેમાં કાયદો લાવવાની જરૂરત થાય, માત્ર જરૂરિયાત છે એક સમજદારી ઉભી કરવાની, આત્મવિશ્વાસ વિદ્યાર્થીઓની અંદર પેદા કરવાની, ગોવાભાઈ કહેતા હતા એ વાત સાચી છે કે ૧૯૬૦માં હું કોલેજની અંદર, આખી કોલેજમાં હું એકલી વિદ્યાર્થીની હતી. અને તે સમયે ચાર વર્ષ સુધી હિંમતપૂર્વક કૉલેજમાં ભણી છું. ભાઈઓએ હેરાન નહોતી કરી એવું ન હતું. પરંતુ હિંમતપૂર્વક ટકી રહી હતી. એટલા માટે અહીં ઊભી છું. આપણે વિદ્યાર્થીઓમાં એક તાકાત ઊભી કરવી પડશે. દીકરીઓમાં તાકાત ઊભી કરવી પડશે. ગભરાઈને ઘેર ભાગી જઈએ, શું કરીએ એવું નહીં. વાલીઓએ વિદ્યાર્થીઓમાં સમજણ પેદા કરવી પડશે, બાળકોમાં શારીરિક ક્ષમતા પુરવાર થાય, હિંમત રહે, ડર ન આવે એવા સંસ્કાર આપવા પડશે. જન્મથી ડરામણી વાતો કરીએ, ભૂત આવ્યું, પોલીસ આવી, તો બાળક હિંમત નહિ કરી શકે. વાલીઓની જવાબદારી વધારે બને છે. બાળકો શાળામાં જાય છે એના વાલીઓ જવાબદારી ઉઠાવે, વાલીઓ પણ પોતાના બાળકોને હિંમત આપે અને હૂંફ આપશે તો હું માનું છું કે આવી ઘટનાઓ ગુજરાતમાં ક્યાંય નહિ બને. ચંદ્રિકાબેનને વિનંતી કરું છું કે ગુજરાતમાં વાતાવરણ સારું છે. આવો કાયદો લાવવાની કોઈ આવશ્યકતા નથી. આવી ઘટના બનતી હોય ત્યાં તકેદારી રાખીશું, એને દંડ કરીશું, શિક્ષા કરીશું અને સારું વાતાવરણ ગુજરાતમાં બની રહે એના માટે સતત પ્રયત્નો કરીશું. આપને વિનંતી છે કે આપ વિધેયક પાછું ખેંચો.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક ઉપર ખૂબ જ સુંદર ચર્ચાઓ થઈ અને આવતા દિવસોમાં ભવિષ્યમાં આપણે શું કરી શકીએ અને આપણી ક્યાં નબળાઈ છે એ માટે ડૉ. જીતુભાઈ, માનનીયશ્રી ગોવાભાઈ, પ્રવિણભાઈ, ડૉ. અતુલભાઈ, પ્રદિપસિંહભાઈ, ડૉ.કનુભાઈ,

ગોરધનભાઈ વિગેરે બધા ડૉકટરો અને સભ્યશ્રીઓને વાત કરી. પૂજ્ય માવજીભાઈ સંસ્થા ચલાવે છે. માયાબેને વાત કરી અને આનંદીબેને વાત કરી. મારે એટલું જ કહેવું છે કે, બહુ સાચી વાત છે કે કાયદો છે પણ કાયદાનું પાલન ન થાય ત્યારે થોડી તકલીફો પડે છે. આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કહીશ કે શૈક્ષણિક સંસ્થાઓ થાય, હોસ્ટેલો ચાલું થાય ત્યારે આપણે પરિપત્ર મુજબ નક્કી કર્યું છે કે એને એડમિશન નહિ આપવું, એને હોસ્ટેલમાં એડમિશન નહિ આપવું જે બીજા વિદ્યાર્થીઓના નામે અને બીજા વિદ્યાર્થીઓની સાથે સતત રહેતા હોય છે અને સતત આવી જાતની વિકૃતિ ઊભી કરતા હોય છે. માનનીય ધારાસભ્યશ્રીઓએ અને માનનીય મંત્રીશ્રીએ ખૂબ જ સારા પ્રતિભાવો આપ્યા છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૦૭નું ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૦૭નું ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક પાછું ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી . : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.**

**સભાગૃહની બીજી બેઠકનું કામકાજ સાંજના ૭-૦૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૦૭ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૭**
**ફાલ્ગુન ૨૫, ૧૯૨૮ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## જૂનાગઢ જિલ્લાને કલ્પસર યોજનાનું સિંચાઈ માટે મળનાર પાણી

***૨૧૯૩૯ શ્રી કનુભાઈ મે. ભલાળા (વિસાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર પ્રભાગ) જણાવવા કૃપા કરશે કે-

(૧) જૂનાગઢ જિલ્લામાં કલ્પસર યોજનાનું પાણી કેટલા તાલુકામાં સિંચાઈ માટે મળશે,
(૨) અંદાજિત કેટલા હેકટર જમીનને આવરી લેવાનું આયોજન છે,
(૩) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ કલ્પસર યોજના કયા તબકકે છે, અને
(૪) કયારે પૂર્ણ થશે?

**મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર પ્રભાગ):

(૧) પૂર્વ શકયતાદર્શી અહેવાલ અને છ વિશિષ્ટ અભ્યાસો મુજબ જૂનાગઢ જિલ્લાના ૧૩ તાલુકાઓમાં સિંચાઈ માટે પાણી મળવુ શકય છે.
(૨) પૂર્વ શકયતાદર્શી અહેવાલ અને છ વિશિષ્ટ અભ્યાસો મુજબ અંદાજીત ૩ લાખ હેકટર જમીનને સિંચાઈની સુવિધા આપવી શકય છે.
(૩) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કલ્પસર યોજનાની પૂર્ણ શકયતાદર્શી અહેવાલ, બેંકેબલ વિગતવાર યોજનાકીય અહેવાલ તૈયાર કરવાની તેમજ વન અને પર્યાવરણની પ્રથમ તબકકાની મંજૂરીના સંદર્ભે કામગીરી પ્રગતિમાં છે.
(૪) પૂર્ણ શકયતાદર્શી અહેવાલ, બેંકેબલ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરીને કેન્દ્ર સરકારની પર્યાવરણ અને વન મંત્રાલયની મંજૂરી મળ્યા બાદ દસ વર્ષમાં પ્રોજેકટ પૂર્ણ થઈ શકશે.

**શ્રી કનુભાઈ મે. ભલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ કલ્પસર યોજના બહુ હેતુલક્ષી યોજના છે અને તેમાંથી વીજળી મળવાની છે. સાથે સાથે સૌરાષ્ટ્રથી સુરત અને મુંબઈનું અંતર ૨૦૦ કિલોમીટર જેટલું ઘટવાનું છે. કલ્પસર એ સંસ્કૃત શબ્દ છે, એનો અર્થ છે કે કલ્પો એટલું પાણી. એનાથી ૪ જિલ્લા જૂનાગઢ, ભાવનગર, અમરેલી અને રાજકોટને જયારે પાણી મળવાનું છે ત્યારે મારો પ્રશ્ન એ છે કે કલ્પસર યોજનાનો શકયતાદર્શી અહેવાલનો અભ્યાસ છેલ્લા એક વર્ષમાં, ૨૦૦૬-૦૭માં શું પ્રગતિ થઈ? બીજુ કે ખંડ-૪માં જવાબ આપ્યો છે એમાં બેંકેબલના રીપોર્ટનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે શું છે? અને તેમાં કયા કયા મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવશે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા**: માનનીય અધ્યક્ષશ્રી, આ બહુહેતુક યોજનામાં રાજય સરકાર માનનીય મુખ્યમંત્રીશ્રીની સીધી દેખરેખ હેઠળ ખૂબ જ ગંભીરતાપુર્વક આગળ વધી રહી છે. એમાં માનનીય સભ્યશ્રીએ છેલ્લા એક વર્ષમાં થયેલ કામગીરીની જાણકારી માગી છે. આંતરરાષ્ટ્રીય તજજ્ઞ સલાહકાર જૂથની બે બેઠકો જૂલાઈ-૨૦૦૬ અને જાન્યુઆરી-૨૦૦૭માં મળી. ૧૩ જેટલા રાષ્ટ્રીય તજજ્ઞોની નિમણૂક અને તમામ દ્વારા અભ્યાસ કરીને પ્રાથમિક રીપોર્ટ અને એનું પ્રેઝન્ટેશન થયું. અન્ય વધુ રાષ્ટ્રીય તજજ્ઞોની નિમણૂકની કાર્યવાહી પ્રગતિમાં છે. ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટયૂટની મદદથી સરવે ઓફ ઈન્ડિયા મારફતે સરવે કરેલા નકશાઓને ૧૧૬ કલ્પસર પ્રભાગમાં સ્કેન કરીને જુદી જુદી થીમ જેવી કે ખરાબાની જમીન, રહેણાકનો વિસ્તાર, નદી અને બીજા પાણીના સ્ત્રોત વગેરે તૈયાર કર્યા. ઈન્સ્ટિટયૂટ ઓફ સીસ્મોલોજીકલ રીસર્ચ, ભૂકંપના અભ્યાસ માટે ગુજરાત રાજયની ગાંધીનગર સ્થિત આઈ.એસ.આર.ના કલ્પસર સરોવર ફરતે કુલ ૭ વિવિધ સ્થળોએ સીસ્મોલોજીકલ ઓબ્ઝર્વરની સ્થાપનાની દરખાસ્તને મંજૂરી પ્રગતિમાં છે. આ આખા કામને પી.એમ.ડી.સી. પ્રોજેકટ મેનેજમેન્ટ એન્ડ ડિઝાઈન કન્સલ્ટન્ટ ઝોનના બેંકેબલ વિસ્તૃત યોજનાનો અહેવાલ તૈયાર કરવા માટે આ એજન્સીની નિમણૂક કરવામાં આવી છે. સ્ટ્રેટેજીક પેપર તૈયાર કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. એની સામાજીક અસરોનો અભ્યાસ કરવા માટે ૩ તબકકામાં આ અભ્યાસ કરવાનું આયોજન કર્યુ છે અને નાગપુર સ્થિત નીરી સંસ્થાને મંજૂર કરી છે. અને આ કામગીરી આગળ વધી રહી છે. પાણીની ગુણવત્તા ચકાસવા માટેની કામગીરી પણ આ સમય દરમયાન કરવામાં આવી છે. સોઈલ એન્ડ ડેમેજની શકયતા ચકાસવા માટેની કામગીરી પણ કરવામાં આવી છે. ટોપોગ્રાફીકલ સરવેની કામગીરી આ વર્ષ દરમ્યાન કરવામાં આવી છે. બંદરો ઉપરની અસર શું થશે, આ કલ્પસર યોજના થવાથી, એની કામગીરી થઈ છે. કલ્પસર તાંત્રિક સેલની રચના કરવામાં આવી છે. એમનો બીજો સવાલ એ છે કે ખંડ-૪માં બેંકેબલ રીપોર્ટ તૈયાર કરવા માટે એ શું છે? આ ખૂબ મોટા ગજાનો પ્રોજેકટ છે અને ભવિષ્યમાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ અથવા તો બી.ઓ.ટી. આ બેમાંથી કોઈ એક ધોરણે આ કામગીરી કરવાની વિચારણા

કરવામાં આવે તો અત્યારથી જ એની પૂર્વતૈયારી માટે ઝીણામાં ઝીણી વિગતોને આવરી લઈને અભ્યાસ કરવો જરૂરી બને છે. અને એ માટે દુનિયાના જે તે ક્ષેત્રના ટોચના નિષ્ણાતો છે, વિદેશમાં કામ કર્યુ છે એવા ઈન્વેસ્ટર્સ આગળ આવે એ માટે બેંકેબલ રિપોર્ટ તૈયાર કરવો જરરી બન્યો છે અને એના માટે ૬ કોમ્પોનન્ટ છે, જેમ નર્મદાનાં ૩ કામો છે એમાં બંધ, પાવર હાઉસ અને નહેરો એવી રીતે આ યોજનામાં પણ હોંસોટથી ધોધા સુધી ૬૪ કિલોમિટરનો બંધ, ૬ લાઈન હાઈવે, રેલવે લાઈનો, ૬૬૦ કિલોમિટરનું જળાશય, ૫૮૮૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન જે વિશ્વમાં પ્રથમ હશે, ૬૪ કિલોમિટર નો રોડ જે સૌરાષ્ટ્ર દક્ષિણ ગુજરાત અને મુંબઈ વચ્ચેનું ૨૨૫ કિલોમિટરનું અંતર ઘટાડશે. જમીન સુધારણાનું કોમ્પોનન્ટ, પ્રવાસન નિગમનું કોમ્પોનન્ટ છે, બંદરો વિકાસ એનું પણ કોમ્પોનન્ટ છે અને આ બધાં જ કોમ્પોનન્ટ એ ભવિષ્યમાં વિશ્વના ટોચના લોકો એમાં ઈન્વેસ્ટર્સ આવી શકે એ માટે બેંકેબલ રિપોર્ટ તૈયાર કરવાની કામગીરી હાથ ઉપર લીધી છે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કનુભાઈના પ્રશ્ન વિશે કહું તો મેં મારા અગાઉની સ્પીચમાં પણ કહયું હતું કે આ સૌરાષ્ટ્રમાં નર્મદાનું ચાર જિલ્લાઓમાં પાણી મળવાનું નથી. તો આ કલ્પસર યોજના જો સાકાર થાય તો એનાથી આ ચાર જિલ્લાઓનો ખેતીવાડીનો જે ખારા પાણીના હિસાબે પડતર રહેલો ભાગ છે એ ભાગ નવસાધ્ય બને અને એને નવું જીવન મળે એવી પરિસ્થિતિ છે. હું એ વાત કરવા માગું છું કે ૧૯૯૮ માં આ કલ્પસર યોજનાની કલ્પના કરી હતી અને ત્યારે ૨૦૦૭ સુધીમાં એનો ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર થઈને ૨૦૦૭ માં કામગીરી શરૂ કરવાની કલ્પના ભાષણમાં બે વર્ષ પહેલાનાં પણ છે. તો હવે આ પ્રિ-ફિઝિબિલિટી રિપોર્ટ હજુ આવ્યો નથી અને આડકતરી રીતે ૨૦૧૦ સુધી એટલે કે એમાં ૮ વર્ષ મોડું થયું છે. તો હવે તાત્કાલિક આ રિપોર્ટ આવ્યા પછી પણ કેન્દ્ર સરકાર અને પર્યાવરણની મંજૂરીની કાર્યવાહી પગતિમાં છે તો આ બધી કામગીરી તાત્કાલિક પૂરી કરીને કયારે શરૂ કરવાની કલ્પના કરો છો અને બીજું કે આ જયારે કલ્પસર યોજના નકકી થઈ હતી ત્યારે કેટલો ખર્ચ કરવાની કલ્પના હતી અને અત્યારે કેટલો ખર્ચ થાય એવી પરિસ્થિતિ છે અને ત્રીજું કે આ સરવે રિપોર્ટમાં કેટલો ખર્ચ અત્યાર સુધીમાં થયો છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના બહુહેતુલક્ષી યોજના છે. દુનિયામાં આવડી મોટી યોજના ભૂતકાળમાં કયાંય કોઈ દેશમાં થઈ નથી, નાના પાયા ઉપર યોજનાઓ થઈ છે એટલે દેશમાં આવું કામ કરનાર નિષ્ણાતો આપણી પાસે નથી એટલે એમના ઉપર આપણે આધાર રાખવો પડે છે. ફ્રાન્સ, નેધરલેન્ડ એવા દેશોમાં નાના પાયા ઉપર કામગીરી કરે છે એમની ઉપર આધાર રાખવો પડે એટલે તેમની અનુકૂળતા અને પ્રતિકૂળતાઓ આપણે ધ્યાનમાં રાખવી પડે છે અને એમની પ્રતિકૂળતાને કારણે આ મોડું થયું છે, એમાં રાજય સરકારની કોઈપણ ઢીલ નથી. આ યોજનામાં જે નેશનલ ઈન્સ્ટિટયુટ ઓસન ટેકનોલોજી, ચેન્નાઈ છે એ આંતરરાષ્ટ્રીય ધોરણે કામ કરે છે અને એણે પહેલા તબકકાની કામગીરી પૂર્ણ કરી છે અને બીજા તબકકાની કામગીરી ચાલે છે. અત્યારે આ કલ્પસર યોજનાની પાછળ ૫૪ હજાર કરોડ રૂપિયાનો અંદાજ છે અને અત્યારસુધીમાં જે થયેલ ખર્ચ છે એ ૨૫૪૪.૪૯ કરોડ રૂપિયા છે અને માનનીય સભ્યશ્રીને હું આશ્વત કરું છું કે કોઈપણ સંજોગોમાં આ પ્રોજેકટ પૂર્ણ કરવા માટે રાજય સરકાર કટિબઘ્ધ છે જ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ કલ્પસરની કલ્પના થઈ એના પછી લગભગ ૧૩-૧૪ વર્ષનો સમય પસાર થઈ ગયો છે અને આ ૧૩-૧૪ વર્ષના સમયગાળામાં શકયતાદર્શી અહેવાલ એટલે કે પ્રિ-ફિઝિબિલિટી રિપોર્ટ માનનીય મંત્રીશ્રી કહે છે એમ આવવાની તૈયારીમાં છે.. આ યોજના શકય બનશે કે નહીં તે તો જયારે ફિઝિબિલિટી રિપોર્ટ, શકયતાદર્શી અહેવાલ આવે પછી જ ખ્યાલ આવે, અને પ્રી ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર કરવામાં આટલો સમય જાય અને ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર કરવામાં પણ એટલો જ સમય જવાનો હોય તો તેના પછી પ્રોજેકટ રિપોર્ટમાં તેના કરતાં ઘણો વધારે સમય જોઈશે, એટલે આ પ્રોજેકટ પૂરો થવામાં વર્ષોના વર્ષો નીકળી જાય તેવું છે, તેથી આની ચર્ચા કરવાના બદલે પ્રી ફિઝિબિલિટી રિપોર્ટ કેટલા સમયમાં સબમિટ થવાનો છે શકયતાદર્શી અહેવાલ આવે ત્યારે જ આની શકયતા છે કે કેમ તે ખબર પડી શકશે, તો શકયતાદર્શી અહેવાલ કયાં સુધીમાં આવવાનો છે? અને તેના પછી કેટલા વર્ષમાં પ્રોજેકટ રિપોર્ટ તૈયાર થવાનો છે? કારણ કે પ્રોજેકટ રિપોર્ટ તૈયાર થયા પછી જ ખરુ કામ શરૂ કરી શકાશે. એટલે આ બાબતમાં માનનીય મંત્રીશ્રી માહિતી આપે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : પ્રી ફિઝિબિલિટી રિપોર્ટ હકારાત્મક રીતે અહેવાલ આવ્યો છે તેના ઉપરથી આપણે ચોકકસ આશ્વાસન લઈ શકીએ અને ધારણા બાંધી શકીએ કે શકયતાદર્શી રિપોર્ટ પણ આ પ્રોજેકટ વાયેબલ છે તેવો જ આવશે. મેં અગાઉના જવાબમાં પણ જણાવ્યું કે મોડું થવાનું કારણ આ રાજય સરકારની કામગીરી નથી, આપણે આખી કામગીરીનો આધાર અન્ય ઉપર રાખવો પડે છે, એટલા માટે એક વર્ષમાં મુખ્ય

મંત્રીશ્રીએ પોતે ધ્યાન રાખીને જે કામગીરી કરી તે પણ હું વાંચું છું રાજય સરકારે કરવાની કમગીરી છે તે બધી જ કામગીરી રાજય સરકારે પૂર્ણ કરેલી છે. અને આવતા નજીકના ભવિષ્યમાં શકયતાદર્શી અહેવાલ પણ આવશે અને શકયતાદર્શી રિપોર્ટ પણ આ પ્રોજેકટ શકય છે તેવો જ આવશે એવી અમારી ધારણા છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, આ એક ૫૫ હજાર કરોડ જેવો મોટો મહત્વાકાંક્ષી પ્રોજેકટ એ ગુજરાતનું સ્વપ્ન છે. અને અમારા ભાવનગર જિલ્લાના સાગર કાંઠે છે. હવે મંત્રીશ્રી, એક તો અમને ભરોસો છે ૬૬૬ હજાર કરોડનું રોકાણ અહીં આવ્યા પછી, પહેલાં હતું કે આ થશે કે કેમ, પણ ૫૫ હજાર કરોડનો પ્રોજેકટ છે ત્યારે આગામી વર્ષમાં આજથી જ આયોજનબદ્ધ રીતે આને સમાવવામા આવે તેવું આયોજન કરવા માગે છે કે કેમ? અને બીજું ભાવનગરમાં સૌથી મોટો ભાગ આવે છે, આગળ અને પાછળના સાગરકાંઠાનો, ત્યારે ભાવનગર તરફ એ મીઠા પાણીનું સરોવર રહેવાનું છે કે એ સામેની બાજુએથી અમને મળવાનું છે? અને બીજું ભાવનગર જિલ્લાના કેટલા ગામોને અને ભાવનગર તાલુકાના કેટલા ગામોને આનો લાભ મળવાનો છે? બીજું કે સૌરાષ્ટ્રનો કેટલા ભાગનો ટ્રાફિક દક્ષિણ ગુજરાત સાથે અને ગોલ્ડન કોરીડોર સાથે વાયા ભાવનગર થઈને જશે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન માત્ર જુનાગઢ જિલ્લાનો છે, અને આખા પ્રોજેકટની ચર્ચા શરૂ થઈ ગઈ છે. છતાં ભાવનગર જિલ્લાને આનો લાભ મળવાનો છે અને એમાં ૬૪ હજાર હેકટર જેટલી સિંચાઈનો લાભ મળવાનો છે. અને ભાવનગર તરફ જ એ મીઠા પાણીનું સરોવરનું આયોજન કરવામાં આવ્યું છે.

## દારૂબંધી માટે થયેલ ખર્ચ

***૨૧૦૦૦ શ્રી પ્રવિણભાઈ ટી. મારુ (ગઢડા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજય સરકારે દારૂબંધી માટે તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કર્યો, અને

(૨) તે પૈકી જાહેરાતો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**નશાબંધી મંત્રીશ્રી (રાજયકક્ષા) :**

(૧) રૂા. ૪૮,૦૨,૯૩,૦૦૦/-

(૨) રૂા. ૮૨,૨૯,૬૭૬/-

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું એ પૂછવા માગું છું કે દારૂબંધી માટે ૪૮ કરોડ જે વાપરવામાં આવ્યા તે કયાં કયાં વાપરવામાં આવ્યા છે અને નશાબંધી ખાતું આ દારૂબંધી માટે જે કામ કરતું હતું તેને બંધ કરવાનું કારણ શું છે? અને આ સેઝ વિસ્તારમાં જે છૂટ આપવામાં આવી છે તે સેઝ સેઝ કરતાં કરતાં આખા ગુજરાતમાં છૂટ મુકવાનો પ્રયાસ તો નથી ને?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે પ્રશ્ન પૂછ્યો એમાં જે હેડ વાઈઝ ખર્ચો રાજયના આબકારી આયોજન બહાર સન ૨૦૦૫માં પાંચ કરોડ, સન ૨૦૦૬માં મુખ્ય સદરમાં સામાજિક સુરક્ષા અને કલ્યાણમાં ૨૦ કરોડ. આમ પાંચ કરોડ અને ૧૬ કરોડ એમ કુલ ૪૮ કરોડનો ખર્ચ થયો છે. બીજા પ્રશ્નમાં સેઝ કરીને છૂટ આપવા માગતા નથી. મેં અગાઉ પણ કહ્યું છે કે આ રાજય સરકાર દારૂબંધી નીતિને કડક રીતે વળગી રહેલ છે. એનો અમલ કરવા કટિબદ્ધ છે. કેટલાક લોકોને એવો ભ્રમ ફેલાવી બહાર નશો કરતા લોકોને મદદ કરવી હોય તો એ એમના મનના વિચારો છે. જેના મનમાં ભ્રમ હોય કે રાજયમાં દારૂબંધી હળવી થઈ છે, એ મને સૂચના આપીને 'ઘ' પાંચ ઉપર દારૂની બોટલ લઈને ઊભો રહે તો ખબર પડે કે દારૂબંધી કેટલી કડક છે. મને ખબર આપીને બાર વાગ્યે જઈને ઊભા રહે અને પછી કહે. જે લોકોને ભ્રમ ફેલાવવો છે એને ફરી કહેવા માગું છું કે રાજયની અંદર દારૂબંધીનો અમલ જેવો હતો એનાથી વધારે કડક રીતે આ રાજય સરકાર આવ્યા પછી થઈ રહ્યો છે અને ભવિષ્યમાં પણ થશે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : દારૂબંધી માટે કુલ ૪૮ કરોડ રૂપિયા જેટલો ખર્ચો થયો છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે વર્ષ પ્રમાણે અને હેડ પ્રમાણે બ્રેકઅપ કેટલો છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે જાહેરાત પાછળ ૮૨ લાખ જેટલો ખર્ચ થયો છે એમાં પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મિડિયામાં કેટલો ખર્ચો થયો છે, કેટલી એજન્સીઓ રાખવામાં આવી હતી અને એ દરેક એજન્સીને કેટલું ચૂકવણું કરવામાં આવેલ છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, બહેનશ્રીએ પ્રશ્ન પૂછ્યો એના જવાબમાં ૨૦૦૫માં કમિશ્નર કચેરીમાં ૬૮ લાખનો ખર્ચ થયો છે. જિલ્લા કચેરીઓમાં ૪ કરોડ ૩૧ લાખનો, કમિશનની દુકાનો ૨.૭૬ લાખ, એસ. ડબલ્યુ. તકેદારી એકમમાં ૭૦ લાખ, એસ.ડબલ્યુ. આયોજન બહાર ૩.૯૨ લાખ અને અમલીકરણની કામગીરી પગાર ભથ્થાં માટે ૧૯.૭૮ લાખ. પ્રચાર અને પ્રસાર પાછળ ૩૬ લાખ એમ ૨૦૦૫ માં ૨૫ કરોડ ૯૦ લાખનો ખર્ચ કરેલ છે. જ્યારે ૨૦૦૬ની અંદર કમિશ્નર કચેરીમાં ૭૦ લાખ, જિલ્લા કચેરીઓમાં ૪ કરોડ ૪૦ લાખ, દુકાનોમાં ૩.૯૯ લાખ, તકેદારી એકમ પાછળ ૭૦.૯૦ લાખ, આયોજન બહાર ૧.૧૩ લાખ અને અમલીકરણની કામગીરી અને પગાર ભથ્થાં માટે ૧૫.૭૮ કરોડ અને પ્રચાર ખર્ચ ૪૬ લાખ એમ કુલ ૨૨.૧૨ કરોડ રૂપિયા ખર્ચ થયેલ છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે રાજય સરકારે જાહેરાત પાછળ જે ખર્ચ કર્યો છે એના ઉપરાંત ૨૦૦૫-૦૬ની અંદર અન્ય કોઈ કાર્યક્રમો કર્યા હોય તો કયા કયા કાર્યક્રમો કર્યા અને બીજો એક પ્રશ્ન એ છે કે ગુજરાતની અંદર જુદા જુદા ધાર્મિક સંપ્રદાયના વડાઓની એક આગવી ઈમેજ છે. તો સામાજિક ચેતના માટે જુદા જુદા ધર્મો અને સંપ્રદાયોના વડાઓને જોડીને નશાબંધીનો કોઈ અસરકારક રીતે અમલ થાય, સામાજિક ચેતના ઊભી થાય એના માટેનું આયોજન કર્યુ છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** :માનનીય અધ્યક્ષશ્રી, નશાબંધી પ્રચારના કાર્યક્રમોમાં ગુજરાતની અંદર કામ કરતી જુદી જુદી બધી ધાર્મિક સંસ્થાઓનો સહયોગ મેળવવા માટે પ્રયત્નશીલ છે અને સહયોગ મળે પણ છે. એની અંદર સભ્યશ્રીએ વિગતો માગી એમાં પુષ્ટીમાર્ગીયના ફિરકાઓ, બ્રિજેશદાસજી દ્વારકેશદાસજી તરફથી સહયોગ મળેલ છે.પ્રજાપિતા બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય તરફથી સહયોગ મળે છે. સ્વામિનારાયણ સંપ્રદાયના જુદા જુદા ફિરકાઓ તરફથી સહયોગ મળે છે. સંત કબીર ધર્મના અનુયાયીઓ તરફથી સહયોગ મળે છે. સ્વાધ્યાય પરિવાર તરફથી સહયોગ મળે છે. સંત કેવલ ધર્મના ઉપાસકો તરફથી સહયોગ મળે છે. અનેક ધર્મગુરુઓ, મારી પાસે લાંબી યાદી છે. ૮૦ કરતાં વધારે જુદા જુદા ધાર્મિક આગેવાનોએ આ કાર્યક્રમોમાં ભાગ લીધો છે અને લોક જાગૃતિ માટે જાહેરાત સિવાય જે કાર્યક્રમોની પૂછપરછ કરી તેમાં કઠપૂતળી, લોકડાયરો, મહિલા સંમેલન, પ્રદર્શન, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, રમત-ગમત સ્પર્ધા, લોકસંપર્ક, પ્રચાર સાહિત્યનું વાંચન, ભજન-કિર્તન, સિદ્ધિ સંમેલન, ચિત્ર સ્પર્ધા, ભવાઈ-આખ્યાન, સાંસ્કૃતિક કાર્યક્રમ, જાદુના શો, નશાબંધી રેલી, ગરબા હરિફાઈ, વ્યસનમુકિત પ્રોગ્રામ માટેની જાહેરાતો, મહેંદી હરિફાઈ અને સંગીત સંધ્યા આમ જુદા જુદા ૨૩ પ્રકારના પ્રચારાત્મક કાર્યક્રમોથી નશાબંધી અટકાવવા માટે રાજય સરકાર પ્રયત્નશીલ છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ગુજરાતમાં દારૂબંધીની નીતિનો અમલ કડક હાથે કરવામાં આવે છે. નરી વાસ્તવિકતા એ છે કે આટલો ખર્ચ કર્યા પછી પણ રાજયમાં ખુલ્લમખુલ્લા દારૂના હાટડાઓ અને ધંધાઓ ચાલે છે. બધા જાણીએ છીએ. આ સન્માનનીય ગૃહના તમામ સભ્યશ્રીઓ જાણે છે અને જ્યારે આટલો ખર્ચ કરીએ છીએ ત્યારે અસરકારક રીતે કાયદાનો અમલ થતો નથી ત્યારે ભૂતકાળમાં ગૃહ વિભાગે એક પરિપત્ર બહાર પાડ્યો હતો કે જે પોલીસ સ્ટેશન નીચે ૧૦,૦૦૦ કરતાં વધારાનો દારૂ જો પકડાય તો એ પોલીસ સ્ટેશનના જે તે અધિકારીશ્રી સામે પગલાં લેવામાં આવે. ત્યાર પછી ૧૦,૦૦૦માંથી ૨૫,૦૦૦ કર્યા. તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ૧૦,૦૦૦ અથવા તો ૨૫,૦૦૦ના બદલે કોઈ પણ પોલીસ સ્ટેશનની નીચે ૫,૦૦૦ કરતાં વધારાનો જો દારૂ પકડાય તો એ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારી સામે કડક હાથે પગલાં લેવા માગીએ છીએ કે કેમ? બીજો સવાલ એ છે કે દારૂબંધીની નીતિની જે વાત છે એ તો ગુજરાત રાજય દારૂબંધીની નીતિને વરેલું છે પણ રાજય સરકારે તાજેતરમાં હળવી નીતિ કરી છે તેનો સવાલ છે. તો આ હળવી નીતિ કરી છે તેને કડક નીતિમાં અમલમાં ફેરવવા માગીએ છીએ કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો • ( xxxxxx ) એવી વાત થઈ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :. પ્લીઝ. (અંતરાય) એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

( xxxxxx ) ( xxxxxx ) ( xxxxxx ) ( xxxxxx ) ( xxxxxx ) ( xxxxxx ) ( xxxxxx ) ( xxxxxx )
( xxxxxx ) ( xxxxxx ) ( xxxxxx ) ( xxxxxx ) ( xxxxxx ) ( xxxxxx ) ( xxxxxx ) ( xxxxxx )

**શ્રી અમિત અ. શાહ** : પુંજાભાઈ, મારો જવાબ સાંભળો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો જે પ્રશ્ન હોય તેને ઉડાવી દેવાય આવી રીતે એ વાજબી નથી. દારૂબંધી અંગેના પ્રશ્ન પૂછયા, નીતિ બાબત પ્રશ્ન પૂછે તો હા કે ના માં જવાબ આપવો જોઈએ. તેના બદલે શીખામણ આપવા નીકળ્યા. તેમના વિસ્તારમાં પણ દારૂ વેચાય છે. (અંતરાય)

**શ્રી અમિત અ. શાહ** : મારા પ્રશ્નનો જવાબ પૂરો જ નથી થયો. ઉડાવી દેવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. મારો જવાબ હજી પૂરો નથી થયો. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઈ વંશે જે બે સરકયુલરનો ઉલ્લેખ કર્યો, પહેલાં ૧૦,૦૦૦ હતા અને પછી ૨૫,૦૦૦ કર્યા. એ બન્ને સરકયુલર ભારતીય જનતા પાર્ટીની સરકાર

• ( xxxxxx ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અને ચર્ચા અહેવાલમાંથી કાઢી નાખવામાં આવી છે.

વખતે થયેલ છે અને આ શરૂઆત ભારતીય જનતા પાર્ટીએ કરી છે. આ ગૃહની જાણકારી માટે સૌથી પહેલા એ સ્પષ્ટતા કરવા માગું છું કે આટલા વર્ષોથી દારૂબંધી, નશાબંધી આ રાજયમાં અમલમાં છે પરંતુ આ રીતે કડક અમલની શરૂઆત બંને વખતે ભારતીય જનતા પક્ષની સરકારોએ કરી છે એટલે અમને સલાહ આપવાની જરૂર નથી. માનનીય પુંજાભાઈ. અંતરાય)

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : મેં સલાહ નથી આપી. (અંતરાય)

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હજી પણ આગળ જવાબ આપું છું સાંભળો તો ખરા (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** પ્લીઝ, અમિતભાઈ જે જવાબ આપવાનો હોય એ આપો. પ્લીઝ (અંતરાય) સલાહ સૂચનમાં ન પડો. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ ઉડાવી ન દેવા જોઈએ. (અંતરાય)

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાએ કહ્યું કે જવાબ ઉડાવી ન દેવા એટલા માટે જ હું જવાબ આપુ છું. બાકી તો પ્રશ્નમાંથી ઉપસ્થિત જ નથી થતું પણ હું એટલા માટે જવાબ આપુ છું કે અમે આ વાતને ગંભીરતાથી લઈએ છીએ અને સરકાર કટિબદ્ધ છે. નશાબંધીનો કડકાઈથી અમલ કરવા માટે એટલે હું જવાબ આપુ છું. બાકી મને ટેકનીકલ જવાબ આપતા આવડે છે કે આમાંથી પ્રશ્ન ઉપસ્થિત નથી થતો. માનનીય પુંજાભાઈએ જે પ્રશ્ન પૂછયો કે દારુબંધીના કાયદા અને નીતિમાં કોઈ ફેરફાર કર્યો છે? હળવી કરી છે એવો જે પ્રશ્ન પૂછયો એનો જવાબ મારો બહુ સ્પષ્ટ છે કે દારુબંધીના કાયદામાં કોઈ નીતિમાં કે હળવાશ લાવવામાં નથી આવી એટલે કડક કરવાનો પ્રશ્ન ઉપસ્થિત નથી થતો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં એક જ પ્રશ્ન પૂછયો છે કે જો નીતિમાં ફેરફાર કરવામાં ન આવ્યો હોય તો જે લાયસન્સ અત્યાર સુધી પ્રોહિબીશન અધિકારીઓ આપતા હતા એની જગ્યાએ અત્યારે હોટલોના મેનેજરોએ આપવાનું શરૂ કર્યુ છે. અત્યાર સુધી માત્ર કેન્દ્ર શાસ્તિ પ્રદેશો બે છે દીવ અને દમણ એમાં જે રીતે છૂટથી દારુ મળતો હતો એવી જ રીતે ૩૩ એ.સી.ઝેડમા દારૂ છૂટથી મળવાની નીતિ નકકી કરી છે અને જે ધર્મસંસ્થાઓનો ઉલ્લેખ કર્યો છે કે આટલા આટલા લોકો, નશાબંધી માટે કાર્યરત સંસ્થાઓ છે એ કાર્યરત સંસ્થાઓએ અમને લેખિત પત્રો આપીને એમ કહ્યું છે કે સરકારે જે નીતિ નકકી કરી છે એનો અમારો વિરોધ છે અને આ નીતિની પુર્નવિચારણા કરી અને સરકારે પાછી ખેંચી લેવી જોઈએ તો એ ધાર્મિક સંસ્થાઓનું આપ માનવા માગો છો કે કેમ? અને આ ૩૩ એ.સી. ઝેડ માટે જે નીતિ નકકી થઈ છે અને જે હોટલને લાયસન્સ એના મેનેજરોને આપવાની સત્તા આપી છે એ દૂર કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જો એમને ધાર્મિક સંસ્થાઓએ પત્રો આપ્યા હોય તો મને ફોરવોડ કરવા જોઈતા હતા. વિરોધ પક્ષના નેતા તરીકે સરકારને (અંતરાય) અરે સરકારને જણાવવું જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપને જોઈતા હશે તો હું આપીશ. (અંતરાય) અમને ફોરવોડીંગ સાથે ખાતરી આપો કે એમનું કહેવું માનવાના છો? (અંતરાય)

**શ્રી અમિત અ. શાહ** : ખાતરી આપવાનો પ્રશ્ન જ નથી નશાબંધીના કાયદામાં (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ખાતરી આપો કે એમનું કહેવાનું માનવાના છો?

**શ્રી અમિત અ. શાહ** : અર્જુનભાઈ મને જવાબ આપવા દો તો સારું. મને આપ ફરી પૂછી શકો છો પછી (અંતરાય) સાહેબ મને જવાબ આપવા ના દે એ કઈ રીતે ચાલે (અંતરાય) મારો જવાબ પૂરો થાય પછી ઉભા થાવને.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારી તૈયારી છે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : (અંતરાય) એ દારુ પીવાવાળા ઉપવાસ ઉપર બેઠા હતા (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : દારુ પીવાવાળા ઉપવાસ ઉપર બેઠા હોય તો એમને પકડી લેવાની છૂટ છે. અથવા જે બેઠા હોય એને પકડી લેવાની છૂટ છે. પણ મારી પાસે પત્રો છે તમે એવું કરવા માગતા હોય તો હું આપવા તૈયાર છે.. ખાતરી આપો તો હું આપું. (અંતરાય) એક બાજુ કાપડુ ઓઢવાનું અને બીજી તરફ(અંતરાય) આ દારુબંધીની નીતિ હળવી કરવાની.

**ડૉ. સી. જે. ચાવડા** : પરમીટો તમે આપો છો. (અંતરાય) બંગલાની બહાર દારુ વેચાય છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સી. જે. ચાવડાને આપ ( અંતરાય) માનનીય વિપક્ષના નેતાએ પૂછયું કે જે હોટલને લાઈસન્સ આપવાના અધિકારો આપ્યા છે એ પરત લેવા માગો છો કે કેમ? આ રાજય સરકારે હોટૅલોને લાયસન્સ આપવાના કોઈ અધિકાર આપ્યા નથી જ બહુ સ્પષ્ટ થવું જોઈએ એટલે પરત આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ પ્લીઝ

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ ગૃહની અંદર જે એમણે જવાબ આપ્યો છે ( સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

## અમદાવાદ શહેર પોલીસે પકડેલ જાનવરો

*** ૨૧૨૨૫ શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) વર્ષ ૨૦૦૫-૨૦૦૬ અને ૨૦૦૬-૨૦૦૭માં તા:૩૧-૧-૦૭ની સ્થિતિએ અમદાવાદ શહેર પોલીસે કેટલા જાનવરો પકડયા છે
(૨) કેટલા પાંજરાપોળમાં મોકલવામાં આવ્યા
(૩) હાલમાં તેમાંથી કેટલા પાંજરાપોળમાં છે,
(૪) જાનવર પકડાય તો શા માટે રાંભીયા ટ્રસ્ટની પાંજરાપોળને આપવામાં આવે છે,
(૫) શું આ એક જ પાંજરાપોળ છે, અને
(૬) શું તેમની સાથે કોઈ કરાર થયેલા છે?

**મુખ્યમંત્રીશ્રી :**

(૧) ૨૦૦૫-૦૬માં ૭૧૭ જાનવર અને ૨૦૦૬-૦૭ તા:૩૧-૧-૦૭ની સ્થિતિએ ૭૫૨ જાનવર કતલખાને લઈ જવાતા, અમદાવાદ શહેર પોલીસ દ્વારા પકડવામાં આવ્યા છે.
(૨) ૧૪૬૯ જાનવરો
(૩) ૧૦૦૨ જાનવરો
(૪), (૫) અને (૬) :ગીતાબેન રાંભીયા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટની કોઈ પાંજરાપોળ નથી એટલે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે બે વર્ષ દરમિયાન ૧૪૬૯ જાનવરોને પકડવામાં આવ્યા તેમને પાંજરાપોળમાં મોકલવામાં આવ્યા. આજની તારીખે ૧૦૦૨ જાનવરો ત્યાં છે તો ૪૬૭ જાનવરો ક્યાં ગયા? એ વેચી નાખવામાં આવ્યા છે? બીજો પ્રશ્ન એ છે કે જાનવરો લેનારને જો પકડવામાં આવતા હોય તો વેચનારને કેમ પકડવામાં આવતા નથી? આપણા કાયદા પ્રમાણે દારૂ વેચનાર અને દારૂ લેનાર બન્નેને પકડવામાં આવે છે. આ કાયદામાં એક તરફી મતભેદ કેમ? મારો ત્રીજો પ્રશ્ન છે કે કહેવાતી જીવદયા મંડળીઓને પકડવાની સત્તા છે તો કઈ સંસ્થાઓને આવો પરવાનો આપવામાં આવ્યો છે? કાયદો અને વ્યવસ્થા હાથમાં લેનાર સંસ્થા કે વ્યક્તિ પર કોઈ પગલાં લેવા માગે છે કે કેમ? મારો ચોથો પ્રશ્ન છે કે બકરી ઈદ નિમિત્તે સરકાર મુસ્લિમો માટે કુરબાનીનું જાનવર લાવવાની વ્યવસ્થા કરશે? શું સરકારની જવાબદારી નથી કે પ્રજાની ધાર્મિક માન્યતામાં તકલીફ ન થવી જોઈએ? (અંતરાય) એક સાથે પ્રશ્નો પૂછી લેવા પડે. કુલ પાંચ પ્રશ્નો છે. પછી વારો ન આવે એટલે એક સાથે પૂછી લઉં છું. (અંતરાય) જાનવર કતલખાને ન જાય ત્યાં સુધી ગુનો બનતો નથી. જ્યારે જાનવર કતલખાને પકડાય ત્યારે જ ગુનો બને છે.

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્નો તમે લખ્યા છે કે તમારા દીકરાએ?

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : આ મારા હાથનું લખાણ છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ઘોંઘાટમાં બરાબર સંભળાયું નથી. ફરીવાર રિપિટ કરે એવી વિનંતી છે.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : મારો પહેલો પ્રશ્ન એ છે કે બે વર્ષ દરમિયાન ૧૪૪૯ જાનવરો પકડવામાં આવ્યા છે. આજની તારીખે ૧૦૦૨ જાનવરો જ છે.

**શ્રી અમિત અ. શાહ** : એમાંથી ૨૮૯ ઢોરના મરણ થયેલા છે અને બાકીના એમના માલિકો છે એમને પરત કરવામાં આવ્યા છે.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : ૨૮૯ જાનવરો મરી ગયા તો બીજા જાનવરો ક્યાં છે? એ વેચી નાખવામાં આવ્યા છે? એમાં ગેરરીતિ થઈ છે. બીજો પ્રશ્ન એ છે કે જે જાનવરો વેચનાર છે એમને પકડવામાં આવતા નથી પણ લેનારને કેમ પકડવામાં આવે છે? આવો એક તરફી નિર્ણય કેમ કરવામાં આવે છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પશુને લગતો પ્રશ્ન હોય તો શાંતિથી પૂછી શકાય, મોટો અવાજ કરવાની જરૂર નથી.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય સભ્યશ્રી ફારુખભાઈએ પૂછ્યું કે વેચનાર પર ગુનો દાખલ નથી થતો અને ખરીદનાર પર ગુનો દાખલ થાય છે. વેચનારને છેતરીને જાનવર ખરીદવામાં આવે છે. એને એમ નથી કહેવામાં આવતું કે અમે આને ખરીદીને કતલખાને લઈ જવાના છીએ. નહિ તો જાનવર કતલખાને લઈ જવાના છે એવી ખબર પડે તો એ વેચે નહિ. એ તો વિક્ટીમ છે. એના ઉપર ગુનો દાખલ ન કરાય. ગુનો ગેરકાયદેસર કતલ કરવાવાળા ઉપર દાખલ કરાય. એના માટે સરકાર કટિબદ્ધ છે. (અંતરાય)

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : મારી પાસે ગુજરાત સરકારનો પરવાનો છે. રસ્તા ઉપર કઈ રીતે પકડી શકે? ગાંધીનગર પશુપાલનનો પરવાનો છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આવું પ્રદર્શન ન કરી શકાય. બેસો પ્લીઝ. ખબર નથી, પ્રદશન આપ ના કરી શકો.

**શ્રી ભાવિનભાઈ ન. શેઠ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય ગૃહ મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ રાજ્યના સામાન્ય નાગરિકને પણ જો કોઈ ઢોર કતલખાને લઈ જતા હોય એની બાતમી મળે ત્યારે એને અટકાવવા કે એના જે આરોપી છે એની જાણ આપવાનો અધિકાર છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હા, જી.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે આ પ્રશ્ન ફારુકભાઈ લાવ્યા. આ વાહન ચાલકો અથવા વાહનના માલિકો ચોક્કસ ગૃપનાં જોડાયેલ હોય એવું લાગે છે કે કેમ? અને આ જાનવર પકડાયા એમાં ગૌવંશ કેટલો હતો?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જે જાનવર પકડાયા એની અંદર એક ગાય, ૧૪૨ બળદ અને ૨૮૬ વાછરડાં હતાં.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, જે જાનવરનો પ્રશ્ન છે એ ગમે ત્યારે ગમે તે પકડીને જતા રહે છે અને આપનો કે સરકારનો નિયમ, ઈરાદો ના હોય પણ ઘણા માણસો દુરુપયોગ કરીને બારોબાર કસાઈવાડે લઈ જાય છે. જેમાં રેલ્લા, ગાય, વાછરડા કે નાની ઉંમરના જે પશુઓ છે એને માનનીય મંત્રીશ્રી ગંભીરતાથી લે. આ પશુઓને કસાઈખાને લઈ જઈને કાપે છે તો સરકારનો નિયમ, કાયદો છે તો એ કસાઈવાડા ઉપર જ એવી કોઈ ચોકી ઉપર બેસાડીને એક કૉન્સ્ટેબલ નજર રાખે, ઢોર માટે કોઈ ઉંમર નક્કી કરેલ છે કે આટલી ઉંમરથી નીચેની ઉંમરના કતલખાને કાપી ન શકાય, એટલા માટે એના અંદર બેસાડીએ તો આપોઆપ બંધ થઈ જાય. ઘણી વખતે ગાયો આ ગામથી પેલે ગામ ટ્રકમાં લઈ જતા હોય એમાં નિર્દોષ પણ આમાં આવે છે અને આમાં ગાયના નામે આપણે કાંઈ બોલી શકતા નથી. એના કરતા કસાઈવાડા કે કારખાના છે

એના ઉપર જ એવો કોઈ બંદોબસ્ત કરી શકીએ કે આવું કોઈ લાવી શકીએ નહિ, લાવે તો એનું લાઇસન્સ રદ થવાથી કસાઈવાડા બંધ થઈ જાય તો આ પશુ માટે કાંઈ કરી શકાશે. બાકી આમાં હેરાફેરીમાં અને આમાં ઘણું બધું થાય છે. બીજું જે શહેરની અંદર દુધાળા પશુ પકડવામાં આવે છે, એમાં કયાંકને કયાંક છોડી જતા હોયને એકાદું ઊડીને પેલી સાઈડ જતું રહેતું હોય તો પણ એને પડકી લે છે એનો માલિક આવી બાંહેધરી આપે તો એને ખરેખર પરત આપવું જોઈએ. ઘણી વખત મેં ગાંધીનગર, બનાસકાંઠામા ઢોર પાછા અપાય છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ટૂંકો કરો પ્લીઝ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, આ કસાઈવાડા, કારખાના છે એના ઉપર બંદોબસ્ત કરીને આ નાના બચ્ચાં, નાની ઉંમરના પશુ, ગાય, બળદ છે એવું બની શકે, નહિ તો અત્યારે કોઈ માલિકીના ટ્રકમાં ભરીને કપાઈ નાખે છે એના ઉપર કાંઈ આપ કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો થોડીક સ્પષ્ટતા સભ્યશ્રીને કરવા માગું છું કે નાની ઉંમર અને ઉંમરની મર્યાદા આ રાજ્યની અંદર કોઈ ઉંમરની મર્યાદા વગર સંપૂર્ણ ગૌવંશ ઉપર પ્રતિબંધ છે. પહેલા જે કોર્ટના જુદા જુદા સ્ટે હતા એની સામે રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટ સુધી લડાઈ લડી છે અને માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં સમગ્ર ભારતમાં પહેલીવાર સંપૂર્ણ ગૌવંશ ઉપર પ્રતિબંધ મેળવવામાં માનનીય સુપ્રીમ કોર્ટ જોડે નિર્ણય મેળવવામાં આપણે સફળ થયા છીએ અને એનો અમલ ગુજરાતમાં ચાલે છે. ગૌવંશ માટે ઉંમરનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. માનનીય ગોવાભાઈ, નાના મોટા દરેક ગૌવંશનું રક્ષણ કરવાની આપણી જવાબદારી છે અને એની હત્યા ઉપર રાજ્ય સરકારે પ્રતિબંધ મૂકેલ છ એક વાત.. બીજી વાત, ગોવાભાઈએ કરી કે રોડ ઉપર પકડીને કસાઈવાડા જ્યાં ગેરકાયદેસર કપાતા હોય ત્યાં આગળ ધ્યાન રાખીએ તો કેવું? જ્યાં સુધી ગોવાભાઈનો સવાલ છે ત્યાં સુધી આવી રીતે ગૌવંશની વધ કાયદેસરના કતલખાના ઉપર થતી નથી. દૂર દૂર જુદી જુદી જગ્યાએ અને ખેતરમાં થવાના દાખલા મળ્યાં છે, લોકો પકડાયા છે એમના ઉપર પાસા કરી છે અને જે લોકો કાયદેસરના કતલખાનાની અંદર ગૌવંશની હત્યા કરતા પકડાયા છે એનું લાઇસન્સ સરકારે જપ્ત કરી દીધેલ છે અને એમના ઉપર પાસા પણ કરેલ છે.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ મહિના પહેલા કવાંટમાંથી ૧૨૦૦ જેટલા ઢોર મહારાષ્ટ્રમાં જતા હતા એ બાબતે મેં ગૃહમંત્રીશ્રીને જાણ પણ કરેલી અને તાત્કાલિક એમણે ચેક પોસ્ટ પણ ઊભી કરેલી પરંતુ બે દિવસ પછી ત્યાંના ડી.એસ.પી.એ આ ઢોરો છોડી દીધેલા, તો મારે ગૃહ મંત્રીશ્રીને જણાવવાનું કે, જે રાજયમાંથી બહાર ઢોરો જાય, રસ્તા ઉપરથી બહાર ઢોરો જાય છે ત્યાં કાયમી ચેક પોસ્ટો ઊભી કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી યોગેશભાઈએ ખૂબ મોડી રાત્રે મારું ધ્યાન દોર્યુ હતું અને આપણે તાત્કાલિક વ્યવસ્થા પણ કરી હતી, ટ્રકો અટકી હતી પણ ખરી પરંતુ જે ઢોરો જાય છે, જ્યાં સુધી ગૌ-વંશનો સવાલ છે ત્યાં સુધી એના ઉપર સંપૂર્ણ પ્રતિબંધ છે. બાકીના ઢોરો જાય છે એમાં વેચનારની જો સંમતિ હોય તો આપણે અટકાવી ના શકીએ, તેમ છતાં પણ ત્રણેય ચેક પોસ્ટો ટૂંક સમયમાં રાજય સરકાર ચાલુ કરવાની છે જેથી એ ચેક પોસ્ટો ઉપરથી ગૌ-વંશ ના જાય.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

### માંગરોળ અને ઉમરપાડા તાલુકાના અદિવાસી વિસ્તારોને સિંચાઈનો લાભ

***૨૧૦૨૫ શ્રી ગણપતભાઈ વે. વસાવા (માંગરોળ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) માંગરોળ અને ઉમરપાડા તાલુકામાં પૂર્વ વિભાગના આદિવાસીઓ સિંચાઈથી વંચિત હોઈ સિંચાઈ યોજનામાંથી અથવા તો રાજય સરકારની અન્ય યોજના દ્વારા સિંચાઈનો લાભ આપવા માગો છો કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) અને (૨) : સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત ચેકડેમો દ્વારા તબક્કાવાર સિંચાઈનો લાભ આપી શકાશે.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે, મારા મત વિસ્તારમાં ઉમરપાડા અને માંગરોળ તાલુકા જેવા આદિવાસી વિસ્તારોમાં વર્ષો પછી આ રાજય સરકારે ચેક ડેમથી આદિવાસી ખેડૂતોને સિંચાઈની સુવિધા આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ મારો પ્રશ્ન માંગરોળ અને ઉમરપાડા તાલુકામાં જે પૂર્વ વિભાગના આદિવાસી વિસ્તારો છે કે જેને ઉકાઈ સિંચાઈ યોજનાનો લાભ આપવામાં આવતો નથી, આમ તો આ બંને તાલુકાઓ એક તરફ નર્મદા ડેમ આવેલ છે તો બીજી તરફ ઉકાઈ ડેમ આવેલ છે, આ આદિવાસી વિસ્તારો સંપૂર્ણ સિંચાઈથી બાકાત રાખવામાં આવેલ છે. આ વિસ્તારોને ઉકાઈ સિંચાઈ યોજનામાંથી રાજય સરકાર લિફ્ટ ઈરિગેશન દ્વારા લાભ આપવા માગે છે કે કેમ ? મારા મત વિસ્તારમાં ઉકાઈ અને આ બધો

આદિવાસી વિસ્તાર પર્વતાળ વિસ્તાર હોઈ તેમાં સિંચાઈની સુવિધા પૂરી પાડવા માટે આવનારા નવા વર્ષમાં આ રાજય સરકાર ચેક ડૅમ તથા તળાવોના બાંધકામ માટે રાજય સરકારનું શું આયોજન છે, કયા કયા ગામોમાં, કેટલા ખર્ચે ચેક ડૅમો બાંધવાનું રાજય સરકારનું આયોજન છે? અને માંગરોળ તાલુકામાં ઉકાઈની જે મુખ્ય કેનાલ છે એ માત્ર ૮ કિલોમીટર દૂરથી જાય છે અને હાલમાં જ રાજય સરકાર દ્વારા પીવાનું પાણી આ કેનાલમાંથી આ વિસ્તારોમાં લાવવામાં આવેલ છે તો સિંચાઈ માટે રાજય સરકાર કોઈ સુવિધા કરવા માગે છે કે કેમ, અને કેટલા સમયમાં ?

**શ્રી રતિભાઈ ગો. સુરેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માંગરોળ અને ઉમરપાડા તાલુકાના જે પૂર્વ વિભાગ છે તે ઉકાઈ યોજનાની મુખ્ય નહેર કરતાં એની સપાટી ઘણી જ ઊંચી આવેલ છે એટલે ઉકાઈ યોજનામાંથી કેનાલ મારફતે પાણી આપવું શકય નથી. એમનો બીજો પ્રશ્ન છે કે, લિફ્ટ ઈરિગેશન મારફતે પાણી આપવા માટે, એમની થોડા વખત પહેલાં જ માનનીય ધારાસભ્યશ્રી તરફથી રજૂઆત મળેલી કે, મારા વિસ્તારમાં કેનાલ મારફતે પાણી ન મળે એવી શક્યતા હોય તો લિફ્ટ ઈરિગેશન મારફતે પાણી આપવા વિચારવું એના અનુસંધાને સ્થળ, સ્થિતિ તેમજ તાંત્રિક ચકાસણી કરી રહ્યા છીએ અને બને તો આ લિફ્ટ ઈરિગેશન દ્વારા લાભ આપવાની બાબત સરકારની વિચારણા હેઠળ છે. ત્રીજો પ્રશ્ન એમનો એવો છે કે, એમના વિસ્તારમાં આવતા વર્ષમાં સિંચાઈ માટે શું આયોજન કરવામાં આવ્યું છે? એના અનુસંધાને જણાવવાનું કે, માંગરોળ તાલુકામાં ૧૬ ચેક ડૅમો સરદાર સહભાગી યોજના નીચે બનાવવાનું આયોજન છે, ઉમરપાડા તાલુકામાં ૧૪ ચેક ડૅમો બનાવવાનું આયોજન છે અને માંગરોળ તાલુકામાં જે ચેક ડૅમો બનાવવાના છે તેનો ખર્ચ ૧૬૧ લાખ અને ઉમરપાડા તાલુકામાં જે ચેક ડૅમો બનાવવાના છે તેનો ખર્ચ ૩૪૯ લાખ થવાનો છે, ગામ વાર માહિતી માગી છે એટલે જણાવું છું કે, માંગરોળ તાલુકામાં નાનીપાળી ખાતે એક ચેક ડૅમ, દસ લાખ રૂપિયાના ખર્ચે, નાનીપાળી ખાતે બીજો ચેક ડૅમ અગિયાર લાખ રૂપિયાના ખર્ચે, નાનીપાળી ખાતે ત્રીજો ચેક ડૅમ બાર લાખ રૂપિયાના ખર્ચે, નાનીપાળીમાં ચોથો ચેક ડૅમ અગિયાર લાખ રૂપિયાના ખર્ચે , શાહ ગામે પંદર લાખ રૂપિયા, કંસાલી ખાતે ૧૪ લાખ ૪૬ હજારના ખર્ચે..કન્સાલી-રમાં ૧૧૬૪૦૦૦ના ખર્ચે, કન્સાલી-૩માં ૧૧૮૮૦૦૦ના ખર્ચે, કન્સાલી-૪માં ૧૦૯૮૦૦૦ના ખર્ચે, વડ-૧માં ૧૨૬૦૦૦૦ના ખર્ચે, વડ-રમાં ૧૩,૫૧,૦૦૦ના ખર્ચે, વડ-૩માં ૧૩૫૦૦૦૦ના ખર્ચે, વડ-૪માં ૧૧૫૦૦૦૦ના ખર્ચે, વાંકલ-૧૩૫૦૦૦૦ના ખર્ચે, વેરાકુઈ-૭માં ૧૧૫૦૦૦૦, વેરાકુઈ-૧૦૫૦૦૦૦, ઉમરપાડા તાલુકામાં ચૌરા ગામમાં ૯૫લાખના ખર્ચે કરજણ નદી ઉપર ઉમરપાડામાં ૩૦લાખના ખર્ચે, વેલાવી-૧માં ૧૦લાખના ખર્ચે, વેલાવી-રમાં ૮લાખના ખર્ચે, વેલાવી-૩માં ૧૩લાખના ખર્ચે, ચૌડા-૧૫માં ૧૦લાખના ખર્ચે, ચૌડામાં ૧૦લાખના ખર્ચે, વૈજાલી-રમાં ૧૫લાખના ખર્ચે, નાના સુતખેડા-૧૩લાખ, સીતદલામાં-૦૨૫લાખના ખર્ચે, ચારણી-૧માં ૬૦લાખના ખર્ચે, સીમીપાતળમાં ૧૨લાખના ખર્ચે, ચકરા-રમાં ૧૧લાખના ખર્ચે, ચારણી-રમાં ૨૦લાખના ખર્ચે એમ ઉમરપાડા ૩૪૯લાખના ખર્ચે ૧૪ ચેકડેમ બનાવવાનું આયોજન છે. એ સિવાય ધારાસભ્યનો પ્રશ્ન તળાવ માટેનો હતો એમના વિસ્તારમાં ૧૪ તળાવો ૬૨લાખના ખર્ચે બનાવવાનું આયોજન છે.

**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અત્યારે આપણા રાજયના મુખ્યમંત્રીશ્રીએ જે ૧૫૦૦૦ કરોડના પેકેજની જાહેરાત કરી છે અને એમાં ૧૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ આ સિંચાઈના પાણી માટે આદિવાસીઓને મદદ કરવી હોય તો આદિવાસી ખેડૂત લોકો ઉકાઈ ડેમનું પાણી નજીકથી જોતા હશે પણ એમને લાભ મળતો નથી તો કોઈ મોટી પાઈપલાઈન મારફત હજારો હેકટર જમીનમાં પિયત થાય એ માટેનો પ્રોજેકટ તૈયાર કરવા માગો છો કે કેમ?

**શ્રી રતિભાઈ ગો. સુરેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારને પાણી અને કોઈપણ વિકાસ કરવા માટેની યોજના આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આપ સૌને જણાવી છે અને ઈચ્છાશકિત દર્શાવી છે પરંતુ રાજયમાં પહેલી વખત આદિવાસી વિસ્તારમાં લિફ્ટ ઈરીગેશન કરવા માટે બજેટમાં ૨૦કરોડ જેટલી જોગવાઈ કરવામાં આવી છે.

## આયોજન પ્રભાગ હેઠળની કચેરીઓનું પુનઃગઠન

***૨૨૪૪૯ શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : **માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) આયોજન પ્રભાગ હેઠળ રાજયકક્ષાએ આવેલ કચેરીઓનું પુનઃગઠન કરી, સુવ્યવસ્થિત કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી,

(૨) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ તેમાં કેટલી પ્રગતિ થઈ, અને

(૩) તા.૩૧-૩-૨૦૦૭ સુધીમાં આ કામગીરી રાજય સરકાર પૂરી કરી આ કચેરીઓ દ્વારા રાજયના આયોજન, મૂલ્યાંકન અને સર્વે સિદ્ધિઓ પ્રત્યે વ્યવસ્થિત ફાળો આપી શકે તે માટે શું આયોજન છે?

**આયોજન મંત્રીશ્રી:**

(૧) હાજી.

(૨) (૧) બે નિયામકશ્રીઓના નામાભિકરણ તથા તેમના મહેકમની વહેંચણીની કામગીરી પ્રગતિમાં છે.
(૨) આંકડા સેલની રચના કરવામાં આવી છે.

(૩) ચાર વિષય નિષ્ણાતો આઉટ સોર્સીંગથી લેવાના છે.
(૪) સંયુકત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (યુ.એન.ડી.પી.) સાથે માનવ સૂચકાંક માટે અભ્યાસ હાથ ધરવા મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ (એમ.ઓ.યુ.) કરવામાં આવેલ છે.

(૩) કચેરીઓના પૂન:ગઠનની કામગીરી પૂર્ણ થતાં, સબંધિત કચેરીઓને ફાળવેલ કામગીરી રાજયના આયોજન, મૂલ્યાંકન, દેખરેખ તથા મોનીટરીંગની કામગીરીમાં વધુ ધ્યાન આપી શકાશે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને પૂછવું છે કે સ્માર્ટ ગોલ પુસ્તક ડિપાર્ટમેન્ટ બહાર પાડે છે. એમાં આયોજન પ્રભાગે પુસ્તિકા બહાર પાડી છે એમાં સ્પષ્ટ કર્યું છે કે એક વર્ષની અંદર આનું સંકલન કરીને અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર અને મૂલ્યાંકન વિભાગનું સંકલન કરવાની કામગીરી એક વર્ષમાં પૂર્ણ કરવાની હતી. તો એ કામગીરી પૂર્ણ થઈ નથી. તો કયારે પૂર્ણ કરવા માગે છે? બીજો પ્રશ્ન, પ્રશ્ન-૩માં ચાર નિષ્ણાતોને કઈ કામગીરી સોંપાશે અને યુ.એન.ડી. સાથે એમ.ઓ.યુ. કરવાથી આ રાજય સરકારને અને ગુજરાતની પ્રજાને આનો શું લાભ થશે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વિકાસ માટે આયોજન પ્રભાગ દ્વારા કરેલી કામગીરી ખૂબ અગત્યની હોય છે. આ ડિપાર્ટમેન્ટને વધારે સ્ટ્રેન્ધન કરવા માટે કેન્દ્ર દ્વારા અને નાણાપંચ દ્વારા સૂચન કરવામાં આવ્યું હતું એટલે આ ડિપાર્ટમેન્ટનું જે અત્યારની તારીખ સુધીમાં સ્ટ્રકચર છે એ સ્ટ્રકચરમાં ફેરફાર કરવાનું આયોજન છે. જે ફેરફાર કરવામાં આવ્યો છે એસ.આઈ.ડી.બી. સ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડનું ફોર્મેશન કરવામાં આવ્યું છે. જેના અધ્યક્ષપદે મુખ્યમંત્રીશ્રી રહેશે એવી જ રીતે એકઝીકયુટીવ કાઉન્સીલ જે મુખ્ય સચિવના અધ્યક્ષપદે નિમણૂક કરવામાં આવી છે પછી ખાદી વિભાગમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. જે પહેલો વિભાગ હતો ડાયરેકટર ઈકોનોમીકસ એન્ડ સ્ટેટેસ્ટીકસ.એ ડિપાર્ટમૅન્ટ સરખું રાખવામાં આવ્યું છે. બીજું ડિપાર્ટમૅન્ટ computer science ની જરૂરિયાત ન હોવાના કારણે અત્યારે એ બંધ કરી દેવામાં આવશે, એની જગ્યાએ ડાયરેકટર human development તરીકે નવો વિભાગ ચાલુ કરવામાં આવ્યો છે. પહેલા Director of Evaluation એકલું હતું Director of Evaluation and Monitoring એમ કરીને બે ડિપાર્ટમૅન્ટ એ લોકો જોવામાં આવશે. એનો મૂળભૂત હેતુ એ છે કે આવતા દિવસોની અંદર નિષ્ણાંત માણસોને આની અંદર નિમણૂક કરવામાં આવે અને એ નિષ્ણાંત માણસોનો રાજ્યના વિકાસમાં કેવી રીતે ઉપયોગ કરી શકીએ, કેવી રીતે સલાહ લઈ શકીએ એ સંપૂર્ણપણે આ વિભાગ દ્વારા કરવામાં આવશે. આના ૩ પેરામિટર્સ અગત્યના છે. કામગીરી અગત્યની કરવાની છે. પહેલું ગરીબી નિવારણનું છે. બીજું Human Empowerment and Social Human Development વિષે આ ૩ વિષે કામગીરી કરે છે. યુ.એન.ડી.પી. ના સભ્યશ્રીની વાત કરી United Nations Development Development Programmeની જોડે એમ.ઓ.યુ. કર્યા છે. એમના કારણે આપણે Statistical infrastructure છે. Statistics એ બહુ અગત્યનું છે. એ આપણને માહિતી આપશે કે કયા તાલુકાની અંદર કયા વિભાગની અંદર કેટલી કામગીરી થઈ છે અને કેટલો લાભ થશે. કઈ જગ્યાએ વધારે કામગીરી કરવાની છે. આ બધી માહિતી સ્ટેટિસ્ટિકલ ડિપાર્ટમૅન્ટ આપે છે, એટલે U.N.D.P. પ્રોગ્રામ જોડે એમ.ઓ.યુ. કર્યા છે. એના માર્ગદર્શન નીચે આપણે આ કામગીરી કરવાની છે. છેલ્લા બે-ચાર વર્ષથી આ કામગીરી ચાલે છે. હવે ફાઈનલ સ્ટેજની અંદર છે. બને તેટલી ઝડપથી આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : આ વિકેન્દ્રીત આયોજન દ્વારા છેવાડાના માણસ સુધી આનો લાભ મળે તેવો મૂળભૂત હેતુ સાથે આયોજન વિભાગ કામ કરી રહ્યું છે. એવા સંજોગોમાં મારે મંત્રીશ્રી પાસેથી એટલું પૂછવું છે કે આપણે ત્યાં લોક કલ્યાણની અનેક યોજનાઓ અલગ અલગ વિભાગ દ્વારા એનું કામ થતું હોય છે. સંચાલન થતું હોય છે. કેટલાક ઠેકાણે એ બેવડાઈ જાય અને કયારેય લાભ ન મળે એનો વારો ન આવે એવું થતું હોય છે. મૂલ્યાંકન અને મોનીટરિંગ માટેનું આખું સેલ ઊભું કરવા જઈ રહ્યા છીએ ત્યારે આ મોનીટરિંગ અને જે બાકીનું જે એનું સેલ કરવાના છીએ એ સેલ છે એ આ બાબતનું પણ કંઈ સંકલન કરશે કે કેમ? કે આખા રાજ્યના બધા વિભાગો જે જે કલ્યાણકારી યોજનાઓ કરતા હોય તે યોજના ડિપાર્ટમૅન્ટમાંથી ન થાય અને જ્યાં લાભ ન પહોંચ્યો હોય ત્યાં પહોંચે એના માટેની જોગવાઈ કરવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : સભ્યશ્રીનું સૂચન સાચું છે. ઘણા બધા ડિપાર્ટમૅન્ટમાં જુદી જુદી યોજનાઓ છે. તે કેવી રીતે ઈન્ટીગ્રેટ થઈ શકે અને ગરીબમાં ગરીબ વ્યક્તિને વહેલામાં વહેલી તકે કેવી રીતે લાભ મળી શકે તે માટે સંપૂર્ણપણે આયોજન વિભાગ એ દિશામાં જઈ રહ્યું છે અને ચોક્કસપણે સભ્યશ્રી કહ્યુ એ તરફ ધ્યાનમાં રાખીને કરીશું.

## સિંચાઈ યોજનામાંથી ઉદ્યોગોને અપાતા પાણીના દરોમાં તફાવત અંગે

***૨૨૨૭૯ શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) ઉકાઈ જળ સિંચાઈ યોજનામાંથી સોનગઢની સેન્ટ્રલ પેપર પલ્સ મિલ્સને અપાતા પાણીના જથ્થાના પ્રમાણમાં રાજ્યના અન્ય જળાશયના ઉદ્યોગોને અપાતા પાણીના દરોના પ્રમાણમાં ઓછી રકમ લેવાય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો છેલ્લા ત્રણ વર્ષમાં સોનગઢ પેપર ફૅક્ટરી દ્વારા તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ દર માસે કેટલું પાણી ખેંચવામાં આવ્યું કે આપવામાં આવ્યું અને પ્રતિ ૧૦૦૦ લિટરના ભાવે કેટલી રકમનું બિલિંગ થયું, અને

(૩) જો હા, તો રાજ્યના જળાશયોમાંથી ઔદ્યોગિક હેતુ માટે અપાતા પાણીના દરો અને ધોરણો અનુસાર આ પેપર ફૅક્ટરી પાસેથી લેવાની રકમની વિગત શું છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) ઉકાઈ જળ સિંચાઈ યોજનામાંથી સોનગઢની સેન્ટ્રલ પેપર પલ્સ મિલ્સને (હવે જે.કે.પેપર મિલ્સ) અપાતા પાણીના દર અને રાજ્યના અન્ય જળાશયોમાંથી ઉદ્યોગોને અપાતા પાણીના દર એક જ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : ઉકાઈ જળ સિંચાઈ યોજનામાંથી સોનગઢની પેપર પલ્સ મિલ્સને અપાતા પાણીના દર એક જ છે એવો જવાબ આપ્યો. અન્ય જળાશયના પ્રમાણમાં સિંચાઈ વિભાગનો પત્ર આવેલ છે. સિંચાઈ વિભાગના ખાસ સચિવ, જળ સિંચાઈ તરફથી એમાં મને બતાવ્યું છે કે સોનગઢની પેપર પલ્સ મિલ્સ પાસેથી નિયમોનુસાર પાણીનો ચાર્જ વસૂલ લેવા બાબતે જણાવવાનું કે જે.કે. પેપર મિલ્સને ઉકાઈના ડાબા કાંઠાના નહેરમાં ઔદ્યોગિક વિકાસ માટે અપાતા પાણીના દરો નેટ યુઝના દરે આકારણી વસૂલ કરવા અંગે સરકારશ્રીએ પુખ્ત વિચારણા બાદ નિર્ણય લીધો છે. પુખ્ત વિચારણાનો નિયમ શું છે? હાલના પાણીના અન્ય જળાશયોના દરો છે એના પ્રમાણમાં આ જે.કે. પેપર પલ્સ મિલ્સ છે. એના ઉપર જે બાકી પૈસા ૨૦૦૫-૦૬ ના ૬૩.૫૦ કરોડ ડિસેમ્બર ૨૦૦૬-૦૭ સુધીના છે. ૬૩ કરોડ બાકી છે, તો આ પ્રમાણે ૬૩ કરોડના પ્રમાણેના આ દરે આ નેટ દરના પ્રમાણે કેટલી રકમ થાય?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે જે.કે.પેપર મીલ્સના દરો અન્ય ઉદ્યોગો કરતાં જૂદા છે. તેમાં જવાબ આપ્યો છે કે બીજા ઉદ્યોગની સરખામણીમાં તેના દરોમાં ફેરફાર નથી. એમણે એમ કહ્યું કે જે બિલ મોકલવામાં આવ્યું છે અને ખાસ સચિવશ્રી તરફથી સૂચના આપવામાં આવી છે કે, તેમાં જે દરો છે તેમાં કોઈ ફેરફાર નથી. બીજો પ્રશ્ન નેટ ઑફ યુઝની બાબતમાં ઉભો કરેલ છે તે પ્રશ્ન છે. તે એક વખત ઉભો થયો નથી. તેમણે અગાઉ હાઉસમાં આ જ પ્રશ્ન ઉભો કર્યો હતો. સરકારની વિચારણાના અંતે પહેલાં જ્યારે તે માંદા એકમ તરીકે કામ કરતું હતું જયારે ૨૦૦૦ની સાલ સુધી નેટ ઑફ યુઝની માગણી કરી અને ૨૦૦૦ સાલ સુધી મંજૂરી મળેલી હતી. ૨૦૦૦ પછી સરકારને એમણે રજૂઆત કરી અને આ સાહેબ એક આદિવાસી વિસ્તાર છે અને એની અંદર એમણે નેટ ઑફ યુઝ અને આ પેપર મિલ હોવાને કારણે ખૂબ પાણી વપરાય છે અને પાણી વપરાયા પછી તેને ટ્રીટ કરવામાં આવે છે. પ્રાઈમરી, સેકન્ડરી સ્ટેજે ટ્રીટ કરીને તે પાણી નેટ યુઝ કરીને આ પાણીને તાપી નદીમાં નાંખવામાં આવે છે અને તેના કારણે સિંચાઈમાં આ પાણી વપરાય છે. સરકારે તેના સાથે શરતો કરી હતી. ૨૦૦૩ની સાલમાં જી.આઈ.પી.બી. બોર્ડ છે તેના દ્વારા લગભગ બાબુભાઈ આપને વિગત જોઈએ છે. વિગત આપવાની જરૂર છે. દર વખત આપના મનમાં એ પ્રશ્ન ઉભો થાય. અમને વાંધો નથી. ૨૦૦૩ની સાલ સુધી જી.આઈ.પી.બી. બોર્ડે મંજૂરી આપી ન હતી અને તેમણે નેટ ઑફ યુઝ માટે આગ્રહ કર્યો હતો. અમારા અધિકારીને જયાં સુધી અધિકૃત ઑર્ડર ન મળે ત્યાં સુધી બિલીંગ કરવાની પદ્ધતિ સરકારે નિશ્ચિત કરેલા દરો છે તેના આધારે બિલ કાઢવું પડે અને તે પ્રમાણે બિલ કાઢેલ છે. આ જી.આઈ.પી.બી. બોર્ડ દ્વારા ૨૦૦૫ની સાલમાં નિર્ણય કરવામાં આવ્યો અને તેમણે જે અપીલ કરી હતી તે મંજૂર કરી અને તે બોર્ડમાં મંજૂર કરવામાં આવ્યું. જી.આઈ.પી.બી. બોર્ડને અધિકાર છે અને તેમણે ભલામણ કરી તે સરકારે ગ્રાહ્ય રાખી પશ્ચાદવર્તી અસરથી મંજૂરી આપી. આ બધુ થયુ છતાં જે શરતો સરકારે મૂકી હતી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ફરક કેટલો છે તે કહો ખાલી.કેટલો ફરક પડે છે તે કહે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજે ૯૦:૧૦નો રેસીયો રહેલો છે. ૯૦ ટકા પાણી તાપી નદીમાં પાછું આવે છે અને ખેતીમાં વપરાય છે. સરકારે જી.આઈ.પી.બી.માં મંજૂર કર્યા પછી જે કન્સેપ્ટ અને એ જે કરવા માગે છે તે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ પ્લીઝ ધીમે ધીમે સવાલ પૂછો. સંભળાય છે. આપની પાસે માઈક છે. ધીમેથી બોલી શકો છો. બધાને સંભળાય છે. આક્રોશ વ્યકત નહીં કરો. પ્લીઝ

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિસ્તાર આદિવાસી વિસ્તાર છે. આ મીલ એકવાર બંધ પડવાની તૈયારીમાં હતી. ૧૨ હજાર આદિવાસી જીવન ગુજારે છે અને આના કારણે બેકાર ન થઈ જાય તે સરકારના ધ્યાનમાં આવ્યું એટલે સરકારે આદિવાસીઓના હિતમાં એક નિર્ણય કર્યો હોઈ પરંતુ ૬૩ કરોડનું જે બિલ લઈ બાબુભાઈ દર વખતે આવતા તેના અનુસંધાનમાં સ્પષ્ટતા કરી. ૬૩ કરોડ ગ્રૉસ રેટ ઉપર કાઢેલું બિલ છે. અધિકારીઓ આને કોન્ડોન ન કરી શકે. એટલા માટે સરકારે જે ઠરાવ કર્યો તે ઠરાવની અંદર જે શરતો છે તે શરતોનું પાલન આ કંપનીએ કર્યુ છે. પાણી માપવાની બાબતમાં કોઈ વાંધો નથી. બંને બાજુ ઈનલેટ અને આઉટલેટ પાણી માપવાની વ્યવસ્થા થઈ છે. પરંતુ તેના માટે ૧૦ કિ.મી. પાઈપલાઈન નાંખવાનું કહ્યું હતું કે રસ્તામાં રિચાર્જીંગ થઈ જાય છે એટલે કોઈ વેસ્ટ ન થાય એટલા માટે સરકારે નિયમ એવો કર્યો કે ૧૦ કિ.મી. પાઈપલાઈન નાંખવી. તે બાબતમાં તેઓ ઉણા ઉતર્યા છે. સરકારની શરતોનું પાલન નહીં કરવાને કારણે જે દર સરકારે પ્રિસ્કાઈબ કર્યા છે તે દરે ૬૩ કરોડ રૂપિયાનું બિલ કાઢયું છે. તેઓ હજી અપીલ કર્યા કરે છે. પરંતુ નેટ ઑફ યુઝનું જેટલું બિલ આવે છે તે બિલ તે ભરે છે. પૂરું બિલ ભરી શકતા નથી. નહીં ભરવાને કારણે વારંવાર રજૂઆત કરે છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### સુરત શહેરમાં ઘરેણાની ચીલઝડપના નોંધાયેલ કેસ

૨૦૯૯૦**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા(સુરત શહેર (પશ્ચિમ): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત શહેરમાં છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ પોલીસ સ્ટેશનદીઠ સોનાના દાગીનાની ચીલ ઝડપના કેટલા બનાવો નોંધાયા,

**જવાબ**

(૧)

| ક્રમ | પોલીસ સ્ટેશન | બનાવો નોંધાયા |
|---|---|---|
| ૧ | વરાછા | ૦૮ |
| ૨ | કાપોદ્રા | ૧૦ |
| ૩ | ઉધના | ૦૨ |
| ૪ | લીંબાયત | ૦૧ |
| ૫ | મહીધરપુરા | ૦૩ |
| ૬ | સલાબતપુરા | ૦૧ |
| ૭ | ચોકબજાર | ૦૩ |
| ૮ | કતારગામ | ૨૮ |
| ૯ | અઠવા | ૦૪ |
| ૧૦ | ઉમરા | ૧૩ |
| ૧૧ | સચીન | -- |
| ૧૨ | પાંડેસરા | -- |
| ૧૩ | રાંદેર | ૦૮ |
| ૧૪ | ઈચ્છાપોર | -- |
| ૧૫ | ડીસીબી | ૦૩ |

આ ગુન્હાઓમાં ૮૮ આરોપીઓની ધરપકડ થઇ છે.

(૨) આવા સોનાના દોરા તોડનાર ઈસમ પકડાય છે અને કબુલ કરે છે પરંતુ પોલીસ તંત્ર તરફથી આવા સોનાના ચેન ક્યારે કોને વેચ્યા તેની તપાસ ઝડપથી થતી નથી તે હકીકત સાચી છે, અને

(૨) હકીક્ત ખોટી છે. જ્યારે અછોડા તોડનાર ઈસમ પકડાય ત્યારે તેની પૂછપરછ દરમ્યાન ચોરીનો માલ કોને વેચેલ છે તે અંગે તપાસ કરી ચોરીનો માલ રાખનાર વિરૂધ્ધ અલગથી ગુના રજીસ્ટર કરવામાં આવે છે.

(૩) છેલ્લા એક વરસમાં આવા ચોરાયેલા દોરા ખરીદનાર ઈસમોની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) છેલ્લા એક વર્ષમાં ચોરાયેલા દોરા ખરીદનાર વિરૂધ્ધ ઈપીકો ૪૧૧ મુજબ કુલ : ૬ ગુના રજીસ્ટર કરવામાં આવેલ છે.

-----------

**જામનગર તાલુકાના ગામોમાં પાણી સમિતિની રચના**

૨૧૫૫૧**ડૉ. દિનેશ પરમાર (જામનગર ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જામનગર તાલુકાના કેટલા ગામોમાં પાણી સમિતિની રચના કરવામાં આવી છે, | (૧) ૨૩ ગામોમાં. |
| (૨) આ પૈકી કેટલા ગામોમાં પાણી સમિતિઓ કાર્યરત છે, | (૨) ૨૨ ગામોમાં. |
| (૩) આ પાણી સમિતિઓની નિયમિત મીટીંગ મળે છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) આ ગ્રામ પાણી સમિતિઓની નિયમિત મીટીંગો મળતી ન હોય તે માટે સરકારે શી કાર્યવાહી કરવાની હોય છે ? | (૪) પ્રશ્ન રહેતો નથી. |

-----------

**રાજ્યની જેલોમાં કેદીઓ રાખવાની ક્ષમતા**

૨૧૭૬૭ **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કુલ કેટલી જેલો આવેલ છે, | (૧) ૨૫ |
| (૨) તા. ૧-૧-૦૬થી તા. ૧-૨-૦૭ સુધીમાં જેલના નિયમો મુજબ આ જેલોમાં કેટલા કેદીઓ રાખવાની ક્ષમતા છે, | (૨) ૫૬૮૬ |
| (૩) આ જેલોમાં ક્ષમતા કરતાં વધારે કેદીઓ રાખવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૩) હા. |
| (૪) જો ક્ષમતા પ્રમાણે કેદીઓને રાખવામાં આવતા ન હોય તો તે વધારાના કેદીઓને રાખવાની શી વ્યવસ્થા કરવામાં આવી છે? | (૪) ક્ષમતા કરતાં વધુ કેદીઓને હાલની હયાત બેરેકોમાં જ રાખવામાં આવે છે. |

-----------

**સંજેલી આઉટ પોસ્ટને પોલીસ સ્ટેશનનો દરજ્જો**

૨૧૦૨૦**શ્રી મહેશભાઈ સો. ભુરિયા(ભા.જ.પ.) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના સંજેલી આઉટ પોસ્ટને સરકાર પોલીસ સ્ટેશનનો દરજ્જો આપવા માંગે છે કે કેમ, અને | (૧) પોલીસ સ્ટેશનના દરજ્જા માટે નિયત માપદંડ પૂર્ણ થતા ન હોવાથી હાલ તુરત પોલીસ સ્ટેશનનો દરજ્જો આપવાની બાબત વિચારણામાં લીધેલ નથી. |
| (૨) જો હા, તો તેવા આદેશ ક્યારે કરવામાં આવનાર છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**પંચમહાલ જિલ્લાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્યની તપાસ**

૨૧૭૪૧**શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓ ફરજ બજાવે છે, અને | (૧) અને (૨) : ફરજ બજાવતા કુલ ૧૦૫૪ કર્મચારી/અધિકારીઓ પૈકી ૧૦૧૨ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |
| (૨) તે પૈકી કેટલાની આરોગ્ય તપાસ થઈ છે? | |

-----------

**જૂનાગઢ અને બરોડાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્યની તપાસ**

૨૧૦૩૧ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર(તલાલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્ય સરકારે "પોલીસ કલ્યાણ"ની નીતિ અપનાવીને ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરાવવાની સૂચના આપેલ હોવાની વાત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ પી.ટી.સી., જૂનાગઢ એસટીસી ચોકી અને પી.ટી.એસ.. બરોડાની કચેરીમાં કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓ ફરજ બજાવે છે, અને<br>(૩) તે પેકી કેટલાની આરોગ્ય તપાસ થઈ છે ? | (૨) અને (૩) :<br>(૧) પી.ટી.એસ., જૂનાગઢ ખાતે ફરજ બજાવતા તમામ ૬૬ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.<br>(૨) એસટીસી ચોકી (સોરઠ) ખાતે ફરજ બજાવતા તમામ ૫૩ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.<br>(૩) પીટીએસ, બરોડા ખાતે ફરજ બજાવતા તમામ ૬૦ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |

-----------

**જામનગર જિલ્લાની કચેરીઓનું સચિવાલય જોડે કોમ્પ્યુટર નેટવર્કથી જોડાણ**

**શ્ર૨૨૦૧૧ી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ જામનગર જિલ્લાની તાલુકાવાર કઈ કઈ કચેરીઓને સચિવાલય સાથે કોમ્પ્યુટર નેટવર્કથી જોડવામાં આવેલ છે, અને<br>(૨) બાકીની કચેરીઓને ક્યારે જોડાણ કરવામાં આવશે? | (૧) અને (૨) : તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ જામનગર જિલ્લા મથકની ૩૪ સરકારી કચેરી, ૧૦ તાલુકા મામલતદાર, ૭ તાલુકા પોલીસ સ્ટેશન, ૧૦ તાલુકા પંચાયતો અને ૩ સબ ટ્રેઝરી મળી કુલ-૬૪ કચેરીઓને કોમ્પ્યુટર નેટવર્કથી સચિવાલય સાથે જોડવામાં આવેલ છે. જ્યારે ૧૧ અન્ય કચેરીઓને તેઓની માંગણી મુજબ નેટવર્કથી જોડવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. |

-----------

**રાજ્યમાં વીજળીની ખાધ**

૨૧૭૯૩ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ દરમ્યાન તા. ૩૧ જાન્યુ. ૦૭ સુધીમાં રાજ્યમાં કુલ કેટલા મેગાવોટ વીજ ખાધ રહી, | (૧) સામાન્ય સંજોગોમાં વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન ૧૪૦૦ મે. વોટ અને ૨૦૦૬-૦૭ દરમ્યાન (તા. ૩૧-૧-૦૭ સુધી) ૨૦૦૦ મે. વોટ ખાધ રહી હતી. |
| (૨) આ વીજખાધ પૂરી કરવા સરકારે ક્યારે અને ક્યા ક્યા સાથી રાજ્યો તેમજ કેન્દ્ર સરકાર પાસેથી શા ભાવે વીજળી ખરીદી, અને | (૨) આવી વીજખાધ પૂરવા કેન્દ્ર સરકાર કે સાથી રાજ્યો પાસેથી કોઇ સીધી ખરીદી કરવામાં આવી નથી. પરંતુ ખેડૂતોને વીજ પુરવઠો પૂરો પાડવા ટૂંકાગાળા માટે બજાર ભાવે નીચે જણાવેલ કિંમતે મોંઘી વીજળી |

ખરીદવામાં આવી છે.

| | |
|---|---|
| વર્ષ ૨૦૦૫-૦૬ | સરેરાશ ભાવ પ્રતિ યુનિટ રૂા. ૩.૩૧ |
| વર્ષ ૨૦૦૬-૦૭ (૩૧-૧-૦૭) | સરેરાશ ભાવ પ્રતિ યુનિટ રૂા. ૫.૧૪ |

(૩) રાજ્યને પોતાની ઉત્પાદન વીજળી શું ભાવે પડે છે ?

(૩) ૨૦૦૫-૦૬ સરેરાશ રૂા. ૨.૦૬ પ્રતિ યુનીટ
૨૦૦૬-૦૭ સરેરાશ રૂા. ૨.૧૫ પ્રતિ યુનીટ
(૩૧ જાન્યુ. ૦૭ સુધી).

-----------

**સુજલામ્ સુફલામ્ યોજના પાછળ થયેલ ખર્ચ**

૨૨૪૦૧**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુજલામ્ સુફલામ્ યોજના કુલ કેટલી રકમની છે,

(૨) આ યોજના પાછળ તા. ૩૧-૧-૦૭ સુધીમાં કુલ કેટલું ખર્ચ થયું, અને

(૩) આ યોજના થકી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કુલ કેટલા હેકટર જમીનનું પિયત થયું છે ?

**જવાબ**

(૧) સુજલામ્ સુફલામ્ યોજના માટે રૂપિયા ૬૨૩૭.૩૩ ક્રોડનો ખર્ચ અંદાજવામાં આવેલ.

(૨) તા. ૩૧-૧-૦૭ સુધીમાં આ યોજના પાછળ નીચે મુજબ ખર્ચ થયો છે.

(રૂા. ક્રોડમાં)

| | | |
|---|---|---|
| (અ) | જળસંપત્તિ પ્રભાગ | રૂા. ૨૩૬૩.૧૧ |
| (બ) | પાણી પુરવઠા પ્રભાગ | રૂા. ૧૨૦૩.૯૯ |
| કુલ : | (રૂા. ક્રોડ) | રૂા. ૩૫૬૭.૧૦ |

(૩) આ યોજના થકી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ૩૫૬૭૦ હેકટર જમીનનું પિયત થયેલ છે.

-----------

**વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૭ દરમિયાન મૂડીરોકાણ અંગે**

૨૨૦૯૩**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૭ દરમ્યાન ક્યા ક્ષેત્રમાં સોથી મોટુ મૂડીરોકાણ થનાર છે,

(૨) આ ક્ષેત્રમાં કેટલા એમ.ઓ.યુ. થયા, અને

(૩) તેમાં કેટલું મૂડી રોકાણ થશે?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૭ દરમિયાન સ્પેશીયલ ઇકોનોમિક ઝોન ક્ષેત્રમાં સોથી મોટા મૂડી રોકાણની દરખાસ્તો મળેલ છે.

(૨) આ ક્ષેત્રમાં ૨૮ એમ. ઓ. યુ. થયા છે.

(૩) તેમાં રૂા. ૧,૭૦,૮૮૯ ક્રોડનું મૂડી રોકાણ થનાર છે.

-----------

**ઓદ્યોગિક મૂડીરોકાણ અંગે મળેલ દરખાસ્તો**

૨૧૪૬૮**શ્રી યોગેશભાઈ ના. પટેલ(રાવપુરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૫-૦૬ તથા વર્ષ ૨૦૦૬-૦૭માં ડિસેમ્બર-૦૬ સુધી રાજ્યમાં ઓદ્યોગિક મૂડી રોકાણ બાબતે કેટલી દરખાસ્ત મળી,

(૨) દરખાસ્ત સામે કેટલું મૂડીરોકાણ થયું, અને

**જવાબ**

(૧) અને (૨) વર્ષ ૨૦૦૫-૦૬ તથા વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત -૨૦૦૭ પ્રસંગે કુલ ૩૬૩ પ્રોજેક્ટસના રૂા. ૪,૬૧,૮૩૫ ક્રોડના મૂડી રોકાણના એમ.ઓ.યુ./જાહેરાત થયેલ છે તે સાથે કે

તે સિવાય ઓદ્યોગિક મૂડી રોકાણ માટે વર્ષ ૨૦૦૫-૦૬માં ૮૩૧ પ્રોજેક્ટો અને વર્ષ ૨૦૦૬-૦૭ (ડિસેમ્બર-૦૬ સુધી)માં ૪૦૪ પ્રોજેક્ટો માટેની દરખાસ્તો મળેલ છે. આ દરખાસ્તો રૂા. ૯૭,૭૫૪ કરોડના મૂડીરોકાણ માટે છે.ભારત સરકારની માહિતી મુજબ ઉત્પાદનમાં ગયેલ એકમોની નોંધણી અનુસાર અમલીકરણની દ્રષ્ટિથી ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે.

(૩) રોજગારીની કેટલી તકો ઊભી થઈ ?

(૩) વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૭ના પ્રોજેક્ટો કાર્યાન્વિત થતાં ૧૩.૨૬ લાખ રોજગારીની તકો ઉભી થશે. તે સહિત કે તે સિવાય મળેલ દરખાસ્તોના પ્રોજેક્ટો કાર્યાન્વિત થતાં ૨.૧૫ લાખની સીધી રોજગારીની તકો ઊભી થશે.

-----------

**કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકામાં ખૂનના કેસો**

૨૧૯૯૧**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં મુન્દ્રા તાલુકામાં ગામવાઈઝ હત્યા કરવાના કેટલા કિસ્સા બનવા પામેલ છે,

(૧)

| ગામનું નામ | હત્યાની સંખ્યા |
|---|---|
| વડાલા | ૦૩ |
| મોટા કપાયા રોડ | ૦૧ |

(૨) તે પૈકી કેટલા કિસ્સાઓમાં ગુનેગારોની ધરપકડ કરવામાં આવી છે, અને

(૨) ૦૧ (એક) કિસ્સામાં.

(૩) કેટલા કિસ્સાઓમાં ધરપકડ કરવાના બાકી છે ?

(૩) ૦૩ (ત્રણ) કિસ્સામાં.

-----------

**સાબરકાંઠા જિલ્લામાં બનાવેલ ચેકડેમો**

૨૧૧૬૨**શ્રી દિપસિંહ શં. રાઠોડ(પ્રાંતિજ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં સાબરમતી, ખારી અને મેશ્વો નદી પર વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૨૦૦૬ એમ બે વર્ષમાં કેટલા ચેકડેમ બનાવ્યા, અને

(૧) ખારી નદી ઉપર ૫ અને મેશ્વો નદી ઉપર ૧૩ ચેકડેમ બનાવ્યા.

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો?

(૨) કુલ ખર્ચ રૂા. ૨૧૮.૬૪ લાખ થયો.

-----------

**કચ્છમાંથી લીગ્નાઈટને બીજા રાજ્યમાં લઈ જવા માટે મૂકાયેલ પ્રતિબંધ**

૨૨૧૪૧**શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા કચ્છમાંથી લીગ્નાઈટને બીજા રાજ્યોમાં લઈ જવા પર પ્રતિબંધ મૂક્યો છે કે કેમ, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો ક્યા કારણોસર?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## અમદાવાદ શહેરની ક્રાઈમ બ્રાન્ચે પકડેલ નાર્કોટિક્સનો જથ્થો

૨૧૭૪૦**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા(શહેર કોટડા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૬માં અમદાવાદ શહેરની ક્રાઈમ બ્રાન્ચે નાર્કોટિક્સનો કેટલો જથ્થો પકડેલ છે, અને | (૧) ૧૮ કિલો. |
| (૨) આ પકડેલ નાર્કોટિક્સના જથ્થાની બજાર કિંમત કેટલી થાય છે? | (૨) રૂા. ૯,૦૦,૦૦૦/- (નવ લાખ). |

-----------

## વાપી જી.આઇ.ડી.સી. માટે સંપાદન કરવામાં આવેલ જમીન

૨૨૦૪૯**શ્રી શંકરભાઈ મં. વારલી(ઉમરગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વાપી જી.આઈ.ડી.સી. માટે ખેડૂતોની સંપાદન કરવામાં આવેલ પેકી કેટલી જમીનનો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ જે હેતુ માટે આપેલ તેમાં તેનો ઉપયોગ થયેલ નથી તે જમીનો જે ખેડૂતો પાસેથી સંપાદન કરેલ તે ખેડૂતોને પાછી ન આપતાં અન્યોને શા ભાવે વેચાણથી છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં આપવામાં આવી?

**જવાબ**

જી.આઇ.ડી.સી. દ્વારા સંપાદિત કરવામાં આવતી જમીનમાં એસ્ટેટ સ્થાપવા માટે ઓદ્યોગિક હેતુ ઉપરાંત વાણિજ્યક તેમજ રહેણાંક્ના હેતુ માટે જી.આઇ.ડી.સી.ના નિયમો/વિનિયમો મુજબ જમીનની ફાળવણી કરવામાં આવે છે.

તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં નીચે મુજબ જમીનની ફાળવણી કરવામાં આવી છે :

(૧) ઓદ્યોગિક હેતુ :-૮૯૮૮ ચો.મી..
રૂા. ૫૦૦/-પ્રતિ ચો.મી.

(૨) ચાણોદમાં માત્ર રહેણાંક્ના હેતુ માટે જ જમીન અનામત રાખેલ છે અને તે સ્થળે ૧૬૨૮૯ ચો.મી. જમીન રૂા. ૩૦૦/- પ્રતિ ચો.મી. ના દરે ફાળવેલ છે.

(૩) વાણિજ્ય હેતુ માટે રૂા. ૨૪૦૦ પ્રતિ ચો.મી. ના ભાવે ૧૩૯૪૭ ચો.મી. ફાળવેલ છે. જ્યારે ૨૦૦૦ ચો.મી. રૂા. ૮૦૦ પ્રતિ ચો.મી. ના રાહત દરે જમીન ગુમાવનાર વ્યક્તિઓને ફાળવેલ છે.

-----------

## આંગણવાડીઓના બાંધકામને અગ્રતા

૨૧૧૬૪**શ્રી શંકરભાઈ મં. વારલી(ઉમરગામ) : માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ સરકારી આંગણવાડીઓના બાંધકામને સરકાર અગ્રતા આપવા માંગે છે કે કેમ,<br>(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ આ અંગે શાં પગલાં ભરવામાં આવ્યા છે, અને | (૧) અને (૨) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ સ્થાનિક જરૂરીયાતના પાયાની સુવિધાવાળાં કામો હાથ ધરવામાં આવે છે. જેમાં આંગણવાડીનો સમાવેશ થાય છે. આંગણવાડીઓના બાંધકામને ઝડપ મળે તે હેતુથી આ કાર્યક્રમ હેઠળ ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાંથી ૨૫ ટકા મેચીંગ રકમની ગ્રાન્ટ ફાળવી શકાય તે અંગે તા. ૨૮-૧૨-૨૦૦૬ના રોજ ઠરાવ બહાર પાડવામાં આવેલ છે. |
| (૩) ભાવિ આયોજન શું છે? | (૩) દરેક આંગણવાડીને મકાનની વ્યવસ્થા કરવાનો કાર્યક્રમ મહિલા અને બાળ વિકાસ વિભાગ તરફથી હાથ ઉપર લેવામાં આવેલ છે. આ હેતુસર વર્ષ ૨૦૦૬-૦૭માં તે વિભાગે રૂા. ૫ કરોડની જોગવાઇ કરેલ છે. |

-----------

**પોરબંદર જિલ્લામાં ખાણ ખનીજ માટે અપાયેલ પરવાનગીઓ**

૨૧૦૦૫ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પોરબંદર જિલ્લામાં સરકારી અધિકારીઓ દ્વારા ખોટી રીતે ખાણ ખનીજ માટે પરવાનગીઓ આપવામાં આવી છે તે હકિક્તથી સરકાર વાકેફ છે, અને | (૧) આવી કોઇ બાબત સરકારશ્રીના ધ્યાન પર આવેલ નથી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં કેટલા અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં લીધા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**મુખ્ય મંત્રીનો સુરક્ષા ખર્ચ**

૨૧૭૯૯ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં મુખ્ય મંત્રીશ્રીનો સુરક્ષા ખર્ચ દર માસે કેટલો થાય છે, ક્યા ક્યા પ્રકારની સુરક્ષા આપવામાં આવે છે,<br>(૨) જાન્યુઆરી-૨૦૦૩ થી જાન્યુઆરી-૨૦૦૭ સુધીનો દર વર્ષનો વર્ષવાર અને કુલ સુરક્ષા ખર્ચ કેટલો થયો, અને<br>(૩) આવા ખર્ચમાં કોઈ કરકસર કરવા વિચારે છે કે કેમ, જો હા, તો કરકસરની વિગતો શી છે ? | (૧), (૨) અને (૩) માન. મુખ્ય મંત્રીશ્રીને થ્રેટ પરસેપ્શન ધ્યાને રાખીને કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલ ધારા ધોરણ મુજબ ઝેડ પ્લસ મોબાઇલ એનએસજી કવચની સુરક્ષા આપવામાં આવે છે.<br>આ સુરક્ષા અંગેનો તમામ ખર્ચ પોલીસ સદરેથી મેળવવામાં આવે છે.<br>કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલ ધોરણો અપનાવેલ હોઇ તેમાં કરકસરનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**વલસાડ જિલ્લામાં થયેલા વિવિધ ગુના**

૨૨૧૩૮ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં બળાત્કાર, લૂંટફાટ, ખૂન અને ખૂનની કોશિશના કેટલા કિસ્સાઓ પોલીસ દફતરે નોંધાયેલા છે,

(૨) તે પેકી કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી છે, અને

(૩) બાકીના ઈસમોની ક્યારે ધરપકડ કરવામાં આવશે ?

**જવાબ**

| | બળાત્કાર | લૂંટફાટ | ખૂન | ખૂનની કોશિશ |
|---|---|---|---|---|
| (૧) | ૧૩ | ૩૦ | ૭૭ | ૩૦ |
| (૨) | ૧૬ | ૬૦ | ૧૨૨ | ૯૯ |

(૩) બાકી આરોપીઓના નામ-નમુદ તથા સરનામા ન હોઇ, તેઓને પકડવા માટે ખાનગી અને ભરોસાપાત્ર બાતમીદારો રોકી માહિતી મેળવવાની અને તેઓને પકડવાની કાર્યવાહી ચાલુ છે.

-----------

**ડભોઈ તાલુકામાં હોમગાર્ડ અને ગૃહ રક્ષક દળના બાકી માનદ વેતન અંગે**

૨૧૯૪૦**શ્રી ચંદ્રકોત મો. પટેલ (ડભોઇ) : માનનીય ગૃહ રક્ષક દળ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ડભોઈ તાલુકામાં હોમગાર્ડ અને ગૃહરક્ષક દળનું માનદ વેતન આપવાનું બાકી છે કે કેમ,<br>(૨) જો હા, તો કેટલી રકમ બાકી છે, અને | (૧) અને (૨) તા. ૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ રૂા. ૧૫,૭૫,૦૮૪ આપવાના બાકી છે. |
| (૩) ક્યારે ચૂકવવા માંગો છો, અને | (૩) શક્ય તેટલા વહેલી તકે ચૂકવણા કરવામાં |

| | |
|---|---|
| | આવશે. |
| (૪) આ માનદ વેતન બાકી રહેવાનું કારણ શું છે ? | (૪) વહીવટી કારણોસર. |

-----------

**ભરૂચ જિલ્લાની કેનાલના કામો**

૨૦૯૯૩ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં મેઈન કેનાલ, ડીસ્ટ્રીબ્યુટરી, માઈનોર કેનાલના કામો કેટલા સમયથી તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ અધુરા છે, અને | (૧) ભરૂચ જિલ્લામાંથી મેઇન કેનાલ પસાર થતી નથી. શાખા નહેરોની કામગીરી પૂર્ણ થયેલ છે. ડીસ્ટ્રીબ્યુટરીમાં ૮૪ ટકા કામ પૂર્ણ થયેલ છે અને ૧૬ ટકા કામ બાકી છે. માઇનોરમાં ૭૦ ટકા કામ પૂર્ણ થયેલ છે અને ૩૦ ટકા કામ બાકી છે. |
| (૨) આ અધુરા કામો સમય મર્યાદામાં પૂર્ણ ન કરનાર ઠેકેદારો સામે વિભાગ ધ્વારા પગલાં ભરેલ છે કે કેમ ? | (૨) કામમાં વિલંબ બદલ ૧૪ એજન્સીઓને ટર્મીનેટ કરવામાં આવી છે અને કામ અટકવા દીધેલ નથી. |

-----------

**ગાંધીનગર એફ.એસ.એલ.માં દારૂની ચકાસણી માટે આવેલ કેસ**

૨૧૦૦૮ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર ખાતે આવેલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ખાતે સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭માં જાન્યુઆરી, ૦૭ સુધીમાં દારૂની ચકાસણી માટે લેબોરેટરી ટેસ્ટ માટે કેટલા કેસો આવ્યા, | (૧) સને ૨૦૦૫-૨૦૦૬માં---૩૬,૭૬૧<br>સને ૨૦૦૬-૨૦૦૭માં,<br>જાન્યુઆરી-૦૭ સુધીમાં---૨૮,૧૧૨ |
| (૨) વર્ષવાર કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) સને ૨૦૦૫-૨૦૦૬માં---૩૬,૫૧૧<br>સને ૨૦૦૬-૨૦૦૭માં,<br>જાન્યુઆરી-૦૭ સુધીમાં---૨૮,૦૬૨ |
| (૩) ટેસ્ટ રીપોર્ટ તૈયાર કરવામાં ગેરરીતિઓ થાય છે તે હકિકતથી સરકાર વાકેફ છે ? | (૩) કોઇ ગેરરીતિ થતી નથી. |

-----------

**ગ્રીન રીવોલ્યુશન કંપની ધ્વારા ખેડૂતોને સહાય**

૨૨૧૩૬ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૭ ની સ્થિતિએ ગ્રીન રીવોલ્યુશન કંપની મારફતે જિલ્લાવાર કેટલા ખેડૂતોને ક્યા હેતુઓ માટે કેટલી રકમની સહાયો આપવામાં આવી, અને | (૧) જાન્યુઆરી ૨૦૦૭ની સ્થિતિએ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની મારફતે સુક્ષ્મ પિયત પદ્ધતિ ગોઠવવાના હેતુસર રાજ્ય સરકારના ફાળા તરીકે અપાયેલ રકમ અને જિલ્લાવાર ખેડૂતોની સંખ્યાની વિગતો સામેલ પત્રક મુજબ છે. |
| (૨) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ જિલ્લાવાર કેટલી અરજીઓ ક્યારથી પડતર છે ? | (૨) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ આગળની કાર્યવાહી માટે પ્રગતિમાં હોય તેવી અરજીઓની જિલ્લાવાર વિગતો સામેલ પત્રક મુજબ છે. કોઇ અરજી પડતર નથી. |

**પત્રક**

| ક્રમ | જિલ્લો | ખેડૂતોની સંખ્યા | અપાયેલ રકમ રૂા. લાખમાં | તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ આગળની કાર્યવાહી માટે પ્રગતિમાં હોય તેવી અરજીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૬૦ | ૪૪.૧૮ | ૪૪ |
| ૨ | અમરેલી | ૩૮૯ | ૬૫.૫૯ | ૧૮૩ |
| ૩ | આણંદ | ૩૨૨ | ૨૨૫.૪૩ | ૪૯ |
| ૪ | બનાસકાંઠા | ૧૧૫૯ | ૪૩૧.૬૪ | ૨૨૭૭ |
| ૫ | ભરૂચ | ૯૮૮ | ૭૧૫.૭૪ | ૨૦૦ |
| ૬ | ભાવનગર | ૪૮૯ | ૧૨૯.૦૯ | ૬૪૪ |
| ૭ | દાહોદ | ૪૦ | ૫.૮૫ | ૧૧ |
| ૮ | ડાંગ | ૦ | ૦ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૩૧૮ | ૩૫૬.૧૬ | ૨૯ |
| ૧૦ | જામનગર | ૩૯૭ | ૮૭.૯૬ | ૩૯૯ |
| ૧૧ | જુનાગઢ | ૩૨૨૬ | ૨૯૬.૨૯ | ૭૩૭ |
| ૧૨ | ખેડા | ૩૨૭ | ૪૦૨.૩૪ | ૬૭ |
| ૧૩ | કચ્છ | ૮૩૨ | ૭૨૫.૬૨ | ૨૩૬ |
| ૧૪ | મહેસાણા | ૩૩૯ | ૧૬૨.૯૯ | ૧૬૪ |
| ૧૫ | નર્મદા | ૨૭૭ | ૧૩૪.૪૯ | ૩૪ |
| ૧૬ | નવસારી | ૭૩૮ | ૧૬૪.૧૩ | ૧૩૦૩ |
| ૧૭ | પંચમહાલ | ૪૦ | ૨૫.૧૪ | ૫૨ |
| ૧૮ | પાટણ | ૧૮૨ | ૮૫.૨૪ | ૧૦૦ |
| ૧૯ | પોરબંદર | ૪૫૫ | ૨૮.૧૯ | ૭૧ |
| ૨૦ | રાજકોટ | ૫૪૧ | ૯૦.૯૩ | ૨૭૫ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૯૦૫ | ૧૯૨૪.૮૯ | ૩૧૭ |
| ૨૨ | સુરત | ૧૦૫૯ | ૫૦૦.૮૨ | ૧૫૫ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૫૨૫ | ૩૧૨.૨૯ | ૨૨૪ |
| ૨૪ | વડોદરા | ૯૫૨ | ૪૯૫.૬૩ | ૧૯૪ |
| ૨૫ | વલસાડ | ૩૯૫ | ૨૦૦.૦૪ | ૯૧ |
| | **કુલ :** | **૧૫૯૫૫** | **૭૬૧૧.૦૩** | **૭૮૫૬** |

-----------

**માંડલ, દેત્રોજ અને વિરમગામ તાલુકાના તુટી ગયેલ વરસાદી નાળા**

૨૨૦૫૨ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૪ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં માંડલ, દેત્રોજ અને વિરમગામ તાલુકામાં વરસાદના કારણે વરસાદી ગટરના તૂટી ગયેલ નાળા કેટલા સમયમાં રીપેરીંગ કરાવવા માંગો છો, અને

(૨) રીપેરીંગમાં વિલંબ થવાના કારણો શાં ?

**જવાબ**

(૧) નુકસાન પામેલ સ્ટ્રક્ચરને વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) અન્વેષણ અને આલેખનની કામગીરી તથા નાણાકીય ઉપલબ્ધી થયે કામો હાથ ધરેલ હોવાથી.

**ખેડબ્રહ્મા તાલુકામાં ઝાંઝવા પણાઈ યોજના**

૨૨૧૫૨ **શ્રીમતી રમીલાબેન બે. બારા(ખેડબ્રહ્મા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ખેડબ્રહ્મા તાલુકામાં ઝાંઝવા પણાઈ યોજનાની મંજૂરી આપવા સરકાર વિચારે છે કે કેમ,

(૨) જો હા, તો ક્યારે મંજૂર કરવામાં આવશે, અને

(૩) ક્યાં સુધીમાં કાર્ય શરુ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) મંજુરીની પ્રક્રિયા હેઠળ છે.

(૩) વર્ષ ૨૦૦૭-૦૮ થી જમીન સંપાદન શરૂ કરવાનું આયોજન છે.

-----------

## સુરેન્દ્રનગર જિલ્લાની નહેરોનું રીપેરીંગ

૨૧૦૧૬ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧૨-૦૬ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સિંચાઈની નહેરો રીપેર કરવા માટે સરકારે કેટલી રકમ ફાળવેલ છે,

(૨) આ પૈકી કેટલા તાલુકાની કેટલી નહેરો રીપેર કરવામાં આવી અને તે માટે કુલ ખર્ચો કેટલો થયો, અને

(૩) બાકીની નહેરો સરકાર ક્યારે રીપેર કરવા માંગે છે ?

**જવાબ**

(૧) રૂા. ૭૪.૨૩ લાખ

(૨)

| તાલુકો | યોજના | ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|
| લીંબડી | લીંબડી ભોગાવો-૨ | ૫.૨૨ |
| હળવદ | બ્રાહ્મણી સિંચાઇ યોજના | ૨૫.૧૭ |
| મૂળી | વઢવાણ ભોગાવો-૧ | ૧૨.૪૮ |
| સાયલા | લીંબડી ભોગાવો-૧ | ૧૫.૮૩ |
| સાયલા | નિંભણી | ૪.૫૪ |
| ચુડા | વાંસલ | ૮.૬૮ |
| ચોટીલા | મોરસલ | ૧.૦૪ |
| ચોટીલા | ધારી | ૧.૨૭ |
| | **કુલ :** | **૭૪.૨૩** |

(૩) નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર તબક્કાવાર-હાથ ધરવાનું આયોજન છે.

## નર્મદાનું પાણી બનાસ નદીમાં નાખવા અંગે

૨૨૩૪૫**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૭ના વર્ષમાં ઉનાળાની સીઝનમાં નર્મદાનું પાણી બનાસ નદીમાં નાખવા માટેનું સરકારનું કોઈ આયોજન છે, અને

(૨) જો હોય તો, ક્યા મહીનાથી પાણી નાખવાની શરૂઆત કરવા માંગે છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં પાડવામાં આવેલ રેડો

૨૧૩૫૯ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૧-૧-૦૪ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં પોલીસ સ્ટેશનવાર કેટલી દેશી વિદેશી દારૂની રેડો પાડવામાં આવી,

**જવાબ**

(૧) પોલીસ સ્ટેશનવાર રેઇડોની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | પોલીસ સ્ટેશનનું નામ | રેઇડોની સંખ્યા |
|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર સીટી | ૧૧૫૪ |
| ૨ | જરાવરનગર | ૨૭૯ |
| ૩ | વઢવાણ | ૩૫૦ |
| ૪ | લખતર | ૨૦૫ |
| ૫ | મુળી | ૩૨૨ |
| ૬ | લીંબડી | ૨૨૪ |
| ૭ | પાણશીણા | ૧૩૬ |
| ૮ | ચુડા | ૧૬૯ |
| ૯ | સાયલા | ૧૪૮ |
| ૧૦ | ચોટીલા | ૨૫૯ |
| ૧૧ | થાનગઢ | ૪૬૪ |
| ૧૨ | ધ્રાંગધ્રા સીટી | ૧૮૩ |

| | | |
|---|---|---|
| ૧૩ | ધ્રાંગધ્રા તાલુકા | ૨૫૩ |
| ૧૪ | હળવદ | ૧૫૩ |
| ૧૫ | પાટડી | ૧૪૪ |
| ૧૬ | દસાડા | ૬૫ |
| ૧૭ | ઝીંઝુવાડા | ૫૩ |
| | **કુલ :** | **૪૫૬૧** |

(૨) તે પેકી કેટલી રેડો સ્થાનિક પોલીસે પાડી અને કેટલી રેડો બહારની પોલીસ ધ્વારા પાડી,

(૨) સ્થાનિક પોલીસ દ્વારા-૪૫૨૧
બહારની પોલીસ દ્વારા-૪૦

(૩) તે પેકી ચોટીલા-સાયલા તાલુકામાં કેટલી રેડો પાડી, અને

(૩)

| અ. નં. | તાલુકાનું નામ | કરેલ રેઇડોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચોટીલા | ૭૨૩ |
| ૨ | સાયલા | ૧૪૮ |

(૪) તેમાં કેટલો વાહનો, દારૂનો જથ્થો અને કેટલા ગુન્હેગારો પકડાયા ?

(૪) (૧) કબજે કરેલ વાહનો- ૧૧૮
(૨) દેશી દારૂ લીટર- ૧૭,૩૧૪
(૩) વિદેશી દારૂ બોટલ નંગ- ૧૪,૧૭૪
(૪) ગુન્હેગારો પકડાયા- ૪,૫૩૩

-----------

## કચ્છ જિલ્લામાં નર્મદાના પૂરના પાણીનો સંગ્રહ

૨૦૯૯૬ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) :** **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં નર્મદાના પૂરના ૧ મી. એકર ફીટ પાણી સંગ્રહ કરવાના સ્થળો ચકાસવાની કામગીરી પૂરી થઈ નથી તે હકીકત સાચી છે,

(૨) આ કામગીરી ક્યારે પૂરી થશે, અને

(૩) ક્યા ક્યા સ્થળો ચકાસવાની કામગીરી ચાલુ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પ્રાથમિક સર્વેક્ષણ અને ચકાસણીની કામગીરી જુન-૨૦૦૭ સુધીમાં તેમજ વિગતવાર સર્વેક્ષણ અને ચકાસણીની કામગીરી જુન-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) નીચે મુજબના સ્થળોએ પ્રાથમિક ચકાસણીની કામગીરી ચાલુ છે.

૧ રાપર તાલુકામાં ફતેહગઢ પાસે સારણના કુદરતી ડીપ્રેશનમાં સંગ્રહ

૨ લીંક કેનાલ દ્વારા હયાત ૧૯ મધ્યમ સિંચાઈ યોજનાઓ, ૧૩૬ નાની સિંચાઈ યોજનાઓ, સૂચિત તેમજ બાંધકામ હેઠળના ૪૪ બંધારાઓ તથા સૂચિત મોટા ૬૩ ચેકડેમોમાં સંગ્રહ.

૩. ધાણેટીથી લીંક કેનાલ દ્વારા પાણી લીફ્ટ કરી રેહા મોટા, ભારાપર, એડમંડ લેક તથા જમોડા તળાવ ખાતેની સિંચાઈ યોજનાઓની ક્ષમતા વધારી નવા સ્ટોરેજ ઉભા કરવા.

૪. કચ્છ શાખા નહેરને માંડવી તાલુકાના મોડકુવાથી લીફ્ટ કરી નારાયણ સરોવર સુધી કેનાલ બનાવી ખરીફ પાકમાં પાણી આપવાનું આયોજન.

૫. અંજાર તેમજ ભૂજ તાલુકાના ૬૦ મી. થી ૪૦ મી.ના કંન્ટુર વચ્ચે આવતા વિસ્તારમાં પીયતનું આયોજન.

૬. બન્ની વિસ્તારમાં બંધ બાંધી ઘાસીયા વિસ્તારનો વિકાસ કરવાનું આયોજન.

૭. કચ્છ શાખા નહેરની સાંકળ ૧૯૨ કિ.મી. પાસેથી દુધઈ વિશાખા નહેર કે જેની સંભવિત વહનશક્તિ ૨૨.૫૨ ઘ.મી. પ્રતિ સેકન્ડ તથા લંબાઈ ૧૦૦ કિ.મી. થશે. (ભચાઉ થી નખત્રાણા તાલુકાના બિબર સુધી)

તેમાં ચોમાસા દરમ્યાન પુરનું વધારાનું પાણી વહેવડાવી સિંચાઈ તેમજ બન્ની વિસ્તારને નવસાધ્ય કરવાનું આયોજન.

-----------

**પંચમહાલ જિલ્લામાં વીજળીની લાઈન તેમજ ટ્રાન્સફોર્મરની ચોરીઓ**

૨૨૦૫૮**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ મધ્ય ગુજરાત વીજ કંપનીની વીજળીની લાઈન તેમજ ટ્રાન્સફોર્મરની ચોરીના કેટલા કિસ્સાઓ બનેલા છે,

(૨) આ અંગે ફરિયાદ નોંધવામાં આવેલ છે કે કેમ, અને

(૩) આ ગુન્હાઓ પૈકી કેટલા ડીટેક્ટ થયેલ છે ?

**જવાબ**

(૧) ૧૦૭

(૨) તમામ કિસ્સાઓમાં પોલીસ ફરિયાદ કરવામાં આવેલ છે.

(૩) તમામ કિસ્સાઓમાં પોલીસ તપાસ અને આનુષાંગિક કાર્યવાહી ચાલુ છે.

-----------

**ઉંચા કોટડા યાત્રાધામ ખાતે કાયમી પોલીસ ચોકી આપવા અંગે**

૨૧૦૨૩**શ્રી શિવાભાઈ જે. ગોહિલ (તળાજા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહુવા તાલુકાના ઉંચા કોટડા યાત્રાધામ ખાતે કાયમી પોલીસ ચોકી ઊભી કરવા માટે તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી માંગણીઓ સરકારને મળેલ છે,

(૨) આ સબંધમાં સરકારે શી કાર્યવાહી કરેલ છે, અને

(૩) ઉંચા કોટડા યાત્રાધામને ચોક્કસ કેટલા સમયમાં કાયમી પોલીસ ચોકી સરકાર આપવા માગે છે ?

**જવાબ**

(૧) એક.

(૨) ઉંચા કોટડા યાત્રાધામ ખાતે કાયમી ધોરણે મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવતા ન હોવાથી કાયમી પોલીસ ચોકી ખોલવાની જરૂરિયાત જણાતી નથી.

(૩) હાલમાં વિચારણામાં નથી.

-----------

**બનાસકાંઠા જિલ્લાના ગામોને ટેન્કર દ્વારા અપાતું પીવાનું પાણી**

૧૯૯૫૬ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને છેલ્લા ત્રણ વર્ષમાં ટેન્કર દ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં આવ્યું,

**જવાબ**

(૧) નીચેની વિગતે

| ક્રમ | તાલુકો | ટેન્કરથી પીવાનું પાણી આપેલ ગામોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | વર્ષ તા.૧-૨-૦૪ થી ૩૧-૧-૦૫ દરમ્યાન | વર્ષ તા.૧-૨-૦૫ થી ૩૧-૧-૦૬ દરમ્યાન | વર્ષ તા. ૧-૨-૦૬ થી ૩૧-૧-૦૭ દરમ્યાન |
| ૧ | પાલનપુર | ૧૯ | ૮ | ૦ |
| ૨ | વડગામ | ૦ | ૦ | ૧ |
| ૩ | અમીરગઢ | ૦ | ૧૦ | ૦ |
| ૪ | દાંતા | ૨ | ૪૦ | ૦ |
| ૫ | ડીસા | ૦ | ૧ | ૨ |
| ૬ | દાંતીવાડા | ૬ | ૦ | ૦ |
| ૭ | થરાદ | ૦ | ૦ | ૪ |
| ૮ | વાવ | ૫ | ૧૮ | ૨૭ |
| ૯ | કાંકરેજ | ૦ | ૩ | ૦ |

(૨) આ માટે વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨)
તા. ૧-૨-૦૪ થી ૩૧-૧-૦૫ દરમ્યાન રૂા. ૫૭.૩૦ લાખ
તા. ૦૧-૦૨-૦૫ થી ૩૧-૦૧-૦૬ દરમ્યાન રૂા. ૫૩.૯૩ લાખ
તા. ૦૧-૦૨-૦૬ થી ૩૧-૦૧-૦૭ દરમ્યાન રૂા. ૫૩.૦૨ લાખ

કુલ : રૂા. ૧૬૪.૨૫ લાખ

(૩) આ ગામોમાં પીવાના પાણીના કાયમી ઉકેલ માટે સરકારશ્રીએ કેવા પ્રકારનું આયોજન કર્યું છે ?

(૩) કુલ ૧૪૬ ગામો પૈકીના ૭૯ ગામોને જૂદી જૂદી જૂથ યોજના તળે સમાવેશ કરી આ કામો પૂર્ણ કરીને પાણી પુરવઠો આપવામાં આવે છે. જ્યારે બાકી રહેતા ૬૭ ગામોના કાયમી ઉકેલ માટે નર્મદા કેનાલ આધારિત યોજના તેમજ જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવેશ કરેલ છે.

-----------

## રાજકોટ જિલ્લામાં ખેતીવાડી વીજ જોડાણની તત્કાલ યોજના

૨૨૧૬૧ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેતીવાડી વીજ જોડાણની તત્કાલ યોજનાની છેલ્લે ક્યારે જાહેરાત કરવામાં આવી,

(૨) તે અન્વયે રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી અરજીઓ આવી, અને

(૩) તે પૈકી કેટલા ખેડૂતોને જોડાણ તા. ૩૧-૧-૦૭ સુધીમાં આપવામાં આવ્યા, અને કેટલાને જોડાણ આપવાના બાકી છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૪માં.

(૨) અને (૩) : રાજકોટ જિલ્લામાં આવેલ અરજીઓ અને તે પૈકી તા. ૩૧-૧-૦૭ સુધીમાં આપેલ જોડાણો અને આપવાના બાકી જોડાણોની અરજીઓની તાલુકાવાર વિગતો પત્રક-અ મુજબની છે.

**પત્રક-અ**

| તાલુકો | આવેલ અરજીઓ | તા. ૩૧-૧-૦૭ સુધીમાં જોડાણો આપેલ અરજીઓ | નાણા ભરપાઈ થયેલ જોડાણ આપવાના બાકી અરજીઓ (તા. ૩૧ જાન્યુ. ૨૦૦૭) |
|---|---|---|---|
| પડધરી | ૬૯૮ | ૧૫૭ | ૩૩ |
| જસદણ | ૧૮૮૫ | ૪૭૮ | ૨૧ |
| ગોંડલ | ૧૮૩૪ | ૪૧૮ | ૧૫૨ |
| લોધીકા | ૬૨૨ | ૧૧૪ | ૨૦ |
| કોટડા | ૬૭૬ | ૧૩૨ | ૧૦૯ |
| જેતપુર | ૧૨૦૧ | ૩૩૬ | ૪૧ |
| ધોરાજી | ૫૨૯ | ૧૭૭ | ૨૮ |

| | | | |
|---|---|---|---|
| ઉપલેટા | ૬૬૪ | ૨૦૯ | ૬૬ |
| જામ કંડોરણા | ૧૦૭૦ | ૧૭૭ | ૦૦ |
| રાજકોટ | ૧૦૬૮ | ૨૯૭ | ૬૧ |
| ટંકારા | ૭૭૪ | ૧૭૬ | ૭૦ |
| મોરબી | ૪૩૦ | ૧૪૩ | ૫૦ |
| વાંકાનેર | ૮૧૫ | ૩૦૦ | ૪૯ |
| માળીયા | ૧૬ | ૨ | ૦૦ |
| **કુલ :** | **૧૨૨૮૨** | **૩૧૧૬** | **૭૦૦** |

-----------

## અમરેલી જિલ્લામાં ઘરફોડ અને લૂંટના ગુનાઓ

૨૧૯૪૬ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ તાલુકાવાર ઘરફોડ ચોરી અને લૂંટના ગુનાઓ અનેક બન્યા છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો ઘરફોડ અને લૂંટના ગુનામાંથી કેટલા ડીટેકટ થયા છે, જે ગુના ડીટેકટ ન થયા હોય તેના શા કારણો છે, અને

(૩) આ ગુના ડીટેકટ કરવા શી કાર્યવાહી કરવા માંગો છો ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | ઘરફોડ ચોરી | | લૂંટ | |
|---|---|---|---|---|
| | કેસ | ડીટેકટ | કેસ | ડીટેકટ |
| અમરેલી | ૮૬ | ૨૬ | ૦૬ | ૦૫ |
| લાઠી | ૧૯ | ૧૦ | ૦૩ | ૦૧ |
| લીલીયા | ૧૭ | ૦૨ | ૦૨ | ૦૨ |
| બાબરા | ૦૮ | ૦૧ | ૦૦ | ૦૦ |
| વડીયા | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| બગસરા | ૦૬ | ૦૨ | ૦૩ | ૦૩ |
| ધારી | ૧૯ | ૦૫ | ૦૩ | ૦૨ |
| સા.કુંડલા | ૩૦ | ૦૯ | ૦૪ | ૦૨ |
| ખાંભા | ૧૧ | ૦૩ | ૦૨ | ૦૨ |
| રાજુલા | ૨૬ | ૦૫ | ૦૬ | ૦૬ |
| જાફરાબાદ | ૧૨ | ૦૮ | ૦૨ | ૦૧ |

(૨) અમરેલી જિલ્લાના કુલ ૧૧ તાલુકાઓમાં ઘરફોડના કુલ ૨૩૬ ગુનાઓ બનેલ છે, જે પૈકી ૭૨ ગુનાઓ ડીટેકટ થયા છે જ્યારે લૂંટના કુલ ૩૨ ગુનાઓ બનેલ છે જે પૈકી ૨૪ ગુનાઓ ડીટેકટ થયેલા છે. તહોમતદારો ન મળવાના કારણે તેમજ નામ નમુદ ન મળવાના કારણે બાકીના ગુનાઓ ડીટેકટ થયેલા નથી.

(૩) જિલ્લાની એસ.ઓ.જી. સ્કવોર્ડ તથા એલસીબી ધ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ છે. ગુનેગારો ઉપર વોચ રાખવામાં આવે છે તેમજ અટકાયતી પગલાંના કેસો કરવામાં આવે છે. શંકાસ્પદ વ્યક્તિઓ ઉપર બી.પી. એકટ કલમ-૧૨૨, ૧૦૯ના કેસો મુકીને ધનિષ્ઠ પુછપરછ કરવામાં આવે છે.

-----------

### સુરત જિલ્લામાં આદિવાસી અત્યાચાર ધારા હેઠળના બનાવો

૨૧૬૦૨ **શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં આદિવાસી અત્યાચાર ધારા હેઠળના કેટલા બનાવો બનેલ છે, | (૧) ૨૧ |
| (૨) તે પૈકી કેટલા બનાવોમાં પોલીસે ફરીયાદ નથી લીધી, અને | (૨) શૂન્ય |
| (૩) આવા ફરીયાદ ન લીધી હોય એવા કેસોમાં સરકારે શું પગલાં ભર્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

### વીજચોરીના દંડની આકારણી બાબતે

૨૧૯૮૦ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ દરમ્યાન તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજ્ય સરકારે ઘરવપરાશ, ખેતીવાડી, વાણિજ્ય તથા ઓદ્યોગિક પ્રકારના વીજગ્રાહકો પાસેથી વીજચોરી પેટે કુલ કેટલા ગ્રાહકો સામે કુલ કેટલી રકમની વીજચોરી દંડની આકારણી કરવામાં આવેલ છે, | (૧) રાજ્ય સરકાર દ્વારા ઘર વપરાશ, ખેતીવાડી, વાણિજ્ય તથા ઓદ્યોગિક પ્રકારના વિજ ગ્રાહકો પાસેથી વીજચોરી પેટે વીજચોરી દંડની આકારણી કરવામાં આવતી નથી. |
| (૨) તે પૈકી કુલ કેટલી રકમનો દંડનીય રકમની વસુલાત કરવામાં આવેલ છે, (૩) કેટલી દંડનીય રકમની વસુલાત બાકી છે, અને (૪) દંડનીય વસુલાત બાકી રહેવાના કારણો શું છે ? | (૨), (૩) અને (૪) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

### સી.આઈ.ડી. ક્રાઈમના અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્યની તપાસ

૨૧૦૩૨**શ્રી અંબાલાલ આ. રોહિત(સોજીત્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ કલ્યાણની નીતિ અપનાવીને ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરાવવાની સૂચના આપેલ હોવાની હકીક્ત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ સી.આઈ.ડી. ક્રાઈમની કચેરીમાં કેટલા પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ ફરજ બજાવે છે, અને (૩) તે પૈકી કેટલાની આરોગ્ય તપાસ થઈ છે ? | (૨) અને (૩) : સી.આઈ.ડી. ક્રાઈમની કચેરીમાં ફરજ બજાવતા કુલ ૨૦૦ કર્મચારી/અધિકારીઓ પૈકી ૧૭૦ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |

-----------

**નર્મદા યોજનાથી સોરાષ્ટ્રને મળનાર સિંચાઈનો લાભ**

૨૧૫૯૭**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાનું કામ સંપૂર્ણ થતાં સોરાષ્ટ્રના ક્યા ક્યા જિલ્લાને કેટલા હેકટર નહેર દ્વારા સિંચાઈનો લાભ મળવાનો છે,

(૨) સોરાષ્ટ્રના જિલ્લાઓમાં આયોજન મુજબના નર્મદા આધારિત ૧૦૦ ટકા સિંચાઈ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) આ કામ પૂર્ણ કરવા સોરાષ્ટ્રમાં કેટલા કિ.મી. મુખ્ય કેનાલ, સબ કેનાલ અને માઈનોર કેનાલ બનાવવાની બાકી છે ?

**જવાબ**

(૧) નર્મદા યોજનાનું કામ સંપૂર્ણ થતાં સોરાષ્ટ્રમાં નીચે મુજબ સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે.

| અ.નં. | લાભિત જિલ્લાનું નામ | આયોજીત સિંચાઈ વિસ્તાર હેકટરમાં |
|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | ૩,૪૮,૮૭૩ |
| ૨ | ભાવનગર | ૬૫,૨૯૨ |
| ૩ | રાજકોટ | ૪૪,૫૦૩ |
| | કુલ : | ૪,૫૮,૫૭૮ |

(૨) સને ૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩)

| | | |
|---|---|---|
| ૧ | મુખ્ય નહેર | પસાર થતી નથી |
| ૨ | સબ કેનાલ | ૧૬૪૧ કી.મી. |
| ૩ | માઈનોર કેનાલ | ૩૬૭૨ કી.મી. |

બનવાની બાકી છે.

----------

**કેન્દ્ર સરકાર દ્વારા વીજ પુરવઠો પરત લેવા અંગે**

૨૧૭૬૦ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસે.-૦૬ ની સ્થિતિએ કેન્દ્ર સરકારે રાજ્યને આપવામાં આવતો કેટલા મેગાવોટનો પાવર પરત લીધો,

(૨) રાજ્ય સરકાર આ પાવરમાંથી કેટલો પાવર ક્યા રાજ્યને વેચતી હતી, અને

(૩) કેન્દ્ર સરકાર રાજ્યને શું ભાવે પાવર આપતી હતી અને તેની સામે રાજ્ય સરકાર અન્ય રાજ્યને શું ભાવે વેચતી હતી ?

**જવાબ**

(૧) ૨૦૮ મેગાવોટ.

(૨) આ પાવર રાજ્યના ઉપયોગમાં લેવાય છે, અન્ય કોઈ રાજ્યને વેચવામાં આવતો નથી.

(૩) કેન્દ્ર સરકાર તરફથી મળતા જથ્થાનો સરેરાશ ભાવ પ્રતિ યુનિટ રૂા. ૧.૬૭ તે પૈકીનો કોઈ જથ્થો અન્ય રાજ્યને વેચવામાં આવેલ નથી.

-----------

**અમદાવાદ જિલ્લામાં નર્મદા યોજનાનું પાણી આપવાનું આયોજન**

૨૨૧૫૮ **શ્રી કાંતિલાલ ૨ા. લકુમ(બાવળા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં નર્મદા યોજનાનું પાણી સિંચાઇ માટે આપવામાં જે ગામડાઓ બાકી છે અને આયોજન પણ થયેલ નથી તે શિયાળ ધરજી, મેણી, દેવડથલ, ઝાંપ, બગોદરા કાળીવેજી, મીઠાપુર, કોઠાતલાવડી વિગેરે ગામોને નર્મદાનું પાણી મળવાનું છે કે કેમ,

(૨) જો ના મળવાનું હોય તો શા કારણો, અને

(૩) મળવાનું છે તો ક્યારે ?

**જવાબ**

(૧) અને (૨) નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં માત્ર શિયાળ ગામનો સમાવેશ થતો હોઇ, તેને નર્મદાનું પાણી મળનાર છે.

(૩) શિયાળ ગામને ખરીફ ૨૦૦૮ થી પાણી આપવાનું આયોજન છે.

-----------

**હેલ્મેટના કાયદાના ભંગ બદલ થયેલ આવક**

૨૨૪૪૩ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ શહેર અને જિલ્લામાં તાલુકાવાર ૨૦૦૬ ના વર્ષમાં ટ્રાફીક પોલીસ દ્વારા હેલ્મેટના કાયદાના ભંગના કેટલા કેસ કરવામાં આવ્યા અને સરકારને દંડની કેટલી આવક થઇ,

(૨) હેલ્મેટ પહેરવામાંથી સરકારે મહિલાઓ-બહેનોને મુક્તિ આપેલ છે આ હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો ક્યારથી ?

**જવાબ**

(૧)

| શહેર/તાલુકો | કેસ | દંડ રૂપિયા |
|---|---|---|
| રાજકોટ શહેર | ૧૮૮૭૫૯ | ૯૪૩૭૯૫૦ |
| ગોંડલ | ૨૭૫૧ | ૧૪૭૦૨૫ |
| જસદણ | ૩૦૨ | ૧૫૩૦૦ |
| લોધીકા | ૧૮૫ | ૯૨૫૦ |
| મોરબી | ૫૪૭૬ | ૨૭૪૧૧૦ |
| વાંકાનેર | ૩૪૫૭ | ૧૭૧૨૭૫ |
| ટંકારા | ૧૨૨ | ૩૦૦૬૦ |
| પડધરી | ૨૮૨ | ૧૪૨૭૫ |
| માળીયા(મી) | ૪ | ૧૧૦૦ |
| જેતપુર | ૧૬૨૩ | ૮૧૮૨૫ |
| ધોરાજી | ૩૯૪૫ | ૧૯૭૨૬૦ |
| ઉપલેટા | ૧૧૮૩ | ૬૪૬૭૦ |
| જામ કંડોરણા | ૨૩૩ | ૧૩૦૫૦ |
| કુલ... | ૨૦૮૩૨૨ | ૧૦૪૫૭૧૫૦ |

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ગુજરાત વિદ્યુત બોર્ડ અને ઝોનલ કંપનીઓ બાબત**

૨૨૧૫૬ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત વિદ્યુત બોર્ડ અને ઝોનલ કંપનીઓ ખોટ કરતાં નફો કરતી થઇ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો છેલ્લા બે વર્ષમાં નફા નુક્સાનની શી પરિસ્થિતિ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૦૪-૦૫ માં ભૂતપૂર્વ ગુજરાત વિદ્યુત બોર્ડમાં રૂા.૯૨૭ કરોડની ખોટ હતી, તેમાં તા.૧-૪-૨૦૦૫થી ગુજરાત વિદ્યુત બોર્ડનું પુનઃગઠન થતાં, વર્ષ ૨૦૦૫-૦૬માં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ અને તેની પેટા કંપનીઓમાં સંયુક્ત રીતે રૂા.૨૦૩ કરોડનો નફો થયેલ છે.

-----------

**ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૭ દરમિયાન થયેલ દરખાસ્તોનું અમલીકરણ**

૨૦૯૪૮ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૭ દરમિયાન મળેલ દરખાસ્તોના અમલીકરણ માટે સરકાર શું પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

રાજ્યમાં મળેલ દરખાસ્તોના અમલીકરણ માટે નીચેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

(૧) રાજ્ય કક્ષાએ મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં સંબંધકર્તા વિભાગના સચિવશ્રીઓની અમલીકરણ સમિતિ

અને જિલ્લા ક્ક્ષાએ કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા ક્ક્ષા અમલીકરણ સમિતિ બનાવવામાં આવેલ છે.
(૨) રાજ્ય ક્ક્ષાએ અને જિલ્લા ક્ક્ષાએ પ્રોજકટના અમલીકરણ માટે નોડલ ઓફિસર/ગાર્ડીઅન ઓફિસરની નિમણૂંક કરવામાં આવી રહેલ છે.
(૩) રાજ્ય સરકારની વિવિધ ક્ચેરીઓ, જિલ્લા ક્ક્ષાની ક્ચેરીઓ અને એમ.ઓ.યુ. કરનાર કંપની સાથે ઇન્ટીગ્રેટેડ સોફ્ટવેરની મદદથી સંક્લન કરવામાં આવશે તેમ જ એક્મની ક્યા પ્રકારની અરજી ક્યા લેવલે પડતર છે તેનું સતત મોનીટરીંગ થશે. આ માટે અગ્રણી સોફ્ટવેર કંપનીને સોફ્ટવેર તૈયાર કરવાનું કામ સોંપવામાં આવેલ છે.
(૪) રાજ્ય ક્ક્ષા અને જિલ્લા ક્ક્ષાની સમિતિઓ દર મહિને પ્રોજેક્ટના અમલીકરણની સમીક્ષા કરશે.

-----------

**માજી સૈનિક માટે પોલીસ ભરતીના નિયમોમાં છૂટછાટ**

૨૧૧૬૯ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ(ગોધરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| માજી સૈનિક માટે રાજ્યમાં પોલીસ ભરતીમાં શારીરિક પરીક્ષામાં ખાસ છૂટછાટ આપવામાં આવે છે કે કેમ ? | હા, જી. |

-----------

**શેત્રુંજ્ય જળાશયની ડાબા અને જમણા કાંઠાની કેનાલોના રીપેરીંગ અંગે**

૨૨૦૫૫**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ(ગોધરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્ય સરકારના નૂતન અભિગમ અનુસાર નહેરોના રીપેરીંગ માટે લોકજૂથો દ્વારા કામ હાથ ધરાતા શેત્રુંજ્ય જળાશયની ડાબા અને જમણા કાંઠાની કેનાલો રીપેરીંગ પાછળ તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલું ખર્ચ થયું ? | રૂા. ૬૪.૩૫ લાખ. |

-----------

**ચિંતન શિબિરો પાછળ થયેલ ખર્ચ**

૨૨૪૦૨ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ(ખેરાલુ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ અંતિત ૨૦૦૬ ના વર્ષ દરમ્યાન સરકારે જિલ્લા તથા રાજ્ય લેવલે કેટલી અને ક્યા ક્યા સ્થળોએ ચિંતન શિબિરો કરી, અને | (૧) તા.૩૧-૧-૦૭ અંતિત ૨૦૦૬ ના વર્ષ દરમ્યાન સરકારે જિલ્લા લેવલે પત્રક-ક ના કોલમ-૩ની વિગતોમાં દર્શાવ્યા મુજબ કુલ-૨૮ ચિંતન શિબિરો પત્રક્ના કોલમ-૪માં દર્શાવેલ સ્થળે કરેલ છે, જ્યારે રાજ્ય લેવલે ૧ ચિંતન શિબિર GNFC ભરૂચ ખાતે કરેલ છે. |
| (૨) તેમાં સરકારના કેટલા નાણા વપરાયા ? | (૨) જિલ્લા લેવલની ચિંતન શિબિરોમાં પત્રક-ક ના કોલમ-૫ ની વિગતે કુલ રૂા.૨,૬૬,૪૮૧.૦૦ તથા રાજ્યક્ક્ષાની ચિંતન શિબિરમાં કુલ રૂા.૭,૪૬,૯૯૭.૦૦ સરકારના નાણા વપરાયા. |

**પત્રક-ક**

| ક્રમાંક | જિલ્લાનું નામ | ચિંતન શિબિરની સંખ્યા | સ્થળ | કરવામાં આવેલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમદાવાદ | ૧ | સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન, અમદાવાદ | ૨૧,૮૬૦/- |
| ૨ | અમરેલી | ૧ | મુકામ કોવાયા, તા. રાજુલા | શૂન્ય |
| ૩ | બનાસકાંઠા-પાલનપુર | ૧ | અંબાજી મુકામે | શૂન્ય |
| ૪ | ભાવનગર | ૧ | ગઢડા (સ્વામીના) | શૂન્ય |
| ૫ | ભરૂચ | ૧ | જિલ્લા કક્ષાની, જીએનએફસી, ભરૂચ ટ્રેનીંગ સેન્ટર | શૂન્ય |
| ૬ | ડાંગ-આહવા | ૧ | સાપુતારા, જિ. ડાંગ | શૂન્ય |
| ૭ | ગાંધીનગર | ૧ | પ્રેક્ષા ભારતી, કોબા, તા.જિ.ગાંધીનગર | શૂન્ય |
| ૮ | જામનગર | ૧ | રણજીત સાગર ડેમ, જામનગર | શૂન્ય |
| ૯ | જૂનાગઢ | ૧ | કૃષિ યુનિવર્સિટી, મોતીબાગ, જૂનાગઢ | ૨૧,૫૯૫/- |
| ૧૦ | ખેડા-નડિયાદ | ૨ | (૧)પુલ્હાશ્રમ, ડાકોર<br>(૨)ગંગોત્રી પાર્ક, ગંગાબાના મુવાડા | શૂન્ય<br>૫૨,૮૮૧/- |
| ૧૧ | કચ્છ-ભૂજ | ૧ | બોત્તેર જિનાલય, કોડાયા, તા.માંડવી | શૂન્ય |
| ૧૨ | મહેસાણા | ૧ | તિરૂપતિ નેચરલ પાર્ક, ઇયાસરા, તા. વિસનગર | શૂન્ય |
| ૧૩ | પંચમહાલ-ગોધરા | ૧ | ચાંપાનેર (પાવાગઢ) તા.હાલોલ | શૂન્ય |
| ૧૪ | રાજકોટ | ૧ | અક્ષર પુરુષોત્તમ સંસ્થા, ગોંડલ | શૂન્ય |
| ૧૫ | સુરત | ૧ | મહારાજા અગ્રસેન ભવન, સીટીલાઇટ રોડ, સુરત | ૧,૩૦,૦૦૦/- |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૧ | નગર પાલિકા ટાઉન હોલ, ધ્રાંગધ્રા | શૂન્ય |
| ૧૭ | સાબરકાંઠા-હિંમતનગર | ૧ | શામળાજી | શૂન્ય |
| ૧૮ | વલસાડ | ૧ | શ્રીમદ્ રાજ્યન્દ્ર આશ્રમ, મોહનગઢ, તા.ધરમનગર | શૂન્ય |
| ૧૯ | વડોદરા | ૧ | દાદા ભગવાન મંદિર કેલવપુર, વડોદરા | શૂન્ય |
| ૨૦ | આણંદ | ૨ | (૧) અક્ષર પુરુષોત્તમ સ્વામી નારાયણ મંદિર, બોચાસણ<br>(૨) વ્રજ ભૂમિ, ઇન્ટરનેશનલ સ્કૂલ, મોગર | શૂન્ય<br>શૂન્ય |
| ૨૧ | પાટણ | ૧ | ગાંધી સ્મૃતિ ભવન, પાટણ | શૂન્ય |
| ૨૨ | નર્મદા-રાજપીપળા | ૧ | કેવડીયા કોલોની, પથિકાશ્રમ, બી-બ્લોક. | શૂન્ય |
| ૨૩ | નવસારી | ૨ | (૧) નવસારી એગ્રીકલ્ચર યુનિવર્સિટી, ઓડિટોરીયમ નવસારી<br>(૨) મલ્લીકાર્જુન મંદિર, શિવસદન, મજાગામ | શૂન્ય<br>શૂન્ય |
| ૨૪ | પોરબંદર | ૧ | સાંદીપની વિદ્યાનીકેતન. | ૪૦,૧૪૫/- |
| ૨૫ | દાહોદ | ૧ | શ્રી એન.એમ. સદ્ગુરૂ વોટર ફાઉન્ડેશન, ચોસાલા મુકામે | શૂન્ય |
| | **કુલ** : | **૨૮** | | **૨,૬૬,૪૮૧/-** |

## સુરત જિલ્લાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્યની તપાસ

૨૧૦૩૩**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ (કામરેજ):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે "પોલીસ કલ્યાણ"ની નીતિ અપનાવીને ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરાવવાની સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓ ફરજ બજાવે છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) : ફરજ બજાવતા કુલ ૯૩૬ કર્મચારી/અધિકારીઓ પૈકી ૮૪૫ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

(૩) તે પેકી કેટલાની આરોગ્ય તપાસ થઇ છે ?

-----------

**રાજ્યમાં નોંધાયેલ વિવિધ ગુના**

૨૨૪૩૭ **ડૉ. સી. જે. ચાવડા(ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલી લૂંટ, ધાડ અને બળાત્કારના કેસ બન્યા ?

**જવાબ**

આ સાથે *પત્રક - ૧, ૨ અને ૩ સામેલ છે.

(*) પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે)

-----------

**રાજ્યમાં સિંચાઇ યોજનાઓને આપવામાં આવેલ મંજૂરી**

૨૧૨૨૧ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ જિલ્લાવાર મોટી અને મધ્યમ ક્ષાની કઇ કઇ સિંચાઇ યોજનાના સર્વે કરી તાંત્રિક મંજૂરીઓ આપવામાં આવી,

**જવાબ**

(૧) રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ મોટી અને મધ્યમ ક્ષાની નીચે જણાવેલ સિંચાઇ યોજનાઓને તાંત્રિક મંજૂરીઓ આપવામાં આવેલ છે.

| અ.નં. | કામનું નામ | જિલ્લો |
|---|---|---|
| (૧) | નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદવહન સિંચાઇ યોજનાઓ. | |
| અ | નર્મદા મુખ્ય નહેરથી સુજલામ્ સુફલામ્ નહેર સુધીની ચાર પાઇપ લાઇન યોજનાઓ<br>૧. મોઢેરાથી સુજલામ્ સુફલામ્ સ્પ્રેડીંગ કેનાલ<br>૨. આદુન્દ્રા થી સુજલામ્ સુફલામ્ સ્પ્રેડીંગ કેનાલ<br>૩. જલુન્દ્રા થી સુજલામ્ સુફલામ્ સ્પ્રેડીંગ કેનાલ<br>૪. ખોરસમ થી સુજલામ્ સુફલામ્ સ્પ્રેડીંગ કેનાલ તથા તેને સંલગ હેડ રેગ્યુલેટર, નેટવર્ક પ્લાનીંગ તથા રેલ્વે ક્રોસીંગ સ્ટ્રક્ચર્સ. | મહેસાણા<br>પાટણ<br>મહેસાણા<br>ગાંધીનગર<br>સાબરકાંઠા<br>પાટણ |
| બ. | નર્મદા મુખ્ય નહેર (મોઢેરા) થી ધરોઇ સુધીની પાઇપ લાઇન તથા તેને સંલગ્ન રેલ્વે ક્રોસીંગ સ્ટ્રક્ચર્સ. | મહેસાણ<br>પાટણ |
| ક. | નર્મદા મુખ્ય નહેર (પિયજ) થી ધરોઇ પાઇપ લાઇનની બન્ને તરફ આવતા તળાવોને પાઇપ લાઇનથી જોડવાની કામગીરી | ગાંધીનગર |
| (૨) | સુજલામ્ સુફલામ્ નહેર પર આવતા ચોકોડીયા તથા તલોદના રેલ્વે સ્ટ્રક્ચર્સ-સરસ્વતિ નદીમાં હાજીપુર પાસે પ્રોટેકશનના કામો. | સાબરકાંઠા<br>પાટણ |

(૨) તે અન્વયે કેટલી યોજનાઓને વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૨) ઉપરોક્ત તમામ યોજનાઓને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

(૩) બાકી રહેતી સિંચાઇ યોજનાઓને કેટલા સમયમાં વહીવટી મંજૂરી આપવામાં આવશે ?

(૩) ઉપર (૧) માં સમાવેલ યોજનાઓ પેકી કોઇ યોજનાને વહીવટી મંજુરી આપવાની બાકી નથી.

----------

**નવસારી જિલ્લાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્યની તપાસ**

૨૧૭૪૨ **શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ નવસારી જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓ ફરજ બજાવે છે, અને

(૨) તે પેકી કેટલાની આરોગ્ય તપાસ થઇ છે ?

**જવાબ**

(૧) અને (૨) ફરજ બજાવતા તમામ ૭૫૫ કર્મચારી/અધિકારીઓની તપાસ કરવામાં આવી છે.

-----------

**માળીયા તાલુકાના માતરવાણીયા પુલનું કામ**

૨૦૯૨૫**શ્રી ભીખાભાઇ ગ.જોષી (માળીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જૂનાગઢ જિલ્લાના માળીયા તાલુકાના ભાખરવડ ડેમમાં પાણી ભરાતા આ ગામનો રસ્તો ડૂબમાં જતાં માતરવાણીયા પુલનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

નકશા-અંદાજો, ટેન્ડર વગેરેની વહીવટી પ્રક્રિયા પુરી કરી નાણાકીય ઉપલબ્ધતા ધ્યાને લઈને શરૂ કરવાનું આયોજન છે.

-----------

**રાજ્યમાં જાહેર કરવામાં આવેલ સ્પેશીયલ ઇકોનોમિક ઝોન**

૨૨૪૩૬**શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્યમાં કેટલા સ્પેશીયલ ઇકોનોમિક ઝોન જાહેર કરવામાં આવ્યા,

(૨) તે પેકી ભાવનગર જિલ્લામાં કેટલા, અને

(૩) ભાવનગર જિલ્લાની સ્પેશીયલ ઇકોનોમિક ઝોન માટેની પડતર દરખાસ્તો કેટલી ?

**જવાબ**

(૧) ૩૩(તેત્રિસ).

(૨) એક પણ નહિ.

(૩) એક પણ નહિ.

-----------

**સાબરકાંઠા જિલ્લાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્યની તપાસ**

૨૧૭૪૫**શ્રી દિલીપસિંહ વ. પરમાર(મોડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓ ફરજ બજાવે છે, અને

(૨) તે પેકી કેટલાની આરોગ્ય તપાસ થઇ છે ?

**જવાબ**

(૧) અને (૨) ફરજ બજાવતા કુલ ૧૧૫૮ કર્મચારી/અધિકારીઓ પેકી ૧૦૬૬ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

-----------

**રાજ્યમાં થયેલ વિદેશી મૂડીરોકાણ**

૨૧૭૦૬ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કુલ કેટલું વિદેશી મૂડી રોકાણ આવ્યું અથવા થયું, અને

**જવાબ**

(૧) અને (૨) ભારત સરકાર દ્વારા પ્રસિધ્ધ કરાયેલ માહિતી મુજબ જાન્યુઆરી-૨૦૦૬થી સપ્ટેમ્બર-૦૬ સુધીના સમયગાળામાં ગુજરાતમાં રૂા. ૧૨૭૦ કરોડનું

સીધુ વિદેશી મૂડીરોકાણ થયું છે.

વિદેશી કંપની કે જે ભારત સરકારમાં રોકાણ કરવા ઈચ્છતા હોય અથવા કોઈ ભારતીય કંપનીમાં વિદેશી કંપની શેર મૂડી લેવા માંગતી હોય તેવા કિસ્સાઓમાં ભારત સરકારની મંજૂરી મેળવવી જરૂરી હોય છે. આમ રાજ્યમાં કેટલું સીધુ વિદેશી મૂડી રોકાણ થયું તેની સચોટ માહિતી ભારત સરકાર દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવે ત્યારેજ ઉપલબ્ધ થઇ શકે છે. ભારત સરકારની પૂર્વ મંજૂરી મેળવવાની જરૂરીયાત રહે છે તેવા કિસ્સાઓમાં ભારત સરકાર દ્વારા દરખાસ્તો મંજુર કર્યા બાદ તેની વિગત પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૨) આ મૂડીરોકાણો કઇ કઇ કંપનીઓ દ્વારા ક્યા દેશમાંથી આવ્યું ?

-----------

**ભરૂચ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને લોન માટે મળેલ અરજીઓ**

૨૧૦૧૮**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શિક્ષિત બેરોજગારો માટેની લોન યોજના અન્વયે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને ભરૂચ જિલ્લામાંથી કુલ કેટલા અરજી પત્રો મળ્યા,

**જવાબ**

(૧) મળેલ અરજીઓ

| અ. નં. | યોજના | ૨૦૦૫ | ૨૦૦૬ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના | ૧૩૨૨ | ૧૩૨૬ | ૨૬૪૮ |
| ૨ | વડાપ્રધાનશ્રી રોજગાર યોજના | ૭૦૧ | ૭૯૯ | ૧૫૦૦ |
| | કુલ | ૨૦૨૩ | ૨૧૨૫ | ૪૧૪૮ |

(૨) તે પૈકી કુલ કેટલા કિસ્સાઓમાં બેંકોને જરૂરી ભલામણ કરવામાં આવી, અને

(૨) ભલામણ કરેલ અરજીઓ

| અ. નં. | યોજના | ૨૦૦૫ | ૨૦૦૬ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના | ૭૩૪ | ૯૨૫ | ૧૬૫૯ |
| ૨ | વડાપ્રધાનશ્રી રોજગાર યોજના | ૪૨૪ | ૫૫૩ | ૯૭૭ |
| | કુલ | ૧૧૫૮ | ૧૪૭૮ | ૨૬૩૬ |

(૩) આ પૈકી કેટલા કિસ્સામાં બેંક દ્વારા લોન આપવામાં આવી ?

(૩)બેન્કે મંજુર કરેલ અરજીઓ.

| અ. નં. | યોજના | | ૨૦૦૫ | ૨૦૦૬ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના | લાભાર્થી | ૪૨૨ | ૮૫૮ | ૧૦૦૭ |
| ૨ | વડાપ્રધાનશ્રી રોજગાર યોજના | લાભાર્થી | ૧૯૪ | ૨૦૮ | ૪૦૨ |
| | કુલ | લાભાર્થી | ૬૧૬ | ૭૯૩ | ૧૪૦૯ |

-----------

**નંદાણ-દોદર છાટોડી ડ્રેનેજ રીપેર કરવા અંગે**

૨૧૯૪૫**શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| કડી-સાણંદ તાલુકામાંની નંદાણ-દોદર છાટોડી ડ્રેનેજનું સ્ટ્રક્ચર નંદાણા પાસે બિસ્માર હાલતમાં છે તેને પરિણામે નંદાણ-દોદર, છાટોડી ડ્રેનેજમાં પાણી જતું નથી અને ચોટ વડોદરા ડ્રેનેજ પર તેની ક્ષમતા કરતા વધારે પાણી આવતાં તે તૂટીને પાક્ને નુક્સાન કરે છે તો નંદાણ પાસેના સ્ટ્રક્ચર અને નંદાણ દોદર છાટોડી ડ્રેનેજને તા.૧૫-૭-૦૭ પહેલાં પુરી કરવા માંગો છો ? | હા, જી. |

-----------

**અમીરગઢ અને દાંતા તાલુકામાં કિંમતી ખનીજોનો જથ્થો**

૨૨૩૧૮**શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ અને દાંતા તાલુકામાં વોલેસ્ટોનાઇટ અને આર્યનઓર જેવી કિંમતી ખનીજોનો વિપુલ જથ્થો છે તે હકીક્ત સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે જથ્થો કાઢવા માટે સરકાર કેવી નીતિ અખત્યાર કરવા માગે છે ? | (૨) વોલેસ્ટોનાઈટ ખનિજનું ખાણકામ વ્યવસ્થિત વૈજ્ઞાનિક ઢબે કરવામાં આવે તે હેતુથી આ ખનિજ ગુજરાત ખનીજ વિકાસ નિગમ દ્વારા થાય તેવો નિર્ણય કરેલ છે. જ્યારે આયર્નઓર ખનીજવાળો વિસ્તાર અભ્યારણમાં આવતો હોઈ હાલમાં તેના ખાણકામ માટે કોઈ નીતિ નક્કી થયેલ નથી. |

-----------

**મહેસાણા અને પાટણ જિલ્લાના પોલીસ કર્મચારીઓ/અધિકારીઓના આરોગ્યની તપાસ**

૨૨૪૩૧ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઇ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીક્ત ખરી છે, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો મહેસાણા અને પાટણ જિલ્લામાં કુલ કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી છે ? | (૨) (૧) **મહેસાણા જિલ્લામાં** ફરજ બજાવતા ૧૩૯૮ કર્મચારી/અધિકારીઓ પૈકી ૧૩૯૨ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.<br>(૨) **પાટણ જિલ્લામાં** ફરજ બજાવતા કુલ ૮૬૯ કર્મચારી/અધિકારીઓ પૈકી ૬૮૬ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |

-----------

**કડી શહેર અને તાલુકા પોલીસ સ્ટેશનને અલગ કરવા અંગે**

૨૧૬૬૭ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કડી તાલુકા તેમજ કડી શહેર પોલીસ સ્ટેશનને સરકાર અલગ કરવા માગે છે કે કેમ, | (૧) હાલમાં વિચારણામાં નથી. |
| (૨) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે | (૨) માંગણી મળેલ નથી. |

વર્ષમાં કડી શહેર પોલીસ સ્ટેશન અલગ કરવા અંગે સરકારને અગાઉ કોઇ માંગણી મળેલ છે, અને
(૩) જો હા, તો સરકારે શાં પગલાં ભર્યાં ? — (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

### સ્રીભૃણ હત્યાના નોંધાયેલા ગુના

૨૧૩૬૨**શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ અંતિત રાજ્યમાં સ્રીભૃણ હત્યાના કેટલા ગુન્હાની નોંધણી થયેલ છે, અને | (૧) ૨૦૦૫ — ૫; ૨૦૦૬ — ૧૨ |
| (૨) તે પૈકી સુરત શહેર અને જિલ્લામાં કેટલાં ? | (૨) એક પણ ગુનો નોંધાયેલ નથી. |

-----------

### આણંદ અને ખેડા જિલ્લાના ઉદ્યોગોને આપાયેલ કર રાહતો

૨૧૭૬૪ **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ઓદ્યોગિક એકમોને કર રાહતો આપી છે, | (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કોઇ પણ એકમને કર રાહત આપવામાં આવી નથી. |
| (૨) આ ઓદ્યોગિક એકમોને કેટલી રકમની રાહતો આપી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કર રાહતો આપવાથી રાજ્યની તીજોરી પર શું અસર પડી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

### સુરત શહેરમાં પી.આઇ. અને પી.એસ.આઇ. ની ખાલી જ્યાઓ

૨૧૧૫૯ **શ્રી મનીષ ન. ગીલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેરમાં પોલીસ ખાતામાં પી.એસ.આઇ. તથા પી. આઇ. ની કેટલી જ્યાઓ તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ ખાલી છે, અને | (૧) પી. આઇ. - ૪<br>પી.એસ.આઇ. - ૭૫ |
| (૨) આ ખાલી જ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) વહીવટી અનુકૂળતાએ ભરતી અને બઢતીથી ખાલી જ્યાઓ ભરવામાં આવે છે. |

-----------

### રાજકોટ જિલ્લાના માળિયા તાલુકાના મીઠાના અગરમાં પીવાના પાણીની વ્યવસ્થા

૨૨૩૮૫ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના માળિયા તાલુકામાં મીઠાના અગરમાં રહેતા માણસો માટે પીવાના પાણીની કોઇ વ્યવસ્થા તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ કરવામાં આવી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારથી અને ક્યા ક્યા સ્થળે ? | (૨) જૂન-૨૦૦૬ થી હરિપર-હાજીયાસર ભાગ-૨ રેન્જમાં આવેલ (૧) સુરજબારી સોલ્ટ એન્ડ કેમીકલ ઇન્ડસ્ટ્રીઝ અને (૨) રઘુવીર સોલ્ટ વર્ક્સ ખાતે આ ઉપરાંત અન્ય કોઇ પણ સોલ્ટ વર્ક્સ ખાતે પાણીની મુશ્કેલી જણાય તો એ માટે ટેંકર દ્વારા પીવાના પાણીની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે. |

-----------

**બરોડાના એસ.આર.પી. ગૃપ-૯ ના અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્યની તપાસ**

૨૧૦૩૪ **શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્ય સરકારે "પોલીસ કલ્યાણ"ની નીતિ અપનાવીને ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરાવવાની સૂચના આપેલ હોવાની વાત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ એસ.આર.પી. ગૃપ-૯, બરોડામાં કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ ફરજ બજાવે છે, અને<br>(૩) તે પેકી કેટલાની આરોગ્ય તપાસ થઇ છે ? | (૨) અને (૩) ફરજ બજાવતા કુલ ૮૭૭ કર્મચારી/અધિકારીઓ પેકી ૮૭૩ કર્મચારી/ અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |

-----------

**રાજ્યમાં પેટ્રોલિયમ યુનિવર્સિટી**

૨૧૬૨૦ **શ્રી દિલુભા ટે. ચુડાસમા(વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રો કેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં પેટ્રોલિયમ યુનિવર્સિટી સ્થાપવાનું સરકારે આયોજન હાથ ધર્યું હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગેની વિગતો શું છે ? | (૨) પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી સ્થાપવા માટેનું વિધેયક ગુજરાત વિધાનસભાએ તા. ૨૬-૨-૦૭ના રોજ મંજુર કરેલ છે. |

-----------

**વીજળીકરણથી વંચિત સુરત જિલ્લાના પેટાપરાઓ**

૨૨૩૭૩**શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાના ક્યા ક્યા ગામોના પેટાપરા તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ વિજળીકરણથી વંચિત છે, | (૧) સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાના ગામોના હયાત કોઇ પેટાપરા તા. ૩૧-૦૧-૦૭ની સ્થિતિએ વિજળીકરણથી વંચિત નથી. |
| (૨) આ પેટા-પરાઓનું વીજળીકરણ કરવાનું શું આયોજન છે, અને<br>(૩) ક્યાં સુધીમાં પૂર્ણ થશે ? | (૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**હળવદ તાલુકામાંથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલો**

૨૦૯૮૭ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) હળવદ તાલુકામાં નર્મદાની મુખ્ય કેનાલો કેટલી પસાર થાય છે, | (૧) ત્રણ પેટા શાખા નહેરો પસાર થાય છે. |
| (૨) કેનાલોમાંથી હળવદ તાલુકાના કેટલા ડેમો અને તળાવો ભરવાનું આયોજન છે, | (૨) યોજનામાં પાણીની ઉપલબ્ધી અને માંગણીને અનુલક્ષીને નર્મદાના સિંચાઇ વિસ્તારમાં આવતા ડેમ અને તળાવો ભરી શકાશે. |
| (૩) પસાર થતી કેનાલોના ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા છે કે કેમ, | (૩) હા, જી. ટેન્ડરો બહાર પાડેલ છે. |
| (૪) જો હા, તો આ કામગીરી ક્યારે પૂર્ણ | (૪) સને ૨૦૦૮-૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું |

કરવામાં આવશે, અને

(૫) હળવદ તાલુકાના તમામ કમાન્ડ એરીયાને કેટલા સમયમાં સિંચાઇનું પાણી આપવામાં આવશે ?

આયોજન છે.

(૫) સને ૨૦૦૮ થી તબક્કાવાર શરૂ કરી ૨૦૧૦ સુધીમાં સિંચાઇનું પાણી આપવાનું આયોજન છે.

-----------

## ભાવનગર જિલ્લાના આર્થિક ગુન્હા વિરોધી સેલ સમક્ષ થયેલ ફરીયાદ

૨૨૪૪૦**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના આર્થિક ગુન્હા વિરોધી સેલ સમક્ષ રૂા. ત્રણ કરોડ કરતાં પણ મોટી રકમની છેતરપીંડીની ફરિયાદ ૨૦૦૬ ના વર્ષમાં નોંધાઇ છે,

(૨) જો હા, તો કઇ તારીખે અને કોની સામે,

(૩) ફરિયાદમાં આરોપીઓની સામે શું શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) આરોપીઓ કેન્દ્રના વાણિજ્ય વિભાગ નીચે ચાલતા જાહેર નિગમના ઉચ્ચ અધિકારી હોવાથી તપાસમાં ઢીલાશ રખાય છે તે હકીક્ત સાચી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૨૯-૯-૨૦૦૬ના ૧૯.૦૦ કલાકે ફરિયાદી શ્રી અરુણકુમાર હંસરાજ જૈન રહે. ભાવનગરએ ભાવનગર શહેર એ.ડીવી. પોલીસ સ્ટેશન ફ. ગુ.ર. નં. ૬૧૯/૦૬ ઇ.પી.કો.કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૭, ૧૧૪, ૧૨૦ બી મુજબનો ગુનો નીચેની ૦૫ વ્યક્તિઓ સામે નોંધાવેલ છે.

૧. શ્રી રાજીવ પ્રભુદાસ સામાની, ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર, સામરાજ એક્ઝીમ ઇન્ડીયા પ્રા. લી. ન્યુ હરી લીલા હાઉસ, પાંચમા માળે, ૨૮/૩૨ મીન્ટ રોડ ફોર્ટ, મુંબઇ.

૨. શ્રી મહેશ કટ્ટા, સામરાજ એક્ઝીમ ઇન્ડીયા પ્રા.લી. ના ઓથોરાઇઝ સીગ્નેચરી

૩. શ્રી અરુણ કાજલા (બ્રાંચ મેનેજર) સ્ટેટ ટ્રેડીંગ કોર્પોરેશન ઓફ ઇન્ડીયા લી. મેકર ચેમ્બર્સ ૪, છઠ્ઠા માળે નરીમાન પોઇન્ટ મુંબઇ

૪. અરવિંદ પન્ડાલાય ટ્રેડીંગ કોર્પોરેશન ઓફ ઇન્ડીયા લી. ચેરમેન, દસમા માળે, જવાહર વ્યાપાર ભવન, ટોલ્સ ટોય માર્ગ, નવી દિલ્હી.

૫. શ્રી વિજય કીશન, નિવૃત ડાયરેક્ટર ફાઇનાન્સ ટ્રેડીંગ કોર્પોરેશન ઓફ ઇન્ડીયા લી.

(૩) આરોપી નં. (૧) રાજીવભાઇ પ્રભુદાસભાઇ સામાની ઉ.વ. ૪૨ રહે. મુંબઇ પેન્ચી રોડ, સાગર કુંજ એપાર્ટમેન્ટ રૂમ નં. ૪૮ વાળાની વિરુધ્ધ પુરતો પુરાવો હોય તેને તા. ૨૪-૨-૦૭ના કલાક ૫/૩૦ વાગ્યે મુંબઇ ખાતે તેના નિવાસ સ્થાનેથી ધોરણસર અટક કરી મુંબઇ કોર્ટમાંથી તા. ૨૬-૨-૦૭ સુધીના રીમાન્ડ મેળવી ભાવનગર લાવી સરકારી હોસ્પીટલમાં મેડીકલ તપાસણી કરાવતા મેડીકલ ઓફિસરે ઇન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરેલ છે તેની સારવાર ચાલુ છે. તેઓને રજા મળેથી રીમાન્ડ મેળવવાની કાર્યવાહી કરવામાં આવનાર છે. અન્ય આરોપીઓની સામે પુરાવો મેળવી તેમને અટક કરવા પર બાકી છે.

(૪) ના, જી.

-----------

## આરોગ્ય માટે દારુનું સેવન કરવાની મંજૂરી

૨૧૦૧૪**શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ શહેર અને રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન આરોગ્ય માટે દારુનું સેવન કરવા માટે કેટલી પરમીટ ઈસ્યુ કરવામાં આવી, અને

(૨) પરમીટ ધારકને દર મહિને ક્યા ધોરણે કેટલા પ્રમાણમાં દારુ પૂરો પાડવામાં આવે છે.

**જવાબ**

(૧) રાજકોટ શહેર-- ૧૮૪
રાજકોટ જિલ્લો--૧૨૩

(૨) એરિયા મેડીકલ બોર્ડ (સીવીલ સર્જન)ની ભલામણ મુજબ ૧ યુનિટથી મહત્તમ ૫ યુનિટ સુધી.

-----------

## નર્મદા યોજના માટે તજજ્ઞ સમિતિની નિમણૂક

૨૨૩૯૨**પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનામાં જમીન સંપાદનની કાર્યવાહી ઝડપી બનાવવા અને કોર્ટ કચેરીની કાર્યવાહી ઘટાડવા સરકારે તજજ્ઞ સમિતિ ક્યારે નિમેલ છે, અને

(૨) તેના સભ્યો કોણ છે ?

**જવાબ**

(૧) તા. ૨૦-૫-૦૪ના ઠરાવ ક્રમાંક : ૫રચ/૧૦૯૯/ ૩૯૨/૧૫/મ થી તજજ્ઞ સમિતિ નિમેલ છે.

(૨) આ સમિતિના કુલ આઠ સભ્યો છે. જે નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી ડી. કે. ત્રિવેદી<br>હાઇકોર્ટ જજ (નિવૃત્ત) | અધ્યક્ષશ્રી |
| (૨) | શ્રી એમ. એન. બુચ<br>આઈ.એ.એસ.(નિવૃત્ત) | સભ્યશ્રી |
| (૩) | શ્રી પી. જે. ધોળકીયા<br>ન્યાયાધીશ (નિવૃત્ત) | સભ્યશ્રી |
| (૪) | શ્રી યુ. સી. રાણે<br>આઈ.એ.એસ. (નિવૃત્ત) | સભ્યશ્રી |
| (૫) | વહીવટી સંચાલકશ્રી,<br>સરદાર સરોવર નર્મદા નિગમ લી., ગાંધીનગર | સભ્યશ્રી |
| (૬) | જનરલ મેનેજરશ્રી (લેન્ડ)<br>સરદાર સરોવર નર્મદા નિગમ લી. ગાંધીનગર | સભ્યશ્રી |
| (૭) | અધિક કલેકટરશ્રી (નર્મદા)<br>અમદાવાદ. | સભ્ય સચિવશ્રી |
| (૮) | અધિક કલેકટરશ્રી (નર્મદા)<br>વડોદરા | સભ્ય સચિવશ્રી |

-----------

## દારુબંધી હળવી કરવાની નીતિ

૨૧૦૧૧ **શ્રી માલજીભાઈ દે. દેસાઈ(ચાણસ્મા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્ય સરકારે તાજેતરમાં દારુબંધી હળવી કરવાની અને તેમાંય ખાસ કરીને "સેઝ"ના ઝોનમાં હળવી કરવાની જે નીતિ જાહેર કરી છે તેના ખાસ ક્યા કારણો છે ?

**જવાબ**

"સેઝ" સહિત રાજ્યના કોઈપણ વિસ્તારમાં દારૂબંધી હળવી કરવામાં આવેલ નથી.

-----------

**શબરી કુંભ મેળા વખતે બનાવેલ પ્લાસ્ટિક ફાયબરની પોલીસ ચોકીઓ**

૨૧૦૦૨ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ડાંગ જિલ્લામાં શબરી કુંભ મેળા વખતે પ્લાસ્ટિક ફાયબરની પોલીસ ચોકીઓ બનાવવામાં આવેલ તે ચોકીઓ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કાર્યરત છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) કેટલા પોલીસ કર્મચારીઓ તેમાં ફરજ બજાવે છે ? | (૨) જે તે આઉટ પોસ્ટ/બીટ વિસ્તારના પોલીસ કર્મચારીઓ યથા પ્રસંગે ફરજ બજાવે છે. |

-----------

**વાહન પર લાલ લાઈટ લગાવવાની મંજૂરી**

૨૨૧૬૫**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્ય સરકારના ક્યા ક્યા કેડરના અધિકારીઓને લાલ લાઈટ વાહન ઉપર લગાવવાની મંજૂરી આપવામાં આવી છે ? | (૧) રાજ્ય સરકારના નીચે દર્શાવેલ મહાનુભાવો/અધિકારીઓને લાલ લાઈટ વાહન ઉપર લગાવવાની મંજૂરી આપવામાં આવી છે. |

(૧) નામદાર રાજ્યપાલશ્રી
(૨) માન. મુખ્ય મંત્રીશ્રી
(૩) નામદાર ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિશ્રી
(૪) વિધાનસભાના માન. અધ્યક્ષશ્રી
(૫) માન. કેબીનેટ મંત્રીશ્રીઓ
(૬) માન. વિરોધપક્ષના નેતાશ્રી
(૭) નામદાર ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિશ્રીઓ
(૮) માન. રાજ્યકક્ષા મંત્રીશ્રીઓ અને માન. નાયબ મંત્રીશ્રીઓ
(૯) મુખ્ય સચિવશ્રી
(૧૦)માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
(૧૧)અગ્ર સચિવશ્રી (ગૃહ), ગૃહ વિભાગ
(૧૨)અગ્ર સચિવશ્રી (વાહન વ્યવહાર)
(૧૩)અગ્ર સચિવશ્રી (કર્મચારીગણ), સામાન્ય વહીવટ વિભાગ
(૧૪)માન. મુખ્ય મંત્રીશ્રીના સર્વે અધિક અગ્ર સચિવશ્રીઓ અને સચિવશ્રીઓ
(૧૫)રાજ્યના લોકાયુક્તશ્રી
(૧૬)ચેરમેનશ્રી, ગ્રીવન્સીઝ રીડ્રેસલ ઓથોરીટી, સરદાર સરોવર પ્રોજેક્ટ
(૧૭)નામદાર રાજ્યપાલશ્રીની પાયલોટ કાર
(૧૮)માન. મુખ્ય મંત્રીશ્રીની પાયલોટ કાર
(૧૯)એમ્બ્યુલન્સ અને ફાયર ફાઈટર વાહનો
(૨૦)વિધાનસભાના માન. નાયબ અધ્યક્ષશ્રી
(૨૧)ચેરમેનશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ
(૨૨)ગુજરાત રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ

ઓથોરિટીનું કોમ્યુનીકેશન વાન
(૨૩)રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી
(૨૪) રાજ્ય ચૂંટણી પંચના કમિશનરશ્રી

-----------

**માતર-ખેડા તાલુકામાં માટીના પાળા તથા પૂર સંરક્ષણ દિવાલો રીપેર કરવા બાબત**

૨૦૪૯૪**શ્રી રાકેશ રાવ(માતર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વર્ષ ૨૦૦૬માં માતર-ખેડા તાલુકામાં આવેલ વિનાશક પૂરોના કારણે નદીઓએ વહેણ બદલી નાખતા ગામોમાં પાણી ઘુસી જતા ગામના માટીના પાળા તથા પૂર સંરક્ષણ દિવાલો તોડી નાંખી છે તે સત્વરે રીપેરીંગ કરવા અથવા નવી બનાવવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

દશ પૂર સંરક્ષણ પાળાઓ મરામત કરવાનું તથા તબકકાવાર પાંચ નવા પૂર સંરક્ષણ પાળા બનાવવાનું આયોજન છે.

-----------

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ દરમિયાન કરવામાં આવેલ ઘોષણા**

૨૨૦૯૨**શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ દરમ્યાન કેટલા પ્રોજેકટની ઘોષણા કરવામાં આવી,

(૨) ઘોષણા કરેલ કુલ પ્રોજેકટો સામે કેટલું સંભવિત મૂડીરોકાણ આવશે, અને

(૩) ઘોષણા કરેલ પ્રોજેકટોની કેટલી રોજગારી તકો ઊભી થશે ?

**જવાબ**

(૧) કુલ ૩૬૩ પ્રોજેકટના એમ.ઓ.યુ./જાહેરાત કરવામાં આવી છે.

(૨) રૂા. ૪,૬૧,૮૩૫ કરોડનું સંભવિત મૂડી રોકાણ આવશે.

(૩) પ્રોજેકટના ડેવલપર્સના જણાવ્યા મુજબ અંદાજીત ૧૩,૨૬,૩૮૭ની રોજગારીની તકો ઊભી થશે.

-----------

**સુરત શહેરમાં નોંધાયેલ લૂંટ અને ધાડના ગુના**

૨૦૯૯૧**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા(સુરત શહેર (પશ્ચિમ):: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૪-૦૬ થી તા. ૩૧-૧-૦૭ સુધીમાં સુરત શહેર ખાતે લૂંટ અને ધાડના કેટલા કિસ્સા નોંધાયેલા છે,

(૨) ઉક્ત કિસ્સાઓમાં કેટલા આરોપીની ધરપકડ થઈ છે અને કેટલા આરોપી ફરાર છે, અને

(૩) લૂંટ-ધાડના બનાવો અટકાવવા માટે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) લૂંટ -- ૬૩
ધાડ -- ૧૪

(૨)

| | આરોપીની ધરપકડ | આરોપી ફરાર |
|---|---|---|
| લૂંટ | ૧૧૩ | ૧૮ |
| ધાડ | ૭૧ | ૩૪ |

(૩) આવા બનાવો અટકાવવા માટે નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગ સઘન બનાવવામાં આવેલ છે. ચેકપોસ્ટ ઉભી કરવામાં આવે છે. તેમજ ગામડાના વિસ્તારોમાં ઘોડેશ્વાર પેટ્રોલીંગ ગોઠવવામાં આવે છે.

-----------

**સ્વજલ ધારા યોજના હેઠળ જામનગર તાલુકાના ગામોમાં પીવાના પાણીની વ્યવસ્થા**

૨૧૫૫૨**ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જામનગર તાલુકાના કેટલા ગામોમાં સ્વજલધારા યોજના હેઠળ

**જવાબ**

(૧) સ્વજલધારા યોજના હેઠળ નહીં, પરંતુ રાજ્ય સરકારની સેકટર રિફોર્મ (રાજ્ય) યોજના હેઠળ ઘરે ઘરે

ઘરે ઘરે નળ દ્વારા પીવાના પાણીની વ્યવસ્થા ઓવરહેડ ટેન્કથી કરવામાં આવી છે,

નળ દ્વારા પીવાના પાણીની યોજના ૩ ગામોમાં પૂર્ણ થયેલ છે.

(૨) કેટલા ગામોના પૂરેપૂરા પેસા ૧૦ ટકા લેખે લોક ફાળો ભરાઈ ગયેલ હોવા છતાં કામ પૂર્ણ કરવામાં આવેલ નથી,

(૨) ૨ ગામોમાં.

(૩) આ કામ પૂર્ણ કરવાની કોઈ સમય મર્યાદા નક્કી કરેલ છે કે કેમ, અને

(૩) જુન ૨૦૦૭ અંતે પૂર્ણ કરવાનું આયોજન છે.

(૪) કેટલા ગામોના પેસા હજુ જમા કરવામાં આવેલ નથી ?

(૪) એક પણ નહીં.

-----------

**ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળને અપાતું વેતન**

૨૧૭૬૮ **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય ગૃહ રક્ષક દળ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ગૃહ રક્ષક દળ, ગ્રામ રક્ષક દળને ફરજ દરમ્યાન એક દિવસનું કેટલું વેતન ચુક્વવામાં આવે છે,

(૨) આ વેતન લઘુત્તમ વેતન ધારા પ્રમાણે છે કે કેમ, અને

(૩) લઘુત્તમ વેતન ધારા મુજબ આ વેતન આપવા માંગો છો કે કેમ ?

**જવાબ**

(૧) ગૃહ રક્ષક દળ તથા ગ્રામ રક્ષક દળના માનદ્ સભ્યોને નીચે મુજબ એક દિવસનું માનદ ભથ્થું ચૂક્વવામાં આવે છે.

| | |
|---|---|
| ગૃહ રક્ષક દળ | રૂા. ૫૦/- |
| ગ્રામ રક્ષક દળ | રૂા. ૩૧/- |

(૨) હોમગાર્ડઝ દળ તથા ગ્રામ રક્ષકદળ એ માનદ હોઇ આ સભ્યોએ બજાવેલ ફરજના વળતર પેટે તેઓને માનદ ભથ્થું ચૂક્વવામાં આવે છે. જેથી માનદ સંસ્થામાં લઘુત્તમ વેતન ધારો લાગુ પાડી શકાય નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**જૂનાગઢ જિલ્લાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્યની તપાસ**

૨૧૭૪૪**શ્રી ગોવિંદભાઈ વ. પરમાર(તલાલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓ ફરજ બજાવે છે, અને

(૨) તે પેકી કેટલાની આરોગ્ય તપાસ થઈ છે ?

**જવાબ**

(૧) અને (૨) ફરજ બજાવતા કુલ ૧૬૫૨ કર્મચારી/અધિકારીઓ પેકી ૧૫૫૪ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

-----------

**ભીમાસર અને આધોઈ પોલીસ સ્ટેશનોની મૂળ સ્થિતિએ કાર્યરત કરવા અંગે**

૨૨૨૮૦ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભૂકંપને ૬ વર્ષ થયા પછી પણ ભૂકંપ ગ્રસ્ત ક્ચ્છ વિસ્તારમાં ભીમાસર અને આધોઈ પોલીસ સ્ટેશનોની તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ મુળ ગામોએ કામગીરી ફરી શરૂ નથી થઈ તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો ભીમાસર અને વે આધોઈના પોલીસ સ્ટેશનનું મહેક્મ અને અનુષાંગીક પોલીસ સેવાઓ આધોઈ અને ભીમાસરથી થાય તેવી નિયમ અનુસાર કાર્યવાહી કરવા સરકારે ક્યા પગલા લીધા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ભીમાસર અને આધોઇ ખાતે પોલીસ સબ ઇન્સપેક્ટરના વડપણ હેઠળ આઉટ પોસ્ટ ચાલુ કરવામાં આવેલ છે.

-----------

**વીજળીકરણથી વંચિત પેટા પરાઓ**

૨૧૭૯૪ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૦૯-૦૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા ગામોના પેટા પરાઓ વીજળીકરણથી વંચિત છે.

**જવાબ**

(૧) તા. ૩૦-૦૯-૦૬ની સ્થિતિએ રાજ્યમાં વીજળીકરણથી વંચિત ગામોના પેટાપરાઓની જિલ્લાવાર વિગતો પત્રક-અ મુજબની છે.

**પ ત્ર ક - અ**

| જિલ્લો | ગામોની સંખ્યા | વીજળીકરણથી વંચિત પેટાપરાઓની સંખ્યા |
|---|---|---|
| વલસાડ | ૨૬ | ૫૨ |
| ડાંગ | ૦ | ૦ |
| જિલ્લો | ગામોની સંખ્યા | વીજળીકરણથી વંચિત પેટાપરાઓની સંખ્યા |
| નવસારી | ૦ | ૦ |
| સુરત | ૧ | ૧ |
| ભરૂચ | ૧૮ | ૧૮ |
| નર્મદા | ૩૫ | ૪૧ |
| વડોદરા | ૧૬ | ૪૬ |
| પંચમહાલ | ૧૨૧ | ૨૧૭ |
| દાહોદ | ૨૨૨ | ૪૩૦ |
| ખેડા | ૧૧ | ૧૨ |
| આણંદ | ૫ | ૫ |
| અમદાવાદ | ૩ | ૪ |
| ગાંધીનગર | ૦ | ૦ |
| મહેસાણા | ૬ | ૭ |
| પાટણ | ૧૪ | ૧૫ |
| સાબરકાંઠા | ૨૬ | ૩૧ |
| બનાસકાંઠા | ૩૩ | ૩૭ |
| સુરેન્દ્રનગર | ૨ | ૨ |
| રાજકોટ | ૨ | ૨ |
| ભાવનગર | ૪ | ૫ |
| અમરેલી | ૬ | ૭ |
| જામનગર | ૧૨ | ૧૬ |
| જૂનાગઢ | ૦ | ૦ |
| પોરબંદર | ૧ | ૧ |
| કચ્છ | ૨૫ | ૩૬ |
| **કુલ** | **૫૮૯** | **૯૮૫** |

(૨) આ પેટા પરાઓનું વીજળીકરણ કરવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં વીજળીકરણ કરવામાં આવશે ?

(૨) અને (૩) : આ પેટાપરાઓનું રાજીવગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજનામાં મંજુરી મળ્યેથી અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં નાણાકીય જોગવાઇની મર્યાદામાં શક્ય તેટલા વહેલા વીજળીકરણ કરવાનું આયોજન છે.

-----------

**એસ. કે. ૪ યોજના અંતર્ગત ભિલોડા તાલુકાના ગામડાઓને પીવાનું પાણી**

૨૨૩૯૯ડૉ. **અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં ભિલોડા તાલુકાના ગામડાઓને પીવાના પાણી માટે એસ. કે.-૪ યોજના દ્વારા તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં કુલ કેટલા ગામોને આ યોજના ધ્વારા પીવાનું પાણી મળ્યું,

(૨) આ યોજના હાલ ક્યા તબકકામાં છે,

(૩) આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને

(૪) આ યોજના ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) અને (૨) : આ યોજના મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે તેથી આ યોજના દ્વારા પાણી આપવામાં આવેલ નથી.

(૩) આ યોજના પાછળ ખર્ચ કરવામાં આવેલ નથી.

(૪) મંજૂરી મળ્યેથી આ યોજના સત્વરે હાથ ધરી પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**કચ્છ જિલ્લામાં વાહન અકસ્માતોના કેસો**

૨૧૯૯૩**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર વાહન અકસ્માતમાં કુલ કેટલા માણસોના મૃત્યુ થયા, અને

(૨) આવા જીવલેણ અકસ્માતો થતા અટકાવવા રાજ્ય સરકારે ક્યા પગલાં લીધાં છે ?

**જવાબ**

(૧)

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **મૃત્યુની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ભૂજ | ૧૨૦ |
| ૨ | માંડવી | ૨૬ |
| ૩ | મુન્દ્રા | ૫૦ |
| ૪ | નખત્રાણા | ૪૪ |
| ૫ | અબડાસા | ૨૫ |
| ૬ | લખપત | ૧૯ |
| ૭ | અંજાર | ૭૩ |
| ૮ | ગાંધીધામ | ૧૨૧ |
| ૯ | ભચાઉ | ૭૨ |
| ૧૦ | રાપર | ૪૭ |
| | **કુલ :** | **૫૯૭** |

(૨) એમ.વી.એક્ટ કાયદાની જુદી જુદી કલમોના ભંગ બદલ એન.સી. કેસો કરી દંડ વસુલ લેવામાં આવેલ છે, તથા પોલીસનું રોડ ઉપર સતત પેટ્રોલીંગ રાખવામાં આવે છે.

-----------

**ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૫ દરમિયાન થયેલ એમ.ઓ.યુ.**

૨૧૪૭૪**શ્રી દિપસિંહ શં. રાઠોડ(પ્રાંતિજ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫ દરમ્યાન રાજ્યમાં ઓદ્યોગિક મૂડીરોકાણની કેટલી દરખાસ્ત મળી,

(૨) આ દરખાસ્તથી રાજ્યમાં કેટલું મૂડીરોકાણ થયું,

**જવાબ**

(૧) ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫ દરમ્યાન કુલ ૨૨૬ પ્રોજેક્ટોના એમ.ઓ.યુ./જાહેરાતો કરવામાં આવી છે.

(૨) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫ દરમ્યાન રૂા. ૧,૦૬,૧૬૦ કરોડના મૂડી રોકાણની દરખાસ્ત પેકી રૂા. ૮૮,૨૪૯.૬૬ કરોડના ૧૬૯ પ્રોજેક્ટો સ્થાપના હેઠળ છે. જે પેકી રૂા. ૨૨,૭૭૯.૫૮ કરોડના મૂડી રોકાણવાળા પ્રોજેક્ટો ઉત્પાદનમાં આવેલા છે જયારે રૂા. ૬૫૪૭૦.૦૮ કરોડના મૂડી રોકાણવાળા પ્રોજેક્ટો અમલીકરણના વિવિધ તબક્કા હેઠળ છે.

(૩) મળેલ દરખાસ્ત પેકી કેટલા પ્રોજેક્ટો શરૂ થયા, અને

(૩) ૮૪ પ્રોજેક્ટો શરુ થયા.

(૪) કેટલા પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે ?

(૪) ૮૫ પ્રોજેક્ટો અમલીકરણના વિવિધ તબક્કા હેઠળ છે.

-----------

**ઓદ્યોગિક પાર્ક યોજનાનો લાભ લેવા અંગે મળેલ અરજીઓ**

૨૨૧૪૩ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ઓદ્યોગિક પાર્ક યોજના હેઠળ લાભ મેળવવા માટે રાજ્ય સરકારને કુલ કેટલી અરજીઓ મળી હતી,

(૨) કેટલી અરજીઓ મંજૂર કરી ને કેટલી રકમની સહાયો આપવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને ક્યા કારણોસર ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ઓદ્યોગિક પાર્ક યોજના હેઠળ લાભ મેળવવા માટે રાજ્ય સરકારને કુલ ૨૩ અરજીઓ મળી છે.

(૨) ૧૮ અરજીઓને સેધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે. એક અરજી નામંજૂર કરેલ છે.

પ્રોજેક્ટમાં ખર્ચ કરી ડેવલપર દ્વારા જરૂરી કાગળો રજૂ થયેથી અને સહાય માટે અરજી કર્યેથી સહાય ચુકવવાની કાર્યવાહી કરવામાં આવે છે. જે મુજબ અત્યાર સુધી ૧૮ પેકી

૨ એકમોને રૂા. ૩૨૭.૧૪ લાખની સહાયની ચૂકવણી કરવામાં આવેલ છે.

(૩) ૪ અરજીઓ પડતર છે, જે અરજદારો તરફથી જરૂરી વિગતો રજૂ ન કરવાના કારણે પડતર છે.

-- ડીટેલ પ્રોજેક્ટ રીપોર્ટ

-- ભારત સરકારની ઓદ્યોગિક પાર્કની વિગતો જેવી કે સ્થાપવામાં આવનાર એકમની સંખ્યા અને ઉત્પાદન પ્રવૃતિની વિગત, પાર્કનો કુલ વિસ્તાર અને તે પેકી ઓદ્યોગિક એકમોને ફાળવવામાં આવનાર વિસ્તારની વિગત

-- પાર્કમાં ઉપલબ્ધ કરાવવામાં આવનાર આંતરમાળખાકિય સુવિધાઓની વિગતો

-- ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનું ના વાંધા પ્રમાણપત્ર એન્વાયરમેન્ટલ ક્લીયરન્સની વિગતો

-----------

**અમદાવાદ શહેરના પોલીસ સ્ટેશનમાં મહેકમની સંખ્યા**

૨૨૧૪૮ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા(શહેર કોટડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરના જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં પોલીસ મહેકમની સંખ્યા કેટલી છે,

(૨) આ સંખ્યામાં કોઈ વધારો કરવા માગો છો કે નહિ, અને

(૩) હાલમાં કેટલી જ્ગ્યાઓ ખાલી છે અને તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| | | |
|---|---|---|
| પો.ઈ. | - | ૫૯ |
| પો.સ.ઈ. | - | ૩૬૩ |
| એ.એસ.આઈ./હે.કો.- | | ૧૩૯૦ |
| પો.કો. | - | ૩૯૧૯ |

(૨) જરૂરીયાત મુજબ વધારો કરવામાં આવે છે.

(૩)

| | | |
|---|---|---|
| પો.ઈ. | - | ૦૮ |
| પો.સ.ઈ. | - | ૧૬૯ |
| એ.એસ.આઈ./હે.કો.- | | ૬૨ |
| પો.કો. | - | ૮૯૫ |

ખાલી જ્ગ્યાઓ વહીવટી અનુકૂળતાએ ભરવામાં આવે છે.

-----------

**ઉમરગામ તાલુકાની કાર્યરત ક્વોરીઓ**

૨૨૦૫૦**શ્રી શંકરભાઈ મં. વારલી(ઉમરગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલી ક્વોરીઓ કાર્યરત છે તે પૈકી કેટલી ક્વોરીઓને પરવાનગી આપવામાં આવી નથી છતાં ખોદકામ ચાલુ છે, | (૧) કુલ ૧૭ ક્વોરી લીઝો કાર્યરત છે. પરવાનગી આપવામાં આવી ન હોય અને ખોદકામ ચાલુ હોય તેવી કોઈ ક્વોરી આવેલ નથી. |
| (૨) સન ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં તે અન્વયે રોયલ્ટી પેટે કેટલી રકમ મળી, અને | (૨) સને ૨૦૦૫-૦૬ માં રૂા. ૧૨,૦૮,૧૫૭/- અને ૨૦૦૬-૦૭ માં તા. ૩૧-૧-૦૭ સુધીની રોયલ્ટીની આવક રૂા. ૧૨,૧૯,૯૫૦/- મળેલ છે. |
| (૩) ખોદકામનું રોજકામ ચકાસણી નિયમિત કરવામાં આવે છે કે કેમ ? | (૩) ક્ષેત્રિય અધિકારીઓની ફેરણા દરમ્યાન ખોદકામની ચકાસણી કરવામાં આવે છે. |

-----------

**માંગરોળ તાલુકાના નવલખા ડેમની યોજના**

૨૧૦૦૬ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં નવલખા ડેમની યોજના ક્યારે મંજૂર કરી બજેટમાં કેટલી રકમ ફાળવી, | (૧) બજેટમાં પ્રથમવાર ૯૪-૯૫ ના વર્ષમાં રૂા. એક લાખની રકમ ફાળવી દાખલ કરવામાં આવેલ |
| (૨) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ આ યોજના ક્યા તબક્કે છે, | (૨) વહીવટી મંજૂરી તબક્કે |
| (૩) તેનાથી કેટલા ગામોને લાભ મળશે, અને | (૩) ૨૯. |
| (૪) આ યોજના ક્યારે પૂર્ણ થશે ? | (૪) નાણાકીય ઉપલબ્ધિ અનુસાર શક્ય તેટલુ વહેલું પૂરી કરવાનું આયોજન છે. |

-----------

**મોટા ઉદ્યોગો પાસેથી લેવાની થતી પાણી વેરાની બાકી રકમ**

૨૨૧૩૯ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના ક્યા ક્યા મોટા ઉદ્યોગગૃહો પાસેથી સન નાણાકીય વર્ષ સન ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં પાણી વેરાની કેટલી રકમ વસુલ કરવાની થાય છે, | (૧) સામેલ *પત્રક -(૧) મુજબ |
| (૨) આ રકમ સમયસર વસુલ નહીં કરવાના કારણો શા છે, અને | (૨) સામેલ *પત્રક -(૨) મુજબ |
| (૩) કેટલા સમયમાં આ રકમ વસુલ કરવામાં આવશે ? | (૩) જેમ બને તેમ જલદી |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**નર્મદા યોજનામાંથી ભરૂચ આમોદ તથા વાગરા તાલુકાને મળનાર સિંચાઈનો લાભ**

૨૦૯૯૪ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજનામાંથી ભરૂચ આમોદ તથા વાગરા તાલુકાને સિંચાઈ માટે કેટલો લાભ મળશે, | (૧) ભરૂચ તાલુકાના ૪૦.૭૮૫ હેક્ટર , આમોદ તાલુકાના ૩૧.૬૨૦ હેક્ટર તથા વાગરા તાલુકાના |

૪૩.૪૦૯ હેક્ટર પિયત વિસ્તારને સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે.

(૨) જાન્યુ. ૦૭ની સ્થિતિએ આ વિસ્તારની નહેરોના કામો ક્યા તબક્કે છે, અને

(૨) સદર વિસ્તારમાં મુખ્ય નહેરનો સમાવેશ થતો નથી. વિસ્તારમાં આવતી કુલ ૧૦૦.૫૦ કીલોમીટરની લંબાઈમાં શાખા નહેરના કામો પૂર્ણ થયેલ છે. ડીસ્ટ્રીબ્યુટરી કેનાલ, માઈનોર કેનાલ અને સબમાઈનોર કેનાલના બાંધકામોની કામગીરી પ્રગતિમાં છે. બારા ટ્રેક વિસ્તારના ૨૯,૭૩૦ હેક્ટરમાં અસામાન્ય જમીન હોય, તે વિસ્તારમાં ટપક સિંચાઈ પધ્ધતિનો પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરેલ છે.

(૩) આ કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) આ કામો જૂન-૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**ઉર્જાના હેડ હેઠળ થયેલ ખર્ચ**

૨૧૦૦૯ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના અંદાજપત્ર ઉર્જાના હેડ હેઠળ સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં રૂા. ૨૫૯૪.૯૫ કરોડમાંથી ફક્ત માર્ચ, ૨૦૦૬ એટલે કે એક જ મહીનામાં રૂા. ૧૩૧૩.૭૭ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આખા વરસ માટે ફાળવેલ બજેટની રકમ માસવાર ખર્ચ ન કરતાં ફક્ત એકજ માસમાં માર્ચ, ૨૦૦૬માં મોટી રકમ ખર્ચ કરવાનાં કારણો શાં છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ખર્ચ થવાના કારણો :

(૧) રૂા. ૩૭૩.૯૮ કરોડની પૂરક માંગણી માર્ચ-૨૦૦૬માં મંજૂર થતાં, તેની ગ્રાન્ટ માર્ચ-૨૦૦૬માં છૂટી કરવામાં આવેલ અને માર્ચ-૨૦૦૬ એ નાણાકીય વર્ષ ૨૦૦૫--૦૬ નો અંતિમ માસ હોઈ, ખર્ચ થવા પામેલ હતો.

(૨) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. ને એપ્રિલ-૨૦૦૫થી માર્ચ-૨૦૦૬ સુધીમાં ખેડૂતોને હોર્સપાવર આધારિત વીજ દરો અંગેની સહાયકી પેટે રૂા. ૬૫૦ કરોડ, જી.ઈ.આર.સી. સબસીડીની સહાયકી પેટે રૂા. ૧૭૮.૨૬ કરોડ, વોટરવર્ક્સ સબસીડીની સહાયકી પેટે રૂા. ૩૩.૩૫ કરોડની ગ્રાન્ટ, ચૂકવવા પાત્ર સહાયકી પેટે સરભર કરવા છૂટી કરવામાં આવતાં, મોટો ખર્ચ થવા પામેલ હતો.

-----------

**વીજળી મેળવવા થયેલ એમ.ઓ.યુ.**

૨૨૧૪૪**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુ. ૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર ધ્વારા વીજળી મેળવવા માટે કઈ કઈ કંપનીઓ સાથે કેટલાના એમ.ઓ.યુ. કર્યા, અને

(૨) આ એમ.ઓ.યુ. વીજ ખરીદીનો પ્રતિ યુનિટ ભાવ શું નક્કી કરવામાં આવ્યો હતો ?

**જવાબ**

(૧) પત્રક અ મુજબ

(૨) વીજ ખરીદીનો કોઈ ભાવ નક્કી કરવામાં આવેલો નથી.

**પત્રક -અ**

**જાન્યુઆરી-૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ સમજૂતિ કરારની વિગતો.**

| અ. નં. | ખાનગી સાહસનું નામ | વીજક્ષમતા (મે. વો.) | સ્થળ | અંદાજીત મૂડીરોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|---|---|
| ૧. | અદાણી પાવર-અમદાવાદ વિસ્તરણ યોજના-<br>મુન્દ્રા પોર્ટ નવી વીજ-યોજના દાહેજ પોર્ટ | ૧૦૦૦<br>૨૦૦૦ | મુન્દ્રા, કચ્છ<br>દહેજ, ભરૂચ | ૪૦૦૦<br>૮૦૦૦ |
| ૨. | ટોરેન્ટ પાવર-અમદાવાદ | ૨૦૦૦ | પીપાવાવ, અમરેલી | ૮૦૦૦ |
| ૩. | શાંઘી ઈન્ડસ્ટ્રીઝ લિ. | ૧૨૦૦ | અકરી, કચ્છ | ૪૫૦૦ |
| ૪. | એસ્સાર પાવર | ૧૦૦૦ | વાડીનાર, જામનગર | ૪૦૦૦ |
| ૫. | જીપેક (સીએલપી-હોંગકોંગ) | ૧૪૦૦ | તુના, કચ્છ | ૬૨૫૦ |
| ૬. | વીડીયોકોન ઈન્ડસ્ટ્રીઝ લિ. | ૬૦૦ | પીપાવાવ, અમરેલી | ૨૫૦૦ |
| ૭. | જેએસડબલ્યુ પાવર કંપની. | ૧૦૦૦ | સીમર-જૂનાગઢ | ૪૦૦૦ |
| ૮. | વીસા પાવર-કોલકત્તા | ૧૦૦૦ | પીપાવાવ, અમરેલી | ૪૦૦૦ |
| ૯. | જીએસપીસી-પીપાવાવ પાવર કંપની. (જીએસપીસી અને જીપીસીએલ) | ૧૦૫૦ | પીપાવાવ, અમરેલી | ૩૩૭૫ |
| ૧૦. | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીક્સીટી કોર્પો. લિ. ઉતરાણ,<br>ઉકાઈ,<br>ધુવારણ-૩,<br>સિક્કા | ૩૬૦<br>૫૦૦<br>૩૬૦<br>૫૦૦ | ઉતરાણ, સુરત<br>ઉકાઈ, સુરત<br>ધુવારણ, આણંદ<br>સિક્કા, જામનગર | ૧૨૫૦<br>૧૯૩૭<br>૧૨૫૦<br>૧૯૩૭ |
| ૧૧. | ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિ. | ૨૪ | ગુજરાતના વિવિધ યોગ્ય સ્થળોએ | ૧૪૦ |
| ૧૨. | મે. યુનિયન ટેરીટોરી ઓફ દીવ, દમણ, દાદરા અને નગર હવેલી | ૧૦૦૦ | વાંસી-બોરસી, નવસારી | ૪૦૦૦ |
| | | ૧૪૯૯૪ | | ૫૯૧૩૮ |

----------

**ગુજરાત વાયબ્રન્ટ સમીત ૨૦૦૭માં ઉર્જા ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.**

૨૨૦૫૩ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ સુધીમાં ગુજરાત વાયબ્રન્ટ સમીટ ૨૦૦૭ના કાર્યક્રમમાં ઉર્જા ક્ષેત્રે કેટલા એમ.ઓ.યુ. થયેલ છે, અને | (૧) ૧૨ (બાર). |
| (૨) આ એમ.ઓ.યુ.માં કોઈ ન્યુક્લિયરપાવર પ્રોજેક્ટની દરખાસ્ત આવેલ છે કે કેમ ? | (૨) ન્યુક્લીયરપાવર કોર્પોરેશન દ્વારા કાકરાપાર પાવર પ્રોજેક્ટ ખાતે અંદાજિત ૮૨૯૦ કરોડના ખર્ચે ૧૪૦૦ મેગાવોટ ક્ષમતાનું વિસ્તૃતિકરણ હાથ ધરવાની જાહેરાત કરવામાં આવી છે. તેમજ અણુ વીજમથક સ્થાપવા માટે નિમાયેલ સ્થળ પસંદગી સમિતિએ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં મીઠીવીરડી (છાયા) ને ભવિષ્યમાં દરિયા કિનારા આધારિત વિશાળ અણુ વીજ મથક માટે એક શક્યતાવર્તી સ્થળ તરીકે પસંદ કરેલ છે. |

-----------

**વિજયનગર તાલુકામાં પાલ સિંચાઈ યોજના**

૨૨૧૫૩ **શ્રીમતી રમીલાબેન બે. બારા(ખેડબ્રહ્મા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વિજયનગર | (૧) હા, જી. |

તાલુકામાં પાલ સિંચાઈ યોજના બાંધવાની બાબત વિચારણા હેઠળ છે કે કેમ,

(૨) જો હા, તો ક્યારે કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે, અને

(૩) જો ના, તો તેના કારણો શાં છે ?

(૨) જમીન સંપાદનની કાર્યવાહી હાથ ધરેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## પાણી પુરવઠાની વઢવાણ તાલુકા માટે મંજૂર થયેલ યોજનાઓ

૨૧૦૧૭ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વઢવાણ તાલુકાની પાણી પુરવઠાની કેટલી યોજનાઓ મંજૂર થઈ,

(૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા, અને

(૩) કેટલા કામો પૂર્ણ થવાના બાકી છે ?

**જવાબ**

(૧) ૧૫ યોજના મંજૂર થઈ.

(૨) ૧૪ યોજનાઓના.

(૩) ૧ યોજના પ્રગતિ હેઠળ છે.

-----------

## વડગામ તાલુકાની કરમાવત તળાવમાં નર્મદાનું પાણી નાખવા અંગે

૨૨૩૪૬ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડગામ તાલુકાના કરમાવત તળાવમાં પાણી નાખવાથી આજુબાજુના અનેક કીલોમીટર સુધીના પાણીનાં તળ ઊંચા આવી શકે તેવું છે તે સરકારના ધ્યાનમાં છે,

(૨) જો હા, તો કરમાવત તળાવમાં નર્મદાનું પાણી નાંખવા માટે સરકાર ધ્વારા કોઈ આયોજન થયું છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં તળાવમાં પાણી નાંખવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી. આસપાસના નજીકના વિસ્તારમાં તળ ઊંચા આવી શકે છે.

(૨) અને (૩) : આયોજન અંગે સરકાર વિચારણા કરશે.

-----------

## ચોટીલા, સાયલા અને થાન પોલીસ સ્ટેશનમાં ખાલી જગ્યાઓ

૨૧૩૬૧**શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા, સાયલા અને થાન પોલીસ સ્ટેશનમાં સંવર્ગવાર તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) તે પેકી કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) :

| | | | ક્યારથી ખાલી | | |
|---|---|---|---|---|---|
| **પો. સ્ટે.** | **સંવર્ગ** | **ખાલી** | **છ માસ સુધી** | **૧ વર્ષ સુધી** | **૧ વર્ષ ઉપરથ ી** |
| ચોટીલા | પો.કો. | ૭ | - | ૭ | - |
| સાયલા | પો.કો. | ૮ | ૨ | ૬ | - |
| થાન | એએસઆઈ/ હે.કો | ૪ | ૩ | - | ૧ |
| | પો.કો. | ૧ | ૧ | - | - |

(૩) વહીવટી અનુકૂળતાએ.

-----------

**કચ્છ જિલ્લામાં ખનીજોની મળેલી રોયલ્ટી**

૨૦૯૯૭ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ખનીજો અને ગોણ ખનીજોની વર્ષ ૨૦૦૫-૦૬ની રોયલ્ટી કેટલી મળી, | (૧) મુખ્ય ખનીજોની રૂા. ૬૨૬૪.૨૩ લાખ અને ગોણ ખનીજોની રૂા. ૧૦૯૫.૬૪ લાખ રોયલ્ટી મળેલ છે. |
| (૨) આ મળેલ રોયલ્ટી પેટે ગ્રામપંચાયતો-તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયતોને મળવાપાત્ર રકમ પંચાયતવાર કેટલી હતી, | (૨) પંચાયતવાર માહિતી *પત્રકમાં સામેલ છે. |
| (૩) કેટલી ચૂકવવામાં આવી, અને | (૩) રૂા. ૫૧.૦૭ લાખ અનુદાનની રકમ જીલ્લા વિકાસ અધિકારીશ્રી કચ્છ-ભુજના હવાલે મુકેલ છે. |
| (૪) બાકી રહેતી રકમ કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**પંચમહાલ જિલ્લામાં હેન્ડપંપોના કામ સમય મર્યાદામાં પૂરા ન થવા અંગે ફરિયાદ**

૨૨૦૫૯**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં અલગ અલગ યોજનાઓ હેઠળ મંજૂર થયેલા નવીન હેન્ડપંપોના કામનું ટેન્ડર જે પાર્ટીનું મંજૂર કરવામાં આવે છે તે સમય મર્યાદામાં કામ પૂર્ણ કરતા નથી તેવી ફરીયાદ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ મળેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| એચબી-૯૭૯-૧૨ (૨) જે પાર્ટી સમય મર્યાદામાં કામ પૂર્ણ ના કરે તેને કાળી યાદીમાં મૂકવામાં માંગો છો કે કેમ, અને | (૨) પ્રશ્ન રહેતો નથી. |
| (૩) કાળી યાદીમાં મૂકાવાયેલ પાર્ટીઓને ફરીથી ટેન્ડર નહીં આપવા અંગેનો નિર્ણય લેવા માંગો છો કે કેમ ? | (૩) પ્રશ્ન રહેતો નથી. |

-----------

**કોસ્ટલ પોલીસ સ્ટેશનની સ્થાપના**

૨૧૦૨૪ **શ્રી શિવાભાઈ જે. ગોહિલ (તળાજા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારે રાજ્યમાં કોસ્ટલ પોલીસ સ્ટેશનો સ્થાપવાનો તાજેતરમાં નિર્ણય કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ભાવનગર જિલ્લામાં ક્યા ક્યા સ્થળે આવા કોસ્ટલ પોલીસ સ્ટેશનો ઉભા કરવામાં આવનાર છે ? | (૨) ભાવનગર પોર્ટ ખાતે |

-----------

**જિલ્લાવાર ખંડણીના હેતુસર અપહરણના કેસો**

૨૨૧૬૨ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુ.-૦૭ સુધીમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્યમાં જિલ્લાવાર ખંડણી લેવા કે પેસા પડાવવાના હેતુથી કેટલી વ્યક્તિઓના અપહરણ કરી ખૂન કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧)

| શહેર/જીલ્લા | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ (૩૧-૧-૦૭) |
|---|---|---|---|
| અમદાવાદ શહેર | -- | ૧ | -- |
| સુરત શહેર | ૧ | ૧ | -- |
| રાજકોટ ગ્રામ્ય | -- | ૧ | -- |
| સુરેન્દ્રનગર | -- | -- | ૧ |
| વલસાડ | ૧ | ૧ | -- |
| નવસારી | -- | -- | ૧ |

(૨) તે અન્વયે જિલ્લાવાર કેટલા ગુન્હા ડીટેક્ટ થયા ?

(૨)

| શહેર/જીલ્લા | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ (૩૧-૧-૦૭) |
|---|---|---|---|
| અમદાવાદ શહેર | -- | ૧ | -- |
| સુરત શહેર | ૧ | ૧ | -- |
| રાજકોટ ગ્રામ્ય | -- | ૧ | -- |
| સુરેન્દ્રનગર | -- | -- | ૧ |
| વલસાડ | ૧ | ૧ | -- |
| નવસારી | -- | -- | ૧ |

-----------

**અમરેલી જિલ્લામાં દારૂ સંબંધી કેસો**

૨૧૯૪૭**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાહેરમાં દારૂ ગાળતા હોય તેમજ દારૂ વેચતા હોય અને દારૂ પીધેલ હાલતમાં રખડતા ભટકતા હોય તેવા છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં અમરેલી જિલ્લાના દરેક તાલુકાવાર કેટલા કેસો નોંધાયેલ છે,

**જવાબ**

(૧)

| **તાલુકા** | **દારૂ ગાળવાના** | **દારૂ વેચવાના** | **દારૂ પીવાના** |
|---|---|---|---|
| અમરેલી | ૧૮૦ | -- | ૩૬૯ |
| લાઠી | ૩૦ | -- | ૧૭૩ |
| લીલીયા | ૩૯ | -- | ૭૬ |
| બાબરા | ૫૨ | -- | ૧૪૫ |
| વડીયા | ૯ | -- | ૧૪૦ |
| બગસરા | ૬ | -- | ૭૮ |
| ધારી | ૨૭ | -- | ૨૭૫ |
| સાવરકુંડલા | ૪૮ | ૨ | ૩૨૫ |
| ખાંભા | ૧૦ | -- | ૮૪ |
| રાજુલા | ૬૯ | -- | ૧૯૩ |
| જાફરાબાદ | ૪૩ | -- | ૪૧૭ |

(૨) અમરેલી જિલ્લાના ક્યા તાલુકામાં કેટલી કિંમતનો દારૂ પકડાયો કેટલા સાધનો કબ્જે કરવામાં આવ્યા અને દરેક કેસમાં શું શું કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૨)

| **તાલુકા** | **દારૂની કિંમત રૂપિયામાં** | **સાધનોની કિંમત રૂપિયામાં** |
|---|---|---|
| અમરેલી | ૫૫૮૮૨ | ૧૨૩૧૦ |
| લાઠી | ૧૨૨૧૫ | ૧૭૬૦ |

| | | |
|---|---|---|
| લીલીયા | ૧૮૯૧૦ | ૫૯૪૮૭૮ |
| બાબરા | ૬૪૩૦ | ૯૯૫ |
| વડીયા | ૪૨૩૦ | ૮૫૩ |
| બગસરા | ૧૦૦૫ | ૩૭૩૬ |
| ધારી | ૧૮૧૦૬ | ૬૯૪૮ |
| સાવરકુંડલા | ૧૮૯૯૫ | ૮૧૬૧ |
| ખાંભા | ૮૭૨૬ | ૧૯૫૨ |
| રાજુલા | ૫૯૦૫૮ | ૧૨૫૬૧ |
| જાફરાબાદ | ૪૭૪૫૦ | ૨૦૩૪૫ |

દરેક કેસમાં પકડાયેલ મુદ્દામાલ સબંધે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરી મુદ્દામાલ કોર્ટને સોંપવામાં આવેલ છે.

(૩) તેના સામે કેવા પ્રકારની કાર્યવાહી કરવા માંગો છો ?

(૩) આરોપીઓ સામે ગુના રજીસ્ટર કરી મુદ્દામાલ કબજે કરી આરોપી વિરૂધ્ધ કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવે છે.

-----------

**બારડોલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ બળાત્કારના કેસ**

૨૧૬૪૧ **શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બારડોલી પોલીસ સ્ટેશનની હદમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બળાત્કારના કેટલા બનાવો બનેલ છે,

(૨) તે પૈકી કેટલા આરોપીઓને પકડવામાં નથી આવ્યા, અને

(૩) આરોપીઓ નહી પકડાવવા પાછળનું કારણ શું છે ?

**જવાબ**

(૧) ત્રણ

(૨) ત્રણેય બનાવના આરોપીઓને પકડવામાં આવ્યા છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**વીજ ગ્રાહકો પાસેથી મેળવેલ અલગ-અલગ ચાર્જ**

૨૧૯૮૧ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે વીજ ગ્રાહકો પાસેથી એનર્જી ચાર્જ, મિનિમમ ચાર્જ, વિદ્યુત શુલ્ક તથા મીટર ભાડા પેટે કુલ કેટલી રકમો મેળવી, અને

(૨) ઉપરોક્ત કુલ રકમ પૈકી કેટલી રકમની રાજ્ય સરકાર અને વીજ કંપનીઓ વચ્ચે વહેંચણી થશે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર વિદ્યુત શુલ્ક સિવાય કોઈ રકમ ગ્રાહકો પાસેથી વસુલ કરતી નથી. આ પેટે રૂા. ૩૩૭૭.૨૭ કરોડની રકમ મેળવેલ છે જે રકમ તિજોરીમાં જમા થાય છે.

(૨) વિદ્યુત શુલ્કની વસુલાતમાંથી કોઈ રકમ વીજ કંપનીઓને વહેચવાની હોતી નથી.

-----------

**મહી પરીએજ યોજનાથી જોડાયેલ ગામો**

૨૧૫૭૧ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં મહી પરીએજ (હાલ નર્મદા) આધારિત પીવાના પાણીની લાઈનથી છેલ્લા વર્ષો ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં પ્રતિવર્ષ કેટલા ગામોને જોડવામાં આવ્યા,

(૨) જ્યારથી આ યોજના શરૂ થઈ છે ત્યારથી નર્મદા મહી પરીએજ લાઈન ધ્વારા ડીસે.-૦૬ની

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૩-૦૪માં ૧૦૯ ગામો, ૨૦૦૪-૦૫માં ૩૯૭ ગામો, અને વર્ષ ૨૦૦૫-૦૬માં ૫૯ ગામો જોડવામાં આવ્યા.

(૨) અમદાવાદ જિલ્લાના ૧૬૯ ગામો, રાજકોટના ૧૩૦ ગામો, જૂનાગઢના ૨૯૧ ગામો, ભાવનગરના

સ્થિતિએ કુલ કેટલા ગામોને ક્યા ક્યા જિલ્લામાં જોડવામાં આવ્યા, અને

(૩) આયોજન પ્રમાણે આ યોજનામાં હવે કેટલા ગામોનો સમાવેશ કરવાનો બાકી છે અને હવે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

૬૦૮ ગામો અને અમરેલી જિલ્લાના ૩૪૭ ગામો મળી કુલ ૧૫૪૫ ગામો જોડવામાં આવ્યા.

(૩) બાકીના ૫૯૨ ગામોના કામો તબક્કાવાર ડિસેમ્બર-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**આઈ.પી.એસ. અધિકારીઓ સામે ચાલતી તપાસ**

૨૧૭૬૨ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર-૦૬ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ગુજરાત સરકારમાં ક્યા આઈ.પી.એસ. કક્ષાના અધિકારીઓ સામે ક્યા પ્રકારની તપાસ ચાલુ છે,

(૨) તપાસ ચાલતી હોવા છતાં કોને પ્રમોશન (બઢતી) આપવામાં આવી, અને

(૩) આ બાબતમાં સરકાર કોઈ ફેર વિચારણા કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ ના રોજ આઈ.પી.એસ. સંવર્ગના અધિકારીઓ સામે નીચે મુજબ તપાસો પડતર હતી.

| આઈપીએસ અધિકારીની કક્ષા | પ્રાથમિક તપાસ | ખાતાકીય તપાસ |
|---|---|---|
| પોલીસ અધિક્ષક | ૧૯ | ૧૨ (જેમાં ૫ કેસો નિવૃત્તના) |
| આઈપીએસ અધિકારીની કક્ષા | પ્રાથમિક તપાસ | ખાતાકીય તપાસ |
| નાયબ પોલીસ મહાનિરીક્ષક | ૧૦ | --- |
| પોલીસ મહાનિરીક્ષક | ૯ | ૨ (જેમાં ૧ કેસ નિવૃત્તનો) |
| અધિક પોલીસ મહાનિદેશક | ૧ | ૩ |
| કુલ : | ૩૯ | ૧૭ |

(૨) એક પણ નહી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**બાવળા શહેરમાં પોલીસ આવાસો બનાવવા અંગે**

૨૨૪૨૯ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના બાવળા શહેરમાં પોલીસ આવાસો ક્યારે બનાવવામાં આવશે, અને

(૨) આ આવાસોની સંખ્યા કેટલી રહેશે ?

**જવાબ**

(૧) જમીન ઉપલબ્ધ થયેથી.

(૨) ૪૮

-----------

**ઉપલેટા શહેરમાં આવારા તત્વો સામે ફરિયાદ**

૨૨૪૪૪ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઉપલેટા શહેરમાં ગુંડા ટોળકી અને આવારા તત્વો તેમજ સ્થાનિક પોલીસની સાંઠગાંઠથી કાયદો-વ્યવસ્થાનું સદંતર લીલામ થઈ ગયું હોય તેવી સ્થિતિ પ્રવર્તતી હોવાની ફરિયાદ સ્થાનિક આગેવાનો ધ્વારા સરકારશ્રીને મળી છે કે કેમ,

(૨) જો હા, તો આ બાબતે તંત્ર ધ્વારા શી

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

કાર્યવાહી હાથ ધરવામાં આવી, અને

(૩) ભવિષ્યમાં પોલીસ ગુંડાઓની મીલી ભગત તોડવા સરકાર તમામ સ્થાનિક પોલીસની બદલી અન્યત્ર કરવાનું વિચારી રહી છે કે કેમ ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**અમદાવાદ શહેરની આર.ટી.ઓ. કચેરીની આવક**

૨૨૧૫૭ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭માં અમદાવાદ શહેરની આર.ટી.ઓ. કચેરીની કેટલી આવક અંદાજવામાં આવી છે,

(૨) તે પૈકી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલી આવક થઈ, અને

(૩) છેલ્લા બે વર્ષની સરખામણીમાં જાન્યુઆરી-૨૦૦૭ સુધી શી પરિસ્થિતિ છે ?

**જવાબ**

(૧) અમદાવાદ શહેરની આર.ટી.ઓ. કચેરીની નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭ની આવક રૂા. ૧૩,૪૦૦.૦૦ લાખ અંદાજવામાં આવી છે.

(૨) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ રૂા. ૧૧,૩૧૩.૬૮ લાખની આવક થઈ.

(૩) છેલ્લા બે વર્ષની સરખામણીમાં નીચે પ્રમાણેની પરિસ્થિતિ છે.

| વર્ષ | આવક રૂા. લાખમાં | પાછલા વર્ષની સાપેક્ષ આવકમાં વધારો (ટકામાં) |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ (જાન્યુ.૦૫ અંતિત) | ૮૯૩૬.૫૪ | -- |
| ૨૦૦૫-૦૬ (જાન્યુ.૦૬ અંતિત) | ૯૭૩૫.૧૯ | ૮.૯૪ ટકા |
| ૨૦૦૬-૦૭ (જાન્યુ.૦૭ અંતિત) | ૧૧૩૧૩.૬૮ | ૧૬.૨૧ ટકા |

-----------

**ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૦૭ દરમિયાન થયેલ એમ.ઓ.યુ.**

૨૦૯૪૯ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૭ દરમિયાન થયેલ એમ.ઓ.યુ. માં કયા જિલ્લામાં સોથી મોટું મૂડી રોકાણ થનાર છે,

(૨) આ જિલ્લામાં કેટલા પ્રોજેકટ આવશે,

(૩) પ્રોજેકટોમાં કુલ કેટલું મૂડી રોકાણ થનાર છે, અને

(૪) સંભવિત કેટલી રોજગારીની તકો ઊભી થશે ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં સોથી મોટુ મૂડી રોકાણ થનાર છે.

(૨) ૩૪ પ્રોજેકટો.

(૩) રૂા. ૯૧,૯૪૧ કરોડ.

(૪) પ્રોજેકટના ડેવલપર્સના જણાવ્યા મુજબ ૧,૬૮,૪૪૫ની સંભવિત રોજગારી ઉભી થશે.

-----------

**રાજ્ય સરકાર ધ્વારા વીજળીની ખરીદી**

૨૨૪૩૮ **ડૉ. સી. જે. ચાવડા(ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર ધ્વારા તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી વીજળીની ખરીદી કરવામાં આવેલ છે,

(૨) આ વીજળી કઈ કઈ કંપનીઓ પાસેથી ખરીદવામાં આવે છે, અને

**જવાબ**

(૧), (૨) અને (૩) : રાજ્ય સરકાર વીજળીની ખરીદી કરતુ નથી. પરંતુ જે તે સમયની ગુજરાત વિદ્યુત બોર્ડ તેમજ હાલના ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. દ્વારા ખરીદ કરવામાં આવેલ વીજળીની વિગતો પત્રક-અ મુજબ.

(૩) દરેક પાસેથી યુનિટદીઠ ક્યા ભાવથી ખરીદવામાં આવે છે ?

**પત્રક-અ**

વર્ષ ૨૦૦૪, ૨૦૦૫ અને ૨૦૦૬માં વિવિધ વીજ કંપનીઓ પાસેથી ખરીદેલ વીજળીની વિગતો દર્શાવતુ પત્રક

| | | ૨૦૦૪ | | | ૨૦૦૫ | | | ૨૦૦૬ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | એજન્સીનું નામ | મીલીયન યુનીટ | રૂપિયા (ક્રોડમાં) | સરેરાશ પ્રતિયુનિટ ભાવ રૂા. | મીલીયન યુનીટ | રૂપિયા (ક્રોડમાં) | સરેરાશ પ્રતિયુનિટ ભાવ રૂા. | મીલીયન યુનીટ | રૂપિયા (ક્રોડમાં) | સરેરાશ પ્રતિયુનિટ ભાવ રૂા. |
| **સેન્ટ્રલ સેકટર** | | | | | | | | | | |
| ૧ | એનપીસી-તારાપુર-૧-૨ | ૧૧૭૫ | ૧૧૫.૬૯ | ૦.૯૮ | ૮૮૩ | ૯૧.૪૮ | ૧.૦૪ | ૧૦૦૯ | ૯૭.૬૭ | ૦.૯૭ |
| ૨ | એનપીસી-તારાપુર-૩-૪ | -- | -- | -- | ૩૦૮ | ૭૨.૩૮ | ૨.૩૫ | ૭૪૭ | ૧૯૮.૫૯ | ૨.૬૬ |
| ૩ | એનપીસી-કાક્રાપાર | ૬૮૯ | ૧૬૩.૫૦ | ૨.૩૭ | ૭૩૩ | ૧૭૧.૦૯ | ૨.૩૩ | ૫૪૦ | ૧૦૫.૭૪ | ૧.૯૬ |
| ૪ | એનટીપીસી-વીંધ્યાચલ-૧ | ૧૯૭૧ | ૨૪૬.૨૬ | ૧.૨૫ | ૧૯૩૧ | ૨૬૨.૩૯ | ૧.૩૬ | ૧૭૪૦ | ૨૫૬.૧૫ | ૧.૪૭ |
| ૫ | એનટીપીસી-વીંધ્યાચલ-૨ | ૧૯૦૦ | ૨૬૫.૩૧ | ૧.૪૦ | ૨૦૫૭ | ૨૯૬.૮૮ | ૧.૪૪ | ૧૯૩૭ | ૨૯૮.૩૯ | ૧.૫૪ |
| ૬ | એનટીપીસી-વીંધ્યાચલ-૩ | -- | -- | -- | -- | -- | -- | ૨૧૧ | ૨૬.૧૩ | ૧.૨૪ |
| ૭ | એનટીપીસી-કોરબા | ૩૦૬૬ | ૨૫૯.૪૬ | ૦.૮૫ | ૩૦૦૦ | ૨૮૪.૪૬ | ૦.૯૫ | ૨૬૦૭ | ૨૭૯.૩૦ | ૧.૦૭ |
| ૮ | એનટીપીસી-કાવાસ | ૩૮૫ | ૨૨૧.૩૫ | ૫.૭૫ | ૫૪૩ | ૧૯૨.૦૧ | ૩.૫૩ | ૫૮૯ | ૨૯૪.૯૯ | ૫.૦૧ |
| ૯ | એનટીપીસી-ગાંધાર | ૧૪૫૨ | ૩૫૫.૪૫ | ૨.૪૫ | ૧૬૩૧ | ૩૬૭.૮૬ | ૨.૨૬ | ૧૬૦૬ | ૩૯૬.૫૯ | ૨.૪૭ |
| ૧૦ | એનટીપીસી-ઈઆર | ૪૭૫ | ૭૫.૩૮ | ૧.૫૯ | ૪૩૧ | ૭૯.૪૫ | ૧.૮૪ | ૨૭.૦૯ | ૨.૯૯ | -- |
| ૧૧ | સરદાર સરોવર નર્મદા નીગમ લી. | -- | -- | -- | ૨૮૯ | ૫૯.૩૦ | ૨.૦૫ | ૫૬૨ | ૧૧૫.૧૨ | ૨.૦૫ |
| **આઈપીપીએસ** | | | | | | | | | | |
| ૧૨ | એસાર | ૧૨૦૮ | ૪૦૬.૩૧ | ૩.૩૬ | ૧૮૮૦ | ૪૬૩.૫૦ | ૨.૪૭ | ૧૭૭૦ | ૪૭૯.૧૮ | ૨.૭૧ |
| ૧૩ | જીપીઈસી | ૩૬૨૭ | ૧૦૬૭.૫૯ | ૨.૯૪ | ૪૬૦૨ | ૧૧૩૯.૮૦ | ૨.૪૮ | ૪૨૫૦ | ૧૨૨૧.૬૮ | ૨.૮૭ |
| ૧૪ | જીએસઈજી | ૧૦૩૧ | ૨૭૯.૬૯ | ૨.૭૧ | ૧૧૨૯ | ૨૩૪.૧૮ | ૨.૦૭ | ૧૦૯૫ | ૨૭૭.૨૮ | ૨.૫૩ |
| ૧૫ | જીઆઈપીસીએલ (૧૬૦) | ૧૦૭૮ | ૧૯૪.૧૯ | ૧.૮૦ | ૧૧૬૬ | ૨૦૦.૩૦ | ૧.૭૨ | ૧૧૪૨ | ૨૩૨.૨૧ | ૨.૦૩ |
| ૧૬ | જીઆઈપીસીએલ (એસએલપીપી) | ૧૬૨૧ | ૪૦૩.૪૯ | ૨.૪૯ | ૧૬૨૫ | ૩૩૦.૫૪ | ૨.૦૩ | ૧૫૯૨ | ૩૨૮.૨૭ | ૨.૦૬ |
| ૧૭ | જીએમડીસી | -- | -- | -- | ૩૫ | ૧.૭૧ | ૦.૪૯ | ૨૫૭ | ૩૭.૦૩ | ૧.૪૪ |
| **જીએસઈસીએલ** | | | | | | | | | | |
| ૧૮ | જીએસઈસીએલ-(ગાંધીનગર) | ૧૪૩૪ | ૨૪૫.૬૦ | ૧.૭૧ | ૧૫૯૦ | ૩૦૪.૭૭ | ૧.૯૨ | ૧૨૯૪ | ૨૯૪.૭૯ | ૨.૨૮ |
| ૧૯ | જીએસઈસીએલ-(વનાક્બોરી) | ૧૬૫૫ | ૨૮૬.૦૧ | ૧.૭૩ | ૧૫૦૧ | ૨૮૪.૮૫ | ૧.૯૦ | ૧૩૯૯ | ૨૯૩.૪૩ | ૨.૧૦ |
| ૨૦ | જીએસઈસીએલ-(ઉત્તરાણ) | ૧૦૯૯ | ૨૩૫.૧૧ | ૨.૧૪ | ૧૦૦૦ | ૨૦૭.૪૫ | ૨.૦૭ | ૯૯૬ | ૨૫૪.૯૪ | ૨.૫૬ |
| ૨૧ | જીએસઈસીએલ-(ધુવારણ) | ૬૧૧ | ૧૧૮.૯૪ | ૧.૯૫ | ૬૬૨ | ૧૦૮.૫૫ | ૧.૬૪ | ૪૩૫ | ૮૮.૪૪ | ૨.૦૩ |
| ૨૨ | ઉકાઈ | -- | -- | -- | ૩૩૯૪ | ૫૬૯.૫૧ | ૧.૬૮ | ૪૯૦૧ | ૮૬૫.૦૫ | ૧.૭૬ |
| ૨૩ | ગાંધીનગર ૧-૪ | -- | -- | -- | ૨૪૩૬ | ૪૯૮.૬૪ | ૨.૦૫ | ૩૨૬૯ | ૫૯૩.૨૬ | ૧.૮૧ |
| ૨૪ | વણાક્બોરી ૧-૬ | -- | -- | -- | ૫૪૩૭ | ૯૭૭.૬૦ | ૧.૮૦ | ૮૮૧૩ | ૧૫૭૯.૬૭ | ૧.૭૯ |
| ૨૫ | સીક્કા થર્મલ | -- | -- | -- | ૭૨૯ | ૧૮૩.૪૧ | ૨.૫૨ | ૧૫૩૫ | ૪૦૮.૦૦ | ૨.૬૬ |
| ૨૬ | ક્ચ્છ લીગ્નાઈટ | -- | -- | -- | ૩૬૩ | ૭૭.૦૬ | ૨.૧૨ | ૯૬૫ | ૨૩૯.૭૪ | ૨.૪૯ |

| | | ૨૦૦૪ | | | ૨૦૦૫ | | | ૨૦૦૬ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | એજન્સીનું નામ | મીલીયન યુનીટ | રૂપિયા (ક્રોડમાં) | સરેરાશ પ્રતિયુનિટ ભાવ રૂા. | મીલીયન યુનીટ | રૂપિયા (ક્રોડમાં) | સરેરાશ પ્રતિયુનિટ ભાવ રૂા. | મીલીયન યુનીટ | રૂપિયા (ક્રોડમાં) | સરેરાશ પ્રતિયુનિટ ભાવ રૂા. |
| ૨૭ | ધુવારણ ઓલ્ડ | -- | -- | -- | ૮૮૯ | ૨૬૭.૬૧ | ૩.૦૧ | ૧૨૦૦ | ૪૦૭.૧૧ | ૩.૩૯ |
| ૨૮ | કડાના હાઈડ્રો | -- | -- | -- | ૧૫૪ | ૫૪.૬૮ | ૩.૫૫ | ૫૧ | ૧૮.૨૩ | ૩.૫૫ |
| ૨૯ | ઉકાઈ હાઈડ્રો | -- | -- | -- | ૪૨૭ | ૨૧.૧૪ | ૦.૪૯ | ૧૪૨ | ૭.૦૫ | ૦.૪૯ |
| **ટ્રેડર્સ** | | | | | | | | | | |
| ૩૦ | પાવર ટ્રેડીંગ કોર્પેરેશન લી. | ૯૫૮ | ૨૧૫.૨૯ | ૨.૨૫ | ૧૮૫ | ૫૬.૩૮ | ૩.૦૫ | -- | -- | -- |
| ૩૧ | છત્તીસગઢ સ્ટેટ ઈલેક્ટ્રીક્સીટી બોર્ડ | ૨૦૮ | ૫૦.૧૫ | ૨.૪૨ | ૮ | ૨.૧૨ | ૨.૬૨ | -- | -- | -- |
| ૩૨ | વિદ્યુત વેપાર નિગમ લીં. | ૨૫૫ | ૫૫.૪૪ | ૨.૧૭ | ૮ | ૧.૯૬ | ૨.૫૦ | ૩ | ૧.૬૩ | ૪.૬૯ |
| ૩૩ | અદાણી એન્ટરપ્રાઈઝ એક્સપોર્ટ | ૩ | ૦.૫૬ | ૨.૦૪ | ૧૮ | ૫.૯૦ | ૩.૩૧ | ૫૧૬ | ૨૭૪.૩૧ | ૫.૩૨ |
| ૩૪ | રીલાયન્સ એનર્જી ટ્રેડીંગ કું. લી. | -- | -- | -- | -- | -- | -- | ૯૩ | ૩૬.૦૦ | ૩.૮૬ |
| ૩૫ | ટાટા પાવર ટ્રેડીંગ કું લી. | -- | -- | -- | -- | -- | -- | ૨૦ | ૧૦.૪૮ | ૫.૧૫ |
| ૩૬ | સુભાસ ક્બીની પાવર કોર્પો. લી. | -- | -- | -- | -- | -- | -- | ૩૭ | ૧૪.૦૬ | ૩.૮૪ |
| ૩૭ | લાંકો ઈલેક્ટ્રીક યુટીલીટી લી. | -- | -- | -- | -- | -- | -- | ૪૧ | ૧૬.૯૬ | ૪.૧૪ |
| ૩૮ | કરમચંદ થાપર એન્ડ બ્રધર્સ લી. | -- | -- | -- | -- | -- | -- | ૪ | ૨.૦૧ | ૫.૦૬ |
| ૩૯ | જેએસડબલ્યુ પાવર ટ્રેડીંગ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| **અન્ય** | | | | | | | | | | |
| ૪૦ | જીઆઈપીસીએલ (૧૪૫ મેગા) | ૩૮૭ | ૭૨.૭૫ | ૧.૮૮ | ૪૩૦ | ૭૮.૨૧ | ૧.૮૨ | ૩૯૩ | ૭૭.૧૩ | ૧.૯૬ |
| ૪૧ | એઈસીઓ | -- | -- | -- | ૫૬ | ૧૨.૫૧ | ૨.૨૫ | ૨૭ | ૫.૯૪ | ૨.૨૧ |
| ૪૨ | વીન્ડ ફાર્મ | -- | -- | -- | ૪૭ | ૮.૫૭ | ૧.૮૩ | ૨૩ | ૪.૧૪ | ૧.૭૯ |
| ૪૩ | કેપટીવ પાવર | ૨૭૫ | ૫૧.૮૭ | ૧.૮૯ | ૪૯૭ | ૯૨.૭૧ | ૧.૮૭ | ૩૯૭ | ૭૯.૬૭ | ૨.૦૧ |
| ૪૪ | ટીઆર.સીએચજીએસ- | -- | ૧૦૧.૬૮ | -- | -- | ૮૫.૬૨ | -- | -- | ૧૦૨.૩૬ | -- |
| ૪૫ | વીલીંગ ચાર્જીસ | -- | ૧.૯૭ | -- | -- | ૨.૧૯ | -- | -- | ૦.૮૮ | -- |
| ૪૬ | જેટકો વીલીંગ | -- | -- | -- | -- | ૪૯૧.૮૭ | -- | -- | ૭૧૮.૧૨ | -- |
| **પાવર ખરીદીનો કુલ ખર્ચ** | | **૨૬૫૬૨** | **૫૪૮૯.૦૩** | **૨.૦૭** | **૪૨૦૭૪** | **૮૬૪૦.૬૪** | **૨.૦૫** | **૪૮૨૩૫** | **૧૧૦૪૦.૬૯** | **૨.૨૯** |

**નોંધ :** જીઈબીના પાવર સ્ટેશનો એપ્રિલ-૨૦૦૫ થી જીસેક્ને તબદીલ કરેલ હોવાથી જીસેક પાસેથી ખરીદ કરાયેલ વીજળીને ઉપરોક્ત પત્રકમાં વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬માં સામેલ કરેલ છે.

-----------

## સુરત જિલ્લામાં ઉદ્યોગો દ્વારા પાણીનો ઉપયોગ

૨૧૨૨૨ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના ક્યા ક્યા મોટા અને મધ્યમ ઉદ્યોગ ગૃહો પાસેથી સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં પાણી વેરા પેટે કેટલી રક્મ વસુલ કરવાની બાકી છે, | (૧) સામેલ *પત્રક-(૧) મુજબ |
| (૨) તે પૈકી ક્યા ક્યા આવા એક્મો પાસે ત્રણ વર્ષથી કે વધુ વરસથી રક્મ બાકી છે, અને | (૨) સામેલ *પત્રક-(૨) મુજબ |
| (૩) આ બાકી રક્મ વસુલ કરવા સરકારે શાં | (૩) સામેલ *પત્રક-(૩) મુજબ |

પગલાં લીધા ?

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**અલંગ શીપ યાર્ડ ખાતે જી.આઈ.ડી.સી. અંગે**

૨૧૭૭૧**શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના અલંગ શીપ યાર્ડ ખાતે જી.આઈ.ડી.સી. ન બનાવવા માટે ક્યારે નિર્ણય લેવાયો, | (૧) આ અંગે આખરી નિર્ણય લેવાયેલ નથી. |
| (૨) જી.આઈ.ડી.સી. માટે સંપાદિત જમીન સરકાર મુળ ખાતેદારોને પરત કરવા માગે છે, અને | (૨) હાલ પ્રશ્ન ઉદ્દભવતો નથી. |
| (૩) જો હા, તો આ પ્રક્રિયા કેટલા દિવસમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉદ્દભવતો નથી. |

-----------

**જુનાગઢ ધોરાજી રોડ પર થયેલ ખુનની ફરિયાદ**

૨૧૬૭૧ **શ્રી ભીખાભાઇ ગ.જોષી (માળીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૧૦-૦૬ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં જૂનાગઢ ધોરાજી રોડ ઉપર માખીયાણા વચ્ચે કેટલાં ખુનો પોલીસ દફતરે નોંધાયા, | (૧) ૦૧ (એક) જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૧૧૯/૦૬, આઈપીસી કલમ-૩૦૨, ૨૦૧ મુજબ. |
| (૨) આ ખુનની તપાસ યોગ્ય રીતે ન થતા કોના કોના તરફથી કેટલી ફરીયાદો સરકારને મળી, | (૨) ૦૨ (બે) ફરીયાદો<br>-- ધારાસભ્યશ્રી ભીખાભાઈ જોષી-માળીયા<br>-- કંચનબેન નારણગિરિ |
| (૩) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ આ તપાસ કામગીરી ક્યા તબક્કે છે, અને | (૩) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેસની તપાસ સર્કલ પોલીસ ઈન્સ્પેકટરશ્રી જૂનાગઢ હસ્તક તપાસ હતી, ત્યારબાદ તા.૨૦-૨-૦૭થી આ તપાસ પોલીસ ઈન્સ્પેકટરશ્રી જૂનાગઢ તાલુકાએ તપાસ સંભાળેલ છે. |
| (૪) કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી ? | (૪) એકપણ નહીં, કેસની તપાસ હાલમાં ચાલુ છે. |

-----------

**મોટા ઉદ્યોગોને કરમુક્તિ**

૨૧૭૦૭**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજ્યમાં ક્યા ક્યા મોટા ઉદ્યોગોને કરમાં મુક્તિ કે રાહત આપવામાં આવી, અને<br>(૨) આ મુક્તિ કેટલી રકમની અને કેટલા સમય માટે આપવામાં આવી છે ? | (૧) અને (૨) તા. ૩૧-૩-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્ટીલ, કેમિકલ્સ, ટેક્ષટાઈલ, કોક, એન્જિનીયરીંગ વિગેરે ક્ષેત્રોના ૨૮ મોટા ઉદ્યોગોને વેચાણવેરા મુક્તિ મંજૂર કરવામાં આવેલ છે. તેઓએ ઉક્ત સમયગાળામાં ૧૦૯.૪૨ કરોડની મુક્તિ ભોગવેલ છે.<br><br>એકમના મુડીરોકાણ પ્રમાણે જુદી જુદી પ્રોત્સાહન યોજનાઓની જોગવાઈ મુજબ ઉપરોક્ત પ્રોત્સાહનના લાભો પાંચ વર્ષથી દસ વર્ષ સુધીના સમયગાળા માટે આપવામાં આવેલ છે. |

-----------

**ભરૂચ જિલ્લાનું પોલીસ ખાતાનું મહેકમ**

૨૧૦૧૯ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧મી જુલાઈ, ૨૦૦૬ની સ્થિતિએ મંજૂર થયેલ કુલ પોલીસ મહેકમ કેટલું, | (૧) ૧૫૩૨ |
| (૨) તે પૈકી હાજર મહેકમ કેટલું, અને | (૨) ૧૩૫૯ |
| (૩) ખાલી રહેતી જ્ગ્યાઓ ભરવા માટે સરકાર તરફથી આયોજન કરવામાં આવેલ છે કે કેમ ? | (૩) ખાલી જ્ગ્યાઓ વહીવટી અનુકૂળતાએ ભરવામાં આવે છે. |

-----------

**પચાસ કરોડથી વધુ રોકાણવાળા નવા ઉદ્યોગોની સ્થાપના**

૨૨૩૧૯**શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષ દરમ્યાન રાજ્યમાં પચાસ કરોડથી વધુ રોકાણ કરનાર કેટલા ઉદ્યોગો ક્યા ક્યા સ્થપાયા, | (૧) છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજ્યમાં ૫૦ કરોડથી વધુ મૂડી રોકાણવાળા પ્રોજેક્ટો સ્થાપવા માટેની ૨૩૯ દરખાસ્તો મળેલ છે. તે સહિત અથવા તે સિવાય વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૫માં ૫૦ કરોડથી વધુ રોકાણવાળા ૧૧૬ એમ.ઓ.યુ. થયેલ છે. જિલ્લાવાર યાદી આ સાથે પત્રક-૧માં સામેલ છે. |
| (૨) એ ઉદ્યોગો માટે સરકાર તરફથી શું શું સવલતો ઉપલબ્ધ કરાવવામાં આવી, અને<br>(૩) કેવા પ્રોત્સાહનો આપવામાં આવ્યા ? | (૨) અને (૩) નવા પ્રોજેક્ટને પાંચ વરસ માટે વીજકરની મુક્તિ આપવામાં આવે છે. એકમના પ્રોજેક્ટોનું ઝડપી અમલીકરણ થાય તે માટે વ્યવસ્થા કરવામાં આવે છે અને પ્રોજેક્ટોના મોનીટરીંગ માટે રાજ્ય કક્ષાએ અને જીલ્લા કક્ષાએ કમીટી રચવામાં આવેલી છે. પ્રમોટરને જરૂરી સવલતો મળે તે માટે તમામ પ્રયત્નો કરવામાં આવે છે. |

**પત્રક-૧**

**છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજ્યમાં ૫૦ કરોડથી વધુ મૂડીરોકાણવાળા પ્રોજેક્ટો સ્થાપવા માટેની દરખાસ્તોની જિલ્લાવાર યાદી**

| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **જિલ્લાવાર મળેલ દરખાસ્તોની સંખ્યા** | **વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૫ દરમ્યાન થયેલ એમ.ઓ.યુ. ની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ | ૮ | ૧૫ |
| ૨ | અમરેલી | ૩ | ૨ |
| ૩ | આણંદ | ૧ | ૧ |
| ૪ | ભરૂચ | ૪૬ | ૧૨ |
| ૫ | ભાવનગર | ૫ | ૩ |
| ૬ | ગાંધીનગર | ૨ | ૯ |
| ૭ | ગોધરા | ૩ | ૧ |
| ૮ | જામનગર | ૬ | -- |
| ૯. | જૂનાગઢ | ૪ | ૧ |
| ૧૦. | કચ્છ | ૧૦૩ | ૨૨ |
| ૧૧. | મહેસાણા | ૩ | ૩ |
| ૧૨. | નવસારી | -- | ૧ |
| ૧૩. | પોરબંદર | ૧ | -- |
| ૧૪. | રાજકોટ | ૩ | ૨ |
| ૧૫. | સુરત | ૨૦ | ૧૮ |
| ૧૬. | સુરેન્દ્રનગર | ૨ | ૧ |
| ૧૭. | વડોદરા | ૧૧ | ૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૮. | વલસાડ | ૧૮ | ૬ |
| ૧૯. | * પ્રોજેક્ટ એક કરતાં વધારે જીલ્લામાં | -- | ૧૭ |
| **કુલ :-** | | **૨૩૯** | **૧૧૬** |

-----------

**પોલીસ દળના આધુનિકરણ પાછળ થયેલ ખર્ચ**

૨૨૪૩૨ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોલીસ દળના આધુનિકરણ માટે નાણાંકીય વર્ષ ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૨૦૦૬માં વર્ષવાર કુલ કેટલી રકમ ખર્ચવામાં આવી, અને

(૨) આ રકમ કઈ કઈ બાબતો માટે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં
રૂા. ૧,૩૧,૮૭,૭૨,૪૮૪/-
વર્ષ ૨૦૦૫-૨૦૦૬માં
રૂા. ૮૬,૫૬,૧૩,૪૩૭/-

(૨) * પરિશિષ્ટ-૧ અને ૨ મુજબ.

(* પરિશિષ્ટ સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**કડી અને ક્લોલ તાલુકામાં પીવાના પાણીની વ્યવસ્થા**

૨૧૬૬૮ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના આધારિત પીવાનું પાણી કડી તેમજ ક્લોલ તાલુકાના કેટલા ક્યા ક્યા ગામોને ક્યારે પુરું પાડવામાં આવશે,

(૨) તા. ૩૧/૧/૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પીવાનું પાણી પુરું પાડવા માટે નાખવામાં આવેલ પાઈપ લાઈનની ગુણવત્તા હલકી હોવા અંગેની ફરિયાદો સરકારને મળેલ છે કે કેમ, અને

(૩) તા. ૩૧/૧/૦૭ ની સ્થિતિએ પીવાના શુધ્ધ પાણી માટે કેટલા કેન્દ્રો કડી તેમજ ક્લોલ તાલુકામાં ક્યાં ક્યાં નાંખવામાં આવ્યા ?

**જવાબ**

(૧) કડી તાલુકાના ૧૧૯ ગામો અને ક્લોલ તાલુકાના ૬૭ ગામોને માર્ચ-૨૦૦૭ના અંત સુધીમાં પીવાનું પાણી આપવાનું આયોજન છે. ગામોની યાદી *પરિશિષ્ટ-અ અને બ મુજબ છે.

(૨) ના, જી.

(૩) નીચે મુજબ.

**કડી તાલુકો :**

લક્ષ્મીપુરા - મેઇન હેડવર્ક્સ
નરસિંહપુરા - સબ હેડવર્ક્સ
ઉમાનગર - સબ હેડવર્ક્સ

**ક્લોલ તાલુકો :**

પ્રતાપપુરા - મેઇન હેડવર્ક્સ
સોજા - મેઇન હેડવર્ક્સ
ભોંયણ - સબ હેડવર્ક્સ
રાંચરડા - સબ હેડવર્ક્સ

(* પરિશિષ્ટ સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**ખેતી માટે પ્રતિદિન વીજ માંગ**

૨૧૭૬૫**શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજ્યમાં ખેતી વિષયક હેતુ માટે પ્રતિદિન વીજ માંગ કેટલી છે,

**જવાબ**

(૧) ૪૭.૮૭૮ મીલીયન યુનિટ.

(૨) રાજ્યમાં હાલ ખેતી માટે પ્રતિદિન કેટલા કલાક સતત થ્રી ફેઇઝ વીજ સપ્લાય અપાય છે,

(૩) રાજ્યમાં હાલ ખેતી માટે અપાતો વીજ સપ્લાય અપૂરતો છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૪) આગામી સમયમાં રાજ્યનાં ખેડૂતોને ૧૨ કલાકથી વધારે ખેતી વિષયક થ્રી ફેઇઝ વીજ સપ્લાય આપવા માંગો છો કે કેમ ?

(૨) પ્રતિદિન ન્યૂનતમ ૮ કલાક અને જરૂર જણાયે તેથી વધુ કલાક વીજ પુરવઠો આપવામાં આવે છે.

(૩) ના, જી.

(૪) વીજ માંગ અને વીજ ઉત્પાદન ધ્યાને લઇ વીજ પુરવઠો આપવામાં આવે છે.

-----------

**વિનાશક પૂર અને વરસાદને કારણે સુરતના ઉદ્યોગોને થયેલ નુકસાન**

૨૧૭૬૩ **શ્રી મનીષ ન. ગીલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત શહેરમાં ઓગષ્ટ, ૨૦૦૬માં આવેલ વિનાશક પૂર-વરસાદના કારણે શહેરના ઉદ્યોગોને કેટલું નુકસાન થયેલ છે,

(૨) સરકાર દ્વારા આવા અસરગ્રસ્ત ઉદ્યોગો, લઘ ુ ઉદ્યોગો અને કુટિર ઉદ્યોગોને કેટલું પેકેજ જાહેર કરવામાં આવેલ છે, અને

(૩) જેમાં અસરગ્રસ્ત દીઠ કેટલી રકમ આપવાનું નક્કી કરેલ છે, તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ પેકેજ અન્વયે કેટલી રકમ ચુકવાઈ ?

**જવાબ**

(૧) ઓદ્યોગિક એકમોને રૂા.૪૦૪૮.૮૮ કરોડ તથા કુટિર ઉદ્યોગોને રૂા.૨૨.૧૪ કરોડનું નુકસાન થયેલ છે.

(૨) અને (૩) : જાહેર કરેલ પેકેજની વિગતો નીચે મુજબ છે :-

**(અ) અતિ નાના અને લઘુ ઉદ્યોગ :-**

- અતિ નાના એકમોને નુકસાનની રકમના ૨૫ ટકા રૂા.૨૫,૦૦૦/- ની મર્યાદામાં રોકડ સહાય.
- અસરગ્રસ્ત ઉદ્યોગોને એક વર્ષ માટે ૫ ટકાના દરે રૂા. ૫ લાખની મર્યાદામાં વ્યાજ સહાય.
- તા.૧-૮-૦૬ થી છ માસ માટે ઇલેકટ્રીક્સીટી ડયુટી વિલંબિત ચુકવણીનો લાભ (છ માસમાં વગર વ્યાજે પરત ચુકવણી)
- ઓગષ્ટ માસમાં ભરવા પાત્ર વેટ અને વીજ બીલની વિલંબિત ચૂકવણી (જે વગર વ્યાજે સપ્ટેમ્બરમાં પરત ચૂકવણી)
- તા.૧-૮-૦૬ થી ત્રણ માસ માટે મીનીમમ બીલને બદલે ખરેખર વપરાશ મુજબ બીલ વસુલાત.
- બેંકમાંથી પુનઃ વસન માટે લીધેલ લોનના દસ્તાવેજો પર ભરવા પાત્ર સ્ટેમ્પ ડયુટીમાંથી સંપૂર્ણ મુક્તિ.

**(બ) કુટિર ઉદ્યોગ :-**

- વંશપરંપરાગત અને હાથશાળના કારીગરોને ભારત સરકાર તરફથી રૂા.૧૦૦૦/- સાધન માટે અને કાચામાલના રૂા.૧૦૦૦/- એમ કુલ રૂા.૨૦૦૦/- આપવામાં આવશે. અને તેટલી જ રૂા.૨૦૦૦/- ની રકમ રાજ્ય સરકાર તરફથી આપવામાં આવશે.

રૂા.૫૯૭.૨૧ લાખની રોકડ સહાય ચૂકવવામાં આવેલ છે.

-----------

**મચ્છુ-ઉના બંધના કામની પ્રગતિ બાબત**

૨૨૩૭૫**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : ાાનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) મચ્છુ-૩ બંધના ટેન્ડરો ક્યારે બહાર પાડવામાં આવ્યા,

(૧) તા.૯-૧-૦૪ ના રોજ.

(૨) તા. ૩૧/૧૨/૦૬ સુધીમાં કેટલું કામ પૂર્ણ થયેલ છે,

(૨) રૂા.૨૯૧.૨૭ લાખનું.

(૩) બાકી રહેતું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવા

(૩) ૩૦-૬-૨૦૦૮ સુધીમાં.

માંગો છો, અને

| | |
|---|---|
| (૪) તેની સમયમર્યાદા શું છે ? | (૪) ૩૬ માસ. |

-----------

**ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ દરમિયાન થયેલ એમ.ઓ.યુ.**

૨૧૪૮૩ **શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૭ દરમિયાન રાજ્યમાં નવા મૂડી રોકાણની કુલ કેટલી દરખાસ્ત મળી, | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૭ દરમિયાન કુલ ૩૬૩ પ્રોજેક્ટના એમ.ઓ.યુ/જાહેરાતો કરવામાં આવી છે. |
| (૨) તે માટે કેટલું સંભવિત મૂડી રોકાણ થનાર છે, અને | (૨) રૂા.૪,૬૧,૮૩૫ કરોડનું સંભવિત મૂડી રોકાણ આવશે. |
| (૩) ઊભા થતાં નવા કુલ પ્રોજેક્ટોમાં કુલ કેટલી રોજગારી ઊભી થશે ? | (૩) પ્રોજેક્ટના ડેવલપર્સના જણાવ્યા મુજબ નવા પ્રોજેક્ટોમાં અંદાજીત ૧૩,૨૬,૩૮૭ની સીધી રોજગારીની તકો ઉભી થશે. |

-----------

**મહી કાંઠાના વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા**

૨૧૬૩૮**શ્રી દિલુભા ટે. ચુડાસમા(વડોદરા (ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ભૂગર્ભ જળ સ્તોત્ર દૂષિત થવાના કારણે વડોદરા તાલુકાના મહી કાંઠાના વિસ્તારમાં ઊભી થયેલ પીવાના પાણીની સમસ્યા નિવારવા સરકારે લીધેલ કે લેવા ધારેલ પગલાંની વિગતો શું છે ? | ભૂગર્ભ જળ દૂષિત થતાં અટકાવવા માટે મહી નદીમાં સિંઘરોટ ગામ નજીક ઉમેટા બ્રિજ પાસે એક ટાઇડલ વિયર બાંધવામાં આવી રહેલ છે જેનું કામ પ્રગતિમાં છે.<br>પીવાના પાણીની સમસ્યા હલ કરવા નદીના તટમાં ફાજલપુર જૂથ યોજના અંતર્ગત ઝોન-૧ અને ઝોન-૨ માટે અલગ અલગ એક એક નંગ અદ્યતન પ્રકારના કૂવા (રેડીયલ કલેકટીંગ વેલ) બનાવી પીવા લાયક પુરતું પાણી મેળવવાનું આયોજન કરવામાં આવેલ છે. |

-----------

**સુરત જિલ્લાના જ્યોતિગ્રામ બનેલ ગામો**

૨૨૩૭૪**શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાના કેટલા અને ક્યા ક્યા ગામો જ્યોતિગ્રામ બન્યા.<br>(૨) સન ૨૦૦૭-૦૮ના વર્ષમાં બીજા કેટલા ગામો જ્યોતિગ્રામ બનશે, અને<br>(૩) આ તાલુકાઓના તમામ ગામો ક્યાં સુધીમાં જ્યોતિગ્રામ બની શકશે ? | (૧), (૨) અને (૩) : સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાના તમામ ગામો જ્યોતિગ્રામ બન્યા છે. તાલુકાવાર યાદી *પત્રક-અ મુજબ છે.<br>(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.) |

-----------

**વર્ગ-૩ના કર્મચારીઓને કોમ્પ્યુટરની ટ્રીપલ-સી ની તાલીમ અંગે**

૨૨૪૪૧**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વર્ગ-૩ના બધા કર્મચારીઓને હાયરગ્રેડ કે પ્રમોશન મેળવતા પહેલા કોમ્પ્યુટરનો ટ્રિપલ-સીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું ફરજિયાત બનાવતો પરિપત્ર કઈ | (૧) તા.૧-૧૦-૨૦૦૬ થી. |

તારીખથી અમલી બનાવેલ છે,

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) કોમ્પ્યુટરના ટ્રીપલ-સી માટેની તાલીમ મેળવવાની વ્યવસ્થા કર્મચારીના નોકરીના ગામમાં કે શહેરમાં ન હોય તે માટે શું વ્યવસ્થા કરાશે, અને | (૨) કર્મચારીને નજીકના કેન્દ્ર પર તાલીમ માટે વ્યવસ્થા કરાઇ છે. |
| (૩) આવી તાલીમ પ્રમાણપત્ર કેટલા દિવસની તાલીમ પછી મળે છે? | (૩) તાલીમ પછી પ્રમાણપત્ર નથી અપાતું પણ પરીક્ષાના પરિણામના આધારે જે તે કચેરી ઉત્તીર્ણતાના હુકમ કરે અને સેવાપોથીમાં નોંધ લે તેવી જોગવાઇ છે. |

-----------

**રીક્ષા અને અન્ય વાહનોમાં સી.એન.જી. ગેસનો ઉપયોગ**

૨૧૦૧૫**શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ શહેરમાં રીક્ષાઓ તથા અન્ય વાહનોમાં સી.એન.જી. ગેસનો ઉપયોગ કરવાની સરકાર વિચારી રહી છે, તે વાત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) જો, હા તો ક્યારથી શરુ કરવામાં આવશે, અને | (૨) મે-૨૦૦૭. |
| (૩) રાજકોટમાં કેટલી જગ્યાએ અને ક્યા ક્યા સ્થળે સી.એન.જી. ગેસ ફીલીંગ સ્ટેશનો સ્થાપવામાં આવશે ? | (૩) રાજકોટ શહેરમાં નીચે મુજબના પાંચ સ્થળોએ.<br>૧. ગાર્ડન ફેરી લેન્ડ હોટેલની સામે, મોરબી- પોરબંદર બાયપાસ,<br>૨. કુવાડવા રોડ,<br>૩. કાલાવડ રોડ,<br>૪. મેન કોઠારીયા રોડ,<br>૫. ગોંડલ રોડ, |

-----------

**નર્મદા યોજના વીજ મથકોની ઉત્પાદન ક્ષમતા**

૨૨૩૯૩**પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા યોજનાના બંને વીજ મથકોમાંની કેટલી વીજળી ઉત્પન્ન થશે, | (૧) સરદાર સરોવર (નર્મદા) યોજનાના બંને વીજમથકોની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૧૪૫૦ મેગાવોટની છે. બંધની ઉંચાઇ ૧૩૮.૬૮ મી. સુધી પુર્ણ થતાં આ વીજળી ઉત્પન્ન થઇ શકે. |
| (૨) તેમાં ભાગીદાર રાજ્યોનો હિસ્સો કેટલો છે, | (૨) વીજ ઉત્પાદનમાં ભાગીદાર રાજ્યો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતનો અનુક્રમે ૫૭%, ૨૭% અને ૧૬% હિસ્સો છે. |
| (૩) ડેમની ઉંચાઈ વધી છે તેના કારણે વીજ ઉત્પાદનના બંને વીજમથકોની ક્ષમતા કેટલી છે, | (૩) મુખ્ય બંધની છલતીની ઉંચાઇ વધીને ૧૨૧.૯૨ મી. થતાં સરદાર સરોવરમાં આ સપાટીએ પાણી ભરાયા બાદ, નદી તળ ભૂગર્ભ જળ વીજમથક દ્વારા ૧૨૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન થઇ શકશે. જ્યારે નહેર આમુખ વીજ મથક દ્વારા ૧૭૦ મેગાવોટની વીજળી ઉત્પન્ન થઇ શકશે. |
| (૪) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલું ઉત્પાદન થાય છે, અને | (૪) ૩૧-૧૨-૦૬ સુધીમાં બંને વીજ મથકો દ્વારા સંયુક્ત રીતે ૫૪૧.૩૭ કરોડ યુનીટ વીજ ઉત્પાદન થયેલ છે. |
| (૫) તેથી રાજ્યને કેટલો ફાયદો થશે ? | (૫) ગુજરાત રાજ્યને ફાળે ઉત્પાદીત વીજળીના ૧૬% લેખે હીસ્સો મળે છે. જે મુજબ રાજ્યને ફાળે ડિસેમ્બર-૦૬ ના અંત સુધીમાં ૮૬.૬૨ કરોડ યુનીટ વીજળી મળેલ છે. |

-----------

**પાટણ જિલ્લામાં પોલીસ ખાતાની ખાલી જ્ગ્યાઓ**

૨૧૦૧૨ **શ્રી માલજીભાઈ દે. દેસાઈ(ચાણસ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧/૧/૦૭ની સ્થિતિએ પાટણ જિલ્લામાં પોલીસવડાના તાબામાં આવતા તાલુકા અને આઉટ પોસ્ટ અને અન્ય જ્ગ્યાઓ કેટલી ખાલી છે, | (૧) ૧૬૩ |
| (૨) આ ખાલી જ્ગ્યાઓ સરકાર ક્યારે ભરવા માગે છે, અને<br>(૩) તેની સમય મર્યાદા સરકાર નક્કી કરવા માગે છે કે કેમ ? | (૨) અને (૩) : વહીવટી અનુકૂળતાએ ભરવામાં આવે છે. |

-----------

**સાપુતારા ખાતે ૬૬ કે.વી. સબ સ્ટેશન**

૨૧૦૦૩**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ડાંગ જિલ્લામાં સાપુતારા (માલેગાંવ) ખાતે ૬૬ કે.વી. સબસ્ટેશન ક્યારે તેયાર કરવામાં આવ્યું, અને<br>(૨) કેટલા સમયમાં તે કાર્યાન્વિત કરવામાં આવશે ? | (૧) અને (૨) : તા.૧૦-૮-૨૦૦૫ના રોજ તેયાર કરવામાં આવ્યું. હાલ આ સબસ્ટેશન ૧૧ કે.વી. પર કાર્યાન્વિત છે. |

-----------

**વલસાડ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના**

૨૨૧૬૬**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વલસાડ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજનામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલા ગામોમાં જ્યોતિગ્રામ યોજનાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી, અને | (૧) વલસાડ જિલ્લામાં તમામ ૪૫૦ ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લીધેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂા.૫૬.૩૯૬૭ કરોડ. |

-----------

**સુરત શહેરમાં મંજૂર થયેલ પાળા યોજના**

૨૦૯૯૨**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા(સુરત શહેર (પશ્ચિમ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરત શહેરને તાપી નદીના પુરથી સંરક્ષણ આપવા મંજુર થયેલ પાળા યોજના તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ક્યા તબક્કમાં છે, અને | (૧) પ્રથમ તબક્કામાં છે. |
| (૨) રાજ્ય સરકાર પાળા યોજનાને કેટલા સમયમાં પૂર્ણ કરવા માંગે છે ? | (૨) પ્રથમ તબક્કાના ટેન્ડરો મંજૂર થયેથી ૧૫ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

**જેલ સુધારણા સમિતિની ભલામણોનો અમલ**

૨૧૫૫૩**ડૉ. દિનેશ પરમાર (જામનગર રૂરલ) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જેલ સુધારણાના હેતુથી બાબુભાઈ વાસણવાળા સમિતિની રચના ક્યારે કરવામાં આવેલ, | (૧) તા.૮-૮-૧૯૭૭ થી. |
| (૨) આ સમિતિએ તેનો રિપોર્ટ ક્યારે સરકારને સુપ્રત કર્યો, | (૨) મે.૧૯૭૯ |

(૩) આ રિપોર્ટની કેટલી ભલામણો તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ સ્વીકારી તેનો અમલ કરવામાં આવ્યો છે,

(૪) કઇ ભલામણોનો અમલ આજદીન સુધી કરવામાં આવ્યો નથી, અને

(૫) તેના કારણો શાં છે ?

(૩) ૪૪ ભલામણો પૂરેપૂરી સ્વીકારી, ૦૯ ભલામણોનો અંશતઃ અમલ કરવામાં આવ્યો.

(૪) અને (૫) :

૦૫ ભલામણોનો મોટો નાણાકીય બોજ હોવાના કારણે.
(ભલામણ ક્રમાંક : ૧૯, ૨૬, ૫૩, ૫૪, ૭૩)

૧૧ ભલામણોનો વ્યવહારુ અમલ શક્ય નહીં હોવાના કારણે.
(ભલામણ ક્રમાંક : ૨૧, ૨૭, ૩૫, ૩૯, ૪૧, ૪૨, ૪૪, ૫૦, ૫૧, ૫૨, ૬૦)

૦૪ અન્ય વિભાગ તથા કેન્દ્ર સરકારને સ્પર્શતી હોવાના કારણે.
(ભલામણ ક્રમાંક : ૨૮, ૪૭, ૪૮, ૬૬)

-----------

## નશાબંધીના નિયમોમાં છુટછાટ

૨૧૭૬૯ **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નશાબંધીના નિયમોમાં કોઇ છુટછાટ આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) તા. ૧-૧-૦૬ થી તા. ૧-૨-૦૭ સુધીમાં રાજ્યમાં દારુની કેટલી પરમીટ આપવામાં આવેલી ?

**જવાબ**

(૧) વિદેશથી કે પરપ્રાંતથી ગુજરાતની મુલાકાતે આવતા પર્યટકો/મુલાકાતીઓને તેમજ "સેઝ" માં વસવાટ કરતા નાગરીકોને નિયમ મુજબ મળવાપાત્ર પરમીટ મેળવવાની પ્રક્રિયામાં ફેરફાર કરવામાં આવ્યો છે.

(૨) ૭૪૮૪

-----------

## ક્તારથી લવાતા સી.એન.જી. ગેસના કરાર અંગે

૨૨૨૮૧ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ક્તારથી આયાત કરી રાજ્યના દહેજ અને હજીરામાં આવનાર કે લવાયેલ સી.એન.જી. ગેસની ખરીદી કરારનો સમય ૨૦૦૫ માં પૂરો થઈ ગયેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો કરારના સમયગાળા દરમ્યાન નીયત થયેલ જથ્થો આયાત થયો નથી તેના કારણો શાં છે, અને

(૩) જો ના, તો ૧૯૯૭ માં ગુજરાત સરકાર અને ગુજરાત રાજ્ય પેટ્રોલીયમ કોર્પોરેશન દ્વારા ક્તાર ગયેલ પ્રતિનીધી મંડળ અને ગેસ મેળવવા સંબંધી કરારોની મુદ્દત અને વ્યવસાયિક વ્યવસ્થાપનની વિગત શી છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : કોઇ ખરીદીનો કરાર ન થવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**સરકારની વાર્ષિક યોજનાનું કદ અને ખર્ચ**

૧૯૦૦૯ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષની વાર્ષિક યોજનાનું કદ કેટલું રાખવામાં આવ્યું હતું, ક્યા આધારે, અને

**જવાબ**

(૧)

| વાર્ષિક યોજના | વાર્ષિક યોજનાનું કદ (રૂા. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૩-૦૪ | ૬૭૪૦.૦૦ |
| ૨૦૦૪-૦૫ | ૮૬૦૯.૭૯ |
| ૨૦૦૫-૦૬ | ૧૧૦૦૦.૦૦ |

યોજનાનું કદ નાણાં વિભાગ પાસેથી આવકના સંશાધનના અંદાજ મેળવી તથા વિકાસના ક્ષેત્રોની અગત્યતા ધ્યાને લઇ નક્કી થાય છે.

(૨) આ પેકી કેટલું ખર્ચ કરવામાં આવ્યું ?

(૨)

| વાર્ષિક યોજના | થયેલ ખર્ચ (રૂા. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૩-૦૪ | ૭૫૮૪.૬૯ |
| ૨૦૦૪-૦૫ | ૮૬૬૯.૬૧ |
| ૨૦૦૫-૦૬ | ૧૦૪૦૫.૧૧ |

-----------

**કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકામાં લૂંટ, ધાડ, ખૂન,ચોરી ધાર્મિક સ્થળે ચોરીના કેસો**

૨૧૯૯૪ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં મુન્દ્રા તાલુકામાં સન ૨૦૦૫ અને ૨૦૦૬ના વર્ષમાં કેટલા લૂંટના, ધાડના, ખૂન, ચોરી, ધાર્મિક સ્થળે ચોરીના બનાવો બન્યા છે, અને

**જવાબ**

(૧)

| ગુનાનો પ્રકાર | ૨૦૦૫ | ૨૦૦૬ |
|---|---|---|
| લૂંટ | ૦૦ | ૦૪ |
| ધાડ | ૦૧ | ૦૨ |
| ખૂન | ૦૨ | ૦૪ |
| ચોરી | ૧૦ | ૧૯ |
| ધાર્મિક સ્થળે ચોરી | ૦૧ | ૦૯ |

(૨) બનાવો બન્યા પછી તહોમતદારોને પકડવામાં આવ્યો છે કે કેમ ?

(૨) કેટલાક બનાવોમાં ગુનેગારો પકડવાના બાકી છે.

-----------

**વાપી ઓદ્યોગિક વિસ્તારમાં થતાં કોમર્શિયલ બાંધકામો**

૨૨૦૫૧**શ્રી શંકરભાઈ મં. વારલી(ઉમરગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ વાપી ઓદ્યોગિક વિસ્તારમાં ઓદ્યોગિક સિવાયના કોમર્શિયલ બાંધકામો થઇ રહ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને

(૩) સરકાર આ બાબતે શાં પગલાં ભરવા માંગે છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : જીઆઇડીસી નીચે સંપાદન કરવામાં આવતી જમીનોમાં સ્થાપવામાં આવતી એસ્ટેટોમાં ઓદ્યોગિક યુનિટો સ્થપાય તેવો મુખ્ય હેતુ છે. આવા યુનિટો ઉપરાંત જીઆઇડીસીના નિયમો/વિનિયમો મુજબ વાણિજ્યક અને રહેણાંક માટે પણ જમીન ફાળવવામાં આવે છે. તદઅનુસાર વાપી ઓદ્યોગિક વિસ્તારમાં ઓદ્યોગિક, વાણિજ્યક અને રહેણાંકના હેતુ માટે જમીન

ફાળવવામાં આવી છે.

-----------

**રાજ્યમાં મહિલાઓ ઉપર બળાત્કાર, અપહરણ અને અત્યાચારના નોંધાયેલ કેસ**

૨૧૦૦૭ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં મહિલાઓ ઉપર બળાત્કાર અપહરણ અને અત્યાચારના કેટલા બનાવો જિલ્લાવાર પોલીસ દફતરે નોંધાયા,

**જવાબ**

(૧) આ સાથેના પત્રક-૧ મુજબ.

**પત્રક-૧**

| અ.નં. | શહેર/જિલ્લો | બળાત્કાર | અપહરણ | અત્યાચાર ઇ. પી. કો. ક. ૪૯૮(ક) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમદાવાદ શહેર | ૬૦ | ૧૮૨ | ૧૦૦૮ |
| ૨ | રાજકોટ શહેર | ૫ | ૨૬ | ૧૮૨ |
| ૩ | સુરત શહેર | ૨૦ | ૧૩૦ | ૨૦૩ |
| ૪ | વડોદરા શહેર | ૬ | ૫૪ | ૧૮૧ |
| ૫ | અમદાવાદ રૂરલ | ૧૩ | ૨૮ | ૮૬ |
| ૬ | ખેડા | ૧૯ | ૩૬ | ૧૭૫ |
| ૭ | આણંદ | ૧૫ | ૩૩ | ૧૩૨ |
| ૮ | ગાંધીનગર | ૧૪ | ૨૪ | ૪૧૫ |
| ૯ | સાબરકાંઠા | ૧૨ | ૩૨ | ૧૫૧ |
| ૧૦ | મહેસાણા | ૬ | ૪૧ | ૨૧૧ |
| ૧૧ | જામનગર | ૧૩ | ૨૧ | ૨૦૬ |
| ૧૨ | રાજકોટ રૂરલ | ૨૧ | ૩૭ | ૨૯૯ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૧૯ | ૨૩ | ૮૭ |
| ૧૪ | બનાસકાંઠા | ૨૩ | ૩૬ | ૧૮૬ |
| ૧૫ | કચ્છ-ભૂજ | ૧૯ | ૫૨ | ૩૪૩ |
| ૧૬ | પાટણ | ૧૦ | ૧૩ | ૧૫૭ |
| ૧૭ | અમરેલી | ૧૫ | ૩૧ | ૨૧૮ |
| ૧૮ | ભાવનગર | ૨૬ | ૧૨૮ | ૨૧૦ |
| ૧૯ | જૂનાગઢ | ૬ | ૫૨ | ૪૧૫ |
| ૨૦ | પોરબંદર | ૨ | ૭ | ૩૬ |
| ૨૧ | વડોદરા રૂરલ | ૧૦ | ૨૦ | ૫૧ |
| ૨૨ | ભરૂચ | ૭ | ૭ | ૬૯ |
| ૨૩ | નર્મદા | ૨ | ૬ | ૧૦ |
| ૨૪ | ગોધરા | ૧૬ | ૪૪ | ૧૧૧ |
| ૨૫ | દાહોદ | ૯ | ૨૧ | ૨૮ |
| ૨૬ | સુરત રૂરલ | ૧૧ | ૧૧ | ૪૧ |
| ૨૭ | વલસાડ | ૨ | ૧૮ | ૩૨ |
| ૨૮ | નવસારી | ૨ | ૮ | ૨૮ |
| ૨૯ | ડાંગ-આહવા | ૩ | ૦ | ૧૦ |
| ૩૦ | પ.રે.વડોદરા | ૨ | ૬ | ૩ |

(૨) બળાત્કારના કેસમાં ફરિયાદ આપનાર ઈસમોની કેટલી ફરિયાદો પોલીસ દફતરે નોંધવાની ના પાડી, અને

(૩) આવી કેટલી ફરિયાદો ઉચ્ચ કક્ષાએ ફરિયાદો થતાં દાખલ થઈ ?

(૨) સીનીયર અધિકારી સમક્ષ રજૂઆત થતાં ગુનો નોંધવામાં આવેલ છે. અને આરોપીઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૩) એક કેસ આ સંબંધે પોલીસ સબ ઇન્સ્પેક્ટર સામે ખાતાકીય રાહે પગલાં લેવાઇ રહેલ છે.

-----------

**ગુમ થયેલા બાળકોની સંખ્યા**

૨૨૧૪૦**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા બાળકો ગુમ થવા પામ્યા, અને

(૨) તે પૈકી વલસાડ જિલ્લામાંથી ગુમ થયેલા બાળકો કેટલા છે ?

**જવાબ**

(૧) ૨૨૦૮

(૨) ૬૧

-----------

**વિદ્યુત શુલ્કમાં રાહત**

૨૦૯૯૫ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય દ્વારા ઘર વપરાશના વિજ ગ્રાહકોને વિદ્યુત શુલ્કમાં રાહત આપવા શું આયોજન કરેલ છે, અને

(૨) સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા વિદ્યુત ગ્રાહકો પાસેથી તેમના વિજળી બીલોમાં વિદ્યુત શુલ્ક પેટે કેટલી આવક થઇ ?

**જવાબ**

(૧)

| **કક્ષા** | **હાલનો દર** | **સૂચિત નવો દર** |
|---|---|---|
| ગ્રામ્ય વિસ્તારના રહેઠાણ | ૧૫ ટકા | ૧૦ ટકા |
| શહેરી વિસ્તારના રહેઠાણ | ૩૦ ટકા | ૨૦ ટકા |

(૨) રૂા.૧૮૮૮.૫૯ કરોડ.

-----------

**ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ખાતે સોફ્ટવેરની ખરીદી**

૨૧૦૧૦**શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ખાતે ડીસેમ્બર, ૦૬ સુધીમાં કેટલા સોફ્ટવેરોની ખરીદી કઈ કઈ કંપનીઓ પાસેથી શા ભાવે ખરીદવામાં આવી, અને

(૨) આ કંપનીના સંચાલકો દ્વારા કેટલી વખત વિઝીટ કરવામાં આવી અને કેટલું ભથ્થું છેલ્લા એક વર્ષમાં ચુકવવામાં આવ્યું ?

**જવાબ**

(૧) બે સોફ્ટવેરની ખરીદી, મેસર્સ દેવ આઇ.ટી.પી.એલ. અમદાવાદ નામની કંપની પાસેથી અનુક્રમે રૂા.૧,૪૪,૨૦૦/- તથા રૂા.૭,૨૭૫/- ના ભાવે ખરીદવામાં આવી.

(૨) કોઇ વીઝીટ કરવામાં આવેલ ન હોઇ ભથ્થું ચુકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ- ૨૦૦૭ દરમિયાન થયેલ એમ. ઓ.યુ.**

૨૨૦૯૬**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૭ દરમિયાન કુલ કેટલા એમ.ઓ.યુ. થયા,

(૨) તે સામે કેટલું સંભવિત મૂડીરોકાણ થનાર છે, અને

(૩) તે સામે કેટલી રોજગારીની તકો ઉભી થશે ?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૭ દરમિયાન કુલ ૩૬૩ પ્રોજેક્ટના એમ.ઓ.યુ./જાહેરાતો કરવામાં આવી છે.

(૨) રૂા.૪,૬૧,૮૩૫ કરોડનું સંભવિત મૂડી રોકાણ આવશે.

(૩) પ્રોજેક્ટના ડેવલપર્સના જણાવ્યા મુજબ નવા પ્રોજેક્ટોમાં અંદાજીત ૧૩,૨૬,૩૮૭ ની સીધી રોજગારીની તકો ઉભી થશે.

-----------

**થિયેટરો પાસેથી મનોરંજન કરની બાકી વસુલાત**

૨૧૧૬૮ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ક્યા ક્યા થિયેટરો પાસેથી કેટલી રકમનો મનોરંજન કર વસુલ કરવાનો બાકી છે.

(૨) તે પેકી ક્યા ક્યા થિયેટરોને તોડી

**જવાબ**

(૧) નીચે જણાવ્યા મુજબના બે થિયેટરો પાસેથી મનોરંજન કર રૂા. ૧૯,૪૧૩.૦૦ વસુલ કરવાનો બાકી છે.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી મહાલક્ષ્મી ટોકીઝ | રૂા. ૧૯,૧૮૪.૦૦ |
| ૨ | અલંકાર ચિત્ર મંદિર | રૂા. ૨૨૯.૦૦ |
| | કુલ : | રૂા. ૧૯,૪૧૩.૦૦ |

(૨) એક પણ નહીં અને બાકી રહેતો કર ઝડપથી

નાખવામાં આવ્યા અને બાકી રહેતો કર વસુલ કરવા સરકારે શું આયોજન કર્યુ છે, અને

વસુલ કરવાનું આયોજન છે.

(૩) આવા તોડી પડાયેલ થિયેટરોએ હેતુફેર કરાવેલ છે કે કેમ ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજકોટના જસદણ તાલુકાના ક્નેસરા ઘેલા સોમનાથ પાસેની પનીધો નાની સિંચાઇ યોજના**

૨૨૧૯૩**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાની ક્નેસરા અને ઘેલા સોમનાથ પાસેની પનીધો નાની સિંચાઇ યોજના તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ યોજનાનું કામ ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) ક્નેસરા સિંચાઈ યોજનાના વિકલ્પે સીરીઝ ઓફ ચેકડેમની દરખાસ્ત વિચારણા હેઠળ છે. જ્યારે પાનીયો (સોમપીપળીયા) નાની સિંચાઈ યોજના અહેવાલ તબક્કે છે.

(૨) ક્નેસરા ૨ સીરીઝ ઓફ ચેકડેમ તથા પાનીયો નાની સિંચાઈ યોજનાના કામો મંજૂર થયે પૂરતી બજેટ જોગવાઈ હાથ ધરી કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**બારડોલી તાલુકાના તરભોણ ગામની બાળા ઉપર થયેલ બળાત્કાર સંબંધે પોલીસની નિષ્ક્રીયતા**

૨૧૬૪૪ **શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બારડોલી તાલુકાના તરભોણ ગામની હળપતિ જાતિની બાળા ઉપર ઓગસ્ટ, ૨૦૦૬માં થયેલ બળાત્કાર બાબતે પોલીસની નિષ્ક્રીય કામગીરીને કારણે ભોગ બનનાર બાળા એક બાળકની માતા બની છે એ બાબતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો પોલીસ ઇન્સપેક્ટર બારડોલીના આરોપી સાથેના મેળાપીપણામાં આ કેસ ઢીલો કરી નાંખવામાં આવેલ હોય આ કેસના આરોપીઓને ફરીથી પકડવા ગૃહ વિભાગ નક્કર પગલાં ભરવા માંગે છે કે કેમ, અને

(૩) આ કેસમાં ભોગ બનનાર બાળા અને એના બાળકને ક્યાં સુધીમાં એનો હક્ક અને ન્યાય મળે એ માટે સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) ક્લાબેન મંગુભાઈ ભાણાભાઈ હળપતિની દીકરી, ઉ.વ. ૧૭, રહે. તરભોણે તારીખ : ૫-૧૦-૨૦૦૬ ના રોજ ફરીયાદ આપતાં, બારડોલી પોલીસ સ્ટેશન I. ગુ.ર.નં. ૧૪૬/૦૬, ઈ.પી.કો. કલમ : ૩૭૬, ૫૦૬ (૨) મુજબ દાખલ કરવામાં આવેલ, જે બનાવ સબંધમાં પોલીસની કોઈ નિષ્ક્રિયતા નથી.

(૨) આ ગુનો નોંધી આરોપી શ્રી રાકેશભાઈ નયનભાઈ પરમાર, રહે. તરભોણની તારીખ : ૧૧-૧૦-૨૦૦૬ ના ક્લાક : ૧૧ વાગે અટક કરી, કોર્ટ હવાલે કરેલ છે. જેથી ફરીથી આ કેસમાં આરોપીને પકડવાની જરૂર રહેતી નથી.

(૩) પોલીસ તપાસના અંતે આરોપી સામેના પુરાવાઓ એકત્રિત કરી, નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોય નામ. કોર્ટમાં કેસ ચાલવા ઉપર બાકી છે. તે અન્વયે કોર્ટનો ચુકાદો આવ્યેથી ભોગ બનનારને ન્યાય મળી રહેશે.

-----------

**દારુ, અફીણ, ગાંજો, ચરસ કોકેઇન તથા હેરોઇનના કેસો**

૨૧૯૮૨ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દારુ, અફીણ, ગાંજો, ચરસ કોકેઇન તથા હેરોઇન વગેરે કેટલી રકમના પકડાયેલ છે,

**જવાબ**

(૧)

| | |
|---|---|
| દારુ | રૂા. ૪૭૨૩૬૮૧૯૪.૦૦ |
| અફીણ | રૂા. ૬૭૩૫૪૫.૦૦ |
| ગાંજો | રૂા. ૧૧૧૮૨૪૪૩.૦૦ |
| ચરસ | રૂા. ૯૨૭૫૦૫૫.૦૦ |
| કોકેઈન | રૂા. ૦૦.૦૦ |
| હેરોઈન/બ્રાઉન સુગર | રૂા. ૧૦૨૧૧૭૦૨૪.૦૦ |

| | |
|---|---|
| (૨) ઉપરોક્ત પદાર્થોનું વેચાણ અને સેવન કરતા કુલ કેટલા ઇસમો સામે ગુનો નોંધાયેલ છે, | (૨) ૩૨૯૫૭૧ |
| (૩) તે પેકી કેટલા ઇસમોની ધરપકડ થયેલ છે, અને | (૩) ૩૨૯૦૩૮ |
| (૪) કેટલા બાકી છે, અને તેના કારણો શું છે ? | (૪) ૫૩૩ બાકી છે. આ કામે નાસતા ફરતા આરોપીઓ માટે પરપ્રાંતીય છે. તેમજ અમુક્ના ચોક્કસ નામ સરનામા ન હોવાથી પકડાયેલ નથી. |

-----------

**રાજ્યમાં ઉદ્યોગોના પ્રોત્સાહન અન્વયે વેચાણવેરામાં રાહત આપવા અંગે**

૧૮૯૯૧ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ઉદ્યોગોનાં પ્રોત્સાહન માટે વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ દરમ્યાન ક્યા ક્યા ઉદ્યોગોને વેચાણવેરામાં રૂા. ૧૦૦ કરોડ કરતાં વધારાની રાહતો આપવાનો નિર્ણય કરવામાં આવ્યો, અને | (૧) રાજ્યમાં ઉદ્યોગોનાં પ્રોત્સાહન માટે વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ દરમ્યાન રીફાઈનરી, સ્ટીલ, ઈલેક્ટ્રોનીક્સ તથા ટેક્ષટાઈલના ચાર (૪) એકમોને વેચાણવેરામાં રૂા. ૧૦૦ કરોડ કરતાં વધારે રાહત આપવામાં આવી. |
| (૨) રાજ્યનાં લઘુ ઉદ્યોગોને આ વર્ષો દરમ્યાન કુલ કેટલી રકમની વેરા રાહતમાં છૂટછાટ આપવામાં આવી ? | (૨) આ વર્ષો દરમ્યાન લઘુ ઉદ્યોગોને રૂા. ૫૦.૭૩ કરોડની વેચાણવેરા રાહત આપવામાં આવેલ છે. |

-----------

**અમદાવાદ જિલ્લાના ગામોને નર્મદાનું પીવાનું પાણી આપવા અંગે**

૨૨૪૩૦**શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં નર્મદા યોજનાનું પીવા માટેનું પાણી જૂન-૦૬ માં આવવાનું હતુ જે હજી પણ મોટા ભાગના વિસ્તારોમાં પહોચાડાયુ નથી. તો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલા ગામોને પાણી મળતું થયું છે, અને | (૧) ૩૮ ગામોને |
| (૨) બાકી રહેલ ગામોને ક્યાં સુધીમાં પાણી પહોંચાડવાનું આયોજન છે ? | (૨) ૨૩૦ ગામોમાં એપ્રિલ-૨૦૦૭ સુધીમાં, ૫૬ ગામોમાં મે-૦૭ અને ૧૨૫ ગામોમાં જુલાઈ-૨૦૦૭ સુધીમાં પાણી પહોંચાડવાનું આયોજન છે. |

-----------

**ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ માં થયેલ એમ.ઓ.યુ.**

૨૧૩૧૨ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭માં રાજ્યમાં ક્યા ક્યા ક્ષેત્રમાં કેટલા મૂડી રોકાણના એમ. ઓ. યુ. થયા, | કુલ ૧૯ ક્ષેત્રોમાં રૂા. ૪,૬૧,૮૩૫ કોરડના મૂડી રોકાણના એમ.ઓ.યુ/ જાહેરાત થયેલ છે. જેની વિગત દર્શાવતું પરિશિષ્ટ-અ આ સાથે સામેલ છે. |

**પરિશિષ્ટ-અ**

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૭માં સેકટરવાર થયેલ એમ.ઓ.યુ./ એનાઉન્સમેન્ટની વિગતનું પત્રક

| અ.નં. | સેકટર | એમ.ઓ.યુ.ની સંખ્યા | મૂડીરોકાણ (રકમ રૂ.કરોડમાં) | એનાઉન્સમેન્ટ | મૂડીરોકાણ (રકમ રૂ.કરોડમાં) | કુલ | કુલ મૂડીરોકાણ (રકમ રૂ.કરોડમાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | એસ ઈ ઝેડ | ૨૮ | ૧૭૦૮૮૯.૦૦ | - | - | ૨૮ | ૧૭૦૮૮૯.૦૦ |
| ૨ | કેમીકલ્સ એન્ડ પેટ્રોકેમીકલ્સ | ૩૧ | ૧૩૪૧૨.૦૦ | - | - | ૩૧ | ૧૩૪૧૨.૦૦ |
| ૩ | ફાર્માસ્યુટીકલ્સ | ૫ | ૩૪૭.૦૦ | - | - | ૫ | ૩૪૭.૦૦ |
| ૪ | એન્જી. ઓટો, સીરામીક્સ | ૩૬ | ૧૪૯૬૩.૦૦ | - | - | ૩૬ | ૧૪૯૬૩.૦૦ |
| ૫ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ્સ | ૨૯ | ૮૨૮૩.૦૦ | - | - | ૨૯ | ૮૨૮૩.૦૦ |
| ૬ | પેપર ઈન્ડસ્ટ્રીઝ | ૬ | ૧૫૭૭.૦૦ | - | - | ૬ | ૧૫૭૭.૦૦ |
| ૭ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૬૧ | ૧૦૩૭૫.૦૦ | - | - | ૬૧ | ૧૦૩૭૫.૦૦ |
| ૮ | બાયોટેક્નોલોજી | ૧૯ | ૧૫૪૧.૦૦ | - | - | ૧૯ | ૧૫૪૧.૦૦ |
| ૯ | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી | ૨૧ | ૧૪૮૧૧.૦૦ | - | - | ૨૧ | ૧૪૮૧૧.૦૦ |
| ૧૦ | ઓઈલ એન્ડ ગેસ | ૧૧ | ૧૯૪૮૮.૦૦ | ૧૫ | ૨૫૨૭૮.૦૦ | ૨૬ | ૪૪૭૬૬.૦૦ |
| ૧૧ | પાવર | ૧૫ | ૫૫૧૩૯.૦૦ | ૪ | ૭૮૨૯૦.૦૦ | ૧૯ | ૧૩૩૪૨૯.૦૦ |
| ૧૨ | પોર્ટ | ૨૨ | ૧૩૫૧૮.૦૦ | - | - | ૨૨ | ૧૩૫૧૮.૦૦ |
| ૧૩ | સીવીલ એવીએશન | ૪ | ૧૦૦૨૮.૦૦ | - | - | ૪ | ૧૦૦૨૮.૦૦ |
| ૧૪ | રોડ એન્ડ રેલ પ્રોજેક્ટ | ૬ | ૨૫૧૬.૦૦ | - | - | ૬ | ૨૫૧૬.૦૦ |
| ૧૫ | અર્બન ડેવલપમેન્ટ | ૫ | ૬૯૮૫.૦૦ | - | - | ૫ | ૬૯૮૫.૦૦ |
| ૧૬ | ફાયનાન્સીયલ સેકટર | - | - | ૧ | ૧૦૦૦.૦૦ | ૧ | ૧૦૦૦.૦૦ |
| ૧૭ | એજ્યુકેશન | ૨ | ૫૧૦.૦૦ | - | - | ૨ | ૫૧૦.૦૦ |
| ૧૮ | હેલ્થકેર | ૮ | ૨૦૯૨.૦૦ | - | - | ૮ | ૨૦૯૨.૦૦ |
| ૧૯ | ટુરીઝમ | ૩૪ | ૧૦૭૯૩.૦૦ | - | - | ૩૪ | ૧૦૭૯૩.૦૦ |
| | કુલ : | ૩૪૩ | ૩૫૭૨૬૭.૦૦ | ૨૦ | ૧૦૪૫૬૮.૦૦ | ૩૬૩ | ૪૬૧૮૩૫.૦૦ |

-----------

**સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં થયેલ ખર્ચ**

૨૨૪૩૯ **ડૉ. સી. જે. ચાવડા(ગાંધીનગર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ સુજલામ્ સુફલામ્ યોજના અન્યવે ગાંધીનગર જિલ્લામાં ક્યા ક્યા કામો કેટલી રકમના હાથ ધરવામાં આવેલ છે, અને

(૨) આ કામો પૈકી છેલ્લી પરિસ્થિતિ શું છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ સુજલામ્ સુફલામ્ યોજના અન્વયે ગાંધીનગર જિલ્લામાં હાથ ધરવામાં આવેલ કામોની વિગત સામેલ *પત્રક-અ મુજબ છે.

(૨) આ કામો પૈકી છેલ્લી પરિસ્થિતિ સામેલ *પત્રક-બ મુજબ છે.

(*પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે. )

-----------

### જૂનાગઢ જિલ્લાના તળાવો, ચેકડેમો અને ચેકડેમ કમ કોઝવેની મરામત અંગે

૨૧૨૨૩ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર નાની સિંચાઇ હસ્તકના તળાવો-ચેકડેમો, ચેકડેમ-કમ-કોઝવે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલા મરામત કરવા પાત્ર હતા, | (૧) * પત્રક-૧ મુજબ |
| (૨) તે પૈકી તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા કામોની મરામત કરવામાં આવી, અને કેટલો ખર્ચ થયો, અને | (૨) * પત્રક-૨ મુજબ |
| (૩) કેટલા કામો મરામત કરવાની બાકી છે, અને કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) * પત્રક-૩ મુજબના બાકી કામોની મરામત સત્વરે પુરાં કરવાનું આયોજન છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે. )

-----------

### ડેમોમાં નર્મદાનું પાણી નાખવાનું આયોજન

૨૧૭૭૨**શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ૨૦૦૬-૦૭ના વર્ષમાં કેટલા ડેમોમાં નર્મદાનું પાણી નાખવાનું સરકારનું આયોજન છે, અને | (૧) રાજ્યમાં ૨૦૦૬-૦૭ના વર્ષમાં કોઈ ડેમોમાં નર્મદાનું પાણી નાખવાનું સરકારનું આયોજન નથી. |
| (૨) નવસારી અને વલસાડ જિલ્લામાં કેટલો ફાયદો થશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

### જુનાગઢ જિલ્લાની ઓઝત-૨ યોજનાનું કામ

૨૧૬૬૯**શ્રી ભીખાભાઇ ગ.જોષી (માળીયા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાની ઓઝત-૨ યોજનાનું કામ તા. ૩૧-૧-૦૭ની સ્થિતીએ કયા તબક્કે છે, | (૧) મુખ્ય બંધના કામો ૯૫ ટકા પુર્ણ થયેલ છે. નહેરોના કામો મંજૂરી હેઠળ છે. |
| (૨) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) જુન ૨૦૦૯ સુધીમાં |
| (૩) આ યોજનાથી કેટલા ગામોને તે અન્વયે લાભ મળશે ? | (૩) ૪૨ ગામોને સિંચાઈનો અને એક શહેર તથા ૫૬ ગામોને પીવાનો પાણીનો લાભ મળશે. |

-----------

### ગેરકાયદે ખનીજ ખોદાણના કેસો

૨૧૭૦૮**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ડીસેમ્બર-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગેરકાયદેસર રીતે ખનીજ ખોદાણના કેટલા કેસો પકડાયા, | (૧) ૬૦૨ કેસ. |
| એચબી(૨)૭૯-૪૦ ગેરકાયદેસર રીતે રોયલ્ટીની થતી ચોરીઓ સબબ રાજ્ય સરકાર દ્વારા કઇ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે, અને | (૨) આ ઈસમો સામે નીચે મુજબના પગલાં લીધેલ છે.<br>(૧) એમ.એમ.(ડી.એન્ડ આર.) એક્ટ, ૧૯૫૭ની કલમ-૨૩ એ હેઠળ ૩૭૫ કેસોમાં રૂા. ૧૨૧.૬૫ લાખની સમાધાન રકમ વસુલ કરવામાં આવેલ છે.<br>(૨) માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ, ૧૯૫૭ની કલમ ૨૧ (૫) અન્વયે ૧૦૬ કેસોમાં રૂા. ૫૦૭.૯૧ લાખની ખનિજ કિંમત વસુલવા માટેના હુકમો કરવામાં આવેલ છે. |

(૩) ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૭૯, અન્વયે ૭૫ પોલીસ કેસ કરવામાં આવેલ છે.
(૪) જમીન મહેસુલ સંહિતાની કલમ ૩૯(એ) અન્વયે ૫ કેસો કરવામાં આવેલ છે.
(૫) ૪૧ કેસોમાં નોટીસ આપવામાં આવેલ છે.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) આ પ્રવૃતિને રોકવા માટે રાજ્ય સરકાર ભવિષ્યમાં શી કાર્યવાહી કરવા માંગે છે ? | (૩) ગેરકાયદેસર ખાણકામ પ્રવૃત્તિને ડામવા તથા રોયલ્ટીની ચોરી અટકાવવા માટે રાજ્ય સરકારે બિનઅધિકૃત વહન અને સંગ્રહ અટકાવવાના નિયમો-૨૦૦૫ બનાવેલ છે તથા તેનું વ્યવસ્થિત અમલીકરણ થાય તે માટે રાજ્યકક્ષા અને જિલ્લાકક્ષાએ ટાસ્કફોર્સ કમિટિની રચના કરવામાં આવેલ છે તદ્‌ઉપરાંત ફ્લાઈંગસ્ક્વોર્ડ તથા જીલ્લાના સ્થાનિક ક્ષેત્રિય અધિકારીઓ દ્વારા પણ ખાણ વિસ્તારોનું સમય અંતરે ચેકીંગ કરી, સતત મોનીટરીંગ કરવામાં આવે છે. |

-----------

**ભરુચ જિલ્લામાં ગૃહ રક્ષકદળ અને ગ્રામરક્ષક દળની સંખ્યા**

૨૧૯૪૯**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ) : માનનીય ગૃહરક્ષકદળ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ભરુચ જિલ્લામાં ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળની સંખ્યા કેટલી, અને | (૧) ગૃહ રક્ષક દળની સંખ્યા ગ્રામ રક્ષક દળની સંખ્યા<br>પુરુષ :૧૦૩૧ પુરુષ :૧૯૦૧<br>મહિલા : ૨૫ મહિલા : ૨૫ |
| (૨) તેમાં વધારો કરવા માટે સરકાર વિચારે છે કે કેમ ? | (૨) રાજ્યમાં પ્રજાના જાનમાલની સુરક્ષાની જવાબદારી પોલીસ તંત્રની છે. હોમગાર્ડઝ દળ તથા ગ્રામ રક્ષક દળ એ પૂરક દળ છે. હાલમાં હોમગાર્ડઝ તથા ગ્રામ રક્ષક દળની સંખ્યા પુરતી છે. પોલીસ તંત્રની માગણી મુજબ આ સેવાઓ પુરી પાડવામાં આવે છે. |

-----------

**બનાસકાંઠા જિલ્લા હસ્તકની સિંચાઇ યોજનાઓ અંગે**

૨૨૩૨૦**શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં પંચાયત હસ્તકની નાની અને મધ્યમ યોજનાઓના પાયા ભૂંકપના કારણે ક્ષતિગ્રસ્ત થઇ ગયેલ હોવાની વાત સાચી છે, અને | (૧) ના જી, |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૦૭ સુધી તેનું સમારકામ હાથ પર નહીં લેવાનાં શા કારણો છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં યોજાયેલ લોકદરબાર**

૨૨૪૩૩ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિસ્વાસ, સહકાર અને માહિતીના આદાન પ્રદાનની ભાવના વધે તે માટે તમામ જિલ્લાઓમાં લોક દરબાર યોજવાનું શરુ કરવામાં આવ્યું છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી, |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૦૭ સુધીમાં મહેસાણા અને પાટણ જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) **મહેસાણા** **પાટણ**<br>**વર્ષ** **વર્ષ** **વર્ષ** **વર્ષ**<br>૨૦૦૫-૨૦૦૬ ૨૦૦૫-૨૦૦૬<br>૧૧૫ ૧૧૧ ૨૫ ૧૬૨ |

-----------

**મુખ્ય મંત્રીશ્રીના પ્રવાસ ભથ્થાની રકમ**

૨૨૧૫૪**શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુખ્ય મંત્રીશ્રીના પ્રવાસ ભથ્થા પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૧) રૂા. ૧,૩૫,૪૮૩. |
| (૨) માનનીય મુખ્ય મંત્રીશ્રીના ઉપયોગમાં લેવાયેલ વિમાનના ભાડા પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૨) શૂન્ય. |

-----------

**મહીસાગર નદીમાં ઉમેટા બ્રીજ પાસેના આડબંધની કામગીરી**

૨૧૭૬૬**શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ મહીસાગર નદીમાં ઉમેટા બ્રીજ પાસે આડબંધની કામગીરી ચાલુ છે, કે કેમ, | (૧) હા, જી. |
| (૨) કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ થશે, | (૨) જુન-૨૦૦૮ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, | (૩) રૂા. ૧૬૦૩.૧૫ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૪) આડબંધ બનવાને કારણે નદી કાઠાના કેટલા ક્યાં ક્યાં ગામોની કેટલી જમીનો ડૂબાણની શક્યતા ધરાવે છે, | (૪) ૯ ગામોની ૫૦.૮૫ હેક્ટર જમીન ડુબમાં જાય છે. |

| અ.નં. | ગામનું નામ | ડુબમાં જતી જમીનનો વિસ્તાર |
|---|---|---|
| ૧ | સીંઘરોટ (વડોદરા) | ૮-૧૧-૨૨ |
| ૨ | કોટના (વડોદરા) | ૨-૮૧-૬૮ |
| ૩ | અનગઢ (વડોદરા) | ૧-૧૪-૦૪ |
| ૪ | નંદેસરી (વડોદરા) | ૧-૪૯-૧૫ |
| ૫ | આસરમા (આંકલાવ) | ૦-૯૦-૯૭ |
| ૬ | ઉમેટા (આંકલાવ) | ૨-૫૫-૧૪ |
| ૭ | કહાનવાડી | ૫-૭૨-૧૭ |
| ૮ | આમરોલ | ૪-૧૧-૪૩ |
| ૯ | ખડોલ | ૦-૪૮-૦૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૫) જમીન ડૂબાણમાં જવાથી ખેડૂતોને નુકશાન ન પહોંચે તે માટે કોઇ પગલાં લેવા માંગો છો કે કેમ, અને | (૫) હા, જી. |
| (૬) જો હા, તો ક્યા પ્રકારના પગલાં લેવા માંગો છો ? | (૬) ડુબાણમાં જતી જમીનનું સંપાદન કરી નિયમોનુસારનું ચુકવણું કરવામાં આવશે. |

-----------

## સુરત શહેરમાં નોંધાયેલ વિવિધ ગુના

૨૧૧૬૦ **શ્રી મનીષ ન. ગીલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેરમાં તા. ૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બળાત્કાર, ખૂન, લૂંટ અને નાના બાળકોના અપહરણના કેટલા બનાવો પોલીસ દફ્તરે નોંધવામાં આવ્યા, અને | (૧) |
| (૨) તે અન્વયે કેટલા ઇસમોની ધરપકડ કરી ? | (૨) |

(૧)

| | ૨૦૦૫ | ૨૦૦૬ |
|---|---|---|
| બળાત્કાર | ૧૯ | ૨૦ |
| ખૂન | ૮૪ | ૧૦૫ |
| લૂંટ | ૬૧ | ૬૭ |
| નાના બાળકોના અપહરણ | ૦૬ | ૦૫ |

(૨)

| | ૨૦૦૫ | ૨૦૦૬ |
|---|---|---|
| બળાત્કાર | ૫૧ | ૩૫ |
| ખૂન | ૧૮૧ | ૧૨૧ |
| લૂંટ | ૧૨૫ | ૯૮ |
| નાના બાળકોના અપહરણ | ૦૨ | ૦૩ |

-----------

## રાજકોટ જિલ્લામાં બનાવેલ ચેકડેમો

૨૨૩૭૧ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા, | (૧) ૬૫૬ ચેકડેમો. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૨) રૂા. ૨૦૯૪.૮૦ લાખ |
| (૩) એક વર્ષ પહેલાંના કેટલા ચેકડેમોના કેટલી રકમના બીલ ચૂકવવાના બાકી છે, અને | (૩) અને (૪) : ૪ ચેકડેમના રૂા. ૬ લાખના ચૂકવણા બાકી છે જે અંગે ગુણવત્તાના પ્રશ્નો નિર્ણિત થતાં તે અન્વયે કાર્યવાહી કરવામાં આવશે. |
| (૪) કેટલા સમયમાં ચૂકવવા માગો છો ? | |

-----------

## વડોદરા જિલ્લાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્યની તપાસ

૨૧૭૪૩ **શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓ ફરજ બજાવે છે, અને | (૧) અને (૨) : ફરજ બજાવતા કુલ ૧૨૨૪ કર્મચારી/અધિકારીઓ પૈકી ૧૨૧૮ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |
| (૨) તે પૈકી કેટલાની આરોગ્ય તપાસ થઇ છે ? | |

-----------

## ઓદ્યોગિક મૂડીરોકાણ અંગેના એમ. ઓ. યુ.

૨૧૬૩૯**શ્રી દિલુભા ટે. ચુડાસમા(વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં મળેલ વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં કુલ કેટલા ઓદ્યોગિક મૂડીરોકાણ માટેના કરાર થયા, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ દરમ્યાન રૂા. ૪,૬૧,૮૩૫ કરોડના મૂડી રોકાણના એમ.ઓ.યુ./જાહેરાતો કરવામાં આવી છે. |
| (૨) તે પૈકી વડોદરા ખાતે થનાર મૂડી રોકાણની વિગતો શું છે ? | (૨) વડોદરા જિલ્લામાં રૂા. ૧૩,૧૬૧ કરોડના મૂડી રોકાણના કુલ ૨૭ એમ.ઓ.યુ./જાહેરાત થયેલ છે. |

**ભાવનગર જિલ્લાના ખડસલીયા ખાતેના લિગ્નાઇટ પાવર પ્રોજેક્ટની મંજુરી**

૨૨૪૪૨**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના ખડસલીયા ખાતેનો લીગ્નાઇટ પાવર પ્રોજેક્ટ કઇ તારીખે મંજૂર થયો હતો, | (૧) તા. ૩૦-૯-૧૯૯૫. |
| (૨) આ પાવર પ્રોજેક્ટ નીચે કુલ કેટલા મેગાવોટ પાવર જનરેટ કરાશે, | (૨) આશરે ૫૦૦ મે.વો. |
| (૩) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ આ પાવર પ્રોજેક્ટનું કામ શરૂ નહીં થવાના શા કારણો છે, અને | (૩) -મૂળ વીજમથકની ક્ષમતા વધારવા માટેની મંજૂરી અને ત્યારબાદ આંતરરાષ્ટ્રીય ધોરણે જાહેરાત આપી પ્રોજેક્ટ ડેવલપરને ઈરાદાપત્ર આપવાની પ્રક્રિયામાં પસાર થયેલ સમય, -ઈરાદાપત્ર આપ્યા પછી, વીજ ખરીદ કરારની શરતો અંગે વિવાદ થવાને કારણે ઈરાદાપત્ર રદ કરી, પુનઃ ટેન્ડર મંગાવવાની કાર્યવાહી કરવાનું થતાં, તેમજ -નવા ડેવલપર દ્વારા નિયત અવધિમાં શેર હોલ્ડર્સ એગ્રીમેન્ટ ન થતાં, પ્રોજેક્ટ શરૂ થવામાં વિલંબ થયેલ છે. |
| (૪) હવે ક્યારે શરૂ કરાશે ? | (૪) શક્ય એટલી વહેલી તકે. |

-----------

**વાયબ્રન્ટ ગુજરાત ઓદ્યોગિક સમિટમાં થયેલ એમ. ઓ. યુ.**

૨૧૯૦૨**શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ઓદ્યોગિક સમિટ ૨૦૦૫ અને ૨૦૦૭ દરમ્યાન થયેલ એમ.ઓ.યુ. અનુસાર ખેત આધારિતએ ઉદ્યોગો સ્થાપવાની કેટલા ઉદ્યોગપતિઓએ ઇચ્છા પ્રદર્શિત કરી છે, | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૦૫ દરમ્યાન ખેત આધારિત ઉદ્યોગો સ્થાપવા ૩૫ ઉદ્યોગપતિઓએ એમ.ઓ.યુ. કરેલ છે. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ દરમ્યાન ખેત આધારિત ઉદ્યોગો સ્થાપવા ૬૧ ઉદ્યોગપતિઓએ એમ.ઓ.યુ. કરેલ છે. |
| (૨) સ્થાપાનાર ઉદ્યોગો કઇ ખેત આધારીત પેદાશને અનુરૂપ કેટલુ મૂડી રોકાણ અને ક્યા સ્થળે શરૂ કરવાની માંગણી છે, અને | (૨) આ સાથે સામેલ પત્રક-૧ અને પત્રક-૨ મુજબ. |
| (૩) ખેત આધારિત ઉદ્યોગોને કારણે રાજ્યના ખેડૂતોને કેવા પ્રકારનો ફાયદો થશે ? | (૩) ખેત આધારિત ઉદ્યોગોને કારણે રાજ્યના ખેડૂતોને નીચે પ્રમાણે ફાયદા થશે.<br>- રોજગારીની તકો ઉભી થશે.<br>- મૂલ્યવર્ધક પેદાશોને લીધે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળશે.<br>- મોર્ડન ટેક્નોલોજીની જાણકારી મળશે.<br>- જીવનધોરણ ઉચું આવશે.<br>- પડતર જમીનનો ડ્રીપ ઈરીગેશન/ફુવારા પધ્ધતિથી ઉપયોગ કરી શકશે.<br>- ઉદ્યોગ આધારિત ખેતી કરવાની તક મળશે.<br>- કૃષિ પેદાશના નિકાસની તક મળશે. |

**પત્રક--૧**

**વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૫**

| અ.નં. | ખેત આધારિત પેદાશ | મુડીરોકાણ (રકમ રૂા. કરોડમાં) | સ્થળ |
|---|---|---|---|
| ૧. | ફુડ પ્રોસેસીંગ | ૯૩.૮૮ | અમદાવાદ, વલસાડ |
| ૨. | ઓઈલ રીફાઈનરી | ૪૦.૫૦ | ગાંધીધામ |
| ૩. | સ્પાઈસીસ ક્ષેત્ર | ૧૧.૨૫ | મહેસાણા, અમરેલી |
| ૪. | હાઈટેક હોર્ટી/ફ્લોરીકલ્ચર | ૧૩.૫૩ | સુરત, નવસારી |
| ૫. | એલોવીરા (મેડીકલક્ષેત્ર) | ૨.૬૦ | કચ્છ |
| ૬. | કૃષિ માળખાકીય સુવિધા | ૨૧૩.૪૦ | વલસાડ, અમદાવાદ |
| ૭. | પામ ઓઈલ | ૨૫૦.૦૦ | દક્ષિણ ગુજરાત |
| ૮. | તલ એક્સ્પોર્ટ | ૮.૦૭ | સોરાષ્ટ્ર |
| ૯. | આરએન્ડ ડી | ૧૩૨.૬૧ | આણંદ અને નવસારી |
| ૧૦. | બાયોડીઝલ/જેટ્રોફા | ૮૦.૦૦ | ઉત્તર અને દક્ષિણ ગુજરાત |
| ૧૧. | કોટન ફાર્મીંગ | ૨૦૦.૦૦ | કચ્છ |

**પત્રક--૨**

**વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૭**

| અ.નં. | ખેત આધારિત પેદાશ | મુડીરોકાણ (રકમ રૂા. કરોડમાં) | સ્થળ |
|---|---|---|---|
| ૧. | ખેતી/બાગાયત માળખાકીય સુવિધાઓ | ૨૨૫૬.૦૦ | અમદાવાદ, જામનગર, સુરત |
| ૨. | ફુડ પ્રોસેસીંગ | ૫૦૭.૦૦ | અમદાવાદ, મહેસાણા |
| ૩. | ટર્મીનલ માર્કેટ | ૧૦૦.૦૦ | ગુજરાત |
| ૪. | સપ્લાય ચેઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર | ૩૦૦૦.૦૦ | ગુજરાત |
| ૫. | આરએન્ડ ડી સેન્ટર ઓફ એક્સલન્સ | ૫૦.૦૦ | અમદાવાદ |
| ૬. | એગ્રીવેસ્ટ/એગ્રો ફોરેસ્ટ્રી | ૫૮૦.૦૦ | દક્ષિણ અને મધ્ય ગુજરાત |
| ૭. | હર્બસ/સ્પાઈસીસ ક્ષેત્ર | ૧૭૭.૦૦ | વલસાડ, ગાંધીનગર |
| ૮. | ઓઈલ સીડસ | ૩૨૬.૦૦ | સુરેન્દ્રનગર, વડોદરા અને ભરૂચ |
| ૯. | હાઈટેક હોર્ટી/ફ્લોરીકલ્ચર | ૧૪.૦૦ | ભરૂચ, સુરત, નવસારી |
| ૧૦. | પામ ઓઈલ | ૧૧૭.૦૦ | આણંદ |

-----------

**ડાંગ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના**

૨૧૦૦૪ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો જ્યોતિગ્રામ હેઠળ આવરી લઇ કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) કેટલા ગામોમાં જ્યોતિગ્રામ યોજનાનાં કામો હાથ ધરવાના બાકી છે ?

**જવાબ**

(૧) અને (૨) ડાંગ જિલ્લાનાં તમામ ૩૧૧ ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યાં છે.

-----------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

## હીરાના વેપારીઓની લૂંટના બનેલા બનાવો અંગે

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

" રાજયમાં હમણાં- હમણાં જુદા જુદા સ્થળોએ હીરાના વેપારીઓની લૂંટના બનેલા બનાવોએ તે વ્યવસાયમાં જોડાયેલા લોકોમાં ચિંતાનું મોજું ફેલાવ્યું છે. તેમાંય તા. ૧૨-૩-૨૦૦૭ના રોજ અમદાવાદના ઓઢવ વિસ્તારમાં હીરાના કારખાનાના મેનેજર ઉપર કારખાનાના દરવાજા પાસે બે રિવોલ્વરધારી લૂંટારાઓએ હુમલો કરી, ગોળીબાર કરી લાખો રૂપિયાની લૂંટ ચલાવી ફરાર થઈ જતાં તે વિસ્તારના હીરાના વેપારીઓ તથા કારીગરો મળી અંદાજે એક લાખ લોકોમાં ફેલાયેલ ભય, ગભરાટ અને અસલામતીની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, (૧) રાજયમાં આવા બનાવો બનતા અટકાવવા આવા પ્રકારના ગુનાની મોડસ ઓપરેન્ડી ધરાવતા ગુનેગારો ઉપર સ્થાનિક પોલીસ દ્વારા સતત વોચ રાખવામાં આવે છે. ગુનો બન્યાની જાણ થતાં ત્વરિત ગુનામાં વપરાયેલ વાહન તથા ગુનેગારોની માહિતી મેળવી તેનો સ્કેચ તૈયાર કરી તમામ પોલીસ સ્ટેશન તથા જિલ્લા / શહેરોમાં પ્રીન્ટ આઉટ કરવામાં આવે છે અને સતત તપાસમાં રહેવા જણાવવામાં આવે છે.

(૨) રાજયમાં જ્યાં જ્યાં આ પ્રકારના હીરા બજારના કારખાના આવેલ છે ત્યાં સ્થાનિક પોલીસ દ્વારા ફીક્ષ પૉઈન્ટ તથા જરૂર જણાયે એસ.આર.પી.ની તંબુ ચોકીઓ મૂકવામાં આવેલ છે. તે સિવાય સતત પોલીસ મોબાઈલ પેટ્રોલિંગ, મોટર સાયકલ પેટ્રોલિંગ તેમજ લોકલ ક્રાઇમ બ્રાન્ચ / સીટી ક્રાઇમ બ્રાન્ચના પોલીસ અધિકારીઓ / કર્મચારીઓ ખાનગી કપડામાં સતત પેટ્રોલિંગ કરે છે અને આવા પ્રકારના ગુના બનતા અટકાવવા પ્રયત્નશીલ છે. ગુનાની જાણ થતાં ત્વરિત પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે અને ગુનો શોધી કાઢવા સતત પ્રયત્નશીલ રહે છે.

(૩) હીરા બજારના એસોસિએશનના હોદ્દેદારોના સતત સંપર્કમાં રહી આ બાબતે વધુ કિંમતના કિંમતી હીરાઓ કારીગરોની નજરમાં નહીં રાખતાં સેફ લૉકરમાં રાખવા વિનંતી કરવામાં આવે છે અને શકય તેટલી હીરાઓ બાબતે ગુપ્તતા જાળવી રાખવા જણાવવામાં આવે છે. વધુ કિંમતના હીરાની હેરાફેરી કરતી વખતે સ્થાનિક પોલીસ કે ફીકસ પૉઈન્ટના માણસોને જાણ કરી હેરાફેરી કરવા વિનંતી કરવામાં આવે છે. તે સિવાય વેપારીઓને જરૂર જણાય પોલીસ બંદોબસ્ત માગે તો તે પ્રમાણેની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. બજારમાં અજાણ્યા વેપારી બનીને આવતાં ઈસમો પાસેથી કાચા હીરા / શક પડતા હીરા નહીં ખરીદતાં પ્રથમ પોલીસને જાણ કરવા જણાવવામાં આવેલ છે.

(૪) તાજેતરમાં તા.૧૨/૩/૨૦૦૭ના રોજ અમદાવાદ ઓઢવ વિસ્તારમાં જે બનાવ બનેલ છે તે અંગે, પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર દ્વારા નીચે મુજબનાં પગલાં લેવાયેલ છે.

(૧) તા. ૧૨/૩/૨૦૦૭ના રોજ બનેલ બનાવ અંગે પોલીસને જાણ થતાં સંયુક્ત પોલીસ કમિશનર, આસિસ્ટંટ પોલીસ કમિશનર, ઓઢવ, બાપુનગર અને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર સહિત પોલીસ કાફલો બનાવવાળી જગ્યાએ પહોંચી ગયેલ. બનાવની જાણકારી મેળવી નાકાબંધી તથા વાહન ચૅકીંગ માટે સીટી કંટ્રોલ રૂમ અને સ્ટેટ કન્ટ્રોલ રૂમને મેસેજ આપી રેડ એલર્ટ જાહેર કરવામાં આવેલ અને સ્થાનિક પોલીસ તથા ક્રાઈમબ્રાન્ચના અધિકારીઓની ટીમ બનાવી, આજુબાજુના વિસ્તાર કૉર્ડન કરી તપાસ શરૂ કરવામાં આવેલ, અને શક પડતા ઇસમો અને વાહનો ચેક કરવામાં આવેલ.

(૨) આ બનાવમાં ઈજા પામનાર ફરિયાદી શ્રી ભરતભાઈ પરસોત્તમભાઈ પટેલની શારદાબેન હૉસ્પિટલમાં જઈ ફરિયાદ મેળવી, ઓઢવ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર. નંબર ૯૪/૦૭ ઈપીકો કલમ ૩૦૭, ૩૯૭ આર્મસ એકટ કલમ-૨૫(૧-બી) (એ) ૨૭ તથા બીપી એકટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે.

(૩) ઈજા પામનાર ફરિયાદી તથા સાહેદોની આ ગુનામાં સંડોવાયેલ આરોપીઓ અંગે વધુ માહિતી મેળવી આરોપીઓના વર્ણન આધારે તપાસ શરૂ કરી આ ગુનામાં સંડોવાયેલ આરોપીઓ મોટર સાઈકલ પર નરોડા તરફ ભાગી ગયાની જાણકારી મળતાં ચેક પોસ્ટ ઉપર એલર્ટ રહી ચૅકીંગ કરવા તેમજ મોટર સાઈકલના માલિકનું નામ સરનામું કૉમ્પ્યુટરમાંથી શોધવા માટે તજવીજ કરેલ.

(૪) નજીકના મોબાઈલ ફોનના ટાવર ઉપરથી મોબાઈલ ફોનની વિગતો મેળવી તેની ચકાસણી શરૂ કરવામાં આવેલ છે.

(૫) તપાસ દરમિયાન શક પડતા ઈસમોની રેકર્ડ ઉપરથી માહિતી મેળવી. સક્રિય ગુનેગારોની તપાસ શરૂ કરવામાં આવેલ.

(૬) બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંક વિસ્તારના હીરા ઉદ્યોગના નાના મોટા કારખાના અને વેપારી સંકુલો તેમજ બાપુનગર નરોડા પોલીસ સ્ટેશનની હદમાં આવતા વિસ્તારમાં મોબાઈલ વાન તેમજ મોટર સાયકલ ઉપર પોલીસનું સતત ક્રોસ પેટ્રોલિંગ રાખી ગીચ વિસ્તારમાં ખાનગી કપડામાં પોલીસનું ફૂટ પેટ્રોલિંગ રાખવામાં આવેલ છે અને અધિકારીઓ દ્વારા તેનું સુપરવિઝન કરવામાં આવે છે.

(૭) બનાવવાળા વિસ્તારમાં કોઈ ભયનું વાતાવરણ જણાતું નથી અને આગળ જણાવ્યા મુજબ પોલીસનું સઘન પેટ્રોલિંગ રાખવામાં આવે છે.

(૮) આ ગુનામાં સંડોવાયેલ આરોપીઓના વર્ણન ઉપરથી તેમજ ભૂતકાળમાં આવા પ્રકારના ગુનામાં પકડાયેલ ઈસમોની પ્રવૃત્તિઓ ઉપર સતત વોચ રાખી આરોપીઓની ઉંડાણપૂર્વકની તપાસ ચાલુ છે અને સંડોવાયેલ આરોપીઓ ટૂંક સમયમાં મળે તે માટેના સઘન પ્રયાસો ચાલુ છે.

(૫) આમ આ બનાવો અન્વયે હીરા ઉદ્યોગના વેપારીઓ તથા કારીગરોમાં કોઈ ભયનું વાતાવરણ ફેલાયેલું જણાતું નથી છતાં સતત પેટ્રોલિંગ, ખાનગી કપડામાં તથા યુનિફોર્મમાં પેટ્રોલિંગ રાખી પોલીસની હાજરી દેખાય તે રીતે લોકોમાં ભય તથા ગભરાટ ન ફેલાય અને સલામતીની લાગણી અનુભવે તેવી કાર્યવાહી કરવામાં આવે છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે આ હીરાનો વ્યવસાય એ કિંમતી વ્યવસાય છે અને આ જે ઘટના બારમી તારીખે બની એ જાહેરમાં ૭-૩૦ વાગે મુખ્ય રસ્તા ઉપર હીરાના કારખાનાના વેપારીના મેનેજર ભરતભાઈ પટેલને ગોળી મારી અને લગભગ ૯ા લાખ રૂપિયા બંને રિવોલ્વરધારી લૂંટીને ચાલ્યા ગયા. માનનીય અધ્યક્ષશ્રી, મને માનનીય મંત્રીશ્રીનું નિવેદન મળ્યું છે. પોલીસની કામગીરીની બાબતમાં મને શ્રદ્ધા છે, પોલીસે જ્યારથી તપાસ કરી ત્યારથી હાજર પણ હતો, અને હૉસ્પિટલમાં પણ ગયો છું પણ મારે માનનીય સભાગૃહનું એટલું જ ધ્યાન દોરવું છે કે, હીરાનો વ્યવસાય ગુજરાતમાં સૌથી મોટો વ્યવસાય છે અને દશ થી બાર લાખ લોકોને રોજી આપે છે અને એકલા અમદાવાદમાં જ એક લાખ લોકોને રોજી આપે છે ત્યારે તેની sense of security ધંધો કરવાવાળામાં પ્રસ્થાપિત થાય અને હીરાનો વ્યવસાય, જ્યાં આ ઘટના બની છે એ મારા યુનિટથી લગભગ ૨૦૦ થી ૩૦૦ ફૂટના અંતરે છે અને આવી ઘટના ૧૭ વર્ષ પહેલાં આ કારખાનાના માલિકના કારખાનામાં લૂંટ ૧૫ લાખ રૂપિયાની થઈ હતી ત્યારે અમે હીરા એસોસિએશન અને પોલીસે બધાએ કોઓપરેટ કરીને ગુનેગારોને નશ્યત કર્યા હતા, અને આ વખતે પણ ગુનેગારો નશ્યત થશે એમાં કોઈ શંકાને સ્થાન નથી પણ મારે કેટલીક ઈફેક્ટિવ પોલિસિંગ માટે જે આ વિસ્તારની જરૂરિયાત છે એ માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે હીરાના વ્યવસાયમાં એક લાખ લોકો અમદાવાદમાં છે પણ આ સબોર્ડિનેટ છે. કોઈના હીરા મજૂરીથી સાઈટ હોલ્ડરોના ઘસે છે, મારી પાસે પણ ૬૦૦ કારીગરો છે અને સોએક મેનેજરો છે ત્યારે જ્યારે પગાર કરવાનો થાય ત્યારે લાખો રૂપિયાની કેસ બૅન્કમાંથી લાવીને અમે પગાર કરતા હોઈએ છીએ એવા સંજોગોમાં જ્યારે આવી ઘટના બને છે ત્યારે લૂંટ કરવાવાળાઓનું મનોબળ વધે છે અને જ્યારે પોલીસ કમિશનર, શ્રી પાંડે અમદાવાદમાં હતા ત્યારે અમે એક drive લીધો હતો કે કારખાનેદારોને પોતાને હથિયાર આપીએ ત્યારે એમાં ઈન્કમટેક્સના ધોરણો ન રાખીએ કારણકે સબોર્ડીનેટ મજૂરીથી હીરા ઘસવાવાળા કારખાનેદારો એ તો its one kind of management એ કરે છે અને એવા વખતે જ્યારે આપણે drive લીધો છે ત્યારે માનનીય મંત્રીશ્રીને મારે એ પૂછવું છે કે, આવડો જે drive લઈને કારખાનેદારોને, અને પોલીસ તો બધે પહોંચી શકે નહીં એ તો આપણે બધા જાણીએ છીએ ત્યારે કારખાનેદારોને કારખાનાની માલિકી પ્રસ્થાપિત થાય એને આજે લાયસન્સ સરળતાથી આપવા માગે છે કે કેમ? અને પોલીસ સ્ટેશનોનું રિસ્ટ્રકચરિંગનું આપણે ઘ ણા વખતથી કહીએ છીએ કે બાપુનગર, નરોડા અને ઓઢવના વિસ્તારની હદ એટલી બધી લાંબી છે અને આપણી પાસે મહેકમ પ્રમાણેનો ૩૦ ટકા ૪૦ ટકાથી વધારે સ્ટાફ અવલેબલ નથી, જે ગુના ડિટૅક્શનમાં સમય અને શકિતની જરૂર છે એવા વખતે માનનીય મંત્રીશ્રીને હું એ પૂછવા માગું છું કે હીરાનો વ્યવસાય મિલો બંધ થયા પછી અમને આશીર્વાદરુપ બન્યો છે. હીરા ન હોત તો હું અહીંયા પણ ન હોય, છ વર્ષ સુધી કારીગર તરીકે રહીને અમે લોકોએ Master of Public Administration and Marketing Management ભણી શક્યા છીએ અને એવા ઘણા લોકો છે અને એટલે આ ધંધામાં મેં એક પોલીસ ચોકી ( અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને ઈફેક્ટિવ પોલિસિંગ માટે ત્રણે પોલીસ સ્ટેશન કે જેની હદ આ હીરા વ્યવસાય સાથે સંકળાયેલ છે એનું રી-સ્ટ્રકચરીંગ ક્યારે કરવા માગો છો? અને ડાયમંડ એસોસિએશને પોલીસ ચોકીની ત્રણ

કરોડની જગ્યા દબાણ ખુલ્લું કરીને આપી છે એમાં અમે પોતે એસોસિએશન સ્વ-ખર્ચે ચોકી બનાવી આપવા માગીએ છીએ તો એનો નિકાલ ક્યારે કરવા માગો છો?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વ-ખર્ચે ચોકી બનાવવાનો સવાલ છે ત્યાં સુધી તાત્કાલિક એનો નિકાલ કરી દઈશું, દરખાસ્ત પોલીસ કમિશનશ્રી પાસે આવશે એટલે તાત્કાલિક એનું કામ શરૂ કરીશું. રી-સ્ટ્રકચરીંગનો સવાલ છે ત્યાં સુધી એ બાબત સરકારના કન્સીડરેશનમાં છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, પત્ર લખ્યો છે કબજો હાઉસિંગ બોર્ડ પાસેથી મેળવવાનો માત્ર થોડી જગ્યાનો પ્રશ્ન છે. બીજું હથિયારના લાયસન્સની વાત પૂછી છે એ એટલા માટે પૂછી કે દરેક જગ્યાએ આપણી પોલીસ ફૉર્સ પહોંચી શકવાની નથી ત્યારે આ જે જવેલરી સાથે રોકડ રકમ સાથે જાનના જોખમે, આ જાનના જોખમનો વ્યવસાય છે એમાં લોન-સબસીડી વગર લાખો લોકો રોજગારી મેળવે છે ત્યારે એને માટે થોડી સરળતા કરીને માનનીય મંત્રીશ્રી થોડી વિશિષ્ટ પ્રકારની એક ડ્રાઈવ લઈને એમાં sense of security સિકયુરીટી છે we have to establish the sense of security એટલા માટે આ હથિયારના લાયસન્સ બાબતમાં સ્પેશિયલ ડ્રાઈવ કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર હથિયાર લાયસન્સ બાબતમાં ડ્રાઈવ ન ચલાવી શકે. કોઈ એક ચોક્કસ વ્યવસાય માટે સ્પેશિયલ નિયમ ન બનાવી શકાય પરંતુ માનનીય સભ્યશ્રીની લાગણી સાચી છે કે, આ વ્યવસાયમાં મોટી રકમના મુદામાલની હેરફેર થતી હોય છે ત્યારે અમદાવાદ પોલીસ કમિશનર અને સુરત પોલીસ કમિશનર સાથે ચર્ચા કરીને આ ચોક્કસ પ્રકારની અરજી કારખાનેદાર કરે તો એના માટે sympathetical view લઈને જોવા માટે નિશ્ચિત સૂચના કરીશું.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ ઘટના ઘટી છે એ ઓઢવ મારા મત વિસ્તારમાં આવે છે. કૃષ્ણનગરથી લઈને વિરાટનગર હાઈવેની બંને બાજુએ કારખાના આવેલા છે ત્યારે આ કારખાનેદારોમાં સલામતીની અનુભૂતિ થાય એ ખૂબ જરૂરી છે. કૃષ્ણનગર-વિરાટનગર વચ્ચે હાઈવે ઉપર તંબૂ ચોકી છે કે કેમ, અથવા તંબૂ ચોકી બનાવવા માગો છો કે કેમ? બીજું આ ઘટનામાં કોઈની ધરપકડ થઈ છે કે કેમ, થઈ હોય તો લૂંટનો માલ મળ્યો છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, તંબૂ ચોકી છે કે નહીં એની વિગતો હાલ મારી પાસે નથી પરંતુ હું વિશ્વાસ વ્યકત કરું છું કે આ ઘટનનો ભેદ અને ગુનેગારો ટૂંક સમયમાં પકડાય જશે એવો મને વિશ્વાસ છે..

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફત જાણવા માગુ છું કે, મારા વિસ્તારમાં પણ આવા હીરાના કારખાનાઓ અને હીરા સાથે સંકળાયેલ લોકો આવેલા છે. હીરા ઉદ્યોગની અંદર હીરા બજાર છૂટે છે ત્યારે અને દિવસ દરમ્યાન ૫૦ હજાર લોકો આવતા જતા હોય છે એમાં અન્ય રાજયોની ટોળકીઓ આ પ્રકારની માનસિકતા વાળી આવતી હોય છે ત્યારે આવા શંકાસ્પદ તત્ત્વો અથવા કેટલાક જાણભેદુ તત્ત્વો આ પ્રમાણેના અવારનવાર બનાવો કરવા માટે પ્રેરાય છે એને અટકાવવા માટે માનનીય મંત્રીશ્રી શું પગલાં લેવા માગે છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા રેગ્યુલર પોલીસીંગનો જ આ પાર્ટ છે. તે પગલાંઓ ભરેલા જ હોય છે છતાં ક્યારેક ક્યારેક આવી ઘટનાઓ બનતી હોય છે અને તેને વધુ સઘન બનાવવા માટેની અમે વ્યવસ્થા કરીશું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) ૧૧૬થી એટલા બધા શું કામ ગભરાવ છો જવાબ આપોને ?

**શ્રી અમિત અ. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગભરાતો નથી નિયમની વાત કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, તમે વજનદાર માણસ છો તમારે ગભરાવાનું ના હોય.સરકારમાં પણ વજનદાર છો અને આમ પણ વજનદાર છો. આ ગોરધનભાઈએ પ્રશ્ન પૂછયો એટલે થોડું ગભરાઈ જવાનું હોય ? હું માનનીય મંત્રીશ્રીને ગભરાવા નથી માગતો પણ આવા જે બનાવો બને છે તેનાથી, ..(અંતરાય) ત્યાં ગભરાવોમાં અમે ગભરાય તેમ નથી. કદાચ આ સરકાર હોય નવી સરકાર આવે ત્યારે પણ

**અધ્યક્ષશ્રી** : બિન જરૂરી ચર્ચા ના કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય પ્રશ્ન પૂછવા માંગુ છું આપણે કોઈ એવો ધંધો નથી કરતા કે જેનાથી આપણે ગભરાવું પડે.

**અધ્યક્ષશ્રી :** તમે ભવિષ્યની ચિંતામાં છો બન્ને બાજુ એવું મને લાગે છે કે ભવિષ્યમાં અહીંયા કોણ હશે તેની જ ચિંતા છે બધાને.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, આ ગંભીર પ્રશ્ન છે રાજય માટે. (અંતરાય) ભવિષ્ય છે નક્કી છે એટલે જ કહું છું. બહું ગભરાતા નહીં અમે તમારા જેવા નહીં થઈશું.. અમે કોઈને રડાવીશું નહીં એટલું ખરું કે વી.આઈ.પી.જેલો તૈયાર રાખવાની.

**અધ્યક્ષશ્રી :** હવે હું બોલીશ નહીં, વાતો કર્યા કરો છૂટ છે બધાને.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન પૂછવા જઈ રહ્યો હતો ફરી પાછી આપના મારફતે વિનંતી કરું મને પ્રોવોક ના કરે. આ અત્યંત ગંભીર પ્રશ્ન છે અને તેને કારણે આ રાજયની અંદર વ્યવસાય કરતા જે લોકો છે તેની અંદર ચિંતાની લાગણી ઉભી થઈ છે અને જ્યારે આ પ્રકારની લૂંટો રાજયની અંદર અમદાવાદમાં બને, સુરતમાં બને ગઈકાલે કચ્છમાં બની તેનાથી ચિંતા ઉભી થઈ છે અને માનનીય સભ્યશ્રી ગોરધનાભાઈએ બહુ સાચી વાત કરી કે આને કારણે જે સેન્સ ઓફ સિકયુરીટી છે વ્યવસાય કરનારા લોકોનું મનોબળ તૂટે છે અને જે લોકો આવા લૂંટારાઓ છે તેનું મનોબળ વધે છે અને આ લૂંટ કરવાવાળા ગુન્હેગારો છે તેનું મનોબળ તોડવું ખૂબ જરૂરી છે, અને આ રાજયની અંદર આવા લોકોનું ખૂબ મનોબળ બહુ મજબૂત રીતે વધ્યું છે અને તેને કારણે વારંવાર બનાવો બને છે અને આવું જ ચાલ્યું તો રાજયની અંદર જે વ્યવસાય હીરાનો સિક્યોરિટીને કારણે ઉભો થયો છે ગુજરાતમાં તે ફરી પાછો બહાર ચાલ્યો જાય એવી પરિસ્થિતિ સુરત, અમદાવાદ વગેરે જગ્યાએ ઉભી થઈ છે. એટલે મારી આપના મારફતે વિનંતી એટલી છે કે, આ ગુનેગારો ઉપર ધાક બેસે એના માટે સરકાર શું કાર્યવાહી કરવા માગે છે? એ ખૂબ જરૂરી છે. આપણે નકલી એનકાઉન્ટર કરીશું તો એનાથી ધાક નહીં બેસે. ધાક તો અસલી ગુનેગારોને પકડીને એને જેલમાં પહોંચાડવા જોઈએ અને આવા ગુના ન બને એના માટે કાર્યવાહી કરવી જોઈએ, એના માટે રાજય સરકાર શું કાર્યવાહી કરવા માગે છે?

**શ્રી અમિત અ. શાહ**: માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની ચર્ચા વખતે અને અગાઉ પ્રશ્નોત્તરીના સમયે મેં રાજય સરકારે જે રીતની કામગીરી કરી છે એના લીધે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની બાબતમાં બહુ ડિટેઈલ માહિતી આપેલી જ છે. જે ઘટના ઘટી છે એનો ઈન્કાર ન હોઈ શકે, એ ઘટનાને નિશ્ચિત ઉકેલવાની જ છે. આ જે ઘટનાઓ ઘટે છે એને લીધે સમગ્ર રાજયમાં ઈન-સિકયોરિટી ફેલાઈ જશે એમ કહેવું યોગ્ય નથી. ઘ ટના ઘટે છે એટલા જ પ્રમાણમાં ઉકેલાય પણ છે. અને ડિટેકશન રેશિયો ખૂબ સારો છે. ધાક બેસાડવાનો સવાલ છે, ત્યાં સુધી ગુનેગારો પર અમે તો ધાક બેસાડીએ જ છીએ. પોલીસ કડક થવા જાય અને એનકાઉન્ટર થાય તો તમે જ પોલીસને પૂછશો, ઉપરાણું તમે જ લો છો. ગુનેગારોનું ઉપરાણું અમે નથી લેતા. અમે તો ધાક બેસાડવા માગીએ છીએ, પણ ઉપરાણું લઈને તમે ઉભા થાઓ છો. અને ગુનેગારોની હિંમત વધારો છો. અમે નથી વધારતા.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### બંદરો અને વાહન વ્યવહાર વિભાગની અધિસૂચનાઓ

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર વિભાગની -

(ક) સન ૧૯૫૮ના મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ અન્વયેની
- (૧) તા. ૧૧-૧-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક પીટી/૨૦૦૭/૨/એમવીઆર/૧૦૦૨/૫૨૧૧/ખ
- (૨) તા. ૨૦-૧-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક પીટી/૨૦૦૭/૫/એમટીએ/૧૧૨૦૦૭/૧૨૨/ખ
- (૩) તા. ૨૩-૧-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક પીટી/૨૦૦૭/૬/એમટીએ/૧૨૨૦૦૬/૪૨૩૭/ખ
- (૪) તા.૨૯-૧-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક પીટી/૨૦૦૭/૭/એમટીએ/૧૨૨૦૦૭/૧૧૮/ખ
- (૫) તા. ૧૫-૨-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક પીટી/૨૦૦૭/૧૩/એમટીએ/૧૧૨૦૦૭/૧૧૯/ખ

(ખ) સન ૧૯૮૮ના મુંબઈ મોટર વાહન અધિનિયમ અન્વયેની
- (૧) તા.૨૧-૧૧-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક પીટી/૨૦૦૬/૪૧/એમવીઆર/૧૦૦૪/૩૧૨૦/ખ
- (૨) તા.૨-૧૨-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક પીટી/૨૦૦૬/૪૨/એમટીએ/૧૨૨૦૦૬/૩૩૪૯/ખ
- (૩) તા. ૬-૨-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક પીટી/૨૦૦૭/૯/એમવીડી/૧૦૨૦૦૪/૪૨૨૪/ખ

ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ પર સભ્યોની ચૂંટણીના પરિણામ અંગે.

**અધ્યક્ષશ્રી** : હું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના નીચે જણાવેલા સભ્યશ્રીઓને ચૂંટાયેલા જાહેર કરું છું.

- (૧) શ્રી કુંવરજીભાઈ બાવળિયા
- (૨) શ્રી આર.સી.ફળદુ
- (૩) શ્રી કાંતિભાઈ લકુમ
- (૪) શ્રી કાંતિભાઈ પટેલ
- (૫) શ્રી સી.એમ.પટેલ

# દાખલ કરવાનાં સરકારી વિધેયકો

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭નું મુંબઈ મોટર વાહનવેરા (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વન અને પર્યાવરણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૭ના મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

## શ્રમ અને રોજગાર વિભાગ

**શ્રી મુળુભાઈ હ. બેરા (રાજય કક્ષાના શ્રમ અને રોજગારમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર સેવાને લગતી શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧,૫૧,૫૮,૦૪,૦૦૦ની માગણી ક્રમાંક ૫૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૫૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલકુમાર મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર**: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી શીવજીભાઈ આહીર:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી છબીલભાઈ ના. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરવામાં આવી.**

## સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

**શ્રી રમણલાલ વોરા ( સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક સુરક્ષા અને કલ્યાણ સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા.૩,૫૯,૬૦,૮૧,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂા.૧૧,૫૯,૫૦,૦૦૦/- ની માગણી ક્રમાંક ૯૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૯૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી દોલતભાઈ પરમાર:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગોવાભાઈ હ. રબારી:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રવિણભાઈ મારુ:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનહરલાલ મકવાણા:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ અને ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ અને ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી દોલતભાઈ પરમાર:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગોવાભાઈ હ. રબારી**: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી દોલતભાઈ પરમાર:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી રમણલાલ વોરા ( સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓ માટે પેટા યોજના સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૪,૨૧,૭૪,૪૩,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ. ૫૭,૦૮,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક ૯૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૯૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી જેસાભાઈ બારડ:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ ચૌધરી:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી હેમાજી રાજપૂત:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ વસાવા:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલકુમાર મો. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરવામાં આવી.**

**ડો. અનિલભાઈ જોષીયારા:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી માઈજીભાઈ દેસાઈ:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રવિણભાઈ મારૂ:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદાબેન પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૭–૨૦૦૮ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની શુક્રવાર, તા.૧૬–૩–૨૦૦૭(આઠમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **શ્રમ અને રોજગાર વિભાગ**<br>**માગણી નં.૫૭** | |
| ૧. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–એલબીઆર–૧ શ્રમ આયુકત<br>રૂા. ૩,૭૩,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫ | ૧૦૦ | શ્રમિકોના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જોધાજી ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | પા.નં. ૬ અને ૭ | | | |
| ૨. | --"-- | ૧૦૦ | શ્રમિકોને વિવિધ રોજગાર યોજનાઓની માહિતી સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુંજાભાઈ વંશ |
| * ૩. | --"-- | ૧૦૦ | વૃધ્ધ શ્રમિકોને માંદગી વખતે જરૂરી નાણાકીય સહાય મળે તેવું અયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| * ૪. | --"-- | ૧૦૦ | શ્રમ આયુકતની કચેરીના કર્મચારીઓને પ્રમોશન તથા ઉચ્ચતર પગાર ધોરણના લાભો આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| * ૫. | --"-- | ૧૦૦ | મજૂર અદાલતોના ચૂકાદાઓનું સમયસર પાલન કરાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| * ૬. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૦૦૧–નિદેશ અનેવહીવટ<br>૦૨–એલબીઆર–૧૫ ગ્રામ શ્રમ આયુકત<br>રૂા. ૫૧,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૮–૯ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં શ્રમિકોનું થતું શોષણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૭. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૦૦૪–સંશોધન અને આંકડા<br>૦૧–સામાજીક......મોજણી<br>રૂા. ૩૫,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૧૦–૧૧ | ૧૦૦ | શ્રમિકોની સામાજિક અને આર્થિક સ્થિતિની મોજણી કરી તેનું વાસ્તવિક ચિત્ર રજૂ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુંજાભાઈ વંશ |
| ૮. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૧૦૧–ઔદ્યોગિક સંબંધો<br>રૂા. ૩,૨૩,૫૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૧૪–૨૩ | ૧૦૦ | માલિકો અને શ્રમિકો વચ્ચેના સંબંધો સુમેળ ભર્યા રહે તેવી કાર્યવાહી કરાવવામાં તંત્રનઉદાસીનતા | શ્રી અનિલકુમાર પટેલ |
| ૯. | --"-- | ૧૦૦ | મજૂરોને લઘુતમ વેતન ન ચૂકવતા માલિકો સામે જરૂરી પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | ડાૅ. અનિલ જોષીયારા |
| ૧૦. | --"-- | ૧૦૦ | મજૂરોને જરૂરી બોનસ ચૂકવવા માલિકોને ફરજ પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| ૧૧. | --"-- | ૧૦૦ | બીડી કામદારોની રોજગારીની શરતોનું થતું ઉલ્લંઘન અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૧૨. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૧૦૨–કામકાજ.....સલામતી<br>૦૧–એલ.બી.આર. ૧૦–<br>અકસ્માતો....એકમ<br>રૂા. ૧,૫૫,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૨૪–૨૫ | ૧૦૦ | કારખાનાઓમાં બનતા અકસ્માતના કેસોમાં શ્રમિકોને જરૂરી સારવાર સત્વરે મળી રહે તેવી વ્યવસ્થા કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શિવજીભાઈ આહીર |
| ૧૩. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૧૦૨–કામકાજ.......સલામત<br>ી<br>૦૩–એલબીઆર–૧૨<br>કારખાનાના...... મહેકમ<br>રૂા. ૪,૪૦,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૨૬–૨૭ | ૧૦૦ | કારખાના–ફેકટરીઓમાં સાધનોની જરૂરી ચકાસણી નિયમિત કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| *૧૪<br>. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૧૦૩–સામાન્ય......કલ્યાણ<br>૧૬–બાળ મજૂર ધારાનું અમલીકરણ<br>રૂા. ૪,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૩૫ | ૧૦૦ | બાળમજૂર ધારાનું સખ્તાઈથી અમલીકરણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૫. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર | ૧૦૦ | મીઠાના કામદારોની કલ્યાણકારી પ્રવૃત્તિઓનો વ્યાપ વધારી જરૂરી | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧–શ્રમ<br>૧૧૧–મજૂરોની ......સુરક્ષા<br>૦૩–એલ.બી.આર.૧૭.મીઠા. ...પ્રવૃત્તિ<br>રૂા. ૨૮,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૩૭ | | સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૬. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૨–રોજગાર<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–ઈએમપી–૬<br>રોજગાર...યોજના<br>રૂા. ૭,૮૮,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૪૦–૪૧ | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીઓમાં નોંધાયેલ બેરોજગારોને રોજગારી અપાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| *૧૭. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૩–તાલીમ<br>૦૦૧– નિદેશ અને વહીવટ<br>૦૧–ઈ.એમ.પી.–૫<br>રોજગાર.....બનાવવી<br>રૂા. ૧,૨૫,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૫૫–૫૬ | ૧૦૦ | ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના કર્મચારી/ અધિકારીઓને લાગવગ/ઓળખાણથી અન્ય વિભાગોમાં કાયમી ધોરણે ડેપ્યુટેશન ઉપર જતા અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૧૮. | --"-- | ૧૦૦ | ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓની વહીવટી કામગીરીને સુદ્રઢ કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૯. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૩–તાલીમ<br>૦૦૩–કારીગરો........તાલીમ<br>૦૫–ઈ.એમ.પી.–૨<br>ઔદ્યોગિક......તાલીમ કેન્દ્રો<br>રૂા. ૧૨,૯૦,૯૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૬૨–૬૩ | ૧૦૦ | કારીગરોને જરીપુરાણી તાલીમ આપવાને બદલે અદ્યતન ટેકનોલોજીની તાલીમ મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છબીલભાઈ પટેલ |
| | **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**<br>**માગણી નં.૯૨** | | | |
| ૨૦. | ૨૨૨૫–અનુસૂચિત.....કલ્યાણ<br>૦૩–પછાતવર્ગોનું કલ્યાણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂા. ૮,૦૦,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪(૧)<br>પા.નં.૨૧થી ૨૬ | ૧૦૦ | પછાત વર્ગોની કલ્યાણકારી યોજનાઓમાં રકમની ફાળવણીને ઉત્તરોત્તર ઘટતી જતી રોકવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી દોલતભાઈ પરમાર |
| ૨૧. | --"-- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિકાસ માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ હેઠળની યોજનાની કામગીરીની ચકાસણી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગોવાભાઈ રબારી |
| ૨૨. | --"-- | ૧૦૦ | પછાતવર્ગોના લોકોને મળવાપાત્ર લાભ રાજયના છેવાડાના માનવીને મળે તેવું વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રવિણભાઈ મારૂ |
| ૨૩. | --"-- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેની જુદી જુદી યોજનાઓને કાર્યક્ષમ બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| ૨૪. | ૨૨૨૫–અનુસૂચિત.....કલ્યાણ<br>૦૩–પછાતવર્ગોનું કલ્યાણ<br>૮૦–સામાન્ય<br>૧૦૧–વિમુકત......કલ્યાણ<br>રૂા. ૧૩,૫૩,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪(૧)<br>પા.નં.૨૭ થી ૩૧ | ૧૦૦ | પછાતવર્ગોના વિદ્યાર્થીઓ માટેની આશ્રમશાળાઓમાં પૂરતી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મનહરલાલ મકવાણા |
| ૨૫. | ૨૨૨૫–અનુસૂચિત.....કલ્યાણ<br>૦૩–પછાતવર્ગોનું કલ્યાણ<br>૧૦૨–આર્થિક વિકાસ | ૧૦૦ | પછાતવર્ગો માટે કુટિર ઉદ્યોગમાં સ્વરોજગાર યોજના હેઠળ જરૂરી નાણાંકીય સહાય આપવામાં થતો વિલંબ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મનહરલાલ મકવાણા |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂા. ૫,૨૭,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪(૧)<br>પા.નં. ૩૨ થી ૩૮ | | | |
| ૨૬. | --"-- | ૧૦૦ | પછાતવર્ગોના લોકોને વાંસકામ માટેની સહાયમાં વધારો કરી આર્થિક રીતે સમૃધ્ધ બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી દોલતભાઈ પરમાર |
| ૨૭. | --"-- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ભરવાડ/ રબારી જાતિના લોકોને ઘાસચારા માટેની આર્થિક સહાયની રકમમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઈ રબારી |
| ૨૮. | ૨૨૨૫–અનુસૂચિત.....કલ્યાણ<br>૦૩–પછાત વર્ગોનું કલ્યાણ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૧–બીસીકે–૧૨૧–સમાજ શિક્ષણ શિબિરો<br>રૂા. ૧૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪(૧)<br>પા.નં. ૬૩ | ૧૦૦ | સમાજ શિક્ષણ શિબિરોનું આયોજન કરી પછાતવર્ગોના લોકોને અંધશ્રધ્ધામાંથી મુકત કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી દોલતભાઈ પરમાર |
| | **માગણી નં. ૯૫** | | | |
| *૨૯. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૨– માધ્યમિક શિક્ષણ<br>૧૦૭–શિષ્યવૃત્તિ<br>રૂા. ૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪(૨)<br>પા.નં. ૧૫ | ૧૦૦ | અનુસૂચિતજાતિના વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવતી શિષ્યવૃત્તિની રકમમાં વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૦. | --"-- | ૧૦૦ | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિ ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જેસાભાઈ બારડ |
| ૩૧. | ૨૨૧૫–પાણી ......સ્વચ્છતા<br>૦૧–પાણી પુરવઠા<br>૧૦૨–ગ્રામીણ.....કાર્યક્રમ<br>રૂા. ૧૧,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪(૨)<br>પા.નં. ૨૭ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં અનુસૂચિત જાતિના લોકો માટેની પાણી પુરવઠાની કામગીરીમાં રાખવામાં આવતું ભેદભાવભર્યુ વર્તન નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૩૨. | ૨૨૧૫–પાણી ......સ્વચ્છતા<br>૦૧–પાણી પુરવઠા<br>૧૦૨–ગ્રામીણ.....કાર્યક્રમ<br>રૂા. ૧૧,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪(૨)<br>પા.નં. ૨૭ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારમાં અનુસૂચિત જાતિના લોકોને પીવાના પાણી માટે જરૂરી સુવિધાઓ આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હેમાજી રાજપૂત |
| *૩૩. | ૨૨૧૬–આવાસન<br>૦૩–ગ્રામીણ આવાસન<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂા. ૨૯,૯૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪(૨)<br>પા.નં. ૩૧ અને ૩૨ | ૧૦૦ | સરદાર પટેલ આવાસન યોજના હેઠળ મકાન બાંધકામમાં અનુસૂચિત જાતિના લોકો માટે રખાતું ભેદભાવભર્યુ વર્તન નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૪. | ૨૨૨૫–અનુસૂચિત......કલ્યાણ<br>૦૧–અનુસૂચિત......કલ્યાણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–સમાજ....કચેરી<br>રૂા. ૨,૫૩,૨૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪(૨)<br>પા.નં. ૪૧ અને ૪૨ | ૧૦૦ | સમાજકલ્યાણની જુદી જુદી યોજનાઓની કામગીરીની સમયાંતરે ચકાસણી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૩૫. | --"-- | ૧૦૦ | તાબાની કચેરીઓના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અનિલકુમાર પટેલ |
| ૩૬. | --"-- | ૧૦૦ | અનુસૂચિત જાતિના લોકોને જરૂરી લાભ સમયસર આપવા ધારાસભ્યોએ કરેલ રજૂઆત પ્રત્યે પૂરતું ધ્યાન આપવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| ૩૭. | --"-- | ૧૦૦ | અનુસૂચિત જાતિના કલ્યાણ માટેની વિવિધ યોજનાઓનો વ્યાપ વધારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| *૩૮. | --"-- | ૧૦૦ | અનુસૂચિત જાતિના ઈસમોને જ્ઞાતિ અંગેના પ્રમાણપત્રો મેળવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૯. | ૨૨૨૫–અનુસૂચિત......કલ્યાણ<br>૦૧–અનુસૂચિત......કલ્યાણ<br>૧૯૦–જાહેર.....સહાય<br>રૂા. ૧,૮૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪(૨)<br>પા.નં. ૫૯–૬૦ | ૧૦૦ | સફાઈ કામદારોના પ્રશ્નો હલ કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રવિણભાઈ મારૂ |
| *૪૦. | ૨૨૨૫–અનુસૂચિત......કલ્યાણ<br>૦૧–અનુસૂચિત......કલ્યાણ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂા. ૮,૩૩,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪(૨)<br>પા.નં. ૮૨ થી ૮૬ | ૧૦૦ | મા રમાબાઈ આંબેડકર 'સાત ફેરા સમૂહ લગ્ન' પ્રસંગે અપાતી સહાયમાં વધારો કરી યોજનાને ફળદાયી બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી રશીદાબેન પટેલ |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નહીં.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી દોલતભાઈ પરમાર (વડગામ)** :માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી રમણભાઈ સાહેબ એમના વિભાગની માગણીઓ લઈને અહીં ઉપસ્થિત થયા છે ત્યારે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, શું બોલવું અને શું ન બોલવું એ જ મને સૂઝ પડતી નથી. રાજયનું જે રીતનું વાતાવરણ છે તે વાતાવરણ જોતા આવું કહેવાની મને ફરજ પડે છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની જવાબદારી રાજયના દલિતો માટે શિક્ષણ, આર્થિક ઉત્કર્ષ, આરોગ્ય અને આવાસની જવાબદારી અદા કરવાની છે, પણ તેમ છતાં હું એમની પાસેથી જે અપેક્ષા રાખુ છું કે જયારે સમાજ કલ્યાણનું નામ બદલી અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ રાખ્યું છે ત્યારે મારી અપેક્ષા ઘણી વધી જાય છે, અને રાજયના દરેકે દરેક દલિતની અપેક્ષા પણ વધી જાય છે. પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે સરકારે આ રાજયના દલિતો માટે કશું કર્યુ નથી. સરકાર રૂપકડાં નામો તો આપે છે પણ રૂપકડાં નામો આપવાથી, સિંહની ખાલ ઓઢવાથી શિયાળ કયારેય સિંહ બની શકે નહીં, જે સ્થિતિ આ રાજયમાં પ્રવર્તિ રહી છે તે જોતા મને એવું લાગે છે કે આ રાજય સરકાર દલિતોને બંધારણમાં જે અધિકારો અને હક્કો આપેલા છે તે પૂરા કરવામાં પણ સદંતર નિષ્ફળ ગઈ છે. બજેટમાં કેટલું આપે છે કે કેટલું નથી આપતી તે અગત્યનું નથી, પણ આ રાજયના દલિતો ગૌરવભેર ઉંચું માથું રાખીને જીવી શકે તેવી અપેક્ષા તે રાખે છે. ત્યારે રાજયના દલિતોની સલામતી જ ન હોય તો કઈ રીતે તે જીવી શકે? તે પોતાનું ગૌરવ અને આતમસન્માન કયાંથી નીભાવી શકે? માનનીય અધ્યક્ષશ્રી, ૮મી માર્ચે ગુજરાતના સમગ્ર દલિતોનો મોરચો ગાંધીનગરમાં આવ્યો ત્યારે એ દલિત આક્રોશ રેલી ઉપર લાઠીચાર્જ કરવામાં આવ્યો, ટીયરગેસ છોડવામાં આવ્યો, પાણીનો મારો ચલાવવામાં આવ્યો અને કેટલાયે દલિતો ઘાયલ થયા, કેટલાયના હાથ પગ તૂટી ગયા અને એક ભય પેદા કરવામાં આવ્યો. માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરના સમયમાં જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકાના પરોડીયા ગામે બબાભાઈ મેઘાભાઈ પરમાર નામના ભાઈનું પોલીસના મારથી મૃત્યુ થયું. પાટણ જિલ્લાના સમી તાલુકાના કનીજ ગામમાં કીસનભાઈ કુબેરભાઈ વણકરને તેના ઘરના આંગણે પેટ્રોલ છાંટીને જીવતો સળગાવી દેવામાં આવ્યો. પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના તરસંગ ગામે એક વૃધ્ધ દલિત સવાભાઈ વણકરનું, લાકડીઓ મારી માથાભારે તત્વોએ ખૂન કર્યુ. ગાંધીનગરમાં ન્યાય માટે આવેલ સુરેન્દ્રનગર જિલ્લાના હળવદના મંજુલાબેનનું ભૂખના કારણે મૃત્યું થયું, હમણાં ગઈકાલનો જ દાખલો છે કે અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના સોરડ ગામમાં રેખાબેન મગનભાઈ પરમારને સામૂહિક બળાત્કાર કરીને એસિડ છાંટીને ઘાતકી રીતે ખૂન કરીને લાશને ગામની સીમમાં ફેંકી દેવામાં આવી. આ રાજયમાં આ પ્રકારનું વાતાવરણ હોય તો અમારે શું માગવું અને શું ન માગવું તેનો અર્થ રહેતો નથી. સામાજિક ન્યાય માટેની જે અપેક્ષા છે તે માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્ય મંત્રીશ્રી પૂર્ણ કરવામાં તદ્દન નિષ્ફળ ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાતની સરકાર વાતો કરે છે. મને તો એ વાયબ્રન્સીનો છાંટો પણ જોવા મળતો નથી. બળદ ઘાસ ખાતો બેઠો હોય એની ઉપર એક કાંકરી નાખો તો એની ચામડીમાં ઝણઝણાટી આવી જાય છે. પરંતુ એવી ઝણઝણાટી પણ આ સરકારમાં જોવા મળતી નથી. ગઈ કાલે માનનીય ભટ્ટ સાહેબ એમની માગણીઓના જવાબમાં કહેતા હતાં કે હું આપની સમક્ષ •* ( xxxx) માગું છું. સરકાર જ જ્યારે * ( xxxx) માગતી હોય તો અમારે તો પ્રશ્ન જ કયાં રહ્યો? અમે તો * ( xxxx) માગતા નથી અને અમારે * ( xxxx) જોઈતી પણ નથી. અમારે તો અધિકારો જોઈએ છે. અમારે સુરક્ષા માટે હક્ક અને અધિકારો જોઈએ છે. હું * ( xxxx) નથી માગતો.

---

• *** ( xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીએ * ( xxxx) બીજા અર્થમાં કહી હતી.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં એમ કહ્યું હતું અને આજે ફરીથી કહું છું કે બેટી બચાવો આંદોલનમાં સૌને જોડાવા * ( xxxx) માગુ છું. એમને ન જોડાવું હોય તો ન જોડાય.

**શ્રી દોલતભાઈ પરમાર** : જનરલ વાત થઈ હતી.

**અધ્યક્ષશ્રી** : જનરલ વાત નથી થઈ.

**શ્રી અશોક ભટ્ટ** : નાણાકીય બાબતોમાં આ સરકારનો કુબેર ભંડાર ભરેલો છે. તમે જે માગો તે આપવા અમે તૈયાર છીએ.

**શ્રી દોલતભાઈ પરમાર** : અમારે હક્ક જોઈએ છે, સ્વમાનભેર જીવી શકીએ....

**અધ્યક્ષશ્રી** : * ( xxxx) (xxxx) એ શબ્દ કાર્યવાહીમાંથી દૂર કરું છું.

**શ્રી દોલતભાઈ પરમાર** : આ સભાગૃહમાં બેકલોગની જગ્યાઓ ભરવા માટેની ખાતરી આપવામાં આવેલ હતી પરંતુ એ ખાતરીનું પાલન થયું નથી. રૉસ્ટર એકટ માટેની બિન સરકારી વિધેયક લઈને આવ્યો હતો. ત્રણ વખત આ વિધેયક લઈને આવ્યો તેમ છતાં મને સફળતા મળી નથી અને મારી પાસેથી વિધેયક પાછું ખેંચવા માટેની સરકારે અપેક્ષા રાખી હતી અને કહ્યું હતું કે આ રૉસ્ટર એકટ લાવીશું પરંતુ આજ સુધી એ કરી શકયા નથી. એક સામાન્ય વેપારી પણ પોતે આપેલ વચન પાળે છે જ્યારે આ સરકાર તો વિશ્વાસઘાત કરે છે એ કેવી રીતે ચલાવી શકાય. મેં કહ્યું એમ વાયબ્રન્સીની વાત છે. પરમ દિવસે તારાંકિત પ્રશ્નોત્તરીમાં ૧૧મો પ્રશ્ન હતો એમાં જે આદર્શ નિવાસી શાળાઓ સરકાર ચલાવે છે એમાં ચાર આચાર્યોની જગ્યાઓ ખાલી છે. આ ચાર આચાર્યોની જગ્યાઓ એક બે વર્ષથી નહિ પરંતુ છેલ્લા અઢાર વર્ષથી ખાલી છે. આ પ્રશ્નના જવાબમાં સરકારે એમ કહ્યું હતું કે કાર્યવાહી ચાલુ છે. આ વાયબ્રન્સી સરકાર, ૧૮ વર્ષથી ચાર આચાર્યોની જગ્યાઓ ભરી શકતી નથી એ શું વાયબ્રન્સી બતાવી શકે?

સ્વતંત્રતા, સમાનતા, બંધુતા અને સામાજિક ન્યાયની વાત લઈને આપણે જનતા, લોકો માટે ચાલવાનું છે. આ દલિતો માટે નથી સ્વતંત્રતા, નથી સમાનતા, નથી બંધુતા અને નથી ન્યાય. આ સંજોગોમાં મેં અગાઉ કહ્યું એમ હું પોતે વિમાસણમાં છું કે આ સરકાર પાસેથી શું અપેક્ષા રાખી શકાય.

ગુજરાત સરકારની નોકરીઓમાં વર્ગ ૧ થી ૪ સુધીની અનામત કક્ષાના ઉમેદવારોની ભરતી બાબતમાં ૨૬ હજાર જગ્યાઓ ભરવા માટે એક જાહેર હિતની અરજી ૧૯૯૪માં દાખલ કરવામાં આવેલ જે અંગે ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેંચે ૭-૭-૯૮ના રોજ ચુકાદો આપ્યો એ ચુકાદા મુજબ બેકલોગમાં વર્ગ-૩ અને ૪ની જગ્યાઓ માટે પૂરતી
સંખ્યામાં ઉમેદવારો ઉપલબ્ધ હોવાથી વહેલાસર ભરવા નામદાર અદાલતે આદેશ આપેલો છે.
હજુ સરકારના પેટનું પાણી હાલતું નથી. હજુ કોઈ ભરતી થઈ નથી. ઉલટાની જગ્યાઓ ઓછી કરવા માંડી છે. હું માનનીય અધ્યક્ષશ્રી દ્વારા આપના કોરા હૃદયમાં ઘૂસવા માટે પ્રયત્ન કરું છું. મારું માધ્યમ માનનીય અધ્યક્ષશ્રી છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બોલવા દો તેમને. દોલતભાઈને ડિસ્ટર્બ નહીં કરતા.

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આવી પરિસ્થિતિમાં આ માનનીય સભાગૃહના સૌ સન્માનનીય સભ્યશ્રીઓ પાસેથી હું અપેક્ષા રાખું છું કે દલિત સમાજને ભીખ નથી જોઈતી. તેમને સ્વમાન જોઈએ છે અને એટલા માટે આપ સૌ પોતે પણ સર્વગ્રાહી રીતે આત્મચિંતન કરો, આત્મમનન કરો અને દલિત સમાજના ભાઈ-બહેનોને સન્માનથી જીવવાની તક આપો. અમારે એટલું જ જોઈએ છે. અમારે બીજું કશું જોઈતું નથી. આ સરકાર જો આ દિશામાં વિચારતી હોય તો એ સરકારે ગંભીરતાથી વિચારવું જોઈએ. ગઈકાલે ભટ્ટ સાહેબે જ કહ્યું હતું કે અત્યાર સુધી અમે લીલા કલરમાં હતા. હવે પીળા કલરમાં આવી ગયા છીએ. આ સરકારને રંગ બદલવાની આદત પડી ગઈ છે. કાચંડાની જેમ રંગ બદલતી જાય છે. (અંતરાય) મારી આંખમાં પીળીયો નથી, પીળો કલર તમે જ કહ્યો છે અને તમારા તરફથી આવ્યો છે. મારી આંખો તો નિર્મળ અને શુદ્ધ છે.

**શ્રી અશોક ભટ્ટ** : મારા પ્રવચનમાં મેં બહુ સ્પષ્ટ કહ્યું છે કે કેન્દ્ર સરકારે નાકોએ જે નકશો બહાર પાડ્યો તેમાં જે લીલા રંગના હતા તેમાંથી પીળા રંગના થયા છે અને એઈડ્ઝના રેફરન્સમાં છે. આમાં શું થાય છે કે દોલતભાઈ, (અંતરાય) રંગ તો તમે જેટલા બદલી શકો છો એટલા ખબર જ નથી પડતી. ક્યારેક કોમ્યુનીસ્ટોની જોડે ને ક્યારેક મુલાયમની જોડે ને ક્યારેક મમતાની જોડે. કયાં કયાં, તમે કયાં જાવ છો તેના રંગ તમને પણ ખબર નથી અને ક્યારેક ઈન્ડિયાની જોડે અને ક્યારેક ઈટાલીની જોડે.

**શ્રી દોલતભાઈ પરમાર** : મેં ગઈકાલે જ વાત કરી હતી કે માનનીય ભટ્ટ સાહેબ શું કહે છે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ તો ઠીક છે પણ મોહમ્મદઅલી ઝીણાની જોડે કોઈક દિવસ હોય અને બીજાંની જોડે પણ હોય. તમે એને જરા સમજાવો, ત્યાં જઈને તમે એમને સમજાવો. ત્યાં બેઠાં છે, તમારું માનતાં નથી. તમારા ગુરૂ છે. તેમને સમજાવો થોડું.

**શ્રી દોલતભાઈ પરમાર** : આજે ગૃહમાં પ્રવેશ કરતી વખતે એમણે મને કહ્યું, મેં ગઈ કાલે તેમને કહ્યું હતું તેના સંદર્ભમાં તેમણે મને કહ્યું. મેં ગઈ કાલે તેમને કહ્યું હતું કે આ ભટ્ટ સાહેબ બહાર વાત્સલ્ય વહેવડાવે છે અને અંદર ઘુરકિયા કરે છે. એટલે આજે એન્ટર થતાં જ મને કહી દીધું કે હવે અંદર પણ વાત્સલ્ય વરસાવીશ. ઘુરકિયા નહીં કરું. તેમનું ચાલુ ને ચાલુ જ છે. ઘુરકિયા કરવાનું. દલિતો માટેનો સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન છે, ખાસ અંગભૂત યોજના. ૯મી પંચવર્ષીય યોજનામાં આર્થિક વિકાસમાં જોગવાઈ ૪૮૫૦ લાખની હતી. જ્યારે ખર્ચ કર્યો ૩૫૩૫. ગરીબીની રેખા અંગેના કાર્યક્રમમાં ૨૦૦૦ લાખની જોગવાઈ હતી. પુન:વસનમાં ૧૫,૦૦૦ લાખની જોગવાઈ હતી. ૪,૦૦૦ લાખનો ખર્ચ કર્યો. ૧૫,૦૦૦માંથી ૪,૦૦૦ લાખનો ખર્ચ કર્યો. આ તેમની દલિતો માટેની પ્રતિબદ્ધતા છે. માનનીય અધ્યક્ષશ્રી, બંધારણીય, સામાજિક, આર્થિક ન્યાય આપવા માટે જ્યારે રાજય સરકાર બંધાયેલી છે ત્યારે સરકાર જો તે પ્રત્યે ઉદાસીનતા દાખવે તો એ સરકાર ઝાઝું ટકે નહીં તે હકીકત છે. વાત સાચી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું તો અમારા દલિત સમાજના ભાઈઓ જે સામી પાટલી ઉપર બેઠા છે એમના વિશે મારે વાત કરવી છે.

**મેરા અજમ ઈતના બુલંદ હૈ કી મુઝે પરાયે શોલોકા ડર નહીં,**
**ડર હૈ મુજે આતીશે ગુલ સે કે કહીં ચમન કો જલાકે ખાક ના કરદે.**

ચમન કો જલાકે ખાક ના કરદે એ સામે બેઠેલા દલિત સમાજના પ્રતિનિધિઓને મારી પ્રાર્થના, વિનંતી છે કે જે વિચારધારાથી જ એ આપણા અહિતના હોય, એ લોકો સાથે એ વિચારધારા સાથે બેસવાથી શું લાભ થશે? મહેરબાની કરીને આવો, આવી જાવ અમારી સાથે જોડાઓ.

**અધ્યક્ષશ્રી** : હવે આ ઉંમરે ના કહેવાય એવું.

**શ્રી દોલતભાઈ પરમાર** : સાહેબ મેં ગઈકાલે જ કહ્યું હતું કે ઉંમરને અને દિલને કંઈ લાગતું વળગતું નથી. દિલ હંમેશા જુવાન હોય છે.

**ગાજિયો મેં બૂ રહેગી જબ તલક ઈમાન કી**
**તખ્ત લંડન તક ચલેગી તેગ હિન્દુસ્તાન કી**

આ જફરનું જ છે એટલે હિન્દુસ્તાનની તેજ તબ તબ ચલેગી કી ગાજીયો મેં જબ તક ગુલ રહેગી.

**દમ દમે મેં દમ નહીં અબ ખૈર માંગો જાનકી**
**એ જફર ઠંડી હુઈ સમશીર હિન્દુસ્તાન કી.**

સમશીર હિન્દુસ્તાનની મોદી સાહેબની હવે ઠંડી થઈ ગઈ છે. હવે દમ રહ્યો નથી. અને સમયનો તકાજો છે બોલે છે એટલે સમજે અને દલિતો વિચારે. (અંતરાય ) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજુભાઈ વાળા સાહેબ કહે છે કે બધા પાના આવી ગયા છે તો મને લાગે છે કે મારી ભાવના અને મારા હાર્દને અને મારી વાતને સમજી ગયા છે અને એ રીતે સમજીને સાથે લઈને ચાલે અને માનનીય મંત્રીશ્રીને મારી ખાસ વિનંતી છે કે આ દિશામાં ગંભીરતાથી વિચારે નહીં તો આવતી કાલે સમાજ ઉચ્ચ લઈ જવા માટેની આપણે આપણી લાયકાત ગુમાવી દઈશું. આ લાયકાત આપ ન ગુમાવો એની મારી આપને પ્રાર્થના છે.

. **શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા (જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી

**અધ્યક્ષશ્રી** : સમય ઓછો છે એટલે આપ ધ્યાન રાખીને બોલો, આપને ૮ મિનિટ ફાળવી છે.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા** : ઈશ્વર તો છે જ.

**અધ્યક્ષશ્રી** : પોતે જ છે.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા :** માનનીય અધ્યક્ષશ્રી, ઈશ્વર પોતે સ્વયં છે. એટલે સી. જે. એની ચિંતા નહીં કરો. માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી અને શ્રમ અને રોજગાર વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું મારી વાત કરવા માગુ છું. માનવના સામુદાયિક વિકાસ માટે એ કઈ જાતનો કયા ધર્મનો કયા પ્રાંતનો છે એ અગત્યની વાત નથી. એના સામુદાયિક વિકાસ માટે શિક્ષણ આર્થિક અને સામાજિક આ ત્રણ ખૂબ જ અગત્યની પાયાની બાબતો છે અને એ પાયાની બાબતો ઉપર રાજય સરકાર, કેન્દ્ર સરકારો કયા પ્રકારનો અભિગમ ધરાવે છે, કયા પ્રકારનો દૃષ્ટિકોણ ધરાવે છે અને કયા પ્રકારના આ દલિત આદિવાસીઓ, વંચિત સમાજના વિકાસ માટેની એની યોજનાઓ છે એના કલ્યાણ માટેની એની શું ભાવના છે

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર

**અધ્યક્ષશ્રી** : આમાં શું પોઈન્ટ ઓફ ઓર્ડર છે?

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, દોલતકાકા મારા વિસ્તારનું નામ લઈને બોલ્યા છે તે તરસણની અંદર જે દલિતો ઉપર અત્યાચાર થયા એ વિસ્તારની જે વાતો કરી, મારે એટલું જ કહેવું છે કે

દોલતકાકા ત્યાં કોંગ્રેસના સંમેલનમાં આવ્યા હતા અને કોંગ્રેસવાળાઓએ જ એમને ઉશ્કેર્યા હતા અને કોંગ્રેસવાળાએ જ આ કર્યુ હતું અને કોંગ્રેસના નેતાએ ત્યાં આવીને વાતો કરી છે.

**અધ્યક્ષશ્રી** : આમાં કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર નથી પ્લીઝ, આગળ ચાલો.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ પોઈન્ટ ઓફ ઑર્ડર નથી. સમય બગડે છે. બેસો પ્લીઝ , એમને ૮ મિનિટમાં પૂરું કરવાનું છે. એમનો સમય બગડે છે.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા:**માનનીય અધ્યક્ષશ્રી, મારો સમય મજરે આપજો. (અંતરાય) એવું નહિ ચાલે. મારો સમય કપાય તો મારી વાત રહી જાય. માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક સેવાઓ માટે આ રાજ્ય સરકાર આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ૬૨૬૫ કરોડની માતબર નાણાકીય જોગવાઈ કરીને વંચિતોના વિકાસ માટે પોતાની જે કટિબદ્ધતા છે એનો સંકલ્પ જાહેર કરે છે. અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટે આ રાજ્ય સરકારે ૪૧૩ કરોડ રૂપિયાની રકમ જે ગત વર્ષ ૨૦૦૬-૦૭ કરતાં ૩૦ ટકા વધુ રકમ લઈને આ રાજ્યના દલિતોના સામુદાયિક વિકાસ માટેનો જે અભિગમ છે તે અભિગમ આ બજેટમાં પ્રસ્થાપિત કર્યો છે. મેં કહ્યું તેમ શૈક્ષણિક વિકાસ માટે કોઈપણ વંચિત, કોઈપણ માનવી, છેવાડાનો માનવી હોય કે ગમે તે સમાજનો માનવી હોય એને માટે શિક્ષણ એ પાયાની જરૂરિયાત છે. ડૉ.બાબાસાહેબ આંબેડકરને એક દલિત સમાજના યુવાનને મહારાજા સયાજીરાવ ગાયકવાડે વિદેશ ભણવા માટે મોકલ્યા અને એ મહાપુરુષે આવીને આ દેશના દલિતોની દિશા અને દ્રષ્ટિ બદલી નાખ્યા. આજ રીતે શિક્ષણ એ બહુ અગત્યની જરૂરિયાત છે. આ રાજ્યની સરકારે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ મારફત દલિત એવા પ્રિ એસ.એસ.સી. અને આફટર એસ.એસ.સી. અને અતિ પછાત અને અસ્વચ્છ ધંધામાં રોકાયેલા પરિવારોના લગભગ ૯ લાખ જેટલા વિદ્યાર્થીઓને સ્કૉલરશીપ આપવાની માતબર યોજના બનાવી છે. આ કોઈ સામાન્ય ઘટના નથી. પછાત ૭૦૦થી વધુ બાલમંદિરો, બાલવાડીઓનું સંચાલન આ વિભાગ મારફત ૯૦ ટકા આર્થિક સહયોગના આધારે કરવામાં આવે છે. આ શિક્ષણની જ્યારે હું વાત કરું છું ત્યારે માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને નમ્રપણે મારે સૂચન કરવું છે, એક ભલામણ કરવી છે. આ વિભાગ મારફતે આશ્રમશાળાઓ અને નિવાસી શાળાઓ ચાલે છે. ખૂબ જ સારી રીતે ચાલે છે એ હું જાણું છું. પરંતુ શિક્ષણમાં આમૂલ પરિવર્તનો આવી રહ્યા છે, આ ક્રાંતિઓની વચ્ચે દલિત સમાજના માટે, વંચિતો માટે ચાલતી નિવાસી શાળાઓ અને આશ્રમશાળાઓ ચીલાચાલું ન બની રહે અને નવા અભિગમ સામે નવોદિત વિદ્યાલયોના ધોરણે આ સંસ્થાઓમાં શિક્ષણના આયામોમાં ફેરફાર કરવામાં આવે અને એ પ્રમાણે એમાં નવતર પ્રયોગ કરીને નવોદિતના ધોરણે આ દલિત સમાજના વિદ્યાર્થીઓને ભણવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે તો હું માનું છું કે એમાંથી અમને ખૂબ સારા ફળો પ્રાપ્ત થાય એમ છે. એટલા માટે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં જે પ્રમાણેની દલિત ઉદ્ધારની વાત ડૉ. બાબાસાહેબ આંબેડકરની ભાવના, પરમ પૂજ્ય પંડિત દીનદયાળજીની ભાવનાને ધ્યાનમાં રાખીને ચાલતી આ ભારતીય જનતા પાર્ટી, એ રાજકીય પાર્ટી ભલે હોય પણ એક સામાજિક જવાબદારી, પારિવારિક સમાનતા અદા કરનારી, સામાજિક સમરસતાના ધોરણે પ્રત્યેક માનવીનો વિકાસ થાય અને એમાં વંચિતોનો વિકાસ થાય એના માટે સતત કટિબદ્ધ રહેલી આ સરકાર છે. અનેક યોજનાઓ છે જેના વિશે માનનીય સભ્યશ્રીઓ કહેવાના છે. હું યોજનાઓની વાત અવાર-નવાર અહીંયા કરતો રહ્યો છું. પરંતુ મારે થોડા સૂચન સાથે મારી નમ્ર ભાવના વ્યક્ત કરવી છે. સરસ્વતી સાધના યોજના તળે વિદ્યાર્થીઓને આપવામાં આવતી સાયકલ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને આપવામાં આવે છે. બી.પી.એલ.ના આધારે આ વખતે માત્ર દીકરીઓને જ સાયકલ આપવાનો વિચાર છે. બી.પી.એલ. છે, ગરીબી રેખા નીચે જીવનાર દીકરાઓ છે. હું નમ્રપણે સૂચન અને ભલામણ કરું છું કે આપણા રાજ્યની સરકાર દીકરા-દીકરી વચ્ચે ભેદ રાખતી નથી અને દીકરા-દીકરીને એકસમાન ગણીએ છીએ ત્યારે હું દર્દભરી અપીલ કરું છું કે બી.પી.એલ.ની યાદીમાં આવનાર ધોરણ-૮ માં આવનાર વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ બન્નેને સાયકલ આપવામાં આવે તો વધારે ઉપયોગી અને ઉપકારક બનશે. આર્થિક વિકાસની હું વાત કરું છું. (અંતરાય) આર્થિક વિકાસ પાયાની જરૂરિયાત છે. અમારા સમાજમાં કહેવાય છે કે, "નાણા વગરનો નાથિયો, નાણે નાથાલાલ." આ નાથાલાલ બનાવવાની ભાવના લઈને આ રાજ્ય સરકાર કામ કરી રહી છે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રમ રોજગાર વિભાગના મંત્રીશ્રી અને માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થન માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આર્થિક વિકાસના ક્ષેત્રે વર્તમાન સરકારશ્રીના પ્રયત્નો પૂર્વેની કોઈ પણ સરકારોની સરખામણીમાં અનેકગણા વધુ ફળદાયી રહ્યાં છે. આપણા આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને શ્રમ અને રોજગારમંત્રીશ્રી મુળુભાઈ બેરાના પ્રયત્નોથી ગુજરાતમાં શ્રમ અને રોજગાર વિભાગમાં અનેક વિકાસ થયો છે. ગુજરાત વિકાસની એક હરણફાળ ભરી રહ્યું છે. ગુજરાત રાજ્યમાં ઉદ્યોગો દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં ઔદ્યોગિક ક્ષેત્રે શાંતિ અને સુમેળભર્યુ વાતાવરણ સ્થાપવામાં દેશમાં અગ્રિમ સ્થાન ધરાવે છે. આ ગુજરાતમાં હડતાલ, તાળાબંધી અને ધરણા એ ભૂતકાળ બની ગયો છે. આદરણીય નરેન્દ્રભાઈના નેતૃત્વ હેઠળ અને

આદરણીય મુળુભાઈના પ્રયત્નોથી અત્યારે ગુજરાતની અંદર ઔદ્યોગિક શાંતિ સ્થપાય રહી છે અને ગરીબ વર્ગના લોકોને મહત્તમ રોજગારી મળી રહી છે. જે રીતે આપણા રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમિટ ૨૦૦૭, વાયબ્રન્ટ ગુજરાત આઈ.ટી. સમિટ ૨૦૦૭, વાયબ્રન્ટ ગુજરાત અર્બન સમિટ ૨૦૦૭ના જે કરારો થયા એનાથી ગુજરાતમાં ૨૧ લાખ વ્યકિતઓને રોજગારીની તકો ઊભી થશે. ભૂતકાળની સરકારોએ ક્યારેય આવી રોજગારીની તકોના પ્રયત્નો કર્યા નથી. આયોજનપંચે આપણા રાજ્ય પાસે સૌથી ઉંચો એવો ૧૦.૨ના વિકાસ દરની અપેક્ષા રાખી હતી જે એક પડકાર હતો. ભીષણ ભૂકંપના પડછાયા અને સતત આવતી કુદરતી આપત્તિઓ અને એમાય હાલમાં રહેલી યુ.પી.એ.ની કેન્દ્ર સરકારની અનેક ડખલગીરીઓ અને એવા કપરા સંજોગોમાં પણ ભારે જહેમત અને આયોજનબદ્ધ વિકાસના પરિણામે ૧૦મી પંચવર્ષીય યોજનામાં ચાર વર્ષ દરમ્યાન રાજ્યમાં ઘરગથ્થું ઉત્પાદનનો સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર ૧૦.૬૨ ટકા હાંસલ કરેલ છે. જે આપણા ગુજરાત માટે ગૌરવની વાત છે અને એનું શ્રેય જો જતું હોય તો આદરણીય નરેન્દ્રભાઈ અને આદરણીય નાણામંત્રીશ્રી વજુભાઈને જાય છે. જે રીતે આ રાજ્યમાં ગુમાવેલા માનવ દિન, રોજગારીના ગુમાવેલ માનવ દિનની સંખ્યાની વાત કરીએ તો એમાં ગુજરાતમાં સતત ઘટાડો થતો આવ્યો છે. ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત અગ્રીમ સ્થાન ધરાવે છે. અન્ય રાજ્યોની તુલનામાં ગુજરાત રાજ્યે ગુમાવેલ માનવ દિનની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો થતો રહ્યો છે. એ સંખ્યાની વાત કરીએ તો ગુજરાતની અંદર સને ૨૦૦૪માં ૧.૪૨ લાખ, અન્ય રાજ્યોમાં જ્યાં કોંગ્રેસના મિત્રો જ્યાં વહીવટમાં છે ત્યાં મહારાષ્ટ્રમાં ૪.૮૬ લાખ, તામિલનાડુમાં ૬.૩૪ લાખ અને પશ્ચિમ બંગાળમાં ૧૭૪.૪૫ લાખ. ૨૦૦૫ની વાત કરીએ તો ગુજરાતમાં સતત ઘટાડો ૨૦૦૪માં ૧.૪૨, ૨૦૦૫માં ૧.૧૯ ૨૦૦૬માં ૧.૦૩ લાખ ગુમાવેલ માનવ દિન આમ સતત ઘટાડો એ ગુજરાતના વિકાસની સ્વયં એક વાત પોતે કરે છે.

ગુજરાતનું સમગ્ર દેશમાં ઉચ્ચ સ્થાન છે અને આપણા ગુજરાતનો સતત વિકાસ, ગરીબ વર્ગોને રોજગારી એજ આ સરકારનું ધ્યેય છે. માનનીય અધ્યક્ષશ્રી, મને ખ્યાલ છે પોરબંદરની સૌરાષ્ટ્ર કેમિકલ કંપની જ્યાંથી વિરોધપક્ષના નેતા પ્રતિનિધિત્વ કરે છે એ સૌરાષ્ટ્ર કેમિકલના જે મજૂરોના પ્રશ્નો હતા અને એમાં આપણા શ્રમ વિભાગના અધિકારીઓ અને આપણા શ્રમ મંત્રીશ્રી અને આપણી સરકારે જે પ્રયત્ન કર્યો એ સૌરાષ્ટ્ર કેમિકલ્સના મેનેજમેન્ટ અને મજૂરોના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી અને એનો સારામાં સારો નિકાલ આ ગુજરાત સરકાર લાવી અને એનું શ્રેય શ્રમ મંત્રીશ્રી મૂળુભાઈને અને શ્રમ વિભાગના અધિકારીઓને જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે મારા હાલોલની બિરલા એન્જિનિયરીંગ કંપનીમાં પણ જે શ્રમિકોની પરિસ્થિતિ અને જે પ્રશ્નોનો નિકાલ થયો એનું શ્રેય પણ આ સરકારને જાય છે. શ્રમ વિભાગે રોજગારીની વાત કરી એની સાથે સાથે ગુજરાતમાં જે બેકારોને રોજગારી મળી છે એની થોડી વાતો કરું, માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં પંચાયત સહાયકો તરીકે ભરતીઓ થઈ, ગ્રામ મિત્ર તરીકે ભરતીઓ થઈ, વિદ્યા સહાયકો તરીકે માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ ભરતીઓ કરી, અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય ગ્રાહક ભંડારમાં પણ શિક્ષિત બેરોજગારોની ભરતી કરી અને એમને દુકાનો ફાળવી, શ્રમ અને રોજગાર વિભાગ તો શિક્ષિત બેરોજગારોની ચિંતા કરે છે પણ સાથે આ ગુજરાત સરકારના ત્રણ વિભાગો અને બીજા વિભાગોએ પણ શિક્ષિત બેરોજગારોની ચિંતા કરી અને એમને રોજગારી આપવાનું કામ આ સરકારે કર્યુ છે. સમગ્ર દેશમાં રોજગાર કચેરીઓ દ્વારા આપવામાં આવતી રોજગારીમાં સતત છેલ્લા ચાર વર્ષોથી આપણું રાજય પ્રથમ રહેલ છે. અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને દવા માટે પણ એમને સહાય કરવામાં આવે, કોઈ અકસ્માતે મૃત્યું થાય એમને વળતર ચૂકવવામાં આવે અને હમણાં જ આ ગુજરાતના ગરીબ લોકોની ચિંતા કરી સાગર ખેડૂ ભાઈઓની ચિંતા કરી. માનનીય અધ્યક્ષશ્રી, આપણા લોકપ્રિય મુખ્ય મંત્રીશ્રીએ સાગર ખેડૂ સર્વાંગી વિકાસ પૅકૅજનો અમલ કર્યો, આ ગુજરાતમાં જાહેરાત કરી અને એનાથી ૬૨૧ જેટલા ઔદ્યોગિક પ્રોજૅકટો માટે રૂપિયા ૧ લાખ ૬૮ હજાર કરોડનું મૂડી રોકાણ થશે અને એનાથી ૫ લાખ ૩૫ હજાર લોકોને રોજગારી મળશે. હું આ કોંગ્રેસના લોકોને પૂછવા માગું છું કે, તમે સાગર ખેડૂ ભાઈઓ માટે અત્યાર સુધી શું ચિંતા કરી ? હા, ચૂંટણી આવે એટલે એમના મત લઈને પછી સાગર ખેડૂ ભાઈઓની ચિંતા કરવાનું આપ ભૂલી ગયા, આદિવાસી ભાઈઓની ચિંતા કરવાનું ભૂલી ગયા, અનુસૂચિત જાતિના ભાઈઓની ચિંતા કરવાનું ભૂલી ગયા અને આ સરકારે બધા ભાઈઓની ચિંતા કરી, બધાને રોજગારીની તકો આપવાની વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, એક વાત હું આપને કરવા માગું છું કે, આ દોલતભાઈએ જે વાત કરી હતી (સમયસૂચક ઘંટડી ) પંચમહાલ જિલ્લાના એ સરપંચ એ એમણે ગપ્પા મારેલા છે, એ લોકો જ આવીને ચઠાવી ગયા હતા. (સમયસૂચક ઘંટડી ) આ પંચમહાલમાં અને ગુજરાતમાં અશાંતિનું વાતાવરણ ઊભું કરનારા એ લોકો છે.

**અધ્યક્ષશ્રી** : મનહરભાઈ મકવાણા.

**શ્રી મનહરલાલ મ. મકવાણા (દસાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર અને આ સરકારમાં જે અત્યારે વાત કરી રહેલા સભ્યશ્રીઓ સરકારને અભિનંદન આપવા સિવાય બીજું કોઈ કામ કરતા નથી. આ સરકાર યોજનાની સરકાર છે, આયોજનની સરકાર હોય એવું લાગતું નથી. છેલ્લા બે વર્ષોમાં જે આપણું ગુજરાતનું બજૅટ બને છે એની અંદર ૮ ટકા જોગવાઈ દલિતોના વિકાસ માટે, અનુસૂચિત જાતિના વિકાસ માટે, પછાત વર્ગોના વિકાસ માટે ફાળવવામાં આવતી હોય છે

અને છેલ્લા બે વર્ષમાં આ સરકારે ૫ ટકાની અંદર ખર્ચ પાડ્યો છે, ૩ ટકાનો ખર્ચ પાડી શકેલ નથી. જ્યારે કેન્દ્ર તરફથી કમિટીમાં પૂછવામાં આવે ત્યારે ગુજરાતના પ્રતિનિધિ તરીકે અહીંથી એવો જવાબ આપવામાં આવે છે કે, અમે સોએ સો ટકા ખર્ચ કરી નાખ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા કેટલાય સમય પહેલાં આ સરકારે વચન આપેલું કે, દલિતો ઉપર જે અત્યાચાર થાય છે, જે ગુનાઓ બને છે એના માટે દસ ફાસ્ટ ટ્રેક કોર્ટોની સ્થાપના કરવામાં આવે અને એ કોર્ટોથી એનો નિકાલ આવશે, પણ આજ સુધી એક પણ ફાસ્ટ ટ્રેક કોર્ટ શરૂ કે સ્થાપી શકેલ નથી અને દલિતોને આવું વચન આપેલું. ગુજરાતની અંદર દલિત કેટલો સુરક્ષિત છે, એ છેલ્લા ૮ વર્ષમાં હું સરકારનું ધ્યાન દોરવા માગું છું કે ૧૬૨ ખૂનો આ ગુજરાતમાં દલિતોના થયા,

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે, સભાગૃહ ફરીથી ૧૧ કલાકે મળશે, આપનું પ્રવચન ચાલુ છે.

**વિરામ સવારના ૧૦.૩૦ થી ૧૧.૦૦**

**શ્રી મનહરલાલ મ. મકવાણા (દસાડા)** માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતો હતો કે ગુજરાતની અંદર દલિત સમાજ કેટલો સલામત છે એની મેં માહિતી આપી એ મુજબ ૨૩૦ બળાત્કાર થયા, ૧૩૩૮ લોકોએ હિજરત કરી, ૧૨૩૦ની માલમિલકતને નુકસાન થયું અને ૧૮૪૨૧ અત્યાચારના ગુના ગુજરાતમાં બન્યા. બેકલોગ કેટલો બધો પડયો છે કે આ સરકારને અવારનવાર વિનંતી કરવા છતાં બેકલોગની જગ્યા હજી સુધી ભરાતી નથી. ૧૯૦૦૦ જેટલા દલિત મંડળ, ચર્મોદ્યોગ મંડળ, ખાદી ગ્રામોદ્યોગ મંડળ અને મજૂર કામદારોની મંડળી સદંતર આ સરકાર આવ્યા પછી બંધ કરી દીધી છે. કામ આપવાનું બંધ કરી દીધું છે, ખાદીને વળતર આપવાનું બંધ કરી દીધું છે. ગુજરાતમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે ૩૫કરોડનું બજેટ દલિતના વિકાસ માટે અને ખાદી બોર્ડને આપવામાં આવતુ હતુ. આ સરકારે ચાર કરોડ સુધી પહોંચાડયું છે. આ વખતે કેટલું આયોજન છે તે સ્પષ્ટ કરવામાં આવ્યું નથી. એની પાસે ૬૫૦૦ વણકર કામ કરી રહ્યા હતા આજે ૬૨૦૦ વણકર કામ કરી રહ્યા છે. આ પરિસ્થિતિમાં સરકારે મૂક્યા છે. દલિતોની ૩૪ કલ્યાણકારી યોજના બંધ કરી. ૧૬ યોજના સમાજ કલ્યાણ ખાતા તરફથી બંધ કરવામાં આવી. વાલ્મિક સમાજ જે શહેરમાં સફાઈ કામ કરતો હતો, શૌચાલયનું એનું આપણે ખાનગીકરણ કરીને એન.જી.ઓ.ને આપવામાં આવ્યું. આવું કામ કરવાનું હોય તો એન.જી.ઓ.ની મંડળીના સભ્યને જ કામ કરવાની સૂચના સરકારે આપવી જોઈએ આમાં કામ તો સફાઈ કામદાર કરે છે પણ એન.જી.ઓ.ને કોન્ટ્રાકટ આપીને સરકારે સફાઈ કામદારને મોટું નુકસાન કર્યું છે. વર્ગ-૪ના કર્મચારીઓની ભરતી બંધ કરીને મોટો અન્યાય કર્યો છે. ગુજરાતની અંદર શિક્ષણનું વ્યાપારીકરણ કરીને દલિત અને પછાત વર્ગને નુકસાન કર્યું છે. આ વર્ષે ૨૦૦ વિદ્યાર્થીઓનું અદ્ધરતાલ ભાવી આ સરકારની નીતિને કારણે થઈ ગયું. જયારે એમના વાલીઓ રજૂઆત કરવા આવ્યા ત્યારે મંત્રીશ્રી તેમને મુખ્યમંત્રીશ્રી પાસે લઈ ગયા. મુખ્યમંત્રીશ્રીએ શું જવાબ આપ્યો એ મંત્રીશ્રી એમના જવાબમાં કહે તો મને આનંદ થશે. ખાનગી ક્ષેત્રમાં અનામત હજુ સુધી દાખલ કરવામાં આવી નથી. આંબેડકર આવાસ યોજનામાં જે મકાન આપવામાં આવે છે એ આખા જિલ્લામાં ૮૦ થી ૧૦૦ મકાનોનું આયોજન કરવામાં આવ્યું છે. આંબેડકર આવાસ યોજનામાં સરકારશ્રીએ ટારગેટ વધારીને ૮૦ થી ૧૦૦ ના બદલે વધારે મકાન આપવા જોઈએ. ૪૫૦૦૦ રૂપિયાને બદલે બજેટ વધારવું જોઈએ એવી મંત્રીશ્રીને વિનંતી છે કે વિકલાંગ અને અંધ માટે બસનો પાસ આપવામાં આવતો હતો આની પહેલાની કોઈ સરકારે એવું આયોજન કર્યું નથી કે એના માટે આવકનું બંધન હોય, આવકની મર્યાદા હોય. આ સરકારે ૪૫૦૦૦ અને એક લાખની આવક મર્યાદા મૂકી છે. જયારે માણસ વિકલાંગ હોય ત્યારે એને માટે આવકનો પ્રશ્ન ઉપસ્થિત ન કરવો જોઈએ અને આવક મર્યાદા કાઢી નાખવી જોઈએ એવી મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું. કુટિર ઉદ્યોગની અંદર આ બજેટમાં વધારો સૂચવવામાં આવ્યો નથી. ૨૦૦૬-૦૭માં કુટિર ઉદ્યોગ માટે અને નાના ઉદ્યોગ માટે ૭૮.૨૨ટકા અને છેલ્લે અત્યારે ૬૫૦૦૦નો ઘટાડો કરવામાં આવ્યો છે. હું વિનંતી કરું અમે જયારે એક યુનિવર્સિટીની તપાસમાં ગયા ત્યારે મારી પાસે પ્રૂફ છે એટલે કહું છું. દલિતની જગ્યા ઉપર જામનગર આયુર્વેદ યુનિવર્સિટીમાં એવો શરતી ઓર્ડર આપવામાં આવ્યો હતો કે જયારે દલિત મળશે ત્યારે આ જગ્યા ઉપરથી છૂટા કરવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : સમિતિનો રિપોર્ટ રજૂ ન થયો હોય તો વાત ન કરતા.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : સમિતિનો રિપોર્ટ નહીં પણ સમિતિએ સૂચન કર્યું છે. રિપોર્ટ પણ આપી દીધો છે.

**અધ્યક્ષશ્રી** : ન બોલાય, પ્લીઝ.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, જે અન્યાય થયો હોય તો વાત કરવી પડેને?

**અધ્યક્ષશ્રી** : સમિતિમાં તપાસ થઈ હોય એ અહીં ન બોલાય.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, એટલે જે પોસ્ટિંગ આપવામાં આવ્યું છે એ માઈનોર વ્યક્તિને પોસ્ટિંગ આપવામાં આવ્યું. દલિતોને અન્યાય થયો છે. પોસ્ટિંગ આપ્યું તે મિ. એન.એચ.વોરા કરીને એની ઉંમર ૪ મહિના ઘટતી હતી અને આ દલિતની જગ્યા હતી, એની જગ્યાએ નિમણૂક કરવામાં આવી છે. એવી ૩ નિમણૂકો કરવામાં આવી છે. દલિતોની જગ્યા ઉપર કરવામાં આવી છે. એ રીતે નિમણૂક કરવામાં આવી છે કે જો આ જગ્યા ઉપર દલિત મળશે, ત્યારે તમને છૂટા કરી દેવામાં આવશે. છૂટા કરવાનું એકબાજુ રહ્યું, પણ તેમને ૮-૮ વખત પ્રમોશન આપીને ઉચ્ચ કેડર ઉપર લઈ ગયા છે અને દલિતોની આજની તારીખમાં એ ૩ જગ્યા

ભરી નથી, એટલા માટે આ સરકારનું ધ્યાન દોરું છું કે અન્યાય થયો છે, એની તપાસ કરે. સમાજ કલ્યાણ વિભાગ દ્વારા તપાસ થાય. દલિતોને ન્યાય અપાવે, કારણ કે નામ આપ્યું છે ન્યાય અધિકારીતા વિભાગ. ન્યાય આપવા માટે હું આપનું ધ્યાન દોરું છું. જે અન્યાય થયો છે, તેની વાત કરી રહ્યો છું. બીજી ખાસ વાત કરવા માગું છું કે ડો.બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનામાં ૩૧૫૦ ના યુનિટ ગઈ સાલમાં આપ્યા અને આ વખતે થોડો વધારો કરીને મકાનો વધારો. એવી હું મંત્રીશ્રીને વિનંતી કરું છું.

**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક, ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી માગણી ક્રમાંક- ૯૨, ૯૫ લઈને આ ગૃહ સમક્ષ આવ્યા, તેના અનુમોદનમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

અમારી આ સરકાર સત્તાની નહિ, પણ સેવાના અભિગમ સાથે કર્તુત્વની ભાવનાથી કામ કરતી સરકાર છે. વિકાસના ક્ષેત્રમાં ગુજરાતની પહેલ ઈ-ગવર્નન્સ હોય કે શહેરી વિકાસ, કન્યા કેળવણી હોય કે કૃષિ મહોત્સવ, પ્રવાસનનો વિકાસ હોય કે કર્મયોગી મહાઅભિયાન, જ્યોતિગ્રામ યોજના હોય કે નદીઓના જોડાણની યોજના, જળક્રાન્તિ અભિયાન હોય કે બેટી બચાવ અભિયાન, પંચામૃત હોય કે વંચિતોના વિકાસની વાત હોય એ બધામાં ગુજરાત અનોખું રાજ્ય તરીકે ઉભરી રહ્યું છે. વંચિતોના વિકાસને વરેલી આ સરકાર સામાજિક સેવા પાછળ તેમના કુલ બજેટના ૪૧.૫૫ ટકા જેવી રકમ એટલે કે ૪૪૨૬.૨૪ કરોડની ફાળવણી કરીને વિકાસમાં સામાન્ય જન પ્રત્યેની કટિબદ્ધતા વ્યક્ત કરી છે. આ સરકારે આ બજેટની અંદર આમ આદમીને લક્ષમાં રાખીને એક મહત્ત્વનું કામ કર્યુ છે. આમ આદમીને કોરાણે મૂક્યો નથી.

દરિદ્રનારાયણની સેવા એ આપણી સંસ્કૃતિનો આધાર છે. મહાત્મા ગાંધીજીએ વિકાસને છેવાડાના માનવી સાથે જોડવાની વાત કરી હતી. એકાત્મ માનવવાદના પ્રણેતા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીએ સમાજ કે પીછડે પન સે ગીરે હુએ આદમીકો ઉપર ઉઠાનેકી બાત રખી હૈ. ઈસ બાતકો ધ્યાનમે રખતે હુએ અમારી આ સરકારે કરોડો વંચિતો, દલિતો પછાતોના મસીહા ડો.બાબાસાહેબ આંબેડકર લિખિત બંધારણની કલમ-૪૬ માં દર્શાવ્યા મુજબ સમાજના નબળા વર્ગના અનુસૂચિતોની સામાજિક, શૈક્ષણિક, આર્થિક આવાસો અને આરોગ્યના ઉત્થાનને લગતી અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. આપણે કલ્પના પણ ન કરી શકીએ કે એવી આ સરકારે યોજનાઓ અમલમાં મૂકી છે. હું એ યોજનાઓ પૈકી ખાસ કરીને શૈક્ષણિક યોજના, આવાસની યોજના અને સ્વરોજગારીની યોજનાનો ઉલ્લેખ કરીશ. હું પ્રથમ શૈક્ષણિક યોજનાની વાત ઉપર આવું તો આ સરકારે સૌ પ્રથમ વખત દલિત સમાજનો કોઈ વિદ્યાર્થી દહેરાદૂન, પંચગની કે બાલાછડી સ્કૂલની અંદર શિક્ષણ મેળવી શકે એના માટે ૫૦,૦૦૦ રૂપિયાની ફી આપવાનું નક્કી કરનાર આ સરકાર છે. ૭૫ કે ૧૦૦ રૂપિયા આપનાર કોંગ્રેસના મિત્રોને આવું સ્વપ્ન પણ નહોતું આવ્યું. અતિ પછાત સંસ્થાઓની અંદર વધારે શિષ્યવૃત્તિ અને સમાજના દલિતો જે અતિ પછાત છે એમને ઉપર ઉઠાવવા માટેનો સરકારનો પ્રયાસ છે. ડો.બાબાસાહેબ આંબેડકર શિક્ષણ સંગઠનને ખાસ મહત્ત્વ આપતા હતા, એટલે અમારી સરકારે દલિત વિદ્યાર્થીઓ હરીફાઇમાં, સ્પર્ધામાં પાછળ ન રહી જાય, એટલા માટે આવા તેજસ્વી વિદ્યાર્થીઓને વિજ્ઞાન કે સામાન્ય પ્રવાહની અંદર ખાસ કિસ્સાની અંદર વધારીને સ્કૉલરશિપ પ્રથમ વર્ષે સાયન્સની અંદર હોય તો ૧૫,૦૦૦ બીજા વર્ષે ૧૦,૦૦૦, સામાન્ય પ્રવાહમાં હોય તો પ્રથમ વર્ષે ૮,૦૦૦ અને બીજા વર્ષે ૪,૦૦૦ રૂપિયા માટેની જે યોજનાઓ કરી છે.

ઉચ્ચતર શિક્ષણની અંદર કૉલેજોની અંદર જે વિદ્યાર્થીઓ છે તેઓને માસિક રૂ.૩૫૦ ભોજન બીલ આપવામાં આવે છે. અમારી આ સરકારે સમગ્ર ભારતની અંદર કોઈપણ સરકારો જે કામગીરી કરી શકતી નથી તે સરસ્વતી સાધના સહાય યોજના અમલમાં મૂકીને દૂરના વિસ્તારની દીકરી ભણતી હોય, આઠમા ધોરણમાં ભણતી હોય તો તેને રૂ.૧૫૦૦ સાઈકલ સહાય આપવાની યોજના કરી છે. ભારતની અંદર પ્રથમવાર આ યોજના અમલમાં મૂકી છે. આ રીતે ૨૦૦૭ની અંદર ૧૦૭૯૦ કન્યાઓને સાઈક્લ સહાય પેટે ૧૬૦.૬૪ લાખ રૂપિયાની સહાય આપવામાં આવી છે. સાહેબ, પહેલાં ગણવેશમાં કેટલીક ફરિયાદો થઈ હતી એટલે તૈયાર ગણવેશના બદલે રોકડ રૂપિયા ગણવેશ તરીકે આપવાની વાત કરી છે. એમ.ફીલ અને પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે યોજના બનાવી છે. કોઈ દલિતની દીકરી કે દીકરો પાઈલોટ બનીને પ્લેન ચલાવતી થાય તેના માટે ચાર લાખ રૂપિયાની યોજના આ સરકારે બનાવી છે અને જરૂર પડે તેમાં વધારો કરી આપવાની વાત કરી છે. મને કહેતાં આનંદ થશે કે જુનાગઢ જિલ્લાની એક દલિતની દીકરી પાઈલોટ બનીને પ્લેન ચલાવતી થઈ છે તે બદલ હું સરકારને અભિનંદન આપું છું. આ સરકારે ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશમાં ગયા અને કાયદાના પંડિત થયા તે આદર્શ સાથે કોઈ દલિત વિદ્યાર્થી વિદેશમાં અભ્યાસ કરવા જવા માગતો હોય તો પાંચ લાખ રૂપિયાની લોન સહાય આપવાની યોજના કરી છે. હું આ રાજયના મુખ્યમંત્રીશ્રી, નાણા મંત્રીશ્રી અને સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રીને એટલા માટે અભિનંદન આપવા માગું છું કે આ પાંચ લાખ રૂપિયાની લોનમાં વધારો કરી દસ લાખ રૂપિયા આ સરકારે આપ્યા છે ચાલુ વર્ષે ૪૦ વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ કરવા જવાની તક મળી છે. આંબેડકર બાલવાડીઓ, સરકારી છાત્રાલયો, આશ્રમશાળાઓ, આદર્શ નિવાસી શાળાઓની અંદર ધોરણ ૧૦ અને ૧૨માં સારો દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવાની યોજના પણ આ સરકારે અમલમાં મૂકી છે. આરોગ્ય વિષયક સેવાઓની વાત કરું તો તબીબી સેવાઓની અંદર ટીબી, કૅન્સર, રક્તપિત્ત, પ્રસુતિ જેવા રોગોની

અંદર સહાય આપવાની યોજના કરી છે. સામાન્ય આદમીની જરૂરિયાત રોટી, કપડા અને મકાન છે. આ સરકારે ભૂતકાળની સરકારોએ જે મકાન આપવાની યોજના કરી હતી તે યોજનાની અંદર ૩૫૦૦, સાડાબાર હજાર અને ૩૦ હજારની જે યોજના હતી તે રકમમાં ધરખમ વધારો કરી આંબેડકર આવાસ યોજના માટે કર્યા છે અને શહેરી ગરીબો માટે હાઉસિંગ બોર્ડના મકાનો ફાળવવાની યોજના કરી છે. સામાજિક સમરસતા સ્થાપિત કરવા માટે આંતર જ્ઞાતિ લગ્નોને પ્રોત્સાહન આપવા માટે રૂપિયા ૫૦ હજાર આપવાની યોજના દાખલ કરી છે. કેન્દ્રની યુ.પી.એ. સરકારે પણ ગુજરાત સરકારના પગલે ચાલીને આ યોજના દાખલ કરવા જઈ રહી છે એટલા માટે અભિનંદન આપું છું. કુંવરબાઈનું મામેરુ યોજના અને મા રમાબાઈ સાતફેરા સમૂહ લગ્ન યોજના આ સરકારે દાખલ કરેલ છે. કુંવરબાઈનું મામેરું યોજનાની અંદર પાંચ હજાર રૂપિયા અને મા રમાબાઈ સાતફેરા સમૂહ લગ્ન યોજનામાં પાંચ હજાર રૂપિયા શ્રીનીધિ બૉન્ડ તરીકે અને લગ્ન કરાવનાર સંસ્થાને એક હજાર રૂપિયા આપવામાં આવે છે. દલિતોની અંદર જે અતિ પછાત લોકો છે વાલ્મિકી સમાજ માટે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિયમ અને અતિપછાત માટે બેચર સ્વામી અતિ પછાત વિકાસ બોર્ડની રચના આ સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારી અન્ય યોજનાઓ પૈકી અન્ય સમાજની જે વંડીઓ કે વાડીઓ હોય છે એવી કોઈ વંડીઓ કે વાડીઓ આ દલિત સમાજની ન હતી ત્યારે આ સરકારે દસ જિલ્લામાં જિલ્લા મથક ઉપર આંબેડકર ભવન બનાવ્યા છે અને ચાર જિલ્લામાં લોકાર્પણ થવાનું છે. બાકીના જિલ્લાઓમાં પણ આગામી વર્ષમાં કામ પૂર્ણ થશે ત્યારે સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી જે માગણી ક્રમાંકઃ ૯૨ અને ૯૫ લઈને આવ્યા છે તેમાં મારું સમર્થન આપું છું. સમાજના છેવાડાના માનવીને વિકાસની હરીફાઈમાં ભાગીદાર બનાવવાનો અને વિકાસના ફળ છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું નેતૃત્વ કરનાર ગુજરાત રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને આ વિભાગના માનનીય મંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને કોટિ કોટિ વંદન કરું છું. વંચિતોના વિકાસને વરેલી આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટે આયોજન સંદર્ભે સંકલિત જોગવાઈ રૂપિયા ૪૧૩ કરોડની સૂચવી છે જે વર્ષ ૨૦૦૬-૦૭ના અનુસૂચિત જાતિના કલ્યાણ અંગે આયોજન સંદર્ભે સંકલિત જોગવાઈ રૂપિયા ૩૧૮ કરોડ રૂપિયાની સામે ૩૦ ટકાનો વધારો સૂચવ્યો છે એનો અર્થ એ થયો કે વંચિતોને વિકાસશીલ સમાજની હરોળમાં લાવવાનું આ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીનું ધ્યેય એ અહીં પ્રસ્થાપિત થાય છે.

હું મહામાનવ ભારતરત્ન અને દલિતોના મસીહા જેમને કહીએ છીએ એવા ડો. બાબા સાહેબ આંબેડકરને સાચી જો કોઈએ શ્રદ્ધાંજલિ આપી હોય તો એ આ ભાજપની સરકારે આપી છે. ડો. બાબા સાહેબ આંબેડકરના નામે અને એમના પરિવારના નામે અનેક યોજનાઓ બનાવી અને એ યોજનાઓનો અમલ કરાવી અને એ છેવાડાના માનવી સુધી પહોંચાડી છે એ બદલ આ સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, 'ચલો જલાયેં દીપ જહાં અભી આજ ભી અંધેરા હૈ.' એને લક્ષમાં રાખી વંચિતોના ઘરમાં ઉન્નતિનો પ્રકાશ ફેલાય એ માટે વંચિતોના વિકાસને વળેલી આ સરકાર ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. માનનીય અધ્યક્ષશ્રી, આ કોંગ્રેસના મિત્રોને ડો. બાબા સાહેબ આંબેડકરનો નામ લેવાનો કોઈ અધિકાર નથી એની વાત કરું તો તા. ૧૬-૧૧-૧૯૫૬ના રોજ બૉમ્બે શહેરમાં જહાજી હૉલની અંદર ડો. બાબા સાહેબ આંબેડકરે કોંગ્રેસની ટીકા કરતાં કહ્યું હતું કે, કોંગ્રેસના કારણે આ દેશમાં ભ્રષ્ટાચારનું ભૂત સવાર થઈ ગયું છે, કોંગ્રેસે દેશની રાજનીતિને દુઃખી કરી દીધી છે. કોંગ્રેસ જ્યાં સુધી સત્તા ઉપર હશે ત્યાં સુધી આ દેશની સમસ્યાઓ સળગતી રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે દલિતોને ન્યાયના યાચક નહીં પણ ન્યાયના અધિકારી બનાવવા માગીએ છીએ. કોંગ્રેસના મિત્રો આ સરકારને દલિત વિરોધી સરકાર કહે છે, હું આજે ડો. બાબા સાહેબ આંબેડકરે જે વાત કહેલી એ વાત કહું છું કે તમે કોઈપણ દિશામાં જાઓ તો જાતિવાદ તમારાથી બે ડગલાં આગળ હશે. જ્યાં સુધી જાતિવાદના આ રાક્ષસને ખતમ નહીં કરવામાં આવે ત્યાં સુધી આર્થિક, સામાજિક અને રાજનૈતિક પરિવર્તન નહીં લાવી શકીએ. આ ભાજપમાં નથી જાતિવાદ, નથી પ્રાંતવાદ, એક જ અમારો રાષ્ટ્રવાદ છે અને એ વાતને લઈને રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘના ડો. હેગડેવારથી લઈ જનસંઘના શ્યામા પ્રસાદ મુખરજીથી લઈ ભાજપની સરકારના અટલબિહારી બાજપાઈથી લઈ અમારું એક જ ચિંતન રહ્યું છે, નહીં જાતિવાદ.

માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબા સાહેબ આંબેડકરની વાત કરનારા કોંગ્રેસીઓને (અંતરાય) હું હિંદુવાદની જ વાત કરું છું. ડો. બાબા સાહેબ આંબેડકરનું એક લક્ષ હતું, એક સ્વપ્ન હતું અને તેથી તેમને પોતાના સ્વપ્ન સમાન હિન્દુ સમાજનું હિન્દુ કોડ બિલ રજૂ કર્યુ ત્યારે આ બિલનો વિરોધ કરનારા કોંગ્રેસીઓ હતા અને મારા ડો. બાબા સાહેબ આંબેડકરનું સ્વપ્ન રોળનારા આ કોંગ્રેસીઓ હતા, આ દેશની સંપત્તિ ઉપર મુસ્લિમોનો પ્રથમ હક્ક છે એવું કહેનારા યુપીએના અધ્યક્ષ અને ભારતના વડાપ્રધાન મુસ્લિમોની શૈક્ષણિક સંસ્થાઓમાં દલિતો માટે અનામત સીટો રખાવી શક્યા નથી. ધર્મના નામે રાજનીતિ, લશ્કર હોય કે સરકારી કચેરીઓ હોય એમાં ભરતી થતી હોય કે બૅન્ક લોન હોય કે સરકારની યોજનાઓ હોય એની ઉપર પહેલો મુસ્લિમોનો હક્ક નહીં પણ પહેલો હક્ક તો દલિતોનો છે, 'જો ચીજ માંગતે હૈ , અગર વો નહીં મિલતી હૈ તો છીન લેંગે', એ દલિતો, આ બધુ જ આ દેશની

જનતા જાણી ગઈ છે. કોંગ્રેસ આ દેશના ટુકડા કરી રહી છે એનો જવાબ પંજાબ અને હરિયાણાએ એમને આપી દીધો છે ગત વિધાનસભાની ચૂંટણી તા. ૧૨-૨-૦૨ના રોજ હતી ત્યારે તે વખતે કોંગ્રેસનું અમે બારમું કરાવી નાખ્યું છે અને આ વર્ષે ડિસેમ્બરમાં તો અમે એમનું તેરમું પણ પૂરું કરવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના મિત્રો, બેગલોકના નામે બ્યૂગલ ફૂંકતા હતા, આ ગુજરાતમાં કોંગ્રેસે ૪૭-૪૭ વર્ષ સુધી રાજ કર્યુ છે, આ બેકલોકનું કોઈ પાપ કર્યુ હોય તો એ કોંગ્રેસનું પાપ છે, કેન્દ્ર સરકારમાં ત્રણ લાખ કરતાં વધારે બેકલોગની જગ્યાઓ ખાલી છે. કેંદ્રમાં એમની સરકાર છે કહો બેકલોગની ભરતી કરે. ખાનગી ક્ષેત્રે અમે અનામતની જોગવાઈ કરી છે એવી ખોટી ખોટી વાતો કરે છે પણ આજે એના માટે કોઈ કામગીરી યુ.પી.એ. સરકારે કરી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની વાત કરું તો અનુસૂચિત જાતિની બેકલોગની ૮૫૨માંથી ૨૨૬ જગ્યાઓ જ બાકી છે. આજે ગુજરાતમાં વિદ્યા-સહાયકોની ભરતીમાં સૌથી વધુ વિદ્યા-સહાયકો હોય તો એ મારા દલિત સમાજના ભાઈ-બહેનો છે. અત્યાચારની વાત કરે છે ત્યારે મારે કહેવું છે કે અત્યાચાર કોના વખતમાં થયો? ૪૭ વર્ષથી આ કૉન્ગ્રેસે દલિતોનું લોહી પીધું છે, એમનો કયારેય વિકાસ થવા દીધો નથી, મગરના આંસુ સારવા સિવાય કશું કર્યું નથી. હું ૧૯૮૧ થી ૧૯૯૦ ની વાત કરું તો કૉન્ગ્રેસના રાજમાં સ્વર્ગસ્થ અમરસિંહભાઈ ચૌધરી મુખ્યમંત્રી હતા ત્યારે બનાસકાંઠા જિલ્લાના સાંબરડા ગામે દલિત સમાજના ૩૩૬ કુટુંબોને બેઘર કર્યા હતા, હિજરત કરવી પડી હતી. અનામત વખતે સિદ્ધપુર તાલુકાના બિલિયા ગામમાંથી હિજરત કરવી પડી હતી. શ્રી માધવસિંહ સોલંકીના શાસનમાં ગોલાણા-અશ્લાલીના દલિત કુટુંબોને જીવતા સળગાવી દેવાની ઘટના દલિત સમાજ આજે પણ ભૂલી શકે તેમ નથી. તાજેતરની વાત કરું તો મહારાષ્ટ્ર અને હરિયાણામાં દલિતોને જીવતા સળગાવી નાંખવામાં આવ્યા. આ કૉન્ગ્રેસ એટ્રોસિટી-એટ્રોસિટીની બૂમો પાડે છે ત્યારે મારે કહેવું છે કે, ગયા વર્ષોની સરખામણીમાં આ વખતે એટ્રોસિટીના કેસોમાં ૪૦ ટકાનો ઘટાડો થયો છે એનો અર્થ એવો થાય છે કે દલિત અને સવર્ણ સમાન બન્યા છે. હરિજન જેવા ચુસ્ત શબ્દને જેને માનવાચક દલિત એવો શબ્દ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યો. આમ દલિત સમાજને માનભેર કરવાનું કાર્ય આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી માગણી ક્રમાંક-૫૭ અને માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી માગણી ક્રમાંક-૯૨ અને ૯૫ લઈને આવ્યા છે ત્યારે એમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગોની જ્યારે ચર્ચા થાય છે ત્યારે આ વિભાગો ગામડાંના ગરીબ અને છેવાડાના માણસો સાથે સંકળાયેલ વિભાગો છે. આપણે એને મદદ કરવા માટેની જ્યારે વાત કરીએ છીએ ત્યારે આ વિભાગોની યોજના મારફતે ગામડાંના ગરીબ અને છેવાડાના માણસો સુધી પહોંચી શકાય એ ખૂબ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં હમણા માનનીય જીતુભાઈ વાઘેલા વાત કરતા હતા એમાં જાતિવાદમાં હું નહીં પડું પણ ડો. બાબા સાહેબ આંબેડકરની વાત કરીને આ ગૃહમાં બેસનાર અનુસૂચિત જાતિના મારા મિત્રો-ધારાસભ્યશ્રીઓને હું કહેવા માગુ છું કે ડો. બાબા સાહેબ આંબેડકર એ આપણા રાષ્ટ્રીય નેતા હતા, ભારતના બંધારણના ઘડવૈયા હતા. એ અમારા છે, અમારા છે એમ કરીને ડો. બાબા સાહેબ આંબેડકર જેવા મહાન નેતાને નાના બનાવવાનું પાપ કમસેકમ ન કરીએ માત્ર એટલી મારી વિનંતી છે. ડો. બાબા સાહેબ આંબેડકર સૌના છે, અમારા છે એ માનસિકતામાથી મારા સામેના મિત્રો બહાર આવે.

માનનીય અધ્યક્ષશ્રી આ વિભાગને લાગે-વળગે છે ત્યાં સુધી મારે ખાસ વાત કરવી છે બક્ષીપંચની. બક્ષીપંચની ઘનીષ્ટ વસતિ ધરાવતા ૭૨ તાલુકાઓ છે એ ૭૨ તાલુકાઓના સર્વાંગી વિકાસ માટે ૧૯૮૯-૯૦માં ખાસ યોજના રાજય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી હતી. સમયાંતરે ધીમે ધીમે નાણાંકીય ફાળવણું જે છે તે રાજય સરકાર દ્વારા ઓછું થતું જાય છે. આ તાલુકાની અંદરથી અને તેને કારણે બક્ષીપંચની જે વસતિ છે આ રાજયની કુલ વસતિના ૫૨ ટકા વસતિ બક્ષીપંચ જાતિની છે, અને બક્ષીપંચની છે ત્યારે વિકસતિ જાતિની આજે ૧૩૭ જ્ઞાતિઓનો તેમાં સમાવેશ થાય છે, અને તેની અંદર તમામ જાતિઓ પણ આવી જાય છે. દા.ત.બી.પી.એલ.યાદીની અંદર કોઈ બ્રાહ્મણ કુટુંબ કે ઉચ્ચ સવર્ણ લોકો પણ જો બી.પી.એલ.યાદીમાં હોય તો પણ આ લોકોને વિકસતિ જાતિ નિયામકની કચેરી દ્વારા તેને મકાન અથવા બીજી સહાયો આપવામાં આવે છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે રાજયની અંદર ઓ.બી.સી. માટે જે બજેટની અંદર આપણે ફાળવણી કરી છે તેમાં ૨૭૫ કરોડ રૂપિયા પ્લાન અને નોન પ્લાનની અંદર ફાળવ્યા છે. મારે ગંભીરતાપૂર્વક, દુઃખ સાથે મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવું છે કે, રાજયની ૫૨ ટકા જયારે વસતિ હોય ત્યારે તેને માટે ૨૭૫ કરોડ રૂપિયાની આપણે ફાળવણી કરીએ તે પણ પ્લાન અને નોન પ્લાન સહિતની ત્યારે ટ્રાયબલ એરિયા સબ પ્લાનની અંદર આશરે ૧૫૦૦ કરોડ રૂપિયા જેવી રકમ ફાળવીએ સારી વાત છે. તેને હું આવકારું છું કારણકે તે લોકોની પણ જરૂરિયાત છે તેનો પણ વિકાસ થવો જોઈએ, તેને પણ મદદ મળવી જોઈએ. તેની સાથો સાથ અનુસૂચિત જાતિ સ્પેશ્યલ કમ્પોનન્ટ પ્લાનની અંદર આશરે ૫૦૦ કરોડ રૂપિયા જેવી રકમ આપણે ફાળવીએ છીએ. જેમની વસતિ ૭.૯ ટકા છે. રાજયની કુલ વસતિની ટ્રાયબલ એરિયાની આદિજાતિ વિસ્તારની વસતિ ૧૪.૭૬ ટકા છે ત્યારે તેને

૧૫૦૦ કરોડ રૂપિયા જેવું અંદાજે ૫૦૦ કરોડ જેવું અંદાજે ત્યારે રાજયની કુલ વસતિ, વસતિના ૫૨ ટકા વસતિને ૧૩૭ જ્ઞાતિઓ જયારે આવતી હોય ત્યારે તેને ૨૭૫ કરોડ રૂપિયાની ફાળવણી કરીએ આ અસમાનતા છે. ફાળવણીમાં તેને સમાનતા કરવી જોઈએ અને વધુ રકમ આપવી જોઈએ એવી રાજય સરકારને અને માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી કરું છું.

આ વિભાગ કામગીરી સારી કરતું હોય તો અમે તેને આવકારીએ. આ વિભાગ મારફતે જયાં કામગીરી થાય છે જાહેર હિસાબ સમિતિએ રાજયનો પ્રવાસ કર્યો ત્રણ ચાર જિલ્લાનો બનાસકાંઠા ગયા, રાજકોટમાં દ ‌ંટેશ્વરની અંદર હાઉસીંગ બોર્ડે બનાવેલા મકાનો આ વિભાગે, જાહેર હિસાબ સમિતિએ ભલામણ કરી અને આ વિભાગે માનનીય મંત્રીશ્રી અને વિભાગના અધિકારીઓએ રસ દાખવીને આ મકાનો ખરીદીને જરૂરિયાત મંદ લોકોને મકાનની ફાળવણી કરી છે તે જાહેર હિસાબ સમિતિએ સ્થળ ઉપર મુલાકાત લીધી છે. વિભાગને બિરદાવ્યું છે અને કમિટીના ચેરમેન તરીકે માનનીય મંત્રીશ્રીને ટેલિફોન ઉપર અભિનંદન આપ્યા છે કે સારી કામગીરી કરી છે. તેને આવકારીએ છીએ પણ મારો કહેવાનો અર્થ એ છે કે, આટલાથી પૂરતું નથી. વધુ ગ્રાન્ટ ફાળવવામાં આવે તો આ વિભાગની અંદર કામ કરતા અધિકારીઓ ગરીબોની પ્રત્યેની સંવેદનાઓ જેમની કામ કરવાની લાગણી અને ભાવના છે ત્યારે વધુમાં વધુ બજેટની સમાનતા સાથે ફાળવણી કરવામાં આવે તો વધુ લોકોને ફાયદો થઈ શકે છે અને એટલા માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, માનવ ગરીમા યોજના ત્રણ હજાર રૂપિયાની આપણે સહાય આપીએ છીએ. સ્વરોજગારી માટે તેને સાધન સહાય આપણે આપીએ છીએ ત્યારે મારે મંત્રીશ્રીને કહેવું છે કે ત્રણ હજાર રૂપિયાનું સાધન ખરીદીને સરકારે આમાં કાળા હાથ કરવા ના જોઈએ. ત્રણ હજાર રૂપિયા રોકડમાં આપવા જોઈએ. સાધન ખરીદીને તેને આપવામાં આવે તો તેની અનુકૂળતા, હા તે વ્યકિત લાભાર્થીએ સાધન ખરીદયું છે કે નથી ખરીદયું તેનું વિભાગ મારફતે બરાબર મોનીટરીંગ રાખવામાં આવે, કડક રીતે કે તે રોકડમાં ચૂકવવામાં આવે તો કદાચ તે વાપરી નાંખે. સાધન ના ખરીદી શકે, મીસ યુઝ થાય એવી પરિસ્થિતિ ના થાય તો ડિપાર્ટમેન્ટ તેમાં તકેદારી રાખે. તો આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ સાધન સહાય ખરીદીને આપવાને બદલે રોકડમાં ચૂકવવામાં આવે. જાતિ પ્રમાણપત્ર ( સમય-સૂચક ઘંટડી ) જે આપવામાં આવે છે તે બોગસ જાતિ પ્રમાણપત્રો આપવા માટેની ઝૂંબેશની અંદર વિભાગે જે રદ કરી અને આ વિભાગને કે આ બક્ષીપંચના લોકોને મળતું હતું તે કામગીરી પણ પ્રસંશનીય છે પણ તેમાં શિથિલતા ના આવે અને જે ગતિએ કામ અત્યારે ચાલે છે જાતિ પ્રમાણપત્રોનું તેનું વિશેષરૂપની અંદર ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવે અને બોગસ પ્રમાણપત્રો, જાતિ પ્રમાણપત્રો આપવામાં ના આવે તેવી આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

**શ્રી શીવાભાઈ જે. ગોહિલ (તળાજા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગના માનનીય મંત્રીશ્રીઓ પોતાના વિભાગની માગણી ક્રમાંક ૫૭, ૯૨ અને ૯૫ લઈને આવ્યા છે એમાં મારું અનુમોદન આપવા અને મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં રોજગારી અને રોજગારી બાબતની તકો આવનારા દિવસોમાં, એ વિષય ઉપર હું વાત કરવા માગું છું. આપણા રાજયની કુલ વસતિના ૭૦ ટકા વસતિ ગ્રામીણ વિસ્તારોમાં વસે છે. ૩૦ ટકા જેટલી વસતિ શહેરી વિસ્તારોમાં વસે છે. આ સર્વને માટે રોજગારીની ખાસ જરૂરિયાત હોય છે. ખાસ કરીને આ રાજયમાં ૨૦૦૩ની સાલમાં ગુજરાતમાં કુલ ૧૧ લાખ બેરોજગારો નોંધાયા હતા. ઔદ્યોગિક ગૃહો મુખ્ય કરીને મોટા પાયે રોજગારી મોટા ઔદ્યોગિક ગૃહોમાં જ મળે છે. અને તેમાં સ્થાન મેળવવા માટે મુખ્ય બાબત હોય તો એની લાયકાતની છે. તેના માટે લાયકાતની પૂર્વતૈયારી માટે આ રાજયનો શ્રમ અને રોજગાર વિભાગ ખૂબ જ પ્રયત્નશીલ છે. અને રાજયમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ પોતે ચલાવે છે. આ વિભાગ દ્વારા ૧૩૫ જેટલી આવી તાલીમ સંસ્થાઓ, સરકારી તાલીમ સંસ્થાઓ આ રાજયમાં કાર્યરત છે, આઈ.ટી.આઈ. અને ૧૦૭ જેટલી ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ પણ આ તાલીમ સંસ્થાઓ ચલાવે છે અને ૯૫ જેટલા સેલ્ફ ફાયનાન્સ કેન્દ્રો પણ આ રાજયમાં ચાલે છે. આ સંસ્થાઓમાં દર વર્ષે એક લાખથી પણ વધારે યુવાનોને તાલીમ આપવામાં આવી રહેલ છે.

૨૦૦૨માં સમગ્ર દેશની તમામ રોજગાર કચેરીઓ મારફતે ૧,૫૩,૦૦૦ લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી, તેમાં ફકત ગુજરાત રાજયે એકલાએ જ ૭૦,૭૦૦ જેટલી વ્યકિતઓને રોજગારી પૂરી પાડીને દેશ લેવલે ૪૬ ટકા જેટલી રોજગારી પૂરી પાડી છે. ૨૦૦૩માં ૧,૫૪,૯૦૦ જેટલી વ્યકિતઓને દેશભરમાં રોજગારી પૂરી પાડવામાં આવી, જે પૈકી ગુજરાતની અંદર ૬૪,૯૦૦ લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. આમ સમગ્ર દેશની રોજગારીના ૪૨ ટકા જેટલી રોજગારી એકલા ગુજરાત રાજયે પૂરી પાડી છે. ૨૦૦૪માં ૧,૩૭,૭૦૦ સમગ્ર દેશમાં રોજગારી પૂરી પાડવામાં આવી, જેની સામે ગુજરાતમાં ૬૪,૯૦૦ લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી, જે દેશની રોજગારીના ૪૭ ટકા જેટલો દર ગુજરાતે હાંસલ કર્યો છે. ૨૦૦૫માં કુલ રોજગારી સમગ્ર દેશમાં ૧,૭૩,૨૦૦ લોકોને પૂરી પાડવામાં આવી, જેની સામે ગુજરાત દ્વારા ૯૨,૨૦૦ લોકોને રોજગારી પૂરી પાડીને ૫૪ ટકા જેટલો દર હાંસલ કરવામાં આવ્યો છે. સમગ્ર દેશમાં સતત ૪ વર્ષથી ગુજરાત રાજયે રોજગારી પૂરી પાડવાની બાબતમાં મોખરાનું સ્થાન હાંસલ કર્યુ છે. ૨૦૦૬માં પણ ૧,૧૧,૫૨૯ લોકોને ગુજરાત રાજયે રોજગારી પૂરી પાડી છે, એ જોતા ચાલુ વર્ષે પણ ગુજરાત પ્રથમ સ્થાન જાળવી રાખશે તેમાં બેમત નથી.

૨૦૦૩માં ૧૧ લાખ બેરોજગારો નોંધાયેલા હતા, તેમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ૨૦૦૬માં ૮ લાખ ૩૪ હજાર બેરોજગારો નોંધાયેલા રહ્યા છે. તેમાંથી ૧,૭૪,૦૦૦ મહિલાઓનો પણ સમાવેશ થાય છે. સાહેબ, ૨૦૦૬માં ૧,૧૧,૫૨૧ લોકોને રોજગારી પૂરી પાડી, તેમાં ૯૧૩૯ જેટલી મહિલાઓએ પણ આ વિભાગ દ્વારા રોજગારી મેળવી છે.તેમાં ખાસ કરીને મહિલાઓ જોડાઈ શકે એવી કાળજીપુર્વકની વિચારણાને અંતે ૨૦૦૭-૦૮ના બજેટમાં અમદાવાદ અને જામનગર ખાતે ખાસ મહિલાઓ માટેની રોજગાર કચેરીઓ શરુ કરવા રાજય સરકારના શ્રમ અને રોજગાર વિભાગનું આયોજન છે. ૨૦૦૭-૦૮ના બંને સ્થળોની કચેરીઓ માટે ૧૬ લાખ જેવી રકમની પણ જોગવાઈ કરવામાં આવી છે. જે રીતે ગુજરાતમાં મોટાં ઉદ્યોગગૃહો મોટાપાયા ઉપર રોકાણ માટે આવી રહયા છે એમાં ગુજરાતના રોજગાર અધિકારીઓ રોજગારીની પૂરી માહિતી મેળવીને વર્ષે ૪૦૦ જેટલા ઔદ્યોગિક ભરતી મેળાઓનું આયોજન પણ કરેલ છે. નોકરી દાતા અને નોકરી વાંચ્છુ બન્નેને એક મંચ ઉપર લાવીને શ્રમ અને રોજગાર વિભાગે એક ઉમદા રોલ અદા કરેલ છે ત્યારે આવા બેરોજગારોને આવા ભરતીમેળામાં આવવા જવાનું ભાડું પણ વિભાગ દ્વારા ચૂકવવામાં આવે છે. નોકરી વાંચ્છુ અને નોકરી દાતા આ બન્નેનું સતત સંકલન કરીને આવા મેળાઓનું આયોજન કરે ત્યારે શ્રમ અને રોજગાર વિભાગના માનનીય મંત્રીશ્રી મૂળુભાઈ બેરા પણ સ્થળ ઉપર હાજર રહીને આવા નોકરી વાંચ્છુઓને પીઠબળ પૂરું પાડેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કુલ ૪૩ જેટલી રોજગાર કચેરીઓ આવેલ છે, આ બધી જ રોજગાર કચેરીઓનું કોમ્પ્યુટરાઈઝેશન કરનાર આ દેશનું આ એકમાત્ર રાજય છે. આ કચેરી દ્વારા ગ્રામ્ય મજુરોને, શ્રમિકોને, મીઠા ઉદ્યોગના કામદારોને, અસંગઠિત મજૂરોને માટે સામાજિક કલ્યાણકારી યોજનાઓની પણ દેખરેખ રાખવામાં આવે છે. ખાસ કરીને મીઠાના કામદારો અને અસંગઠિત ગ્રામ્ય મજૂરો માટે આરોગ્યની ચિંતા કરી છે એમાં ખાસ કરીને અસંગઠિત શ્રમિકો જે મજૂરો આવા અધિકારીઓ પાસે નોંધાયેલા છે તેમને મજૂર તરીકેનાં કાર્ડ આપવામાં આવે છે અને એવા કાર્ડ ધારકોને કોઈપણ અસાધ્ય રોગ જેવા કે ટી.બી., કેન્સર, કીડનીની બિમારી એનો સારવાર માટેનો ખર્ચ પણ આ વિભાગ તરફથી રાજયના તમામ શ્રમિકો માટે આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય મજૂરો અને ખેતમજૂરો એ લોકો જયારે કુદરતી કે આકસ્મિક રીતે અવસાન પામે ત્યારે એમને વીમા કંપનીઓ મારફતે વીમા કવચમાં આવરી લીધા હતા અને તેમનું પ્રિમિયમ ૫૦ ટકાથી વધારે આ રાજય સરકાર આપતી હતી અત્યાર સુધી, પરંતુ અમુક કિસ્સામાં એના કલેઈમ ચૂકવવામાં ઘણી જગ્યાએ વિલંબ થતો હતો વહીવટી કે ટેકનીકલ કારણોસર એ ધ્યાને રાખીને શ્રમ અને રોજગાર વિભાગે આ અસંગઠિત ખેતમજૂરો, મીઠાના ઉદ્યોગમાં કામ કરતા અગરિયાઓ એ તમામનું અકસ્માતે મૃત્યુ થાય ત્યારે એમના વીમાની જવાબદારી અને એનું સંચાલન આ રાજય સરકારે એના હસ્તક લઈ લીધું છે એ ખૂબજ ઉદાહરણીય કાર્ય કર્યુ છે અને આ ચાલુ વર્ષે પણ ૪૦૦ જેટલા કિસ્સામાં ૪ કરોડ રૂપિયાથી વધારે આ ખેતમજૂરો, મીઠાના અગરિયાઓનું અકસ્માત મૃત્યુ થયું હોય એમાં રકમ ચૂકવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાત, ઔદ્યોગિક સમિટ, ૨૦૦૭ આવા અલગ અલગ મેળાઓ યોજીને ૬ લાખ ૬૧ હજાર કરોડ રૂપિયાથી વધારે મૂડી રોકાણના જયારે એમ.ઓ.યુ. ગુજરાતમાં થયાં છે. આવા રોકાણો ખાસ કરીને ગુજરાતના ૧૬૦૦ કિલોમિટરની દરિયાઈ પટ્ટીમાં ખનીજના ભંડારો છે એ વિસ્તારોમાં આ ઉદ્યોગોની સ્થાપના થવાની છે....(અંતરાય)

**અધ્યક્ષશ્રી:** માનનીય શિવાભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય દિપસિંહ આપ પ્રવચન ચાલુ કરો.

**શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શ્રમ રોજગાર અને માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીઓએ એમના વિભાગની માગણી ક્રમાંક ૫૭, ૯૨ અન. ૯૫ રજૂ કરી છે એને અનુમોદન આપવા માટે અને એના ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામેની પાટલી ઉપરથી હમણાં જ ઓ.બી.સી. એટલે કે બક્ષીપંચની વાત કરી રહયા હતા, જો કે એ અત્યારે હાજર નથી, પરંતુ એ જયારે વાત કરી રહયા હતા ત્યારે મને દુ:ખ થતું હતું કે જયારે ભૂતકાળમાં એમની સરકાર સત્તા ઉપર હતી ત્યારે ફકત ૭૦ થી ૯૦ કરોડ રૂપિયા જેટલું જ બજેટ આ સમાજ માટે હતું. સ્વાભાવિક જ જયારે આટલી મોટી પર ટકા જેટલી વસતિ આ સમાજની હોય અને ૮૦ કરોડ રૂપિયા જેટલું બજેટ હોય તો શું પરિસ્થિતિ થાય ? આ સરકારે જયારે સત્તાનાં સૂત્રો સંભાળ્યાં ત્યારે ૬૦૦ કરોડ રૂપિયાનું એરિઅર્સ હતું ત્યારે મને એમ થતું હતું કે આવડું મોટું એરિઅર્સ કયા આધારે પડી રહયું હશે? તો ત્યારે તેમને આ સમાજની કોઈ ચિંતા નહોતી કારણ કે તેમને તો માત્ર મત જ લેવાની ચિંતા હતી. આ સમાજનું ઉત્થાન થાય અને આ સમાજ આગળ આવે તો એમની વોટ બેંક ઝૂંટવાઈ જાય, એટલા માટે આ મિત્રો માત્ર એની વાતો કરવાનું અને જાહેરાતો કરવાનું જ આયોજન કરતાં હતાં. અને ખરેખર આયોજન ઘણું ઓછું કરવું એવી એમની

નીતિ હતી. સ્વાભાવિક છે કે આજે ૬૦૦ કરોડ જેવું એરિયસ થઈ ગયું હતું તે તો પુરું કરી નાખ્યું અને આજે ૪૨૫ કરોડ જેવી માતબર રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. એ જ બતાવે છે કે આ ગરીબોની અને વંચિતોની સરકાર છે, વંચિતો અને ગરીબોની સાથે રહી અને તેમના માટે આ સરકાર કામ કરે છે એ સાબિત થાય છે. જો ભૂતકાળમાં આ કામ થયું હોત તો આ સમાજનું ઘણું બધું ઉત્થાન થયું હોત, અને આજે તેઓ આગળ આવી શક્યા હોત, પણ એમને આગળ લાવવાનું કામ ભૂતકાળમાં કર્યુ નહોતું એમ કહું તો પણ ખોટું નથી. આર્થિક પછાત કલ્યાણ વિભાગમાં અગાઉ ઘણું બધું ધ્યાન રાખવામાં કમી રહી ગઈ હતી, જેના કારણે આ સમાજ પછાત રહ્યો છે. આજે ગણવેશની જ વાત કરીએ તો આર્થિક રીતે પછાત વર્ગને, લઘુમતિને અને વિકસતી જાતિઓને માટે પહેલાં ગણવેશ આપવામાં આવતો હતો. અને તે ગણવેશમાં પણ ખૂબ ભ્રષ્ટાચાર થતો હતો. તેથી તે યોજના બદલી અને ૧૨૦ લાખ બાળકોને ૧૬૮ કરોડ જેવી જોગવાઈ કરી અને એ યોજનામાં આપણે સફળતા પણ મેળવી છે. ભૂતકાળમાં શિષ્યવૃત્તિમાં પણ ગરબડો થતી હતી. તેના માટે કોંગ્રેસમાં એ ગરબડો થતી રહે તેવી કાર્યવાહી કરવામાં આવતી હતી. આજે ૧૯૪ લાખ વિદ્યાર્થીઓ માટે ૨૬૨ કરોડ જેવી શિષ્યવૃત્તિ આપે છે અને પોસ્ટ મેટ્રીકને આશરે બે લાખ લોકોને ૨૦ કરોડ રૂપિયાની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. અધ્યક્ષ મહોદય, પંડિત દિનદયાળ આવાસ યોજના આ એક કલ્પના પણ ન કરી શકે તેવી યોજના છે, એમાં ઓ.બી.સી. અને વિકસતી જાતિ જેવા પછાત લોકો, વાદી, સરાણિયા, બજાણિયા, ડફેર એવી જ્ઞાતિઓના લોકોને આવાસો બનાવીને આપવામાં આવે છે, તેને માટે આ વિભાગે આખી વસાહતો ઊભી કરી છે અને હમણાં જ અમારી જાહેર હિસાબ સમિતિ સ્થળ તપાસ કરવા ગઈ હતી અને એમાં હું પણ હતો, અને માનનીય પુંજાભાઈ વંશે હમણાં અહીં વાત કરતા હતા, પણ તેઓ અમારા ચેરમેન હતા અને તેમણે પણ ભરપૂર માનનીય મુખ્ય મંત્રીશ્રી અને આ સરકારના વખાણ કર્યા હતા. ટી.વી.માં પણ જોઈ શક્યા હતા. આ સરકાર જ આ કામ કરી શકે. ત્યારે આજે તેઓ અહીં આવી વાત કરતા હોય ત્યારે મને દુઃખ થાય છે. એ જ રીતે જ્યારે પાટણ જિલ્લાના ધારાસભ્ય શ્રી શંકરભાઈ ચૌધરીએ આવા મદારી, વાદી લોકો માટે દસ વીઘા પોતાની જમીન આપી અને ૨૦૦ મકાનો બનાવવાની યોજના બનાવેલ છે. એ જ બતાવે છે કે ભારતીય જનતા પાર્ટીના લોકો શું કરી રહ્યા છે. એ જ રીતે જ્યારે રાજકોટ જિલ્લામાં અને શહેરમાં પણ મકાનો બનાવવામાં આવ્યા હતા તે મકાનો લગભગ ૨૦૦ જેટલા મકાનોની વસાહતમાં વાદી, મદારી અને જુદી જુદી એવી જ્ઞાતિઓને આપવામાં આવ્યા અને એમના મકાનોની વસાહત ઊભી કરવામાં આવી છે તે જોઈને આપણને પણ આનંદ થાય કે આવા ગરીબ લોકો કે જેમને ઉપર આકાશ અને નીચે ધરતી સિવાય કોઈ આશરો નહોતો તેમને આપણે છત આપી છે. અને તેમના પૂણ્યના આધાર ઉપર જ આપણે આજે અહીં બહુમતિમાં આ બાજુ બેઠા છીએ તેમ કહું તો ખોટું નથી. ખરેખર પછાત વર્ગોનું, ગરીબ લોકોનું કામ કરીએ છીએ તો ચોક્કસ કુદરત પણ આપણને મદદ કરતી હોય છે. કહેવત છે કે ગરીબની હાય કોઈ દિવસ ખાલી ન જાય, એમ ગરીબની દુઆ પણ કોઈ દિવસ ખાલી જતી નથી. એટલે ગરીબની દુઆથી અમે અહીં બેઠા છીએ, અને આ સરકાર ગરીબો માટે જે કામ કરી રહી છે તે આપણને ચોક્કસ દેખાઈ રહ્યું છે.

ભારત સરકારના ઓ.બી.સી.ના ડાયરેકટર વી.બી. પંતનંદ જ્યારે ગુજરાતની મુલાકાતે આવેલા હતા તેઓએ પણ સ્થળ ઉપર તપાસ કરી ત્યારે સૌરાષ્ટ્રમાં જે ડફેરો અને દેવીપૂજકો જેવા છેવાડાના માનવીઓ માટે વસાહત જોઈ ત્યારે ખરેખર ગુજરાત સરકારને તેઓએ અભિનંદન આપ્યા હતા. અને ખાસ તો માનનીય નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવતો પત્ર પણ તેમણે લખ્યો હતો. એ જ બતાવે છે કે કેન્દ્ર સરકાર પણ જો અભિનંદન આપતી હોય તો આ મારી સામે બેઠેલા મિત્રોએ પણ અભિનંદન આપવા જ જોઈએ. આ કંઈ સામાન્ય વસ્તુ નથી. રાજયમાં બક્ષીપંચની ૩૩ નિવાસી શાળાઓ છે એમાં ભૂતકાળમાં ૪૦ થી ૫૦ ટકા જેટલું જ પરિણામ આવતું હતું આજે દસ શાળાઓમાં ૧૦૦ ટકા પરિણામ આવેલ છે. છ શાળાઓમાં ૯૦ ટકા પરિણામ આવેલ છે. બાકીની બીજી શાળાઓમાં ૬૦ ટકા જેટલું પરિણામ આવ્યું છે એ જ બતાવે છે કે આ વિભાગ કઈ રીતે કામ કરી રહ્યો છે. આ વરસે પણ આ બજેટમાં જોગવાઈ કરીને નવી પાંચ સરકારી છાત્રાલયો, નવા ૨૦ સહાયક અનુદાન છાત્રાલયો, હયાત સંખ્યામાં ૧૫ છાત્રાલયોનો વધારો કર્યો છે. બેંકેબલ ગરિમા યોજનામાં નવ હજાર જેટલા લાભાર્થીઓને લાભ આપવાની વાત કરવામાં આવી છે એ જ બતાવે છે કે ગરીબો અને વંચિતો માટેની આ સરકાર છે. આ સરકારે આજે જે કંઈ લઈને આવે છે એ જો ભૂતકાળમાં થયું હોત તો આપણે આજે ઘણા બધા આગળ વધી શક્યા હોત. ગરીબી રેખા નીચે જીવતા પરિવારો અને ધોરણ-૮માં અભ્યાસ કરતી ૨૩ હજાર કન્યાયાઓને સાયકલ આપવા માટેની જોગવાઈ કરવામાં આવી છે. આ સમાજના બાળકો પાઈલોટ બને એના માટે ભૂતકાળમાં કોઈ ચિંતા કરવામાં આવી ન હતી. પરંતુ આ સરકારે દસેક લોકોને પરદેશ મોકલવા માટેની મદદ કરી છે. એમને પણ કલ્પના નહિ હોય, એમણે વિચાર્યુ પણ નહિ હોય કે મને વિદેશ ભણવા જવા મળશે.

**શ્રી અમિત અ. ચાવડા (બોરસદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા તથા શ્રમ અને રોજગાર વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

મારા સાથી સભ્ય શ્રી જીતુભાઈ અત્યારે સભાગૃહની બહાર જતા રહ્યા છે. નહિતર મારે કહેવું હતું કે દેશ આઝાદ થયો ત્યારે દેશમાં જો કોઈ રાજકીય પક્ષ હોય તો એ ફક્ત કોંગ્રેસ જ હતો. અને એ સમયમાં

બંધારણના પ્રણેતાઓએ આ દેશના વંચિતો, ગરીબો, પછાત વર્ગના લોકો, આદિવાસી સમાજ હોય કે અનુસૂચિત જાતિ હોય કે બક્ષીપંચનો સમાજ હોય એને સમાજની મુખ્ય વિચારધારામાં જોડવા માટે જે પ્રયાસો કર્યા હોય તે આજ દિન સુધીમાં વધારે પ્રયાસો કોંગ્રેસી સરકારોના વખતમાં કરવામાં આવ્યા છે. ખાસ કરીને શિક્ષણમાં અનામત, નોકરીઓમાં અનામત, આ રાજકીય પ્રતિનિધિત્વમાં અનામત જો કોઈએ પણ આપી હોય તો એ કોંગ્રેસી સરકારોએ આપી છે. આ કોંગ્રેસે આ અનામત ન આપી હોત તો માનનીય જીતુભાઈ કહેતા હતા એમ ઘણા લોકો અહીંયા સુધી પહોંચી શક્યા ન હોત. કોઈપણ ગરીબ વંચિત સમાજ હોય પછાત સમાજ હોય જો એનો વિકાસ ઉત્કર્ષ કરવો હોય તો એના બાળકોને યોગ્ય શિક્ષણની સુવિધા પૂરી પાડવી પડે. એના યુવાનોને રોજગારીની તક પૂરી પાડવી પડે અને એના સમાજની મહિલા હોય એનું સશકિતકરણ કરીને ઉત્કર્ષ કરવા માટેનો પ્રયાસ કરવો જોઈએ. માનનીય પુંજાભાઈ બજૅટ જોગવાઈ અંગે વાત કરતા હતા, જે કંઈ વંચિત કે પછાત સમાજ છે એની વસતિના ધોરણે બજૅટની ફાળવણી કરવી જોઈએ. જો એમ કરવામાં આવશે તો જ એના વિકાસ માટે એના ઉત્કર્ષ માટે યોગ્ય પ્રયત્નો થઈ શકે. પરંતુ દુઃખની વાત એ છે કે આ રાજયનો પર ટકા વર્ગ અને ૧૩૭ જેટલી જ્ઞાતિઓનો એની અંદર સમાવેશ કરવામાં આવ્યો હોય તેમ છતાં ૨૦૦૬-૦૭માં ૨૦૪ કરોડ જેટલી જ માત્ર રકમ ફાળવવામાં આવી છે અને તે પછીના વર્ષની જોગવાઈ એમાં થોડોક વધારો કરીને ૨૪૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

આ સમાજના લોકોની, આ સમાજના બાળકોના શિક્ષણની વાત થઈ. હું સામેના પક્ષના મિત્રોને કહેવા માગું છું કે પાછલો રૅકૉર્ડ જોઈ જજો, કોંગ્રેસના સમયમાં આ સમાજના બાળકોના શિક્ષણ માટે કેટલા પ્રયત્નો કરવામાં આવ્યા. કેટલી આશ્રમશાળાઓ, કેટલા છાત્રાલયો શરૂ કરવામાં આવ્યા. કેટલી સરકારી નિવાસી શાળાઓ શરૂ કરવામાં આવી અને તમારા શાસનમાં કેટલી આશ્રમશાળાઓ, કેટલા છાત્રાલયો શરૂ કરવામાં આવ્યા. આ બંનેને સરખાવશો તો તમારી અને અમારી વિચારધારામાં ભેદ માલૂમ પડશે. આપની મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે ભૂતકાળના સમયથી આજ દિન સુધી દરેક સરકારો આ સમાજના બાળકો ભણે એના માટેની ચિંતા કરી છે. પરંતુ એક વિનંતી એટલી જ કરવાની કે છાત્રાલયોમાં ભણતા બાળકોની નિભાવ ગ્રાન્ટ પ્રતિ બાળક, પ્રતિ માસ ૪૫૦ રૂપિયા જેટલી રકમ આપવામાં આવે છે. ચોક્કસ આપના સમયમાં થોડો વધારો કરવામાં આવ્યો પણ આજના સમયમાં, આજના પરિપ્રેક્ષ્યમાં, આજની મોંઘવારીની સ્થિતિમાં ૪૫૦ રૂપિયા જેટલી રકમ પ્રતિ બાળક આપવામાં આવે તે કોઈ પણ રીતે યોગ્ય નથી અને તેમાં પણ આપણે આ સરકારમાં અન્ય નિભાવ ગ્રાન્ટના હેડે ખર્ચ આપવામાં આવતા હતા કે કન્ટીજન્સી ગ્રાન્ટ આપવામાં આવતી હતી. આ ૪૫૦ની રકમમાં જે તે છાત્રાલયનું લાઈટ બિલ ભરવાનું હોય, તેનો કન્ટીજન્સીનો ખર્ચ કાઢવાનો હોય, નાની-મોટી સુવિધા ઉભી કરવાની હોય તેને બાદ કરતાં જે રકમ વધે તેમાં માનો કે તેના બાળકોના ખોરાક માટે વાપરવાની હોય તો મને લાગે છે કે આપણે જાણ્યે-અજાણ્યે પણ ચોક્કસ આ બાળકોને અન્યાય કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી જયદ્રથસિંહજીએ વાત કરી કે હડતાળો અને તાળાબંધી ભૂતકાળ બન્યો. મારે તેમને કહેવું પડે કે ૨૦૦૫માં હળતાળ અને તાળાબંધીના ૨૮ બનાવો નોંધાયા. જેના કારણે ૭,૫૭૨ કર્મચારીઓને અસર પહોંચી. લગભગ ૧,૧૯,૦૦૦ માનવદિન ગુમાવવા પડ્યા. તે જ રીતે ૨૦૦૬ના વર્ષની વાત કરીએ તો સપ્ટેમ્બર મહિના સુધી આ રાજયમાં હળતાળો અને તાળાબંધીના ૧૮ બનાવો બન્યા, જેના કારણે ૭,૬૧૫ જેટલા કામદારોને અસર પહોંચી અને ૯૭,૦૦૦ જેટલા માનવદિન ગુમાવવા પડ્યા. આ રાજયમાં અસંગઠિત કામદારોની સંખ્યા જોવા જઈએ તો લાખો-કરોડોમાં થાય. ભૂતકાળમાં તેના માટે ઘણી બધી ચિંતા કરવામાં આવી હતી પણ આ રાજય સરકારમાં અસંગઠિત કામદારોને સામાજિક સુરક્ષા પૂરી પાડવા અને તેમના કલ્યાણ માટેની જે વાત થઈ તેમાં ૨૦૦૫-૦૬ના વર્ષમાં કુલ ૨ કરોડ ૬૪ લાખની જોગવાઈ કરવામાં આવી. દુઃખ સાથે કહેવું પડે કે માર્ચ-૨૦૦૬ સુધીના સમયમાં એક પણ રૂપિયો ખર્ચ કરવામાં આવ્યો નહીં. આ જ બતાવે છે કે આપણે ગ્રામ્ય વિસ્તારના ચાહે ગરીબ વર્ગના લોકો હોય, કામદારો હોય, ખેડૂતો હોય તેના માટે કેટલા જાગૃત અને પ્રયત્નશીલ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જેમ અમારા પુંજાભાઈએ કહ્યું તેમ કોંગ્રેસના વખતમાં બક્ષી કમિટીની ભલામણનો સ્વીકાર કરીને આ રાજયમાં ખાસ પ્લાન યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. આ રાજયમાં ઘનિષ્ઠ બક્ષીપંચ સમાજની વસતિ ધરાવતા ૧૩૯ તાલુકાઓનો તેમાં સમાવેશ કરીને આ તાલુકામાં માળખાકીય સુવિધાઓ વધે, એ સમાજના લોકોને અન્ય શહેરી વિસ્તારોના પ્રમાણમાં સુવિધાઓ મળે તે માટેની જોગવાઈ કરવામાં આવી હતી. દુઃખ સાથે કહેવું પડે કે ૨૦૦૭-૦૮ના બજૅટમાં ૨ કરોડ ૭૮ લાખની જોગવાઈ કરવામાં આવી છે. જે ગત વર્ષ ૨૦૦૬-૦૭ના બજૅટની સરખામણીએ સેઈમ રાખવામાં આવી. એટલે કે એક પણ રૂપિયાનો વધારો ગત વર્ષની સરખામણીમાં ન કરવામાં આવ્યો એ પણ આપણાં માટે દુઃખની વાત કહેવાય.

**અધ્યક્ષશ્રી** : માનનીય માલજીભાઈ.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જ્યારે પોતાની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વરાજ્ય લાવવાની સાથેની જે કલ્પના હતી, અમારા જેવાની જુવાનીમાં અમે ગીત ગાતા હતા કે- " અમે ન રોકશું, અમે ન ઝુકશું, અમે ગરીબનું સ્વરાજ લાવીશું. "

આ આઝાદીના સમયમાં આ જાતના વિચારોની ભાવનાથી આ દેશના લડવૈયાઓએ આ દેશના અંગ્રેજ શાસનને હટાવવા માટે જે પુરુષાર્થ કર્યો હતો તે પુરુષાર્થના અનુસંધાને આ દેશની સામાન્ય વંચિત પ્રજા આપણાં શાસકો પાસે અપેક્ષા રાખે એ સ્વાભાવિક છે અને એ આપણી પ્રાથમિક ફરજ છે. આપણે સ્વરાજ એટલા માટે લાવ્યા કે જે લોકો વંચિતો છે, જે લોકો તરછોડાયેલા છે, જે લોકો તરફ આજ સુધી જોયું નથી એ જોવાનું કામ રાજય કરે અને રાજય પોતાનો ધર્મ નિભાવે એટલા માટે અપેક્ષા રાખીએ છીએ. કેટલાક રાજકીય અવલોકનો પણ અહીં થાય છે. મને તેમાં બહુ રસ નથી પડતો પણ જીતુભાઈ એક વાત કરતા હતા. તેમની ભૂલ નથી. પણ તેમને ખબર નથી કે હિંદુસ્તાનમાં આઝાદી વખતે આ દેશનું બંધારણ ઘડવા માટેની જે ડ્રાફ્ટ કમિટી થઈ તેના અધ્યક્ષ તરીકે કોંગ્રેસે બાબાસાહેબ આંબેડકરને બેસાડ્યા હતા. માનનીય અધ્યક્ષશ્રી, એમને એ પણ ખબર ના હોય કદાચ કે હિંદુસ્તાનની પહેલી સરકાર જે બની પંડિત નહેરુની અધ્યક્ષતા નીચે એમાં પણ બાબાસાહેબ આંબેડકર આ દેશની કૅબિનૅટના એક સન્માનનીય મંત્રીશ્રી હતા એ કોંગ્રેસે કર્યુ હતું આ ખબર નથી જીતુભાઈને, એ પણ ખબર નથી કે આજે જે આ હાઉસમાં બેઠા છે અને ગુજરાતની પ્રજામાંથી જે ચૂંટાઈને આવે છે એ દલિત વર્ગના લોકો માટે ૨૬ આદિવાસી વિસ્તારના લોકો એ દેન પણ કોંગ્રેસની છે. (અંતરાય) તમને ખબર નથી બેસો, ભાઈ બોલવાનું ઓછું રાખો, મહેરબાની કરો તમને ખબર ન હોય તો બોલો નહીં. તમારો જન્મ નહોતો તમને ખબર ના હોય, તમને ખ્યાલ ના હોય તો બોલ બોલ શું કરવા કરો છો?

**અધ્યક્ષશ્રી** : ચાલો સમય નથી પ્લીઝ પાંચ મિનિટ માત્ર છે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, આપ કહેતા હોવ તો હું બેસી જાવ, વાત કરવાનો પણ મોકો ન આપો.

, **અધ્યક્ષશ્રી** : આપના દંડકશ્રીને કહીને બેસી જાવ. દંડકશ્રી કયાં ગયા?

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, એમ નહી પણ મારે એટલી જ વાત કરવી છે કે આ ૧૩૭ કોમો માટે ૨૭૭ કરોડ રુપિયાની જયારે જોગવાઈ થતી હોય ત્યારે મારે એવું કહેવું છે કે રમણભાઈ કયાંક ભૂલ કરે છે એવું લાગે છે. આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી જયારે બક્ષીપંચના હોય, આ રાજયના નાણામંત્રીશ્રી બક્ષીપંચના હોય ત્યારે વિવિધ માગણીઓમાં ભૂલ તો નથી થઈને? ૫૨ થી ૫૫ ટકા વસ્તી ધરાવતી આ બક્ષીપંચની જાતો માટે ફકત ૨૭૭ કરોડ રુપિયાનું આયોજન થયું છે એ ખૂબ જ અધૂરું થયું છે. ક્રમશઃ જરૂર આમાં વધારો થાય છે પરંતુ ૧૩૭ કોમોની અંદર પણ ૬૦ જેટલા અતિ પછાત જૂથો છે એ જૂથોને પણ ન્યાય મળે, હું શિક્ષણ સાથે સંકળાયેલો માણસ છું, એટલે સમાજ કલ્યાણ સાથે જે શિક્ષણની પ્રવૃત્તિ સંકળાયેલી છે એના માટે હું ખાસ માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું. ૧૨૭ આશ્રમ શાળાઓ આ રાજયમાં ચાલે છે. આશ્રમ શાળાઓની અંદર પ્રાથમિક શિક્ષણને જે અધિકારો આપ્યા છે એ આશ્રમ શાળાના શિક્ષકોને અધિકાર નથી મળતા. એને કારણે સારા શિક્ષકો આશ્રમ શાળાની જગ્યા છોડી એ બીજે જતા રહે છે. આજે પણ તમે એક થી સાત ધોરણના પ્રાથમિક અભ્યાસનો સ્વીકાર કર્યો છે ત્યારે એના શિક્ષકોને આપણા પ્રાથમિક શિક્ષણના જે અધિકારો અને હકકો આપ્યા છે એ જ અધિકારો અને હકકો આશ્રમશાળાના શિક્ષકોને મળે એ વિનંતી કરુ છું. અમિતભાઈએ એ વાતને દોહરાવી છે એટલે હું લંબાવતો નથી. ફકત આ મોંઘવારીના જમાનામાં જે રાજય સરકાર હોસ્ટેલો ચલાવે છે એનું ફૂડબીલ જુઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓનું જુઓ ત્યારે એમને જે ૭૫૦ ની માગણી કરી છે એ માગણીમાં પણ મારો સૂર પુરાવુ છું. ગૃહપતિઓનું જે કામ છે , આશ્રમશાળાના શિક્ષકોનું જે કામ છે એ હું શિક્ષણમાં કામ કરનારો એક માણસ છું એટલે હું કહી શકું એમ છું કે એ સંસ્થાના આચાર્ય કરતા પણ આ ગૃહપતિનું કામ એ બહુ મહત્વનું કામ હોય છે. એમણે ૨૪ કલાક એ જગ્યા ઉપર રહેવાનું હોય છે. ૨૪ કલાક એક એક વિદ્યાર્થીની સાર સંભાળ રાખવાની હોય છે ત્યારે એવા લોકો માટેનું એમનું વેતનનું ધોરણ છે એ અતિ ઓછું છે. એને રાજય સરકારે સુધારે એવી મારી વિનંતી છે અને આ બક્ષીપંચના આટલા વિશાળ કામો માટે જયારે તમે આ બજેટ લઈને આવ્યા છો ત્યારે હું તમારી પાસેથી એટલી અપેક્ષા રાખુ છું કે આ છાત્રાલયોમાં આ શિક્ષણનું કામ એ પાયાનું કામ છે. એમાંથી જ માણસ ઉભો થાય અને અને એમાંથી જ માણસ વિકાસ કરી શકે છે અને એમાંથી જ માણસ પોતે પોતાના સમાજ અથવા પોતાના જીવનમાં પરિવર્તન લાવી શકે છે એવું એક મહત્વનું શિક્ષણ માધ્યમ એને તમે દિનપ્રતિદિન વધારો કરો, સંખ્યાનો વધારો કરો, હોસ્ટેલ એની વધારેમાં વધારે બને, અત્યારે જે બાળકો છે આખા બક્ષીપંચના બાળકો તમે નકકી કર્યા છે આ રાજયમાં તો એ બાળકોમાં જયાં જયાં છાત્રાલયો નથી એ વિસ્તારમાં વધુ છાત્રાલય આપવાની વધારેમાં વધારે કોશિશ કરો અને આ આશ્રમ શાળાઓના આ શિક્ષકો ના એમના હકકોને પણ મંજૂરી મળે એટલી હું આપના દ્વારા વિનંતી કરુ છું. ખાસ કરીને આપણા વિસ્તારની અંદર જયારે એના આર્થિક કારણો હતા, એમના પોતાના ધંધાના વિકાસની અંદર અને એમના એ સમાજને પૂરું મહત્વ મળે એટલા માટે આપણે ગોપાલક બોર્ડ કર્યુ . જયારે એના આર્થિક કારણોસર એમના પોતાના ધંધાના વિકાસની અંદર અને એનો એ સમાજ ઉપર મહત્વનું છે એટલા માટે આપણે ગોપાલક બોર્ડ કર્યુ. આપણે ઠાકોર અને કોળી સમાજનો વિકાસ કર્યો. અલ્પસંખ્યક નાણા નિગમ પણ કર્યુ અને આ બધા માટે માણસો

જે આપણે નિમણૂક કરતા હતા જેના કારણે આ સમૂહો સાથે એ આગેવાનો લીયન રાખી શકતા હતા અને એના એક એક પ્રશ્નનો એ વિકાસ કરી શકતા હતા.

**શ્રી શંકરભાઈ મં. વારલી (ઉંમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર આજ રોજ ગૃહ સમક્ષ માગણી નં. ૫૭ શ્રમ અને રોજગાર હેઠળ ૧,૫૧,૫૮,૦૪,૦૦૦ ની મહેસૂલી ખર્ચ માટેની માગણી લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યમાં દક્ષિણ ગુજરાતમાં વધારેમાં વધારે શ્રમ કરતો મજૂર હોય તો તે કાચી ઈંટ પાડતો મજૂર છે. હું પોતે ખેત મજૂરમાંથી આવું છે એટલે શ્રમ કોને કહેવાય એ હું જાણું છું. ઈંટો પાડતો મજૂર રાતના એક વાગ્યાથી ઈંટ પાડવાનું ચાલુ કરે તે સવારે ૧૧ વાગ્યા સુધી કાચી ઈંટ પાડે. બપોરનું ભોજન લીધા પછી પાછો બે વાગ્યાથી સાત વાગ્યા સુધી માટી ખૂંદે અને ઈંટોના ઢગલા બનાવે. આમ પાછો બીજા પાંચ કલાક કામ કરે. આમ ઈંટનો શ્રમયોગી ૧૬ થી ૧૭ કલાક મજૂરી કરે છે અને આજે પણ એ શ્રમયોગીને ૧૦૦૦ ઈંટ પાડવાના ૧૫૦ થી ૨૦૦ રૂપિયા અપાય છે. આટલી ઈંટ પાડવામાં ચાર વ્યક્તિઓ રોકાયેલી હોય તો હિસાબ કરો કે એમના ભાગે શું મજૂરી પડે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગારની બાબતો પ્રત્યે પૂરતું લક્ષ આપી શકાય અને જરૂરી રોજગારી આપવામાં ઝડપી અને હેતુલક્ષી આયોજન કરવાના ઉદ્દેશથી રાજ્ય કક્ષાએ આ વિભાગની રચના કરવામાં આવી છે. તેમજ શ્રમ અને રોજગાર વિભાગના વડા તરીકે અગ્રસચિવ પણ છે. માળખું મોટું છે. એ ઉપરાંત બોર્ડ પણ રચવામાં આવેલ છે. આમ છતાં દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં ઈંટ પાડવામાં મજૂરી કરતાં આદિવાસી શ્રમયોગી માટે કોઈપણ નક્કર યોજના બનાવેલ નથી. આ અસંગઠિત કામદારોને સામાજિક સુરક્ષા માટે રૂા. ૨૬૪ લાખની જોગવાઈ હોવા છતાં આજ સુધી ખર્ચ શૂન્ય છે. એટલે જ આ અસંગઠિત શ્રમ યોગીના બાળકોમાં ભણતર નહિવત્ છે. આમ, આ મજૂરનો બાળકને ભણાવવામાં કોઈ રસ દેખાતો નથી. હું જે વિસ્તારમાંથી આવું છું તે ઘણો જ મોટો ઔદ્યોગિક વિસ્તાર છે. જેવા કે, ઉમરગામ જી.આઈ.ડી.સી., સરીગામ જી.આઈ.ડી.સી., વાપી જી.આઈ.ડી.સી. છે. ત્યાં ૫૦૦૦ જેટલી કંપનીઓ આવેલ છે તેમાં ૨૦૦૦ જેટલી કાર્યરત છે. ત્યાંના કામદારો અને શ્રમજીવીઓને કાયદાનું કોઈ રક્ષણ મળતું નથી. કારખાનાઓમાં ૧૨-૧૨ કલાક કામ લેવાય છે અને આઠ કલાકનો પગાર અપાય છે. એ કામદારોને વારંવાર બ્રેક અપાય છે. આમ આ કામદારો ગ્રેજ્યુઈટી કે પી.એફ.ના લાભોથી વંચિત રહેવા પામે છે. શ્રમ વિભાગના અધિકારીને ફક્ત એમને પોતાનો પગાર તેમજ કંપની તરફથી મળતા કવરમાં જ રસ હોય તેમ જણાય છે. જ્યારે ૨૦૦૦ જેટલા કારખાનાઓ કાર્યરત હોય અને ૧૦ હજાર જેટલા કામદારો કામ કરતા હોય તો તે તપાસનો વિષય બને છે કે કેટલા માણસોને પી.એફ. કે ગ્રેજ્યુઈટી જેવા લાભો અપાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે કોન્ટ્રાક્ટ પદ્ધતિથી ત્યાંના કારખાનાના માલિકો ચલાવે છે તેમાં મોટી ગેરરીતિ ચલાવવામાં આવે છે. આ કોન્ટ્રાકટરો બહારના હોવાથી સ્થાનિક કામદારોની ભરતી ન કરતાં પરપ્રાંતના લોકોની ભરતી કરે છે અને સ્થાનિક કામદારોને ખૂબ જ મોટો અન્યાય થઈ રહેલો છે. જે પણ કામદારો કામ કરી રહ્યા છે તેમને કોઈપણ જાતની સુરક્ષા મળતી નથી અને સરેઆમ શોષણ થઈ રહ્યું છે. આ શોષણમાં કારખાના માલિકો તો જવાબદાર છે. સાથે સાથે લેબર કોન્ટ્રાકટરો પણ જવાબદાર છે. તેની સામે સરકારનું તંત્ર આજે પણ ઉદાસીનતા રાખી રહ્યું છે. દક્ષિણ ગુજરાતમાં આજે પણ ખેતમજૂરોનું શોષણ થઈ રહ્યું છે. જે સરકારનું લઘુતમ વેતન છે તે પણ પૂર્ણપણે ચૂકવાતું નથી. શેરડી કાપતા મજૂરોને આજે પણ કોન્ટ્રાક્ટ કે ઉધડ પદ્ધત્તિ આવવાથી એને જે મજૂરી મળવી જોઈએ તે પૂર્ણપણે આપવામાં આવતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે રાજ્યના આર્થિક જીવનમાં કામદાર વર્ગ મહત્ત્વનો ભાવ ભજવે છે ત્યારે તેમને પૂરતું વેતન, નોકરી માટે સારી પરિસ્થિતિ માટે વ્યવસ્થા કરવી જરૂરી છે. પણ એ કામદારોને તેમની નોકરીની સલામતી માટે યોગ્ય પગલાંની ખાતરી દેખાતી નથી. મારા વિસ્તારમાં આદિવાસીઓ માછીમારીનો ધંધો કરે છે. એ સમુદ્રમાં જાય છે અને સમુદ્રમાં સતત સાત સાત દિવસ સુધી ૨૪ કલાક કામ કરતા હોય ત્યારે એને જે રોજી મળવી જોઈએ એ મળતી નથી. આ માટે આ બજૅટમાં ચોક્કસ પ્રકારની વ્યવસ્થા કે સુરક્ષા મને દેખાતી નથી.

**અધ્યક્ષશ્રી** : હું ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે શાસક પક્ષમાં આજે સભ્યશ્રી નરેશભાઈ કનોડિયા હાજર છે. આજે તેઓ ગૃહની ચર્ચામાં ભાગ લે એવી મારી ઈચ્છા છે તો હું એમને ચર્ચામાં ભાગ લેવા વિનંતી કરું છું.

**શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, આપે જે મને બોલવાનો મોકો આપ્યો તે બદલ હું આપનો ખૂબ ખૂબ આભાર માનું છું. ભારતીય જનતા પાર્ટી માટે શું કહેવાનું હોય. આ સરકારે વિકાસના એટલા બધા કામો કર્યા છે કે આપણે એની ગણતરી જ ના કરી શકીએ એટલા વિકાસના કામો અગાઉના વર્ષોમાં નથી થયા એ છેલ્લા ચાર વર્ષમાં થયા છે. હું જ્યારે ૧૯૫૨ની સાલમાં  મેસાણીનિવાસ અમદાવાદમાં રહેતો હતો ત્યારે મને કશી ખબર નહોતી. ૫૦ વર્ષની અંદર છોડીને આ ચાર વર્ષમાં છેલ્લે મેં ગુજરાત નંબર વન સાંભળ્યું. પહેલીવાર મુખ્યમંત્રી નંબર વન સાંભળ્યું. હું ભારતીય જનતા પાર્ટીને અને દરેક મંત્રીશ્રીઓને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. ધન્યવાદ.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરા..

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) તો પછી સાહેબ સમય વધારવો પડશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (બેઠા બેઠા)** : સાહેબ, પ્રવિણભાઈને બોલવા દો.

**અધ્યક્ષશ્રી** : નો, નો, સમય પૂરો થઈ ગયો છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (બેઠા બેઠા)** : સાહેબ, પ્રવિણભાઈને પાંચ મિનિટ બોલવા દો

**શ્રી વજુભાઈ વાળા** : તો પછી પાંચ મિનિટ વધારો.

**અધ્યક્ષશ્રી** : પાંચ મિનિટનો સમય વધારીએ છીએ. ચાલો પ્રવિણભાઈ.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, ભારતની આ ભૂમિમાં અને ગુજરાતની ભૂમિમાં જે સંતો પાક્યા છે એ સંતોમાં સંત રોહિદાસ, વીરમેઘમાયા, રામદેવપીર કે સંત સવૈયાનાથ હોય કે જોધલપીર હોય આ ભારતમાં આ સમાજ માટે જે સંતો સમાજમાં થયા છે એમણે અને તેની સામે જે સંત રોહિદાસ કે જેમને મીરાબાઈએ ગુરુ ધારણ કર્યા હતા. રામદેવપીર કે જેમણે રાણીબાઈને બહેન માન્યા હતા. આવા સંતોની આ ભૂમિ પર સમાજના અમુક તત્ત્વો દ્વારા જે અવગણના થઈ રહી છે. જે માનસિક સ્થિતિ આ સમાજના, ભદ્ર સમાજના અમુક તત્ત્વો દ્વારા જે નિર્માણ થઈ રહ્યું છે એમાં દલિતોનો અવાજ દબાઈ જાય છે. દલિતોનો જે અધિકાર છે એ અધિકાર ઉપર તરાપ મારવામાં આવે છે. સમાજની અંદર કોઈ પણ યોજના માનનીય મંત્રીશ્રી જાહેર કરે. પરંતુ એ છેવાડાના દલિતો સુધી એ યોજના પહોંચવામાં જે અમુક તત્ત્વો ભાગ લઈ રહ્યાં છે એ અમુક તત્ત્વો દ્વારા આ સમાજના નીચેના વર્ગના દલિત સમાજના લોકોને પહોંચી શકતી નથી. કોઈ પણ યોજનાને જાહેર કરવાથી સમાજને કોઈ ફાયદો થતો નથી, એનું નિર્માણ થાય, અમલીકરણ થાય અને નાનામાં નાના દલિતોને આ યોજનામાં લાભ થાય એવા પ્રયત્નો સરકાર કરશે ત્યારે હું માનું છું કે બાબા સાહેબ આંબેડકર જેમણે બંધારણ આપી આ વિધાનસભા ગૃહમાં અમે આવી શક્યા છીએ એ વિધાનસભા ગૃહમાં આવેલા સાર્થક ગણાશે. જ્યારે માનનીય મંત્રીશ્રી બેકલોગની જગ્યા હોય કે કોઈપણ ભરતીની બાબત હોય એ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા થાય એવું જો આયોજન સરકાર કરશે તો ભવિષ્યમાં જે નોકરીઓથી વંચિત રહી જાય છે. આજે બેકલોગની જગ્યા ભરવા માટે હાઈકોર્ટે બે-ત્રણ વખત ઑર્ડર થવા છતાં આ ભરતી ભરાતી નથી. આ ભરતી કરવામાં જે તત્ત્વો ભાગ લઈ રહયા છે, જે અધિકારીઓ કિન્નાખોરી રાખી રહયા છે એની તરફ માનનીય મંત્રીશ્રીનું હું ધ્યાન દોરવા માગું છું. ડૉ. આંબેડકર ભવનો બાંધવાથી હું માનું છું કે, એ દલિત સમાજના, જેમ • * (કબર ગમે તેટલી મોંઘી બનાવીએ, કબર ગમે એટલા રૂપિયાની બનાવીએ પણ એ કબરની નીચે જે દલિતની હાલત છે એ હાલત જ્યાં સુધી સુધારવામાં નહીં આવે ત્યાં સુધી આ સમાજને કોઈ ફાયદો થશે નહીં. )માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર જે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને મહિલા સશકિતકરણ માટે ખાસ કેન્દ્રિય સહાય (અંતરાય )

**શ્રી રમણલાલ વોરા** : * (કબર સાથે સરખાવે એ ઠીક નથી,) એમણે શબ્દો પાછા ખેંચી લેવા જોઈએ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ ઠીક નથી. પ્લીઝ પ્રવિણભાઈ, નો.નો.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ભવનો બાંધીને જે સમાજને જે ગેરમાર્ગે દોરી રહયા છે.(અંતરાય )

**અધ્યક્ષશ્રી** : નો. નો. પ્લીઝ( અંતરાય )

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : એ હું પાછા ખેચું છું.

**અધ્યક્ષશ્રી** : શબ્દો પાછા ખેચેં છે ચાલો.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા, સામાજિક ન્યાય અને સશકિતકરણ ખાતા દ્વારા જે સાત કેન્દ્રિય સહાય રાજયોને અપાય છે તે પૈકી ૨૦૦૪-૦૫માં કેન્દ્રએ સાત કરોડ અને પાંચ લાખ રૂપિયા આપ્યા હતા. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : વન મિનિટ, શબ્દો પાછા ખેંચ્યા એમણે ( અંતરાય)

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : આ પાંચ કરોડ અને તોતેર લાખ માત્ર વાપરવામાં આવ્યા છે ( અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમણે શબ્દો પાછા ખેંચ્યા છે.(અંતરાય)

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ખાસ કેન્દ્રિય સહાયમાં સામાજિક ન્યાય અને સાંસ્કૃતિક કલ્યાણ વિભાગમાં ૨૦૦૫-૦૬માં ( અંતરાય) આ સૌરભભાઈએ ત્યાં હરિજનવાસમાં કેટલી રેડ પડાવી છે એમણે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમણે શબ્દો પાછા ખેંચી લીધા છે.( અંતરાય) સંભળાતું નથી , એક જણ બોલો (અંતરાય)

• *(***) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : આ સૌરભભાઈ, માનનીય મંત્રીશ્રીને હું કહેવા માગું છું કે, બોટાદમાં હરિજનવાસમાં જે જી.ઈ.બી.ના નામે જે રેડ પાડીને જે ધરપકડ કરે છે એનું હું ધ્યાન દોરવા માગું છું, (અંતરાય) જે દલિતોની રૅલી ઉપર અત્યાચાર થાય છે એને રોકવો (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પૂરું થાય છે પ્લીઝ, માનનીય મંત્રીશ્રી. ( અંતરાય )

( આ તકે શાસક પક્ષના અમુક મંત્રીશ્રીઓ તથા અમુક ધારાસભ્યશ્રીઓ ઊભા થઈ, પ્રવિણભાઈ માફી માગે, માફી માગે, તેવા સતત સૂત્રોચ્ચાર કરતાં ) (અંતરાય )

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રવિણભાઈએ માફી માગવી જોઈએ, એવું ચાલે જ નહીં (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ભાઈ પૂરું થાય છે ( અંતરાય) બેસો પ્લીઝ, પ્રવિણભાઈ તમે સોરી કહી દો, પ્લીઝ. (અંતરાય)

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : મેં શબ્દો, જે શબ્દો મેં કહયા છે કે આંબેડકર ભવન બંધાવવાથી જેમ દરેક દલિતને, •* (દલિત માટે એક કબ્રસ્તાન બનાવવા જેવું છે) એના કરતાં આ યોજનાઓ જે આ બનાવવામાં આવી છે એ યોજનાનો લાભ દલિતોને આપવામાં આવતો નથી, અને મેં આ શબ્દો પાછા ખેંચ્યા છે, આપના આદેશને માન આપી મેં આ શબ્દો પાછા ખેંચ્યા છે (અંતરાય)

( આ તકે શાસક પક્ષના અમુક મંત્રીશ્રીઓ તથા અમુક ધારાસભ્યશ્રીઓ ઊભા થઈ, માફી માગે, માફી માગે, તેવા સતત સૂત્રોચ્ચાર કરતાં ) (અંતરાય )

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : આ જે માનનીય સભ્યશ્રીઓની જે લાગણી છે. મેં બાબા સાહેબ આંબેડકર માટે શબ્દ નથી વાપર્યા. એમનું જે ભવન બંધાય છે ગામડાંના ગરીબો માટે ઝૂંપડા બનવા દેતા નથી એના માટે મારો વિરોધ છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આવું ના કહેવાય. * (કબર ના કહેવાય).(અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, શબ્દ પાછા ખેંચાઈ ગયા છે એટલે બીજો કોઈ સવાલ નથી.(અંતરાય)

# સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

## સભ્યશ્રીને ઠપકો આપવા અંગે

**શ્રી અશોક ભટ્ટ ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અહીં શબ્દ પાછા ખેંચાવવા પૂરતું નથી. આ સભાગૃહ અને સભાગૃહની બહાર રાજયના અનેક લોકોની લાગણી આની સાથે જોડાયેલી છે. ડો. આંબેડકરના નામે ભવન બંધાય અને એ ભવન સૌના માટે બંધારણના ઘડવૈયાની સ્મૃતિમાં જયારે ભવન બાંધવાનો અમે નિર્ણય કર્યો હોય ત્યારે આ પાટલી પર બેઠેલા હોય કે પેલી પાટલી પર બેઠેલા હોય, પાટલીનો સવાલ નથી સવાલ એ વ્યકિત પૂણ્ય પુરુષ છે એને માટેની આપણી ભાવના વ્યકત કરવાનો છે એને માટે એકેએક મંદિર જયાં જયાં ભવન બંધાય છે એ સમગ્ર ભવન અમારા માટે મંદિર છે. જે સમગ્ર સમાજ જીવન માટે મંદિર છે એના માટે જે શબ્દ એમણે વાપર્યા એની હું પુનરોકિત પણ નથી કરતો. તેઓ પાછા ખેંચીને પુનરોકિત કરે છે એટલે પાછા ખેંચીને પણ મજાક કરી રહયા હોય એવું લાગે છે. આ સભાગૃહમાં માત્ર માફી માગવાનો પ્રશ્ન નથી, લાગણીનો સવાલ છે. સમગ્ર સમાજ જીવનની લાગણીને દહોરાવવાની હોય ત્યારે સભાગૃહના સભ્યની પહેલી જવાબદારી બને છે કે એમણે જે કાંઈ બોલવાનું હોય એ નિષ્ઠાપૂર્વક બોલવું જોઈએ. બીજાની લાગણી ન દુભાય. ચર્ચાના જે નિયમો છે, મર્યાદા છે એ મર્યાદાને સમજી નિષ્ઠાપૂર્વક બોલવું જોઈએ. મર્યાદામાં રહીને બોલવું જોઈએ. બીજાની લાગણી દુભાય એવું વકતવ્ય જો થઈ ગયું હોય તો પાછા ખેંચાવો છો અને શબ્દો પાછા ખેંચે પણ છે. અનેક વખત એવા બનાવ બન્યા છે કે બીજાની લાગણી દુભાતી હોય તો માફી માગે તો પણ ઓછું છે પણ માફી માગવાને બદલે પાછા ખેંચ્યા પછી આપે કાઢી નાખ્યા પછી એ શબ્દ ફરીથી વાપર્યા. બે વખત ફરીથી વપરાયા છે. મને લાગે છેકે આ શબ્દ ફરીથી બોલાય જ નહીં. આજે પણ હું એ શબ્દ ફરીથી નથી બોલતો. (અંતરાય) અનિલભાઈ, આ બચાવ કરવા જેવો નથી. આ પાટલી પર બેઠા હોઈએ કે પેલી પાટલી પર બેઠા હોઈએ. ડો. આંબેડકર માટે સૌનો સદભાવ એક સરખો જ છે. એ બતાવવા માટે પણ તેમને ઠપકો આપવો જોઈએ. આમાં બચાવ આ પાટલીનો સભ્ય છે કે પેલી પાટલીનો સભ્ય છે એનો નથી. સવાલ બાબા સાહેબના ગૌરવનો છે અને એ ગૌરવને હણીને (અંતરાય)

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, જયારે વિપક્ષના દંડકે આપને વિનંતી કરી સમય લંબાવવાની તો એક દલિત છે, પોતાના વિચારો વ્યકત કરવાની એને તક મળે એ માટે અમે સંમત થયા. કે દલિત વર્ગ તરફી તેઓ વાત કરશે, તેની જગ્યાએ સમગ્ર સભાગૃહનું અપમાન કર્યુ છે. આ વર્ગનું અપમાન કર્યુ છે.

• * માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

એમણે બાબાસાહેબ આંબેડકર ભવનને *(કબ્રસ્તાન)તરીકેનો ઉલ્લેખ કર્યો છે. માફી મંગાવવાની જરૂર નથી, પણ આપના તરફથી ઠપકો મળવો જોઈએ, આટલી માગણી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય દંડક સાહેબે કહ્યું અને પ્રવીણભાઈને ૫ મિનિટ આપી, તો ભૂતકાળમાં આપ કહો છો ત્યારે અમે કરતા જ હોઈએ છીએ. પ્રવીણભાઈ અહીંયા આગળ બોલ્યા અને આખા ગૃહને કદાચ એવું લાગ્યું હશે ત્યારે બધાએ કહ્યું અને બીજી મિનિટે એમણે પોતાના શબ્દો આપે રેકર્ડ ઉપર દૂર કરવાની વાતો કરી અને ફરીથી આગ્રહ રાખવામાં આવ્યો અને પોતે પાછા ખેંચી લીધા. ભૂતકાળની અંદર અવાર-નવાર આ ગૃહમાં અનેક શબ્દો વપરાયા છે. આપણે ચોક્કસ કહ્યું હશે આ રહ્યા શબ્દો પાછા ખેંચી લો. આ એક પરંપરા થશે, જે શબ્દો જે રીતે બોલાયા, પોતાને સારુ નહિ લાગ્યુ તો કહ્યું હશે પાછા ખેંચી લઉં છું.(અંતરાય) એટલા માટે નહિતર જિતુભાઈ ઘણા બધા શબ્દો બોલ્યા હતા. અમે સમજતા હતા જિતુભાઈ બોલે છે. મને વાંધો નથી, એટલે આપણે ભૂતકાળમાં અહીયા આગળ અવાર-નવાર બને. એકવાર થાય તો ચોક્કસ આવું થાય. એ બોલ્યા છે એમણે પોતે શબ્દો પાછા ખેંચી લીધા છે, એટલે અશોકભાઈ સાહેબને વિનંતી છે કે ટાઈમ પેલો કર્યા વિના શબ્દો પાછા ખેંચી લીધા છે એ કરવા મારી વિનંતી છે.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આ ગૃહનું ખૂબ આઘાતપૂર્વક અને લાગણીપૂર્વક એ વાત તરફ ધ્યાન દોરવું છે કે પ્રવીણભાઈ મારા મિત્ર છે. દલિત છે. સૌથી પહેલા બોલતા પહેલા બાબાસાહેબ દલિતોના દેવ અમારા પૂજ્ય આરાધ્ય દેવ જેના નામે અમે અહીંયા બેસી શક્યા છીએ, તેવા વિરલ મહાપુરુષના નામે એમણે જે શબ્દો વાપર્યા. ડો.બાબાસાહેબ આંબેડકર ભવન એ અમારા માટે મંદિર છે. અમારું સ્મૃતિ મંદિર છે. બાબાસાહેબ આંબેડકર અમારા દેવ છે. પ્રવીણભાઈ જે શબ્દો બોલ્યા છે, તે આ ગૃહમાં અન્ય કોઈ કોમના સભ્ય બોલ્યા હોત તો ગુજરાતની શેરીઓમાં આગ લાગી હોત. દેશની શેરીઓમાં આગ લાગી હોત. મારે એ પણ કહેવું છે કે કોંગ્રેસે માફી માગવી જોઈએ, કારણ કે આ કોંગ્રેસ, બાબાસાહેબ આંબેડકરને કાળા વાવટા બતાવનાર લોકો પાસેથી વિશેષ કોઈ અપેક્ષા રાખી ન શકાય. પ્રવીણભાઈ મારુને વિનંતી કરું છું કે એ દલિત છે. આ ગૃહમાં બોલ્યા છે સાચા અર્થમાં ભાવનાત્મક રીતે બાબાસાહેબને માનતા હોય તો જાહેરમાં માફી માગે અને ગૃહમાં કોંગ્રેસ માફી માગે તેવી દલિત તરીકેની વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : પ્રવીણભાઈ મારુને મારે એક વાત કહેવી છે કે માણસને ઘણીવાર બોલવાની ઇચ્છા ન હોય (અંતરાય) પ્લીઝ, પ્લીઝ માણસને ઘણીવાર ન કહેવું હોય એવા શબ્દો પણ ઉતાવળમાં બહાર આવી જાય છે. એમની ઇચ્છા બોલવાની ન હોય તો પણ એવું થઈ જાય હું પ્રવિણભાઈને વિનંતી કરું છું કે, આ ગૃહમાં શાંતિ અને ગુજરાતમાં શાંતિ રહે તે માટે જે શબ્દ પ્રયોગો થયા છે તેના માટે દિલગીરી વ્યકત કરો.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, બાબાસાહેબ આંબેડકરની જે વાત કરી છે. તે વિભૂતિના હિસાબે અમે આ વિધાનસભામાં બેઠા છીએ તેવી વાત કરી છે. બાબાસાહેબની એવી કોઈ વાત નથી કરે. મેં માત્ર તેમણે જે મકાનો બાંધેલા છે તે ભવનની ટીકા કરી છે. બાબાસાહેબ આંબેડકરની કોઈ ટીકા નથી કરી. જો આ લોકો સાંભળવા માગતા ન હોય અને મારી વિનંતી સમજવા માગતા ન હોય તો અને મેં આપના આદેશનું માન રાખ્યું છે. આપે જે શબ્દો કહ્યા તે શબ્દો પાછા ખેંચી લીધા છે. તેનાથી આગળ જે વાત કરી મેં ભવનની વાત કરી છે. આ લોકો રાજકીય લાભ લેવા માટે બાબાસાહેબને બદનામ કરવાની વાત કરી રહ્યા છે. તેનો હું સખત વિરોધ કરું છું. બાબાસાહેબ આંબેડકરે આ દેશને બંધારણ આપ્યું છે. આ ભવન બાંધીને ગામડાના છેવાડાના માણસને મકાનો નથી મળતા તેના માટે વ્યથા રજૂ કરી છે. પરંતુ આ લોકો જે રીતે આગળ વધી રહ્યા હોય અને આપના કહેવાથી આ શબ્દો પાછા ખેંચ્યા છે. કદાચ મંત્રીશ્રી તેમના વકતવ્યમાં તે વાત કરશે. મેં બાબાસાહેબની જિંદગીમાં કયારેય અવગણના નથી કરી અને તેના માટેની જે લાગણીઓ છે, આ લોકોના મનમાં જે વાત છે તે કહેવા માગું છું. બાબાસાહેબ માટે કેટલું માન છે તે સમાજના બધા જોઈ રહ્યા છે. બંધારણના ઘડવૈયાનું અપમાન કરવાની વાત કરી છે તે બંધારણના ઘડવૈયાની મેં વાત નથી કરી પણ જે મકાનો બાંધવામાં આવ્યા છે અને સમાજને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યો છે તે વાત કરી છે. આ શબ્દો મેં પાછા ખેંચ્યા છે. સામે જે મિત્ર છે ઈશ્વરભાઈ અને જીતુભાઈ જે જે બોલ્યા છે, જે બોલ્યા છે દલિતને કદાચ ગેરસમજને લીધે જો લાગણી દુભાણી હોય, દલિતની ગેરસમજના લીધે લાગણી દુભાણી હોય તો આ સભાગૃહની દિલગીરી વ્યકત કરું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :પ્લીઝ ચાલો, હવે પ્લીઝ. હવે જે શબ્દો ગૃહમાં ન બોલાવા જોઈએ તેવા શબ્દો સહેજ બોલાઈ ગયા છે. આખા ગૃહમાં તેની અસર થઈ છે. પ્લીઝ વચ્ચે ન બોલો. પ્લીઝ. આપણે ગૃહનું કામ આગળ ચલાવવું છે અને પ્રવિણભાઈ પણ સંમત થશે કે બધાના દિલમાં દુ:ખ થયું છે એટલા માટે અહીંયાં પ્રવિણભાઈએ જે શબ્દો વાપર્યા છે તે બદલ હું તેમને ઠપકો આપું છું.

## સભાગૃહનો સમય લંબાવવા અંગે

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહનો સમય વીસ મિનિટ લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું. (અંતરાય ) આપના કારણે અમારી વીસ મિનિટનો સમય બગડ્યો છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં તો પાંચ-દશ મિનિટનો સમય બગડ્યો છે અને આવા તો ભૂતકાળમાં કેટલાય કિસ્સાઓ આવ્યા છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્ય દંડક શ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, એમને વીસ મિનિટનો સમય બગાડ્યો છે. (અંતરાય

**અધ્યક્ષશ્રી** : ચાલો, ચાલો, પ્લીઝ, પ્લીઝ..

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં તો.. (અંતરાય)

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્ય દંડક શ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓનો જવાબ પૂરો થાય અને મતદાન થાય ત્યાં સુધી, વીસ મિનિટ સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી હું દરખાસ્ત કરું છું.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહ સંમત છે? (થોડીવાર બાદ) મંત્રીશ્રીઓના જવાબ પૂરા થાય અને મતદાન થાય ત્યાં સુધી, વીસેક મિનિટ સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) (ક્રમશ:)

**શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, પરમ પૂજનીય ભારત રત્ન ડો. બાબા સાહેબ આંબેડકર અને એમની વિચારસરણીને મૂર્તિમંત કરવા માટે ગુજરાતની ભાજપની સરકાર એ દિશામાં પ્રયાસો કરી રહી છે, માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં આ સરકાર વંચિતોના વિકાસને વરેલી સરકાર છે, આ સરકાર ગરીબોની સરકાર છે, આ સરકાર દલિતો, પીડિતો અને શોષિત સમાજ માટેની સરકાર છે ત્યારે અમારા માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી માટે માત્ર મારે માનનીય સભ્યશ્રી દોલતભાઈએ જ્યારે ટીકા કરી છે ત્યારે મારે એટલું જ કહેવાનું છે કે:-

**" વો જબ મચલતે હૈ તો ભૂતલ મચલ જાતા હૈ,**
**વો જબ ઉબલતે હૈ તો સાગર ખનક જાતા હૈ,**
**નરેન્દ્રભાઈકો બદલનેકી કોશિશ કયા કરેગા જમાના,**
**વો જબ બદલતે હૈ તો ઈતિહાસ બદલ જાતા હૈ."**

આવા માનનીય મુખ્ય મંત્રીશ્રીના શાસનમાં મારા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની અંદર આ વર્ષે ૮૩ કરોડ ૭૮ લાખ રૂપિયાની એટલે કે ૨૩ ટકાનો વધારો કરીને ૪૫૦ કરોડ રૂપિયા આ રાજય સરકારે અમને આપ્યા છે. બીજી બધી વાતમાં જાઉં એ પહેલાં આ રાજય સરકારે દલિતો, પીડિતો અને શોષિત સમાજ માટે જે જે કામ કર્યુ છે એની બે વાતો કરીને મારી વાત પૂરી કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારે કોમર્શિયલ પાયલોટ માટેની યોજના અમલમાં મૂકી હતી, આ વિદ્યાર્થીઓને જેમને કોમર્શિયલ પાયલોટ થવું હોય એને અત્યાર સુધી ચાર લાખ રૂપિયા ચાર ટકાના વ્યાજે અમે લોન આપતા હતા, આ ભાજપની સરકારે આ ચાર લાખના અગિયાર લાખ કરીને હવે પછી ૧૧ લાખનો વધારો કરીને હવે પછી કોમર્શીયલ પાયલોટ થનાર વિદ્યાર્થીને ૧૫ લાખ રૂપિયા આપવાની આ રાજય સરકાર જાહેરાત કરે છે. ઉદ્યોગ ધંધાથી દલિત-પીડિત-શોષિત સમાજ વંચિત ન રહે એને માટે એર હોસ્ટેસ માટે નવી તાલીમ યોજના અમલમાં મૂકી છે અને વિદ્યાર્થી દીઠ ૧ લાખ ૨૫ હજાર રૂપિયાની ૧૦૦ વિદ્યાર્થી માટેની ૧ કરોડ ૨૫ લાખની યોજના જાહેર કરી છે. અત્યાર સુધીમાં ડો. બાબા સાહેબ આંબેડકર વિદેશની ધરતી પર ગયા એના કારણે આ દેશને બંધારણ આપ્યું. આ મહા માનવના વિચારોને મૂર્તિમંત કરવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે ડો. બાબા સાહેબ આંબેડકરના નામ સાથે વિદેશ અભ્યાસ લોન અમલમાં મૂકી હતી એમાં ૧૯૯૯-૨૦૦૦-૨૦૦૧માં ૧૦, ૨૦૦૪-૨૦૦૫માં ૨૦, ૨૦૦૫-૨૦૦૬માં ૪૦ વિદ્યાર્થીઓની અમારી યોજના હતી એમાં આ વર્ષે વધારે અરજીઓ આવી રાજય સરકારે એની અંદર ૧૪ વિદ્યાર્થીઓના વધારાની એટલે કે ૫૪ વિદ્યાર્થીઓને લોન આપીને આ વર્ષે અત્યાર સુધીમાં ૧૭૯ વિદ્યાર્થીઓને વિદેશની ધરતી ઉપર વિદેશ અભ્યાસ કરવા મોકલ્યા છે. જ્યારે આ અમારી યોજના લોકપ્રિય થઈ છે ત્યારે અત્યાર સુધીમાં આ યોજનામાં ૫ લાખ રૂપિયા ૪ ટકાના વ્યાજે લોન આપતા હતા હવે ૧૦ લાખ રૂપિયા આ દલિત સમાજ માટે આપવાના છીએ. એજ પ્રમાણે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર ૧૯૯૫ થી આવ્યા પછી ડો. બાબા સાહેબ આંબેડકર અને એના કુટુંબના તમામ લોકોની સાથે યોજનાઓના નામને વણીને આ સરકાર કામગીરી કરી રહી છે ત્યારે માનનીય દોલતભાઈ પરમાર મંત્રી હતા ત્યારે કૉન્ગ્રેસની સરકાર હતી ત્યારે ૧૯૬૦ થી ૧૯૯૫ સુધી ડો. બાબા સાહેબ આંબેડકરનું નામ નામશેષ. એક પણ યોજના એ સરકારોએ ભૂતકાળમાં કરી નથી ત્યારે ડો.બાબા સાહેબ આંબેડકરની ૧૯૯૨માં જન્મ શતાબ્દી ઉજવાઈ એ વખતે કૉન્ગ્રેસે મોટે ઉપાડે એવું કહ્યું હતું કે અમે આંબેડકર ભવનો બાંધીશું. રકમ કેટલી આપી? માત્ર ૨ લાખ રૂપિયા. જ્યાં સુધી કૉન્ગ્રેસનું શાસન રહ્યું ત્યાં સુધી તેમણે એક પણ આંબેડકર ભવનનું નિર્માણ કર્યું નથી. આજે આ રાજય સરકારના પ્રયાસોને કારણે ૧૩ જેટલા આંબેડકર ભવનો પરિપૂર્ણ કરી શક્યા છીએ. કેટલાક જિલ્લાઓ બાકી છે એ તમામ જિલ્લાઓમાં આ વર્ષના બજૅટમાં સુધારો સૂચવ્યો છે. કૉન્ગ્રેસે માત્ર ૨ લાખ રૂપિયા ફાળવ્યા હતા. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે વધારો કરીને ૨૫ લાખ રૂપિયા કર્યા હતા અને આજે આંબેડકર ભવન બાંધવા માટે ૩૫ લાખ રૂપિયાની જોગવાઈ કરી છે તદઉપરાંત દરેક ભવન પાછળ સાઉન્ડ સિસ્ટમ, ફર્નિચર વગેરે માટે ૩૫ લાખથી વધારીને બીજા ૧૦ લાખ રૂપિયા

એટલે કે એક ભવન પાછળ ૪૫ લાખ રૂપિયા આ રાજય સરકાર ખર્ચવાની છે. ડો. બાબા સાહેબ આંબેડકરની યોજનાઓ સાથે અમારે લાગણીના સંબંધો છે. બધાએ કહ્યું તે પ્રમાણે ડો. બાબા સાહેબના કારણે જ અમે અહીંયા બેઠા છીએ ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારે માત્ર જિલ્લાના વડા મથકે જ નહીં, આગામી દિવસોમાં ગુજરાત રાજયના ૨૨૫ તાલુકાઓમાં તાલુકા મથકે પણ ૧૦ લાખ રૂપિયાના ખર્ચે આંબેડકર ભવનો બાંધવા માટેની જોગવાઈ કરી છે. અત્યાર સુધીમાં તબીબી સ્નાતક-એમ.બી.બી.એસ.ના અભ્યાસ માટે ૪૦ હજારની લોન આપતા હતા એમાં ૫ ગણો વધારો કરીને ૨ લાખ રૂપિયા આપવાનું નક્કી કર્યું છે, એમ.એસ. અને એમ. ડી. ને ૫૦ હજારની લોન  આપતા હતા એમાં વધારો કરીને ૨ લાખ ૫૦ હજાર રૂપિયા એટલે કે ૫ ગણો વધારો આ રાજય સરકારે કર્યો છે. અનુસૂચિત જાતિના ખેડૂતો માટે અત્યાર સુધીમાં જમીન ખરીદવા માટે વીસ હજાર રૂપિયાની જે મર્યાદા હતી તેમાં વધારો કરીને આ રાજય સરકાર પચાસ હજાર રૂપિયા આ ખેડૂતો માટે આપવાની.

ગુજરાતના ઈતિહાસમાં કયારેય કોંગ્રેસનું શાસન હતું ત્યારે પણ બાબુ જગજીવનના નામે એક પણ સંકુલ થયુ નહોતું. ભારતીય જનતા પાર્ટીની સરકારે ૮ કરોડના ખર્ચે રાજયમાં ચાર નવા સંકુલ ડો.બાબુ જગજીવન રામના અર્થે અમે મૂક્યા છે. આ કેન્દ્ર સરકારની પ્રોત્સાહક યોજના હતી. ચાર લાખ કેન્દ્ર સરકારે આપવાના હતા અને ચાર લાખ ગુજરાત સરકારે આપવાના હતા. બાબુ જગજીવન રામના નામે અમે જે હોસ્ટેલો શરૂ કરી છે મને કહેતાં દુ:ખ થાય છે કે આજ દિન સુધી કેન્દ્રમાં બેઠેલી સરકારે એક આની પાઈ પણ આ બાબુ જગજીવન રામના નામે આપી નથી. આગામી દિવસોમાં અમે આદર્શ નિવાસી શાળાઓના નવા મકાનો મહેસાણા, ઈડર, પોરબંદર, અમરેલી, રાજકોટ અને જામનગરમાં બાંધી રહ્યાં છીએ. સુરત અને જુનાગઢ ખાતે આના માટેની બીજી ૯૦ લાખ રૂપિયાની અમે જોગવાઈ કરી છે તે સાથે જેની તબિયત સારી ના હોય તે લોકો આવતા વખતે કદાચ આ ગૃહમાં ના પણ હોય પરંતુ અમારા દલિત સમાજ માટે આ મરણોત્તર ક્રિયા માટે ઘણી વખત પૈસા નથી હોતા અને તે સમયે ભૂતકાળમાં જ્યારે યોજના અમલમાં મૂકી ત્યારે મરણોત્તર યોજના માટે એક હજાર રૂપિયા હતા. આજે ૨૫૦૦ રૂપિયા આપવાની અમે જાહેરાત કરીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : તબિયત સારી હોય કે ના હોય, કોણ આવશે કહેવાય નહીં.

**શ્રી રમણલાલ વોરા** : આ અગિયારમી વિધાનસભા છે, પછી બારમી, ૧૫મી આ આપણે ૫૦ વર્ષ પછીની વાત કરીએ છીએ. સાત ફેરા સમૂહ લગ્નની યોજના અને આમાં યુગલ દીઠ અમે પાંચ હજાર રૂપિયા નર્મદા નિધિના બોન્ડ આપીએ છીએ. અત્યાર સુધીના આયોજકોને ગત વર્ષોમાં દશ હજારની આયોજકોની જે યોજના હતી આજે આયોજકો સમૂહ લગ્ન કરે તે સમૂહ લગ્નની અંદર દશ હજારની વધારીને પચ્ચીસ હજાર રૂપિયા રાજય સરકાર જાહેર કરે છે. મોડાસા ખાતે અમે એક નવું કુમાર છાત્રાલય પણ બનાવી રહ્યાં છીએ. તે સાથે સાથે પ્રશ્નોત્તરીના સમયે ભાઈશ્રી બળવંતભાઈએ કહ્યું હતું તે પ્રમાણે ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ જે તેજસ્વી છે, બોર્ડમાં પ્રથમ આવે છે તે ૧૦મા અને ૧૨ના ચારેય પ્રવાહના વિદ્યાર્થીઓને અત્યાર સુધીમાં જે પ્રોત્સાહક રોકડ ઈનામ ત્રણ હજાર રૂપિયા આપવાના હતા તેને બદલે હવે પછી આ વિદ્યાર્થીઓને અમે ૨૫ હજાર રૂપિયા આપવાના છીએ. સરસ્વતી સાધના યોજના અન્વયે અત્યાર સુધીમાં ૧,૮૮,૨૭૩ વિદ્યાર્થીઓને અમે સાયકલો આપી છે. ૨૦ લાખ ૮૭ હજાર કરતાં વધારે વિદ્યાર્થીઓને ગણવેશ આપ્યા છે. વિદેશ અભ્યાસમાં ૧૭૯ વિદ્યાર્થીઓને મોકલ્યા છે. માનવ ગરિમા યોજનામાં ૯૭,૪૦૩ લોકોને અમે લાભ આપ્યા છે. જેમ પ્રવિણભાઈએ કહ્યું તે પ્રમાણે વિરોધપક્ષના નેતાશ્રીએ આદિવાસીઓ માટે મામા બનાવવાની વાત કરી હતી કે આ સરકાર આદિવાસીઓને મામા બનાવી રહી છે. કુંવરબાઈનું મામેરું આપતી નથી. માત્ર અનુસૂચિત જાતિ માટે અત્યાર સુધીમાં ૫૨,૮૪૨ લોકોને કુંવરબાઈના મામેરા હેઠળ માત્ર અનુસૂચિત જાતિમાં અને આ વર્ષે અનુસૂચિત જાતિ અને બક્ષીપંચ માટે ૧૩ હજાર લોકોને આ લાભાર્થીઓની સંખ્યાની આ રાજય સરકારે વાત કરી છે. કાયદાના તબીબો, સ્નાતકો, ૬૪ ડોકટરો, ૩૦૯ વકીલ અને ૩૦૪૨ જુનિયર વકીલોને અમે સહાય આપી રહ્યાં છીએ. ડો.બાબાસાહેબ આંબેડકરની યોજના આ ભારતીય જનતા પાર્ટીની સરકારની દેન છે અને એટલા માટે જે ભવન સાથે સરખાવીને પ્રવિણભાઈ કહેતા હતા મારે એટલું જ કહેવું છે આ સરકારે ઈંદિરા આવાસ અને સરદાર આવાસ ઉપરાંત ડો.આંબેડકર આવાસ યોજના કરીને અત્યાર સુધીમાં ૪૭,૧૪૪ મકાનો આ દલિત સમાજને આપ્યા છે. અંત્યેષ્ઠીની યોજના માટે ૧૨૫૧ લોકોને અને સાત ફેરા સમૂહ લગ્નની અંદર ૩૦૦૮ લોકોને આ રાજય સરકારે સહાય આપી છે. મારા બક્ષીપંચના વિભાગની અંદર પણ આ ગુજરાતના મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઈ મોદીએ વિશેષ કરીને ૩૮ તાલુકાઓ અને જેની અંદર મારા બક્ષીપંચ વિસ્તારના લોકો છે આ વિસ્તારના લોકો માટે ૧૧ હજાર કરોડ રૂપિયાનું સાગર ખેડું પેકેજ આ રાજય સરકારે જ્યારે આપ્યું છે ત્યારે તેની અંદર ૧૯૦ માંથી વધારો કરીને ૨૪૫ કરોડ રૂપિયાની જ્યારે જોગવાઈ કરી છે ત્યારે જેમ અનુસૂચિત જાતિમાં છે તેમ પ્રોફેશનલ અને એર હોસ્ટેસ માટે ૧,૨૫,૦૦૦ તાલીમાર્થી કરીને રાજય સરકાર એમને સહાય આપવાની છે. વિદેશ અભ્યાસ લેવા માટે અનુસૂચિત જાતિની જેમ રાજય સરકાર આપવા માગે છે. સાથોસાથ વિદેશ અભ્યાસમાં

જે લોકો જાય છે એને ૫ લાખના બદલે હવે પછી આ રાજય સરકાર ૧૦ લાખ બક્ષી પંચ વિસ્તારોમાં પણ આપવા માગે છે. કોમર્શિયલ પાયલોટમાં પણ વધારો કરી રહ્યા છીએ. ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની ઈનામી યોજનામાં ૩ હજારના બદલે ૨૫ હજારની જાહેરાત કરી છે. ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં બીજા ૨૦ નવા છાત્રાલયો અને ૧૫૦૦ વિદ્યાર્થીઓનો વધારો કરી અને ૫ નવા છાત્રાલયો સાથે આ બક્ષી પંચ વિભાગમાં કામગીરી કરવાના છીએ. જામનગર, અમરેલી, મહેસાણા અને રાજકોટમાં નવા ભવનો અને છાત્રાલયો બનાવી રહ્યા છીએ. મહિલા સીવણ વર્ગમાં કામ કરતી બહેનોને ૨૫૦ રૂપિયામાંથી વધારી ૩૫૦ રૂપિયા સ્ટાઈપેન્ડ અને સીલાઈ મશીન માટે ૧૫૦૦ રૂપિયાના બદલે ૨૫૦૦ રૂપિયા આપી રહ્યા છીએ. નાના ધંધા રોજગાર માટે ૫ હજારના બદલે ૧૦ હજાર સબસિડી અને એવા ૨૫૦૦ લોકોને સ્વ રોજગાર માટે જોગવાઈ કરી છે. આ બંને વિભાગની ટોટલી વાત કરું તો વિદેશ અભ્યાસમાં અત્યાર સુધીમાં ૨૦૬ લોકોને લાભ આપ્યો છે. માનવ ગરિમા યોજનામાં ૧,૮૯,૦૦૩ લોકોને, કુંવરબાઈનું મામેરું યોજનામાં ૧,૩૫,૯૪૦ લોકોને લાભ આપ્યો છે. મફત ગણવેશમાં ૨૩,૫૫,૦૦૦ વિદ્યાર્થીઓને અને સરસ્વતી સાધના યોજનામાં ૫,૦૬,૬૯૯ સાઈકલ અને શિષ્યવૃત્તિમાં અનેકગણો વધારો કરીને આ બંને વિભાગોમાં રાજય સરકારે આપવાનો પ્રયાસ કર્યો છે.

મારા સમાજ સુરક્ષા વિભાગમાં આગામી બજેટમાં વધારો કરીને વિકલાંગોને શૈક્ષણિક સંસ્થામાં અત્યારસુધી શૈક્ષણિક કાપ ૨૦ ટકાનો હતો તે ઉઠાવીને એ સંસ્થાઓને પગભર કરવાનું કામ રાજય સરકારે કર્યુ છે. મહર્ષિ અષ્ટાવક્ર યોજનામાં ૧૨૦ તાલુકા થઈને આગામી દિવસોમાં બાકીના તાલુકાઓમાં આ યોજના અમલમાં મૂકીને વિકલાંગો માટે કામગીરી કરવાના છીએ.

મુખ્યમંત્રીશ્રીએ પોતાની કન્યા કેળવણી નિધિમાં ૧૧ કરોડ રૂપિયા છે, એમાં અપંગ બહેનો માટે પણ જાહેરાત એમણે કરી છે એ મુજબ એસ.એસ.સી. અને એચ.એસ.સી.માં તાલુકામાં પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમે જે અપંગ કન્યા આવશે એ તમામ કન્યાઓને ૫ હજાર રૂપિયાનો પુરસ્કાર મુખ્યમંત્રીશ્રી હસ્તક આપવાનો છે. ધોરણ ૧થી ૮માં વિદ્યાર્થીઓને ૫૦૦ રૂપિયા શિષ્યવૃત્તિ હતી તે ૧૦૦૦ આપવામાં આવે છે અને ધોરણ ૯થી ઉપરના વિદ્યાર્થીઓને ૮૫૦ અને ૩૫૦૦ ના બદલે ૧૫૦૦ અને ૫૦૦૦ કરવામાં આવ્યા છે. વિકલાંગને સાધન સહાય માટે ૧૫૦૦ ના બદલે ૫૦૦૦ અને તીવ્ર વિકલાંગતા ધરાવતા લોકોને દર માસે ૧૦૦ રૂપિયાના બદલે ૨૦૦ રૂપિયા અને ૧૮થી ૪૫ વયવાળા લોકોને ૨૦૦ રૂપિયાના બદલે ૪૦૦ રૂપિયા અને એ જ પ્રમાણે અનેકવિધ યોજનાઓમાં રાજય સરકાર આ ક્ષેત્રે કામ કરી રહી છે ત્યારે નિરાધાર વિધવાઓને અત્યાર સુધીમાં ૨૦૦ રૂપિયા રાજય સરકારના અને ૭૫ રૂપિયા કેન્દ્ર સરકારના મળી ૨૭૫ મળતા એના બદલે હવેથી દર માસે ૪૦૦ રૂપિયા નિરાધાર વિધવાઓને આપવાના છીએ.

મારા આ ત્રણે ત્રણ વિભાગોમાં અનેકવિધ યોજનાઓમાં રાજય સરકારે એનો વધારો કર્યો છે ત્યારે મારા ઘણા બધા મિત્રોએ સારા સૂચનો કર્યા છે. મુરબ્બી શ્રી દોલતભાઈ મને એમ હતું કે સિનિયર આગેવાન છે અને અમાર સમાજના વડિલ છે, એવી કંઈક વાત કરશે કે અમને શીખવા મળશે. પરંતુ એવી એક પણ વાત કરી નહીં, માત્ર દલિત આક્રોશ રેલીની વાત કરી અને એ વિષય ઉપર મારે ધ્યાન દોરવાનું છે કે આ કોંગ્રેસ નૈતિકતા ગુમાવી ચૂકી છે. આ રેલી સ્વૈચ્છિક સંસ્થાઓના નામે આપી, પત્રિકા કોંગ્રેસને નામે આપી. એ કોપી પણ મારી પાસે છે. દોલતભાઈ એના ચેરમેન છે અને પ્રમુખ છે. દોલતભાઈ ચેરમેન એટલા માટે છે, મારે કહેવું ન જોઈએ, આશા રાખું કે તેઓ સો વર્ષના થાય, એમનું સ્વાસ્થય સારું રહે. પરંતુ તેમને વિરોધપક્ષના નેતા ના બનાવે એ તો હું સમજી શકું છું, પરંતુ આટલા ઉંમરલાયક માણસને પ્રમુખ બનાવે અને આ પતી ગયેલી કોંગ્રેસને કોઈ યુવાન ના મળ્યો કે જે આ દલિતો માટે કામ કરે અને આ રેલીમાં માત્ર દોલતભાઈનાં કપડાં રંગાય, પ્રવિણભાઈ અને મનહરભાઈ એ તો ભૂલથી આવી ગયા છે, હવે આવવાની કોઈ સંભાવના નથી. એ દલિતો સાથે એ પણ આ આક્રોશ રેલીમાં જોડાયા નહોતા  અને એ આક્રોશ રેલીની વાત કરે છે. તેમણે એવું કહયું છે પત્રિકામાં કે બેકલોગની ૩૯ હજાર જગ્યા છે અને અત્યારે માનનીય દોલતભાઈએ કહયું એ પ્રમાણે આ જગ્યા ૨૬ હજાર છે એમ વાત કરી છે. તો તેમની પત્રિકામાં લોકોને આ ૩૯ હજારની બેકલોગની જગ્યા છે  એમ કહીને ગુમરાહ કરવા માટેની વાત કરી છે (અંતરાય) એ વર્ગ-૨, વર્ગ-૪ અને વર્ગ-૧ એ બધી જ ખબર પડશે. એટલે જયારે એ બેકલોગની વાત કરે છે ત્યારે મારે કહેવું છે કે  (અંતરાય) આપના વખતમાં તો ભરાઈ નથી. મારે એમને પહેલાં એ કહેવું છે કે ૩૧-૧૨-૯૬ માં તેમણે કહયું એ પ્રમાણે ન તો ૩૯ હજાર કે ન તો ૨૬ હજાર નહોતી, પરંતુ ૨૮૨૪૮ ની બેકલોગની જગ્યા ખાલી હતી અને આ બેકલોગ નથી, કોંગીલોગ છે. અત્યારસુધીમાં ભારતના બંધારણમા બાબા સાહેબ આંબેડકરના અધિકારોને પણ મૂર્તિમંત કરવાનું કામ પણ જયારે આ કોંગ્રેસે કર્યુ નથી. તો આ ૨૮૨૪૮ ખાલી જગ્યાઓ પૈકી ૧૯૯૬ થી ૨૦૦૬ સુધીમાં આ રાજય સરકારે ૨૦૭૩૯ બેકલોગની જગ્યાઓ પૂરી કરી છે, જે પૈકી ૧૬૨૮૨ જગ્યા ભરાઈ ગઈ છે અને થોડાક દિવસોમાં જ ૪૪૫૭ બેકલોગની જગ્યા આ જ વર્ષે ભરવા માટે રાજય સરકારે પ્રયાસ કર્યો છે અને હાલ એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.નો બેકલોગ ૭૫૦૯

રહેવાનો છે. તેમણે એવું કહયું હતું કે આખા દેશમાં દલિતો ઉપર અત્યચાર થાય છે. તેમણે રેલીમાં પણ કહયું હતું અને અહીંયાં પણ કહયું છે. મારે તેમનું ધ્યાન દોરવું છે કે તેમના દિલ્હીથી આવેલા નેતાઓએ આ આક્રોશ રેલીમાં શું કહયું હતું કે આ સરકાર અમને આમ કરશે, તેમ કરશે તો અમે ૩૫૬ મી કલમ લગાવીને આ સરકારને બરખાસ્ત કરીશું. આવી જાહેરમાં ધમકી તેમના નેતાઓએ આપી છે ત્યારે તેમણે અત્યાચારની વાત કરી છે ત્યારે મારા પરમ મિત્ર શ્રી અમીતભાઈ ચાવડા વાત કરતા હતા ત્યારે કહયું કે તમે ગુજરાતને બિહાર, ઝારખંડ અને ફલાણું બનાવવાની વાત કરો છો ત્યારે ગુજરાતમાં કોંગ્રેસ સરકાર અને ભાજપની સરકારના આંકડા જેને કેન્દ્ર સરકારે માન્ય કર્યા છે એ મારે કહેવા છે કે ખૂનમાં ૧૯૯૦-૯૪ માં ૭૧૨ હતાં એમાં આ ભાજપની સરકારમાં ૪૨ ટકાનો ઘટાડો થયો છે, ગંભીર ઈજાઓમાં ૧૦૬ ટકાનો ઘટાડો, આગથી નુકસાન એમાં ૩૬ ટકા ઘટાડો, અન્ય ગુના માટે ૨૧૩૪, આમ ૩૯ ટકા ગુનાઓમાં જયારે ઘટાડો થયો છે ત્યારે તમારું શાસન હતું ત્યારે ગોલાણામાં અત્યાચાર તમારી સરકારમાં થયેલ છે, આ સિધ્ધપુરમાં બિલીયામાં અત્યાચાર થયો એ તમારી સરકારમાં થયો હતો, સાંબરડામાં જે વખતે કોંગ્રેસના પ્રમુખ •*(XXXXX) હતા એમના પોતાના ગામમાં સાંબરડામાં ૧૨૦ કુટુંબોને (અંતરાય) હું આ અત્યાચારની વિગતો આપું છું. તેમણે જે કહયું એ વિગતો હું આપી રહયો છું. (અંતરાય)

(આ તબકકે શ્રી બલવંતસિંહ રાજપૂત તથા ગોવાભાઈ રબારી ઉભા થઈને વિરોધ કરતાં)

**અધ્યક્ષશ્રી:** માનનીય કોઈ સભ્યશ્રીએ વાત કરી હોય એનો જવાબ તો મંત્રીશ્રી આપે ને? (અંતરાય) એ તો તમારા પક્ષની વાત કરે છે. (અંતરાય) કોઈ નામ લીધું હશે તો નામ કાઢી નાંખીશું.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું તો તેમણે જે અત્યાચારની વાત કરી છે એનો હું જવાબ આપી રહયો છું. ગોલાણા હત્યાકાંડ, બિલીયા હત્યાકાંડ, ચિત્રોડીપુરા હત્યાકાંડ અને સાંબરડા એ બધા તેમના વખતે થયા હતા. આદિવાસીઓને મામા કહેવા, ડો. બાબાસાહેબ આંબેડકર ભવનને કબ્રસ્તાન કહેવું, ૩૫૬ મી કલમ લગાવડાવવાની વાત કરવી. તો આ રીતે અમારી ઉપર આ ૩૫૬ મી કલમ લાગશે તો ગુજરાતની પ્રજા આ રાજય સરકારને ૧૫૬ નો આંકડો આપશે અને અહીંયાં કોંગ્રેસ પક્ષના અનુસૂચિત જાતિના ૪ સભ્યો બેઠા છે એમાંથી આગામી દિવસોમાં એકપણ રહેવાના નથી. તેઓએ જ્યારે અત્યાચારની વાત કરી છે ત્યારે, અમારી સરકારમાં એક પણ હિજરતનો બનાવ બન્યો નથી. જેટલા ગુનાઓ બન્યા છે એમાં ૩૯ ટકા જેટલો ઘટાડો થયો છે. ત્યારે મારે એટલું જ કહેવું છે કે "હમ આહ ભી ભરતે હે તો હો જાતે હૈ બદનામ, વો કતલ ભી કરતે હે તો ઉનકી ચર્ચા નહીં હોતી". એમણે રેલી કાઢવાની વાત કરી છે, દલિતો ઉપરના અત્યાચારો થાય છે તેમ વાત કરી, દલિતોની યોજનાઓ આ રાજય સરકારે બંધ કરી તેવી વાત કરી, ડ્રાય હોસ્ટેલની વાત કરી, ડ્રાય હોસ્ટેલ એટલે રહેવાની વ્યવસ્થા, આ રાજય સરકારે ડ્રાય હોસ્ટેલ બંધ કરી અને વાત કરી જમવા અને રહેવાની સુવિધાની, તેને આ લોકો કહે છે કે આ યોજના બંધ કરી છે. અત્યારસુધી અંબર ચરખા માટે ૧૭૦૦ રૂપિયા અપાતા હતા તે અમે ૩૩૧૫ આપવાનું નક્કી કર્યુ છે. તેને તમે બંધ કરી એમ કહો છો. અત્યાર સુધી તમારા શાસનમાં માત્ર ૯ હજાર રૂપિયા આવાસ બાંધવા માટે આપતા હતા આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ૪૦ હજાર રૂપિયા આપ્યા, ડોકટર બાબા સાહેબ આંબેડકર સાહેબના નામ સાથે આપ્યા છે. (અંતરાય) સાહેબ દોલતભાઈને ધ્યાનમાં રાખીને પણ ૧૫૦૦ કરોડ રૂપિયા ટપક સિંચાઈમાં મૂક્યા છે, એમના બનાસકાંઠા જિલ્લા માટે, રાજય સરકારે કોઈ ક્ષેત્ર બાકી નથી રાખ્યું, એમના શાસનમાં કેન્દ્રમાં બેઠેલી સરકાર બેકલોગની ૩ લાખ જગ્યાઓ જે બાકી છે તે હજુ સુધી ભરી શકતી નથી. કેન્દ્ર સરકારે રોસ્ટર એકટ લાવવો જોઈએ તે અત્યાર સુધી એમની કેન્દ્ર સરકાર લાવી શકી નથી. આ જ બજેટમાં, કેન્દ્ર સરકારે આ વર્ષના બજેટમાં દલિત સમાજની કલ્યાણકારી ૨૬ યોજનાઓ બંધ કરી છે. તેનો અભ્યાસ માનનીય દોલતભાઈ કરી લે. અત્યાર સુધીમાં રાજય સરકારે જે એન.જી.ઓ.ની ભલામણ કેન્દ્ર સરકારમાં કરી છે તેમાંની એક પણ ભલામણ એમની કેન્દ્ર સરકારે માન્ય રાખી નથી. પછી તે ડો. દિનેશભાઈ પરમારની હોય કે માલજીભાઈની હોય કે દોલતભાઈની હોય, પણ એક પણ કેન્દ્ર સરકારે મંજૂર કરી નથી. તેઓ મોટે ઉપાડે વાત કરતા હતા કે ખાનગી ક્ષેત્રમાં અનામત લાવીશું. આ ખાનગી ક્ષેત્રમાં અનામતની વાત કેન્દ્રએ કરવાની છે, કેમ ચૂપ થઈ ગયા? માત્ર અને માત્ર દલિતોના મત લેવા માટે વાત કરે છે, ત્યારે આ ખાનગી ક્ષેત્રમાં કોંગ્રેસ અનામત લઈ આવે. દોલતભાઈએ કહ્યું કે દિલની વાત કરી, દિલની એમણે વાત કરી, બરાબર છે એમની ઉમર છે, પણ એમણે એવું કહ્યું હતું કે "ચમન કો ખાખ કર દેંગે" તેમને એટલું જ કહેવાનું છે કોંગ્રેસમાં બેઠેલા તમે લોકો, તમારા માટે એટલું જ કહી શકાય કે "એક હી ઉલ્લુ કાફી હે બરબાદ ગુલીસ્તાં કરને કો, યહાં તો હર શાખ પે ઉલ્લુ બૈઠે હૈ, યહાં તો હર શાખ પે ઉલ્લુ બૈઠે હે, અન્જાને ગુલીસ્તાં કયા હોગા", બાકીના જે લોકોએ વાત કરી છે માનનીય પુંજાભાઈનો મારે આભાર માનવો છે, માનનીય પુંજાભાઈએ પી.એ.સી. સમિતિના

• (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

અધ્યક્ષ તરીકે વાત કરી કે તમારા વિભાગમાં ખૂબ સારું કામ થયું છે, વિપક્ષના સભ્ય તરીકે એમણે બિરદાવ્યુ છે ત્યારે હું એમનો આભાર માનું છું. જાતિ પ્રમાણ પત્રની વાત કરી છે, તે દિશામાં પણ રાજય સરકાર આગળ વધી રહી છે. માનનીય પુંજાભાઈ વંશની માગણીને ધ્યાનમાં રાખીને ૨૦૦૭ થી માનવ ગરિમાની અંદર પણ અત્યાર સુધી જે કીટ આપવામાં આવતી હતી તેના બદલે માનનીય પુંજાભાઈની માગણીને ધ્યાનમાં રાખીને આ વખતથી રોકડ સ્વરૂપે આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કોંગ્રેસના અમારા માનનીય અમિતભાઈ ચાવડા નવા સભ્ય છે એ કહે તો ચાલે, પણ માનનીય માલજીભાઈએ એમ કહ્યું કે આ અનામત બાબા સાહેબ આંબેડકરે નહીં પણ કોંગ્રેસે આપી છે, પણ માલજીભાઈને ખબર નથી ૧૯૩૨ માં પુના કરાર થયો અને ડો. બાબા સાહેબ આંબેડકરના કારણે જ આ દેશમાં દલિતોને અનામત મળી છે, કોંગ્રેસને એની સાથે સ્નાન સૂતકનો પણ સંબંધ નથી. એમની રૅલીમાં ડો.બાબાસાહેબ આંબેડકરનો ફોટો મૂકે છે ત્યારે પૂછવું છે કે કેન્દ્રના સેન્ટ્રલ હોલમાં ડો. બાબાસાહેબ આંબેડકરનો ફોટો કેમ મૂકયો નહોતો? ડો. બાબાસાહેબ આંબેડકરને ૧૯૯૨ સુધી ભારત રત્નનો ઈલકાબ કેમ નહોતો આપ્યો. તેઓ તો માત્ર ડો.બાબાસાહેબ આંબેડકરનું પરાપૂર્વથી અપમાન કરતાં આવ્યા છે એનું પુનરાવર્તન આ ગૃહમાં કર્યુ છે ત્યારે ભારતીય જનતા પક્ષની આ સરકાર દલિત, પીડિત શોષિત સમાજ માટે વંચિતોના વિકાસ માટે કામ કરી રહી છે ત્યારે વંચિતોના વિકાસને વરેલી આ સરકારને એકજ સંદેશો આપવો છે.

**" તુમ દો ઘર દીપ જલા દે, હમ સો ઘર અલગ જલાયેંગે.**

**તુમ તીન કો પ્રચલ કર દેખો, હમ સંગીન પરસો જાયેંગે.**

**આપ પૂરબકી આવાજ લગાઓ, હમ સુરજ તક લે જાયેંગે.**

**આપ અંગારોકો છૂ બર લેના, હમ જવાલા પી જાયેંગે.**

**શ્રી મુળુભાઈ હ. બેરા (રાજય કક્ષાના શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગની માગણીઓ પ્રત્યે માનનીય સભ્યશ્રીઓએ વ્યક્ત કરેલા મંતવ્યોની મેં આદરપૂર્વક નોંધ લીધી છે.

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક પ્રશ્ન પૂછવો છે. (અંતરાય)

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગની માગણીઓ પ્રત્યે માનનીય સભ્યશ્રીઓએ કરેલા મંતવ્યોની મેં આદરપૂર્વક નોંધ લીધી છે. પ્રથમ તો જે સભ્યશ્રીઓએ આ સભાગૃહમાં વાત કરી છે, જેઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે એમાં ખાસ કોઈ ટીકા કે વાત કરી નથી. મારો વિભાગ જે રીતે ગુજરાતના શ્રમિકો માટે બેરોજગારો માટે અને તાલીમ આપવા અંગેનું કામ કરી રહ્યો છે એને આ સન્માનનીય સભાગૃહના બધા સભ્યશ્રીઓને એની માહિતી છે અને એટલા માટે મારી માગણીઓ ઉપર..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય દોલતભાઈ, તમે માનનીય મંત્રીશ્રીની ચેમ્બરમાં જજો તમારા બધા પ્રશ્નોના જવાબ આપી દેશે.

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના જે સભ્યોએ મારા વિભાગની માગણી ઉપર ભાગ લીધો છે એમાં ખાસ કરીને કોઈ એવી વાતનો ઉલ્લેખ કર્યો નથી એનું કારણ એ છે કે આ વિભાગ સારી રીતે કામ કરી રહ્યો છે. જે કંઈ સભ્યશ્રીઓએ કાપ દરખાસ્તો મૂકી છે એના ઉપર પણ વાત નથી થઈ. માનનીય સભ્યશ્રી અમિતભાઈ ચાવડાએ વાત કરી, ભાઈશ્રી જયદ્રથસિંહજીએ વાત કરી એમાં મારે જણાવવાનું કે આ રાજયમાં તાળાબંધી, હડતાલ અને એના કારણે ગુમાવેલા માનવ દિનમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે આવેલ છે. સૌથી ઓછી હડતાલ, તાળાબંધી અને એના લીધે ગુમાવેલ માનવ દિન સૌથી આપણા ઓછા છે. તેઓએ જે આંકડા આપ્યા છે એનો મારે જવાબ આપવો છે. ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬માં જે માનવ દિન ગુમાવ્યા એના આંકડા મારે આપવા છે. ૨૦૦૪માં ૧ લાખ ૫૧ હજાર, ૨૦૦૫ માં ૧ લાખ ૧૯ હજાર અને ૨૦૦૬માં ૧ લાખ ૩ હજાર માનવ દિન આપણા રાજયે ગુમાવ્યા છે. ૧૭ કેસો બન્યા એની વાત કરતા હતાં એના આંકડા મારે આપવા છે. આપણે સૌથી ઓછા માનવ દિન ગુમાવ્યા છે. સમગ્ર દેશમાં આપણું રાજય પ્રથમ ક્રમે છે. એમના શાસનમાં બનાવો બન્યા હતાં હડતાળ, તાળાબંધી એ યાદ આવી ગયા હશે. ૧૯૯૨થી ૧૯૯૬ સુધીમાં આ ગુજરાતમાં ૬૮૮ હડતાળ અને તાળાબંધીના બનાવો બન્યા હતા. ૪૪,૫૨,૦૯૨

માનવદિન ગુમાવ્યા હતા. ૧૯૯૭થી ૨૦૦૧ સુધીમાં ૫૦૧ બનાવો તાળબંધીના બન્યા હતા. ૨૪,૯૧,૬૫૧ માનવદિન એ સમયે ગુમાવ્યા હતા. ૨૦૦૧થી ૨૦૦૬માં માત્ર ૧૭૬ બનાવો બન્યા છે અને ૫,૭૩,૪૩૬ માનવદિન ગુમાવ્યા છે. આ જે સતત ઘટાડો છે તેની જયદ્રથસિંહભાઈ વાત કરી રહ્યા હતા. અમિતભાઈને આ માહિતી નહોતી એટલે કદાચ વાત કરી રહ્યા છે. આ ઓછા માનવદિન ગુમાવવાની વાત છે તેમાં મેં આંકડા આપ્યા, બીજા રાજયોના આંકડા જોઈએ તો સમયનો અભાવ છે. એટલે આંકડા નથી આપવા. મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, તામિલનાડુ એવા જે પ્રગતિશીલ રાજયો કહેવાય છે એ રાજયોમાં જે માનવદિન ગુમાવવાની સંખ્યા છે એ ખૂબ વધારે છે. હું આ રાજયના જે શ્રમિક મંડળો છે તેને આનું શ્રેય આપું છું. તેનું હકારાત્મક વલણ, રાજયના શ્રમ અધિકારીઓના સમાધાન કરાવવા માટેના પ્રયાસો અને આપણાં રાજયના શ્રમિકો અને માલિકોનો સુમેળભર્યો સંબંધ તેના કારણે આપણે જોઈ શકીએ છીએ કે ગુજરાતમાં આ એક જ વર્ષમાં હમણાં જ ડિસૅમ્બર, જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં ૬ લાખ, ૬૬ હજાર કરોડનું મૂડીરોકાણ આપણાં ગુજરાતમાં આવ્યું છે અને તેના કારણે ૨૩ લાખ નવી રોજગારી ઉભી થવાની છે. અહીં વાત કરતા હતા કે ગ્રામીણ મજૂરો માટે જે બજૅટમાં જોગવાઈ છે ૨૦૦૬-૦૭ના વર્ષમાં ૨ કરોડ ૬૪ લાખની, એ ભાઈશ્રી શંકરભાઈ વારલી અને અમિતભાઈ બન્ને કહેતા હતા. તેમાં ખર્ચ થયો નથી. તેના માટે કોઈ ચિંતા નથી થઈ. મારે આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવું છે કે સમગ્ર દેશમાં ગુજરાત એક માત્ર એવું રાજય છે કે જેણે અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટે અને ખેતીમાં કામ કરતાં શ્રમિકો માટે, શેરડી કાપવાનું કામ કરતાં શ્રમિકો માટે, બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા શ્રમિકો માટે, અગરબત્તીના વ્યવસાય સાથે સંકળાયેલા શ્રમિકો માટે, બ્રાસપાર્ટના ઉદ્યોગો જામનગરમાં ૬૦,૦૦૦ શ્રમિકો કામ કરે છે તેના માટે, ફેરિયાઓ માટે આ એક જ રાજયે ચિંતા કરી છે. બજૅટ જોગવાઈ કરી છે અને જે ૨ કરોડ ૬૪ લાખની જોગવાઈ છે તેનો ખર્ચ નથી થયો તેની જે વાત કરી રહ્યા હતા એ ખોટી વાત હતી. મારે તેના આંકડા આપવા છે. આ રાજયમાં જે અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો છે તે શ્રમિકોને ૧૦૭ લાભાર્થીઓને ચાલુ નાણાકીય વર્ષમાં ગાંધીનગરના ટાઉનહોલમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે એક-એક લાખ રૂપિયાના ચેક આપીને ૧ કરોડ ૦૭ લાખની રકમ ચૂકવી. ૨૫૨ બીજાં નવા કેસો એક-એક લાખ રૂપિયાના, શ્રમિકો જેને વીમા કવચ પૂરું પાડવાનું છે તેના કેસો મંજૂર કર્યા છે. એ ૨૫૨ અને ૧૦૭નો સરવાળો કરો એટલે ૩૫૯ થાય. ૨૬૪ લાખની જોગવાઈ છે તેની સામે માત્ર એક વીમા કવચમાં જ ૩૫૯ લાખનો ખર્ચ કર્યો છે. તબીબી સહાય માટે અસંગઠિત ક્ષેત્રના મજૂરો ગ્રામ્ય વિસ્તારમાં છે તેને કોઈ અસાધ્ય રોગ થયો હોય, તે બીમાર હોય, દોલતભાઈના વિસ્તારમાં હમણાં જ મેં કેસ મંજૂર કર્યો છે એટલે મને ખબર છે. ૪૪ જેટલા કેસોમાં રૂપિયા ૬૨ લાખ. કીડની માટે, તેને વાલ બદલવો હોય, તેને હૃદયની બિમારી હોય તેના માટે આ જ વર્ષમાં ૬૨.૩૫ લાખ રૂપિયાની સહાય છે તે સીધી હૉસ્પિટલને ચૂકવી છે અને ૧૦૦ ટકા ખર્ચ છે એ તબીબી સહાય માટે અસંગઠિત ક્ષેત્રના મજૂરોને આપીએ છીએ. આ તેનો જવાબ છે. શંકરભાઈ વારલી કહેતા હતા કે તેના માટે કોઈ ધ્યાન નથી રાખતું. વલસાડ જિલ્લાની વાત કરી. ૬૬ ફરિયાદો મળી હતી. ૬૬નો નિકાલ થયો અને ૨૮૮ કેસો અમે ફરિયાદ વગરના નિરીક્ષણો જે કર્યા તેમાં જે માલિકોએ શ્રમિકોને ઓછું વેતન આપ્યું હોય કે એવું કંઈ હોય તો તેના માટે ૨૮૮ કેસ કર્યા હતા અને ૨૫૭નો નિકાલ થયો છે. ૪,૯૮,૪૫૦નો દંડ કર્યો છે. એટલે એ વાત ખોટી છે કે અસંગઠિત ક્ષેત્રના મજૂરો માટે આ સરકાર ચિંતા કરતી નથી. તેમની એ વાત સાચી છે કે આ દેશમાં જ્યારથી યુ.પી.એ. સરકાર આવી છે ત્યારથી વાતો કરે છે કે અમે અસંગઠિત ક્ષેત્રોના મજૂરો માટે બિલ લઈ આવવાના છીએ. અમે દર વર્ષે રાહ જોઈએ છીએ, લોકસભાનું સત્ર મળતું હોય ત્યારે અમે રાહ જોતા હોઈએ છીએ કે આ અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટે બિલ આવશે. દર વખતે મોટા પાયે છાપામાં જાહેરાતો આપે. કે અમે અસંગઠિત ક્ષેત્રનું બિલ લઈ આવવાના છીએ. માત્ર વાતો કરે છે. આ એક ગુજરાત રાજય એવું છે કે ખેતીના જે ૫૭ લાખ શ્રમિકો છે એના માટે વર્ષોથી અલગ ગ્રામ મજૂર કમિશ્નર તંત્ર નીચે તાલુકા કક્ષાએ જિલ્લા કક્ષાએ શ્રમ અધિકારીઓ છે એ શ્રમિકોની ચિંતા કરવા માટે કામગીરી કરી રહ્યા છે. એનાથી આગળ વાત કરું તો અસંગઠિત ક્ષેત્રો પર રાજયમાં પહેલી વખત જે બાંધકામ વ્યવસાય, બિલ્ડર બાંધકામ કરતા હોય, સરકારી ઈમારતોનું બાંધકામ હોય કે અન્ય કોઈ સંસ્થાઓ બાંધકામ કરતી હોય તો આ જે બાંધકામ બોર્ડ છે એ બાંધકામ બોર્ડના શ્રમિકોને એના માટેની વેલફેર યોજના અમલમાં મૂકવા માટે જે અમે એના પાસેથી શેષ ઉઘરાવવા માટેના કાયદાની અમલવારી કરીને આ વર્ષમાં ૧૭ કરોડ રુપિયાની રકમ શેષમાં અમે ભેગી કરી છે. અને એની એક ખૂબ સારી યોજના છે.

મારી આ સન્માનનીય ગૃહના તમામ સભ્યશ્રીઓને વિનંતી છે કે આ યોજનાની જાણકારી મેળવીને વધારેમાં વધારે આ ક્ષેત્રમાં કામ કરતા હોય એના માટે તબીબી સહાય માટે, અકસ્માતને વીમા યોજના માટે એની કાયમી અપંગતા હોય તો એના માટે ૫૦ હજાર છે એવી જે યોજના છે, આ યોજનાની જાણકારી મેળવીને એમના વિસ્તારમાં વધારેમાં વધારે લાભ આપે, એમાં ગ્રામ્ય અસંગઠિત ક્ષેત્રના મજૂરોની જે રીતે વાત કરી એ રીતે શહેરી અસંગઠિત ક્ષેત્રો છે એમાં જે કોઈ મોટા વ્યવસાયો છે, અગરબત્તીનો વ્યવસાય, અમદાવાદમાં છે, જામનગરમાં બ્રાસપાટનો વ્યવસાય છે, ફેરિયાનો છે, કચરો વીણનાર અસંગઠિત ક્ષેત્રના કામદાર છે એના માટે આ વર્ષે બજેટમાં જોગવાઈ કરીને ૨ મહીના પહેલા એક અલગ બોર્ડની રચના કરી છે અને અસંગઠિત ક્ષેત્ર માટે, શહેરી અસંગઠિત ક્ષેત્રના મજૂરો છે એના કલ્યાણ માટે, અત્યાર સુધી એની સામે કોઈ જોતું નહોતું એના માટે કોઈ સલામતી નહોતી,

એને કોઈ આવી વેલફેર યોજનાનો લાભ નહોતો મળતો, આ સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઈના માર્ગદર્શન હેઠળ શહેરી વિસ્તારના જે અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો છે એના માટે યોજના અમલમાં મૂકી છે. અહીં એક પણ સભ્યશ્રીઓએ રોજગારીની ચિંતા કે વાત ના કરી, રોજગારી ઉપર કાપ દરખાસ્ત પણ ન મૂકી કારણ કે એમને ખબર છે કે ગુજરાતની શું સ્થિતિ છે. આખા દેશની શું સ્થિતિ છે. નંબર-એક આવે, નંબર -એકની કોઈ વાત કરે તો સામેના મિત્રો હું જોઉ છું. ૨-૩ વર્ષથી એમના પેટમાં તરત જ તેલ રેડાય, એમને એમ કે મુખ્યમંત્રી નંબર વન એમ કહે છે. ગુજરાત નંબર વન એમ કહે તો પણ એમને વાંધો પડે, અહીંના કોઈ આંકડા હોય તો અને નંબર વન કહે તો એ કહે કે આ આંકડા એ તો તમારી માયાજાળ છે. પણ જે આંકડાઓ અત્યારની કેન્દ્ર સરકાર છે. જે યુ.પી.એ. સરકાર છે એ દર વર્ષે કેલેન્ડર વર્ષ પૂરું થાય એટલે દેશની રોજગાર કચેરીઓ જે છે તેટલી તમામ રોજગાર કચેરીઓ જે ૯૪૭ આપણા દેશમાં રોજગાર કચેરીઓ છે. એ રોજગાર કચેરીઓ એની પાસેથી સીધી માહિતી મેળવે છે અને એ માહિતી મેળવીને દર વર્ષે ડિસેમ્બર પછી ૨-૩ મહિનામાં એ જાહેરનામું બહાર પાડે છે. એ જાહેરનામું બહાર પાડીને એ આંકડા જાહેર કરે છે કે કયા રાજયમાં કેટલી રોજગારી મળી છે. મારે આ સન્માનનીય ગૃહના ધ્યાન પર મૂકવું છે કે આ ગુજરાત રાજય છેલ્લા ૫ વર્ષથી સમગ્ર દેશમાં નંબર-વનનું સ્થાન છે. એ આપણે નથી કહેતા આ યુ.પી.એ. સરકાર કહે છે નંબર વન છે એટલું જ નહીં પણ આખા દેશની જે રોજગારીની ૯૪૭ કચેરીઓ છે, એ ૨૦૦૫માં ૧,૭૩,૨૦૦ની રોજગારી આખા દેશની રોજગાર કચેરીઓ એ આપી એમાંથી એકલા ગુજરાતના આકડા છે એ ૯૨,૯૦૦ છે. ૨૦૦૫નો ભારત સરકારનો આકડો જાહેર કર્યો છે અને ૫૪ ટકા જેટલી રોજગારી એકલું ગુજરાત પૂરું પાડે છે. જે રોજગાર કચેરીઓ છે ૯૪૭ એના પ્રમાણમાં ગુજરાતમાં ૪૩ જ રોજગારીના ટકા છે અને એ માત્ર ૫ ટકા જ છે સમગ્ર દેશમાં છતાં પણ રોજગારી ૫૪ ટકા પૂરી પાડે છે. બેરોજગારોની સંખ્યામાં ગુજરાતમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આ સંખ્યાનો જે સતત ઘટાડો થયો છે એના પાછળના કારણો છે મારા રોજગાર વિભાગના અધિકારીઓ દિવસ રાત મહેનત કરીને જે નોકરી દાતાઓ છે, જે ઉદ્યોગગૃહોના માલિકો છે એના પાસે જઈને ત્યાં એને કેવા પ્રકારના કર્મચારીઓ જોઈએ છે, એની જગ્યાઓ શોધે છે અને એ જગ્યાઓ શોધ્યા પછી એ રોજગાર મેળા, મેગા જોબ ફેર યોજીને લગભગ ૪૦૦ થી વધારે દર વર્ષે એક મંચ ઉપર ઔદ્યોગિક ભરતી મેળાઓ કરે છે એમાં માલિકોને, ઔદ્યોગિક એકમોના માલિકો છે, રોજગાર વાંચ્છુઓ જે છે , જે શિક્ષિત બેરોજગાર ભાઈઓ, બહેનો છે એમને એક મંચ પર ભેગા કરે છે. અને ત્યાં સ્થળ ઉપર ઈન્ટરવ્યુ લેવામાં આવે છે અને પ્રાથમિક પસંદગી કરવામાં આવે છે. આવવા જવાની કૂપન આપવામાં આવે છે. મારે રોજગાર ક્ષેત્રમાં બીજા નંબરના રાજ્યો છે એ અંગે ધ્યાન દોરવું છે. તામિલનાડું બીજા નંબરે છે. એણે માત્ર ૧૫૩૦૦ રોજગારી ૨૦૦૫માં પૂરી પાડી છે. ત્રીજા નંબરે મહારાષ્ટ્ર છે. ૨૫ લાખ બેરોજગારો છે એમાંથી ૧૫ હજાર રોજગારી આપી છે અને બધા રાજ્યોના આંકડા બોલું તો બહુ મોટી સંખ્યામાં છે. દિલ્હી ૩૦૦મા અને હરિયાણા ૮૦૦મા ક્રમે છે. રોજગારીમાં આ લોકો બોલી શક્યા નથી. ૨૦૦૬ના વર્ષમાં ગુજરતમાં ૧,૧૧,૫૨૧ બેરોજગારોને રોજગારી આ સરકારે આપી છે અને અન્ય રીતે અપાયેલ રોજગારી અલગ છે. રોજગારીમાં ૨૦ ટકાનો વધારો છે. આ રીતે રોજગારી જે રીતે મળી રહી છે એના કારણોમાં આપણે જોઈએ તો ઔદ્યોગિક ભરતી મેળાઓ, આઈ.ટી.આઈ. છે એને અપગ્રેડ કરીને એ પ્રકારની તાલીમ આપવામાં આવે છે કે જે પ્રકારની ઉદ્યોગ ગૃહોને સ્કીલની જરૂર હોય એવા સ્કીલ યુવાનો મળી રહે. એના માટે આઈ.ટી.આઈ.ને સમગ્ર દેશમાં ગુજરાત એવું છે કે આઈ.ટી.આઈ.માં આપણે સૅન્ટર ફૉર એક્સેલન્સ, પહેલા વર્ષ ૨૦૦૫-૦૬માં ૮ અને ૧૫ એમ કુલ ૨૩ આઈ.ટી.આઈ.ને અપગ્રેડ કરી છે. એક આઈ.ટી.આઈ.માં ૧.૬૦ કરોડ રૂપિયા સાધન ખરીદવા અને ઊંચામાં ઊંચી તાલીમ અપાય એના માટે આપ્યા છે. આ વર્ષે નવી ૨૦ આઈ.ટી.આઈ.ને અપગ્રેડ કરવાના છીએ. ૫૬૪ સ્વરોજગાર શિબિરો કરીને ૫૧૯૬૨ લોકોને લોન આપીને સ્વરોજગારીમાં જોડ્યા છે. લશ્કર ભરતી મેળાનું આયોજન કર્યું છે એમાં ૧૩૨૫ ઉમેદવારોને તાલીમ આપીને ૮૪૧ જેટલા યુવાનોને ભારતીય સુરક્ષા દળમાં પ્રવેશ અપાવ્યો છે. મારી જે નવી બાબતો છે એમાં આ રાજ્યમાં પહેલીવાર મહિલાઓ માટે રોજગાર કચેરી અમદાવાદ, જામનગરમાં શરૂ કરવા માટે ૧૬ લાખના બજૅટની જોગવાઈ કરી છે. એ જ રીતે જે નવી ૧૦ આઈ.ટી.આઈ. શરૂ કરવાના છીએ એમાં ૨ મહિલાઓ માટેની આઈ.ટી.આઈ. અને એક કચ્છ જિલ્લામાં નવી શરૂ કરવાના છીએ. કૌલગી સમિતિએ જાહેર કરેલ અતિ પછાત તાલુકાઓમાં શરૂ કરવાના છીએ. આ રીતે આઈ.ટી.આઈ.માં નવા તાલીમ વર્ગો છે એની વિગતો પણ મારે આપવી છે. અમે એક નવી લોક ભાગીદારીનો અભિગમ અપનાવ્યો છે. અહીં એમ કહેવામાં આવ્યું કે સ્થાનિક લોકોને રોજગારી મળતી નથી. શંકરભાઈ વારલી કહેતા હતા. જૂન ૨૦૦૬માં જે ખાનગી એકમોમાં નોકરી આપવામાં આવી છે એ ૯૧ ટકા ખાનગી ક્ષેત્રમાં સ્થાનિક રોજગારી આપી છે અને રાજ્ય સરકારના જે સાહસો છે એમાં ૯૬ ટકા સ્થાનિકને નોકરી આપી છે. ઓછી રોજગારી આપી છે એવા કેન્દ્ર સરકારના જાહેર સાહસો છે એમાં માત્ર ૨૮ ટકા સ્થાનિક રોજગારી આપી છે. એટલે કેન્દ્ર સરકારના સાહસો છે એને કહો કે આપણા ગુજરાતના યુવાનોને રોજગારી આપે. અમે લોક ભાગીદારીનો એક નવો અભિગમ લીધો છે. વેલ્સ્પન ઈન્ડસ્ટ્રીઝ લિ.ની સાથે લોક ભાગીદારીથી અમે અંજારની આઈ.ટી.આઈ. શરૂ કરી છે ૧૨ એકર જમીન આપી છે. ૨ કરોડ રૂપિયા

આઈ.ટી.આઈ.નું મકાન બનાવવા આપ્યા છે. તાલીમ માટે ૫૦ ટકા પૈસા આપ્યા છે અને લોક ભાગીદારીથી ગયા વર્ષે શરૂ કરી અને આ વખતે વેલ્સ્પન ઈન્ડસ્ટ્રીઝ લિ. સાથે કરાર કર્યા છે.

**અધ્યક્ષશ્રી :** પ્લીઝ, મંત્રીશ્રી.

**શ્રી મુળુભાઈ હ. બેરા :** એક વાત અમદાવાદમાં કુબેરનગર આઈ.ટી.આઈ.માં ટોયેટો ઈન્ડસ્ટ્રીઝના ટૅક્નીકલ એજ્યુકેશન પ્રોજૅકટ નીચે સરકારશ્રીએ આ કેન્દ્રમાં સમજુતી કરાર કરીને ટોયેટો ટૅક્નીકલ એજ્યુકેશન પ્રોજૅકટ આઈ.ટી.આઈ.ના વિદ્યાર્થીઓને ઓટોમોબાઈલ ક્ષેત્રે જ્ઞાન અને આધુનિક ટૅક્નૉલૉજીની જાણકારી મળે એના માટે ત્યાં એક લોકભાગીદારી શરૂ કરી છે. એ જ રીતે સરસપુર, ગાંધીનગર અને કુબેરનગર આઈ.ટી.આઈ. ક્ષેત્રે કરવામાં આવશે.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫,૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯ અને ૪૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૫૭, ૯૨, ૯૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧-૨૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૨૧મી માર્ચ,૨૦૦૭ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૨૧ મી માર્ચ, ૨૦૦૭**
**ફાલ્ગુન ૩૦, ૧૯૨૮ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**ખેડા જિલ્લામાં વિનાશક પૂરમાં તણાઈ ગયેલા નાગરિકોને બાકી સહાય ચૂકવવા અંગે**

***૨૦૫૦૫ શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) જાન્યુઆરી, ૨૦૦૭ ની સ્થિતિએ ૨૦૦૬ ના વર્ષમાં ખેડા જિલ્લામાં આવેલ વિનાશક પૂર દરમ્યાન તણાઈને મૃત્યુ પામેલા કેટલા ઈસમોના વારસદારોના કલેઈમ નામંજૂર કરવામાં આવ્યા છે,

(૨) ટેકનીકલ કારણો બતાવીને સહાયથી વંચિત રાખેલા મૃતકોના વારસદારોના કેસ માનવતાના ધોરણે હાથ ધરીને વિભાગ સહાય ચૂકવવા માગે છે કે કેમ, અને

(૩) કુદરતી આપત્તિમાં મૃતકોના વારસદારોને સરળતાથી સહાય મળી જાય તે માટે સરળ વ્યવસ્થા ઉભી કરવા કોઈ પરિપત્ર કરવા માંગે છે કે કેમ?

**આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી:**

(૧) ૩૪.

(૨) અતિવૃષ્ટિ દરમ્યાન મૃત્યુ સહાય ચૂકવવા માટે સરકારે સ્પષ્ટ માપદંડ/ધોરણો નિયત કરેલ છે, જે કેસમાં આવાં ધોરણો જળવાતાં હોય તેવા કેસોમાં સહાય ચૂકવવામાં આવે છે.

(૩) સરકારની સૂચનાઓ સ્પષ્ટ હોઈ પરિપત્ર બહાર પાડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રાકેશ રાવ** : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં અતિવૃષ્ટિ દરમ્યાન લોકોના જાનમાલના બચાવમાં રાજય સરકારે જે કાર્ય કર્યુ છે એ અત્યંત પ્રશંસનીય છે, પરંતુ કેટલાક અમલદારોના અમાનવીય અભિગમ અને સરકારના પરિપત્રોના મનસ્વી અર્થઘટનના કારણે કુદરતી હોનારતમાં મૃત્યુ પામનારના કુટુંબીજનોને સહાય મળી શકી નથી. ખેડા જિલ્લામાં ૩ર અને માતર-ખેડા વિસ્તારમાં ૩ કલેઈમ વહીવટી તંત્રએ નામંજૂર કર્યા છે. તમે પૂર જોવા ગયા હતા, તમે ખેતરમાં ગયા હતા, આવા ક્ષુલ્લક કારણો બતાવીને તેમની વળતરની અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. પોલીસ પેપર ઉપર આધાર રાખ્યો છે એ પણ ઈન્ડિયન એવીડન્સ એકટ મુજબ પોલીસ પેપર એ વેલીડ એવિડન્સ નથી તેમ છતાં એને આધાર બનાવીને ગરીબ લોકોને સહાયથી વંચિત રાખ્યા છે. તો આ સંજોગોમાં માહિતી કમિશનરશ્રીને પણ હું મળ્યો હતો અને તેમને પણ ખૂબ જ આજીજી અને વિનંતી કરી હતી, પરંતુ કાંઈપણ કરવામાં આવ્યું નથી. એટલે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જેમને સહાય ચૂકવાઈ છે તેમના અને આ પોલીસ પેપરમાં આ સહાય ચૂકવાઈ નથી તો એમાં શું ફેર છે, એનાં શું ધોરણો છે અને જે નામંજૂર કરી છે એમાં માનવીય અભિગમ રાખીને એમાં પુન:વિચારણા કરવા માગે છે કે કેમ અને કુદરતી મૃત્યુ સિવાયના તમામ કુદરતી હોનારતનો ભોગ બનેલા કેસમાં કોઈ કારણોસર કારણો ઉભાં નહીં કરીને સહાય ચૂકવવા શું પગલાં લેવા માગો છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કુદરતી આપત્તિમાં રાજય સરકાર દ્વારા મૃત્યુના કેસોમાં સહાય આપવાનાં ચોકકસ ધોરણો છે એટલા માટે કે ઘણીવાર કુદરતી આપત્તિનો વ્યાપ પણ વધારે હોય છે એટલે ઘણી બધી રજૂઆતો આવતી હોય છે અને ઘણાબધા કેસો આવે છે. ૨૦૦૬-૦૭ માં પૂર આવ્યું ત્યારે ૧૭ જિલ્લામાં એની અસર હતી એટલે આ કેસોમાં એના ઉંડાણમાં જઈએ, એનું પોસ્ટમોર્ટમ થાય અને પંચનામું થાય આ બધું થઈને શહેરી વિસ્તારમાં એના માટેની ઓથોરિટી મંજૂર કરવાની છે એ કલેકટર છે અને ગ્રામ્ય વિસ્તારમાં એ ઓથોરિટી ડી.ડી.ઓ. છે અને જે ડિસ્પ્યુટેડ કેસ હોય એના માટે એક કમિટી પણ બનાવવમાં આવી છે એ કમિટીમાં ૫ મેમ્બર હોય છે અને એમની સમક્ષ આ કેસ ચર્ચાય છે અને એ પછી નકકી થાય છે કે કોણ સાચું છે કે નહીં? આ જે કેસ નામંજૂર કર્યા છે એમાં ધારાસભ્યશ્રીની બે કેસની રજૂઆત આવી છે એમાં ડી.ડી.ઓ. તરફથી અમે બે વાર લેખીતમાં પણ રિપોર્ટ મંગાવ્યો હતો તો તેમણે રિપોર્ટ આપ્યો છે અને તેમની કમિટીમાંથી રિપોર્ટ આવ્યો છે એમાં મામલતદાર, તલાટી અને ગ્રામ્ય લોકોની પણ માહિતી છે એ માહિતીમાં મૃત્યુ સહાય આ બને કેસમાં મળવાપાત્ર નથી અને એટલે આ બન્ને કેસમાં મૃત્યુ સહાય આપી નથી. તેમણે વાત કરી કે કયા કયા સંજોગોમાં આ મૃત્યુ સહાય ના મળે? તો. એના માટેનાં સ્પષ્ટ ધોરણો છે. મેં કહયું તેમ આના માટેના બહુ કેસ આવતા હોય છે. તો નદી, નાળામાં નહાવા પડેલ વ્યકિત ડૂબી જાય કે તણાઈ જાય, તો આ નહાવા પડે તો એ એની બેદરકારી ગણાય અને એટલે એવા કેસોમાં સહાય આપતા નથી, એ રીતે તળાવ, કોતર કે નદી કિનારે કપડાં, વાસણ ધોવા ગયા હોય અને તણાઈ જાય તો એવા કેસમાં પણ સહાય આપતા નથી, એ રીતે સલામત સ્થળે ખસી જવા માટેની ચેતવણી આપવામાં આવી હોય અને સલામત સ્થળે ના ખસી જાય તો એ બેદરકારીમાં આવી જાય છે અને એવા કેસમાં પણ મૃત્યુ સહાય આપી શકાતી નથી. નર્મદા કેનાલમાં કપડાં ધોવા જાય અને તણાઈ

જાય તો આપતા નથી, ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિમાં ઘેરાઈ ગયેલા હોય અને સલામત સ્થળે હોય-તો આ બધું રિપોર્ટમાં આવતું હોય છે અને એના આધારે એ નકકી થાય છે કે આમાં મૃત્યુ સહાય આપવા પાત્ર છે કે કેમ? પી.એમ. રિપોર્ટનો પણ એટલા માટે જ આગ્રહ રાખવામાં આવે છે કે એનાથી મૃત્યુનું કારણ સ્પષ્ટ જાણી શકાય છે. એ કમિટીને નિર્ણય લેવામાં સરળતા રહે એટલા માટે આવા સાત આઠ ધોરણો છે. અને તે ચુસ્ત ધોરણોને આધારે એ કમિટી નિર્ણય કરે છે. અને તેના આધારે મૃત્યુ સહાય ચૂકવવામાં આવે છે.

**શ્રી રાકેશ રાવ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે ત્યાં સહાય ચૂકવી નથી એમાં એવું લખ્યું છે કે પંચકયાસ, તો પંચકયાસ એ તો સ્થળ ઉપરનું પંચનામું છે, ઈન્કવેસ્ટ પંચનામું એ પણ મૃત્યુ પછી તેના શરીર ઉપર થયેલી ઈજાઓ અને શરીરનું પંચનામું છે, પણ કોઈ થર્ડ પાર્ટી એમ કહે કે એ પૂર જોવા ગયેલા અને તણાઈ ગયા છે તો તે કેવી રીતે આધાર ગણી શકાય?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : મારી પાસે એમના બન્ને કેસની માહિતી છે. એ પ્રમાણે રાકેશકુમાર અંબાલાલ શેરવા પાણી જોવા જતાં ભેખડ ધસી પડવાથી મૃત્યુ થયું છે અને મરણ પામ્યા છે. એટલે તેમને સહાય નામંજૂર થયેલ છે. બીજા કેસમાં ફીરોઝહુસેન મલેક છે તેનો રિપોર્ટ છે એમાં ૧૧-૮-૦૬ના રોજ તેમની લાશ મળેલ છે અને એ વ્યકિત ૯-૮-૨૦૦૬ ના રોજ ગુમ થયેલા છે અને એની એફ.આઈ.આર. પણ ફાટેલી છ હવે તે વ્યકિત ગુમ ૯-૮-૦૬ના રોજ થાય છે અને તેની લાશ મળે છે ૧૧-૮-૦૬નાા રોજ, અને રજૂ થયેલ નકશો જોતાં લાશ મૃતકના ઘર પાસેથી જ વરસાદમાં પડેલા વહેણ પાસે મળી આવેલ છે. અને એ સ્થળ રહેણાંકના વિસ્તારમાં આવેલું છે. મૃતકના ભત્રીજાએ આપેલ નિવેદન મુજબ પુરના પાણીમાં ડૂબી જતાં તેમણે જોયેલ નથી. એમના વાલી વારસોની માગણી નથી, લોકલ ફંડના ઓડિટમાં પેરા થવાની પણ શકયતાઓ રહેલી છે. એટલે આ બધા કારણોસર અને ચોક્કસ ધોરણોમાં એ કેસ સહાય મળવાપાત્ર નથી. એટલે નામંજૂર કરવામાં આવેલ છે. આમ બન્ને કેસની મેં પૂરતી વિગતો આપેલી છે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં અને આણંદ જિલ્લામાં અતિ વૃષ્ટિને કારણે જે પુર આવ્યા તે પુરમાં ૩૪ કેસ નામંજૂર કરવામાં આવ્યા છે તેમ બતાવેલ છે પણ હકીકતમાં વધારે પડતા મૃત્યુ થયા હતા. મારા ગામમાં અને આજુબાજુના ગામોમાં દસ દસ દિવસ સુધી પાણીના કારણે બહાર નીકળી શકાય તેમ નહોતું. જે મૃત્યુ પામ્યા હતા તેઓના ઘર ખેતરોમાં હતાં અને ખેતરોમાં મૃત્યુ થયા છે. પોલીસ સ્ટેશનમાં પણ દસ દિવસ સુધી જઈ શકાય તેમ નહોતું અને પોલીસ સ્ટેશનમાં પણ દસ દિવસ સુધી પાણી ભરાયેલા હતા. સ્મશાનમાં પણ પાણી ભરાયેલા હતા. અને દસ દિવસ સુધી ગામમાં બહાર નીકળી શકાય તેમ નહોતું. માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહે પણ આવીને તપાસ કરી હતી. એટલે અતિવૃષ્ટિમાં પોસ્ટમોર્ટમ ન કરાવ્યું હોય અથવા દવાખાને ન પહોંચી શકાયું હોય અથવા મૂળ સ્મશાનમાં બાળ્યા ન હોય અને ખેતરમાં જ બાળ્યા હોય તેવા કિસ્સામાં સરકાર શું સહાય કરવા માગે છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : મૃત્યુ સહાય કેસ ટુ કેસ જોઈને ચૂકવવામાં આવે છે. ક્યારે બનાવ બન્યો, કેવી રીતે બનાવ બન્યો, એ બધી તપાસ માટે તો કમિટી બનાવી છે અને પાંચ સિનિયર ઓફિસરની કમિટીમાં આવે અને એમાં નક્કી થાય છે, એટલે એમાં એવું લાગે કે આવી રીતે પોલીસ સ્ટેશનમાં પાણી ભરાયેલા હોય અને કોઈ વિશિષ્ટ સંજોગો હોય તો એવા કેસમાં આપણે સહાય આપેલી પણ છે. પણ એ કેસ ટુ કેસ જોઈને આપવામાં આવે છે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : અમે કલેકટર, ડી.ડી.ઓ. અને પોલીસ સ્ટેશનને પણ જાણ કરેલી હતી કે આવા મૃત્યુ થયા હતા અને તેમને સહાય મળવી જોઈએ.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આ ઉચ્ચ લેવલની કમિટીમાં ડી.એસ.પી.. સિવિલ સર્જન, કલેકટર, ડી.ડી.ઓ., આર.ડી.સી. વગેરે બધા સિનિયર ઓફિસર હોય છે અને બનાવ બન્યો છે તે કેવી રીતે બન્યો તે બધાની ચર્ચા થાય છે અને પી.એમ. ન કર્યુ હોય તો પણ ખરેખર મળવાપાત્ર હોય છે તો તેવા કેસમાં આપણે સહાય પણ આપેલી છે. પણ જે કેસમાં મળવાપાત્ર નથી થતું તેને જ નામંજૂર કરવામાં આવે છે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, અતિવૃષ્ટિમાં ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં ખેતરોમાંથી આવનારા ખેડૂતો અથવા નાના કારીગરો પાણીના માપનો ખ્યાલ ન રહેવાને કારણે પાણી ઓળંગતી વખતે તણાઈ અને એ લોકો મરણ પામતા હોય છે. અને એમના પી.એમ. રિપોર્ટમાં એવું સ્પષ્ટ કારણ હોય કે પાણીમાં ગુંગળાઈ જવાને કારણે મરણ થયેલ છે. તેમ છતાં કેટલીક વખત પરિપત્રના એવા અર્થઘટન થાય છે અને તેના કારણે એમને સહાય ચૂકવવામાં આવતી નથી. એટલે મારું માનનીય મંત્રીશ્રીને નમ્ર સૂચન છે કે જે લોકો ચોમાસામાં અતિવૃષ્ટિ દરમિયાન ગ્રામ્ય વિસ્તારમાં અને ખેતરના વિસ્તારમાં પાણી ઓળંગતા મરણ પામ્યા છે અને સ્પષ્ટ પી.એમ. રિપોર્ટ છે કે તેમનું પાણીમાં ગુંગળાઈ જવાને કારણે મરણ થયેલ છે તો તેવા લોકોને સહાય ચૂકવવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમની એક રજૂઆત છે એ આમાં નથી આવતું પરંતુ એમની રજૂઆત પ્રમાણે કેસ ચકાસણી કરવા મોકલી આપ્યો છે.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : અતિ વરસાદના કારણે ખેડૂતો ખેતરમાંથી આવતા મૃત્યુ પામ્યા હોય, જીનિયસ કેસ છે. ડોકટરનો રિપોર્ટ, પોલીસ એફ.આઈ.આર. પણ છે. અમારા તાલુકાના દાનજીભાઈ પ્રજાપતિ છે એમના માટે હું માનનીય મંત્રીશ્રીને મળવા આવવાનો છું. આ બધું હોવા છતાં જિલ્લા લેવલે કેસ નામંજૂર થયો છે. આપવા માટે જીનિયસ કેસ છે. આ કેસ હાડીડા ગામના દાનજી પ્રજાપતિ એના બધા જ કાગળો રજૂ કરવામાં આવ્યા છે. પી.એમ. રિપોર્ટમાં સ્પષ્ટ લખ્યું છે. માલઢોર લઈને ચારવા માટે ગયા હતા અને વરસાદના કારણે તણાઈને મૃત્યુ પામેલા છે છતાં નામંજૂર કરેલ છે. પોલીસની એફ.આઈ.આર છે, પી.એમ. રિપોર્ટ આ બધું છે ત્યારે એને સહાય આપવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આ પ્રશ્ન પૂછયો છે એમાંથી ઉપસ્થિત થતો નથી. છતાં વિગતવાર માહિતી આપશે તો જે તે ઓથોરિટી છે એને પુછાવીશું.

**મુખ્યમંત્રી રાહત ફંડમાંથી ગરીબ દરદીને રાહત માટે અરજીઓ**

***૨૨૧૫૫ ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મુખ્યમંત્રી રાહત ફંડમાંથી ગરીબ દરદીને રાહત મેળવવા અમદાવાદ શહેરમાંથી કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલી અરજી મંજૂર કરવામાં આવી?

**મહેસૂલ મંત્રીશ્રી:**

(૧) ૧૫૩

(૨) ૧૧૯

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી ગરીબ દરદીઓને મળતી રાહતો ખરેખર આશિર્વાદરૂપ છે. કીડની, હાર્ટ અને કૅન્સર જેવા દર્દમાં ૩૩ ટકા સહાય આપવામાં આવે છે. ત્યારે ડૂબતાને તરણા બરાબર લાગે છે. આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે થેલેસેમિયાના બાળકોને bone marrow transplantation માટે વેલ્લોર જેવી હૉસ્પિટલમાં જવું પડે છે. તો આવા બાળકોને સહાય આપવા માગો છો કે કેમ? જો હા, તો કેટલા બાળકોને આપી અને એમાં કેટલી સહાય આપીએ છીએ. બીજો પ્રશ્ન એ છે કે કીડની, હાર્ટ અને કૅન્સર જેવા બીજા કોઈ major illnessને પણ આમાં સમાવેશ કરવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આમ તો મુખ્યમંત્રી રાહત ફંડ છે એ જાહેર હિસાબ બહાર લેવાયેલ ખાનગી છે. એની માહિતી માગી છે એમાં અમે ભારત સરકારમાં માનનીય વડાપ્રધાનશ્રીનું ફંડ છે એમાં ગયા પરંતુ એની વિશેષ વિગતો હાઉસમાં આપવાની હોતી નથી. પરંતુ રાહત પૂરતી ધારાસભ્યશ્રીની લાગણી છે અને એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ બાબતમાં ખૂબ જ સહાનુભૂતિપૂર્વક નિર્ણયો લીધા છે. જેની જેની અરજીઓ આવી છે એના ગુણદોષ જોઈને ખરેખર આર્થિક રીતે નબળી વ્યકિત છે એને જીવતદાન આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉદાર હાથે આ ફંડનો ઉપયોગ કર્યો છે. કૅન્સર, હાર્ટ અને કીડની આ ત્રણમાં જ મોટે ભાગે એક તૃતીયાંશ રાહત આપવામાં આવે છે. ધારાસભ્યશ્રીની જે લાગણી છે થેલેસેમિયાના કેસો એ પણ માનનીય મુખ્યમંત્રીશ્રીના ધ્યાનમાં આવ્યા છે. આ ગંભીર પ્રકારના લાગે છે એમાં દસ બાર લાખ રૂપિયાનો ખર્ચો થાય છે તેથી એની ચિંતા કરીને મુખ્યમંત્રીશ્રીએ ત્રણ લાખ રૂપિયા જેવી માતબર રકમ થેલેસેમિયાના કેસમાં પણ આપી છે. બીજી bone marrow transplantationની વાત છે એની ગુજરાતમાં શરૂઆત થઈ છે. અમે આરોગ્ય વિભાગને પૂછ્યું તો એના ઑપરેશનો થઈ શકે છે. ભૂતકાળમાં વેલ્લોર ખાતે પેશન્ટના વાલીઓ આગ્રહ રાખતા હતા કે ત્યાં અમારે ઑપરેશન કરાવવું છે. હવે ગુજરાતમાં આ પ્રકારના ઑપરેશનો થઈ શકે છે. થેલેસેમિયાના કેસમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી ત્રણ લાખ રૂપિયા જેવી માતબર રકમ આપવામાં આવી છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : ગંભીર પ્રકારની બિમારીમાં જે લોકો સપડાયા હોય છે એમાં આર્થિક રીતે નબળા હોય એવા લોકોને માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી કુલ ખર્ચના ૩૩ ટકા રકમ મંજૂર કરવામાં આવે છે આ એક આશિર્વાદરૂપ છે અને આવકારદાયક છે. મારુ સૂચન છે અને નમ્રતાપૂર્વક કહું છું કે મોટા ભાગે બી.પી.એલ. યાદી પ્રાપ્ત કુટુંબો સંપૂર્ણ આર્થિક રીતે નબળા હોય છે. ખાસ કરીને કૅન્સર, વાલની બિમારી, હાર્ટની બિમારી એનો ખર્ચ લાખ સવા લાખ કે દોઢ લાખ જેવો આવતો હોય છે. એટલે આવા ગરીબ લોકોને એ પોસાતું નથી. આપણે ચોક્કસ રાહત આપીએ છીએ પરંતુ મારી માગણી અને વિનંતી છે કે ૩૩ ટકાને બદલે આવા લોકોને માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી ૫૦ ટકા રકમ આપવા મારી વિનંતી છે. રાજય સરકાર આ કરશે તો વધુ આશિર્વાદરૂપ નીવડશે એમ હું માનું છું.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તેમનું સૂચન છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ દર્દીઓ માટેની યોજના ખરેખર આશીર્વાદરૂપ છે. ખાસ કરીને અમુક કેસોમાં તો આપણે ૧૦૦ ટકા પણ ખેતવિહોણા મજૂરોને આપીએ છીએ. અમારો પ્રશ્ન શહેરનો છે. જેમાં ઝૂંપડપટ્ટીમાં રહેતા અને ખરેખર ખેતમજૂર ન ગણાતા હોય પરંતુ આવી કક્ષામાં આવતા હોય એવા દર્દીઓને ખાસ કિસ્સામાં આર્થિક ધોરણોનો માપદંડ બી.પી.એલ.નું કાર્ડ ન પણ હોય અને ખરેખર ગરીબ

દર્દી હોય તો આવા કેસમાં ખાસ કેસ તરીકે માનનીય મંત્રીશ્રી મંજૂર કરવા માગે છે કે કેમ અને આપણી જે સહાયપાત્ર હૉસ્પિટલો છે યુ.એન. મહેતા, એન.પી. શાહ કૅન્સર હૉસ્પિટલ અને કિડની ઇન્સ્ટિટ્યૂટ. આ ઇન્સ્ટિટ્યૂટ સિવાય પણ અન્ય કેટલીક ઇન્સ્ટિટ્યૂટ અત્યારે ખૂબ સારી રીતે કાર્યરત થઈ છે. ત્યારે રાજયમાં આવી સક્ષમતા ધરાવતી આવી કોઈ ઇન્સ્ટિટ્યૂટને પણ પણ માન્યતા આપીને એમાં કોઈ ઑપરેશન કરાવે તો તેમાં પણ સમાવેશ કરવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીનું એક ફંડ છે. તેમાં એક કમિટી છે. તેમાં મુખ્યમંત્રીશ્રી તેના ચેર પર્સન છે. ચીફ સેક્રેટરી છે. સામાન્ય વ્યકિત અને સાધારણ વ્યકિત અને તેમાં આવક ન હોય એવી કોઈ પણ વ્યકિત રહી ન જાય તેની પૂરતી ચિંતા કરે છે. મેં અગાઉ કહ્યું તેમ મોટા ભાગના આવા સામાન્ય વ્યકિતઓને માનનીય મુખ્યમંત્રીશ્રીની એ કમિટીમાંથી સહાય મળે જ છે. તેમણે વાત કરી તેમ લગભગ આઠ જેટલી હૉસ્પિટલો આપણે આઈડેન્ટીફાઈ કરેલી છે. તે હૉસ્પિટલોમાં જો સારવાર લેવામાં આવે તો જ આ પાત્રતા તેમને મળે છે.

**શ્રી કાંતિભાઈ ભા. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે એક તો આ ગરીબ દર્દીઓને સહાય મળે છે એ તો અભિનંદનને પાત્ર છે પરંતુ તેમાં જે રોગ બતાવ્યો છે કીડની, કૅન્સર અને હાર્ટ માટે. તો મારી એક વિનંતી છે કે GBS નામનો એક રોગ છે કે જે એક લાખ લોકોમાં એક જ જણને થાય છે અને એ બાબતે મેં રજૂઆત પણ કરેલી કે Guillain-Barre Syndrome નામનો રોગ છે. એ એક લાખ લોકોમાં એક વ્યકિતને થાય છે. તો આવા રોગના રોગીને મદદ કરવા માટે સરકાર કંઈ વિચારે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : તેમનું સૂચન છે જોવડાવી લઈશું, જે મેં વાત કરી કે ગંભીર પ્રકારના રોગ છે તેમાં શું થઈ શકે તેમ છે. તેમાં અમે તપાસ કરાવી લઈશું.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ૧૫૩ કેસોમાં હાર્ટના કેસ કેટલા, કિડનીના કેસ કેટલા અને ખાસ કરીને મારા વિસ્તારમાં જે અકીક ઉદ્યોગ છે તેમાં sycosis નામનો રોગ થાય છે તે સંપૂર્ણ જીવલેણ છે તો આ sycosisને ગંભીર બિમારીમાં ગણવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : તેમણે અલગ-અલગ બ્રેક અપ માગેલ છે. તે મારી પાસે છે, તે ટેબલ ઉપર મૂકીશ. કિડનીના કેટલા, હાર્ટના કેટલા કેસ એ બધું. પણ બીજું તેમણે સૂચન કર્યું છે તેમાં પણ શું થઈ શકે તેમ છે તે તપાસી લઈશું.

### પુર અને ભારે વરસાદના કારણે કેન્દ્ર સરકાર તરફથી મળેલ સહાય

***૨૨૧૮૧ શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં રાજયમાં આવેલ પુર અને ભારે વરસાદના કારણે કેન્દ્ર સરકારે કેટલી રકમની સહાયતા કરી?

**મહેસૂલ મંત્રીશ્રી :**

| ક્રમ | વર્ષ | રકમ રૂા. (કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૬-૦૭ | રૂા. ૪૪૨.૫૫૫૦ |
|  | કુલ | રૂા. ૪૪૨.૫૫૫૦ |

**શ્રી પુંજાભાઈ ભી. વંશ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા સવાલના જવાબમાં જણાવ્યું છે કે ૨૦૦૬-૦૭ના વર્ષમાં રાજયમાં આવેલ પુર અને ભારે વરસાદના કારણે કેન્દ્ર સરકારે ૪૪૨.૫૫ કરોડ રૂપિયા જેવી રકમની સહાય કરી છે. તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે કેન્દ્ર સરકારે જે સહાય કરી છે એ પૈકી આજ સુધીમાં આપણે કુલ કેટલી રકમનો ખર્ચ કર્યો છે? એક સવાલ અને મારો બીજો સવાલ એ છે કે અત્યાર સુધી હજી જે લોકોને નુકસાન થયું છે અને તેમણે અરજીઓ કરી છે તો હજી એવી કેટલી અરજીઓ ચૂકવવાપાત્ર છે કે બાકી છે કે એ લોકોને આપણે સહાય ચૂકવી શકયા નથી.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે પહેલો પ્રશ્ન પૂછયો તેના અનુસંધાનમાં મારે કહેવાનું કે ભારત સરકાર દ્વારા અગાઉ પણ મેં વાત કરી હતી કે ૪૪૨ કરોડ રૂપિયાની વાત છે. તેમાં ૧૯૫.૬૯ એ લોંગ ટર્મના છે. વાપરવાની મનાઈ. એ રીતના આજે પડ્યા છે. ૧૯૩.૭૨ તે સી.આર.એફ.ના જે રાજય સરકારને મળવાપાત્ર છે. તમામ રાજયોને મળે છે. દર વર્ષે નાણાપંચ દ્વારા મળતા હોય એ આપ્યા છે અને ૫૩.૧૩ કરોડ રૂપિયા ૨૦૦૭-૦૮ના અત્યારથી એડવાન્સ આપી દીધા એ સી.આર.એફ.ના. (અંતરાય) હું આપું છું.

**અધ્યક્ષશ્રી** : તેઓશ્રી જવાબ આપે છે, વાત કરીને જવાબ આપે છે. કેટલા પૈસા આપ્યા અને કયાં વપરાયા એના આંકડા આપે છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે ખર્ચ કર્યો છે ૯૦૩.૪૯ કરોડ રૂપિયા. એમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગમાં ૨.૭ કરોડ, નર્મદા અને જળ સંપત્તિ વિભાગમાં ૫૫ કરોડ રૂપિયા, નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગમાં ૨૧૨ કરોડ રૂપિયા, શહેરી વિકાસ વિભાગમાં ૭૯ કરોડ રૂપિયા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગમાં ૫૮ કરોડ રૂપિયા, કૃષિ અને સહકાર વિભાગમાં ૧૭૧ કરોડ રૂપિયા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં ૪૦ કરોડ રૂપિયા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સને ૪૫ કરોડ રૂપિયા, માર્ગ અને મકાન વિભાગમાં ૧૧૨.૪૯ કરોડ રૂપિયા, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને ૧૧૧.૨૯ કરોડ રૂપિયા, બંદરો અને વાહન વ્યવહારને ૫.૨૫ કરોડ રૂપિયા, ઉદ્યોગ અને ખાણને ૧૫.૦૧ કરોડ રૂપિયા, પશુપાલનને ૫ કરોડ રૂપિયા અને મહેસૂલ વિભાગમાં ૧૦૭.૪૮ કરોડ રૂપિયા. એમ કુલ ૯૦૩.૪૯ કરોડ રૂપિયાની વિવિધ વિભાગોને ફાળવણી કરી છે. જેનો તા.૨૮-૨-૨૦૦૭ના રોજ ૫૯૭.૫૫ કરોડ રૂપિયાનો ખર્ચ થઈ ગયેલ છે એટલે કે, ૬૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ રાજય સરકારનો થઈ ગયો છે. બીજી બાબત એમના ધ્યાન ઉપર દોરું છું. રાજય સરકારે આ પૈસા આપવા પડે છે.

બીજી એક વાત કેન્દ્ર સરકાર પાસેથી ૨૨૭૪ કરોડ રૂપિયા સીઆરએફ નીચેથી આપણે લેવાના થાય. હાઈ લેવલ કમિટીએ ફકત ૩૦૫ કરોડ રૂપિયા નક્કી કર્યા છે અને એની સામે અમે ૯૦૩ કરોડ રૂપિયા વિભાગવાઈઝ ફાળવી દીધા છે. ૬૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે એટલે એમને પૈસા આપ્યા છે. જી.ઈ.બી.ને રાજય સરકારે પૈસા આપ્યા છે. જીઈબીને કેન્દ્ર સરકારની હાઈ લેવલ કમિટીએ ઝીરો ફાળવણી કરી છે. એટલે જે જગ્યાએ ઝીરો ફાળવણી કરી છે એ તમામ ખર્ચ રાજય સરકાર ઉપર આવવાનો છે. નર્મદા અને જળ સંપત્તિ અને પાણી પુરવઠા બોર્ડને રાજય સરકારે ૫૫ કરોડ રૂપિયા આપ્યા છે. (અંતરાય) અન્યાયની કોઈ હદ હોવી જોઈએ, ગુજરાતને અન્યાય કરવાની કોઈ હદ હોવી જોઈએ. એમના આંકડા ઉપરથી ધ્યાન દોરવા માગું છું. (અંતરાય) નર્મદા જળ સંપત્તિને ૫૫ કરોડ રૂપિયાની ફાળવણી સામે કેન્દ્ર સરકારના ૫ કરોડ રૂપિયા છે. પુંજાભાઈ સાંભળો.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : કેન્દ્ર સરકારે અન્યાય કર્યો હોય તો જાવને કેન્દ્ર સરકાર પાસે,

**શ્રી વજુભાઈ વાળા** : કેન્દ્ર સરકાર આપતી હોય તો કાંઈ ઉપકાર નથી કરતી. દસ ગણું લઈ જાય છે અને એક ટકો આપે છે. (અંતરાય) આપણે સક્ષમ છીએ અને અમારી દાનત છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ચાલો, ચાલો, પ્લીઝ.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા અને જળસંપત્તિમાં રાજય સરકારે ૫૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે એમાં કેન્દ્ર સરકારે ૫ કરોડ રૂપિયા આપ્યા છે. નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા અને સિંચાઇ વિભાગને રાજય સરકારે ૨૧૨ કરોડ રૂપિયા ફાળવ્યા, કેન્દ્ર સરકારે ખાલી માન્ય રાખ્યા ૨૫ કરોડ રૂપિયા ફાળવ્યા. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને રાજય સરકારે ૫૮ કરોડ રૂપિયા ફાળવ્યા. કેન્દ્ર સરકારે ૮ કરોડ રૂપિયા ફાળવ્યા, કૃષિ અને સહકાર વિભાગને રાજય સરકારે ૧૭૧ કરોડ રૂપિયા ફાળવ્યા અને કેન્દ્ર સરકારે ૧૧૩ કરોડ રૂપિયા આપ્યા. (અંતરાય) જીઈબીને રાજય સરકારે ૪૫ કરોડ રૂપિયા આપ્યા અને ભારત સરકારે એક રૂપિયો પણ આપ્યો નથી. માર્ગ અને મકાન વિભાગને ૧૧૨ કરોડ રૂપિયા રાજય સરકારે આપ્યા, કેન્દ્ર સરકારે ફાળવ્યા ફક્ત ૩૭ કરોડ રૂપિયા. મહેસૂલ વિભાગને ૧૦૭ કરોડ રૂપિયા આપ્યા અને ભારત સરકારે ફક્ત ૮૪ કરોડ રૂપિયા આપ્યા. એટલે ૩૦૫ કરોડ રૂપિયા હાઈ લેવલ કમિટીએ પાસ કર્યા છે અને આપણે ૯૦૩ કરોડ રૂપિયા વિભાગોને આપી દીધા છે અને ૬૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરી દીધો છે. આ તમામ ખર્ચ સીઆરએફમાંથી થાય છે. એન.સી.સી.એફમાંથી નહીં, જે વાત કરી છે કે ૫૦૦ કરોડ આપ્યા છે એમાંથી એક પૈસો પણ મળ્યો નથી. આ સી.આર.એફ.ના પૈસામાંથી વાપરીએ છીએ. જે રાજય સરકારને મળવાપાત્ર છે, દરેક રાજયોને મળે છે એમાંથી આ ૬૦૦ કરોડનો ખર્ચ કર્યો છે. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, બીજા એકેય સભ્યોએ પ્રશ્ન પૂછયા નથી. મારો પ્રશ્ન છે એનો જવાબ તો બાકી રહ્યો છે પણ જવાબમાં સમય લીધો છે. એની માગણી આવે ત્યારે તક હતી જ. આ તો જે મૂળ પ્રશ્ન છે (અંતરાય)

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : સ્વીકારી લોને કંઈ ચાલતું નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તમારું કંઈ ચાલ્યુ નથી. તમારું વાપરવામાં ચાલતું નથી. અહીં જવાબ આપ્યો છે કે ૪૪૨.૫૫ કરોડની છે અને બીજા ૨૬માં પ્રશ્નમાં જવાબ એવો આપ્યો છે કે ૭૯૨.૫૫ કરોડની રાહત આપણને મળી છે. બે જગ્યાએ અલગ અલગ જવાબ આપ્યા છે. હવે એ તો સાચો કયો એના ઉપર છોડીએ છીએ. (અંતરાય) મારે સાંભળવું નથી એ આપના ઉપર છોડીએ છીએ પણ માત્ર અમારી તો વાત એ છે કે માર્ગ અને મકાન વિભાગને નુકસાન થયું હોય, જી.ઈ.બી.ને નુકસાન થયું હોય કે પછી બીજાને નુકસાન થયું હોય એની વાત આમાં નથી. સી.આર.એફ.ના નોર્મ્સ પ્રમાણે એન.સી.સી.એફ.ના નોર્મ્સ પ્રમાણે જે પૈસા મળ્યા હોય એ ૨૦૦૫-૦૬માં પણ નથી વપરાયા અને ૨૦૦૬-૦૭માં પણ નથી વપરાયા. આ નોર્મ્સ આજકાલના નથી અને બંને વખત પૈસા પાછા જાય છે અથવા તો પડયા રહે છે. માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન એટલો જ છે કે

સી.આર.એફ.ના પૈસા જયાં સુધી ન વાપરીએ ત્યાં સુધી એન.સી.સી.એફ.ના પૈસા વાપરી શકાતા નથી એ માનનીય મંત્રીશ્રી સારી રીતે જાણે છે કે રાજય સરકારને દેખાડો કરવા માટે કયાંય પૈસા વાપરવા હોય તો કેન્દ્ર સરકાર એના માટે નોર્મ્સ બદલી શકે નહીં.(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન પૂછે છે? આ તો ભાષણ કરે છે. પ્રશ્ન શું છે? એક જ લીટીનો પ્રશ્ન છે કે કેટલા પૈસા કેન્દ્ર સરકારે આપ્યા, એનો જવાબ આપે છે. આ તો કેન્દ્ર સરકારનો બચાવ કરે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એક જ પ્રશ્ન છે કે કેટલા વાપર્યા અને કેટલા વણવપરાયેલા રહ્યા છે? (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : સરકારે કેટલા પૈસા આપ્યા એનો જવાબ આપે છે. કેન્દ્ર સરકારનો બચાવ કરે છે. (અંતરાય) કેન્દ્ર સરકારનો બચાવ કરે છે. કેન્દ્ર સરકાર એક રૂપિયાની આપણને મદદ નથી કરતી છતાં એનો બચાવ કરે છે. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તો આ કયાંથી આવ્યા?

**શ્રી વજુભાઈ વાળા** : આ તો શરમજનક વાત છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : શરમજનક વાત તો તમે જવાબ આપતા નથી એ છે. (અંતરાય) શરમજનક છે. (અંતરાય) પ્રજાને માટે વાપરો (અંતરાય) ઉત્સવો કરવા માટે વાપરવા માટે ન મળે. તમારે ઉત્સવો માટે વાપરવા છે એ માટે ન મળે, ખેડૂતોને આપવા હોય, ગરીબ લોકોને આપવા હોય એના માટે હોય તમારે ઉત્સવ માટે વાપરવા જોઈએ છે એના માટે ન મળે.

**શ્રી વજુભાઈ વાળા** : પ્રશ્ન પૂછતા નથી, એક જ લીટીનો જવાબ છે એનો જવાબ આપ્યો છે છતાં બચાવ કરે છે.

**અધ્યક્ષશ્રી** : આપને શું પ્રશ્ન પૂછવો છે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એટલી જ છે કે આ જે ૭૯૨ કરોડ રૂપિયા રાજયને મળ્યા છે એમાંથી વપરાયા કેટલા અને વણવપરાયેલા કેટલા છે? બેજ આંકડા જોઈએ છે. બીજા કોઈ આકડા જોઈતા નથી. હિંમત હોય તો બે આંકડા આપી દેજો. (અંતરાય)

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રીજા નંબરનો પ્રશ્ન છે એનો જવાબ આપ્યો છે. ર૬મા નંબરનો પ્રશ્ન છે બરાબર ધ્યાનથી વાંચે તો જવાબ એમ છે કે ર૬માં નંબરમાં એમણે જે તારીખો માગી છે, એક માગી છે ડીસેમ્બર-૦૬નું અને એક માગ્યું છે ૨૦૦૬-૦૭ના વર્ષનું એટલે શાંતિથી પ્રશ્ન વાંચી લે, પ્રશ્ન-૩નો જવાબ છે એ જવાબ આપવા માટે પણ હું તૈયાર છું.

**અધ્યક્ષશ્રી**: નેકસ્ટ, પ્રશન ક્રમાંક: ૪

**અમદાવાદ, સુરત અને વડોદરા શહેરમાં સેલ્સટેક્ષની આવક**

***૨૧૮૧૭ ડૉ.જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : **માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) અમદાવાદ, સુરત અને વડોદરા શહેરમાં નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬માં સેલ્સટેક્ષની કેટલી આવક થઈ,

(૨) આ શહેરોમાં સેલ્સટેક્ષની ચોરીના કેટલા કેસો કરવામાં આવેલ છે, અને

(૩) સેલ્સટેક્ષની ચોરી કરનાર સામે શાં પગલાં લેવામાં આવેલ છે?

**નાણામંત્રીશ્રી :**

(૧)

| શહેર | આવક (રૂા. કરોડમાં) |
|---|---|
| અમદાવાદ | ૨૦૩૪.૫૯ |
| સુરત | ૪૫૬.૨૫ |
| વડોદરા | ૮૬૮.૪૧ |

(૨) ૧૫૩૪.

(૩) તપાસ કાર્યવાહી હાથ ધરી વેરો, વ્યાજ અને દંડ વસુલવા અંગે પગલાં લેવામાં આવેલ છે.

**ડૉ.જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે ૧૫૩૪ કેસોની અંદર સેલટેકસની ચોરી જાણવા મળી છે તો આમાં લગભગ રકમ કેટલી હશે અને આ કેસોનો નિકાલ ઝડપથી થાય અને રાજયની આવક વધે એ માટે સરકારે ઝડપી પ્રક્રિયા બનાવવા માટે શું પ્રયત્નો કર્યા છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ૧૫૩૪ કેસો છે એમાંથી ૧૩૪૧ કેસની તો વસૂલાત થઈ ગઈ છે. ફકત ૧૯૩ કેસ એવા છે કે જેના ચોપડા જપ્ત કર્યા છે. ચોપડા જપ્ત કર્યા છે એટલે ચોપડામાંથી તપાસ

થયા પછી જેટલી રકમ બાકી હશે એ રીતે એ થઈ જશે એટલે એ પ્રમાણે લગભગ મોટા ભાગના કેસીસ છે એની તો વસૂલાત કરી લીધી છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ૨૦૦૫-૦૬માં જપ્તી દરમિયાન હિસાબો કબજે કરવામાં આવ્યા છે એના અંદર અંદાજે કેટલા રૂપિયા લેણા નીકળવાની સંભાવના છે?

**શ્રી વજુભાઈ વાળા** : જે ચોપડા જપ્ત કર્યા છે એવા ૧૯૩ કેસોમાંથી અમદાવાદના ૧૫૪ કેસો છે જેના અંદર રૂપિયા ૧૩.૯૩ કરોડ મળવાની સંભાવના છે. સુરતમાં ૧૧ કેસો છે જેમાં ૧.૩૬ કરોડ મળવાની સંભાવના છે. વડોદરામાં ૨૮ કેસો છે એમાંથી ૪૩ લાખ મળવાના સંભાવના છે. આવી રીતે કુલ ૧૯૩ કેસો દ્વારા ૧૭.૭૨ કરોડ રૂપિયા મળવાની સંભાવના છે.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે સુરત શહેરમાં ૪૫૬.૨૫ કરોડ રૂપિયા આવકની વસૂલાત કરવામાં આવેલ છે. જેમાં હજીરા ઉદ્યોગ જેવા મોટા ઉદ્યોગો ચાલે છે. જ્યાં ૧૫૦૦૦ કરોડ રૂપિયાનો સેલ્સ ટેક્સ બાકી છે એ કેટલા તબક્કામાં કેટલી રકમ વસૂલાત કરવામાં આવી છે? જેમાં વસૂલાત થતી નથી એમાં શું કાર્યવાહી કરવામાં આવી છે?

**શ્રી વજુભાઈ વાળા** : આ શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તાર બન્ને જુદું છે. આ સવાલ શહેરી વિસ્તાર પૂરતો સીમિત છે. સુરતની આજુબાજુમાં બાકીના વિસ્તારો આવરી લેવામાં આવ્યા છે. મેં કહ્યું એમ સુરતમાં ૩૫૩ કેસો હતા એમાં ૩૪૨ કેસોમાં ૭.૯૬ કરોડની વસૂલાત કરી છે. ૧૧ કેસો બાકી છે એ ૧૧ કેસોમાં રૂપિયા ૧.૩૬ કરોડ મળે એવી સંભાવના છે. એના ચોપડાનું એસેસમેન્ટ થઈ જાય એટલે પાકો અંદાજ મળશે. અત્યારે તો અંદાજે ૧.૩૬ કરોડ મળવાની સંભાવના છે.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ખેડૂતો વીજળીનું એક બિલ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નો, આમાં નહિ આવે, પ્લીઝ.

**શ્રી વજુભાઈ વાળા** : આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઈએ. પ્રશ્નને લગતી વાત જ નથી.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : પ્રશ્ન ઉપર જ આવું છું. સાંભળો તો ખરા.

**શ્રી વજુભાઈ વાળા** : તમે પહેલા ખેડૂતના વિષય ઉપર આવો અને પછી પ્રશ્ન ઉપર આવો. તમારે કયા વિષય ઉપર આવવાનું છે એ પહેલા નક્કી કરોને? ખેડૂતો વચ્ચે ક્યાં આવ્યા?

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : ખેડૂતો સાથે સરખામણી છે.(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : ખેડૂત છે એ અમારો સેલ્સ ટેક્સનો ગ્રાહક નથી એટલે એની વસૂલાતનો સવાલ નથી.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : ખેડૂત સામે એટલું બધું કે એક બિલ ન ભરે અને કનૅક્શન કાપી લો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો. ના પૂછવું હોય તો બેસી જાઓ.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : આવા ચોરીના કેસો ઉપર કેટલા પોલીસ કેસ કરવામાં આવ્યા અને પોલીસ કેસ કરીને પછી વસૂલ કરવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : જે ચોપડા જપ્ત કર્યા છે એ ચોપડાનું એસેસમેન્ટ થાય અને ચોરીના કેસો પણ કરીએ છીએ. એમ કરીને પણ વસૂલાત કરીએ છીએ એમાં કોઈ સવાલ નથી. આ સવાલ છે એ વેપારીનો છે. ભીખાભાઈને કહેવાનું કે ખેડૂત એ કોઈ વેપારી ગ્રાહક નથી. સેલ્સ ટેક્સનો નંબર હોતો નથી એટલે એની પાસેથી વસૂલ કરવાનો સવાલ નથી.

## રાજકોટ શહેરમાં જંત્રી નક્કી કરવા અંગે

***૨૧૯૫૦ શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૯-૨-૦૭ થી અમલમાં આવનાર જંત્રીમાં રાજકોટ શહેરના કેટલાક સરવે નંબરોની જંત્રી તા. ૩૧-૧-૦૭ સુધીમાં કરવામાં આવી નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલા સરવે નંબરો બાકી રહી જવા પામેલ છે અને બાકી રહી જવાનાં કારણો શાં છે, અને

(૩) બાકી સરવે નંબરોની જંત્રી કેટલા સમયમાં નક્કી કરવામાં આવશે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) ૨૭૭, ખૂબ મોટા વિસ્તારની જંત્રી બનાવેલી હોય શરતચૂકથી બાકી રહી ગયેલ છે.

(૩) બનતી ત્વરાએ.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજકોટની અંદર આજે જે જંત્રી અમલમાં છે એ ક્યારે તૈયાર કરવામાં આવી છે અને બીજો પ્રશ્ન એ છે કે મારા અતારાંકિત

પ્રશ્ન નં.૨૨૯૩ તા. ૬-૭-૨૦૦૪ના જવાબમાં એ રહી ગયેલી જંત્રી શરતચૂકથી રહી ગઈ છે એવું તે દિવસે પણ જણાવવામાં આવ્યું હતું અને ત્વરિત સમયમાં જંત્રી નક્કી કરવામાં આવશે એમ જણાવેલ. આજે પણ એ નક્કી થયેલ નથી. એટલે માનનીય મંત્રીશ્રી પાસેથી ચોક્કસ સમય એ જાણવા માગું છું કે ૨૭૭ સરવે નંબરની જંત્રી રાજકોટ શહેરમાં બાકી રહી જાય તો મિલકત ખરીદીમાં લોકોને ઘણી મુશ્કેલી ઊભી થાય છે. એટલા માટે યોગ્ય સમયમાં જંત્રી નક્કી થાય એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે સમગ્ર ગુજરાતમાં જે જંત્રી અસ્તીત્વમાં છે એ ૧૯૯૯ની સાલમાં જે જંત્રી બનાવી હતી આખા રાજ્યમાં ડિપાર્ટમેન્ટ દ્વારા એ જંત્રી અસ્તીત્વમાં છે. રાજકોટ શહેરમાં ૨૭૭ સરવે નંબર એટલે આ જંત્રી ૧૯૯૯માં બની. એમાં મોટા બ્લૉક, મોટા વિસ્તારને ધ્યાને રાખીને જંત્રી બનતી હોય છે એમાં વ્યકિતગત સરવે નંબર કે વ્યકિતગત જગ્યાને ધ્યાને રાખીને બનતી નથી. એટલે ભૂતકાળમાં ૨૭૭ સરવે નંબર રાજકોટમાં જંત્રી બનવાની રહી ગઈ છે. એનાથી સરકારને કોઈ આર્થિક નુકસાન નથી થતું. અત્યારે જે રહી ગઈ છે એની કાર્યવાહી ચાલે છે. ૧૯/૭/૨૦૦૧થી DLPC કક્ષાએ એનો શું ભાવ હોઈ શકે, એ ભાવ નક્કી કરીને આ ૨૭૭ની જંત્રી નક્કી કરવાની કામગીરી ચાલુ છે. ત્યાં સુધી નાયબ કલેક્ટર સ્ટૅમ્પ આ ૨૭૭ સરવે નંબરમાંથી કોઈપણ જંત્રી જે થઈ નથી એનો નિર્ણય લેવાનો હોય ત્યારે સ્થળ, સ્થિતિનો અભ્યાસ કરી આજુબાજુના ડોક્યુમેન્ટને ધ્યાનમાં રાખી એ પ્રમાણે આ ૨૭૭ સરવે નંબરમાં સરકારને કોઈ નુકસાન નથી. કોઈ કારણસર ક્ષતિના ભાગરૂપે રહી ગઈ છે અને એ પ્રોસીજર ચાલુ છે. બીજું, સમગ્ર ગુજરાતની અંદર જે ભૂતકાળમાં ૧૯૯૯ની જે જંત્રી હતી તે ૨૦૦૬ જંત્રી સુધારણાની કામગીરી ચાલુ છે એક સાયન્ટિફિક મેથડ આ જંત્રી માટે ભૂતકાળમાં ઘણાં બધા પ્રશ્નો આની અંદર સમાયેલા છે એટલા માટે સાયન્ટિફિક જંત્રી સુધારણાનો કાર્યક્રમ ચાલુ છે, એમાં મિલકત, મિલકતની ઉંમર, મિલકતનું સ્ટેટસ, મોટા રોડેથી કેટલે અંદર છે, મિલકત કેટલી જૂની છે, કોમર્સિયલ છે, રેસિડેન્શિયલ છે આ બધા પાસાઓને વર્ણવીને એક નવી જંત્રી સુધારણા કામગીરી ચાલુ છે એની અંદર જે કાંઈ બાકી રહી ગયા છે એ પણ સમાવેશ થઈ જશે અને આ ૨૭૭ સરવે નંબર પુરતી કામગીરી અલગથી ચાલુ છે અને ત્યાં સુધી નાયબ કલેક્ટર સ્ટેમ્પ એ જંત્રીનો ભાવ, સ્થળ, સ્થિતિ નક્કી કરીને કરે છે એટલે સરકારને કોઈ નુકસાન થવાની સંભાવના નથી.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીને બિલકુલ નુકસાન નથી એ હકીકત છે. પરંતુ જે લોકો ડોક્યુમેન્ટ કરાવવા આવે છે એને ઘણી જ મુશ્કેલી થાય છે અને શરતચુકથી આવડા ૨૭૭ સરવે નંબરમાં ભૂલ રહી જાય એવી શક્યતા નથી માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આ સરવે નંબર બનતી ત્વરાએ નહિ પણ ચોક્કસ સમયની અંદર આની જંત્રી નક્કી કરવામાં આવે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમના સૂચન અંગે વહેલામાં વહેલી તકે આ કામગીરી પૂરી કરવામાં આવશે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે જંત્રી નક્કી કરવાની વાત આવી અને માનનીય મંત્રીશ્રીએ પોતાના જવાબમાં કહ્યું કે જંત્રી રહી ગઈ છે. આજુબાજુના તમામ સરવે નંબરની જંત્રી નક્કી થાય અને વચ્ચે આ એક જ સરવે નંબર જંત્રીમાં બાકી રહી જાય એ શરતચુકથી કહેવું ગળે ઉતરે એવું નથી ત્યારે કોઈ ચોક્કસ કારણોસર આની જંત્રી નક્કી કરવામાં આવી નથી અને માનનીય સભ્યશ્રીનો સવાલ એ છે કે સરકારને નુકસાન નથી થતું. પરંતુ જે લોકો દસ્તાવેજ કરવાવાળા અરજદારને પારાવાર નુકસાન થાય છે તો એ નુકસાન અટકાવવા તમે તાત્કાલિક અસરથી આ જંત્રી નક્કી કરવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મે કહ્યું એમ ૧૯/૭/૨૦૦૧થી ૨૭૭ સરવે નંબર રહી ગયો છે એની કામગીરી ચાલી રહી છે. જોડે જોડે ૨૦૦૬થી સુધારણા ચાલુ છે એમાં પણ સમાવેશ કર્યો છે એટલે હાડમારીનો સવાલ છે ત્યાં સ્પેસિફિક કોઈ બાબત હશે તો ધ્યાને લઈશું.

## જામનગર જિલ્લામાં શહેરી ગરીબોને ઘરથાળના પ્લોટ

***૨૧૫૮૪ શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧/૧/૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન કુલ કેટલા શહેરી ગરીબોને ઘરથાળના પ્લોટની ફાળવણી કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી અશક્ત વિધવા ત્યકતા કેટલી વ્યકિતઓ છે?

**મહેસૂલ મંત્રીશ્રી** :

(૧) એક પણ નહીં

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ :** માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં એવું કહેવામાં આવ્યું કે, જામનગર જિલ્લામાં તા.૩૧/૧/૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન શહેરી ગરીબોને ઘરથાળના પ્લોટ આપવાની વાત છે એમાં એક પણ નહિ. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપશ્રીના માધ્યમથી એ જાણવું છે કે આ મહેસૂલ વિભાગ દ્વારા શહેરી ક્ષેત્રના ગરીબોને આ ઘરથાળના પ્લોટ આપવાની કોઈ પદ્ધતિ છે કે કેમ? અગાઉના

સમયમાં આ પ્રકારની સીધી મહેસૂલ વિભાગ દ્વારા શહેરી ક્ષેત્રના ગરીબોને પ્લોટ આપવામાં આવ્યા હતા કે કેમ અને પ્રવર્તમાન સંજોગોમાં શહેરી વિકાસ આ પ્રકારના પ્લોટ ફાળવણી માટે મહેસૂલ વિભાગને દરખાસ્ત કરી અને આવા ગરીબો માટે પ્લોટ ફાળવવાની પણ કોઈ યોજના છે કે કેમ, આ બાબતે શું વિગત છે એ આપશ્રીના માધ્યમથી જાણવા માગું છું.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગનો જ્યાં સુધી સવાલ છે ત્યાં સુધી આજની તારીખે મહેસૂલ વિભાગમાં શહેરી ગરીબોને ઘરથાળના પ્લૉટો ફાળવવાની મહેસૂલ વિભાગની કોઈ યોજના નથી પણ શહેરી વિકાસની યોજના છે એટલે શહેરી વિકાસના ક્ષેત્રમાં આવતી મહાનગરપાલિકા અને નગરપાલિકાઓ અથવા ઓથોરિટીઓ એમની કોઈ સ્કીમ બનાવીને અમારી પાસે આવે તો અમે એમને જમીન આપીએ છીએ, એટલે સ્કીમ બનાવવી પડે શહેરી વિકાસે અથવા પંચાયતમાં ઘરથાળના પ્લૉટો આપવાની વાત છે તો પંચાયતવાળા સ્કીમ બનાવીને આપે, સરદાર આવાસ યોજનાની વાત છે તો એ સ્કીમ બનાવીને અમને આપે તો મહેસૂલ વિભાગ આખી જમીન આપે છે, ઘરથાળના પ્લૉટો આપવાની મહેસૂલ વિભાગની કોઈ સ્કીમ નથી. એક સ્કીમ ૧૯૯૯માં મહેસૂલ વિભાગની હતી જે એમના પ્રશ્નના સંદર્ભમાં છે કે, ૨૫ ચો.મી.ના પ્લૉટો આપવાના, એ ૧૯૯૩ની સાલમાં મહેસૂલ વિભાગની હતી, આખા રાજયમાં સ્કીમ હતી, ૫૦૦ પ્લૉટો આપવાના હતા અને ૧૦ રૂપિયા ચોરસ મીટરના ભાવે જે તે સમયે એ સ્કીમ મૂકી હતી અને એ સ્કીમ બે-ત્રણ વર્ષમાં જે તે સમયે એ પૂરી કરી દીધી, હાલમાં મહેસૂલ વિભાગની ડાયરેક્ટ કોઈ પ્લૉટો આપવાની સ્કીમ નથી. વિભાગવાળા અમારી પાસે જમીન માગે તો અમે જમીન આપીએ છીએ.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, આ મહેસૂલ વિભાગની સ્કીમ નથી અને ૧૯૯૩માં ઠરાવ એટલે ખાલી એટલા પૂરતું જ હતું ત્યારે ૫૦૦ પ્લૉટો આપવાના, એમણે જે ૧૦૦ નંબરના પ્રશ્નમાં જે જવાબ આપ્યો છે એમાં એવું લખ્યું જ છે કે, શહેરી ગરીબોને ૨૫ ચો.મી.ના જમીનના પ્લૉટો ફાળવવાની યોજના અમલમાં છે કે કેમ ? અને હા પાડી છે એટલે આ ખાલી ૫૦૦ પૂરતી હતી નહીં અને એ ૨૫-૨-૯૩ના ઠરાવમાં જણાવ્યા મુજબ ૬૨ નગરપાલિકાઓને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ગૃહનું એક ધ્યાન દોરવું છે કે, જે પાછળ પ્રશ્ન હોય એ સાથે ચર્ચવાનું ધોરણ આપણે ત્યાં છે નહીં ( અંતરાય)

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : હું પ્રશ્ન નથી ચર્ચતો, એમણે એનો રેફરન્સ આપ્યો કે, આ ૧૯૯૩માં યોજના હતી ( અંતરાય )

**અધ્યક્ષશ્રી** : આપણે સાથે ન ચર્ચીએ. પ્લીઝ.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : સાહેબ, મેં એ પ્રશ્ન નથી ચર્ચાયો, એમણે જવાબમાં એવું કહ્યું કે, ૨૫-૨-૯૩ના ઠરાવ મુજબ ૫૦૦ જેટલા પ્લૉટો ત્યારે આપવાના હતા, બે-ત્રણ વર્ષમાં સ્કીમ પૂરી થઈ ગઈ એવું મંત્રીશ્રીએ જણાવ્યું એટલે હું એની સામે પ્રશ્નમાં હું એમને પૂછવા માગું છું કે, એમણે કહ્યું છે કે, ૨૫-૨-૯૩ના ઠરાવમાં ૬૨ નગરપાલિકાઓમાં આ સ્કીમ અમલમાં છે, મૂળ સવાલ એ છે કે, નગરપાલિકાએ મહેસૂલ વિભાગને દરખાસ્ત ન કરી હોય, સાહેબ મહેસૂલ વિભાગ અને નગરપાલિકાઓના જે કોઈ સેક્રેટરીઓ હોય એ આમાં સંકલન કરીને આપણા શહેરી ગરીબોને આવી અત્યારે મકાનોની સમસ્યા શહેરોમાં બહુ વિકટ છે ત્યારે ગરીબ લોકોને આવાસ ઉપલબ્ધ થાય એટલે આ ૨૫ ચો.મીટરના જે કાંઈ અમલમાં છે આપવાનું તો એમાં તાત્કાલિક એના માટે સારી રીતે કામ આગળ વધે એવું કાંઈ આયોજન કરવા માગે છે કે કેમ ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : મેં કહ્યું એમ શહેરી વિકાસની આ ગરીબ લોકોને ઘરથાળના પ્લૉટો આપવાની સ્કીમ એમની છે એ સ્કીમ આખી લઈને મહેસૂલ વિભાગ પાસે આવે તો મહેસૂલ વિભાગ જમીન આપે છે, અમારી કોઈ યોજના કે કાર્યક્રમ નથી. પણ ૧૯૯૩માં મહેસૂલ વિભાગનો એક કાર્યક્રમ હતો કે, આખા ગુજરાતમાં ૫૦૦ પ્લૉટો આપવા, એ કાર્યક્રમ જે તે વખતે પૂરો થયો પછી કોઈ કાર્યક્રમ નથી અને આજે મહેસૂલ વિભાગની ડાયરેક્ટ કોઈ ૨૫ ચો.મી.ના પ્લૉટો આપવાની યોજના નથી.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય મંત્રીશ્રીએ કહે છે કે, ૧૯૯૩માં પરિપત્ર હતો, ૧૯૯૯ સુધી ૨૫ ચો.ની.ના પ્લૉટો ગરીબ માણસોને ફાળવવામાં આવતા હતા, શહેરી વિકાસ વિભાગે રજૂઆત કરી છે પરંતુ મારે પૂછવું છે કે, શહેરી વિકાસ વિભાગ દ્વારા ગરીબ માણસો હોય, ઝૂંપડપટ્ટીને રેગ્યુલરાઈઝ કરવાની વાત કરી છે અને જેનો શહેરી વિકાસ વિભાગે ઠરાવ કર્યો છે, મહેસૂલ વિભાગે કલેકટરોને સૂચના આપી છે તો ૨૫ ચો.મી.દીઠ આ યોજના લઈને ગરીબ માણસોના મકાનો રેગ્યુલરાઈઝ કરવા માટે સરકારે કોઈ વિચારણા કરી છે અને કરી છે તો કેટલા સમયમાં મહેસૂલ વિભાગ કલેકટરો દ્વારા પૂરી કરશે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : શહેરી વિકાસ વિભાગ એમની સ્કીમ લઈને આવે, આતો પ્રશ્નમાં ઉપસ્થિત થતો નથી પરંતુ મહેસૂલ વિભાગે સુરતમાં આ જે પુર આવ્યું હતું (અંતરાય) સુરત મહાનગરપાલિકાની એક સ્કીમ લઈને આ પુરમાં જે લોકો એના જે કેચમેન્ટ એરિયામાં રહે છે, કાયમી એમને અસર થાય છે એવી એક સ્કીમ સુરત મહાનગરપાલિકાએ બનાવીને આપી એટલે એને અમે જમીન આપી છે એટલે શહેરી વિકાસ વિભાગે સ્કીમ બનાવવી પડે, સ્કીમ બનાવીને લઈને આવે તો ચોક્કસ મહેસૂલ વિભાગ જમીન ફાળવશે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે શહેરી વિસ્તારની આજુબાજુમાં ઘણી જગ્યાએ સરકારી જમીનો અવેલેબલ હોય છે. જેમાં મંત્રીશ્રીએ કહ્યું કે શહેરી વિકાસ વિભાગ અમને દરખાસ્ત કરે પણ આ બંને વિભાગોએ સંકલન કરીને કરવું પડશે. શહેરી વિકાસ વિભાગ અને મહેસૂલ વિભાગના અધિકારીઓ સાથે બેસીને અને એમાં ખોટી પેશકદમી કયાંક ને કયાંક થતી હોય છે તો શહેરમાં સરકારી જમીન ઘણી પડી છે તો શહેરી વિકાસ વિભાગ અને મહેસૂલ વિભાગ સાથે બેસીને ગરીબો માટે ૨૫ ચોરસ વારના પ્લોટ જે આપવામાં આવે છે એ રીતે સંકલન કરીને આગળ વધવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે. એ જોઈને શું થઈ શકે એ અમે ચકાસી લઈશું.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે રાજય સરકારનો અભિગમ રહ્યો છે કે શહેરને સુંદર અને સ્વચ્છ બનાવવા માટે દબાણ દૂર કરવા, રસ્તા સારા કરવાની છેલ્લા થોડા વર્ષમાં શહેરમાં જે કામગીરી ચાલી છે એના અનુસંધાને નગરપાલિકા અને શહેરી વિસ્તાર જેની પેશકદમી કરીને ઝૂંપડા બનાવ્યા હોય અને જેને રહેવા માટેનો આશરો ન હોય એવા લોકોએ દબાણ કર્યા હોય એ દબાણ દૂર કરવામાં આવી રહ્યા છે તો મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આવા લોકોને વિકલ્પ નથી તો દબાણ ખસેડીને વિકલ્પના ભાગરૂપે દ ીરથાળના પ્લોટ આપીને શહેરી વિસ્તારમાં સ્થાયી કરવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગની સ્કીમ આવશે તો મહેસૂલ વિભાગ ચોકકસ જમીન ફાળવશે.

**ભાવનગરના આલ્કોક એશ ડાઉન નામના ઔદ્યોગિક એકમ દ્વારા કામદારોની છટણી**

***૨૨૮૯૨ શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (૭) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ ભાવનગરના આલ્કોક એશ ડાઉન નામના ઔદ્યોગિક એકમ દ્વારા કામદારોની છટણી કરવાની કોઈ દરખાસ્ત શ્રમ વિભાગને મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો આવી દરખાસ્ત કયારે મળેલ છે અને તેમાં કેટલા કામદારોને છૂટા કરવાની દરખાસ્ત છે, અને

(૩) આ સ્થિતિએ દરખાસ્ત કયા તબકકે પડતર છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી:**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ નાજી જવાબ આપ્યો છે. તો હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આલ્કોક એશ ડાઉન ઉદ્યોગ છે એ શીપ બિલ્ડીંગનો ઉદ્યોગ છે. આઈ.ડી. એકટ ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ પ્રમાણે સંચાલન થાય એના આધારે વી.આર.એસ. લેવા માટે ફરજિયાત દબાણ કરતા ત્યાંના યુનિયનના લોકો આસિસ્ટંટ લેબર કમિશ્નર પાસે અરજી લખેલી છે. સમાધાન માટે કારણકે આપણે ત્યાં ઈન્ડસ્ટ્રીયલ એકટમાં એવી જોગવાઈ છે કે કામદારોની છટણી કરવાની કોઈ દરખાસ્ત નથી પણ એ ઉદ્યોગમાં કામદારોને વી.આર.એસ. લેવા માટે અત્યારે પ્રોવિઝન ચાલે છે એની અંદર રક્ષણ આપવા માટે આઈ.ડી. એકટ નીચે આસિસ્ટંટ લેબર કમિશ્નરને કોઈ સૂચના આપવા માગો છો કે કેમ? એકબાજુ રાજય સરકાર દ્વારા સાગરખેડૂના વિકાસનું પેકેજ જાહેર થયું એમાં એક શીપ બિલ્ડીંગ એન્જીનીયર, તજજ્ઞ ટેકનિશિયન તૈયાર થાય,આઈ.ટી.આઈ. માટે તો ભાવનગરમાં આલ્કોક એશડાઉન સારુ શીપ બીલ્ડીંગ યુનીટ છે. મને જાણવા મળ્યું છે કે આનું ડીસઈન્વેસ્ટમેન્ટનું અત્યારે ચાલી રહ્યું છે. તો આના માટે ડિપ્લોમા એન્જીનીયરીંગ કોલેજ કે આઈ.ટી.આઈ. શ્રમ અને રોજગાર એમની પાસે છે ત્યારે શીપ બિલ્ડીંગમાં ટેકનિશીયન તૈયાર થાય, આઈ.ટી.આઈ. કે એન્જીનીયરીંગ કોલેજ યુનીટમાં ચાલુ કરીને આ યુનીટને ચાલુ રાખવા માગે છે કે કેમ?

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે એ છટણી કરવાનો છે. ખરેખર છટણી કોઈ કામદારોની કરેલ નથી. નિવૃત્તિ સ્વૈચ્છિક નિવૃત્તિ છે. જેને સ્વૈચ્છિક નિવૃત્તિમાં વી.આર.એસ.માં જોડાવું હોય એ જોડાઈ શકે છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, વી.આર.એસ.વાળાને નોટિસ આપી છે (અંતરાય)

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન સાથે સુસંગત નથી. આવી કોઈ નોટિસ આપી નથી. કામદાર યુનિયનની જે ફરિયાદ મળી છે એની તપાસ થઈ અને કોઈ ધાકધમકી કે દબાણ કરવામાં આવ્યું નથી. સ્વૈચ્છિક રીતે જોડાવું હોય એ જોડાઈ શકે છે. બીજું, સભ્યશ્રીએ સૂચન કર્યું છે કે જે સાગરખેડૂની યોજના છે એમાં નવી આઈ.ટી.આઈ. કે કોલેજ શરૂ કરવી. આ જે ઉદ્યોગ છે. એમાં જે પ્રકારના કામદારો જોઈએ છીએ, તેવા કામદાર, યુવાનોને તાલીમ આપીને રોજગારી આપવા માગો છો કે કેમ? જે દરિયા ખેડૂતો માટેની

યોજના સાગરખેડૂ માટેની યોજના છે એમાં દરિયાકાંઠાના ૩૮ તાલુકા છે, તો એમાં વધુ આઈ.ટી.આઈ. ચાલુ કરવાનું આયોજન છે જ. અને આ એકમ બંધ થવાની વાત કરી છે તો એ ઉદ્યોગ વિભાગમાં આવે. બંધ થવાનો નથી અને સ્વૈચ્છિક રીતે આ એકમમાં પહેલા ફાઈબર બોટો બનાવતા હતા. છેલ્લા ૫ વર્ષથી ૪૮ કર્મચારીઓ હતા, એમાં ૫ વર્ષથી કોઈ ઉત્પાદન નથી અને આ પ્રકારની ફાઈબર બોટો ખાનગી વેપારીઓ છે, અન્ય ઉદ્યોગો છે. બહારથી આયાત કરે છે. આ એકમે વહાણ બનાવવાનું કામ ચાલુ રાખ્યું છે. ફાઈબરના બદલે સ્ટીલનું કામ કરે છે. રોજગારી બાકીનાને મળતી રહે, જેને સ્વૈચ્છિક રીતે આ વી.આર.એસ.માં જોડાવવું હોય, એને પુરતો લાભ આપી સ્વૈચ્છિક રીતે જોડાવવા માટેની સ્વૈચ્છિક જાહેરાત કરેલ છે. કોઈ કર્મચારીની છટણી કરેલ નથી.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો ૧૬૦૦ કિ.મી.ના સાગર કાંઠે નવા શીપ બિલ્ડિંગ અને શીપ રિપેરિંગ યુરોપથી ખેંચાઈને અહીયા આવે છે. સરકારની એ પ્રશંસનીય કામગીરી છે. અમારે ત્યાં શીપ બ્રેકિંગ પછી શીપ બિલ્ડિંગ અને શીપ રિપેરિંગમાં ભાવનગરના સાંગરકાંઠે સૌથી વધુ કામ ભવિષ્યમાં આવી રહ્યું છે. આ આલ્કોક એશડાઉનનું મૂળ ટર્નઓવર ૫૦-૧૦૦ કરોડનું હતું અને અત્યારે ૨૮૦૦ કરોડનો ઑર્ડર છે. મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જે એફ.આર.જી. ડિપાર્ટમૅન્ટ છે એ લોકોને બીજાં કામ સોંપવામાં આવે છે. કુલ ૨૦૦ જેટલા કામદારો છે. આટલું મોટું કામ છે, ત્યારે આવી ફરિયાદ મળી છે, નહિ કોઈ સસ્પેન્શન, નહિ કોઈ તપાસ, નહિ કોઈ છટણી તો આ છૂટા કરવામાં આવે છે આવી ત્યાના અધિકારીઓની ફરિયાદ છે. તો મારે એ જાણવું છે કે સ્વૈચ્છિક નિવૃત્તિ યોજના પણ ફરજિયતપણામાં એ પરિવર્તિત ન થઈ જાય, એના માટે તપાસ કરીને પગલાં લેવાં માગો છો કે કેમ?

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે. એનું મેં પહેલા જવાબમાં જણાવેલ હતું કે આ સંસ્થાની અંદર ૩ યુનિયન છે, એમાંથી ૧ યુનિયનની રજૂઆત મળી હતી કે સ્વૈચ્છિક નિવૃત્તિ છે, એમાં ફરજિયાત આ રીતે કરે છે. અમારા અધિકારીઓ મારફત તપાસ કરાવી છે. કોઈ ફરજિયાત નથી. સ્વૈચ્છિક નિવૃત્તિ માટે લાભ જોઈતો હોય તો જોડાઈ શકે છે. ૪૧ કર્મચારીઓ જોડાયા છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : સ્વૈચ્છિક નિવૃત્તિની જરૂર કયાં છે કામ વધ્યુ છે, એ તપાસ કરવા માગે છે કે કેમ?

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : એનો જવાબ પહેલા જવાબમાં આપ્યો. પહેલા ફાઈબર બોટો બનાવતા હતા. એ બોટો અન્ય ખાનગી, ઉદ્યોગો આના કરતા પણ સસ્તા ભાવથી આયાત કરીન વેચે છે. છેલ્લા ૫ વર્ષથી ઑર્ડર મળ્યો નથી. ૫ વર્ષથી ઉત્પાદન નથી. હવે જે સ્ટીલની બોટો બનાવવાની છે, એમાં જ્યાં ૪૮ કામદાર છે. તેઓ સ્કીલ નથી, કુશળ નથી, બિનકુશળ છે, એટલા માટે.

## વડોદરા જિલ્લામાં વૃક્ષોનું વાવેતર

***૨૨૫૮૩ શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ દરમ્યાન વડોદરા જિલ્લામાં કેટલા અને કયા કયા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું અને

(૨) તે પૈકી તા. ૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ કેટલા જીવિત છે?

**વનમંત્રીશ્રી :**

(૧) વડોદરા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૩-૦૪ દરમ્યાન ૨૨.૭૮ લાખ, વર્ષ ૨૦૦૪-૦૫ દરમ્યાન ૧૬.૭૯ લાખ તથા વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન ૧૨.૬૩ લાખ રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, જેમાં મુખ્યત્વે સીરસ, ગોરાડ, ખેર, સાગ, આમળા, વાંસ, કડાયો, મહુડા, ખાખર, લીમડા, સાદડ, કણજ, કુસુમ, સીતાફળ, અરડૂસો, ગોરસઆમલી, ખાટીઆમલી, દેશીબાવળ, આસીત્રો, ઓળો, રીઝડો, બોર, નિલગિરિ, શરૂ, ગુલમહોર, બંગાળીબાવળ, પલ્ટોફાર્મ, કાસીદ, સેવન, બહેડા, સરગવો, અરીઠા, સફેદ સીરસ, જાંબુ, સીતાફળ, મહુડો, કાળો સીરસ, કરમદા વગેરે જાતોના રોપા વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી વર્ષ ૨૦૦૩-૦૪ માં ૧૩.૫૬ લાખ, વર્ષ ૨૦૦૪-૦૫ માં ૧૨.૩૪ લાખ તથા વર્ષ ૨૦૦૫-૦૬ માં ૧૦.૭૩ લાખ રોપા જીવિત છે.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એવો હતો કે વડોદરા જિલ્લામાં છેલ્લા ૩ વર્ષમાં કયા કયા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, તેમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૯ પ્રકારથી પણ વધારે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું અને બીજો મારા પ્રશ્ન એવો હતો કે છેલ્લા ૩ વર્ષમાં કેટલા કેટલા વૃક્ષો હયાત છે, તેમાં ૨૦૦૩-૦૪ માં ૧૩.૫૬ લાખ અને ૨૦૦૪-૦૫ માં ૧૨.૩૪ લાખ અને ૨૦૦૫-૦૬ માં ૧૦.૭૩ લાખ વૃક્ષો જીવિત છે, તે બદલ મંત્રીશ્રીને મારા હાર્દિક અભિનંદન પાઠવું છું. મારો પ્રશ્ન બીજો એવો છે કે છોટાઉદેપુર તાલુકામાં વર્ષ-૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં તેમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવ્યું અને આ વાવેતર માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો. મારો બીજો પ્રશ્ન એવો છે કે બંગાળી બાવળ છે તેના લક્ષણો કેવા છે તે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, અહીંયાં ગૃહમાં આખો દિવસ બોલ બોલ કરવાનું?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ છોટાઉદેપુર તાલુકાની જે વાત કરી છે તેમાં ૨૦૦૩-૦૪માં ૧૬.૬૬ હજાર રોપા વાવ્યા છે તેમાં ખર્ચ ૨૧૦.૫૮ લાખ કરવામાં આવ્યો છે. ૨૦૦૪-૦૫માં ૯.૨૬ હજાર રોપા વાવ્યા છે તેમાં ૨૧૦.૭૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો અને ૨૦૦૫-૦૬માં ૩.૮૬ હજાર રોપા વાવ્યા છે તેમાં ખર્ચ ૯૬.૨૭ લાખનો ખર્ચ થયેલ છે. તેમણે બંગાળી બાવળની વાત કરી તો તેમાં જે આપણો દેશી બાવળ છે, ગાંડો બાવળ છે તે રીતનો બંગાળી બાવળ છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષ ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં કુલ કેટલા હેકટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવ્યું, તેમાં કેટલા માનવદિનને રોજગારી મળી અને તેમાં ટોટલ ખર્ચ કેટલો કરવામાં આવ્યો?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩-૦૪માં ૨૭૪૦.૫૧ હેકટરમાં વાવેતર થયું, ૨૦૦૪-૦૫ માં ૧૯૬૩ હેકટરમાં વાવેતર થયું અને ૨૦૦૫-૦૬માં ૭૪૧.૯૮ હેકટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે. બીજો જે પ્રશ્ન પૂછયો છે તેના માટે તેમણે અલગ નોટિસ આપવી પડશે.

**પંચમહાલ જિલ્લામાં પડતર તુમારો**

***૨૨૯૬૩ શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧ ડિસેમ્બર, ૨૦૦૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા મહેસૂલી તુમાર પડતર છે,

(૨) આ તુમારો પડતર રહેવાનાં કારણો શાં છે, અને

(૩) આ પડતર તુમારોનો નિકાલ કેટલા સમયમાં થશે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

**(૧)** તા.૩૧ ડિસેમ્બર, ૨૦૦૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર નીચે પ્રમાણેના મહેસૂલી તુમાર પડતર છે.

| તાલુકો | પડતર તુમારોની સંખ્યા |
|---|---|
| ૧. ગોધરા | ૧૮૬ |
| ૨. મોરવા(હ) | ૧૩૨ |
| ૩. કાલોલ | ૧૩૮ |
| ૪. હાલોલ | ૨૧૪ |
| ૫. જાંબુઘોડા | ૧૦૫ |
| ૬. ઘોઘંબા | ૧૧૮ |
| ૭. શહેરા | ૧૧૨ |
| ૮. લુણાવાડા | ૧૯૩ |
| ૯. ખાનપુર | ૪૨ |
| ૧૦. સંતરામપુર | ૭૮ |
| ૧૧. કડાણા | ૪૩ |
| કુલ : | ૧૩૬૧ |

(૨) આ પડતર તુમારો તપાસ તથા કાર્યવાહી એઠળ છે. જિલ્લામાં ફલડ, મતદાર યાદી, ગ્રામ પંચાયતની ચૂંટણી, કૃષિ મહોત્સવ, ઓળખપત્ર કાર્યક્રમ જેવી અગત્યની કામગીરીને કારણે પડતર રહેવા પામેલ છે.

(૩) આ પડતર તુમારો અલગ અલગ અધિકારીઓ/કર્મચારીઓની સત્તા મર્યાદા અને કાર્યક્ષેત્રમાં આવતા હોવાથી વિવિધ કક્ષાએ કાયદા તેમજ વિગતોની ચકાસણી કરીને તુમારોનો નિકાલ કરવાનો હોવાથી શકય તેટલી જલદીથી નિકાલ કરવામાં આવશે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના અનુસંધાનમાં સૌ પ્રથમ તો મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપીશ કે પૂરગ્રસ્ત, અતિવૃષ્ટિ જે થઈ તેમાં ગુજરાતમાં સૌથી વધારે અસરગ્રસ્ત મારો શહેરા મત વિસ્તાર છે. પાનમ અને કડાણા ડેમના પાણી આવે છે. મહી નદીમાંથી જે પાણી આવે છે તેનાથી મુશ્કેલી સર્જાઈ હતી. પરંતુ સરકારની સાવચેતી મુજબ જે રીતે તાત્કાલિક સ્થળાંતર કરીને..

**અધ્યક્ષશ્રી**: પ્રશ્ન ઉપર આવો પ્લીઝ. પ્રશ્ન પૂછો.

**શ્રી જેઠાભાઈ ઘે.ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ઉપર જ આવું છું. તેના અનુસંધાનમાં કેશડોલ્શ માટે તાત્કાલિક સૂચના આપી અને સારો અભિગમ અપનાવ્યો તે બદલ માનનીય મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. બીજો પ્રશ્ન એ છે કે તુમારોના તાલુકાવાર પડતર પ્રશ્નો પડયા છે તેમાં આ બાબતે મહેસૂલ મંત્રીશ્રી ફેરફાર કરીને ઝડપથી કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારે મહેસૂલ અને વહીવટની અંદર સરળતા આવે, ઝડપ આવે તેના માટે વિવિધ પગલાં લીધા છે. તેના ભાગરૂપે ધારાસભ્યશ્રીનો પ્રશ્ન છે કે ૧૩૬૧ તુમારો બાકી છે. આમાં છ મહિનાની અંદરના ૧૧૮૧ છે. આમાં સ્ટાફ પણ ઘણો બધો રોકાયેલ છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**શ્રમિકોના અકસ્માતથી મૃત્યુ અને ઇજા**

૨૨૧૭૭ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા શ્રમિકોના ઉદ્યોગોમાં અકસ્માતથી મૃત્યુ થયા અને ઇજા પામ્યા,

(૨) શ્રમિકોની સુરક્ષા માટે સરકારે શાં શાં પગલાં ભર્યા છે અને ભરવા માંગે છે, અને

(૩) અકસ્માત બદલ કસુરવાર અથવા જવાબદાર ઉદ્યોગ ગૃહો સામે શાં પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| જીલ્લો | મૃત્યુ | ઈજા |
|---|---|---|
| ગાંધીનગર | ૨૦ | ૨૦૬ |
| અમદાવાદ | ૫૨ | ૨૨૫૧ |

(૨) (અ) ભરેલા પગલાં

૧. શ્રમયોગીની સલામતિ માટે કારખાના નિરીક્ષણ તંત્ર દ્વારા ઘનિષ્ઠ નિરીક્ષણ કરવામાં આવે છે.

૨. કસૂરવાર માલિકો સામે ફોજદારી કેસ, સક્ષમ અદાલતમાં દાખલ કરવામાં આવે છે. જેથી માલિકો સુરક્ષા સંબંધી જોગવાઈ માટે વધારે સભાન બને.

૩. થર્ડ પાર્ટીઓ સક્ષમ વ્યક્તિઓ દ્વારા મશીનરીઓનું ટેસ્ટીંગ કરાવવામાં આવે છે.

૪. લાગુ પડતી જોગવાઈઓ મુજબ કારખાનાઓમાં સલામતી અધિકારીઓ રાખવામાં આવે છે.

૫. દર વર્ષે રાજ્ય સ્તરનો સેફટી સેમીનાર કરવામાં આવે છે તથા સલામતીની જાગૃતિ અંગે ૪થી માર્ચને સલામતી દિન તરીકે અને સલામતી સપ્તાહ ઉજવવામાં આવે છે.

૬. અતિ જોખમી કારખાનાઓનો અને જિલ્લાનો ઓદ્યોગિક દુર્ઘટના પ્રબંધન પ્લાન અમલમાં મૂકવામાં આવે છે.

(બ) ભરવા માગેલ પગલાં

૧. કારખાના નિરીક્ષણ તંત્રના અધિકારીઓની ખાસ ટુકડીઓ દ્વારા કારખાનાઓમાં સલામતીનું ઘનિષ્ટ નિરીક્ષણ કરવામાં આવનાર છે.

૨. સલામતિ અંગે નિરીક્ષણો વધારવામાં આવનાર છે.

૩. શ્રમિકોમાં સલામતિની જાગૃતિ અંગે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે.

(૩) કસુરવાર અથવા જવાબદાર ૩૯ ઉદ્યોગગૃહો સામે કારખાના ધારા હેઠળ ૫૨ ફોજદારી કેસો કરવામાં આવેલ છે.

-----------

**સીમની જમીન ફાળવણીમાં ફેર વિચારણા કરવા અંગે**

૨૧૮૦૯**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચાયત દફતરે આખરી પત્રકે ન ચડેલી સીમ જમીન ટાવર્સ ખરાબો ગેરકાયદેસર ખેડવાવાળાના વાંકે વિક્સીત બની જાય છે ત્યારે જમીન વિહોણાઓ એસ.સી./ઓ.બી.સી. જાતિના ઇસમો પરિવારોને સાંથણીમાં આવી જમીન મળવા માટે માન્ય રહેતા નથી શું આ હકીક્ત સાચી છે, અને | (૧) આખરી પત્રકે ન ચઢેલી જમીનો સાંથણીમાં આપવાની હોતી નથી. |
| (૨) જો હા, તો આમ થવામાં એસ.સી. / ઓ.બી.સી. જમીન વિહોણાઓને સાંથણી દ્વારા આવી જમીન આપવા સરકાર શી વિચારણા કરવા માગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**સંતરામપુર અને કડાણા તાલુકામાં આદિવાસીઓને જાતિના દાખલા અંગે**

૨૨૧૯૮**શ્રી પ્રબોધકાંત દા. પંડ્યા (સંતરામપુર) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સંતરામપુર અને કડાણા તાલુકામાં અદિવાસીઓને જાતિના દાખલા મેળવવામાં મુશ્કેલી પડે છે તે સરકાર જાણે છે, અને | (૧) સંતરામપુર અને કડાણા તાલુકામાં પાત્રતા ધરાવતા અનુસૂચિત જનજાતિના લોકોને ખરાઇ કરીને દાખલા આપવામાં આવે છે, તેથી કોઇ મુશ્કેલી પડતી નથી. |
| (૨) આ અંગે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ભૂકંપગ્રસ્ત વિસ્તારોને અલગ તારવવા અંગે**

૨૨૭૧૬**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ભૂકંપગ્રસ્ત વિસ્તારોને અલગ તારવવા સરકારે કોઇ પ્રયત્નો/પ્રયાસો કરેલા છે કે કેમ, અને | (૧) હા, સરકારે તમામ ૨૨૫ તાલુકા માટે ભૂકંપ પ્રકંપન બાબતે વિવિધ સ્તરેથી માહિતી મેળવી વલનરેબીલીટી એટલાસ વર્ષ ૨૦૦૫ તેયાર કરેલ છે. |
| (૨) આ માટે કોઇ આયોજનબધ્ધ નેટવર્ક ઉભું કરવા સરકાર ધારે છે કે કેમ ? | (૨) આયોજનબધ્ધ નેટવર્ક ઉભું કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે. તેના ભાગરૂપે<br>૧. સરકારે સિસ્મીક માઇક્રોઝોનેશનનો અભ્યાસ ચાલુ કરેલ છે.<br>૨. ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રાસર્ચની રચના કરવામાં આવી છે.<br>૩. ૨૨ જેટલા ભૂકંપ પ્રકંપન નિગરાની કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે.<br>૪. ૮ જિલ્લાઓમાં ઇમરજન્સી ઓપરેશન સેન્ટર બનાવવામાં આવેલાં છે. |

-----------

**ચોમાસા દરમિયાન વરસાદમાં વૃક્ષો પડી જવા બાબત**

૨૧૮૧૨**શ્રી વેચાતભાઈ હ. બારિયા(પાવી-જેતપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા - પંચમહાલનાં જંગલોમાં સને ૨૦૦૬ ના ચોમાસા દરમ્યાન ભારે વરસાદમાં વૃક્ષો પડી ગયેલાં તે શું સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ વૃક્ષોની તા. ૩૧-૧-૦૭ની | (૨) સને ૨૦૦૬ના ચોમાસામાં વડોદરા-પંચમહાલ |

સ્થિતિએ શું સ્થિતિ છે ?

જિલ્લામાં-૬૯૮ વૃક્ષો પડી ગયા હતાં. તે પૈકી-૩૬૬ વૃક્ષો કાપી માલ ડેપો ઉપર લાવી હરાજીની પ્રક્રિયા શરૂ કરેલ છે જ્યારે-૩૩૨ વૃક્ષો કાપી માલ ડેપો ઉપર લાવવાની પ્રક્રિયા ચાલુ છે.

-----------

**ગ્રામ્ય કક્ષાએથી જમીન દફતરની નકલો ઓન લાઈન મળવા બાબત**

૨૨૫૬૯**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં ગ્રામ્ય કક્ષાએથી જમીન દફતરની નકલો ઓન લાઈન મળવાની સરકારની કોઈ યોજના છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજનાની શું વિગતો છે, અને

(૩) હાલ કેટલા ગામોમાં ગ્રામ્ય કક્ષાએથી નકલો મળે છે ?

**જવાબ**

(૧) ઇ-ગ્રામ અંતર્ગત ઓનલાઇન પધ્ધતિથી ૭/૧૨ના ઉતારા આપવા મહેસૂલ વિભાગે તા.૧૯-૬-૨૦૦૬ના પત્રથી સુચનાઓ પ્રસારિત કરેલ છે.

(૨) ઇ-ગ્રામ યોજના હેઠળ જે ગામે કનેક્ટીવીટી ઉપલબ્ધ કરાયેલ હોય તે ગામેથી માંગણી થયેથી, ઇ-ધરા અંતર્ગત જમીન દફતરની નકલો ઓનલાઇન મળી શકશે.

(૩) હાલ ૫૦૦ ઉપરાંત ગામોમાં ગ્રામ્ય કક્ષાએથી નકલો મળે છે.

-----------

**પગાર વિસંગતતા સમિતિનો અહેવાલ**

૨૧૬૪૬ **શ્રી દિલુભા ટે. ચુડાસમા(વડોદરા (ગ્રામ્ય) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારના કર્મચારીગણમાં વ્યાપ્ત પગાર વિસંગતતાના નિવારણ અર્થે નિમાયેલ પગાર વિસંગતા સમિતિનો અહેવાલ સરકારને ક્યારે પ્રાપ્ત થયો,

(૨) તેનો સૈધ્ધાંતિક સ્વીકાર ક્યારે કરાયો, અને

(૩) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ સમિતિના અહેવાલ અંગે લીધેલ કે લેવા ધારેલા પગલાંની વિગતો શું છે ?

**જવાબ**

(૧) તારીખ ૧૫-૫-૨૦૦૦ ના રોજ

(૨) તારીખ ૮-૩-૨૦૦૬ ના રોજ

(૩) આ અંગેની આનુષાંગિક કાર્યવાહી થઇ રહેલ છે.

-----------

**કલેક્ટર કચેરીમાં બાકી તુમારો**

૨૨૭૫૬ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ અમદાવાદ કલેકટર કચેરીમાં કેટલા તુમારો પડતર છે,

(૨) આ તુમારોમાં એક, બે અને ત્રણ વર્ષ ઉપરના કેટલા છે, અને

(૩) બાકી તુમારોનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ અમદાવાદ કલેકટર કચેરીમાં કુલ-૧૬૮ તુમારો પડતર હતા.

(૨) કુલ-૧૬૮ તુમારો પૈકી
(૧) એક થી બે વર્ષના-૧૯,
(૨) બે થી ત્રણ વર્ષના-૦૧
(૩) ત્રણ વર્ષ ઉપરના-૧૬

(૩) કુલ-૧૬૮ તુમારો પૈકી ૫૩ તુમારોનો નિકાલ થઇ જતાં ૧૧૫ તુમારો પડતર રહેલ છે, જે પૈકી કલેક્ટરશ્રીના અધિકાર ક્ષેત્રના ૮૧ તુમારોનો બે માસમાં નિકાલ કરવામાં આવશે તથા સરકારશ્રીના અધિકાર ક્ષેત્રના ૩૪ તુમારો પૈકી ૧૧ તુમારો સરકારશ્રીમાં મોકલી આપવામાં આવેલ છે. બાકી રહેતા ૨૩ તુમારો બે માસમાં સરકારશ્રીમાં મોકલી આપવામાં આવશે. તે કેસોનો બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે.

-----------

**જૂનાગઢ જિલ્લામાં વેચાણવેરાની આવક**

૨૨૧૮૦ ડૉ. **ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં વેચાણવેરા પેટે કેટલી આવક થઈ, અને | (૧) વેચાણ વેરા/વેટની આવક |

| ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ (તા.૩૧-૧-૦૭ સુધી) |
|---|---|
| ૧૩૬.૫૩ ક્રોડ. | ૧૩૮.૬૪ ક્રોડ. |

(૨) કેટલી રકમ હજુ વસુલ કરવાની બાકી છે ?

(૨)

| ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ (તા.૩૧-૧-૦૭ સુધી) |
|---|---|
| રૂા. ૧૫,૩૨,૦૦૦ | રૂા. ૯૩,૩૯,૧૨૭ |

-----------

**ટુકડા નિયંત્રણ ધારો રદ કરવા બાબત**

૨૨૪૫૯ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા ટુકડા નિયંત્રણ ધારો રદ કરવા માટે તેના સંકલ્પ પત્રમાં ઘોષણા કરવામાં આવી હતી, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો આ અંગે શી કાર્યવાહી કરવામાં આવી છે ? | (૨) આ બાબત વિચારણા હેઠળ છે. |

-----------

**મહેસૂલી પ્રશ્નોના ઉકેલના વેગ માટે કલેકટરોની મિટિંગ**

૨૨૮૮૩ **શ્રી કાંતિલાલ ર઼ા. લકુમ(બાવળા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસૂલી પ્રશ્નોના ઉકેલમાં વેગ આવે તે માટે કલેકટરોની રીજીયોનલ મીટીંગની પ્રથા શરુ થઈ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો આવી કેટલી મીટીંગો ક્યા ક્યા સ્થળે ક્યારે ક્યારે થઈ ? | (૨) આ પ્રકારની કુલ ૮ મિટિંગો યોજવામાં આવી છે. |

| ક્રમ | મિટિંગનું સ્થળ | તારીખ |
|---|---|---|
| ૧. | રાજકોટ | ૨૦-૦૭-૨૦૦૬ |
| ૨. | ગાંધીનગર | ૧૪-૦૯-૨૦૦૬ |
| ૩. | વડોદરા | ૨૧-૦૯-૨૦૦૬ |
| ૪. | સુરેન્દ્રનગર | ૧૨-૧૦-૨૦૦૬ |
| ૫. | અમદાવાદ | ૨૮-૧૧-૨૦૦૬ |
| ૬. | પંચમહાલ | ૦૬-૦૧-૨૦૦૭ |
| ૭. | જૂનાગઢ | ૧૮-૦૧-૨૦૦૭ |
| ૮. | આણંદ | ૦૬-૦૩-૨૦૦૭ |

-----------

**રાજ્ય સરકારે લીધેલ ઓવરડ્રાફ્ટ**

૨૨૬૭૫**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે કુલ કેટલીવાર ઓવરડ્રાફ્ટ લીધાં ક્યારે અને કેટલી રકમનાં, | (૧) શૂન્ય |

(૨) આ ઓવરડ્રાફ્ટો કેટલા સમય ગાળા માટે લીધાં, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ ઓવરડ્રાફ્ટોની સાથે રાજ્ય સરકારે ક્યારે અને કેટલી રકમોની વ્યાજની ચૂકવણી કરી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રસ્તાના દબાણ દૂર કરવાની ફરિયાદ**

૨૧૮૦૨**શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકા મામલતદારને તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રસ્તાના દબાણ દૂર કરવાની કેટલી ફરિયાદો મળી,

(૧) ૪ (ચાર)

(૨) આ પેકીની કેટલી ફરિયાદોમાં દબાણ દૂર કરવાના હુકમો કરવામાં આવ્યા,

(૨) ૨ (બે)
૨ (બે) કેસોમાં સમજૂતીથી દબાણ દુર કરાયેલ હોઈ, હુકમ કરવાની જરૂરીયાત જણાયેલ નથી.

(૩) જે હુકમ કરવામાં આવ્યા તે પેકીના કેટલા કેસોમાં હુકમનો અમલ કરાવી દબાણ દૂર કરાવવાના બાકી છે અને કેટલા સમયથી,

(૩) જે બે કેસોમાં દબાણ દૂર કરવાના હુકમો કર્યા છે તેના દબાણ દૂર કરવામાં આવ્યા છે.

(૪) જે હુકમોનો અમલ બાકી છે તેનો અમલ ન કરાવવાના તથા દબાણ દૂર ન કરાવવાના શા કારણો છે,

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) હુકમોનો અમલ કરાવવામાં વિલંબ કરનાર જવાબદાર અધિકારી/કર્મચારીઓ સામે પગલાં લેવા માગો છો, અને

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૬) કેટલા સમયમાં હુકમોનો અમલ કરાવી દબાણો દૂર કરાવવામાં આવશે ?

(૬) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**જેસર પંથકમાં સિંહોની સંખ્યા**

૨૨૦૬૬**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં જેસર પંથકમાં સિંહોની કુલ કેટલી સંખ્યા છે, અને

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ સિંહની કોઈ ગણતરી કરવામાં આવેલ નથી. જેથી જેસર પંથકમાં સિંહની કેટલી સંખ્યા છે તે કહી શકાય નહી. સને ૨૦૦૫માં સિંહ ગણતરી થયેલ હતી જેમાં ૧૪ સિંહની વસ્તીનો અંદાજ મળેલ.

(૨) આ વિસ્તારને રાજ્ય સરકાર અભયારણ્ય તરીકે વિકસાવવા માંગે છે કે કેમ ?

(૨) ભાવનગર જિલ્લામાં પાલીતાણા, મહુવા તથા તળાજા તાલુકાના ઘાસીયા મેદાનોમાં અભયારણ્ય થઈ શકે તે માટેની શક્યતા તપાસવામાં આવી રહી છે.

-----------

**ડાંગ અને નવસારી જિલ્લામાં આદિવાસીઓને જંગલની જમીન આપવા બાબત**

૨૧૫૭૩**શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ડાંગ અને નવસારી જિલ્લામાં સને ૧૯૮૦ પહેલાં જંગલની જમીન ખેડતા આદિવાસીઓને જંગલની જમીન આપવા માટે તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં ૯૮.૫૦ હેકટર તથા નવસારી જિલ્લામાં ૧૦૭૫.૬૯ હેકટર જંગલની જમીન નિયત બધ્ધ કરી આપવામાં આવેલ છે.

(૨) કેટલા પરિવારોને આવી જમીન આપવામાં આવી ?

(૨) ડાંગ જિલ્લામાં ૧૩૯ લાભાર્થીઓ તથા નવસારી જિલ્લામાં ૪૩૪૨ લાભાર્થીઓને જમીનની

સનદો આપવામાં આવેલ છે.

-----------

**મહેસૂલ વિભાગના વર્ગ-૧ ના કર્મચારીઓ ત્રણ વર્ષથી એક જ જગ્યાએ ફરજ બજાવવા બાબત**

૨૨૮૪૮ **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ મહેસૂલ વિભાગ હસ્તકના વર્ગ-૧ ના કેટલા કર્મચારીઓ સતત ત્રણ વર્ષ કરતા વધારે સમયથી એકજ જગ્યાએ ફરજ બજાવે છે, અને

(૨) સદર વર્ગ-૧ ના કર્મચારીઓની બદલી/બઢતીના શા નિયમો છે ?

**જવાબ**

(૧) ૬૧

(૨) (અ) બદલી અંગે સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૫-૧૧-૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક : ટીઆરએફ-૧૦૯૮-૧૪૩૨-ગ-૨થી માર્ગદર્શક સિધ્ધાંતો નક્કી કરેલ છે.

(બ) જમીન દફતર વર્ગ-૧ના ભરતી નિયમો મહેસુલ વિભાગના તા. ૧૦-૦૭-૧૯૭૦ના જાહેરનામા ક્રમાંક : જીએચએમ-૨૪૧૪-એમ/એસવીસી-૨૮૬૯-૬૭૭૮૧-હ

(૧) નાયબ ક્લેકટરના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૩૦-૧૦-૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક : જીએસ-૭૪-૧૯-જીએસસી-૧૦૬૯-જી તથા તા. ૨૪-૫-૧૯૭૬ના જાહેરનામા ક્રમાંક : જીએસ-૭૬-૧૧૧-જીએએસ-૧૦૬૯-ગ.૧.

(૨) સચિવાલય સંવર્ગના નાયબ સચિવશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૬-૦૯-૧૯૬૫ના જાહેરનામા ક્રમાંક : જીએસ-૨૮-સીઆરઆર-૧૧૬૫-જી, તથા સંયુક્ત સચિવશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૨-૦૯-૧૯૯૦ના જાહેરનામા ક્રમાંક : એસસીટી-૧૬૮૭(૧૭)-ગ-૨થી નક્કી કરવામાં આવેલ છે.

-----------

**સુરતમાં આવેલ પુરની આપત્તિ માટે ખર્ચ**

૨૧૮૦૫ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧ જાન્યુઆરી,૨૦૦૭ ની સ્થિતિએ સુરતમાં આવેલ પુરની આપત્તિ માટે કેન્દ્ર સરકારની કેટલી સહાય મળી ?

**જવાબ**

સુરત માટે કેન્દ્ર સરકારે કોઈ અલગ સહાય ફાળવેલ નથી. પરંતુ કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ નીચે મુજબની વિગતે સહાય મળી છે.

તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ

| ક્રમ | વર્ષ | રકમ રૂા. (કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૬-૦૭ | રૂા. ૭૯૨.૫૫૫૦ |
| કુલ | | રૂા. ૭૯૨.૫૫૫૦ |

-----------

**બારમા નાણાપંચની રકમની ફાળવણી**

૨૨૧૬૪**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્ય સરકારને ભારત સરકારે બારમા નાણા પંચમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં કેટલી રકમની ફાળવણી કરી ?

**જવાબ**

બારમા નાણા પંચના અહેવાલ પ્રમાણે રાજ્ય સરકારને ભારત સરકાર તરફથી નીચે મુજબ રકમ ફાળવી છે.

| વર્ષ | રકમ (રૂા. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૩૮૩૦.૪૦ |
| ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૧-૦૭ સુધી) | ૩૪૬૧.૯૭ |

**ભાવનગર શહેર ખાતે કામદારોને વી.આર.એસ. ની સ્કીમ અંગે**

૨૨૯૩૦ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર ખાતેની આલ્કોક એશડાઉન કાં. લી. ના કામદારોને બળજબરીપૂર્વક વી.આર.એસ. સ્કીમ સ્વીકારવા ફરજ પાડવામાં આવી રહી છે તેવી ફરિયાદ તાજેતરમાં રાજ્ય સરકારને મળી છે કે કેમ, અને

(૨) જો હા, તો તે અંગે રાજ્ય સરકારે શા પગલાંઓ લીધેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ અંગે તપાસ કરાવતાં ફરિયાદમાં કોઈ તથ્ય જણાયેલ નથી.

-----------

**રાજકોટ જિલ્લામાં જમીન સાંથણીમાં આપવા બાબત**

૨૧૮૨૦ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા લોકોને કેટલી જમીન સાંથણીમાં આપવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલા લશ્કરના જવાનોને જમીન આપવામાં આવી ?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજકોટ શહેરમાં અને જિલ્લામાં સરકારી જમીનો પર દબાણ/SB#**

૨૨૪૫૪**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજકોટ શહેર અને જિલ્લામાં જમીન કૌભાંડકારો દ્વારા કેટલી સરકારી જમીનો પર દબાણ કરવામાં આવેલ છે.

(૨) આવા દબાણો દૂર કરવા તંત્ર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા,

(૩) કેટલી જમીનનો કબજો પરત મેળવાયો,

(૪) બાકીના દબાણો કેટલા સમયમાં દૂર થશે

**જવાબ**

(૧)

| | ચો. મી. |
|---|---|
| રાજકોટ શહેર | ૧૦૪૫૦ |
| રાજકોટ જિલ્લો | ૧૬૧૮૮ |
| કુલ :- | ૨૬૬૩૮ |

(૨) લે.રે. કોડની કલમ-૬૧ હેઠળની કાર્યવાહી તેમજ અન્ય ન્યાયીક-અર્ધન્યાયીક કાર્યવાહી કરેલ છે.

(૩)

| | ચો. મી. |
|---|---|
| રાજકોટ શહેર | ૫૮૩૬ |
| રાજકોટ જિલ્લો | ૩૫૦૦ |
| કુલ :- | ૯૩૩૬ |

(૪) બાબત ન્યાયની અદાલતમાં પડતર છે તેથી

| | |
|---|---|
| અને આ માટે કોઇ એક્શન પ્લાન બનાવેલ છે કે કેમ, અને | અદાલતનો નિર્ણય આવ્યેથી ઉક્ત નિર્ણયને આધીન આગળની કાર્યવાહી હાથ ધરી શકાય. |
| (૫) દબાણકર્તા સામે શાં પગલાં લેવાયા ? | (૫) સાત ઈસમોની સામે પાસા હેઠળ અટકાયત કરવામાં આવેલ તેમજ તેઓ સામે પોલીસ ફરિયાદ દાખલ કરી ફોજદારી કાર્યવાહી હાથ ધરેલ છે. |

-----------

**વન વિભાગ દ્વારા પર્યાવરણ પ્રવાસન માટેની નીતિ**

૨૧૫૨૯**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર(મેઘરજ): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વન વિભાગ દ્વારા પર્યાવરણીય પ્રવાસન માટે નીતિ બનાવવામાં આવનાર છે તે હકીક્ત સાચી છે, અને | (૧) રાજ્ય સરકારે તા. ૩૧-૧-૦૭ ના ઠરાવથી "ગુજરાત પર્યાવરણીય પ્રવાસન નીતિ" જાહેર કરેલ છે. |
| (૨) જો હા, તો આ નીતિ મુજબ "ભિલોડા" તાલુકાના ""પોરાના જંગલો"" નો સમાવેશ કરવાનું સરકારે વિચારેલ છે કે કેમ ? | (૨) ભિલોડા તાલુકામાં પોરાના જંગલો નથી પરંતુ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના "પોળો" જંગલોનો સમાવેશ આ નીતિ હેઠળ કરવામાં આવ્યો છે. |

-----------

**ભરૂચ જિલ્લામાં સ્થાનિક બેરોજગારોને રોજગારી**

૨૨૯૦૨ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) શ્રમ વિભાગના કાયદા અનુસાર રાજ્યમાં સ્થપાયેલ ઉદ્યોગોમાં સ્થાનિક બેરોજગારોને રોજગારી આપવા તેમજ જમીન સંપાદન કરેલ અસરગ્રસ્તોને રોજગારી આપવાના નિયમો છે તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો સન ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં તા.૩૧-૧-૨૦૦૭ સુધીમાં ભરૂચ જિલ્લામાં ક્યા ક્યા ઉદ્યોગોએ તેનો ભંગ કરેલ છે, તે માટે શ્રમ વિભાગ દ્વારા ક્યારે ક્યારે ચકાસણી કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) શ્રમ વિભાગના આ નિયમોનો ભંગ કરતા ક્યા ક્યા પ્રકારના પગલાંઓ તે અન્વયે લેવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**રાજ્યમાં ગામ નમૂના નં-૭/૧૨ તથા ૮-અ નું કોમ્પ્યુટરાઇઝેશન**

૨૨૮૮૭ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ સમગ્ર રાજ્યમાં ગામ નમૂના નં-૭/૧૨ તથા ૮-અ નું કોમ્પ્યુટરાઇઝેશન કરવાની ઇ-ધરા યોજનાથી ૨૨૫ ઇ-ધરા કેન્દ્રો શરુ થયા છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કેન્દ્ર ઉપરથી અપાતી કોમ્પ્યુટર નક્લની નિયત ફીમાં કોઇ ઘટાડો કર્યો છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કેટલો અને ક્યારે કર્યો ? | (૩) મહેસુલ વિભાગના તા. ૩૦-૮-૨૦૦૫ના |

જાહેરનામાથી અગાઉની રૂા. ૧૫/-ની ફી ઘટાડીને રૂા. ૫/- કરવામાં આવેલ છે.

-----------

**હાલોલ તાલુકાના નુરપુરા સેજાની જમીન**

૨૨૦૬૩**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ હાલોલ તાલુકાના નુરપુરા સેજાના સર્વે નં.૨૯/૨ ની જમીનની શું સ્થિતિ છે, | (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ હાલોલ તાલુકાના નુરપુરા સેજાના સ.નં. ૨૯/૨ની જમીનને બિનખેતી પરવાનગી આપેલ છે, પણ તેની નોંધ રેવન્યુ રેકર્ડમાં જ્યાં સુધી પ્રિમિયમ વસુલ ન થાય ત્યાં સુધી નહીં કરવા સુચના આપેલ છે. |
| (૨) આ જમીનને બીનખેતીની પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો ક્યારે આપેલ છે, અને | (૩) તા. ૧૮-૮-૨૦૦૬ના રોજ |
| (૪) અને બીનખેતીની પરવાનગી આપતા પહેલા કોઇ પ્રિમીયમ વસુલ લેવામાં આવેલ છે કે કેમ ? | (૪) પ્રિમિયમ વસુલ કરવા અંગે કાર્યવાહી ચાલુ છે, સંબંધિત જિલ્લા વિકાસ અધિકારી, પંચમહાલનો ખુલાસો માંગવામાં આવ્યો છે. |

-----------

**વારસાઇ એન્ટ્રી પાડવા બાબત**

૨૨૦૧૪ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર તા.૧-૧-૦૫ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીનાં બે વર્ષમાં કેટલી વારસાઇ એન્ટ્રી પાડવામાં આવી,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ વારસાઇ એન્ટ્રી |
|---|---|
| વઢવાણ | ૫૮૬ |
| લીંબડી | ૭૧૮ |
| સાયલા | ૨૯૭ |
| ચોટીલા | ૪૮૪ |
| મુળી | ૪૩૭ |
| ચુડા | ૩૧૧ |
| ધ્રાંગધ્રા | ૪૫૯ |
| હળવદ | ૫૬૮ |
| પાટડી | ૭૦૬ |
| લખતર | ૩૫૩ |
| કુલ | ૪૯૧૯ |

(૨) તે પૈકી ચોટીલા અને સાયલામાં બે વર્ષમાં કેટલી વારસાઇ એન્ટ્રી પાડવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ વારસાઇ એન્ટ્રી |
|---|---|
| ચોટીલા | ૪૮૪ |
| સાયલા | ૨૯૭ |
| કુલ | ૭૮૧ |

(૩) તે પૈકી કેટલી મંજૂર/નામંજૂર અને બાકી એન્ટ્રીઓ રહી ?

(૩)

| | |
|---|---|
| મંજુર કરેલ એન્ટ્રીઓ | ૬૯૪ |
| નામંજુર કરેલ એન્ટ્રીઓ | ૨૬ |
| બાકી એન્ટ્રીઓ | ૬૧ |

-----------

**જામનગર તાલુકામાં ખેતી સહકારી મંડળીને જમીન ફાળવવા બાબત**

૨૧૪૩૦૭ડૉ. **દિનેશ પરમાર (જામનગર રૂરલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જામનગર તાલુકામાં કુલ કેટલી અનુસૂચિત જાતિની ખેતી સહકારી મંડળીઓએ તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ખેતીની જમીન માટે માંગણી કરેલ છે, | (૧) એક પણ નહીં. |
| (૨) તે પૈકી કુલ કેટલી ખેતી સહકારી મંડળીઓને ખેતીની જમીન ફાળવવામાં આવી, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલી ખેતી સહકારી મંડળીઓની ખેતી માટે જમીન સાંથણીમાં ફાળવવામાં આવી નથી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) બાકી રહેલ ખેતી સહકારી મંડળીઓને ક્યારે કેટલા સમયમાં જમીન સાંથણીમાં ફાળવવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**જુનાગઢ જિલ્લામાં કાર્યરત ઓદ્યોગિક તાલીમ કેન્દ્રો**

૨૧૯૬૦**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય શ્રમ અને રાજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કુલ કેટલા ઓદ્યોગિક તાલીમ કેન્દ્રો કાર્યરત છે, | (૧) ૦૪. |
| (૨) આ કેન્દ્રોમાં ક્યા ક્યા પ્રકારની તાલીમ આપવામાં આવે છે, અને | (૨) આ કેન્દ્રોમાં સ્ટેનોગ્રાફી (અંગ્રેજી અને ગુજરાતી) ઓટોમોબાઇલ, ઇલેકટ્રીક્લ, ડ્રાફ્ટસમેન, સિવિલ, રેફ્રીઝરેશન, કોમ્પ્યુટર ડ્રેસમેકીંગ, ઇલેક્ટ્રોનીક્સ, વેલ્ડર વગેરે વિવિધ પ્રકારની તાલીમ આપવામાં આવે છે. |
| (૩) આ તાલીમ કેન્દ્રોમાં જેમાં રોજગારીની તકોની વધુ ઉપલબ્ધિઓ છે તેવા ક્યા ક્યા નવા ટ્રેડ અંગે તાલીમ આપવા સરકાર વિચારી રહી છે ? | (૩) આ તાલીમ કેન્દ્રો ખાનગી સંસ્થાઓ દ્વારા સંચાલિત છે. જેથી આ કેન્દ્રોમાં ક્યા ક્યા નવા ટ્રેડ ચાલુ કરવા તે જે તે ખાનગી સંસ્થાનાં સંચાલક મંડળ નક્કી કરે છે. |

-----------

**પંચમહાલ જિલ્લામાં વૃક્ષોનું વાવેતર**

૨૨૫૮૧**શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન તા. ૩૧-૧-૦૭ સુધીમાં પંચમહાલ જિલ્લામાં કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું અને | (૧) કુલ-૨૬.૮૩ લાખ રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂા. ૫૫૨.૬૪ લાખનો ખર્ચ થયેલ છે. |

-----------

**વેટના અમલથી સરકારની આવકમાં વધારો**

૨૨૯૦૬**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વેટના અમલથી સરકારની આવકમાં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો વધારો થયો છે, અને | (૧) ૨૮.૨૪ ટકા. |
| (૨) સરકાર આ બાબતમાં ખેડૂતો અને વેપારીઓને કોઇ રાહત આપવા માગે છે ? | (૨) એમ્પાવર્ડ કમીટીના નિર્ણયોની મર્યાદા તથા રાજ્યના હિતને ધ્યાને લઇ, ખેડૂતો અને વેપારીઓને, જરૂર જણાયે સુધારાઓ/રાહત સરકારે જાહેર કરેલ છે. |

-----------

**સરકારી પડતર જમીનો ઉપર દબાણો**

૨૧૫૭૨ **શ્રી મનીષ ન. ગીલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ સુરત જિલ્લાના મોજે બામરોલી (વડોદ) તા. ચોર્યાસી ઉપર સરકારી પડતર જમીનો ઉપર દબાણો કેટલા છે, અને | (૧) શૂન્ય. |
| (૨) આ દબાણો દૂર કરવા સરકારે શાં પગલાં લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**અસરગ્રસ્તોને સહાય ચૂકવવા બાબત**

૨૧૯૫૫ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદ અને પૂરના કારણે અસરગ્રસ્તોને સહાય ચૂકવવામાં ભેદભાવ ભરી નીતિ રખાયેલ છે તેવી કેટલી ફરિયાદ તા. ૩૧-૧-૦૭ સુધીમાં સરકારને મળી, અને | (૧) ભેદભાવભરી નીતિવાળી કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) કેટલાક ગામોના અસરગ્રસ્તોને હજુ સહાય ન ચૂકવવાના કારણો શા છે? | (૨) સહાય ચૂકવવાની બાકી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**અમદાવાદ શહેરમાં નોંધાયેલા શિક્ષિત બેરોજગારો**

૨૨૪૫૧**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ | | |
|---|---|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં નોંધાયેલા કેટલા શિક્ષિત બેરોજગારો છે, | (૧) | ૫૬૨૪૬. | |
| (૨) આ નોંધાયેલ બેરોજગારોમાંથી સરકારી અને બિન સરકારી સેવાઓ માટે કેટલા બેરોજગાર યુવાનોને નોકરી માટે ઈન્ટરવ્યુ માટે વર્ષ ૨૦૦૫-૦૬ માં બોલાવવામાં આવ્યા, | (૨) | સરકારી<br>બિન સરકારી | ૮૫૬<br>૯૦૪૧ |
| (૩) આવા ઈન્ટરવ્યુ પત્ર ઈસ્યુ કરવામાં આવેલા ઉમેદવારોમાંથી આ જ સમય ગાળા દરમ્યાન કેટલા યુવાનોને સરકારી/ખાનગી ક્ષેત્રમાં નોકરી પ્રાપ્ત થઈ, અને | (૩) | સરકારી<br>બિન સરકારી | ૨૪<br>૬૮૫૭ |
| (૪) વર્ષ ૨૦૦૫-૦૬ તથા સન ૨૦૦૬-૦૭માં તા. ૩૧, ડીસેમ્બર, ૦૬ સુધીમાં અમદાવાદ શહેરમાં કેટલા નવા શિક્ષિત બેરોજગાર નોંધાયા? | (૪) | ૨૦૦૫-૦૬<br>૩૧-૧૨-૨૦૦૬ સુધી | ૧૧૮૦૩<br>૧૦૫૧૬ |

-----------

**સેલ્સટેક્ષમાં મોટા એકમોને રાહત આપવા બાબત**

૨૨૮૪૬ **ડૉ. સી. જે. ચાવડા(ગાંધીનગર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સેલ્સટેક્ષમાં નિરમા, એસ્સાર, રિલાયન્સ, અદાણી, કેડીલા, ઝાયડસ વિગેરે મોટા એકમોને વર્ષવાર કેટલી રાહત આપી,<br>(૨) રાહત આપવાના કારણો શાં છે, અને<br>(૩) સરકારશ્રીના ક્યા પરિપત્રના અનુસંધાને રાહત આપી? | (૧) (૨) અને (૩) રાજ્ય સરકાર ધ્વારા ઉદ્યોગોને ભરવાપાત્ર થતાં વેચાણવેરા/વેટમાં કોઈ રાહત આપવામાં આવતી નથી. |

-----------

**વેચાણવેરાની બાકી રકમ વસુલ કરવા બાબત**

૨૧૯૯૫ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકિય વર્ષ ૨૦૦૫-૦૬માં કચ્છ જિલ્લામાં વેચાણવેરાની કેટલી રકમ વસુલ કરવામાં આવી, | (૧) રૂ. ૫૮.૩૩ કરોડ (અપીલના ઘટાડા સાથે) |
| (૨) બે વર્ષથી વધુ સમયથી બાકી હોય તેવી કેટલી રકમ છે, અને | (૨) ૩૦૬.૩૫ કરોડ. |
| (૩) આ બાકી રકમ ઝડપથી વસુલ કરવા સરકારે શાં પગલાં લીધા? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા તેમજ જમીન મહેસુલ કાયદા હેઠળ પગલા લીધેલ છે. |

-----------

**વન વિભાગના અધિકારીઓ લાંચ લેતા પકડાવા બાબત**

૨૧૬૪૯ **શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન વિભાગના અધિકારીઓ લાંચ લેતા પકડાયેલ હોવા છતાં નોકરીએ ચાલુ હોય એવા કેસ સરકારના ધ્યાને છે કે કેમ, | (૧) અમુક આક્ષેપિત અધિકારીઓ ફરજ પર છે. |
| (૨) જો હા, તો કેટલા અધિકારીઓ લાંચના કેસમાં સામેલ હોવા છતાં નોકરીએ ચાલુ છે, અને | (૨) વર્ગ-૨ના ત્રણ અધિકારીઓ. |
| (૩) આ વન વિભાગના લાંચ લેતા પકડાયેલ અધિકારીઓ ઉપર સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે ? | (૩) નિયમઅનુસારની કાર્યવાહી કરવામાં આવે છે. |

-----------

**હિસાબ અને તિજોરી ખાતામાં વર્ગ-૧ની જગ્યાઓ**

૨૨૬૭૮**શ્રીમતી રમીલાબેન ર. દેસાઈ(ખેરાલુ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ અંતિત રાજ્યમાં હિસાબ અને તિજોરી ખાતામાં વર્ગ-૧ ની કુલ કેટલી જગ્યાઓ છે, | (૧) વર્ગ-૧ની કુલ ૧૮૮ જગ્યાઓ છે. |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને, | (૨) તે પૈકી ૫૯ જગ્યાઓ ખાલી છે. |
| (૩) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શાં પગલાં લીધેલ છે ? | (૩) નિયામક, સંયુક્ત નિયામક અને નાયબ નિયામકની જગ્યાઓ બઢતીથી ભરવા માટેની કાર્યવાહી ચાલી રહી છે. હિસાબી અધિકારીની ૧૭ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માંગણી પત્રક મોકલેલ છે અને બઢતીથી ભરવાપાત્ર જગ્યાઓ માટે પસંદગીયાદી તૈયાર કરવા કાર્યવાહી ચાલી રહી છે. |

-----------

**મહેસાણા જિલ્લામાં સરકારી પડતર જમીન પંચાયતોને સુપ્રત કરવા બાબત**

૨૨૯૧૬ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા અને કયા કયા ગામોની સરકારી પડતર જમીન ગ્રાન્ટ કરવા માટેના જાહેરનામા પ્રસિધ્ધ કરવામાં આવ્યા, કેટલી જમીન ગ્રાન્ટ કરવામાં આવી, અને | (૧) સામેલ પત્રક મુજબ ૩૨ ગામોની સરકારી પડતર જમીન ગ્રાન્ટ કરવા માટેના જાહેરનામા પ્રસિધ્ધ કરવામાં આવ્યા. કુલ હે.આરે. ૩૬૪-૮૪-૮૯ ચો.મી. જમીન સાંથણી અન્વયે ગ્રાન્ટ કરવામાં આવેલ છે. |

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. | સવાલા | ૧૭ | એઠોર |
| ૨. | બોકરવાડા | ૧૮. | ડાભી |
| ૩. | કડા | ૧૯. | ઉમરી |

| | | | |
|---|---|---|---|
| ૪. | વાલમ | ૨૦. | સુદાસણા |
| ૫. | કરબટીયા | ૨૧. | ચલુવા |
| ૬. | ખતોડા | ૨૨. | આદીવાડા |
| ૭. | વલાસણા | ૨૩. | ડોડીવાડા |
| ૮. | જાસ્કા | ૨૪. | સાંપાવાડા |
| ૯. | વઘવાડી | ૨૫. | જેતપુર |
| ૧૦. | આંબાવાડા | ૨૬. | છટાસણા |
| ૧૧. | પાન્છા | ૨૭. | કરણસાગર |
| ૧૨. | ડભોડા | ૨૮. | વેણપુરા |
| ૧૩. | મહેકુબપુરા | ૨૯. | સુરપુરા |
| ૧૪. | અરઠી | ૩૦. | નંદાણ |
| ૧૫. | વરેઠા | ૩૧. | જાદવપુરા |
| ૧૬. | વણાગલા | ૩૨. | સેંદરડી |

(૨) ગ્રામ પંચાયતોને મફત ગાળા માટે જરૂરી હોય તેવી જમીન ગ્રામ પંચાયતોને સુપ્રત કરવા માગો છો કે કેમ ? આ પ્રકારની કેટલી માંગણી સરકારને મળી? શું નિર્ણય કરવામાં આવ્યો?

(૨) હા, જી.
આ પ્રકારની જમીન મળવા અંગેની માંગણી થયેથી મંજૂર કરવામાં આવે છે. કોઈ માંગણી પડતર નથી.

-----------

**વન તલાવડી બનાવવા બાબત**

૨૧૫૮૯ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વન વિભાગ દ્વારા તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વઢવાણ તાલુકામાં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવી, અને
(૨) આ કામો માટે કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) એક પણ વન તલાવડી બનાવવામાં આવેલ નથી.
(૨) વન તલાવડી બનાવવામાં આવેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**કન્યા આદર્શ નિવાસી શાળાનું બાંધકામ**

૨૨૧૮૭ **શ્રી મહેશભાઈ છો. વસાવા(દેડિયાપાડા) :** માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વ્યારા તાલુકાના ટીચકપુરા ગામની કન્યા આદર્શ નિવાસી શાળાનું બાંધકામ ક્યારે અને કઈ એજન્સી દ્વારા કરવામાં આવ્યું,

(૨) આ નિવાસી શાળાની આજુબાજુ કેટલીક પત્થર તોડવાની ક્વોરીઓ આવેલી છે અને તેના દ્વારા બ્લાસ્ટીંગ કરવામાં આવે છે તેના કારણે આજુબાજુના રહેણાંક અને ઓદ્યોગિક વિસ્તારને મકાનોને નુકસાન થાય છે તે અંગે સરકાર જાણે છે, અને
(૩) જો હા, તો આ અટકાવવા સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે?

**જવાબ**

(૧) આદર્શ નિવાસી શાળાના મકાનના બાંધકામનું કામ પ્રથમ એજન્સી શ્રી એસ. ડી. પટેલએ અધુરૂં છોડેલ, જે મેસર્સ ઓરિએન્ટલ બિલ્ડર્સ સુરત દ્વારા તા. ૧-૪-૯૪થી પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે કન્યા છાત્રાલયના મકાનનું બાંધકામ પ્રથમ એજન્સી ગુજરાત સ્ટેટ કન્સ્ટ્રકશન કું., ગાંધીનગરએ અધુરૂ છોડેલ, જે શિવ કન્સટ્રકશન કું., સુરત દ્વારા તા. ૧-૮-૯૪થી પૂર્ણ કરવામાં આવેલ છે.
(૨) નિવાસી શાળાની આજુબાજુ કોઈ ક્વોરી આવેલ નથી તેમજ બિન અધિકૃત ખાણકામ થતું નથી, જેથી બ્લાસ્ટીંગ કરવાનો તેમજ તેના કારણે આજુબાજુના રહેણાંક અને ઓદ્યોગિક વિસ્તારના મકાનોને નુકસાન થવાનો પ્રશ્ન થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

### વન્યપ્રાણીઓ દ્વારા મનુષ્યને ઈજા

૨૨૭૯૨ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં વન્ય પ્રાણીઓ દ્વારા મનુષ્યોને ઈજા પહોંચાડવાના કેટલા કિસ્સાઓ ધ્યાન પર આવેલ છે, | (૧) ૭ (સાત). |
| (૨) ઈજા પામેલ મનુષ્યને સરકાર દ્વારા વળતર આપવામાં આવે છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) હિંસક પ્રાણીઓ દ્વારા થતાં હુમલાઓ અટકાવવા કેવા પ્રકારનું આયોજન છે? | (૩) નીચે મુજબનું આયોજન છે.<br>૧. પ્રાકૃતિક શિક્ષણ શિબિરના કેમ્પ યોજી વન્ય પ્રાણી વિશેની અગત્યતાની સમજ આપવામાં આવે છે.<br>૨. ગ્રામસભાઓ યોજી લોકોમાં વન્ય પ્રાણી વિશે જાગૃતતા લાવવામાં આવે છે.<br>૩. વન્ય પ્રાણીની રંજાડ થતી હોવાના સમાચાર મળ્યેથી તાત્કાલિક રંજાડ અટકાવવાના પગલાં લેવામાં આવે છે તથા જરૂર જણાય તો વન્ય પ્રાણીને પકડી લેવામાં આવે છે. |

-----------

### આદર્શ નિવાસી શાળાનું મકાન ભયજનક હાલતમાં હોવા બાબત

**૨૮૩/page>૨૧૫૭૪શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં વઘઈ ખાતે આવેલ આદર્શ નિવાસી શાળાનું મકાન ભયજનક હાલતમાં છે તે સરકાર જાણે છે, | (૧) હા,જી. |
| (૨) જો હા, તો આ ભયજનક મકાનની મરામત કામગીરી માટે શું આયોજન કરવામાં આવ્યું, અને | (૨) આદર્શ નિવાસી શાળાના છાત્રાલયના મકાનના ક્ષતિગ્રસ્ત દાદરવાળા બ્લોકને ઉપયોગ માટે બંધ કરેલ છે તથા વૈકલ્પિક વ્યવસ્થા તરીકે જુદો લોખંડનો દાદર બનાવી મકાનનો ઉપયોગ કરવામાં આવે છે તેમજ ક્ષતિગ્રસ્ત ટેરેસ સ્લેબના રેઈનફોર્સમેન્ટની સ્થિતિ ધ્યાને લઈ ત્રીજો માળ ઉપયોગમાં લેવાનું બંધ કરેલ છે તેમજ સ્લેબ ઉતારી લેવા ઘટિત કાર્યવાહી હાથ ધરાયેલ છે. મકાનની મરામત માટે નકશા અંદાજ તૈયાર કરવામાં આવ્યા છે. |
| (૩) કેટલા સમયમાં તે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) શક્ય તેટલી ત્વરાથી મરામતની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. |

-----------

### સોનગઢ તાલુકામાં ચાલતી પેપરમીલને વાંસ કાપવાની પરવાનગી

૨૨૮૪૨ ડૉ. **અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના સોનગઢ તાલુકામાં ચાલતી પેપરમીલ માટે જુદા જુદા તાલુકાઓમાંથી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કુલ કેટલો વાંસ આપ્યો, | (૧) સુરત જિલ્લાના સોનગઢ તાલુકામાં ચાલતી પેપરમીલ માટે જુદા જુદા તાલુકાઓમાંથી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આપવામાં આવેલ વાંસના ટુકડાની વિગત નીચે મુજબ છે. |

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ૨૦૦૪-૦૫ (મે.ટન) | ૨૦૦૫-૦૬ (મે.ટન) | ૨૦૦૬-૦૭ (જાન્યુ. ૦૭ અંતિત) (મે.ટન) |
|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ધરમપુર | ૭૯.૭૯૦ | ૧૧૦૭.૬૪૦ | ૮૨૫.૨૯૦ |
| | | કપરાડા | ૦.૦૦૦ | ૨૦.૦૩૦ | ૦.૦૦૦ |
| | નવસારી | વાંસદા | ૧૧૦.૮૩૦ | ૬૫.૬૭૦ | ૧૮.૧૯૦ |
| | ડાંગ | આહવા | ૨૬૫૧૯.૪૯૦ | ૧૪૭૩૨.૬૭૦ | ૨૯૨૧.૭૩૦ |
| | સુરત | માંડવી | ૧૬૭૯.૬૦૦ | ૫૦૪૪.૦૧૦ | ૧૩૮૧.૦૦૦ |
| | | માંગરોલ | ૦.૦૦૦ | ૮૦૬.૭૬૦ | ૫૩૦.૦૦૦ |
| | | ઉમરપાડા | ૪૩૯૯.૬૭૦ | ૩૫૨.૮૬૦ | ૩૦૬.૦૦૦ |
| | | વ્યારા | ૨૭૬૦.૫૬૦ | ૬૮૫૩.૫૬૦ | ૩૪૪૧.૫૨૦ |
| | | મહુવા | ૦.૦૦૦ | ૨૦૭૪.૩૨૦ | ૭૭.૮૨૦ |
| | | સોનગઢ | ૫૧૪૬૧.૧૦૦ | ૪૦૫૦૮.૯૮૦ | ૧૭૪૬૩.૧૩૦ |
| | | ઉચ્છલ | ૩૯૩૮.૬૪૦ | ૨૬૧.૨૧૦ | ૦.૦૦૦ |
| | ભરૂચ | વાલીયા | ૫૩૬.૭૬૦ | ૧૬૦૪.૯૭૦ | ૬૨.૦૦૦ |
| | | ઝઘડિયા | ૧૦૮.૧૨૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| | નર્મદા | સાગબારા | ૧૭૩.૦૦૦ | ૯૩૨.૪૭૦ | ૩૬.૭૧૦ |
| | | દેડીયાપાડા | ૬૪૫.૦૦૦ | ૨૧૮.૨૪૦ | ૫૧.૦૮૦ |
| | | નાંદોદ | ૧૧૦૯.૪૫૦ | ૭૩૧.૪૮૦ | ૩૧.૭૮૦ |
| | | કુલ... | ૯૩૫૨૨.૦૧૦ | ૭૫૩૧૪.૮૭૦ | ૨૭૧૪૬.૨૫૦ |

(૨) જંગલમાંથી વાંસ કાપવાની પરવાનગી છેલ્લા કેટલા સમયથી પેપર મીલવાળાને આપેલ છે, અને

(૨) છેલ્લા ૪૭ વર્ષથી આવી પરવાનગી અપાય છે.

(૩) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર સરકારને આ વાંસમાંથી કુલ કેટલી આવક થઈ ?

(૩) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરકારને આ વાંસ ટૂકડામાંથી રોયલ્ટી પેટે નીચે મુજબ આવક થયેલ છે.

| ક્રમ | વર્ષ | સી.પી.એમ.ને આપેલ વાંસ ટૂકડામાંથી મળેલ રોયલ્ટી રૂા. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| (૧) | ૨૦૦૪-૦૫ | ૨,૬૮,૩૪,૦૦૫ |
| (૨) | ૨૦૦૫-૦૬ | ૩,૩૫,૯૭,૩૧૨ |
| (૩) | ૨૦૦૬-૦૭ (જાન્યુ.-૦૭ અંતિત) | ૧,૮૦,૦૦,૦૦૦ (એડવાન્સ તરીકે) |
| | કુલ : | ૭,૮૪,૩૧,૩૧૭ |

-----------

## અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિમાં થયેલ નુક્સાન તથા વળતર

૨૨૭૫૩ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૦૫-૨૦૦૬ અને વર્ષ ૨૦૦૬-૨૦૦૭માં તા. ૩૧, જાન્યુઆરી, ૨૦૦૭ સુધીમાં અતિવૃષ્ટિમાં થયેલ નુક્સાનના વળતર તથા સહાય પેટે કુલ કેટલી રકમ, ક્યા ક્યા હેતુ માટે મંજૂર કરવામાં આવેલ છે,

(૨) તે પેકી કુલ કેટલી રકમ લાભાર્થીઓને ચુકવવામાં આવેલ છે,

(૩) કેટલી રકમ ચુકવવાની બાકી છે, અને

(૪) ચુકવણી બાકી રહેવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) કુલ રૂા. ૨૫૦-૦૦ લાખ માનવ મૃત્યુ સહાય. કેશડોલ્સ, ઘરવખરી, ઝૂંપડા/મકાન સહાય અને પશુ મૃત્યુ પેટે મંજુર કરવામાં આવેલ છે.

(૨) રૂા. ૨૨૩.૦૭ લાખ

(૩) રૂા. ૧૪.૮૩ લાખ

(૪) સહાય ચુકવાની કાર્યવાહી ચાલુ છે.

-----------

## વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં થયેલ મૃત્યુ કે ઈજાની માહિતી

૨૦૬૧૮**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં સન ૨૦૦૫-૨૦૦૬ના કેલેન્ડર વર્ષમાં કેટલા કામદારોના મૃત્યુ થયા,કેટલા ઘાયલ થયા, અને

(૨) મૃત્યુ થયેલ કામદારોને ક્યા એકમો ધ્વારા ખાસ વળતર આપવામાં આવ્યું ?

**જવાબ**

(૧)

| વર્ષ | મૃત્યુ | ઘાયલ |
|---|---|---|
| ૨૦૦૫ | ૨૦ | ૩૯ |
| ૨૦૦૬ | ૨૦ | ૫૭ |

(૨) પત્રક-અ અને બ મુજબ.

**પત્રક-અ (વર્ષ-૨૦૦૫)**

| અનુ. નંબર | કારખાનાનું નામ |
|---|---|
| ૧ | શાહ પેપર્સ મીલ્સ લી., વાપી |
| ૨ | કૃતિ કેમીકલ્સ, વાપી |
| ૩ | ખેરાણી પેપર્સ મીલ્સ પ્રા. લી. વાપી |
| ૪ | માઇક્રો ઇન્ક લી. વાપી |
| ૫ | હેમાણી ઈન્ટરમીડીએટસ પ્રા. લી. વાપી |
| ૬ | રૂબી મેકોન્સ લી. વાપી |
| ૭ | સોના ઈન્ટરકેમ પ્રા. લી. વાપી |
| ૮ | યશો ઈન્ડસ્ટ્રીઝ લી., વાપી |
| ૯ | ભાવના ઈન્ડસ્ટ્રીઝ વાપી |
| ૧૦ | ક્રિએટીવ ટેક્ષટાઈલ મીલ્સ પ્રા. લી. વાપી |
| ૧૧ | સુમન પેપર એન્ડ બોર્ડ લી. વાપી |
| ૧૨ | કેમોડીસ્ટ ઈન્ડસ્ટ્રીઝ લી., વાપી |
| ૧૩ | એન. આર. અગરવાલ ઈન્ડસ્ટ્રીઝ લી. વાપી |
| ૧૪ | બિલાગ ઈન્ડસ્ટ્રીઝ લી. વાપી |
| ૧૫ | દમણગંગા પ્રોસેર્સ લી., ઉમરગામ |
| ૧૬ | પરમટેક્ષ, ઉમરગામ |
| ૧૭ | અતુલ લી. અતુલ |
| ૧૮ | સીડમેક લેબોરેટરીઝ ઈન્ડીયા પ્રા. લી. અબ્રામા, વલસાડ |

**પત્રક-બ (વર્ષ-૨૦૦૬)**

| અનુ. નંબર | કારખાનાનું નામ |
|---|---|
| ૧ | ગાયત્રી શક્તિ પેપર્સ એન્ડ બોર્ડસ લી., વાપી |
| ૨ | સમરીકા ઈન્ડસ્ટ્રીઝ વાપી |
| ૩ | બિલાગ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી. વાપી |
| ૪ | ધીરજ ઈન્ટરમીડીએટસ પ્રા. લી. વાપી |
| ૫ | ક્રિસ્ટલ કેમીકલ ઈન્ડ વાપી |
| ૬ | બેસ્ટ પેપર મીલ્સ પ્રા. લી. વાપી |
| ૭ | વાય એસ ઈન્ડસ્ટ્રીઝ વાપી |
| ૮ | આલોક ઈન્ડસ્ટ્રીઝ લી. પારડી |
| ૯ | ચંદન સ્ટીલ લી. ઉમરગામ |
| ૧૦ | જી. એસ.સી.એલ.લી. ઉમરગામ |
| ૧૧ | સતલજ ઈન્ડસ્ટ્રીઝ લી. ઉમરગામ |
| ૧૨ | આશા સેલ્યુલોઈડ અબ્રામા, વલસાડ |
| ૧૩ | વલસાડ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. વલસાડ |

## જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની અરજીઓ

૨૨૩૭૬ **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં ક્યા ક્યા તાલુકામાં જમીનને નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવાની તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|
| રાજકોટ શહેર | ૦૦ |
| રાજકોટ તાલુકા | ૪૬ |
| જસદણ | ૨૫ |
| લોધીકા | ૨૩ |
| કોટડાસાંગાણી | ૩૦ |
| ગોંડલ | ૩૭ |

| | |
|---|---|
| ધોરાજી | ૦૭ |
| ઉપલેટા | ૫૯ |
| જેતપુર | ૦૫ |
| જામકંડોરણા | ૧૧ |
| માળીયા | ૧૪ |
| વાંકાનેર | ૫૮ |
| ટંકારા | ૦૯ |
| પડધરી | ૬૯ |
| મોરબી | ૦૩ |
| કુલ | ૩૯૬ |

(૨) આવેલ અરજીઓમાંથી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને — (૨) ૩૪૭.

(૩) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવા માંગો છો ? — (૩) સત્વરે.

-----------

**ફ્રેન્કીંગ મશીનથી સ્ટેમ્પનું વેચાણ**

૨૨૫૭૨**શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ફ્રેન્કીંગ મશીનથી સ્ટેમ્પનું વેચાણ કરવાની રાજ્ય સરકારની યોજના ક્યારથી અમલમાં મૂકવામાં આવી છે, | (૧) તા. ૧-૪-૧૯૯૯ થી. |
| (૨) તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ કેટલા જિલ્લામાંથી કેટલી સંસ્થા ધ્વારા ફ્રેન્કીંગ મશીનથી સ્ટેમ્પનું વેચાણ કરવામાં આવે છે, અને | (૨) ૨૦ જીલ્લાઓ ૫૬ સંસ્થાઓ (બેન્કો). |
| (૩) આ યોજનાને વધુ વિસ્તૃત બનાવવા સરકાર શું પગલાં લેવા માંગે છે ? | (૩) આ યોજનાને વધુ વિસ્તૃત બનાવવા વધુ બેન્કો, પોસ્ટ ઓફીસો વિગેરેને આ કામગીરીમાં આવરી લેવા અંગેનું આયોજન કરવામાં આવેલ છે. |

-----------

**ગણોતીયાની જ્ગ્યામાં પાકા મકાનો બાંધવા બાબત**

૨૨૦૬૧**શ્રી શંકરભાઈ મં. વારલી(ઉમરગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ૭૩/એએ ગણોતીયાની જ્ગ્યામાં પાકા મકાનો તેમજ ચાલીઓ બંધાયેલ છે તે હકીક્તથી સરકાર વાકેફ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની પરવાનગી કોણે આપી ? | (૨) પરવાનગી વગર બંધાયેલ છે. |

-----------

**પ્રાંતિજ તાલુકામાં નીલ ગાયોના ત્રાસ બાબત**

૨૧૬૪૮**શ્રી દિપસિંહ શં. રાઠોડ(પ્રાંતિજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| પ્રાંતિજ તાલુકામાં નીલ ગાયોનો ત્રાસ છે તો તે દૂર કરવા માટે શાં પગલાં ભરવા માંગો છો ? | નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.<br>(૧) ઉપદ્રવવાળા વિસ્તારોમાં ફટાકડા ફોડીને હલન ચલનવાળા ચાડિયા રાખીને અને રોઝડાઓને હાંકો કરીને દુર કરવામાં આવે છે.<br>(૨) ખેતીના પાકને થતા નુક્સાન સામે પાકને રક્ષણ આપવાની ખેડૂત શિબિરો અને ગ્રામસભાઓમાં ખેડૂતોને સમજ આપવામાં આવે છે. |

(૩) વન્યપ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ હેઠળ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નવ ગામોના સરપંચશ્રીઓને રોઝનો નિકાલ કરવાની પરવાનગી આપવાની સત્તા આપવામાં આવેલ છે.
(૪) ખેડૂતને પોતાના ખેતરમાં કાંટાળા તારની વાડ બનાવવા માટે સરકારશ્રીના નિયમોનુસાર મંજુર કરવામાં આવેલ એસ્ટીમેન્ટની ૫૦ ટકા રકમ સહાય તરીકે આપવામાં આવે છે. આ યોજનાઓની વિસ્તૃત જાણકારી ખેડૂતોને વન વિભાગ દ્વારા ખેડૂત શિબિરોમાં આપવામાં આવે છે.

-----------

**સુરત જિલ્લા અને શહેરમાં અતિ વરસાદથી પશુઓના મૃત્યુ**

૨૧૩૫૬ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેર અને જિલ્લામાં સને ૨૦૦૬ના વર્ષમાં અતિ વરસાદ તથા પૂરના કારણે કેટલા પશુઓ મૃત્યુ પામેલ છે, અને | (૧)કુલ-૬૧૫૦ પશુઓ મૃત્યુ પામેલ છે. |
| (૨) જે પૈકી પશુપાલકોને તાલુકાવાર અને શહેરમાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) સુરત શહેર અને જિલ્લામાં રૂા. ૧૨,૯૮,૫૦૦/-ની સહાય ચુકવવામાં આવી. |

-----------

**ગીર અભ્યારણનો વિસ્તાર લંબાવવા બાબત**

૨૧૮૨૫**શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર અભ્યારણ સિંહો માટે નાનુ પડે છે તેથી આ અભ્યારણનો વિસ્તાર લંબાવવા માટે સરકાર વિચારણા કરી રહી છે તે હકીક્ત સાચી છે, અને | (૧) અને (૨) ગીર અભ્યારણનો હાલનો વિસ્તાર વધારવાની કોઈ વિચારણા થઈ રહી નથી. પરંતુ ગીર અભ્યારણ સિવાયના એવા વિસ્તારો કે જ્યાં સિંહોએ વસવાટ કરેલ છે તેવા અમરેલી જિલ્લાના સાવરકુંડલા, ભાવનગર જિલ્લાના પાલીતાણા, મહુવા તાલુકાના ઘાસના મેદાનો અને વન વિસ્તારોને વન્ય જીવોના સંરક્ષણ માટે રક્ષિત વિસ્તાર જાહેર કરવા સંબંધમાં મોજણી અને ચકાસણી થઈ રહી છે. |
| (૨) જો હા, તો ક્યા ક્યા વિસ્તાર આરક્ષિત કરાનાર છે ? | |

-----------

**રાજકોટ શહેરની અનામત જમીન તેમજ ટોચ મર્યાદાની જમીન**

૨૧૮૧૪ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વર્ષવાર રાજકોટ શહેરની અનામત જમીન તેમજ રાજકોટ જિલ્લામાં ટોચ મર્યાદાની જમીન કેટલી છૂટી કરવામાં આવી, અને | (૧) તા. ૧-૧-૦૫ થી તા. ૩૧-૧૨-૦૫ ના સમય ગાળામાં શહેરી જમીન ટોચ મર્યાદા ધારો, ૧૯૭૬ હેઠળ સરકારશ્રી કબજે આવેલ કોઈ જમીન છુટી કરવામાં આવેલ નથી.<br>તા. ૧-૧-૦૬ થી ૩૧-૧૨-૦૬ના સમય ગાળા દરમ્યાન નામદાર ગુજરાત હાઈકોર્ટના **SCA NO.૧૧૮૫૧/૦૩** ના કામે તા. ૩૦-૬-૦૪ના રોજના ચુકાદા અનુસાર રાજકોટના રે. સ. નં. ૫૭૬ની જમીન ૬૦૦૦ ચો.મી. ફાજલ જમીનોની યાદીમાંથી કમી કરવામાં આવેલ છે. |
| (૨) ક્યા ક્યા હેતુ માટે શા ભાવે ? | (૨) નામદાર ગુજરાત હાઈકોર્ટના **SCA NO.૧૧૮૫૧/૦૩** ના ચુકાદા અનુસાર જમીન ધારકને |

રાખવાપાત્ર જમીન તરીકે.

-----------

**મુન્દ્રા સ્પેશ્યલ ઈકોનોમી ઝોનને જમીન આપવા બાબત**

૨૨૪૦૫ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧, એપ્રિલ-૨૦૦૩ થી તા. ૩૧- જાન્યુઆરી-૨૦૦૬ દરમ્યાન કચ્છ જિલ્લા કલેકટર ધ્વારા મુન્દ્રા સ્પેશ્યલ ઈકોનોમી ઝોનને કેટલી જમીન આપવામાં આવી અને કયા સર્વે નંબરવાળી, | (૧) હે. ૨૮૩૦-૫૭-૦૭ ચો. મી. સર્વે નંબરનું પત્રક સામેલ છે. |
| (૨) આ સમય દરમ્યાન અગાઉ જી.આઈ.ડી.સી. માટે સંપાદિત કરેલી જમીન તેની પાસેથી પરત લઈને મુન્દ્રા સ્પેશ્યલ ઈકોનોમી ઝોનને આપેલ છે એ હકીકત ખરી છે, | (૨) ના, જી. |
| (૩) મુન્દ્રા સ્પેશ્યલ ઈકોનોમી ઝોનને સરકારે સસ્તા દરે આપેલ જમીન ઉપરોક્ત સમય દરમ્યાન સરકારની પૂર્વ મંજૂરી સિવાય અન્ય કંપનીઓને સબલીઝીંગથી આપી દીધાની હકીક્ત ખરી છે, અને | (૩) ના, જી. |
| (૪) આ બાબતે સરકારે શા શા શિક્ષાત્મક પગલાં લીધા છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક**

**તા.૧-૪-૦૩ થી ૩૧-૧-૦૭ દરમ્યાન કચ્છ જિલ્લા કલેકટર મુન્દ્રા સ્પેશ્યલ ઈકોનોમી ઝોનને ફાળવેલ જમીનના સર્વે નંબર**

| ક્રમ | ગામ | સ. નં. |
|---|---|---|
| ૧ | શિરાચા | ૨૯૫ને લાગુ દરીયાઈ વિસ્તાર |
| ૨ | ટુંડા | ૧૮૦ |
| ૩ | નવીનાળ | ૫૫/૧, ૫૬/૨, ૬૪/૧, ૧૦૨/૧, ૧૦૨/૨, ૧૧૦/૩, ૧૧૫/૩,૧૩૦,૨૨૩ |
| ૪ | ભદ્રેશ્વર | ૭૩૩ |
| ૫ | બારાઈ | ૨૦૭ |
| ૬ | શેખડીયા | ૫૯, ૬૦, ૧૨૦, ૮૨ |
| ૭ | ધ્રબ | ૧૬૯ |
| ૮ | શિરાચા | ૧૨૦, ૧૨૧/૧, ૧૨૧/૩, ૧૨૧/૪, ૧૩૧, ૧૨૫/૧, ૨૯૫/૧ |
| ૯ | લુણી | ૩૪, ૩૭/૩, ૩૯, ૫૦/૧, ૫૩, ૫૪, ૭૬/૧, ૮૬, ૧૧૯/૨, ૧૬૧, ૧૨૫, ૧૨૭, ૧૩૧, ૧૩૬/૩, ૧૩૮/૧, ૧૫૯, ૧૭૫, ૧૮૮, ૧૮૯, ૧૯૩/૨, ૨૦૪, ૨૨૯/૨, ૨૩૬, ૩૦૮/૧, ૪૬૮ |
| ૧૦ | લુણી | ૩૯૩, ૩૬૦/૨, ૩૬૧, ૩૬૫, ૩૬૯/૨, ૩૭૦/૨, ૩૭૬, ૪૧૮, ૪૧૯, ૪૨૧/૩, ૪૬૫, ૪૬૬/૨, ૪૬૮ |
| ૧૧ | ગોઅરસમા | ૫૨ |
| ૧૨ | ગુંદાલા | ૧૫૪/૧, ૧૫૪/૨, ૧૫૭, ૫૮૫ |
| ૧૩ | વડાલા | ૮૫૦, ૮૫૧ |
| ૧૪ | રાઘા | ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨,૩૩, ૩૪, ૩૬, ૩૯, ૪૦/૨, ૫૩/૨, ૫૩/૩, ૫૩/૪, ૫૭, ૬૧/૨, ૬૧/૩, ૬૨/૨, ૬૨/૩, ૫૫/૨, ૬૩/૧, ૬૩/૨, ૬૩/૩, ૬૩/૪, ૬૪/૧, ૬૪/૨, ૭૧ |
| ૧૫ | ટુંડા | ૧૮૪, ૧૮૪ |
| ૧૬ | શિરાચા | ૧૨૪, ૧૨૫/૨, ૧૨૬, ૧૨૯, ૧૩૫, ૧૩૭, ૧૩૮/૧, ૧૪૦, ૧૪૧, ૧૪૨, ૧૪૩, ૧૪૪/૧, ૧૪૪/૨, ૧૪૭ |
| ૧૭ | નવીનાળ | ૨૨૪,૨૨૫ |
| ૧૮ | મોખા | ૧૧૦, ૧૧૧, ૧૧૮, ૧૧૯, ૧૨૩, ૧૫૭, ૧૯૬, ૧૯૭, ૨૨૧/૧, |

| | | |
|---|---|---|
| | | ૨૨૨/૨ |
| ૧૯ | ગોઅરસમા | ૫૩ |
| ૨૦ | બારાઈ | ૨૩૮ |
| ૨૧ | લુણી | ૫૫/૧, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૭, ૬૮, ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૪/૧, ૭૪/૨, ૭૪/૩ |
| ૨૨ | ગુદાલા | ૧૪૮, ૧૪૯ |
| ૨૩ | મુંદરા | ૧૪૧ |

-----------

**કરજણ તાલુકામાં નવી શરતની જમીનને જૂની શરતમાં ફેરવવા બાબત**

૨૨૮૮૨ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા(કરજણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકાર ખેતીના હેતુ માટે નવી શરતની જમીનોને જુની શરતમાં ફેરવી આપે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કરજણ તાલુકામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ આ રીતે કેટલી અરજીઓ મળી, | (૨) ૪૦૫૬ |
| (૩) કેટલી અરજીઓનો નિકાલ બાકી છે, અને | (૩) ૭૫૪ |
| (૪) બાકી અરજીઓ કેટલા સમયમાં નિકાલ થશે? | (૪) સત્વરે |

-----------

**સંસ્થાઓને જમીન ફાળવવા બાબત**

૨૨૧૮૪ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ચોકક્સ હેતુ માટે સંસ્થાઓને જમીન ફાળવ્યા પછી હેતુ ફેર અંગે કેટલી સંસ્થાઓને નોટીસ પાઠવવામાં આવી, | (૧) એક સંસ્થાને. |
| (૨) કઈ કઈ સંસ્થાઓને ક્યારે ક્યારે, અને | (૨) ૧. સરદાર વલ્લભભાઈ આર્ટસ કોલેજ, રીલીફ રોડ, અમદાવાદને તા. ૪-૭-૦૬, ૧-૮-૦૬, ૧૧-૯-૦૬, ૧૮-૯-૦૬, ૧૧-૧૦-૦૬ અને તા. ૩-૧૧-૦૬ના રોજ. |
| (૩) નોટીસ પાઠવ્યા પછી શી શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) સુનાવણી કર્યા બાદ જમીનમાં નિયત સમયમાં સુચવેલ ઉપયોગ કે બાંધકામ કરી શકેલ ન હોઈ, શરતભંગ બદલ તા. ૨૭-૧૨-૦૬ના હુકમથી જમીન સરકાર દાખલ કરવામાં આવેલ છે. |

-----------

**વેચાણવેરા પેટે રકમ મેળવવાનો લક્ષ્યાંક**

૨૨૧૮૨ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં વેચાણવેરા પેટે કેટલી રકમ મેળવવાનો લક્ષ્યાંક રાજ્ય સરકારે નકકી કર્યો હતો, અને | (૧) **રૂા. ૧૧,૦૦૦/- કરોડ.** (વેચાણવેરા/વેટ/કેન્દ્રીય વેચાણવેરા સહિત) |
| (૨) તે અન્વયે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલો વેચાણવેરો વસુલ થયો ? | (૨) **રૂા. ૧૧૦૩૪.૬૧ કરોડ.** (વેચાણવેરા/વેટ/કેન્દ્રીય વેચાણવેરા સહિત) |

-----------

**જાપાન દેશ પાસેથી લોન લેવા બાબત**

૨૧૮૧૮**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યમાં વિશાળ પાયે વનીકરણ હાથ ધરવાના હેતુસર રાજ્ય સરકારે તા. ૩૧-૩-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકાર થકી જાપાન દેશ પાસેથી લોન લેવા પ્રયાસો કર્યા તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૩-૦૬ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે ? | (૨) આ પ્રોજેક્ટ જાપાન બેંક ફોર ઈન્ટરનેશનલ કોઓપરેશન (જેબીઆઈસી) પાસે બાકીમાં છે. |

-----------

**નીલ ગાય અને ભૂંડ ધ્વારા ખેડૂતોના પાકને થતું નુક્સાન**

૨૨૧૭૮**શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં નીલ ગાય અને ભૂંડ ધ્વારા ખેડૂતોના ઉભા પાકને ખૂબ જ નુકશાન થાય છે તે હકીક્ત સરકાર જાણે છે, અને | (૧) આવી રજૂઆતો મળે છે. |
| (૨) જો હા, તો આ અંગે સરકારે શું શું પગલાં ભર્યા છે ? | (૨) વન્ય પ્રાણીઓથી ખેડૂતોના પાકને થતું નુકશાન રોકવા તથા વન્ય પ્રાણીઓના નિયંત્રણ માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.<br>(૧) ખેડૂતને પોતાના ખેતરમાં કાંટાળા તારની વાડ બનાવવા માટે સરકારશ્રીના નિયમોનુસાર મંજૂર કરવામાં આવેલ એસ્ટીમેટની ૫૦ ટકા રકમ સહાય તરીકે આપવામાં આવે છે. આ યોજનાઓની વિસ્તૃત જાણકારી ખેડૂતોને વન વિભાગ દ્વારા ખેડૂત શિબિરોમાં આપવામાં આવે છે.<br>(૨) ઉપદ્રવવાળા વિસ્તારોમાં ફટાકડા ફોડીને, હલન ચલનવાળા ચાડિયા રાખીને તથા રોઝડાઓને હાંકો કરીને દૂર કરવામાં આવે છે.<br>(૩) ખેતીના પાકને થતા નુકશાન સામે પાકને રક્ષણ આપવાની ખેડૂત શિબિરો અને ગ્રામસભાઓમાં ખેડૂતોને સમજ આપવામાં આવે છે.<br>(૪) રોઝની વધતી વસ્તીના નિયંત્રણ માટે તેને પકડવા, ખસીકરણ કરવામાં પુરતી સફળતા ન મળતાં, રોઝના નિકાલ માટે ગુજરાત સરકાર દ્વારા જ્યાં રોઝથી પાકને વધુ નુકશાની જણાય છે તેવા જુદા જુદા વિસ્તારોના ૧૫૪૫ ગામના સરપંચશ્રીઓને વન્યપ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ હેઠળ નીલગાયોનો નિકાલ કરવાની પરવાનગી આપવાની સત્તા આપવામાં આવેલ છે. જેમાં અમદાવાદ જિલ્લાના ૯૦ ગામોના સરપંચશ્રીઓને તથા ગાંધીનગર જિલ્લાના ૩૩ ગામોના સરપંચશ્રીઓને નીલગાયોનો નિકાલ કરવાની પરવાનગી આપવાની સત્તા આપવામાં આવેલી છે. |

-----------

**પંચમહાલ જિલ્લામાં શિક્ષિત બેરોજગારોની સંખ્યા**

૨૨૯૬૪**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલા શિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે, | (૧) ૨૭૯૨૫ |

અને

| | |
|---|---|
| (૨) તે પૈકી શહેરા અને લુણાવાડામાંથી કેટલા બેરોજગારોને વિનિમય કચેરી ધ્વારા રોજગારીની તકો આપવામાં આવી ? | (૨) શહેરા : ૯૧૦<br>લુણાવાડા : ૯૯૪ |

-----------

**અનુસૂચિત જનજાતિના દાખલા મેળવવામાં મુશ્કેલી**

૨૧૮૧૩ **શ્રી વેચાતભાઈ હ. બારિયા(પાવી-જેતપુર) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના દાખલા મેળવવામાં તા. ૧-૬-૦૬થી ૩૧-૧-૦૭ સુધી વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી છે જે અંગે સરકાર જાણે છે કે કેમ, | (૧) ના, જી.<br>આવો કોઈ કિસ્સો સરકારના ધ્યાન પર આવેલો નથી, અને |
| (૨) જો હા, તો આ અંગેની સરળતા માટે શું પગલાં ભરવા માંગો છો, અને ના, તો ક્યા કારણોસર ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**રાજ્યમાં સ્વસહાય જુથોને સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ આપવા**

૨૨૫૭૪ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સ્વસહાય જુથોને સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ આપવામાં આવે છે તે હકીકત સાચી, અને<br>(૨) આવી મુક્તિની મર્યાદા રાજ્ય સરકાર વધારવા માંગે છે કે કેમ ? | (૧) અને (૨) હા, જી. |

-----------

**આપત્તિ વ્યવસ્થાપન અન્વયે લીધેલ પગલાં**

૨૧૬૪૭**શ્રી દિલુભા ટે. ચુડાસમા(વડોદરા (ગ્રામ્ય) : માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| વડોદરા તાલુકાના ઉત્તર વિભાગના ઓદ્યોગિક વિસ્તાર સહિતના ગામોમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી ઉદ્દભવતા પૂર સંકટને નિવારવા ""આપત્તિ વ્યવસ્થાપન"" અન્વયે લીધેલ કે લેવા ધારેલ પગલાંની વિગતો શું છે ? | વડોદરા જિલ્લામાં પૂર સંકટને નિવારવા આપત્તિ વ્યવસ્થાપન અન્વયે નીચે મુજબના સાધનો આપવામાં આવ્યા.<br>(અ) -- રેડિયો<br>-- ટી.વી.<br>-- સેલફોન<br>-- ફેક્સ<br>-- કોમ્પ્યુટર, પ્રિન્ટર, ઝેરોક્ષ<br>-- રેસ્ક્યુબોટ<br>-- એલ.ડી.પી.ઈ. ટેન્ટ<br>(બ)-- કરચીયા, બાજવા, ઉંડેરા કાંસોની સફાઈ માટે ગુજરાત રીફાઈનરી, આઈ.પી.સી.એલ., જીલ્લા પંચાયત, તેમજ જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી કામગીરી હાથ ધરવામાં આવી હતી.<br>(ક)-- ઉત્તર વિભાગના કાંસો ઉંડા કરવા ટેન્ડરો બહાર પાડી કામગીરી હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે. |

-----------

**લેન્ડ કમિટી ધ્વારા જમીનની ફાળવણી**

૨૨૧૯૪ **શ્રી કાંતિલાલ ૨ા. લકુમ(બાવળા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જમીન વિહોણા લોકોને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર લેન્ડ કમિટી ધ્વારા તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી જમીન ફાળવી અને આ મંડળીઓએ કેટલી જમીન ત્રણ વર્ષમાં અન્ય ખેડૂતોને મંડળીના ખાતેદાર સિવાયને વેચી નાંખી છે,

(૨) આ જમીન વેચી શકાય ખરી, અને

(૩) આવી જમીન વેચી હોય તો તેના વિરૂધ્ધ શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) નીચેની વિગતે સાંથણીથી જમીન વિહોણા લોકોને કુલ હે. ૬૬૩.૭૦.૮૦ ચો.મી. ફાળવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ જમીનનું ક્ષેત્રફળ હે-આરે-ચો.મી. |
|---|---|---|
| (૧) | સાણંદ | ૭૩-૬૭-૭૦ |
| (૨) | બાવળા | ૪૪-૭૫-૦૨ |
| (૩) | ધોળકા | ૨૩૨-૭૬-૩૦ |
| (૪) | ધંધુકા | ૧૬૫-૬૮-૨૪ |
| (૫) | બરવાળા | ૫૪-૭૮-૧૭ |
| (૬) | રાણપુર | ૪૨-૯૮-૭૧ |
| (૭) | વિરમગામ | -- -- -- |
| (૮) | માંડલ | ૧૫-૧૭-૫૭ |
| (૯) | દેત્રોજ-રામપુર | ૫-૬૧-૫૦ |
| (૧૦) | દશક્રોઈ | ૨૮-૨૭-૫૯ |
| (૧૧) | સીટી | -- -- -- |
| | કુલ | ૬૬૩-૭૦-૮૦ |

-- મંડળીઓને છેલ્લા ત્રણ વર્ષમાં જમીન ફાળવેલ નથી, તેથી તે પેકીના વેચાણનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) હા, જી. હાલમાં જુની શરતમાં ફેરવવાની અને સહકારી મંડળીના કિસ્સામાં સક્ષમ અધિકારીની મંજૂરી મેળવીને વેચી શકાય છે.

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં મંડળીઓને જમીન ફાળવાયેલ ન હોઈ તે પેકીના વેચાણ થયેલ ન હોઈ કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**વૃક્ષ છેદન અટકાવવા બાબત**

૨૧૮૦૩**શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વ્યારા, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં ગેરકાયદેસર વૃક્ષ છેદન અટકાવવા તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાં પગલાં લીધા છે ?

**જવાબ**

વ્યારા, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં ગેરકાયદેસર વૃક્ષ છેદન અટકાવવા તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ પગલાં લીધા છે.

૧. ઉકાઈ જળાશય વિસ્તારમાં વ્યૂહાત્મક જગ્યાએ ચોકીઓ ચાલુ કરેલ છે.
૨. જળાશય વિસ્તારમાં ૧૬ હોડીઓ પેટ્રોલીંગ માટે ચાલુ કરેલ છે.
૩. બાતમીદાર તંત્રને વન સંરક્ષણ કામે ઉપયોગમાં લીધેલ છે.
૪. સહભાગી વન વ્યવસ્થા હેઠળ લોક ભાગીદારી થકી વન સંરક્ષણ કરવામાં આવી રહેલ છે.
૫. મહારાષ્ટ્ર રાજ્ય સાથેના સરહદી વિસ્તારોના વન સંરક્ષણ માટે મહારાષ્ટ્ર રાજ્યના સંબંધિત વન અધિકારીઓનો સહકાર મેળવવામાં આવે છે.

## મહેસૂલ વિભાગમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ

૨૨૦૬૭ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર મહેસૂલ વિભાગ હસ્તકની કચેરીઓમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧. | ભાવનગર | ૩ | ૧ | ૪ |
| ૨. | શિહોર | ૫ | ૨ | ૭ |
| ૩. | ઘોઘા | ૨ | -- | ૨ |
| ૪. | વલ્લભીપુર | ૫ | ૧ | ૬ |
| ૫. | પાલીતાણા | ૧૬ | -- | ૧૬ |
| ૬. | ગારીયાધાર | ૮ | ૧ | ૯ |
| ૭. | ગઢડા | ૮ | ૧ | ૯ |
| ૮. | બોટાદ | ૬ | ૧ | ૭ |
| ૯. | ઉમરાળા | ૬ | ૧ | ૭ |
| ૧૦. | મહુવા | ૯ | ૧ | ૧૦ |
| ૧૧. | તળાજા | ૫ | ૧ | ૬ |
| | કુલ.. | ૭૩ | ૧૦ | ૮૩ |

(૨) આ જગ્યાઓ તબક્કાવાર ભરવામાં આવશે.

-----------

## જંગલ મંડળીઓને રોપા આપવા બાબત

૨૧૯૫૮**શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર): માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ડાંગ-નવસારી અને વલસાડ જિલ્લામાં સને ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧-૦૭ સુધીમાં જંગલ મંડળીઓને કેટલા રોપા આપવામાં આવ્યા ?

**જવાબ**

જંગલ મંડળીઓ પાસેથી વન સંવર્ધન અંગેની કામગીરી લેવામાં આવતી ન હોઈ, જંગલ મંડળીઓને કોઈપણ જાતના રોપા આપવામાં આવેલ નથી.

-----------

## આણંદ જિલ્લામાં સંવર્ગવાર મહેસૂલી મહેકમ

૨૨૮૪૯ **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર મહેસૂલી કર્મચારીઓનું સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે, અને

(૨) તે અન્વયે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) આ સાથેના પત્રક મુજબ.

(૨) આ સાથેના પત્રક મુજબ જગાઓ ખાલી છે. આ ખાલી જગ્યાઓ તબકકાવાર ભરવામાં આવશે.

**પત્રક**

| ક્રમ | કચેરી/સંવર્ગ | ના.મામ | | ક્લાર્ક | | ક્રા.ક.ટા./ટાઈપીસ્ટ | | ડ્રાઈવર | | પ્યુન-ક્રમ-ડ્રાઈવર | | પટાવાળા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર જગા | ખાલી જગા | મંજુર જગા | ખાલી જગા | મંજુર જગા | ખાલી જગા | મંજુર જગા | ખાલી જગા | મંજુર જગા | ખાલી જગા | મંજુર જગા | ખાલી જગા |
| ૧ | મામલતદાર કચેરી, આણંદ (શહેર) | ૩ | ૦ | ૩ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ |
| ૨ | મામલતદાર કચેરી,આણંદ (ગ્રામ્ય) | ૮ | ૧ | ૭ | ૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ |
| ૩ | મામલતદાર-વ-કૃષિપંચ, આણંદ | ૩ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૪ | મામલતદાર કચેરી, ઉમરેઠ | ૫ | ૧ | ૩ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૨ | ૨ |
| ૫ | મામલતદાર કચેરી, આંકલાવ | ૫ | ૧ | ૩ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૨ | ૧ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | મામલતદાર કચેરી, પેટલાદ | ૮ | ૧ | ૭ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૩ | ૧ |
| ૭ | મામલતદાર-વ-કૃષિપંચ, પેટલાદ | ૩ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૮ | મામલતદાર કચેરી, સોજીત્રા | ૫ | ૧ | ૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૨ | ૧ |
| ૯ | મામલતદાર કચેરી, ખંભાત | ૮ | ૨ | ૭ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૩ | ૦ |
| ૧૦ | મામલતદાર-વ-કૃષિપંચ, ખંભાત | ૩ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૧૧ | મામલતદાર કચેરી, તારાપુર | ૫ | ૪ | ૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૨ | ૧ |
| ૧૨ | મામલતદાર કચેરી, બોરસદ | ૮ | ૨ | ૭ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૩ | ૧ |
| ૧૩ | મામલતદાર-વ-કૃષિપંચ, બોરસદ | ૩ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| | કુલ : | ૬૭ | ૧૫ | ૪૭ | ૧૩ | ૭ | ૭ | ૪ | ૧ | ૫ | ૪ | ૨૭ | ૧૦ |

-----------

## રાજ્ય સરકારનું આંતરિક દેવું

૨૧૮૦૬ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧ ડીસેમ્બર, ૦૬ની સ્થિતિએ રાજ્ય સરકારનું આંતરિક દેવું કુલ કેટલી રકમનું હતું, અને

(૨) આ દેવું કઇ કઇ એજન્સીનું અને ક્યા ક્યા હેડ હેઠળ તેમજ કેટલા વ્યાજદરવાળું હતું અને વ્યાજ ચૂકવણી પેટે કેટલી રકમો ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્યનું આંતરિક દેવું અંદાજે રૂા. ૬૦૧૪૩.૫૪ કરોડ છે.

(૨) સામેલ પત્રક-અ મુજબ

**પત્રક-અ**

**નાણાકિય વર્ષ ૨૦૦૬-૦૭ દરમિયાન તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં ચૂકવેલ વ્યાજની વિગત (રૂ.કરોડમાં)**

| | એજન્સીઓ | આંતરિક દેવું (તા.૩૧-૧૨-૦૬ સુધી) | મુખ્ય સદર | વ્યાજનો દર | તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં ચૂકવવાપાત્ર વ્યાજ | તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં ચૂકવેલ વ્યાજ |
|---|---|---|---|---|---|---|
| અ | નાણાકિય સંસ્થાઓ (૧ થી ૫) | ૨૬૯૬.૬૩ | ૨૦૪૯ | | ૧૩૧.૭૬ | ૧૩૧.૭૬ |
| | ૧. નાબાર્ડની એલટીઓ લોન | | ઉપર મુજબ | ૮ % થી ૯ % | ૦.૪૩ | ૦.૪૩ |
| | ૨.નેશનલ કો-ઓપરેટીવ ડેવલપમેન્ટ કોર્પોરેશનની લોન | | ઉપર મુજબ | ૯ % થી ૧૪.૫ % | ૨.૮૮ | ૨.૮૮ |
| | ૩. નાબાર્ડ (આરઆઈડીએફ) લોન | ૨૨૧૩.૫૩ | ઉપર મુજબ | ૭ % થી ૬.૫ % | ૯૨.૬૪ | ૯૨.૬૪ |
| | ૪. હુડકોની લોન | ૨૪૨.૬૯ | ઉપર મુજબ | ૮.૨૫ % | ૨૨.૬૮ | ૨૨.૬૮ |
| | ૫. એસબીઆઈ/એસબીએસ ની લોન | ૨૨૭.૧૦ | ઉપર મુજબ | ૭.૨૦ % | ૧૩.૧૩ | ૧૩.૧૩ |
| બ | કુલ રાષ્ટ્રિય નાની બચત ફંડ લોન | ૪૨૯૩૯.૯૮ | ઉપર મુજબ | ૯.૫ % થી ૧૩.૫ % | ૩૦૨૪.૩૧ | ૩૦૨૪.૩૧ |
| ક | કુલ ખુલ્લા બજારની લોન(૧ અને ૨) | ૧૪૫૦૬.૯૩ | | | ૬૬૦.૮૭ | ૬૬૦.૮૭ |
| | ૧. ગુજરાત રાજ્ય વિકાસ લોન | ૧૨૮૭૮.૨૨ | ઉપર મુજબ | ૫.૬૦ % થી ૧૩.૭૫ % | ૫૨૨.૪૩ | ૫૨૨.૪૩ |
| | ૨. ગુજરાત વિ.બોર્ડના લેણા પેટે કેન્દ્રિય જાહેર ક્ષેત્રે ઉપક્રમો માટે બજાર લોન | ૧૬૨૮.૭૧ | ઉપર મુજબ | ૮.૫ % | ૧૩૮.૪૪ | ૧૩૮.૪૪ |
| | કુલ (અ+ બ+ક) | ૬૦૧૪૩.૫૪ | | | ૩૮૧૬.૯૪ | ૩૮૧૬.૯૪ |

**જંગલમાં વસતા ખેડૂતોને જમીન હક્કના પત્ર આપવા બાબત**

૨૨૧૯૫**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે ભારત સરકારના ૨૦૦૫ના પરિપત્ર અન્વયે જંગલોમાં વસતા કેટલા ખેડૂતોને તા. ૩૧-૧-૦૭ સુધીમાં જમીન હક્ના પત્ર આપવામાં આવ્યા, અને

(૨) કેટલાને આપવાના બાકી છે ?

**જવાબ**

(૧) એક પણ નહિ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ભાવનગર જિલ્લામાં શ્રમિક સુરક્ષા અક્સ્માત જૂથ વીમા યોજના**

૨૨૯૩૧**શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં શ્રમિક સુરક્ષા અક્સ્માત જૂથ વિમા યોજના અંતર્ગત સન ૨૦૦૪-૨૦૦૫ તથા ૨૦૦૫-૨૦૦૬માં થયેલ દાવાઓ,

(૨) તે પૈકી કેટલા મંજૂર કરવામાં આવ્યા તથા કેટલા નામંજૂર અને કેટલા પડતર રહ્યા, અને

(૩) પડતર રહેવાના મુખ્યા કારણો શાં ?

**જવાબ**

(૧)

| વર્ષ | થયેલ દાવા |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૨૬ |
| ૨૦૦૫-૦૬ | ૧૨૮ |
| કુલ : | ૨૫૪ |

(૨)

| મંજૂર થયેલ દાવા | નામંજૂર થયેલ દાવા | પડતર દાવા | કુલ |
|---|---|---|---|
| ૪૪ | ૭૧ | ૧૩૯ | ૨૫૪ |

(૩) દાવાઓની ચકાસણી તથા પૂર્તતાના અભાવે પડતર રહેવા પામેલ છે.

-----------

**વેટનો અમલ કરવા બાબત**

૨૧૮૨૨ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વેટની અમલવારી કઇ તારીખથી કરવામાં આવી,

(૨) વેટની અમલવારીથી રાજ્યની આવક્માં કેટલા ટકા વધારો થયો, અને કેટલો થવાની શક્યતા છે,

(૩) ગુજરાત રાજ્ય પહેલાં અન્ય રાજ્યોએ વેટ અમલમાં મૂકેલ છે તે રાજ્યોની આવક્માં વધારો થયો કે ઘટાડો તે અંગેની માહિતી સરકાર પાસે છે, અને

(૪) જો હા, તો ક્યા ક્યા રાજ્યોની માહિતી છે ?

**જવાબ**

(૧) તા. ૧-૪-૨૦૦૬.

(૨) એપ્રિલ-૦૫ થી જાન્યુઆરી-૦૬ની સરખામણીએ એપ્રિલ-૦૬ થી જાન્યુઆરી-૦૭ સુધીમાં આવક્માં ૨૮.૨૪ ટકાનો વધારો થયેલ છે, જે જળવાઈ રહેવાની શક્યતા છે.

(૩) અને (૪)
તમામ રાજ્યોની માહિતી ઉપલબ્ધ છે.

-----------

**ભરુચ જિલ્લાના આદિજાતિ વિકાસ મંડળીની બેઠક યોજવા બાબત**

૨૨૯૦૪ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ સુધીમાં ભરુચ જિલ્લામાં વર્ષ ૨૦૦૬-૦૭માં આદિજાતિ વિકાસ મંડળીની કેટલી વાર બેઠકો યોજવામાં આવી, | (૧) એક બેઠક યોજવામાં આવી |
| (૨) તે અન્વયે તાલુકાવાર ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ વિવિધ સદર હેઠળ સદરવાર/પેટા સદરવાર નાણાકીય જોગવાઇ થયેલ ખર્ચ અને પૂર્ણ થયેલ કામો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૨) * પરિશિષ્ટ-૧ માં દર્શાવ્યા મુજબ |
| (૩) તે અન્વયે શરૂ ન થયેલા કામો ક્યા ક્યા છે, તે કેટલા સમયમાં પૂર્ણ થશે, અને | (૩) શરૂ ન થયેલા કામોની વિગત * પરિશિષ્ટ-૨માં દર્શાવેલ છે. તે કામો ગુજરાત પેટર્ન યોજનાની જોગવાઈ અનુસાર ત્રણ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે. |
| (૪) આ કામો જે બાકી છે તે તા. ૩૧-૩-૦૭ સુધીમાં પૂર્ણ ન થાય તો ગ્રાન્ટ લેપ્સ જશે તે માટે જવાબદારો સામે સરકાર પગલાં ભરવા માંગે છે કે કેમ ? | (૪) ગુજરાત પેટર્ન યોજનાના કામોની વહીવટ દ્વારા નિયમિત સમીક્ષા કરવામાં આવે છે અને કામો પુર્ણ કરવા વધારે સમય મર્યાદા નિયમોમાં આપેલ હોઈ ગ્રાન્ટ લેપ્સ જવાનો હાલના તબક્કે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(* પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**ખેતી માટે નવી શરતમાંથી જુની શરતમાં જમીન તબદીલની નવી સરળનીતિ**

૨૨૮૮૮ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગ્રામ્ય વિસ્તારમાં ખેતી માટે નવી શરતમાંથી જુની શરતમાં જમીન તબદીલીની નવી સરળનીતિ અમલમાં મુકાઇ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ નીતિમાં ખેડૂતોને ૬૦ પટ્ટ ભરવામાંથી મુક્તિ અપાયેલ છે કે કેમ ? | (૨) હા જી. |

-----------

**પાવાગઢ ગામમાં શોપીંગ સેન્ટર માટે જમીન**

૨૨૦૬૪**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ હાલોલ તાલુકામાં પાવાગઢ (ચાંપાનેર) ગામમાં શોપીંગ સેન્ટર બનાવવા માટે જમીનની ફાળવણી કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) આ ફાળવાયેલ જમીનની શું સ્થિતિ છે ? | (૨) ફાળવેલ જમીન હાલમાં પડતર છે. |

-----------

**ગામતળ વધારાની પડતર દરખાસ્તો**

૨૧૯૬૧**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ ગામતળ વધારાની કોઇ દરખાસ્તો પડતર છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો ક્યા ક્યા તાલુકાની કેટલી કેટલી દરખાસ્તો પડતર છે, ક્યારથી પડતર છે, અને | (૨) પત્રક મુજબ. |
| (૩) પડતર રહેવાનાં કારણો શાં છે ? | (૩) આવશ્યક વિગતોની પૂર્તતા અર્થે |

| ક્રમ | તાલુકાનું નામ | કેટલી દરખાસ્તો | ક્યારથી |
|---|---|---|---|

| | | પડતર છે. | પડતર છે. |
|---|---|---|---|
| ૧ | ભેંસાણ | ૧ | ૮/૧૧/૦૬ થી |
| ૨ | માંગરોળ | ૧ | ૯/૧૧/૦૬ થી |
| ૩ | કેશોદ | ૧ | ૪/૯/૦૨ થી |
| ૪ | ઉના-કાજરડી | ૧ | ૯/૫/૦૬ થી |
| | મોતીસર | ૧ | ૧૫/૧૧/૦૬ થી |
| | સોનારીયા | ૧ | ૧૯/૧૨/૦૬ થી |
| ૫ | કોડીનાર-ઘાંટવડ | ૧ | ૭/૩/૦૬ થી |
| | શેઢાયા | ૧ | ૧૪/૩/૦૬ થી |

-----------

**હળપતિઓના નામે ૭૩ એ. એ.એ.ની જમીનો**

૨૧૬૫૧ **શ્રી મનીષ ન. ગીલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ઓલપાડ-ચોયાર્સી-કામરેજ બારડોલી અને પલસાણા તાલુકામાં હળપતિઓના નામે ૭૩ એ. એએ ની જમીનો કેટલી આવેલી છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | હળપતિઓના નામે આવેલ જમીનો |
|---|---|---|
| ૧. | ઓલપાડ | હે. ૩૫૭-૦૧-૧૭ ચો.મી. |
| ૨. | ચોર્યાસી | હે. ૯૦-૬૨-૩૪ ચો.મી. |
| ૩. | કામરેજ | હે. ૫૧૫-૩૦-૧૫ ચો.મી. |
| ૪. | બારડોલી | હે. ૧૯૩-૫૬-૩૫ ચો.મી. |
| ૫. | પલસાણા | હે. ૨૧૯-૬૯-૯૭ ચો.મી. |
| | **કુલ..** | **હે. ૧૩૭૬-૧૯-૯૮ ચો.મી.** |

(૨) હળપતિઓ પાસેથી આ જમીનો ૯૯ વર્ષના પટેથી ભાડે દલાલોએ લીધેલ છે તે હકિકતથી સરકાર વાકેફ છે, અને

(૨) આવા કોઈ કિસ્સા ધ્યાને આવેલ નથી.

(૩) જો હા, તો આવી જમીન ભાડા પટ્ટેથી ખોટી રીતે લેવાઇ છે તેવી જમીનો પાછી લેવાઇ ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્ય સરકારના મહેસૂલી કરની આવક**

૨૧૯૫૭ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સને ૨૦૦૫-૦૬ તથા ૨૦૦૬-૨૦૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં રાજ્ય સરકારના મહેસૂલી કરની કેટલી આવકો થઇ ?

**જવાબ**

(૧)

| વર્ષ | આવક (રૂા. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૫૬૯૭.૬૪ |
| ૨૦૦૬-૦૭ પ્રોવિઝનલ (તા. ૩૧-૧-૦૭ સુધી) | ૧૫૨૭૧.૦૨ |

-----------

**ભૂમિહીન ખેત મજૂરોને આપવાના પ્લોટો**

૨૧૯૯૬ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ભૂમિહીન ખેત-મજુરોને આપવાના પ્લોટો માટે ગામતળ ઉપલબ્ધ છે, અને કેટલા ગામોમાં ગામતળ ઉપલબ્ધ નથી, અને

**જવાબ**

(૧) પત્રક મુજબ

(૨) જે ગામોમાં ગામતળ ઉપલબ્ધ ન હોય ત્યાં ભૂમિહીન ખેત મજૂરોને પ્લોટો આપવા રાજ્ય સરકારનું શું આયોજન કરેલ છે ?

(૨) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા. ૩-૬-૮૦ ના ઠરાવથી ગામતળ નીમ કરવા સમયબધ્ધ કાર્યક્રમ ઘડી કાઢેલ છે. ગામતળ વધારવાની માંગણી મળ્યેથી

કલેક્ટરશ્રી દ્વારા ગામતળ નીમ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

**પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | ભૂમિહીન ખેતમજૂરોને આપવાના પ્લોટો માટે ગામતળ ઉપલબ્ધ છે, તેવા ગામોની સંખ્યા | ભૂમિહીન ખેતમજૂરોને આપવાના પ્લોટો માટે ગામતળ ઉપલબ્ધ નથી તેવા ગામોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ભૂજ | ૧૭ | ૧૮૮ |
| ૨ | માંડવી | ૭૭ | ૭ |
| ૩ | મુંદ્રા | ૫૪ | ૪ |
| ૪ | અંજાર | ૬૭ | ૦ |
| ૫ | ગાંધીધામ | ૪ | ૫ |
| ૬ | ભચાઉ | ૬૨ | ૯ |
| ૭ | રાપર | ૮૯ | ૮ |
| ૮ | નખત્રાણા | ૧૨૦ | ૦ |
| ૯ | અબડાસા | ૧૩૪ | ૨ |
| ૧૦ | લખપત | ૮૮ | ૧૨ |

-----------

**દયાનગર કોલોનીના રહીશોને સ્થળાંતર કરાવવા બાબત**

૨૧૬૫૦ **શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૬માં બારડોલી તાલુકાના કડોદ ગામના દયાનગર કોલોનીના રહીશોને તાપી નદીમાં આવેલ પૂરથી સ્થળાંતર કરાવવામાં આવેલ એ વાતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો આ દયાનગર કોલોનીના રહીશો જેઓએ સ્થળાંતર કરેલ હોવા છતાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેશ-ડોલ સહાયથી વંચીત રહી ગયેલ છે એ માટે સરકારે શી કાર્યવાહી કરેલ છે, અને

(૩) આ ગરીબ હળપતિઓને જલ્દીથી સહાય ચુકવાય એ માટે સરકારે શી કાર્યવાહી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) કડોદ ગામના દયાનગર કોલોનીના રહીશોને સ્થળાંતર કરાવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**કડી તાલુકામાં પરવાનગી વિના વૃક્ષ કાપવા બાબત**

૨૨૯૧૭ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ કડી તાલુકામાં સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ઝાડ કાપનાર (વૃક્ષ છેદન)ના કેટલા કેસો છેલ્લા ત્રણ વર્ષમાં નોંધાયા છે, અને

(૨) કેટલા ઇસમોને કેટલો દંડ કરવામાં આવ્યો, કેટલો વસુલ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) વન વિભાગ હસ્તકના વિસ્તારોમાં ૩ (ત્રણ) અને તે સિવાયના વિસ્તારોમાં ૫૪ (ચોપ્પન) કેસ નોંધાયા છે.

(૨) વન વિભાગ હસ્તકના વિસ્તારોમાં ૪ (ચાર) ઈસમોને રૂા. ૫૫૦૦/- નો દંડ કરવામાં આવ્યો અને રૂા. ૫૫૦૦/-વસુલ કરવામાં આવ્યા છે.

અન્ય વિસ્તારોમાં ૭૧ (ઈકોતેર) ઈસમોને કુલ રૂા. ૧,૧૧,૯૦૦/- દંડ કરવામાં આવ્યો અને તે પેકી રૂા. ૧૯,૫૦૦/- વસુલ કરવામાં આવ્યા છે.

-----------

**ટીચકપુરા ગામની સરકારી આદર્શ નિવાસી કન્યા શાળા તૂટી પડવાથી થયેલ જાનહાનિ**

૨૨૧૮૮**શ્રી મહેશભાઈ છો. વસાવા(દેડિયાપાડા) :** માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં વ્યારા તાલુકાના ટીચકપુરા ગામે આવેલ સરકારી આદર્શ નિવાસી કન્યા શાળાના મકાન તૂટી પડવાથી કેટલી વિદ્યાર્થીનીઓએ જાન ગુમાવ્યા છે અને કેટલી વિદ્યાર્થીનીઓને ગંભીર ઇજા થયેલ છે, | (૧) ૧૧ (અગીયાર) વિદ્યાર્થીનીઓએ જાન ગુમાવ્યા છે. ૧૫ (પંદર) વિદ્યાર્થીનીઓને ઈજા થયેલ, જે તમામ ભયમુક્ત છે. |
| (૨) આ બનાવમાં મૃત્યુ પામેલ અને ગંભીર ઇજા પામેલને કેટલી અને ક્યા પ્રકારની સહાય કરવામાં આવી, | (૨) મૃત્યુ પામેલ વિદ્યાર્થીનીઓના વાલી-વારસદારોને<br>રૂા. ૧.૦૦ લાખ લેખે સહાય ચૂકવાયેલ છે. વિદ્યાદીપ યોજના હેઠળ વીમાની રકમ રૂા. ૫૦,૦૦૦/- લેખે વળતર માટે કામગીરી ચાલુ છે. ઈજા પામેલ વિદ્યાર્થીનીઓના વાલી-વારસદારોને રૂા. ૨૫,૦૦૦/-લેખે સહાય ચૂકવવામાં આવેલ છે. |
| (૩) ભવિષ્યમાં આવા બનાવો ન બને તે માટે સરકારે લીધેલ કે લેવા ધારેલ પગલાંની શી વિગતો છે, અને | (૩) નિવાસી શાળાના તમામ મકાનોનું નિરીક્ષણ કરવાની તથા જરૂર જણાયે મરામતના કે સાવચેતીનાં પગલાં ભરવાની પ્રક્રિયા ચાલુ છે. |
| (૪) આમાં જવાબદાર સામે સરકારે શી કાર્યવાહી કરી છે કે કરવા ધારેલ છે ? | (૪) ઘટનાની તપાસ સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી, સુરતને સોંપેલ છે, જેનો તપાસ અહેવાલ મળ્યેથી ઘટતી કાર્યવાહી કરવામાં આવશે. |

----------

**સિંહ અને દિપડાની કાયમી વસાહત**

૨૨૬૯૩**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર અને અમરેલી જિલ્લામાં સિંહ અને દિપડાની કાયમી વસાહત હોવાનું વન વિભાગના ધ્યાનમાં છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કુલ કેટલા સિંહો અને દિપડાઓ આ જિલ્લામાં કાયમી છે, અને | (૨) સિંહ અને દિપડાઓની જિલ્લાવાર સંખ્યા નીચે પ્રમાણે છે. |

| જિલ્લાનું નામ | ૨૦૦૫ની સિંહ વસ્તી અંદાજ પ્રમાણે નોંધાયેલ સિંહ | ૨૦૦૬ની દિપડા વસ્તી અંદાજ પ્રમાણે નોંધાયેલ દિપડા |
|---|---|---|
| ભાવનગર | ૧૪ | ૧૬ |
| અમરેલી | ૮૦ | ૬૫ |

(૩) તેઓ દ્વારા ફેલાયેલ ભયની લાગણી દુર કરવા કેવા પ્રકારનાં પગલાં લેવાયેલ છે ?

(૩) સિંહ અને દીપડાના ભયને દૂર કરવા તેમની વર્તણૂંક્નું લોકોને જ્ઞાન આપવામાં આવે છે. તેમજ તેમના સંરક્ષણની અગત્ય સમજાવવા પ્રાકૃતિક શિક્ષણ શિબિરો યોજી જન જાગૃતિ લાવવામાં આવે છે. યથા પ્રસંગે સાવચેતીનાં પગલાં માટે નીચે મુજબ પ્રયાસો કરવા સમજ આપવામાં આવે છે.

૧. સિંહ અચાનક સામે આવી જાય તો ધીરે ધીરે પાછા પગલે દૂર જતા રહેવું.

૨. સિંહ કે દિપડો માલ ઢોરના મારણ ઉપર હોય તો તેને ભગાડવાનો પ્રત્યક્ષ પ્રયાસ કરવાને બદલે પરોક્ષ રીતે મોટો અવાજ કરી ભગાડવો જોઇએ.

૩. ખુલ્લી જગ્યામાં ઢોર ન રાખવા જોઇએ.

૪. રાત્રીના સમયે કાળા કપડાં ન પહેરવા જોઇએ.
૫. જ્યાં સિંહ કે દીપડાની અવર-જવર વધારે રહેતી હોય ત્યાં ઘાસ, ક્ચરો ન હોય તેવા સ્થળે તાપણું કરવું જોઇએ.
૬. રાત્રે ખુલ્લામાં ન સુવું જોઇએ.

-----------

**આદિજાતિ વિકાસ વિભાગના બજેટની જોગવાઇ**

૨૨૮૪૪**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) આદિજાતિ વિકાસ વિભાગે વર્ષ ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ની કુલ બજેટ જોગવાઇ કેટલા રૂપિયા હતી, | (૧) ૨૦૦૪-૦૫ માં રૂપિયા ૦૮૨૧.૩૪ કરોડ<br>૨૦૦૫-૦૬ માં રૂપિયા ૧૩૮૭.૪૧ કરોડ<br>૨૦૦૬-૦૭ માં રૂપિયા ૧૩૩૫.૬૦ કરોડ |
| (૨) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ વર્ષવાર કુલ કેટલા રૂપિયાનું ખર્ચ બજેટ પ્રમાણે થયું, | (૨) ૨૦૦૪-૦૫ માં રૂપિયા ૦૮૯૮.૯૬ કરોડ<br>૨૦૦૫-૦૬ માં રૂપિયા ૧૪૩૫.૩૩ કરોડ<br>૨૦૦૬-૦૭ માં રૂપિયા ૦૯૨૬.૪૧ કરોડ<br>(જાન્યુ.અંતિત) |
| (૩) બજેટ જોગવાઇ પ્રમાણેના બાકીના પેસા ન વપરાવાના કારણો શાં છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) બજેટ જોગવાઇ પ્રમાણે વિભાગ ખર્ચ કરી શકે તે માટે સરકારનું શું આયોજન છે ? | (૪) અનુસૂચિત જનજાતિના કલ્યાણ માટે યોજનાઓની પ્રગતિની ઉચ્ચ કક્ષાએ માસિક તથા ત્રિમાસિક સમીક્ષા કરવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ પૂરેપૂરી વપરાય તેની ક્ષેત્રિયકક્ષાએ પણ સમીક્ષા હાથ ધરવામાં આવે છે. |

-----------

**પગાર વિસંગતતા સમિતિનો અહેવાલ જાહેર કરવા બાબત**

૨૨૭૫૪**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા સાત વર્ષ ઉપરાંતથી પડતર અને કર્મચારીઓના હક્કની બાબત એવા પગાર વિસંગતતા સમિતિના અહેવાલને સરકાર કેટલા સમયમાં જાહેર કરવા માંગે છે ? | પગાર વિસંગતતા સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા નિમાયેલ મંત્રી મંડળની પેટા સમિતિના અહેવાલનો રાજ્ય સરકાર દ્વારા સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવેલ છે. ત્યારબાદની આનુષાંગિક કાર્યવાહી પૂર્ણ થયા બાદ આ અંગે વિચારણા થઇ શકશે. |

-----------

**વલસાડ જિલ્લામાં મામલતદાર ક્ચેરીનું મહેકમ**

૨૨૧૭૪**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર મામલતદાર ક્ચેરીનું મંજૂર થયેલ મહેકમ કેટલું, અને | (૧) આ સાથેના પત્રક મુજબ. |
| (૨) જો મહેકમ ઓછું હોઇ તો આ ઘટ ભરવા માટે સરકારનું શું આયોજન છે ? | (૨) તબક્કાવાર ભરવામાં આવશે. |

પ ત્ર ક

વલસાડ જિલ્લામાં તાલુકાવાર મામલતદાર કચેરીનું મહેકમ

| તાલુકા મામલતદાર કચેરીનું નામ | નાયબ મામલતદાર | કારકુન | ટાઇપીસ્ટ | ક્લાર્ક-કમ-ટાઇપીસ્ટ | ડ્રાયવર | પ્યુન કમ ડ્રાયવર | કસબા તલાટી | પટાવાળા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| મામલતદાર વલસાડ | ૮ | ૬ | ૧ | ૦ | ૦ | ૧ | ૪ | ૯ | ૨૯ |
| મામલતદાર પારડી | ૮ | ૬ | ૧ | ૦ | ૦ | ૦ | ૭ | ૮ | ૩૦ |
| મામલતદાર ઉમરગામ | ૬ | ૫ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૭ | ૧૯ |
| મામલતદાર ધરમપુર | ૭ | ૫ | ૧ | ૦ | ૦ | ૧ | ૪ | ૯ | ૨૭ |
| મામલતદાર કપરાડા | ૬ | ૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૧૪ |
| **કુલ :-** | **૩૫** | **૨૫** | **૫** | **૦** | **૦** | **૨** | **૧૫** | **૩૭** | **૧૧૯** |

-----------

**રાજકોટ જિલ્લામાં વનીકરણ અને પ્લાન્ટેશન યોજના**

૨૧૮૧૬ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકાવાર વનીકરણ યોજના અને પ્લાન્ટેશન યોજના નીચે કેટલા હેકટરમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં વિવિધ યોજનાઓ હેઠળ તાલુકાવાર નીચે મુજબ વનીકરણ કરવામાં આવ્યું.

| તાલુકાનું નામ | વનીકરણ કરેલ વિસ્તાર (હેકટરમાં) |
|---|---|
| જસદણ | ૪૭૪.૦૦ |
| માળીયા | ૩૨૯.૦૦ |
| મોરબી | ૧૨૩.૦૦ |
| રાજકોટ | ૨૧૮.૮૯ |
| વાંકાનેર | ૩૪૫.૦૦ |
| ટંકારા | ૬૫.૦૦ |
| ઉપલેટા | ૯૬.૦૦ |
| પડધરી | ૬૮.૦૦ |
| લોધીકા | ૭૦.૦૮ |
| કોટડા સાંગાણી | ૩૧.૦૦ |
| જેતપુર | ૭૦.૮૦ |
| જામ કંડોરણા | ૫૪.૦૦ |
| ગોંડલ | ૮૫.૬૪ |
| ધોરાજી | ૮૭.૪૮ |
| **કુલ** | **૨૧૧૭.૮૯** |

(૨) તે પેકી દરેક પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૨) તે પેકી તાલુકાવાર નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| તાલુકાનું નામ | વાવેતર પાછળ થયેલ ખર્ચ રૂા.લાખમાં |
|---|---|
| જસદણ | ૪૦.૫૬ |
| માળીયા | ૪૧.૦૩ |
| મોરબી | ૨૩.૪૭ |
| રાજકોટ | ૧૬.૫૨ |
| વાંકાનેર | ૪૯.૬૦ |
| ટંકારા | ૫.૧૮ |
| ઉપલેટા | ૧૦.૦૪ |
| પડધરી | ૧૮.૦૦ |
| લોધીકા | ૦.૫૦ |
| કોટડા સાંગાણી | ૧.૭૬ |
| જેતપુર | ૨.૦૯ |

| | |
|---|---|
| જામ કંડોરણા | ૯.૩૬ |
| ગોંડલ | ૧૦.૩૨ |
| ધોરાજી | ૨.૨૦ |
| **કુલ** | **૨૩૦.૬૩** |

(૩) હાલ કેટલા વૃક્ષો જીવીત છે ?

(૩) વાવેતર કરેલ પૈકી તાલુકાવાર નીચે મુજબ રોપા જીવીત છે.

(રોપાની સંખ્યા લાખમાં)

| તાલુકાનું નામ | વાવેતર કરેલ રોપાની સંખ્યા | હાલમાં જીવંત રોપાની સંખ્યા |
|---|---|---|
| જસદણ | ૨.૬૦ | ૨.૦૬ |
| માળીયા | ૧.૯૩ | ૧.૪૪ |
| મોરબી | ૦.૮૬ | ૦.૭૪ |
| રાજકોટ | ૧.૨૫ | ૧.૦૧ |
| વાંકાનેર | ૨.૭૮ | ૨.૫૬ |
| ટંકારા | ૦.૩૮ | ૦.૩૧ |
| ઉપલેટા | ૦.૫૯ | ૦.૪૯ |
| પડધરી | ૦.૬૧ | ૦.૫૦ |
| લોધીકા | ૦.૫૭ | ૦.૫૦ |
| કોટડા સાંગાણી | ૦.૩૦ | ૦.૧૨ |
| જેતપુર | ૦.૫૦ | ૦.૪૩ |
| જામ કંડોરણા | ૦.૪૮ | ૦.૩૭ |
| ગોંડલ | ૦.૬૭ | ૦.૫૫ |
| ધોરાજી | ૦.૭૨ | ૦.૫૭ |
| **કુલ** | **૧૪.૨૪** | **૧૧.૬૫** |

-----------

## ઉદ્યોગોમાં શ્રમિકોના અકસ્માતથી મૃત્યુ અને ઇજા

૨૨૪૦૬ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ઉદ્યોગોમાં છેલ્લા બે વર્ષમાં કેટલા શ્રમિકો અકસ્માતથી મૃત્યુ પામ્યા અને ઇજા પામ્યા, અને

(૨) શ્રમિકોની સુરક્ષા માટે સરકારે શા પગલાં ભર્યા છે, અને ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) મૃત્યુ ઇજા
૫૯ ૧૧૪

(૨) **(અ) ભરેલ પગલાં**

૧. શ્રમયોગીઓની સલામતી માટે કારખાના નિરીક્ષણ તંત્ર દ્વારા ઘનિષ્ટ નિરીક્ષણ કરવામાં આવે છે.

૨. કસૂરવાર માલિકો સામે ફોજદારી કેસ, સક્ષમ અદાલતમાં દાખલ કરવામાં આવે છે. જેથી માલિકો સુરક્ષા સબંધી જોગવાઇ માટે વધારે સભાન બને.

૩. થર્ડ પાર્ટી સક્ષમ વ્યક્તિઓ દ્વારા મશીનરીઓની ટેસ્ટીંગ કરાવવામાં આવે છે.

૪. કારખાના ધારાની સબંધિત જોગવાઇઓ લાગુ પડતા કારખાનાઓમાં સલામતી અધિકારીઓ રાખવામાં આવે છે.

૫. રાજ્ય સરકાર દ્વારા દર વખતે રાજ્ય સ્તરનો સલામતી અંગેનો સેમિનાર કરવામાં આવે છે તથા સલામતીની જાગૃતિ અંગે દર

વર્ષે ચોથી માર્ચના રોજ સલામતી દિન તથા સલામતી સપ્તાહ ઉજવવામાં આવે છે.
૬. અતિ જોખમી કારખાનાનો અને જિલ્લાનો ઓદ્યોગિક દુર્ઘટના પ્રબંધન પ્લાન અમલમાં મુક્વામાં આવેલ છે.
**(બ) ભરવા ધારેલ પગલાં**
૧. રાજ્યમાંના કારખાના નિરીક્ષણ તંત્રના અન્ય નિરીક્ષકોની ખાસ ટુકડીઓ દ્વારા કારખાનાઓમાં સલામતી અંગેના નિરીક્ષણો વધારવામાં આવનાર છે.
૨. શ્રમિકોમાં સલામતીની જાગૃતિ અંગે વધુ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે.

-----------

**રાજ્ય સરકાર પાસે ઉપલબ્ધ ભંડોળ**

૨૨૧૮૩ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં કુદરતી અને અન્ય રીતે માનવ આપત્તિ અન્વયે આપત્તિ વ્યવસ્થાપન અંગે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્ય સરકાર પાસે કેટલું ભંડોળ ઉપલબ્ધ છે ?

**જવાબ**

તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ.

| ક્રમ | વર્ષ | રકમ રૂ. (કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૬-૦૭ | રૂા.૨૨૫.૬૪૪૦ |
| કુલ | | રૂા.૨૨૫.૬૪૪૦ |

-----------

**આદર્શ નિવાસી શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યા**

૨૧૮૧૯**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ આદિવાસી વિસ્તારોની આદર્શ નિવાસી શાળાઓમાં શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૭૬ જગ્યાઓ.

(૨) આ ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે. જે ટૂંક સમયમાં જગ્યાઓ ભરવામાં આવશે.

-----------

**સુરત જિલ્લામાં છોડ ઉછેરવા બાબત**

૨૧૮૦૪ **શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાનાં માંડવી, ઉચ્છલ, સોનગઢ અને નિઝર તાલુકામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વન વિભાગ ધ્વારા આંબા, આંબલી, લીંબુ, જામફળ, ચીકુ, કાજુના છોડ-સરગવો, પારસ, ગુંદા, પારસ જાંબુના કેટલા છોડ ઉછેરવામાં આવ્યા,

(૨) વધુ છોડ ઉછેરી ખેડૂતોને રાહત દરે આપવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૩) ઉપરોક્ત ફળ-છોડનો સમગ્ર રાજ્યમાં વ્યાપ વધારવા સરકાર કોઈ વ્યવસ્થા કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) કુલ રૂા.૧૮,૧૩,૪૦૭/- રોપા ઉછેરવામાં આવેલ છે.

(૨) સરકારશ્રીના ધારાધોરણ મુજબ નક્કી કરેલ રોપાની કિંમત વસૂલ લઇ વિતરણ કરવામાં આવે છે.

(૩) વન વિભાગ દ્વારા કરાતા વાવેતરોમાં સ્થાનિક આબોહવાને અનુકૂળ ફળાઉ રોપા, અન્ય રોપા સાથે વાવેતર કરવામાં આવે છે અને લોકોને વૃક્ષ વાવેતર કરવા માટે જાણકારી અને તાલીમની વ્યવસ્થા રાખેલ છે.

**શહેરી ગરીબોને ૨૫ ચો.મી. ના પ્લોટો ફાળવવા બાબત**

૨૨૦૬૮ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્યમાં શહેરી ગરીબોને ૨૫ ચો.મી.ના જમીનના પ્લોટો ફાળવવાની યોજના અમલમાં છે કે કેમ ?

**જવાબ**

હા,

તા.૨૫-૨-૯૩ ના ઠરાવમાં જણાવ્યા મુજબ ૬૨ નગરપાલિકાઓમાં.

-----------

**જિલ્લાવાર લશ્કરી ભરતી મેળા યોજવા બાબત**

૨૧૮૦૭**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૨૦૦૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર ધ્વારા જિલ્લાવાર કુલ કેટલા લશ્કરી ભરતી મેળાઓ યોજવામાં આવ્યા,

(૨) જિલ્લાવાર કુલ કેટલા બેરોજગારો હાજર રહયા, અને

(૩) કુલ કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી કેટલા ખર્ચે ?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | યોજવામાં આવેલ લશ્કરી ભરતીમેળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૨ |
| ૨ | ભાવનગર | ૧ |
| ૩ | સાબરકાંઠા | ૨ |
| ૪ | સુરેન્દ્રનગર | ૧ |
| ૫ | વડોદરા | ૩ |
| ૬ | જામનગર | ૨ |
| ૭ | પોરબંદર | ૧ |
| ૮ | જૂનાગઢ | ૧ |
| ૯ | અમદાવાદ | ૨ |
| ૧૦ | સુરત | ૧ |
| ૧૧ | મહેસાણા | ૧ |
| ૧૨ | કચ્છ-ભૂજ | ૧ |
| | કુલ... | ૧૮ |

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | લશ્કરી ભરતીમેળામાં હાજર રહેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૩૧,૪૨૯ |
| ૨ | ભાવનગર | ૩,૯૦૩ |
| ૩ | સાબરકાંઠા | ૨૩,૧૪૮ |
| ૪ | સુરેન્દ્રનગર | ૬,૦૩૩ |
| ૫ | વડોદરા | ૧૯,૯૨૩ |
| ૬ | જામનગર | ૧૦,૮૩૧ |
| ૭ | પોરબંદર | ૧૦,૭૦૦ |
| ૮ | જૂનાગઢ | ૧,૯૩૬ |
| ૯ | અમદાવાદ | ૧૫,૫૫૪ |
| ૧૦ | સુરત | ૫,૪૯૭ |
| ૧૧ | મહેસાણા | ૮,૮૪૦ |
| ૧૨ | કચ્છ-ભૂજ | ૯,૪૩૬ |
| | કુલ... | ૧,૪૭,૨૩૦ |

(૩) ૧૫૨૭ ને રોજગારી આપવામાં આવી.
રૂા. ૨,૨૩,૦૨૨/- નો ખર્ચ થયેલ છે.

## વલસાડ જિલ્લામાં વાડી યોજના

૨૨૧૯૬**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| વલસાડ જિલ્લામાં વાડી યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલા યુનીટ મંજૂર કરવામાં આવ્યા ? | વલસાડ જિલ્લામાં વાડી યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં ૩૭૪૯ એકર (યુનિટ) વિસ્તારમાં વાડીઓ મંજૂર કરવામાં આવેલ છે. |

-----------

## કોમ્પ્યુટરાઈઝેશનમાં કરેક્શન મોડ્યુલ

૨૨૮૮૯ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યમાં ૭/૧૨અને ૮-અની નકલોના કોમ્પ્યુટરાઈઝેશનમાં રહી ગયેલી ભૂલો માટે સરકાર કરેકશન મોડ્યુઅલ આપવા માંગે છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) આ માટે કેટલા જિલ્લાઓમાંથી માંગણી આવેલ છે. | (૨) ક્ષતિ સુધારણા કાર્યક્રમ બાદ ત્રણ જિલ્લામાંથી. |
| (૩) ભુલો સુધારવા સરકારે કરેકશન મોડ્યુઅલ આપેલ છે કે કેમ, અને | (૩) હા જી, અગાઉ શરૂઆતમાં આપેલ છે. |
| (૩) જો હા, તો ક્યારે અને કેટલા સમય માટે આપેલ છે ? | (૪) જાન્યુઆરી થી ઓક્ટોબર ૨૦૦૫<br>૧-૨-૨૦૦૬ થી ૧૫-૩-૨૦૦૬<br>૧૫-૪-૨૦૦૬ થી ૩૧-૫-૨૦૦૬ |

-----------

## હડતાલ પ્રતિબંધ કરતો હુકમ બાબત

૨૨૦૬૫ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં આવેલ બીરલા એન.જી.કે કંપનીમાં હડતાલ પ્રતિબંધ કરતો હુકમ કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ આ કંપનીમાં શું પરિસ્થિતિ છે, | (૨) કંપનીમાં ઉત્પાદન કાર્ય ચાલુ છે. |
| (૩) હડતાલ પ્રતિબંધ કરતા હુકમનો ભંગ થાય તો ફરીયાદ દાખલ કરવાના અધિકારો ક્યા અધિકારીશ્રીને આપવામાં આવેલ છે, અને | (૩) શ્રમ આયુક્તશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની પૂર્વમંજુરી મેળવ્યા બાદ સરકારી શ્રમ અધિકારીશ્રીને ફરીયાદ દાખલ કરવાના અધિકાર આપવામાં આવેલ છે. |
| (૪) બીરલા એન.જી.કે. કંપનીમાં આવી કોઈ ફરીયાદ દાખલ કરવા સક્ષમ અધિકારીએ મંજૂરી આપેલ છે કે કેમ, ક્યારે આપેલ છે ? | (૪) ના જી. |

-----------

**વારસાઇ હક્કની એન્ટ્રીઓ પાડવા બાબત**

૨૧૯૯૭ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૨૦૦૬માં કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલી વારસાઇ હક્કની એન્ટ્રીઓ પાડેલ છે, અને

(૨) હજુ કેટલી એન્ટ્રીઓ પાડવાની બાકી છે અને તે કાર્ય ક્યાં સુધીમાં પુરું કરવામાં આવશે ?

**જવાબ**

| તાલુકાનું નામ | સન ૨૦૦૪-૨૦૦૫માં પાડવામાં આવેલ વારસાઈ એન્ટ્રીઓ | સન ૨૦૦૫-૨૦૦૬માં પાડવામાં આવેલ વારસાઈ એન્ટ્રીઓ |
|---|---|---|
| ભુજ | ૪૯ | ૨૦૦ |
| માંડવી | ૩૭૫ | ૨૮૨ |
| મુંદરા | ૬૧૭ | ૫૪૧ |
| અંજાર | ૨૨૯ | ૨૨૯ |
| ગાંધીધામ | ૭૮ | ૬૫ |
| ભચાઉ | ૪૨૩ | ૪૫૦ |
| રાપર | ૩૪૫ | ૩૬૯ |
| નખત્રાણા | ૩૩ | ૩૧૪ |
| અબડાસા | ૨૦ | ૩૪૯ |
| લખપત | ૭૮ | ૧૨૩ |
| કુલ... | ૨૨૪૭ | ૨૯૨૨ |

(૨) ૧૦૯, સત્વરે.

**૧૦ રૂા. અને ૨૦ રૂા. ના સ્ટેમ્પ પેપરની અછત**

૨૨૫૬૪**શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દસ રૂા. અને વીસ રૂા.ના સ્ટેમ્પ પેપરની અછત થઇ રહી છે એ વાતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ રકમના સ્ટેમ્પની અછત દૂર કરવા અને પૂરતો જથ્થો ઉપલબ્ધ કરવા સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨) રૂપિયા વીસના સ્ટેમ્પ પેપરની ઉભી થયેલ હંગામી અછત દૂર કરવા નીચે મુજબના પગલાં લેવામાં આવેલ :-

(અ) ફ્રેન્કીંગ મશીન તેમજ નાના દરના નોન જ્યુડીસીયલ સ્ટેમ્પ પેપર્સની અવેજીમાં સ્પે. એડેસીવ સ્ટેમ્પનો ઉપયોગ કરવા સૂચનાઓ આપવામાં આવેલ છે.

(બ) ઓન-લાઈન ઈન્વેસ્ટરી કંન્ટ્રોલ સોફ્ટવેર સીસ્ટમ દ્વારા સમગ્ર રાજ્યના જથ્થાનું મોનીટરીંગ કરી અછત હોય ત્યાં સ્ટેમ્પનો જથ્થો પૂરો પાડવામાં આવે છે.

(ક) બારડોલી ખાતેની પોસ્ટ ઓફીસને સ્ટેમ્પ વેચાણનું લાયસન્સ તા. ૮-૧-૨૦૦૭થી આપવામાં આવેલ છે.

**આદિજાતિ નિવાસી કન્યા શાળા**

૨૨૧૮૯ **શ્રી મહેશભાઈ છો. વસાવા(દેડિયાપાડા) :** માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલી આદિજાતિ નિવાસી કન્યા શાળાઓ આવેલી છે અને આ પેકી કેટલી કન્યા આદર્શ નિવાસી શાળાઓમાં ગૃહમાતાની ખાલી જગ્યાઓ છે,

(૨) ખાલી પડેલ જગ્યાએ કેટલી કન્યા શાળાનું સંચાલન ગૃહપતિ કરે છે અને ક્યારથી, અને

(૩) ખાલી પડેલ કન્યા આદર્શ નિવાસી શાળાઓમાં ગૃહમાતાની ભરતી કરવા સરકારે કેટલા સમયમાં શી વિચારણા કરી છે ?

**જવાબ**

(૧) આદિજાતિ નિવાસી કન્યા શાળા નહિં પરંતુ આદર્શ નિવાસી કન્યા શાળા એક-સાગબારા.

ગૃહમાતાની જગ્યાએ વહીવટી વ્યવસ્થાના ભાગરૂપે મહિલા કર્મચારી ઉપલબ્ધ ન હોઈ પુરૂષ કર્મચારીની નિમણુંક કરવામાં આવેલ હોઈ આ જગ્યા ખાલી નથી.

(૨) એક, તા. ૧-૭-૨૦૦૫ થી.

(૩) વિચારણા હેઠળ છે.

**ગેસ સીલીન્ડર દીઠ વેચાણ વેરો**

૨૨૭૫૫ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાંધણ ગેસના સબસીડીવાળા ગેસ સીલીન્ડર દીઠ કેટલો વેચાણ વેરો લેવામાં આવે છે, અને

(૨) તે અન્વયે ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં વેચાણવેરા પેટે કેટલી આવક સરકારને મળી ?

**જવાબ**

(૧) ૪ ટકા વેટ (વેચાણ કિંમતના)

(૨)

| વર્ષ | આવક (રકમ રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૮૩.૩૨ |
| ૨૦૦૫-૦૬ | ૧૦૯.૮૨ |
| ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૧-૦૭ સુધી) | ૩૮.૧૧ |

-----------

**ઉદ્યોગ ગૃહો અને વેપારીઓને જમીન ફાળવવા બાબત**

૨૨૪૦૭ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ક્યા ક્યા ઉદ્યોગ ગૃહ-વેપારીઓને ક્યા ક્યા હેતુ માટે જમીન મંજૂર કરવામાં આવી છે, અને ક્યા ક્યા ગામે કેટલી જમીન મંજૂર કરવામાં આવી છે,

(૨) ક્યા ક્યા હેતુ માટેની માંગણીઓ કેટલી માંગણીઓ પેન્ડીંગ છે અને તેઓએ કઇ કઇ જગ્યાએ માંગણી કરી છે, અને

(૩) લાંબા સમયથી પડતર રહેવાનાં કારણો શા શા છે ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં કુલ ૮૩ ઉદ્યોગ ગૃહો/વેપારીઓને જુદા જુદા હેતુઓ માટે જુદા જુદા ગામે કુલ હે. ૧૦૦૧-૮૫-૧૦ ચો.મી. જમીન મંજુર કરવામાં આવી છે.

(૨) જુદા જુદા હેતુઓ માટે ૧૨૫ ઉદ્યોગ ગૃહો/ વેપારીઓની જમીનની માંગણીઓ પડતર છે.

(૩) પડતર રહેવાના કારણો

(અ) ખાતાકીય અભિપ્રાયો સમયસર રજુ નહી થવાથી,

(બ) અરજદારશ્રી તરફથી જરૂરી માહિતી રજુ ન થવાથી, વગેરે

-----------

# શોકદર્શક ઉલ્લેખ

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ગુલાબભાઈ ભુલાભાઈ પટેલ ના અવસાન અંગે**

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ગુલાબભાઈ ભુલાભાઈ પટેલનું તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૭ના રોજ ૭૬ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ સને ૧૯૩૦માં નવસારી જિલ્લાના વાંઝણા ગામે થયો હતો. તેઓશ્રીએ ભારતીય ઈતિહાસના વિષય સાથે બી.એ.ની ડીગ્રી મેળવેલ હતી.

તેમના વિસ્તારના પ્રશ્નોને વાચા આપી તેના ઉકેલ માટે તેઓશ્રી સતત પ્રયત્નશીલ રહેતા હતા. આદિવાસી સમાજના ઉત્થાન માટે તેઓશ્રી સતત સંઘર્ષ કરતા રહ્યા હતા.

તેઓશ્રીએ બીજી ગુજરાત વિધાનસભામાં ચીખલી મત વિસ્તારમાંથી પેટા ચૂંટણીમાં ચૂંટાઈ આવેલ હતા.

તેઓશ્રીના અવસાનથી ગુજરાત રાજયએ એક નિષ્ઠાવાન સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ડૉ. વસંતલાલ વ્રજલાલ પરીખ ના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ડૉક્ટર વસંતલાલ વ્રજલાલ પરીખનું તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૭ના રોજ ૭૭ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પરીખનો જન્મ ૧૯૩૦માં વસંતપંચમીના રોજ થયો હતો. તેઓશ્રીએ જામનગર મૅડિકલ કૉલેજમાં અભ્યાસ કરી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન મેળવેલી અને ડી.એ.એસ.એફ.,એલ.એમ.પી.ની તબીબી ક્ષેત્રની પદવી મેળવી આંખોના પ્રખ્યાત સર્જન તરીકે નામના મેળવેલી હતી.

જામનગરમાં શિક્ષણ મેળવી ગાંધીનગરમાં રાજકીય ક્ષેત્રે પ્રવૃત્ત થઈ તેઓશ્રીએ ત્રીજી ગુજરાત વિધાનસભામાં ખેરાલુ મત વિસ્તારને સફળ નેતૃત્વ પુરુ પાડ્યું હતું.

સ્વર્ગસ્થશ્રી પરીખે રાજયમાં તેમજ રાજય બહાર નિ:શુલ્ક નેત્ર નિદાન કૅમ્પનું આયોજન કરી અસંખ્ય લોકોની આંખોની સારવાર કરેલી હતી. સને ૨૦૦૧ના ગુજરાતના ભૂકંપ સમયે તેઓશ્રી કચ્છની પ્રજાની સહાયે પહોંચી ગયેલ. કચ્છ જિલ્લાના ગામડાઓને દત્તક લઈ તેના પુન:નિર્માણના કામમાં તેઓશ્રીએ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું અને સર્વોદયની પ્રવૃત્તિમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

આ દેશમાં જ્યારે કટોકટી આવી અને લોકશાહીની હત્યાની ઘટના ઘટી ત્યારે એ કાળા કાયદા સામે એમણે જંગ માંડ્યો હતો અને કટોકટીના કાળમાં લાંબો સમય જેલવાસ ભોગવીને લોકશાહીની રક્ષા માટે એ લડતા રહ્યા હતા.

સ્વર્ગસ્થશ્રી પરીખે સાહિત્ય અને કેળવણી ક્ષેત્રે પણ નોંધપાત્ર યોગદાન આપેલ. ટૅક્નીકલ શિક્ષણ ક્ષેત્રે પણ તેઓશ્રીએ રસ દાખવ્યો હતો. સાહિત્ય ક્ષેત્રે પણ બેંતાલીસ જેટલા પુસ્તકોનું સર્જન કરી સમાજને અનોખી ભેટ આપી હતી. ધરોઈ બંધ યોજના માટે યોગદાન આપનાર ડૉ. પરીખને ઉત્તર ગુજરાતની પ્રજા સદા યાદ કરશે.

તબીબી શિક્ષણક્ષેત્રે સંકળાયેલા વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી થઈ શકે તે હેતુથી સ્વ.શ્રી પરીખે પોતાનું દેહદાન કરેલ છે.

તેઓશ્રીના નિધનથી ગુજરાતમાં જાહેર જીવનમાંથી મૂલ્યનિષ્ઠ વ્યકિતત્વ અને બહુમુખી પ્રતિભા ધરાવતા એક સિતારાએ આપણી વચ્ચેથી ચિરવિદાય લેતાં રાજયને પુરી ન શકાય તેવી ખોટ પડેલ છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી માનસીંગભાઈ વીરાભાઈ જાદવના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી માનસીંગભાઈ વીરાભાઈ જાદવનું તારીખ ૯મી માર્ચ, ૨૦૦૭ના રોજ ૭૮ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી જાદવનો જન્મ તારીખ ૨૩મી ઑગસ્ટ, ૧૯૨૮માં ગાંધીનગર જિલ્લાના રુપાલ ગામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી જાદવ પ્રજાના પ્રશ્નોને વાચા આપી તેના ઉકેલ માટે સતત પ્રયત્નશીલ રહેતા હતા.તેઓશ્રીએ સાતમી ગુજરાત વિધાનસભામાં જોટાણા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

તેઓશ્રીના અવસાનથી ગુજરાત રાજયએ એક નિષ્ઠાવાન સમાજસેવક ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (વિરોધ પક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને ગૃહના નેતા જે શોક દર્શક ઠરાવ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ ગુલાબભાઈ ભુલાભાઈ પટેલ નવસારી જિલ્લાના એક નાનકડા ગામમાં જન્મ્યા અને એ સમાજની જે પહેલી શિક્ષિત પેઢી બની એ પેઢીમાંથી તૈયાર થયા અને રાજકીય ક્ષેત્રે ઘણાં વર્ષો સુધી યોગદાન આપ્યું. ચીખલી મત-વિસ્તારમાંથી ચૂંટાયા અને એકદમ સરળ જીવન જીવીને એક ઉમદા પ્રજાના સેવક તરીકેનો એમણે દાખલો બેસાડ્યો અને જીવન પર્યત એ સાદાઈથી જીવતા રહ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ ડો. વસંતલાલ પરીખ વડનગરમાં જન્મ્યા અને ખેરાલુ મત વિસ્તારમાંથી ચૂંટાયા. સામાન્ય રીતે રાજનીતિમાં બહુ સ્કોલર લોકો આવતા નથી એવી સામાન્ય પ્રજાની ફરિયાદ રહેતી હતી. પરંતુ ડો. વસંતલાલ પરીખ માત્ર તબીબી વ્યવસાયી અને તબીબી ગ્રૅજ્યુએટ ન હતા પરંતુ એ ક્ષેત્રમાં સ્કોલર કહી શકાય એવા પ્રથમ કક્ષાના ગોલ્ડ મેડાલિસ્ટ વિદ્યાર્થી હતા અને અભ્યાસ પૂરો કર્યા પછી એમણે ગાંધીજીના રાહ ઉપર ચાલી અને પ્રજાની સેવા કરવાનું શરૂ કર્યુ અને માત્ર પ્રજાના ટેકાથી ચૂંટાનાર જે થોડા લોકો હતા એમાં ડો. વસંત પરીખ હતા. એમણે વચન આપેલ હતું પોતાના મત વિસ્તારના લોકોને કે હું દર ત્રણ મહિને. મારા ખર્ચનો હિસાબ આપતો રહીશ. તેઓ હંમેશા પોતાને પ્રજાના પ્રતિ નિધિ તરીકે જ ગણાવતા હતા. તેઓ બહુમુખી પ્રતિભા ધરાવતા સાહિત્યકાર હતા. લોક સેવક હતા અને ઉમદા રાજ નીતિજ્ઞ હતા. પ્રજાના દરેક પ્રશ્નમાં પોતાનો અવાજ રજૂ કરતા રહ્યા અને નેત્ર યજ્ઞ ક્ષેત્રે અને રાહત કામમાં ખૂબ ઉમદા સેવા બજાવતા રહ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ માનસીંગભાઈ વીરાભાઈ જાદવ એક ખૂબ દલિત પરિવારમાં ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામે જન્મ્યા અને આજીવન સેવાદળના સૈનિક તરીકે કામ કરતા રહ્યા. તેઓ એક દાખલારૂપ

જીવન જીવ્યા અને મૃત્યપર્યંત એક ચાલી જેવા મકાનમાં રહ્યા અને એક ઉમદા સેવકને શોભે એવું એમનું જીવન હતું અને જીવનના છેલ્લા દિવસો સુધી એક સામાન્ય સેવાદળના કાર્યકર તરીકે તેઓ પ્રજાની વચ્ચે ગયા-રહ્યા અને છેલ્લા દિવસ સુધી પ્રજાની સેવા કરતા રહ્યા. આ ત્રણેય મહાનુભાવો આ ગૃહની શોભા હતા અને તેઓએ ગૃહની શોભા બહાર પણ વધારી અને એક ઉમદા સેવકનો દાખલો બેસાડ્યો છે. એમના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ અર્પે અને એમના કુટુંબ ઉપર આવી પડેલ દુ:ખ સહન કરવાની એમને પ્રભુ શકિત આપે. આપના મારફત દિલસોજીનો સંદેશો એમના પરિવારજનોને પહોંચાડવામાં આવે એવી મારી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીઓ આજના શોક દર્શક ઉલ્લેખમાં બોલવા માટે વધારે સભ્યોએ ઇચ્છા દર્શાવી છે એટલે બધા મિત્રોને વિનંતી કરું કે તમામ મિત્રો ઓછા સમયમાં ટૂંકમાં સારામાં સારું કહી શકાય એ રીતે વાત કરે.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા માનનીય મુખ્ય મંત્રીશ્રી જે શોક દર્શક ઠરાવ લઈને આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ ડો. વસંતભાઈ પરીખ સાથે મારે પારિવારિક સંબંધો રહ્યા છે. વિધિની વક્રતા કેવી હશે કે તા.૧૭-૧૮ ના રોજ આદરણીય પૂજ્ય સંત સ્વામી સત્યમિત્રાનંદગીરીજીની હાજરીમાં બનાસકાંઠામાં એક વનવાસી લોક સંમેલનમાં વસંતભાઈ સાથે જઈશું એવું મહિનાઓ પહેલા નક્કી થયેલું, પરંતુ કુદરતની સામે આપણે સૌ લાચાર છીએ અને નિયતિને એ મંજૂર નહોતું, આપણે સૌ જાણીએ છીએ કે 'જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ'. પૂર્વની અંદર સુપ્રભાતે સૂર્યનારાયણ ભગવાન જ્યારે આ પૃથ્વી પર સોનેરી કિરણોની વર્ષા કરતા હોય છે ત્યારે એક બીજી ઘટના જન્મ લેતી હોય છે અને તે એ છે કે પશ્ચિમની અંદર સૂર્ય નારાયણ ભગવાન પોતાની માયા સંધ્યા સમયે સંકેલી લેતા હોય છે. ઉત્તર ગુજરાતની તરસી ધરતીની તૃષ્ણાનો ઉકેલ લાવતી ધરોઈ યોજનાના સ્વપ્નદૃષ્ટા અને શિલ્પી, આ જ ગૃહના ત્રીજી વિધાનસભાના લોકસેવક અને વિદ્યા વાચસ્પતિ, તબીબી વિભૂતિ, સંત શિરોમણિ, વેદ, ઉપનિષદ, ગીતા, રવિ સાહિત્ય અને વિવેકાનંદની ઉપરની એમની વિદ્વતા વિદ્વાનોને પણ આંજી નાંખતી. પોતાના અંગત જીવનની અંદર, પોતાના ગૃહસ્થ જીવનની અંદર કોઈપણ સંતથી પણ દસ ડગલાં આગળ, આંસુઓની લિપિ જાણનાર, કણસતા અવાજોને કાળજે કોતરનાર અને સીમાડાના પેલે પાર, ગુજરાતની હદ વટાવી અને બિહારની અંદર જિંદગીની સંધ્યાએ પહોંચેલા વૃદ્ધોની લુપ્ત થતી રોશનીને દૃષ્ટિ આપવાનું કામ કરનાર એક કુશળ કસબી, કોઈની પણ આંખે ઊડીને વળગે એવી એમની સાદગી, કલ્પનાના ઘોડાઓ ના દોડી શકે એવી એમની અકલ્પ્ય પારદર્શકતા અને પ્રમાણિકતા, મુખારવિંદ પરની તેજસ્વિતા, આંખમાંથી સતત ઊતરતો એમનો પ્રેમ અને એમની વાણીની અંદર વિનમ્રતા, મસ્તિકાની અંદર રહેલી ફાટ ફાટ થતી એમની સ્વાભિમાનતા, એમના હૃદયની અંદર રહેલી કરૂણા અને એમના બાહુની અંદર રહેલી કાર્યદક્ષતા એ જ વસંતભાઈ પરીખની ઓળખ. એ મારું સૌભાગ્ય રહેલું છે કે જીવનના પથ પર ક્યાંક ક્યાંક એવા પ્રસંગો બન્યા કે જ્યારે હું મૅડિકલ એસોસિએશનનો પ્રમુખ બન્યો હોઉં કે જિંદગીના પ્રભાતે કુદરતનો કોઈ કોપ પામી અને અપાહિજ બનેલા બાળકોની સેવા કરતી સંસ્થા એ કરુણા ટ્રસ્ટની સ્થાપના હોય કે જાહેર જીવનમાં ધારાસભ્ય પદ પ્રાપ્ત કર્યુ હોય અને એનો પ્રથમ શુભેચ્છા સમારંભ હોય, એ દરેક પ્રસંગના અધ્યક્ષપદે વસંતભાઈ પરીખે મને આશિર્વાદ આપ્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે કહ્યું કે ૧૯૭૫ની કટોકટીની અંદર અમારા મોટા ભાઈ ૨૧ વર્ષની ઉંમરે જ્યારે જેલમાં હતા અને મારી ૧૫ વર્ષની ઉંમરે ગામની અંદર અમે જ્યારે મુશ્કેલીમાં જીવતા હતા ત્યારે સાબરમતી જેલમાંથી એમણે લખેલા પત્રોએ એમને ઘણી હૂંફ આપેલી, ભૂકંપની અંદર બાબુભાઈના વિસ્તારની અંદર રામદેવપીર વાડ, હમીરગઢની અંદર, દાંતાની અંદર અનેકવિધ કાર્યો કર્યા અને રવિવારે માનનીય મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં એમનું દેહ દાન થયું, અમરતાનું વસિયતનામું એમના જીવનનો મૃત્યુ મંત્ર હતો ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ભાવુક ભાષણ કર્યુ ત્યારે જ વસંતભાઈના વિરાટ વ્યક્તિત્વના આપણને દર્શન થયાં, જે જે લોકો હાજર હતા એ દરેકની પાંપણો ભીની હતી પણ છેલ્લે મારે એકજ વાત કહેવી છે કે વસંતભાઈના આત્માને ઈશ્વરે શાંતિ આપ્યા વિના છૂટકો નથી પરંતુ રવિન્દ્રનાથે એમ કહ્યું છે કે 'મને અમાસનું આકાશ ગમે છે કારણકે ત્યાં ચાંદનીના પ્રભાવથી એ મુક્ત હોય છે, ટમટમતાં તારાંઓના અસ્તિત્વના સ્વીકાર થયેલો હોય છે આવો જ એક આપણા સમાજ જીવનનો તારો વસંતભાઈ પરીખ નભોમંડળની અંદર પ્રસ્થાપિત થયો છે. આપણા જીવનકાળની અંદર અમાવસ્યની ઘટા ઘટ અંધારી રાત્રીએ એ જ ટમટમતો તારો આપણો પથ દર્શક બની રહે, આપણો માર્ગદર્શક બની રહે એ જ અભ્યર્થના સાથે એમના કુટુંબીજનોને હું મારો આ શોક પ્રસ્તાવ રજૂ કરીને દિલસોજીનો સંદેશો પાઠવું છું.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકપ્રસ્તાવ લાવ્યા છે અને વિપક્ષના નેતાશ્રીએ એને ટેકો આપ્યો છે તેના સમર્થનમાં હું બે શબ્દો રજૂ કરવા માગું છું. શ્રી માનસીંગભાઈ જાદવ મારા જોટાણા મત વિસ્તારના એક ધારાસભ્ય હતા, ગરીબ દલિત પરિવારમાંથી અમદાવાદની ચાલીમાંથી સમાજ સેવા કરતાં કરતાં સેવા દળ સુધી પહોંચેલા અને સેવાદળના કાર્યકર્તાઓની કદરના ભાગરૂપે એક સારા કાર્યકર્તાને વિધાનસભામાં દલિતોની લાગણીઓને વાચા આપવાની તક મળેલી એવા સરળ, સાદા અને સામાન્ય પરિવારમાંથી આવતા અમારા મુરબ્બી શ્રી માનસીંગભાઈના દુ:ખદ અવસાનથી હું દુ:ખ

અનુભવું છું સાથે સાથે વડનગરના વડલાની સમા સદાય પ્રેમ, કરુણા પરમ પૂજ્ય વિનોબા, પૂ.મહાત્મા ગાંધીના સર્વોદયના મંત્રને લઈને જેમણે સતત ગરીબ, દલિત, પછાત, વંચિતોની સેવા કરી છેવાડાના માનવીના સથવારા એવા ડો.વસંતભાઈના દુ:ખદ અવસાનથી સાચા અર્થમાં વંચિતોના એક સાચા સાથી, માર્ગદર્શક, એક પ્રેરક બળ ગુમાવ્યા હોવાનો અહેસાસ થાય છે. આપના માધ્યમથી પરમ પિતા પરમાત્મા તેમના આત્માને ચિર શાંતિ અર્પે અને તેમના સ્વજનોને આ આફતમાં સહયોગી બને એવી અભ્યર્થના.

**શ્રી અશોક ભટ્ટ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય વિરોધપક્ષના નેતાને સમર્થિત શોક પ્રસ્તાવમાં હું મારો સૂર પુરાવું છું. ૧૯૬૭ની અંદર અમદાવાદ સિવિલ હોસ્પિટલના સંકુલમાં જ્યારે વિધાનસભા બેસતી હતી ત્યારે વસંતભાઈની વિધાનસભાના સદસ્ય તરીકેની જાગ્રુતતાના દર્શન થયા. ધરોઈ યોજના માટે તેમણે મૂકેલ વિચારો આજે સાકાર બની રહ્યા છે અને ઉત્તર ગુજરાતની ધરતી માટે તેમણે જે વિચારો જે વિધાનસભા ગૃહમાં મૂક્યા હતા તે માન્ય પરિણામિત બની રહ્યા છે ત્યારે વસંતભાઈ માટે એમ કહી શકાય વીસમી અને એકવીસમી સદીની અંદર તે ઋષિ પરંપરાના એક ઋષિ તરીકે ગુજરાતના જાહેર જીવન માટે નિષ્ઠા, સેવા અને સંસ્કારની ત્રિમૂર્તિ જેવા હતા. વસંતભાઈ તેમના સમગ્ર જીવન દરમિયાન નેત્રબિંદુના એટલે કે મોતિયાના નેત્રયજ્ઞો દ્વારા જે કાર્ય કર્યુ તે ગુજરાતના આરોગ્ય વિભાગ માટે પણ અનેક સ્વૈચ્છિક સ્વયં સેવકોમાંથી પ્રેરણા મેળવીને ગુજરાતે સમગ્ર દેશની અંદર છેલ્લાં પાંચ વર્ષની અંદર નેત્રબિંદુના ઓપરેશનની અંદર આપણે પ્રથમ રહ્યાં છીએ અને તેમાં સૌથી પહેલાં પ્રેરક પુરુષોમાં હોય તો એ પૈકીના એક ડો.વસંતભાઈ હતા. તેમને અંજલિ આપવા માટે આ સભાગૃહ ખૂબ ગૌરવ અનુભવે છે અને તેમાંથી પ્રેરણા એ જ આપણી સાચી શ્રદ્ધાંજલિ છે. એવી જ રીતે માનનીય પૂર્વ સદસ્ય શ્રી માનસિંગભાઈ જાદવ અમદાવાદ શહેરની અંદર બહેરામપુરની એક ચાલીમાં રહેતા મિલ શ્રમિક કાર્યકર્તા અને જોટાણામાંથી તે ચૂંટાઈને આવેલા હતા. તેમના સભ્ય પદ મટી ગયા પછી પણ અમદાવાદની અંદર મજૂર પ્રવૃત્તિની અંદર વિશેષમાં મજૂરોની સાથે રહીને તે કાર્ય કરતા હતા એવા એક લોક સેવકને હું અંજલિ અર્પુ છું. ગુલાબભાઈ સાથે મારો પરિચય નહીં પણ એક નિષ્ઠાવાન કાર્યકર્તા તરીકે મેં તેમના જીવન વિશે સાંભળ્યું છે. ફરીથી આ સભાગૃહની અંદર આ ત્રણેય મહાનુભાવોને શ્રદ્ધાંજલિ અર્પુ છું.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે અને તેમાં વિરોધપક્ષના નેતાશ્રીએ અનુમોદન કર્યુ છે તેમાં મારી લાગણીના સૂર પુરાવા માટે ઉભો થયો છું. ડો.વસંતભાઈ પરીખને ગુજરાતના જ નહીં પણ દેશના અનેક ખૂણાઓમાં તેમની પહેચાન રહી છે. ડો.વસંત પરીખ ડોકટરી તબીબી સેવાના તો ઘણાં મોટા નિષ્ણાંત હતા પણ તેમની લાગણી જે રહી છે તે ' અનટૂ ધ લાસ્ટ ' છેવટના માનવી સાથે તેનો અનુબંધ રહ્યો અને જ્યાં જ્યાં સાદ પડે ત્યાં વસંત ભાઈ દોડી જાય. બિહારમાં બુધ્ધ ગયામાં વર્ષોથી ભણસારી ટ્રસ્ટ તરફથી મોટો નેત્રયજ્ઞ થાય છે. ૫-૭ વર્ષ પહેલાં મારે પણ તેમની સાથે બુધ્ધ ગયામાં એક અઠવાડિયું રહેવાનો પ્રસંગ બન્યો હતો. તો મેં ત્યાં જોયું કે આટલી મોટી ઉંમરે પણ તેઓ સવારથી સાંજસુધી જે રીતે કામ કરતા હતા એ એક જુવાનને પણ શરમાવે એવું હતું. આવી તેમની ગરીબો માટેની લાગણી હતી. આવા વસંતભાઈ જયારે કચ્છમાં ભૂકંપની પરિસ્થિતિ આવી ત્યારે પણ ત્યાં દોડી ગયા હતા અને આ રીતે ગરીબ અને આદિવાસી પ્રજા હોય ત્યાં એ જાય અને તેમનાથી થાય એટલી મદદ કરતા હતા. વસંતભાઈ જાહેર જીવનમાં આવ્યા અને આ વિધાનસભાના સભ્ય બન્યા તો તેઓ પ્રજા પાસે માગણી કરતા હતા કે મને વોટ પણ આપો અને સાથે સાથે ખર્ચ માટે નોટ પણ આપો તો હું એકેએક પાઈનો હિસાબ આપીશ. ધરોઈ યોજના એ એમનું એક મોટામાં મોટું પ્રદાન છે. ગાંધીનગરથી ધરોઈ સુધી એમણે પદયાત્રા કાઢી અને એનો સાદ સરકારને કાને સંભાળાયો અને આ ધરોઈ યોજનાનું નિર્માણ થયું એ એમનું એકમોટામાં મોટું પ્રદાન છે.

માનનીય અધ્યક્ષશ્રી, વસંતભાઈ એ એક સારા ફિલોસોફર પણ હતા અને અનેક વિષયો ઉપર એમનું અગાધ જ્ઞાન હતું અને જુવાનોને પણ પ્રેરણા આપી શકાય અને વિવેકાનંદની વિચારધારામાંથી, મહાત્મા ગાંધીજી અને પૂજય વિનોબા ભાવેની વિચારધારામાંથી એ પોતે એ વિચારેને પ્રજા સમક્ષ મૂકીને તેમની આગેવાની કરતા હતા. તેવા વસંતભાઈ સાથે છેલ્લા ૩૫ વર્ષ સુધી સંબંધ રહયો છે એવા એક લોકસેવકના જવાથી ગુજરાતને બહુ મોટી ખોટ પડી છે એવી હું લાગણી વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રી માનસિંહભાઈ જાદવ સેવાદળના એક વડા હતા અને સેવાદળમાંથી લોકોની પ્રવૃત્તિ માટે એક પછાતવર્ગના જુવાને સમગ્ર ગુજરાત લેવલે જે કામ કર્યુ છે, અને પોતે દલિત હોવા છતાં પણ એક ગરીબ ચાલીમાં રહીને પણ સમગ્ર ગુજરાતમાં કામ કર્યુ છે અને જોટાણા જેવા મત વિસ્તારમાંથી ચૂંટાયા હતા એવા મનસિંહભાઈ જાદવ સાથે હું વર્ષો સુધી પરિચયમાં રહયો છું. તેમને માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય વિરોધપક્ષના અમારા નેતાશ્રીએ જે શોકાંજલી આપી છે એમાં હું પણ મારો સૂર પૂરાવું છું અને મારી લાગણી વ્યકત કરું છું.

**ડૉ. કનુભાઈ કળસરિયા (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતાશ્રી જે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે અને એમાં સૌ સભ્યશ્રીઓએ સૂર પૂરાવ્યો છે એમાં હું પણ મારો સૂર પૂરાવું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના પૂર્વ સભ્યો સ્વ.શ્રી ગુલાબભાઈ ભૂલાભાઈ પટેલ, સ્વ. શ્રી વસંતભાઈ પરીખ તથા સ્વ.શ્રી માનસિંહભાઈ જાદવ આ બધા મહાનુભાવો માટેનો જે શોક વ્યક્ત કરવામાં આવ્યો છે તેમાં હું પણ શોકની લાગણી પૂરાવું છું, પરંતુ ખાસ કરીને ડો. વસંતભાઈ પરીખ વિશે મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સદ્ભાગ્યે મને સર્જન બન્યા પછી વડનગરમાં વસંતભાઈ સાથે, વડનગરમાં જે હોસ્પિટલ ચલાવતા હતા, આંખના સર્જન તરીકે જનરલ હોસ્પિટલનું પણ સંચાલન કરતા હતા એમાં સર્વિસ કરવા માટેનો મને એક દિવ્ય મોકો મળ્યો હતો. અગાઉ ૩ મહિના સુધી હું જુદી જુદી હોસ્પિટલોમાં ઈન્ટરવ્યુ આપતો હતો, પરંતુ કયાંય નોકરી મળતી ન હતી અને જયારે મને વડનગરમાંથી એક સંદેશો મળ્યો કે તમે આવી જાઓ. ૧૫ દિવસ પહેલાં હું તેમને મળ્યો હતો, પરંતુ ત્યારે જગ્યા ખાલી નહોતી અને મને બોલાવ્યો ત્યારે મારું હૃદય પુલકિત થઈ ઉઠયું હતું. તેમનો એવો પ્રભાવ, એવી આભા અને એવું વ્યકિતત્વ હતું કે મને એમ થયું કે મને જો તેમની સાથે કામ કરવાનું મળે તો ખૂબ સારું. તો મેં તેમની સાથે આ રીતે ૩ વર્ષ અને ૧૩ દિવસ સુધી તેમના માર્ગદર્શન નીચે સર્જન તરીકે વડનગરમાં કામ કર્યુ હતું, પરંતુ એ ૩ વર્ષ અને ૧૩ દિવસ એ મારા જીવનનું અમૂલ્ય ભાથું બની ગયું હતું. ટ્રસ્ટશીપનું બીજ જે મારા મનમાં હતું એ ત્યાં પાંગર્યુ અને એને અનુરૂપ વાતાવરણ મળ્યું. તો વડનગરમાં જે કાર્ય જેવી રીતે પૂજય ડો. વસંતભાઈએ કરેલ હતું એવું જ કામ મહુવા તરફ એ વિસ્તારમાં કરવાની મારી લાગણી પ્રબળ બની અને આજથી બરાબર ૨૩ વર્ષ પહેલાં મેં તેમને જાણ કરી કે મારે મહુવા તરફ જવું છે ત્યારે મારી આંખમાંથી આંસુની ધારા હું રોકી શકયો નહીં. મારા ખભા ઉપર હાથ ફેરવીને તેમણે કહયું હતું કે કનુભાઈ, કાંઈ વાંધો નહીં, દુઃખી ના થાઓ અને જયાં જાઓ ત્યાં સારું કામ કરવાની તક મળશે. માનનીય અધ્યક્ષશ્રી, ત્યારથી અનેક વખતે અમારા ટ્રસ્ટ, સદભાવના ટ્રસ્ટની હોસ્પિટલના કાર્યક્રમમાં આવ્યા છે, શુભેચ્છાઓ પાઠવી છે, માર્ગદર્શન પણ આપ્યું છે. છેલ્લા સાડા ત્રણ વર્ષથી, એમના ધર્મ પત્નિના અવસાન પછીના વર્ષોમાં અમારો સતત આગ્રહ રહ્યો કે આપ આવો, પણ તેઓ પોતે આવી શક્યા નહીં અને છેલ્લા એક મહિનાથી હું ફોનથી પણ એમનો સંપર્ક પણ કરી શક્યો નહોતો, બે વખત ફોન લાગી શક્યો નહીં અને એક વખત એમણે ઉપાડયો નહીં, અને એકા એક જ્યારે આ સમાચાર સાંભળવા મળ્યા ત્યારે એક વીજળી તૂટી પડી હોય તેવો અનુભવ થયો છે. એમનું જે વ્યકિતત્વ હતું તે એક ઋષિ તુલ્ય વ્યકિતત્વ હતું અને આ જમાનમાં ભાગ્યે જ આવું સમર્પિત વ્યકિતત્વ જોવા મળે. સૌના પ્રત્યે એક સરખી ઊંડી લાગણી અને પોતાના શરીરનો જીવનનો એકે એક ભાગ દુનિયાના કોઈ ને કોઈ ગરીબ લોકોના ઉપયોગમાં આવે તેના માટે એમની તમન્ના છેલ્લા શ્વાસ સુધી રહી. છેલ્લા દિવસોમાં અથવા તો છેલ્લા વર્ષોમાં તેઓ અગરિયાઓની સ્થિતિ માટે ખૂબ ચિંતિત રહેતા હતા. અને ઉદ્યોગ મંત્રીશ્રીને અવાર નવાર મારા દ્વારા પણ યાદ અપાવતા રહેતા હતા અને ઉદ્યોગ મંત્રીશ્રી આ બાબતમાં સજાગ છે તેવી લાગણી મારી આગળ પણ વ્યકત કરતાં હતાં. પોતે સાહિત્યના જીવ હતા. છેલ્લે જે આઈ.ટી.આઈ. નામની સંસ્થા ચલાવતા હતા એમાં કોઈ ગ્રાન્ટ, સહાય બાકી હતી, ત્યારે એમણે લખ્યું હતું તે શબ્દોમાં એક લીટી એવી હતી. આ પંદર દિવસ પહેલા એ પત્ર મને મળ્યો હતો, એમણે લખ્યું હતું કે "કનુભાઈ, આપણે પણ ગ્રાન્ટાહારી થઈએ તે પણ એક મજબૂરી છે" એટલે કે ગ્રાન્ટ આધારિત, એટલે આવી જાતનો સાહિત્યનો એમનો જીવ હતો. એમના વિષે જેટલું કહીએ એટલું ઓછું છે, હૃદય ખૂબ જ દુઃખી થાય છે, એમની ખોટ કોઈ રીતે પૂરી શકાય તેમ નથી. કાળજે કેક, સાચના કાચથી, અને તેજની ખેતી એવા પુસ્તકો સાથે ઘણાં બધા પુસ્તકો એમણે લખ્યા છે. મારે એક વાત એ કહેવી છે કે એમના જે પત્રો હતા એ પત્રો નહીં પણ કવિતા રૂપે શબ્દો ફૂટતા હતા. જેને જેને એમના પત્રો મળતા તેઓ એમના પત્રો કદી ફાડી અને ફેંકી શકતા નહીં. કાયમ માટે તે સંગ્રહ કરવા જેવા એમના શબ્દો હતા. એમના પત્રો એ અમૂલ્ય ખજાનો બની રહી અને પ્રેરણાનો સ્ત્રોત બની રહેતા. એવું એમનું વ્યકિતત્વ હતુ. તેઓ આજે આપણી વચ્ચે નથી તે દુઃખની વાત છે. તેઓના કુટુંબીજનોને આપના મારફત દિલસોજીનો સંદેશો પાઠવીએ અને એમના જીવનમાંથી પ્રેરણા લઈએ એટલું કહી અને વિરમું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતાશ્રી, પૂર્વ સભ્યશ્રી સ્વર્ગસ્થ ગુલાબભાઈ ભૂલાભાઈ પટેલ તથા સ્વર્ગસ્થ શ્રી માનસીંગભાઈ વીરાભાઈ જાદવ અને ડો. વસંતભાઈ પરીખના અવસાન અંગેનો જે શોક પ્રસ્તાવ લાવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે તેમાં હું મારો સૂર પુરાવી અને મારા વિચારો વ્યકત કરું છું. ડો. વસંતભાઈ પરીખ સાથેનો મારો ૪૦ વર્ષનો પરોક્ષ અને પછી પ્રત્યક્ષ પરિચય, એ ૧૯૬૭ની ધારાસભામાં હતા ત્યારે મારા જ ગામના રાપરના ધારાસભ્ય ભુપેન્દ્રસિંહ સાથે અવારનવાર એમને મળવાનું થતું હતું એમનું વ્યકિતત્વ એવું હતું કે જનાર તો જતા રહ્યા, સદ્ગુણ એના સાંભરે, તેઓ આંખના ડોકટર, અને તે નાતે લાકડીયા નેત્ર યજ્ઞ પ્રસંગે આવેલા અને એમની સાદગી અને બુદ્ધિમત્તા એવી કે જાહેર જીવનમાં દાખલારૂપ ધારાસભ્ય હતા. તેઓ પોતાના હિસાબો જાહેર કરતા એકે એક પાઈ ની આવકનો અને ખર્ચનો હિસાબ પણ તેઓ રજૂ કરતા હતા. ડોકટર વસંતભાઈનું વ્યકિતત્વ એમના પરિચયમાં આવનાર સૌ કોઈને યાદ રહે, ડોકટર કલસરીયા સાહેબે કહ્યું એમ એમની સાથેના એક પ્રવાસમાં પણ એમણે વસંતભાઈની સાથેના સંસ્કરણો વાગોળેલા, અને ડો. જીતુભાઈએ કહ્યું તેમ એમના પરિચયમાં આવનાર સૌ કોઈને કહેવાનું મન થાય તેવું એમનું વ્યકિતત્વ હતું. અને જેમને આપણે હાસ્ય કલાકાર ગણીએ છીએ તેવા પણ બુદ્ધિશાળી અને વિચારક વ્યકિતત્વ એવા શાહબુદીન રાઠોડ સાથે ડો. વસંતભાઈને મળવાનું થતું ત્યારે એમની સાથેની એ ગોષ્ટી

હતી તે કોઈ નિચોડ નીકળતો તેવા પ્રકારની વાત એમની વચ્ચે સાંભળવા મળતી હતી. એ પ્રકારની વાતો ડો. વસંતભાઈના મુખડેથી અમને સાંભળવા મળેલ હતી. એવા વસંતભાઈ આ ગૃહના સભ્ય હતા જે આ ગૃહનું ગૌરવ પણ ગણાશે કે તેઓ આ ગુજરાત વિધાનસભાના સભ્ય હતા. એવા મહાનુભાવને હું અંજલિ અર્પુ છું. સ્વ. શ્રી ગુલાબભાઈ પટેલ તથા સ્વ. શ્રી માનસીંગભાઈ જાદવને પણ અંજલિ અર્પુ છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી શોક દર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને જેને વિરોધપક્ષના નેતાશ્રીએ સમર્થન આપેલ છે એમાં હું પણ મારો સૂર પુરાવું છું.

ડો. વસંતભાઈ સાથે મારે પંદર વરસથી ઘર જેવો નાતો હતો. વડનગર કોલેજના પ્રિન્સિપાલ પ્રતાપસિંહ સોલંકી સાથે ચર્ચા કરવાની થાય તેવા સમયે તેમને પણ મળવાનું થાય. છેલ્લે દસમી તારીખે ગોકુલમાં આવેલા ત્યારે એમની સાથે બેસવાનું થયેલ. તે વખતે કલ્પના નહોતી કે આવું બનશે. એના સાત દિવસ પછી તેઓ આ દુનિયા છોડીને ચાલ્યા ગયા. તેઓએ ૪૨ થી વધારે પુસ્તકો લખ્યા છે. બિહારથી માંડીને કોઈપણ જગ્યાએ કેમ્પ હોય ત્યાં તેઓ પહોંચી જતાં. ગુજરાતનો એક માનવી બિહારમાં પણ ભગવાન તરીકે પૂજાય તેવું એમનું કામ હતું. તેથી માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપેલ છે એમાં હું પણ મારો સૂર પુરાવું છું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને જેને વિરોધપક્ષના નેતાશ્રીએ અનુમોદન આપેલ છે તેમાં હું પણ મારો સૂર પુરાવું છું.

સ્વ. ગુલાબભાઈનો ચુસ્ત ગાંધીવાદી પરિવારમાં જન્મ થયો હતો. એમના પિતાશ્રી મુંબઈ રાજયના ધારાસભ્ય તરીકે રહ્યા હતા. તેઓએ શિક્ષણ ચીખલી અને સુરતની કોલેજમાંથી બી.એ. ઓનર્સ ઈતિહાસના વિષય સાથે પાસ કરેલ હતું. તેઓએ કેન્દ્ર સરકારની નાની બચત વિભાગમાં આસિસ્ટન્ટ ડાયરેકટર તરીકે નોકરી સ્વીકારી હતી. પરંતુ વચ્ચેથી નોકરી છોડીને પોતે રાજકારણમાં આવ્યા અને ૧૯૬૩ થી ૬૫ ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે રહ્યા હતા. તેઓએ જીવનના અંત સુધી આદિવાસીઓના કામો માટે હંમેશા સંઘર્ષ કર્યો હતો. મારા પોતાના મત વિસ્તારના રહીશ હતા. જ્યારે જ્યારે તેમને મળવાનું થતું ત્યારે કોઈને કોઈ કામ મને ચીંધતા. ૬-૩-૨૦૦૭ના રોજ ૭૫ વર્ષની વયે દેહ ત્યાગ કર્યો. આમ આ ત્રણેય મહાનુભાવોના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે અને તેઓના પરિવાર ઉપર આવી પડેલ દુ:ખ સહન કરવાની પ્રભુ શકિત અર્પે તેવી પ્રાર્થના કરી વિરમું છું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ભા.જ.પ.)**: માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને જેને વિરોધપક્ષના નેતાશ્રીએ અનુમોદન આપેલ છે તેમાં હું પણ મારો સૂર પુરાવું છું.

ડો. વસંતભાઈ મારા વિસ્તાર વડનગરના વતની હતા. એમના ઉચ્ચ સિદ્ધાંતો, સર્વોદય કાર્યકર અને તબીબી ક્ષેત્રે આપેલ યોગદાન એકલું ગુજરાતમાં જ નહિ પરંતુ અતિ પછાત રાજયો બિહાર અને ઝારખંડમાં પણ નેત્ર કેમ્પો અવિરત યોજતા. તેથી તેઓ ખૂબ જ વ્યસ્ત રહેતા. તેમ છતાં તેઓ ખૂબ જ સારા લેખક પણ હતા. તેઓએ ૪૨ જેટલા પુસ્તકો પણ લખેલા છે. કેળવણી ક્ષેત્રે આઈ.ટી.આઈ. પણ ચલાવતા હતા. તથા ૧૯૬૭ થી ૧૯૭૨ સુધી આ ગૃહના સભ્ય પણ રહ્યા હતા. એમણે ધરોઈ યોજનામાંથી મહેસાણા જિલ્લાના લોકોને વધુમાં વધુ પાણી કેમ મળે અને તેનો અવાજ રજૂ કરવા માટે વડનગરથી લઈને હજારો લોકો સાથે અહીં આવીને અવાજ રજૂ કર્યો હતો. આજે લાખો ટન અનાજ જો અમે પેદા કરી શકતા હોઈએ તો આ વસંતભાઈની જાગૃતિના કારણે. આવા અમૂલ્ય કાર્યકર, સર્વોદય કાર્યકર હોવાને કારણે એ અતિ વ્યસ્ત રહેતા હતા અને વિનોબા ભાવેની વિચારસરણીમાં અવિરત રહેતા હતા. તેઓ આજે આ દુનિયામાં નથી પણ તેમના આત્માને પ્રભુ સંપૂર્ણ શાંતિ આપે અને આપના દ્વારા તેમના કુટુંબીજનોને શોક સંદેશો પહોંચે એ જ અભ્યર્થના.

**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ભા.જ.પ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી તથા વિરોધપક્ષના નેતાએ જેમાં સૂર પુરાવ્યો છે એવા ત્રણેય મહાનુભાવો કે જેઓ આ ગૃહના સન્માનનીય સદસ્યો હતા. સ્વ. શ્રી ગુલાબભાઈ ભુલાભાઈ પટેલ, સ્વ. ડો. વસંતભાઈ પરીખ અને સ્વ. શ્રી માનસિંગભાઈ વીરાભાઈ જાદવના શોકદર્શક ઠરાવમાં હું પણ મારો સૂર પુરાવું છું. આ ત્રણેય વ્યકિતઓમાં વસંતભાઈ સાથે મારો ખૂબ નજીકનો નાતો રહ્યો છે. માત્ર વસંતભાઈ નહીં, પણ તેમના અર્ધાંગિની નહીં પણ અમે પૂર્ણાંગીની કહેતા તેવા તેમના ધર્મપત્ની રત્નપ્રભા બહેન એક રત્ન હતા, તેમાં પ્રભા પણ હતી અને આભા પણ હતી. ખૂબ નજીકથી મેં તેમને જાણ્યા હતા. મારા ખેરાલુ મત વિસ્તારનું ૧૯૬૭થી ૧૯૭૧ સુધી તેમણે પ્રતિનિધિત્વ કર્યું. ત્યારે વડનગરના આજુબાજુના ૩૦૦૦ કુટુંબોએ, કુટુંબ દીઠ બે રૂપિયા આપવાનો ઠરાવ કરેલો અને ૬,૦૦૦ રૂપિયા ભેગા કરેલા અને વસંતભાઈએ કહેલું કે હું આનો પાઈ-પાઈનો હિસાબ આપીશ કે જેટલો ખર્ચ કરીશ તેનો. તેઓએ ૫૪૦૦ રૂપિયા ચૂંટણીનો ખર્ચ કરેલો અને બાકીના પૈસાનો લોકોને હિસાબ આપેલો. ધારાસભ્ય તરીકે તેમને ગૃહમાંથી જે ૩૫૦ રૂપિયા પગાર-ભથ્થું મળતું હતું તેનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા એ ઑડિટ કરાવતા અને ત્યાર પછી એ પૈસાને વિકાસના કાર્યોમાં વાપરતા. ત્યારે ન્યૂયૉર્ક ટાઈમ્સે તેના દૈનિકમાં એક અહેવાલ પ્રગટ કર્યો હતો કે સુપર ફૉર સુપર ઑડિટ. આવા પ્રતિનિધિ શોધ્યા ન જડે. આવું ન્યૂયૉર્ક ટાઈમ્સે લખ્યું

હતું. માનનીય અધ્યક્ષશ્રી, આમ તો વસંતભાઈ બીજી વખત લડ્યા ત્યારે હાર્યા હતા અને ત્યારથી રાજકીય ક્ષેત્રે નિવૃત્તિ લીધી હતી. પરંતુ ગત વખતની મારી વિધાનસભાની ચૂંટણીમાં પૂ. દીદી કે જે સ્વર્ગસ્થ છે અને તેમને અમે મોટાભાઈ કહેતા હતા. તેમણે બન્નેએ મને ખૂબ મદદ કરેલી. તેમણે ધરોઈથી ગાંધીનગર સુધીની પદયાત્રા કરી ત્યારે પહેલાં વિસ્તારમાં ખૂબ પ્રવાસ કર્યો. લોકોને સાથે જોડીને સુત્ર આપેલું કે "વિના ધરોઈ ધરતી રોઈ." જો ધરોઈ નહીં બને તો ધરતી રોશે અને એટલા માટે તેમણે ગાંધીનગર સુધી આ અવાજને બુલંદ કરેલો અને કેન્દ્ર સુધી એ અવાજ સંભળાયેલો અને તેના પરિપાક રૂપે ધરોઈ ૧૯૭૧માં બનવાની શરૂઆત થયેલી. વસંતભાઈ માટે જેટલું કહેવાય એટલું ઓછું છે. તેમને લોકો સંત વસંત કહેતા. દધીચિ ઋષિની જેમ તેમના શરીરના દરેક પુરજાનો ઉપયોગ થાય એવું તેમણે અમરતાનું વસિયતનામુ લખેલું તેમાં લખ્યું છે પરંતુ ઘણું લાંબું છે. પોતે કવિ હતા, લેખક હતા. અનેક ક્ષેત્રે સેવાઓ કરી છે. એક સેવાભાવી મુઠ્ઠી ઉંચેરા માનવી જેવું જીવન જીવી ગયા.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૬મીની મોડી રાત્રે અને ૧૭મીની સવારે વડનગરનો પ્રદેશ અને આજુબાજુનો પ્રદેશ એ આનર્ત પ્રદેશ તરીકે ઓળખાય છે. આ આનર્ત પ્રદેશની પ્રજાએ જ્યારે સવારે જાણ્યું કે આ મુઠ્ઠી ઉંચેરો માનવી નહીં, આ વિસ્તારનો એક સંત વસંત, ઓલિયો પુરૂષ આજે રહ્યો નથી. ત્યારે મારા જેવા અનેક લોકોની આંખમાં આંસુ હતા. તેમને કદાચ મોતનો પણ અંદેશો આવી ગયો હતો. ૧૬મી તારીખ કદાચ તેમણે નક્કી કરી હતી, એટલા માટે કે સારસ બેલડીની જેમ અમે તો કહેતા કે વડનગરના શર્મિષ્ઠા તળાવની આ સારસ બેલડી. એ સારસ બેલડીમાંથી રત્નપ્રભાબેનનું તા.૧૬-૧૦-૦૩ના રોજ મૃત્યુ થયેલ અને એમણે પણ ૧૬મી તારીખે જ લાંબું પ્રયાણ કરવાનું નક્કી કર્યું હોય એમ એમણે મોડી રાત્રે કવિતા લખી એ એમની પથારી પાસે પડેલી મળી આવી. એમાં એમણે લખેલું કે, "સમય ખૂબ થયો છે, જાણે જવાનો સમય થયો છે." અને આવું લખ્યા પછી ૧૭મીએ લોકોને ખબર પડી. આમ આ વ્યકિતએ આ વિસ્તારની ખૂબ સેવા કરી છે. રાજકારણ કેવું હોવું જોઈએ, વ્યકિતમાં કેવા ગુણ હોવા જોઈએ, મુઠ્ઠી ઉંચેરો માનવી કેવો હોવો જોઈએ. મારે એક જ વાત કરવી છે. મારા વિસ્તારના સીપોર ગામમાં અમે એક વખત એક પ્રોગ્રામમાં સાથે હતા એ વખતે એમણે મને એક વાક્ય કહ્યું એ મારા જીવનમાં કંડારાઈ ગયું છે. " પરમાત્મા પ્રથમ પૂછશે, કોઈના સુખ-દુ:ખ પૂછ્યા હતા, કોઈના આંસું લૂછ્યા હતા." આ વાક્ય એ દરેકને એ જ્યારે લાંબા પ્રયાણે જવાનું હોય ત્યારે યાદ આવવું જોઈએ. "કાળે પણ કેવો કેર કીધો, પાંચેય આંગળીઓમાં અંગૂઠે ઘા કીધો." આપના દ્વારા માનનીય વસંતભાઈના કુટુંબીજનો પર આવી પડેલ મુશ્કેલી સહન કરવાની શક્તિ મળે, પરમાત્મા એમને તાકાત આપે એ સંદેશો પાઠવવા અને બાકીના ૨ સદસ્યોના કુટુંબીજનોને પણ એ સંદેશો પાઠવાય એવી લાગણી વ્યક્ત કરીને વિરમું છું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે અને એમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સૂર પુરાવ્યો છે એમાં હું પણ મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ગુલાબભાઈ ભુલાભાઈ પટેલ, ડો.વસંતભાઈ પરીખ અને શ્રી માનસીંગભાઈ જાદવ આ ત્રણેય આ ગૃહના સદસ્યશ્રીઓ આજે આપણી વચ્ચે ઉપસ્થિત નથી. એ ભૂતકાળમાં અહીં બેસતા હશે. ડો.વસંતભાઈ પરીખ સાથે મારો સંપર્ક પરિચય રહ્યો છે. આજથી ૩ વર્ષ પહેલાં માનનીય મુખ્યમંત્રીશ્રીને મળવા માટે તેઓ આવ્યા અને તેમને લેવા માટે હું નીચે ગયો હતો. અગરીયાઓનો પ્રશ્ન હતો અને પ્રશ્ન નીકળ્યા પછીની વાત છે. મેં બહાર નીકળતા સહજતાથી પૂછ્યું કે વસંતભાઈ શું થશે? તમે આ અગરિયાઓની ચિંતા કરતા હતા. એમણે કહ્યું કે, નરેન્દ્રભાઈ ભલે બહારથી બહુ સ્ટ્રોંગ લાગતા હોય પણ એ કોમળ હૃદયના છે, એમના દિલને આ વાત પહોંચી છે. આ વાતનું ૧૦૦ ટકા પરિણામ મળશે. શું પરિણામ આવશે એની એમને સહજતાથી ખબર પડી જતી. બિહારમાં એમણે કૅમ્પ કર્યો હતો અને એમના ધર્મપત્નીનું અવસાન થયું. બન્ને વિષય આવ્યા ત્યારે એમણે કહ્યું કે, એમનો આત્મા તો નીકળી ગયો છે, હવે પાછળ રડવાનું કે રોવાનું શું કામ? હું તો મારું ઑપરેશન કરવાનું કામ ચાલુ રાખું છું. જેમને જીવન પર્યંત મોટાભાગે એકલા જ રહેવાનું થયું છે. એમનો જ્યારે સાથ છૂટ્યો ત્યારે પણ ગરીબને કેન્દ્રસ્થાને રાખ્યો છે. વિસનગરની અંદર દ્વારકાદાસકાકા હોય, રાધનપુરના શ્યામસુંદરભાઈ હોય સતત એકેએક વ્યકિત સાથે જોડાઈને જીવન વિતાવ્યું છે અને બીજા પણ એમનામાંથી પ્રેરણા લે. ડો. કનુભાઈ કળસરીયા કે ડો. વિરેન દોષી હોય એવા ડૉક્ટર જીવનની કેટલીક વિભૂતિઓને પ્રેરણા આપીને એમને અહીં છોડતા ગયા છે. જે પણ સેવાના રસ્તા ઉપર આગળ ચાલી શકે. એમના જીવનમાંથી આપણને પણ સતત પ્રેરણા મળતી રહે, એમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપું છું.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ પૂર્વ સભ્ય સ્વ.શ્રી ગુલાબભાઈ ભુલાભાઈ પટેલ તથા સ્વ.શ્રી માનસીંગભાઈ જાદવ અને ડો. વસંતભાઈ પરીખનો શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ જેમાં સૂર પુરાવ્યો છે એમાં હું પણ મારો સૂર પુરાવું છું. સ્વ.શ્રી ગુલાબભાઈ ભુલાભાઈ પટેલ મારા વાંઝણા ગામના મારા મહોલ્લાના વતની હતા અને મારા જેઠ સમાન તેઓ હતા. તેઓ એમના પરિવારમાં ૪ દીકરા, ૪ વહુઓ અને ૨ દીકરીઓ મૂકતા ગયા છે. ૪ દીકરાઓમાંથી ફક્ત ૧ જ દીકરો બૅન્કમાં નોકરી કરે છે. બંને દીકરીઓના પણ લગ્ન કરી દીધા છે. એમના શીરે એમના ઘરની તમામ જવાબદારીઓ સોંપી છે. એમના પત્ની તો ઘણા વર્ષો પહેલાં મૃત્યુ પામ્યા હતા. તેઓ છેલ્લા થોડા સમયથી બીમાર હતા. એમનો સ્વભાવ ખૂબ સારો હતો. કોંગ્રેસની વિચારસરણીમાં તેઓ બધા ભાઈઓને

એક માનતા હતા. જયારે ૧૯૭૯માં મેં સરપંચ તરીકે ઉમેદવારી કરી ત્યારે સૌથી પહેલા એમનો ટેકો મને મળ્યો હતો. એમણે એવા વિચારો વ્યકત કર્યા કે એક મહિલા તરીકે ભણેલા વહુ આપણા ઘરમાં છે તો આપણે એમને આગળ લાવવા જોઈએ અને ઘણા વર્ષોથી આપણે ત્યાં આદિવાસી સરપંચ આપણા ગામમાં નથી તો આપણે એમને મદદ કરીએ અને આ પ્રથમ વિચાર એમને આવ્યો હતો અને ત્યારથી જ અમને આગળ લાવવામાં એમનો સિંહફાળો છે. એમને કદીએ ભૂલી ન શકાય. સમાજમાં સારામાં સારા ઉચ્ચ વિચારો આપણા યુવાનોમાં હોવા જોઈએ. અવળા રસ્તે યુવાનો જાય છે એમને આપણે રોકવા જોઈએ એમના એવા વિચારો હતા. ઘણી વખત અમારી સાથે વાંઝણા ગામથી ચીખલી સુધી ગાડીમાં જયારે જતા ત્યારે તેઓ સતત સમાજની ચિંતા કરતા અને વાતો કરતા. આજે એમના કુટુંબ પર ખરેખર આફત આવી છે. એમના દીકરાઓ પણ હજી ખૂબ મોટી જવાબદારી સંભાળી ન શકે તેવી પરિસ્થિતિમાં છે, તેમ છતાં સમગ્ર કુટુંબના સહકારથી તેઓ આગળ વધશે અને અમારો પણ સાથ સહકાર એમને રહેશે. એમના મૃત્યુથી એમના કુટુંબ પર આવી પડેલ આફત છે એ એમના કુટુંબીજનોને સહન કરવાની પ્રભુ શકિત આપે એટલો જ સંદેશો આપના દ્વારા આપ મોકલશો એવી વિનંતી સાથે હું સૌના વતી શ્રદ્ધાંજલિ અર્પુ છું.

**અધ્યક્ષશ્રી** : આ સભાગૃહના નેતાશ્રી નરેન્દ્રભાઈ મોદી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને વિરોધ પક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપેલ છે એ વાતને હું પણ અનુમોદન આપું છું, મારા વિચારો વ્યકત કરુ છું. આજે મેં જોયું પૂરા પાંચ વર્ષમાં સભાગૃહ આટલી શિસ્તમાં હોય અને જે વ્યકિતઓએ વિદાય લીધી છે એના માટે આટલા ઉંડા વિચારોમાં વ્યસ્ત હોય એવો આજનો આ પ્રસંગ છે. એમાં મારે કહેવાનું છે કે આ ત્રણ સભ્યશ્રીઓ ભાઈશ્રી ગુલાબભાઈ, ભાઈશ્રી માનસીંગભાઈ અને ડૉ. વસંતભાઈ આજે આપણી વચ્ચે નથી. માનનીય સભ્યશ્રીઓ જે રીતે ડૉકટરનો ઉલ્લેખ અહીં કરતા હતા અને દરેક સભ્યશ્રી ઉપર એની કેટલી મોટી અસર હતી એ દેખાઈ આવતું હતું એ વાત પણ હું કહેવા માગું છું. મને પણ ડૉ વસંતભાઈની સાથે સદ્દભાગ્યે છ મહિના રહેવાનો અવસર મળ્યો હતો. મહેસાણા શહેરની એક જેલની અંદર છ મહિના અમે સાથે સતત રહ્યા, કટોકટી અંગે વિચારો કર્યા, લોકશાહી અને લોકશાહીનું સંવર્ધન કેવી રીતે થાય, બધી બાબતોની ચર્ચા ચાલતી. મારા જીવનમાં મારી પાસે કેટલીય વસ્તુ નહોતી એ વસ્તુ હું એમની સાથેના એ છ મહિનાના એમના સંપર્કમાંથી મેળવી શકયો અને આજે મને એવું થાય છે ખરેખર એક ડૉકટર હોય એ પણ આટલા સેવાભાવી હોઈ શકે? એક વાત બધાને જ ખબર હશે પણ હું કહેવા માગું છું. વસંતભાઈએ રત્નપ્રભાબેન સાથે લગ્ન કર્યા હતા. આમ કહેતા મને સંકોચ થાય છે પણ હું કહયા વગર રહી શકતો નથી. બહુ મોટી વાત છે. રત્નપ્રભાબેન અને ડૉકટર વસંતભાઈએ લગ્ન કર્યા હતા એ લગ્ન પહેલા એવો નિર્ણય કર્યો હતો કે લગ્ન કર્યા પછી આપણે પણ જયપ્રકાશ નારાયણની જેમ આજીવન બ્રહમચર્ય પાળવું. મને કહેતાં ગૌરવ થાય છે કે એમણે બન્ને જણાએ રત્નપ્રભાબેન અને વસંતભાઈએ પૂરી જીંદગી માટે બ્રહ્મચર્ય પાળ્યું. આ નાનીસૂની વાત નથી. આવી વ્યક્તિઓ આપણી વચ્ચે હોય એનું આપણને ગૌરવ થાય, આનંદ થાય. તેઓ ડૉકટર હતા એટલું જ નહિ, એમણે રાજકારણમાં પણ પદાર્પણ કર્યું. એમાં પણ એમણે પ્રયોગો કર્યા. કેટલીક વ્યક્તિઓ રાજકારણમાં પ્રયોગો કરે છે અને પ્રયોગો સફળ થાય છે. એમણે પ્રયોગ કર્યો કે ઇલૅક્શન લડવું પણ બહુ ઓછા પૈસે, ઓછા ખર્ચે ઇલૅક્શન લડાય. એટલું જ નહિ જે પ્રજા છે એ પ્રજાની પાસેથી મદદ લઈને આપણે ઇલૅક્શન લડવું જોઈએ. એમણે એ ઇલૅક્શનમાં પ્રજામાંથી એક રૂપિયો અને પાંચ રૂપિયાનું ફંડ ઉઘરાવ્યું. એક રૂપિયો અને પાંચ રૂપિયાના ફંડમાંથી આખું ઇલૅક્શન લડ્યા પછી પણ લોકોએ મને ચૂંટ્યો છે અને લોકોનો હું પ્રતિનિધિ છું, મારે એમને ધારાસભ્ય તરીકેનો ટોટલ હિસાબ રજૂ કરવો પડે. મેં શું કર્યું, કેવી રીતે કર્યું છે અને આ વિસ્તારના કેવા કામો કર્યા છે એ બધું પ્રજા સામે મૂકવું એવું એ માનતા હતા. એના પરિણામે આ વિધાનસભાના પાંચ વર્ષના સમયમાં એમણે પાઈ-પાઈનો હિસાબ લોકો વચ્ચે મૂક્યો. કામો શું કર્યા એની વાત પણ મૂકી. આવી વ્યક્તિ આ ગૃહના સભ્ય હોય ત્યારે આપણા માટે કેટલું ગૌરવ વધી જાય? પણ મને એક વાત કહેવાનું મન થાય છે કે વસંતભાઈ એક મહિના પહેલા અહીં અમદાવાદમાં પોતાની તબિયત બતાવવા માટે આવેલા અને આવ્યા પછી એમના એક મિત્ર સાથે વાત કરી એ વાતની મને માહિતી મળી છે. એમણે એક મહિના પહેલાં કહ્યું કે ભાઈ, મેં મારા મૃત્યુને સહજ સ્વીકારી લીધું છે. હું હવે અમુક દિવસ જીવવાનો છું અને મારા મૃત્યુની તારીખ પણ નક્કી કરી લીધી છે. એક મહિના પહેલા જે વ્યકિત મૃત્યુને સહજ સ્વીકારે છે અને મૃત્યુની તારીખ પણ નક્કી કરે છે. કોઈને પણ ખબર નહિ કે આ વ્યક્તિ માંદી છે. એટલી મોટી માંદગી ન હતી કે મૃત્યુ આવે એવી સ્થિતિમાં એ મરણ પામ્યા ત્યારે માણસ પોતે પણ પોતાના મૃત્યુની તારીખ પસંદ કરી શકે અને એ સમયે મૃત્યુ પામે એવી તો આ વાત છે ને? આપણને પ્રશ્ન થાય. એ પ્રશ્ન આ ગૃહને થાય, મને પણ થાય, આ સમાજને પણ થાય. છતાં એવું બન્યું છે. જે કચ્છ કરાર થયા એ કચ્છ કરારના વિરોધ માટે એક મહિના સુધીનું જે આંદોલન થયું હતું એમાં પોતે જોડાયા હતા અને એમાં કામ કર્યું હતું. આવા વસંતભાઈ આપણી વચ્ચે નથી અને જેઓ એક ડૉકટર હોય, રાજકારણી હોય, કે સેવાનું કામ કરતા હોય એવા વ્યક્તિ પુસ્તક પણ લખી શકે. મને તો અવસર મળ્યો છે એમના પુસ્તકો વાંચવાનો. આપણને આનંદ આવે એવા સુંદર મજાના પુસ્તકો એમણે લખ્યા છે. બહુ પ્રતિભાશાળી વ્યકિત હતા. એમણે આ રાજકારણને કેવી રીતે સુંદર બનાવી શકાય એ અંગેના વિચારો પણ મૂક્યા છે. આવી વ્યક્તિ આજે નથી ત્યારે આપણને દુ:ખ થાય, આ ગૃહના તમામ સભ્યશ્રીઓને દુ:ખ થાય એ

સ્વભાવિક છે. આપણા માટે આવા સભ્ય હતા એનું ગૌરવ છે. સ્વ.ગુલાબભાઈ એ પણ જે આદિવાસીઓ માટે કામ કર્યું એ કામ હંમેશા આપણને યાદ રહેશે અને મનથી સામાન્ય વ્યકિત પણ જો નિર્ણય કરે તો ક્યાં સુધી પહોંચી શકે? શું કરી શકે? એ આપણે માનસિંગભાઈમાં જોઈ શક્યા છીએ. માનસિંગભાઈએ ખૂબ જ સારું કામ કર્યું. આ ત્રણેય મિત્રોને હું મારી શ્રદ્ધાંજલિ અર્પું છું. આપણે બધા આપણા સ્થાને ઊભા થઈને સદ્‌ગતોને અંજલિ આપીશું.

( બે મિનિટ મૌન બાદ)

સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદ્‌ગતોના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

# સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો

## નાણા વિભાગની અધિસૂચનાઓ

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની, સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેની નીચે મુજબની પાંચ અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

(૧) તા.૧૭-૧૦-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક:(જીએચએન-૧૦૭)વીએટી/૨૦૦૬/એસ(૫)(૨)(૧૪)-ઠ.
(૨) તા.૧૯-૧-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:(જીએચએન-૧)વીએટી/૨૦૦૭/એસ(૫)(૨)(૧૫)-ઠ.
(૩) તા.૧૫-૨-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:(જીએચએન-૬)વીએટી/૨૦૦૭/એસ(૫)(૨)(૧૬)-ઠ.
(૪) તા.૧૧-૧૦-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક:(જીએચએન-૧૦૫)વીએઆર/૨૦૦૬(૮)-ઠ.
(૫) તા.૧૫-૨-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:(જીએચએન-૦૫)વીએઆર/૨૦૦૬(૯)-ઠ.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

## તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૯૦૫૭ના અનુસંધાને વધારાની માહિતી

**શ્રી મુળુભાઈ હ. બેરા (રાજ્ય કક્ષાના શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૨૬-૨-૨૦૦૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્ય ડો. જીતેન્દ્રભાઈ પટેલના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૯૦૫૭ (અગ્રતાક્રમ-૧૧) અમદાવાદ, સુરત અને વડોદરા ખાતે શિક્ષત બેરોજગારોની નોંધણી અને રોજગારીના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

## બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સત્તરમા અહેવાલની રજૂઆત

**શ્રી ભગવાનસિંહ રા. ચૌહાણ** (સમિતિના સભ્યશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો સત્તરમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

## બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રીનો પ્રસ્તાવ

**શ્રી ભગવાનસિંહ રા. ચૌહાણ** (સમિતિના સભ્યશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સત્તરમા અહેવાલ સાથે સંમત થાય..

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# દાખલ કરવાનાં સરકારી વિધેયકો

## સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક .

## ગુજરાત શિક્ષણ ઉપ-કર (સુધારા) વિધેયક, ૨૦૦૭

## ગુજરાત શિક્ષણ ઉપ-કર અધિનિયમ, ૧૯૬૨ વધુ સુધારવા બાબત વિધેયક.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું ગુજરાત શિક્ષણ ઉપ-કર ( સુધારા ) વિધેયક, ગુજરાત શિક્ષણ ઉપ-કર અધિનિયમ, ૧૯૬૨ વધુ સુધારવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૭નું ગુજરાત શિક્ષણ ઉપ-કર (સુધારા) વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક .**
**મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૭**
**મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક, મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૭નું મુંબઈ સ્ટેમ્પ ( ગુજરાત સુધારા ) વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક .**
**મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૭**
**મુબઈ વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું મુંબઈ વિદ્યુત શુલ્ક ( ગુજરાત સુધારા ) વિધેયક, મુંબઈ વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૭નું મુંબઈ વિદ્યુત શુલ્ક ( ગુજરાત સુધારા ) વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી .** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક .**
**ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) વિધેયક, ૨૦૦૭**
**ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું ધીરૂભાઈ અંબાણી ઇન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા ) વિધેયક, ૨૦૦૭, ધીરૂભાઈ અંબાણી ઇન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફમેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું ધીરૂભાઈ અંબાણી ઇન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા ) વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

**કૃષિ અને સહકાર વિભાગ**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા.૫,૭૯,૫૯,૮૮,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂ. ૭,૫૪,૫૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૧,૧૧,૯૬,૧૨,૦૦૦/-ની માગણી ક્રમાંક-૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૮૧,૨૪,૪૪,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટે રૂ.૫,૦૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૮ રજૂ કરવામાં આવી.**

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**શ્રીમતી જશુબેન સ. કોરાટ (રાજય કક્ષાના મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧,૦૧,૭૭,૦૦૦/- ની માગણી ક્રમાંક- ૧૦૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૧૦૫ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૦ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૭-૨૦૦૮ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી બુધવાર, તા.૨૧-૩-૨૦૦૭ (નવમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **કૃષિ અને સહકાર વિભાગ**<br>**માગણી નં.૨** | | |
| ૧. | ૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-(૧)એ.જી.આર.-૧<br>કૃષિ નિયામકની કચેરી<br>રૂા.૩,૬૭,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં.૧૫ | ૧૦૦ | અનાજ/કઠોળની કીટસના વિતરણમાં થતો ભેદભાવ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૨. | -- " -- | ૧૦૦ | ખેડૂતોને ખેતી અંગેનું જરૂરી માર્ગદર્શન/ માહિતી સમયસર મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મનીષ ગીલીટવાલા |
| ૩. | -- " -- | ૧૦૦ | તાબાની કચેરીઓના વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. સી. જે. ચાવડા |
| ૪. | -- " -- | ૧૦૦ | કૃષિ પાકના સાચા અંદાજો રજૂ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી રશીદાબેન પટેલ |
| ૫. | -- " -- | ૧૦૦ | કમોસમી વરસાદના કારણે ખેડૂતોના ઉભા પાકને થયેલ નુકશાનની વિગતો એકઠી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| *૬. | -- " -- | ૧૦૦ | કૃષિ પાકની વૃધ્ધિ માટે યોગ્ય પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૭. | -- " -- | ૧૦૦ | ખેતી માટે વરસાદી પાણીનો સંગ્રહ કરવા અંગે પૂરતું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૮. | -- " -- | ૧૦૦ | સૂકી ખેતીના પાકો માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| *૯. | ૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા<br>૧૦૩-બિયારણ<br>રૂા.૨,૮૩,૩૪,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં.૨૦ થી ૨૩ | ૧૦૦ | ખેડૂતોને નજીકના સ્થળે સરળતાથી બિયારણ મળી રહે તે અંગેની વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૦. | -- " -- | ૧૦૦ | જરૂરિયાત મુજબનું બિયારણ સમયસર પૂરું પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| *૧૧. | ૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા | ૧૦૦ | બીટી કપાસના બિયારણમાં થતી ભેળસેળ | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૩-બિયારણ<br>રૂ.૨,૮૩,૩૪,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં.૨૦ થી ૨૩ | | અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૨. | -- " -- | ૧૦૦ | નકલી બિયારણનું વેચાણ કરનારા સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશભાઈ વસાવા (બળદેવજી ઠાકોર) |
| ૧૩. | ૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા<br>૧૦૫-ખાતર.......ખાતર<br>૦૧-<br>એમોનિયમ.....વહેંચણી<br>રૂ.૫૩,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં.૨૬ | ૧૦૦ | ખેડૂતોને રસાયણિક ખાતર સરળતાથી મળી રહે તેવું આયોજન ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુંજાભાઈ વંશ (બલવંતસિંહ રાજપૂત) |
| ૧૪. | ૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા<br>૧૦૭-છોડ રક્ષણ<br>૦૧-૧૯૬૮.....અમલ<br>રૂ.૧,૦૧,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં.૩૨ | ૧૦૦ | જંતુનાશક દવા અધિનિયમનો અમલ સત્વરે અને સખ્તાઈથી કરાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા |
| ૧૫. | ૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા<br>૧૧૧-કૃષિ.......આંકડા<br>શાસ્ત્ર<br>૦૮-એ.જી.આર.-૭૦(૧)<br><br>વર્ષામાપક....કરવી<br>રૂ.૪,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં.૫૬ | ૧૦૦ | વરસાદ અંગેની સાચી માહિતી એકત્રિત કરી તેને લોકો સમક્ષ રજૂ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઈ ઝાલા |
| ૧૬. | ૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા<br>૧૧૨-કઠોળ વિકાસ<br>૦૧-એ.જી.આર.૬-<br>કઠોળ પાક<br>ઉત્પાદન<br>રૂ.૫,૫૭,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં.૬૦ | ૧૦૦ | કઠોળના પાકો તરફ ખેડૂતોને આકર્ષિત કરી તેનું વધુ ઉત્પાદન મેળવી આર્થિક રીતે સધ્ધર બને તેવું આયોજન કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જેસાભાઈ બારડ |
| | | | **<u>માગણી નં.-૪</u>** | |
| ૧૭. | ૨૪૦૩-પશુપાલન<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-એએનએચ-૧<br><br>પશુપાલન....વિસ્તરણ<br>રૂ.૧,૫૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં.૮૨ | ૧૦૦ | પશુદવાખાનાઓમાં ડોકટરો અને દવાઓની અછતના કારણે પશુપાલકોને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શિવજીભાઈ આહીર (કુંવરજીભાઈ બાવળીયા) |
| ૧૮. | ૨૪૦૩-પશુપાલન<br>૧૦૧-<br>પશુચિકિત્સા.......આરોગ્ય | ૧૦૦ | મરઘાંના રોગોનું સચોટ નિદાન કરવામાં તથા તેના સમૂહમાં થતાં મૃત્યુ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શંકરભાઈ વારલી (અનિલકુમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૨-એએનએચ-૩<br>પશુ.......એકમ<br>રૂ.૧૬,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં.૮૫-૮૬ | | | પટેલ) |
| ૧૯. | ૨૪૦૩-પશુપાલન<br>૧૦૪-ઘેટાં.......વિકાસ<br>૦૬-સ્થળાંતર........કેન્દ્રો<br>રૂ.૩,૧૮,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં.૧૧૭ | ૧૦૦ | ઘાસચારાની અછતને કારણે સ્થળાંતર કરતાં ઘેટાં-બકરાનાં ટોળા માટે પૂરતા પ્રમાણમાં સેવા કેન્દ્રો શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| | **માગણી નં.-૬** | | | |
| ૨૦. | ૨૪૦૫-મત્સ્યોદ્યોગ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-<br>આયુકત........અધિકારીઓ<br>રૂ.૫,૩૪,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં.૧૩૩-૧૩૪ | ૧૦૦ | મત્સ્યોદ્યોગનો યોગ્ય વિકાસ થાય તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશભાઈ વસાવા |
| *૨૧. | -- " -- | ૧૦૦ | વિદેશીઓ ધ્વારા પકડાયેલ અને પછી મુકત થયેલા માછીમારોને આજીવિકા માટે જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૨. | -- " -- | ૧૦૦ | માછીમારો દરિયાઈ સીમા ન ઓળંગે તે માટે જરૂરી માર્ગદર્શન આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૨૩. | -- " -- | ૧૦૦ | વિદેશીઓ ધ્વારા પકડવામાં આવેલ રાજયના માછીમારોના કુટુંબોને આર્થિક સહાય પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૨૪. | -- " -- | ૧૦૦ | માછીમારોના વિદેશીઓ ધ્વારા દરિયામાંથી થતા અપહરણ અટકાવવા અંગે યોગ્ય આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા |
| *૨૫. | -- " -- | ૧૦૦ | મત્સ્યોદ્યોગ માટે તળાવોની ફાળવણીમાં ચાલતો ભેદભાવ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૬. | ૨૪૦૫-મત્સ્યોદ્યોગ<br>૧૦૩-દરિયાઈ મત્સ્યોદ્યોગ<br>૦૧-એફએસએચ-૧૦<br><br>દરિયાઈ.......પાડવી<br>રૂા. ૧,૩૧,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૧૪૦ | ૧૦૦ | માછલાં પકડવાનાં અદ્યતન સાધનો સત્વરે પૂરાં પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૨૭. | ૨૪૦૫-મત્સ્યોદ્યોગ<br>૧૦૫-પ્રક્રિયા.........વેચાણ<br>રૂા.૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૧૪૧ | ૧૦૦ | માછલાંની સાચવણી માટેની જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગૌતમભાઈ ઝાલા |
| ૨૮. | ૫૦૫૧-બંદરો.....જોગવાઈ<br>૦૨-નાના બંદરો<br>૨૦૦-અન્ય નાના બંદરો<br>રૂા. ૫,૦૦,૦૦,૦૦૦ | ૧૦૦ | નાના બંદરોના વિકાસ માટે જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જેસાભાઈ બારડ (માધુભાઈ ભોયે) |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૨૦૧-૨૦૨ | | | |
| **મહિલા અને બાળ વિકાસ વિભાગ**<br>**માગણી નં. ૧૦૫** | | | | |
| ૨૯. | ૨૨૫૧-<br>સચિવાલય.....સેવાઓ<br>૦૯૦-સચિવાલય,<br>૦૧-મહિલા.........વિકાસ<br>રૂા. ૯૪,૭૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૭<br>પા.નં.૨૮ -૨૯ | ૧૦૦ | મહિલા અને બાળકોના વિકાસ માટે બજેટમાં પૂરતી નાણાકીય જોગવાઈ કરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. સી. જે. ચાવડા |
| ૩૦. | --"-- | ૧૦૦ | વિભાગની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નહીં.**

**અધ્યક્ષશ્રી**: હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહત્વના કૃષિ, મત્સ્યોદ્યોગ, પશુપાલન અને સહકાર વિભાગના મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે માગણી નં. ૨, ૪, ૬ અને ૧૦૫ આ માગણી ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. આ દેશમાં અને આ રાજયમાં જેને તાત કહીને આપણે બોલાવીએ છીએ અને કુદરત આધારિત જેનું જીવન છે અને આ ગુજરાતમાં ૬૫ થી ૭૦ટકા જો રોજગાર કહીએ તો રોજગાર અને આજે જે કમાણી કહો તો કમાણી. એવા ૭૦ ટકા પ્રજાનું જેમાં હિત સમાયેલું છે, એ બજેટ લઈને આવ્યા છે, ત્યારે માનનીય મંત્રીશ્રીને મારા વિચારો વ્યક્ત કરવા છે. બજેટમાં જે ખેડૂતો માટે તાલીમ કાર્યક્રમો અને બજેટની જોગવાઈ હતી, એ જોગવાઈમાં આજે વધઘટ થઈ છે. જે રકમ છે એ ૨૫ લાખ હોય તો એ રકમ વધવી જોઈએ, એના બદલે ઘટી છે. કૃષિ સંશોધનમાં ૪૦ કરોડને બદલે ૩૬ કરોડ થયા છે. તાલીમ કાર્મક્રમ, રોપા કેન્દ્ર વિતરણના જે મેળાઓ ઉપર સબસિડી આપતા અને બજેટમાં જે જોગવાઈ હતી તે બિલકુલ કાઢી નાખી છે. પેટા કેન્દ્રો જ્યાં છે. તાલીમ વૃદ્ધિ કેન્દ્રમાં જોગવાઈ બંધ થઈ છે. દૂધાળા ઢોરમાં જે ૨.૯ કરોડ હતા,એમાં ૫૮.૬૦ લાખ થયા છે. આમ જુદું જુદું પેટા બજેટ જરૂરથી વધ્યું છે, પણ જે નાની નાની આઇટમ છે, જે ખેડૂતોને સબસિડ્યુડાઈઝ ફાયદો થાય છે, સીધો ફાયદો થાય છે, એમાં કાપ થયો છે. આ ગુજરાતમાં અને ગવર્નરશ્રીના વાંચનમાં એવી વાત કરવામાં આવી છે કે સારાય ભારતમાં આ ગુજરાત છે જે ગ્રોથ એન્જિન બની રહ્યું છે. જે વાત કરી છે એ વાતમાં મારે ધ્યાન દોરવું છે કે આ ખેડૂતો છે, એને પોતાની માલિકી છે અને મહેનત કરે છે, એનો ભાવ વેપારીઓ નક્કી કરે છે, એ પોતે નક્કી કરી શકતો નથી. એ જગતનો તાત છે, પરંતુ એની જે પરિસ્થિતિ છે, એ વાસ્તવિક પરિસ્થિતિ આપણે જોવાની જરૂર છે. કોઈએ આમાં માથે નથી લેવાનું, કોઈ ટીકા-ટિપ્પણ નથી. મારી વાત છે એ ખેડૂતલક્ષી છે. જે ૭૦ ટકા પ્રજા જેની સાથે સંકળાયેલી છે, એ વાત ઉપર આપને વાત કહેવા માગું છું. આર્થિક વિકાસ દર અંગેની. ભુપેન્દ્રસિંહજીને હું કહું છું કે સૌથી સારો જે આ વિભાગ છે, એ મેં કહ્યું કે ઉપર આભ અને નીચે ધરતી વાળો વિભાગ છે. માછીમારોનું કામ હોય કે ખેડૂતો હોય તો પણ જે આર્થિક વિકાસને માટે ૧૦મી પંચવર્ષીય યોજનામાં ગુજરાતની કલ્પના હતી, ગુજરાતની વાત હતી, એમાં ૧૦.૨ ટકાની કલ્પના કરી હતી, એમાં આપણે ખાસ કરીને ૧૦.૬૭ જેટલો આર્થિક વિકાસ થયો. આનંદની વાત છે. મારે બીજી વાત કરવી છે કે છેલ્લા ૩ વર્ષમાં ૨૦૦૪, ૨૦૦૫ અને ૨૦૦૬ માં ખેડૂતની જે કલ્પના હોય તેમાં કુદરતે તેને આશીર્વાદ આપ્યા છે, એના હિસાબે માનનીય ભુપેન્દ્રસિંહજીએ વાત કરી છે કે ૨૦૦૩-૦૪ માં જે ૯,૦૦૦ કરોડ રૂપિયાનું ખેડૂતનું ઉત્પાદન હતું, જે આજે ૨૦૦૫-૨૦૦૬ અને ૨૦૦૬-૦૭ માં એ ૩૨,૦૦૦ કરોડનું થયું છે. એ આંકડા છે, પરંતુ જ્યારે કુદરતી વરસાદ છે એમાં જો એક વર્ષ દુકાળ પડ્યો હોત તો શું દશા ખેડૂતોની થાય, તેવી કલ્પના આપણે કરવી પડે.

મારે જે વાત કરવી છે, જે સોઈલ હેલ્થ કાર્ડ સૌથી શરૂઆતમાં કહ્યું હતું કે આ એક ઉત્તમ કામ છે. ૧૫ લાખ કાર્ડ આપી શક્યા છીએ. ભુપેન્દ્રસિંહને ગયા વર્ષે વાત કરી હતી, આગલા વર્ષે વાત કરી હતી. ૧૦૦ ટકા પૂરું થઈ જશે. હજુ ઓછામાં ઓછા ૩૦ થી ૩૨ લાખ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ તાત્કાલિક અપાય અને અપાયા પછી પણ ખેડૂતો આ કાર્ડ આપી દીધાથી પતાવાનું નથી. એના જે તજજ્ઞો છે, કૃષિ તજજ્ઞો છે. તે તજજ્ઞો જિલ્લાવાર સૅમિનાર કરે, જિલ્લાવાર સૅમિનાર કર્યા પછી અને આ જમીનનું પૃથ્થકરણ કરે અને પૃથ્થકરણ કર્યા પછી આમાં આટલું કૅલ્શિયમ ખૂટે છે, આમાં યુરિયા નાંખવું પડે, ડી.એ.પી. નાંખવું પડે. આ જમીનમા મગફળી વવાય, આમાં કપાસ વવાય તે માટે આ જે તજજ્ઞો છે તેના દ્વારા જમીનનું પૃથ્થકરણ કરવાની જે કામગીરી છે તે દ ાણી બાકી છે. તેમાં ઝડપ થાય તેવું મારું સૂચન છે.

બીજી આપના દ્વારા વાત કરવાની કે ખેડૂતો માટે જે વૈદ્યનાથ કમિટી છે, આખા હિન્દુસ્તાનમાં બહું મોટી વસ્તુ કહી શકાય તેવી છે. ૧૫ થી ૧૬ હજાર કરોડ રૂપિયાની તેમાં સહાય આપવાની વાત કરી છે. તેમાંથી ૧૨૨૦ કરોડ રૂપિયા ગુજરાતમાં આવવાના છે. રાજય સરકારે તે વાત સ્વીકારી છે અને અંગેની કાર્યવાહી પણ થાય છે. મારે એક વિનંતી કરવાની કે ખેડૂતોને જે મુશ્કેલીઓ છે અને આખા હિન્દુસ્તાનમાં બે વર્ષથી વાત થાય છે કે સાત ટકા વ્યાજના દરે ધિરાણ આપવામાં આવશે. અહીંયાં સાત ટકાના દરે ધિરાણ આપવામાં આવતું નથી. માત્ર એક-બે જિલ્લામાં તેમાં ભાવનગર હશે અને હમણાં ઉત્તર ગુજરાતના એક-બે જિલ્લામાં મળે છે. તો બીજા જિલ્લાઓમાં શા માટે મળતું નથી. બીજા રાજયોમાં સાત ટકાના દરે ધિરાણ મળે છે. આપણે ખેડૂતને બચાવવાનો છે. ખેડૂતની ચિંતા કરવી છે. આપણે આ ગૃહમાં જે બેઠા છીએ તેમાં ૭૦ ટકા ખેડૂતના દીકરા છે. મેં આ બાબતે માનનીય સી.ડી. પટેલને પણ વાત કરી છે અને લેખિતમાં પણ આપ્યું છે. તેના માટે વાત કરવી છે કે સાત ટકાના દરે ધિરાણ મળે આના માટે માનનીય વજુભાઈ વિચાર વિમર્શ કરી જો નુકસાન આવે તો બૅન્કો સાથે મળીને તેનો નિકાલ કરવો જોઈએ. ભારત સરકાર અને રાજય સરકાર સાથે મળીને ૮૦:૨૦નો રેસીયો છે તે મુજબ ખાદ આવે તો તે ખાધ દૂર કરી ખેડૂતો, કિસાનો ગુજરાતમાં છે તેને સાત ટકાના દરે ધિરાણ આપવાની મારી વાત છે. ખેતીને લગતી જે વાત છે તેમાં વાત કરવાની ઈરીગેશનની. ચેકડેમ છે, નાના મોટા ડૅમ છે, નહેરોની વાત છે, નદીઓને જોડવાનું કામ છે અને આપણા ત્યાં ૭૦ ટકા પ્રજા ખેતી કરે છે. તો આ કામગીરી તાત્કાલિક થાય તેવી વાત છે. એક જનપથ તથા સાથી સંગઠને ૧૫-૩-૨૦૦૭ના રોજ સંદેશ પેપરમાં એક લેખ આપ્યો હતો તેમાં ૭૪ ટકા જે દરિયાઈ વિસ્તાર છે તેમાં પાણી ખારા થઈ ગયા છે. સંદેશ પેપરમાં ૧૫-૩-૨૦૦૭ના રોજ લેખ આપ્યો હતો તે મેં વાંચ્યો છે. મારો આ આખો વિસ્તાર લીધી નાઘેર કહેવાતો. હરિયાણા, પંજાબ કરતાં સારો વિસ્તાર હતો. ત્યાં આગળ પાણી ખારા થઈ ગયા છે. આ જનપથની ટુકડીએ ત્યાં સરવે કર્યો છે. ૭૪ ટકા પાણી ખારા થઈ ગયા છે. તે લોકોની દશા ખરાબ છે. આ પરિસ્થિતિમાં બંધારા યોજના છે તેમાં જે આખી પટી છે તેમાં પોરબંદરથી મહુવા અને ભાવનગર વિસ્તારમાં આ બધા પ્રશ્નો છે. તેમાં ખાસ રસ લઈને કાર્યવાહી થાય તેવી મારી વિનંતી છે. બીજું માનનીય મંત્રીશ્રીને વાત કરીશ કે આપણે ખેડૂતોને વીમા આપવામાં આવે છે. પૈસા, પ્રિમીયમ ભરાય છે. વીમા મળે છે. ધરમૂળમાંથી જે વાત કરવાની હતી કે આજે શિક્ષણના હિસાબે પાંચ, દસ, પંદર ટકા ખેડૂતોમાં ક્રાંતિ આવી છે. પરંતુ મોટા ભાગના છે તેમાં વીમો તેને દસ વર્ષનું બાળક હોય, ચાલીસ વર્ષનો યુવાન હોય અને નેવું વર્ષનો ઘરડો બાપ હોય અને આ તમામ એક જ કુટુંબ સાથે સંકળાયેલ છે ત્યારે ઘણી વખત એન્ટ્રીઓ નહીં પડવાને કારણે વીમામાં મુશ્કેલી થાય છે. તેમાં આખા કુટુંબને આવરી લેવામાં આવે તો ઘણો લાભ મળી શકશે. બીજી મારી વાત અતિ ગંભીર વાત છે. આખા ગુજરાતમાં ૭૦ ટકા પ્રજાને સ્પર્શ કરે તેવી વાત છે. આ વાત મારે માનનીય અધ્યક્ષશ્રી આપના મારફતે પહોંચાડવી છે અને મારે બીજી વાત એ કરવી છે કે, ૪ લાખ ૫૧ હજાર કરોડના એમ.ઓ.યુ. થયા, એ સારી વાત છે, જે એમ.ઓ.યુ. થયાની જે કોઈ વાત આવી છે એ સારી વાત છે પણ હું આપશ્રી દ્વારા કહેવા માગું છું કે, તો એને લાભ કેટલો ? એને ડયુટીમાં, વેટમાં, સેલ્સટેક્સમાં જે કંઈ લાભો આપવાના થતા હશેને, આ એસઈઝેડ જાહેર ક્ર્યો અને માનીલો કે, સેલ્સટેક્સમાં, (અંતરાય) અરે ઈલૅક્ટ્રીસીટીમાં પાંચ વર્ષની મુકિત, વેટમાં પણ પાંચ વર્ષની મુકિત, આ બધી મુકિતઓ છે ત્યારે મારે એમાં એક જ વાત કરવી છે કે, હું ટીકાટીપ્પણ કરવા માગતો નથી પણ એ જે ઐતિહાસિક નિર્ણય એ માટે કરવાના છો કે ગુજરાતના ખેડૂતો છે, ગુજરાતની જનતા છે, ૭૦ લાખ લોકો છે એમની પાંચ અને સાત હોર્સપાવરની મોટરો છે એ ઈલૅક્ટ્રીસીટી પાવર ફ્રી ઑફ ચાર્જ, એટલે કે એક પણ પૈસાના ખર્ચ વગર તમે બજૅટમાં જોગવાઈ કરવા માગો છો? એવી જોગવાઈ કરો એ માટેની એક ખેડૂત પ્રતિનિધિ તરીકે મારી વિનંતી છે. (અંતરાય) અને એમાં અટકચાળો નહીં, પણ માનનીય જાડેજા સાહેબ, હું જામનગરની મીટિંગમાં માનનીય મુખ્યમંત્રીશ્રી પણ હતા અને હું શંકરસિંહની સાથે જતો હતો, રસ્તામાં મેં એમને વાત કરી હતી, અને ત્યારે વિરોધપક્ષના નેતા તરીકે ભરતસિંહ સોલંકી હતા. ત્યારે મેં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, બાપા, આમાં કોઈ મોટી વાત નથી, માનનીય શંકરસિંહને કહ્યું હતું. આમાં ૧૨૦૦ થી ૧૨૫૦ કરોડની વાત છે. સૌરાષ્ટ્રની જનતા માટે છે. નાના ખેડૂતો અને સીમાન્ત ખેડૂતો માટે છે. ૧૨૦૦ થી ૧૨૫૦ કરોડ રૂપિયાની વાત છે, આ આતંકવાદમાંથી છૂટકારો મળે અને ખેતીનો જે લાભ છે, જે ગ્રોથ છે એ તમને આર્થિક વિકાસમાં એનો લાભ મળશે. માનનીય ભૂપેન્દ્રસિંહ, એનો લાભ મળવાનો છે એટલા માટે હું આ વાત કરું છું. આ વાત સ્વીકારો અને માનનીય વજુભાઈ પણ ખેડૂત છે, એમને સમજાવીને જો આ વાતનો સ્વીકાર થાય તો ગુજરાતમાં સોનેરી અક્ષરે લખાશે. આ વાત દ્વારા માનનીય અધ્યક્ષશ્રી હું વિનંતી કરવા માગું છું. આ એક વાત ખેડૂતોની છે.

માનનીય અધ્યક્ષશ્રી, માછીમારોની પણ મારે વાત કરવી છે, અગત્યની વાત છે. ૬૦ લાખ કુટુંબોને આડકતરી રીતે ભરણપોષણ મળે, એટલે કે ૬૦ લાખ કુટુંબો એના પર આધારિત છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૧૦૦૦ કરોડ રૂપિયાનું પૅકેજ થયું, બહુ સારી વાત છે, એમાં હું ના નથી પાડતો પણ એના જે મૂળભૂત પ્રશ્નો છે, જે એમની મૂળભૂત વાત છે. (સમયસૂચક ઘંટડી) ૯૫૦ કરોડનું હૂંડિયામણ આ ગુજરાતના માછીમારો કમાય છે, તો એસ.ઈ.ઝેડ. જે બને છે એ સારી વાત છે પણ એસ.ઈ.ઝેડ.માં તમે કોઈ કાર્ગો, જે હાર્બર બંદર એ માછીમારોનું બંદર, એનું કોઈ એસ.ઈ.ઝેડ. બનતું નથી પણ એ જો બનાવવામાં આવે તો આખા વિશ્વમાં

ગુજરાતના માછીમારો છે, ગુજરાતનું ફીશીંગ છે, ગુજરાતની જે નિકાસ છે એ એક હજાર કરોડને બદલે આખા વિશ્વમાં અકલ્પનિય હશે, એનો જોટો નહીં મળે, એવી કલ્પના થઈ શકે. તો એક એસ.ઈ.ઝેડ.ની જો કોઈ કલ્પના હોય તો એ પર થઈ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક વાત કરવી છે કે, ડિઝલ ઉપર ભારત સરકારની જ્યારે ડિઝલનો ભાવ દશ રૂપિયા હતો ત્યારે એક રૂપિયા ને પચાસ પૈસા એકસાઈઝ માફી હતી અને માનનીય ભૂપેન્દ્રસિંહ અત્યારે એ ચૂકવે છે પણ એ તો જ્યારે ડિઝલનો ભાવ દશ રૂપિયા હતો ત્યારની વાત છે પણ આજે તો ડિઝલનો ભાવ રૂપિયા ચાલીશ થયો છે તો પણ એ માફી એક રૂપિયો અને પચાસ પૈસા છે એમાં વધારો થયો નથી ત્યારે મારે માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા એ વાત કરવી છે કે ભારત સરકારમાં માની લો કે રજૂઆત કરો તો એમાં પણ અમે આપને સહકાર આપીશું. ઉપર આભ અને નીચે ધરતીવાળા જે આખા કુટુંબો છે ( સમયસૂચક ઘંટડી) એવા કુટુંબોને મૂકીને માછીમારો જાય છે તો એમના માટેની આ મારી વાત છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)**: માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને સહકાર વિભાગના માનનીય મંત્રીશ્રી, કૃષિ, પશુપાલન અને ડેરી વિકાસ, મત્સ્યોદ્યોગની માગણી લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ બાગાયત અને પશુપાલન સાથે સંકળાયેલા આ રાજયના તમામ ખેડૂતોને આ વખતે બજૅટમાં ૪૪૯ ટકાનો વધારો સૂચવ્યો છે. ગયા વખતના અંદાજપત્રમાં ૪૩૨ કરોડ હતા એ ૨૦૦૬-૨૦૦૭માં ૬૪૫ કરોડ અંદાજવામાં આવ્યા છે. ખેત તલાવડી, સીમ તલાવડી, ગામ તળાવ ઊંડા કરવા અને ચેક ડૅમ માટે ૧૪૪ કરોડની ફાળવણી કરવામાં આવી છે. એક મહત્ત્વાકાંક્ષી નિર્ણય એ લીધો છે કે, પહેલા તળાવો ખોદાતા હતા ત્યારે એ માટી ઉપર રૉયલ્ટીવાળા પરેશાન કરતા હતા, ઝૂલ્મ કરતા હતા એ માટે ભારતીય જનતા પાર્ટીની આ સરકારે માફી આપી છે. ગુજરાતમાં અંદાજે ૭૦ ટકા લોકો ખેતી સાથે સંકળાયેલા છે અને ૩૦ ટકા લોકો આડકતરી રીતે ખેતી સાથે સંકળાયેલા છે. જ્યારે ગુજરાતમાં ૧૯૬ લાખ હેકટર જમીન છે એમાંથી ૯૫ લાખ હેકટર જમીનમાં ખરીફ ઋતુ માટે વાવેતર કરવામાં આવે છે. ૧૯૯૩-૯૪ પહેલા ખરીફ ઋતુમાં વાવેતર ૭૮ થી ૮૦ લાખ હેકટરમાં થતું હતું એ વધીને ૯૫ લાખ હેકટરમાં આજે વાવેતર થઈ રહ્યું છે. રવી ઋતુમાં વાવેતર ૨૦ લાખ હેકટરમાં હતું એ વધીને ૩૫ લાખ હેકટરમાં થાય છે. કૃષિ ઉત્પાદન ૧૯૯૩-૯૪માં ૮૩ લાખ મે.ટન થતું હતું એ વધીને ૧૬૫ લાખ મે.ટન થાય છે. બાગાયતમાં ૧૯૯૩-૯૪માં ઉત્પાદન ૪૨ લાખ મે.ટન હતું એ આજે ૧૧૫ લાખ મે.ટન થયું છે. ભારતનો વાર્ષિક કૃષિ દર ૨ ટકા છે ત્યારે ગુજરાતનો વાર્ષિક કૃષિ દર ૧૨ ટકા છે. કપાસના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. દેશમાં કપાસનું ઉત્પાદન કુલ ૨૫૦ લાખ ગાંસડી થાય છે એમાં ૯૦ લાખ ગાંસડીનું ઉત્પાદન ગુજરાત કરે છે. આમ કપાસના ઉત્પાદનમાં ગુજરાત ૧/૩ ટકા હિસ્સો ધરાવે છે. દિવેલાના ઉત્પાદનમાં ભારતમાં ગુજરાત રાજયનો હિસ્સો ૭૦ ટકા છે. બાજરી, મગફળી વગેરે પાકોમાં ગુજરાત આગવું સ્થાન ધરાવે છે. બાગાયતી પાકોમાં જીરૂ, વરિયાળી, ઇસબગૂલ, કેળા, કેરી જેવા પાકોમાં ગુજરાત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. દસ વર્ષ પહેલા બાગાયતી વાવેતર વિસ્તાર ૨ લાખ હેકટર હતો એ વધીને ૧૦ થી ૧૧ લાખ હેકટર થયો છે. કૃષિ મહોત્સવની ઉજવણી આખા ભારતમાં  કોઈ રાજયમાં થતી નથી. ગુજરાતે પહેલ કરી અને એના લીધે ખેડૂતોને માર્ગદર્શન મળવા માંડ્યું છે. ક્યારે કેવી રીતે ખાતર વાપરવું, ક્યારે કયું ખાતર નાંખવું, ક્યારે પાણી આપવું એ બધી આ કૃષિ રથ ફરવાના કારણે ખેડૂતોને માહિતી મળતી થઈ છે અને કૃષિ રથ ફરવા લાગ્યો એનાથી ખેડૂતોનો ખેતી તરફનો લગાવ વધ્યો છે. કૃષિ મહોત્સવ દરમ્યાન રાજયના ૧.૫૦ લાખ ખેડૂતોને ૫-૫ કીટ આપી છે, એજ રીતે બાગાયતની પણ ૫-૫ કીટ વિના મૂલ્યે આપી છે અને પશુપાલન વિભાગ તરફથી પણ ૫-૫ કીટ ખેડૂતોને આપવામાં આવી છે, આદિવાસી વિસ્તારમાં ૧૦-૧૦ કીટ ખેડૂતોને આપવામાં આવી છે. ગુજરાતના ખેડૂતો પાણીનો કરકસર ભર્યો ઉપયોગ કરે એ માટે જી.જી.આર.સી.ની સ્થાપના કરી છે. ગયા વર્ષે ડ્રીપ સ્પ્રીકલર દ્વારા ઈરિગેશન કરવા માટેનો પ્રસાર-પ્રચાર કરી ૧૬ હજાર હેકટરમાં ડ્રીપ સ્પ્રીંકલરની આપણે કામગીરી કરી હતી એની સામે ચાલુ વર્ષે ૫૦ હજાર હેકટરમાં આ કામગીરી કરવાનો લક્ષ્ય આપણે રાખ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જમીનની તંદુરસ્તી સચવાય એના માટે સોઈલ હેલ્થ કાર્ડનો મહત્ત્વનો પ્રોગ્રામ કૃષિ મહોત્સવમાં આપણે કર્યો છે. સોઈલ હેલ્થ કાર્ડ પ્રોગ્રામની શરૂઆત દેશમાં સૌ પ્રથમ ગુજરાત રાજયમાં થઈ છે. દેશમાં અન્ય કોઈ જગ્યાએ આ યોજના નથી. છેલ્લા ત્રણ વર્ષમાં ૧૫.૫૦ લાખ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે. આ કાર્ડ આપવાથી પોતાની જમીનની તાસીર જાણી શકાય છે અને કયા પાક લેવા અને ક્યુ ખાતર વાપરવું એ જાણી શકાય છે.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે.**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ માગણીઓ પર સભ્યશ્રીઓની રજૂઆત થાય અને મંત્રીશ્રીઓનો જવાબ પૂરો થાય અને માગણી પર મતદાન થાય ત્યાંસુધી ૩૦ મિનિટની અવધિ માટે સભાગૃહનો સમય લંબાવવા મારી વિનંતી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : શાસક પક્ષના દંડકશ્રીએ સભાગૃહનો સમય લંબાવવા માટે જે વિનંતી કરી છે એમાં પંદર મિનિટ એમના પક્ષે અને પંદર મિનિટ અમારા પક્ષે એમ અમારી સંમતિ છે.

**અધ્યક્ષશ્રી** : સૌ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ ૩૦ મિનિટ સુધી લંબાવવામાં આવે છે. નેકસ્ટ નારણભાઈ આપ આપનું પ્રવચન ચાલુ કરો.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : (ક્રમશ): માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ત્રણ વર્ષમાં ૧૫.૫૦ લાખ સોઈલ કાર્ડનું વિતરણ થયું અને આ સોઈલ કાર્ડને કારણે પોતાના ખેતરમાં કેવી રીતે ખાતર નાંખવું અને ઘણા ખેડૂતો આડેધડ રાસાયણિક ખાતર વધુ પ્રમાણમાં વાપરતા હતા અને એને કારણે વિપરીત પરિણામો આવતા હતા એની જગ્યાએ સપ્રમાણ ખાતર વાપરવાનું અને એમાં માર્ગદર્શન આ સોઈલ કાર્ડ મારફતે મળી રહે છે. ગુજરાત રાજયના ખેડૂત ખાતેદારને પાક વીમા યોજના અને અકસ્માત વીમા યોજનાનો લાભ મળે છે અને એમાં એક લાખ રૂપિયાનું વળતર એને મળે છે. ખેડૂતોને ખેતી વિષયક પૂરતું માર્ગદર્શન મળી રહે તે માટે વિસ્તરણની અનેક યોજના રાજય સરકારે દાખલ કરી છે. કૃષિ મહોત્સવ, તાલીમ અને મુલાકાતની યોજના, કિસાન કોલ સૅન્ટર. ચાલુ વર્ષે વાયબ્રન્ટ ગુજરાત સમીટ, ૨૦૦૭ દરમ્યાન એગ્રો પ્રોસેસ ક્ષેત્રે અગિયાર હજાર કરોડ રૂપિયાના મૂડીરોકાણના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા. આમ કૃષિ ઉદ્યોગ ક્ષેત્રે વેપારની મોટી તક ઊભી કરી છે અને ઉદ્યોગ તરીકે ગણીને જો આપણે આગળ વધારીએ તો એની વિપુલ તકો આપણને પ્રાપ્ત થાય. રાજયને મહેસૂલી આવકથી મજબૂત કરવું હોય તો ખેતી ઉપર વધુમાં વધુ માર્ગદર્શન આપવામાં આવે તો એ ખેતી ઉત્તમ થાય અને રાજયની આવક વધે. સરદાર સરોવર યોજના ઝડપથી નિકાલ થવાના કારણે અઢાર લાખ હેકટર જમીનમાં આપણે પિયત કરી શક્યા છીએ અને એમાંથી આપણે ૧૪૫૦ મેગાવોટ વીજળીનું પાવર સ્ટેશન ઊભું કરી શક્યા છીએ અને રાજયના ખેડૂતોને પાકમાં કુદરતી આફતને કારણ નુકસાન થાય તો પાક વીમા યોજના અમલમાં છે. ૧૪ જેટલા પાકોને પાક વીમા યોજના નીચે આવરી લીધેલા છે. ચાલુ વર્ષે ૧૮૩ કરોડની જોગવાઈ આમાં કરવામાં આવી છે. કોન્ટ્રાકટ ફાર્મિંગ, એ કરાર આધારિત ખેતીમાં એન.જી.ઓ. અને મોટા મોટા કૉર્પોરેટ ક્ષેત્રો જો કોઈ ખેડૂત સાથે સીધો કરાર કરે તો એમાં પણ સેફટી હોય છે. આપણા કમિશનર દ્વારા એના કોન્ટ્રાકટ થતા હોય છે. એના કરાર લેખ થતાં હોય છે એમાં પણ બે ફાયદા થાય છે. એક વીમાથી રક્ષિત હોય છે અને બીજું એ કે ભાવ વધે કે ઘટે. કદાચ અચાનક ભાવ ઘટી જાય તો પણ બજારમાં એ લેવા માટે તૈયાર રહે અને ભાવ વધી જાય તો ખેડૂત મુક્ત છે. ખેડૂત બુક છે તે એન.જી.ઓ.ને નહીં આપતાં કોર્પોરેશન હાઉસને નહીં આપતાં તે પોતાની રીતે સ્વતંત્ર વેંચી શકે તે પણ તેમાં શરતો કરવામાં આવી છે. (સમય-સૂચક ઘંટડી) સૂચન છે સાહેબ હજુ તો ત્રણ મિનિટ થઈ છે. ખેડૂતોને રોજબરોજના ભાવોની માહિતી મળી રહે, પૂરતું માર્ગદર્શન મળી રહે તેને માટે દરેક એ.પી.એમ.સી.ઓમાં એક સેલ ખોલવું જોઈએ. ખેડૂતોને નીલગાય તેનાથી પારાવાર નુકશાન થાય છે. તે કાયમી ધોરણે ઉકેલ લાવવો જોઈએ. ખેતીના વિકાસ માટે ખેતીવાડીને વધુ મહત્વ આપવું જોઈએ. ખેડૂતો પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરે તે માટે drip irrigation and sprinkler નો ઉપયોગ સરળ અને વ્યવહારું બનાવવો જોઈએ. ગામડાંઓમાં નાના processing યુનિટો સ્થપાય તે માટે ખેડૂતોને સહાય પૂરી પાડવી જોઈએ.

બીજું આટલી બધી આપણે પ્રગતિ કરીએ છીએ, કૃષિ ક્ષેત્રે આટલું બધું ધ્યાન આપીએ છીએ અને સ્ટાફ પૂરતા પ્રમાણમાં નહીં હોવાને કારણે પ્રગતિમાં અવરોધ થાય છે. તે અવરોધ ના થાય તેને મોટ અમારા મંત્રીશ્રી ખૂબ સજાગ છે. તેમને હું વિનંતી કરું છું કે પૂરતો સ્ટાફ ભરવામાં આવે.

**શ્રી બેચરભાઈ વી. ભાદાણી (લાઠી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ, પશુપાલન અને મત્સ્યોદ્યોગ ખાતાની માગણી નંબર: ૨, ૪, અને ૬ લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. આ ધરતી માતાને વંદન કરીને હું મારી વાતની શરૂઆત કરીશ. "યે મેરે દેશકી ધરતી સોના ઉગલે ઉગલે હીરે મોતી, મેરે દેશકી ધરતી' આ દેશ અને રાજયની ધરતીમાં સોનું, હીરા, માણેક પચાવી શકે એવી તાકાત ધરાવે છે, અને આ રાજયનો, દેશનો ધરતી ખેડનાર ખેડૂત પણ એટલી સૂઝ અને તાકાત ધરાવે છે. એટલે જ એક ઈચ્છા શકિતથી, એક વીલ પાવરથી રાજય સરકારનો વીલ પાવર, કૃષિ મંત્રીશ્રી અને તેમના સ્ટાફનો વીલ પાવરથી ૯ હજાર કરોડથી માંડીને ૩૨ હજાર કરોડ સુધીનું ખેત ઉત્પાદન લીધું છે આ કોઈ નાની સૂની સિધ્ધિ નથી. હું રાજય સરકારને કૃષિ મંત્રીશ્રીને, સ્ટાફને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. અહીંયા જશાભાઈ કહેતા હતા ૩૨ હજાર કરોડ તે આશંકા વ્યકત કરતા હતા. પણ હું આજે કહું છું કે આવનારા દિવસોમાં નર્મદા ડેમ ૨૦૧૦માં પૂર્ણ થશે. આપણું ગુજરાત ૫૦ વર્ષની ઉજવણી કરતું હશે ત્યારે હું એમ કહું છું ૧ લાખ કરોડ કરતાં પણ ખેત ઉત્પાદન વધારે થશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. આની પાછળ બીજા ઘણાં

કારણો છે. કૃષિ મહોત્સવ ૨૦૦૫-૦૬ની સાલમાં ઉજવાયો અને હમણાં જ ૨૦૦૭માં અખાત ત્રીજથી આ કૃષિ મહોત્સવ રાજયમાં શરૂ થશે. અનેક પ્રસંગોમાં મેં હાજરી આપી છે ફકત કૃષિ વિભાગને લગતા અધિકારીઓ જ નહીં પરંતુ જિલ્લાની અંદર, તાલુકાની અંદર જે કોઈ અધિકારીશ્રીઓ ઓફિસમાં કામ કરતા હોય તે તમામ ઉત્સવમાં ભાગ લે છે અને પરિણામે તેના સારા પરિણામો મળ્યાં છે તેમ કહું તો કંઈ ખોટું નથી.

સોઈલ હેલ્થ કાર્ડની વાત થઈ. Potential Hydrogen concentration જમીનની અંદર સાત ટકા જે હોય તે પિયત તે જ PHCની optimum condition હોય છે આ સ્થિતિમાં વધારેમાં વધારે nutrition plant - છોડ પાક લઈ શકાતો હોય છે, અને આ તો જ જાણી શકીએ કે જો આ સોઈલ હેલ્થ કાર્ડ હોય તો. અહીંયા ઉલ્લેખ થયો કે ૧૫ લાખ કાર્ડ ઈશ્યુ થયા છે. પણ શરૂઆત થઈ છે. બે વર્ષ થયા છે અને એમ કહયું છે મંત્રીશ્રીએ આ ૨૦૦૭ના કૃષિ મહોત્સવમાં મોટાભાગના બાકી છે તે કામ પૂર્ણ કરવામાં આવશે. એકી સાથે બધા કામો પૂર્ણ નથી થતાં હોતા અને એટલે જ અમે વિશ્વાસથી કહી શકીએ છીએ કે આ આવતા ૨૦૦૭ની સાલમાં જે કૃષિ મહોત્સવ થશે તેમાં વધારેમાં વધારે સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવશે અને તેમાં ખેડૂતોને માટે, આ રાજયને માટે અને કૃષિ વિભાગને માટે આશીર્વાદરૂપ સાબિત થશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

પાણી આપણાં સૌના માટે પ્રાણ છે. આપણે આપણી ખેતી બચાવવી છે, આપણું પશુધન બચાવવું છે, માનવ-જીવનને બચાવવું હશે અને પર્યાવરણને બચાવવું હશે તો પાણીને બચાવ્યા વગર છૂટકો જ નથી. હમણાં જ મુખ્યમંત્રીશ્રીએ ઢાંકી લખતર તાલુકાનું એમાં હમણાં જ વિશ્વનું સૌથી મોટું પમ્પીંગ સ્ટેશન આ રાજયને સમર્પિત કર્યુ. આપણાંમાં કહેવત છે કે 'નેવાના પાણી મોભે ના ચડે' પણ ગઈકાલે તે સિધ્ધ કરી દીધું છે કે આ નેવાના પાણી મોભે ચડાવ્યા છે. આજના પેપરમાં છે કે એ ઢાંકીનું પંપિંગ સ્ટેશન છે ત્યાંથી ૭૧ મિટર પાણી એટલે કે લગભગ ૨૨ માળ સુધી પાણી ઉંચે ચઢવાનું છે અને નેવાનાં પાણી મોભે ના ચઢે એ કહેવત ખોટી સાબિત ઠરે એ રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીના વિશ્વાસથી આ કાર્ય સિધ્ધ થયું છે. જળ કે પાણી વિના કશું જ નથી, પાણી હશે તો બધું હશે. અને એટલા માટે Water will stand at the same level, same height - that is the physical characteristic of water. અને એટલે જ આપણા વડીલો પણ આશીર્વાદ આપતા હશે સ્વર્ગમાં બેઠા બેઠા કે આ વાવોને પુનઃજીવીત કરવાનું કામ આમ તો બહુ નાનું લાગે છે, પરંતુ આપણા વડીલો નદી કાંઠે કે જયાં બીજે વસવાટ કરતા હતા ત્યાં વાવ ગળાવતા હતા, એવી વાવોને પુનઃજીવીત કરવાનું અમારી સરકારે નિર્ણય લીધો છે એ ખૂબ જ આવકારદાયક છ.

તળાવમાંથી કાઢવામાં આવતી માટી બાબતે પણ રોયલ્ટી માફી આપવાનો સરકારે નિર્ણય લીધો છે એ આમ તો નાનું કામ છે, પરંતુ એમાં ઘણી જ અડચણ હતી એટલે આ નિર્ણય પણ એક આશીર્વાદરૂપ છે.

કૃષિ, બાગાયત અને પશુપાલનના વ્યવસાય માટે ૬૪૫ કરોડ રૂપિયાની જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે એટલે કે ચાલુ વર્ષ કરતાં આગામી વર્ષ માટે ૪૯ ટકા જેટલી વધારે જોગવાઈ રાખવામાં આવી છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે દેશમાં અને રાજયમાં જયારે જયારે સૂત્રો સંભાળ્યાં છે ત્યારે અમારા અટલબિહારી બાજપાઈ કહયું હતું કે 'હર ખેતકો પાની ઔર હર હાથકો કામ' તો આ કામ આજે ગુજરાતમાં અમારી સરકાર કરી રહી છે. (અંતરાય) તમે હસો નહીં, મારા ભાઈ, ટીકા કરવાથી પરિણામ મળતાં નથી. ૧૯૯૮ માં તમે પૂછો,આપને કહું કે મારી સામે લાઠી-લીલીયામાં તમારા કોંગ્રેસી ઉમેદવારની ડિપોઝિટ પણ ગઈ હતી, એની તપાસ કરી શકો છો.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ગરીબ ખેડૂતોને કૃષિ, પશુપાલન અને બાગાયત આ દરેક વિભાગમાં ૫-૫ મળી એક કુલ ૧૫ કીટસનું આયોજન કર્યુ છે એનાથી ૭ લાખ ખેડૂતોને ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં ખેડૂત અઅકસ્માત વીમા યોજના બાબતે પણ વાત થઈ. તો મારે એક દાખલો આપવો છે કે મારા વિસ્તારમાં એક ખેડૂત એક ગાડામાં કારણ કે ગાડું એ અમારા ગામડાનું એક સાધન છે. એ ગાડામાં બેસીને ખેતરે આવવા જવાનું અને ચારો લાવવાનું સાધન છે.તો આ રીતે એ ગાડામાં ભાંર ભરેલો હતો અને એ ગાડું રસ્તામાં ઉંધું વળી જતાં એ ખેડૂત નીચે આવી જતાં મરી ગયો હતો. તો વીમા કંપનીએ એ કેસ રદ કરી નાંખ્યો. તો હું માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજીને મળ્યો અને વાત કરી કે આ ગાડું તો ગામડાના ખેડૂતોનું સાધન છે અને એનાથી અકસ્માત થાય અને એ કેસ રદ કરી નાંખો તો કેમ ચાલે? તો તેમણે વીમા કંપનીના અધિકારીઓને બોલાવીને સૂચના આપી કે ખરેખર આ એક અકસ્માત છે અને ગાડું એ તો ગામડાના ખેડૂતોનું સાધન છે.તો એ રીતે પછી એ કેસ મંજૂર કર્યો એ બતાવે છે કે અમારી ઈચ્છાશકિત શું છે?

માનનીય અધ્યક્ષશ્રી, બાગાયત વિશે તો અગાઉ માનનીય ભૂપેન્દ્રસિંહ કૃષિ મંત્રીશ્રી હતા, ત્યારપછી મારો વારો આવ્યો ત્યારે કૃષિ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજીએ મને કહયું હતું કે આ બાગાયત એ મારું બાળક છે તો એને સાચવજો. તો આજે જયારે એ ખૂદ જ કૃષિ મંત્રીશ્રી તરીકે બિરાજતા હોય ત્યારે બાગાયત વિશે બીજી શું વાત કરવાની હોય? (અંતરાય) નહીં નહીં તમે જુઓ. આ બાગાયત બાબતે મારી તો એક જ વિનંતી છે કે હું અમેરિકા ગયો હતો અને મારી દીકરી કેનેડામાં છે, મારી બહેન અમેરિકામાં છે, તો મારે ખર્ચે હું એમને મળવા ગયો હતો. ત્યાં અમે એક શાકભાજી લેવા માટે માર્કેટમાં ગયા હતા. એ માર્કેટમાં હું ગયો તો સાથે મારી દીકરી પણ હતી એણે મને કહયું કે બાપુજી, અહીં આ બે વિભાગ છે. મેં કહયું કે કેમ, બે વિભાગ છે? તો એ કહે કે આ એક

વિભાગ એવો વિભાગ છે કે જયાં જંતુનાશક દવા અને રાસાયણિક ખાતરનો બિલકૂલ ઉપયોગ ના કરેલ હોય એવાં શાકભાજી મળે છે અને એવું ત્યાં બોર્ડ પણ મારેલ હતું. ત્યાં એના ઉપર ટેગિંગ થયું હતું અને મેં ભાવ પૂછયો તો ત્યાં એક દૂધી ૨૫ ડોલરની એટલે કે લગભગ ૧૨૦૦ થી ૧૨૫૦ રૂપિયાની કિંમત થાય. તો આમ તો આપણી શાકભાજીની અહીંથી નિકાસ તો થાય જ છે, તો મારી વિનંતી છે કે ટેગ દ્વારા, સર્ટિફિકેશન દ્વારા, અને આપણી પાસે સીડ સર્ટિફિકેશન એજન્સી છે, આપણી પાસે કૃષિ વિભાગ છે તો એની મારફતે આવી રીતે ટેગિંગ કરાવીને આ શાકભાજી જો એકસપોર્ટ કરવામાં આવે તો ખૂબ ફાયદો થઈ શકે તેમ છે. ઘણીવાર આપણે પેપરમાં વાંચ્યું હશે કે ધારી તાલુકામાં ચાંચોઈ-પાણીયા ગામ છે ત્યાં એક ખેડૂતે કાજુની ખેતી કરીને ૧૬૦ મણ કાજુનું ઉત્પાદન કર્યુ છે. હું જ્યારે કોલેજમાં ભણતો હતો ત્યારે એવું કહેવાતું કે જીરું તો ઉત્તર ગુજરાત બાજુ જ થાય, સૌરાષ્ટ્રમાં જીરું ન થાય, અને મગફળી તો સૌરાષ્ટ્રમાં થાય, ઉત્તર ગુજરાતમાં મગફળી ન થાય, અત્યારે મગફળી ઉત્તર ગુજરાતમાં જ નહીં પણ આખા ગુજરાતમાં થાય છે. તો આ સોઈલ હેલ્થ કાર્ડ છે એમાં કેવું સોઈલ હોય તો કેવા પ્રયત્ન કરવા પડે, આલ્કલી સોઈલ હોય તો શું કરવું પડે તે બધું આ એનાલીસીસ કાર્ડ હોય તો જ જાણી શકાય. મેં ગઈકાલે જ વાંચ્યું કે ભૂજમાં એક ખેડૂત પોતાની વેબ સાઈટ ધરાવે છે, અને પોતે કેરી નું હાર્વેસ્ટીંગ કરી અને ૨૪ કલાકમાં વિશ્વમાં કોઈપણ દેશમાં જ્યાં માંગે ત્યાં મોકલી શકે છે. આપણે ત્યાં હવે ઈન્ટરનેશનલ એરપોર્ટ પણ થઈ ગયું છે, કાર્ગોની વ્યવસ્થા થઈ ગઈ છે. તેથી જો ટેગીંગ સિસ્ટમ અપનાવવામાં આવે તો હું માનું છું કે ગુજરાતના ખેડૂતોનું ભવિષ્ય ખૂબ ઉજ્જવળ બને અને ખેડૂતો હજુ વધારે આગળ આવશે. "મંઝિલ ઉન્હીકો મિલતી હૈ, જીનકે સપનોમાં જાન હોતી હૈ, પંખો સે ઉડાન નહીં હોતી, હોંસલો સે ઉડાન હોતી હૈ."

**શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ, સહકાર, પંચાયત વિભાગની માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, ત્યારે મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. મારા વિસ્તારમાં ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ ના વર્ષનો વીમો મળ્યો નથી, રાધનપુર તાલુકામાં મળી ગયો છે. બે વર્ષનો પાક નિષ્ફળ ગયો છે. તો તેના ઉપર માનનીય મંત્રીશ્રી તાકીદે ધ્યાન આપે તેવી વિનંતી છે. ચાલુ વર્ષનું ચોમાસું પણ નિષ્ફળ ગયું છે ૨૫૬ ગામો અમારા બે તાલુકાના છે એમાં પાક નિષ્ફળ ગયો છે. ખેતીવાડીમાં નુકસાન ના ફોર્મ પણ ભરેલા છે. ત્યારે વાવના ૭૯ અને થરાદના ૩૧ ગામોને મળ્યો છે. બાકીના વાવના ૪૨ અને થરાદના ૧૦૪ ગામોને બાકી છે. માનનીય મંત્રીશ્રીએ એપ્રિલમાં આપશે તેવો જવાબ તો આપેલો છે, અને તેમના જવાબ પ્રમાણે તેઓ આપશે તેવો મને વિશ્વાસ છે, એ જ રીતે પશુપાલનમાં ડોકટરોની સંખ્યા ઘણી ઓછી છે, જાનવરોની સંખ્યા ઘણી વધારે છે. ડોકટરો પાસે ગાડી નથી હોતી. દવાઓ પણ અપુરતી હોય છે, તેથી ગરીબ ખેડૂતોને બહુ મુશ્કેલી પડે છે. તો આ ડોકટરોને ગાડી આપવામાં આવે અને ઢોરની સંખ્યાના પ્રમાણમાં ડોકટરો આપવામાં આવે તે જરૂરી છે. અમારો વિસ્તાર પછાત વિસ્તાર છે, બન્ને તાલુકા સરહદી તાલુકા છે. મારા મિત્રો સામી પાટલી પર બેઠા બેઠા વાત કરે છે ત્યારે મને હસવું આવે છે. કે તમે ખેડૂત છો? ખેડૂત તો હું છું. તમારા ફાધર ખેડૂત હોય તો ભલે, પણ તમને કોઈને ખેતી કેમ થાય તેની ખબર નથી. ૫૦ વર્ષની વાત કરો છો પણ ૫૦ વર્ષની ઉંમર છે અને ૫૦ વર્ષની વાતો કરો છો. હું તો મારા વિચારો રજૂ કરું છું.

સહકાર વિભાગની પણ મારે વાત કરવી છે. થરાદ તાલુકામાં ૨૯ લાખની લોન અને ૯ લાખની સબસિડી, મંત્રીશ્રીને મેં કાગળ લખ્યો છે, મુખ્યમંત્રીશ્રીને પણ મેં કાગળ લખ્યો છે. એવા જ્યાં ચેરમેન અને મંત્રી એક જ કોમના હતા તે લોકોએ લાખો રૂપિયાનું, એક બે કરોડ રૂપિયાનું નુકસાન ગરીબોને કર્યુ છે અને સબસિડી ખાઈ ગયા છે, અમે પોલીસ કેસ પણ કર્યો છે, તો આ ગૃહમાં માનનીય મંત્રીશ્રી પાસે પણ એ કોમના લોકો બચાવ માટે ગયા છે. અને તેની પોલીસ તપાસ પણ કરતી નથી. આવું ૫૦ વર્ષમાં કયારેય કોઈ દિવસ બન્યું નથી. ૨૯ લાખની લોન અને ૯ લાખની સબસિડી પકડાઈ, અને ચાર પાંચમાં સમાધાન પણ થયું એક લાખ, બે લાખ, આપી ને ગરીબોના નામે. ટપક પદ્ધતિ અને ખેતીમાં ૫૦ ટકા સબસિડી મળતી હતી તે ગરીબોના નામે અંગુઠાની છાપ મારી અને ૨૦ ગામોમાં બન્યું છે, મેં માનનીય મંત્રીશ્રીને લખ્યું છે. પણ તપાસ કરવામાં આવતી નથી. આવું તો ૫૦ વર્ષમાં કોઈ દિવસ બન્યું નથી. ખેડૂતોની જમીન ધોવાઈ ગઈ છે એના ફોર્મ ભરેલા છે પરંતુ હજી સુધી એની સહાય મળી નથી. થરાદના ૧૦૪ ગામો છે અને વાવના ૪૨ ગામોની મેં વાત કરી છે તો માનનીય મંત્રીશ્રી એના અંગે ઘટતું કરે તેવી વિનંતી કરુ છું. હું મારા વિસ્તારની સાચી વાત કરી રહ્યો છું તેથી એના તરફ ધ્યાન આપે.

મારા વિસ્તારમાં થઈને રાજસ્થાનમાં નર્મદા કેનાલ જાય છે. અમારા વિસ્તારને હજી પાણી આપવામાં આવ્યું નથી. એ આપવા માટેની પેટા કેનાલો બનાવવી જોઈએ એ હજી બનાવવામાં આવી નથી. તેથી તાત્કાલિક કેનાલો બનાવવામાં આવે કારણ કે અમારી પ્રજા મજૂરી કરી કરીને થાકી ગઈ છે. હવે વધારે મજૂરી કરી શકે તેમ નથી. મેં ૫૦ વર્ષની વાત કરી છે. વાવ થરાદમાં વહેલામાં વહેલી તકે કેનાલ ચાલુ કરીને નર્મદાના પાણી આપવામાં આવે એટલું મારુ સૂચન છે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર માગણી ક્રમાંક ૨,૪,૬ અને ૧૦૫ લઈને મંત્રીશ્રી આવ્યા છે એને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

ગઈકાલે સૌરાષ્ટ્રની ધરતી ઉપર એક અનેરો દિવસ હતો. એ અનેરો દિવસ મારે એટલા માટે યાદ કરવો છે કે જેના કારણે સુરેન્દ્રનગર જિલ્લાને સૌથી વધારેમાં વધારે લાભ મળવાનો છે. ૩ લાખ ૪૭ હજાર હેકટર

જમીનને આના લીધે લાભ થવાનો છે. ગઈકાલે લાખોની સંખ્યામાં મારા તાલુકાના, સુરેન્દ્રનગર જિલ્લાના તથા રાજયભરના ખેડૂતો ભેગા થયા હતાં. આ રાજયના મુખ્યમંત્રીશ્રીને આ રાજયના પ્રધાનમંડળને અભિનંદન દેવા માટે લાખોની સંખ્યામાં આવ્યા હોય ત્યારે ધારાસભ્ય તરીકે આ ગૃહમાં મારા જિલ્લા વતી આ રાજયના મુખ્યમંત્રીશ્રીને આ રાજયના મંત્રીમંડળને ધન્યવાદ આપું છું. આ જે ઘટના હતી એ ઘટનાને મેં નજર સામે જોઈ છે, ખેડૂતોના દિલની અંદર આનંદ હતો જે એનામાં ઉત્સાહ હતો એ મેં જોયો છે.

આપણે અત્યાર સુધી આ ગૃહમાં કે લોકસભામાં કે રાજયસભામાં કહેતા આવ્યા છીએ કે આપણો ખેતી પ્રધાન દેશ છે. આપણે આ ૪૦-૫૦ વર્ષથી બોલીએ છીએ કે આપણું આ રાજય ખેતી પ્રધાન છે. સાહેબ આ ખેડૂતોના ૪૦ વર્ષ સુધી દેશી નળિયા ન બદલ્યા, એના ઘર ઉપર વિલાયતી નળિયા ન આવ્યા. મારે એ કહેવું છે કે છેલ્લા ચાર વર્ષમાં જે કૃષિ ઉત્પાદન વધ્યું છે. (અંતરાય) ખીલાસળીની છત આવી છે. વચ્ચેથી વિલાયતી નળિયા નીકળી ગયા છે અને સીધી છત આવી છે. નવ હજાર કરોડનું કૃષિ ઉત્પાદન હતું એ આજે ૩૨ હજાર કરોડે પહોંચ્યું છે. આ ૩૨ હજાર કરોડે કૃષિ ઉત્પાદન પહોંચ્યું એના કોઈને કોઈ તો કારણો હશે ને? (અંતરાય) વરસાદ નહિ બીજા કારણો ઘણા છે. ખરેખર આ કૃષિ વિભાગે છેલ્લે આ રાજયના મુખ્યમંત્રીશ્રીના નેજા નીચે અનેક સુધારેલી જાતના બિયારણો આપ્યા છે. અમે સી.ઓ.૨ કપાસ જ વાવતા હતા. કોઈને પૂછીએ કે કેટલા મણ થાય છે? તો કહે કે ૧૧ મણ થાય, ૯ મણ થાય. આજે બી.ટી. કપાસ આવ્યો. એ બી.ટી. કપાસનું કોઈને પૂછીએ કે કેટલા મણ થાય? ૪૦ મણ થાય. એ સુધારેલી જાતનું બિયારણ, જીરૂ હોય કે તલ હોય કે મગ હોય કે ઘઉં હોય. જમીન તો વધી નથી. આ રાજયની જમીનમાં વધારો થયો છે? જમીન તો એટલી ને એટલી જ છે. જમીનમાં વધારો થયો નથી અને ખેડૂતોના કૃષિ ઉત્પાદનમાં ચાર ગણો વધારો થયો એ ખરેખર કૃષિ વિભાગ અને રાજય સરકારે તેની સાચી ચિંતા કરી છે તેનું પરિણામ છે. મારા તાલુકામાં હમણાં જ કોઈ વાત કરતું હતું. મારા તાલુકામાં કાજુનું વાવેતર. કોઈને જોવા હોય તો વિડિયો કૅસૅટ ઉતારીને લાવ્યો છું. કાજુનું વાવેતર, લીંબુનું વાવેતર, દાડમનું વાવેતર, ચીકુનું વાવેતર, આંબાનું વાવેતર. આ વાવેતર અને આ તાલુકો આ બધાને જોવું હોય તો જોવા જેવી ઘટના છે. આજે કૃષિ ક્ષેત્રે આપણે પ્રગતિ કરી છે. એ જોવા જેવી ઘટના છે. (અંતરાય) તમારે અને ચંદ્રિકાબેનને કૅસૅટ જોવી હોય તો બતાવીશું. કૃષિ વિભાગ છે, ખેડૂતોના ફાયદાની વાત કરીએ. મારે આ બધાને કહેવું છે કે આજથી ૨૦ વર્ષ પહેલાં આ ગુજરાતમાં આપણે અહીં શું કરીએ છીએ એ કોઈને ખબર નહોતી અને આજે તો જવાબદારી સાથે બોલીએ છીએ. ઘેરઘેર ટી.વી. છે. ઘેર ઘેર મિડિયાના પેપરો જાય છે. ગુજરાતનો એકેએક ખેડૂત, ગુજરાતના પાંચ કરોડ નાગરિકો તમે અહીં શું બોલો છો એ જૂએ છે, તેની યાદી રાખે છે. તો આજે જવાબદારીપૂર્વક બોલવામાં આવે. ઘણી વખત આ લોકો કહે છે કે વખાણ કરો છો. એમ ને એમ વખાણ થાય છે? જવાબદારીપૂર્વક બોલીએ છીએ અને ધારાસભ્ય તરીકે બોલીએ છીએ. મારે એ કહેવું છે. આ કૃષિ વિભાગ છે. મારા જિલ્લામાં ૧૦૭ ચેકડેમો બન્યા. ૧૦૭ ચેકડેમો. હું આ કૃષિની માગણી છે. આમાં સિંચાઈમાં જવા માગતો નથી. પણ મારે એટલું કહેવું છે કે આપના નેજા નીચે આ ગૃહની કોંગ્રેસના મિત્રોની કમિટી બનાવો. કોંગ્રેસના મિત્રોની કે ૧૦૭ ચેકડેમો જોઈ આવે અને સુરેન્દ્રનગર જિલ્લાને ખેતી પાછળ જે લાભ મળવાનો છે " ન ભૂતો ન ભવિષ્યતિ " આ ઘટના (અંતરાય) ચાલુ થઈ ગયા. ડૅમ ભરાઈ ગયા ભાઈ, તમે મારી સાથે આવો.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારે સ્પષ્ટપણે કહેવું છે. આ જીરૂના બિયારણમાં ભેળસેળ આવી. કહું છું. આજે અહીં કહું છું. પણ એ બિયારણની મેં માનનીય મુખ્યમંત્રીશ્રીને ફરિયાદ કરી, હું હળવદ ન પહોંચ્યો ત્યાં ત્રણ ગાડીઓ પહોંચી ગઈ. જે તપાસ કરી. તપાસ કરી તેમાં સત્ય જણાયું. એફ.આઈ.આર. ફાડવામાં આવી. રેકર્ડ ઉપર છે. તો આજે આપણે એમ કહીએ છીએ, મારો કહેવાનો આશય એટલો છે કે રાજયના મુખ્યમંત્રીશ્રીને કોઈ પણ બાબતનું ધ્યાન દોરવામાં આવે અને ત્યારે જો આટલા ઝડપથી પગલાં લેવાતા હોય, કૃષિમંત્રી દ્વારા આટલા ઝડપથી પગલાં લેવાતા હોય તો આજે..(અંતરાય) તમારામાં બધું દબાવી દેવામાં આવતું હતું. તમારે તો ભેળસેળીયું બધું ભેગું જ હતું. સાહેબ એ દબાવી દેતા હતા. ફરિયાદ નહોતા કરતા. મારે કૃષિ મંત્રીશ્રીને કહેવું છે કે હજી પણ જ્યારે આ દેશના વડાપ્રધાન અટલબિહારી બાજપાઈ હતા તેમણે જાહેર કર્યું હતું કે આ દેશનું કૃષિ ઉત્પાદન વધારવું છે. હજી પણ આના કરતા વધારે કૃષિ ઉત્પાદન વધારવું હોય તો આજે હું એમ કહું છું. સરકારી જમીનો ગામડાઓમાં, સીડ્સ ફાર્મ, અનેક પ્રકારની જમીનો પડી છે, ખેતીલાયક જમીનો પડી છે જેની જાહેર હરાજી કરવામાં આવે, મંડળીઓની જમીનો પડી છે એની જાહેર હરાજી કરવામાં આવે. જેનાથી આ ખેતીલાયક જમીનોનો ઉપયોગ થઈ શકે અને ખેત ઉત્પાદન વધે અને તો જ આ રાજયની પ્રગતિ થઈ શકે. ખેડૂત સમૃદ્ધ બનશે તો રાજય સમૃદ્ધ બનશે. ખેડૂત સમૃદ્ધ હોવો જોઈએ તો જ આ રાજયની પ્રગતિ થવાની છે. આપણે એમ કહીએ છીએ કે, ગ્રામીણ વિસ્તારમાં માર્ગ મકાન વિભાગ જે કામગીરી કરે છે એમાં ખેડૂતને શું મળે? મારે એનો દાખલો આપવો છે. હું ધારાસભ્ય બન્યો ત્યારે મારા તાલુકામાં ૨૦ ટકા ગામડાઓમાં પાકા ડામરના રસ્તા હતા, આજે ૧૦૦ ટકા છે એનો ફાયદો કોને થયો? હળવદ તાલુકાના મથકે મારે કૃષિ ઉત્પાદન લાવવું હોય તો પહેલાં ૮૦૦ રૂપિયા ભાડુ લેવાતું હતું. આજે પાકો ડામરનો રસ્તો થયો તો ૫૦૦ રૂપિયામાં એ સાધન આવે છે. તો ૩૦૦ રૂપિયાનો ફાયદો કોને થયો? ખેડૂતોને જ થયોને. સિંચાઇ વિભાગ હોય કોઈપણ વિભાગ હોય (અંતરાય) મારે બે-ત્રણ મિનિટ લાગશે.

**અધ્યક્ષશ્રી** : નો, પ્લીઝ, શ્રી જેઠાભાઈ ભરવાડ

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંક ૨,૪,૬ અને ૧૦૫ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને હું મારું અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે પશુ પાલન ઉપર બોલવાનું છે. "માલધારી ઝિંદાબાદ" રાજયની અંદર પશુપાલન અને ડેરી ઉદ્યોગની પ્રગતિ એ આ દેશની અંદર આદર્શ, અગ્રેસર અને માર્ગદર્શક થઈ છે. ડેરી ઉદ્યોગના વૃક્ષના વિકાસ માટે અને પશુપાલન પ્રવૃત્તિ એ ગુજરાતનું મુખ્ય મૂળ છે અને ભારતની અંદર ગુજરાત આ બાબતે સાતમા સ્થાને આવેલું છે. પશુપાલન પ્રવૃત્તિ માટે પશુઓનું આરોગ્ય રક્ષણ, પશુઓની સ્વચ્છતા, ઉત્તમ ગુણવત્તાવાળો આહાર અને દૂધાળા પશુઓને વિટામીનયુકત આહાર મળે, એમના માલ માટે સહાયના ધોરણોનો અમલ કરીને ખાસ કરીને આદિવાસી લોકો, અનુસૂચિત જાતિના લોકો, નાના અને સીમાંત ખેડૂતો, ખેત મજૂરો, આર્થિક રીતે નબળા વર્ગના લોકો, ગરીબીની રેખા નીચે જીવતા કુટુંબો જેવી વ્યકિતઓ માટે પશુપાલન પ્રવૃત્તિ ખૂબ જ મોટું આવકનું સાધન બની રહ્યું છે. એના માટે રોજગારીની સારી તકો પૂરી પાડવા માટે કટિબદ્ધ છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કૃષિ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની આગેવાની હેઠળ ખૂબ જ સારું કામ થયું છે અને એમના વખતમાં જે આજ સુધી, વર્ષો સુધી જેના પ્રત્યે કોઈએ ધ્યાન નહોતું આપ્યું એવા પશુઓ માટે ખૂબ જ સારી રીતે ધ્યાન આપી, આરોગ્યના ક્ષેત્રે પણ ખૂબ સારી કામગીરી કરી છે. જે રીતે માણસોની સારવાર થાય તેવી રીતે પશુઓના દવાખાના ગામે ગામ ખોલીને પશુ કેન્દ્રો ઊભા કરીને ખૂબ જ સુંદર કામગીરી કરી છે. પશુઓથી થતી આવક આ ગુજરાત રાજયની અંદર લગભગ ૮૬૯૪ કરોડ રૂપિયા જેટલી આ વર્ષે થઈ છે. ગુજરાતની અંદર પશુઓની સંખ્યા જોઈએ તો ગાયોની સંખ્યા ૭૪ લાખ, ભેંસોની સંખ્યા ૭૧ લાખ, ઘેટાંની સંખ્યા ૨૦ લાખ અને બકરાઓની સંખ્યા ૪૫ લાખ છે. ગુજરાતમાં કુલ ૨૧૬ લાખ પશુઓની સંખ્યા છે. જ્યારે ગુજરાતની અંદર ૪૮૭ પશુઓના દવાખાના કાર્યરત છે. ૩૫ ફરતા દવાખાના રાખવામાં આવ્યા છે. ૫૫૨ પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો છે. ૧૫ Cattle Centres ચાલુ કરવામાં આવ્યા છે. ગ્રામ્ય કક્ષાએ પશુઓના આરોગ્ય બરાબર સારી રીતે જળવાય એના માટે કેમ્પોનું આયોજન કરી સૌ પ્રથમ વખત ગુજરાતની અંદર જો પશુઓના કેમ્પો કરીને, જેમ માણસોના કૅમ્પો રાખવામાં આવે છે એવા તમામ પશુઓ માટે ગામે ગામ અને તાલુકે તાલુકે કેમ્પોનું આયોજન કરી અને જે પશુઓની જે બીમારી હોય એની સારવાર માટેનું ફ્રી ઓફ સારવાર આપવાનું જો કોઈએ આયોજન કર્યુ હોય તો ભારતીય જનતા પક્ષની સરકારે, માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે પહેલી વખત કર્યુ છે અને આ માટે માનનીય મંત્રીશ્રીને ખૂબખૂબ અભિનંદન પાઠવું છું. શ્વેતક્રાંતિ માટે જો સૌ પ્રથમ કોઈ રાજય હોય તો એ ગુજરાત રાજય છે. ગૌણ સદરના વિકાસ માટે જરૂરી સઘન પગલા લેવા માટે હાલના હસ્તક ૧૦ ઘનિષ્ટ પશુવિકાસ ઘટકોને ૭૮૬ પેટાકેન્દ્રો આજે કાર્યરત છે. સૌપ્રથમ વખત પશુઓ માટેનું ગુજરાતની અંદર પશુઓની ગૌહત્યા અટકાવવા માટેનું કોઈએ કામ કર્યુ હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારે કર્યુ છે અને અમારા માટે તો ગૌરવ છે. આટલા વર્ષો સુધી ગાયોની હત્યા થતી હતી, ગાયોની હત્યા અટકાવવાનું કામ કોઈએ કર્યુ નથી તો અમારા તરફથી, માલધારી સમાજ તરફથી, ગોપાલક સમાજ તરફથી ભારતીય જનતા પાર્ટીની સરકારને, કૃષ્ણ ભગવાનના આશિર્વાદ ફળે કે વર્ષો સુધી આ સરકાર ગુજરાતની અંદર રાજય કરે અને ગૌહત્યા થતી અટકાવે. એક માલધારીના બાળક તરીકે મને બોલવાનો મોકો મળ્યો છે ત્યારે ચોકકસ હું એટલા આશીર્વાદ આપુ કે કૃષ્ણ ભગવાન જે ગાયોની અંદર ૩૩કરોડ દેવીદેવતાનો વાસ છે અને જે ગૌમાતાની પૂજા કરતા હોય, હિન્દુ સમાજના તમામ વર્ણાના લોકો પૂજા કરતા હોય ત્યારે મારે એટલું જ કહેવું છે કે સૌથી જો પુણ્યનું કામ કર્યુ હોય આદરણીય નરેન્દ્રભાઈ મોદીની સરકારે તો ગૌહત્યામાં કોઈ પકડાય અને પાસા જેવા કડક કાયદામાં મૂકવા માટે કોઈએ કાર્યવાહી કરી હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. મારે આજે એટલી જ વિનંતી કરવાની છે કે ઘણા વખતથી જે ગોપાલકોની માગણી છે, એમાં માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું અને સૂચન કરવા માગું છું કે પશુઓ અને ઘેટાનું ઉન છે એની ઉનની જયારે ખરીદી થાય છે ત્યારે માનનીય મંત્રીશ્રી તે વખત તેનું ધ્યાન આપે કે જે ગોપાલકો રખડતી ભટકતી કોમ છે અને ઉનની જયારે કપાત થતી હોય ત્યારે અમૂક કેન્દ્રો ઉપર ખરીદી થતી હોય છે ત્યારે એના પ્રત્યે થોડુંક ધ્યાન આપે અને ગોપાલકો માટે ફાયદામાં રહે અને એમને ભાવ સારો મળે એવી હું અપેક્ષા રાખુ છું. એમણે ખૂબ સારું કામ કર્યુ છે અને અમારા પશુપાલકો માટે માનનીય મંત્રીશ્રી ખૂબ જ પોઝીટીવ છે ત્યારે પશુપાલકોના જયાં જયાં વાડાઓનું કામ છે, વાડાઓ જે ગાયો, ભેંસો રાખવા માટેના વાડાઓ છે, સરકારશ્રીએ અગાઉ ઠરાવ કરેલો છે કે જે વાડાઓ જેની પાસે કબજામાં છે, ભોગવટામાં હોય એવા વાડાઓને પણ નિયમિત કરી આપવા માટે અગાઉ સરકારે જી.આર. કરી આપેલ છે એનો ચુસ્તપણે અમલ થાય અને ગોપાલકોને આ વાડાઓ સરકારી કાયમી ધોરણે મળે એના માટેની વ્યવસ્થા કરવા માટે મારું સૂચન છે. (અંતરાય) આ તમારા ત્રાસના લીધે નથી થયો, તો અહીં હા પાડતા હોવ તો અત્યારે હમણાં થઈ જાય પણ તમે જ બુમાબુમ કરો છો એટલે નથી થતો. અને ખરેખર વિરોધ તો તમે કર્યો છે. ગાયો કપાય ત્યારે બચાવવાનું કામ તમે જ કરો છો એ અટકાવવા માટેનું કામ કરતા હોય તો ખૂબ સારી વાત છે પણ કપાતી હોય એને છોડાવવાનું કામ આ લોકો કરતા હોય છે. ગાય કસાઈ વાડે જતી હોય (અંતરાય) એને છોડાવાનું કામ પણ તમે

જ કરો છો. (અંતરાય) પણ પશુપાલનની જ વાત કરુ છું. ગાય એ પશુપાલનમાં આવે છે અને ડૉકટર સાહેબ તમારે તો ખૂબ જાગૃતિ રાખવાની જરૂર છે. આદિવાસીઓને સૌ પ્રથમ કોઈએ લાભ આપવાનું કામ કર્યુ હોય તો નરેન્દ્રભાઈ મોદીની સરકારે કર્યુ છે. આજ સુધી કોઈ આદિવાસીને ઘેટી કે બકરી રાખવાનું કોઈ કહેતુ નહોતું, લોન આપીને ગાયો, ભેંસો લાવીને આપવાનું કામ ભારતીય જનતા પક્ષની સરકારે કર્યુ છે. એના નિગમોમાંથી લોન આપવાનું કામ પણ ભારતીય જનતા પક્ષની સરકારે કર્યુ છે એટલે ડૉકટર સાહેબ આદિવાસી સમાજ માટે તો ખૂબ લાગણીનો વિષય છે. આ ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી ગોપાલક બોર્ડની નિમણૂંક થઈ એમાં ગોપાલકોની મુશ્કેલી હતી, પશુપાલનનો ધંધો કરનારા માલધારી લોકો ચારણ, ગઢવી, વણઝારા, આયર આ બધાનો સમાવેશ કરીને એના માટે ગોપાલક નિગમ બનાવ્યું અને ગોપાલકોના ઉદ્ધાર માટે કામ કર્યું છે, પશુપાલકો માટેનું કામ કર્યું છે. આ કામ આજ સુધી કોઈ સરકારમાં નથી થયું એની હું ચોક્કસ ખાતરી આપું છું. કારણ કે આજ સુધી અમે જોયું છે કે અગાઉની સરકારોમાં અમારી શું હાલત હતી? અમારો વોટ લેવા માટે ઉપયોગ કરવામાં આવતો હતો. આ ભારતીય જનતા પક્ષની સરકારે, ભારતીય જનતા પક્ષે આ ગોપાલકોને જાગૃત કરીને, એમને સાથે રાખીને એમને આગળ લાવવાનું કામ કર્યું છે. (અંતરાય) માલજી કાકા વર્ષોથી હતા. માલજીકાકા એક જાગૃત થાય એમાં આખો સમાજ જાગૃત થયો ન કહેવાય. (અંતરાય) કૃષ્ણ ભગવાન હતા એમનો જન્મ જેલમાં થયો હતો અને એમને ભરવાડને ત્યાં લઈ જવાયા હતા. એમણે અમને પસંદ કર્યા હતા એનું અમને ગૌરવ છે. અમારામાં વિશ્વાસ મૂકી જુઓને અમે શું કરી બતાવીએ છીએ? કૃષ્ણ ભગવાનને ખબર હતી કે અમે વફાદારીપૂર્વક કામ કરીએ છીએ. જેની સાથે રહીએ એને વફાદાર રહીએ. હું એક જ વાત કરીશ કે કૃષ્ણ ભગવાન ભરવાડના ભાણેજ હતા અને એનું અમને ગૌરવ છે. (અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી ક્રમાંકઃ ૨, ૪, ૬ અને ૧૦૫ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ મારા વિદ્વાન મિત્રો ખેડૂતલક્ષી સરકારની બહુ વાતો કરતા હતા. માનનીય કૃષિ મંત્રીશ્રી પણ આ બાબતે ચિંતા કરતા હોય છે. મારે એક વાત યાદ દેવડાવવી છે કે આપણે વચન આપીએ તો ચોક્કસ પૂરું કરીએ. સોઈલ હેલ્થ કાર્ડ માટે આ સરકારે એવું કહેલું કે ખેડૂતોની જમીન માટે અમે એક કાર્ડ આપીશું. જેના કારણે ૨૧મી સદીમાં ખેડૂતો તાલ મિલાવી શકે. મારે મંત્રીશ્રીને પૂછવું છે કે આજે ૫૦ ટકાથી વધારે કાર્ડ પણ આ સરકાર આપી શકી નથી. એકેએક ખેડૂતને આપવાની સ્કીમ બદલીને બજૅટમાં ૧૩મા પાના ઉપર જણાવ્યું છે કે આખા ગામને કાર્ડ આપીશું. નવાઈની વાત એ છે કે એક બાજુ સરકાર એમ વાત કરતી હોય કે અમે એકેએક ખેડૂતને આપવાના છીએ અને હવે ગામને આપવાની વાત કરે ત્યારે આ સરકાર બોલે શું અને કરે શું એ સ્પષ્ટ દેખાય છે. પશુપાલન અને બાગાયત માટે કીટ આપવા બાબતે ૧૫ વસ્તુની કીટ બનાવવાનું આયોજન કરેલું અને ચૂંટણીલક્ષી જાહેરાત કરેલી કે અમે ૭ લાખ લોકોને આપવાના છીએ. અત્યાર સુધી ચાર કે સાડા ચાર લાખ લોકોને આપી છે. હજી અઢી લાખ લોકોને આ સરકાર આપી શકી નથી. એક બાજુ રાજ્ય સરકાર એમ કહે કે અમે રાજ્યના ખેડૂતોને માટે આટલી પરિસ્થિતિનું નિર્માણ કર્યું. આ વાત કરતા હતા તેમ આ સરકાર ખેડૂતલક્ષી કયા પ્રકારની છે એ સમજાતું નથી. ઉદ્યોગપતિઓને કરોડો રૂપિયા આપે પણ કમસે કમ જે ખેડૂતલક્ષી કેન્દ્રની ગ્રાન્ટ આવે છે એ પૂરતા પ્રમાણમાં વાપરે તો એમ લાગે કે સરકાર કામ કરે છે. વર્ષ ૨૦૦૫-૦૬માં ૧૨૧ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારે ફાળવેલા એમાં ૩૯ કરોડ રૂપિયા વપરાયા વગરના એટલે કે ૪૭.૫૮ ટકા નાણા આ સરકાર વાપરી શકી નથી. વર્ષ ૨૦૦૬-૦૭માં ૧૦૯ કરોડ રૂપિયા ફાળવેલા છે. સરકાર એક બાજુ બૂમો પાડે કે કેન્દ્ર સરકાર પૈસા નથી આપતી. કેન્દ્ર સરકાર પૈસા મોકલાવે તો રાજ્ય સરકાર એ પૈસા વાપરી શકે નહિ. હું ઉદાહરણ આપીશ કે વર્ષ ૨૦૦૪-૦૫માં ખેડૂતો માટે કેન્દ્ર સરકાર દ્વારા ફાળવાયેલ ગ્રાન્ટ વણવપરાયેલ ૮૨ કરોડમાંથી ૨૦ કરોડ રહી ગયા. વર્ષ ૨૦૦૫-૦૬માં ૫૦ કરોડ રહી ગયા. ૨૦૦૬-૦૭માં ૨૦ કરોડ રૂપિયા આ સરકાર એક બાજુ બૂમ પાડે અને બીજી બાજુ કેન્દ્રની ગ્રાન્ટ ના વાપરે, આ ખેડૂતોના હિતની સરકાર છે કે કઈ પ્રકારની સરકાર છે? ઘણીવાર એમ થાય સરકાર કૃષિરથો કાઢે એનો ખેડૂતોને ફાયદો થાય તો મને એમ લાગે કે ચોક્કસ ખેડૂતોને ફાયદો થાય. કૃષિરથમાં કેટલો બધો ખર્ચ કરવામાં આવે ૨૦૦૫માં ૧૫ કરોડ રૂપિયા ખર્ચ કર્યો. ૨૦૦૬માં ૧૦ કોરડ રૂપિયા અને રાજ્ય સરકાર પાસે ખેડૂતોની ૧૫૪૭ અરજીઓ મળી એમાં ૫૦ ટકા અરજી થઈ નથી. કૃષિરથનો તમે ઉત્સવ કરો, ગામડે ગામડે જાવ, વાસ્તવિક જો ખેડૂતોનું ભલુ થતું હોય તો રથ કાઢો એ બરાબર છે. માત્ર પાર્ટી પૉલિટિક્સના નામે ખેડૂતોને ભરમાવીને નહિ, ખેડૂતોની વાસ્તવિક વાત કરે તો આટલી અરજીઓ આવી એમાં ૫૦ ટકા અરજીઓ આજે પડી છે એવી સ્થિતિ થઈ છે ત્યારે આ રાજ્ય સરકાર પાસે શું અપેક્ષા રાખી શકાય? ના જાણે કેમ છેલ્લા પાંચ વર્ષમાં ૨૦૦૧માં ૩૨૦૦ કરોડ રૂપિયા ફાળવતા હતા એ આજે ધીમે ધીમે ૧૫૦૦ કરોડ રૂપિયાએ આવી ગયા છે એ ચિંતાનો વિષય છે. રાજ્ય સરકાર કરોડો રૂપિયા ઉદ્યોગપતિઓને આપે એ ખબર નથી પડતી કે આ સરકાર ઉદ્યોગપતિઓની સરકાર છે કે કૃષિ સરકાર છે? કૃષિ-સહકાર સબસિડી, ૨૦૦૫-૦૬માં ૪૩૯ કરોડ રૂપિયા ફાળવ્યા. ૨૦૦૬-૦૭માં ૧૫૯ અને આ વર્ષ ૨૦૦૭-૦૮માં ૧૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે એટલે ૨૮૦ કરોડ રૂપિયાનો આ સરકારે આજે ઘટાડો કર્યો છે. આપણને એમ થાય કે તમે લાખો રૂપિયાની જમીનો ઉદ્યોગપતિઓને આપો છો ત્યારે કમસેકમ ખેડૂતો માટે આટલું તો કરો.

ખેડૂતો માટે તમે ચિંતન કરો તો આ બજેટ ઉપર બતાવે છે કે ૨૮૦ કરોડ રૂપિયા ઘટાડ્યા છે. માનનીય કૃષિમંત્રીશ્રી જવાબ આપશે, ચોક્કસ આ રાજય સરકાર કઈ પ્રકારની ચાલે છે એની ચિંતા કરવાની એ આજે સરકાર કઈ (અંતરાય) પશુપાલનની જેઠાભાઈએ ચિંતા કરી, એના માટે કહું કે જાન્યુઆરી ૨૦૦૭ની સ્થિતિએ ૧૮૮ ડૉક્ટરોની જગ્યા ખાલી છે.• * (જેઠાભાઈને કદાચ નૉલેજ નહિ હોય.) (અંતરાય) જેઠાભાઈ શબ્દો પાછા ખેંચી લઉં છું.. પાછા ખેંચી લઉં છું જેઠાભાઈ બેસો.માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલનમાં ૨૦ ટકા રકમ વપરાતી નથી. હમણાં મુરબ્બીશ્રી વિદેશની વાત કરતા હતા, બહુ સરસ બોલ્યા હતા. મેં તો એમને બહુ ટાઈમ પછી સાંભળ્યા. બાગાયતના વિકાસની વાત કરતા હતા. મને અમે થયું કે ૨૦૦૫-૦૬માં જે ફાળવણી હતી. ૨૦૩ કરોડ રૂપિયામાંથી રાજ્ય સરકારે ૩૩ કરોડ રૂપિયા નહિ જેવો ખર્ચ કર્યો છે. સરકારે ૮૪ ટકા બાગાયતી ખેતીમાં હમણાં વડીલ ચિંતા કરતા હતા કે રાજ્ય સરકારે સરસ કર્યું છે. પૈસા ચોક્કસ ફાળવ્યા પણ ખેડૂતોના હિતમાં આજે પણ એ પૂરા કરી શકતા નથી અને જયંતિભાઈએ હમણાં ચિંતા કરી બીજ નિગમની. ગુજરાત બીજ નિગમ નમૂના-૪, જીરું, વરિયાળી રાજકોટમાં અને અમરેલીમાં કુલ બે એજન્સીઓને ૨ કરોડ ૩૬ લાખમાં ૨ લાખ નકલી બિયારણના નિગમે આપ્યા અને આનું પૅકીંગ થતું હતું ત્યારે આ અધિકારીઓ ત્યાં હતા અને જેના કારણે ૧૦૦ કરોડ રૂપિયાથી વધારે લોકોને નુકસાન થયું છે. સરકારે ખરેખર આ જે લોકોને નુકસાન થયું છે એને ભરપાઈ કરી આપવું જોઈએ અને એના ઉપર કડક પગલા લેવા જોઈએ એવું મારે ખાસ કરીને કહેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સરકારની પૂરની સહાય ખેડૂતો મળતી નથી એની આજે શું સ્થિતિ થઈ છે. ૨૦૦૬ના પૂરના નુકસાનના આંકડા છે અને ભિલોડા, બનાસકાંઠા, સાબરકાંઠા, ડાંગ તાલુકાનો સમાવેશ થઈ જાય અને જ્યારે ૨૦૦૭ની સ્થિતિએ ૫૦,૦૦૦ કરતા અતિવૃષ્ટિ ખેડૂતોને સહાય મંજૂર કરવાની આજે પણ કરી નથી. જેના કારણે ખેડૂતને એમ થાય કે પૅકૅજ જાહેર કરે પણ કેવું? અમારા વડીલ જે કહેવા મથતા હતા કે સો રૂપિયા, બસો રૂપિયા કે પંદર સો રૂપિયા, સરકાર ચિંતા કરે કદાચ મુલાકાત પણ લે એમને નુકસાન થયું હોય તો, પણ જેના માટે માત્ર સો, બસો, પાંચસો રૂપિયા ફળવાય, એ ખેડૂતોને સહાય આપી ના કહેવાય પણ ખેડૂતોના દિલ ઉપર ચોટ મારી કહેવાય એવી સ્થિતિ આ સરકાર કરી રહી છે. ખેડૂતો માટે એકવીસમી સદીની વાતો થાય, નર્મદાના પાણી માટે અમે સરકારને કહીએ છીએ કે, અમે તમારી સાથે છીએ કેન્દ્રમાં જયાં જરૂર પડી, છેલ્લા પચાસ વર્ષોમાં જયાં જયાં જરૂર પડી ત્યારં નર્મદા માટે હંમેશા અમે સાથે રહ્યા છીએ અને એને લક્ષી તમે કહો કે અમે આટલા ખેડૂતોને પાણી આપવાના છીએ, તો અમને એમ થાય કે ચોકકસ તમે એટલા ખેડૂતોને પાણી આપો જેના કારણે ખેડૂતોને ફાયદો થાય પણ આજે નહેરોમાં ગાબડા પડ્યા છે, તમારો જે લક્ષ્ય જે એ પણ ખેડૂતોને આજે આપી શકાતો નથી. અમારા ઉત્તર ગુજરાતની વાત કરું તો એક હજાર ફૂટે જ્યારે પાણી નીચા જઈ રહ્યા છે અને દર વર્ષે એક મીટર પાણી નીચા જઈ રહ્યા છે અને આજે ખેતી એટલી બધી મોંઘી થઈ ગઈ છે કે રાજય સરકારનો આજે ચિંતા કરવાનો વિષય છે. અને જે ૮૨ ટકા નહેરોના કામો જે બાકી છે એ લક્ષ્યો પૂરા કરવામાં આવે તો ખેડૂતોને ફાયદો થાય. માત્ર મોટા મોટા બજેટો કે મોટી મોટી જાહેરાતો કરવાથી કોઈ દિવસ ફાયદો થતો નથી. ખેડૂતોની વાસ્તવિક ચિંતા કરવામાં આવે તો જ ફાયદો થાય. જે પ્રમાણે ઉદ્યોગપતિઓને જમીન આપવામાં આવે છે એ પ્રમાણે ખેડૂતોને પણ જમીન આપવામાં આવે તો અમને એમ લાગે કે, ખેડૂતોને આજે જે ફાજલ જમીન છે એ ખેડૂતોને આપવામાં આવે. આજે ૪૦,૦૦૦ હેકટર જમીન એક એક ઉદ્યોગપતિને આપી દેવામાં આવી છે કદાચ એ જમીન આ ખેડૂતોને આપવામાં આવી હોત તો અને જ્યારે પાંચ કરોડમાંથી સિત્તેર ટકા વસ્તી ખેડૂતોની હોય અને ખેતી ઉપર નભતા હોય તો ખેડૂતોને ચિંતા કરવી જોઈએ, એમને આ જમીનો આપી હોત તો ચોક્કસ આપણે ગુજરાતમાં ખેડૂતોના તારણહાર જે એમની ચિંતા કરી છે એ બાબતે આપણે આગળ વધ્યા હોત. કૃષિ મંત્રીશ્રીને બે શબ્દો એટલા જ કહેવા છે કે, ખરેખર એકવીસમી સદી છે, એકવીસમી સદીમાં સમગ્ર વિશ્વ બીજી તરફ વધી રહ્યું છે ત્યારે અને એ બાબતની ચિંતા થાય અને બીજા સાથે તાલ મીલાવી શકાય તો જ આપણે આપણા ખેડૂતોને સધ્ધર કરી શકીશું નહીં તો માત્ર વાતોથી કોઈ દિવસ નહીં થઈ શકે, તો કૃષિ મંત્રીશ્રી આ બાબતે ચિંતન કરશે એવું મંત્રીશ્રીને હું કહું છું.

**શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અંદાજપત્રની માગણી નંબર-૨ કૃષિ સેવા હેઠળ મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૫,૭૯,૫૯,૮૮,૦૦૦/- જે લઈને આવ્યા છે તેને સમર્થન આપવા અને મારા મંતવ્યો-વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક એવા વિસ્તારમાંથી આવું છું કે, જે વિસ્તાર "ગરવો ગઢ ગિરનાર જે વાદળથી વાતું કરે, જ્યાં સાવજડા હેંઢણ પીએ તેના નમણાં નર ને નાર". માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રતિપક્ષના લોકો ખેડૂતોની ચિંતા કરતી વાતો કરે છે. (અંતરાય) વાદળથી જ વાતો કરે છે એનો દાખલો પ્રત્યક્ષ પુરાવો છે કે કેન્દ્ર સરકારે આ ગુજરાતને અન્યાય કરવામાં કયાંય બાકી નથી રાખ્યું. માનનીય અધ્યક્ષશ્રી, રાસાયણિક ખાતરની ફાળવણી ખેડૂતો માટે જે કરી છે એમાં આ ગુજરાત સરકારે અગાઉથી સપ્ટેમ્બર મહિનામાં માગણી મૂકેલી હતી એમાં ૭૮૨૭૮ ટન ખરીફ ઋતુમાં ઓછું યુરિયા ફાળવ્યું, ૪૫૪૦૦ મૅટ્રિક ટન રવિ ઋતુમાં ઓછું ફાળવ્યું આ કયા

• *( ) આ શબ્દો સભ્યશ્રીએ પાછા ખેંચી લીધા છે.

મોઢે વાતો કરે છે ? મારા પ્રતિપક્ષના માનનીય સભ્યશ્રી જશાભાઈ વાત કરતા હતા, જશાભાઈ એમ કહેતા હતા, (અંતરાય) આજે પણ મિત્ર છે પણ સાચી વાત કરવી જોઈએ, આજે ખેડૂતના દીકરા તરીકે સાચી વાત કરવી જોઈએ, તેઓ વાત કરતા હતા કે અમે ખેડૂતોને મફત વીજળી આપીશું. ૧૯૯૭-૯૮માં સરકાર હતી ત્યારે શું કર્યું? કેમ ખેડૂતોને ન આપી, ખેડૂતોની ચિંતા કેમ ન કરી? એમણે ખેડૂતોને મફત વીજળી આપવાની વાત કરી છે કારણકે હમણાં ડિસેમ્બર મહિનો આવશે પણ મહારાષ્ટ્રમાં, પંજાબમાં, આંધ્રમાં, બધામાં ગુજરાતનો ખેડૂત કયાંય છેતરાય તેમ નથી. બિચારો, બાપડો નથી. એ પગ પછાડીને કમાણી કરી શકે છે. અમારે મફત જોઈતું નથી અમે રાત્રે પાણી વાળીએ છીએ, અમે ખેતી કરીએ છીએ પણ અમે પગ પછાડીને, મહેનત કરીને કમાણી કરીએ છીએ, મફતનું નહીં હક્કનું જોઈએ છે. હક્કનું કમાઈએ છીએ. હક્કનું ખાઈએ છીએ. હક્કનું યુરિયા માગ્યું, ટેકાના ભાવ માગ્યા તો કેંદ્ર સરકાર કરતી નથી. હું અભિનંદન આપું છું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ અને કૃષિ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજીને કે તેઓ અમારો ખેડૂત અભણ છે, ગામડાંનો છે એને આઈ.એ.એસ. ઑફિસર ગામડાંમાં રાત્રે રોકાય, ધોમધખતા તાપમાં કૃષિ રથ લઈને આવે છે. ખેતીનું જ્ઞાન આપે છે. હમણાં દંડક વાત કરતા હતા કે આ તો પાર્ટી પૉલિટિક્સના ધોરણે ચાલે છે. દંડકને ખબર નહીં હોય કે કૃષિ રથ પાર્ટી પૉલિટિક્સના ધોરણે નથી ચાલતો. કૃષિ રથ માત્ર ભા.જ.પા.ના ગામડાંમાં જાય છે એવું નથી. કોંગ્રેસના ગામડાંમાં પણ જાય છે. કોંગ્રેસના ખેડૂતોને પણ જ્ઞાન આપે છે. આ સરકાર, અમારી સરકારે ખેડૂતોને માટે આજે જયાં ૯૦૦૦કરોડથી લઈને ૩૨૦૦૦કરોડ આજે જે ગુજરાતનો વિકાસ ૧૦.૬૬ટકાએ પહોંચ્યો છે. (અંતરાય) સાચી વાત છે એ તો કરો. વિરોધ કરવો હોય તો કરો પણ સાચી વાત તો કરો. લોંજમાં આવીને સ્વીકારે છે, કોંગ્રેસના ગામડાંમાં જઈએ ત્યારે સ્વીકારે છે કે સાચી વાત છે. અહીં સ્વીકારો, સાચી વાત તો સ્વીકારો. ગુજરાતના ખેડૂતોને દરેક જાતનું જ્ઞાન છે. ગુજરાતનો ખેડૂત ૨૧મી સદીમાં જઈ રહ્યો છે. ગુજરાતનો ખેડૂત ગામડાંમાં બેસીને ડાયરેકટ અમારા મુખ્યમંત્રીશ્રી સાથે વાત કરે છે, ઓનલાઈન વાત કરે છે. આજે ખેડૂત અભણ નથી. અહીં અમારી વેદના બોલાવે છે. (અંતરાય) ૨૨ લાખ બાકી છે અમે સ્વીકારીએ છીએ. ના નથી પાડતા. અમે શરૂઆત તો કરી છે એ તો સ્વીકારો. આ વખતે નાણામંત્રીશ્રી બજેટમાં લાવ્યા છે. ગામડાંમાં સોઈલ હેલ્થ કાર્ડ આપવાના છે. બધા એક સાથે આપી શકાય નહીં એટલે ગામડાંને આપવાના છીએ. તેના કારણે તમને ખબર પડી જાય કે અહીં શું પાક વાવવાનો છે. ખેતીનું કાર્ડ આપે છે. દરેક ખેડૂતને ન આપી શકાય પણ ગામડાંને આપે (અંતરાય) દોલતભાઈ, શરૂઆત થઈ છે એના અભિનંદન આપવા જોઈએ. અમે પાંચકરોડનું કામ કર્યું હોય પણ ૨૫૦૦૦ નું બાકી હોય એ બતાવો છો. તમારા વિચારો કાયમી નૅગેટિવ રહ્યા છે. આ ગૃહમાં ખેડૂતો માટે ખેડૂતના દીકરા તરીકે સૌ કોઈએ સ્વીકારવું જોઈએ અને જે કાંઈ હકીકત છે એ સાચું કહેવું જોઈએ. વીમા યોજના, ખેડૂત માટે અકસ્માત વીમા યોજના કોણ દાખલ કરી? ભા.જ.પા.ની સરકારે. આજ સુધી તમે પણ દોલતભાઈ કૃષિ પ્રધાન હતા. આપને વિચાર નહોતો આવ્યો (અંતરાય) કૃષિ પ્રધાન હતા મને ખબર છે. આપને વિચાર નહોતો આવ્યો. અમારી સરકારને વિચાર આવ્યો. ખેડૂતની ચિંતા કરે છે એટલા માટે આજે ૫૪૯ લાખ રૂપિયા. ૫૫૬ ખેડૂતોને અકસ્માત વીમા યોજના આપી છે. ૪૫૮ લાખ રૂપિયાના ખર્ચે આ સરકારે અકસ્માત વીમા યોજના નીચે વીમા પૉલિસીના પ્રીમિયમ ખેડૂતોના ભર્યા છે. આ સરકાર એ ખેડૂતોની સરકાર છે. ખેડૂતોની ચિંતા કરતી સરકાર છે. અમારા મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રી તમે જુઓ અમારા સરકારના મંત્રીશ્રીઓ ૨૦-૨૦ કલાક કામ કરે છે. આમાંથી થોડી ઘણી પ્રેરણા લો અને ઉપર પ્રેરણા અપાવો. સદબુદ્ધિ અપાવો. ભગવાન સોમનાથને પ્રાર્થના કરો કે ઉપરવાળાને સદ્‌બુદ્ધિ આપે અને ગુજરાતને અન્યાય કરતા બંધ થાય. અમારા હક્કનું છે એ અમને અપાવે.

મારો વિસ્તાર કેસર કેરીનો વિસ્તાર છે. જ્યાં કેસર કેરી અને કેસરી સિંહ છે એ વિસ્તારમાં આવે છે. એ વિસ્તારમાં માનનીય મંત્રીશ્રીને એક વિનંતી કરવાની છે કે, માનનીય મંત્રીશ્રીને રજૂઆત કરી છે અને માનનીય મંત્રીશ્રીએ રજૂઆત કરતાની સાથે દોલતભાઈ, પુંજાભાઈ, ચંદ્રિકાબેન, એમ કહ્યું છે કે અમારા વિસ્તારને બાગાયતી વિસ્તારમાં સમાવેશ કરો. બાગાયતી વિસ્તાર એને પાક વીમામાં સમાવેશ કરો. આ બગીચાના ઝાડ છે એને અમે લોકો એક બાળકની જેમ ઉછેરીએ છીએ. એને બાળકની જેમ મોટા કરવા પડે. અમે એ ઝાડનો ઉછેર કરીએ અને ૫-૧૦ વર્ષે વાવાઝોડું આવે, વરસાદ, પવન આવે અને ઝાડ પડી જાય, ( સમય સૂચક ઘંટડી ) તો અમને કોઈ રક્ષણ નથી મળતું, એટલે માનનીય મંત્રીશ્રીને આ બાબતે રજૂઆત કરી અને માનનીય મંત્રીશ્રીએ તાત્કાલિક બે જ મહિનાની અંદર આ બાગાયતી પાક વીમાની દરખાસ્ત ૩૧-૮-૨૦૦૫ માં કેન્દ્ર સરકારમાં મોકલી છે, પણ હજુ કાઈ જવાબ નથી આવ્યો. આવી પરિસ્થિતિ છે. આ અમને અન્યાય છે. અમારા ખેડૂતોને કયાં સુધી અન્યાય.

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, બાળ કલ્યાણ મંત્રીશ્રી બાળ કલ્યાણ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભી થઈ છું. મહિલા માટે જો કોઈએ ચિંતા કરી હોય, મહિલાઓનું દુ:ખ જાણ્યું હોય, મહિલાઓની વેદના જાણી હોય તો માત્રને માત્ર રાજ્યના મહિલા બાળ વિકાસ મંત્રીશ્રીએ અને રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ. મહિલા અને બાળકલ્યાણ વિભાગ નામનો કહેવાતો વિભાગ હતો. માનનીય આનંદીબેને, માનનીય જસુમતીબેને મહિલાની ચિંતા કરી, બાળકોની ચિંતા કરી છે. આ વિભાગની અલગ રચના કરી છે. બહેનોના પ્રશ્નને માટે મહિલા આયોગની રચના, જિલ્લા, તાલુકા કક્ષાએ મહિલા વિવિધલક્ષી કલ્યાણ કેન્દ્રની રચના કરી અને ૧૩૪ કેન્દ્રો બનાવ્યાં છે.

નારીનું સન્માન થયું હોય, નારી જગતની ચિંતા કરી હોય તો માનનીય મુખ્યમંત્રીશ્રીએ જ કરી છે. ગર્ભમાં રહેલી દીકરી પોતાના માતાના ઉદરમાં કબર ન બની જાય તે માટે દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર રાજ્યમાં માતૃવંદના અને બેટી બચાવ કાર્યક્રમને એક આંદોલનરૂપે ઉપાડી લીધો છે. ભૂતકાળમાં આવનારા ભવિષ્યની ચિંતા કોઈએ ન કરી. પરિણામે આજે દીકરા અને દીકરીના રેશિયામાં અસમતુલા આવી ગઈ છે. આજે ૧,૦૦૦ દીકરાઓએ ૮૮૩ દીકરીઓ છે. જો સમાજમાં દીકરી ન બચે તો દીકરીને તેમના ઉપર અપહરણ, છેડતી, બળાત્કાર, કજોડા, સાટાપાટા અને વેશ્યા વૃત્તિને ઉત્તેજન મળશે. દીકરીની એટલી અછત વર્તાશે કે એક કન્યાને પરણવા માટે હજારો યુવકોની લાંબી કતાર લાગશે. આ ગંભીર સમસ્યાનાં માઠાં પરિણામ આ સમાજ ઉપર પડે તે પહેલા માનનીય મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર રાજ્યમાં માતૃવંદના અને બેટી બચાવ કાર્યક્રમ દ્વારા નારી જગતનું ગૌરવ વધારી લીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજમાં નિરાધાર વિધવા બહેનોની પરિસ્થિતિ ખૂબ જ દયાજનક હતી. કૉન્ગ્રેસના શાસનમાં તેમને માત્ર ટુકડો નાંખવામાં આવતો હતો. આનો લાભ ખરેખર જરૂરિયાતવાળી બહેનોને મળતો ન હતો. આના માટે આ રાજય સરકારે સમીક્ષા કરી અને હાલમાં ૧ લાખ ૨૫૫ બહેનોને વિધવા સહાયનો લાભ મળે છે અને તે રીતે તે લાભાર્થી છે. નિરાધાર વિધવા બહેનોને ૫૦૦ રૂપિયા સહાય ઉપરાંત બાળકોને પણ ભરણપોષણ મળતું રહે છે. ૮૦ થી ૪૦ વર્ષની વિધવા બહેનો પગભર થાય તે માટે રાજય સરકારે સ્વરોજગાર તાલીમ આપવાની યોજના કરી છે અને આ તાલીમ પછી ત્રણ હજાર રૂપિયાની કીટ આપવાનો નિર્ણય કર્યો છે. તે ખૂબ અભિનંદનને પાત્ર છે. આ યોજના અંતર્ગત ૯ હજાર બહેનોને તાલીમ આપવામાં આવે છે અને તેમાંથી આશરે ૬૮૮૫ બહેનોને રોજગારી પૂરી પાડવામાં આવે છે. હું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, માનનીય શિક્ષણમંત્રીશ્રી આનંદીબેન પટેલ અને મહિલા બાળ વિકાસ મંત્રીશ્રી જશુમતીબેન કોરાટને અભિનંદન આપીશ કે તેઓ નારી અદાલતોને સન્માન આપવામાં ખૂબ મોટો ફાળો આપેલ છે. આપણે ત્યાં ૧૯ નારી અદાલતો છે તેમાં વિના મૂલ્યે નારીઓને કાનૂની સલાહ આપવામાં આવે છે. રાજય સરકારે નારીની તરફેણમાં ઘણા સુધારા કર્યા છે. જમીન મિલકતમાં સુધારા કર્યા છે. બહેનોની તરફેણમાં મહેસૂલી નોંધણી ફીમાંથી મુકિત આપવાનો નિર્ણય કર્યો છે તે એક ખૂબ સુંદર કામ કર્યુ છે. લગ્ન નોંધણી ફરજિયાત બનાવી છે. જેનાથી બહેનોને રક્ષણ મળતું થયું છે. શાળામાં દાખલ થતા બાળક પાછળ પિતાનું નામ લખવામાં આવતું હતું તેની જગ્યાએ માતાનું નામ લખવાનો નિર્ણય કર્યો છે તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને આવકાર મળી રહ્યો છે. આપણા રાજયમાં ઘણા વર્ષોથી રમતવીરોની અવગણના થતી હતી. પરંતુ છેલ્લા ૨ વર્ષથી આ દિશામાં આનંદીબેન પટેલ તેમજ જશુમતીબેન કોરાટે તેમજ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ ખૂબ ચિંતા કરી છે. રાજયની બહેનો રમતગમત ક્ષેત્રે રસ ધરાવતી થાય, આ પ્રવૃતિઓમાં રસ દાખવે તે માટે છેલ્લા બે વર્ષથી એશિયન ગેઈમ્સ, નેશનલ ગેઈમ્સ અને રાજયકક્ષાએ મેડલ મેળવનાર તેમજ સારો દેખાવ કરનાર બહેનોને રોકડ ઈનામ તેમજ પ્રોત્સાહક ઈનામ આપવામાં આવે છે. ચાલુ વર્ષે વિશ્વ મહિલા દિન ૮મી માર્ચના રોજ ૭૮ જેટલા રમતવીરોનું માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે અભિવાદન કરવામાં આવ્યું હતું. આ વર્ષે પાંચ હજાર રૂપિયાથી માંડી એક લાખ રૂપિયા સુધીના રોકડ ઈનામ આપવામાં આવ્યા હતા. મહિલાઓનું આત્મ સન્માન અને ગૌરવ જળવાઈ રહે તેમજ તેમનું સામાજિક, આર્થિક ઉત્થાન થાય અને તેમના પ્રશ્નોનું નિરાકરણ આવે અને તેમને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે દિશામાં રાજય સરકારે અનેક કદમ ઉઠાવ્યા છે. મહિલાઓ માટે રોજગાર કચેરીઓ અને મહિલા આઈ.ટી.આઈ. શરૂ કરવાની પહેલી કરી છે. ગરીબી રેખાથી નીચે જીવતા કુટુંબને આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે તે માટે પ્રાયોગિક ધોરણે દરેક જિલ્લામાં આરોગ્યલક્ષી વીમા યોજના દાખલ કરવાનું વિચાર્યુ છે. ગુજરાતના આવતીકાલના નિર્માણ માટે નારીનો વિકાસ તેમાં મૂળભૂત હશે. કોઈપણ રાષ્ટ્રના વિકાસ માટે સ્ત્રી હોય કે પુરુષ દીકરો હોય કે દીકરી તે સમાન ભાગીદાર જરૂર છે. મહાત્મા ગાંધી કહેતા હતા કે દીકરો ભણે તો એકલો વ્યકિત ભણે છે પરંતુ જો દીકરી ભણશે તો આખો પરિવાર ભણે છે. ભારત સરકારના અહેવાલ પ્રમાણે ૨૦૦૧માં મહિલા સાક્ષરતા દર ૫૭ ટકા હતો તેની સામે પુરુષ સાક્ષરતાનો દર ૮૮ ટકા છે. આઝાદી પછી મુખ્યમંત્રીશ્રીએ આ દિશામાં રચનાત્મક અભિગમ કેળવ્યો છે. શિક્ષણક્ષેત્રે અને તેમાં પણ ખાસ કરીને, વિશેષ કરીને કન્યા કેળવણી માટે વિશેષ અભિયાન ઉપાડ્યું છે. ધોમધખતા તાપમાં ૪૫ ડીગ્રી સેલ્સીયસમાં જુન મહિનામાં તેઓએ કન્યા કેળવણી મહોત્સવ હોય કે શાળાપ્રવેશોત્સવ હોય કે સાક્ષરદિપનો કાર્યક્રમ હોય કે વિદ્યાલક્ષ્મી બોન્ડ હોય એવી અનેક પ્રોત્સાહક પ્રવૃત્તિઓને કારણે કન્યા કેળવણી જનઆંદોલન ઉભુ કર્યું છે, આ જ સમયે પંદરમી જુનની આસપાસના સમયમાં માનનીય મુખ્ય મંત્રીશ્રી પોતે તેમજ મંત્રીમંડળના સભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીઓ અને સનદી અધિકારીઓએ ભરઉનાળે ૪૫ ડીગ્રી તાપમાનમાં પણ કન્યા કેળવણી રથ લઈને ગુજરાતના ગામડા-ગામડા ખૂંદતા રહયા એટલું જ નહીં પણ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ તો એક શિક્ષિત તરીકે ભીખ માગતા હતા કે, "તમે દીકરા અને દીકરીઓને ભણાવો તો તેઓનું જીવન સુધરશે, તેઓ આગળ આવશે, તેઓને કોઈની સામે લાંબો હાથ નહીં કરવો પડે." માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કન્યા કેળવણીને જનઆંદોલન તો બનાવ્યું છે પરંતુ સાથેસાથે અંગત પ્રતિબધ્ધતાનાં પણ દર્શન કરાવી દેશ માટે અને ગુજરાત માટે જાહેર જીવનના નવામૂલ્યોના દર્શન કરાવ્યા છે., એટલું જ નહીં પણ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ પોતાને મળેલ ભેટસોગાદોને રાજયની તિજોરીમાં

જમા કરાવવાની નવી કેડી કંડારી છે. પાંચ વર્ષમાં ૨૪૦૦ જેટલી ભેટસોગાદો તોષાખાનામાં જમા કરાવી માનનીય મુખ્ય મંત્રીશ્રીની કન્યા કેળવણી નીધિમાં આશરે ૧૧ કરોડ કરતાં પણ વધારે રકમ જમા થઈ ગઈ છે અને આ જ બતાવે છે કે માનનીય મુખ્ય મંત્રીશ્રી કન્યાઓના ભણતર પ્રત્યે કેટલા ચિંતિત છે અને આ ૧૧ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ખર્ચવાની માનનીય મુખ્ય મંત્રીશ્રીની નેમ છે, માનનીય મુખ્ય મંત્રીશ્રીંની પ્રતિબધ્ધતાનું એક ઉદાહરણ આપણને નારી ગૌરવને બળ આપશે. કન્યાકેળવણી ક્ષેત્રે ઐતિહાસિક સિધ્ધિઓ હાંસલ કરશે એટલું જ નહીં પણ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ, રાજયમાં સાત લાખ કન્યાઓને ૭૦ કરોડના ખર્ચે વિદ્યાલક્ષ્મી બોન્ડ આપ્યા છે. ગુજરાત એક એવું રાજય છે કે જયાં રાજયમાં શાળાઓમાં અભ્યાસ કરતાં સવા કરોડ બાળકોનો વીમો રાજય સરકારે ઉતરાવ્યો છે, હાલમાં રાજયના ૨૮ ગરીબ બાળકોને રાજય બહાર મદ્રાસ ખાતે ઓપરેશનની વ્યવસ્થા કરાવીને તેઓને નવું જીવન બક્ષ્યું છે. આ માટે રાજય સરકારે રૂપિયા ૬૦ લાખનો ખર્ચ કર્યો છે, (સમયસૂચક ઘંટડી)

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી માગણી નંબર ૨, ૪ અને ૬ અને માનનીય મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી માગણી નંબર ૧૦૫ જે લઈને આવ્યાં છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત જગતનો તાત છે. ખેડૂત આર્થિક રીતે પગભર બને તો રાજયનો વિકાસ થાય અને રાજય પણ આર્થિક રીતે પગભર બને અને એના માટે આપણે સૌ ચિંતિત છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત અને ખેતી, અને ખેતી માટે જે આપણી સરકારી સમજ જે છે એ, અને વાસ્તવિક રીતે ખેડૂત પોતાના ખેતરમાં જે રીતે ખેતી કરે છે આ બંનેની અંદર ઘણો મોટો તફાવત છે ત્યારે રાજય સરકારે ખેડૂતો માટેની અને ખેતી માટેની સરકારી સમજ છે એ માનસિકતામાંથી રાજય સરકારે બહાર નીકળવું જોઈએ અને હકીકતોને ધ્યાનમાં રાખીને ચાલવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે કૃષિ રથ, કૃષિ મહોત્સવ, સોઈલ હેલ્થ કાર્ડ, જુદા જુદા આયોજન દ્વારા, જુદા જુદા પ્લાનિંગ દ્વારા ઘણી બધી પ્રસંશનીય કામગીરી કરી છે અને એના કારણે રાજયના ખેડૂતોના ખેત ઉત્પાદનમાં બમણો વધારો થયો છે પણ મારે રાજય સરકારને આપશ્રી દ્વારા એવું કહેવું છે કે, વૈજ્ઞાનિક પધ્ધતિ અને વધારે પડતી આપણી જે ટૂંકા સમયમાં, ઓછા ખર્ચે વધુ કમાવા માટેની જે માનસિકતા છે એ આવનારા દિવસોમાં વધુ હાનિકારક થવાની છે, જે પ્રકારે ઉપયોગ કરીએ છીએ, હું એક જ દાખલો આપીશ કે માનનીય ગોવિંદભાઈ પરમારે કેસર કેરીની વાત કરી. કેસર કેરીના જે બગીચા છે એના માલિકો જે દવાથી ઉત્પાદન મેળવે છે એનાથી વહેલી આવક થાય છે પરંતુ એનાથી શું થાય છે કે એ આંબાનું ઝાડ લાંબો સમય ટકતું નથી અને કેરી ખાવા લાયક રહેતી નથી . કંટાળ નામની દવાનો ઉપયોગ કરવાથી વહેલી આવક થાય છે, વહેલી માર્કેટમાં જાય છે અને એને કારણે સારા ભાવ મળે છે પણ આ રીતે તમામ ઉત્પાદનમાં જે પ્રકારે દવાનો ઉપયોગ થાય છે એના કારણે ઘણા બધા પ્રશ્નો આરોગ્યની દૃષ્ટિએ ગંભીર પ્રકારના ઊભા થાય છે ત્યારે રાજય સરકારે આ બાબતમાં ગંભીરતાપૂર્વક વિચાર કરવો પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, બી.ટી. કપાસને લાગે-વળગે છે ત્યાં સુધી બી.ટી. કપાસના ડીલરો અને એજન્ટો ૧૮૦૦ રૂપિયા લેતા હતા ૪૫૦ ગ્રામના પછી ૧૬૦૦ રૂપિયા કર્યા અને પછી ૧૪૦૦ રૂપિયા કર્યા પછી રાજય સરકારે પરિપત્ર કર્યો કે તમારે ૭૫૦ રૂપિયાથી વધારે લેવા નહીં પણ ત્યાર પછી પણ આ ડીલરોએ રાજયના ખેડૂતો પાસેથી ૭૫૦ રૂપિયાના બદલે ૧૪૦૦ રૂપિયા આગલી તારીખોમાં બિલો આપીને લાખો કરોડો રૂપિયા ઉઘરાવ્યા છે ત્યારે આંધ્રપ્રદેશની સરકાર કોર્ટમાં ગઈ એની સાથે આપણા ભૂતપૂર્વ નાણામંત્રીશ્રી સનતભાઈ મહેતા પાર્ટી તરીકે જોડાયા છે. એમાં આંધ્રપ્રદેશના ખેડૂતોના હિતમાં ચુકાદો આવ્યો છે એના આધારે આંધ્રપ્રદેશની સરકારે ખેડૂતોને વળતર પરત અપાવવા માટે કાર્યવાહી ચાલુ કરી અને તાજેતરમાં બધા ખેડૂતોના જે વધારે પૈસા લીધા છે એ માટે કંપનીઓને નોટિસો આપી છે અને એ નોટિસો આપ્યા પછી કંપનીઓએ ખેડૂતોને પૈસા પરત આપ્યા છે ત્યારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું અને વિનંતી કરું છું કે, ગુજરાત રાજયના ખેડૂતો પાસેથી જે કંપનીઓએ બી.ટી.કપાસના ૧૪૦૦ રૂપિયા ભાવ લીધો છે એને બદલે ૭૫૦ રૂપિયા લેખે ભાવ ગણીને કંપની પાસેથી વળતર પરત મેળવવા માટે કાર્યવાહી કરીને રાજયના ખેડૂતોને એ પૈસા પરત અપાવવા જોઈએ. એ કંપનીઓ ન આપે તો રાજય સરકારે એની ડીલરશીપ રદ કરવી જોઈએ એવી મારી આપના મારફત વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજ નિગમ રાજયના ખેડૂતોને સારું બિયારણ પૂરું પાડવાનું કાર્ય કરે છે. ગુજરાત રાજય બીજ નિગમે ગુજરાત-૪ જીરૂ બિયારણ બનાવવા માટે રાજકોટ અને અમરેલીની એક એજન્સી સાથે કૉન્ટ્રૅક્ટ કર્યો. એ કૉન્ટ્રૅક્ટ કર્યા પછી એ એજન્સીએ ૨.૩૬ કરોડ રૂપિયાનું બે લાખ કિલો જેટલું જીરૂ ઉત્પાદન કર્યું. ઉત્પાદન કર્યા પછી આ જીરૂનું બિયારણ તપાસ કરતા માલૂમ પડ્યું કે આ બિયારણ નકલી છે. ગંભીરતા એ બાબતની છે કે, બીજ નિગમના અધિકારીઓની હાજરીમાં આ બિયારણનું પૅકીંગ કરવામાં આવ્યું હતું અને એ બિયારણના કારણે રાજયના ખેડૂતોને રૂા.૧૦૦ કરોડથી વધારેનું નુકસાન થયું છે. કોણ જવાબદાર છે આના માટે? આપણે મોટી મોટી વાતો કરીએ છીએ ખેડૂતોની અને રાજયના ખેડૂતોની ચિંતા કરીએ છીએ ત્યારે જે નજરની સામે બને છે એના માટે આપણે ગંભીરતાપૂર્વક વિચારતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સોઈલ હેલ્થ કાર્ડ સારી વાત છે. કેટલા આપ્યા છે, કેટલા નથી આપ્યા એમાં હું પડવા માગતો નથી. પરંતુ માનનીય મંત્રીશ્રીનું હું આપના મારફત ધ્યાન દોરવા માગું છું કે, જે નમૂના લેવામાં આવે છે એ સર્વે નંબર વાઈસ નમૂના લેવામાં આવતા નથી. એક ખેતરના કે એક સર્વે નંબરના નમૂના લીધા પછી જેટલા સર્વે નંબર હોય એના વિભાગો પાડી નમૂના અલગ કરવામાં આવે છે અને એના આધારે સોઈલ હેલ્થ કાર્ડ બનાવી દેવામાં આવે છે ત્યારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, આપણે સોઈલ હેલ્થ કાર્ડ આપીએ છીએ એમાં ગંભીર હોઈએ અને ખેડૂતોની ચિંતા કરતા હોઈએ તો ખેડૂતના સર્વે નંબર વાઈસ સોઈલ હેલ્થ કાર્ડ બનાવવા જોઈએ, પણ એ પ્રમાણે થતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત એ કરવા માગું છું કે, ખેતી વાડી ખાતામાં જે ખાલી જગ્યાઓ છે, તાંત્રિકની રીતે જે લોકો કામગીરી કરે છે એમાં વધુ પડતી ખાલી જગ્યા હોવાના કારણે ખેતી વાડી ડિપાર્ટમેન્ટે જે રીતે અસરકારક રીતે કામગીરી કરવી જોઈએ એ રીતે થઈ શકતી નથી. એજ રીતે કૃષિ યુનિવર્સિટીને લાગે-વળગે છે ત્યાં સુધી એક કૃષિ યુનિવર્સિટી હતી વ્યવસ્થિત રીતે કામ કરતી હતી, એનો વહીવટ સારી રીતે ચાલતો હતો, એમાંથી ચાર કૃષિ યુનિવર્સિટીનું વિભાજન કર્યું અને એ વિભાજનના કારણે આ કૃષિ યુનિવર્સિટીઓમાં પૂરતી જગ્યાઓ ન હોવાના કારણે કોઈ નવું સંશોધન થઈ શકતું નથી. દિવેલા હોય કે જુદા જુદા પાકોમાં કોઈ નવી જાત આ યુનિવર્સિટીઓ દ્વારા ઊભી કરવામાં આવી નથી. ત્યારે એમની પણ વ્યવસ્થા કરવામાં આવે. કૃષિ મહોત્સવની વાતો કરીએ છીએ, એના દ્વારા અમે આટલું ઉત્પાદન કર્યુ છે ખેડુતોના ઉત્પાદનમાં વધારો થયો છે પણ કૃષિ મહોત્સવને કારણે કૃષિ ઉત્પાદનમાં વધારો થયો છે એવું માનવાને કોઈ કારણ નથી એમાં કુદરતી વાતાવરણ, કુદરતી વિગતો, પર્યાવરણ અને વરસાદનો પણ બહુ મોટો મહત્ત્વનો ફાળો હોય છે અને આપણે ગમે તેટલા ટૅક્નીકલ સંશોધન કરીએ, ગમે એટલું આપણે કરીએ પણ જો કુદરતી હવામાન આપણને અનુકૂળ ન હોય તો આપણે લાખ્ખો રૂપિયાનો ખર્ચ કરવા છતાં ગમે તેટલું કરીએ તો પણ ખેડુતોના પાકો આજે પણ નિષ્ફળ જાય છે અને એના અસંખ્ય દાખલા આપી શકાય તેમ છે અને એ અહીંયા બેઠેલા સભ્યશ્રીઓ, મંત્રીશ્રીઓ, તમે અને હું બહુ સારી રીતે જાણીએ છીએ. મત્સ્યોદ્યોગને લાગેવળગે છે ત્યાંસુધી સાગર ખેડુ માટે અગિયાર હજાર કરોડ રૂપિયાની જાહેરાત કરી છે આપના મારફતે હું આ સભાગૃહનું ગંભીરતાપૂર્વક ધ્યાન દોરવા માગું છું અને રાજયની પ્રજાનું ધ્યાન દોરવા માગું છું કે રૂટિન પ્રમાણે જે બજેટ દર વખતે આ વિભાગને ફાળવવામાં આવે છે. જે યોજના છે એમાં સંપૂર્ણપણે મોટાભાગે ઘટાડો કરીને નિયમ-૪૪ નીચે અગિયાર હજાર કરોડ રૂપિયાના પેકેજની આપણે જાહેરાત કરીને મુળભૂત બજેટમાં ફાળવણી હતી એમાં ઘટાડો કર્યો છે અને અગિયાર હજાર કરોડની જાહેરાત કરીને પછી કહેવામાં આવે છે કે અમે નવી જાહેરાત કરી છે, નવા પૈસા આપવામાં આવ્યા છે. માનનીય મંત્રીશ્રીને મારે ધ્યાન દોરવું છે આપના મારફતે કે દર વરસે ૨૨૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવી પડે જો અગિયાર હજાર કરોડ આપણે પંચવર્ષીય યોજના તરીકે પાંચ વર્ષને ધ્યાનમાં રાખીએ તો ચાલુ વર્ષના બજેટમાં માનનીય મંત્રીશ્રી આપે ૨૨૦૦ કરોડની ફાળવણી કરી છે ખરી? ફાળવણી કરી નથી. જાહેરાત કરી છે. નથી આપ્યા તો તમે ૨૨૦૦ કરોડ દર વરસે મળવાપાત્ર થાય છે અને ચાલુ વર્ષના બજેટની અંદર ૨૨૦૦ કરોડની તમે જાહેરાત નથી કરી તો અગિયાર હજાર કરોડ રૂપિયા આ સાગર ખેડૂતને તાલુકે તાલુકેથી અહીંયા લાવીને અભિનંદનની વર્ષા કરાવડાવો છો એને મળવાના છે ખરા? ત્યારે આપના મારફતે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે તમે ૨૨૦૦ કરોડ રૂપિયાની જે જાહેરાત કરી છે અગિયાર હજાર કરોડ રૂપિયાની એની તમે બરાબર વ્યવસ્થિત રીતે તમે જાહેરાત કરો. ડિઝલની સબસીડીની અંદર ઘટાડો કરવામાં આવ્યો છે. ગયા વર્ષે ૨૦૦૫-૦૬ ની અંદર રાજયની અંદર જે સબસીડીની ૫૩.૮૨ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી તે ઘટાડીને જાન્યુઆરી, ૨૦૦૭ સુધીમાં ૨૪.૪૮ કરોડની કરવામાં આવી છે. બીજું એકજ સૂચન કરીને હું મારી વાત પૂરી કરીશ. અમારા વિસ્તારનું નવા બંદર જે મત્સ્યોદ્યોગ તરીકે વિકસાવવા માટે ૧૬૧ લાખ રૂપિયા મંજૂર થયેલા હતા અને પૂનાની એજન્સીને સરવે કરવા રિપૉર્ટ આપ્યો છે એનો વહેલામાં વહેલી તકે સરવે રિપૉર્ટ કરાવડાવી અને નવી જેટી બનાવવા માટે વહેલામાં વહેલી તકે કાર્યવાહી કરવામાં આવે એવી હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું

**શ્રી કરસનભાઈ ભી. પટેલ (ગણદેવી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ, પશુપાલન અને ડેરી વિકાસ, મત્સ્યોદ્યોગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રીશ્રીઓ જે માગણી ક્રમાંક ૨, ૪, ૬ અને ૧૦૫ લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીના ૪૦ વર્ષમાં જે અમારા માછીમાર ભાઈઓને નબળા બનાવ્યા છે એને આ સરકાર સબળા બનાવવાની વાત લઈને આવી છે એ વાત લઈને હું આપની સમક્ષ આવ્યો છું. મારે કહેવું છે કે, આ દેશનો જે દરિયા કિનારો છે એમાંનો ૧/૫ મો ભાગ એટલે કે ૧૬૦૦ કિલોમીટર જેટલો દરિયા કિનારો ગુજરાતને નસીબ થયો છે. તેમાં ખૂબ સમૃદ્ધ, પોટેન્શિયલ હોવા છતાં પણ જે રીતે એના પર આધાર રાખતો અમારો માછીમાર ભાઈ છે જે વાસ્તવમાં મજબૂત થવો જોઈતો હતો એ થયો નથી. એનું મુળ જો કોઈ કારણ હોય તો એમને સરકાર દ્વારા જે મદદ મળવી જોઈએ, સરકારે જે એમના પર ધ્યાન આપવું જોઈએ એ સરકારે ધ્યાન ન

આપવાના કારણે આ અમારો માછીમાર ભાઈ નબળો થતો ગયો છે. એમને જે વ્યવસ્થા અપાવવી જોઈતી હતી એ વ્યવસ્થા આપી શકાઈ નથી. હું એક વાત કરીશ કે જ્યારે આ ગુજરાતના દરિયા કિનારે જીવનાર મારો માછીમાર ભાઈ મચ્છી પકડે.. અને તેમને માર્કેટનો આધાર રાખવો પડે છે. મહારાષ્ટ્રના બંદર પર ભાવચા જખ્ખા પર જ્યારે મારો માછીમાર ભાઈ બોટ લઈને જાય છે ત્યારે તે માછીમાર ભાઈની બોટ લૂંટાઈ જાય છે, તેને તોડી નાંખવામાં આવે છે, તેના માલને સસ્તા ભાવમાં પડાવી લેવામાં આવે છે પણ મારો માછીમાર ભાઈ ત્યાં કેમ જાય છે? એટલા માટે જાય છે કે આ ગુજરાતની સરકાર તેને જે રીતની વ્યવસ્થા આપવી જોઈતી હતી તે માર્કેટીંગની વ્યવસ્થા, બોટ ઉભી રાખવાની વ્યવસ્થા નથી આપી શકી. આજે આ સરકાર માનનીય મુખ્યમંત્રીશ્રી અને ફિસરીઝ મંત્રીશ્રીને હું અભિનંદન આપીશ કે તેમણે આ વાત કરી કે મારો માછીમાર ભાઈ કે ગુજરાતનો માછીમાર ભાઈ જે દુઃખી થાય છે તેને સુખી કઈ રીતે કરવો જોઈએ તેને એવી કોઈ વ્યવસ્થા આપવી જોઈએ કે આ માછીમાર ભાઈ સમૃદ્ધ બને. આજે બંદરની વાત કરે છે ત્યારે જખૌ બંદર તેની અંદર આજે હજાર બોટ ઉભી રાખી શકે એવી વ્યવસ્થા તેનું ઉદ્‌ઘાટન માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યુ અને આ ગુજરાતના માછીમાર ભાઈની તે વ્યવસ્થા, તેનું દુઃખ અને દર્દ સાંભળ્યું. તે જ રીતે ઢોલાઈ બંદર તે પણ પૂર્ણ થવાને આરે છે. તેમાં ૪૦૦ જેટલી બોટ ઉભી રહેશે અને તેની પણ વ્યવસ્થા આ સરકારના માધ્યમથી થશે. તે જ રીતે ઓખામાં એક્સ્ટેન્ડ કરીને ૬૫૦ જેટલી બોટોની વ્યવસ્થા આ સરકારે બંદર વિકાસમાં લીધી છે. તેની સાથે પોરબંદરને એક્સ્ટેન્શન કરવાને કારણે ૩૦૦ જેટલી બોટો ત્યાં પણ ઉભી રહેશે. આમ ૨૫૦૦ બોટોની વ્યવસ્થા આ વર્ષના ગાળામાં કરીને ગુજરાતના માછીમારો મારા જે બોટ લઈને ભાવચા જખ્ખા પર જઈને જે દુઃખી થતા હતા, હેરાન થતા હતા તેના દુઃખ દર્દ સાંભળીને તેણે આ વ્યવસ્થા ઉભી કરી છે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને અને અમારા મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીને પણ હું અભિનંદન આપું છું.

હું દક્ષિણ ગુજરાતમાંથી આવું છું. તેમાં ભાંભરા પાણીનો ખૂબ સારો વિસ્તાર છે. ખૂબ પ્રોટેન્શીયલ છે. આજની તારીખે સમગ્ર ગુજરાતની અંદર પોણી ચાર લાખ હેકટર જેટલી જગ્યામાં ભાંભરા પાણીમાં ઝીંગાનો ઉછેર થાય છે. હું ગયો હતો કેનેડાના મચ્છી માર્કેટની અંદર ત્યાં આપણાં ગુજરાતના ઝીંગા મેં જોયા છે. મેં અમેરિકાની માર્કેટની અંદર આપણાં ગુજરાતના ઝીંગા જોયા છે. મેં દુબઈની માર્કેટની અંદર પણ જોયા છે અને મેં લંડનની માર્કેટની અંદર પણ ઝીંગા જોયા છે. મારી નજર સમક્ષ જે ભાવ અહીંયા મળે છે તેના કરતાં અનેક ગણાં ભાવ સાથે તે આપણાં દ્વારા તૈયાર થયેલા તે ઝીંગાનો ભાવ ત્યાં મળે છે. તેની વ્યવસ્થા માટે પણ સરકારે આજે ખૂબ સારી વાત કરીને તે વધારે ઉત્પાદન થાય, તેને પોષણક્ષમ ભાવ મળી રહે તેને માટે સરકારે ચિંતા કરી અને એક સારી નીતિ તૈયાર કરી જે પાંચ હેકટર જગ્યા વ્યકિત દીઠ જે કોઈ લાભાર્થી છે તે વ્યકિત દીઠ લાભાર્થીને પાંચ હેકટર જગ્યા એકદમ સરળતાથી મળી શકે તે નીતિ બનાવી તેની સાથે કોઈ મંડળી જમીન માંગે તો ૫૦ હેકટરની જગ્યા અને કંપની માગે તો ૧૦૦ હેકટરની સરળ નીતિ બનાવીને આ આપવાની યોજના બનાવીને ભાંભરા પાણીનો વિકાસ, ભાંભરા પાણીના ઝીંગાનો ઉછેરનો વિકાસ આ જે પ્રોટેન્શીયલ છે તે વિકાસ કરવાની વાત આ સરકારે કરી છે તે માટે હું સરકારને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. હમણાં જ મારા પુંજાભાઈ બોલતા હતા કે માનનીય મુખ્યમંત્રીશ્રી ૧૧ હજાર કરોડની સાગર ખેડુ વિકાસની વાત લઈને આવ્યા છે, ભ્રામક વાત લઈને આવ્યા છે. મારે તેમને કહેવું છે આપની નજરે ના દેખાશે કારણકે આ ૪૦ વર્ષનો ઇતિહાસ બોલે છે કે મારો માછીમાર ભાઈ નબળો રહ્યો છે અને તેનું કોઈ કારણ હોય તો સામી પાટલીના લોકોને કારણે છે. આજે જ્યારે તેમના વિકાસની ચિંતા કરી, બંદરની ચિંતા કરી, વિકાસની ચિંતા કરી પણ સાહેબ તેણે સ્થાનિક જીવનની પણ ચિંતા કરી. આજે ૪૦-૫૦ વર્ષ થયા પાણી વગર તે માછીમાર ભાઈ ટળવળે છે, રસ્તા વિના તે માછીમાર ભાઈ ટળવળે છે, પ્રાથમિક વ્યવસ્થા વિના તે મારો ભાઈ ટળવળે છે. તેના આરોગ્યની કોઈ વ્યવસ્થા નથી, તેના શિક્ષણની કોઈ વ્યવસ્થા નથી. જ્યારે પાણીની, આરોગ્યની, શિક્ષણની, રસ્તાની આ સમગ્ર વિકાસની વાત લઈને જ્યારે આવ્યા છીએ ત્યારે તેમને તે ભ્રામક વાતો નહીં દેખાશે અને બોલશે પણ ભ્રામક વાત અને મારે ૧૩ મી અને ૧૪ મી તારીખની વાત કરવી છે. મારા માછીમાર ભાઈઓ કોઈને નમી જાય તેમ નથી, પરંતુ પ્રથમવાર, આ પ્રથમ મુખ્યમંત્રીશ્રી એવા છે કે જેમણે આ સાગર ખેડૂઓની ચિંતા કરી છે અને પ્રથમવાર અમારા માછીમાર ખેડૂતો કે જે ઉંચું માથું કરીને જીવવાવાળા છે એ માછીમાર ભાઈઓએ પ્રથમવાર તેમને કોઈએ બોલાવ્યા વિના આવીને આ મુખ્યમંત્રીશ્રી પાસે આવીને તેમને નમન કરીને તેમના પગ પકડી લઈને વંદન કર્યા અને કહયું કે આજસુધી અમને ભગવાને પણ એવા રાખ્યા છે કે અમે કયારેય પણ ઉગતા સૂર્યનાં દર્શન કર્યા નથી, અમે તો આથમતા સૂર્યને જ જોયો છે, ડૂબતો સૂર્ય જોયો છે અને આજે પ્રથમવાર એવા મુખ્યમંત્રીશ્રી છે કે જેને અમે ઉગતા સૂર્ય તરીકે લેખ્યા છે અને ઉગતા સૂર્ય તરીકે એમનાં કિરણો બરાબર પડયાં છે ત્યારે તેમનો ઉત્કર્ષ, ઉત્થાન એ નિશ્ચિત દેખાઈ રહયું છે એવા સંજોગોમાં આપશ્રી અમારા માટે એક ખૂબ જ અગત્યનું પેકેજ લઈને આવ્યા છો.

માનનીય અધ્યક્ષશ્રી, મત્સ્યોદ્યોગની વાત કરું તો દરિયાઈ મત્સ્યોદ્યોગ ક્ષેત્રે ગુજરાત રાજય અગ્રસ્થાને રહયું છે.ખંડીય છાજલી ધરાવતા દરિયાઈ વિસ્તારમાં આર્થિક રીતે અગત્યની માછલીઓ જેવી કે પામ્પ્લેટ, ઢોલ, દારા, વુમના, જીંગા, નરસીંગા, સુરમાઈ, ચાકસી, પલ્લી, ટીટણ, મલેટ અને પટ્ટી જેવી માછલીઓ વિપુલ પ્રમાણમાં વિદેશોમાં જે માછલી વેચાય છે, આપણે વિદેશનાં બજારોમાં પણ આ માછલીઓને જોઈ શકીએ છીએ અને એ મેં

મારી નજર સમક્ષ જોયું છે કે એના માટે સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન સેઝ ઉભું કરવા માટે ફીશ પ્રોસેસિંગ પ્લાન્ટ, કોલ્ડ સ્ટોરેજ, આઈસ ફેકટરી જેવું ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવા માટે વેરાવલ નજીકમાં દરિયા કિનારે ૨૫૦ હેકટર જમીન સંપાદન કરીને પ્રાથમિક તબકકે આજે રસ્તાઓ,વહીવટી, બિલ્ડિંગ, ઈલેકટ્રીસિટી, વોટર સપ્લાય, ડ્રેનેજ, કંપાઉન્ડ વોલ જેવી પ્રાથમિક સુવિધાઓ ઉભી કરવાનું કામ ચાલું થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આની સાથે સાથે મારે જે માછીમારો માટેની કલ્યાર્ણકારી યોજનાઓ છે એ પણ ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે પૂર્ણ રીતે એ પોતે પગભર બને એના માટે કલ્યાર્ણકારી યોજનાઓ સરકારશ્રીમાંથી મળી છે એની સાથે ૨ નવી યોજનાઓ સરકારે જાહેર કરી છે. આંતરદેશીય નિકાસ માટે બે નવી બાબતો સરકારે જાહેર કરી છે,વર્કિંગ શેડ માટે સહાય છે, જળાશય ઉપર પકડવામાં આવતી માછલીઓ માટે પ્રોસેસિંગ કરીને એને બજારમાં સારી હાલતમાં વેચવા મૂકવા માટે અન્ય સાધનો ખરીદવા માટે યુનિટ કોસ્ટના ૫૦ ટકા લેખે મહત્તમ રૂા. ૫૦ હજારની સહાય આપવાનો વિચાર સરકારે કર્યો છે.

બીજું મત્સ્ય બીજને ખરીદ કરીને હેરફેર માટે એના પ્લાસ્ટિક કેટ માટેની સહાય છે એ....

**અધ્યક્ષશ્રી:** ડો. નીમાબેન આચાર્ય.....

**ડૉ. ૩૩૬/page>નીમાબેન બી. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ તેમજ કૃષિ અને સહકાર વિભાગની જે માગણીઓ અહીં રજૂ થઈ છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસમાં મહિલા જે સમાજનું અર્ધુ અંગ છે એનો વિકાસ થતો નહતો એના વિકાસની ચિંતા કરીને માનનીય મંત્રીશ્રી અનેક યોજનાઓ મહિલાઓના સર્વાંગી વિકાસ માટેની લઈને આવ્યા છે અને એ યોજનાઓના અમલીકરણ માટે તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે અને આવનાર છે અને એના માટે જે કાંઈ કાર્યવાહી થઈ છે એના માટે હું ધન્યવાદ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓના વિકાસની મુખ્ય વસ્તુ સ્ત્રી શિક્ષણ છે, મહિલાઓ ઉપરના અત્યાચારો અટકે અને મહિલાઆને આર્થિક રીતે પગભર કરવી, આ ત્રણ વસ્તુઓને ધ્યાનમાં લેવામાં આવે એ જરૂરી છે. સ્ત્રી શિક્ષણમાં આપણે જોઈએ તો મહિલાઓની કન્યા કેળવણી માટે અનેકવિધ પ્રયત્નો રાજય સરકાર તરફથી થાય છે. કન્યા કેળવણીના રથથી માંડીને વિદ્યા લક્ષ્મી બોન્ડની અનેક યોજનાઓ લાવીને માનનીય મુખ્યમંત્રીશ્રી, ધારાસભ્યશ્રીઓ, મંત્રીશ્રીઓ, તમામ અધિકારીઓ, કાર્યકર્તાઓ આ કન્યા કેળવણી રથ લઈને ગામડે ગામડે ગયા છે અને કન્યા કેળવણીનો વ્યાપ વધે એના માટેના પ્રયત્નો થઈ રહયા છે અને એનાં પરિણામો પણ ખૂબ જ સારાં આવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, એની સાથે સાથે સ્ત્રીઓને ન્યાય આપવા માટે, મહિલાઓ ઉપરનો અત્યાચાર રોકવા માટે અનેક કાયદાઓ લાવવામાં આવ્યા છે... અનેક કાયદાઓ બનાવ્યા છે, સ્ત્રીઓનું માન સન્માન વધારવા માટે, સ્ત્રીઓને સમાન અધિકાર મળે તેના માટે અને બાળકની પાછળ માત્ર પુરુષનું જ નામ લખાય છે તેના બદલે કાયદો લાવી અને મહિલા ઈચ્છે તો પોતાના બાળકની પાછળ પોતાનું, માતાનું નામ લખાવી શકે છે. એ જ રીતે પ્રોપર્ટી રજિસ્ટ્રેશનમાં પણ મહિલાઓ માટે ફી માં માફી આપવામાં આવી છે અને આ રીતે કાયદેસર રીતે લોકો આકર્ષિત થાય અને મહિલાના નામે પ્રોપર્ટી ખરીદે તો રજિસ્ટ્રેશનના પૈસા બચી શકે અને સાથે સાથે મહિલાને પ્રોપર્ટી રાઈટ પણ આ રીતે આડકતરી રીતે આપવામાં આવ્યા છે. તે જ રીતે મહિલાને જન્મવાનો અધિકાર છે, તેના માટે સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવા માટે પણ કાયદેસરના જે અધિકારો છે, અને ગર્ભમાં તડપતી બાળકી, જન્મ લેવા માટે ફફડતી બાળકીને કાયદેસર રીતે અધિકાર મળે અને સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવી શકાય તે માટે પણ કાયદાનો કડક અમલ કરી અને જોરદાર પ્રચાર ઝૂંબેશ શરૂ કરવામાં આવી છે અને તેથી આપણે જોઈ રહ્યા છીએ કે આવતા પાંચ વર્ષમાં તેમાં જબ્બર જસ્ત ક્રાંતિ આવે તેવા પરિણામો આ સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવાના કારણે આપણને મળવાના છે. એ જ રીતે સ્ત્રીને આર્થિક રીતે પગભર કરવા માટે પણ મહિલા રોજગાર નોંધણી માટેની અલગ કચેરી કરવામાં આવી, જેથી મહિલાઓને તકલીફ ઓછી પડે, એ જ રીતે મહિલા આઈ.ટી.આઈ. ઊભી કરવામાં આવી જેથી મહિલાઓ ટેકનિકલ શિક્ષણ લઈ અને રોજગારી પ્રાપ્ત કરી શકે, અને વિધવા માટે પણ માત્ર વિધવા સહાય નહીં, પણ તેને તાલીમબદ્ધ કરીને વિધવા રોજગારી મેળવી શકે અને પગભર ઊભી થઈ શકે તેના માટે પણ વિધવા સહાય અને તાલીમ યોજના મુકી, આ એક ખૂબ સરસ પરિણામદાયી પગલું છે. અને તેની સાથે સ્ત્રી સશકિતકરણ ઉપર પણ ખૂબ ભાર મુકવામાં આવ્યો છે અને સ્વ સહાય જૂથો કરવામાં આવ્યા અને એમાં મારા કચ્છમાં જ ૫૦૦ ટકા જેટલી કામગીરી આ સ્વ સહાય જૂથોમાં કરવામાં આવી છે. અને એમાં કોઈ લિમિટેશન નથી. મહિલાના જૂથો તૈયાર થાય અને સ્વરોજગારી માટે કોઈ ઉદ્યોગ કરવા માગતી હોય તો તેમને બેંકની સહાય પણ મળી શકે, અને બેંકો સાથે પણ એ રીતની સમજુતી છે કે કોઈ બેંક સ્વસહાય જૂથને સહાય કરવાની ના પાડતી નથી. અમે વર્ષોથી જોયું છે કે બીજી કોઈ પણ યોજનાઓ હોય તો પણ બેંકમાંથી લોન પ્રાપ્ત થતી નહોતી. પણ આ યોજનામાં બેંક કયારેય ના પાડતી નથી એ સરકારની સિદ્ધિ છે.

મહિલાને રમત ગમતમાં પ્રોત્સાહન મળી રહે, અને રમત ગમત ક્ષેત્રે અગ્રેસર બને તે માટે મહિલાને સ્કોલરશીપ આપવામાં આવે અને રમત ગમત ક્ષેત્રે નેશનલ લેવલે, ઈન્ટરનેશનલ લેવલે કે રાજય લેવલે જે એવોર્ડ

મળે છે તેનું વિતરણ મુખ્ય મંત્રીના પોતાના હસ્તે કરે અને એવા કાર્યક્રમ કરીને મહિલાઓને પ્રોત્સાહન આપી રહ્યા છે. જેથી મહિલાઓ રમત ગમતની પ્રવૃત્તિમાં પોતાની શકિતમાં વધારો કરી શકે. અંતમાં મારે એક ખાસ વાત કરવાની છે કે માત્ર સ્ત્રી ભૃણ હત્યા અટકાવવાની જ નહીં પણ તેની સાથે સાથે માતૃ વંદના યાત્રા શરૂ કરી છે એ અદ્‌ભૂત યોજના છે. અને તેમાં જે માર્ગદર્શન મળે છે અને જે દિશા સૂચનો થાય છે તે માતૃ વંદના યાત્રામાં ગામે ગામ કાર્યકર્તાઓ, ધારાસભ્યો અને મંત્રીશ્રીઓ એ તમામ લોકોની સાથે રહી અને આ કાર્યક્રમ કરે છે અને એમાં જે જાગૃતિ મહિલાઓમાં આવે છે તેની સાથે સાથે મહિલાઓનું માન અને સન્માન વધારવાની જે વાત એમાં થાય છે તેનાથી એક વસ્તુ નિશ્ચિત થાય છે કે સ્ત્રીઓને જગાડવાનું કાર્ય એનાથી થાય છે અને સ્ત્રી શકિતનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં આવે તો જ રાજયનો વિકાસ થઈ શકે તે દૃષ્ટિ ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમ કરવામાં આવે છે. અને ખરેખર તે અભિનંદનીય છે. ઘણાં લોકો આ અંગે કહેતા હોય છે પણ જે યોજના બની છે તે ઘણી જ સારી બની છે. એ જ રીતે કૃષિ રથમાં પણ ગામે ગામ જઈ અને ટેકનિકલ પદ્ધતિથી ખેતી કરવાનું શિક્ષણ આપવાની વાત છે તે ખૂબ સારી યોજના છે, તમામ અધિકારીઓ અને તજજ્ઞો ગામડામાં જઈ અને ખેડૂતને જે શિક્ષણ આપે છે તેનાથી ઘણો લાભ થાય છે, તેથી આ યોજનાનો લાભ ખરેખર તમામ સભ્યશ્રીઓએ લેવો જોઈએ, કારણ કે મારા વિસ્તારમાં હું કૃષિ રથમાં સાથી રહીશ તો મારા ખેડૂતને હું શિક્ષિત કરી શકીશ અને મારા ખેડૂતને લાભ અપાવી શકીશ, આ યોજના તમામ માટે છે.તો આવી યોજનાઓ તમામ માટે છે. એમાં પક્ષાપક્ષી હોઈ શકે નહિ. દરેક ગામોમાંથી કોંગ્રેસ ભાજપ બંનેને મતો મળતા હોય છે. તેથી એમાં તમામ ધારાસભ્યશ્રીઓ જાય અને આ યોજનાને સ્વીકારી લે તો એનું અદ્‌ભુત પરિણામ મળી શકે. ઈઝારાયલ પદ્ધતિથી ખેતી કરવાની વાત છે. ઈઝરાયલ ધારાસભ્યશ્રીઓને મોકલવાની વાત હતી. એ ખૂબ જ અદ્‌ભુત હતી. જો એ મોકલ્યા હોત તો કચ્છ વિસ્તારના. (સમય સૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : માનનીય સી.જે. ચાવડા....

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન અને સહકાર મંત્રી જે માગણીઓ લઈને આવ્યા છે તથા મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને કોઈપણ સંજોગોમાં સમર્થન આપી શકું તેમ નથી.

કૃષિ મંત્રીશ્રીએ ઘણી બધી વાહવાહ સાંભળી પરંતુ મારે કેટલીક ટીકા કરવી છે. કેટલીક સાચી વસ્તુ તરફ ધ્યાન દોરવું છે. સાચી વસ્તુ અને ટીકાને સમજી શકે એનું પાલન કરી શકે તો રામ રાજય આવી શકે. એક ધોબીની ટીકા ઉપર રાજા રામ સીતામાતાને ત્યાગી શક્યા હતા. અમારી ટીકા સાંભળજો એ તમે સાંભળી શકવાના નથી. હરિયાળી ક્રાંતિ, શ્વેત ક્રાંતિ આ દેશમાં અને રાજયમાં જ્યાં સુધી કોંગ્રેસની સરકાર ચાલી ત્યાં સુધી આવી ગઈ. આ દેશમાં જ્યારે ભારત દેશ આઝાદ થયો ત્યારે અમેરિકાથી ઘઉં મંગાવીને ખાવા પડતા હતા. આ પરિસ્થિતિમાંથી બહાર લાવીને મહાત્મા ગાંધી અને સરદારના ગુજરાતમાં અને દેશમાં હરિયાળી ક્રાંતિ દ્વારા ખેડૂતોને પગભર કરવાનું કામ કોંગ્રેસની સરકારોએ કર્યુ છે.

ગુજરાત અને ભારત દેશ એ ગામડાંનો બનેલો દેશ છે. ગુજરાતમાં ૧૮ હજાર ગામડાંઓ આવેલા છે. ખેડૂતો, પશુપાલકો, માલધારીઓ ગામડાંની મુખ્ય ધોરી નસો છે. ખેડૂતો અને પશુ પાલકોની પ્રગતિ થશે તો સાચા અર્થમાં ગુજરાતની પ્રગતિ થવાની છે. વાત મહાત્મા ગાંધી કરતા હતા જે વાત સરદાર પટેલ કરતા હતાં એ વાતને આગળ કોંગ્રેસની સરકારોએ ચલાવી છે. હરિયાળી ક્રાંતિ અને શ્વેત ક્રાંતિ દેશમાં અને ગુજરાતમાં આવી હતી. આ લોકો તો દેશમાં કેસરિયા ક્રાંતિ લઈને આવ્યા હતા. પણ હરિયાળી ક્રાંતિ અને શ્વેત ક્રાંતિ દ્વારા ગુજરાતને ડેનમાર્કનું કોઈએ સ્થાન અપાવ્યું હોય દૂધ ઉત્પાદનમાં ભારતમાં સૌથી વધારે દૂધ ઉત્પાદન કરતાં રાજયોની હરોળમાં મૂક્યું હોય તો એ અમારી સરકારે મૂક્યું હતું.

હું આ તકે પશુપાલનની વાત કરવા માગું છું. આખા દેશમાં ગાયની ઓલાદો ગીર અને કાંકરેજી ગાયની ઉત્તમ પ્રકારની છે. આખા દેશમાં ભેંસ વર્ગમાં મહેસાણી, સુરતી અને જુનાગઢની સિંહની સામે લડી શકે તેવી જાફરાબાદી ઓલાદોની ભેંસો આ રાજયમાં ઉત્તમ પ્રકારની ઓલાદો છે. કાઠી ઘોડો આખા વિશ્વનો પ્રખ્યાત એક સમયે અને આજના સમયે પણ લશ્કરમાં કાઠિયાવાડી અશ્વ, હોર્સ, ઘોડો અગ્રેસર રહ્યો છે. કચ્છ ખાતે ધોરી ખાતે કેમલ બ્રિડિંગ ફાર્મ, ઊંટ ઉછેર કેન્દ્ર અને આપણા સરહદી વિસ્તારો ઉપર ધોરી ખાતેથી ઊંટ જાય છે તેવું આ રાજય પશુપાલન ક્ષેત્રે અને પશુ ઉત્પાદન ક્ષેત્રે દૂધ ઉત્પાદન ક્ષેત્રે શ્વેત ક્રાંતિ ક્ષેત્રે આખા દેશમાં અગ્રેસર રહ્યું હતું એ રાજય આજે ધીમે ધીમે માનનીય કૃષિ મંત્રીશ્રી છેલ્લે જઈ રહ્યું છે. ભલે કૃષિ મહોત્સવ, કૃષિ રથ લઈને તમે ગામડે ગામડે જતાં હશો પણ સમિયાણો બાંધીને ભાષણો કરીને પાછા આવો છો. ખેડૂતો અને પશુપાલકોની વાત સાંભળી નથી. તમે સાંભળવા નથી રહ્યા અમે પાછળથી ઘણી વખત સાંભળીએ છીએ. આ કૃષિ રથ નથી આ તો ખુરશી રથ છે. આતો સત્તા ટકાવી રાખવાનો રથ છે. ગામડાંમાં જઈને લોકોને ખોટી વાતો પહોંચાડવાનો રથ છે. પણ છતાંય તમે જે કંઈ કરો છો એ તમને મુબારક. અહીંયા બધું સાચુ બોલવું એવું કયાં છે? હમણાં માનનીય સભ્યશ્રી બેચરભાઈ કયાં સાચુ બોલતા હતાં? ઘણી વખત દિલમાં જુદુ હોય અને બોલતા જુદુ હોય છે. આ રાજયમાં આવી ઓલાદોને ટકાવવા માટે ઉચ્ચ કક્ષાના દુધાળા ઢોરોને ટકાવવા માટે લેબ ટુ લેન્ડના પોગ્રામમાં અને હરણફાળ ભરવા માટે ખેડૂતો અને પશુ પાલકોને પગભર બનાવવા માટે આ રાજયમાં માનનીય શંકરસિંહ

વાઘેલાની સરકાર ચાલતી હતી ત્યારે પશુપાલન મહા વિશ્વ વિદ્યાલય બનાવ્યું હતું. એનીમલ હસબન્ડરીની યુનિવર્સિટી બનાવી હતી. પરંતુ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી એટલે શંકરસિંહ વાઘેલા નવી યુનિવર્સિટી બનાવે છે એટલે પહેલો નંબર શંકરસિંહ વાઘેલાનો ન રહેવો જોઈએ અમારો જ પ્રથમ નંબર, પ્રથમ નંબર એટલે અમે જ એટલા માટે એ યુનિવર્સિટી, પશુપાલકોના હિતની યુનિવર્સિટી, પશુ પાલકોની યુનિવર્સિટી, માલધારીઓની યુનિવર્સિટી, ગોપાલકોની યુનિવર્સિટી આ સરકારે રદ કરી નાખી. અને સસ્તી પ્રસિદ્ધિ મેળવવા માટે પાંચ-પાંચ યુનિવર્સિટીઓ એગ્રીકલ્ચરની કરી નાખી. એક યુનિવર્સિટી પશુપાલનની એમને ન પરવડી અને પાંચ યુનિવર્સિટીઓ ઉભી કરીને ગુજરાતના પશુપાલકો, ગોપાલકો, માલધારીની સાથે અહિત કર્યું છે. આ રાજયમાં જ્યાં સુધી કોંગ્રેસની સરકારો રહી ત્યાં સુધી દર વર્ષે ૨૦ નવા પશુ દવાખાના નૉન ટ્રાઈબલ વિસ્તારમાં અને ટ્રાઈબલ વિસ્તારમાં ૧૦ પશુ દવાખાના એમ કરીને ૩૦ પશુ દવાખાના દર વર્ષે નવા બનતા હતા. ૧૯૯૬ સુધી આ પ્રક્રિયા ચાલુ રહી. ભારતીય જનતા પક્ષની સરકાર બની ત્યારથી આ નવા પશુ દવાખાના બનાવવાનું બંધ કરી દીધું અને પશુ દવાખાના બનાવવાનું જે ભંડોળ હતું, પશુપાલકોને પશુ સારવાર કરાવવા માટેનું જે ભંડોળ હતું, ફંડ હતું એ કૃષિ રથ અને કૃષિ મહોત્સવમાં વાપરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૬ પછી એક પણ નવું પશુ દવાખાનું, એક પણ પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર આ રાજયમાં બન્યું નથી. ફક્ત અહીંથી ત્યાં લઈ જાય છે અને ત્યાંથી આમ લઈ જાય છે. અદલાબદલી કરવા સિવાય આ સરકારે કશું જ કર્યું નથી. આ પરિસ્થિતિ આ રાજયમાં પશુપાલકોની, માલધારીઓની થઈ છે. ઘણી જગ્યાએ વાત ફેલાવવામાં આવે છે. ઢોલ પીટી પીટીને કહેવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જેઠાભાઈ ભરવાડ સાહેબ અત્યારે ઉપસ્થિત નથી. તેમને મારે કહેવું છે કે પશુ સંરક્ષણ અધિનિયમ તમે અને અમે નહોતા જનમ્યા ત્યારથી આ રાજયમાં અસ્તિત્વ ધરાવે છે. પશુઓની કતલ ઉપર બાન છે. ગાય ઓલાદના પશુઓ ઉપર બાન તો ૧૯૫૮થી આ રાજયમાં મુકાયેલો છે. પણ ૧૯૮૫ સુધી અને પછી ૧૯૯૦ અને છેલ્લે ચીમનભાઈ પટેલની સરકાર કોંગ્રેસના ટેકાથી ચાલતી હતી ત્યારે ગાય ઓલાદના જે ૧૮ વર્ષથી ઉપરના બળદોની કતલ થતી હતી એના પર ગાય ઓલાદના ૧૮ વર્ષથી ઉપરની ઉંમરના હોય તો પણ કતલ નહીં કરવી એવો આ રાજય સરકારે, કોંગ્રેસની સરકારે, ચીમનભાઈ પટેલની સરકારે આ રાજયમાં ગૌવંશ હત્યા બંધીનો કાયદો કલમમાં સુધારો કરીને અમલમાં મૂક્યો હતો. તેની સામે કેટલાક લોકો હાઈકોર્ટમાં ગયા. હાઈકોર્ટમાં એ લોકો જીતી ગયા. સરકાર હાંફી ગઈ. તો માનનીય અધ્યક્ષશ્રી, માનનીય છબીલદાસ મહેતાની સરકાર, કોંગ્રેસની સરકાર સુપ્રીમ કોર્ટમાં ગઈ. શંકરસિંહ વાઘેલાની સરકારે એફિડેવિટ કરી. દિલીપ પરીખ સરકારે એફિડેવિટ કરી. છેલ્લે છેલ્લે કેશુભાઈ પટેલની સરકારે પણ એફિડેવિટ કરી કે આ ગૌવંશ હત્યા બંધી રહેવી જોઈએ. તમે આવ્યા પછી તો કંઈ કર્યું નથી. એક એફિડેવિટ પણ થઈ નથી. પણ અમે કમનસીબ કે તમે હતા અને આ ચુકાદો આવ્યો. બસ, આટલું થયું. ઢોલ-નગારા પીટી પીટીને નરેન્દ્રભાઈ મોદી હતા તો આ ગૌવંશ હત્યાબંધી થઈ અને આખા વિશ્વમાં અને આખા દેશમાં કાયદો આવ્યો. માનનીય અધ્યક્ષશ્રી, ચીમનભાઈ પટેલની સરકારે અને ૧૯૫૮માં કોંગ્રેસની સરકારોએ અને મુંબઈ સરકાર હતી ત્યારથી આ કતલ ઉપર બંધીનો કાયદો અમલમાં છે. ખોટી રીતે ભરમાવીને પ્રજાને ગેરમાર્ગે દોરીને સસ્તી પ્રસિદ્ધિ મેળવવાનું કાર્ય જે આ સરકાર કરી રહી છે અને કૃષિ મહોત્સવ અને કૃષિ રથ દ્વારા તેનો ઉપયોગ કરી રહી છે તેના માટે આપના માધ્યમ દ્વારા હું ધ્યાન દોરવા માગું છું. આ પશુપાલનને ભૂલી જઈએ, મત્સ્ય ઉદ્યોગને ભૂલી જઈએ, સાગરખેડૂ યોજનાને ભૂલી જઈએ, મારે વાત કરવી છે. ખેડૂતની, ખેત મજૂરોની, ગામડાંમાં વસતા ખેડૂતોને આબાદ કરવાની. ૩૫૦૦ કરોડ રૂપિયાની સબસિડી અમારી કોંગ્રેસની સરકાર, અમરસિંહ ચૌધરીની સરકાર રહી ત્યાં સુધી ખેડૂતોને વીજળીની સબસિડી આપતા હતા. ખેતીના કામ માટે, ખેતીની સિંચાઈ માટે. રૂપિયાની કિંમત ઘટતી ગઈ. ખરેખર તો ૩૫૦૦ કરોડના બદલે ૭૦૦૦ કરોડની સબસિડી તમે આપી હોત તો તમે ખેડૂતોની સરકાર કહેવાત અને અમે તમને શાબાશી આપત. અમે તમને બિરદાવત. હોર્સ પાવરના ભાવ વધાર્યા. ૫૦૦ના ૧૨૦૦ કર્યા. ૧૨૦૦ કર્યા પછી ઘટાડ્યા. ૮૫૦ કર્યા અને પાછા કહે કે અમે સૌ પ્રથમ ઘટાડ્યા. વધાર્યા પણ તમે અને ઘટાડ્યા પણ તમે. અમે તો ૫૦૦ રૂપિયામાં આપતા તો પણ અમે કોઈ દિવસ આ રીતે પ્રસિદ્ધિઓ મેળવી નહોતી અને ૩૫૦૦ કરોડની સબસિડીને બદલે આજે ૯૦૦ કરોડની સબસિડી આપીને ખેડૂતોનું અહિત કરી રહ્યા છો અને અમે ખેડૂતોની સરકાર, અમે પશુપાલકોની સરકાર, અમે કૃષ્ણમામાની સરકારવાળા આ બધું તમે કઈ રીતે કહી શકો? એ આપના માધ્યમથી તેમનું ધ્યાન દોરવા માગું છું.

આ રાજયમાં ખેડૂતના ખેતર-ખેતર સુધી પાણી પહોંચાડવાનું કામ કોઈએ કર્યું હોય તો કોંગ્રેસની સરકારોએ કર્યું છે. આ રાજયમાં જેટલી નદીઓ છે, જેટલી મોટી નદીઓ છે, મધ્યમ નદીઓ છે, નાની નદીઓ છે એકે એક નદી ઉપર જ્યારથી કોંગ્રેસની સરકારો શાસનમાં હતી ત્યારથી માંડીને મોટી મોટી બહુહેતુક યોજનાઓ બનાવીને ખેડૂતોના ખેતરો સુધી પાણી પહોંચાડવાનું કામ કોઈએ કર્યું હોય તો કોંગ્રેસની સરકારોએ કર્યું છે. મધ્ય ગુજરાતમાં કદી દુકાળ પડતો નથી. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં દુકાળ પડે છે. તો ભવિષ્યમાં તેમના ખેતર સુધી પાણી પહોંચે એનું આયોજન કોંગ્રેસની સરકારોએ કર્યું છે. ભાદર નદી હોય, મચ્છુ નદી હોય કે કોઈ પણ નદી હોય, મોટી મોટી નદીઓ હોય, નર્મદા હોય, તાપી હોય, સાબરમતી હોય, વાત્રક હોય, કડાણા હોય, કોઈ પણ

નદી હોય આ બધી નદીઓ ઉપર ડૅમ બનાવીને ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડવાનું કામ કોઈએ કર્યું હોય તો અમે કર્યું છે પણ અમે આ રીતે કોઈ દિવસ સસ્તી પ્રસિદ્ધિ મેળવવા માટે ગયા નહોતા. પંપીંગ દ્વારા પાણી ઉઠાવીને ચૂંટાઈને આવે એટલે લોકોને દેખાડવાનું. સરસ્વતી નદીમાં પાણી પંપીંગ કરીને તમે મૂકી આવ્યા હતા. અત્યારે પાણી જોવા મળતું નથી. જ્યારે ચૂંટણી આવે, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા એટલે આવા બધા કાર્યો કરવાના અને પછી ચૂંટણીઓ પતી જાય અને મત લેવાઈ જાય એટલે ખેડૂત ખેડૂતની જગ્યાએ અને અમે અમારી જગ્યાએ.

ખુરશી સાચવવાનો ખુરશી રથ છે, કૃષિ રથ નથી એ વાત હું આપના માધ્યમથી કરવા માગું છું. મારે મત્સ્યોદ્યોગની વાત કરવી નથી. ડો. ચંદ્રિકાબેન કરશે. બીજા ઘણા સભ્યોએ વાત કરી છે પણ આ ભરમાવવાની વાતથી દૂર રહીને સાચા અર્થમાં ખેડૂતોને, મત્સ્યોદ્યોગ કરતા લોકોને લાભ પહોંચે એટલી વિનંતી કરીને હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી પરસોત્તમભાઈ ના. ભોજાણી (જોડિયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ માગણી ક્રમાંક ૨, ૪, ૬ અને ૧૦૫ લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના મિત્રો ખાસ કરીને શ્રી બળવંતસિંહ રાજપૂત, શ્રી પુંજાભાઈ વંશ અને ડો. સી.જે.ચાવડાના ભાષણ સાંભળતા સાંભળતા મને એમ થતું હતું કે ૧૧ વર્ષમાં ભાજપની સરકારે કશું નથી કર્યું એમ તેઓ કહી રહ્યા હતા. શ્રી બળવંતસિંહ કહેતા હતા કે આ સરકાર શું કરવા માગે છે એ અમને સમજાતું નથી, અમને તો સમજાય છે. ૧૩૦માંથી ૧૫૬ કરવા માગે છે. એ વાત હું વારંવાર કહું છું. અત્યારે ૧૩૦ ભાજપના ધારાસભ્યો છે એ ૧૫૬ કરવા માગે છે. આ અમારી નેમ છે. (અંતરાય) ડો. સી.જે.ચાવડા, આ હાઉસમાં ૧૫૬ નક્કી છે. ઘણા એમ કહે છે કે એ કે ૫૬ની બીક બતાવે છે અને ઘણા એમ કહે છે કે ૩૫૬ની બીક બતાવે છે. અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી કહે છે કે આ વખતે ૧૫૬ નક્કી છે. અત્યારે ૪૮ છે એમાંથી ૨૬ તો આ બાજુ આવવાના છે, ચૂંટાઈને અમારી પાટલી ઉપર આવવાના છે પુંજાભાઈ. આ થવાનું છે. તમે આવુંને આવું કામ કરતા રહો તો બહુ વાંધો નહીં આવે. પ્રજા તૈયાર બેઠી છે બધી વાત સમજે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતીની વાત આવે, કૃષિ ઉપર ઘણા વિચારો રજૂ થઈ ગયા છે, ખેતીની ઘણી વાતો થઈ ગઈ છે. શ્રી પુંજાભાઈ, ડો. સી.જે.ચાવડા પોતે જ વાતના વખાણ કરી નાખે છે. કૃષિ રથ જાય છે, સોઈલ હેલ્થ કાર્ડ આપે છે. જમીનની તપાસણી થાય છે. આ થાય છે પછી નાનો વાંક કાઢે છે. અમારા કાઠીયાવાડમાં એવી કહેવત છે કે, સાસુ વહુને કાઢી મૂકે છે. પછી સાંજે સસરા ઘરે આવીને પૂછે છે કે વહુનો શું વાંક હતો? તો સાસુ કહે કે વહુની ખાતાં ખાતાં દાઢી હલતી હતી. એટલે કાઢી મૂકી. સાસુએ વહુનો કોઈ વાંક ન દેખાયો એટલે કહે કે ખાતાં ખાતાં દાઢી હાલે છે. એટલે કાઢી મૂકી. એમાં ખાતાં ખાતાં કોની દાઢી ન ડગે? એટલે ભારતીય જનતા પાર્ટીની સરકારને ૧૧ વર્ષ થયા, ૫ વર્ષ નરેન્દ્રભાઈ મોદીની સરકારને થયા. સરકાર ખેડૂતો માટે આવી સરસ કામગીરી કરી રહી છે એટલે એમાંથી એમને કાંઈ જડતું નથી એટલે એમાંથી નાનામાં નાની ક્ષતિ શોધીને સરકારની ટીકા કરે છે, કૃષિ મંત્રીની ટીકા કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુખી કોને કહેવાય? અર્થશાસ્ત્રી હોય તો જાણ કરે. કોઈપણ વર્ગમાં સુખીની વ્યાખ્યા એ છે કે, ખેડૂત હોય, વેપારી હોય, મજૂરી કરનાર હોય કે ઉદ્યોગપતિ હોય એના સુખની વ્યાખ્યા છે એનું જીવન ધોરણ. એના ઉપરથી ખબર પડે. છેલ્લા ૧૦ વર્ષમાં ખેડૂતોના જીવન ધોરણનો અભ્યાસ કરી લો તો ખબર પડે. ખેડૂતોને ખેત ઉત્પાદનના વળતરદાયક ભાવો, ખેતીમાં સિંચાઇની સુવિધા વધવાથી એમની આવક વધી છે, નફાકારકતા વધી છે એના કારણે એમનું જીવન ધોરણ ઊંચું આવ્યું છે. આજથી ૨૦ વર્ષ પહેલાં ટિફિન કે ભાત દેવા માટે એમની વાડીએ પગે ચાલીને જતો હતો, ૧૦ વર્ષ પહેલાં એ સાઈકલ લઈને જતો હતો આજે મોટર સાઈકલ લઈને જાય છે. ઘણી વખત અમારા મુખ્યમંત્રીશ્રી એવું કહે છે કે, ગુજરાતના ખેડૂતો મોટર ફેરવતા થઈ ગયા છે. એની કોંગ્રેસના મિત્રો ટીકા કરે છે. મારા વિસ્તારમાં એક ગામ એવું છે કે જેમાં ખેડૂતો પાસે એકપણ બીજો ઉદ્યોગ નથી, બીજો વ્યવસાય નથી, બીજાની જમીન ભાડે રાખીને ખેતી કરે છે, એમ છતાં એમના ઘેર મારૂતિ પડી છે. તમે આવીને જોઈ જાવ. કારણ એ છે કે, છેલ્લા ૫ વર્ષમાં ભારતીય જનતા પાર્ટીની સરકારના વડા નરેન્દ્રભાઈ મોદી અને કૃષિ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ખેડૂતો માટે એવું સુંદર આયોજન કર્યું છે અને આયોજનના ભાગરૂપે ભર ઉનાળે કૃષિ મહોત્સવમાં કૃષિ રથ ધોમ ધખતા તાપમાં ગામે ગામ જાય છે, અધિકારીઓ જાય છે, ધારાસભ્યો જાય છે, મંત્રીશ્રીઓ જાય છે, ખેડૂતોને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવાની શીખ આપે છે. હમણાં કાપ દરખાસ્તમાં કિટસ વિતરણમાં ભેદભાવ એવો શ્રી બળવંતસિંહે ઉલ્લેખ કર્યો હતો. કિટસ વિતરણ માટે અગાઉથી કિટસ કોને આપવી એ નક્કી હોય છે. ગરીબમાં ગરીબ ખેડૂત હોય અને જેને જે જરૂરિયાત હોય એ પ્રમાણેની કિટસ આપવામાં આવે છે. સુખી અને તવંગર ખેડૂતોને કીટ આપવામાં આવતી નથી. કૃષિરથ લઈને જાય છે. જમીન ચકાસણી કરાવે છે. જમીનની તબિયત જોઈને એમાં કયો પાક વાવવો, હમણાં એની પણ ટીકા કરતા હતા કે સેમ્પલ અમુક પ્રકારના લઈ લે છે અને પૂરું કરે છે. ખેડૂતો આજે ખેતીની જ વાત છે એમાં ખેડૂતોને એક વાતની નિશ્ચિત ખબર છે કે આપણી જમીનમાં જેટલા દાણા વાવીએ એ બધા જ દાણા ઉગતા નથી

પણ વાવવાનું છોડી દેતા નથી. પરીક્ષામાં વિદ્યાર્થી બેસે છે, બધા વિદ્યાર્થી પાસ થતા નથી. પણ તેથી પરીક્ષા આપવાનું છોડી દેતા નથી. આપણે પણ ચૂંટણી આવે ત્યારે બધા જીતતા નથી પણ ચૂંટણી લડવાનું છોડી દેતા નથી. પાછા લડવા તો આવી જ જવાના છે. તો એમ સોઈલ હેલ્થ કાર્ડમાં જમીનના જેટલા નમૂના લે એટલે કયાંક ક્ષતીપાત્ર હશે પણ આ કામની શરૂઆત માનનીય નરેન્દ્રભાઈ મોદીની ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે અને કૃષિ મંત્રીશ્રીએ કરી છે. અમારા માનનીય કૃષિ મંત્રીશ્રી પાણી અને વીજળીના બચાવ માટે ખેતીક્ષેત્રે સારામાં સારી યોજના લઈને આવ્યા છે. ટપક સિંચાઇ પદ્ધતિ, ઘણી વખત જાહેર સભામાં માનનીય મુખ્યમંત્રીશ્રી કહે છે કે ખેડૂતોને મારે શીખ આપવી છે કે ખેડૂતો જમીનને પાણી પાય છે કે પાકને પાણી પાય છે? અત્યાર સુધી ખેડૂતો એનું જે પાણી વેસ્ટ જતુ હતું એ વેસ્ટ પાણી ટપક સિંચાઈ પદ્ધતિના હિસાબે પાણી બચશે અને ચોથા ભાગનું પાણી અને ચોથા ભાગની વીજળીથી એટલો જ પાક થશે. આ સમસ્ત પ્રક્રિયા ખેડૂતોને સુખી કરવા માટેની છે. મને આ તકે ખાસ એક યાદ આવે છે. ૧૯૭૬માં જયારે કોંગ્રેસની સરકાર હતી અને જશુભાઈ મહેતા તે વખતના પુરવઠા પ્રધાન હતા ત્યારે કાળો કાયદો ગુજરાતમાં હતો. ખેડૂતોના ઘરે જે પાક પાકે, મગફળી પાકે એ ખેડૂતોએ નોંધાવવી ફરજીયાત હતી. આ ભારતીય જનતા પક્ષની સરકાર આવી અને આ કાળા કાયદાઓને ગુજરાતવટો આપ્યો છે. ભારતીય જનતા પાર્ટીએ શું કર્યુ, ભારતીય જનતા પાર્ટીએ શું કર્યું? કશું કર્યુ હોય કે ન કર્યુ હોય પણ ખેડૂતો પર જે બંધનો હતા, ખેડૂતો ઉપર જે તવાઈ આવતી હતી , ખેડૂતો ઉપર જે ચેકીંગ આવતા હતા અને પાક વીમો મેળવવા માટે જે ખેડૂતોને દંડા ખાવા પડતા હતા પાંચ પાંચ વર્ષે કોંગ્રેસની સરકારમાં જે પાક વીમો મળતો નહોતો એ બીજા અને ત્રીજા વર્ષે ખાસ કરીને ત્રીજા જ વર્ષે પાક વીમો મળતો થઈ ગયો છે. આ ભારતીય જનતા પક્ષની માનનીય નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની ભારતીય જનતા પક્ષીની સિદ્ધિ છે. આ કૃષિની બાબતમાં ઘણા વકતાઓ ઘણું બોલીને ગયા છે. જમીનોના ખેડૂતોના ઘણા કાયદાઓ હળવા કર્યા તો હું આ તકે માનનીય કૃષિ મંત્રીશ્રી એમની જે માગણીઓ લઈને આવ્યા છે એને અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)**: માનનીય અધ્યક્ષશ્રી, આજે કૃષિ વિભાગ, પશુપાલન, મહિલા અને બાલવિકાસ વિભાગની માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી અહીં આવ્યા છે.

મારે સૌપ્રથમ મહિલા અને બાલ વિકાસ વિભાગની વાત કરવી છે. ૫૦ ટકા વસ્તી, ૫ કરોડની વસ્તીમાં ગુજરાતની વાત કરીએ તો અઢી કરોડની સંખ્યા બહેનોની અને એમાં બાળકોની અને એનો આ વિભાગ, સવારથી હું આ વિધાનસભાગૃહમાં બેઠી હતી. મને એમ હતું કે આટલા બધા અમારા ભાઈઓ છે એમાંથી એકાદ ભાઈ તો મહિલા અને બાલ વિકાસ માટે બોલશે. મને ખૂબ આનંદ થાત કે કોઈ ભાઈ મહિલા કે બાળ વિકાસની વાત કરી હોત તો પણ ૫૦ ટકા સંખ્યામાં એમ કહેવું છે કે બધી મતોની વાત કરોને તો ૫૦ ટકા મતદાર બહેનો પણ છે એનું પણ તમે ધ્યાન રાખજો. સામાજિક સુરક્ષા અને કલ્યાણ માટે આ વખતે ૨૨૩૫ના હેડ નીચે ૬૯,૭૮,૮૬,૦૦૦ અને ૨૦૦૭-૦૮ની અંદર ૫૫,૭૧,૭૫,૦૦૦માં આ વખતે ૧૧ કરોડ ઓછા આપ્યા છે. આ ૧૧ કરોડ ઓછા આપ્યા તો ૧૧ કરોડ કયાં ઓછા થયા તો બાળ કલ્યાણમાં ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮માં ૫૯ લાખનો ઘટાડો થયો. સ્ત્રીઓના કલ્યાણની બાબતમાં ૧૨.૩૩ લાખનો ઘટાડો થયો અને ૧ લાખ નિરાધાર વિધવાઓના પુનઃસ્થાપન માટે ૮ કરોડ અને ૫૫ લાખનો ઘટાડો થયો. કાનૂની સહાયમાં ૬૨ લાખ હતા એમાં આ વખતે એક પણ રૂપિયો મૂકયો નથી અને ૬૨ લાખનો ઘટાડો કર્યો છે. કિશોરીઓને કાર્યરીતિ અને સેવા વિકાસ માટે ૧૩ લાખ હતા. આ વખતે એક પણ રૂપિયો મૂક્યો નથી એટલે ૧૩ લાખનો ઘટાડો થયો છે. માર્ગદર્શન કેન્દ્રો માટે ૬.૫૫ કરોડ હતા એની જગ્યાએ ૨ કરોડ મૂક્યા. ૪.૫૫ કરોડનો ઘટાડો કર્યો છે. મહિલા વિકાસ તંત્રમાં ૭૦ લાખ હતા એની જગ્યાએ ૬૧ લાખ કરીને એમાં ૯ લાખનો ઘટાડો કર્યો છે. વિધવાઓને આત્મનિર્ભર બનાવવા માટે ૭.૨૦ કરોડ હતા એમાં આ વખતે ૭.૨૦ કરોડ મૂકીને એક પણ રૂપિયાનો વધારો કર્યો નથી. મારે કહેવું છે કે બહેનો માટેના વિકાસની વાતો આપણે જ્યારે કરીએ છીએ ત્યારે બે-ત્રણ વાતો તરફ મારે ધ્યાન દોરવું છે. આનંદીબેન અને જશુબેન બન્ને બહેનો છે, સક્રિય છે. પણ મારે કહેવું છે કે આવડું મોટું ગુજરાત રાજ્યનું બજૅટ હોય, આવડા મોટા પૅકેજો આપણે આપીએ છીએ ત્યારે મહિલા અને બાળ વિકાસ માટેની ગ્રાન્ટમાં ઘટાડો થાય એ ચિંતાજનક બાબત છે. ગુજરાતમાં આંગણવાડી વર્કરો એ મહત્ત્વનો પાયો છે. નાના ગામડાંમાં એ બહેનો રાત-દિવસ કામ કરે છે. દેશના ૩૫ રાજ્યોમાંથી ૨૬ રાજ્યોમાં સરકાર દ્વારા આંગણવાડી વર્કરો છે એમાં માનદ વેતન બધી રાજ્ય સરકારો આપે છે. પણ ગુજરાત સરકારે વિચાર કર્યો નથી. મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, જો ૨૬ રાજ્યો માનદ વેતન આપતા હોય તો આંગણવાડી વર્કરોને આપણે વેતન આપવું જોઈએ. સુપરવાઈઝરોની જગ્યા ૪૦૦ જેટલી ખાલી પડી છે. ગયા વખતે માનનીય મંત્રીશ્રીએ વિધાનસભામાં જાહેરાત કરી હતી. વિધાનસભામાં કરવામાં આવતી જાહેરાત એ ખાતરી ગણાતી હોય છે. પણ એ જાહેરાત આજે વાંઝણી પુરવાર થઈ છે. આજ સુધી જે જાહેરાત કરી એ પ્રમાણે એક પણ સુપરવાઈઝરની જગ્યા ભરવામાં આવી નથી. પ્રોગ્રામ ઑફિસરની જગ્યા પણ એટલી જ ખાલી છે. એ વહેલી તકે ભરાય તો નાના અને ગરીબ માણસોના બાળકો છે એને આંગણવાડી મારફતે ફાયદો જે થશે એ ફાયદો એને શહેરમાં પ્રાઈવેટ સંસ્થાઓ ચલાવે છે એના મારફત નહીં થાય. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે રાજ્ય સરકાર હસ્તકના જાહેર

સાહસોનું ખાનગીકરણ કરે, જે વસ્તુનું ખાનગીકરણ કરવું હોય એ કરવાની એમને છૂટ છે. પણ આંગણવાડી વર્કરો માટેની ખાનગીકરણની પ્રથા શરૂ થઈ છે એને બ્રેક મારજો. એટલા માટે કે મહિલા આંગણવાડી વર્કરો ટ્રસ્ટોને સોંપાય, સંસ્થાઓને સોંપાય તો ભારત માતાની જય કહેનારી બની સંસ્થાઓ રાષ્ટ્રપ્રેમી છે, બધી સંસ્થાઓ કાંઈ સારી છે એવું નથી. એ આંગણવાડી વર્કરનું શોષણ થવાની શક્યતા છે. એ શોષણનો ભોગ અમારી બહેનો થવાની છે ત્યારે મારી નમ્ર વિનંતી છે કે કોઈપણ ભોગે રાજકીયકરણ બંધ કરવામાં આવે. ટ્રસ્ટને આપવાની વાત બંધ નહિ થાય તો આવતા દિવસોમાં આ પરિસ્થિતિનો સામનો કરવાનું અઘરું પડશે. બીજું કે આંગણવાડી વર્કરોનું પોતાનું કામ છે એનાથી વધારે કામ એના પાસેથી લેવામાં આવે છે. ૨૫ રૂપિયા માનદ વેતન આપે છે. કેન્દ્ર સરકાર કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપે છે ત્યારે એમાં વધારો થાય એવી વિનંતી છે. મહિલા અને બાળ વિકાસમાં એક વાત કરું તો છેલ્લે કેન્દ્ર સરકારે ઘરેલું હિંસાનો કાનૂન બનાવ્યો છે. એ હિંસા અધિનિયમમાં આ વખતે ૧૦.૩૪ લાખની રકમની ફાળવણી કરી છે. મારે આપના દ્વારા મંત્રીશ્રીને બે-ત્રણ વાત તરફ ધ્યાન દોરવું છે કે બેન, મહિલાઓની વાત કરીએ છીએ, મહિલાઓને ૨૧મી સદીની વાત કરીએ છીએ પરંતુ રાજ્ય સરકારમાં આપણે બેઠા છીએ ત્યારે બહુમતી પુરુષપ્રધાન સમાજમાં, ધારાસભ્યો બહુમતીમાં છે, સાત-આઠ બહેનો અહીં બેઠી છે. ૫૦ ટકાની ચિંતા આપણે કરવાની છે ત્યારે મારે કહેવું છે કે ૩૯ મહિલાઓના કમોત થયા છે. ૪૦ હજાર કરતાં વધુ ભૃણહત્યાઓ થઈ છે. પછાતવર્ગની વારસા ધારાની સુધરાઈ મુજબ રૂઢિ-રિવાજ ધારો લાગું પડવાના કારણે એનો હક્ક છે એનાથી એ મહિલાઓ વંચિત થવાની છે. ૮૭ ટકા મહિલાઓ પતિ દ્વારા ઘરેલુ હિંસાનો ભોગ બને છે. કેન્દ્ર સરકારનો કાયદો આવી ગયો છે અને ગુજરાત સરકાર એની અમલવારી કરવા જઈ રહી છે ત્યારે ગુજરાતને અભિનંદન આપીશ અને કહીશ કે આ ઘરેલું હિંસામાં મહિલાઓ બોલતી નથી. સહન કરે છે પણ સહન કરવાની પણ હદ આવી ગઈ. સી.જે. ચાવડાજી બોલતા હતા કે રાજા રામે ધોબીની વાત માનીને સીતાને કાઢી મૂકી. પણ મને કહે તો હું કહું કે, રાજારામે તે દિવસે મહિલા ઉપર અન્યાય કર્યો હતો. રાજા તરીકે ભલે સારા હશે. પરંતુ મહિલા ઉપર કોઈના કહેવાથી જે વાત કરી એ હું નથી સ્વીકારતી આ મારો અંગત અભિપ્રાય છે, બધાનો અભિપ્રાય નહિ હોઈ શકે.

મત્સ્યોદ્યોગ માટે બે-ત્રણ વાત કરવી છે. મત્સ્યોદ્યોગ માટે મેં ૧૧૬ની નોટિસ આપી હતી. ૧૬૦૦ કિલોમિટરનો દરિયા કિનારો છે અને ૧૬૦૦ કિલોમિટરના કિનારા ઉપર એ માછીમારભાઈઓ બક્ષીપંચના લોકો છે. માનનીય ધારાસભ્ય કરસનભાઈ વાત કરતા હતા. બહુ સારી વાત એમણે વિધાનસભામાં મૂકી છે. આપણે રોજમદાર તરીકે નોકરી નથી આપી શકતા. એક બોટનો માલિક ઓછામાં ઓછા ૧૫ ઘરને નિભાવ કરે છે ત્યારે નાના બંદરોનો વિકાસ થાય. જેમાં ૫૦ ટકા કેન્દ્ર સરકાર આપી રહી છે ત્યારે એમ હું માનું છું કે ઝડપથી આ પ્રક્રિયા કરે. પૂના કે બેંગલોરની એક એજન્સી છે એ આપણે ત્યાં આવીને એ આપણો નૅગેટિવ રિપૉર્ટ આપવાના કારણે કેન્દ્ર સરકારમાંથી મળતો લાભ આપણે મેળવી શકતા નથી. મારી એક નમ્ર વિનંતી છે કે જે બોટો પાકિસ્તાન લઈ જાય છે ત્યારે કેન્દ્ર સરકાર ઉપર આપણે છોડીએ છીએ, સ્વાભાવિક છે કે કેન્દ્ર સરકારની વાત છે એ વાત સ્વીકારીએ તો પણ મારે મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે એને વગર વ્યાજની લોન આપવાની વાત કરે અથવા કોઈ એને પૅકેજ આપે તો જે માછીમાર નિરાધાર થાય છે એ નિરાધાર ના થાય અને પોતાની બોટો ઉપર એ આજીવિકા કરી શકે. માંગરોળ બંદર, કેવડિયાપાડા બંદર, માધુપુર બંદર છે એનો આપના દ્વારા વિકાસ થાય એવી વિનંતી.

**શ્રીમતી જશુબેન સ. કોરાટ (રાજય કક્ષાના મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, આજના સન્માનનીય ગૃહ સમક્ષ મારા હસ્તકના મહિલા અને બાળ વિકાસ વિભાગની રૂ.૧,૦૧,૭૦,૦૦૦/-ની માગણીઓ રજૂ કરતા હું હર્ષ અનુભવું છું. સાથે સાથે દુઃખ પણ થાય છે કે અમારા મહિલા અને બાળ કલ્યાણ વિભાગ ઉપર એકેય ભાઈએ એમના વિચાર કે વાત ના મૂકી. ચંદ્રિકાબહેને વાત કરી એમની સાથે હું સંમત છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ આપણો કૃષિ પ્રધાન દેશ અને સાથે સાથે સંસ્કૃત્તિ પ્રધાન દેશ છે. આ દેશની અંદર નારીનું ખૂબજ સન્માન થાય છે. એમાંય ખાસ કરીને ગુજરાતની અંદર બહેનો આજે સલામત છે એટલા માટે મારે આ વાત કરવી પડે છે. આપણા શાસ્ત્રોએ જે સાચું કહ્યું છે કે જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં હંમેશા દેવતાનો વાસ હોય છે. આ ઉપરાંત આપણે "નારી તુ નારાયણી" એમ કહીને પણ નારી શકિતના ગુણજ્ઞાન અને શાસ્ત્રોએ પણ એમના ગુણ ગાયા છે. આપના સૌના ભોળા ભગવાન જે શિવ પણ અર્ધનારેશ્વર રૂપે પણ એને ઓળખીએ છીએ. આપણી સંસ્કૃત્તિ પણ મહાનારી, મહામહિલાના યોગદાન થકી સુસંસ્કૃત બન્યા છીએ એ બધી વાત આપણે જાણીએ છીએ. આજે એવી મહાસતીઓ જે આપણા દેશની અંદર થઈ ગઈ છે. સતી સીતા હોય, કે સતી સાવિત્રી હોય, કે ઋષિ પત્ની અરુંધતી દેવી હોય કે, વિદુષી હોય કે વીરાંગના રાણી લક્ષ્મીબાઈ હોય કે જેના કૂખે શિવાજી મહારાજ જેવા સપૂત જન્મ્યા તેવા માતા જીજીબાઈ હોય અનેક નામી, અનામી સન્નારીઓને આજે હું વંદન કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દોઢ વર્ષથી જ્યારે આ વિભાગની મેં કામગીરી સંભાળી છે પરંતુ એની અગાઉ ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અને બહેન શ્રીમતી આનંદીબેને મહિલા અને બાળ વિભાગની જે ચિંતા કરીને બહેનો અને બાળકોની જે ચિંતા કરી, એના વિકાસ માટે હંમેશા તત્પર રહીને આ

સરકારે અને ગુજરાત રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે અલગ અલગ વિભાગમાં આ વિભાગ હતો ત્યારે આ વિભાગને એક મહિલા અને બાળ કલ્યાણ વિભાગ તરીકે અલગ કરીને આજે સમગ્ર ગુજરાતમાં, સમગ્ર રાજયમાં મહિલાઓના સર્વાંગી વિકાસને એકદમ પાયાનું સ્થાન આપીને સરકારની આ પ્રતિબદ્ધતાને પુરવાર કરવા માટે મહિલા અને બાળ વિકાસ વિભાગની માત્ર રચના કરી નથી પરંતુ નાણાંની જોગવાઈ કરીને પણ આજે આ વિભાગ કાર્યરત છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ દ્વારા સંકલિત બાળ વિકાસ સેવા કાર્યક્રમ રાજય સરકાર તરફથી જે અમલમાં આવવાનો છે એના પગલે કાયદાકીય યોજનાકીય વ્યાપમાં જ્યારે વધારો થવાનો છે .મહેસૂલી ગ્રાન્ટમાં પણ વધારો કરવામાં આવેલ છે. એમાં સરકારની મહિલા અને બાળ વિકાસની પ્રવૃત્તિઓ પ્રત્યેની જે સંવેદનશીલતા પ્રતિપાદિત થાય છે આ વિભાગની વર્ષ ૨૦૦૪-૦૫ની બજૅટમાં જોગવાઈ બાવન લાખ હતી એ વધીને ૨૦૦૭-૦૮માં રૂપિયા ૧ કરોડ, ૧ લાખ થયેલ છે હમણાં માનનીય સભ્ય ડૉ. ચંદ્રિકાબેન કહેતા હતા, હું એમાં ચંદ્રિકાબેનને કહેવા માગું છું કે, આ વર્ષે વધારો કરવામાં આવ્યો છે.ગુજરાત રાજય મહિલા આયોગને કાર્યરત કર્યુ છે તેમજ જેન્ટર રિસોર્સ સૅન્ટર જેવી સ્વાયત્ત સંસ્થા શરૂ કરીને આ સન્નામાનીય ગૃહ જાણે છે આગામી વર્ષ ૨૦૦૭ના અંદાજપત્રમાં કેટલીક નવતર બાબતોનો આ વિભાગે સમાવેશ કર્યો છે પરંતુ એના ઉપર જાઉં તે પહેલાં મારા વિભાગે અત્યાર સુધીમાં હાંસલ કરેલી કેટલીક સિદ્ધિઓ તરફ હું નિર્દેશ કરવાનું રોકી શકતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના ભૂલકાઓ જે ભારતનું ભાવી છે આ ભૂલકાઓની કાળજી જો શરૂઆતથી જ લેવામાં કોઈ કચાશ રહી જાય તો ભવિષ્યમાં આડે આવે, તાજેતરમાં આવેલ નેશનલ ફિમેલ હેલ્થ સરવે-૩ના અભ્યાસ મુજબ માતાઓ, કિશોરીઓ અને બાળકોમાં જે કુપોષણનો દર ૪૭.૪ ટકા જેટલો એ જણાઈ આવતાં, પૂરક પોષણ અને આરોગ્ય સેવાઓ મારફતે લાભાર્થીઓને ગુણવત્તા સભર પૂરક પોષણ મળી રહે તે માટે રાજય સરકાર હંમેશા પ્રયત્ન શીલ છે. સન ૨૦૦૩માં પૂરક પોષણ માટે રૂપિયા ૪૧ કરોડની જોગવાઈ હતી અને એમાં વધારો કરીને ૨૦૦૭-૦૮માં૧૦૫ કરોડ જેટલી કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત પૂરક પોષણ કાર્યક્રમ હેઠળ લક્ષિત લાભાર્થીઓને પૂરક પોષણનો લાભ આપવામાં આવી રહ્યો છે. રાજય સરકાર આગામી વર્ષમાં દરેક આંગણવાડી વિસ્તારમાં માઈક્રો લેવલનું પ્લાનીંગ કરીને તે વિસ્તારના લાભાર્થી બાળકો અને માતાઓને રજીસ્ટર્ડ કરશે અને તેને પૂરક પોષણનો લાભ મળે એના માટે આરોગ્યની સેવાઓ પણ મળી રહે એના માટેનું આયોજન પણ કરવામાં આવેલું છે. માનનીય અધ્યક્ષશ્રી, કુપોષણથી પીડાતા બાળકોને તેની નજીકના આંગણવાડી વિસ્તારમાં ફરજીયાત રજીસ્ટર્ડ કરાશે એના કારણે તેને કુપોષણના આંતરરાષ્ટ્રીય ધોરણો જે જુદી જુદી કક્ષાએ જે પ્રમાણે ગ્રેડીંગ કરવામાં આવશે તેના આધારે જુદા જુદા ઉપાયાત્મક પગલાઓ લઈ શકાશે. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે એવો નિર્ણય કર્યો છે કે, પૂરક પોષણ કાર્યક્રમ અંતર્ગત ૭ વર્ષથી નીચેના બધા જ બાળકોને આવરી લેવામાં આવશે અને તેનો વ્યાપ વધારવામાં આવે અને તેને રાજય સરકાર દ્વારા ચલાવવામાં આવતી બાલવાડી તેમજ શિક્ષણ વિભાગ દ્વારા સર્વ શિક્ષા અભિયાન હેઠળ ખોલવામાં આવેલ ૫૪૦૬ ઈસીસીઈ કેન્દ્રના બાળકોને પણ પૂરક પોષણ કાર્યક્રમ દ્વારા આવરી લેવામાં આવે.જેને કારણે આઈ.સી.ડી.એસ. યોજના અંતર્ગત પૂરક પોષણ કાર્યક્રમનો વ્યાપ વધી રહ્યો છે. તેમાં પણ ૨૩લાખ બાળકોને આવરી લઈ શકાશે. આગામી શાળા પ્રવેશોત્સવ દરમિયાન પ્રાથમિક શાળામાં જે બાળકોની નોંધણી થાય, એવી જ રીતે ગામડાંમાં અને શહેરની અંદર ૬ વર્ષથી નીચેના જે બાળકો છે જે શાળાએ જતા નથી એમને મારા વિભાગ દ્વારા અમારી યોજનાનો લાભ મળવાનો છે. આંગણવાડી યોજના કેન્દ્રમાં નોંધણી કરવાની ઝુંબેશ ૨૦૦૭-૦૮ આગામી વર્ષમાં શરૂ કરવામાં આવશે. વર્ષ દરમિયાન ૩૬૦૦૦ જેટલા લાભાર્થીઓ માટે લક્ષ્યાંક નિશ્ચિત કર્યો છે. એમાં આવરી લઈને એને લાભ આપવાનો છે. આંગણવાડીમાં ૬ વર્ષ સુધીના બાળકો, સગર્ભા મહિલા અને ધાત્રી માતાનો લક્ષ્યાંક રાખીને પૂરક પોષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ ૬ માસથી ૩૬ માસના બાળકો આંગણવાડી ઉપરથી અપાતો રાંધેલો ખોરાક ખાઈ શકતા નથી એ પૂરક પોષણથી વંચિત ન રહે એટલા માટે રેડી ટુ ઈટ ખોરાક પાવડર સ્વરૂપે નાના બાળકોને આપવાનો સરકારે પ્રયત્ન કર્યો છે. સમગ્ર રાજયમાં બધા જિલ્લામાં આવરી લેવાનું વિચાર્યુ છે. તેમ કરવાથી ૩ વર્ષથી નીચેના બાળકો જેની સંખ્યા આશરે દસ લાખ જેટલી થાય છે તેમને આ પ્રોજેકટમાં વર્લ્ડ ફુડ પ્રોગ્રામ તરફથી રેડી ટુ ઈટ ખોરાક તૈયાર કરતી વખતે સૂક્ષ્મ પોષક તત્ત્વો ઉમેરીને ફોર્ટીફાઈડ કરેલો ખોરાક આપવામાં આવશે. આ અંગે વર્લ્ડ ફુડ પ્રોગ્રામ સંસ્થા સાથે ગત સપ્ટેમ્બર મહિનામાં કરાર પણ થઈ ગયેલો છે. આ સંસ્થા તરફથી રૂ.૩.૫૧કરોડ જેટલો ટેકનીકલ સહાય અને તાલીમ તેમજ સુપરવિઝનની બાબતમાં પણ સહાય પ્રાપ્ત થવાની છે.આ રાજય સરકારને મહિલા અને બાળકોની કેટલી ચિંતા છે તેની ખાતરી આ વાત ઉપરથી થઈ જાય છે. આદિવાસી વિસ્તારમાં રહેતા આદિવાસી ભાઈ બહેનોને ૧૫૦૦૦ કરોડની વનબંધુ યોજના જાહેર કરવામાં આવી છે એમાં કુટુંબમાં રહેતી ગર્ભવતી સ્ત્રી, ધાત્રી માતાને કે ૬ વર્ષ સુધીના બાળકને કુપોષણ નિવારવાની યોજના ઘનિષ્ઠ અને અસરકારક બનાવવાનો નિર્ણય લેવાયો છે. ૨૦૦૬-૦૭માં જુન-૨૦૦૬થી સપ્ટેમ્બર-૨૦૦૬ દરમિયાન સૂક્ષ્મ પોષક તત્વ ઉમેરેલા ફોર્ટીફાઈડ કરેલા આટા અંગેનો પ્રયોગ અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકામાં કરેલો હતો. એના દ્વારા આની અંદર જયારે કાર્યક્રમ કર્યો ત્યારે જિલ્લામાં જયારે શરૂઆત કરવામાં આવી ત્યારે એની અંદર આવતા લાભાર્થી માટે ફોર્ટીફાઈડ આટામાંથી ખોરાક બનાવવામાં આવ્યો હતો એના પરિણામે માતા અને બાળકોને તેમજ કિશોરીઓને લોહ તત્વનું પ્રમાણ ઓછું હતું

તેમાં વધારો થયો છે. સૂક્ષ્મ પોષક તત્ત્વની ઊણપ હતી એને કારણે બીમારી થતી એમાં પણ ગુણાત્મક સુધારો થયો છે. આ પ્રયોગથી પ્રોત્સાહિત થઈને રાજય સરકાર તરફથી સન ૨૦૦૭-૦૮થી ફોર્ટીફાઈડ કરેલો પોષક તત્વ યુકત ઘઉંનો આટો આપવામાં આવશે. આને કારણે ઉપરોકત પોષણની ગુણવત્તામાં સુધારો થશે એવી મને અપેક્ષા છે. ૩ વર્ષથી ૬ વર્ષના બાળકો સાથે આંગણવાડી કેન્દ્ર ઉપર આવે છે તેઓ નિયમિત ખોરાક લઈ શકતા ન હોય તો રાજય સરકાર તરફથી એવું નક્કી કરવામાં આવ્યું છે કે આવા બાળકોને આંગણવાડી કેન્દ્રમાંથી રોજ પૂરક પોષણની અને સાથેસાથે ન્યુટ્રીકેન્ડી આપવામાં આવશે. આના દ્વારા આ પ્રોજેકટ આગામી વર્ષથી અમલમાં આવવાનો છે ત્યારે એ બાબતમાં આપણે કોઈ સંસ્થાનો સહયોગ મેળવીને સરકારને જે પ્રાપ્ત થનાર છે એમાં રાજય સરકાર તરફથી આશરે ૧૨કરોડ જેટલો વધારો કરવામાં આવ્યો છે. આઈ.સી.ડી.એસ. યોજનાનો વધતો જતો વ્યાપ તેમજ કુપોષણ નિવારવા માટે રાજય સરકારના પૂરક પોષણ કાર્યક્રમને વધુ અસરકારક બનાવવાના પ્રયત્ન સાથે આંગણવાડી કેન્દ્રની કામગીરી અંગેનું મોનીટરીંગ સઘન બનાવવાનો કાર્યક્રમ રાજય સરકારે હાથ પર લીધો છે. તદઉપરાંત આંગણવાડી કેન્દ્રની કામગીરીના જુદાજુદા માપદંડ રાખવામાં આવ્યા છે., જેમ કે ભૌતિક પાયાની સગવડ, બાળકોની ૧૦૦ ટકા નોંધણી, પ્રાથમિક શિક્ષણ, પૂરક પોષણમાં ૧૦૦ ટકા કવરેજ, મમતા દિવસ હેઠળ લાભાર્થીઓને સેવાઓ આપવી, કોમ્યુનિટી ગ્રોથ સહાયક મોનિટરિંગ, લોકજાગૃતિ વગેરે નક્કી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત યોજનાને અસરકાર ગુણવત્તા વગેરેના માપદંડ નિયત થયા છે અને આંગણવાડી કેન્દ્રને ગ્રેડ-૧,૨,૩ એમ શ્રેણીકરણ નક્કી કરવામાં આવ્યું છે. વર્ષોવર્ષ આઈ.સી.ડી.એસ. યોજનાનું રાજ્ય સરકારમાં જે વિસ્તૃતીકરણ થયેલ છે અને સન ૧૯૯૭-૯૮ સુધી રાજ્ય સરકારમાં ૩૦,૨૭૧ જેટલાં આંગણવાડી કેન્દ્રો અને ૧૬૩ જેટલા આઈ.સી.ડી.એસ. ઘટકો મંજૂર થયેલ હતા, પરંતુ સન ૨૦૦૧ થી રાજ્યમાં સાર્વત્રીકરણ કર્યા છે અને હાલ ૨૦૦૬-૦૭ સુધીમાં ૪૪,૧૭૯ આંગણવાડી કેન્દ્ર અને ૨૬૦ આઈ.સી.ડી.એસ. ઘટકો મંજૂર કરવામાં આવ્યા છે. ડિસેમ્બર-૦૭ સુધીમાં જે મંજૂર થયેલ બધા જ આંગણવાડી કેન્દ્રો રાજ્ય સરકાર કાર્યાન્વિત કરી દેશે. આઈ.સી.ડી.એસ. યોજના અંતર્ગત રાજ્ય સરકાર તરફથી ૬ વર્ષ સુધીનાં બાળકો, સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ તેમજ કિશોરીઓને કાર્યક્રમ અંતર્ગત નિયત કરવામાં આવેલ સેવા આપવાની થાય છે, જેને સુદઢ કરવાનાં પગલાં રાજ્ય સરકાર લઈ રહી છે. આજથી દરેક આંગણવાડી કેન્દ્ર માટે મહિનામાં એક દિવસ મમતા કેન્દ્ર દિવસ તરીકે નિયત કરવામાં આવેલ છે. જે દિવસે આંગણવાડીના કાર્યક્ષેત્રમાં આવતા બધા જ લાભાર્થીઓને એકીસાથે પોષણ તેમજ આરોગ્યની સેવાઓ અને આરોગ્યના કર્મચારીઓ અને આંગણવાડી કેન્દ્રના કર્મચારીઓ તરફથી સંકલિત અને ઘનિષ્ઠ રીતે આપવાના પ્રયોગ ચાલુ કરાયા છે. આઈ.સી.ડી.એસ. યોજનાનું સાર્વત્રીકરણ કરાયા તે અગાઉથી સમાંતર રીતે રાજ્ય સરકારને પોતાની.

**અધ્યક્ષશ્રી** : જવાબ પૂરો કરો.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : ૫ મિનિટ આપો.

**અધ્યક્ષશ્રી** : બે મિનિટમાં જવાબ પતાવો.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : જે મારે ખાસ કહેવાનું છે એ રહી જાય છે.

**અધ્યક્ષશ્રી** : એમાં કંઈ વાંધો નહિ બધાને ખબર છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : મારે ખાસ આજે વિધવા બહેનોની વાત કરવી છે કે રાજ્યની અંદર જે વિધવા બહેનો છે. વિધવા બહેનોનું દુઃખ હું પણ જાણું છું, પરંતુ આજે વિધવા બહેનોને પગભર કરવા માટે થઈને રાજ્યના એક લાખ જેટલી વિધવા મહિલાને નિયમિત રૂપિયા ૫૦૦ અને જે બે બાળકો સુધીનાને માસિક સહાય મળે છે, એમાં રૂપિયા ૮૦ વધારાના અમારો આ વિભાગ આપી રહ્યો છે, પરંતુ આ સભાગૃહ સમક્ષ કહેતાં આનંદ થાય છે કે અત્યાર સુધીના ઈતિહાસમાં આ એક એવી સરકાર છે જેણે નિયમિત ધોરણે વિધવા સહાય ચૂકવી આપી છે. વધુમાં લાભાર્થી દ્વારા વાર્ષિક રૂપિયા ૧૫ ભરવાથી પોસ્ટ ખાતાના સહયોગ દ્વારા પર્સનલ એક્સિડંટ પૉલિસીથી રૂપિયા એક લાખ વીમાનું કવચ આ બહેનો માટે ઉપલબ્ધ કરવામાં આવ્યું છે, ત્યારે આ યોજના મારફત જે આ વિધવા બહેનો છે, એને ખૂબ ફાયદો થવાનો છે. વિધવા બહેનોને પગભર કરવા માટે થઈને એને તાલીમ આપીને રાજ્ય સરકાર દ્વારા ૩,૦૦૦ સુધીની કીટ આપીને પગભર કર્યા છે. અત્યાર સુધીમાં રાજ્ય સરકારે મારા ખ્યાલ પ્રમાણે ૧૦,૦૦૦ વિધવા બહેનોને પગભર કરી છે. તાલીમ આપીને ૧૦,૦૦૦ બહેનો રોજીરોટી મેળવી શકી છે. આ નાનીસૂની વાત નથી. જ્યારે વિરોધ પક્ષના લોકો વાત કરતા હતા. ચંદ્રિકાબેને ખાસ કરીને આની અંદર ઘટાડો કરવામાં આવ્યો છે એ વાત કરી, પરંતુ દર વર્ષે ગ્રાન્ટની અંદર વધારો કરવામાં આવી રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ૨૦૦૫-૦૬ માં ૩,૩૭૮ બહેનોને ૨૦૦૬-૦૭ માં ૮,૫૭૬ બહેનોને તાલીમ આપી છે. આ વર્ષની અંદર બહેનોને વધારે તાલીમ આપવા માટેનો અમારો ઉદેશ છે. મારા વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ અને જે આંગણવાડી વર્કર બહેનો છે, એ આજે સમગ્ર રાજ્યની અંદર જે આંગણવાડીની અંદર આવે છે, એ બાળકો માટે થઈને જશોદા મા તરીકે કામ કરી રહી છે.ત્યારે આવા બાળકો ભારતના ભાવિ નાગરિકો છે ત્યારે એના માટે કામ કર્યું છે. આ તકે હું મારા વિભાગના દરેક કર્મચારી અને અધિકારીને ખૂબ અભિનંદન આપું છું કે મારા વિભાગ માટે મહિલા અને બાળ કલ્યાણના ઉત્કર્ષ માટે જે કાર્ય કરી રહ્યા છે એ આખા રાજ્યમાં ખૂબ જ સારી રીતે પ્રસરે એના માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગ ઉપર બહેનશ્રી ભાવનાબેન, ચંદ્રિકાબેન, નીમાબેન વિગેરેએ જે વિચારો રજૂ કર્યા એ બદલ એમનો હું આભાર માનું છું. જે કોઈ સભ્યશ્રીઓએ કાપ દરખાસ્ત મૂકી છે એ મહિલા અને બાળ વિકાસ માટેની માગણીઓ હોઈ, પોતાની કાપ દરખાસ્ત પાછી ખેંચી લે એવી મારી વિનંતી છે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને મતદાન થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા વિનંતી કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એમ કહે કે અમે ખેડૂતો માટેની સબસિડીમાં વધારો કરવાના છીએ તો એક કલાક બોલે તો પણ અમને વાંધો નથી. તો અમે સાંભળવા બેસી રહીએ. નહિ તો સાંભળવાનો કોઈ અર્થ નથી. છેલ્લા પાંચ વર્ષથી ખેડૂતોની સબસિડી ઘટી રહી છે. એટલે માનનીય મંત્રીશ્રીને અમે વિનંતી કરીએ છીએ કે એમાં વધારો કરે. તો અમે એક કલાક બોલે તો પણ ચોક્કસ અમે સાંભળવા માટે તૈયાર છીએ. નહીં તો જતા રહીએ. (અંતરાય) આપ ખેડૂતો માટેની વાત નહિ કરો? (અંતરાય)

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : મારી વાત તો સાંભળો, પછી જાવ. (અંતરાય) તો જતા રહો. (અંતરાય) મને સાંભળ્યા સિવાય પહેલેથી?

**શ્રી અશોક ભટ્ટ** : સમગ્ર બજૅટ એ ખેડૂત લક્ષી બજૅટ છે એ સમજાવવા કૃષિ મંત્રીશ્રી પ્રયાસ કરે છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : તમે જવાબ સાંભળવા તૈયાર નથી, તમે ખેડૂત વિરોધી છો.

**અધ્યક્ષશ્રી**: બન્ને દંડકશ્રીઓ મારી પાસે આવ્યા હતા અને એમણે છેવટે એમ કહેલું કે સાહેબ, ટાઈમની બાબતમાં તમને ઠીક લાગે એમ કરજો. હું ગૃહનો સમય લંબાવું છું. હવે કોઈ ટાઈમ વધારવા માટે મારી પાસે ન આવતા. પ્લીઝ.

( આ તબક્કે સભાગૃહમાં હાજર તમામ વિરોધપક્ષના સભ્યશ્રીઓ "ખેડૂત વિરોધી સરકાર નહીં ચલેગી"ના સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ ત્યાગ કરી ગયા)

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકાર મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત વિરોધી લોકો જવાબ સાંભળવા માટે પણ તૈયાર નથી. આ પ્રકારના નકારાત્મક વલણના કારણે આઝાદી પછીના ૩૫-૪૦ વર્ષ સુધી આ કોંગ્રેસના મિત્રો સત્તા પર રહ્યા, ખેડૂત વિરોધી નકારાત્મક વલણના કારણે ખેડૂતોનું ભલું તો ન કરી શક્યા પણ અમે જ્યારે ખેડૂતોનું ભલું કરી રહ્યા છીએ. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ખેડૂતોના હિતમાં કામ કરતી સરકાર વર્ષો જૂની સમસ્યાઓના નિદાન સાથે ઉકેલ લઈને આવી છે ત્યારે એના પરિણામો આ રાજ્યના ખેડૂતોને મળ્યા છે ત્યારે એની વાત સાંભળવા માટેની તૈયારી નથી. આવી નકારાત્મક ભૂમિકા સાથે એમણે જ્યારે શાસન કર્યું. માનનીય સી.જે.ચાવડા બોલતા હતા કે કોંગ્રેસના શાસનમાં આમ થયું, તેમ થયું. મારે એમને પૂછવું છે કે જ્યારે આઝાદી મળી ત્યારે આ રાજ્યનો ખેડૂત કોસ વડે ખેતી કરતો હતો. ૧૦ ફૂટ નીચેથી પાણી લઈને ખેતી કરતો હતો. જ્યારે અમારા હાથમાં શાસન આવ્યું ત્યારે ૩૫-૪૦ વર્ષના શાસન દરમિયાન એ કોસ પકડી ખેતી કરતો ખેડૂત ૧૦૦૦ ફૂટ નીચેથી પાણી ખેંચતો થયો કોના કારણે? એ કોંગ્રેસના કારણે થયું છે. અનેક સમસ્યાઓ અને એના કારણે રાજયમાં અને દેશમાં છેલ્લા વર્ષોથી આપણે જોઈએ છીએ કે ખેડૂતની સમસ્યાને લઈને અનેક આંદોલનો થયાં છે, સમસ્યા હલ થઈ નથી, સમસ્યા ઊભીને ઊભી રહી છે. આ સમસ્યાઓનું નિદાન કરવા માટે જો કોઈએ પહેલ કરી હોય તો એ ગુજરાત રાજયે કરી છે, આ સમસ્યાઓ કઈ છે એનો ઊંડાણથી અમે અભ્યાસ કર્યો છે, આ સમસ્યાઓને હલ કરવા માટે શું ઉપાય કરવા જોઈએ, માત્ર અમે જ નિષ્ણાત છીએ એવું અમે માન્યુ નથી પણ અમે કૃષિ વૈજ્ઞાનિકો સાથે બેઠા છીએ, અર્થશાસ્ત્રીઓ સાથે બેઠા છીએ અને જાણકારો સાથે અમે બેઠા છીએ, રાજયના જાણકારો સાથે બેઠા છીએ અને દેશના જાણકારો સાથે બેસીને આ કૃષિ સમસ્યાનો ઉકેલ શું છે અને એ ઉકેલ શોધ્યા પછી અને જે ઉપાયો કર્યા છે એ ઉપાયોના સાચા પરિણામો આ રાજયમાં આવ્યા છે, આ ખેડૂતને પાણી જોઈએ છે. છેલ્લા પાંચ- સાત વર્ષની અંદર અમે પહેલામાં પહેલો ઉપાય કર્યો એ આ રાજયમાં ઉપરથી પડતું પાણી એ પાણી દરિયામાં વહી જાય છે એ ઉપરથી પડતા પાણીને રોક્યું છે, એકેએક ગામેગામ તળાવો ઊંડા કર્યા છે, ચેકડેમ કર્યા છે, નદીનાળાં બાંધ્યાં છે, પહેલો ઉપાય અમે એ કર્યો છે, છતાંય એમ લાગ્યું કે હજી સમસ્યા હલ થઈ નથી, ખેડૂત ચીલાચાલુ પદ્ધતિ પ્રમાણે ખેતી કરે છે એટલા માટે, ખેડૂત દેખાદેખીથી ખેતી કરે છે એટલા માટે કે ખેડૂત આડેધડ ઈનપુટનો ઉપયોગ કરે છે એટલા માટે, કેમ એને ખેતી પોસાતી નથી, એને કેમ પોષણ ક્ષમ ભાવો મળતા નથી, કેમ સમસ્યાનો અંત આવતો નથી, આ સમસ્યાઓનો હલ શોધવા માટે રાજય સરકારે જે પ્રયત્ન કર્યા અને એ પ્રયત્નોમાં અમને સફળતા મળી છે અને અમે જે ઉકેલ શોધ્યા છે એ ઉકેલને અમે સાચા છીએ એટલું કહીએ છીએ એટલું પૂરતું નથી આ ઉકેલને અને આ ઉપાય સાચા છે એવું કોણ કહે છે, એ નેશનલ કમિશન ઑફ ફાર્મર્સના ચેરમેન છે, અને એ એમની સરકારે નીમેલા છે, એમની સરકારમાં નીમેલા છે અને દેશ અને દુનિયામાં જે ઓથોરિટી ગણાય, જે બોલે એ કાયદો ગણાય એવા ડૉકટર સ્વામિનાથન્ શું કહે છે કે, એમના Research પેપર્સમાં શું લખ્યું છે કે:-
"Restoring Farmers' faith in farming, first undertaking soil health enhancement through integrated measures in soil organic measures, nytrogen and phosphorous and fertility of

the soil. Gujarat has already first issued Soil Health Card to farmers and other States can do likewise." એમને એમ પણ કહ્યું છે, કે કૃષિ મહોત્સવ એ નૉલેજ ટ્રાન્સફર કરવા આધુનિક અને વૈજ્ઞાનિક પદ્ધતિ. માનનીય અધ્યક્ષશ્રી, આધુનિક અને વૈજ્ઞાનિક પદ્ધતિ માત્ર લૅબૉરેટરીમાં રહે તો, એ કૃષિ યુનિવર્સિટીમાં રહે તો, એક વર્ષ પહેલાંની દિલ્હી ખાતેની એક મીટિંગમાં શરદ પવાર એ મીટિંગને શેર કરી રહ્યા હતા, મુખ્ય મંત્રીશ્રીઓ અને કૃષિ મંત્રીશ્રીઓ બેઠા હતા, મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રી શદર પવાર સાહેબને એવું કહ્યું કે, આપણા દેશમાં યુનિવર્સિટીઓ છે પણ એનો લાભ ખેડૂતોને મળતો નથી ત્યારે શરદ પવારના શબ્દો હતા કે એવી યુનિવર્સિટીઓનો લાભ ખેડૂત સુધી લઈ જવામાં જો કોઈ સફળ રહ્યું હોય, એની પહેલ કરી હોય તો એ માત્ર ગુજરાતે કરી છે, આ એમની સરકારના કેન્દ્રીય મંત્રીશ્રીના ઉદ્‌ગારો છે અને અમે કરેલી કામગીરી કર્ણાટકે સુવર્ણ કર્ણાટકની એક યોજના બહાર પાડી છે અને એમણે ગુજરાત મોડેલ સોઈલ હેલ્થ કાર્ડ સ્વીકારવા માટેની તૈયારી બતાવી છે, એમના ૨૭ હજાર ગામડાઓમાં ગુજરાત પૅટર્ન ઉપર સોઈલ હેલ્થ કાર્ડ સ્વીકારવા માટેની એમણે જાહેરાત આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ કે આ ઉપાયો કયા છે? આધુનિક અને વૈજ્ઞાનિક પદ્ધતિ પહોંચાડવા માટે લેબ ટુ લેન્ડ. વૈજ્ઞાનિકો માત્ર કૃષિ યુનિવર્સિટીમાં પ્રયોગો કરે અને એ પ્રયોગ ખેતર સુધી ન પહોંચે તો? એનો કોઈ ઉપાય ન થાય. સોઈલ હેલ્થ કાર્ડ, સપ્રમાણ ઈન્પૂટનો ઉપયોગ. દાવા સાથે કહું છું કે ખેડૂતને સપ્રમાણ ઈન્પૂટનો ઉપયોગ કરીને ખેતી ન કરે તો ખેતી ન પોસાય. મારા કૉન્ગ્રેસના મિત્રો જે શરત મૂકે એ શરત મને માન્ય છે અને આ સપ્રમાણ ઈન્પૂટનો ઉપયોગ અને એના કારણે ખેતી પોસાય અને ઉત્પાદન ખર્ચ ઘટે એ વાતનો સ્વીકાર સ્વામિનાથન સાહેબે કર્યો, માનનીય શરદ પવાર સાહેબે પણ કર્યો. હું ઘણી વાર કહું છું કે, આ સપ્રમાણ ઈન્પૂટનો ઉપયોગ ન કરે અને આડેધડ, ચીલાચાલુ, દેખાદેખી પ્રમાણે ખેડૂત ખેતી કરે અને કહે કે મને ખેતી પોસાતી નથી. ન પોસાય સ્વાભાવિક છે. હું ખેડૂતોમાં ગંમતમાં ઘણી વાર કહું છું કે, દીકરો બાપને પૂછવા જાય કે બાપા કેટલું ખાતર નાંખું? તો બાપ કહે ગામના મુખીએ કેટલું ખાતર નાંખ્યું? ગામના સરપંચે કેટલું ખાતર નાંખ્યું છે એને પૂછી જો. મુખીએ એક એકરમાં બે થેલી નાખી છે, તો બાપ કહે છે હું કમ નથી ત્રણ ઠબકારી દે. એટલે હું ખેડૂતોને ગંમતમાં કહું છું 'મુખીને પૂછીને થયા છો દુઃખી, હવે વૈજ્ઞાનિકોને પૂછીને થાવ સુખી.' આ કોઈ પદ્ધતિ છે? આટલા વર્ષોથી આ પદ્ધતિ પ્રમાણે ખેડૂત ખેતી કરે છે એટલા માટે એને ખેતી પોસાતી નથી. 'ઉત્તમ ખેતીમાંથી' 'કનિષ્ક ખેતી' કેમ થઈ? કારણ કે, દેખા દેખી અને આડેધડ ચીલાચાલુ રીતે ખેતી કરે છે. એટલા માટે એને ઉત્પાદન ખર્ચ ઘટે, નફાનો ગાળો વધે એજ ઉપાય છે અને એ ઉપાય માટે સપ્રમાણ ઈન્પૂટનો ઉપયોગ. અમે પાક ફેર માટે, આંતર ખેડ માટે કહીએ છીએ. આ બધી વાત કરવા માટે આ કૃષિ મહોત્સવ એ એક માત્ર ઉપાય છે. સોઈલ હેલ્થ કાર્ડ, લેબ ટુ લેન્ડ, સપ્રમાણ ઈન્પૂટનો ઉપયોગ, વેલ્યુ એડીશન, નોલેજ ટ્રાન્સફર, માર્કેટીંગ લીંકેજ, આંતર ખેડ આ બધી બાબત જો રૂમમાં જ ચર્ચામાં આવે, યુનિવર્સિટી પૂરતી મર્યાદિત રહે તો ખેડૂતને કયારેય આપણે આધુનિક અને વૈજ્ઞાનિક પદ્ધતિ પ્રમાણે ખેતી કરતા ન કરી શકીએ. આપણે વૈશ્વિકરણ સ્વીકાર્યું છે ત્યારે આ ખેડૂતને ગુણવત્તા યુકત ઉત્પાદન કરવા માટે કહેવું પડશે અને દાવા સાથે કહું છું રાજયના કૃષિ મંત્રી તરીકે અમે માર્ગદર્શન આપ્યા પછી રાજયના ખેડૂતો ગુણવત્તા, સપ્રમાણ ઈન્પૂટનો ઉપયોગ એના કારણે ઉત્પાદકતામાં જે રીતે કપાસનો દાખલો આપું તો ૧૩૨ કિ.ગ્રા. હેકટરે ઉત્પાદકતા હતી આજે ૭૦૦ કિ.ગ્રા.સુધી પહોંચ્યા છીએ એ એનો પુરાવો છે. આ ૫ અને ૬ બે કૃષિ મહોત્સવ થયા, અમારી ચારેય કૃષિ યુનિવર્સિટીએ એનો સર્વે કર્યો ૫ ના અનુભવ પછી ૩ હજાર કરોડ રૂપિયાનો ફાયદો આ રાજયના ખેડૂતોને થયો છે અને ૬ પછી ૩૮૭૭ હજાર કરોડ રૂપિયાનો ખેડૂતોને ફાયદો થયો છે. આ રીતે ઉત્પાદનમાં વધારો થયો છે, વાવેતર વિસ્તારમાં વધારો અમે કરી શક્યા છીએ. ૯૫ લાખ હેકટર ખરીફ અને રવી પાકના વાવેતર વિસ્તારમાં ૧૨૫ લાખ હેકટર વિસ્તારનો અમે વધારો કર્યો છે. ૭-૮ માં લક્ષ્યાંક ૧૩૦ લાખ હેકટરમાં વધારો કરવાનો છે. ચાર પાંચ વર્ષના પ્રયત્નોના કારણે સીધો ફેર રેકર્ડ ઉપર છે. અમે ટ્રૅક્ટર કંપનીઓને બોલાવી હતી એના આંકડા પ્રમાણે ટ્રૅક્ટરના વેચાણમાં ૨૦૦૦ના વર્ષ પછીથી ૧ લાખ ટ્રૅક્ટરના વેચાણમાં વધારો થયો છે. અને એજ રીતે ટુ વ્હીલરના વેચાણમાં પણ આવો ફાયદો થયો છે અને રેકર્ડ ૯ હજાર કરોડના કૃષિ ઉત્પાદનમાંથી અમે ૩૨ હજાર કરોડના કૃષિ ઉત્પાદને પહોંચ્યા હોઈએ કોઈ મારા સભ્યે કહ્યું હતું કે નર્મદા આવતા બે વર્ષ, ત્રણ વર્ષ, પાંચ વર્ષ લાગશે, એ આવતાં એક લાખ કરોડનું ઉત્પાદન કરતાં રાજયને વાર નહિ લાગે. આ પ્રયત્નોના પરિણામ શું આવ્યા? એના કારણે મગફળી, દિવેલા, બટાટા, ડુંગળી, જીરૂ, કપાસમાં આપણે પહેલા નંબરે આવ્યા છીએ, જે બધામાં આપણે દસમા, પાંચમા, છઠ્ઠા નંબરે હતા. પણ આ કૃષિ મહોત્સવ, સોઈલ હેલ્થ કાર્ડ એના કારણે આ બધા પ્રયત્નોમાં આપણે સફળ થયાં છીએ. રાયડામાં આપણે પાંચમાં સ્થાને હતા અને હવે બીજા સ્થાને આવ્યા છીએ. બાજરીમાં પાંચમામાંથી બીજા સ્થાને આવ્યા છીએ. બાગાયતી પાકોમાં આપણે ખૂબ મોટા પ્રમાણમાં પ્રગતિ કરી છે. અમારા જયંતીભાઈ કહેતા હતા કે કાજુનું વાવેતર, સોઈલ હેલ્થ કાર્ડની વાત સ્વીકારે છે. બહુ સારી વાત છે, પરંતુ ઓછું કામ થયું છે, સ્વીકારીએ છીએ કે ઓછું કામ થયું છે. ઝડપ કરાવવી છે. બધાને આપીશું અને એમાં ફેરફાર કેવો થયો છે? ગઈકાલ સુધી એને ખબર નહોતી કે મારી જમીનમાં આટલો કિંમતી પાક થઈ શકે? મારી જમીનમાં કાજુ પાકે? ખેડૂતોને સ્વપ્નામાં ન આવે એ જમીનને નરેન્દ્રભાઈએ બોલતી કરી છે સોઈલ હેલ્થ કાર્ડ ધ્વારા અને આજે માત્ર કપરાળામાં કાજુ થતાં

હતા ત્યાં ગોવા કરતાં પણ આજે સારા કાજુ થાય છે અને કપરાળા સિવાય આખા રાજયમાં થઈને ૧૩ હજાર ટન કાજુનું ઉત્પાદન વધ્યું છે. આપણે ખેડૂતને સમૃદ્ધ કરવો છે. જે વધારે પૈસા આપી શકે એ પાક તરફ લઈ જવો છે, એના પરિણામો આવ્યા છે. અમે સોઈલ હેલ્થ કાર્ડ આ વખતે આ કૃષિ મહોત્સવ દરમ્યાન ૧૮૬૦૦ ગામડાઓને ગામડાદીઠ આપવાનું આયોજન કર્યુ છે. એક એક ગામની જમીનને, ગામની જમીનની તાસીર સરખી હોય અને એટલે ઝડપથી ખેડૂતને માર્ગદર્શન મળી શકે અને એ પ્રમાણે ખેતી કરી શકે એટલા માટે અમે આ આયોજન કર્યુ છે અને ગામ દીઠ લગભગ ૬૦, ૭૦ થી વધારે નમૂના લઈ અને ગામ દીઠ સોઈલ હેલ્થ કાર્ડ આપવાનો નિર્ણય અમે કર્યો છે. પુંજાભાઈ હમણાં બીજ નિગમની વાત કરતા હતા. વધુ ભાવની જ્યારે વાત એમણે કરી એમની ચેમ્બરમાં કદાચ એ સાંભળતા હોય તો મેં એ વખતે પણ કહ્યું હતું કે ૭૫૦ થી વધારે કોઈપણ વિક્રેતાએ પૈસા લીધા હોય તો એ વિક્રેતાના નામનું બિલ મને આપી જાય તો એ પૈસા હું પાછા અપાવડાવીશ. હજી સુધી કોઈએ એક પણ બિલ મારી સમક્ષ રજૂ કર્યુ નથી. અમે કૃષિ મહોત્સવમાં ગયા વખતે ૩૮.૮૦ લાખ નાના અને સીમાન્ત ખેડૂતોને કીટનું વિતરણ કર્યુ હતું મારે કોંગ્રેસના મિત્રોને પૂછવું છે કે ભૂતકાળમાં કયારેય તમે ગરીબ, નાના, સીમાન્ત બી.પી.એલ. ખેડૂતોનો વિચાર કરેલો ખરો? આ વખતે સાત લાખ ખેડૂતોને આ કીટ્રસ આપવાનું આયોજન અમે કર્યુ છે. ગયા વખતે ૪૮.૮૧ લાખ પશુઓને રસીકરણ કર્યુ હતું આ વખતે ૫૫ લાખ પશુઓના રસીકરણ માટેનું આયોજન અમે કર્યુ છે. ગયા વર્ષે બે પુસ્તિકા માર્ગદર્શન આપવા માટે અમે બહાર પાડી અને રાજયના કૃષિ મંત્રી તરીકે 'ગીતા' તરીકે મેં કહ્યું હતું. પહેલી વખત એગ્રીકલ્ચર અને બીજી વખત બાગાયત. આ વખતે અમે ૧૮૬૦૦ ગામડા માટે પશુપાલન અને મત્સ્યોદ્યોગની માહિતી આપતી પુસ્તિકા અમે બહાર પાડવાના છીએ. ૨૦૦૫ અને ૦૬માં ૭૫૦ વૈજ્ઞાનિકો અમારા કૃષિરથમાં ગયા, અધિકારીઓ તો ગયા જ, કલેક્ટર ડી.ડી.ઓ. બધા ગયા આ વખતે આ નવો વિચાર અમે કર્યો છે. અમારી પાસે જેમ ૭૫૦ વૈજ્ઞાનિકો છે એવી રીતે અમારી પાસે પોસ્ટ ગ્રૅજ્યુએટ વિદ્યાર્થીઓ ૫૫૦ છે. આ ૫૫૦ પોસ્ટ ગ્રૅજ્યુએટ આ વખતે પહેલીવાર કૃષિ રથમાં જવાના છે. એમને અનુભવ મળશે અને ખેડૂતોને પણ જ્ઞાન મળશે. વધારેમાં વધારે સ્ટ્રેન્ધન કેવી રીતે થાય, આ મહોત્સવ વધારેમાં વધારે સ્ટ્રેન્ધન કરીને ખેડૂતોના જ્ઞાનમાં વર્ધન કેવી રીતે થાય તે અમારા પ્રયત્નો છે. આ વર્ષે કૃષિ સહાયનું પેકેજ બહાર પાડયું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ છેલ્લાં પાંચ વર્ષની અંદર ચિંતન શિબિર દ્વારા કર્મચારીને કર્મયોગી તરીકે નવાજ્યો છે. ભૂતકાળમાં અહીંયા હું જવાબ આપી ચૂક્યો છું ૧૯૯૭ના પૂરના પૈસા ૨૦૦૦માં આપવામાં આવતા હતા અને ગામડાંઓ કેટલાં હતા ? એક હજાર, બારસો, પંદરસો ગામડાઓ હતા. આ વખતે મારા કર્મચારી કર્મયોગીએ ૮૦૧૪ ગામડાંમાં અત્યાર સુધીમાં પેકેજ એક અને બેની ચૂકવણી પૂર્ણ કરી નાંખી છે અને અહીંયા હું પ્રશ્નોત્તરીમાં કહી ગયો છું પેકેજ ચારની ચૂકવણી તે એપ્રિલ ૧૫, સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

અમે ઓર્ગેનિક પ્રોડકટસ અંગેની પ્રમાણિત કરવાની વ્યવસ્થા પણ ઉભી કરી છે. અમે હોર્ટીકલ્ચર મિશનની પણ વધારેમાં વધારે અસરકારક કામગીરી કરવાનું પણ નક્કી કર્યુ છે. એગ્રીકલ્ચર એકસપર્ટ ઝોન હવે જ્યારે આપણે ૧૦ હજાર કરોડના એમ.ઓ.યુ. થયા છે ૨૯મી તારીખે એ.પી.એમ.સી.એકટમાં રીફોર્મસનું બિલ લઈને હું આવવાનો છું એવા સમયે આ એગ્રીકલ્ચર એકસપર્ટ ઝોન તે વધારેમાં વધારે સક્ષમ થાય તેને માટે રાજયમાં ત્રણ એગ્રીકલ્ચર એકસપર્ટ ઝોનની રચના કરવામાં આવી છે. આવતા વખતે દિવેલા માટે નવો એક એસ.ઈ.ઝેડ બનાવવાની પણ વિચારણા કરવામાં આવી છે. બાગાયત ક્ષેત્રે કોન્ટ્રાકટ ફાર્મિંગ ખેડૂતોને પોતાના હિતમાં પોતાને પોસાય તે રીતે પોતાની ઇચ્છા મુજબ કોર્પોરેટ કે કોઈ એન.જી.ઓ. કે કોઈ વ્યકિત દીઠ ખેડૂત સાથે તે કોન્ટ્રાકટ ફાર્મિંગ કરી શકે. સંપૂર્ણ બાગાયત ગામની યોજના બાબત જે ગામ સંપૂર્ણ બાગાયત હશે તેને ૫ લાખ રૂપિયા આપવાની યોજના અમે કરી છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટેની પણ યોજના કરી છે. ૦૭-૦૮ માટે અનુસૂચિત જાતિના ખેડૂતો માટે ૩ લાખ ૮૦ હજાર ખેડૂતો માટેની ૧૭૪૩ લાખની જોગવાઈ કરી છે. હમણાં યુનિવર્સિટીની ટીકા કરવામાં આવી. અમારી બધી યુનિવર્સિટીની એક યુનિવર્સિટી હતી. સારી ચાલતી હતી. આ વધારે સારી ચાલે છે. વધારે સ્કોપ મળ્યો છે. બધાને અલગ અલગ ઝોન પ્રમાણે મર્યાદિત વિસ્તારમાં તેમને કામ કરવાની શક્યતા અમે પૂરી પાડી છે અને પહેલાં એક વૈજ્ઞાનિક આખા ગુજરાતમાં કામ કરતો હતો. હવે તેને માત્ર છ જિલ્લામાં કામ કરવાનું છે. આઠ ઝોનમાં અમે આ રાજયને વહેંચી દીધું છે અને ડાંગર, રીંગણ, તલ, નાળિયેર, ઘઉં, મેથી, નાગલી, તુવેર, વરિયાળી આ બધી બાબતોમાં, આ બધા બિયારણોમાં અમે નવા નવા બિયારણોની જાતો ખોલી છે. બાજરા સંશોધનમાં જામનગરને દેશમાં પ્રથમ સ્થાન મળ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય જમીન વિકાસ નિગમની કામગીરી પણ રાજય જાણે છે. અમે વધારેમાં વધારે તળાવ ઉંડા કરવા, વધારેમાં વધારે ચેક ડેમ બનાવવા, વધારેમાં વધારે જળ સંચયની કામગીરી કરવા માટે બીજ નિગમે પણ ૦૭-૦૮ના વર્ષમાં ૧.૯૯ લાખ કિવન્ટલ બીજ વિતરણનો લક્ષ્યાંક અમે રાખ્યો છે અને સારી કામગીરીને કારણે ૨૦૦૨-૦૩માં તેની કામગીરીને શ્રેષ્ઠ પુરસ્કાર રાષ્ટ્રીય લેવલે પણ મળ્યો છે. આ વખતે જે નવી બાબતો છે તાડપત્રી સહાયની યોજના આ વખતે નવી હું લઈને આવ્યો છું. તેને માટે અઢી કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજયમાં ગ્રીન હાઉસમાં ફૂલોની ખેતી કરતાં લાભાર્થીઓને વીજ બિલના ૨૫ ટકા મુજબ વર્ષ દરમિયાન રૂપિયા એક લાખની મર્યાદામાં સહાય મળે છે. આ યોજનાનો લાભ હવે ટીસ્યુ કલ્ચર લેબોરેટરીના યુનિટને પણ આપવાનો અમે નિર્ણય કર્યો છે. બાગાયત હવાઈ માર્ગે બહાર મોકલવા માટે નૂરમાં ૫૦ લાખ સુધીની

રાહત આપવાની જોગવાઈ કરી છે. કેળને વૈશ્વિક બજારમાં મૂકવા માટે બનાના પેક હાઉસ માટે ૬૨૩ કરોડનો પ્રોજેકટ અમે મંજૂર કરાવડાવ્યો છે. અમદાવાદમાં પણ એર કાર્ગો શરૂ થવાની તૈયારીમાં છે. આ રીતે કૃષિ વિભાગની કામગીરી ઉપરાંત મારે પશુપાલન અને મત્સ્યોદ્યોગ વિભાગ માટે પણ થોડી વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મત્સ્યોદ્યોગ અને પશુપાલન પણ વાત કરવી છે. પશુપાલનમાં અમે દર વખતે કૃત્રિમ બીજદાન મફત આપીએ છીએ. આ વખતા કૃષિ મહોત્સવ દરમ્યાન પણ કૃત્રિમ બીજદાન મફત આપવા માટેની યોજના છે. ૨૦૦૫-૦૬ ના વર્ષમાં ૫.૭૯ લાખ, ૨૦૦૬-૦૭ ના વર્ષમાં ૫.૪૭ લાખ અને આ વખતે આ મહોત્સવમાં ૧૦ લાખનો ટારગેટ કર્યો છે. ખરવા મોવાસાના રોગ ઉપર અમે સંપૂર્ણ નિયંત્રણ મૂકી શકયા છીએ. આ વખતે ૭ લાખ કીટસનું વિતરણ કરવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય કૃષિ પંચની ભલામણ અને ધોરણો અનુસાર લોકભાગીદારીથી દર ૫ હજારની પશુધન વસતિ માટે એક પશુ સારવાર કેન્દ્ર ચાલતું હોવું જોઈએ એ પ્રમાણે રાજયના ૨૧૬ લાખ પશુઓ માટે ૫ હજાર કેન્દ્રો હોય એ આદર્શ સ્થિતિ કહેવાય, પરંતુ આ લોકભાગીદારીથી અમે પશુ સેવા માટે જે કોઈ ટ્રસ્ટ મારફતે ગ્રામ વિકાસ પેટર્ન નીચે રાજયના જરૂરિયાતવાળા ૩ જિલ્લા એમાં સુરેન્દ્રનગર, જામનગર અને દાહોદમાં આ ટ્રસ્ટ સાથે રહીને કૃત્રિમ બીજદાન, પ્રાથમિક સારવાર અને બીજી બધી જરૂરી કાર્યવાહી માટેના અમે કરાર કર્યા છે. બળીયા નાબૂદી માટે સંકલ્પબધ્ધ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઘેટાં અને ઉન વિકાસ નિગમની વાત કરું તો આ નિગમ બંધ થવાની તૈયારીમાં હતું, પરંતુ અમારા અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન આપું છું કે તેમણે સારું કામ કરીને આ નિગમને ચાલુ રાખ્યું છે અને આ વખતે ૪ કરોડ રૂપિયાની રકમ અમે એના માટે ફાળવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મત્સ્યોદ્યોગ મિનિસ્ટર તરીકે હું આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીનો હ્દયપૂર્વક આભાર માનું છું કે તેમણે ૩૮ તાલુકાઓમાં ૧ હજાર કરોડ રૂપિયાનું એક સર્વાંગી પેકેજ બહાર પાડયું છે. માત્ર માછીમારો માટે નહીં, પરંતુ ૩૮ તાલુકાની તમામ પ્રજા માટે ૩ લાખ કુટુંબો માટે તેમના શિક્ષણ, આરોગ્ય, સિંચાઈ, પીવાનું ાણી એ બધી પ્રવૃત્તિઓ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પેકેજ જાહેર કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત મારે બે જાહેરાત કરવાની છે કે સમગ્ર દુનિયા આજે ઉર્જા અછતની સમસ્યાનો સામનો કરી રહી છે. આપણી પરંપરાગત ઉર્જાનાં સાધનો ઘટી રહયાં છે ત્યારે નવતર ઉપાય તરીકે રાજયમાં કેરોસીન અને પ્રટ્રોલથી ચાલતી ૬ હજાર જેટલી નાની એફ.આર.પી. બોટો છે કે જે કિનારા ઉપર એકાદ બે દિવસ માટે જે માછીમારો પોતાના વ્યવસાય માટે જાય, અત્યારે પેટ્રોલ અને કેરોસીનથી બે દિવસ માટે જાય એ પોતે જાય છે. મને કહેતાં આનંદ થાય છે કે આવા ૩ હજાર માછીમારો માટે અમે એલ.પી.જી.ની કીટસ આપવાનું નકકી કર્યુ છે અને એક એલ.પી.જી. કીટસની કિંમત રૂા. ૧૨ હજારની હશે. ૫૮ ટકા આનાથી એમને ફાયદો થશે અને પર્યાવરણમાં પણ શુધ્ધિ આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે નાના પગરીયા માછીમાર ભાઈઓ અને બહેનો માછલીઓનું વિતરણ કરવા જે ખુલ્લા તબડકામાં માછલી લઈને વેચવા માટે બહાર બેસે છે અને કલાક કે બે કલાકમાં આ માછલી બગડી જતી હોય છે અને પછી એ ધંધો કરી શકતા નથી. તો આવા ભાઈ અને બહેનો બન્ને માટે તેમની ચિંતા કરીને અમે ઈન્સ્યુલેટેડ બોક્ષ આપવાની વ્યવસ્થા કરી છે અને આવાં ૫ હજાર જેટલા માછીમારોને ૩ હજાર રૂપિયાની કિંમતનાં આવાં ઈન્સ્યુલેટેડ બોક્ષ આપવાની વ્યવસ્થા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં સૂચનો પણ આવ્યાં છે. નાના નાના બંદરોના વિકાસ બાબતે જે સૂચનો આવ્યાં છે એના માટે અમે વિચાર કરીશું. પોરબંદર, માંગરોલ અને વેરાવલનો વિકાસ કરવામાં આવશે. ધોલાઈ થોડા દિવસમાં જ પૂર્ણ થવાની તૈયારીમાં છે. મારી આટલી વાત સાથે હું તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, જો કે કોઈપણ કાપ દરખાસ્ત પાછી ખેંચવાવાળા રહયા નથી એ આખેઆખા કપાઈ ગયા છે એટલે હાજર સર્વ સભ્યશ્રીઓને મારી માગણીઓ સર્વાનુમત્તે પસાર કરવા વિનંતી કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક :૧, ૨, ૩, ૪, ૫, ૮, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૬,૨૭, ૨૮, ૨૯, અને ૩૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૨, ૪, ૬ અને ૧૦૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### સકારાત્મક ચિંતન શિબિર અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે, ગુજરાત વિધાનસભાના સર્વ સભ્યો માટે સમયની પુકાર સકારાત્મક ચિંતન શિબિરનું આયોજન આજરોજ સભાગૃહની બેઠક પૂરી થયે દસ મિનિટ બાદ વિધાનસભા સચિવાલયના ચોથા માળે આવેલ શાસકપક્ષના સભાખંડમાં કરવામાં આવેલ છે, સર્વે સભ્યશ્રીઓએ આ કાર્યક્રમનો લાભ લેવા વિનંતી છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬-૧૧ વાગ્યે પુરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર , ગુરુવાર, તા. ૨૨મી માર્ચ,૨૦૦૭ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા. ૨૨મી માર્ચ, ૨૦૦૭**
**ચૈત્ર ૧, ૧૯૨૯ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮.૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

**શ્રી છત્રસિંહ પું. મોરી (રાજય કક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનામંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠાની સેવાને લગતી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૫૬,૮૬,૧૧,૦૦૦ની માગણી ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલકુમાર મો.પટેલ(બારડોલી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ(ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી છત્રસિંહ પું. મોરી (રાજય કક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્નની સેવાને લગતી, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧૮,૨૩,૨૭,૦૦૦ની તથા મૂડી ખર્ચ માટેની રૂા. ૨૩,૯૫,૦૦૦ની માગણી ક્રમાંક ૨૩ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત(વ્યારા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી હેમાજી દ. રાજપૂત(વાવ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂં કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા(માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મરી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી.**

**મહેસૂલ વિભાગ**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મહેસૂલ વિભાગની સેવાને લગતી, મહેસૂલ વિભાગની રૂા. ૧૭,૯૪,૫૯,૦૦૦ની માગણી ક્રમાંક ૭૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૭૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનીષ ન. ગીલીટવાલા(સુરત શહેર (પૂર્વ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા(માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મરી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મરી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત(વ્યારા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મરી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મરી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂં કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા વહીવટ સેવાને લગતી મહેસૂલ વિભાગની ખર્ચ માટેની રૂા. ૯૫,૫૭, ૫૩,૦૦૦ની માગણી ક્રમાંક ૭૮ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક ૭૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફતો અંગે રાહત સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૫,૦૦,૨૪,૨૭,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂા. ૫,૪૮,૪૦,૦૦,૦૦૦ ની માગણી ક્રમાંક ૭૯ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક ૭૯ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૭-૨૦૦૮ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી ગુરૂવાર, તા.૨૨-૩-૨૦૦૭ (પહેલી બેઠક) (દશમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**<br>**માગણી નં.૨૨** | | |
| ૧. | ૩૪૫૬-નાગરિક પુરવઠો<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-નાગરિક.....કચેરી<br>રૂા.૨,૦૯,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં.૭<br>પા.નં.૧૫ | ૧૦૦ | જીવન જરૂરી ચીજ વસ્તુઓના વધતા જતા ભાવો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અનિલકુમાર પટેલ |
| * ૨. | -- " -- | ૧૦૦ | સબસીડીવાળા રાંધણ ગેસના બાટલાઓનો ટી.સ્ટોલ/હોટલો/કારખાના/દવાખાનાઓમાં થતો વ્યાપક દુરુપયોગ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૩. | -- " -- | ૧૦૦ | નાગરિક પુરવઠા નિયામકની કચેરીના વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૪. | -- " -- | ૧૦૦ | તાબાની કચેરીઓની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| * ૫. | -- " -- | ૧૦૦ | ગેસ એજન્સીઓ ઘ્વારા રાંધણ ગેસના બાટલાઓના થતા ગેરકાયદે વેચાણ સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૬. | -- " -- | ૧૦૦ | ચીજવસ્તુઓનો સંગ્રહ કરનારા સંગ્રહખોરો સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| * ૭. | ૩૪૫૬-નાગરિક પુરવઠો<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૨-ભાવ.....અમલ<br>રૂા.૩,૭૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૭<br>પા.નં.૧૭ | ૧૦૦ | છાપેલી કિંમત કરતાં વધુ ભાવો લેતા ઈસમો સામે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૮. | ૩૪૫૬-નાગરિક પુરવઠો<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૪-ગ્રાહક......પંચ<br>રૂા.૯૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૭<br>પા.નં.૧૮ | ૧૦૦ | પંચ સમક્ષ પડેલા ગ્રાહકોના પડતર પ્રશ્નોનો ઝડપી નિકાલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૯. | -- " -- | ૧૦૦ | પંચની કચેરીમાં અધિકારી/કર્મચારીઓની અપૂરતી સંખ્યાને કારણે કામનું વધતું જતું ભારણ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| *૧૦. | ૩૪૫૬-નાગરિક પુરવઠો<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૨-રોમીંગ રેશન કાર્ડ<br>રૂા.૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૭<br>પા.નં.૨૩ | ૧૦૦ | રોમીંગ રેશનીંગ કાર્ડનું ઝડપી વિતરણ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **માગણી નં. ૨૩** | | |
| ૧૧. | ૨૪૦૮-ખાદ્ય......વ્યવસ્થા | ૧૦૦ | રેશનીંગ કાર્ડ આપવામાં થતો વિલંબ | શ્રીમતી |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧-ખોરાક<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા.૧૫,૨૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૭<br>પા.નં.૫ થી ૭ | | નિવારવામાં તંત્રની ઉદાસીનતા | રશીદાબેન પટેલ |
| *૧૨. | -- " -- | ૧૦૦ | રેશનીંગની દુકાન ચલાવતા લાયસન્સદારોના કમિશનમાં વધારો કરી આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૩. | -- " -- | ૧૦૦ | નિયમિત ચેકીંગ કરી રેશનીંગની દુકાનોના અનાજને કાળા બજારમાં વેચાતું અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૧૪. | -- " -- | ૧૦૦ | રેશનીંગ કાર્ડ ઉપર ગરીબોને અપાતું કેરોસીન ઉંચા ભાવે બહાર વેચી દેતા ઈસમોના લાયસન્સો રદ કરી તેઓ સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૫. | -- " -- | ૧૦૦ | રાહત દરે ફાળવેલ કેરોસીન / અનાજનું કાળા બજારમાં ખુલ્લેઆમ થતું વેચાણ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૬. | -- " -- | ૧૦૦ | વાજબી ભાવની દુકાનો ઉપરથી કાર્ડ ધારકોને પૂરતા પ્રમાણમાં કેરોસીન/અનાજ અપાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૧૭. | --"-- | ૧૦૦ | વાજબી ભાવની દુકાનોની પરવાનગી આપવામાં ચાલતી ગેરરીતિ / ભેદભાવભરી નીતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| *૧૮. | --"-- | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોમાં પૂરતા પ્રમાણમાં વાજબી ભાવની દુકાનો શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૯. | --"-- | ૧૦૦ | વાજબી ભાવની દુકાનોને સમયસર જરૂરી અનાજનો પુરવઠો પૂરો પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીહેમાજી રાજપૂત |
| ૨૦. | ૨૪૦૮-ખાદ્ય......વ્યવસ્થા<br>૦૧-ખોરાક<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા.૧૫,૨૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૭<br>પા.નં.૫ થી ૭ | ૧૦૦ | સમયસર અનાજનો પુરવઠો ન ઉપાડવાના કારણે લોકોને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૨૧. | ૨૪૦૮-ખાદ્ય...........વ્યવસ્થા<br>૦૧-ખોરાક<br>૧૦૧-પ્રાપ્તિ અને પુરવઠો<br>૦૩-ફરતી....યોજના<br>(ગરીબી નાબૂદી કાર્યક્રમ)<br>રૂા. ૧૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પા.નં.૯ | ૧૦૦ | ગરીબી નાબૂદી કાર્યક્રમ હેઠળ "ફરતી દુકાન યોજના"ને કાર્યક્ષમ બનાવવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા |
| | | **મહેસૂલ વિભાગ**<br>**માગણી નં.૭૬** | | |
| ૨૨. | ૨૦૫૨-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રૂા.૬,૧૫,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧<br>પા.નં.૪૧ | ૧૦૦ | તુમારોનો ઝડપી નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩. | -- " -- | ૧૦૦ | ભારતીય સરહદે દુશ્મનો સામે લડતા શહીદ થયેલા ગુજરાતના જવાનોની વિધવા/ કુટુંબીજનોને રાહત/સહાય ચૂકવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મનીષ ગીલીટવાલા |
| ૨૪. | -- " -- | ૧૦૦ | સરકારી જમીનો સસ્તા ભાવે વેચી દેવાતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા |
| *૨૫. | -- " -- | ૧૦૦ | જિલ્લા કચેરીઓની કામગીરીનું મૂલ્યાંકન કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૬. | -- " -- | ૧૦૦ | જિલ્લા કક્ષાએથી આવેલી અને લાંબા સમયથી પડતર દરખાસ્તોનો ઝડપી નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૨૭. | -- " -- | ૧૦૦ | વિભાગ તરફથી બહાર પાડવામાં આવતા ઠરાવો ધારાસભ્યોને નિયમિત/સમયસર મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૨૮. | -- " -- | ૧૦૦ | કુદરતી આપત્તિ સમયે ચૂકવવામાં આવતી સહાયમાં વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૨૯. | -- " -- | ૧૦૦ | સરકારી જમીનો અને ગૌચરની જમીનો ઉપર થયેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૩૦. | -- " -- | ૧૦૦ | કુદરતી આપત્તિના સમયે કેન્દ્ર તરફથી મળેલ રાહતની વહેંચણી કરવામાં રખાતો ભેદભાવ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી રશીદાબેન પટેલ |
| *૩૧. | ૨૦૫૨-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રૂા.૬,૧૫,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧<br>પા.નં.૪૧ | ૧૦૦ | ચોમાસા દરમ્યાન ફલડ કંટ્રોલ શરુ કરી ગંભીર સ્થિતિવાળા ગામોમાં જાનહાનિ અટકે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૩૨. | --"-- | ૧૦૦ | ડિઝાસ્ટર મેનેજમેન્ટની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | **માગણી નં.૭૮** | | |
| ૩૩. | ૨૦૫૩-જિલ્લા વહીવટ<br>(૦૯૩)-જિલ્લા મહેકમ<br>(૦૧)-કલેકટર કચેરીઓ<br>રૂા.૨૫,૧૮,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧<br>પા.નં.૪૮ | ૧૦૦ | કચેરીઓમાં અધિકારી/કર્મચારીઓની અનિયમિત હાજરીને કારણે આમજનતાને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| *૩૪. | --"-- | ૧૦૦ | કર્મચારીઓ પર કામના ભારણના કારણે પડતર કેસોના થતા ભરાવાનો ઝડપી નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૩૫. | --"-- | ૧૦૦ | જિલ્લા ફરિયાદ સમિતિની બેઠકમાં ગેરહાજર રહેતા અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૬. | --"-- | ૧૦૦ | ૭/૧૨ના ઉતારામાં નામો દાખલ કરવામાં તેમજ તેની નકલ મેળવવામાં પડતી મુશ્કેલીઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમાલજીભાઈ દેસાઈ |
| *૩૭. | --"-- | ૧૦૦ | અમદાવાદ કલેકટર કચેરી હસ્તકની શહેરની વિવિધ કચેરીઓનું કોમ્પ્યુટરાઝેશન કરી ૭/૧૨ના ઉતારા | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તથા બી મહેસૂલી માહિતી લોકોને સત્વરે આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૩૮. | --"-- | ૧૦૦ | અમદાવાદ કલેકટર કચેરી હસ્તકની શહેરમાં આવેલ વિવિધ કચેરીઓમાં સત્વરે કોમ્પ્યુટરો ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૩૯. | ૨૦૫૩-જિલ્લા વહીવટ<br>(૦૯૪)-અન્ય કર્મચારી વર્ગ<br>(૧) પેટા-પ્રભાગીય....અધિકારીઓ<br>રૂા.૫૨,૬૭,૪૬,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧<br>પા.નં.૫૨ - ૫૩ | ૧૦૦ | તલાટી અને સર્કલ ઈન્સ્પેકટરોને તેમની ફરજના સ્થળના બદલે હેડ ઓફિસે વધુ સમય પસાર કરતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૪૦. | --"-- | ૧૦૦ | સતત ગેરહાજર / અનિયમિત રહેતા તલાટીઓ સામે યોગ્ય પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **માગણી નં.૭૯** | | |
| *૪૧. | ૨૨૪૫-કુદરતી.......અંગે<br>(૦૨)- પૂર ,વાવાઝોડું વગેરે<br>૧૦૧-મફત રાહત<br>રૂા.૬,૦૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧<br>પા.નં.૭૭ | ૧૦૦ | પૂર અને વાવાઝોડાના સમયે ખરેખર અસર પામેલા લોકોને જ મફત સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૨. | ૨૨૪૫-કુદરતી......રાહત<br>(૦૨)-પૂર, વાવાઝોડું વગેરે<br>૧૦૨-પીવાના પાણીનો પુરવઠો<br>રૂા. ૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧<br>પા.નં.૭૭ | ૧૦૦ | પૂર અને વાવાઝોડાના સમયે અસરગ્રસ્તોને પીવાના શુધ્ધ પાણીનો પુરવઠો સત્વરે પૂરો પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૪૩. | ૨૨૪૫-કુદરતી......રાહત<br>(૦૨)-પૂર, વાવાઝોડું વગેરે<br>૧૧૨-લોકોની હિજરત<br>રૂા. ૧૦,૯૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧<br>પા.નં.૭૯ | ૧૦૦ | પૂર અને વાવાઝોડાને કારણે હિજરત કરીને આવેલા અસરગ્રસ્તોને છાવણીમાં રાખવામાં તથા પૂરતી સવલતો પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૪૪. | ૨૨૪૫-કુદરતી......રાહત<br>(૦૨)-પૂર, વાવાઝોડું વગેરે<br>૧૧૩-મકાનો.......સહાય<br>રૂા. ૧૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧<br>પા.નં.૭૯ - ૮૦ | ૧૦૦ | કુદરતી આપત્તિઓના સમયે મકાનો-ઝૂંપડાઓને થયેલ નુકશાનનો સર્વે સમયસર કરાવી અસરગ્રસ્તોને પૂરતી સહાય કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| *૪૫. | ૨૨૪૫-કુદરતી......આફતો<br>(૦૨)-પૂર, વાવાઝોડું વગેરે<br>૨૮૨-જાહેર આરોગ્ય<br>રૂા. ૭૫,૦૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧<br>પા.નં.૮૧-૮૨ | ૧૦૦ | કુદરતી આપત્તિઓના સમયે ગંદકી સાફ કરવામાં અને જંતુનાશક દવાઓ છંટાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૪૬. | --"-- | ૧૦૦ | કુદરતી આપત્તિઓના સમયે સગર્ભા મહિલાઓને જરૂરી સારવાર તાત્કાલિક આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪૭. | ૨૨૪૫-કુદરતી આફતો અંગે રાહત<br>(૦૨)-પૂર, વાવાઝોડું વગેરે<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૭-શબ-હાડપિંજરોનો નિકાલ<br>રૂા. ૫,૦૦,૦૦૦ | ૧૦૦ | કુદરતી આપત્તિઓના સમયે શબ અને હાડપિંજરોનો ઝડપથી યોગ્ય નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૨૧<br>પા.નં.૮૩ | | | |
| *૪૮. | ૨૨૪૫-કુદરતી......રાહત<br>૦૫-આપત્તિ રાહત ભંડોળ<br>૧૦૧-અનામત......તબદીલી<br>રૂા. ૨,૦૦,૩૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧<br>પા.નં.૮૩ | ૧૦૦ | કુદરતી આપત્તિઓના સમયે કેન્દ્ર તરફથી મળેલ રાહતને અસરગ્રસ્તો પાછળ સત્વરે ખર્ચવામાં તંત્રની ઉદાસીનતા | |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નહીં.**

**અધ્યક્ષશ્રી**: હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે. માનનીય અર્જુનભાઈ..

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અન્ન નાગરિક પુરવઠો અને મહેસૂલ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું.

એક સમય એવો હતો કે ભારતની આ જે ભૂમિ છે એની ઉપર એક ઈંચના પણ માલિક આપણે નહોતા. જ્યાં સુધી અંગ્રેજોનું શાસન નહોતું ત્યાં સુધી રાજાઓની માલિકી હતી એ પછી અંગ્રેજોનું શાસન આવ્યું અને એ અંગ્રેજોનું શાસન નહોતું એ વિસ્તારમાં પણ એક પણ ઇંચ ભૂમિના માલિક આપણે નહોતા. ભારતની તમામ પ્રજાએ આ જમીન ઉપર મજૂરી કરવી પડતી અને મજૂરીમાંથી પણ જે હિસ્સો જે તે વખતના રાજાઓને કે અંગ્રેજોને આપવો પડતો હતો. પરંતુ આપણા વડવાઓએ આઝાદી સંગ્રામની લડત લડી અને રાજકીય આઝાદી મેળવી અને આ જે જમીન હતી એ જમીનના માલિક ખેડૂતોને બનાવ્યા. આઝાદી પછી આ સંઘર્ષ જમીનની માલિકીનો પણ ખૂબ મોટો ચાલ્યો. સોરાષ્ટ્રની અંદર સૌથી વધારે જમીનદારો હતા. ભારતમાં ૭૦૦ રજવાડાઓ હતાં એમાંથી ૨૦૦ રજવાડાઓ તો ફક્ત ગુજરાતમાં જ હતા. આ રાજાઓ પાસેથી જમીન લઈને ખેડૂતોને આપી. ખેડૂતોએ મહેનત કરી અને એના કારણે આજે ગુજરાત સમૃદ્ધ બન્યું છે. એના માટે જો કોઈનો પણ આભાર માનવો હોય તો જે તે વડવાઓનો, સંઘર્ષ કરનારા લોકોનો કે જેના કારણે જમીનદારી પ્રથા નાબૂદ થઈ અને ખેડૂતોને જમીનના માલિક બનાવ્યા અને એ પોતાની જમીન ઉપર મજૂરી કરીને સમૃદ્ધ બન્યા. જમીન સુધારણા થઈ, વેઠ પ્રથા નાબૂદ થઈ, ત્યાર પછી ખેડે તેની જમીનનો કાયદો આવ્યો એના કારણે આજે ગુજરાત જમીન સુધારણાની અંદર સમગ્ર દેશમાં સૌથી પ્રગતિશીલ રાજય ગણાય છે. પરંતુ અત્યારે જે પગલાં લેવાઈ રહ્યા છે એ પ્રગતિશીલ છે ખરા? આઠ કિલોમીટરનો કાયદો દૂર કરવાની જે નીતિ બનાવી છે તેનાથી જે નાના ખેડૂતો, ગરીબ ખેડૂતો, સમાજના છેવાડાના લોકો, માર્જીનલ ખેડૂતો એ ભૂમિ વિહોણા થાય છે કે નહીં એ પ્રશ્ન આપણે કયારેય પૂછયો છે ખરો? એ પ્રશ્ન આપણે કયારેય પૂછયો નથી. તેના કારણે આજે શહેરની આસપાસની જમીન છે, ગરીબ લોકોની જમીન છે એ માલેતુજાર લોકો લઈ લે છે અને એ જ ખેડૂતો પોતાની જમીન ગુમાવીને એ જ ખેતીમાં મજૂરી કરવા જાય છે. એટલું જ નહીં, પણ આ જે જમીનો છે એ બીજા કાયદાઓ લઈ આવ્યા તેના કારણે પણ ગરીબ લોકો પાસેથી જમીન માલેતુજાર લોકો પાસે, સટ્ટાખોરો પાસે ચાલી જાય છે. રાજય સરકાર કોના માટે આ નીતિ બનાવી રહી છે? આત્મખોજ કરવાનો સૌના માટે સમય આવ્યો છે કે જમીનની નીતિ સુધારીશું નહીં તો નકસલવાદને અત્યારે સરહદ ઉપર રોકીને બેઠાં છીએ એ ગમે ત્યારે પ્રવેશી શકશે. જમીનની નીતિ હંમેશા ન્યાયને વરેલી રહેવી જોઈએ. ગરીબ લોકોને રક્ષણ મળવું જોઈએ. તેના બદલે માલેતુજાર લોકોને મળી રહ્યું છે. તેના કારણે મને વારંવાર વિચાર થાય કે પાંચ વર્ષ પહેલાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રી એમ કહેતા હતા કે પાંચ કરોડની પ્રજા માટેની સરકાર છે. આજે પાંચ વર્ષ પછી પાંચ કરોડમાં વધારો થયો નથી. માનનીય અધ્યક્ષશ્રી, એટલે મને આમાં સાચી વાત એટલી લાગે છે કે પાંચ કરોડ પ્રજાની વાત નહોતી થતી પણ મુઠ્ઠીભર કરોડપતિઓની, પાંચ કરોડપતિઓની વાત થતી હશે એટલે પાંચ કરોડપતિઓ વધ્યા નહીં હોય. તેની મૂડી જરૂર વધી છે અને એટલા માટે જે નીતિ થઈ છે તેનાથી કરોડપતિઓને ફાયદો થયો છે અને તેના માટે નવી નવી ફૉર્મ્યુલા શોધી કાઢે. ફળદ્રુપ ભેજામાંથી કયાંથી આવે છે. આ રાજય હંમેશા પ્રથમ નંબરનું, બીજાં નંબરનું રાજય રહ્યું. કોઈ દિવસ એમ.ઓ.યુ. કરવાની કયાંય જરૂર ન પડે અને આ નવી એમ.ઓ.યુ. ફૉર્મ્યુલા લઈ આવ્યા અને

આટલા એમ.ઓ.યુ. થયા, આટલું ઈન્વેસ્ટમેન્ટ થઈ ગયું. આપણે જાહેરાત કરી દીધી, પણ ખરેખર વાસ્તવિક રીતે જે થયું તેમાં ઉદ્યોગો આવ્યા કે નહીં તેની ખબર નથી. તમારા રેકૉર્ડમાં એમ કહે છે કે ઉદ્યોગોમાંના જે એમ.ઓ.યુ. થયા છે તેનું ૧૪ ટકા અમલીકરણ નથી થતું. (અંતરાય) આ વાત આવે, અશોકભાઈ, આ એમ.ઓ.યુ. શેના માટે થાય છે તેની વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : એવી વાત નહીં કરી શકાય. આજે આમાં નહીં લેવું, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ એમ.ઓ.યુ. એટલા માટે થાય છે કે આ સરકારી જમીનો છે. એ જમીનો ઉપરનો કબજો ઉદ્યોગપતિઓને જોઈએ છે અને એ એમ.ઓ.યુ. કરે તો જ જમીન મળે અને એમાંય બીજે કયાંય નહીં, જ્યાં કિંમતી જમીનો હોય ત્યાં હંમેશા આ કરોડપતિની નજર હોય અને સરકાર તેના માટે લાલ જાજમ પાથરતી આવી છે. આ એમ.ઓ.યુ.ને કારણે ઉદ્યોગો નહીં, ઉદ્યોગપતિનો વિકાસ ખૂબ થયો છે અને તેની પાસે હેકટર, બે હેકટર, પાંચ હેકટર, પચાસ હેકટર જમીન હતી ત્યાં હજારો એકર જમીન, લાખો એકર જમીનના કબજા એ લોકોને મળી ગયા છે અને ઉદ્યોગપતિઓને ઉદ્યોગ નાખવાને નામે જમીનોની લ્હાણી થઈ છે. ગરીબ લોકોને લ્હાણી કરવાનું આ સરકારને સૂજયું નથી. ભૂમિવિહીન મજૂરો માટે તેમને સૂજયું નથી. માત્ર હું એક જ ઉદ્યોગપતિની વાત કરું છું. એક જ ઉદ્યોગપતિને સરકારે જે જવાબ આપ્યો છે તે પ્રમાણે ૪૦ હજાર હેકટર એટલે કે એક લાખ એકર જમીન એક ઉદ્યોગપતિને આપી. જ્યારે ગુજરાતના તમામ ગરીબ લોકોને, જમીન વિહોણા લોકોને ૧૦,૦૦૦ એકર જમીન આપી હોત તો આપણે ખુશ થાત. આ એક ઉદ્યોગપતિને એક લાખ એકર જમીન અપાઈ. (અંતરાય) મંત્રીશ્રીને જવાબ આપજો. જવાબ આપજો એનો. આ એક લાખ એકર જમીન છે એ એક લાખ ભૂમિહીન મજૂરોને આપી શક્યા હોત. પણ કરોડપતિઓ માટે લાલ જાજમ પથરાય છે. ગરીબ લોકો માટે ટોટલ સરવાળો કરીએ તો એક લાખ એકર જમીન આપતી નથી અને બધા જ ઉદ્યોગપતિઓની ગાંધીનગરથી શરૂ કરીને વાપી સુધીનો ગોલ્ડન કોરીડોર છે તેના ઉપર જ નજર જાય છે. શા માટે? કે ત્યાંની જમીનો કિંમતી છે. અહીં ગાંધીનગરમાં જ ડી.એલ.એફ. અને રાહેજા જેવા બિલ્ડરોને, જેને આઈ.ટી.નો આઈ નથી આવડતો, જેની જિંદગીમાં, કૉર્પોરેટ કલ્ચરમાં આઈ.ટી.ના ઉદ્યોગો કયારેય શરૂ કર્યા નથી એની જમીનો ૫૦૦ રુપિયે વાર, ચોરસ મીટર જમીનો અપાઈ અને જે આપણા વચન આપીને લઈ આવેલ, આપણું જે સાઉથ વેસ્ટ એરકમાન્ડ છે જોધપુરથી અહીં ગાંધીનગરમાં આવ્યું એ કોતરોની જમીન માગે છે એની પાસે ૧૧૦૦ કરોડ રૂપિયા માગીએ છીએ કારણ કે એ લોકો શહીદ થાય છે અને આ ઉદ્યોગપતિઓ સરકાર માટે શહીદ થાય છે. પેલા દેશ માટે શહીદ થાય છે. આ મુઠ્ઠીભર લોકો માટે કોઈના હાથ ભીના કરી દઈએ એના કારણે આપણી આટલી કિંમતી જમીનો આ લોકોને આપી દઈએ છીએ. હું તો માગણી કરુ છું કે જે ઉદ્યોગપતિઓને જમીન આપી છે એમાં સરાઉન્ડીંગની અંદર કેટલા રુપિયામાં જમીન આપી એની તપાસ થવી જોઈએ. કેટલા વર્ષમાં ઉદ્યોગો શરૂ કર્યા એની તપાસ થવી જોઈએ. પણ એ થતી નથી. એરપોર્ટના વિકાસ માટે જમીન જોઈતો હોય તો મળે નહીં પણ આવા લોકો માટે જમીનો છે. તાત્કાલિક ઓર્ડર થઈ જાય અને આ બિલ્ડરોની જમીન છે એ બિલ્ડરોની જમીન માટે તો વિભાગ ભલામણ કરે કે ૯૦ કરોડ રૂપિયાની કિંમત થાય છે એની રાતોરાત ૫૦ કરોડ રુપિયા કિંમત થઈ જાય. મારે આપના મારફત એટલી વિનંતી કરવાની છે ટ્રેઝરી બેંચને કે ગુજરાતમાં ૫ કરોડપતિઓ નહીં પણ ૫ કરોડ કરતા વધારે પ્રજા વસે છે એની ચિંતા કરવી જોઈએ. એને ૧૦૦ વારના પ્લોટ મળે છે કે નહીં એની ચિંતા કરવી જોઈએ પણ એની સરકારે કયારેય ચિંતા કરી નથી અને પેલા ગરીબ લોકો છે (અંતરાય) પેલા ગંજેરીબાપુઓ છે ને ત્યાં બેઠા બેઠા વરલી મટકાના આકડા કાઢે છે. આ દુડી લાગી, એક્કો લાગ્યો, પંજો લાગ્યો અને પેલા બરબાદ થઈ ગયા છે.

**શ્રી સી.ડી. પટેલ** : તમારો અનુભવ સારો લાગે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અનુભવ તો તમને સી.ડી. પટેલ ખબર હશે આ બધી બાબતોની ગામોગામ આવા અનુભવ છે અને તમારા રાજમાં તો વરલી મટકાવાળા ગામોગામ પહોંચી ગયા છે. મને અશોકભાઈની બહુ ચિંતા થાય, કારણ કે એમણે જિંદગીમાં આ બહુ કામ કર્યુ હતું. ગરીબોના નામે આંસુ સારવાનું, ખાડીયાની બહેનો છે એ આંસુઓથી લોટ બાંધે છે. તેલના ખાલી ડબાઓ લઈ લઈને નીકળતા હતા અને આજે ખેડૂતો પાસેથી જે મગફળી હતી એ સસ્તા ભાવે લેવડાવી દીધી અને આજે તેલના ભાવ આસમાનને આંબી રહ્યા છે. અગાઉની સરકારોને એમ કહેતા હતા કે તમે બફર સ્ટૉક કરો, સસ્તા ભાવે આપો, અને હવે આવી કોઈ વાત થતી નથી અને એમ કહે કે એ તો ભાવવધારો તો કેન્દ્ર સરકારને કારણે થયો. પુરવઠા અધિકારીઓ તમારા શું કરે છે? એ બધી મીલી ભગત કરે છે બધાની જોડે અને અત્યાર સુધી એમ કહેતા હતા કે તમામ સરકારો આવી એણે બફર સ્ટોક કર્યો. આ સરકારે બફર સ્ટોક ન કર્યો પણ બફર જમીનો ઉદ્યોગપતિઓ માટે રિઝર્વ રાખી છે. ગરીબ માણસોની ઝૂંપડા તોડવાના અને ઉદ્યોગપતિઓને લાખો એકર જમીન આપી દેવાની. આ હાય ખાઈ જવાની છે. અને એટલા માટે કહું છું આ સરકાર ૫ કરોડ પ્રજાની નહીં ૫ કરોડપતિઓની ચિંતા કરે છે. મારે થોડાક દાખલાઓ આપવાના છે. અગાઉની વખતની અંદર જે ગણોતિયાઓ હતા જે ભૂમી ઉપર ખેતી કરતા હતા અને ૩૫થી જે લોકો જમીનમાં રહેતા હતા એને ગણોતિયા તરીકે ઠરાવ્યા. આ ઠરાવેલા ગણોતિયાઓ હતા અને પછી આ સરકારે આ ગણોતિયાના જે બાકી રહી જતા હતા કે કેસના નામે અમૂક કેસો

ચલાવ્યા. ગણોતિયા તો ઝૂંપડામાં રહેતા હોય પણ એ ગણોતિયાઓની પાવર ઑફ એટર્ની હોલ્ડર છે એ કરોડપતિ બિલ્ડર હોય એની જમીનો ગણોતિયાના નામે ખોટી રીતે ચડાવવામાં આવી પછી અગાઉના જૂના કેસો હતા લેન્ડ સીલીંગ જયાં લાગતી હતી ત્યાં એ ગણોતિયાના ૫-૬ બનાવટી દીકરાઓ ઉભા કરવામાં આવ્યા. એ બધા કોણે કર્યા? બિલ્ડરોએ કર્યા. એની પાવર ઑફ એટર્ની કરી અને એ જમીન છે ગણોતિયાની પોતાના નામે કરાવી લીધી. વડોદરાના કલેકટર છે એક વખતના એના ધ્યાનમાં આ આવ્યું. એટલે ૫-૭-૨૦૦૦ના રોજ આ વડોદરાના કલેકટરે ગુજરાત મહેસૂલ પંચ અમદાવાદની કોર્ટમાં સોગંદનામું કર્યુ. અને એણે કહ્યું કે ગણોત ધારાની કલમ ૭૦(આ) હેઠળ જમીનની તબદીલી થઈ જાય તો સરકારને પ્રીમિયમનું કરોડોનું નુકસાન થાય તેમ છે એટલે અમે ફેરતપાસ માટેની અરજી દાખલ કરીએ છીએ. કલમ ૭૦(ઓ)ના પ્રોસિડિંગો ચલાવેલ છે એના ઉપર સ્ટે આપવાની માગણી કરી. ગુજરાત રેવન્યુ ટ્રિબ્યુનલે એના ઉપર સ્ટે આપ્યો. આ તા. ૫-૭-૨૦૦૦ની વાત કરું છું. પછી એક નવા કલેકટર આવ્યા. તા. ૯-૧૦-૨૦૦૧ના રોજ એણે ગુજરાત રેવન્યુ ટ્રિબ્યુનલમાં ફરી અરજી કરી અને એવી વાત કરી કે અમે હવે જે અગાઉના કલેકટરે અરજી કરી હતી એ વીથડ્રો કરીએ છીએ અને અમને આ અરજી વીથડ્રો કરવાની મંજૂરી આપવામાં આવે અને સ્ટે વેકેટ કરવામાં આવે. એટલે રેવન્યુ ટ્રિબ્યુનલે નિર્ણય લીધો એમાં લખ્યું છે કે, "Before this Revision Application comes up for final hearing, the ld. Special Government Pleader Mr.I.A. Pathan has filed on application dated ૨૫-૭-૨૦૦૧ stating that the Collector, Vadodara has requested him to withdraw this Revision Application because the Government, vide its order dated ૩0th June, ૨૦૦૧, directed them to withdraw this Revision Application."

માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં એફિડેવિટ એવી થઈ કે રાજ્ય સરકારે અમને સૂચના આપી છે કે ૭૦(ઓ)ના પ્રોસિડિંગ્ઝ છે એમાં અમારા અગાઉના કલેકટરે જે સ્ટે કરવાનું કહ્યું છે, ગેરરીતિ કરવાનું કહ્યું છે અને એમાં સરકારના જમીનના કરોડો રૂપિયાના પ્રીમિયમ લેપ્સ જાય છે એની વાત કરી છે. એ એપ્લિકેશન વીથડ્રો કરવાની અમને સૂચના આપી છે અને રેવન્યુ ટ્રિબ્યુનલે આ એપ્લિકેશન વીથડ્રો કરવાની મંજૂરી આપી. એના કારણે જે જમીનની અંદર કરોડો રૂપિયાની રાજ્યને આવક થવાની હતી એ કરોડો રૂપિયાની આવક જતી કરવી પડી. કોના લાભાર્થે? ગણોતિયાના લાભાર્થે નહિ, ગણોતિયો તો ઝૂંપડામાં રહેતો હતો પણ એના નામે જે બિલ્ડરોએ પાવર ઑફ એટર્ની લીધા હતા એના લાભાર્થે આ કરવામાં આવ્યું. આના પછી •* (xxxx)
xxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxx
xxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxx
xxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxx
xxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxx
xxxxxxxxxxxx

**અધ્યક્ષશ્રી** : પોઈન્ટ ઓફ ઓર્ડરના અનુસંધાનમાં જે શબ્દો હશે એ શબ્દ દૂર કરવામાં આવશે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) (ક્રમશ:)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર છે એ કેવા પરિપત્ર કરે છે, પરિપત્રની હું વાત કરું છું મેં કહ્યું તેમ રાજય સરકારે ગણોતધારાનો પરિપત્ર કર્યો છે. એ તા.૧૬-૧૦-૨૦૦૩ના રોજ કર્યો છે અને એમાં એવું કહ્યું કે ગણોતધારાના લાભ માટેની કલમોનો દુરઉપયોગ થાય છે એટલે ગણોતિયાની દાવા અરજી અને નિવેદન અત્યંત આવશ્યક છે આમછતાં આ બાબતની ચકાસણી જિલ્લા કક્ષાએ કરવામાં આવતી નથી અને અનિયમિતતા થતી હોય એવું જણાયું છે. આ નિર્ણય રાજય સરકારે ૨૦૦૩માં લીધો અને એના પછી ગમે તેમ થયું પણ રાજય સરકારનો હંમેશા પરિપત્ર હોય એ જાહેર થતો હોય છે. ઈવન વેબસાઈટ ઉપર મુકાય છે પણ આ સરકારે કરોડપતિ માટે ખાનગી પરિપત્ર બહાર પાડયો છે. અને મહેસૂલ વિભાગે ખાનગી પરિપત્ર તા.૨૭-૫-૦૫ના રોજ બહાર પાડયો અને મેં કહ્યું તેમ અગાઉ પરિપત્ર હતો તા.૧૬-૧૦-૦૩ અને પછી તા.૨૭-૫-૦૫ એ સમય દરમિયાન આખા ગુજરાતમાં ૭૦ હેઠળના જેટલા પ્રોસીડીંગ ચલાવેલા હતા એ તમામ પ્રોસીડીંગ ચલાવી ગણોતિયા માલિક બની ગયા અને માલિક બનાવ્યા પછી એને કોઈ જગ્યાએ જુના લેન્ડ સીલીંગ હેઠળ પ્રોસીડીંગ ચાલતા હતા એના નાના નાના યુનીટ આપી દીધા ૧૫૦૦-૧૫૦૦ના અને બાકીની જમીન બિલ્ડરોએ પોતાના ખાતે ચડાવી દીધી એ પછી સરકારના ધ્યાનમાં આવ્યું કે આ તો કરોડપતિ દુ:ખી થઈ જાય છે. અમુક કલેકટરે આવી ગુજરાતમાં આવા પ્રોસીડીંગ છે એ રીવ્યુ થાય ગરીબ કરોડપતિને નુકસાન જાય તેમ છે, ગરીબ ગણોતિયાની વાત ન કરી એટલા માટે તા.૨૭-૫-૦૫ની અંદર આ સરકારે ખાનગી સૂચના કલેકટરને આપી. કલેકટરે ખાનગી સૂચના આપી એના પાંચમા કલોઝમાં બહુ સ્પષ્ટ સૂચના આપી ગણોતધારાની કલમ-૭૦-ઓ હેઠળ મામલતદાર કૃષિ પંચે કરેલા હુકમ ગ્રાહ્ય રાખવામાં આવ્યા બાદ સવાલવાળી જમીનો જમીન મહેસૂલ

• * (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સબજયુડિસ મેટર અંગેની આખી ચર્ચા અને શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કાયદાની કલમ-૬૫ની જોગવાઈ મુજબ બીન ખેતીના હેતુ માટે પરવાનગી આપવામાં આવી હોઈ અને બીન ખેતી માટે ઉપયોગ શરૂ થઈ ગયો હોય તેવા કેસો મહેસૂલ વિભાગના તા.૧-૩-૬૮ના પરિપત્ર ક્રમાંક સો એન્ડ સો મુજબ સૂચના મુજબ ગણોતધારાની જોગવાઈ લાગુ પડતી નથી તે સંજોગોમાં આવા કેસની પુનઃચકાસણી કરવાની રહેશે નહીં. એટલે આ પરિપત્ર પહેલા જેટલી આ પ્રકારની મંજૂરી અપાઈ એ તમામ કેસોની પુનઃચકાસણી કરવાની આ સૂચનાથી ના પાડી અને એને કારણે જે અબજો રૂપિયાની જમીન છે એ જમીન બિલ્ડરોએ સોસાયટી બનાવીને દઈ દીધી અને અબજો રૂપિયાનું સરકારનું પ્રીમિયમ એ બિલ્ડરોના લાભાર્થે જવા દીધું. ગરીબ લોકોને સો ચોરસવારના પ્લોટ આપ્યા નહીં અને બિલ્ડરો જે ગણોતધારાનો લાભ લઈને અબજો રૂપિયા. અને આ જમીન ઓછી નથી અને આની અંદર સરકારને એક કરોડ, બે કરોડ, એક અબજ, બે અબજ નહિ, પણ કેટલું? અબજો રૂપિયાનું રાજ્યની તિજોરીને નુકસાન થયું છે. (અંતરાય) સાંભળવા બેસીશ. સંભળાવજો ગુજરાતની પ્રજાને. ૧૦૦ વારના પ્લોટ ન આપ્યા અને જે લોકોએ આવી અરજીઓ કરી, એ અરજી કરનારાઓને ખંડણીઓ ઉઘરાવે છે, તેવા આરોપસર એક જ દિવસમાં ૩ વ્યક્તિઓને પકડી જેલમાં મોકલી અને એમાંથી એક અરજદાર હતો એ ૭૫ દિવસ જેલમાં રહ્યો, બીજો ૧૫૦ દિવસ જેલમા રહ્યો અને ત્રીજો ૬૫ દિવસ જેલમાં રહ્યો (અંતરાય) આ વકિલાત કોણ કોની કરે છે. રેકર્ડ ઉપરથી કહું છું. મારા પહેલાની વાત નથી. મારે મારા સભ્ય મિત્રને ડાયલેમામાં નથી મૂકવા. વડોદરાના સભ્ય છે, એટલા માટે બાકી આ બધી જ એમણે જાહેરની અંદર વીડિયોની સામે કહ્યું છે કે આટલી આવક જો સરકારે રેવન્યુ પ્રીમિયમની મળતી હતી, તે જવા દીધી ન હોત તો વડોદરા શહેરની થાત. રાજ્યે બરોડા શહેરને એક રૂપિયાની ગ્રાન્ટ ન આપવી પડે, તેટલી આવક ૭૦(ઓ) ના કેસમાંથી થઈ શકે. તે થવા દીધી નહિ, કારણ ગરીબ કરોડપતિઓ દુખી થઈ જાય અને આ સરકારને તે પોષાય તેમ નથી. ઉત્સવો ક્યાંથી થાય? બીજા બધા આયોજનો થાય એ ક્યાંથી થાય અને એટલા માટે જે આ પ્રકારના પ્રોસીડિંગ્સ ચાલ્યા, ઉદ્યોગપતિઓને આપવાથી માંડીને બીજી બધી બાબતમાં એનાથી આ રાજ્ય સરકારને જબરજસ્ત નુકસાન થયેલ છે. મારી માગણી છે માનનીય મંત્રીશ્રી પાસે આ આખા ગુજરાતના ૭૦(ઓ) ના પ્રોસીડિંગો ચાલ્યા છે, એને સમઅપ કરી એક હાઈકોર્ટના ન્યાયમૂર્તિ હોય એની પાસે તપાસ કરાવે તો ખ્યાલ આવશે અને બીજું આ ખાનગી પરિપત્ર શું કરવા બહાર પાડ્યો? ખાનગી લખીને? એનો ખુલાસો જરૂર કરે. સર્ક્યુલર હોય એ તો જાહેર હોય અને એને રાજ્ય સરકારે છુંપાવવાનો શું હોય. અત્યારે તો જે એક્ટ બનાવ્યો છે એ એવો છે કે માહિતી અધિકારનો, એમાં તમારી ફાઈલમાં શું લખ્યું છે તે જાણવાનો બધાને અધિકાર છે. આ સર્ક્યુલર શું કરવા ખાનગી રાખ્યો? કારણ શું બન્યું? રાજ્યના કોના લાભાર્થે? ૨૦૦૩ ની અંદર સૂચના આપી કે પ્રોસીડિંગ્સ બંધ કરો અને ૨૦૦૫ માં કહ્યું હવે ચાલુ કરો અને અગાઉના કોઈ ચેક કરવા નહીં. આ દરમ્યાન કોણે કોની સાથે મંત્રણા કરી? કોણે શું મેળવ્યું? કોના લાભાર્થે થયું એનો જવાબ રાજ્ય સરકારે ગુજરાતની પ્રજાને અને હાઉસને આપવાનો છે. મારે એટલું જ કહેવું છે કે ગરીબ લોકો છે એ જમીનો ગુમાવે છે. જે લોકો કુદરતી આપત્તિથી દુઃખી થાય છે, એનો કોઈ ભાવ પૂછાતા નથી. ( સમય સૂચક ઘંટડી ) હું એક જ મિનિટમાં પૂરું કરવાનો છું. કેન્દ્ર સરકાર પાસે પૈસા માગીએ. કેન્દ્ર સરકાર પૈસા આપે અને અમે પૂછીએ જેટલા આપેલા એ પૈસામાંથી તમે કેટલા પૈસા વાપર્યા? ત્રણ વખત પ્રશ્ન પૂછ્યો અને ત્રણેય વખત કહ્યું આટલી નુકસાની, આટલી નુકસાની, પણ આંકડા ન આપ્યા. ૭૯૨ કરોડ કેન્દ્ર સરકારે આપ્યા. વાપર્યા કેટલા, એની વાત નથી કરતા? પાછા એમ કહે છે કે શરતો કેન્દ્ર સરકાર મૂકે છે. શરતો ૮ વર્ષથી છે. આજથી નથી અને સી.આર.એફ. અને એન.સી.સી.એફ. નું જ્યારથી આયોજન થયું, તે વખતથી શરત છે અને તે શરત મુજબ વાપરવાના હોય. તમે ગાંધીનગરમાં ઉત્સવ કરો, તેમાં પૈસા ન આપે. કોઈ જગ્યાએ બીજું કઈ કરવું હોય કે ફોટા છપાવવા માટે પૈસા ન આપે. ગરીબ લોકોને, ખેડૂતોને, સામાન્ય લોકોને જે મદદ કરવાની છે એમને માટે આપ્યા હોય. એમાં તમે ઉદારતાથી આપો. એમાં ના નથી, પણ એ પૈસા પણ બીજા ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે વાપરવાની વૃત્તિ હોય તો રાજ્ય સરકારે પોતે વાપરવા જોઈએ અને ગરીબ લોકોને મદદ કરવી જોઈએ જે સરકારે નથી કરી. મને દુઃખ છે કે હજુ ૫ કરોડ પ્રજાની વાત લઈને ગયા હતા અને ૫ કરોડપતિઓની વાત કરી અને આ સરકાર જવાની છે. એમાં કોઈ બેમત નથી અને તપાસ પંચની માગણી સ્વીકારે તેવી વિનંતી સાથે હું મારું પ્રવચન પૂરું કરું છું.

**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજની માગણીઓમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની માગણીઓને અનુમોદન આપવા અને તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક વખતે શાળામાં નિબંધ પૂછાયો. તે નિબંધમાં એવું કહ્યું હતું કે ગરીબ વ્યકિત ઉપર, ગરીબ માણસ ઉપર લખીને લાવવું. એક વિદ્યાર્થીની બહેન તે પોતે જન્મથી સિલ્વર સ્પુન ઈન માઉથ એટલે કે જન્મથી સમૃદ્ધ હતી. તેણે નિબંધમાં લખ્યું કે એક ગરીબ માણસ હતો. તેના બંગલામાં રહેનારો કામવાળો ગરીબ હતો. તે ગરીબ માણસનો ડ્રાઈવર પણ ગરીબ હતો. તેને ત્યાં ચોકી કરતો ચોકીદાર પણ ગરીબ હતો. જેણે ગરીબી જોઈ નથી, માનનીય અધ્યક્ષશ્રી, જોઈ નથી મને યાદ છે કારણકે સૌથી મોટા ઘણા મોટા આંદોલનો કર્યા છે તેમાં સૌથી મોટા આંદોલન અને વિપક્ષના આગેવાનને હું યાદી આપવા માગું છું. સૌથી મોટા બે આંદોલનો કર્યા, અમે મોંઘવારી સામે અને બીજું ગુંડાગીરી સામે. અમે બેઠા ત્યારે બંનેને નાબૂદ કરીને બેઠા છીએ. એટલા માટે અમે

આંસુના કણકથી લોટ બાંધવાની જ્યારે માનનીય અશોકભાઈ વાત કરે છે ત્યારે તેના આંસું પોતાની આંખમાં લઈને વાત કરે છે. ભારતીય જનતા પાર્ટીનો પ્રત્યેક કાર્યકર્તા તે રીતે વાત કરે છે. તમારા ચેરપર્સને રસોડું જોયું નથી, જેણે રસોડું જોયું નથી તેને ગૃહિણીઓના આંસુઓની ખબર કેમ પડે? ગૃહિણીઓ આંસું પણ ન પાડી શકે તેવા આંસું સૂકવી દીધા છે તમારા રાજમાં. એટલા માટે તમારા વિત્તમંત્રીએ અડદ અને તુવરના વાયદાઓ બંધ કરવા પડ્યા. એક જમાનો એવો હતો કે ડિમાન્ડ અને સપ્લાય ઉપરથી ભાવ નક્કી થતા હતા. માંગ અને પુરવઠાના આધારે ભાવ નક્કી થતા હતા. અત્યારે પુરવઠાનું વિચારતા નથી અને ખાલી વાયદાના સોદા કરવાના અને તેમાં પણ તંત્ર ઉપર તમારો કાબૂ નથી અને તંત્ર ઉપર કાબૂ નહીં હોવાના કારણે અડદ અને તુવરના દસ ટકા પૈસામાં દસગણા વાયદાના સોદાઓ થાય છે. તેના કારણે નહીં ખાલી ગુજરાતની પણ આખા હિન્દુસ્તાનની ગૃહિણીઓના આંસું સૂકવી નાંખ્યા છે. તમારા યુ.પી.એ.ના ચેરપર્સને રસોડું જોયું નથી એટલે. તમને ખબર નહીં પડે. અમારું એગ્રીકલ્ચર પ્રોડકશન કેટલું છે. હું નાગરિક પુરવઠા ઉપર બોલવા ઉભો થયો છું અને તમે પાછા કયાંક બીજે લઈ જશો. અમારું એગ્રીકલ્ચર પ્રોડકશન કૃષિ મહોત્સવના કારણે બે ગણું, અઢી ગણું અને પાંચ ગણા સુધી અમે પહોંચાડી શકયા છીએ. ખેડૂતોને અમે સમજણ આપી છે કે આ વાવો. અત્યારે કપાસમાં કેટલો ફાયદો છે આવો મારા વિસ્તારમાં જોઈ લો. શું વાવે છે અને શેના કારણે આ થઈ રહ્યું છે? તમને ખેડૂતોનું હિત નથી એટલે કાલે ખેડૂતોની વાત કરતા હતા તેમાંથી ચાલ્યા ગયા હતા. આજે નવી વાત કરો છો.

માનનીય અધ્યક્ષશ્રી, મને ખબર નથી પડતી કે અહીંયાં ક્યારેક વિષય જુદો છે પણ અહીંથી કયારેક પરિપત્રની, સરકારના પરિપત્રોની વાતો થાય છે. એક સમય હતો. તમે બેસો. અમારા શાસનમાં આઠ કિલોમીટરની મર્યાદા બહાર જમીન રાખવાની છૂટ ન હતી. તેમના શાસન વખતે તેમ છતાં અમારા ભાવનગર જિલ્લાના ગામડાના ખેડૂતોની એન્ટ્રીઓ સુરતમાં આ લોકો પાડતા હતા તેમને શું કહેવાનું? કોઈ સરકાર પરિપત્ર બહાર પાડે, ભ્રષ્ટાચાર રોકવા બહાર પાડે, ગેરરીતિ રોકવા બહાર પાડે, અનિયમિતતાઓ અટકાવવા બહાર પાડે તે પરિપત્રમાં સાહેબ ૪૫ મિનિટ લીધી. જે જાહેર વાત છે. હું જે વાત કરવા માગતો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરવા માગતો હતો કે, અન્ન અને નાગરિક પુરવઠાએ આ રાજયના ગરીબો એ બીપીએલ કે અંત્યોદય યોજના નીચે આવે છે, આ રાજયના ગરીબોને માટે બીપીએલ નીચે પોણા ચાર લાખ ટન અનાજ છેલ્લા નવ મહિનામાં, અંત્યોદયની નીચે પોણા બે લાખ ટન કરતાં વધારે અનાજ, બે રૂપિયે કિલો ઘઉં અને ત્રણ રૂપિયે કિલો ચોખા અને દરેકના ઘરમાં ઓછામાં ઓછી ૫૦ રૂપિયા સબસિડી આપીને સરકારે બે બે મણ અનાજ, દોઢ થી બે મણ અનાજ એક કુટુંબના ઘરમાં અંત્યોદય નીચે મળે અને ૬૦-૭૦-૮૦ રૂપિયામાં એનું ઘર ચાલે, મહિનાના દાણા એના નીકળી જાય આવી યોજના વર્ષોથી આ ભાજપના શાસને મૂકી છે અને એટલે મેં કહ્યું કે, અમને ખબર છે કે આંસુથી કણક બાંધવી એટલે શું અને એટલે આંસુથી કણક ગૃહિણીઓએ ન બાંધવી પડે એનો સૌથી પહેલો વિચાર જો કોઈએ કર્યો હોય તો એ ભાજપના શાસને કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ગુજરાતમાં અતિવૃષ્ટિ થઈ, સૌરાષ્ટ્ર સિવાય એ દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાત આ બધા માટે અન્ન અને નાગરિક પુરવઠાના તંત્રએ દોડીને, હજી તો આપત્તિ આવે એની આગાહી પણ થઈ હોય, એનું અનુમાન પણ હોય ત્યાં તો એના ફૅમિલી કીટ્સ તૈયાર કરીને લોકો સુધી પહોંચાડવામાં આવે, એની સાથે સાથે અહીંયા ગઈકાલે એક વિપક્ષના આગેવાન મહિલા અને બાળ વિકાસ વિષે કોઈ એક ઉલ્લેખ કરતા હતા ત્યારે હું એમના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે, આદિજાતિ કન્યાઓ, જેના ઘરમાં બે કન્યાઓ ભણે એને વર્ષે છ મણ જેટલું અનાજ એના ઘરમાં મફત જાય, ૬૪ વર્ષની કે એથી વધુ ઉંમરના નિરાધાર વૃદ્ધોના ત્યાં અર્ધો મણ જેટલું અનાજ જાય, આંગણવાડી, બાળ વિકાસ, ધાત્રી માતાઓ, સગર્ભા મહિલાઓ એમના માટેની જે યોજનાઓ છે મકાઈની અને એ બધી યોજના છે, ત્યારે મારે તો ખાલી એટલું જ કહેવું છે કે, આ બધા કામમાં ૧૮ લાખ થી ૩૫ લાખ જેટલા બીપીએલના કાર્ડ જાય, ત્યારે એની પાછળનો ઇરાદો શું હતો? અને કરવા શું માગતા હતા? આ રાજયમાં ગરીબો માટે આ સરકાર શું કરવા માગતી હતી? તો સૌથી મોટા બે દાખલા જ કહેવા માગું છું. રાજયમાં રૅશનિંગની દુકાનો આવી છે દીનદયાળ ગ્રાહક ભંડાર કે એફ.પી.એસ. કહીએ છીએ તે રૅશનિંગની દુકાનોનું વર્ષો સુધી કમિશન એકનું એક રાખ્યું, અને સામે સ્પર્ધાઓ વધતી ગઈ, અને સ્પર્ધાઓ વધતી ગઈ એના કારણે ક્યાંક ક્યાંક ફરિયાદો આવી, અને એ ફરિયાદો એવી આવી કે કમિશન ઓછું મળે છે અને કમિશન ઓછું છે એના કારણે એ લોકો વસ્તુઓ ઓછી આપે કે ક્યાંક બારોબાર વેચી નાખે એવી બધી ફરિયાદો આવી. દુકાનદારો પણ એની આવક પૂરી પ્રાપ્ત ન કરી શકે. એમાં ધરમૂળથી આનો વિચાર કર્યો કોઈએ અને એનો વિચાર કરીને આખુય પ્લાનિંગ આપી, આખુય આયોજન આપી, રાજયએ આખુ આયોજન આપીને રાજયમાં જે સ્પર્ધાઓ છે શોપિંગ મોલ ઊભા થયા છે, ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ ઊભા થઈ રહ્યા છે તો એની સામે આ રૅશનિંગ દુકાનો એ ખાલી ખંડેરની માફક એ ઘઉં, ચોખા, તેલ, ખાંડનો કે કેરોસીનનો વહીવટ કરવાને બદલે એની અંદર અમૂલ હોય કે બીજી સંસ્થાઓ હોય એની વસ્તુઓ એ વેચે. જેથી એસ.ટી.ની પણ ચાલી શકે, અને એ ત્યાં મોબાઈલના કાર્ડ પણ મળે, શોપિંગ મોલની નવી સ્પર્ધાઓ આવી રહી છે એની સામે ગામડાનો અને ગરીબ વિસ્તારમાં રહેનારો રૅશનિંગની દુકાન ચલાવનારો માણસ પણ એની સામે ઊભો રહી શકે. આ પહેલો

વહેલો વિચાર આ રાજયની ભાજપની સરકારે અને એના મંત્રીશ્રીઓએ કર્યો છે એ માટે હું એમને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મોટી વાત એ છે કે વર્ષોથી ફરિયાદો કેરોસીનની હતી, આખાય દેશમાં ગુજરાત રાજય પહેલું છે કે, બધાને એકસમાન કેરોસીન આપી શકાય.માનનીય અધ્યક્ષશ્રી, એક સરખું. કેટલા લિટર, ભાવનગરને જુદું મળે, અમદાવાદને જુદું મળે મહેસાણામાં જુદું મળે એવું નહીં, એક સમાન મળે અને કોઈને અન્યાય નહીં અને કોઈ અસમતુલા નહીં. એની સાથે સાથે ફકત કેરોસીન પહોંચાડવું એવું જ નહીં કેરોસીનનો કલર હોવા છતાં એ કલર બહાર કાઢી કયાંક કયાંક એની ગેરરીતિ-કાળા બજાર થતા આવી ફરિયાદ આવતી હતી જે લોકો બારોબાર મોટા જથ્થામાં કેરોસીન લે ત્યાં આવી શકયતા રહેતી હતી ત્યારે પહેલી વાર આ રાજય સરકારે એવો નિર્ણય કર્યો કે એફ.પી.એસ. શૉપને સીધો ગોડાઉન પરથી જ માલ મળશે. વચેટિયાઓ હતા એને નાબૂદ કરનારી આ સરકાર પહેલી છે. રાજયની તમામ એફ.પી.એસ. શૉપ પર ખાલી કેરોસીન આવે એટલું જ નહીં, તકેદારી સમિતિના સભ્યો હાજર રહી અને કેરોસીન અને બાકીની જે એચ.પી.એલ.ની શૉપ પર મળતી ચીજ-વસ્તુઓ છે એનું ધ્યાન રાખી શકે અને ત્યાં ગરીબના ઘર સુધી, કુટુંબ સુધી, મોઢા સુધી પ્રત્યેક કોળિયો જે ઇચ્છે છે રાજય સરકાર એ જઈ શકે એનું પ્લાનિંગ કર્યું. એની સાથે સાથે રાજયમાં મીઠાંના ઉત્પાદનથી માંડીને બાકીના ઉત્પાદનોની અહીં વાત થઈ છે ત્યારે મારે ખાલી નાની એક વાતનો ઉલ્લેખ કરીને મારી વાત પૂરી કરવી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠા ઉપર બોલતો હતો પણ જ્યારે વિપક્ષના નેતાએ વાત કરી છે ત્યારે મારે એક વાત કહેવી છે કે, ગુજરાત એક માત્ર એવું રાજય છે, આજે વિષય નથી ઉદ્યોગનો પણ રેવન્યુંમાં એમણે જમીનની વાત કરી ત્યારે એટલું જ કહેવું છે કે આ ગુજરાત એક માત્ર એવું રાજય છે કે જેણે એસ.ઈ.ઝેડ.માં જમીનો આપી એ ખારાશવાળી અને દરિયા કાંઠાની આપી છે લોકો પાસેથી લેવી નથી પડી, સંપાદન નથી કરવી પડી. આખાય હિંદુસ્તાનમાં એસ.ઈ.ઝેડ. બન્યા બીજે ગોળીબારો થયા, વિરોધ થયો, ભ્રષ્ટાચારના આક્ષેપો થયા. આ ગુજરાતની સરકાર એક માત્ર એવી સરકાર છે કે જે ઉદ્યોગો લાવી છે, એના એમ.ઓ.યુ. કર્યા છે એને એવી જમીન આપી છે જે બંજર જમીન છે જે બીજા કામની નથી. એમને આ એડમિનિસ્ટ્રેશનની ખબર નહીં પડે કારણ કે વિકાસ એમની દ્દષ્ટિ નથી અને ગુજરાતના ગરીબોથી માંડીને ગુજરાતના વિકાસની દ્દષ્ટિ સાથે માનનીય મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે એને અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા (જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી તથા માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારી વાત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપ અને ગૃહ સતત એ વસ્તુ જોયા કરે છે વિપક્ષની ભૂમિકા. આ નેતાની ભૂમિકા ગૃહમાં બોલવાનું અને સાંભળવા નહીં રહેવાનું કારણ કે, એ જ્યારે પથ્થર ફેંકે છે ત્યારે એમને ખબર છે કે મારી સામે બીજા પાંચ પથ્થર આવવાના છે એટલે પથ્થર સામે આવે એ સહન નથી કરી શકતા. આપણે કહીએ છીએને કે જ્યારે આપણે કોઈની સામે આંગળી ચીંધીએ ત્યારે ત્રણ આંગળી આપણી સામે પહેલા જાય છે. આ સ્વાભાવિક સત્ય વિપક્ષના નેતા સમજતા નથી આને કારણે જ્યારે સાચી વાત સાંભળવાનો વખત આવે છે ત્યારે ગૃહમાંથી બહાર જઈને બેસી જાય છે. માનનીય વિપક્ષના નેતા ગરીબો અને વંચિતોની વાત કરે છે ત્યારે વારંવાર એમની વાતમાં પાંચ કરોડ પ્રજાને બદલે ૫ કરોડપતિની વાત કરે છે ત્યારે મારે ગૃહને કહેવું છે કે, પ્રજાને નહીં પણ આ દેશના પાંચ કરોડપતિઓ તો શું પણ એક પણ કરોડપતિને આ કૉન્ગ્રેસમાં વિશ્વાસ રહ્યો નથી. મારે એ પણ કહેવું છે કે, વાતો સુફિયાણી કરવી છે પણ દેશમાં કે રાજયમાં વિકાસ થતો હોય એ વિકાસને તેઓ જોઈ શકતા નથી અને એટલે જ વિકાસ કરવા આવનારને રોકવામાં આવે છે અને પરોક્ષ રીતે ધમકીની ભાષામાં આવનારા કરોડપતિઓને અપમાનિત કરવા ઇરાદાપૂર્વકનો પ્રયત્ન કરે છે. અને એટલા માટે મારે કહેવું છે કે ચૂંટણી આવેને.. આ અત્યારે પાંચ કરોડ ઉદ્યોગપતિ, પાંચ ઉદ્યોગપતિ કહે છેને પણ એમને પાછલા દરવાજે જઈને ચૂંટણી સમયે • * (xxxx) * (xxxx) આ રાજયની પ્રજા ઓળખે છે.

**શ્રી દોલતભાઈ પરમાર**:માનનીય અધ્યક્ષશ્રી, * (xxxx) * (xxxx) એ શબ્દ અસંસદીય છે અને સભ્યશ્રીએ તે શબ્દ પાછા ખેંચવા જોઈએ.

**શ્રી ઈશ્વરભાઈ મકવાણા** :આમાં કોઈ પૉઈન્ટ ઑફ ઑર્ડર નથી આ તો પ્રજાની વાત કરું છું. પ્રજાની વાત ગૃહમાં રજૂ કરું છું. ગરીબોની વાત કરુ છું. આવું થાય છેને એટલે મારી વાત તૂટી જાય છે અને પછી આપ મને એમાં સમય મજરે આપતા નથી. દોલતભાઈ આપ બેસી જાઓ,આમાં કોઈ પૉઈન્ટ ઑફ ઑર્ડર નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ લોકોને પણ કહું છું અને તમને પણ કહું છું આવી રીતે શબ્દોનો આગ્રહ રાખશો પછી બોલશો શું? ચાલો * (xxxx) કાઢી નાંખીએ છીએ. ગૃહમાં પછી બોલવા માટે શબ્દો નહિ રહે

• * (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી ઈશ્વરભાઈ મકવાણા:** જે ખેતી વિષયક જમીન ટોચમર્યાદામાં ફાજલ થાય છે. આ ખેતી વિષયક ટોચમર્યાદામાં ફાજલ થતી જમીનો સામાન્ય રીતે આ જમીન ખેતમજૂરો અને વંચિત એવા લોકોને માટે જે આ રાજયમાં અને આ દેશમાં ૨૦ મુદ્દાના અમલીકરણનો કાર્યક્રમ અમલમાં છે એના અન્વયે આ જમીન આપવામાં આવે છે. એમણે કહ્યુંને પાંચ ઉદ્યોગપતિઓને જમીન આપી છે હું નથી કહેતો પણ એમને જવાબ આપવો છે. મારે આ ફાજલ પડતી જમીન ખેતી વિષયક જમીન આ રાજય સરકારે, ભારતીય જનતા પાર્ટીની સરકારે છેલ્લાં પાંચ વર્ષમાં ૧૯૦૦ એકર જમીનનો લક્ષ્યાંક હતો તેની સામે ૨૨૧૮ એકર જમીન આ રાજયના લાભાર્થીઓને આપી અને ૧૧૭ ટકા સિધ્ધિ પ્રાપ્ત કરી છે. આ કોઈ સામાન્ય બાબત નથી. હું ગરીબોની વાત કરુ છું, છેવાડાના માનવીની વાત કરુ છું અને એની સામે અર્જુનભાઈના શબ્દોને તારવુ છું. આપણા આ રાજયમાં ઘણી વખત બહાર અને ગૃહમાં સાંથણીની જમીન અંગેની બહુ ચર્ચા ચાલે છે. સાંથણીની જમીન આપતી નથી આ સરકાર, ભારતીય જનતા પાર્ટીના લોકો, ગરીબોના અને ખેડૂતોના ફલાણાના બધું આમને આમ ચાલે છે એમ કહે છે. આ સાંથણીની જમીન આપવા બાબતની જે વાત છે તે માટે મારે ગૌરવપૂર્વક આ ગૃહનું નમ્રપૂર્વક ધ્યાન દોરવું છે કે આ રાજયની અનુસૂચિત જાતિના કલ્યાણ માટેની કમિટીમાં અમે મહેસૂલ વિભાગની તપાસણી કરતા હતા તે દરમ્યાન આ સાંથણીની જમીન બાબત અમારી સમક્ષ આવી. અમે પૂછયું કે આ સાંથણી અંગેની જમીન આપવા માટેની પદ્ધતિ શું છું? મારે નમ્રપણે આ ગૃહનું ધ્યાન દોરવું છે કે ફાજલ પડેલી પડતર સરકારી ખેતી લાયક જમીનો એ ગરીબો, દલિતો, ખેતમજૂરો, માજી સૈનિકો, પછાત વર્ગના લોકો એવા લોકોને આપવા માટેની આ જમીન પહેલી માર્ચ, ૧૯૬૦ના રોજ સરકારી પડતર જમીન આપવાની નીતિ નક્કી કરવામાં આવેલી અને ૧૯૬૦ પછી ૧૯૮૯ થી ૨૦૦૩ સુધીની હું વાત કરુ છું. અમારા અભ્યાસમાં અમારા તારણમાં કમિટી સમક્ષ વાત આવી કે આટલા લાંબા વર્ષોની અંદર જ્યારે ગરીબોની હિમાયત કરે છે, જે પોતાને ગરીબોના હામી કહેવડાવે છે એવા લોકોની વખતોવખત સરકાર રહી છે આ રાજયમાં અને એવા વખતમાં ૧૦ ટકા જમીનો પણ સાંથણી પેટે એમના રાજમાં આપવામાં આવી નથી. કમિટીએ ભલામણ કરી ચાલુ તપાસમાં, તપાસ દરમ્યાન કમિટીએ ભલામણ કરી વિભાગને કહ્યું કે તમને નથી લાગતું કે ગરીબોને, વંચિત લોકોને આપણે આ જમીનથી વંચિત રાખીએ છીએ આપણે સાચા અર્થમાં કુદરતી અધિકાર નથી આપતા આપણે એમની આડે આવીએ છીએ? વિભાગે એ વાત સ્વીકારી, એટલું જ નહિ મેં વ્યકિતગત રીતે કમિટીના માધ્યમથી સૂચન કર્યુ કે આપણે જેમ ઝુંબેશ ચલાવીએ છીએ એવા પ્રકારની એક ઝુંબેશ ચલાવો. ઝુંબેશ ચલાવીને મારે કહેવું છે સપ્ટેંબર-૨૦૦૬ના રોજ એક છેલ્લો પરિપત્ર થયો. આ છેલ્લો પરિપત્ર સાંથણી આપવા માટેનો એક ઉપકારક પરિપત્ર હતો અને એટલા માટે પરિપત્રની વાત કરીને હું સમર્થન સાથે આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને મહેસૂલ મંત્રીશ્રીને કહેવા માંગુ છું કે, કમિટીની ભલામણની સાથે જ સપ્ટેંબર-૨૦૦૬ના રોજ પરિપત્ર કરીને ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૭ સુધીમાં ઝુંબેશ હાથ ધરીને જિલ્લા મથકે જ્યાં પણ વધુમાં વધુ જમીન આપી શકાય ત્યાં લક્ષ્યાંકો સાથે આ વિભાગે કલેકટરશ્રીઓને સૂચના આપી અને મારે ગૌરવપૂર્વક કહેવું છે કે, છેલ્લે જ્યારે અમે રિપોર્ટીંગ કર્યુ, અહેવાલ મેળવ્યો ત્યારે ૧૫-૨-૦૭ સુધીમાં આ કરેલી વાતો છે, આ પરિણામ છે, આ માત્ર પ્રવચન નથી અને એટલા માટે આ ઠોંસ માહિતી ગૃહ સમક્ષ આપતાં મને ગૌરવ થાય છે. ૧૫-૨-૦૭ સુધીમાં અંદાજે આ રાજયમાં ૪૬૮૫ એકર જમીન ૪૪૫૭ લાભાર્થીઓને અને તેમાં. (અંતરાય.) દોલતભાઈ સાંભળો, તેમાં ૧૩૭૪ અનુસૂચિત જાતિનાં લાભાર્થીઓ, ૪૮૦ આદિવાસી લાભાર્થીઓ અને ૨૭૦૧ ઓ.બી.સી. અને અન્ય પછાત વર્ગ અને માજી સૈનિકો. આ અસાધારણ સિદ્ધિ છે. છેલ્લાં ૨૦-૨૫ વર્ષમાં જે કામ નથી થયું તે આ રાજયની સરકારે છેલ્લાં આઠ મહિનાની અંદર કરી બતાવ્યું છે અને આજે પણ તે ઝુંબેશના રૂપે આ રાજય સરકાર તેને ચલાવી રહી છે અને સાંથણીની જમીનો આ રાજયના વંચિતોને મળી રહી છે. મહેસૂલ વિભાગની અંદર જે પ્રગતિ આવી છે, જે પરિવર્તન આવ્યું છે, જે ક્રાંતિ આવી છે ડિઝાસ્ટર મેનેજમેન્ટના ક્ષેત્રમાં આપણે ૭૩ શહેરો, ૧૪૦ તાલુકા મથકો અને ૪૨૩૧ ગામો.. (અંતરાય.).

**અધ્યક્ષશ્રી** : તમો ઉભા થાવ, શું કહેવું છે કહો ?

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કશું જ કહેવું નથી.

**અધ્યક્ષશ્રી** : તો બેસો ત્યારે, વાતો ના કરશો.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા** : સહિત ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનની યોજના બની ગઈ છે, તૈયાર થઈ ગઈ છે. ઈ-ધરા જમીન દફતર કોમ્પ્યુટરાઈઝ નકલો ૭/૧૨ના, ૮/૧૨ના ઉતારા લેવા ઠેર ઠેર ખેડૂતોને અને ગ્રામજનોને ભટકવું પડતું હતું. આ કોમ્પ્યુટરાઈઝ પદ્ધતિના કારણે પ્રતિદિન ૫૯ હજાર લાભાર્થીઓ..(અંતરાય.). નકલો મેળવે છે, અને ૩ લાખથી વધુ રકમ પ્રતિદિન લાભાર્થીઓ તેની ફી પેટે ચૂકવે છે. જન સેવા કેન્દ્ર પ્રજાની આંતરડી કકડતી હતી અને તેના માટે તેનો સમય, શકિત અને પૈસા વેડફાતા હતા તેને બચાવવા માટે આ રાજયમાં જન સંપર્ક કાર્યાલય બન્યા. જિલ્લા મથકે, તાલુકા મથકે અરજદાર આવે, તેને વાત કરે, અરજી આપે અને ૭૦ લાખ અરજીઓનો નિકાલ કરીને આ રાજયની સરકારે સાચા અર્થમાં જન સંપર્ક કાર્યાલયને પ્રજાનું કાર્યાલય બનાવ્યું છે, એટલા માટે મારે કહેવું છે સ્ટેમ્પ ડ્યૂટી બાબતે નવી શરત, જૂની શરતની વાતમાં પણ આ

ગૃહમાં કહેતાં મને ગૌરવ થાય છે. આ રાજયની સરકારે એક ઐતિહાસિક નિર્ણય કર્યો કે જે ખેતી વિષયક જમીનો હોય અને ખેતી માટે જ લેવાની હોય તે નવીમાંથી જૂની કરવી હોય તો ૬૦ ૫ટ ખેડૂતોને ના ભરવા પડે.
અને સમય મર્યાદામાં નવી શરતમાં જાય એ પ્રમાણે જોગવાઈ કરી. શ્રેષ્ઠ સેવા પ્રદાન કરવા માટે ઈ-ધરાને પ્રથમ કક્ષાનો ૨૦૦૬નો શ્રેષ્ઠ એવોર્ડ મળ્યો. શ્રેષ્ઠ ઈ-ગવર્નન્સ પ્રોજેકટ માટે ઈ-ધરાને કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડિયાનો બીજા ક્રમનો એવોર્ડ મળ્યો.

આ રાજયમાં મહિલાઓને પણ પોતાની સુરક્ષાનું કવચ મળે, એની સ્થાવર મિલકત મહિલાઓને નામે તબદિલ કરવા માટે આ રાજય સરકારે મહિલાઓના હિતમાં એક ઐતિહાસિક નિર્ણય કર્યો કે મહિલાઓને નામે મિલકત તબદિલ થાય તો તેવી મિલકતની નોંધણી ફી લેવામાં આવશે નહીં. આવી રીતે રાજયમાં ૨,૩૩,૦૦૦ મહિલાઓને આ યોજનાનો લાભ મળ્યો અને એને લીધે ૪૪ કરોડ રૂપિયાની નોંધણી ફીની રકમ આ રાજય સરકારની તિજોરીમાં આવવાને બદલે મહિલાઓના રસોડામાં રહી. આ કોઈ સાધારણ સિદ્ધિ નથી.

એવી જ રીતે રાજયમાં ૫૦ હજાર એકર ખેતી વિષયક જમીન હજુ ઉપલબ્ધ છે. હું મારી વાત તરફ ફરીવાર આવું છું કે જે લોકોને ખેતી કરવી છે, ખેતીની જમીન નથી, વેઠિયા તરીકે, ખેતમજૂર તરીકે કે સાંથી તરીકે એ જીવન વીતાવે છે. આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ સાંથણી આપવા માટે સરળ પદ્ધતિ અને ઝુંબેશ આગળ વધારી છે. એમાં હું આ ગૃહને વિનંતી કરું છું કે આ ૫૦ હજાર એકર જમીન આ જમીન વિહોણા ખેડૂતો અને ખેતમજૂરોને કે માજી સૈનિકોને આપવામાં આવે તો હું શ્રદ્ધાપૂર્વક અને વિશ્વાસપૂર્વક કહેવા માગું છું કે ખેતી ક્ષેત્રે નવી ક્રાંતિ આવશે અને આ રાજય એ તરફ પગલાં માંડી રહ્યું છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ):** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો અને મહેસૂલ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે અને સૂચનો કરવા માટે ઉપસ્થિત થયો છું.

છેલ્લા કેટલાક સમયથી આ રાજયની અંદર ઉદ્યોગગૃહો અને સૈઝની વાત સિવાય કોઈ બીજી વાત થતી નથી. મારે એમ કહેવું છે કે આ દેશ એ ખેતીપ્રધાન દેશ છે. આ રાજયની અંદર પણ મહત્તમ વર્ગ ખેતી ઉપર નભનારો વર્ગ છે. ખેડૂતો, ખેતમજૂરો અને પછી એ જમીન વિહોણા હોય કે ગરીબ હોય, પછાત વર્ગના હોય કે અન્ય હોય, એ લોકો સીધા કે આડકતરા ખેતી સાથે જોડાયેલા છે. આ રાજયની અંદર ઉદ્યોગોનો વિકાસ થાય, રાજયનો વિકાસ થાય એ સૌ કોઈ ઈચ્છે, પણ સાથે સાથે આવા છેવાડાના માનવીને પણ ન ભૂલાય એ ખૂબ જરૂરી છે.

છેલ્લા વર્ષોથી હું જોતો આવ્યો છું કે ઘરથાળના પ્લોટ મેળવવા માટે કે ગામતળ નિયત કરવા માટે ૧૦૦ ચોરસ વારના પ્લોટ લેવા માટે કે હરાજીથી વેચાતા પ્લોટ લેવા માટે ગ્રામ્ય વિસ્તારની પરિસ્થિતિ દયાજનક છે. ગામતળ નીમ કરવા માટે ગ્રામજનો તરફથી અનેક વખત રજૂઆત થાય, વેલ્યુએશન કમિટીમાં જાય અને ૬, ૧૨ મહિના સુધી ગામતળ નીમ ન થાય, અંતે લાચાર બનીને કોઈકને કોઈક દબાણ કરવા માટે નાછૂટકે એ ગ્રામજનને મન થાય. માનનીય અધ્યક્ષશ્રી, એની પણ આની સાથે ચિંતા થાય તો મને પણ આનંદ થાય અને હું પણ એ વાતમાં ચોકકસ સમર્થન કરું. મારે બીજી વાત એ કરવી છે કે જે ખેડૂતો વર્ષોથી ખેતી કરે છે, નાના અને સીમાંત ખેડૂતો હોય, વસતિ વધવાને કારણે ઘરના સભ્યોની સંખ્યા પણ વધી હોય, જે કુટુંબો ફકત ને ફકત ખેતી ઉપર નિર્ભર હોય, એવા ખેડૂતોએ કયાંકને કયાંક આજુબાજુની વધારાની જમીનમાં દબાણ કર્યુ હોય તો એનું ક્ષેત્રફળ અને એની કિંમત નકકી થાય અને જો એ નાના અને સીમાંત ખેડૂતને એ જમીન આપવામાં આવે તો એમાંથી એને ઉપજ મળે અને એના કુંટુંબનો એ સારી રીતે નિભાવ કરી શકે અને સાથે સાથે જે રેવન્યુ વિભાગના અધિકારીઓની એમને કાયમી રીતે કનડગત રહે છે એમાંથી એ બહાર આવી શકે અને સાથે સાથે રાજયની આવક પણ વધશે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે જયારે કોઈ ખેડૂત પોતાના ખેતરમાં કૂવા કે ધોરીયા માટે ૨ ગુંઠા જમીન કયાંક એને પાણી મળે એના માટે કરે તો વારંવાર એને મામલતદાર અને તલાટી પાસે ધકકા ખાવા પડે છે. મારે દુ:ખ સાથે કહેવું પડે છે એ બે ગુંઠા જમીન મેળવવા માટે પણ ટેબલ ઉપર વજન મૂકે ત્યારે જ એને આવી બે ગુંઠા જમીન કૂવા કે ધોરીયા માટે મળે છે. ખેતમજૂર હોય, જમીન વિહોણા હોય અને મારા સાથી મિત્ર શ્રી ઈશ્વરભાઈ હમણાં કહેતા હતા કે કોંગ્રેસે આટલા વર્ષ આમ કર્યુ, તેમ કર્યુ, તો મારે એમને કહેવું છે કે ભૂતકાળમાં અમારી સરકારે જે લોકો જમીન વિહોણા હતા, જે લોકો ગરીબ અને પછાતવર્ગના હતા એમને જમીનદાર બનાવવાનું કામ કર્યુ હોય તો અમારી કોંગ્રેસ સરકારે કર્યુ છે. કદાચ તમે છેલ્લા ૬-૮ મહિનામાં આ સરકારમાં ખૂબ રજૂઆતના અંતે હમણાં સાંથણીમાં જમીન આપવાની શરૂઆત કરી છે એ સારી વાત છે, પરંતુ મારે કહેવું છે કે તો અમારા રાજકોટ જિલ્લામાં પણ એની શરૂઆત કરજો. હમણાં જ એક તારાંકિત પ્રશ્નમાં જવાબ આપવામાં આવ્યો છે કે બે વર્ષમાં કોઈપણ જગ્યાએ એકપણ સાંથણીની જમીન આપવામાં આવી નથી એવો જવાબ મળ્યો છે. તો રાજકોટ જિલ્લામાં પણ એની શરૂઆત કરજો જેથી આવા જમીન વિહોણા લોકોને જમીન મળી શકે.

મારે એક બીજી વાત પણ ધ્યાન ઉપર મૂકવી છે કે નદીના કાંઠા ઉપર વર્ષોથી પછાતવર્ગના લોકો વાડા બનાવીને શાકભાજી વાવીને પોતાના કુટુંબનો નિભાવ કરે છે અને અગાઉની સરકારોએ એમને પાંચ સાલી કે એક

સાલી ભાડાપટ્ટે શાકભાજી વાવવા માટેના હકક આપેલા હતા અને આ સરકારે આવ્યા પછી તેમના આવા હક્ક કાઢી નાખ્યા છે અને એમને હવે તો રેવન્યુ વિભાગના અધિકારીઓ કનડગત કરીને હેરાન કરે છે અને શાકભાજી થેલા ભરીને મફત લઈ જાય અને કહે કે આવતીકાલે અહીંથી જતા રહેજો નહીંતર તમારા ઉપર કેસ કરવામાં આવશે. તો એની પણ ચોકકસ ચિંતા કરવામાં આવે. તમે ઉદ્યોગકારો માટેની ચિંતા કરો એની સામે અમને વાંધો ના હોઈ શકે, પરંતુ સાથે સાથે આવા નાના માણસોની પણ ચિંતા કરો.

માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે મારા એક મિત્રશ્રી વાત કરતા હતા કે અમે માલધારીઓના વાડા રેગ્યુલરાઈઝ કરી આપ્યા છે. તો મારે માહિતી મેળવવી છે કે છેલ્લા ૫ વર્ષમાં આ પરિપત્ર તો થયો, પરંતુ કેટલા માલધારીઓને આપે વાડાવાળા કર્યા છે, કેટલાને એને માટેના માલિકી હક્ક આપ્યા છે એનો જવાબ પણ આપજો.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે રજવાડામાં જેને વાડીઓ મળેલ હતી, રાજાશાહીના વખતમાં વાડાનો હક્ક છે એમને પોતાના માલ-ઢોર સાચવવા માટે અથવા ઘાસચારો રાખવા માટેની જગ્યા હતી એમાં દબાણ વર્ષોથી હોય એની અનેક વખત રજૂઆતો થઈ, પણ એ ખેડૂતોના ખાતે થતું નથી. મારે બીજી પણ એક વાત ધ્યાન ઉપર મૂકવી છે કે જે ખાસ કરીને નવી શરતની જમીન છે એ જૂની શરતમાં ફેરવવામાં આવે છે. મામલતદાર કચેરીમાં આ થયા પછી કાં તો ૧૫ વર્ષ થવા છતાં મામલતદાર કચેરીમાં મૂકતા નથી અને મૂકે તો પણ વહીવટ સિવાય આગળના ટેબલ ઉપર ફાઈલ ખસતી નથી અને ત્યાંથી આગળ રિન્યુ કરવા માટે પ્રાંતમાં મોકલવાની શું જરૂર છે? જે કોઈપણ ખરાઈ મામલતદારમાં થઈ શકતી હોય તો એને પ્રાંતમાં મોકલવાની  જરૂર નથી. તો આ થવાથી વળી ત્યાં એક સ્ટેપ આગળ ખેડૂતને ત્યાં જવાનું અને પાછો ત્યાં પણ વહીવટ કરવાનો ત્યારપછી જ ફાઈલ આગળ વધે છે. અગાઉ ભૂદાનમાં મળેલ જમીન હોય, હવાડા પાછળ મળેલી જગ્યા હોય એ જમીનોને પણ નવી શરતમાં લઈને જૂની શરતમાં ફેરવવા માટેના હક્ક આપવા જોઈએ. સાથોસાથ ફળઝાડની જમીનો ભૂતકાળમાં આપેલ છે, ખરેખર ફળઝાડનું વાવેતર થતું હતું અને ઉપયોગ કરતા હતા એ સતત ૩૦-૩૫ વર્ષથી વધારે સમય માટે હક્ક અને કબજો રહેલો હોય, આવા જે ફળ ઝાડની જમીન ધારકને નવી શરતમાં લઈઅને જુની શરતમાં ફેરવવા માટેની કાર્યવાહી કરવી જોઈએ. કે જેથી વારંવાર પટ્ટા રીન્યુ કરવાનો પ્રશ્ન ન આવે. ખાસ એક વાત મારે ગંભીરતાપૂર્વક એ કહેવી છે કે મામલતદાર કચેરીમાં જે નાયબ મામલતદાર અથવા સર્કલ જે હોય છે તે મલાઈ વાળા ટેબલ ઉપર બેઠા હોય છે. અને બદલી થાય તો પણ લાગવગ લગાડી અને રીન્યુ કરી અને ફરી પાછા એ જ ટેબલ ઉપર આવી જાય છે. એટલે આવા જે અધિકારીઓ કે કર્મચારીઓ છે એ ફરી એના એ ટેબલ ઉપર દસ કે પંદર વર્ષ સુધી ન આવે તેવા પ્રકારનો પરિપત્ર કરવો જોઈએ.

વારસાઈ એન્ટ્રીની વાત કરવી છે. એમાં પણ નીચેની કક્ષાએથી તલાટી મંત્રી પૈસા ંવીના વારસાઈ એન્ટ્રી કરતા નથી અને વારંવાર ખેડૂતો તે અંગે રજૂઆતો કરે, લેખિત રજૂઆત કરે છતાં કોઈ પરિણામ આવતું નથી. એટલે આવી વારસાઈ એન્ટ્રી માટે કોઈ નીતિ નક્કી કરવી જોઈએ કે જેથી કરીને નાના ખેડૂતોને ખાસ પરેશાની ન થાય. ખાસ કરીને કોઈ જમીન કોઈપણ હેતુ માટે માગે તો તેમને સર્કલ પાસે અથવા મામલતદાર કચેરીમાં જાય છે ત્યારે ફકત તેની સાથે કોઈ વહીવટ અથવા સમજુતી થાય તો જ એને માટે વ્યવસ્થિત અભિપ્રાય આપવામાં આવે છે. નહીંતર જો વહીવટ ન થયો હોય તો એક લીટીમાં નામંજૂર કરવામાં આવે છે. કે હાલમાં આ સરવે નંબર જોતા ખૂબ મોટો હોય એમાંથી ટૂકડો કરીને આપવા પાત્ર થતી નથી. આ એક લીટીમાં એમની છ થી પંદર મહિના સુધીની મહેનત પૂર્ણ થઈ જાય છે. એટલે એમાં પણ સરળ પદ્ધતિ અપનાવવી જોઈએ. સાથે સાથે ખાસ કરીને ગામડાંમાં વસતિ વધતી જાય છે. તેની સાથે સાથે જયારે જમીનના ટૂકડા થતા જાય છે અને ટૂકડા થવાના કારણે રસ્તા અને શેઢાના અનેક પ્રશ્નો બને છે. વર્ષો પહેલા, મારા ખ્યાલ પ્રમાણે ૧૯૫૫ની અંદર છેલ્લે માપણી થઈ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય રાજેશભાઈ.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ પાંચ મિનિટ થઈ છે. આપ કહેતા હો તો બેસી જાઉં, પણ હજુ પાંચ મિનિટ થઈ છે.

**અધ્યક્ષશ્રી** : તમને દસ મિનિટ આપી છે, દસ મિનિટ થઈ ગઈ છે. બેસી જાઓ.

**શ્રી કુંવરજીભાઈ મો . બાવળિયા** :  પાંચ મિનિટ થઈ છે સાહેબ. ૪૮ એ મારો વારો આવ્યો છે.

**અધ્યક્ષશ્રી** : ૪૨ મિનિટે વારો આવ્યો છે. પ્લીઝ એવું નહીં બોલો, બેસી જાઓ.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : પાંચ મિનિટ હજુ થઈ છે માનનીય અધ્યક્ષશ્રી.

**અધ્યક્ષશ્રી** : દસ મિનિટ થઈ ગઈ છે. જુઠું ન બોલી શકાય. બેસી જાઓ.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : ન બોલવા દેવો હોય તો હું બેસી જાઉં, પણ મારી પાંચ મિનિટ બાકી છે. પાંચ મિનિટ જ બોલ્યો છું.

**અધ્યક્ષશ્રી** : તમારા દંડકને કહો, એ કહે તો બે કલાક બોલો. તમને દસ મિનિટ આપી છે. દસ મિનિટ થઈ ગઈ છે. ચારે બાજુ ઘડિયાળ મુકી છે.  જુઠું ન બોલી શકાય. પ્લીઝ.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : મને કાઢી મુકવો હોય તો જતો રહું, મને કયાં વાંધો છે. અમારા હક્ક ઉપર તરાપ મારવાની વાત છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, તમારે બહાર જવું હોય તો જઈ શકો છો, જુઠ્ઠું નહીં બોલી શકાય. આ રીતે કોઈ દિવસ ન ચાલી શકે. ચારે બાજુ ઘડિયાળ છે.

**શ્રી રાજેશભાઈ પાઠક (બાલાસિનોર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ માગણી ક્રમાંક ૭૬, ૭૮ અને ૭૯ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગ એ આ રાજય સરકારનો એક અગત્યનો વિભાગ છે, રાજયની ૯૦ ટકા જનતાને રોજ બરોજના કામમાં જેની જરૂર પડે તેવો આ વિભાગ છે. માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ કહેતા હતા કે ખેતી પ્રધાન દેશ છે, ખેતી પ્રધાન રાજ્ય છે, ૭૦ ટકા ખેડૂત છે. આ આખા વર્ગને રોજ બરોજના ઉપયોગ માટે મહેસૂલ વિભાગની જરૂર પડતી હતી. આ મહેસૂલ વિભાગની જરૂરમાં સૌ પ્રથમ જો કોઈનું કામ ગામડાંમાં પડતું હોય તો તે તલાટીનું પડતું હતું. માનનીય અધ્યક્ષશ્રી, તલાટી અને કલેકટર એ ગ્રામ જનો માટે મુખ્ય મંત્રી હતા. આ તલાટીના આધારે પંચાયતો ચાલતી, આ તલાટીના આધારે એન્ટ્રીઓ પડતી, માનનીય અધ્યક્ષશ્રી, મારે રાજય સરકારને, મુખ્ય મંત્રીશ્રીને અને માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ ધન્યવાદ આપવા છે કે આ રેકોર્ડને એમણે કોમ્પ્યુટરાઈઝેશન કર્યુ હકકો કોમ્પ્યુટરથી નિયંત્રિત કર્યા, ગ્રામ્ય કક્ષાએ જે ખોટી એન્ટ્રી પડતી હતી અને ગ્રામ જનો અને ખેડૂતો હેરાન થતા હતા તેને અટકાવવાનો નવતર પ્રયોગ કર્યો. વિજ્ઞાન અને ટેકનોલોજી છેવાડાના ગ્રામ્ય સ્તર સુધી પહોંચે અને તેનો મહત્તમ લાભ મળે એ પ્રમાણે ટેકનોલોજીનો ઉપયોગ કર્યો. અને એનો મહત્તમ લાભ મળે એ માટેનો ઉપયોગ કર્યો છે. પહેલાના સમયમાં મને ખ્યાલ છે. જ્યારે તલાટીને કોઈ નાના ખેડૂતને હેરાન કરવો હોય તો ખેડ હક્કમાં પાણી પત્રકમાં ખોટી રીતે નામો દાખલ કરી દે. એ પછી ખેડૂતને તલાટી બતાવે કે ખેડૂત હક્કમાં નામ દાખલ થયેલ છે, પાણી પત્રકમાં નામ દાખલ થયું છે. આ રીતે દરેક ખેડૂત પાસેથી પાંચસો કે હજાર રૂપિયાની રકમ લઈ લેવામાં આવતી હતી. એન્ટ્રી રદ કરવા માટે મામલતદાર પાસે આવવું પડે અને ત્યારપછી કલેક્ટર પાસે જવું પડે છે. આ રીતે ગામડાંનો ખેડૂત હેરાન થતો હતો. જે મર્યાદાની બહાર કોંગેસની સરકારોમાં ૫૦ વર્ષ સુધી ખેડૂત હેરાન થયો. પહેલા કોંગ્રેસના શાસનમાં એક કહેવત હતી. "કલેક્ટર કકળાટ કરે, મામલતદાર મૂંઝાય, સર્કલ બિચારો શું કરે ધાર્યુ તલાટીનું થાય. આ ૫૦ વર્ષના શાસનમાં કહેવત પડી ગઈ હતી. ગામડાંમાં તલાટીને મુખ્યમંત્રીશ્રી જેટલો માન મરતબો મળતો હતો. આની કોઈને ખબર ન હોય તેવું નહોતું. તે વખતે ખેડૂતોને મુશ્કેલી વધી હતી એનો કયારેય ૫૦ વર્ષના શાસનમાં વિચાર નહિ કર્યો. પહેલાના સમયમાં રાજા રજવાડાઓનું રાજ હતું. રાજા રજવાડા રોજ રાત્રે વેશ પલટો કરીને પ્રજાની મુશ્કેલી જાણવા નીકળતા અને જે મુશ્કેલી ધ્યાને આવતી એની બીજે દિવસે ચર્ચા થતી અને એને દૂર કરવા માટે પગલાં લેવામાં આવતા હતા. કોંગ્રેસે ૫૦ વર્ષ શાસન કર્યુ પરંતુ એમણે આ કામ ન કર્યુ તેથી પ્રજાને એમને પલટી નાખ્યા અને આગામી ૫૦ વર્ષ સુધી તેઓ આ પાટલી ઉપર જ બેસવાના છે તેવું રાજયની પ્રજાએ નક્કી કરી નાખ્યું છે. "મન હોય તો માળવે જવાય" ઈ-ગવર્નસનો ઉપયોગ આ રાજયના ખેડૂતોના હિતમાં કરીને આ રાજયની જમીનોનું રેકર્ડ સ્વચ્છ, સુઘડ અને સચોટ બનાવ્યું છે. જન સેવામાં ગતિ આવી, સુ શાસન તેજીલુ બને અને ટેકનોલોજીનો સફળ ઉપયોગ થાય એ ઈ-ધરા કાર્યક્રમ વ્યવસ્થાપન ક્ષેત્રે ક્રાંતિરૂપ છે. ઈ-ધરા પ્રોજેકટ ખાતેદારોને વધુ સગવડ સરળ સુગમ સંચાલનનો પ્રયાસ છે. હક્કપત્રક નોંધો કોમ્પ્યુટરથી નિયત કરીને જમીનને લગતા દસ્તાવેજોની જાળવણી કરવામાં આવે છે. આ તમામ બાબતો અત્યાર સુધીના શાસનમાં નહોતી થઈ એ આ સરકારમાં આવી છે. મારે કોંગ્રેસના મિત્રોનું ધ્યાન દોરવું છે કે આ તલાટીઓની શું શકિત હતી એ મારે કહેવું છે. અમારા એક વરસો જૂના વડીલ ૧૫ વર્ષ સુધી તાલુકા પંચાયતના પ્રમુખ રહ્યા હતાં. એ પોતે જમીન ધરાવતા હતા. તેથી એમને તલાટી પાસેથી સાત બારના ઉતારાની નકલ જોઈતી હતી પરંતુ તલાટીએ એ ત્રણ મહિના સુધી ન આપી. આ હું ૧૯૭૮ની વાત કરી રહ્યો છું. અમારા તાલુકા પંચાયતના પ્રમુખ તલાટી ગામમાં આવે એની રાહ જોઈને બેઠા હોય એ તલાટી ત્રણ મહિના સુધી ન આવ્યો અને છેવટે કંટાળીને એ તલાટીની બદલી બાલાસિનોર તાલુકામાંથી આણંદ જિલ્લાના બાકરોળ ગામે કરી, અને મારે દુઃખ સાથે કહેવું પડે છે કે એ કોંગ્રેસના આગેવાન હતા, ૧૫ વર્ષ સુધી તાલુકા પંચાયતના પ્રમુખ રહ્યા અને છેલ્લે વિધાનસભાની ચૂંટણી કોંગ્રેસના પ્રતીક ઉપર લડ્યા હતા. એમના નેતાની આ હાલત હતી છતાં આ બાબતે સુધારાઓ કરવામાં આવ્યા નહિ. એ સુધારાઓ આ માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં અને માનનીય મહેસૂલ મંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ થયા એ બદલ હું એમને ધન્યવાદ આપું છું. એ પ્રમાણે દરેક રેકર્ડ કોમ્પ્યુટરાઈઝ કરીને સિટી સરવે હોય કે સાત બારની નકલ હોય એ દરેક રેકર્ડનું કોમ્પ્યુટરાઈઝ કરીને જ્યાંથી પણ ખેડૂતને નકલ જોઈતી હોય ગામડેથી માંડીને શહેર કક્ષાએ મામલતદાર કક્ષાએથી પણ એ મળી શકે એને તલાટી ઉપર આધાર ન રાખવો પડે એ રીતની વ્યવસ્થા કરવામાં આવી છે જે ખૂબ જ અગત્યનું કામ થયું છે.

નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટે ખેડૂત પાસે ૧૫ વર્ષ જૂનો કબજો હોય એની જમીન ઓટોમેટીક નવી શરતમાંથી જૂની શરતમાં થઈ જાય. પહેલા છ મહિના એક વર્ષ કે બે-બે વર્ષ જેટલો સમય જતો હતો. મોટા આગેવાનોને પકડવા પડતા હતા, કેટલાયની કદમપોશી કરવી પડતી હતી ત્યારે એ નવી શરતમાંથી જૂની શરતમાં જમીન થતી હતી. આ સરકારે ખેડૂતોના હિત માટે ખેતીની જમીન ખેતીની જ રહે અને જો ૧૫ વર્ષ જૂનો કબજો હોય તો ઓટોમેટીક જિલ્લા કક્ષાએ એ જમીન જૂની શરતની થઈ જાય છે. એ ખૂબ

અગત્યનું કામ આ રાજય સરકારે ખેડૂતોના હકક માટે કર્યું છે. હમણાં માનનીય કુંવરજીભાઈ વારસાઈની વાત કરતા હતા. કદાચ તેમને ખ્યાલ ન હોય, વારસાઈ કરવા માટે આ સરકારે ઝૂંબેશ ચલાવી છે. વારસાઈ કરવા માટે તલાટીઓને દફતરમાં બેસવું ફરજીયાત બનાવ્યું છે. મામલતદારને તેની ચકાસણી કરવાની હોય છે. તેના ઉપર ટી.ડી.ઓ., ડી.ડી.ઓ. કાયમ તેની દેખરેખ રાખતા હોય છે. કલેકટર કક્ષાએ હજુ પણ અવારનવાર બેઠકો યોજીને આ વારસાઈ ફરજીયાત બનાવી છે. નહીં તો પહેલાં વારસાઈ કરવી હોય તો હજાર રૂપિયા, બે હજાર રૂપિયા, પાંચ હજાર રૂપિયા ભાવ ચાલતો હતો, આ મારા મિત્રોના શાસનમાં. એ કદાચ ભૂલી ગયા છે. ખેડૂતના ખેતરના ટૂકડા, ખેડૂત કદાચ ગુજરી જાય, વારસોમાં જમીન માટે ઝઘડા થતા હતા. એ ઝઘડા અટકાવવા માટે કદાચ કયાંક એક ભાઈ નોકરી કરતો હોય અને જમીન ઉપરનો હકક જતો કરે તો તેને ખેડૂતનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ સરકારે નકકી કર્યું છે અને તેના કારણે જમીનના ટૂકડા પડતા અટકે છે. ખેડૂત ખાતેદાર તરીકે નાબૂદ થઈ જતો નથી. આ વાત ૫૦-૬૦ વર્ષના શાસનમાં આ લોકોને કયાંય ધ્યાનમાં ન આવી એ વાત આ રાજય સરારના ધ્યાનમાં આવી છે અને રાજય સરકારે ખેડૂતોના હિતમાં જે કામગીરી કરી છે તે ખૂબ ખૂબ ધન્યવાદ આપવા પાત્ર કામગીરી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ટેમ્પ ડયૂટી ક્ષેત્રે પણ આ રાજય સરકારે નવો ચીલો શરૂ કર્યો છે. પહેલાં સ્ટેમ્પ ડયૂટીમાં લગભગ ૨૭ જેટલા દરો અમલમાં હતા. આ ૨૭ દરોનું સરળીકરણ કરીને અત્યારે માત્ર ૯ જેટલા દરો અમલમાં લાવ્યા છે. ઈ-સ્ટેમ્પની પદ્ધતિ. અહીં બેઠેલા સૌ મિત્રોને ખ્યાલ હશે, આપણાં પાડોશી રાજયોમાં તેમના શાસનમાં આખા દેશને ધ્રુજાવી દેતું ૩૨,૦૦૦ કરોડનું અબ્દુક કરીમ તેલગી સ્ટેમ્પ કૌભાંડ થયું હતું. તેના શાસનમાં આ મારા મિત્રો જ હતા. આ સ્ટેમ્પ ડયૂટીનું કૌભાંડ નિવારવા માટે આ સરકારે ઈ-સ્ટેમ્પીંગ શરૂ કર્યું. હવે જે સટેમ્પ નોંધણી થાય છે તે ફ્રેંકીંગ મશીનો દ્વારા આપવામાં આવે છે અને નોંધણી માટે ફોટાઓ ફરજીયાત બનાવ્યા, ફીંગર પ્રિન્ટ ફરજીયાત બનાવી.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં અર્જુનભાઈ ઉદ્યોગપતિઓની વાત કરતા હતા. ખોટા દસ્તાવેજો ફાડીને ઘણાં ખરા ખેડૂતોની જમીન (સમયસૂચક ઘંટડી) ખૂબ અગત્યના બે સૂચનો મારે માનનીય મંત્રીશ્રીને કરવા છે. હમણાં વાહનો માટેના ધિરાણ, ટ્રેકટર માટેનું હોય કે બાકીનું ધિરાણ હોય તે ખેડૂતોને આપવામાં આવે છે. તેમાં આઈ.સી.આઈ.સી. બેંક હોય, એચ.ડી.એફ.સી. બેંક હોય, બે-ત્રણ વીઘા જમીન હોય તો પણ ખેડૂતોને એ વાહનો આપીને જમીનમાં તેની એન્ટ્રી પડાવી દે છે. તેના કારણે ખેડૂત જયારે પૈસા ભરતો નથી ત્યારે હજારો એકર જમીન બેંકોના નામે ચડી જવાની છે. એ અટકાવવા માટે પ્રયત્ન થવો જોઈએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય રણજીતસિંહ ચાવડા.

**શ્રી રણજીતસિંહ ન.ચાવડા (હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી માગણી ક્રમાંક-૭૬, ૭૮ અને ૯૭ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગ એક એવો વિભાગ છે કે સમગ્ર વહીવટી તંત્રમાં કરોડરજજુ સમાન, સરકારની ખૂબ અગત્યની કામગીરી હોય, આકસ્મિક કામગીરી હોય, વરસાદ હોય, અતિવૃષ્ટિ હોય, અનાવૃષ્ટિ હોય, ભૂકંપ હોય કે વાવાઝોડું હોય, આ વિભાગ જે કામગીરી કરે છે અને એ કામગીરીને કારણે ભૂતકાળમાં મને ખબર છે. હું એ ખાતામાંથી આવું છું. મેં આ ખાતામાં સર્વીસ કરી છે. એટલે તેના ઉપર વિશેષ ઉંડાણમાં બોલી શકું તેમ છું. એ ખાતાની કામગીરી છે, ભૂતકાળમાં આપ જોશો તો એક પણ દિવસ જયારે વિધાનસભા ચાલુ હોય ત્યારે મહેસૂલ ખાતામાં ભ્રષ્ટાચાર અને મહેસૂલ ખાતાની પાનેપાના ભરાય એટલી ટીકાઓ ભૂતકાળમાં આવતી હતી. પણ આ સરકાર આવ્યા પછી માનનીય નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ખાસ કરીને મહેસૂલ ખાતામાં જે સરળીકરણ, સીમ્પ્લીફીકેશન, પારદર્શકતા અને ઝડપીકરણ આવ્યું છે, હમણાં મેં કહયું તેમ આ ખાતાની અનેક વિશાળ એવી કામગીરી હોવા છતાં પણ વ્યકિતગત કોઈ કેસોમાં કોઈને અન્યાય થતો હશે, કારણ કે આટલા મોટા વિશાળ તંત્રમાં કલેકટરથી માંડીને તલાટી સુધી કયાંક તેની વૃત્તિઓ હોય.એ વૃત્તિ પર બધાએ કાબુ મેળવવો શકય નથી પણ તેમ છતાં આ સરકાર આવ્યા પછી જે વહીવટમાં પારદર્શકતા આવી છે અને પારદર્શકતાની સાથે સાથે વહીવટમાં સરળતા માનનીય મોઢવાડીયા સાહેબ જે વાત કરતા હતા કે (અંતરાય) તમે પણ મહેસૂલ ખાતામાં કામ કર્યુ છે. અમે જોડે કામ કરતા હતા એટલે એ વિશે હું બહુ નહીં કહું પણ જે પદ્ધતિથી આ સરકારે કામ કર્યુ છે,

**અધ્યક્ષશ્રી** : કેમ આજે બંને ખુશ છો. આજે બંને દરબાર ખુશ છે.

**શ્રી રણજીતસિંહ ન.ચાવડા** : અમે બંનેએ સાથે નોકરી કરી છે.

**અધ્યક્ષશ્રી** : હા ભાઈ હા, ભાઈઓ ખુશ હોય હંમેશા.

**શ્રી રણજીતસિંહ ન.ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં પ્રેમજીભાઈ ઠકકર જયારે મહેસૂલ મંત્રી હતા ત્યારે એટલા બધા ત્રાસી ગયેલા વિધાનસભાના ફલોર ઉપર એક વખત એમણે એવું બોલવું પડેલું કે હું આ મહેસૂલ ખાતુ નાબૂદ કરવાનું વિચારી રહ્યો છું. આ પરિસ્થિતિ કોંગ્રેસના શાસનમાં હતી. જયારે આજે આ સરકારના આવ્યા પછી વર્ષોથી જે ચીલાચાલુ પદ્ધતિ હતી એમાં અનેક એવા પગલા લીધા, માનનીય મોઢવાડીયા સાહેબ જે વાત કરતા હતા કે નવા કાયદાઓ સરકારની જે નીતિ છે એની નીતિમાં કોના માટે, પ્રગતિશીલ

કાયદામાં જયાં જયાં પ્રજાને તકલીફ પડતી હતી, જયાં જયાં હેરાનગતી થતી હતી એ બીનખેતીની મંજૂરીનો સમય ઘટાડવાની વાત હોય નવી શરત જૂની શરતની વાત હોય કે તલાટીની વારસાઈની એન્ટ્રીની હમણાં મુરબ્બી વાત કરી રહ્યા હતા વારસાઈની એન્ટ્રીની, આ સરકારે સીમ્પલીફીકેશન કરીને પહેલા વારસદારોએ તલાટી પાસે રૂબરૂ અરજી લઈને જવું પડતું હતું એ બંધ કરીને સીધેસીધી વારસાઈની જવાબદારી તલાટી ઉપર નાખી છે. આ બધામાં ફેરફારને કારણે પ્રજામાં એક જાતનો સંતોષ થયો છે એના કારણે ખૂબ સારી મહેસૂલ ખાતાની કામગીરી વખાણવાલાયક બની છે. આ સરકાર આવ્યા પછી આપણે આઝાદ થયા ત્યારથી ૪૯,૫૦,૫૧,૫૨ એવા અનેક કાયદાઓ બન્યા. એમ વાત કરી સૌરાષ્ટ્રમાં જેમ જુનાગઢવાળા હતા એ વખતે જમીન સુધારણાના નવા નવા કાયદાઓ આવ્યા એ કાયદાઓને અનુરૂપ જે નિયમો બન્યા અને એ કાયદાઓ આજે અપ્રસ્તુત હતા, મોટાભાગના આ સરકાર આવ્યા પછી આ કાયદાઓની સામે કોઈ નહોતું જોતું અને એ કાયદાની લાંબી વણજાર હતી. આ સરકાર આવ્યા પછી એની ઉપરની ફાઈલોની ધૂળ ખંખેરીને આ બધા કાયદાની સમીક્ષા કરી કે આજની તારીખે કયા કયા કાયદાઓ રાખવા જોઈએ, કયા રીફીકસ કરવા જોઈએ અને ૨૦૦૦માં આપણે રીફીકસ કર્યા. લગભગ ૨૧ જેટલા કાયદાઓ કર્યા. simplification એબોલ્યુશન એકટ એ બધા જૂના જે એકટ હતા જે અત્યારે અપ્રસ્તુત છે એ બધા રદ કરીને વહીવટમાં એક જાતની ગતિશીલતા લાવ્યા છે. ૮ કિલોમિટરના કાયદાની પણ વાત કરી. ૮ કિલોમીટરનો કાયદો દૂર કરવાને કારણે લાખો સામાન્ય ખેડૂતો, મધ્યમ વર્ગના ખેડૂતો જે પોતાની જમીન બીજે ખરીદી શકતા, ૮ કિલોમિટર દૂર એને મોટો ફાયદો થયો છે. તો મને લાગે છે કે ૮ કિલોમિટરનો સરકારનો બસ વિરોધ જ કરવો, વિકાસ નહીં પણ વિરોધ એ જ સુત્ર કોંગ્રેસનું હોય એવું એક મિત્રે કીધું અને હું પણ સૂર પુરાવુ છું. માત્ર વિરોધ ન કરો તમે એટલું તો કહો કે ૮ કિલોમિટરની ત્રિજ્યાની મર્યાદા દૂર થવાને કારણે ખેડૂતોની જમીનના ભાવ કેટલા મળ્યા છે જે જમીન ૧હજાર , ૨ હજાર કે ૧૦હજારે વીઘો જતી હતી આજે લાખ રુપિયા, ૨ લાખ, ૫ લાખ રુપિયા અને શહેરી વિસ્તારમાં તો રોડ સાઈડની જમીનમાં એક એક એકરના ૨૦-૨૫ લાખ રુપિયા ખેડૂતોને મળતા થયા છે. આ ભાવ અને એની પણ ટીકા કરે અને માગણી કોણે કરી હતી? જે ખેડૂત વિકાસ સંઘના આગેવાનો જે મોટો બહુજન સમાજ જે ખેડૂતોને પ્રદાન કરે છે એની માગણી કરે અને એ ઉપરથી ૯૫માં જ્યારે ભારતીય જનતા પક્ષની સરકાર આવી ત્યારે એ રદ કર્યો હતો. આની પણ ટીકા કરી આ વાત એટલા માટે હું કહી રહ્યો છું જ્યારે ઉદ્યોગપતિઓને જમીન આપી દેવાની વાત છે એની પણ ટીકા થાય છે. આ સરકાર આવ્યા પછી આ નરેન્દ્ર મોદી હોય કે કૌશિકભાઈ હોય એ એમની મરજી મુજબ કોઈને જમીન આપી દેતા નથી. આ સરકાર આવ્યા પછી ચોકકસ નીતિ ફ્રેમ કરી એક વર્કફ્રેમ બનાવ્યું. એસીઝેડમાં જમીન આપવાની હોય કે એને પડતર જમીનો જે ગામતળ અને ગૌચર સિવાયની જે જમીનો છે જેમાં લાખો કરોડો રુપિયા ખર્ચ થાય એવી નદીકાંઠાની , સાહેબ આપ તો કાંઠા વિસ્તારમાંથી આવો છે. હું પણ એ વિસ્તારમાંથી આવું છું કે નદી કિનારાની જમીન છે એવી કરોડો એકર જમીન હજારો વર્ષોથી એઝ ઈટ ઈઝ પડી છે એ જમીન નવસાધ્ય થાય, એમાંથી પ્રોડક્શન મળે, એમાંથી ગુજરાતની પ્રગતિ થાય એવા આશયથી આ સરકારે એક ફર્મ નીતિ બનાવીને આપી છે. લાખો એકર જમીન મોટા ઉદ્યોગોને આપવાની વાત કરીને એની ટીકા કરે છે. આ બધી વાતો છે એ ગુજરાતની પ્રજા સારી રીતે જાણે છે. હમણાં વાત કરી કે એક લાખ એકર જમીન ઉદ્યોગપતિઓને આપી. એનો જવાબ માનનીય મંત્રીશ્રી આપશે. આ સરકાર આવ્યા પછી અમારા એક સભ્યશ્રીએ ગરીબોની વાત કરી. આ સરકારે ૨૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ ગરીબોને ખેતી માટે જમીન આપીને, એમને રહેવા માટે હાઉસીંગની જમીન આપીને આ ગરીબોની વાતો છે એ છેલ્લા પાંચ વર્ષથી ૧૧૭ ટકા કામગીરી ગુજરાતમાં થઈ છે. કોઈ કોંગ્રેસ શાસિત રાજ્યમાં આવી કામગીરી નથી થઈ. આ ગરીબોની વાત માત્ર વોટ લેવા, માત્ર સરકારે ઉદ્યોગપતિઓને જમીન આપી દીધી છે એવું રટણ રટ્યા કરવું એ વાત સાચી નથી. એટલા માટે મારે બીજી વાત કરવી છે કે હમણાં ગરીબ ગણોતિયાનો ઉલ્લેખ થયો. ગણોતિયો ગરીબ જ હોય. જ્યારે આઝાદી મળી ત્યારે આ બધું નવો જમીન સુધારણા એક્ટ આવ્યો ત્યારે ગણોતિયાની ફેવર માટેનો એક્ટ છે. ગણોતિયામાં ગરીબ અને તવંગર શબ્દનો ઉલ્લેખ કર્યો, મને લાગે છે કે આ વાત યોગ્ય નથી. ભૂતકાળના એક કેસની વાત થઈ. વડોદરાના કેસમાં પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊઠ્યો એમાં પડવા માગતો નથી. પણ ભૂતકાળમાં કોઈપણ અધિકારીએ કોઈ ખોટો નિર્ણય ખોટી માહિતીના આધારે કર્યો હોય, ખોટી રજૂઆતના આધારે લીધો હોય, ગેરરીતિના આધારે લીધો હોય તો એવો નિર્ણય લેવાનો સરકારને અધિકાર છે. બધું કરી નાખ્યું એટલે ફેરવિચારણા કે ફેરફાર ન થઈ શકે?

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત ધ્યાન ઉપર મૂકવી છે કે હું મુખ્યમંત્રીશ્રીનું નામ લેવા માગતો નથી પણ ભૂતકાળમાં એ મુખ્યમંત્રીના વખતના એમના એક જોડીદાર એમના અંડરમાં નોકરી કરતા હશે એને જમીન આપી દીધી. એ રીતે આપી દીધી કે લેન્ડ લેસ લેબર તરીકે જમીન એને આપી દીધી. એ જમીન ઉપર બીજા લોકોનો કબજો હતો. ૧૫-૨૦ વર્ષ પછી જ્યારે એ પઝેશન લેવા ગયા ત્યારે ખબર પડી કે આ જમીન ભાઈના નામે મંજૂર થઈ નથી. એ આખો કેસ રીઓપન કરી તપાસ થઈ. મહેસૂલના સચિવશ્રીને સ્પેશિયલ તપાસ અપાઈ. એમણે ઊંડાણમાં જઈને તપાસ કરી. એમાં હાઈકોર્ટમાં અપીલ થઈ અને આ બધું ચાલ્યું. એક ઓર્ડર થયો એટલે રદ ન થાય એ જાતની માનસિકતા સારી નથી. આ સરકારે જે આવા અધિકારીઓ છે કે જેની વૃત્તિ ખરાબ છે એવા લગભગ વર્ગ-૧ અને ૨ ના ૫૫ અધિકારીઓ સામે ખાતાકીય તપાસ, ૭૭ સામે શિક્ષાના હૂકમો કર્યા છે. ૭૯

અધિકારીઓને ફરજમોકૂફી ઉપર મૂક્યા છે. (સમય સૂચક ઘંટડી) મારે સૂચનો જ કરવા છે. માનનીય અધ્યક્ષશ્રી, બીન ખેતીમાં ફેરફારના કારણે ખેડૂતોને ખેતરમાં જવાના રસ્તાના પ્રશ્નો ઊભા થયા છે અને બીજું સરવે સેટલમેન્ટ જે દર ૩૦ વર્ષે થવું જોઈએ એ ન થવાના કારણે ઘણા પ્રશ્નો છે. આ અંગે વિચારણા કરીને સમયસર રીસેટલમેન્ટ થાય એ માટે વિનંતી છે.

**શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી મહેસૂલ વિભાગની જે માંગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારા મંતવ્યો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગ એ સામાન્ય જનતાને લગતા તમામ પ્રશ્નોના નિરાકરણ માટેનો વિભાગ છે. ખેડૂતો, સામાન્ય પ્રજાજનો નાના-મોટા કામો માટે કલેકટર કચેરીએ તેમજ મામલતદાર કચેરીએ આવતા હોય છે. પ્રજાના નાના-મોટા કામો માટે આ કચેરીઓમાં પ્રજાજનોને તેમના પડતર પ્રશ્નો માટે ખૂબ જ સહન કરવું પડે છે. વારંવાર ધક્કાઓ ખાવા છતાં તેમના પ્રશ્નોનો સત્વરે કોઈ ઉકેલ આવતો નથી. પ્રત્યેક તુમારમાં જોવામાં આવે તો મહિનાઓ અને વર્ષો નીકળી જતા હોય છે. દરેક ટેબલે કાગળો લાંબા સમય સુધી પડતર રહે છે, તેની જવાબદારી નક્કી થયેલ હોવા છતાં પગલાં લેવાતાં નથી.

એક તરફ મહેસૂલ વિભાગ ઉદ્યોગો  માટે કિંમતી જમીનો પાણીના મૂલે ઉદ્યોગપતિઓને આપી રહ્યું છે ત્યારે બીજી તરફ પ્રજાના સામુહિક વિકાસના કામોની માંગણીઓ પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવી રહ્યું છે. સમગ્ર ગુજરાતમાં બિનખેતીની કોઈ એન્ટ્રી પાડવામાં આવતી નથી, કારણ કે કોમ્પ્યુટરમાં જે સોફટવેર મૂકવામાં આવેલ છે તેમાં 'હેકટર આરે' શબ્દ આવે છે, જ્યારે બિનખેતીની જમીનમાં ચોરસવાર કે મીટર શબ્દ આવે છે જેથી કોમ્પ્યુટરના સોફટવેરમાં સુધારો કરવો જરૂરી બને છે. ભારે વરસાદ અને પૂરના કારણે ભરૂચ જિલ્લામાં સને ૨૦૦૬-૦૭માં થયેલ તારાજીની વળતરની રકમો સાત માસના લાંબા ગાળા બાદ ચૂકવવાનું શરૂ થયેલ છે. આ ચૂકવણીમાં જે રકમો ચૂકવાય છે તે પણ ખૂબજ અપૂરતી છે જેના કારણે આ અસરગ્રસ્તોને ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

જમીનને નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટે જાહેરાત થયા બાદ પણ અમલીકરણમાં કોઈ સરળતા દેખાતી નથી. મામલતદાર કચેરીમાં સરળતાથી કોઈ જ કામ થતું નથી. પ્રત્યેક સ્ટેજે નાણાની ચૂકવણી બાદ જ કાગળ આગળ વધે છે. ધારાસભ્યશ્રીઓના પત્રોનો પણ જિલ્લા તથા તાલુકા કક્ષાએ યોગ્ય પ્રત્યુત્તર મળતો નથી. મહેસૂલ વિભાગમાં અગાઉ આવી સ્થિતિ ક્યારેય જોવા મળી નહોતી. રાજ્યમાં જ્યારે પણ ભારે વરસાદ કે પૂરની પરિસ્થિતિ ઊભી થાય છે ત્યારે મહેસૂલ વિભાગ બોટ અને કુશળ તરવૈયાઓ શોધવા નીકળે છે જેના કારણે તાત્કાલિક સહાય ન મળવાને કારણે મોટી જાનહાની થવા પામે છે અને ગભરાટનું વાતાવરણ ઊભું થાય છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ પણ સતત નિષ્ફળ ગયું છે.

મારા મતવિસ્તાર વાગરા તાલુકામાં આગામી ઉનાળામાં ૧૯ જેટલા ગામોમાં પીવાના પાણીની તંગી ઊભી થનાર છે તે માટે કોઈ આગોતરું આયોજન કરવામાં આવેલ નથી. જ્યારે પાણીની સખત તંગી ઊભી થશે ત્યારે ટેન્કરોના ટેન્ડરો બહાર પાડવામાં આવશે અને તે ટેન્ડર ચોમાસું આવતા ફાયનલ થશે. આમ, આ બાબતનું આગોતરું આયોજન કરવું અત્યંત જરૂરી હોવા છતાં કરવામાં આવતું નથી. જિલ્લા મૂલ્યાંકન સમિતિઓ કામોના નિકાલ કરતી નથી. ફરિયાદ અને સંકલન સમિતિઓમાં કોઈ સંકલન જોવા મળતું નથી. વિભાગના ઉચ્ચ અધિકારીઓ મોટાભાગે ગેરહાજર રહેતા હોય છે અને સત્તા વગરના નીચેના અધિકારીઓને હાજર રાખવામાં આવે છે જેને કારણે લેવાયેલ નિર્ણયોનો અમલ જે તે વિભાગ દ્વારા કરવામાં આવતો નથી. મહેસૂલ વિભાગના અધિકારીશ્રીઓનો ધારાસભ્યશ્રીઓ સાથેનો વ્યવહાર પણ યોગ્ય હોતો નથી.

મને લાગે છે કે, આ બાબતો પ્રત્યે ગૃહ ખૂબ ગંભીરતાપૂર્વક વિચારે અને મહેસૂલ વિભાગની કામગીરીને પ્રજાભિમૂખ અને અસરકારક બનાવવા માટે સરકારશ્રી સત્વરે જરૂરી કાર્યવાહી કરે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ અને પુરવઠા વિભાગના મંત્રીશ્રીઓ માગણી લઈને આવ્યાં છે એમાં મારો સૂર પુરાવવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો આ ભારત દેશ ૭૦ ટકા  ગામડામાં વસેલો દેશ છે અને ૭૦ ટકા લોકો ખેતી અને મજૂર આધારિત ગામડામાં વસતા લોકો છે. જ્યારે સ્વરાજ આવ્યા પહેલાં બ્રિટિશરાજ અને રાજાશાહી વખતે આ ખેડૂતો જમીન ખેડતા હોવા છતાં એને હક્ક મળેલ નહોતા. હમણાં વિરોધપક્ષના નેતા પ્રવચન કરતા હતા કે આ હક્ક અપાવવા માટે આપણાં રાજનેતાઓ અને વડવાઓએ આ કામ કર્યુ અને આ ખેડૂતોને હક્ક અપાવ્યા, પણ ખરા અર્થમાં આ ગુજરાતમાં ખેડૂતોને સ્વરાજ આવ્યા પછી હક્ક મળ્યા છે ખરા? માનનીય અધ્યક્ષશ્રી, સરદાર વલ્લભભાઈ પટેલને આ કોંગ્રેસી નેતાઓ ભૂલી ગયા હતા અને દિલ્હીના સેન્ટ્રલ હૉલમાં એની પ્રતિમા પણ આ ભા.જ.પ.ની સરકારે ગુજરાતના ખર્ચે આ પાર્લામેન્ટરી હૉલમાં મૂકી છે. માનનીય અધ્યક્ષશ્રી, જેમ ખેડૂતોને ખાતેદાર બનાવનાર સરદાર વલ્લભભાઈ પટેલ હોય એજ રીતે ગુજરાતના સૌરાષ્ટ્રના સાત જિલ્લાઓમાં જો ખેડૂતોને જ્યારે પોતાના રહેણાંકના મકાનો મળેલા હતા આ રહેણાંકના મકાનોના જો કોઈએ હક્કો અપાવ્યા હોય તો એ આ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અપાવ્યા. આપણા સૌરાષ્ટ્રના રજવાડાના સમયથી ચાવ હક્ક, કરાડી હક્ક, રાવળા હક્ક, ઊભડ હક્ક વિગેરે આ જે હક્કો પાછળના જે આપણા ખોરડાઓ હતા એ

આજ સુધી ગામડાના ખેડૂતોને એની સનદ મળેલી નહતી, એને વેચવા હોય તો કોઈના નામે કરી શકતા નહતા. જો આ અધિકાર આપ્યા હોય તો એ આ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપ્યા છે. જ્યારે આજે મહેસૂલ વિભાગમાં આપણે વાત કરીએ કે રાજયની અંદર તમામ ૧૨૫ તાલુકા મથકે ઈ-ધરા કેન્દ્રો કાર્યરત કર્યા હોય તો આ ગુજરાતની ભા.જ.પ.ની સરકારે કર્યા. ઈ-ધરા પ્રોજેકટના અમલ પછી ૨૦૦૬ સુધીમાં જમીન દફતરની ૨.૩૮ કરોડ નકલો આપવામાં આવી અને સરેરાશ દરરોજની ૫૯૦૦૦ આ નકલો આપવામાં આવી, તો એક કલાકમાં ૭૩૭૫ નકલો થાય માલજીબાપા, અને એક મિનિટમાં ૧૨૩ નકલો થાય , આ કોંગ્રેસના વખતમાં એને યાદ નહતું આવ્યું. ખરા અર્થમાં ગુજરાતમાં જે મહેસૂલ વિભાગે આ કોમ્પ્યુટરાઈઝેશન કર્યુ અને જે પ્રગતિ કરી છે અને સરળીકરણ કર્યુ છે એના માટે હું એના મંત્રીશ્રીને પણ અભિનંદન આપું છું. આપણા ગામડાઓમાં પહેલા જમીનોના દસ્તાવેજો થતા હતા, આ બહેનોને કોઈ દિવસ આપણે યાદ નહતા કરતા કે બહેનોના નામે આપણે જમીન લઈએ. આ ભા.જ.પ.ની સરકારે બહેનોના નામના જો દસ્તાવેજો કરવામાં આવે તો એના ઉપર જે પૈસા લેવામાં આવતા હતા, દસ્તાવેજની ફી ઉઘરાવવામાં આવતી હતી, રજીસ્ટ્રેશન ફી એની માફ કરી એના કારણે ગુજરાતમાં ૪૦ ટકા દસ્તાવેજો બહેનોના નામે થવા લાગ્યા અને આ ગુજરાત રાજયમાં ૧૫ ટકા ઉપરની જે સ્ટૅમ્પ ડ્યૂટી હતી એ ઘટાડીને ૫.૯૫ ટકા સ્ટૅમ્પ ડ્યૂટી આ ભા.જ.પ.ની સરકારે કરી માલજીબાપા. માનનીય અધ્યક્ષશ્રી, જે અગાઉના વખતમાં જો આપણે જમીનની વાત કરતા આ ગઈ કાલે શ્રી જયંતિભાઈ કવાડિયા કહેતા હતા કે, સુરેન્દ્રનગર જિલ્લો પછાત જિલ્લો હતો.

**અધ્યક્ષશ્રી**: માલજીબાપા ઉપર બહુ પ્રેમ છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : એ વડીલ છે એટલે, માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે સભ્યશ્રી જયંતિભાઈ કવાડિયા વાત કરતા હતા કે, આ સુરેન્દ્રનગર જિલ્લો પછાત જિલ્લો હતો, આ સુરેન્દ્રનગર જિલ્લામાં આજથી ૧૨-૧૫ વર્ષ પહેલાં ૨૦૦ રૂપિયા વીઘે જમીન મળતી હતી, આ એને કહે, " ખડ, પાણી, ખાખરા, પાણાંનો નહીં પાર, દીવા વિના વાળું કરે એ દોહ્યલો પાંચાળ". એ જમીનમાં અને એ ગામડામાં ૨૪ કલાક વીજળી આ ભા.જ.પ. સરકારે આપી, આજે આ પાચાંળ વિસ્તાર જાઓ તો એક લાખ રૂપિયામાં વિઘો જમીન નથી મળતી. આ બાર વર્ષમાં શું પરિવર્તન આવ્યું એ તમારે વિચારવાનું છે. આ તો આપણી કહેવત છે કે, જાન લઈને ગયા દીકરાને પરણાવીને નીકળીએ, જાનની વિદાય થાય તો પેલી જાનડીયું ગીત ગાય કે, ખારી કુઈના પાણી પાયા, ખરા બપોરે કાઢ્યા રે, જો આ ના કહે તો આપણા જે સાસુબા બેઠા છે દિલ્હીમાં એ બાઈ જાનડીયુંને વઢે કે નભાઈયું કે તમને ફટાણા દેતા પણ ન આવડ્યા અને એના કારણે આ કોંગ્રેસના મિત્રો આ ફટાણા દે છે. એનો આત્મામાં તો એમ છે કે, ખરા અર્થમાં ગુજરાત રાજયે પ્રગતિ કરી છે. ગઈ કાલના એક પેપરમાં મેં વાંચ્યું કે ગુજરાતની ૨૦૦૨માં માથાદીઠ આવક હતી એના કરતા ૨૦૦૬માં ડબલ ગણી, બસો ગણી વધી છે અને ૨૦૧૦માં આ ૩૦૦ ગણી આવક થવાની છે. વિરોધપક્ષના નેતા એક દિવસ રાત્રે બંગલે સુતા હતા અને ભાભી કાંઈક બહારગામ ગયા હતા, તો રાત્રે દેકારો કરવા માંડ્યા કે ઉત્સવ, ઉત્સવ ઉત્સવ, તો પેલા ચોકીદારો અને બીજા બધા દોડ્યા કે સાહેબ શેનો ઉત્સવ ? તો કહે કે એ ઉત્સવ નહીં, આ નરેન્દ્ર મોદી ઉત્સવ, ઉત્સવ કરે છે તો આપણને પતાવી નાખશે. આજે દરેક વખતે જેટલી વાર મોઢવાડિયા સાહેબ બોલવા ઊભા થાય એટલે ઉત્સવ કર્યા, ઉત્સવ કર્યા, ઉત્સવમાં ખર્ચા કર્યા, એમને ખબર છે કે, ઉત્સવ આપણને મારી નાખશે. માનનીય અધ્યક્ષશ્રી, આજે પરમ દિવસે આ ઢાંકી પમ્પીંગ સ્ટેશનની અર્પણ વિધિ કાર્યક્રમ હતો, ખરા અર્થમાં એક લાખ માનવ મેદનીમાં ચાળીસ હજાર બહેનો હતા. આ ૪૦૦૦૦ બહેનોએ એક સાથે આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના ઓવારણા લીધા હતા એટલા માટે લીધા હતા કે આ ગુજરાતની જીવાદોરી જે નર્મદા યોજના છે એને આડખીલીરૂપે આ કોંગ્રેસના મિત્રો આવે તો એને મારી મા પહોંચે. આ પંચાલની બાઈઓએ એમ કહ્યું હતું કે આજ સુધી અમને કોંગ્રેસની સરકારે નપાણિયા રાખ્યા હતા. આજ સુધી બાબુભાઈને યાદ ન આવ્યું કે ગુજરાતને આગળ લઈ જવા માટે શું કરવું જોઈએ? બાબુભાઈ છાતી પર હાથ મૂકીને કહે ૧૨ વર્ષ પહેલા કચ્છમાં કોલસા સિવાય કોઈ ઉદ્યોગ નહોતો, ધંધો નહોતો. આજે કચ્છ ધમધમતું થયું છે. ૧૨ વર્ષ પહેલા મોરબીના ઘણા ખેડૂતોએ કચ્છમાં ૫૦૦ રૂપિયે વિઘો જમીન લીધી છે, મફત જમીન મળતી હતી આજે કચ્છમાં જમીન લેવી હોય તો એક લાખ રૂપિયામાં વિઘો જમીન મળતી નથી. આજે ખરા અર્થમાં આ વિકાસ જોઈને આંખમાં ખૂંચે છે. દોલતકાકા ઘણીવાર વાત વાતમાં ઊભા થાય છે રિસાઈને. દોલતકાકાનો વાંધો નથી. ૭૫ વર્ષ પછી બાળક જેવા બની જાય છે. બાળક જેમ રિસાઈ જાય. કેટલાય વર્ષોથી ચૂંટાઈને આવું છું. આવતી વખતે મારું શું થશે? એટલે વારંવાર ઊભા થઈને બોલી લઉં, તક લેવાય એટલી લઈ લઉં. એમનો વાંક નથી. આજે આ ગામડાંમાં જે મહેસૂલ વિભાગે બહેને હમણાં વાત કરી હતી ડીઝાસ્ટર મેનેજમેન્ટ મને યાદ છે મોરબીમાં મચ્છું નદીનું પુર આવ્યું ત્યારે ડીઝાસ્ટર મેનેજમેન્ટે હજારો માનવીના મૃત્યુ થયા હતા ત્યારે એક માનવીને એણે ૩૦૦૦ રૂપિયા આપ્યા હતા આ ગુજરાતના ડીઝાસ્ટર મેનેજમેન્ટે. આ ભૂકંપની અંદર બાબુભાઈએ કચ્છમાં જોયું છે એકેએક વ્યકિતને એક લાખ રૂપિયા અને રહેણાંકનું મકાન ડીઝાસ્ટર મેનેજમેન્ટે આપ્યું. ગામડાંમાં ભૂકંપમાં ખેડૂતોના બોર ફેઈલ થયા હતા એ બોર પણ નવા કરી આપ્યા. ખરા અર્થમાં અત્યારનું જે ડીઝાસ્ટર મેનેજમેન્ટ છે (અંતરાય) શીવલાલભાઈ, આપના ભુજમાં સાંકડી ગલીમાં બે જણા નીકળી શકતા નહોતા એવી ભુજની સ્થિતિ હતી. એના કારણે ભૂકંપે હજાર વિધાર્થીનો ભોગ લીધો હતો. સાંકડી શેરીએ

લીધો હતો, ડીઝાસ્ટર મેનેજમેન્ટે અને શહેરી વિકાસ વિભાગે જે ભૂકંપ પછી ભુજનું નિર્માણ કર્યું છે એના વખાણ તમારે પણ કરવા પડે. ખરા અર્થમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટને અભિનંદન આપું છું. પાણીના પુર, તાપીના પુર હોય કે મધ્ય ગુજરાતમાં પાણીના પુર આવ્યું એમાં પણ ડીઝાસ્ટર મેનેજમેન્ટે કાર્યવાહી કરી છે. એ અભિનંદનને પાત્ર છે. મારું એક મંત્રીશ્રીને સૂચન છે કે નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા માટે સરળ કાયદો લાવ્યા છે પણ એની અંદર કોઈપણ ખેડૂતે વાવેતર નોંધાવેલું ન હોય એને કારણે એને ખાલસા કરવામાં આવે છે. તો ખરા અર્થમાં જમીનની ખરાઈ કરીને વાવેતર થતું હોય તો ખાલસા ન કરવા જોઈએ. બીજું, રાજય સરકારે કોઈપણ જમીનની હરાજી કરી હોય, ત્રણ વાર બોલીમાં જમીન લેવી હોય એને જુની શરતમાં ગણવી જોઈએ. ગામ તળ નીમ કરવાની પદ્ધતિ છે એમાં સરળતા લાવીને ૩ મહિનામાં ગામ તળ નીમ થાય એવું કરવું જોઈએ. ખેડૂત શિયાળાની ઋતુ હોય કડકડતી ઠંડીમાં ઉઘાડા ડિલે જમીનમાં આંટા મારે એટલે એને ખબર પડે કે અહીં પાણી ચાલશે. અહીં પાણીના ગર છે એના ખેતરમાં.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે, સભાગૃહ ૧૧-૦૦ વાગ્યે ફરી મળશે.

**વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ)** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગ અને અન્ન, નાગરિક પુરવઠા વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, એને અનુમોદન આપી, એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

મહેસૂલ વિભાગ એ સમગ્ર છેવાડાના માનવીથી આમ માનવી સાથે સંકળાયેલો વિભાગ છે. આ વિભાગ ખૂબ જ મહત્વનો વિભાગ છે અને વિભાગમાં જે રીતે કામગીરી થઈ રહી છે અને જે ટૅક્નૉલૉજીનો સૌથી મોટો ઉપયોગ થયો હોય તો મહેસૂલ વિભાગમાં થઈ રહ્યો છે અને એનાં પરિણામો પણ સમયાંતરે જોવા મળી રહ્યાં છે. ભૂતકાળમાં આપણે ૭/૧૨ ની નકલ માટે તલાટી માટે ખૂબ ચર્ચા થતી હતી કે તલાટી મળતા નથી અને ખેડૂતોને મુશ્કેલી પડે છે, પણ મિત્રો આજે કહેતા આનંદ થાય છે કે જે રીતે ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરીને ૭/૧૨ નું કોમ્પ્યુટરાઈઝેશન કરીને જે ત્વરિત નકલ ખેડૂતોને મળે છે અને જે ભૂતકાળમાં તલાટીઓ ભ્રષ્ટાચાર કરતા હતા, એનાથી ખેડૂતોને છૂટકારો મળ્યો છે. આજે એ કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં થોડી મોટી ભૂલો થઈ છે. હું કહેવા માગું છું કે આ ભૂલો ખેડૂતોને પૂછ્યા વિના જે ભૂતકાળમાં થઈ હતી, એમાં સુધારો કર્યો છે, તો એનાથી પણ ખૂબ ફાયદો થવાનો છે. એ જ રીતે દસ્તાવેજોની નોંધણી થઈ છે. એ દસ્તાવેજોની નોંધણીનું પણ કોમ્પ્યુટરાઈઝેશન થવાથી ભૂતકાળમાં દસ્તાવેજો ગૂમ થઈ જતા હતા, આજે એ દસ્તાવેજોની નકલ ત્વરિત મળે તેવી પદ્ધતિ દાખલ કરી છે, તે માટે હું માનનીય મંત્રીશ્રીને ખૂબ અભિનંદન આપું છું. બીજી વાત જમીનોનું જે કોમ્પ્યુટરાઈઝેશન થયું છે, એમાં ફેકિંગ મશીન એ ભૂતકાળમાં સ્ટૅમ્પ પેપર મળતા નહોતા અને સ્ટૅમ્પ પેપર વિના ઘણા દસ્તાવેજોના કરાર લેખો અટવાઈ જતા હતા, પણ આ સુવિધા ઊભી કરવાથી પ્રજાને સીધો ફાયદો થયો છે. એ વાત સૌએ સ્વીકારવી પડશે.

મહેસૂલ વિભાગ સાથે જે દફતર જોડાયેલ છે તે ખૂબ મહત્ત્વનું અંગ છે. પાયાનું કામ જમીન દફતર કરે છે. જમીનની માપણીથી માંડી જમીન મહેસૂલની આકારણી, નકશા યોગ્ય રાખવા, રેકર્ડ રાખવું. આ તમામ કામગીરી જમીન દફતર કરતું હોય ત્યારે આ વિભાગ સાથે ઓરમાયું વર્તન થયું હોય તેવું મને લાગી રહ્યું છે, કારણ કે આ વિભાગમાં ૨૦ વર્ષ સુધી મેં નોકરી કરી છે. અને ૨૦ વર્ષ સુધી નોકરી કર્યા પછી જે મારો અનુભવ હતો એ અનુભવની વાત હું આ ગૃહમાં કહેવા માગું છું. ભૂતકાળમા જ્યારે હું આ વિભાગમાં નોકરી કરતો હતો, ત્યારે મેં સિટી સરવે અને ગામતળની માપણી ૧૯૮૦ માં કરેલી. આ અમારું પાયાનું કામ ઘરની માપણી કરવાનું હતું. એ માપણીનો રેકર્ડ બને, મિલકતદારને પોતાના નકશા મળે, પ્રોપર્ટીકાર્ડ મળે એ હેતુ હતો અને એનો ૮૦ ટકા ખર્ચ આ વિભાગે કર્યો હતો. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે ૧૯૮૦ ની વાત ૨૭ વર્ષ થયા પછી આ રેકર્ડ એમને એમ પડ્યું છે. એની હક્ક ચોકસી નથી થતી. આ ગૃહમાં હું ૯ વર્ષથી વાત કરું છું. આ બાબતમાં જે રેકર્ડ ૨૭ વર્ષ પહેલા માપણી થયેલ છે, એની હક્ક ચોકસી નહિ થવાના કારણે આ બાબતમાં મંત્રીશ્રી ચોક્કસ આનું ધ્યાન રાખે. સરકારે ૮૦ ટકા ખર્ચ કરેલ છે, એનું પૂરેપૂરું યોગદાન મળી શકે અને હવે ખર્ચ થવાનો છે તે ફક્ત ૨૦ ટકા થવાનો છે, એમાંથી સનદ વેચવાથી, પ્રોપર્ટી મળવાથી સરકારને આવક થશે. બીજી બાજુ મિલકત ધારકને પોતાનો રેકર્ડ મળશે. આ બાબતે ચિંતા કરવાની જરૂર છે. આ સિટી સરવે, ગામ તળની માપણી જે રાજ્યમાં થઈ રહી છે, એની ત્વરિત હક્ક ચોકસી થાય અને એનો પ્રજાને લાભ મળે એ દિશામાં પ્રયત્ન કરવાનો છે. સાથે સાથે જમીન સંપાદન થાય છે. કેટલાક કોંગ્રેસના મિત્રો વાત કરતા હતા કે ઉદ્યોગોને જમીન આપી છે. ઉદ્યોગોને આપી એમાં સંમત છું, પણ ઉદ્યોગોથી આ ગુજરાતનો વિકાસ થાય એ વાત સ્વીકારું છું. ઉદ્યોગો માટે એ જમીન આપ્યા પછી એ જમીનનો ઉદ્યોગકારે ઉપયોગ કર્યો છે કે કેમ? જો ૧૦ વર્ષ સુધી ઉપયોગ ન કરતા હોય તો જે તે ખેડૂતોને તે પરત આપવી જોઈએ. અને એવી જ રીતે બીજા હેતુ માટે જમીન સંપાદન થયેલી હોય તેવી તમામ જમીનોનો ઉપયોગ ન કરતા હોય તેમાં તમામ ક્ષેત્રની વાત છે તો તે જમીન ખેડૂતને પરત આપવી જોઈએ. સાથે સાથે જે ખેડૂતો ખેડૂત તરીકે મટી જાય છે, તેની જમીન રસ્તામાં સંપાદન થઈ હોય કે બીજા

કોઈ કારણસર જમીન સંપાદન થઈ હોય તો તે ખેડૂત તરીકે મટી જાય છે અને તેને તે જમીન ખરીદવાની ફરજિયાત હોય ત્યારે કોઈપણ કારણસર ખેડૂત જમીન ખરીદી શકતો નથી અને તેના માટે જમીન ખરીદવાનો જે બે વર્ષનો કાયદો છે તેમાં સુધારો કરીને તેનું ખેડૂત હોવાનું પ્રમાણપત્ર કાયમ રહે તેવો સુધારો કરવો જોઈએ. ખેડૂત આર્થિક સ્થિતિ સુધરે ત્યારે જમીન ખરીદી શકે તે માટે કાયદામાં જોગવાઈ હોવી જોઈએ. બીજી વાત જમીન સંપાદન થયા પછી જે હેતુ માટે ઉપયોગ થાય છે અને તેની સીધી અસર સાહેબ ખેત ઉત્પાદન ઉપર થાય છે તેવા સંજોગોમા આ દિશામાં ગંભીરતાપૂર્વક ધ્યાન આપવાની જરૂર છે.

મારા ત્યાં દરિયાઈ વિસ્તારમાં હજારો એકર ખારલેન્ડની જમીન આવેલ છે. તેનો ઉપયોગ કરવામાં આવે તો સારા પરિણામ આવી શકે છે. મારા મત વિસ્તારમાં મહેસૂલમંત્રી અને મહેસૂલ વિભાગ તરફથી ઝીંગા ઉછેરવા માટે જે જમીન ફાળવવામાં આવેલ છે તેના પરિણામો ખૂબ સારા આવ્યા છે. આ જમીનમાંથી ૮૦ કરોડ જેટલી આવક દરવર્ષે આ જમીન આપવાને કારણે સરકારને થાય છે. આ વાત આપણે સૌએ સ્વીકારવી પડશે. આના લીધે મોટો ફાયદો થયો છે ત્યારે આ જે જમીન મારા વિસ્તારમાં ચોર્યાસી તાલુકાના વિસ્તારની છે તે આજે હજારો હેકટર જમીન ખાલી પડી રહી છે. તે જમીન આવા હેતુ માટે આપવામાં આવે તો તેમાંથી સરકારને મોટી આવક થાય તેમ છે. આવી મહેસૂલ વિભાગમાં જે કંઈ કામગીરી થઈ રહી છે તેને આવકારવી પડશે. સાથે સાથે ખેડૂતોને જમીન ખેડવામાં મુશ્કેલી પડે છે, ખેતી કરવા જવા માટે રસ્તાની જોગવાઈ નથી, બે શેઢા વચ્ચે નકશામાં જોગવાઈ ન હોવાના કારણે અનેક અવરોધો ઉભા થાય છે આ અવરોધો દૂર કરવા પડશે. ખેતી નહીં થવાના કારણે જે પરિસ્થિતિ ઉભી થાય છે અને તેમાંથી ખેડૂતો ખેડૂતો વચ્ચે ઝગડા થાય છે તેના માટે કાયદામાં સુધારો કરી ખેડૂતને પોતાના ખેતરમાં રસ્તાની સગવડ મળે તે દિશામાં પ્રયત્નો કરવા પડશે. ભૂતકાળમાં જે જંતરી માટેની વાત કરતા હતા, ભૂતકાળમાં દસ્તાવેજોમાં ગેરરીતિ થતી હતી તેને દૂર કરવાનું કામ આ સરકારે કર્યુ છે. નવી જંતરી પ્રમાણે આજે દસ્તાવેજો બની રહ્યા છે ત્યારે દસ્તાવેજોમાં કયાંય ભ્રષ્ટાચારને અવકાશ નથી. ભૂતકાળમાં જ્યારે દસ્તાવેજો બનતા હતા ત્યારે દસ્તાવેજ થયા પછી દસ્તાવેજ ધારકને ૩૨-કની નોટિસો મળતી હતી. તેને પૈસા ભરવા પડતા હતા. તે મુશ્કેલીઓનું નિવારણ થયું છે અને આજે દસ્તાવેજ કરનારને આમાં ફાયદો થયો છે. જમીન દફતરનું કોમ્પ્યુટરાઈઝેશન થવાને કારણે ૭-૧૨ના ઉતારા, પ્રોપર્ટી કાર્ડ, સનદ, કે.જે.પી., આકારબંધ આ બધાનું કોમ્પ્યુટરાઈઝેશન થયું છે. આ બધાને કોમ્પ્યુટરાઈઝેશન થવાને કારણે અને સનદનું કોમ્પ્યુટરાઈઝેશન થવાને કારણે છેલ્લામાં છેલ્લું રેકર્ડ અદ્યતન બન્યું છે. મારા અનુભવ પ્રમાણે આકારબંધ હતો અને એકત્રીકરણનો કાયદો બન્યો છે તે મુજબ જે છેલ્લું રેકર્ડ બન્યું છે તેનો અમલ થવો જોઈએ. આપણે ત્યાં ૩૦ વર્ષે માપણી થાય છે. આપણે ત્યાં રેકર્ડ એમને એમ પડ્યું રહે છે અને રેકર્ડનું પ્રમોલગેશન થતું નથી અને રેકર્ડનું પ્રમોલગેશન થયું હોય તો તેનો અમલ તાત્કાલિક થવો જોઈએ. આનો સીધો ફાયદો તો આખરે ખેડૂતને જ થાય છે. ૩૦ વર્ષે માપણી થાય છે તેના કારણે ટૅક્નીકલ અને વહિવટી મુશ્કેલીઓ ઉભી થાય છે તેના માટે ચોક્કસ આયોજન કરવું જોઈએ. બીજું કે મહેસૂલ વિભાગમાં નવા નવા પરિપત્રો થાય છે તો તેમાં સરળીકરણ થાય અને કાયદો બહુ મોટો છે તેનું સરળીકરણ થાય તો તેનાથી કોર્ટમાં પીટીશનો નહીં થાય. આમ સરળીકરણ થશે તો કોર્ટમાં તેનો દૂરુપયોગ થતો હતો તે નહીં થાય. કાયદો સરળ બનાવવાથી પ્રજાને લાભ મળશે, ખેડૂતોને લાભ મળશે. મહેસૂલ વિભાગ અનેક કામગીરી કરે છે. ભૂતકાળમાં ૧૫ ટકા જંતરી હતી તેમાં ઘટાડો કર્યો છે. મહિલાઓ માટે દસ્તાવેજમાં જે પ્રાવધાન કર્યા છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. અને આજે દસ્તાવેજો થાય છે, મહિલાઓ માટે છૂટછાટ આપી છે આ વાત આપણે સૌએ સ્વીકારવી પડશે કે આજે પહેલીવાર જે મહિલાઓ માટે છૂટછાટ આપી અને એમાં સુધારો કર્યો છે એ વાત આપણે સ્વીકારીને ચાલીશું અને એના લીધે ૨ લાખ ૭૪ હજાર બહેનોના દસ્તાવેજ આજે ગુજરાતમાં કરી શક્યા છીએ, અને એ સરળ કામ કર્યુ છે, ભૂતકાળમાં દસ્તાવેજોની બાબતમાં ખોટા દસ્તાવેજ થતા હતા અને એમાં ગેરરીતિઓ પણ થતી હતી એ ગેરરીતિઓ દૂર કરવાનું કામ આ જે ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે અને એમાં જે ફોટા સિસ્ટમ દાખલ કરી છે, દસ્તાવેજ લેનાર અને દસ્તાવેજ કરનાર, બંનેના ફોટાની જે સિસ્ટમ દાખલ કરી છે, અગાઉ જે દસ્તાવેજોમાં ગેરરીતિઓ થતી હતી એ એનાથી આજે આપણે દૂર કરી શક્યા છીએ. (સમયસૂચક ઘંટડી).

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી અને માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને અનુમોદન આપીને વિરમું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (૨૫૨)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૨૨ અને ૨૩ લઈને આવ્યા છે અને મહેસૂલ મંત્રીશ્રી માગણી નંબર ૭૬, ૭૮ અને ૭૯ લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાગરિક પુરવઠા વિભાગ એ રાજયનું અન્ન પૂર્ણ કરતું ખાતુ છે અને ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં જે શ્રમિકો હોય એમને અનાજ, કેન્દ્ર સરકાર તરફથી વર્કની સામે જે અનાજ આપવાનું હોય એની પણ વ્યવસ્થા એ કરતું હોય છે. ૨૦૦૨માં અછતની અંદર કામ કરતા મજૂરોના રોજના દશ રૂપિયા કાપી

લેવામાં આવ્યા અને એમાં પાંચ કિલો અનાજ આપવાનું હતું એ હજી રાપર અને ભચાઉમાં પૂરી રીતે શ્રમિકોને પહોંચ્યું નથી એ મારે માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કહેવાનું છે. કેટલુંક અનાજ પહોંચાડવામાં આવ્યું પણ હજી લગભગ પાંચ હજાર ગુણી અનાજ એ શ્રમિકોને આપવાનું બાકી છે. રૅશનકાર્ડ બદલવાની વાત હોય એ વર્ષો સુધી બદલાય નહીં, નાગરિક પુરવઠા સમિતિની મીટિંગો પણ સમયસર મળતી ન હોય અને જ્યારે ત્યાં જે મુદ્દાઓ રજૂ કરીએ એનું મહિનાઓ સુધી કે વર્ષો સુધી નિરાકરણ ન થતું હોય ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવાનું કે, આ જે ગ્રામ વિસ્તારોમાં એ કુટુંબો જુદા પડતા હોય પછી રૅશનકાર્ડ બદલવાના હોય ત્યાંથી કરી એને પૂરતું અનાજ મળે એ બાબતમાં કાળજી લેવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, નાગરિક પુરવઠા નિગમની રચના થઈ ત્યારે એ મીની સ્ટેટ ટ્રેડિંગ કોરપોરેશન આ રાજયમાં થશે એવી અપેક્ષાઓ રાખવામાં આવેલી હતી અત્યારે એના મારફતે માત્ર એક અનાજનું વિતરણ અને ક્યાંક સીમેન્ટનું ઈન્ડેન્ટીંગ સિવાયની અન્ય પ્રવૃત્તિઓ જેવી કે રાહતભાવે કપડા આપવાની વાત હતી કે નોટબુકોનું વિતરણ કરતા હતા એ બધુ નિગમ મારફતે બંધ થઈ ગયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ ખાતાની જે વાત વિરોધપક્ષના નેતાશ્રીએ કહી એ વાતમાં હું આગળ વધીશ કે જમીનોની બાબતમાં જે આ રાજયમાં ખાસ કરીને ભાજપની સરકાર આવી એ પછી જમીનની જે ખુલ્લેઆમ એ શ્રીમંતોએ જે વહેંચણી કરેલી છે તેની તપાસ થવી જોઈએ. આ અગાઉ પણ મેં સન્માનનીય સભાગૃહ સમક્ષ કહ્યું છે કે કચ્છમાં, એ મુંદ્રામાં ઝીણાભાઈ દરજી વીસ મુદ્દા સમિતિમાં હતા ત્યારે ૨૩ લોકોને દશ એકર જમીન આપવા માટેનું એ નક્કી કરાવી ગયા હતા પણ લૅન્ડ કચેરી મળી નહીં અને ટૅક્નીકલ કારણસર એ જમીન એમના ખાતે થઈ નહીં. ૨૫-૨૫ વર્ષો સુધી એ જમીનોનો ભોગવટો કર્યો, ખર્ચ કર્યો હોય અને વાવાઝોડા પછી ખર્ચ કર્યો હોય તે છતાં એ જમીન ઝૂટવાઈ જાય, લૅન્ડ કચેરી વર્ષો સુધી મળી નહીં અને જમીન વિહોણા ખેતમજૂરોને એ આપવાની વાત હોય પણ એ જમીનની માગણી જ્યારે ઉદ્યોગ તરફથી કરવામાં આવે તો તરત આપી દેવામાં આવે, એની સામે પણ અમારો વાંધો નથી પણ એની પૂરતી કિંમત તો લો. આ જે જમીનની બાબતમાં ભુજ શહેર હોય જંત્રીના ભાવ ખેડૂતોનો હોય એ જમીન કેટલા ભાવે વેચાય છે અને એને આધારે સ્ટૅમ્પ ડ્યૂટી વસૂલ કરવાની આવે છે, તો સ્ટૅમ્પ ડ્યૂટી વસૂલ કરવાની અંદરથી રાજયની આવક જો ઘટતી હોય અને જો એ તરફ ધ્યાન ખેંચાયું હોય તો માનનીય અધ્યક્ષશ્રી, સ્ટૅમ્પ ડ્યૂટી માટે જે નિમાયેલા ડૅપ્યુટી કલેકટરોની જગ્યાઓ કચ્છમાં ખાલી છે કે કેમ? એનો જવાબ માનનીય મંત્રીશ્રી આજે આપે.

માનનીય અધ્યક્ષશ્રી, આપત્તિ વ્યવસ્થા મંડળ માટે થઈને કેટલાક માનનીય સભ્યશ્રીઓએ ખૂબ કહ્યું.

આપત્તિ વ્યવસ્થા મંડળમાં સૌથી પહેલા તો લાગણીશીલતા હોવી જરૂરી છે. કુદરતી આફતનો ભોગ બનેલા લોકો પ્રત્યે મહેસૂલ મંત્રીશ્રી અને મહેસૂલ ખાતાને લાગણીશીલતા હોવી જોઈએ એ પહેલો નિયમ છે. અને એ ખાતાના તમામ અધિકારીઓ પણ લાગણીશીલ હોવા જોઈએ. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની રચના થઈ રાજયમાં દેશની અંદર સૌથી પહેલી રચના કરવા માટેનું ગૌરવ લઈએ છીએ પરંતુ સુરતના ફ્લડ વખતે જે જરૂરી હોડીઓ હોવી જોઈએ એ પણ ખરીદી ન હતી અને એ ન ખરીદવા માટે કોણ જવાબદાર છે એ માનનીય મંત્રીશ્રી તપાસ કરે. ઈમોશનલ, લાગણીશીલતા અને નકારાત્મકતા એ ત્રણેય સાથે ન રહી શકે એ નકારાત્મકતા દૂર કરવી જોઈએ કમસેકમ અસરગ્રસ્તોને મદદ કરવી હોય તો. કેંદ્ર સરકાર તરફથી ૫૪૨ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી. એમણે માગણી કરી છે ગયા વખતે ૨૬૦ કરોડની અને પબ્લિક હેલ્થના ૨૯૫ કરોડ રૂપિયા આપેલ હતા. સફાઈ માટે આ વખતે ૫૦ કરોડની માગણી કરી છે. આવી તરંગી જે માગણીઓ હોય ૭૫ કરોડ રૂપિયા પબ્લિક હેલ્થના અને બીજા ૫૦ કરોડ અન્ય ખર્ચ માટે માગવામાં આવેલ છે. ૨૦૦૫-૨૦૦૬ના આંકડા જે આપવામાં આવેલ છે એમાં એમને આપવામાં આવેલ ૭૮૮ કરોડ અને એમાં આગલા વર્ષની પુરાંત ૨૨૦ કરોડ અને ખર્ચ માત્ર ૬૫૬ કરોડ રૂપિયા, એટલે ૩૪૩ કરોડ રૂપિયાનો વધારો કર્યો. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીને છેલ્લા ચાર વર્ષથી જે ગ્રાન્ટ આપવામાં આવે છે એનો ઉપયોગ કરી શકતા નથી. કરી શકતા નથી એટલે કામો નથી એમ નહીં પણ એમની પાસે નિર્ણય શકિત નથી. આજે પણ કચ્છમાં ભચાઉ શહેર અને ભુજ શહેરમાં ભૂકંપથી ધ્વંસ થયેલ અસરગ્રસ્તોના મકાનોના કામ પૂરા થયા નથી. ભચાઉ શહેરમાં તો પહેલો હપતો પણ અપાઈ ગયો પણ પ્લાન પાસ ન કરવાના કારણે કામ આગળ વધી શકયા નથી. આવા ૧૨૦૦ થી ૧૪૦૦ મકાનો તો માત્ર ભચાઉ શહેરમાં જ શરૂ થઈ શકતા નથી એના કારણમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીનું નકારાત્મક વલણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે મહેસૂલ ખાતાએ જેમની આ જમીનો ન હતી એન્ક્રોચ કરેલ હતું એને જમીનો આપવા માટેનો ઠરાવ કર્યો અને એ જમીનો એન્ક્રોચ કરેલાને ૫૦ મીટર આપી શકાય, નિયમ અનુસાર એના કરતા વધારે આપી શકાય નહીં. પરંતુ ત્યાં એ જમીનો કેટલાક સ્થાપિત હિતોએ દબાવી લીધી અને એના કારણે જે લોકો સાચા અસરગ્રસ્તો છે એને ગ્રાન્ટ આપી શકાતી નથી. આ બાબતે જે લોકો ખોટા કામ કરે છે એની સામે પગલાં શા માટે લેવાતા નથી?

માનનીય અધ્યક્ષશ્રી, મીઠાંના અગરોની જમીનો મહેસૂલ ખાતા તરફથી મીઠું પકાવવા માટે આપવામાં આવે છે એ જમીનો અચાનક-આશ્ચર્યજનક રીતે મહેસૂલ ખાતાને સરન્ડર કરી દે છે અને મહેસૂલ ખાતું બીજા જ

દિવસે મેરિટાઈમ બોર્ડ કે કોઈ એવી સંસ્થાને આપી દે અને મેરિટાઈમ બોર્ડ એ જમીનો કોઈ વિકાસકારોને આપી દે અને એટલી બધી ઝડપથી આ બધું થાય કે ઝડપ સરકારની એમાં ગણવી હોય તો ગણી શકાય. અને પછી એ જમીનનો હેતુ ફેર થાય એમાં કોઈ પ્રીમિયમ લેવા માટેની જોગવાઈ અમુક તારીખ સુધી રાખવામાં આવેલ જ ન હતી એવો ઠરાવ બોર્ડ કરે તો મહેસૂલ ખાતું એમાં શું કરે છે? કારણ કે, આ જમીનો તો મહેસૂલ ખાતાએ એલોટ કરેલ છે એ જમીનોનો જે કોઈ હેતુ ફેર કરવાનો હોય કે ઉપયોગ ન કરવાનો હોય તો મહેસૂલ ખાતાને સરન્ડર થવી જોઈએ. શરત ભંગ થાય તો આ જમીનનો મહેસૂલ ખાતાએ કબજો લેવો જોઈએ એને બદલે એમને સર્ટિફિકેટ આપણે આપી દઈએ અને એમને વેચવાનો અધિકાર આપી દઈએ અને જે નફો હોય એ રાજયની તિજોરીમાં ન આવે આવા સંખ્યાબંધ દાખલાઓ કચ્છ જિલ્લામાં, ભાવનગર જિલ્લામાં અને અમરેલી જિલ્લામાં મીઠાંના અગરોની જમીનના ફેરબદલીના છે. મીઠાંની જમીન છે એમાં એ દરિયા કાંઠે એ લોકો મીઠું પકાવતા હોય છે, બીજે કોઈ ઠેકાણે મીઠું નથી પાકતું. મધ્યપ્રદેશમાં કે ઉત્તરપ્રદેશમાં મીઠું પકવવું હોય તો ન પકવી શકાય. ગુજરાતને ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો છે એમાં અમુક ઠેકાણે એ દરિયાઈ પાણી જ્યાં આવતું હોય ત્યાં મીઠું પકવી શકાય એમ છે ત્યારે એ જમીન માત્ર અગરિયાઓની માગણી હોય એને પ્રાધાન્ય આપવું જોઈએ અને અગરિયાઓને આપ્યા પછી એમની માગણી પૂરી થતી હોય અને પછી તમારી પાસે જમીન મીઠું પકવવા માટે વધતી હોય તો એમને ફાળવો. મીઠાંના હેતુસર આપેલી જમીન જ્યારે સરકારને સરન્ડર થતી હોય ત્યારે એ જમીન મીઠાંના અગરિયાઓને જ આપવી જોઈએ. આ સિદ્ધાંતનું પાલન શા માટે નથી થતું? એ જમીનનું અમે ધ્યાન દોરીએ છીએ. ઇનામ નાબૂદી ધારા હેઠળ સૌથી વધુ અસર કોઈને થઈ હોય તો એ કચ્છના ગિરાસદારોને થઈ હતી એમને ઘરખેડની જમીનો આપવા માટેની પણ વાત હતી એ ઘરખેડની જમીનો જે છે એ ઇનામદારોને બદલે અન્ય લોકો ઇનામદાર તરીકે નામ દાખલ કરાવી જાય, સર્ટિફિકેટ લઈ જાય અને એની કોઈ તપાસ થાય નહિ. ૨૦ વર્ષ પછી એ જમીનની માગણી કરે અને સોનાના ટુકડા જેવી જમીન એ એમને આપવામાં આવે અને બીજા દિવસે જૂની શરતની હોવાના કારણે વેચાઈ જવાના અનેક દાખલા કચ્છ જિલ્લામાં છે એની મહેસૂલ મંત્રીશ્રી તપાસ કરે એટલું હું આપના મારફતે સૂચન કરુ છું.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસની અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોના બાબતોના વિભાગની માગણી ક્રમાંક-૨૨ અને ૨૩ તેમજ મહેસૂલ વિભાગની માગણી ક્રમાંક-૭૬, ૭૮ અને ૭૯ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઊભો થયો છું.

ગુજરાત એ સમગ્ર રાષ્ટ્રની અંદર ખૂબ વિકાસ પામી રહેલું રાજય છે. ગુજરાતનો સર્વાંગી ક્ષેત્રની અંદર વિકાસ થયો છે આ દેશના સંદર્ભની અંદર જે તે રાજયની આવશ્યકતા અને જરૂરિયાત અને વિકાસના પારા જ્યારે પ્લસ માઈનસ છે ત્યારે ગુજરાતની અંદર સમયની માગ મુજબ ગુજરાતની જનતાના વિકાસની આવશ્યકતા મુજબ સમગ્ર ગુજરાત રાજયની અંદર રસ્તા, પાણી, લાઈટનું એક મોટું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને માનવીય જરૂરિયાતનું કામ પૂર્ણ થયું છે. જ્યારે સમગ્ર રાષ્ટ્રની અંદર ખોરાકના, ન્યુટ્રીશિયનના અભાવના હિસાબે ૨૪ લાખ બાળકોના દર વરસે મૃત્યુ થાય છે અને ૧.૩૨ લાખ માતાઓના મૃત્યુ થાય છે. કદાચ ભારત સરકાર અત્યારે વિદેશથી પશુઓનો ખોરાક એટલે કે કૂતરા અને બિલાડાઓના ખોરાક માટે કદાચ ટેક્સની અંદર કોઈ માફી આપતી હશે પરંતુ ગુજરાતમાં વસતા પાંચ કરોડ લોકો સ્વસ્થ રીતે જીવી શકે, તંદુરસ્ત રીતે જીવી શકે એના માટેનો પ્રયાસ ગુજરાત સરકારે આદર્યો છે. ગુજરાત સરકાર દ્વારા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા એક ક્રાંતિકારી વિચાર અત્યારે હાથ પર લેવામાં આવ્યો છે. જ્યારે ગુજરાતની અંદર વસતા પાંચ કરોડ નાગરિકોને પોષણયુક્ત **ન્યુટ્રીશિયનયુકત** ખોરાક મળે, ક્યાંયથી પોતાના માનવીય શરીરના વિકાસમાં કોઈ **ન્યુટ્રીશિયન ડેફિસિઅન્સી** જોવા ના મળે એટલા માટે **ફોરટીફિકેશન**નો એક ક્રાંતિકારી વિચાર મૂક્યો છે. એ કાર્યક્રમની યોજનાના માધ્યમથી સમગ્ર ગુજરાતની અંદર તેલ ઉત્પાદકો અને આટા ઉત્પાદકો સાથે ગુજરાત સરકારે મીટિંગ કરી અને પોતે જે માલ ઉત્પાદિત કરે છે એની અંદર ન્યુટ્રીશિયન ઉમેરવામાં આવે અને ખાસ કરીને ઘઉંની અંદર **arc ઝીંક અને ફોલિક એસીડ** એ જો ઉમેરવામાં આવે તો એ ખરેખર પોષણક્ષમ બનતું હોય છે જ્યારે તેલની અંદર વિટામિન - ડી અને વિટામિન - એ ઉમેરવામાં આવે તો એ વધારે પોષણક્ષમ બનતું હોય છે. ગુજરાતની અંદર ગ્રામ્ય વિસ્તારની અંદર બાળકોને મધ્યાહ્ન ભોજનની અંદર તેમજ આઈ.સી.ડી.સી. ની યોજના મારફતે જે આંગણવાડી ચાલે છે એમાં ભોજન લેતા દરેક બાળકોને ગુજરાતના કોઈ બાળકોને પોતાના શારીરિક વિકાસની અંદર પોતાના માનસિક વિકાસની અંદર **ન્યુટ્રીશિયન ડેફિસિઅન્સી** જોવા ન મળે એટલા માટે ગુજરાત સરકારે એક ભગીરથ કાર્ય હાથમાં લીધું છે અને એમાં ગુજરાતની અંદર હાલ ૨૮ મોટી આટા મિલો અને ૪૪ નાની આટા મિલો આવેલી છે તેની સાથે મીટિંગ કરીને તારીખ ૧-૧-૨૦૦૬થી સમગ્ર ગુજરાતની અંદર આટા મિલો અને ઑઈલ એસોસિએશન દ્વારા આ લોકોને ન્યુટ્રીશિયનના તત્ત્વો ઉમેરીને ખોરાક આપવામાં આવે છે અને એના પર માર્ક પણ લગાવવામાં આવે છે અને ગુજરાતના લાખ્ખો બાળકોની, આંગણવાડી જતા બાળકોની તંદુરસ્તી માટે આટલી ઉપલબ્ધિ રાજય સરકાર દ્વારા અત્યારે અપાઈ રહી છે મારે કહેવું છે કે ગુજરાત અત્યારે સમગ્ર ભારતની અંદર ખાદ્ય તેલ અને આટાની અંદર ફુડ ન્યુટ્રીશિયન ઉમેરવાની અંદર પ્રથમ ક્રમે છે. ગુજરાત સરકારના અન્ન અને નાગરિક પુરવઠા

વિભાગ દ્વારા કયાંય પણ કોઈપણ પ્રકારના ખોરાકની અંદર જે રૅશનિંગ શોપ ડીલર અથવા તો કેરોસીન વિક્રેતા હોય.. અથવા તો જે ગુજરાતની અંદર પેટ્રોલ, ડિઝલ કોઈ પણ જગ્યાએ કયાંય પણ ભેળસેળ થતું હોય તેની સામે લાલ આંખ કરીને કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગુજરાતના દરેક ગ્રાહકોને પોતાના પોષણક્ષમ ભાવે માલ મળે અને ક્યાંયથી તેનું શોષણ ના થાય, ભેળસેળ ના થાય માલમાં તેને માટે માનનીય મંત્રીશ્રી દ્વારા જે કાર્યવાહી થઈ રહી છે માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વની અંદર કયાંય પણ આવા ગ્રાહકોને છેતરતા કોઈ લોકો, લોકોની જિંદગી સાથે છેડા કરતાં ભેળસેળિયાઓને આ સરકાર કયારેય માફ કરતી નથી. ગુજરાત સરકાર દ્વારા ૨૦૦૨ની અંદર ૮૦, ૨૦૦૩ની અંદર ૧૦૦, ૨૦૦૪ની અંદર ૬૩, ૨૦૦૫ની અંદર ૧૦૧ અને ૨૦૦૬ની અંદર ૯૬ લોકોને પી.બી.એમ.ની અંદર પૂરવામાં આવ્યાં છે. આ સરકારની સ્પષ્ટ વાત હોય છે, સ્પષ્ટ નીતિ હોય છે કે આવા પી.બી.એમ.ના ધારકોને કે પકડેલા કોઈ લોકોને ક્યાંયથી છોડાવવાની કોઈ ભલામણ ચાલતી નથી. ભૂતકાળની અંદર પી.બી.એમ.માં પકડો, ગાંધીનગર આવો અને ગાંધીનગરથી ભલામણ કરવાવાળા લોકો પોતાના વિસ્તારમાં ના પહોંચ્યા હોય ત્યાં પી.બી.એમ.માં પકડાયેલો કોઈ શખ્સ પણ પોતાને ઘરે પહોંચતો હોય છે. આ સરકાર જ્યારથી છે ત્યારથી કોઈ પી.બી.એમ.માં પકડાયેલો વ્યકિત, કોઈ પી.બી.એમ.માં પકડાયેલ લોકોના જીવન સાથે છેડાં કરનાર વ્યકિતને છોડવામાં આવ્યો નથી. સાથે સાથે આ ગુજરાતની અસ્મિતા છે જ્યારે ભારતની હાઈકોર્ટે સૂચન કર્યુ હોય, ભારતની હાઈકોર્ટે આદેશ કર્યો હોય કે આ દેશની અંદર કોઈનું મૃત્યું, કોઈ વ્યકિતનું મૃત્યું ભૂખમરાથી ના થવું જોઈએ. ગુજરાતની અંદર એવા અસંખ્ય કેન્દ્રો ચાલે છે, ગુજરાતની અંદર એવી અસંખ્ય સેવાભાવી સંસ્થાઓ છે, ગુજરાતની અંદર એવા અસંખ્ય ધાર્મિક સ્થાનો છે કે ત્યાં લોકોને વિના મૂલ્યે ફુડ મળે છે. વિના મૂલ્યે મિલ્સ મળે છે. આ ગુજરાતનો કોઈ વ્યકિત કોઈ પણ પરિસ્થિતિની અંદર તેને ભૂખે સૂવું ના પડે, કોઈનું ભૂખ વગર કોઈનું ગુજરાતની અંદર મૃત્યુ ના થાય, ભૂખના હિસાબે કોઈને પીડાવું ના પડે એટલા માટે ગુજરાત સરકાર દ્વારા ફુડ હેલ્પ લાઈનની એક યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના મારફતે જે જરૂરિયાત મંદ લોકો છે તેમને ગુજરાતની અંદર જ્યાં કયાંય આવી રીતે વિના મૂલ્યે ફુડ મિલ્સ મળે છે તેનું ઈન્ફર્મેશન મળી રહે છે. તેને માટે ટેલિકોમ સર્વિસીઝ દ્વારા ફ્રી કોલ સેન્ટરનું આયોજન કરવામાં આવ્યું છે અને ગુજરાતની અંદર જે ૩૭૦ આવા સ્થાનો છે કે જ્યાં લોકોને વિના મૂલ્યે મિલ્સ મળી રહે એવી સ્થિતિ છે તેમને એક લીંકીંગ કરીને જોડવામાં આવ્યા છે અને જરૂરિયાત મંદ લોકો ફ્રી કોલ ઉપરથી કોલ કરીને તેની માહિતી મેળવી શકે છે. જ્યારે કુદરતી આપત્તિઓ તૂટી પડે કારણકે ગુજરાતમાં ત્રણેય બાજુ દરિયા કિનારો છે અને વારંવાર ભૂકંપો આવે છે. વારંવાર સાઈકલોન જેવી સ્થિતિ થાય, મોટા પૂર આવે છે કારણકે હિન્દુસ્તાનની મોટી મોટી નદીઓ અરબી સમુદ્રની અંદર ખાસ કરીને તે ખંભાતના અખાતમાં ઠલવાય છે ત્યારે આવી કુદરતી આપત્તિઓ આવે ત્યારે જે ફુડ હેલ્થ સેન્ટરો છે તે ખૂબ ઉપયોગી થાય છે. એટલા માટે ગુજરાતની અંદર કોઈ લોકોને ભૂખે સુવાનો વારો આવતો નથી. એક બીજો રાજય સરકારનો ઐતિહાસિક નિર્ણય ૧૫-૧-૦૭ના રોજ એક પરિપત્ર દ્વારા કરવામાં આવ્યો છે. આ ગુજરાતની અંદર વેંચાતો કોઈ માલ તે પછી તે ઉત્પાદક હોય, મિલર્સ હોય કે વેપારી હોય તે માલનું ઉત્પાદન કરીને વેંચતા હોય તો મોટાભાગે કોઈ એવા ઉત્પાદકો હોય કે જેમની ગુણવત્તા જાળવતા ના હોય તે ઉત્પાદકો હોય, મિલર્સ હોય કે વેપારીઓ હોય આવા લોકો કોઈ ગ્રાહકને ગુણવત્તાયુકત ના હોય એવો ખોરાક અથવા તો ગુણવત્તા યુકત ના હોય એવી કોઈ પણ વસ્તુ વેંચતા હોય તો ગુજરાત સરકાર આ એક ઐતિહાસિક નિર્ણયના માધ્યમથી કોઈ પણ વ્યકિત ઉત્પાદક હોય તો તેમાં ઉત્પાદનમાં જે માલ વપરાય તે માલની કિંમત કેટલી હોય, તેની અંદર કયુ રો-મટીરીયલ્સ વાપરવામાં આવ્યું હોય, તેનો હેન્ડલીંગ ચાર્જ કેટલો થયો હોય, ઉત્પાદન માટે તેમને કેટલું લેબર કોસ્ટ લાગ્યું હોય, તેમનો કેટલો ઇલેક્ટ્રિકનો ખર્ચ થયો હોય, તેનો કેટલો ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ થયો, તેની ઉપર કેટલા સ્થાનિક વેરાઓ લાગ્યા હોય, તેની ઉપર કેટલો અન્ય ટેક્સ લાગ્યો હોય એટલે કે કોઈ માલની ઉત્પાદક કિંમત ખરેખર કેટલી છે તેનાં ઉપર નફો કેટલો લેવામાં આવ્યો છે. નફા પછી તમે કઈ કિંમતે વેંચો છો એવી કોઈ પણ માહિતી ગુજરાતનો ગ્રાહક જ્યારે માગે ત્યારે ગુજરાત સરકાર ૧૬-૧-૦૭ના પરિપત્ર મુજબ કોઈ પણ ઉત્પાદક હોય, મિલર્સ હોય કે વેપારી હોય તે આપવા માટે બંધાયેલો છે. તે ઉપરાંત રાજય સરકારે અત્યારે એક નવો કન્સેપ્ટ,એ ઉપરાંત રાજય સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં એક નવો કન્સેપ્ટ હાથ પર લેવામાં આવ્યો છે. ગુજરાતમાં ૧૬૪૦૬ રેશનકાર્ડની દૂકાનો છે. એને મોડેલ દૂકાનો બનાવાઈ રહી છે. એની પાછળનો હેતુ એ છે કે ભૂતકાળમાં આ રેશનકાર્ડની દૂકાનો એ ભ્રષ્ટાચારના કેન્દ્રો તરીકે હતી. (સમય સૂચક ઘંટડી.)

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, એને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી ભાવિનભાઈ ન. શેઠ (એલીસબ્રીજ)** : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને મહેસૂલ મંત્રીશ્રીની માગણીઓને મારું સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

ખાસ કરીને અન્ન અને નાગરિક પુરવઠાની વાત કરીએ તો અહીંયા આ વિષય ઉપર ઘણી બધી ચર્ચાઓ થઈ છે. પરંતુ આ રાજયમાં રાજય સરકાર એમ ઈચ્છે છે કે વેપારીઓને પૂરતો નફો મળી રહે. સાથે સાથે ગ્રાહકો

પણ છેતરાય નહીં અને એ પ્રમાણેનું કાયદાકીય આયોજન કરીને આ રાજય સરકારે પ્રગતિશીલ દિશામાં કાર્ય કર્યુ છે.

સામે બેઠેલા મારા મિત્રો જેમણે અત્યાર સુધી ઘણી બધી વાતો ટીકાત્મક સ્વરૂપમાં કહી છે. હું સમજું છું કે અહીં બેઠેલ દરેક વ્યકિત લીટ્રેટ, અભ્યાસુ અને કોઠાસૂઝ ધરાવે છે અને એટલે હું એવું સમજું છું કે બુદ્ધિશાળી વ્યકિતઓમાં કદાચ વિચારોમાં મતભેદ હોઈ શકે. એક અડધો ભરેલો ગ્લાસ આપણી સમક્ષ રાખવામાં આવે અને પોઝિટિવ વિચારો સાથેનો વ્યકિત હોય તો એમ કહી શકે કે આ ગ્લાસ અડધો ભરેલો છે, પણ જો નેગેટિવ વિચારો સાથેનો વ્યકિત હોય તો એમ કહેશે કે આ ગ્લાસ અડધો ખાલી છે. એને અડધો ભરેલો ગ્લાસ દેખાવાનો નથી. કહેવાનો આશય એ છે કે સરકારની ટીકા જરૂર કરીએ. સરકારનું કોઈ કામ ખોટું હોય તો કહીએ, પણ સારા કામો જે કર્યા હોય એને બિરદાવવા એ પણ આપણી ફરજનો એક ભાગ છે. જો સારા કામને બિરદાવીશું નહીં તો સારા કામ કરવા માટે કોઈ લોકો આગળ આવશે નહીં. એટલા માટે વિરોધ પક્ષે પણ આ બાબતને વિરોધ કરતી વખતે ધ્યાનમાં રાખવી જોઈએ.

હું એક નાનકડું ઉદાહરણ આપવા માગું છું કે સામાન્યમાં સામાન્ય વ્યકિતને પણ સુખ, સમૃદ્ધિ, સાહ્યબી અને આગળ વધવાની તમન્ના હોય છે. પરંતુ શું દરેક વ્યકિત એ લેવલ સુધી પહોંચી શકે છે? એનો જવાબ છે ના. એનું કારણ એ નથી કે એણે નિષ્ઠાપુર્વક પ્રયત્ન ન કર્યો હોય કે પૂરતી મહેનત ન કરી હોય. પરંતુ દરેક વ્યકિત દરેક કામ કરી શકતો નથી. એ જ પ્રમાણે દરેક સરકાર સોએ સો ટકા કામ કરી શકે કે સો ટકા કામ કરી રહી છે એવું ન કહીએ, પણ હું સ્પષ્ટપણે કહેવા માગુ છું કે ભારતીય જનતા પાર્ટીની આ સરકારે ઘણાબધા કામ કર્યા છે, પરંતુ ઘણા બધા કામ હજુ કરવાના બાકી છે. એ કામ કરવાની દિશામાં સો ટકા અમે પ્રયત્નશીલ છીએ. સૌથી વધારે એ વાત છે કે એ દિશામાં કામ કરવા અમે સોએ સો ટકા નિષ્ઠાવાન છીએ. એટલે બાકી રહેલા કામો પણ ત્વરિત ગતિથી સોલ્વ કરવાના છીએ. સામે બેઠેલા મિત્રોને મારે કહેવું છે કે,

જાનામિ ધર્મમ્ ન ચ્ મે પ્રવૃત્તિ
જાનામિ અધર્મમ્ ન ચ્ મે નિવૃત્તિ

માનનીય અધ્યક્ષશ્રી, તેઓ જાણે છે કે ધર્મ શું છે, પરંતુ ધર્મ આચરી શકતા નથી. તેઓ જાણે છે, પરંતુ ભારતીય જનતા પાર્ટીની આ સરકાર, મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી આ સરકાર જે કામ કરી રહી છે, એને બિરદાવી શકતા નથી. કેન્દ્ર સરકાર ગુજરાતને જે અન્યાય કરે છે તે તેઓ જાણે છે, પણ એ સ્વીકારી શકતા નથી અને કહી શકતા નથી. આ એમની પરિસ્થિતિ છે. હું જે વાત કરવા માગું છું તે લાગણીશીલ વાત નથી, પરંતુ સ્ટેટેસ્ટિકલ ડેટા સાથેની વાત કરી રહ્યો છું. ગ્રાહક સુરક્ષાની દિશામાં સરકારે કરેલા કામની કેટલીક વિગતો આ ગૃહને હું આપના મારફતે જણાવવા માગું છું. ૧૯૯૫ પહેલાં આ જિલ્લા ફોરમમાં માત્ર ૨૩ લાખ રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી હતી જયારે આજની તારીખે ૨૦૦૭ ના વર્ષમાં આ ગ્રાન્ટ વધીને ૪.૧૨ કરોડ રૂપિયાની થઈ છે. ૧૯૯૫ અને એની પહેલાં જેમાં રાજયના ૨૬ ફોરમ પૈકી અમદાવાદ, મહેસાણા, સૂરત અને વડોદરા જેવાં સ્વતંત્ર રીતે કાર્ય કરતાં ફોરમ હતાં જયારે બીજાં ફોરમ માત્ર ને માત્ર કલબના રૂપે કાર્ય કરતાં હતાં. આજે ૨૬ એ ૨૬ જિલ્લામાં સ્વતંત્ર રીતે આવાં ફોરમ કામ કરી રહયાં છે. આ ફોરમોની ૧૯૯૫ પહેલાંની પરિસ્થિતિ જોઈએ તો તેમને બેસવા માટે મકાન નહોતાં, સ્વતંત્ર રીતે બેસવા માટેનું કોઈ ઈન્ફ્રાસ્ટ્રકચર નહોતું, માત્ર ભાડાના મકાનમાં ખાનગી જગ્યામાં બસતાં હતાં, પરંતુ અત્યારે ૨૬ એ ૨૬ ફોરમ જેમાં જૂનાગઢ, જામનગર, આણંદ અને પાટણ સિવાય બધામાં સરકારી મકાનો અલગ રીતે ફાળવેલ છે, સારી રીતનું ઈન્ફ્રાસ્ટ્રકચર છે જેથી કરીને એ પોતે સારી રીતે કામ કરી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેસોના નિકાલની દ્રષ્ટિએ જોઈએ તો ૧૯૯૫ પહેલાં ચાર ફોરમ સ્વતંત્ર રીતે કામ કરતાં હતાં અને બાકીનાં ફોરમ જે કલબમાં કાર્ય કરતાં હતાં તેની વાત કરું છું. તો એમાં માત્રને માત્ર આ સમયગાળા દરમ્યાન ૧૦ ટકાની કામગીરી હતી એ આ ડેટા સૂચવે છે. જયારે ૧૯૯૫ પછી તા. ૩૧-૧-૦૭ ની પરિસ્થિતિમાં આ ફરિયાદોની સામે ૮૪.૩ ટકા જેટલી કામગીરી ગ્રાહકોની ફરિયાદોનો નિકાલ કરીને થઈ છે. એટલે આપણે સમજી શકીએ છીએ કે કયાં ૧૦ ટકા અને કયાં ૮૪.૩ ટકાની કામગીરી થઈ છે. આ ફોરમોની જયારે વાત કરવામાં આવે છે ત્યારે આ ફોરમો માટે જે રકમ ફાળવવામાં આવે છે અને આ ફોરમો દ્વારા જે ગ્રાહકો વતી આ ફોરમ કામ કરી રહયાં છે એની જાગૃત્તિ માટે જે રકમ ફાળવી છે એની પણ છેલ્લા ૩ વર્ષની હું વિગતો મૂકવા માગું છું. ૨૦૦૪-૦૫ માં ૧૫,૪૩,૫૬૨ રૂપિયા, ૨૦૦૫-૦૬ માં ૧૦,૫૭,૪૧૮ રૂપિયા અને ૨૦૦૬-૦૭ માં ૩૩,૦૬,૩૮૧ રૂપિયા છે, આમ આ રકમ ધીરે ધીરે વધારીને આ પ્રવૃત્તિને સરકાર વેગવંતી બનાવવા માગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ રીતે ગ્રાહક સુરક્ષા મંડળોને પણ નાણાકીય સહાય આપવામાં આવે છે. એમાં તાલુકા કક્ષાએ ૬૦ હજાર રૂપિયા, જિલ્લા કક્ષાએ ૮૦ હજાર રૂપિયા અને મહાનગરપાલિકા કક્ષાએ ૧ લાખ રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે. ગ્રાહક સુરક્ષાની કામગીરી માટે રાજય સરકાર દ્વારા જે બજેટ જોગવાઈ છે એની સરખામણીની વાત કરું તો. ૧૯૯૩-૯૪ માં લાનમાં ૨૨.૫૦ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી, એ પ્રમાણે ૧૯૯૪ માં ૨૩.૫૦ લાખની જોગવાઈ કરી હતી અને એની સામે ૨૦૦૫-૦૬ માં

૨,૧૩,૦૯,૦૦૦ રૂપિયાની જોગવાઈ કરી છે, ૨૦૦૬-૦૭ માં ૪,૦૦,૩૦,૦૦૦ રૂપિયાની જોગવાઈ અને ૨૦૦૭-૦૮ માં ૫,૫૦,૦૦૦,૦૦ રૂપિયાની જોગવાઈ કરીને આ સરકારે ખૂબ જ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અંતમાં હું એટલું જ કહીશ કે આ લોકોને ખબર છે કે ઓ લોકો સારું કામ કરે છે, પરંતુ એ લોકો એ સ્વીકારી શકતા નથી અને એટલા માટે ગજલ ગાયક મનહર ઉધાસ કહે છે કે, " હું કયાં કહું છું કે આપની હા હોવી જોઈએ, પરંતુ ના કહો છો એમાં પણ દર્દ હોવું જોઈએ, દર્દની વ્યથા હોવી જોઈએ" મારે કહેવું છે કે એ લોકો ના પાડવાના છે એ મને ખબર છે, પરંતુ એ એમની વ્યથા રજૂ કરે એવી આપસૌ વતી વિનંતી છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતોના વિભાગના મંત્રીશ્રી અને મહેસૂલ વિભાગના મંત્રીશ્રી એમના વિભાગોની માગણીઓ લઈને આવ્યા છે. આ બન્ને વિભાગો નાના નાના ગરીબ માત્ર ઝૂંપડપટ્ટીથી માંડીને સમગ્ર ઉદ્યોગોની ટોચ સુધી આવેલ લોકોને સ્પર્શતા આ વિભાગ છે ત્યારે પહેલાં હું મહેસૂલ વિભાગ માટે થોડાંક સૂચનો કરવા માગું છું. આ મહેસૂલ વિભાગ એક એવો વિભાગ છે કે કોઈપણ ઈમરજન્સી કે કટોકટી હોય ત્યારે.... મહેસૂલ વિભાગ એ એક એવો વિભાગ છે કે કોઈ પણ ઈમરજન્સી કે કટોકટી હોય ત્યારે આ વિભાગના કર્મચારીઓ ૨૪ કલાક કામ કરતા હોય છે. મહેસૂલ વિભાગ પાસે વિશાળ સત્તાઓ છે અને તમામ વિભાગોનો કોઈ રાજા હોય તો તે મહેસૂલ વિભાગ છે. ગમે તે કામગીરી હશે તો પણ તે મહેસૂલ વિભાગ વગર કરી શકાશે નહીં. આટલી બધી વિશાળ સત્તા જે વિભાગને આપેલી છે તેના કર્મચારીઓ અને અધિકારીઓ ડિસિપ્લીન સાથે જોડાયેલા છે. પણ થોડાક ટાઈમથી એવું લાગે છે કે જાણે ગેંગરીન શરુ થયું હોય, જેમ ગેંગરીન શરુ થાય એમ મહેસુલ વિભાગમાં પણ એક સડો શરુ થયો છે. તેથી જો અત્યારથી જ આ સડાને કાપી નાખવામાં ન આવે તો મારા નાના ભાઈ ભાવીનભાઈએ વ્યથાની વાત કરી હતી, તો આ મારી વ્યથા મારે કહેવી છે, કે ડિસિપ્લીન જેવા આ વિભાગમાં ગેંગરીન શરુ થયું છે અને જો ગેંગરીન શરુ થાય તે અંગને કાપી નાખવામાં ન આવે તો પછી મૃત્યુ નિશ્ચિત હોય છે. મારે બે ત્રણ વાતો કરવી છે. ગઈ કાલે પ્રશ્નોત્તરી સમયે માનનીય મંત્રીશ્રીએ કહેલું કે શહેરી વિકાસ વિભાગ દ્વારા ૨૫ ચો.મી.ના મકાનો આપવા માટે અને નાના માણસોને જમીન આપવા માટેની કોઈ માગણી અમારી પાસે આવેલ નથી. મારે કહેવું છે કે જે તે સમયે ઠરાવ થયો અને ગરીબ અને મધ્યમ વર્ગના ઝૂંપડાને રેગ્યુલરાઈઝ કરવાની વાત, કલેકટરને સત્તા આપવાનો ઠરાવ મહેસૂલ વિભાગમાં ૧૯૯૯માં કરવામાં આવ્યો હતો. એક ઠરાવ થઈ જાય તો કાં તો તે અંગેની કાર્યવાહી કરવી જોઈએ અને નહીંતર તે ઠરાવને કેન્સલ કરવો જોઈએ. પરંતુ હજુ સુધી આ ગરીબ અને મધ્યમ વર્ગના ઝૂંપડાને રેગ્યુલરાઈઝ કરવાના બદલે હવે દબાણ હટાવોની વાત કરીને ઝૂંપડા તોડી નાખવાની વાત, ગરીબ માણસોના ઓટલા તોડી નાખવાની વાત, નાની રેંકડી વાળાનો રોટલો ઝૂંટવી લેવાની વાત સાથે આ સરકાર સંમત થઈ છે. આ વિભાગની માનવતા નથી. મારે કહેવું છે અને માનનીય મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે આપણે ટ્રસ્ટને ગરીબ અને મધ્યમ વર્ગના નામે જમીન આપીએ છીએ. ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ફાયદો થાય તે હેતુથી સસ્તા ભાવે જમીન આપીએ છીએ. હમણાં જ રાજકોટમાં એક વાત આવી છે, મારે રાજકોટના જે કલેકટર હતા તેને અભિનંદન આપવા છે. તે કલેકટરે એવું સારું કામ કર્યુ કે રણછોડવાડીની જમીન ૩૫ કરોડ રૂપિયાની જમીન છે, તે જમીન જે તે વખતે હોસ્પિટલ બનાવીશું અને હોસ્પિટલ ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે બનાવીશું અને મફત અને ફ્રી સેવા આપીશું તેવી વાત કરી અને સરકારની જમીનનો કબજો કર્યો, પરંતુ પરિસ્થિતિ શું થઈ કે આજે દસ એકર જેટલી જમીન જેને સરકારે ખાલસા કરવાનો હુકમ કર્યો છે અને વિવાદમાં ગઈ છે. ત્યારે તે જમીન ઉપર બિલ્ડર લોબીએ સોસાયટીઓ બનાવી, દુકાનો બનાવી, સેન્ટરો બનાવ્યા અને કારખાના બનાવ્યા છે. માનનીય મંત્રીશ્રી કહેશે કે હવે આ લોકો બિલ્ડર લોબી વિવાદમાં ગઈ, ગરીબ માણસોના ઝૂંપડા તૂટયા તે વિવાદમાં ન જઈ શકે, પણ કરોડો રૂપિયાની મિલકત પચાવનારા લોકો વિવાદમાં જાય અને તેની સામે પગલાં ન લઈએ તો આવતા દિવસોમાં આ વાત આપણા માટે સારી નહીં હોય.

**(સભાપતિ શ્રી મહેન્દ્રભાઈ મશરુ અધ્યક્ષસ્થાને)**

માનનીય અધ્યક્ષશ્રી, આઈ.ટી.ના નામે આપણે ગાંધીનગરમાં ઘણી મોટી જમીન આપી. આજે મકાનો અને બિલ્ડીંગો છે, અને કરોડો રૂપિયાની મિલકત સરકારના નામે મફતના ભાવે લઈ અને કરોડો રૂપિયાની કમાણી કરી, હાઈકોર્ટમાં ગયા અને આપણે એટલું જ કરવાનું કે હાઈકોર્ટમાં ગયા છે, ગરીબ માણસો, રેંકડી ચલાવતો ચા વાળો માણસ, તેને દબાણના નામે દૂર કરી દીધા, મારે તેનાથી આગળ એ વાત કરવી છે કે ઉદ્યોગો આવે, ઉદ્યોગોને જમીન આપીએ પરંતુ ઉદ્યોગોને જમીન પોતાના ઉદ્યોગ માટે કેટલી જોઈએ તેનો સરવે તો કરાવો. જેટલી જમીન માગે એટલી આપી દઈએ, ઉદ્યોગો થાય નહીં, સેલ્સટેક્સની માફી, ફલાણાની માફી, પછી પાટિયું ઉતરી જાય, અને પછી આ જમીન પણ ઉદ્યોગપતિ વેંચીને જતા રહે, તેનાથી આગળ વધીને કહું તો જમીન બેંકમાં મૂકાય અને સરકારે આપેલી જમીન ઉપર લોન લેવાય, અને આ લોનથી, આપણા પૈસા ગરીબ માણસોની પરસેવાની કમાણીના પૈસા વડે ૨૫-૫૦ લાખની ગાડીઓમાં ફરે તેને બધી છૂટ અને જો ગરીબ માણસ હોય તો તેને આ રાજયમાં જીવવાનો હક્ક નથી. ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે અધિકારી ખોટું કરે તો તેની સામે પગલાં લેવા જોઈએ. અને જે અધિકારી સારું કરે તો તેને અભિનંદન પણ આપવા જોઈએ. રાતોરાત આપણે

બદલી કરીએ અને કોઈને છાવરવાનો પ્રયત્ન કરીએ તેના પછી લોકોની વ્યથાની વાત કરીએ તો તે વ્યથા લોકોના મગજમાં રહેતી હોય છે. એ વ્યથા છે એ લોકોના મગજમાં રહેતી હોય છે. એસ્સારને પૂર્વ શરત વિના જમીન આપી છે. વિધાનસભાની પ્રશ્નોત્તરીના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે. આવા ઘણા બધા કિસ્સાઓ છે ત્યારે મારે આપને જણાવવું છે કે ગરીબ અને મધ્યમવર્ગના ઝૂંપડાઓ તોડવાને બદલે એને રેગ્યુલરાઈઝ કરી દો તો સરકારને એમાંથી આવક થશે અને ગરીબ માણસને નાની કલ્પના છે કે અમારે નાનું ઘર હોય એ પણ પૂરું થશે.

મારે આ તબક્કે સ્ટેમ્પ ડ્યૂટીની વાત કરવી છે. સ્ટેમ્પ ડ્યૂટીની ૩૨(ક)ના નામે ઘણી બધી બાકી છે. વચ્ચે મંત્રીશ્રીએ જાહેરાત કરી હતી એના કારણે ઘણા બધા લોકોને ફાયદો થયો છે. તો મારી વિનંતી છે કે આપ ફરીથી એવી જાહેરાત કરો તો જે નાના માણસો છે જે એનો લાભ લઈ શકયા નથી એ લઈ શકે અને જે બાકી કેસો છે એની ગણતરી કરીએ તો ૪૨૯ કરોડ જેટલી વસુલાત બાકી છે. જો તમે પહેલા જે યોજના મૂકી હતી એવી યોજના ફરીથી મૂકશો તો સરકારને આવકની મોટી રકમ છે એ પાછી મળશે.

બીજી જંત્રીની વાત કરવી છે એ ઘણી સારી વાત છે. પરંતુ જંત્રીમાં આજે પણ માનનીય મંત્રીશ્રી ઘણા બધા સુધારા માગી લે તેમ છે. આ જંત્રીના સુધારા તાત્કાલિક ધોરણે નહિ કરવામાં આવે તો ઘણું બધું નુકસાન થવાનું છે.

ગોધરાની અંદર સ્ટેમ્પ ડ્યૂટીનું મોટું કૌભાંડ પકડાયું. કલેકટરશ્રીને અભિનંદન કે એને તાત્કાલિક કાર્યવાહી કરી પરંતુ આ સ્ટેમ્પ ડ્યૂટીના કૌભાંડ દિન પ્રતિદિન વધતા જશે તો તેલંગી જેવા કેસો ગુજરાતમાં બનશે. તો આ ન બને એટલા માટે મારી વિનંતી છે કે આ મહેસૂલ વિભાગ કાર્યક્ષમ રીતે કામ કરવું પડશે.

આ તબક્કે મહેસૂલ વિભાગની બીજી બે-ત્રણ વાતો મારે કરવી છે. " જા બિલ્લી કુત્તેકો માર." મામલતદારને સંપૂર્ણ સત્તા આપવામાં આવી છે એ મામલતદાર ડૅપ્યુટી કલેકટરને કામ શું કામ મોકલે, ડેપ્યુટી કલેકટરને સત્તા આપી છે એ ડેપ્યુટી કલેકટર કલેકટર પાસે શું કામ મોકલે, કલેકટરને સત્તા આપી છે તેમ છતાં એ સરકારમાં શું કામ મોકલે. આવા લાખો કરોડો કેસો ગરીબ માણસોના કોઈએ બે ગુંઠા જમીન માગી હોય, ભળતી જમીન માગી હોય એવા કેસો સચિવાલયના કબાટોમાં રખડે છે. આપણને એ ખબર પડતી નથી કે અધિકારીઓને સત્તા આપી છે એ સત્તાની અમલવારી કરે તેવું તંત્ર કર્મયોગી, ચિંતન શિબિરો આપણે કરીએ છીએ ત્યારે આ વાત કરવામાં આવે તે ખાસ જરૂરી છે.

ટ્રસ્ટો જ્યારે રચાય છે ત્યારે ૧૦-૧૧ જુદા જુદા નામોના ટ્રસ્ટો હોય છે. એને કરોડો રૂપિયાની જમીન મળી જાય, પછી હું ફોઈ અને રતનિયો, હું મારી ઘરવાળી અને ઘરવાળો એ ત્રણ જણા ટ્રસ્ટમાં હોય અને પછી એની જમીન મિલકત બારોબાર વેચાઈ જાય છે. તો આવા ટ્રસ્ટો સામે લાલ આંખ કરવી જોઈએ. માત્ર લાલ આંખ નહિ ચાલે. જો આ રીતે લોલમ લોલ ચલાવશો તો બહુ સારુ નહિ અંતે એ નુકસાન કરશે.

અન્ન અને નાગરિક પુરવઠાની માગણી લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે મારે કહેવાનું કે માનનીય મંત્રીશ્રી ઘણા જ પોઝિટિવ છે, અધિકારીઓ પણ પોઝિટિવ છે ત્યારે મારે પહેલી વાત ગેસની કરવી છે. ગેસના બાટલા આજે ગાડીઓમાં બેફામ વપરાય છે. ગેસના બાટલા ગૃહિણીઓને ન મળે એ બે-ત્રણ કલાક લાઈનમાં ઊભા રહે એને ૨૧ દિવસે મળે જ્યારે બીજી બાજુ ગાડી વાળો ગેસની એજન્સી પાસે ઊભો રહે અને એ ૧૦૦-૧૫૦ રૂપિયા વધારે આપી દે એટલે એ બાટલો ગાડીમાં ફીટ થઈ જાય. માનનીય મંત્રીશ્રી એનું ધ્યાન રાખે છે પરંતુ વધારે કડકાઈથી ધ્યાન રાખે તેવી વિનંતી છે.

૩૬ લાખ કુટુંબોને કાર્ડ આપવાની વાત છે. એમાં આજની તારીખે કાર્ડ આપવાના બાકી છે. મામલતદાર એમ કહે છે કે હમણાં ઉપરથી ના પાડી છે. મારી વિનંતી એટલી જ છે કે એકજ કુટુંબના બે-ત્રણ ભાગ પડતા હોય ત્યારે તાત્કાલિક ધોરણે કાર્ડો મળી જવા જોઈએ. અંત્યોદય યોજના જે રાજયની મહત્ત્વની યોજના છે. એક લાખ કુટુંબોને આજે કાર્ડ આપવાના બાકી છે. ગરીબોને અપાતી અનાજની સબસિડી એમાં પાંચ કરોડનો વધારો કરવામાં આવ્યો છે. મારે એમ કહેવું છે કે આ વાસ્તવિકતાથી જુદુ છે. આ યોજના હેઠળ છ લાખ લોકો હતા એ વધીને આજે આઠ લાખ કુટુંબો થયા છે અને બજેટ ફાળવણીમાં માત્ર પાચ કરોડનો જ વધારો કર્યો છે. ગરીબોની વાત કરીએ છીએ ત્યારે માનનીય સભ્યશ્રી મોંઘવારીની વાત કરતા હતાં. મોંઘવારી જેટલી બહેનોને નડે છે એટલે ભાઈઓને નડતી નથી. ત્યારે મારે એટલું કહેવું છે કે તેલની બાબતમાં આપણે ઘણું બધું ચૂકી ગયા છીએ. બફર સ્ટૉક વહેલો કરી લેવાની જરૂર હતી. બફર સ્ટૉક કર્યો નથી. ત્યારે અત્યારે ક્યાંય કરતા કયાંય માંડવી એટલે કે મગફળી કે કપાસીયાનું તેલ પણ રહ્યું નથી. જ્યારે બફરસ્ટોક ન કરતાં હવે જ્યારે તહેવારો આવવાના છે ત્યારે તેલ અતિ મોંઘું થવાનું છે. ત્યારે તે સ્થિતિમાં સમયે બફર સ્ટૉક કરે અને ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને સસ્તુ અનાજ મળે એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. ફરી વખત મારે મહેસૂલ વિભાગને વિનંતી કરવી છે. ગેંગરીંગ શરૂ થયું છે, સડો શરૂ થયો છે. એ સડાને જો બંધ નહીં કરો અને મહેસૂલ વિભાગ જ્યારે ઈન્ડીસીપ્લીન થશે ત્યારે સમસ્ત વિભાગ મૃત:પ્રાય થશે. એટલી વાત કરી આ માગણીઓમાં હું સંમત થઈ શકતી નથી.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી અને રાજયના મહેસૂલ મંત્રી તેમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે તેને સમર્થન આપીને મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશમાં ગુજરાત રાજયે છેવાડાના માનવી સુધી પુરવઠો પહોંચે તેના માટે જે નૅટવર્ક કર્યું છે એ ખરેખર અભૂતપૂર્વ છે. ગુજરાત રાજયમાં એક એવું રાજય છે કે તેને ફેરપ્રાઈસ શોપ, મોડેલ સૅન્ટર એ પ્રથમ આ રાજય આખા દેશમાં આવ્યું છે અને એ ક્રાંતિકારી પગલું આ રાજય સરકારે ભર્યું છે. તેમાં એવું છે કે જે પહેલાંના વખતમાં જે રાજ કરતા હતા તેમને ખબર છે, તે વખતમાં જે દુકાનદારો હતા તેમને માત્ર દોઢ હજારથી ત્રણ હજાર સુધીનું જે કંઈ વળતર મળતું હતું અને તેને કારણે એ લોકો કંઈક પોતાનો પુરવઠો છે, જથ્થો છે તેને વગે કરવાની વેતરણમાં રહેતા અને આ લોકો નજરઅંદાજ કરીને ચલાવતા પણ ખરા. પણ આ રાજય સરકાર અને ભાજપની સરકારે, રાજયના મુખ્યમંત્રીશ્રીએ અને રાજયના પુરવઠા મંત્રીશ્રીએ એવું નક્કી કર્યું કે આ દુકાનદારોને ઓછામાં ઓછું માસિક ૧૦,૦૦૦નું વળતર મળે તેના માટે શું કરવું, તો કહે તેને મોડેલ શોપ તરીકે ફેરપ્રાઈસ મોડેલ શોપ તરીકે તેમાં શું કરી શકાય? તો કહે કે તેમાં એવું કરી શકાય કે તેની અંદર જરૂરિયાતની દરેક ચીજવસ્તુઓ કોસ્મેટીકસથી લઈને તમામ જે જરૂરિયાતની વસ્તુઓ છે તેને ગોઠવીને અને તેના માટેનું જે ત્રણ કે બે બારીવાળું મકાન વ્યવસ્થિત બનાવી શકે અને તેમાં જે કંઈ વસ્તુ રાખી શકે તેના માટે શું કરી શકાય, તેની નાણાકીય જોગવાઈ કયાં કરવી? તો તેની પણ આ સરકારે ચિંતા કરી. તેમને એમ કહ્યું કે દેનાબેંક સાથે પરામર્શ કરવામાં આવ્યો અને દેના બેંક તેને ફાયનાન્સ કરશે અને તેના કારણે આ ઉત્તમ પ્રકારનું શોપ ઉભું કરી શકશે. મૉડલ દુકાન તરીકે નિર્માણ થઈ શકશે. તેના કારણે એ ગામની અંદર દુકાનદાર છે, દીનદયાળ ગ્રાહક ભંડારવાળો વ્યકિત છે એ મોભાભેર જીવન જીવતો થશે. એ પ્રમાણેનો જે કાર્યક્રમ કર્યો અને આ રાજય સરકારે એમ કહ્યું કે એમાં માત્ર એવું નહીં, ઘણાં ગામડાંના વિસ્તારમાં એવું છે કે તાલુકામાં અંગ્રેજોના વખતથી પોસ્ટ ઑફિસો ચાલે. છેવાડાના માનવીને પોસ્ટકાર્ડ લેવા જવું હોય તો તાલુકા કક્ષાએ જવું પડે, તો પોસ્ટકાર્ડ મળે. એ શકય નહીં બને તો તેના માટે કહ્યું કે જે દુકાનદારો છે તેમને પોસ્ટકાર્ડ વેચવા માટેની પરમીશન આપવામાં આવશે. તેના માટે અધિકારી સાથે પરામર્શ કરીને આવી પણ આ રાજય સરકારે ચિંતા કરી છે. આવા જે ફેરપ્રાઈસ શોપ નક્કી કરવામાં આવ્યા છે તેમાં ૭૯૮ થઈ ગયા છે અને આ માર્ચ મહિનો ચાલી રહ્યો છે. માર્ચ મહિનાના અંત સુધીમાં ૧૦૨૦ આવી મોડેલ દુકાનો ઉભી થશે અને તેના કારણે આ જે પુરવઠો છે તે યોગ્ય વ્યકિતને પહોંચશે અને જે દુકાનદારો હતા, જે માલ આઘો-પાછો કરવાની વેતરણમાં હતા એ ન કરી શકે.
એક ખાસ આપણી યોજના છે કે રોટી, કપડા ઓર મકાન એ પ્રાથમિક જરૂરિયાત છે. એમાં પણ રોટી એ પહેલી જરૂરિયાત છે. માણસના પેટના પોલાણની અંદર કયાંક મૂઠી અનાજ પડેલું હશે ત્યારે આપણે સૌ કામ કરી શકીએ છીએ બાકી બે-ત્રણ દિવસનો ભૂખ્યો હોય એ અહીં બેસી ના શકે અને એ ચિંતા આ રાજય સરકારે કરી છે. એ ઉત્તમ ચિંતા કરી છે. કબીરજીએ પણ કહેલું છે કે

કબીર કહે કમાલ કો દો બાતે શીખ લે,
કર સાહબ કો બંદગી ઔર ભૂખો કો અન્ન દે.

આ રાજય સરકારે કર્યુ છે. બીજુ ફરતી દુકાનોની વાતો આવી. અહીં ઘણા મિત્રોએ એવું કહ્યું કે ફરતી દુકાનો છે એ સરકારે બંધ કરી દીધી છે. મારે કહેવું છે કે આ સરકારે ફરતી દુકાનો છે જે દુર્ગમ વિસ્તાર છે પહાડી વિસ્તાર છે, જયાં ગાડીઓ જઈ શકતી નથી, પુરવઠો પહોંચી શકતો નથી ત્યાં આ ફરતી દુકાનોની પણ જોગવાઈ કરી છે અને નાનામાં નાના માણસોની પણ ચિંતા કરી છે. એ અંત્યોદયવાળો હોય કે જે હોય એના સુધી આ રાજય સરકાર અનાજ પહોંચાડવાની ચિંતા કરે છે. બીજું ફોર્ટીફીકેશન આ ખૂબ મહત્વનું છે અને એ પણ ક્રાંતિકારી પગલું છે અને ફોર્ટીફીકેશન એટલે કેવું કે અનાજની અંદર એક કિલો અનાજની અંદર માત્ર એનું મિશ્રણ કરવા માટે ૩ પૈસાનો ખર્ચ લાગે અને અને આપણે લગભગ જરૂરિયાત પડે છે ૩૦ મેટ્રીકટન ઘઉના લોટની અને એનો ખર્ચ કંઈ જાજો થતો નથી અને એની અંદર આપણે જે કંઈ પદાર્થો ઉમેરીશું અને એ પણ આટાની અંદર આયર્ન, ઝીંક અને ફોલીક એસીડ આ બંને તત્ત્વોનું મિશ્રણ કરવાથી એને પોષણક્ષમ ખોરાક આ બનશે. આ કુપોષણને લીધે આખા દેશની અંદર સરવૈયુ કરવામાં આવ્યુ છે. દેશની અંદર એમ કહેવામાં આવ્યું છે કે એવી ગણતરી કરવામાં આવી છે કે કુપોષણ ખોરાકને કારણે ૨૪ લાખ બાળકોના મૃત્યુ થયા છે અને દેશની અંદર લગભગ દોઢ લાખ માતાઓનું કુપોષણને કારણે મૃત્યુ થાય છે. આ જો કરવામાં આવશે તો તેના કારણે આ મૃત્યુઆંક છે એ અટકાવી શકાશે. આ રાજય સરકારે ચિંતા કરી છે. આપણા રાજયની અંદર આ આવી રહ્યું છે અને થઈ ગયું. હમણાં આપણા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ અંબાજીની અંદર અંબાજીના બાળકોને આ ફોર્ટીફીકેશનવાળું દુધ આપવામાં આવ્યુ અને તેનું અમલીકરણ ત્યાં કરવામાં આવ્યું અને ધીરે ધીરે એનું અમલીકરણ આખા દેશમાં થવું જોઈએ એટલું કહીને મારી વાત પૂરી કરુ છું. ભારત માતાની જય. વંદે માતરમ.

**શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી એમની માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું. મારે વિશેષમાં કંઈ કહેવું નથી પણ એક જ મુદ્દો હું યાદ કરીને મારી વાત પૂરી કરવા માગુ છું. અહીં કેરોસીનની બાબતમાં ગરીબ માણસોને ખડીયો સળગાવવા માટે કે ચૂલો શરૂ કરવા માટે અત્યંત જરૂરિયાત છે એ કેરોસીન છે. ગામડાના દુર્ગમ વિસ્તારો અને આ કેરોસીનનું વિતરણ છે, હું ભૂતકાળની

વાત કરુ છું. ૩-૪ વર્ષ પહેલાની હું લાંબી વાત નથી કરતો. જો લાંબી વાત કરવા જવી હોય તો ઘણી બધી વાતો કરવી પડે એવી બાબત છે કારણ કે પહેલા કેરોસીનનું વિતરણની જે વ્યવસ્થા છે એ વ્યવસ્થામાં અસમાનતા હતી અને એ અસમાનતા એવી કે રાજયમાં જે કેરોસીનનો પુરવઠો ઉપલબ્ધ હોય અને જિલ્લાને જે ફાળવણી કરવામાં આવે એમાંથી જે તાલુકો વગવાળો હોય, જે તાલુકાના કેરોસીનના વિતરકો એટલે કે મોટા ડીલરો હોય એ વગવાળા હોય એમને વધારે જથ્થો મળે અને જયાં વગ ન ચાલે ત્યાં ઓછો જથ્થો મળે. અમને પણ એવા સૂચનો ભૂતકાળમાં મળતા હતા, અમે કાર્યકર હતા અને લડતા હતા . આ પ્રશ્નો માટે ત્યારે કે ૩૫ ટૅન્કરો તમારી ફાળવી હોય તાલુકાની એમાંથી ૩૦ મળેલ છે. આ બીજા તાલુકાની સામે ૩૫ હતી એને ૪૦ મળી છે. આ પ્રકારની જબરજસ્ત અસમાનતા હતી. આ બાબતમાં એ વાત કરી શકાય. માનનીય પુરવઠા મંત્રીશ્રીએ આ વખતે એક જ વાત નક્કી કરી છે કે જેટલો કેરોસીનનો પુરવઠો આવે એને આખા રાજ્યમાં સમાનતાના ધોરણે વિતરણ કરવામાં આવે અને દરેક ધારાસભ્યશ્રીને એની ફાળવણીનું પત્રક મોકલવામાં આવે.. ગેસ જોડાણ વગરનું ૧ થી ૩ વ્યકિતઓનું કુટુંબ હોય તો એને ૪-૫ લિટર અને ૪ વ્યકિતઓથી ઉપરની સંખ્યા ધરાવતા કાર્ડધારકને ૧૦ લિટર કેરોસીન દર માસે આપવું. આ સમાનતાના ધોરણે વિતરણ કરવાની જે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે એ કાબીલે દાદ છે અને દાદ આપવી પડે એમ છે. આ ગરીબ માણસોની સેવા માટેનું આ કામ આ પહેલા કેમ ન થયું? પહેલા એક ઉક્તિ હતી "ન્યાય નીતિ સૌ ગરીબોને મોટાને સૌ માફ, વાઘે માર્યો માનવી તેમાં શો ઈન્સાફ" ભૂતકાળના રાજ શાસનમાં આવી રીતે ચાલતું હતું. નીતિ અને ન્યાય નક્કી કરવાનો હોય તો ગરીબોના માથે ઠોકી દેવાનો અને આ કાયદો તમારા માટે છે. મોટા લોકોને બધી છૂટછાટ. એના લીધે અમારા આદિવાસી અને દુર્ગમ વિસ્તારમાં ૧૦-૧૦ વ્યકિતઓના કાર્ડ ધારકને બે-બે લિટર કેરોસીન મળતું હતું. ઘણી વખત તો એક લિટર કેરોસીન માટે લાઈનમાં ઊભા રહેવું પડતું હતું એના અમે સાક્ષી છીએ. આજે એ નથી. આજે પત્રક આવી જાય. ફરજિયાત દુકાનદારે બોર્ડમાં લખવું પડે છે કે તમારા માટે ૧૦ લિટર કેરોસીન આવ્યું છે. જો આ વસ્તુ ધ્યાનમાં આવે અને વિતરણ વ્યવસ્થા વ્યવસ્થિત ન થાય અને પુરવઠા વિભાગને ફરિયાદ મળે તો ગાંધીનગરથી પણ ટીમ ગામડામાં જઈને ચકાસણી કરીને ગરીબ માણસોને ન્યાય આપે છે. પહેલા તો તાલુકા મથકે રજૂઆતકારોની રજૂઆત સાંભળવામાં આવતી ન હતી. બીજી બાબત હું કહીશ રોમીંગ કાર્ડની વ્યવસ્થા બાબતે. અમારા આદિવાસી વિસ્તારમાં છ મહિનાનો સમય ખેતીવાડીનો સમય હોય છે. ગરીબ માણસોના ઝૂંપડામાં છ મહિનાના દાણા-પાણી હોય. છ મહિના પેટ ગુજારો કરવા માટે તેઓ બીજા વિસ્તારમાં પેટિયું રળવાં જતા રહેતા હોય છે. આવા સંજોગોમાં આ રૅશન કાર્ડનું અનાજ હોય, અંત્યોદયની વસ્તુ હોય, બી.પી.એલ.નું કેરોસીન હોય એની સ્થિતિ કેવી હતી? પુરવઠો આવતો હતો એ ડીલરો સુધી, દુકાનદારો સુધી પુરવઠો જાય. આવા ગરીબ કુટુંબો હિજરત કરીને બીજા વિસ્તારમાં મજૂરી કરે અને એનો પુરવઠો એની ખાતાવહીમાં ઉધારાઈ જાય અને બારોબાર વગે થઈ જતો હતો. ઘણી રજૂઆતો ચાલતી હતી પણ હમણાં પંક્તિમાં કહ્યું એ મુજબ આ કોને પોષવામાં આવતા હતા એની તકલીફ હતી. આ રાજ્ય સરકારે એક સદ્દબુદ્ધિથી વિચાર કર્યો, કારણ કે દુ:ખીનું દુ:ખ કેવું હોય છે એ જાણે એ જ દુ:ખની લાગણી અનુભવે એ રીતે આ સરકારે કર્યું અને એમાં નિર્ણય એવો કર્યો કે આ મજૂરીએ જતા આદિવાસી અને ગરીબ માણસોને જે જગ્યાએ મજૂરી કરે ત્યાં તાત્કાલિક રોમીંગ કાર્ડનું આયોજન કરીને ત્યાં જથ્થો મળી શકે એની વ્યવસ્થા કરી છે. આ ક્યારે થઈ શકે? બીજું દુ:ખ જે ગૃહિણીઓ માટે ગેસના જથ્થાની વાત માનનીય ચંદ્રિકાબેન કરતા હતા કે ગેસના વિતરણમાં અને મેળવવામાં સમય લાગે છે. પણ અહીંયા ભૂતકાળમાં જે ગેસના સિલિન્ડર મળતા હતા એના કરતાં હાલમાં આ સરકારે પ્રયત્નો કરીને ૧,૭૨,૭૫૦ ગેસના સિલિન્ડરો માસિક વધુ મેળવવા માટે કામ કર્યું છે. ગૃહિણીના દુ:ખને દૂર કરવાની આ સરકારે કાળજી રાખી છે. એટલા માટે કહું છું કે, "દુ:ખીના દુ:ખની વાતો સુખી સમજી ના શકે, સુખી જો સમજે દુ:ખની વાતો તો જગતમાં દુ:ખ કદી ના ટકે." આ ગરીબોના પેટનો ખાડો પૂરવા માટે રોમીંગ રૅશન કાર્ડનું આયોજન કરીને ગરીબોના દુ:ખની વાતો અને એક લાખ ઉપરાંતના માસિક ગેસ સિલિન્ડર વધારાના મેળવીને ગૃહિણીનું દુ:ખ છે એની વાતો આ રાજ્ય સરકાર, પુરવઠા મંત્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી સમજ્યા છે. એટલે આ નિર્ણય છે એટલા માટે હું એની પ્રશંસા કરું છું, એને આવકારું છું. ફરીને પણ બીજી વાત હું એ કરવા માગું છું કે આ રાજ્ય સરકારે ફુડ હેલ્પ લાઈન યોજનાની શરૂઆત કરીને સ્વૈચ્છિક જરૂરિયાતમંદ ભૂખ્યા લોકોને સ્વૈચ્છિક સંસ્થા દ્વારા મફત ભોજન પૂરું પાડવામાં આવે છે. ભૂતકાળમાં યોજના હશે પણ જે ગરીબ માણસને પેટનો ખાડો નહોતો પુરાતો એને ખબર નહોતી પડતી એના માટે આ યોજના છે. સરકાર એ ભોજન પૂરું પાડનાર માટે મદદ કરે છે પણ આ રાજ્ય સરકારે હેલ્પ લાઈન શરૂ કરીને આવી વ્યકિતઓને ટેલિફોનની એક મફત સર્વિસ ઊભી કરીને એક સારામાં સારું કામ કર્યું છે એટલા માટે ફરીને પણ હું કહું છું "ગરીબોના કૂબે તેલનું ટીપું દોહ્યલું, અમીરોની કબર ઉપર ઘીના દીવા થાય છે" આ જૂના જમાનાની બાબત હતી એણે વિદાય લીધી છે. ધન્યવાદ.

**શ્રી દોલતભાઈ પરમાર (વડગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઈને આવ્યાં છે ત્યારે હું એ માગણીઓ પર મારા વિચારો રજૂ કરવા માટે અને સૂચનો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સીધી સાદી એક વાત છે આ ખાતું અમીરો માટે મલાઈખાતુ અને ગરીબો માટે છાસ પણ મળતી નથી. માનનીય મંત્રીશ્રી સરળ, સાદા, ઉદાર, હાઈટ થોડી ઓછી છે, દિલાવર છે પરંતુ એમનું ખાતું જે છે એ વધારેપડતું ક્રૂર પણ છે. હજુ સુધી આઝાદીની હવા આ ખાતાને સ્પર્શી નથી. બ્રિટિશ શાસનની જડતામાંથી હજુ આ ખાતું મુક્ત થયું નથી. આ કંજૂસપણું મને લાગે છે કે ખાતાએ દૂર કરવું જોઈએ. મારે એક-બે બાબત પર માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે. એક તો મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી અસાધ્ય એવા રોગ કૅન્સર, કિડની, હૃદયરોગમાં આર્થિક સહાય આપવામાં આવે છે. સરકારનો આ અભિગમ અને હેતુ ઉમદા છે. પરંતુ તે અંગેના નિયમો વ્યવહારુ નથી. સહાય મંજૂર થયા પહેલા જો સારવાર લીધેલ હોય તો સારવાર સહાય ના આપવાનો નિયમ છે એમાં સુધારો કરવા, સારવાર અને ઑપરેશન માટે સારી રકમ મંજૂર કરવી જોઈએ અને આ સારવાર માટે સરકાર માન્ય દવાખાનામાં જ સારવાર લીધેલ હોય તો જ સહાય મળે છે. સાધન-સજ્જ એવા સારા દવાખાના હોય ત્યાં સારવાર લીધેલ હોય તો એને પણ સહાય આપવી જોઈએ. રાજ્યમાં આ ખાતામાં સામાન્ય માનવી અને કિસાનોને જે અગવડ પડે છે એ કલ્પના બહારની અગવડ છે. રૅશનકાર્ડ લેવા જઈએ, ૭/૧૨ ઉતારો લેવા જઈએ. બીજી ઘણી બધી બાબતો એવી છે કે, સામાન્ય માણસ ત્રાહીમામ પોકારી ઊઠ્યો છે ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, ખાતું થોડું સરળ થાય, છે જલેબી જેવું, સીધું થાય તો મીઠાશ મળે પણ જલેબીના ગૂંચળામાંથી બહાર નીકળતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, એક મુદ્દો છેલ્લા સાત મહિનાથી મેં મૂક્યો છે અપસેટ પ્રાઈસ નક્કી કરવા અંગેનો, ૧૯૮૦ના આ વિભાગના પરિપત્ર પ્રમાણે અપસેટ પ્રાઈસ નક્કી કરવાની જવાબદારી પાંચ હજારથી ઓછી વસ્તી હોય તો એના તાલુકા વિકાસ અધિકારીની છે ત્યારે અમારે ત્યાંના જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ એક નવો પરિપત્ર કાઢીને એ અપસેટ પ્રાઈસ નક્કી કરવાની જવાબદારી મૂલ્યાંકન સમિતિમાં લઈ ગયા છે, આ સમગ્ર ગુજરાતના બધા જિલ્લાઓમાં નથી માત્ર આજ જિલ્લામાં છે અને એના માટે મેં માનનીય મુખ્ય મંત્રીશ્રીને, માનનીય મહેસૂલ મંત્રીશ્રીને, મુખ્ય સચિવશ્રીને, અગ્ર સચિવશ્રીને, માનનીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબને, માનનીય બારોટ સાહેબને સતત છ મહિનાથી રજૂઆતો કરતો આવ્યો છું પણ હજુ આ લોકોના મગજમાં એ વાત ઊતરતી નથી. મને સમજાતું નથી કે, આ સામાન્ય બાબતની સ્પષ્ટતા થવી જોઈએ એ સ્પષ્ટતા પણ થતી નથી અને પરામર્શ સમિતિમાં મેં જ્યારે આ વાત મૂકી ત્યારે અગ્ર સચિવશ્રીએ જવાબ આપ્યો કે, આ બાબત જે છે એ સચિવ પંચાયત પાસે છે અને એમણે જોવાનું છે. મેં એમને કહ્યું કે, ધાડ પડી છે આપના ઘરે, પરિપત્ર બદલ્યો છે મહેસૂલ ખાતાનો અને જાઓ તમે પંચાયત સચિવ પાસે ? આ મને સમજાતું નથી કે, આટલી નાનકડી વાત પણ એમને ખ્યાલ નથી આવતો કે એમને ત્યાં મુશ્કેલી હતી એમના ઠરાવનું ખોટું અર્થઘટન કરી અમલ કરવામાં આવે છે તો કેમ અત્યાર સુધી સુધારતા નથી ? અને એના કારણે ગરીબ માણસો મુશ્કેલીમાં મુકાયા છે. કારણ કે, મૂલ્યાંકન સમિતિ સો રૂપિયાની જમીનના પાંચસો રૂપિયા કરે છે અને એના કારણે ગરીબ માણસો મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે અને ગામડામાં બીચારા લોકો જમીન મેળવી શકતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતમાં માનનીય મંત્રીશ્રી મને જવાબ આપશે એવી હું અપેક્ષા રાખું છું સાથે સાથે કિસાનોને કનડતી મુશ્કેલીમાં બ્લૉક સિસ્ટમ છે એ પ્રયોગાત્મક રીતે ભૂતકાળમાં બ્લૉક સિસ્ટમ દાખલ કરી ટુકડાના એકત્રીકરણનો કાયદો કરવામાં આવ્યો એની પણ પરામર્શ સમિતિમાં મેં ચર્ચા કરી ત્યારે મને કહેવામાં આવ્યું હતું કે, ભારત સરકારમાં અમે લખ્યું છે અને એનો રસ્તો અમે કાઢીશું પણ છેલ્લા સારા એવા સમયથી, વર્ષોથી આ ટુકડાના એકત્રીકરણ ધારો અમલમાં આવ્યો છે ત્યારે ખેડૂતો ત્રાહિમામ પોકારી ગયા હતા અને ખેડૂતો દુ:ખી દુ:ખી થઈ ગયા છે અને મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે. પણ એ વાત આ ખાતાના મગજમાં ઉતરતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, વાવ-થરાદ વિસ્તારમાં ખડા અને મુવાડાના ૧૯૪૭ પહેલાના મકાનો પણ છે એ ઘાસ સંગ્રહ માટે રેગ્યુલરાઈઝ કરવાની ખાસ જરૂર છે. રેગ્યુલરાઈઝ કરવાથી સરકારને કિંમત મળશે, આ પ્રશ્ન વાવ-થરાદનો ઘણાં સમયથી પડ્યો છે અને અમારા ધારાસભ્યશ્રી હેમાજીભાઈએ વારંવાર રજૂઆત કરી છે પણ હજુ સુધી આ ખાતાને આ વાત મગજમાં ઉતરતી નથી. મને એ સમજાતું નથી કે આટલું મહત્ત્વનું ખાતું કે લોકો સાથે સીધો સંપર્કમાં આવેલ ખાતું આવી નાની નાની બાબતોનો ઉકેલ કેમ લાવી શકતું નથી ? માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ગઈ ૨૨મી તારીખે મેં એક પ્રશ્ન પૂછયો હતો, સુરત જિલ્લાના કલેક્ટરે ખૂબ જ કિંમતી એવી જમીન સામાન્ય પૈસામાં વેચી મારી, અને એના પછી મેં કહ્યું તો મને એવો જવાબ આપવામાં આવ્યો કે, એમાં ફરિયાદ નથી મળેલી અને પછી સ્વીકાર્યું એમણે કે કલેકટરને ફરિયાદ મળેલી છે. જો કલેકટરને ફરિયાદ મળેલી હોય તો એ સરકારને ફરિયાદ નથી મળી એવું અર્થઘટન કરવું એની મને નવાઈ લાગે છે? ભૂતકાળમાં અહીં એવો નિર્ણય લેવાયો છે કે તલાટીને જો અરજી કરી હોય તો એ સરકારને મળેલી ગણાય એવો આપનો નિર્ણય છે એ બાબતમાં ખરેખર તપાસ થવી જોઈએ. જવાબદાર સામે પગલાં લેવા જોઈએ.

**સભાપતિશ્રી** : કૌશિકભાઈ,

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા એક સભ્ય શ્રી સી.જે.ચાવડાને બોલવાનું બાકી છે.

**સભાપતિશ્રી** : બે મંત્રીશ્રીઓના જવાબ બાકી છે. આપનો સમય પૂરો થઈ ગયો છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આપે અમારી મીનીટ ગણી એ તો ૧૫ મીનીટ પોઈન્ટ ઓફ ઓર્ડરની છે. એ અમારામાં ન ગણાય. સી.જે.ચાવડાસાહેબ બાકી છે.સાત મીનીટ જ છે.

**સભાપતિશ્રી** : ત્રણ સભ્યો બાકી છે તો પછી સમય લંબાવવો પડે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની માગણી લઈને હું આ ગૃહ સમક્ષ આવ્યો છું. લગભગ ૧૬ જેટલા માનનીય સભ્યશ્રીઓએ એમના વિચારો વ્યકત કર્યા છે.(અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : મારી આપને વિનંતી છે સાહેબ.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : મારું પ્રવચન ચાલુ થઈ ગયું છે સાહેબ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એમને ૮૨ મિનિટ મળી ગઈ છે. જો તમને ખ્યાલ ન હોય તો અર્જુનભાઈ - ૩૮ મિનિટ બોલ્યા, કુંવરજીભાઈ -૧૦ મિનિટ બોલ્યા, રશીદાબહેન-પાંચ મીનીટ બોલ્યા, બાબુભાઈ-૯ મિનિટ બોલ્યા, ચંદ્રિકાબહેન-૧૨ મિનિટ બોલ્યા, દોલતભાઈ- આઠ મિનિટ બોલ્યા કુલ તમે ૮૨ મિનિટ બોલ્યા. અમારા ભાગે આના માટે ૧૬૪ મિનિટ આવવી જોઈએ. હવે જે બાકી રહેતો સમય છે એમાં બધા બોલે તો ૧૪૫ મિનિટ જ રહે છે નહીંતર ગઈકાલ જેવું થાય. આ લખેલું છે એમને ફાળવેલ મિનિટ કરતાં વધારે છે.

**સભાપતિશ્રી .** : ૭૭ મિનિટ ફાળવેલી છે એના બદલે ૮૨ મિનિટ થઈ છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૮ મિનિટમાં ૧૫ મિનિટ પોઈન્ટ ઓફ ઓર્ડરની છે એ અમારામાં ન ગણાય. મારી આપને વિનંતી છે કે ૩૮ મિનિટમાં ૧૫ મિનિટ પોઈન્ટ ઓફ ઓર્ડરની છે. અશોકભાઈએ ઉપાડયો એટલે અમારામાં ન ગણાય (અંતરાય) ના સાહેબ ૧૫ મિનિટ અમારામાં ન ગણાય.

**સભાપતિશ્રી .** : કૌશિકભાઈ.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં મહેસૂલ વિભાગની માગણી લઈને ઉપસ્થિત થયો છું. ૧૬ જેટલા સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યકત કર્યા. કેટલાક સભ્યોએ વિભાગની કામગીરીને બિરદાવી છે તો કેટલાક સભ્યોએ વાસ્તવિક પરિસ્થિતિની ચિંતા કરી છે તો કેટલાક ધારાસભ્યોએ પ્રભાવી સૂચનો કર્યા છે. આ તમામનો હું આભાર માનું છું. જે જે સૂચનો થયા છે. વહીવટમાં સરળતા આવે એ માટે તાત્કાલીક આ સૂચનોનો અમલ થશે તેની હું ખાતરી આપું છું. કેટલાક ધારાસભ્યશ્રીઓએ ટીકા કરી છે.એનો વાંધો નથી કેમકે આ સરકાર ટીકામાંથી પણ સારું કેમ થાય એ વિચારધારાવાળી સરકાર છે. લોકો એમ માને છે લોકોને એમ ગેરસમજ છે કે વિરોધપક્ષના નેતા ખૂબ જ્ઞાની છે. કદાચ જાહેર સભામાં કોઈ બાબત બોલતા હોય તો બરાબર છે. આ સન્માનનીય ગૃહ છે [*] * (xxxx) પણ જો વિરોધ પક્ષના નેતાને ન હોય તો (અંતરાય) તમે જવાબ સાંભળો, હવે તમે બેસો.(અંતરાય)

**સભાપતિશ્રી** : આ શબ્દ કાઢી નાખો.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : હા. હા. પાછા ખેંચ્યા.

**સભાપતિશ્રી** : એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે. કૌશિકભાઈ, આપ પ્રવચન ચાલુ રાખો.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : કોર્ટની વ્યાખ્યા આ સભાગૃહમાં ચર્ચા થાય, કોર્ટ કોને કહેવાય? મામલતદારશ્રીને પણ કોર્ટ કહેવાય, ડી.આર.ડી.એ. ને કોર્ટ કહેવાય (અંતરાય)

**સભાપતિશ્રી** : મેં રેકર્ડ ઉપરથી શબ્દો દૂર કર્યા છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : દૂર કર્યા છે. હવે સાંભળો. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાએ એમના પ્રવચનમાં જે વાત કરી એનો ઉલ્લેખ કરું છું. (અંતરાય)

**સભાપતિશ્રી** : પ્લીઝ બેસો, પ્લીઝ બેસો, આપ બેસો. હું ઊભો છું. બેસો પ્લીઝ. માનનીય મંત્રીશ્રીએ એમના પ્રવચનમાં જે ઉલ્લેખ કર્યો છે, એ મારી દ્રષ્ટિએ બરાબર નથી. આ એક સરકારના એક જવાબદાર પદાધિકારી છે, મંત્રી છે, એટલે જ્યારે આપનું પ્રવચન થાય ત્યારે આપના પ્રવચનમાં કાળજી રાખશો, તેવી વિનંતી કરું છું. એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ એમના પ્રવચનની અંદર ૭૦(ઓ) બાબતે આખું પ્રવચન કર્યુ, આખું પ્રવચન. બાબુલાલ સાંભળો. આખું પ્રવચન ૭૦ (ઓ) ઉપર જ કર્યુ. જેની પાસેથી માહિતી મેળવી હોય, જેમણે આપી હોય કદાચ ચંદ્રિકાબેન, માનનીય ધારાસભ્યશ્રી સી.જે. ને કોઈને પૂછીને ચર્ચા કરી હોત તો કદાચ આ હાઉસની અંદર એમની પાસેથી સાચી માહિતી મળી રહેત. ૭૦(ઓ) ની વાત થઈ. (અંતરાય)

**સભાપતિશ્રી** : બેસો, પ્લીઝ બેસો સૂચના આપી દીધી છે, પુંજાભાઈ. પ્લીઝ હવે બરાબર નથી. પ્લીઝ બેસો. મેં સૂચના આપી દીધી છે.

---

[*] * (xxxx) માનનીય સભાપતિના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : ૭૦(ઓ) ની બાબતમાં એમના પ્રવચનમાં ૭૦(ઓ) અને આ ૭૦(ઓ) સાથે સંકળાવેલ ગેરરીતિઓ બાબતે એમણે મોટા ભાગનો ઉલ્લેખ કર્યો છે. આપના દ્વારા આ સભાગૃહના સભ્યોને અને સમગ્ર ગુજરાતની પ્રજાને સાચી માહિતી જાય એ જરૂરી છે. સવારે રોજ પેપરમાં કંઈ વાંચે અને અહીયા આવીને ઉલ્લેખ કરી લેવો અને તથ્યમાં જવું નહીં. ૭૦(ઓ) ની કલમ એવી છે કે જે ખરેખર ગણોતિયો છે, એને પ્રીમિયમ ભર્યા વગર નવી શરતની જમીન જૂની શરતમાં થાય. અમારી સરકાર આવ્યા પછી એક પણ ૭૦(ઓ) ના ગણોતિયાના કેસની અંદર પ્રીમિયમ ભર્યા વગર કોઈને જૂની શરત કરી આપી નથી. એનાથી આગળ એમણે ૧૯૯૬-૯૭માં સરકાર બનાવી હતી. કોની સરકાર હતી એ કહેવું જરૂરી નથી. ૧૯૯૬-૯૭માં ટેકો આપીને બનાવી હતી. એ સરકારના એ વખતના નેતાએ ૧૯૯૬-૯૭ માં ૭૦(ઓ) ની અંદર બિલ્ડરને ફાયદો કરવા માટે જૂનામાં ૧૫ વર્ષની કન્ડીશન હતી એ ૧૦ વર્ષની કન્ડીશન કરી અને ૧૦ વર્ષમાં છૂટક છૂટક બે વર્ષે, પાંચ વર્ષે, ૬ વર્ષે પણ ગણોતિયો આ જમીન ધરાવે તો એને જૂની શરત ૪૩(૧) ના નિયમો ના લાગે એ સપોર્ટવાળી એમની સરકારે કરી છે. અમે કરી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ ૭૦(ઓ)ની બાબતનો એકપણ કેસ અમે કર્યો નથી. બીજી બાબત સાહેબ તેમણે બરોડાના એક કેસનો ઉલ્લેખ કર્યો છે. બરોડાના એક કેસનો ઉલ્લેખ કર્યો છે. અરજદારનું જે કંઈ નામ બોલતા હતા. દિલીપભાઈ ભટ્ટ કે જે કંઈ હોય. અરજદારના આ કેસ સાથે શું સંબંધ છે તેની ખબર નથી. અરજદાર વ્યકિત કોણ છે? શું કરે છે? તેની અંદર હું ઉતરવા માગતો નથી. પણ આ રાજય સરકાર મેરીટસ ઉપર નિર્ણય કરવા ટેવાયેલી છે. અરજદાર ગમે તે હોય, અરજદાર લે-મેન હોય તો પણ આ સરકાર મેરીટસ ઉપર નિર્ણય લેવા ટેવાયેલ છે. આ કેસમાં પણ જે ઉલ્લેખ કર્યો છે, બરોડાના કેસમાં. સાહેબ સરકારના ધ્યાન ઉપર આ બાબત આવી ત્યારે ૨૦૦૨માં જી.આર.ટી.માં અમે આની ફરિયાદ કરી છે અને ૨-૪-૨૦૦૪માં સમગ્ર બાબતના રેકર્ડ પણ અમે જપ્ત કર્યા છે. કોર્ટનો ચુકાદો તો સાહેબ હમણાં આવ્યા, પાંચ દિવસ પહેલાં આવ્યો. ૨૦૦૪માં સમગ્ર કેસના રેકર્ડ અમે જપ્ત કર્યા છે. આ સરકાર મેરીટસ ઉપર નિર્ણય કરે છે. મને દુ:ખ એ બાબતનું છે કે જે વ્યકિત બરોડામાં છે તેને જઈને પૂછે કોણ છે? અરજદાર સાથે અમારે કોઈ લેવા દેવા નથી. અમારે તો ફરિયાદ આવી એટલે સરકારે મેરીટસ ઉપર નિર્ણય ૨૦૦૨માં લઈ લીધો છે. આમાં કોર્ટે શું કહ્યું છે. ડીટેઈલ બરાબર જુએ. હાઈકોર્ટે એવું કહ્યું છે, ચીફ સેક્રેટરીને એવું કહ્યું છે કે તમે ચાર અઠવાડિયામાં અરજદારે જે અરજી કરી છે તેમાં પગલાં લો. અને અમે પગલાં લીધા છે. એટલે અહીં ગુમરાહ કરવાની વાતો કરવાની. વિરોધપક્ષના નેતાને તેમની પાસે કહેવાના કોઈ કારણો નથી. કોઈ બાબત નથી. હું તો ચેલેન્જ કરું છું અમારી સરકારમાં જમીનમાં ભ્રષ્ટાચાર કર્યો હોય તો આંગળી કરીને બતાવે અમે જવાબ આપવા તૈયાર છીએ. અમે વિરોધપક્ષના નેતાને ચેલેન્જ કરીને કહીએ છીએ. એકપણ બાબત કે કેસમાં ભ્રષ્ટાચાર થયો હોય તો સ્પેશીફીક વાત કરે. માત્ર કોથળામાં પાંચશેરી મારીને વાત ન થાય. તેમણે જે ૭૦(ઓ) નો ઉલ્લેખ કર્યો તેનો જવાબ આપું છું. વિરોધપક્ષના નેતાશ્રીએ એમ.ઓ.યુ, ઉત્સવ, કોગ્રેસના મિત્રોને એમ.ઓ.યુ. જ ચર્ચામાં દેખાય છે. મહોત્સવો દેખાય છે. અમારી સરકારમાં એમ.ઓ.યુ. થાય છે અને ભવિષ્યમાં પણ એમ.ઓ.યુ. થશે. એમ.ઓ.યુ. ગુજરાતના વિકાસ માટે કરીએ છીએ ગુજરાતની સમૃદ્ધિ માટે અને ગુજરાતના યુવકોને રોજગારી આપવા માટે એમ.ઓ.યુ. થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમના રાજયમાં સી.ઓ.યુ. થતા હતા. સી.ઓ.યુ. થતા હતા. કોંગ્રેસ આઉટ ઑફ વે અન્ડરસ્ટેન્ડીંગ. સી.ઓ.યુ. થતા હતા. કૉન્ગ્રેસ આઉટ ઑફ વે અન્ડરસ્ટેન્ડીંગ. તેના દાખલા છે. આરેજાની વાત કરે છે. એમના જમાનામાં ઉદ્યોગોને લાવવા માટે જે એમ.ઓ.યુ. કર્યા છે અને શું ભાવે થયા છે અને કોગ્રેસના થોડા નવા મિત્રો છે તેના માટે કહું. અમદાવાદ થી ગાંધીનગરની વચ્ચે કોબામાં એક જમીન છે. આપણો હાથ લંબાવીએ ત્યા જમીન છે. રેડીમેડ ગારમેન્ટ ઝોન માટે કોંગ્રેસના મિત્રોએ આ જમીન અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે ૫૦ રૂપિયાના ભાવે આપી છે. આજની તારીખમાં આ ઝોન થયું નથી. કચ્છની વાતો કરે છે. મિત્રો કયાં કયાં કેટલી કેટલી જમીન આપી છે અને આજે તેના કોઈ પરિણામ નથી આવ્યા તેનો જવાબ આપું છું. કલમકુમાર સિંગલને અંજારમાં જમીન આપી છે. ૪૦૪૭૦ ચો.મી. જમીન ૧ રૂપિયો અને ૭૫ પૈસાના ભાવે આપી છે. મારા બાબુલાલ કહેતા હતા તમે ૬ રૂપિયે આપી છે. તમે ૧ રૂપિયો અને ૭૫ પૈસે આપી છે.

**સભાપતિશ્રી** : જયંતિભાઈ પ્લીઝ. જયંતિભાઈ બેસો.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : તેમના વખતમાં સી.ઓ.યુ. થયા છે તેની વાત કરું છું. તેમના વખતમાં થયા છે તેની વાત કરું છું. શાહ ટ્રેડિંગ કોર્પોરેશન, માધાપર, રાજકોટમાં છે તેને ૩૪૩૬ ચો.મી.જમીન ૨૦ રૂપિયાના ભાવે આપી છે. ધરમસિંહ મોરારજી કૅમિકલ્સ મિલ નવલખીમાં છે તેને ૧૯૯૪માં જમીન આપી છે. ૮ લાખ ૮૦ હજાર ચો.મી. જમીન ૪ રૂપિયા ૫૦ પૈસાના ભાવે આપી છે. હું એ કહેવા માગું છું કે, (અંતરાય) હું એ જ કહું છું, સાંભળો, એનાથી આગળ જઈને, માનનીય બાબુભાઈ જવાબ તો સાંભળો.

**સભાપતિશ્રી** : માનનીય સભ્યશ્રી, પ્લીઝ, પ્લીઝ, બેસો, મંત્રીશ્રી જ્યારે જવાબ આપતા હોય એમના એકેએક વાક્ય સાથે આપને કોઈ વાંધો હોય એ વાજબી નથી, આપ ઇચ્છો એવું મંત્રીશ્રીએ બોલવું એ પણ ફરજિયાત નથી, મંત્રીશ્રીને જવાબ શાંતિથી આપવા દો, પ્લીઝ, પ્લીઝ, આપ ઇચ્છો એવો જવાબ મળે એવી અપેક્ષા વાજબી નથી.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપને મારી વિનંતી છે કે, મારા પ્રવચનમાં તેઓ ડિસ્ટર્બ ન કરે, મારે કેટલીક સત્ય બાબતો કહેવાની છે. ભૂતકાળમાં એમના વખતમાં જે જમીનો અપાતી હતી એ જમીનની કિંમત નક્કી કરવાના જે ધોરણો હતા એ ધોરણોમાં અમે પારદર્શકતા લાવ્યા છીએ. હું એ કહેવા માગું છું કે, ભૂતકાળમાં ૯૮ પહેલાં, ૯૯ પહેલાં કલેક્ટર દ્વારા કિંમત નક્કી થતી હતી, અમારી સરકારે કિંમત નક્કી કરવાના ધોરણો બનાવ્યા છે, ડિસ્ટ્રિક્ટ લૅન્ડ પ્રાઈસ કમિટી, સીટીપી અને એસએલપીસી. અમારા વખતમાં જે એમઓયુ થયા છે, જે જમીન આપીએ છીએ એ ડીએલપીસી, સીટીપી અને એસએલપીસી નક્કી કરે છે. એટલે કે ટ્રાન્સ્પેરેન્સીના ધોરણે આ કિંમત નક્કી થાય છે, જ્યારે તમારા વખતમાં ટ્રાન્સ્પેરેન્સી નહતી એટલા માટે કહું છું. એમના વખતમાં જે કોઈ ધોરણો હતા, અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે વાત કરી એ નામઠામ વગરની વાત કરી કે એક લાખ હેકટર જમીન આપી. નામઠામ વગરની વાત એમણે કહી પણ એમનો જે કહેવાનો ઉદ્દેશ હતો એ તો અમારા ધ્યાનમાં આવે, એક લાખ હેકટર જમીન એટલી મોટી જમીન કાં તો સોલ્ટવાળા માગે, સોલ્ટનો ઉદ્યોગવાળા માગે, હજી આવી અમારા વખતમાં આવા ઉદ્યોગોને કોઈ જમીન અપાઈ નથી, હજી તો અરજી આવી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને કહેવા માગું છું કે, ગુજરાતમાં આખા દેશમાં સોલ્ટનો મોટામાં મોટો ઉદ્યોગ, એમને લાખો એકર જમીન આપી છે ત્યારે એમના વખતમાં સોલ્ટનો ઉદ્યોગ થયો છે તો એ સોલ્ટના ઉદ્યોગે માગી છે અને હજુ સુધી જમીન તો અપાઈ નથી અને એમને એમ ગોળ ગોળ એક લાખ ચોરસ મીટર જમીન આપી દેવામાં આવી એવી નામઠામ વગરની એમણે વાત કરી. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ તો અમારી માગણીઓ ઉપર વાત કરવી જોઈતી હતી, માનનીય અધ્યક્ષશ્રી, અમને ગૌરવ છે, અમારી સરકારને ગૌરવ છે, માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારને ગૌરવ છે કે આજે સન્માનનીય સભાગૃહના કોઈપણ સભ્યશ્રીએ એવી આંગળી નથી કરી કે આ સરકારે ભ્રષ્ટાચાર કર્યો છે, એવું કોઈ કહી શક્યા નથી એનું અમને ગૌરવ છે. આવો અમારી સાથે અને કયાંય ભ્રષ્ટાચાર થયો હોય તો બતાવો. અમારી સરકાર એ નીતિઓને આધારે નિર્ણય લેવાવાળી સરકાર છે, જાહેરમાં ખુલ્લેઆમ લોકોની વચ્ચે નીતિઓ લઈ જઈએ છીએ, અને જાહેરમાં એમઓયુ કરવામાં આવે છે. દુનિયાના લોકો જુએ છે અમારા એમઓયુ અને એ લોકો અહીં આવીને રોકાણ કરે છે. ફૂલ ટ્રાન્સ્પેરેન્સીના ભાગરૂપે અમારી સરકાર કામ કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર મહેસૂલ વિભાગ અંગે, માનનીય ધારાસભ્યશ્રીઓ પણ વાત કરે છે એ એક વહીવટી સુધારણાનો ભાગ છે. કાયદાની જટિલતા, આદેશો, જી.આર., કાર્યપધ્ધતિઓ, તલાટીથી માંડીને કૅબિનૅટ સુધી કામો જવા, તુમારો, આ તો વર્ષોથી આ સભાગૃહમાં ચર્ચા થાય છે પણ ચર્ચાના અંતે સવાલો કેમ ઓછા થાય એ કામ અમારા વિભાગે કર્યુ છે, કેમ સવાલો ઓછા થાય, તુમારોનો જલદી નિકાલ થાય, ફાઇલોને જલદી ન્યાય કેમ મળે, પારદર્શકતા કેમ આવે, ઝડપ કેમ આવે, આ અમારા વિભાગે છેલ્લા ચાર પાંચ વર્ષમાં જે કંઈ કામગીરી કરી છે એમાં ચાર પાંચ સુધારાઓ, અને માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન આપું છું, મારા તરફથી અને ગુજરાતની પ્રજા તરફથી એટલા માટે કે, એમણે કૅબિનૅટમાં પાંચ જેટલા સૈધ્ધાંતિક નિર્ણયો લીધા છે જે ભારત સરકારમાં એમના પર્યુમાં આવે છે એટલે અમે મોકલી આપ્યા છે પણ આ સરકારે તો નિર્ણય લીધા છે. એ પાંચ નિર્ણય એવા છે કે, એ આવનારા દિવસોમાં ભારત સરકારની મંજૂરી મળશે તો ગુજરાતની પ્રજાને બહુ મોટો ફાયદો થશે, સરકારને પણ કામ કરવામાં ખૂબ જ ઝડપ આવશે. ગણોતધારાની કલમ ૬૫, માનનીય અધ્યક્ષશ્રી, હાલની જોગવાઈ એવી છે કે કોઈપણ ખેતીની જમીન સતત બે વર્ષ પડતર રહે તો કલેક્ટર જમીનનો કબજો લઈ શકે છે. અને આ જમીનનો દસ વર્ષ સુધી કલેક્ટરે વહીવટ કરવાનો અને દસ વર્ષ પછી પાછી આપવાની, આમાં બહુ હાડમારી થાય છે, લિટિગેશનો બહુ આવે છે એના માટે થઈને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આ નિર્ણય લીધો છે. ગણોત ધારાની કલમ ૬૫ અમે દૂર કરવાનો સૈદ્ધાંતિક નિર્ણય લીધો છે અને ભારત સરકારમાં મોકલી આપ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ગણોત ધારાની કલમ ૩૨ (ઓ) એ રદ કરવાનો નિર્ણય લીધો છે આ કલમ ૩૨ (ઓ) એવી કલમ છે કે પાછલા બારણે લોકો ખેડૂત બની જાય છે તલાટીઓ અને લોકોના મેળાપીપણામાં આ કલમનો દુરુપયોગ થાય છે એના માટે થઈને રાજય સરકારે આ કલમ દૂર કરવાનો નિર્ણય લીધો છે અને કલમ ૩૨ (ઓ) રદ કરવા માટે ભારત સરકારમાં મોકલી આપ્યો છે. ગણોત ધારાની કલમ ૪૩ ગણોત નિયંત્રિત નવી શરતની જમીનમાં વારસાઈ સિવાય ભાઈઓ ભાઈઓમાં ભાગ પડે તો તેને શરત ભંગ ગણવામાં આવે છે પરિણામે બાપની હયાતીમાં પોતાના છોકરાઓને ગણોત નિયંત્રિત જમીનો વહેંચી શકાતી નથી આ કલમમાં બાપ ખેડૂત પોતાના પુત્રોને જીવતે જીવ ભાગલા પાડી આપી શકે તેને શરત ભંગ ગણવી નહી તેવી જોગવાઈ રાજય સરકારે કરવાનો સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે એટલે એ કલમ ૪૩ માં સુધારો કરવાનો નિર્ણય કર્યો છે. પાવર ઓફ એટર્ની, પાવર ઓફ એટર્ની, વ્યવહાર, વહીવટ અને તબદિલીઓ થાય છે એમાં પાવર ઓફ એટર્ની એ ઈન્ડિયન રજીસ્ટ્રેશન એકટની જોગવાઈઓ મુજબ હાલ નોંધણી કરાવવી ફરજિયાત નથી. આના પરિણામે ગેરરીતિઓ અને લિટિગેશનમાં ખૂબ વધારો થાય છે. એટલે અમારી સરકારે પાવર ઓફ એટર્ની અને ગીરોખત ઈન્ડિયન રજીસ્ટ્રેશન એકટ મુજબ ફરજિયાતપણે નોંધાવવા પડશે. એટલે સરકારની આવક પણ વધશે અને ગેરરીતિઓ પણ ઘટશે. એટલે અમારી સરકારે પાવર ઓફ એટર્ની અને ગીરોખતને ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવવાનો નિર્ણય કર્યો છે એટલે ફોટોગ્રાફ-ફિંગર પ્રિન્ટ આવે તો બેનામી દસ્તાવેજોનો વ્યવહાર પણ બંધ થઈ

જશે. આ ચાર બાબતોનો નિર્ણય કેબિનેટમાં માનનીય મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં અમારા વિભાગ દ્વારા લેવાયો છે અને ભારત સરકારમાં મોકલ્યો છે.સૌ મિત્રોને જણાવું કે ગુજરાતના હિતમાં આ ચાર નિર્ણયો લેવાયા છે જો એમની વગ ચાલતી હોય તો જઈને જલદી મંજૂરી લાવી આપે તો આપણે ગુજરાતને એક સારો લાભ આપી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬-૦૭માં સમગ્ર ગુજરાતમાં એક ભયાનક કુદરતી આપત્તિ આપણા સૌ ઉપર આવી હતી. આ ભયાનક આપત્તિમાંથી સુરત સહિત તમામ જિલ્લાઓમાં ઝડપથી બહાર નીકળી શક્યા છીએ એમાં જે જે લોકોએ સહયોગ આપ્યો છે, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સરકારી અધિકારીઓ અને એન.જી.ઓ. એ જેણે જેણે એમાં સેવા આપી છે અને આપત્તિમાંથી બહાર નીકળવા માટે અને ટૂંકા સમયમાં આખા ગુજરાત સુરત સહિત તમામ જિલ્લાઓમાં જ્યાં જ્યાં આપત્તિ આવી છે એમાં ઝડપથી આપણે પુનઃઃસ્થાપન થયું છે એમાં જેણે જેણે સહયોગ આપ્યો છે એ બધાનો હું મારા તરફથી આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય નાણા મંત્રીશ્રીનો વિશેષ આભાર માનું છું કેમ કે ગુજરાતને આઝાદી પછી મહેસૂલ વિભાગના પ્લાન સદરે ૧૨ થી ૧૫ કરોડ રૂપિયાથી વધારે કયારેય મળ્યા નથી. ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર ૫૫ કરોડ રૂપિયા જેટલું માતબર બજૅટ અમને પ્લાન માટે આપ્યું છે એ બદલ હું માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય નાણા મંત્રીશ્રીનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલી વહીવટ ખૂબ જ વિશાળ છે, કાયદો, જી.આર. આદેશોનો અમલ કરવાનો હોય છે. વહીવટમાં સરળતા, ઝડપ અને લોકાભિમુખ એ અમારી સરકારનો મુદ્રાલેખ છે. સરળતા અને ઝડપ લાવવા માટે વધારે પગલાં અમે લીધા છે. અમારા વિભાગે ઈ-ગવર્નન્સ કન્સેપ્ટ સ્વીકાર્યો છે. ઈ-ગવર્નન્સ, ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી તો ખરી જ પણ એની સાથે ઈ.જી., ઈફેકિટવ એફિશિયન્ટ અને ઈકોનૉમિક ગવર્નમૅન્ટ આ કન્સેપ્ટ અમે સ્વીકાર્યો છે. અમારી મોટા ભાગની કચેરીઓ કોમ્પ્યુટરાઈઝડ કરી નાંખવામાં આવી છે. અવાર-નવાર જે પ્રશ્નો ઊઠે છે તુમારો બાબતમાં, નવી શરતમાંથી જૂની શરતમાં પ્રીમિયમની બાબતમાં, ડે ટુ ડે કામગીરી આ બધું કૉમ્પ્યુટરાઇઝડ સિસ્ટમ દ્વારા ઘણું બધું સરળ બન્યું છે, એટલે ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીનો વધુમાં વધુ ઉપયોગ કરીને અમારી સરકારે, અમારા વિભાગે એનો વ્યાપ વધાર્યો છે. ઘણી બધી બાબતો ધારાસભ્યશ્રીઓ દ્વારા સવારે કહેવાઈ છે પણ મુખ્ય મુખ્ય બે ત્રણ બાબતો તરફ આપના દ્વારા ગૃહનું ધ્યાન દોરવા માગુ છું. સ્ટૅમ્પ ડ્યૂટી,ની ભારત સરકારે પણ આખા દેશ માટે ચિંતા કરી છે વધુમાં વધુ સ્ટૅમ્પ ડ્યૂટી હોય એવા રાજયોને આદેશ આપે છે પણ આ આખા દેશમાં ગુજરાત એવું પહેલું રાજય છે કે કેન્દ્ર સરકારે આદેશ આપવા માંડ્યા એની પહેલાં સરકારના ધ્યાનમાં આવ્યું કે આ સ્ટૅમ્પ ડ્યૂટી વધારે છે. ૧૪.૮૦ ટકા થી ૫.૯૫ ટકા એટલે કે ચાર વર્ષમાં અમે નવ ટકા સ્ટૅમ્પ ડ્યૂટીમાં ઘટાડો કર્યો છે છતાં દર વરસે ૨૦ ટકા આવકની વૃદ્ધિ પણ થઈ છે. આ સ્ટૅમ્પ ડ્યૂટીમાં જે કંઈ ફેરફાર કર્યા, વર્ષોથી લોકોની ફરિયાદ આવતી હતી કે ડ્યૂટી વધારે છે. મહિલાઓનો સામાજિક ક્ષેત્રે દરજજો વધે, મહિલાઓની વાતો બહુ થઈ હોય, ભૂતકાળમાં જે જે સત્તા પર હતા એમણે વાતો બહુ કરી હશે પણ સાચા અર્થમાં કોઈ કાર્યક્રમો આપ્યા નથી. અમારી સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગઈસાલે જે નિર્ણય લીધો કે રજીસ્ટ્રેશન ફી ૧.૫ ટકા જે છે એમાં મહિલાઓને માફી આપી. એનું પરિણામ એ આવ્યું કે છેલ્લાં એક વર્ષમાં ગુજરાતમાં જેટલા દસ્તાવેજો થયા એના ૪૦ ટકા દસ્તાવેજો બહેનોના નામે થયા અને ૬૫ કરોડ રૂપિયાની સરકારને આવક જતી કરવી પડી પણ મહિલાનો સામાજિક દરજજો વધે. સરકારને ભલે આવક ઓછી થાય પણ આવો એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. હક્ક પત્રક, ગામ નમૂના નંબર-૬ આ બધી વાતો માનનીય ધારાસભ્યશ્રીઓએ કરી છે, એક એવો ક્રાંતિકારી નિર્ણય અમારા વખતમાં જે લેવામાં આવ્યો છે એ ફ્રેન્કિંગ મશીન અને ઈ-સ્ટૅમ્પીંગ. આ ક્ષેત્રની અંદર આખા દેશમાં જાણીતું કૌભાંડ, આપણને બધાને ખબર છે એ તેલગી કૌભાંડ, આ કૌભાંડો ન થાય એટલે અમારા વિભાગે બેન્કો દ્વારા ફ્રેન્કિંગ મશીન દ્વારા સ્ટૅમ્પીંગ થાય એવો એક નવો કન્સેપ્ટ અમે લાવ્યા છીએ. ઈ-સ્ટૅમ્પીંગ આખા વિશ્વની અંદર આ કન્સેપ્ટ એક સિંગાપુરમાં છે અને બીજો ગુજરાતમાં છે. આ ઈ-સ્ટૅમ્પીંગ આખા વિશ્વમાં દેશમાં તો આ પહેલું ઈ-સ્ટૅમ્પીંગ આપણે ચાલુ કરી દીધું છે એના દ્વારા પણ આવનારા દિવસોમાં ટ્રાન્સપરન્સી આવવાની છે. બીનખેતીની પરવાનગી આપવામાં ઝડપ આવે, એના માટેનો નિર્ણય લીધો છે. બે ઐતિહાસિક નિર્ણયો લીધા છે. એક નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટે ૧૫ વર્ષ ઉપરાંતનો કબજો હોય તો ખેતી ખેતીના હેતુ માટે જૂની શરતમાં ફેરવાય આ ખેડૂતો માટેનો બહુ જ ઐતહાસિક નિર્ણય અમારી સરકારે લીધો છે એવો જ એક નિર્ણય સૌરાષ્ટ્રના નવ જિલ્લાઓમાં રાવણા-ચવ હક્ક ૮૦ વર્ષ જૂનો આ પ્રશ્ન ત્રણ લાખ મિલકતો આવે છે કે જે રજવાડાઓના વખતથી એમની પાસે છે આ લોકોને રેગ્યુલરાઈઝ કરવા માટે આ લોકોને સનદ આપવા માટે બહુ માર્જીનલ રકમ લઈને આવી ત્રણ લાખ પ્રોપર્ટીઓને સનદ આપવાનો આ રાજય સરકારે ઐતિહાસિક નિર્ણય લીધો છે. ઘણી બધી બાબતો છે. એક બાબત જે નવી આપી છે. ૨૦ કરોડ રૂપિયાના ખર્ચે આ વરસે ત્રણ પ્રાંત ઑફિસ નવી કરવાના છીએ. એમાં ડિસા, ઈડર અને દેવગઢબારિયા અને બાર મામલતદાર ઑફિસો બનાવવાની છે એમાં કલોલ, માણસા, દિયોદર, તિલકવાડા, ડેડીયાપાડા, મોડાસા, મેઘરજ, સુરત શહેર, રાણાવાવ, ગોંડલ, ચોટીલા અને લખતર. આ બાર મામલતદાર કચેરીઓ અમે કરવાના છીએ. એકસાથે બાર મામલતદાર કચેરીઓ બનતી હોય ગુજરાતમાં તો આ પહેલીવાર

માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ જે એમાં ફંડ આપ્યું છે એના કારણે બની છે. ઘણી બાબતો મારા પ્રશ્નોના જવાબમાં પણ મેં કહી છે. આ વિભાગ દ્વારા ઝડપી કામ થાય, કામમાં સરળતા કેમ આવે એની વાત કરી છે. છેલ્લે હું ધારાસભ્યશ્રીઓને વિશ્વાસ અપાવુ છું કે અમારી પાસે આવેલી કોઈપણ ગેરરીતિ અમારા ધ્યાન પર આવી હોય તો રાજયના હિતમાં, પ્રજાના હિતમાં કયારેય અમે એનો ઢાંકપિછોડો નથી કરતા આ વિશ્વાસ હું અપાવું છું અને તેથી માનનીય ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે એમણે મૂકેલી કાપદરખાસ્તો પાછી ખેંચી લે અને મારી માગણીઓ મંજૂર કરે અને છેલ્લે એક વાત કહેવા માગુ છું કે આ સરકાર નથી વચેટિયાઓની, નથી દલાલોની, નથી તકવાદીઓની આ સરકાર છે ગરીબોની, આ સરકાર છે વંચિતોની અને આ સરકાર છે રાષ્ટ્રપ્રેમીઓની.

**શ્રી છત્રસિંહ પું. મોરી (રાજય કક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, સમય ખૂબ ઓછો છે એટલે ઝડપથી મારો અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતોનો વિભાગ છે. આ વિભાગ આમ નાણાંકીય જોગવાઈની દ્રષ્ટિએ જોઈએ તો ખૂબ નાનો હશે પરંતુ આ સરકાર કે શાસનની પ્રજાકીય જવાબદારીની દ્રષ્ટિએ જોઈએ તો તમામ સ્તરના, તમામ ક્ષેત્રના, તમામ નાગરિકોને સ્પર્શતો આ વિભાગ છે. સંવેદનશીલ અને મૂળભૂત જે સુવિધા પ્રથમ કક્ષાએ રોટી કહેવાય તે પૂરી પાડવાની જવાબદારી આ રાજય સરકારની છે. ત્યારે એવી આ જવાબદારી વહન કરતો આ વિભાગ છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીએ જે દરિદ્ર નારાયણની સેવા માટેની કલ્પના મૂકી હતી કે એકાદ પણ માનવવાદ અન્ટુ ધ લાસ્ટ મેન સુધી પહોંચવા માટે, ગરીબના છેવાડાના માનવીને સીધું અન્ન પહોંચે એવી વ્યવસ્થા આ રાજય સરકારે પહોંચાડવા માટે કરી છે અને તે ચીલે ચાલવા માટે આ રાજય સરકાર પ્રયત્નશીલ રહીને કામ કરી રહી છે. નવ જેટલાં સભ્યોએ મારા વિભાગની ચર્ચામાં ભાગ લીધો છે. કેટલાક સભ્યશ્રીઓએ આ વિભાગને બિરદાવ્યો છે. સારી કામગીરીને બિરદાવી છે ત્યારે હું તેમનો હાર્દિક આભાર માનું છું. કેટલાંક મિત્રોએ સારા સૂચનો પણ કર્યા છે અને પૉઝિટીવ સૂચનો જે છે તેને માટે આ રાજય સરકાર પ્રયત્નશીલ છે અને આવતા દિવસોમાં તે માટે જ્યાં પણ ક્ષતિ હશે તેને દૂર કરવા માટે અમે પ્રયત્ન કરવાના છીએ. વિરોધપક્ષના નેતા માનનીય અર્જુન ભાઈ મોઢવાડીયાજીએ એક વિષયનું મારા વિભાગનું ધ્યાન દોર્યુ કે તેલના ભાવ માટે બફર સ્ટૉક ના કર્યો? મારે અર્જુનભાઈને પૂછવું છે કે આ સ્ટોક કન્ટ્રોલ ઓર્ડર તે કોની સરકારે પાછો ખેંચી લીધો ? આ ના કર્યુ હોત તો? આ તેલના ભાવ ભડકે ના બળત. અર્જુનભાઈએ પહેલાં તે જાણવું જોઈએ કે આ સ્ટોક કન્ટ્રોલ ભાવ આ કેન્દ્ર સરકારે ઉઠાવી લીધો આ તેનું પરિણામ આવ્યું અને એક બાજુ ઉત્પાદન ઓછું, એક બાજું વાવેતર ઓછું અને તેના સંજોગોમાં ઉભાં થયેલા આ સંજોગો કોઈ તેલનો ભાવ માત્ર ગુજરાત રાજયમાં વધ્યો છે એવું નથી સમગ્ર દેશની અંદર જે ભાવ છે તેના કરતાં કન્ટ્રોલમાં આ ભાવ ગુજરાતની અંદર આ રાજય સરકારના તેલના ભાવ છે. એટલા માટે તે જ્યારે વાત કરતા હતા અમે અનેક વખત કેન્દ્રને વિનંતી કરી કે તમારે જે ઈમ્પોર્ટ ડ્યૂટી, એકસાઈઝ ડ્યૂટી છે તેમાં તમે પચાસ ટકા ઘટાડો કરી દો. અમે વિનંતી કરીને થાક્યા. તેમને છેલ્લે છેલ્લે હમણાં ભાન સૂઝયું અને તે પણ ૧૦-૧૨ ટકાની ડ્યૂટી બે રાજયોમાં હાર્યા પછી આ મુદ્દો બની ગયો. ભાવ વધારાના આંદોલનો કરવા પડ્યા.તેના સાથી પક્ષોએ તેમનો વિરોધ કર્યો અને ત્યાર પછી ભાનમાં આવ્યા કે આ સ્ટોક કન્ટ્રોલમાં અને એકસાઈઝ ડ્યૂટી ઘટાડવી પડે અને તેને કારણે તમે જુઓ તે ઉત્તરોત્તર જ્યારથી આ ઘટાડો થયો છે ત્યાર પછી તેલના ભાવ સતત ઘટતાં આવ્યા છે. બાબુભાઈએ એક ધ્યાન દોર્યુ હતું કે તેમના કચ્છની અંદર અછતના કુપનદારોને અનાજ મળતું નથી. આ રાજય સરકારે અછતના કોઈ પણ પૂર રાહતના સમયે ખડે પગે કામ કરે છે. છેવાડાના કે અસરગ્રસ્તોને કયારેય પણ અન્યાય ના થાય તેની કાળજી રાખવામાં આવી છે. આની અંદર વર્ષ ૨૦૦૨-૦૩ની અંદર ઘઉં ૧.૯૭ મે.ટન અને ચોખા ૧.૯ મે.ટન એટલે કુલ લાખ ૩.૬ મે. ટન અનાજ આ દુષ્કાળ માટે ફાળવેલ હતું અને તેની અંદર આજે પણ ૧૯ હજાર ટન ઘઉં બચત છે. ૧૯ હજાર ટન ચોખાની બચત છે. સભ્યશ્રી કહેતા હતા કે કૂપનધારકોને આજે પણ ઘંઉ મળ્યા નથી. મારે જણાવવું છે કે ૫ હજાર કવિન્ટલ ૨૦૦૨માં બાકી હતા એ અત્યારે પૂરેપૂરા આપી દેવામાં આવ્યા છે અને ગેરરીતિ જે થયેલી એ ગોડાઉન કીપર જે હતા એને લીધે થયેલી હતી, એની સામે કડકમાં કડક પગલાં લીધાં છે અને તે બાબતે કૂપનધારકોની કોઈપણ માગણી અત્યારે બાકી નથી. (અંતરાય) આપી દેવાની ખાતરી નહીં, આપી દીધા છે, એટલે હવે એમાં કશુ કરવાનું રહેતું નથી.

વિરોધ પક્ષના નેતાશ્રી કહેતા હતા કે તેલની સાંઠગાંઠ અને તપાસ નહીં કરી એને લીધે ભાવ ભડકે બળ્યા છે. હું કહીશ કે અમે ૭૨૧ કુલ તપાસો આ વર્ષમાં કરી છે અને ૩૫,૨૦,૮૨,૪૧૨ની કિંમતનો જથ્થો કબજે કર્યો છે અને ૧,૬૧,૦૦૬૩૮ ની કિંમતનો જથ્થો રાજયસાત કર્યો છે. એટલે કોઈપણ રીતે કચાશ રાખ્યા સિવાય કડકમાં કડક રીતે ભાવ અંકુશમાં આવે એની કાર્યવાહી કરી છે.

ઘંઉની બાબતમાં પણ થોડી વાત મારે કહેવી છે કે કેન્દ્રએ ટેકાના ભાવ ૬૦૦ રૂપિયા રાખ્યા. ખેડૂતોનો પાક આવ્યો. બજારમાં ૯૦૦ રૂપિયા અને ૧૦૦૦ રૂપિયાનો ભાવ હતો. ટેકાનો ભાવ ૬૦૦ રૂપિયા રાખ્યો. બજાર જતું રહ્યું, ઘંઉ જતા રહ્યાં પછી સરકાર જાગી કે ઓછા ભાવને લીધે ઘંઉ આવતા નથી. પછી આ રાજયમાં બંધ ઘ ઉંઓનો સ્ટોક રહેતો હતો. આ નિર્ણય ન કરવાના કારણે વિદેશથી ૫૫ લાખ મેટ્રિક ટન ઘંઉ આયાત કરવા પડયા.

તેમાંયે લાલ ઘંઉનો ૨૬.૧૯ લાખ મેટ્રિક ટન કેનેડા, ફ્રાન્સ, રશિયા, હંગેરી, યુક્રેઈન, આર્જેન્ટીનામાંથી આ લાલ ઘંઉ ખરીદ્યા. પછી કહે છે કે આ રાજય સરકાર આવા ઘંઉ આપે છે, પરંતુ એ આ નીતિના કારણે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મારા વિભાગની કેટલીક સારી બાબતો સભાગૃહ સમક્ષ મૂકવી છે. દેશમાં સૌ પ્રથમ જે ગરીબ આદિવાસી, મજૂરી કરવા જાય છે એવા લોકો એક જિલ્લા કે તાલુકામાંથી કે ગામમાંથી બીજી જગ્યાએ કામ માટે કે મજૂરી માટે જાય છે, એ તેમની રોજીરોટી મેળવવા માટે જતા હોય છે ત્યારે એમના માટે રોમીંગ રેશન કાર્ડની યોજના આખા દેશમાં સૌ પ્રથમવાર આપણે લાવ્યા છીએ. કોઈપણ વ્યકિત ભૂખમરાથી મૃત્યુ ન પામે એની ચિંતા કરીને સરકારે આ વ્યવસ્થા ઉભી કરી છે.

જે લોકો અતિ ગરીબ છે, ગરીબીની રેખા નીચે જીવે છે તેવા લોકો માટે ૧૧૦ કરોડની માતબર રકમનું આયોજન આ બજેટમાં કરવામાં આવ્યું છે. અંત્યોદય યોજના કે જે ખૂબ ગરીબ છે એવા ૫ લાખ ૫૫ હજાર લાભાર્થીઓને બજેટમાં ૧૩ કરોડની જોગવાઈ કરીને ગરીબો માટે પણ અનાજની વ્યવસ્થા ૩૫ કિલો અનાજ મળે એના માટેની વ્યવસ્થા કરી છે. ૬૫ વર્ષથી મોટી ઉંમરના નિરાધાર વૃદ્ધોને ૧૦ કિલો અનાજ, ઘંઉ કે ચોખા વિનામૂલ્યે મળી રહે એવી યોજના દાખલ કરી છે અને ૨૦,૩૫૮ લાભાર્થીઓને ૨૦૦૬-૦૭ના વર્ષમાં આ લાભ આપવામાં આવ્યો છે. એના માટે ૨૦ લાખની જોગવાઈ કરી છે. કેન્દ્રએ જે ૫૮૭૬ મેટ્રિક ટન ખાંડનો કવોટા બી.પી.એલ. અને એ.પી.એલ., કેટલાક મિત્રો કહેતા હતા કે રેશન કાર્ડ માટે અમારે જવું પડે છે. આપના દ્વારા એ સભ્યશ્રીઓને ધ્યાન દોરું કે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે આ રાજયમાં ૧૮ લાખ બી.પી.એલ. કાર્ડ હતા અને આજની તારીખે ૩૪.૯૬ લાખ બી.પી.એલ.કાર્ડની સંખ્યા થઈ ગઈ છે. અમે ઉત્તરોત્તર વધારો કરી દીધો છે. એ લોકોને ૧ કિલોના ૧૩.૫૦ના ભાવે ૪૦૦ ગ્રામ પ્રમાણે ખાંડનું વિતરણ કરવાની રાજય સરકારે વ્યવસ્થા કરી છે.

કેરોસીનની બાબતમાં પણ એટલી જ વિસંગતતા હતી. વહેલા તે પહેલાના ધોરણે, લાઈનો લાગે, લાગવગના ધોરણે ફાળવણી કરવામાં આવે. લાગવગના ધોરણે ફળવાય, આ બધું જ દૂર કરવા માટે ઓન લાઈન સિસ્ટમ શરૂ કરી છે, દરેક પુરવઠો કયાં અને કેટલો ફાળવ્યો એના માટે ઓન લાઈન સિસ્ટમ શરૂ કરી છે અને જે જરૂરિયાત ૯૦ હજાર કિલોલિટરની કેરોસીનની હતી એની સામે ૭૯૬૪૪ કિલોલિટરનો જથ્થો જ આપે છે એમાંથી ૧૨૦૦ કિલોલિટર કેરોસીન તો મત્સ્યોદ્યોગને આપીએ છીએ અને બાકીનો જથ્થો ૭૮૪૪૪ કિલોલિટર એ પણ દુકાનદારો સુધી વ્યવસ્થિત રીતે પહોંચે એની વ્યવસ્થા ડોર ટુ ડોર ડિલિવરી આ રાજય સરકારે કરી છે. આની શરૂઆતે આખા દેશમાં ૧ લી મે ૨૦૦૬થી ગુજરાત રાજયના સ્થાપના દિવસથી કરી છે. મારાં બહેન ડો. ચંદ્રિકાબેન પણ ચિંતા કરતાં હતાં કે ગૃહિણીઓના ગેસ માટે તો એના માટે પણ ૫૨૫ એજન્સીઓ આ રાજયમાં છે અને ૫૧ લાખ ગ્રાહકો છે અને તેમના માટે ૧,૭૨,૦૦૦ જેટલાં સિલિન્ડર ગયા વર્ષ દરમ્યાન અને ચાલુ વર્ષે એમાં પણ વધારે મળે એવી વ્યવસ્થા સતત મોનિટરિંગ કરીને કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત બોગસ રેશનકાર્ડ અંગેની છે અને એમાં પણ ૧,૪૫,૯૯૯ જેટલાં કાર્ડ રદ કરવામાં આવેલ છે અને ૩૦,૧૨૯ જેટલા કેસમાં તપાસ કરી છે અને ૫૨ કરોડ રૂપિયાનો જથ્થો રાજયસાત કરેલ છે,

માનનીય અધ્યક્ષશ્રી, બાકીના ઘણા બધા વિષયો છે, પરંતુ હવે સમય પૂરો થવામાં બે ચાર મિનિટ જ બાકી હોવાના કારણે હું બધા વિષય ઉપર વાત કરી શકું તેમ નથી. તોલમાપ અને ગ્રાહકોની બાબતમાં પણ ૮૪ ટકા જેટલા વધારે કેસોનો નિકાલ કર્યો છે અને શિબિરો અને પ્રદર્શનો કરીને પણ રાજય સરકારે એમાં જાગૃતિ લાવવાનો પ્રયત્ન કર્યો છે. પહેલીવાર નિગમે ૨૫ વર્ષ પછી ૧ કરોડ રૂપિયાનું ડિવિડન્ડ માનનીય મુખ્યમંત્રીશ્રીને આપ્યું છે. આવું કામ પહેલીવાર થયું છે અને આદિવાસી કન્યાઓ માટે પણ ૬૦ કિલો અનાજ ૨ કન્યાદીઠ સુધી આપવાની યોજના છે. આવતું ૨૦૧૦ આ ગુજરાત ગોલ્ડન ગુજરાત બને એના માટેનો રાજય સરકારનો ગોલ નિશ્ચિત થાય એ તરફ જવા માટે વિભાગમાં બાકી રહેતી તમામ બાબતોને ધ્યાનમાં લઈને એને વધારે સુદ્રઢ બનાવવા માટેના પ્રયત્નો કરીશું. એટલે જે માનનીય સભ્યશ્રીઓએ જેમણે કાપ દરખાસ્તો રજૂ કરી છે તેમને મારી વિનંતી છે કે તેઓ પોતાની કાપ દરખાસ્તો પાછી ખેંચી લે અને મારી માગણીઓને અનુમોદન આપીને સર્વાનુમત્તે મંજૂર કરે.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧, ૬, ૮, ૯, ૧૧, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૩, ૩૬, ૪૨, ૪૩, ૪૪ અને ૪૭ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**માગણી ક્રમાંક: ૨૨, ૨૩, ૭૬, ૭૮ અને ૭૯ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨-૫૯ વાગ્યે પૂરું થતાં, સભાપતિશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા.૨૨મી માર્ચ, ૨૦૦૭**
**ચૈત્ર ૧, ૧૯૨૯ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# ટૂંકી મુદતનો પ્રશ્ન

## વઢવાણમાં મોતિયાના ઓપરેશન પછી આંખોને થયેલ નુકસાન

**ટૂં મુ. પ્ર.ક્ર. ૨૨૩ શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તાજેતરમાં વઢવાણમાં મોતિયાના ઓપરેશનમાં આંખોને નુકસાન થયું હોય તેવા કેટલા કિસ્સાઓ બન્યા,
(૨) આ બનાવ બદલ બેજવાબદાર ડોકટરો સામે શી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી,
(૩) સરકારે આંખો ગુમાવનાર દર્દીઓને કેટલી સહાય આપી, અને
(૪) ભવિષ્યમાં આવા બનાવો બનતા અટકાવવા સરકારે શી વ્યવસ્થા ગોઠવેલ છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) છેલ્લા એક વર્ષમાં એક કેસ ધ્યાને આવેલ છે.
(૨) આ કેસમાં તપાસ ચાલુ છે.
(૩) ના, જી.
(૪) આંખના ઓપરેશન માટે આવા બનાવો અટકાવવા માટે દરેક જિલ્લા હોસ્પિટલમાં સંપૂર્ણ સાધન સજ્જ અને જંતુ મુકત ઓપરેશન થિયેટરની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તદુપરાંત તજજ્ઞોને વખતો વખત અદ્યતન તાલીમ આપવામાં આવે છે. અને તેમની કામગીરી ઉપર સઘન દેખરેખ રાખવામાં આવે છે.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે વઢવાણ શહેરમાં એક જ કેસ બન્યો છે તેવી માહિતી આપી છે, તો મારે એ જાણવું છે કે આ બનાવ કઈ હોસ્પિટલમાં બન્યો હતો અને કઈ તારીખે બન્યો હતો? અને દર્દીને સહાય આપવામાં આવી છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો મારે માનનીય સભ્યશ્રીને એ જણાવવું છે કે જ્યારે ટૂંકી મુદતનો પ્રશ્ન પૂછવામાં આવે ત્યારે તાજેતરમાં બનેલ બનાવને ધ્યાનમાં રાખીને પૂછે તો તેની પૂરતી વિગતો સાથે જવાબ આપી શકાય. એમણે જે પ્રશ્ન પૂછ્યો છે એમાં એક અઠવાડિયામાં એક પણ આવો કેસ બનેલ નથી. ૧૫ દિવસમાં પણ એકેય આવો કેસ બન્યો નથી. આખા વર્ષ દરમિયાનમાં તપાસ કરતાં કરતાં એ જાણવું પડે કે આવો કેસ ક્યારે બન્યો હતો. કારણ કે એમની પાસેથી વિગત પૂછી તો શકાય નહીં કે તેઓ કયા કેસની વાત કરી રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષમાં ૧-૪-૨૦૦૬ થી ૨૮-૩-૨૦૦૭ સુધીમાં ૧૦૯૦૭ ઓપરેશનો થયા છે. અને એમાંથી આવો એક કેસ મળ્યો છે. ટૂંકી મુદતનો પ્રશ્ન હોવા છતાં પણ માનનીય સભ્યશ્રી ફારૂકભાઈએ જ્યારે આ પ્રશ્ન પૂછ્યો છે ત્યારે એને ગંભીરતાથી લઈ અને મેં આ જવાબ આપ્યો છે. નહીંતર અઠવાડિયામાં કોઈ આવો કેસ બન્યો નથી તેવો જવાબ હું આપી શકતો હતો. પણ આખા વર્ષમાં જે ઓપરેશનો થયા છે એમાં ૮-૧૧-૨૦૦૬ ના રોજ એક બનાવ બન્યો છે, અને જો એમની પાસે માહિતી હોત તો તેઓ તારાંકિત પ્રશ્ન તરીકે પણ પૂછી શક્યા હોત. અને તો હું એમને પૂરતી વિગતો પણ આપી શકત. પણ સુરેન્દ્રનગર આખા જિલ્લામાં ૧૦૯૦૭ ઓપરેશનો કર્યા એમાં એક માત્ર ચીમનભાઈ નાના ભાઈ પરમારને ઓપરેશન પછી પ્રકાશ દેખાય છે અને આંખ સહેજ ઝાંખી થઈ ગઈ છે. અને પૂરતી સારવાર માટે પગલાં લેવાયા છે. ફેકો થી આ ઓપરેશન કરેલું હતું. એટલી વિગતો હું એમને આપી શકું તેમ છું. અને આમાં કોઈ સહાય આપવામાં આવતી નથી.

**અધ્યક્ષશ્રી** : હું સહેજ એ જાણવા માગું છું કે આ જે બનાવ બન્યો છે અને ટૂંકી મુદતનો પ્રશ્ન પૂછ્યો છે તે ક્યારે બન્યો છે એ માનનીય ફારૂકભાઈ તમને ખ્યાલ છે?

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : એ છ આઠ મહિના પહેલા બન્યો હશે, આપ ટૂંકી મુદતનો પ્રશ્ન દાખલ કર્યો છે.

**અધ્યક્ષશ્રી** : તમે તો સિનિયર સભ્ય છો. પ્લીઝ, જે ટૂંકી મુદતનો પ્રશ્ન હોય એ તમારે..

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : શોર્ટ ટાઈમમાં જ બનેલ હશે, પેપરમાં પણ આવેલ છે. છ મહિના પહેલાનો નહીં અત્યારે ૧૫-૨૦ દિવસમાં બન્યો હશે, એટલે મેં પૂછ્યું છે કે કઈ તારીખે અને કઈ હોસ્પિટલમાં બન્યો છે.

**અધ્યક્ષશ્રી** : તમને આ બનાવ વિષે ખબર છે?

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : ખબર છે એટલે તો પ્રશ્ન પૂછયો છે.

**અધ્યક્ષશ્રી** : પેપર ઉપરથી નહીં પ્લીઝ, મને પૂછવા તો દો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ તાજેતરનો બનાવ છે. અને સુરેન્દ્રનગરમાં છ દર્દીઓની આંખોને નુકસાન થયું છે. અને આ સભાગૃહના મોટા ભાગના સભ્યશ્રીઓને પણ ખબર છે. બહુ વિસ્તૃત રીતે પ્રેસમાં રિપોર્ટ આવેલા છે. તેને લગતો જ આ પ્રશ્ન છે.

**અધ્યક્ષશ્રી .** : હું બધા સભ્યશ્રીઓને વિનંતી કરુ છું કે આપે જ્યારે કોઈ પ્રશ્ન પૂછ્યો હોય ત્યારે આપની પાસે તેના વિષેની માહિતી હોવી જોઈએ.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માહિતી મળી હતી.

**અધ્યક્ષશ્રી .** : મળી હતી એમ નહીં, માહિતી હોવી જોઈએ. હું બધા સભ્યશ્રીઓને ખાસ સૂચના આપું છું કે તમામ સભ્યશ્રીઓ જ્યારે ટૂંકી મુદતનો પ્રશ્ન હોય તો તે નજીકના ભૂતકાળમાં બન્યો હોય અને તેના વિષે આપણે જાણતા હોઈએ અને માહિતી હોય તેવો જ પ્રશ્ન પૂછવાનો આગ્રહ રાખવો જોઈએ. ગમે તેવો પ્રશ્ન નહીં પૂછવો જોઈએ.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : મને તો એટલા માટે આ પ્રશ્ન પૂછવાની ઇચ્છા થઈ છે કે જ્યારે પ્રશ્ન ગૃહમાં ચર્ચા માટે આવ્યો છે ત્યારે મારે એ વાત કરવી છે કે કેટલીક વાર આવી સેવાભાવી હૉસ્પિટલો આંખના દરદીઓની સેવા કરે છે. આવો કોઈ એકાદ કેસ થાય ત્યારે એવું પણ બને કે એ દરદીએ સૂચનાનું પાલન ન કર્યુ હોય, એ કામ ઉપર જતો રહ્યો હોય, ઇન્ફેક્શન બહારથી લાગી ગયું હોય એટલે પણ આવું થતું હોય છે. તેથી માનનીય આરોગ્ય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ પ્રકારની તપાસમાં વધારે કડકાઈ થશે તો સેવા કરે છે એના ઉપર બ્રેક આવશે તો આવા કેસની ફરિયાદ આવે ત્યારે ખરા અર્થમાં એમના તરફથી ભૂલચૂક થઈ હોય તો સુધારવા માટે ચોક્કસ થાય પરંતુ ફરિયાદ આવી એટલા માટે આવી હૉસ્પિટલો સેવા કરવાનું છોડી ન દે એવી તકેદારી રાખવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : તકેદારી ચોક્કસ રખાય છે. ગુજરાત છેલ્લા પાંચ વર્ષથી નેત્રમણી મૂકીને ઑપરેશન કરવાની દિશામાં નેત્રબિંદુ મૂકવાની દિશામાં દેશમાં સૌ પ્રથમ રહ્યું છે. આ આખા વર્ષની અંદર ૫ લાખ ૩૯ હજાર ૭૪ જેટલા ઑપરેશનો કર્યા છે. આખા દેશની અંદર આપણે સૌ પ્રથમ છીએ. (અંતરાય) માનનીય ચંદ્રિકાબહેન, એમણે પ્રશ્ન પૂછ્યો એ પ્રશ્નની ફરિયાદ સાચી છે. ગુજરાતમાં ૫ લાખ ૩૯ હજાર ૭૪ ઑપરેશન ૧-૪-૦૬ થી શરૂ કરીને ૨૮-૨-૨૦૦૭ એટલે હજી એક આખો મહિનો બાકી છે. આપણે ૧૦૮ ટકા લક્ષ્યાંક પૂરો કર્યો છે. આ પ્રશ્ન એક ઘટના ઉપરથી આવે તો ડબલ્યુ.એચ.ઓ. એ પણ .....

**અધ્યક્ષશ્રી .** : ગેલેરીમાંથી અવાજ ન આવે એની બધા કાળજી રાખો.

**શ્રી અશોક ભટ્ટ** : એક ટકા જેટલી આવી ક્ષતિઓ આવતી હોય છે એની પાછળના પણ અનેક કારણો હોય છે. હું અત્યારે એમાં નથી પડતો પરંતુ સભ્યશ્રીનો પ્રશ્ન સાચો છે કે આવા પ્રકારના કામો કરનારી સંસ્થાઓ છે એના માટે કોઈ પરિસ્થિતિ પેદા ન થાય એના માટે રાજય સરકાર કાળજી રાખે છે. આ રાજયે નેત્રબિંદુ મોતિયાના ઑપરેશન, દૃષ્ટિ કાર્યક્રમમાં છેલ્લા પાંચ વર્ષથી સમગ્ર દેશમાં પહેલો નંબર જાળવી રાખ્યો છે. એટલા માટે હું આ વાતને વધારે આગળ લઈ જવા માટે આ સભાગૃહનો સહયોગ પણ માગું છું.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે. ખરેખર મારા વિસ્તારમાં આ ઘટના બની છે. એક સાથે ચાર લોકોને પોતાની દૃષ્ટિ ગુમાવવાનો વારો આવ્યો એ વાત સાચી છે. આઠ-દસ દિવસ પહેલાની જ આ ઘટના છે. માનનીય મંત્રીશ્રીને આ બાબતની જાણકારી ન મળી હોય તો હું એ કહેવા માગું છું કે ઘટનાની પૂરી જાણકારી મેળવે અને જે લોકોએ આમાં બેદરકારી દાખવી હોય એમની સામે પગલાં લેવા માગે છે કે કેમ? આ લોકો કે જેણે દૃષ્ટિ ગુમાવવાનો વારો આવ્યો છે એ સામાન્ય માણસો છે, કચડાયેલા વર્ગના છે તેથી એને સહાય આપવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : ઘટના તાજેતરમાં અખબારમાં આવી છે. પરંતુ એ ઘટના તાજેતરમાં બની નથી. એક અખબારમાં તાજેતરમાં સમાચારો છપાયા એટલે સંપૂર્ણ વિગતો મેં મેળવી છે. એક ઘટના ૧૧-૧૨-૨૦૦૩ના રોજ બની છે. જ્યારે બીજી ઘટના પણ ૧૧-૧૨-૨૦૦૩ના રોજ બની છે. એને સંપૂર્ણ દૃષ્ટિ પરત આવેલ છે. છાપામાં વિગતો આવી પણ જરા એની તપાસ કરવી જોઈએ. એમણે જે નામો લખેલા છે એની પણ તપાસ કરાવી એટલે ઘ ટના તાજેતરમાં બની નથી. બંને છાપામાં આવી અને એમને નામો લખ્યા છે. ધીરજબા મુળુભા ઝાલા ૧૧-૧૨-૨૦૦૩, એમને સંપૂર્ણ દૃષ્ટિ પરત આવેલ છે. બીજા વસુભા બાપુભા પરમાર ૧૧-૧૨-૨૦૦૩ના રોજ દૃષ્ટિ છે. ઉંમરને કારણે પડદો નબળો થયેલ છે. ૫૫ વર્ષની ઉંમર હતી. ધીરજબાની ૭૦ વર્ષની ઉંમર હતી. મનસુખભાઈ વેલશીભાઈ પરમાર, તા. ૧૫-૯-૨૦૦૫ના દિવસે ઑપરેશન થયું. ૬૨ વર્ષની ઉંમર હતી અને મનસુખભાઈને પ્રકાશ દેખાય છે. એટલે વીઝન પણ જુદી જુદી રીતે આવતું હોય છે. અહીં જે ડૉક્ટરો છે એ બધાં જાણે છે. ચીમનભાઈની વાત મેં કહી દીધી અને પ્રેમીલાબેન મનુભાઈ પરમાર, ત્રણ વર્ષ પહેલાં સી.યુ. શાહ મૅડિકલ કૉલેજમાં ઑપરેશન કરેલું, તેમની આંખો ઝીણી થઈ ગઈ છે. એટલે જે છાપામાં આવી એ ઘટના તાજેતરમાં બની. બનાવ આટલા વખતમાં બન્યો અને અહીં ટૂંકી મુદતનો પ્રશ્ન પૂછાયો એ તાજેતરમાં બનેલી ઘટના. એમાં લખ્યું

હોત કે તાજેતરમાં છાપામાં આવેલી ઘટનાઓ, તો આ વિગતો ન બને. તે છતાં પણ હું આટલો ઉંડો ગયો છું. કારણ કે મારે ગુજરાતના દૃષ્ટિ કાર્યક્રમને નુકસાન પહોંચે એવું નથી કરવું. એટલા માટે મેં એકેએક કેસની તપાસ કરાવી છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે આ કેસમાં તપાસ ચાલુ છે. મારે આપના દ્વારા કહેવું છે કે આ જ્યારે મોતિયાના ઑપરેશનો થાય છે ત્યારે સેવાભાવી સંસ્થાઓ, સેવાભાવી ડૉકટરો આમાં જોડાયા હોય છે. ગરીબ અને મધ્યમ વર્ગના લોકો, નાના લોકોના ઑપરેશન થાય છે. કોઈ ડૉકટર એવું ઇચ્છતા ન હોય કે આના કારણે નુકસાન થાય. પરંતુ દર્દીને પાછળથી કહેવામાં આવતું હોય છે કે તમે ત્રણ દિવસ આરામ કરજો. અંધારામાં રહેજો. કયાંય બહાર જતા નહીં, જેના કારણે ઇન્ફૅક્શન લાગે ત્યારે મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે ડૉકટરો સામે તપાસ કરવાની કાર્યવાહી યોગ્ય નથી. એટલા માટે કે કોઈ પણ ડૉકટર જિંદગીમાં ઑપરેશન કરતો હોય ત્યારે એ બેદરકારીથી કરતો હોય એવું બની શકે નહીં. પરંતુ પાછળથી કંઈક ઇન્ફૅક્શન લાગ્યું હોય અને કદાચ એક બનાવ બન્યો હોય. લાખો ઑપરેશન થતાં હોય અને એકાદ બનાવ બન્યો હોય અને ડૉકટર સામે બ્લેઈમ કરીએ એ યોગ્ય નથી. મારી આપના દ્વારા મંત્રીશ્રીને વિનંતી છે કે આ બાબતમાં ડૉકટરોની તપાસ..કારણ કે આવો એક કેસ બન્યો હતો કે સામાન્ય બાબત હતી અને ડૉકટરને સસ્પૅન્ડ કરી દીધા હતા. ત્યારે આ બાબતમાં આવી કોઈ કાર્યવાહી ન થાય. કેમ કે ડૉકટર પ્રમાણિકતાથી કામ કરતા હોય છે. તેનો એવો કોઈ ઈરાદો હોતો નથી.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાતનો સંપૂર્ણ સ્વીકાર કરું છું અને સ્વીકાર કરીને સભાગૃહને ખાતરી આપું છું કે જે તજજ્ઞ સેવાભાવથી સેવા કરે છે તેમને અદ્યતન સાધનો પૂરા પાડવા માટે રાજય સરકારની જવાબદારી છે અને રાજય સરકાર પૂરા પાડશે. તેમને અદ્યતન તાલીમ આપવાનું કામ અમે કરીશું અને બીજી આવી ઘટનાઓમાં જ્યાં આગળ ઇન્ફૅક્શનના કારણો બન્યા હોય છે એ ઇન્ફૅક્શન ન ફેલાય અથવા તો ન થાય તેની પૂરતી કાળજી પણ રાજય સરકારનું આરોગ્ય વિભાગ લેશે કે જેથી કરીને ઇન્ફૅક્શનના કારણે આવું ન બને અને ત્રીજી વાત એવી છે કે દર્દી તેના ઘેર જાય ત્યારે તેને સમજનો પૂરેપૂરો કાગળ આપવામાં આવે છે. જેથી કરીને ઘેર ગયા પછી પણ તેને ઇન્ફૅક્શન ન થાય. જ્યાં આગળ ઇન્ફૅક્શન થાય તેને ફોલોઅપ માટે બોલાવવામાં આવે છે. ચીમનભાઈના કેસમાં એ ફોલોઅપ માટે ન આવ્યા અને એમ્બ્યુલન્સ પણ મોકલાવી અને ન આવ્યા. તેમને નગરી હૉસ્પિટલમાં મોકલવાનું કહ્યું તો પણ ન ગયા. તેના કારણે તેમની આંખોની આ પરિસ્થિતિ થઈ છે તેનો મેં સ્વીકાર કર્યો છે કે એક કેસમાં બન્યું છે પણ જે વાત ચંદ્રિકાબેને કહી છે એ રાજય સરકારે અપનાવેલી છે. તેના કારણે રાજયમાં સેવાભાવી સંસ્થાઓ, સરકારી ડૉકટરો બધા સાથે મળીને આપણે એક રૅકૉર્ડ દૃષ્ટિ કાર્યક્રમનો સતત જાળવી રહ્યા છીએ કે આપણે લક્ષ્યાંક કરતા વધારે પ્રાપ્ત કરીએ. બીજી એક વસ્તુ એવી છે કે આપણે ઑપરેશનો કરીએ છીએ. તે મોતિયાના ઑપરેશન સાથે ગુજરાત ૯૦ ટકા દર્દીઓને નેત્રમણિ પણ ફ્રી મૂકી આપે છે. એટલે એક સર્જરી બહાર કરાવે તો ૧૦,૦૦૦ રૂપિયાની સર્જરી થાય. ૫ લાખ ૩૯ હજાર લોકોની અત્યાર સુધી સર્જરી થઈ ગઈ છે. લગભગ ૬ લાખ સુધી આ વર્ષના અંત સુધીમાં પહોંચીશું.

# તારાંકિત પ્રશ્નો

### વઘઈથી સાપુતારા રાજયધોરી માર્ગના ભયજનક વળાંક દૂર કરી ચારલેન કરવા બાબત

***૨૧૮૩૭ શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

ડાંગ જિલ્લામાં વઘઈથી સાપુતારા રાજય ધોરીમાર્ગને ટ્રાફિકનું ભારણ વધતા ભયજનક વળાંકો દૂર કરી ચાર માર્ગીય રસ્તો બનાવવાની કાર્યવાહી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કયા તબક્કે છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

વળાંકો દૂર કરવા તથા ચાર માર્ગીય કરવાનું આયોજન નથી. પરંતુ આ માર્ગ ઉપર બે કામો રૂ. ૪૩૫ લાખના મંજૂર થયા છે તેમાં વળાંકો પરના સલામતીના કામનો પણ સમાવેશ છે જે પૈકી એક કામ પ્રગતિ હેઠળ તથા બીજાં કામના ટેન્ડર મંજૂરીની પ્રક્રિયામાં છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, વઘઈથી સાપુતારા ૫૦ કિલોમીટર થાય છે અને ત્યાં જે વળાંકો છે ત્યાં ભયંકર અકસ્માત થાય છે. દર મહિને એક-બે અકસ્માતો થાય છે એવા વળાંકો છે. તેને ચારમાર્ગી બનાવવા માટે મેં રાજય સરકારને આ પ્રશ્ન પૂછયો છે. તો ચારમાર્ગી બનાવવા માટે અને વળાંકો દૂર કરવા માટે આ સરકાર શું વિચારે છે તે મારે જાણવું છે. બીજું, સાપુતારાથી સામઢા એટલો સીધો વનવે થાય, એવું પણ બની શકે એમ છે કે જતા અને આવતા એક રસ્તો આવે અને એક રસ્તો જાય આ રીતે થઈ શકે તો એ રીતે માનનીય મંત્રીશ્રી અને સરકારશ્રી આ બાબતે શું વિચારે છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, વધઈ સાપુતારા એ ડુંગરાળ વિસ્તાર, ઉંચાઈ પર આવેલો રસ્તો છે અને ભૌગોલિક સ્થિતિએ વળાંકો એમાં ચોકકસપણે રહેલા છે. આ વળાંકો સુધારવા માટે તબકકાવાર કાર્યવાહી હાથ પર લીધેલ છે અને આ માટે જે બે કામોને મંજૂરી આપવામાં આવેલી છે લગભગ ૪૩૫ લાખ રૂપિયાના અંદાજે ૭૬ જેટલા વળાંકોને આ કાર્યવાહીમાં આવરી લેવામાં આવેલ છે અને એક રોડનું કામ તો અત્યારે શરૂ પણ કરી દીધું છે. કુલ વધાઈથી સાપુતારા ૫ર કિલોમીટરની અંદર ૨૧૧ જેટલા વળાંકો આવેલ છે અને એમાં ૧૨૨ જેટલા વળાંક સુધારણા કરવાની જરૂરિયાત છે. હાલમાં અમે ૭૬ જેટલા વળાંકોની કાર્યવાહી હાથ ધરી છે. જે વળાંકોને જૂદી જૂદી કાર્યપદ્ધતિ દ્વારા રસ્તો પણ સલામત બને એ દિશામાં લઈ જવાની કાર્યવાહીનો શુભ આરંભ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો બીજો પ્રશ્ન છે આ રસ્તાને ચાર માર્ગીય કરવા માટે ચાર માર્ગીય રસ્તો હયાત ટ્રાફિકની જરૂરિયાતને અનુલક્ષીને અને આઈ.આર.સી.ના જે કંઈ ધોરણો હોય છે એ મુજબ હાથ ધરવાનો થતો હોય છે. જે અકસ્માતો ન થાય એ માટે સલામતીના પગલા, વળાંકો માટેની જે સ્થિતિ છે, એ સ્થિતિને યોગ્ય સ્વરૂપમાં હાથ ધરીને લેવામાં આવતા હોય છે અને જે લીધા છે પણ હાલમાં ટ્રાફિક એ મુજબનો ન હોય આઈ.આર.સી.ના સ્ટાન્ડર્ડ મુજબનો ન હોવાને કારણે ચાર માર્ગીય કરવા માટેની કોઈ યોજના નથી અને માનનીય સભ્યશ્રીએ પૂછયા મુજબ ત્રીજો રસ્તો બંધ કરવા માટેની વાત છે. અત્યારે આ રસ્તા ઉપર મોટો ટ્રાફિક નથી કે જેના કારણે આને વન વે કરવો પડે. કારણ કે બીજા જે રસ્તા કરેલા હોય એ રસ્તાઓ હયાત રસ્તાઓ ઉભું કરેલું માળખું હોય એને બંધ કરવાનું વિચારી શકાય નહીં.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે આ રસ્તાની કુલ લંબાઈ કેટલી છે અને બીજો મારો પ્રશ્ન એવો છે કે આ વિસ્તારમાં અન્ય કયા કયા કામો મંજૂર કરેલા છે અને તે કયારે પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, લંબાઈ તો મેં કહ્યું એ મુજબ મૂળ બીલીમોરા થી સાપુતારા સુધીનો રસ્તો છે પણ પ્રશ્ન પૂછયો છે લંબાઈ ૫ર કિલોમીટરની છે અને આ કામોમાં એક કામ ૧૮૫ લાખ રૂપિયાના ખર્ચે જે મંજૂર કરેલ છે એ કામ શરૂ કરી દીધું છે. ૧૪ કિલોમીટરનું અને એ કામ અંગે ૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે અને બીજું પ્રવાસી પથ યોજનામાં ૨૫૦ લાખ રૂપિયાનું એક કામ મંજૂર કર્યુ છે. જે ટેન્ડર મંજૂરીની વહીવટી પ્રક્રિયા છે અને ટેન્ડર મંજૂર થયા પછી ૧૧ માસની અંદર પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે વધાઈથી સાપુતારા જતા ૩ એટલા ગંભીર વળાંકો આવેલા છે કે જ્યાં અવારનવાર લૂંટ પણ થાય છે અને વાહનો ઉપર પથ્થરમારો પણ થાય છે. આ ૩ વળાંકો પર જો કોઈ કાર્યવાહી કરવામાં આવે તો આ ૩ જગ્યા માટે મંત્રીશ્રી કોઈ પગલા લેવા માગે છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યા મુજબ જુદા જુદા જે વળાંકો આવેલા છે એમાં ૭૬ વળાંકોની સુધારણા માટેની કાર્યવાહી હાથ ધરી લીધી છે અને એ વળાંકો યોગ્ય સ્તરમાં એ પ્રકારે થાય છે કે જેના કારણે વાહન ધીમું ન પડે, અકસ્માતો ન થાય અને સલામતી સાથેનો વ્યવહાર ચાલુ રહે એ પ્રકારની વ્યવસ્થા હાથ ધરેલી છે. સભ્યશ્રી પર્ટીકયુલર ૩ વળાંકો માટેની વાત કરશે તો ચોકકસ એના માટે હકારાત્મક વિચાર કરીશું.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે જે બે કામો ૪૩૫ લાખના મંજૂર થયેલા છે તેમાં એક કામ પ્રગતિમાં છે તો એ પ્રગતિમાં કામ છે એ કેટલા લાખ રૂપિયાનું છે અને એ કામ પાછળ અત્યાર સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, જે સી.આર.એફ.નું કામ છે એ ૧૪ કિલોમિટર છે, ૧૮૫ લાખનું કામ છે જે પ્રગતિમાં છે. ૧૪ કિલોમીટરમાંથી લગભગ ૭ કિલોમીટરની કાર્યવાહી એમાં હાથ ધરેલ છે અને અને બાકીના ૭ કિલોમીટરનું કામ પ્રગતિમાં છે અને જે એમાં ખર્ચ માટેની બાબત છે તો અત્યાર સુધીમાં ૬૨ લાખ રુપિયાનો ખર્ચ એમાં કરવામાં આવેલ છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે હાલના રસ્તાની પહોળાઈ કેટલી છે અને ટ્રાફિકને ધ્યાનમાં રાખતાં કેટલા મિટર પહોળો કરવા માગે છે? સાપુતારા પ્રવાસધામ છે એટલે ફોરલેન ન બને તો કાંઈ નહિ પણ પહોળો કરવા માગે છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : આમ તો આ રસ્તાને આપણે નેશનલ હાઈવે ટુ નેશનલ હાઈવે સાપુતારા પછી નેશનલ હાઈવે લાગું પડે છે. જે આપણો અમદાવાદ-મુંબઈનો હાઈવે છે એ બિલિમોરાથી જે નેશનલ હાઈવેની કનેક્ટિવિટી છે એવા બધા જ હાઈવેને પરિવર્તન કરવા માટે કેન્દ્ર સરકારને રજૂઆત કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર તરફથી કોઈ હકારાત્મક અભિગમ પ્રાપ્ત થયો નથી. અત્યારે જે રસ્તાની વાત છે એમાં દરેક રસ્તાનું દર વર્ષે એપ્રિલ અને ઓકટોબરમાં ટ્રાફિક સેન્સસ કરવામાં આવતું હોય છે. આ ટ્રાફિક સેન્સસમાં પી.સી.યુ. કેટલા હોય છે અને સી.વી.ડી. કેટલા હોય છે એ પ્રકારની કાર્યવાહી થતી હોય છે. ફોરલેનની માગણી કરવા માટે ૧૫ હજાર પી.સી.યુ.ની જરૂરિયાત રહેતી હોય છે. ઓકટોબરનું છેલ્લું સેન્સસ કર્યું એમાં ૬૦૮૧ પી.સી.યુ. રહ્યા છે. જે જરૂરિયાત હોવી જોઈએ એના કરતા અડધા કરતાં ઓછા છે એટલે એને ફોરલેન કરવાની વિચારણા નથી.

**રાજ્યમાં એઈડસના દર્દીઓ**

***૨૨૨૨૪ ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં એઈડસના કેટલા દર્દી મળ્યા છે,

(૨) તે પૈકી બ્લડ ટ્રાન્સફ્યુઝનથી કેટલા દર્દીને એઈડસ થયાના કિસ્સા નોંધાયા છે, અને

(૩) થેલેસેમિયા મેજરના બાળકોને ટ્રાન્સફ્યુઝન પછી એઈડસના કેટલા કિસ્સા છે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ એઈડસના કુલ ૩૦૫૨ દર્દીઓ નોંધાયેલ છે.

(૨) તે પૈકી બ્લડ ટ્રાન્સફ્યુઝનથી કુલ ૧૮૦ વ્યક્તિઓને એઈડસ થયાના કિસ્સા નોંધાયેલ છે.

(૩) થેલેસેમિયા મેજરના ૨૩૬૪ બાળકો પૈકી એઈડસના ૩ (ત્રણ) કિસ્સા નોંધાયેલ છે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને જવાબમાં જે પ્રમાણે કહ્યું છે એ મુજબ એઈડસના કુલ ૩૦૫૨ દર્દીઓ પૈકી બ્લડ ટ્રાન્સફ્યુઝનથી ૧૮૦ વ્યક્તિઓને એઈડસ થયો છે. આમ તો દરેક લૅબૉરેટરી એઈડસ ચેક કર્યા પછી બ્લડ સપ્લાય કરતી હોય છે. આ ૧૮૦ વ્યક્તિઓને એઈડસ થયો છે એ વિન્ડો પિરિયડમાં દર્દીમાં ટ્રાન્સમીશનના કારણે થયો હતો કે કેમ અને બીજો પ્રશ્ન છે કે ખંડ-૩ માં માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે ૩ થેલેસેમિયા મેજરના બાળકોને બ્લડ ટ્રાન્સફ્યુઝનના કારણે એઈડસ થયો છે. મારે જાણવું છે કે આમ તો થેલેસેમિયા મેજરના બાળકોને દર મહિને અથવા તો ક્યારેક ક્યારેક મહિનામાં બે વખત બ્લડ ટ્રાન્સફ્યુઝન કરવું પડતું હોય છે. આવા સંજોગોમાં એમને બ્લડ ટ્રાન્સફ્યુઝનના કારણે એઈડસ થઈ શકે અથવા તો એની માતા ગર્ભવતી હોય અને માતાને એઈડસ થયેલ હોય તો બાળકને એઈડસ થઈ શકે. આપના મારફત જાણવું છે કે એન્ટીનેટલ પિરિયડમાં એટલે કે ગર્ભવતી માતાઓનું જિનેટીક ટેસ્ટ સૅન્ટર ઊભું કરીને ટેસ્ટ કરાવવા માગો છો કે કેમ? હાલ મુંબઈમાં આવા સેન્ટરો છે એમના સહયોગથી ગુજરાતમાં આવા સેન્ટરો ઊભા કરવા માગો છો કે કેમ? હાલ પ્રાઈવેટમાં તો જિનેટીક ટેસ્ટ કરાવવા જઈએ તો ૧૫ થી ૨૦ હજારનો ખર્ચ થાય છે. આવા સૅન્ટર ગુજરાતમાં સરકાર દ્વારા થાય તો આવા જિનેટીક ડીસીસનો એન્ટીનેટર ટેસ્ટ દરમિયાન જ ટેસ્ટ થઈ શકે અને એનું એમ.ટી.પી. કરાવી શકાય.

**શ્રી અશોક ભટ્ટ** : બહુ સરસ રીતે પ્રશ્ન પૂછ્યો છે અને અમે પણ એને ગંભીરતાથી લીધો છે. થેલેસેમિયાના દર્દીઓને અવાર-નવાર બ્લડની જરૂર પડે છે. ૩ થેલેસેમિયા મેજરના બાળકો એચ.આઈ.વી. પૉઝિટીવ મળ્યા છે. એચ.આઈ.વી. પૉઝિટીવના ત્રણ કેસો મળ્યા છે એની તલસ્પર્શી તપાસ કરવા માટે ડૉ. નવજ્યોત ચૌધરી કે જેઓ બી.જે.મૅડિકલ કૉલેજમાં પ્રોફૅસર છે અને ટ્રાન્સફ્યુઝન મૅડિસિનના ગુજરાત અને દેશના નિષ્ણાંત છે અને ડૉ. એમ.ડી. ગજ્જર આ બન્નેને આ પ્રશ્ન પૂછાયા પછી જ સંયુક્ત કામગીરી સોંપી છે. આ પ્રશ્નને આટલી ગંભીરતાથી લીધો છે. આ બાબતે રાજ્ય સરકાર ખૂબ જ ચિંતિત છે. પરિણામો પણ આવ્યા છે. કારણ કે રાજ્યમાં અમે જે કામગીરી હાથમાં લીધી છે એની બીજી વિગતો આપું તો રાજ્યમાં બ્લડ બેંકો ૧૬૬ છે. એમાં ૧૯૮૬-૮૭માં એલાઈઝા ટેસ્ટના એચ.આઈ.વી.માં .૬૯ હતા એ ઘટીને .૨૫ થયા છે. આપણે એલાઈઝા ટેસ્ટ બ્લડ ટ્રાન્સફ્યુઝન આપતા પહેલાં કરીએ છીએ. બીજી વાત કહી એ ખૂબ અગત્યની કહી વિન્ડો પિરિયડ છે એ આપણા માટે સૌથી અગત્યનો છે. એચ.આઈ.વી. શરીરમાં પ્રવેશે છે ત્યારે શરીરનું પ્રતિરક્ષણાત્મક તંત્ર એચ.આઈ.વી.ને મારવા માટે વ્યક્તિના રક્ષણ માટેનું દ્રવ્ય, પ્રતિદ્રવ્ય વિકસાવવાનું શરૂ કર્યું છે. અને લોહીમાં આ પ્રતિ દ્રવ્યો એન્ટી બોડી તપાસવાની અંદર વપરાતા પરીક્ષણ પ્રતિદ્રવ્યને પરીક્ષણ કહે છે. એચ.આઈ.વી. ચેપીરોગ પછી પ્રતિ દ્રવ્યો વિકસતા ૧૨ અઠવાડિયા લાગી જાય છે. આ વચ્ચેનો પિરિયડ એ વિન્ડો પિરિયડ ગણાય છે. એનું જો બ્લડ કોઈને થાય તો એચ.આઈ.વી. થવાની સંભાવના છે. કારણ કે વિન્ડો પિરિયડ છે એ પિરિયડ આપણે બચાવી શકતા નથી. એટલા માટે જ રક્ત વૈજ્ઞાનિકોને આ કેસ સોંપ્યો છે. એટલે મેં જોયું કે ૦.૨૫ ૨૦૦૬માં પહોંચ્યા છીએ. બ્લડ ટેસ્ટની અંદર આપણે બ્લડની અંદર અને ત્રીજું એમણે જે ગુજરાતમાં ગર્ભવતી માતાની અંદર પહેલા ૧૯૯૮માં ૦.૫૮ ટકા એચ.આઈ.વી. હતો એ ઘટીને અત્યારે ૦.૨૫ ટકા થયો છે. ૧૮૦ કેસો મેં જવાબ આપ્યો છે એ જવાબમાં માનનીય સભ્યશ્રીને કહેવું છે કે અમારે ત્યાં રાજ્યની અંદર ૩૦૦૦ કેસો એઈડસના છે એ કોઈ પણ એચ.આઈ.વી. દર્દીને આવે ત્યારે એને પૂછવામાં આવે છે કે તને એઈડસ્ કેવી રીતે થયો. મોટાભાગના દર્દીઓ આવે એ એમ કહે છે કે મને બ્લડ ટ્રાન્સફ્યુઝનના કારણે થયો. બે વર્ષ પહેલા, ત્રણ વર્ષ પહેલા થયો હોય. અમારું કામ એને ટ્રીટમેન્ટ આપીને સારો કરવાની દિશામાં જવાની આ એક સંવેદનશીલ લાગણી છે જેની અંદર મને રક્તના કારણે થયો છે એવું કહેવામાં દર્દી સામાજિક સલામતી અનુભવે છે. એટલે દર્દ શાના માટે થયું છે એ કરવા કરતા સલામત રસ્તો રાજ્ય સરકારે અપનાવ્યો કે સલામત બ્લડ આપવું, જાતીય રોગના ધંધાવાળાને સેપરેટ કરીને એચ.આઈ..વી. પેશન્ટનું આખું સંગઠન બનાવીને એમને સલામત રાખવાના પ્રયત્નો અને પગલા ભરવાના કારણે ગુજરાત જોખમી ગૃપની અંદર ૧૫ ટકા સુધી ૧૯૯૮ની અંદર હતું એ ૨૦૦૫-૦૬ની અંદર ઘટીને ૨ ટકાએ આવ્યું છે. ગુજરાતનો લીલો રંગ હતો એ હવે પીળો રંગ નાર્કોની સૂચના પ્રમાણે આવ્યું છે અને કોઈ પણ સભાગૃહના સભ્યોને મારી વિનંતી છે કે એચ.આઈ.વી. પેશન્ટ માટે હમદર્દી રાખીને એના માટે જે કાંઈ પગલા

લેવાના છે એ તૈયાર છે. ત્રણ થેલેસેમીયાના દર્દીની વાત કરી એ નાની ઉંમરના બાળકો છે એને કાં તો એની માને થવાની સંભાવના હોય એના કારણે મેં ગજ્જર અને ચૌધરીની તપાસ સમિતિ નીમી છે.

**ડૉ. અતુલ કે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે ત્રણ થેલેસેમીયાના દર્દીઓને બ્લડ આપવાથી એઈડસ થયો એ કઈ બૅન્કમાંથી થયું અને એના માટે સરકારે શું પગલા લીધા? દર્દીની ફીઝ બ્લડ બેંક બિલકુલ ફ્રી કરવા માગો છો કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર મોટાભાગની બ્લડ બેંક જે છે એ સ્વૈચ્છિક રીતે પણ થેલેસેમીયાના દર્દી પાસે નિ:શુલ્ક સેવા આપે છે અને વિશેષ કરીને ગરીબી રેખાવાળા માટે તો ખાસ, પરંતુ બધી જ બ્લડ બેંક જે થેલેસેમીયાના દર્દીને બ્લડ પૂરું પાડે છે એની એક મિટીંગ રાખી છે અને એમને આપવા માટે નિ:શુલ્ક રાખવા અનુરોધ કરવાનો છું.

**શ્રી દોલતભાઈ પરમાર**: માનનીય અધ્યક્ષશ્રી, એઈડસના કુલ ૩૦૫૨ કેસ નોંધાયા છે એમાં બ્લડ ટ્રાન્સફ્યુઝનથી કુલ ૧૮૦ કેસ નોંધાયા છે. મારી ચિંતા એ છે કે બ્લડ ટ્રાન્સફ્યુઝનથી નોંધાયા છે આ જે બ્લડ ટ્રાન્સફ્યુઝનથી નોંધાયા છે એ બ્લડ કઈ બેંકથી કરવામાં આવ્યું હતું એની તપાસ કરવા માગો છો કે કેમ? અને તેની સામે શું પગલા લીધા છે?

**શ્રી અશોક ભટ્ટ** : પહેલા મેં કહ્યું તેમ દર્દી અમારે ત્યાં આવે છે એ એમ કહે છે, ૧૮૦ દર્દીઓ આવીને એમ કહ્યું મને એઈડસ થવાનું કારણ બ્લડ ટ્રાન્સફ્યુઝનના કારણે છે તો બ્લડ બેંકની વાત છે એ ૧૬૬ બ્લડ બેંકોની અંદર અમે વારંવાર તપાસ કરાવીએ જ છીએ અને આવી તપાસની અંદર જે એલાઈઝા ટેસ્ટ કરવામાં આવે છે. એમાં ૪૩,૯૬,૬૭૭ લોહીના નમૂના લીધા. એમાં ૦.૩૫ ટકાવારી એચ.આઈ.વી. પોઝેટીવની મળી છે અને એ બ્લડ વપરાયું નથી.

**શ્રી દોલતભાઈ પરમાર** : આ બ્લડ ટ્રન્સફયુઝનથી ૧૮૦ કેસો નોંધાયા છે એના માટે આપણે શું કર્યુ?

**શ્રી અશોક ભટ્ટ** : મેં ૧૮૦ દર્દીઓએ મારે ત્યાં દવા, સારવાર લેવા આવ્યા અથવા તો પરીક્ષણ કરાવ્યું ત્યારે એમણે એમ કહ્યું કે, મને બ્લડ ટ્રાન્સફયુઝનના કારણે એઈડસ્ થયો છે અને એના કારણોમાં અમે લખ્યું છે એ રીતે ૧૮૦ દર્દીઓ, ત્રણ હજારમાં જાહેરાત કરી કે મને બ્લડ ટ્રાન્સફયુઝનને કારણે થયું છે અને એટલા માટે અમે ચકાસણી કરી અને જે પગલા લીધા છે તકેદારીના એ મેં ૧૬૬ બ્લડ બેન્કોમાં જે પગલા લીધા છે અને એનું પરિણામ એ આવ્યું છે કે, ૧૯૮૬થી ૧૯૯૩માં એલાઈઝા ટેસ્ટમાં ૦.૬૯ ટકા એચ.આઈ.વી. હતો એ ઘટીને ૨૫ ટકા થયો છે. આ વૈજ્ઞાનિક અભિગમ જે અપનાવવાનો હોય ત્યાં એ અપનાવી એઈડસ્‌ને રોકવામાં આ સરકાર સંકલ્પ બદ્ધ છે અને નાકો અમારા દરેક પગલાનું પરીક્ષણ કરી રહી છે અને એના દ્વારા એને સર્ટિફાઈડ પણ થયું છે.

**શ્રી દોલતભાઈ પરમાર** : જવાબ ટાળે છે.

**અધ્યક્ષશ્રી** : નથી ટાળતા પ્લીઝ. દોલતભાઈ, તમને, કોઈ સભ્યશ્રી અહીંયા ગૃહમાં એવો નથી કે સો ટકા સાચો જવાબ આપી શકે. પ્લીઝ

**શ્રી દોલતભાઈ પરમાર** : રાજય સરકારે આ બાબત ગંભીરતાથી લીધી નથી.

**અધ્યક્ષશ્રી** : આ ગૃહમાં એવા કોઈ સભ્ય નથી કે તમને સાચો જવાબ આપી શકે, એક પણ નથી.

**શ્રી દોલતભાઈ પરમાર** : સ્વીકારું છું.

**અધ્યક્ષશ્રી** : બસ પ્લીઝ, હેમાજી રાજપૂત.

**શ્રી હેમાજી દ. રાજપૂત**: માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફતે મંત્રીશ્રીને પૂછવું છે કે, એઈડસ્‌ના દર્દીઓને તપાસ કરીને દાખલ કરતા નથી એના કારણો શું ? મારા ગામનો જ છે, મારા ગામના એક દર્દીને દાખલ કરવા ગયા, તો એ એઈડસ્‌નો દર્દી છે એનો રિપોર્ટ આવ્યા પછી દાખલ થાય એનું કારણ કોઈ ખરું ? એને દાખલ કરતા નથી.

**અધ્યક્ષશ્રી** : માઈકમાં બોલો પ્લીઝ.

**શ્રી અશોક ભટ્ટ** : એક દર્દી છે એમનો પ્રશ્ન છે કે, એમના ગામનો એક દર્દી છે, દાખલ થવા ગયો અને દાખલ કર્યો નથી કારણ કે, એચ.આઈ.વી. ટેસ્ટ કરવો પડે ત્યાર પછી, માનનીય અધ્યક્ષશ્રી, જ દર્દીની વિગતો આપશે તો હું સિવિલ હૉસ્પિટલમાં અમારી પાસે સી.ડી.-૪ના સાધનો સિવિલ અને સુરત બે જગ્યાએ છે એનું પૂર્ણ પરીક્ષણ કરાવીને અથવા તો એલાઈઝા ટેસ્ટ કરાવીને એને એચ.આઈ.વી. છે કે નહીં એ પણ નક્કી કરી આપીશ અને જો એચ.આઈ.વી. પૉઝિટીવ હશે કે એઇડ્ઝ હશે તો એ.આર.ટી. માટે પણ હું વ્યવસ્થા કરી દઈશ.

## રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ

***૨૨૭૬૫ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રક્તપિત્ત નિર્મૂલનના કાર્યમાં હાલમાં રાજયનું રાષ્ટ્રમાં કેટલામું સ્થાન છે,

(૨) રક્તપિત્ત નિર્મૂલનમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ કોઈ એવોર્ડ આપવામાં આવ્યો છે એ હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો તેની વિગતો શી છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) રાષ્ટ્રના યુનિયન ટેરીટરીઝ સહિતના ઊંચા પ્રમાણ દર વાળા ૧૮ રાજયોમાં રોગનું પ્રમાણ દર દશ હજારે એક કરતાં વધારે હતું તેવા રાજયો પૈકીના રાજય તરીકે ગુજરાત રાજયે ઑકટોબર, ૨૦૦૪ની સ્થિતિએ આ પ્રમાણ કરતાં નીચું પ્રમાણ લાવીને રોગના નિર્મૂલનના ધ્યેયને હાંસલ કરવામાં પ્રથમ સ્થાન મેળવેલ છે.

(૨) હા, જી.

(૩) રક્તપિત્ત નિર્મૂલન ક્ષેત્રે ગુજરાતમાં રક્તપિત્તના નવા દર્દીઓ શોધી, સારવાર હેઠળ આવરી લઈ નિયત સારવારના અંતે રોગમુક્ત જાહેર કરવા, રોગને કારણે વિકૃતિ ધરાવતા દર્દીઓને ઑપરેશન કરી વિકૃતિ દૂર કરવા, પગમાં બહેરાશ ધરાવતા દર્દીઓને ખાસ પ્રકારના માઈક્રોસેલ્યુલર રબર સૂઝ પુરા પાડવા તેમજ રોગમુક્ત જાહેર થયેલ વ્યકિતઓને સ્વૈચ્છિક સંસ્થાઓ/ દાતાઓના આર્થિક સહયોગથી પુનઃવસન સહાયના ક્ષેત્રે રાજયને કરેલ નોંધપાત્ર કામગીરીને ધ્યાને લઈ સાસાકાવા મેમૉરિયલ હેલ્થ ફાઉન્ડેશન, ટોકિયો, (જાપાન) તેમજ પુણે સ્થિતિ ઇન્ટરનૅશનલ લેપ્રેસી યુનિયન (આઈ.એલ.જી.) એ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી તેમજ માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું તા.૩૦-૧-૨૦૦૭ ના રોજ બહુમાન કરેલ છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, રક્તપિત્ત નિર્મૂલન ક્ષેત્રે ગુજરાતે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે એ બદલ હું માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રીને હાર્દિક અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, થોડા સમય પહેલાં સાસાકાવા મેમૉરિયલ હેલ્થ ફાઉન્ડેશન, જાપાન દ્વારા તેમજ પૂણે સ્થિત ઇન્ટરનૅશનલ લેપ્રેસી યુનિયન દ્વારા માનનીય મુખ્ય મંત્રીશ્રી તેમજ માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીજીને જ્યારે રક્તપિત્ત હૉસ્પિટલના ઉદ્‌ઘાટન પ્રસંગે એ કહેવા ગયા ત્યારે એવું કહ્યું કે જ્યારે હૉસ્પિટલને તાળું મારવું હોય ત્યારે મને બોલાવજો. માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીજીના વિચાર એવી રક્તપિત્તની હૉસ્પિટલને તાળા મારવાનું કામ આ રાજય સરકારે કર્યુ છે અને રાષ્ટ્રપતિજીએ પણ ગુજરાતના રક્તપિત્તના કામની પ્રશંસા કરી છે, હમણાં થોડા સમય પહેલાં જે કાર્યક્રમ હતો એ કાર્યક્રમમાં

**અધ્યક્ષશ્રી** : તમે શું કહેવા માગો છો ?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** માનનીય અધ્યક્ષશ્રી, આટલી સારી વાત આખો ઈમોશનલ કાર્યક્રમ હતો એમાં એક રકતપિત્ત થયેલ બહેન મુખ્યમંત્રીશ્રીને મળવા ગયા ત્યારે જે આત્મવિશ્વાસથી એમની સાથે હાથ મિલાવ્યો હતો. મારો કહેવાનો આશય એ છે કે આ લોકોને સ્વરોજગારી મળે, સમાજમાં પોતાના પગ ઉપર ઊભા રહી કે એના માટે રાજય સરકાર શું આયોજન કરવા માગે છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી. આ રાજય ગાંધી વિચારધારા પર ચાલે છે. ગાંધીજીનું સ્વપ્ન રકતપિત્ત નિર્મૂલન કરવાનું હતું. ૧૯૮૫માં દસ હજારની વસ્તીએ ૨૧ લોકોને હતો એ ૨૦૦૬માં દસ હજારની વસ્તીએ ૦.૭૩ થયો છે એટલે ડબલ્યુ.એચ.ઓ.એ, ભારત સરકારે સ્વીકાર્યું છે કે ગુજરાતમાંથી રકતપિત્ત નિર્મૂલન થયું છે. રકતપિત્ત નિર્મૂલન થવામાં આપણે સતત ૨૦૦૪થી ૨૦૦૬-૦૭ સુધી નિર્મૂલન ૦.૭૪ સુધી પહોંચ્યા છીએ. મુખ્યમંત્રીશ્રી વનબંધુ કલ્યાણ યોજના લાવ્યા છે એમાં વનવાસી માટે એક માત્ર સતત પીડાવતો સીકલ સેલની માફક રકતપિત્તનો રોગ છે એને ૨૦૧૦ પહેલા ગુજરાતમાંથી સંપૂર્ણપણે એટલે કે ૦.૭૪થી નીચે લઈ જવામાં સફળતા પ્રાપ્ત કરીશું. સ્વાવલંબી જીવન કેવી રીતે મળે, સૌથી પહેલા રકતપિત્ત મટી જાય એ એમ.ટી. થેરાપીથી મટી જાય છે. પણ રોગ મટી ગયા પછી ડીફોર્મીટી જતી નહોતી. શરીરમાં જે વિકૃતિ આવી ગઈ હોય એ જતી નહોતી એટલે આ સરકારે ૫૦૦ કલાક નોન સ્ટોપ સર્જરી કેમ્પ કર્યા, ૩૦૦ કલાક સર્જરી કેમ્પ કર્યા, ૩૦૦ થી વધારે કલાક સર્જરી કેમ્પ કર્યા. આ વર્ષે ૩૬૧ દર્દીઓની સર્જરી કરી. મારી આ સભાગૃહના સભ્યશ્રીઓને વિનંતી છે કે ડીફોર્મીટીનો એક પણ દર્દી એમના મત વિસ્તારમાં હોય તો મોકલી આપે. હું ડીફોર્મીટી દૂર કરવામાં સફળ સર્જરી કરાવીશ. એની વિકૃતિ દૂર થવી જોઈએ.રકતસ્ત્રાવ થતો હોય એ પૂરું કરી દઈએ તો એને ગૌરવવંતુ જીવન મળે. રાજય સરકારની અનેક યોજનાઓનો લાભ લઈને કોઈને ખેતી કરતા કર્યા છે, કોઈને ગાય આપી છે. અનુસૂચિત જાતિ અને બીજી વિવિધ પ્રજાલક્ષી યોજનાઓનો પણ લાભ મળ્યો છે અને નોવાટીકસ  નામની કંપનીએ સ્વાવલંબી બનવા માટેના સાધનો આપ્યા છે. ગૌરવવંતુ જીવન મળે એ દિશામાં પ્રયત્ન થાય છે. રકતપિત્ત હોસ્પિટલ બંધ કરવાનું ગાંધીજીનું સ્વપ્ન હતું એ નારોલમાં આવેલી ૧૨૫ વર્ષ પહેલા શરૂ થઈ હતી. કાગડાપીઠ રાયપુર દરવાજા બહાર શરૂ થઈ હતી. નારોલમાં ચાલતી હતી એ હૉસ્પિટલને અમે તાળુ માર્યું છે અને થોડા સમયમાં એક આંતરરાષ્ટ્રીય કક્ષાની મલ્ટી હોસ્પિટલ ત્યાં આવી રહી છે.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય જયારે રકતપિત્ત નિર્મૂલનમાં પ્રથમ ક્રમે છે ત્યારે ગુજરાતની સારી આર્થિક પરિસ્થિતિને લઈને પરપ્રાંતમાંથી ધર્મસ્થાનમાં પોતાની આજીવિકા માટે રકતપિત્તના દર્દી

આવતા હોય ત્યારે એક ભય સતત રહેતો હોય છે કે ફરીથી રકતપિત્તનો રોગ વધે તો આ પ્રકારનું સ્થળાંતર ન થાય એના માટે કોઈ વિશેષ વ્યવસ્થા રાજય સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એવી કોઈ વ્યવસ્થા આપણે ન કરી શકીએ. કોઈ માઈગ્રેટેડ વર્કર્સને અહીં આવતા રોકી ન શકીએ પરંતુ આ રાજયમાં આવ્યા પછી પણ રકતપિત્તનો દર્દી હશે તો એમની સેવા કરવાની જવાબદારી અમારી છે. ભારત સરકાર જો કામ સોંપશે, આદરણીય રાષ્ટ્રપતિ અહીં આવ્યા અને માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે મુલાકાત વખતે હું હાજર હતો. અક્ષરધામમાં આદરણીય રાષ્ટ્રપતિને કહ્યું હતું કે ભારતનું કોઈપણ રાજય રકતપિત્ત નિર્મૂલનના કાર્યક્રમમાં ગુજરાતને સેવા કરવાનું કામ સોંપશે તો વસંતભાઈ પરીખે બિહાર જઈને કામ કર્યું એવી રીતે ગુજરાત પણ રકતપિત્ત નિર્મૂલન કાર્યક્રમમાં દેશના કોઈપણ વિસ્તારમાં જઈને રકતપિત્ત નિર્મૂલનનું કામ કરવા તૈયાર છીએ.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રક્તપિત્તનો આ રોગ જે રીતે નિર્મૂલન થઈ રહ્યો છે, તેમાં કેટલીક સેવાભાગી સંસ્થા આજે આપણે જોયું છે કે સાબરકાંઠાના શામળાજી પાસે આવેલી સંસ્થા એમાં આખા ગુજરાતથી અને ગુજરાત બહારથી પણ ત્યાં રક્તપિત્તના દર્દીઓને માનવતાભર્યુ જીવન અને સ્વનિર્ભર બની શકે, એના લગ્ન પણ યોજાય છે, તો મારી મંત્રીશ્રીને વિનંતી છે કે હાલમાં આ સંસ્થાને આપણે કોઈ અનુદાન આપીએ છીએ કે કેમ? કેટલું આપીએ છીએ અને આ સંસ્થા સેવાભાવી કાર્યકર્તા સમાજમાંથી સેવા કરવા તૈયાર હોય ત્યારે અનુદાનમાં વધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : અત્યારે નહિ કહી શકું, કે કેટલું અનુદાન આપ્યુ છે અને આપીએ છીએ. એક વસ્તુ ચોક્કસ કહું રાજ્ય સરકાર સુરેશભાઈ સોનીની સાબરકાંઠાની સંસ્થા હોય કે શ્રમ મંદિર વડોદરાની સંસ્થા હોય આવી જે રક્તપિત્તની અંદર કામ કરનાર બધી સંસ્થાઓ છે, એને અમો સહયોગી સંસ્થા તરીકે જ લઈએ છીએ. આ રાજ્યની અંદર એક કાર્યસંસ્કૃતિ છેલ્લા ૩ વર્ષની અંદર વિકસી છે એ કાર્યસંસ્કૃતિ આવનારા દિવસોની અંદર જનભાગીદારી કાર્યસંસ્કૃતિ તરીકે ઓળખાશે. આવું માનવતાનું કામ કરનારા સૌની સાથે મળીએ છીએ. અનુદાનની વિગતો જોઈતી હશે તો પાછળથી મેળવીને આપીશ.

**ગાંધીનગર શહેરમાં સેકટરવાર રહેણાંકના ખાલી પ્લોટ**

***૨૨૨૩૮ શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ ગાંધીનગર ખાતે કેટલા રહેણાંકના પ્લોટ સેકટરવાર ખાલી પડ્યા છે, અને

(૨) સચિવાલય સેવાના બિનબદલીપાત્ર કેટલા કર્મચારીઓને આ રહેણાંકના પ્લોટ ફાળવવાના બાકી છે?

**પાટનગર યોજના મંત્રીશ્રી :**

(૧) ગાંધીનગરમાં બીન બદલીપાત્ર કર્મચારીઓની વિના હરાજીએ ફાળવવાના રાહતના દરના રહેણાંકના ખાલી પ્લોટની સેક્ટરવાર માહિતી નીચે મુજબ છે:

| સેક્ટર નંબર | ખાલી પ્લોટની સંખ્યા |
|---|---|
| ૧ | ૩૭ |
| ૨ | ૨૮ |
| ૩ | ૦૨ |
| ૪ | ૦૭ |
| ૫ | ૦૪ |
| ૬ | ૨૯ |
| ૭ | ૦૮ |
| ૮ | ૨૬ |
| ૧૨ | ૦૧ |
| ૧૩ | ૦૩ |
| ૧૪ | ૧૧ |

(૨)સરકારની છેલ્લી સને ૨૦૦૧ની નીતિ મુજબ મળવાપાત્ર નક્કી થયેલ તમામ બીન બદલીપાત્ર કર્મચારીઓને રહેણાંકના પ્લોટ ફાળવવામાં આવેલ છે.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે છેલ્લી નીતિમાં રાહતદરના પ્લોટો કર્મચારીઓને આપવાના પ્લોટોનો વિસ્તાર કયા પગાર ધોરણે નક્કી કરવામાં આવ્યા?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરમાં સરકારી કર્મચારીઓ / અધિકારીઓને પ્લોટ આપવા માટે સેક્ટર ૧ થી ૧૪ માં વિવિધ કાર્યવાહી હાથ ધરાયેલી છે અને અત્યાર સુધીમાં આ પ્લોટ ૨૦૦૧ની નીતિના આધારે ૨૧૩૧ પ્લોટ આપવામાં આવ્યા છે. તે પહેલાના પ્લોટ આપવામાં આવ્યા તે જુદા. રાહત દરના પ્લોટ આપવા માટે જુદા જુદા પગાર ધોરણને ગણતરીમાં લેવામાં આવે છે અને આ પગાર ધોરણ ૯૮૯૯ થી શરૂ કરીને ૧૪૯૦૦ મૂળ પગાર સાથેના વિવિધ ધોરણો નક્કી કરેલા હોય છે, એમાં જે કર્મચારીઓ/અધિકારીઓ મળવાપાત્ર હોય છે, એને જે તે સમયે નક્કી કરેલા વિકાસદરની કિંમતના પ્લોટ આપવાના થતા હોય છે. આ પ્લોટનું ક્ષેત્રફળ ૯૦ ચો.મી., ૧૩૫ ચો.મી., ૨૦૦ ચો.મી., ૨૫૦ ચો.મી., ૩૩૦ ચો.મી. આ પ્રકારના નક્કી કરાયેલ હોય છે. જે તે સમયે પ્લોટ માટે એન્ટાઈટલ થતા હોય છે, એમને આ પ્લોટ આપવામાં આવતા હોય છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : આ માગણી મુજબના પ્લોટ બનાવવામાં આવ્યા હતા. કેટલા વર્ષોથી આ રાહતના રહેઠાણો બનાવ્યા છે. હજુ સુધી ૧૫૬ વણ વહેંચાયેલા પડ્યા છે, તો આનો તાત્કાલિક કોઈ ઉકેલ કરવા માગો છો કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : આ પ્લોટ જે તે સમયે જે કર્મચારી/અધિકારી સરકારમાં દાખલ થતા હોય છે, એને આધારે જુદા જુદા જે સમયે નીતિ બને છે એ નીતિના આધારે અપાતા હોય છે. ખાલી પ્લોટો હોય તે મુજબ અપાતા હોય છે. ૧૯૮૭ માં નીતિ બની હતી. ૧૯૮૮ માં નીતિ બની હતી, ૨૦૦૧ માં નીતિ બની હતી. આ નીતિ અનુસાર જે તે સમયે જે તે કર્મચારી/અધિકારી પગાર ધોરણ અનુસાર પ્લોટ મેળવવાને હક્કદાર હોય અને બાકીના શરત નક્કી કરેલી હોય તે શરત મુજબ એ લોકોને પ્લોટ પ્રાપ્ત થતા હોય છે. ખાલી પ્લોટ રહેતા હોય તો આવા ખાલી પ્લોટ અનેક પ્રકારના ગાંધીનગરમાં હોય છે. સરકારની માલિકીની જગ્યા હોય છે અને એ જગ્યાનો ઉપયોગ જે પ્રકારે કરવાનો થતો હોય છે ત્યારે ઉપયોગ કરાતો હોય છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : કર્મચારીઓને જે પ્લોટ ફળવાય છે, તેમાં કયા ગ્રેડને ક્લાસ-૨, ૩, ૪ સુધીનાને ફળવાય છે કે કેમ અને કેટલી કિંમત સુધીના?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી મેં કહ્યું તે મુજબ જુદી જુદી જે ૧૯૮૭, ૧૯૮૮ અને ૨૦૦૧માં જે નીતિ નક્કી થઈ તે નીતિના આધારે તમામ કર્મચારી, અધિકારીઓને બદલીપાત્ર અને બિનબદલીપાત્ર તેના અલગ અલગ ધોરણો નક્કી કરેલા છે અને રાજય સરકારે જે તે સમયે નીતિ નક્કી કરેલ છે અને તે નીતિના આધારે જે કોઈ એન્ટાઈટલ થતા હોય તે પ્લોટ મેળવવા હકકદાર બને છે.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લી નીતિ અનુસાર ગાંધીનગરમાં કર્મચારીઓના રાહતદરના પ્લોટ વિસ્તારદીઠ કેટલા બનાવવામાં આવ્યા છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી અગાઉ મેં કહ્યું તેમ ૧ થી ૧૪ સેકટર એવા છે જ્યાં કર્મચારી, અધિકારીઓને પ્લોટ ફાળવવામાં આવ્યા હતા. છેલ્લી નીતિ આપણે ૨૦૦૧માં કર્મચારીઓને રાહત દરના પ્લોટ આપવા માટેની નકકી થઈ તેમાં ૯૦ ચો.વારના ૧૮૩૫ માનનીય માધુભાઈએ કહ્યું તેમ નાના કર્મચારીઓ માટે, ૧૩૫ મીટરના ૭૭ પ્લોટ, ૨૦૦ ચો.મીનો ૧ પ્લોટ, ૨૫૦ ચો.મીના ૯૬ પ્લોટ અને ૩૩૦ ચો.મી.ના ૧૨૨ એમ કુલ ૨૧૩૧ પ્લોટ ૧ થી ૧૪ સેકટરમાં ફાળવવામાં આવ્યા છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ૨૦૦૧ની નવી નીતિ કરી તેના લીધે બિન બદલીપાત્ર જૂજ કર્મચારીઓ પ્લોટ મેળવવામાં રહી ગયા છે. તો એમાં કોઈ નીતિમાં ફેરફાર કરીને જે કર્મચારીઓ કાયમી અહીં નોકરી કરવાના છે, જેમને કોઈ જગ્યાએ જવાનું નથી અને ગાંધીનગર છોડવાનું નથી આવા જૂજ કર્મચારીઓને નિયમોમાં ફેરફાર કરીને પ્લોટ આપવા માગો છો કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી ૨૦૦૧માં નીતિ નકકી કરી ત્યારે જે તે વિભાગ થ્રુ તેમણે અરજીઓ કરવાની થતી હતી. તે અરજીઓમાં સમય મર્યાદા બહારની કેટલી અરજીઓ હોય, કેટલીક અરજીઓ પતિ પત્નીના કેસની હોય, કેટલીક અરજીઓમાં અન્ય કર્મચારી અધિકારીની જવાબદારીની વાત હોય આવી વિવિધ અરજીઓમાંથી ૨૩૩૨ અરજીઓ પ્રાપ્ત થઈ હતી તેમાંથી ૨૧૩૧ કર્મચારી અધિકારીને પ્લોટ ફાળવવામાં આવ્યા છે. ૨૦૧ જે તે સમયજી અરજી અને તે પછી તેમાં એવું હોય છે કે અરજીઓ સતત સ્વરૂપે ચાલુ રહેતી હોય છે. જે તે સમયે ૨૦૦૧ની નીતિના અનુસંધાને કુલ ૨૩૩૨ અરજીઓ મળી હતી તેમાંથી ૨૦૧ અરજીઓ બાકી રહેલ છે. તેના વિવિધ પાસાંઓ કારણકે જો તેઓ સોએ સો ટકા એન્ટાઈટલ થતા હોય તો જે તે સમયે પ્લોટ ફાળવાઈ ગયો હોત. પણ કોઈને કોઈ બાબતમાં ક્ષતિ હોય અથવા ક્ષતિની પૂર્તતા કરવાની હોય આવી બધી અરજીઓ માટે એક સમિતિની રચના કરેલ છે અને તે સમિતિ માટે વિચારાધીન છે.

**વિરમગામના મુનસર તળાવના વિકાસ માટે મંજૂર થયેલ ગ્રાન્ટ**

***૨૧૯૬૮ શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી (રાજય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ જિલ્લાના વિરમગામના 'મુનસર તળાવ' ના વિકાસ માટે સરકાર દ્વારા ગ્રાન્ટ મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી અને તે ગ્રાન્ટ ક્યારે વાપરવામાં આવી,

(૩) પ્રવાસન વર્ષમાં મુનસર તળાવને પ્રવાસન સ્થળ બનાવવા શું આયોજન છે, અને

(૪) કેટલી ગ્રાન્ટ મંજૂર કરી છે?

**પ્રવાસન મંત્રીશ્રી (રાજય કક્ષા):**

(૧) હા,જી.

(૨) અને (૩) રૂ.૭૦,૦૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરેલ છે. મુનસર તળાવને પ્રવાસન સ્થળ બનાવવા માટે પ્રાન્ત અધિકારીશ્રી, વિરમગામના અધ્યક્ષસ્થાને સમિતિની રચના કરવામાં આવેલ છે અને વિકાસના કામો માટે રૂા.૭૯.૦૦ લાખના અંદાજો તૈયાર થઈ ગયેલ છે. મુનસર તળાવ પાસે તારની વાડ તથા ચાલવાનો રસ્તો બનાવવાની કામગીરી ટૂંકમાં શરુ થનાર છે.

(૪) રૂા.૫૦.૦૦ લાખ મુનસર તળાવના ફેન્સીંગ તથા ગાર્ડન વિકાસ માટે તથા રૂા.૨૦.૦૦ લાખ રોડ બાંધકામ માટે મંજૂર કરેલ છે.

**શ્રી વજુભાઈ પ. ડોડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રૂા.૭૦ લાખ મુનસર તળાવના વિકાસ માટે સરકારશ્રીએ ફાળવ્યા છે તે બદલ વિરમગામ તાલુકાની પ્રજા વતી ઋણ સાથે અભિનંદું છું. ૨૦૦૦ની સાલથી ૨૦૦૩ની સાલ સુધીમાં અગાઉ કોઈ આવી ગ્રાન્ટ આપેલી ખરી? આપી હોય તો કેટલી વાપરવામાં આવી હતી? મારો બીજો પ્રશ્ન છે કે વિરમગામ શહેરની અંદર આ તળાવ ખૂબ ગંદકીથી ભરેલું છે. ત્યાં શિલ્પ સ્થાપત્યનું રક્ષણ થતું નથી. તો તેનું રક્ષણ કરવાની જવાબદારી ભારત સરકારના પુરાતત્ત્વ ખાતાની છે કે રાજય સરકારની છે તે હું જાણવા માગું છું અને જો આપણી હોય તો આગળ આપણે શું પ્રગતિ કરવા માગીએ છીએ?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી એટલે કે ૧૯૯૫માં આવી ત્યારથી પ્રવાસન ક્ષેત્રોના વિકાસમાં ખાસ કરીને ૨૦૦૬નું વર્ષ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ પ્રવાસન વર્ષ તરીકે ઉજવીને સમગ્ર વિશ્વમાં ગુજરાતની એક અલગ પહેચાન બનાવી છે. તેના ભાગરૂપે અમદાવાદ જિલ્લામાં વિરમગામ તાલુકાનું મુનસર તળાવ એ એક ઐતિહાસિક તળાવ છે. અહીં અર્ધ સહસ્ત્રલિંગના ૫૨૦ નાના મોટા દેવસ્થાનોના મંદિરો આવેલા છે. ગુજરાતની સંસ્કૃતિ, સંસ્કાર અને આધ્યાત્મિકતા જીવંત રાખવા માટે પૂર્વના જે લોકોએ પ્રયત્નો કર્યા છે તેમાં સારા વધુ મજબૂત રીતે આપણે પ્રયત્નો કરી રહ્યા છીએ. તેના ભાગરૂપે માનનીય સભ્યશ્રીએ પૂછયું તેમ ૧૯૯૯ થી ૨૦૦૦ની સાલમાં ૮ લાખ ૫૦ હજારની ગ્રાન્ટ મંજૂર કરી હતી. અને જે તે સમયે એમાંથી ૪ લાખ ૮૭ હજાર જેટલો ખર્ચ પણ કરવામાં આવેલો છે. મુનસર તળાવનો વિકાસ, આમ તો આ તળાવ વિશેની જે વાત છે એમાં સોલંકી યુગ, ક્યાંક વાઘેલા યુગ અને મીનળદેવીની યાદમાં સિધ્ધરાજ જયસિંહે આ તળાવ બનાવ્યું હતું. આ તળાવનો વિકાસ કરવો અને ત્યાં આગળ સહેલાણીઓ આવે અને વિરમગામની જનતાને (અંતરાય) હું એ કહેવા માગું છું કે ૭૦ લાખ જેટલી રકમ (અંતરાય) પહેલીવાર મુનસર તળાવના વિકાસ માટે ફાળવવામાં આવી છે, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો છે ત્યારે કહેવા માગું છું કે, એની સફાઈની કામગીરી માટે તો વિરમગામ નગરપાલિકા, ત્યાંના સ્થાનિક આગેવાનોને મળી અને માનનીય સભ્યશ્રીને હું કહું છું કે, લોકભાગીદારીનો સહયોગ લઈને જ્યારે સરકાર ૭૦ લાખ જેટલી રકમ મુનસર તળાવના વિકાસ માટે અને એ કલેક્ટરના હસ્તક ફાળવી દેવામાં આવી છે એમાંથી ૫૦ લાખ રૂપિયા એ તળાવની આજુબાજુના જે કામો છે એમાં એનું પેવિંગનું કામ છે, રોડનું છે પછી સેનીટેશન છે, સ્વચ્છતા અભિયાન માટેનું છે, બાળકો માટેનો ઉદ્યાન પણ ત્યાં કરવાનો છે, એ માટે ૫૦ લાખ રૂપિયા છે. (અંતરાય)

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ મુનસર તળાવ રાજમાતા મીનળદેવીના વખતમાં બાંધવામાં આવેલું તળાવ છે આ તળાવ ઉપર જન્માષ્ટમી તહેવારના દિવસે પાંચ દિવસનો લોક મેળો ભરાય છે, આ પાંચ દિવસમાં લાખો લોકો એ મેળામાં આવે છે તો આ પાંચ દિવસ માટે આ તળાવમાં બોટિંગ જેવી મનોરંજનની સુવિધા આપવાનું સરકારશ્રીની વિચારણામાં છે?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સૂચન છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસથી જાણવા માગું છું કે, એમણે બીજા સવાલના જવાબમાં જણાવ્યું છે કે, વિકાસના કામો માટે રૂા. ૭૯.૦૦ લાખના અંદાજો તૈયાર થઈ ગયેલ છે અને માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ચોથા સવાલના જવાબમાં જણાવ્યું કે, રૂા. ૫૦ લાખ મુનસર તળાવના ફેન્સીંગ તથા ગાર્ડન વિકાસ માટે તથા રૂા. ૨૦.૦૦ લાખ રોડ બાંધકામ માટે મંજૂર કરેલ છે. તો પચ્ચાસ વત્તા વીસ એટલે સીત્તેર લાખ રૂપિયા થયા અને જે અંદાજો બનાવ્યા છે એ રૂા. ૭૯.૦૦ લાખના બતાવ્યા

છે તો હું એ જાણવા માગું છું કે, અંદાજ મુજબ વહીવટી મંજૂરી આપવામાં આવશે કે મંજૂર કરેલ ગ્રાન્ટ છે એ મુજબ વહીવટી મંજૂરી આપવામાં આવશે?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું છે એમ રૂા. ૭૯.૦૦ લાખ મંજૂર કરવામાં આવેલ છે એમાંથી રૂા. ૫૦.૦૦ લાખમાં ત્યાં બાળકો માટેનો ઉદ્યાન, વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ, ટોયલેટ બ્લૉક માટે.....

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, એ બધુ બરાબર છે પણ નવ લાખ રૂપિયા શામાં ખર્ચવા માગો છો? એ વાત કરો.

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગું છું કે, જે ૯ લાખના જે બાકીના જે કામો છે એ આર્કીયોલોજીકલ સર્વે ઑફ ઈન્ડિયા એ.એસ.આઈ. દ્વારા એની જાળવણી કરવા માટે પણ એમાં રકમ મૂકવામાં આવી છે, એનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

### જિલ્લા મથકે આવેલ હૉસ્પિટલોમાં રોગી કલ્યાણ સમિતિ બનાવી દર્દીઓ પાસેથી કેસની કિંમત લેવા બાબત

***૨૧૮૫૦ શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં જિલ્લા મથકે આવેલી હૉસ્પિટલો, રેફરલ કે સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં રોગી કલ્યાણ સમિતિઓ બનાવી દર્દીઓને જરૂરી કેસ કઢાવવા અને સારવાર આપવાનો અભિગમ અપનાવીને દર વસૂલ કરવાનો નિર્ણય કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શાં છે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) ના, જી. સરકારી હૉસ્પિટલો, રેફરલ કે સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ગરીબીની રેખા હેઠળ જીવતા દર્દીઓ પાસેથી કોઈ ફી વસૂલ કરવામાં આવતી નથી, પરંતુ રોગી કલ્યાણ સમિતિના ઉપક્રમે આર્થિક રીતે પોષાય તેવા દર્દીઓ પાસેથી હૉસ્પિટલ દ્વારા અપાતી સેવાના બદલામાં સ્વૈચ્છિક યુઝર્સ ચાર્જીસ સ્વીકારવામાં આવે છે.

(૨) હૉસ્પિટલોના સર્વાંગી વિકાસ, સેવાઓની ગુણવત્તા સુધારવા, દર્દીઓને ઉત્તમ સુખાકારી પૂરી પાડવા માટે અને સમગ્રતયા હૉસ્પિટલોને સ્વચ્છ, સુઘડ અને સુવિધાયુકત બનાવવાનો ઉદ્દેશ્ય રહેલ છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે સરકારી હૉસ્પિટલોમાં બીપીએલના લાભાર્થીઓ, ગરીબ દર્દીઓ અને બહાર ગામથી આવતા મજૂરો વગેરે ત્યાં મોટા ભાગે સેવા લેવા માટે આવતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે, આર્થિક રીતે પોષાય તેવા દર્દીઓ પાસેથી હૉસ્પિટલ દ્વારા અપાતી સેવાના બદલામાં સ્વૈચ્છિક યુઝર્સ ચાર્જીસ સ્વીકારવામાં આવે છે અને હૉસ્પિટલોના સર્વાંગી વિકાસ, સેવાઓની ગુણવત્તા સુધારવા, દર્દીઓને ઉત્તમ સુખાકારી પૂરી પાડવામાટે અને સમગ્રતયા હૉસ્પિટલોને સ્વચ્છ, સુઘડ અને સુવિધાયુકત બનાવવાનો ઉદ્દેશ્ય રહેલ છે. ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, જે રોગી કલ્યાણ સમિતિઓ છે એમને સ્વૈચ્છિક સેવા બદલ યુઝર્સ ચાર્જીસની નીતિ નક્કી કરેલી છે એ રાજય સરકાર નક્કી કરે છે કે વિસ્તારવાઈઝ જે તે રોગી કલ્યાણ સમિતિ છે એ નક્કી કરીને એ યુઝર્સ ચાર્જીસ વસૂલ કરે છે? માનનીય અધ્યક્ષશ્રી, બીજો પ્રશ્ન મારો એ છે કે જિલ્લા મથકે જે સરકારી હોસ્પિટલોની રોગી કલ્યાણ સમિતિ બનાવવામાં આવી છે એની અત્યાર સુધીમાં કુલ આવક કેટલી થઈ? ત્રીજો મારો પ્રશ્ન એ છે કે રાજકોટ સરકારી હોસ્પિટલમાં જેમાં ખાલી એક દાખલો આપુ તો સીટી સ્કેનનો ૧૦૦૦ રૂપિયા ચાર્જ લેવાય છે પણ બહાર ખાનગી જગ્યાએ સીટી સ્કેન કરાવીએ તો ૭૦૦ રૂપિયા લેવાય છે. તો આ સરકારી હોસ્પિટલની રોગી કલ્યાણ સમિતિએ ખૂબ ઉંચો દર નક્કી કર્યો છે એમાં કોઈ રોગી સમિતિને ભલામણ કરીને ફેરફાર કરાવવા માગો છો કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે વાત કરી રોગી કલ્યાણ સમિતિની એમાં રાજયમાં તબીબી વિભાગની ૫૩, તબીબી શિક્ષણમાં ૬, આરોગ્ય વિભાગમાં ૨૫૫ રોગી કલ્યાણ સમિતિ છે. કુલ ૩૧૪ રોગી કલ્યાણ સમિતિઓમાંથી ૨૩૧ રોગી કલ્યાણ સમિતિ એવી છે કે એણે આવા યુઝર્સ ચાર્જીસ લેવાનું નક્કી કર્યું નથી. તેમ છતાં રાજયની રોગી કલ્યાણ સમિતિનો હેતુ એ છે કે, લોકો વડે, લોકો માટે, લોકો થકી ચાલતો વહીવટ એટલે રોગી કલ્યાણ સમિતિ એમાં ચાર્જીસ નથી લેવામાં આવતા. છતા આના માટે કહ્યું છે, રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સીટી સ્કેન બાબતે મારુ ધ્યાન દોર્યું છે એમાં મારી પાસે વિગતો છે એમાં કોઈ જગ્યાએ સીટી સ્કેન માટે ૨૦૦ કરતા વધારે લેવાતા નથી પરંતુ રાજકોટમાં સીટી સ્કેન ચાર્જીસ છે એ ૨૦૦ રૂપિયા છે, પણ એમણે કહ્યું ૧૦૦૦ રૂપિયા લેવાય છે તો એ કેટલા લેવાય છે એ હું તપાસી લઈશ. પરંતુ ગરીબી રેખા નીચે આવતો દર્દી હોય એની પાસે કોઈ રોગી સમિતિ એક પૈસો ચાર્જ લેતી નથી એ નક્કી છે, અને મેં કહ્યું તેમ ૩૧૪માંથી

૨૩૧ રોગી સમિતિમાં કોઈ ચાર્જીસ લેવામાં આવતો નથી આ ઉપરાંત પ્રાથમિક આરોગ્ય કેંદ્રને ૧૦ હજાર રૂપિયા રાજય સરકાર આપે છે, મેડિકલ કોલેજ સાથે જોડાયેલ સિવિલ હોસ્પિટલ છે એમાં ૧૦ લાખ રૂપિયા રાજય સરકાર આપે છે, ૧ લાખ રૂપિયા સિવિલ હોસ્પિટલને અને ૫૦ હજાર રૂપિયા સામૂહિક આરોગ્ય કેંદ્રને રાજય સરકાર આપે છે. આ વર્ષે ૧૦ લાખ રૂપિયા છે એમાં ૧૫ લાખ રૂપિયા કર્યા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં એમ લખ્યું છે કે, આવા કોઈ ચાર્જીસ લેવાતા નથી. પણ રોગી કલ્યાણ સમિતિનું ચાર્જીસનું લિસ્ટ છે ત્યારે એ સાચી વાત છે કે, રાજકોટમાં જે એડમિશન ચાર્જ છે એ ૧૦ રૂપિયા લેવામાં આવે છે, ઓ.પી.ડી.ના ૫ રૂપિયા લેવાય છે. આમ કુલ ૧૫ રૂપિયા દર્દીને ખર્ચવા પડે છે. એજ રીતે બ્લડ ગ્રુપ ટેસ્ટના ૧૦ રૂપિયા, સીરમ ટેસ્ટના ૧૦૦ રૂપિયા લેવાય છે. આ ઉપરાંત દરેક વધારાના ટેસ્ટના ૧૦ રૂપિયા લેવાય છે. એકસ-રે ના ૨૫ રૂપિયા લેવાય છે, ઈ.સી.જી.ના ૨૫, ટ્રેડમીલ ટેસ્ટના ૨૦૦, ટી.એમ.રૂમના એક દિવસનો ચાર્જ ૫૦૦ રૂપિયા લેવાય છે. માનનીય સભ્યશ્રીએ સીટી સ્કેનની વાત કરી છે એટલે આ રીતે અલગ અલગ ચાર્જીસ દરેક દર્દી પાસેથી આ રોગી કલ્યાણ સમિતિ દ્વારા યુઝર્સ ચાર્જીસ કે ગમે તે ચાર્જીસના નામે ફરજિયાતપણે લેવાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી કે બી.પી.એલ. કાર્ડ ધરાવતા કુટુંબો પાસેથી લેવાતા નથી પણ ૧૦ લાખે ૨૫ હજાર કે ૩૫ હજાર કુટુંબો બી.પી.એલ.માં હશે પણ બાકીના જે ૯ લાખ કુટુંબો છે એણે ચાર્જીસ આપવા પડે છે એ તમામ ચાર્જીસ પ્રાઈવેટ દવાખાના કરતા પણ વધારે છે ત્યારે એમાં કોઈ ઘટાડો કરવા માગો છો કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટમાં એકસ-રે ચાર્જીસ ૧૫૦ થી ૧૦૦૦ રૂપિયા બહાર છે અને અહીંયા ૨૫ રૂપિયા લેવામાં આવે છે અને એ પણ એકસ-રે બહાર લઈ જવો હોય તો એને લઈ જવા દેવામાં આવે છે. સોનોગ્રાફી બહાર ૮૦૦ રૂપિયાથી ૧૨૦૦ રૂપિયા લેવામાં આવે છે આપણે અહીંયા ૨૫ રૂપિયાથી ૧૦૦ રૂપિયા લેવામાં આવે છે. ઈ.સી.જી.ના ૫ થી ૨૫ રૂપિયા લેવામાં આવે છે. દર્દીના સગા જયારે ખબર કાઢવા આવે તો બે સગા ફ્રી બાકીના દર્દીના સગાઓ કેટલાક સમયગાળા પછી ખબર કાઢવા આવે ત્યારે એ ચાર્જીસ લેવામાં આવે છે. એ દર્દીના હિતમાં કારણ કે દર્દીને ઈન્ફેકશન ન લાગે અને ખબર કાઢવા આવનારની સંખ્યા ઓછી રહે એટલા માટે આ ચાર્જીસ લેવામાં આવે છે. એટલે આ દર્દીની એન્ટ્રી ફી નથી.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)
## કડી તાલુકામાં ખાદ્યતેલમાં ભેળસેળ

૨૧૬૬૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાદ્યતેલમાં ભેળસેળ કરતા કડી તાલુકાના કેટલા ઉત્પાદકોની તપાસ કરવામાં આવી, | (૧) ૦૬ |
| (૨) ભેળસેળયુક્ત ખાદ્યતેલની તપાસ દરમિયાન કેટલા નમુના લેવામાં આવ્યા, | (૨) ૧૦ |
| (૩) કેટલા ઉત્પાદકો પકડાયા, | (૩) તમામ નમૂનાઓ પાસ થયેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ ઉત્પાદકો પાસેથી છેલ્લા બે વર્ષમાં કેટલા ખાદ્યતેલની ખરીદી સરકારે કરી, | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) ખાદ્યતેલના ઉત્પાદકો સામે ભેળસેળ કરવા અંગેની કેટલી ફરિયાદો સરકારને છેલ્લા બે વર્ષમાં મળેલ છે, અને | (૫) કડી તાલુકાના ઉત્પાદકો સામે કોઇ ફરીયાદ મળેલ નથી. |
| (૬) સરકારે શાં પગલાં ભર્યા ? | (૬) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**રાજ્યની મેડીકલ કોલેજોમાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ/ટયુશન ફી અને ફુડ બીલની રકમ**

૨૨૫૫૭ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની મેડીકલ કોલેજોમાં તા.૩૧-૧૨-૦૬ સુધીમાં ૨૦૦૬-૦૭ના નાણાકીય વર્ષમાં હોસ્ટેલના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ, ટયુશન ફી, ફુડબીલની કેટલી રકમ મેડીકલ કોલેજવાર કેટલી ચૂકવાઇ છે,

(૨) આ ગ્રાન્ટ મોડી ચૂકવવાના શા કારણો છે, અને

(૩) ગ્રાન્ટ મોડી ચૂકવવા માટે ક્યા અધિકારીઓ જવાબદાર જણાયા છે ?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ | રૂા.૩,૧૪,૩૪૦ |
| એમ.પી.શાહ મેડીકલ કોલેજ, જામનગર | રૂા.૮,૧૫,૪૮૦ |
| મેડીકલ કોલેજ, વડોદરા | રૂા.૩,૩૫,૪૪૬ |
| મેડીકલ કોલેજ, ભાવનગર | રૂા.૩,૯૯,૯૫૨ |
| પી.ડી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ | રૂા.૨,૯૮,૮૮૦ |
| મેડીકલ કોલેજ, સુરત | રૂા.૪,૯૯,૩૨૬ |

(૨) રકમ સમયસર ચુકવવામાં આવી છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ગારીયાધારના સામૂહિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ ક્વાટર્સ જર્જરિત હોવા બાબત**

૨૧૮૫૯**શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગારીયાધાર સામૂહિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ ક્વાટર્સ જર્જરિત થયેલ છે તેને પાડીને નવા બનાવવાની દરખાસ્ત સરકારને ક્યારે મળેલ,

(૨) મળેલ દરખાસ્ત બાબતે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ, અને

(૩) કેટલા સમયમાં બાંધકામ શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૨૬-૧૦-૨૦૦૫ના રોજ મળેલ.

(૨) કાર્યવાહી હાથ ધરેલ છે. પ્રક્રિયા ચાલુમાં છે.

(૩) સને ૨૦૦૭-૦૮ માં રૂા.૪૨.૩૩ લાખની બજેટ જોગવાઇ કરેલ છે. જુના સ્ટાફ ક્વાટર્સ તોડી પાડયા બાદ, નવા સ્ટાફ ક્વાટર્સના નકશા અંદાજોને મંજૂરી આપ્યા બાદ તાંત્રિક મંજૂરી અને ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બાંધકામની કાર્યવાહી હાથ ધરાશે.

-----------

**જૂનાગઢ જિલ્લામાં રેલ્વે લાઇન પર અંડરબ્રીજ/ઓવરબ્રીજ બનાવવા બાબત**

૨૧૯૭૬**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જૂનાગઢ જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૬ દરમ્યાન ટ્રાફીક સમસ્યા હલ કરવા રેલ્વે લાઇન નીચે કે ઉપર કુલ કેટલા અંડરબ્રીજ/ઓવરબ્રીજના કામો પૂર્ણ કરવામાં આવ્યા ?

**જવાબ**

એક પણ નહીં.

----------

**રાજ્યમાં આરોગ્ય સેવા ગ્રાન્ટ-ઇન-એઇડ હોસ્પિટલો અને આરોગ્ય સેવા સંસ્થાઓ**

૨૨૯૩૩**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં આરોગ્ય સેવા આપતી ગ્રાન્ટ-ઇન-એઇડ હોસ્પિટલ કે આરોગ્ય સેવા સંસ્થાઓની સંખ્યાના પ્રમાણમાં ક્ચ્છ જિલ્લામાં રાજ્ય સરકારની સહાય મેળવતી સંસ્થાઓ ખૂબ ઓછી હોવાની હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને

**જવાબ**

(૧) ના. જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો ના, તો કચ્છ જિલ્લામાં આરોગ્ય ક્ષેત્રે સેવા આપતી કઇ કઇ સ્વૈચ્છિક સંસ્થાઓને રાજ્ય સરકાર તરફથી છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલું અનુદાન તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ મંજૂર કરવામાં આવ્યું કે ચૂકવવામાં આવ્યું ?

(૩) વિગતો પત્રકમાં સામેલ છે.

**પત્રક**

**કચ્છ જિલ્લામાં રાજ્ય સરકારની સહાય મેળવતી સંસ્થાઓની વિગત નીચે મુજબ છે.**

| અ. નં. | સંસ્થાનું નામ | છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવેલ અનુદાન | | તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ફાળવેલ અનુદાન |
|---|---|---|---|---|
| | | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૨૦૦૬ | |
| ૧ | અંજાર નગરપાલિકા સંચાલિત સીટી ડીસ્પેન્સરી, અંજાર-કચ્છ | રૂા. ૨,૮૩,૧૯૪ | રૂા. ૨,૨૮,૧૩૧ | રૂા. ૧,૫૨,૦૦૦ |
| ૨ | નગરપાલિકા સંચાલિત શહેરી કુટુંબ કલ્યાણ કેન્દ્ર, ભૂજ | રૂા. ૫,૭૮,૪૨૨ | રૂા. ૨,૭૮,૭૨૫ | રૂા. ૧,૯૫,૦૦૦ |
| ૩ | મસ્કા ટી. બી. ક્લીનીક મસ્કા તા. માંડવી-કચ્છ | રૂા.૧૮,૧૪,૬૦૫ | રૂા.૧૭,૬૯,૩૦૩ | રૂા. ૧૬,૦૮,૮૮૪ |
| ૪ | બિદડા આંખની હોસ્પિટલ બિદડા-કચ્છ | રૂા. ૨,૧૪,૪૨૫ | રૂા.૨,૨૭,૨૦૦ | રૂા. ૩,૬૬,૫૭૫ |
| ૫ | ભોજાય આંખની હોસ્પિટલ ભોજાય-કચ્છ | - | ૪૭,૬૦૦ | ૨,૩૩,૬૬૦ |
| ૬ | મધુરમ ટ્રસ્ટ ભુજ | ૧૬,૯૫૫ | - | - |
| ૭ | વાગડ વેલફેર આંખની હોસ્પિટલ, ભચાઉ-કચ્છ | - | ૧,૦૫,૦૦૦ | - |
| ૮ | લાયન્સ હોસ્પિટલ, રાવલવાડી | - | - | ૪૭,૫૩૫ |

-----------

**કચ્છ જિલ્લામાં આવેલ, દેવસ્થાન**

૨૧૯૭૨ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય દેવસ્થાન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કેટલા દેવસ્થાન તાલુકાવાર આવેલ છે,

(૨) ભૂકંપ પછી તે દેવસ્થાન ધ્વંશ થયેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૩) જો હા, તો કચ્છ જિલ્લામાં દેવસ્થાન રીપેર કરવાનું રાજ્ય સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં ૨૭ દેવસ્થાનો આવેલ છે, જેની તાલુકાવાર યાદી પત્રક-અ મુજબ છે.

(૨) હા,જી. કચ્છ જિલ્લામાં રાજ્ય સરકાર હસ્તકના દેવસ્થાનો પૈકી ૨૨ દેવસ્થાનોને ભુકંપમાં નુક્શાન થયેલ હતું.

(૩) આ ૨૨ દેવસ્થાનોના રીપેરીંગ કામકાજો રૂા. ૬૯,૩૫,૦૦૦/- ના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

**પત્રક-અ**

| | | | | |
|---|---|---|---|---|
| કચ્છ-ભુજ | ભુજ | ભુજ | ૧ | શ્રી દ્વારકાનાથ મંદિર |
| | | ખાખચોક | ૨ | શ્રી ખાખચોક જાગીર |
| | | ભુજ | ૩ | શ્રી સત્યનારાયણ જાગીર |
| | | ભુજ | ૪ | શ્રી મોટા હનુમાન જાગીર |
| | | ભુજ | ૫ | શ્રી દંતેશ્વર-ત્રંબેકેશ્વર જાગીર |
| | | ભુજ | ૬ | શ્રી ભીમનાથ મહાદેવ મંદિર |
| | | માંડવી | ૭ | શ્રી ગોપાલ લાલજી મંદિર |
| | | માંડવી | ૮ | શ્રી નરસિંહજી મંદિર |
| | | માંડવી | ૯ | શ્રી ચત્રભુજરાયજી મંદિર |
| | | માંડવી | ૧૦ | શ્રી રણછોડરાયજી મંદિર |
| | | માંડવી | ૧૧ | શ્રી એચ.એસ. ધર્મશાળા |
| | મુંન્દ્રા | મુંન્દ્રા | ૧૨ | શ્રી ધભ્ર ધર્મશાળા જાગીર |
| | નખત્રાણા | નખત્રાણા | ૧૩ | શ્રી લક્ષ્મીનારાયણ મંદિર |
| | | ધડાણી | ૧૪ | શ્રી ધડાણી સત્યનારાયણ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | મંદિર |
| | | અરથ/મથલ | ૧૫ | શ્રી અરલ જાગીર |
| | | સ્થાન | ૧૬ | શ્રી ધણોધર જાગીર |
| | ભચાઉ | મનફરા | ૧૭ | શ્રી મનફરા જાગીર |
| | | લાકડીયા | ૧૮ | શ્રી વોંધડા જાગીર |
| | | ચોબારી | ૧૯ | શ્રી ચોબારી તકીયાવાલી જાગીર |
| | લખતર | નારાયણ સરોવર | ૨૦ | શ્રી નારાયણ સરોવર |
| | | કોટેશ્વર | ૨૧ | શ્રી કોટેશ્વર જાગીર |
| | | નારાયણ સરોવર | ૨૨ | શ્રી ચાર સંપ્રદાય જાગીર |
| | | નારાયણ સરોવર | ૨૩ | શ્રી બાલાજી મંદિર |
| | | લખતર | ૨૪ | શ્રી લખતર ખાખચોક જાગીર |
| | | નારાયણ સરોવર | ૨૫ | શ્રી માતા ગુલાબદાસ અખાડો |
| | | નારાયણ સરોવર | ૨૬ | શ્રી શેષગુફા જાગીર |
| | અંજાર | અંજાર | ૨૭ | શ્રી અજેપોળ જાગીર |

-----------

**ભૂકંપ પછી ભૂજ શહેરમાં દુકાનો ગુમાવનારને અન્ય જ્ગ્યાએ દુકાનો આપવા બાબત**

૨૨૪૦૮**શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ ભૂકંપ પછી ભૂજ શહેરમાં દુકાનો ગુમાવનાર વ્યક્તિઓને અન્ય જ્ગ્યાએ ભૂજ શહેરી વિકાસ મંડળ દ્વારા દુકાનો બનાવી આપેલ તેની ફાળવણીમાં ગેરરીતિઓની ફરિયાદો સરકારને કેટલી મળી,

(૨) સરકારે ફાળવેલ જમીન પર જે લાભાર્થીઓ લાયકાત ધરાવતા ન હતા તેવા લોકોને દુકાનો ફાળવેલ છે તે હકીકત ખરી છે,

(૩) આ બાબતમાં જિલ્લા કલેકટરએ તપાસ કરેલ તેના અહેવાલનો અમલ થયો છે કે કેમ, અને

(૪) આ બાબતે શા પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) ભૂજ વિસ્તાર વિકાસ સત્તામંડળ દ્વારા દુકાનો બનાવી કરેલ ફાળવણીમાં ગેરરીતિઓની કોઈ ફરિયાદ મળેલ નથી.

(૨) સરકારે ખાનગી ટ્રસ્ટને જમીન ફાળવેલ. જે પર ખાનગી ટ્રસ્ટ દ્વારા દુકાનો બાંધીને લાભાર્થીઓને ફાળવેલ. ટ્રસ્ટ દ્વારા લાયકાત ધરાવતા ન હતા તેવા લોકોને દુકાનો ફાળવ્યા બાબતની ફરિયાદો ક્લેકટરશ્રીને મળેલ છે.

(૩) મળેલ ફરિયાદોના આધારે કલેકટરશ્રીએ સંબંધિત ટ્રસ્ટને શરત ભંગ અંગેની નોટિસ પાઠવી છે.

(૪) હાલ આ બાબત નામ. હાઈકોર્ટમાં ન્યાયાધિન હોઈ, પગલા લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**આંતરમાળખાકીય સુવિધાઓ માટે પ્રવાસન વર્ષમાં ફાળવેલ રકમ**

૨૨૨૦૭ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા(કરજણ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં આંતરમાળખાકીય સુવિધાઓના હેતુ માટે પ્રવાસન વર્ષ ૨૦૦૬ અંતર્ગત જિલ્લાવાર કેટલી રકમ ફાળવેલ છે ?

**જવાબ**

જિલ્લાવાર ફાળવેલ રકમ નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | ફાળવેલ રકમ |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩.૦૦ |
| ૨ | અમરેલી | ૧.૫૦ |
| ૩ | આણંદ | ૨.૦૦ |
| ૪ | બનાસકાંઠા (પાલનપુર) | ૧.૫૦ |
| ૫ | ભરૂચ | ૧.૫૦ |
| ૬ | ભાવનગર | ૨.૦૦ |
| ક્રમ | જિલ્લો | ફાળવેલ રકમ |
| ૭ | દાહોદ | ૨.૦૦ |
| ૮ | ડાંગ | ૩.૦૦ |

| | | |
|---|---|---|
| ૮ | ડાંગ | ૩.૦૦ |
| ૯ | ગાંધીનગર | ૧.૫૦ |
| ૧૦ | જામનગર | ૨.૦૦ |
| ૧૧ | જૂનાગઢ | ૩.૦૦ |
| ૧૨ | નડીયાદ (ખેડા) | ૨.૦૦ |
| ૧૩ | ભૂજ (કચ્છ) | ૩.૦૦ |
| ૧૪ | મહેસાણા | ૨.૦૦ |
| ૧૫ | નવસારી | ૧.૫૦ |
| ૧૬ | નર્મદા (રાજપીપળા) | ૧.૫૦ |
| ૧૭ | ગોધરા (પંચમહાલ) | ૨.૦૦ |
| ૧૮ | પાટણ | ૨.૦૦ |
| ૧૯ | પોરબંદર | ૧.૫૦ |
| ૨૦ | રાજકોટ | ૧.૫૦ |
| ૨૧ | સાબરકાંઠા (હિંમતનગર) | ૧.૫૦ |
| ૨૨ | સુરત | ૨.૫૦ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૨.૦૦ |
| ૨૪ | વડોદરા | ૨.૫૦ |
| ૨૫ | વલસાડ | ૧.૫૦ |
| | કુલ : | ૫૦.૦૦ |

**વડોદરા જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ કરવા બાબત**

૨૧૮૪૮**શ્રી વેચાતભાઈ હ. બારિયા(પાવી-જેતપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે રાજ્ય સરકારે ઉજવ્યું તેમાં રાજ્યના કેટલા સ્થળોના વિકાસ માટે નાણા ખર્ચયા, | (૧) * પત્રક-અ મુજબ |
| (૨) વડોદરા જિલ્લામાં કોઇ પ્રવાસન સ્થળોનો વિકાસ થયો નથી તે સરકાર જાણે છે, અને | (૨) વડોદરા જિલ્લાના સીમલીયા-વઢવાણા તળાવ, નર્મદા કાંઠો (માલસર), બળીયાદેવ મંદિર (પોર), હનુમાનજી મંદિર (તા. સંખેડા), હાફેશ્વર (તા.કવાંટ) ખાતે વિકાસના કામો માટે નાણા ખર્ચવામાં આવેલ છે. |
| (૩) જો હા, તો તે અંગે કોઇ યોજના છે કે કેમ ? | (૩) ખંડ (૨) ધ્યાને લેતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**નિર્મળ ગુજરાત-૨૦૦૭ અન્વયે નગરપાલિકાઓને પ્રોત્સાહનની યોજના**

૨૨૬૯૬**શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિર્મળ ગુજરાત-૨૦૦૭ કાર્યક્રમ અંતર્ગત સારી કામગીરી કરનાર નગરપાલિકાઓને પ્રોત્સાહન આપવાની કોઇ યોજના કરેલી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) વિવિધ નગરપાલિકાઓને નક્કી કરાયેલ કાર્યો મુજબ ત્રીમાસિક અને વાર્ષિક પુરસ્કૃત કરવાનું નક્કી કરાયેલ છે. |

**પંચમહાલ જિલ્લામાં ભેળસેળના નમૂનાઓ લેવા બાબત**

૨૨૯૭૦**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનાર કેટલા દુકાનદારો પાસેથી નમૂના લેવામાં આવેલ છે, | (૧) કુલ - ૪૮૩ |

(૨) કેટલા ખાદ્ય પદાર્થોના નમૂના ભેળસેળવાળા જણાયા, અને

(૨) ૦૬

(૩) તેની સામે રાજ્ય સરકારે શાં પગલાં લીધાં ?

(૩) તમામ કસૂરદારો સામે નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે.

-----------

**માધવપુરાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફેરવવા બાબત**

૨૧૮૩૩**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોરબંદર જિલ્લાના માધવપુરના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફેરવવા માટે રાજ્ય સરકારે કોઇ નિર્ણય કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યારે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્ય સરકારે કરેલ પ્રવાસન વિકાસ કાઉન્સીલની રચના**

૨૨૨૧૨ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા(શહેર કોટડા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે રાજ્યમાં પ્રવાસન વિકાસ કાઉન્સીલની રચના ક્યારે કરેલ છે, અને

(૨) રાજ્ય સરકારે પ્રવાસન વિકાસ કાઉન્સીલ માટે ક્યા ઉદ્દેશો નિર્ધારિત કરેલ છે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારે કાઉન્સીલની રચના તા. ૭-૧-૨૦૦૬ ના રોજ કરેલ છે.

(૨) નીચે મુજબના ઉદ્દેશો છે.

૧. રાજ્યમાં પ્રવાસનના વિકાસ અને વેગ માટેની પ્રવૃત્તિઓ સંબંધે સર્વોચ્ચ મંડળ તરીકે કામ કરશે.

૨. પ્રવાસન ક્ષેત્રે અમલમાં મુકાયેલ અદ્યતન અભિગમોનો અને કાર્યક્રમોનો અભ્યાસ કરી રાજ્યમાં અમલ કરાવવા પગલાંઓ પ્રયોજવાની વિચારણા કરશે. જેથી રાજ્યમાં પ્રવાસીની સંખ્યા વધે અને પ્રવાસન થકી રાજ્યનું અર્થતંત્ર ગતિશીલ બને.

૩. કાઉન્સીલનો મુખ્ય હેતુ રાજ્યમાં, રાજ્ય બહાર તથા વૈશ્વિક કક્ષાએ ગુજરાતના પ્રવાસનો વિકાસ થાય તે જોવાનો છે. આ માટે કાઉન્સીલની વખતો વખત બેઠકો તથા કાર્યક્રમોનું આયોજન કરશે. જરૂર જણાયે કાઉન્સીલ દેશ-વિદેશનો પ્રવાસ પણ કરશે.

-----------

**ખેડા અને આણંદ જિલ્લામાં લોકલ બોર્ડના દવાખાના**

૨૨૮૫૨ **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં લોકલ બોર્ડના કેટલા દવાખાનાઓ કાર્યરત છે,

(૨) આ દવાખાનાઓને સરકારમાંથી કેટલી ગ્રાન્ટ ચૂકવવાની બાકી છે,

(૩) તે કેટલા સમયમાં ચૂકવાશે, અને

(૪) સને ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા.૩૧-૧-૦૭ સુધીમાં કેટલી ગ્રાન્ટ ચૂકવી ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં - ૧ (એક) અને
આણંદ જિલ્લામાં - ૪ (ચાર)

(૨) ગ્રાન્ટ ચૂકવવાની બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) નીચે જણાવ્યા મુજબ વર્ષવાર ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| જિલ્લા | વર્ષ ૨૦૦૫-૦૬ |
|---|---|
| ખેડા | ૧૯,૨૨,૦૦૦ |

| | |
|---|---|
| આણંદ | ૧૯,૨૨,૦૦૦ |

સને-૨૦૦૬-૦૭ ના વર્ષમાં ખેડા જિલ્લા પંચાયતને તા. ૮-૩-૦૭ ના આદેશથી રૂા. ૩૧,૭૫,૦૦૦/- અને આણંદ જિલ્લા પંચાયતને તા. ૧૨-૩-૦૭ ના આદેશથી રૂા. ૩૫,૭૭,૦૦૦/- ની ગ્રાન્ટ ફાળવેલ છે.

-----------

**ભાવનગર તથા અમરેલી જિલ્લાને જોડતો પાલિતાણા-સાતપડા, લુવારા, વિજપડી માર્ગ મંજૂર કરવા બાબત**

૨૨૪૬૦ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાલિતાણા, સાતપડા, લુવારા, વિજપડી માર્ગ ભાવનગર તથા અમરેલી જિલ્લાને જોડતો આ રસ્તો જ્યારે મંજૂર કરવામાં આવ્યો ત્યારે તેનાં ખર્ચનો શું અંદાજ હતો, અને

**જવાબ**

(૧) રસ્તાનું કામ તબક્કાવાર નીચે મુજબ મંજૂર થયેલ છે.

| રસ્તાના અનુભાગનું નામ | અંદાજી રકમ (રૂા. લાખમાં) |
|---|---|
| (અ) તાતપડા, ગુજરડા, ઠાસા રોડ | ૩૧.૦૪ |
| (બ) વિક્ટર જેસર સેલણા ગારીયાધાર માર્ગ (લુવારાફીફદ વચ્ચે પુલ તથા રસ્તાનું કામ) | ૮૯.૮૩ |
| (ક) શેલણા વિજપડી રોડ (પ્રથમ તબક્કો) | ૨૫.૮૫ |
| (ડ) ડેડકડીથી વીજપડી રોડ (બીજો તબક્કો) | ૨૪.૫૩ |
| (ઈ) ભોકરવાથી ઠવી રોડ (બીજો તબક્કો) | ૮૧.૫૯ |
| કુલ | ૨૫૨.૮૪ |

(૨) ડિસે-૨૦૦૬ની સ્થિતિએ આ રસ્તાનો ખર્ચ કેટલો થવા સંભવ છે અને ઉપરોક્ત અંદાજમાં કેટલા રૂપિયાનો વધારો થયો, તે શાં કારણથી કરવામાં આવ્યો ?

(૨) આ રસ્તાનું કામ પુર્ણ કરવા કુલ ખર્ચ રૂા. ૪૪૦.૫૩ લાખ થવા સંભવ છે અને અંદાજમાં રૂા. ૧૮૭.૬૯ લાખનો વધારો થશે. જેના કારણો નીચે મુજબ છે.

(૧) કોઝવે તથા નાળા પુલીયાની વધારાની કામગીરી જેનો અગાઉ સમાવેશ થયેલ ન હતો.
(૨) પ્રથમ તબક્કામાં માટીકામ નાળાકામ મંજૂર થયેલ હતુ જેના સ્થાને ડામર સપાટી સુધીની કામગીરીનો સમાવેશ કરતા.
(૩) જમીનના કબજા મેળવવામાં કોર્ટનો સ્ટે હોવાના કારણે વિલંબ થવાથી અંદાજી રકમમાં વધારો.

-----------

**કડાણા તાલુકાના ઘોડીયાર ગામના નદીનાથ મહાદેવનો યાત્રાધામમાં સમાવેશ કરવા બાબત**

૨૨૨૩૫**શ્રી પ્રબોધકાંત દા. પંડ્યા । (સંતરામપુર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કડાણા તાલુકાના ઘોડીયાર ગામ નજીક આવેલ શ્રી નદીનાથ મહાદેવ તીર્થધામનો યાત્રાધામ તરીકે સરકારે સ્વીકાર કરેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) ના, જી.

(૨) જો હા, તો આ યાત્રાધામને સરકાર દ્વારા તા.૩૧-૧-૦૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

રકમની ફાળવણી કરવામાં આવેલ છે ?

-----------

**આરોગ્ય અને તબીબી સેવાઓ, તબીબી શિક્ષણની કચેરી સુરત અને વડોદરા ખાતે ખોટા મેડીકલ બીલ બનાવી ગેરરીતિ થવા બાબત**

૨૨૭૬૧ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૦-૨૦૦૧ અને ૨૦૦૨ના સમયમાં કમિશ્નરશ્રી આરોગ્ય અને તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ (આરોગ્ય વિભાગ) હેઠળની સુરત અને વડોદરા ખાતે ખોટી કચેરી ઊભી કરી કેટલી રકમની ગેરરીતિ થઇ,

(૨) કોના દ્વારા ગેરરીતિ કરવામાં આવી,

(૩) આ રકમ ચૂકવવામાં ક્યા ક્યા અધિકારીઓનો સમાવેશ થયો છે, તેમની સામે શાં પગલાં લીધા, અને

(૪) ગેરરીતિ કરનાર ઇસમો પર શાં પગલાં સરકારે ભર્યા ?

**જવાબ**

(૧) સને ૨૦૦૦-૨૦૦૧ અને ૨૦૦૨ના સમયમાં સુરત ખાતે ગેરરીતિ થયેલ નથી સને ૨૦૦૦-૨૦૦૧ના સમયમાં વડોદરા ખાતે રૂા. ૧,૦૪,૯૧,૦૦૦/- (એક કરોડ ચાર લાખ એકાણું હજાર પુરા)ની ગેરરીતિ થયેલ છે. સને ૨૦૦૧-૨૦૦૨ના સમયમાં ગેરરીતિ થયેલ નથી.

(૨) નીચેના કર્મચારી/ઈસમો દ્વારા ગેરરીતિ થયેલ હતી.

(૧) મુનીરૂદ્દીન યાસીનમીંયા શેખ, સીની. ક્લાર્ક, સામુહિક આરોગ્ય કેન્દ્ર રાણપુર, જિ. અમદાવાદ

(૨) દિનેશ આત્મારામ વરતીયા, બીન સરકારી વ્યક્તિ

(૩) હરગોવિંદ રામજીભાઈ શ્રીમાળી, નિવૃત્ત ક્રાફટમેન (મિસ્ત્રી), સીવીલ હોસ્પિટલ, અમદાવાદ

(૪) રામાભાઈ મોતીભાઈ પરમાર, હેડક્લાર્ક, સામુહિક આરોગ્ય કેન્દ્ર નસવાડી, જિ. વડોદરા

(૫) શ્રી ડી. એમ. ચોધરી, હિસાબી અધિકારી સિવિલ હોસ્પિટલ સુરત.

(૬) શ્રી એચ.એન. પટેલ, વહીવટી અધિકારી, મેડીકલ કોલેજ, વડોદરા.

(૭) શ્રી સી. કે ચોધરી, વહીવટી અધિકારી, એસ.એસ.જી. હોસ્પીટલ, વડોદરા.

(૩) જિલ્લા તિજોરી અધિકારી દ્વારા ચૂકવણું કરવામાં આવેલ છે. સંબંધિત વિભાગના વડાઓએ આ બાબતે બેઠક યોજેલ અને આવી ગેરરીતિ અટકાવવા માટે સુધારાત્મક પગલા લેવામાં આવેલ છે.

(૪) પોલીસ કેસ કરવામાં આવેલ છે.

-----------

**શહેરી વિકાસ વર્ષ નિમિત્તે વેરાવળ-સોમનાથ નગરપાલિકામાં ગોરવપથ રસ્તાના કામો**

૨૨૪૬૯ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરી વિકાસ વર્ષ નિમિત્તે સરકારે જાહેર કરેલ ગોરવપથ રસ્તાઓનું વેરાવળ-સોમનાથ નગરપાલિકા વિસ્તારમાં કેટલું કામ થયેલ છે, અને

(૨) તા.૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વેરાવળ-સોમનાથ નગરપાલિકા દ્વારા ટાવર ચોકથી બંદર તરફ જતા રસ્તાના ભાગને ગોરવપથ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

ટાવરચોકથી લાઈબ્રેરી સુધી સિમેન્ટ રોડ તથા ડીવાઈડરનું કામ અને સ્ટ્રીટલાઈનું કામ પૂર્ણ થયેલ છે.

(૨) જેમાં રૂા. ૧૪,૫૮,૮૬૦/- નો ખર્ચ કરેલ છે.

-----------

**બાવળા તાલુકામાં કોર્ટ શરૂ કરવા બાબત**

૨૨૨૨૮ **શ્રી કાંતિલાલ ૨ા. લકુમ(બાવળા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં બાવળા તાલુકો નવો બન્યો ત્યાં કોર્ટની વ્યવસ્થા નથી, તે સરકાર જાણે છે, | (૧) હા, જી. |
| (૨) બાવળા તાલુકામાં નવી કોર્ટ શરૂ કરવા માંગો છો, અને | (૨) કોઈ દરખાસ્ત નથી. |
| (૩) જો હા, તો કોર્ટ ક્યારે શરૂ કરવા સરકારનું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**અતિવૃષ્ટિમાં વઢવાણ તાલુકાના તૂટી ગયેલા રસ્તાઓ**

૨૨૦૨૫**શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૫-૦૬માં અતિવૃષ્ટિ કારણે વઢવાણ તાલુકાના રસ્તાઓ જે તૂટી ગયા હતાં તેનું રીપેરીંગ કામ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ક્યા સ્ટેજે છે, | (૧) રીપેરીંગ કામ પૂર્ણ કરેલ છે. |
| (૨) કેટલા રસ્તા રીપેર થયા છે, | (૨) નવ રસ્તા |
| (૩) કેટલા રીપેર થવાના બાકીમાં છે, અને | (૩) કોઈપણ રસ્તો રીપેર થવામાં બાકી નથી. |
| (૪) આ કામ ક્યારે પૂરા થનાર છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**પ્રવાસન, દેવસ્થાન અને યાત્રાધામના વિકાસ માટે થયેલ ખર્ચ**

૨૨૪૧૧**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય યાત્રાધામ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ પ્રવાસન, દેવસ્થાન યાત્રાધામ વિકાસમાં ક્યા જિલ્લામાં કેટલું ખર્ચ કરીને દેવસ્થાન યાત્રાધામનો વિકાસ કરવામાં આવ્યો છે,<br>(૨) દરેક જિલ્લામાં કેવા કેવા પ્રકારના પ્રવાસન, દેવસ્થાનોના કામો કરેલ છે, અને | (૧) અને (૨) ૧. ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા રૂા.૩૫૫૨.૭૯ લાખ.<br>૨. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રૂા. ૪૩૦.૦૦ લાખ, અને<br>૩. જિલ્લા તંત્ર દ્વારા રૂા. ૧૦૮૮.૩૦ લાખનો કરવામાં આવેલ ખર્ચ અને કામકાજની વિગતો આ સાથેના *પત્રક અ માં દર્શાવેલ છે. |
| (૩) પ્રવાસન, દેવસ્થાન યાત્રાધામોના વિકાસના બાકી રહેતા કામો ક્યા જિલ્લામાં કરવા માંગો છો ? | (૩) તા. ૩૧-૩-૦૭ સુધીમાં કામો પુરા કરવા માટે જિલ્લા કલેકટરશ્રીઓને સૂચના આપવામાં આવેલ છે. |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**ડોકટરોનું નોન પ્રેકટીસ એલાઉન્સ બંધ કરવા બાબત**

૨૨૬૮૦**શ્રીમતી રમીલાબેન ર. દેસાઈ(ખેરાલુ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

એચબી-૯૯૮-૪

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| શું એ વાત સાચી છે કે સરકાર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મેડીકલ ડોકટરોનું નોન પ્રેકટીસ એલાઉન્સ (ભથ્થું) બંધ કરવા માંગે છે ? | સરકાર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના તબીબી અધિકારીઓને ખાનગી તબીબી વ્યવસાય (પ્રાયવેટ પ્રેકટીસ) કરવાની છૂટ આપવા માંગે છે. |

-----------

**શિહોરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડોકટરની બેદરકારીના કારણે દર્દીના મૃત્યુ થવા બાબત**

૨૨૯૩૮ **શ્રી ધારસીભાઇ ખાનપુરા** (કાંકરેજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના શિહોરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જાન્યુઆરી-૨૦૦૭માં ડોકટરોની બેદરકારીના કારણે કેટલા દર્દીઓના મૃત્યુ થયા, | (૧) એકપણ નહી. |
| (૨) મેડીકલ ઓફીસર ધ્વારા ક્યા પ્રકારની ગેરરીતિથી દર્દીનું મોત નિપજ્યું, તે સામે સરકારે શાં પગલાં લીધા, અને | (૨) એકપણ દર્દીનું અવસાન થયેલ ન હોઈ પગલા ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સરકારી તંત્રની બેદરકારીના કારણે દર્દીના મૃત્યુ અન્વયે સરકાર આર્થિક સહાય આપવા માંગે છે કે કેમ ? | (૩) પ્રત્યુત્તર (ખંડ (૨) ધ્યાને લેતા આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**અકોટીથી નાગડોલ રસ્તો મંજૂર થવા બાબત**

૨૨૯૮૦**શ્રી ચંદ્રકાંત મો. પટેલ (ડભોઇ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અકોટી થી નાગડોલ રોડ મંજૂર થયો છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) મંજૂર થયો હોય તો ક્યા હેડમાં છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલી રકમ મંજૂર થઈ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ રોડનું કામ ક્યારે શરૂ કરવા માંગો છો અને ક્યારે આ રોડનું કામ પૂર્ણ કરવા માંગો છો ? | (૪) નાણાંકીય જોગવાઈ થયેથી હાથ ધરવામાં આવશે. |

-----------

**ભાવનગર શહેરનો આઉટર રીંગ રોડ**

૨૨૯૯૮**શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સન ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં શરુ કરેલ ભાવનગર શહેર ફરતો ૩૪ કિ.મી.નો (નારી સર્કલથી નારી સર્કલ) આઉટર રીંગ રોડ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાની ધારણા છે ? | (૧) જરૂરી પ્રક્રિયા પૂર્ણ થયે નાણાંકીય ઉપલબ્ધતા ધ્યાને લઈ તબક્કાવાર હાથ ધરવાનું આયોજન છે. |

-----------

**રાજકોટની પદમકુંવરબા હોસ્પિટલમાં સંવર્ગવાર સ્ટાફ**

૨૨૮૭૩**શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ રાજકોટમાં આવેલી પદમકુંવરબા હોસ્પિટલમાં સંવર્ગવાર કેટલો સ્ટાફ છે, અને | (૧) તા. ૩૧-૧-૦૭ સ્થિતિએ સંવર્ગવાર સ્ટાફ નીચે મુજબ છે. |

| સંવર્ગ | જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૭ |
| વર્ગ-૨ | ૧૦ |
| વર્ગ-૩ | ૬૨ |
| વર્ગ-૪ | ૪૦ |
| કુલ. | ૧૧૯ |

(૨) આ પેકી કેટલી જગ્યાઓ ખાલી છે ?

(૨) આ પેકી ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| સંવર્ગ | ખાલી જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૧ |
| વર્ગ-૨ | ૧ |
| વર્ગ-૩ | ૫ |
| વર્ગ-૪ | ૨ |
| કુલ. | ૯ |

-----------

## ચોટીલા અને સાયલા તાલુકામાં મહિલાઓને પ્રસુતિ સહાય

૨૨૦૧૭ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૧-૧-૦૫ થી તા. ૩૧-૧૨-૦૬ સુધી ગરીબી રેખા નીચેની કેટલી મહિલાઓને પ્રથમ અને બીજી પ્રસુતિની સહાય ચુકવવામાં આવી,

(૨) કેટલી સહાય ચુકવવાની બાકી છે, અને

(૩) કેટલા સમયમાં આ સહાય ચુકવવામાં આવશે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૦૧-૦૧-૦૫ થી તા. ૩૧-૧૨-૦૬ સુધી ગરીબી રેખા નીચેની મહિલાઓને પ્રથમ અને બીજી પ્રસુતિની સહાય નીચે મુજબ ચૂકવવામાં આવી છે.

| તાલુકાનું નામ | પ્રથમ પ્રસુતિ | બીજી પ્રસુતિ | કુલ |
|---|---|---|---|
| ચોટીલા | ૫૧ | ૧૧ | ૬૨ |
| સાયલા | ૯૬ | ૮૫ | ૧૮૧ |
| કુલ | ૧૪૭ | ૯૬ | ૨૪૩ |

(૨) કોઈ ચૂકવણું કરવાનું બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## ગાંધીનગર ખાતે સેકટરવાર રહેણાંકના ખાલી પડેલ પ્લોટ

૨૨૦૭૦**શ્રી શંકરભાઈ મં. વારલી(ઉમરગામ) : માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ ગાંધીનગર ખાતે કેટલા રહેણાંકના પ્લોટ સેકટરવાર ખાલી પડ્યા છે, અને

**જવાબ**

(૧) ગાંધીનગરમાં બીન બદલીપાત્ર કર્મચારીઓની વિના હરાજીએ ફાળવવાના રાહતના દરના રહેણાંકના ખાલી પ્લોટની સેકટરવાર માહિતી નીચે મુજબ છે.

| સેકટર નંબર | ખાલી પ્લોટની સંખ્યા |
|---|---|
| ૧ | ૩૭ |
| ૨ | ૨૮ |
| ૩ | ૦૨ |
| ૪ | ૦૭ |
| ૫ | ૦૪ |
| ૬ | ૨૯ |
| ૭ | ૦૮ |
| ૮ | ૨૬ |
| ૧૨ | ૦૧ |
| ૧૩ | ૦૧ |
| ૧૪ | ૧૧ |

(૨) સચિવાલય સેવાના બિન બદલીપાત્ર કેટલા કર્મચારીઓને આ રહેણાંકના પ્લોટ

(૨) સરકારની છેલ્લી સને-૨૦૦૧ની નીતિ મુજબ મળવાપાત્ર નક્કી થયેલ તમામ બીન બદલીપાત્ર

ફાળવવાના બાકી છે ?

કર્મચારીઓને રહેણાંક્ના પ્લોટ ફાળવવામાં આવેલ છે.

-----------

**નેશનલ અર્બન રિન્યુઅલ મીશનમાં કેન્દ્ર સરકારે આપેલ ગ્રાન્ટ**

**૪૦૭/page>૨૨૭૧૭ શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન અન્વયે કેન્દ્ર સરકાર તરફથી જાહેર થયેલ જુદી જુદી યોજનાઓ અન્વયે રાજ્ય સરકારને નાણાકીય વર્ષ ૨૦૦૬-૨૦૦૭માં તા. ૩૧-૧-૦૭ સુધીમાં કેટલી રકમ મળી, અને | (૧) રૂા. ૮૪.૨૩ કરોડ |
| (૨) તેમાં ક્યા ક્યા પ્રકારના કામો હાથ ધરાશે ? | (૨) આ યોજનામાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સુએઝ ડીસ્પોઝલ પ્લાન્ટ, સોલીડવેસ્ટ મેનેજમેન્ટ, રેલ્વે પરના ઓવરબ્રીજ/ફ્લા ઓવરબ્રીજ, પાણી પુરવઠાની યોજના, રીવરબ્રીજ, બસ રેપીડ ટ્રાન્ઝીસ્ટ સીસ્ટમ જેવા કામોનો સમાવેશ થયેલ છે, તેમજ શહેરી ગરીબોના આવાસન અને સંકલીત માળખાકીય સુવિધાઓ પુરી પાડવાના કામોનો પણ સમાવેશ થયેલ છે. |

-----------

**૫૦૦થી વધુ વસ્તાવાળા ગામોને બારમાસી રસ્તા આપવા બાબત**

૨૨૫૯૧**શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૫૦૦થી વધુ વસ્તીવાળા ગામોને બારમાસી રસ્તાઓ મળી રહે તેવું આયોજન સરકારે વિચારેલ છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો ક્યા પ્રકારનું ? | (૨) નીચે મુજબ અલગ અલગ યોજનામાં આયોજન વિચારેલ છે.<br>(અ) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના<br>(બ) બજેટ ઉચ્ચક જોગવાઈ હેઠળ |

**રાજ્યની મેડીકલ કોલેજોમાં અપૂરતા તબીબો**

૨૧૮૬૪**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં કેટલી ભૂતિયા મેડીકલ કોલેજો ચાલે છે, | (૧) એક પણ નહીં. |
| (૨) જો ના, તો મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા ધ્વારા દર વર્ષે થતા ઈન્સ્પેકશન દરમ્યાન કેટલા વર્ગ-૧ના તબીબી અધિકારીઓને અમદાવાદ સીવીલ હોસ્પિટલમાંથી ભાવનગર, રાજકોટ, સુરત કે અન્ય મેડીકલ કોલેજોમાં બદલી પ્રતિનિયુક્તિના ધોરણે મુકવામાં આવે છે, | (૨) જરૂરીયાત જણાયે જાહેરહિતમાં કે સ્વૈચ્છિક માંગણી મુજબ તબીબી અધિકારીઓને બદલી/પ્રતિનિયુક્તિ થી મૂકવામાં આવે છે. |
| (૩) આ સમય દરમ્યાન સીવીલ હોસ્પિટલની કેટલી સેવાઓ ઉક્ત તબીબોની ગેરહાજરીમાં ખોરંભે પડે છે, | (૩) ના જી. |
| (૪) બદલી પ્રતિનિયુક્તિ ક્યારે સમાપ્ત કરવામાં આવે છે. અને | (૪) આ અંગે સમયાંતરે પરિસ્થિતિ રીવ્યુ કરીને પગલાં લેવામાં આવે છે. |
| (૫) તે કારણે અન્ય મેડીકલ કોલેજોના વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકીર્દિ પર શી અસર થાય છે ? | (૫) અન્ય મેડીકલ કોલેજોના વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકીર્દી પર તેની કોઈ અસર પડતી નથી. |

**તાલુકાઓમાં હેલીપેડ બનાવવા બાબત**

૨૦૭૪૪ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં મહાનુભવોને હવાઇ માર્ગો ઉતરવા માટે રાજ્યના ક્યા તાલુકા અને ગામોમાં હેલીપેડોની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી,

(૨) આ માટે વિભાગ પાસેથી માર્ગ અને મકાન વિભાગને કેટલી રકમની માંગણી કરી, અને

(૩) એ માગણી સામે વિભાગે કેટલી રકમ ફાળવી ?

**જવાબ**

(૧) પત્રક મુજબ

(૨) અને (૩) : આવી કોઈ માંગણી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

| **તાલુકો** | **ગામ** | **તાલુકો** | **ગામ** | **તાલુકો** | **ગામ** |
|---|---|---|---|---|---|
| ધોળકા | શેખડી | બરવાળા | બરવાળા | ધંધુકા | ફેદરા |
| બાવળા | બગોદરા | ખેડા | ખેડા | આણંદ | આણંદ |
| ઉમરેઠ | થામણા | બોરસદ | બોચાસણ | આંકલાવ | આંકલાવ |
| ખંભાત | ખંભાત | તારાપુર | તારાપુર | સોજીત્રા | મગોડી |
| પેટલાદ | પેટલાદ | પ્રાતિજ | પ્રાંતિજ | બાયડ | બાયડ |
| મેઘરજ | મેઘરજ | વડનગર | વડનગર | મહેસાણા | મહેસાણા |
| સતલાસણા | વાવ | ઉંઝા | ઉંઝા | કડી | થોળ |
| પાટણ | પાટણ | સિધ્ધપુર | દેથલી | ચાણસ્મા | જીતોડ |
| વાવ | વાવ | કાંકરેજ | થરા | ધાનેરા | થાવર |
| અમીરગઢ | અમીરગઢ | વડગામ | મગરવાડા | દાંતા | દાંતા |
| રાપર | રાપર | અંજાર | ખારીરોહર | માંડવી | માંડવી |
| ભચાઉ | ધોળાવીરા | મુન્દ્રા | મુન્દ્રા | પાદરા | પાદરા |
| વાઘોડિયા | ગોરેજ | નસવાડી | નસવાડી | શિનોર | મોટાફોફલિયા |
| ભરૂચ | નિકોરા | વાલીયા | નેત્રંગ | ડેડીયાપાડા | ડેડીયાપાડા |
| તિલકવાળા | તિલકવાળા | કાલોલ | કાલોલ | હાલોલ | ચાંપાનેર |
| દાહોદ | છાપરી | દાહોદ | ઉમરવાલા | ફતેપુરા | ફતેપુરા |
| ફતેપુર | સુખસર | ગરબાડા | ગરબાડા | લીમખેડા | લીમખેડા |
| કામરેજ | કામરેજ | માંડવી | માંડવી | માંગરોળ | માંગરોળ |
| ઉચ્છલ | ઉચ્છલ | નિઝર | નિઝર | કપરાડા | કપરાડા |
| આહવા | સીપુતારા | આહવા | સુબીર | આહવા | આહવા |
| ગોંડલ | ગોંડલ | ઉપલેટા | પ્રાંસલા | ઉપલેટા | ઉપલેટા |
| જેતપુર | મડલીકપુર | જામકંડોરણા | જામકંડોરણા | મોરબી | મોરબી |
| ટંકારા | ટંકારા | લોધિકા | લોધિકા | કાલાવડ | હરીપર |
| કાલાવડ | કાલાવડ | ધ્રોલ | ધ્રોલ | લાલપુર | લાલપુર |
| ભાણવડ | ભાણવડ | જામજોધપુર | જામજોધપુર | લખતર | લખતર |
| પાટડી | પાટડી | પાટડી | ખારાઘોડા (નવાગામ) | ધાંગધ્રા | ધાંગધ્રા |
| હળવદ | હળવદ | ચુડા | ચુડા | ઉમરાળા | જાલીયા |
| ઉમરાળા | ટીંબી | મહુવા | બગદાણા | બોટાદ | બોટાદ |
| શિહોર | સણોસરા | તળાજા | ગોપનાથ | મહુવા | બગદાણા |
| પાલીતાણા | પાલીતાણા | ઉમરાળા | દેવળીયા | વંથલી | ખોરાસા |
| | | | | **કુલ..** | **૯૦** |

-----------

## પાલીતાણા તાલુકાના જુના પાદરા ગામને જોડતો રસ્તો

૨૨૦૭૨ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાલીતાણા તાલુકાના જુના પાદરા ગામને જોડતો રસ્તો મંજુર થયો છે કે કેમ,

(૨) જો હા, તો કામ ચાલુ નહીં થવાનું કારણ શું છે, અને

(૩) આ કામ ક્યારે ચાલુ કરવામાં આવશે અને ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) અને (૩) : કામ પ્રગતિમાં હોઈ બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**ભિલોડા તાલુકાના સરકી લીમડીથી વાંકાટીંબા-કંટાણું અને વિરપુરથી ચિત્રોડી સુધીનો લીંક રસ્તાને ડામરકામ**

૨૨૮૫૧૬ઑ. **અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના (૧) સરકીલીંમડીથી-વાંકાટીંબા કંટાળુનો અને (૨) વિરપુરથી ચિત્રોડી સુધીના લીંક રસ્તાને ક્યારે ડામર કરવામાં આવ્યો હતો,

(૨) આ રસ્તાઓ પર વાહન વ્યવહાર ચાલી શકે એમ નથી એ સરકારના ધ્યાનમાં છે, અને

(૩) જો હા, તો આ રસ્તાઓને સરકાર ક્યારે ડામર કરવા માંગે છે ?

**જવાબ**

(૧) સબરાકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના (૧) સરકીલીમડી થી વાંકાટીંબા-કંટાળું-ગ્રામ્ય કક્ષાના માર્ગને ૧૯૮૬-૮૭ દરમ્યાન ડામર કરવામાં આવ્યો હતો અને (૨) વિરપુર થી ચિત્રોડી સુધીનો લીંક રસ્તો-ગ્રામ્ય માર્ગ કક્ષાનો હયાત મેટલ સપાટી ધરાવે છે.

(૨) આ રસ્તા ઉપર હાલમાં વાહન વ્યવહાર ચાલુ છે.

(૩) ક્રમ નં. (૧) માટે નાણાંકીય ઉપલબ્ધતા મુજબ આયોજન કરવામાં આવશે ક્રમ નં. (૨) ને અપગ્રેડેશન અન્વયે ડામર સપાટી કરવા પી.એમ.જી.એસ.વાય યોજના હેઠળ વર્ષ ૨૦૦૭માં આયોજન કરવામાં આવેલ છે.

-----------

**રાજ્યના ધોરી માર્ગને નેશનલ હાઇવેમાં ફેરવવાની દરખાસ્ત**

૨૧૮૫૩ઑ. **જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના અગત્યના રાજ્ય ધોરીમાર્ગોને રાષ્ટ્રીય ધોરીમાર્ગમાં ફેરવવા કેન્દ્ર સરકાર સમક્ષ ક્યા રસ્તાઓ માટે કેટલીવાર દરખાસ્ત કરવામાં આવેલ છે, અને

(૨) આ દરખાસ્ત સામે કેન્દ્ર સરકારનો શો પ્રતિભાવ મળેલ છે ?

**જવાબ**

(૧) સરકારશ્રી દ્વારા તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાથેના *પત્રક મા દર્શાવ્યા મુજબ ૩૮ રસ્તાઓને નેશનલ હાઈવેમાં બદલવાની કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત કરવામાં આવી.

જે પેકી ૨૪ રસ્તાઓની ત્રણ વખત અને ૧૪ રસ્તાઓની એક વખત દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૨) કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં દાંડી માર્ગને નેશનલ હાઈવે નં. ૨૨૮ તરીકે જાહેર કરવામાં આવેલ છે. અને તા. ૧-૧૨-૨૦૦૬ના પત્રથી જણાવેલ છે કે હાલમાં હયાત રાષ્ટ્રીય ધોરીમાર્ગના અપગ્રેડેશન અને સપાટી સુધારણાના કામો હાથ પર લેવામાં આવેલ છે. રાજ્યની રજુઆતો અંગે ફંડની ઉપલબ્ધતા અને રસ્તાની અગત્યતા ધ્યાને લઈ જરૂરી નિર્ણય લેવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**પ્રાંતિજ-વિરમગામ રસ્તાનું કામ**

૨૧૯૬૯**શ્રી દિપસિંહ શં. રાઠોડ(પ્રાંતિજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પ્રાંતિજ-વિરમગામ રસ્તાનું કામ સરકાર ક્યારે પૂર્ણ કરવા માંગે છે ?

**જવાબ**

પ્રાંતિજ વિરમગામ રસ્તો હાલ હયાત માર્ગો દ્વારા જોડાયેલ છે.

-----------

**પવિત્ર યાત્રાધામ ગીરનાર ખાતે રોપ વે બનાવવા બાબત**

૨૧૮૩૪**શ્રી ભીખાભાઇ ગ.જોષી (માળીયા) :માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢના પવિત્ર યાત્રાધામ ગીરનાર ખાતે રોપ વે બનાવવાની કામગીરી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

**જવાબ**

(૧) રોપ વે બનાવવાની કામગીરી મે. ઉષા બ્રેકો ક્લક્ત્તાને સોંપવામાં આવેલ છે.

(૨) આ હેતુ માટે ૭૨૮૪૧ ચો.મી. જમીનનો કબજો

વન ખાતાએ ગુજરાત પ્રવાસન નિગમ લી.ને સોંપેલ છે.
(૩) ઉષા બ્રેકો લી. સાથે કરવાના કરાર ચકાસણી હેઠળ છે.
(૪) ગીરનાર રોપ વે બનાવવા નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ સૂચનાઓ મુજબની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

(૨) તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? — (૨) સત્વરે.

**બેચરાજી ટેમ્પલ ટ્રસ્ટના વિકાસ માટેનો માસ્ટર પ્લાન**

૨૧૮૪૭**શ્રી માલજીભાઈ દે. દેસાઈ(ચાણસ્મા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બેચરાજી ટેમ્પલ ટ્રસ્ટના વિકાસ માટેનો માસ્ટર પ્લાન કેટલા રૂપિયાનો મંજૂર કર્યો છે, | (૧) રૂા. ૧૧ કરોડ. |
| (૨) તેનું કામ ખૂબ જ ધીમુ ચાલે છે, તે રાજ્ય સરકાર જાણે છે, અને | (૨) આ હકિક્ત સાચી નથી. પાંચ કામો પૂર્ણ થયેલ છે. બાકી કામો પ્રગતિમાં છે. |
| (૩) આ માસ્ટર પ્લાન રાજ્ય સરકાર કેટલા સમયમાં પૂરો કરવા માંગે છે ? | (૩) સત્વરે. |

**અર્બન મિશન કાર્યક્રમ નીચે આવરી લેવાયેલ શહેરો**

૨૨૮૩૦**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં અર્બન મિશન કાર્યક્રમ હેઠળ કુલ કેટલા શહેરોને તા.૩૧-૧-૦૭ સુધીમાં આવરી લેવામાં આવેલ છે, | (૧) ચાર મહાનગરપાલિકાઓ<br>(૧) અમદાવાદ (૨) વડોદરા (૩) સુરત (૪) રાજકોટ. |
| (૨) આ કાર્યક્રમ અન્વયે ક્યા ક્યા કાર્યક્રમો હાથ ધરાનાર છે, અને | (૨) આ યોજનામાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, રેલ્વે પરના ઓવરબ્રીજ/ફ્લાય ઓવરબ્રીજ, બસ રેપીડ ટ્રાન્ઝીસ્ટ સીસ્ટમ જેવા કામોનો સમાવેશ થયેલ છે. શહેરી ગરીબોના આવાસ, તેમજ સંકલિત માળખાકીય સુવિધાઓ પુરી પાડવાના કામોનો પણ સમાવેશ થયેલ છે. |
| (૩) કુલ કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલ છે ? | (૩) ૭૩૬૭.૮૩ લાખ. |

**ગાંધીનગર શહેરમાં સેકટરવાર રહેણાંક્ના ખાલી પ્લોટ**

૨૨૦૨૦**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ગાંધીનગર ખાતે કેટલા રહેણાંક્ના પ્લોટ સેકટરવાર ખાલી પડયા છે, અને

**જવાબ**

(૧) ગાંધીનગરમાં બીન બદલીપાત્ર કર્મચારીઓની વિના હરાજીએ ફાળવવાના રાહતના દરના રહેણાંક્ના ખાલી પ્લોટની સેકટરવાર માહિતી નીચે મુજબ છે.

| સેકટર નંબર | ખાલી પ્લોટની સંખ્યા |
|---|---|
| ૧ | ૩૭ |
| ૨ | ૨૮ |
| ૩ | ૦૨ |
| ૪ | ૦૭ |
| ૫ | ૦૪ |
| ૬ | ૨૯ |
| ૭ | ૦૮ |
| ૮ | ૨૬ |
| ૧૨ | ૦૧ |
| ૧૩ | ૦૩ |
| ૧૪ | ૧૧ |

(૨) સચિવાલય સેવાના બિન-બદલીપાત્ર કેટલા કર્મચારીઓને આ રહેણાંક્ના પ્લોટ ફાળવવાના બાકી છે ?

(૨) સરકારની છેલ્લી સને-૨૦૦૧ ની નીતિ મુજબ મળવાપાત્ર નક્કી થયેલ તમામ બીન બદલીપાત્ર કર્મચારીઓને રહેણાંક્ના પ્લોટ

ફાળવવામાં આવેલ છે.

-----------

**ઉના તાલુકાના પંચાયત હસ્તકના રસ્તાઓની મરામત કામગીરી**

૨૨૨૧૯ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકાના પંચાયત હસ્તકના પંચાયત પેટા વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલા અને ક્યા રસ્તાઓની મરામત માટે દરખાસ્ત કરવામાં આવી,

(૨) તે પૈકી વિભાગીય કચેરી દ્વારા કેટલા રસ્તાઓની મરામત કરવા મંજૂરી અપાઇ અને મંજૂર થયેલ રસ્તાઓની મરામત કર્યા સિવાય બીલો બનાવવામાં આવ્યા છે, તેવી કેટલી ફરિયાદો છે,

(૩) તે અન્વયે કેટલા રસ્તાઓના કેટલી રકમના ખોટા બીલો બનાવવામાં આવ્યા, અને

(૪) જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધાં ?

**જવાબ**

(૧)

| અ.નં. | વર્ષ | રસ્તાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૦૫-૦૬ | ૨૬ |
| ૨ | ૨૦૦૬-૦૭ | ૩૮ |
| | કુલ : | ૬૪ |

(રસ્તાઓની યાદી પત્રક (૧) અને પત્રક (૨) મુજબ)

(૨) ૬૪ રસ્તા મંજુર કરેલ છે.
એક મોખિક ફરિયાદ મળેલ છે.

(૩) અને (૪) તપાસ કાર્યવાહી પ્રગતિમાં છે.

**પત્રક-૧**

**ઉના તાલુકાના પંચાયત હસ્તકના રસ્તાઓની મરામત કામગીરી**

**વર્ષ :-૨૦૦૫-૦૬**

| ક્રમ | કામનું નામ |
|---|---|
| ૧ | એલમપુર રાતડ રોડ |
| ૨ | સનવાવ ધ્રાબાવડ રોડ |
| ૩ | રાનાવાવ આલીદર રોડ |
| ૪ | આમોદ્રા એપ્રોચ રોડ |
| ૫ | સોનપરા બોડીદર ડોળાસા રોડ |
| ૬ | અંબાળા પાટીયાથી જુના ઉગલા રોડ |
| ૭ | ઉમેજ એપ્રોચ રોડ |
| ૮ | વરસીંગપુર એપ્રોચ રોડ |
| ૯ | કાળાપાણ એપ્રોચ રોડ |
| ૧૦ | પસવાળા એપ્રોચ રોડ |
| ૧૧ | સોદરડા સોદરડી એપ્રોચ રોડ |
| ૧૨ | માઢગામ સોખડા ચીખલી રોડ |
| ૧૩ | દાંડી સેજલીયાળા રોડ |
| ૧૪ | ભીયાળ એપ્રોચ રોડ |
| ૧૫ | ખાપટ ઝુડવડલી રોડ |
| ૧૬ | ફાટસર એપ્રોચ રોડ ૦/૦ થી ૧/૭૦૦ |
| ૧૭ | કોદીયા એપ્રોચ રોડ |
| ૧૮ | પાણખાણ એપ્રોચ રોડ |
| ૧૯ | ધોકડવા મોતીસર નીતલી રોડ |
| ૨૦ | રસુલપરા એપ્રોચ રોડ |
| ૨૧ | આંબાવડ એપ્રોચ રોડ |
| ૨૨ | ભીયાળ એપ્રોચ રોડ ૧/૦ થી ૩/૦ |
| ૨૩ | કાણેકબરડા એપ્રોચ રોડ |
| ૨૪ | શાણાવાંકીયા જામકા રોડ |
| ૨૫ | લુવારીમોલી ચારોલીમોલી વાંકીયા રોડ |
| ૨૬ | વિછીયા ઘોડાવડી રોડ |

તા. ૨૨મી માર્ચ, ૨૦૦૭
અતારાંકિત પ્રશ્નો

**પત્રક-૨**

## ઉના તાલુકાના પંચાયત હસ્તકના રસ્તાઓની મરામત કામગીરી
## વર્ષ :-૨૦૦૬-૦૭

| ક્રમ | કામનું નામ |
|---|---|
| ૧ | દેલવાડા ગુપ્તપ્રયાગ રોડ કીમી ૦/૦ થી ૨/૪૦ |
| ૨ | ધોકડવા મોતીસર નીતલી રોડ |
| ૩ | નાઠેજ સુલતાનપુર રોડ |
| ૪ | પસવાળા એપ્રોચ રોડ |
| ૫ | લેરકા એપ્રોચ રોડ |
| ૬ | ધ્રાબાવડ સનવાવ રોડ |
| ૭ | દેલવાડા વાસોજ રોડ |
| ૮ | કેસરીયા ભેભા રોડ |
| ૯ | ધોકડવા સાંદરડી રોડ |
| ૧૦ | ફુલકા આંકોલાલી રોડ |
| ૧૧ | સામતેર ગરાળ રોડ ૦/૦ થી ૨/૦ |
| ૧૨ | સીમર મોઠા રોડ ૦/૦ થી ૪/૦ |
| ૧૩ | ખાપટ ઝુડવડલી રોડ ૦/૦ થી ૪/૦ |
| ૧૪ | બંધારડા એપ્રોચ રોડ ૦/૦ થી ૪/૦ |
| ૧૫ | દાંડી સેજલીયા રોડ ૦/૦ થી ૩/૪૦ |
| ૧૬ | ટીબી વાંકીયા રોડ ૦/૦ થી ૫/૨૦ |
| ૧૭ | ફાટસર એપ્રોચ રોડ |
| ૧૮ | ફાટસર ઈટવાયા રોડ ૧૦/૦ થી ૧૧/૨૦ |
| ૧૯ | નાંદણ એપ્રોચ રોડ |
| ૨૦ | ઝાખરવાડા એપ્રોચ રોડ |
| ૨૧ | દુધાળા માણેકપુર રોડ |
| ૨૨ | ધોકડવા સણોસરી રોડ |
| ૨૩ | પસવાળા એપ્રોચ રોડ |
| ૨૪ | ઉના આમોદ્રા રોડ |
| ૨૫ | કોદીયા એપ્રોચ રોડ |
| ૨૬ | સોનપરા બોડીદર રોડ |
| ૨૭ | ફુલકા ધ્રાબાવડ રોડ |
| ૨૮ | ગઢડા ફરેરા રોડ |
| ૨૯ | વરસીંગપુર એપ્રોચ રોડ |
| ૩૦ | માઢગામ સોખડા રોડ |
| ૩૧ | ગરાળ મોઠા રોડ |
| ૩૨ | સીમાસી લેરકા રોડ |
| ૩૩ | રસુલપરા એપ્રોચ રોડ |
| ૩૪ | ચાચક્વડ મેણ ગુંદાળા રોડ |
| ૩૫ | ઉમેજ એપ્રોચ રોડ |
| ૩૬ | આબાવડ એપ્રોચ રોડ |
| ૩૭ | ગરાળ એપ્રોચ રોડ |
| ૩૮ | ચાચક્વડ મેણ ગુંદાળા ખીલાવડ રોડ |

-----------

**નગરપાલીકાઓ તથા મહાનગરપાલીકાઓમાં ઇ-ગવર્નન્સની કામગીરી**

૨૨૫૯૬**પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં નગરપાલીકા તથા મહાનગરપાલીકાઓમાં ઇ-ગવર્નન્સની કામગીરીનો અમલ કરવાથી નાગરિકોને કઇ કઇ જાતની સવલતો મળે છે ?

**જવાબ**

ઈ-ગવર્નન્સની કામગીરીથી નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાં નાગરિકોને નીચેની સવલતો મળે છે.

૧. લોક ફરિયાદ અને તેનું નિવારણ ઓન લાઈન ઝડપથી થઈ શકે છે.
૨. તમામ પ્રકારની માહિતી એક સાથે મળી શકે છે.
૩. ડેટા સર્ચ ઝડપી બનેલ હોવાથી જન્મ મરણના પ્રમાણપત્રો તુરત ઈસ્યુ કરી શકાય છે.
૪. માળખાકીય સુવિધાઓ અંગેના પ્રોજેક્ટ અને ટેન્ડર્સની માહિતી ઓન લાઈન મળી શકે છે.

-----------

**પ્રવાસન વર્ષ ૨૦૦૬ નિમિત્તે માર્ગોની સુધારણા કરવા બાબત**

૨૨૯૬૭ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રવાસન વર્ષ ૨૦૦૬ નિમિત્તે કેટલી લંબાઇના માર્ગોની સુધારણા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૨) આ કામગીરી દ્વારા કેટલા પર્યટન સ્થળોને જોડતા રસ્તાઓની સુધારણા થઇ ?

**જવાબ**

(૧) ૧૮૬.૧૩ કિ.મી.નાં માર્ગો અનુભાગોની સુધારણા માટે રૂા. ૩૩૯૦.૬૮ લાખ.

(૨) ૪૦ પર્યટન સ્થળોને જોડતા માર્ગોની સુધારણા થશે.

-----------

**પ્રવાસન વર્ષ ૨૦૦૬માં આંતરમાળખાકીય સુવિધાઓ આપવા બાબત**

૨૧૯૬૫**શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં આંતરમાળખાકીય સુવિધાઓના હેતુ માટે પ્રવાસન વર્ષ ૨૦૦૬ અંતર્ગત જિલ્લાવાર કેટલી રકમ ફાળવેલ છે ?

**જવાબ**

જિલ્લાવાર ફાળવેલ રકમ નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | ફાળવેલ રકમ (રૂા. કરોડ) |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૩.૦૦ |
| ૨. | અમરેલી | ૧.૫૦ |
| ૩ | આણંદ | ૨.૦૦ |
| ૪ | બનાસકાંઠા (પાલનપુર) | ૧.૫૦ |
| ૫ | ભરૂચ | ૧.૫૦ |
| ૬ | ભાવનગર | ૨.૦૦ |
| ૭ | દાહોદ | ૨.૦૦ |
| ૮ | ડાંગ | ૩.૦૦ |
| ૯ | ગાંધીનગર | ૧.૫૦ |
| ૧૦ | જામનગર | ૨.૦૦ |
| ૧૧ | જુનાગઢ | ૩.૦૦ |
| ૧૨ | નડીયાદ (ખેડા) | ૨.૦૦ |
| ૧૩ | ભુજ (કચ્છ) | ૩.૦૦ |
| ૧૪ | મહેસાણા | ૨.૦૦ |
| ૧૫ | નવસારી | ૧.૫૦ |
| ૧૬ | નર્મદા (રાજપીપળા) | ૧.૫૦ |

| | | |
|---|---|---|
| ૧૭ | ગોધરા (પંચમહાલ) | ૨.૦૦ |
| ૧૮ | પાટણ | ૨.૦૦ |
| ૧૯ | પોરબંદર | ૧.૫૦ |
| ૨૦ | રાજકોટ | ૧.૫૦ |
| ૨૧ | સાબરકાંઠા (હિંમતનગર) | ૧.૫૦ |
| ૨૨ | સુરત | ૨.૫૦ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૨.૦૦ |
| ૨૪ | વડોદરા | ૨.૫૦ |
| ૨૫ | વલસાડ | ૧.૫૦ |
| | **કુલ :-** | **૫૦.૦૦** |

-----------

**વાવ તાલુકાના ઢીમા તથા નડાબેટ નડેશ્વરી માતાના ધામને યાત્રાધામમાં સમાવવા બાબત**

૨૨૨૦૧**શ્રી હેમાજી દ. રાજપૂત(વાવ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના ઢીમા (ધરણીધર ભગવાન) તથા નળાબેટ નડેશ્વરી માતાનું ધામ આવેલ છે તો આ બંન્ને તીર્થોનો યાત્રાધામ વિકાસમાં સમાવેશ થયેલ છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેની મંજુરી મળેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો ક્યારે મળશે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો મંજુરી મળેલ હોય તો શી કામગીરી કરી છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**વલસાડ જિલ્લામાં ડીસ્ટ્રીકટ કોર્ટનું મકાન બનાવવા બાબત**

૨૨૨૩૨**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં ડીસ્ટ્રીકટ કોર્ટનું મકાન કેટલા સમયમાં બનાવવાનું આયોજન છે, અને | (૧) વહીવટી પ્રક્રિયાઓ ચાલુ હોઈ, સમયનું આયોજન નક્કી થયેલ નથી. |
| (૨) તે અન્વયે ડીસ્ટ્રીકટ કોર્ટના જજના રહેણાંક માટે પણ મકાનની સુવિધા ઉપલબ્ધ થશે કે કેમ ? | (૨) ના, જી. |

-----------

**ઈન્ટ્રીગ્રેટેડ ટાઉનશીપ પોલીસી**

૨૨૩૨૧**શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં રાજ્ય સરકારે રાજ્યમાં ઈન્ટ્રીગ્રેટેડ ટાઉનશીપ પોલીસી જાહેર કરી છે, અને | (૧) પોલીસીનો મુસદ્દો પરામર્શ માટે પ્રસિધ્ધ કરેલ છે. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ આ પોલીસીનું અમલીકરણ કઈ કઈ નગરપાલિકામાં કરવામાં આવે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના**

૨૨૩૮૩ **શ્રી કરસનભાઈ ભી. પટેલ(ગણદેવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રાજ્યના કેટલા જિલ્લાના કેટલા રસ્તાઓની યોજનાને કેટલી રકમની | (૧) વર્ષ ૨૦૦૫-૦૬ દરમિયાન પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રાજ્યના ૧૯ જિલ્લાના ૩૮૨ રસ્તાઓની યોજનાને રૂા. ૧૨૫.૧૦ કરોડની મંજૂરી મળેલ |

મંજુરી આપવામાં આવી છે, અને

(૨) આ યોજના દ્વારા કેટલા ગ્રામ/પરાને પ્રથમવાર ડામર સપાટીના રસ્તાનો લાભ મળશે અને કેટલી લંબાઈની સુધારણા થશે ?

છે.

(૨) આ યોજના ધ્વારા કુલ ૪૦૭ ગામ/પરાને પ્રથમવાર ડામર સપાટીનો લાભ મળશે અને ૧૮૬.૨૯ કિ.મી.ની લંબાઈની સુધારણા થશે.

-----------

**પ્રવાસન વર્ષ માટે ફાળવેલ રકમ**

૨૧૮૩૦ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૦૭ની સ્થિતિએ વર્ષ ૨૦૦૬-૦૭માં પ્રવાસન વર્ષ માટે ફાળવેલ રૂા. ૧૦૦ કરોડમાંથી કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) નીચે મુજબ રકમ ફાળવવામાં આવેલ છે.<br>૧. જિલ્લા તંત્રના કલેકટરશ્રીઓને રૂા. ૫૦ કરોડ<br>૨. ગુજરાત પ્રવાસન વિકાસ નિગમને રૂા. ૪૦ કરોડ<br>૩. વન પર્યાવરણ પ્રવાસન માટે વન સંરક્ષણશ્રીને રૂા. ૧૦ કરોડ |
| (૨) ક્યા ક્યા હેડ હેઠળ, અને | (૨) બજેટ સદર ૩૪૫૨ : પ્રવાસન માટે જરૂરી પૂર્વ સુવિધા (૧૯૦) જાહેરક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને સહાય (૦૧) ટીઆરએસ-૧-ગુજરાત પ્રવાસન નિગમ લી. ને અનુદાન પ્રવાસન પ્રોત્સાહન માટે જિલ્લા તંત્ર સહાય (આયોજન) હેઠળ ફાળવેલ છે. |
| (૩) જાન્યુઆરી-૦૭ની સ્થિતિએ ક્યા ક્યા કાર્યક્રમ હેઠળ કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું ? | (૩) રૂા. ૫૦ કરોડ સામે રૂા. ૧૦.૩૦ કરોડ<br>રૂા. ૪૦ કરોડ સામે રૂા. ૧૯.૭૧ કરોડ<br>રૂા. ૧૦ કરોડ સામે રૂા. ૦૦.૦૦ |

-----------

**જામનગર કાલાવડ હાપા રેલ્વે સ્ટેશનનો રસ્તો સ્ટેટ હસ્તક લેવા બાબત**

૨૧૮૩૮ડૉ. **દિનેશ પરમાર (જામનગર ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ જામનગર કાલાવડ નાકા બહારનો હાપા રેલ્વે સ્ટેશન તરફ જતો જિલ્લા પંચાયતના તાબાથી બદલી સ્ટેટના માર્ગ અને મકાનને સુપ્રત કરવાની દરખાસ્ત કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા, તો આ દરખાસ્ત કઈ તારીખે કરવામાં આવી, | (૨) તા. ૮-૭-૨૦૦૫ |
| (૩) આ દરખાસ્ત કરવાના કારણો શા છે, અને | (૩) સદર રસ્તા ઉપર હાપા રેલ્વે સ્ટેશન, માર્કેટીંગ યાર્ડ, જી.આઈ.ડી.સી. આવેલ હોય તેમજ રાજ્ય ધોરીમાર્ગને જોડતો હોઈ સદર રસ્તાનો બાયપાસ તરીકે ઉપયોગ થતો હોઈ ખૂબજ ટ્રાફીક્ના કારણે. |
| (૪) આ દરખાસ્ત સ્વાકારીને આ રસ્તો સ્ટેટ માર્ગ અને મકાન હસ્તક ક્યારે લેવામાં આવશે ? | (૪) વહીવટી પ્રક્રિયા પુર્ણ થયેથી |

-----------

**ખોખરાથી વિજ્યનગર અને ચિઠોડા સુધીના રસ્તાને કિસાનપથમાં લેવા બાબત**

૨૨૨૧૪ **શ્રીમતી રમીલાબેન બે. બારા(ખેડબ્રહ્મા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખોખરાથી વિજ્યનગર અને વિજ્યનગરથી ચિઠોડા સુધીના રસ્તાને "કિસાનપથ" | (૧) આ બન્ને રસ્તાઓનો પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ સપાટી સુધારણા અંતર્ગત કોરનેટ વર્કમાં |

તરીકે વિકસાવવા માગો છો કે કેમ,
(૨) જો હા, તો ક્યાં સુધી કાર્ય પૂર્ણ કરવામાં આવશે, અને
(૩) જો ના, તો ના સમાવવાના કારણો શા છે.

સમાવેશ કરેલ છે.
(૨) અને (૩)
પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ સપાટી સુધારણા અંતર્ગત કામ મંજુર થયેથી સ્તવરે.

-----------

**ખેડા જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મેડીકલ ઓફીસરનું સેટઅપ**

૨૨૩૨૬ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧ માર્ચ ૨૦૦૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાંના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મેડીકલ ઓફીસરનું સેટઅપ કેટલું છે,

(૨) કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ જગાઓ ભરવા માટે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧મી માર્ચ ૨૦૦૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાંના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મેડીકલ ઓફીસરનું સેટઅપ નીચે મુજબ છે.

| **પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર** | **મેડીકલ ઓફીસરની મંજુર થયેલ જગ્યાનું સેટઅપ** |
|---|---|
| ૫૦ | ૫૦ |

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ૫૦ જગ્યા પૈકી ૪૮ જગ્યા ભરેલી છે અને ૨ જગ્યા ખાલી છે.

(૩) તા. ૩૧મી માર્ચ ૨૦૦૬ના રોજ બે જગ્યા ખાલી હતી જે ખાલી જગ્યા એપ્રિલ-૨૦૦૬માં ભરવામાં આવેલ છે.

**સંખેડા તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો**

૨૨૯૭૫ **શ્રી કાંતિભાઈ ભા. તડવી(સંખેડા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ સંખેડા તાલુકામાં સામૂહિક આરોગ્ય દવાખાના કેટલા છે,

(૨) ક્યા ક્યા સ્થળે છે, અને

(૩) તેનું સંચાલન કોણ કરે છે ?

**જવાબ**

(૧) ૨ (બે)

(૨) સંખેડા અને ગોલાગામડી જિ. વડોદરા

(૩) સંખેડા સામુહિક આરોગ્ય કેન્દ્રનું સંચાલન સરકાર ધ્વારા કરવામાં આવે છે, જ્યારે ગોલાગામડી સામુહિક આરોગ્ય કેન્દ્રનું સંચાલન મંગલગ્રામ સેવાનિધિ ટ્રસ્ટ બહાદુરપુર વડોદરા કરે છે.

**ટંકારા અને પડધરી ખાતે નવી કોર્ટ શરૂ કરવા બાબત**

૨૨૩૭૯ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કાયદા વિભાગ દ્વારા ટંકારા અને પડધરી તાલુકામાં નવી કોર્ટો શરૂ કરવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યારથી ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વાપી જી.આઈ.ડી.સી.નું કામદાર રાજ્ય વીમા યોજનાનું દવાખાનું બિન ઉપયોગી હોવા બાબત**

૨૨૨૦૩**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાપી જી.આઈ.ડી.સી. સ્થિત કામદાર વીમા યોજનાનું દવાખાનું કામદારો માટે તદ્દન બિન-ઉપયોગી છે જે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વાગરા-ભરૂચ અને આમોદ તાલુકામાં પંચાયત હસ્તકના નવા રસ્તાઓને ડામરકામની મંજૂરી**

૨૨૯૩૫**શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧ જાન્યુ. ૦૭ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં વાગરા-ભરૂચ અને આમોદ તાલુકામાં પંચાયત હસ્તકના છેલ્લા બે વર્ષમાં કેટલા નવા રસ્તાઓને ડામરમાં ફેરવવા કેટલા ખર્ચ હેઠળ મંજૂરી આપવામાં આવી, | (૧) ૩૧ જાન્યુ.-૦૭ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં વાગરા-ભરૂચ અને આમોદ તાલુકામાં પંચાયત હસ્તકના છેલ્લા બે વર્ષમાં રૂા. ૧૪.૭૮ લાખના અંદાજી ખર્ચે એક કામને મંજૂરી અપાયેલ છે. |
| (૨) તે પેકી કેટલા રસ્તાના કામો પૂરા થયા, અને કેટલા કામો અધૂરા છે, | (૨) મંજૂર થયેલ એક કામ પ્રગતિમાં છે. |
| (૩) જે રસ્તાઓના કામો શરૂ કરવામાં આવ્યા નથી તેના કારણો શા છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૪) એપ્રિલ-૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

**સુરત જિલ્લામાં પ્રવાસન વર્ષ નિમિત્તે ફાળવેલ ગ્રાન્ટ**

૨૨૫૮૮**શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરત જિલ્લામાં ૨૦૦૬ના પ્રવાસન વર્ષ નિમિત્તે સરકારે કેટલી રકમ ક્યા ક્યા સ્થળો માટે ફાળવી, | (૧) નીચે જણાવેલ સ્થળોના વિકાસ માટે ફાળવવામાં આવી.<br>૧. ડુમસ સુલતાનાબાદ — રૂા. ૫૦.૦૦ લાખ<br>૨. ડોસવાડા, તા. સોનગઢ — રૂા. ૧૭.૦૦ લાખ<br>૩. દ્રોણ-(ગો મુખ) — રૂા. ૦૮.૦૦ લાખ |
| (૨) ફાળવેલ રકમ પેકીની કેટલી રકમ ક્યા સ્થળે ક્યા કામ માટે વાપરવામાં આવી, અને | (૨) રૂા. ૫૦.૦૦ લાખનું ખર્ચ ડુમસ-સુલતાનાબાદ માટે કરવામાં આવેલ છે. |
| (૩) બારડોલી તથા માંડવી તાલુકામાં ક્યા સ્થળે કેટલી રકમ વાપરવામાં આવી ? | (૩) બારડોલી તથા માંડવી તાલુકામાં કોઇ રકમ વાપરવામાં આવેલ નથી. |

-----------

**કચ્છ જિલ્લામાં ચિરંજીવી યોજનામાં ખાનગી ડૉક્ટર જોડાવા બાબત**

૨૨૯૮૩**ડૉ. નીમાબેન બ. આચાર્ય(અંજાર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ચિરંજીવી યોજના અંતર્ગત કેટલા ખાનગી ડૉક્ટર્સ જોડાયા છે, | (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ચિરંજીવી યોજના અંતર્ગત ૧૮ ખાનગી ડૉક્ટર્સ જોડાયા છે. |
| (૨) આ યોજના અંતર્ગત મેટરનીટી તેમજ નીયોનેટલ મેટરનીટીના દરમાં કેટલો સુધારો થયો, અને | (૨) આ યોજનાનો કચ્છ જિલ્લામાં જાન્યુઆરી-૨૦૦૭ સુધીમાં ૪૭૭૯ માતાઓએ લાભ લીધેલ છે. જે પેકી એકપણ માતાનું મૃત્યુ થયેલ નથી. આ માતાઓના એક માસની વય સુધીના બાળકો પેકી ૧૩ બાળકોના જ મૃત્યુ થયેલ છે.<br>રાજ્યના છેલ્લા ઉપલબ્ધ એક લાખ જીવીત જન્મે ૧૭૨ માતામૃત્યુ પ્રમાણને ધ્યાનમાં લેતાં કચ્છ જિલ્લામાં ચિરંજીવી યોજનામાં ૪૭૭૯ પ્રસુતિ પેકી ૮ માતાઓના મૃત્યુ થવાની સંભાવના હતી. પરંતુ આ પેકી એકપણ માતાનું મૃત્યુ થયેલ નથી. એટલે કે ૮ માતામૃત્યુ આ યોજના વડે અટકાવી શક્યા છીએ.<br>રાજ્યના છેલ્લા ઉપલબ્ધ એક હજાર જીવીત જન્મે |

૪૩ના નિયોનેટલ મોર્ટાલીટી રેટ મુજબ ઉપરોક્ત ૪૭૭૯ પ્રસુતિ પૈકીના કુલ ૨૦૫ બાળકોના પ્રથમ માસ દરમ્યાન મૃત્યુ થવાની સંભાવના હતી. જ્યારે ખરેખર આ પૈકી ૧૩ જ બાળકોના મૃત્યુ થયેલ છે એટલે કે એક માસની વય સુધીના ૧૯૨ બાળકોના મૃત્યુ આપણે અટકાવી શક્યા છીએ.

(૩) આ યોજનામાં કેટલો ખર્ચ થયો ?

(૩) કુલ રૂા. ૭૯,૮૨,૩૬૫/-નો ખર્ચ થયેલ છે.

-----------

**રાજ્યની મેડીકલ કોલેજોમાં અપૂરતા તબીબો**

૨૧૮૬૫**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં કેટલી ભૂતિયા મેડીકલ કોલેજો ચાલે છે, | (૧) એક પણ નહીં. |
| (૨) જો ના, તો મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા દ્વારા દર વર્ષે થતા ઈન્સ્પેક્શન દરમ્યાન કેટલા વર્ગ-૧ના તબીબી અધિકારીઓને અમદાવાદ સીવીલ હોસ્પિટલમાંથી ભાવનગર, રાજકોટ, સુરત કે અન્ય મેડીકલ કોલેજોમાં બદલી પ્રતિનિયુક્તિના ધોરણે મૂકવામાં આવે છે, | (૨) જરૂરિયાત જણાયે જાહેરહીતમાં કે સ્વેચ્છિક માંગણી મુજબ તબીબી અધિકારીઓને બદલી/પ્રતિનિયુક્તિથી મુકવામાં આવે છે. |
| (૩) આ સમય દરમ્યાન સીવીલ હોસ્પિટલની કેટલી સેવાઓ ઉક્ત તબીબોની ગેરહાજરીમાં ખોરંભે પડે છે, | (૩) ના, જી. |
| (૪) બદલી પ્રતિનિયુક્તિ ક્યારે સમાપ્ત કરવામાં આવે છે, અને | (૪) આ અંગે સમયાંતરે પરિસ્તિથતિ રીવ્યુ કરીને યોગ્ય પગલાં લેવામાં આવે છે. |
| (૫) તે કારણે અન્ય મેડીકલ કોલેજોના વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકીર્દિ પર શી અસર થાય છે ? | (૫) અન્ય મેડીકલ કોલેજોના વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકીર્દી પર તેની કોઇ અસર પડતી નથી. |

-----------

**પ્રવાસન વર્ષમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવા બાબત**

૨૨૨૮૭ **શ્રી રાકેશ રાવ(માતર)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા ઉજવાયેલ પ્રવાસન વર્ષમાં કેન્દ્ર સરકારને ગુજરાતના અગત્યના સ્થળોને રાષ્ટ્રીય લેવલે સમાવેશ કરી ગુજરાતમાં પ્રવાસીઓની સંખ્યા વધે તે માટે શું રજૂઆતો કરી છે, અને | (૧) કુલ રૂા. ૬૬૪૫.૬૮ લાખની રકમના ૧૮ પ્રોજેક્ટોની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલી છે. |
| (૨) કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને પ્રવાસન વર્ષ દરમ્યાન પ્રવાસીઓની સંખ્યામાં વધારો થાય તે માટે કોઈ મદદ કરેલ છે કે નહિં ? | (૨) આ પૈકી ૬ દરખાસ્તો કેન્દ્ર સરકારે મંજૂર કરી છે, જ્યારે બાકીની દરખાસ્તો કેન્દ્ર સરકારની વિચારણા હેઠળ છે. |

-----------

**રાજ્યમાં ચાલતા મદ્રેસાઓ**

૨૨૩૪૪ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યના સરહદી વિસ્તારમાં કુલ કેટલા મદ્રેસાઓ ચાલે છે, | (૧) ૬૧૩ |
| (૨) કેટલા કાયદેસર છે, | (૨) મદ્રેસા નિયમન કરવા માટે હાલ કોઇ અધિનિયમ નથી. |
| (૩) કેટલા બીન કાયદેસર છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) બીન કાયદેસર ચાલતા મદ્રેસાઓને બંધ કરવા સરકારે વિચારણ કરી છે કે કેમ ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**પ્રવાસન વર્ષમાં ભાવનગર અને અમરેલી જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ**

૨૨૭૦૦**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી(રાજુલા) :માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રવાસન વર્ષમાં ડીસેમ્બર-૦૬ની સ્થિતિએ ભાવનગર અને અમરેલી જિલ્લામાં ક્યા ક્યા પ્રવાસન સ્થળોનો વિકાસ કરવામાં આવેલ છે, અને

(૨) આ સ્થળોના વિકાસ માટે કેટલા રૂપિયાનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) **ભાવનગર જિલ્લાના પ્રવાસન સ્થળોની વિગત :-**

ભાવનગર જિલ્લાના ભાવનગર તાલુકાના ગામ ગુંદી-કોળયાક, કુડા-હાથબા, તળાજા તાલુકાના ગામ ગોપનાથ, ભાવનગર શહેરના વિક્ટોરીયા પાર્ક, ગંગાજળીયા તળાવ, પાલીતાણા, મહુવા તાલુકાના ગામ કતપર (ભવાની)ના પ્રવાસન સ્થળોનો વિકાસ શરૂ કરવામાં આવેલ છે.

**અમરેલી જિલ્લાના પ્રવાસન સ્થળોની વિગત :-**

* ભુરખીયા પ્લાન્ટેન્શન, વન કુટીર
* સરકેશ્વર બલાણા બીચ પ્લાન્ટેન્શન/વનકુટીર
* કામનાથ મહાદેવ અમરેલી
* ભુરખીયા હનુમાન મંદિર, તા. લાઠી
* અંટાળીયા મહાદેવ લીલીયા
* વીક્ટર પોર્ટ રાજુલા
* વારાહ સ્વરૂપ મંદિર
* સરકેશ્વર મંદિર જાફરાબાદ
* ખોડીયાર ડેમ ધારી
* રણુંજા મંદિર ખજુરી
* પાંડવ ગુફા તા. બાબરા
* ધારેશ્વર મંદિર, તા. રાજુલા
* કલાપી તીર્થ
* આંબરડી વન વિસ્તાર

(૨) ભાવનગર જિલ્લાના પ્રવાસધામો માટે કરેલ ખર્ચ રૂા. ૨.૬૭ લાખ અને અમરેલી જિલ્લાના પ્રવાસધામો માટે કરેલ ખર્ચ રૂા. ૫૦.૩૨ લાખ છે.

-----------

**પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં બનાસકાંઠા જિલ્લામાં બનેલ રસ્તાઓ**

૨૨૨૩૦ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોનો સમાવેશ કરી ગ્રામ સડક યોજનાના લાભો અપાયા, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ૬૮ રસ્તાઓને મળેલ મંજૂરી પ્રમાણે તાલુકાવાર નીચે મુજબ ૭૨ ગામો/પરાઓ પૈકી ૧૫ ગામ/પરાઓને કામો પૂર્ણ થતાં લાભ મળેલ છે.

| અ.નં. | તાલુકા | સમાવેશ ગામ/પરાઓની સંખ્યા | કામોપૂર્ણ થતાં પાકા રસ્તાઓના લાભ અપાયેલ ગામ/પરાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૧ | - |
| ૨ | અમીરગઢ | ૧ | - |
| ૩ | દાંતા | ૭ | - |
| ૪ | વડગામ | ૭ | - |
| ૫ | ડીસા | ૪ | - |
| ૬ | કાંકરેજ | ૧૯ | ૬ |

| | | | |
|---|---|---|---|
| ૭ | ભાભર | ૬ | ૧ |
| ૮ | દિયોદર | ૧૮ | ૮ |
| ૯ | થરાદ | ૫ | - |
| ૧૦ | વાવ | ૪ | - |
| | કુલ... | ૭૨ | ૧૫ |

(૨) કેટલા રસ્તાઓના કામ હજુ બાકી છે ?

(૨) મંજૂર થયેલ ૬૮ રસ્તાઓ પેકી ૫૩ રસ્તાઓના કામ બાકી છે.

-----------

**ધોરાજી ઉપલેટા હાઇવે પરનો પુલ રીપેર કરવા બાબત**

૨૨૪૬૩ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધોરાજી-ઉપલેટા હાઈવે પરનો પુલ જર્જરીત અને નબળો પડી ગયો હોઇ, આ પુલને રીપેર કરવાની કે પુનઃ ચાલુ કરવા માટેની કોઈ કાર્યવાહી ક્યા કારણસર હાથ ધરવામાં આવી નથી, અને

(૨) પુનઃ આ પુલ વહેલામાં વહેલા ક્યારે કામ કરતો થઇ જશે ?

**જવાબ**

(૧) અને (૨) આ પુલ ઘણો જુનો તથા સાંકળો હોઇ ભારે/મોટા વાહનો માટે બંધ કરેલ છે. જ્યારે હળવા વાહનો આ પુલ ઉપરથી પસાર થાય છે. ભારે વાહનો વેકલ્પિક રાષ્ટ્રીય ધોરીમાર્ગ બાયપાસ ઉપર પસાર થાય છે. આથી હાલના તબક્કે નવા પુલ બાંધકામનું આયોજન કરાયેલ નથી.

**ભાવનગર જિલ્લામાં દેવસ્થાનોના લાઈટબીલ બાબત**

૨૨૯૧૮ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય દેવસ્થાન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં રાજ્ય સરકાર હસ્તકના દેવસ્થાનોના લાઈટબીલની કુલ કેટલી રકમ વિદ્યુત ખાતાને ભરવાની બાકી છે, કઈ તારીખથી બાકી છે,

(૨) આટલા લાંબા સમયથી દેવસ્થાનોને લાઈટબીલ માટે અપાતી ગ્રાન્ટ નહીં આપવાના શા કારણો છે, અને

(૩) જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ અંગે ક્યારે ક્યારે દરખાસ્ત કરવામાં આવી ?

**જવાબ**

(૧) રૂા.૯,૬૭,૦૬૦ ની રકમ ભરવાની બાકી છે. તા.૨૭-૧૧-૦૬ થી.

(૨) ગુજરાત પવિત્રયાત્રાધામ વિકાસ બોર્ડ તરફથી દેવસ્થાનોને જે વાર્ષિક સખાવતિ ગ્રાન્ટ મંજૂર કરવામાં આવે છે તેમાંથી લાઇટબીલની રકમોની ચુકવણી દેવસ્થાનો દ્વારા કરવામાં આવે છે. પરંતુ આ સખાવતી ગ્રાન્ટ પછાત વિસ્તારના દેવસ્થાનો તેમજ દર્શાનાર્થે આવતા વિકલાંગો માટે સુવિધા ઉપલબ્ધ કરવા વિચારણા થયેલ હતી અને લાઇટબીલ તેમજ અન્ય ખર્ચા દેવસ્થાનની રોજબરોજની આવકમાંથી ખર્ચ કરવાની વિચારણા થયેલ હતી જેને કારણે.

(૩) જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તા.૨૭-૯-૦૫, તા.૨૧-૨-૦૬, તા.૨૧-૭-૦૬.

-----------

**નેશનલ અર્બન રિજીઓનલ મીશન કાર્યક્રમ અન્વયે અમદાવાદ શહેરને સુંદર બનાવવા બાબત**

૨૨૭૬૪ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિજીઓનલ મીશન અને રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ શહેરને સુંદર બનાવવા તા. ૩૧-૧-

**જવાબ**

(૧) પાણી પુરવઠા, ટ્રાન્સપોર્ટ, સીવરેજ, ડ્રેનેજ, શહેરી ગરીબો માટે આવાસ અને પાયાની સુવિધા અંગેના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવેલ છે.

૦૭ની સ્થિતિએ ક્યા પ્રોજેકટને મંજૂરી આપવામાં આવી છે,

(૨) આ પ્રોજેકટમાં કુલ કેટલો ખર્ચ થનાર છે, અને

(૩) આ પ્રોજેકટથી કઈ કઈ વધારાની સુવિધાઓ થનાર છે?

(૨) રૂા.૧૮૧૫.૪૯ કરોડ.

(૩) વિવિધ પ્રાયોજનામાં અર્બન ટ્રાન્સપોર્ટ હેઠળ શહેરની બસ રેપીડ ટ્રાન્સપોર્ટ હેઠળ શહેરની બસ રેપીડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમથી ઝડપી વાહન વ્યવહારની સુવિધા ગરીબો માટે આવાસોનું નિર્માણ અને પાયાની સુવિધાઓનો વિકાસ થશે.

-----------

**વિરમગામની સિનિયર ડીવીઝન કોર્ટને ગ્રાન્ટ ન આપવા બાબત**

૨૨૮૧૬ **શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સીનીયર ડીવીઝન કોર્ટને ગ્રાન્ટ અપાય છે જ્યારે વિરમગામ જિલ્લો અમદાવાદની સિનિયર ડિવિઝન કોર્ટને ગ્રાન્ટ આપવામાં આવતી નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેમ નથી અપાતી.

(૩) ક્યારે ગ્રાન્ટ આપવામાં આવશે, અને

(૪) આ કોર્ટોને ગ્રાન્ટેડ કરી અન્ય સિનિયર ડિવિઝન કોર્ટો જેવી સવલતો અપાશે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) તમામ સિનિયર ડિવિઝન કોર્ટો ગ્રાન્ટેડ હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**જસદણ તાલુકાના નાની લાખવડ નીનામાં ગામે બે તાલુકાને જોડતો પુલ બનાવવા બાબત**

૨૧૮૫૧ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના નાની લાખવડ અને નીનામા ગામે બે તાલુકા જિલ્લાને જોડતો પુલ ક્યારે મંજૂર કરવામાં આવ્યો, અને

(૨) આ કાર્યવાહી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ક્યા તબકકે છે ?

**જવાબ**

(૧) અને (૨) : પુલનું કામ મંજૂર થયેલ નથી પરંતુ નકશા, અંદાજો તેયાર થઇ રહેલ છે.

-----------

**ભાવનગર જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા બનાવેલ રસ્તામાં સરકારને મળેલ ફરિયાદો**

૨૧૮૬૧**શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં બનાવેલ રસ્તાઓ બાબત કેટલી ફરિયાદો સરકારને મળેલ, અને

(૨) આ ફરિયાદો બાબતે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૯ (નવ) ફરીયાદો મળેલ છે.

(૨) ફરીયાદો બાબતે રાજ્ય સરકારે જરૂરી તપાસની કાર્યવાહી હાથ ધરેલ છે.

-----------

**સરકારે શરુ કરેલ રાત્રિ કોર્ટો**

૨૧૯૭૭**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે રાજ્યમાં રાત્રિકોર્ટો શરુ કરી છે તે હકીકત ખરી છે,

(૨) જો હા, તો આ કામગીરી ક્યારથી ક્યાં ક્યાં શરુ કરવામાં આવેલ છે, અને

(૩) તેનો વ્યાપ અન્યત્ર વધારવા માંગો છો કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સાથેના પત્રક પ્રમાણે.

(૩) રાજ્યમાં તાલુકા કક્ષાએ પણ રાત્રિ કોર્ટો શરૂ કરવામાં આવી છે.

**પત્રક**

રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ કાર્યરત રાત્રિ કોર્ટોની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | સ્થળ | રાત્રિ કોર્ટની સંખ્યા | રાત્રિ કોર્ટ શરૂ કર્યા તારીખ |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ (ગ્રામ્ય) | ૧૭ | ૧૪-૧૧-૨૦૦૬ |
| ૨. | રાજકોટ | ૫ | ૧૪-૧૧-૨૦૦૬ |
| ૩. | મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદ | ૫ | ૧૪-૧૧-૨૦૦૬ |
| ૪. | મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદ | ૨ | ૨૩-૧૧-૨૦૦૬ |
| ૫. | ભરૂચ | ૧ | ૨-૧-૨૦૦૭ |
| ૬. | ક્લોલ જિ. ગાંધીનગર | ૫ | ૨-૧-૨૦૦૭ |
| ૭. | મહુવા જિ. ભાવનગર | ૧ | ૧૧-૧૨-૨૦૦૬ |
| ૮. | બોરસદ જિ. આણંદ | ૧ | ૨-૧-૨૦૦૭ |
| ૯. | સંખેડા<br>સાવલી<br>ડભોઈ જિ. વડોદરા | ૧<br>૨<br>૨ | ૨૯-૧૨-૨૦૦૬ |
| | કુલ :- | ૪૨ | |

-----------

**કચ્છ જિલ્લામાં તાલુકાવાર હેલ્થ સેન્ટરો**

૨૨૯૭૩ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા પબ્લીક હેલ્થ સેન્ટરો આવેલ છે,

**જવાબ**

(૧) પબ્લિક હેલ્થ સેન્ટરો

| ક્રમ | તાલુકો | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | સામુહિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|---|
| ૧ | ભૂજ | ૦૬ | ૦૨ |
| ૨ | માંડવી | ૦૪ | ૦૦ |
| ૩ | મુંદ્રા | ૦૨ | ૦૧ |
| ૪ | અંજાર | ૦૩ | ૦૧ |
| ૫ | ભચાઉ | ૦૪ | ૦૩ |
| ૬ | રાપર | ૦૬ | ૦૧ |
| ૭ | નખત્રાણા | ૦૫ | ૦૧ |
| ૮ | અબડાસા | ૦૪ | ૦૧ |
| ૯ | લખપત | ૦૩ | ૦૦ |

(૨) હેલ્થ સેન્ટરોમાં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ કેટલા સ્ટાફની ઘટ છે, અને

(૨) હેલ્થ સેન્ટરોમાં સ્ટાફની ઘટ

| ક્રમ | કેન્દ્ર | ઘટની સંખ્યા |
|---|---|---|
| ૧ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૯૫ |
| ૨ | સામુહિક આરોગ્ય કેન્દ્રો | ૧૮૧ |

(૩) તે ઘટ ક્યારે પૂરવામાં આવશે ?

(૩) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ અને કાર્યભારણ તથા લાયક ઉમેદવાર ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ.

જિલ્લા પંચાયત હસ્તકની જગ્યાઓ સંબંધિત જિલ્લા પંચાયત દ્વારા ભરવામાં આવે છે.

-----------

**ભૂજ-માંડવી રોડ ઉપરના સાંકળા પુલોને પહોળા કરવા બાબત**

૨૨૪૧૦ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ ભૂજ-માંડવી ઉપરના સાંકડા પુલોને પહોળા બનાવવાની કામગીરી ક્યારે પૂરી કરવામાં આવશે ?

**જવાબ**

તા. ૧૬-૯-૦૭ સુધીમાં પૂર્ણ કરવા આયોજન છે.

-----------

**પ્રવાસન વર્ષમાં ટુરીસ્ટ ગાઇડોને તાલીમ આપવા બાબત**

૨૨૨૦૮ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા(કરજણ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પ્રવાસન વર્ષ ૨૦૦૬ દરમ્યાન રાજ્યમાં કેટલા ટુરીસ્ટ ગાઇડોને તાલીમ આપવામાં આવી છે ?

**જવાબ**

૬૦૧ (છસો એક)

-----------

**રાજકોટ સરકીટ હાઉસમાં વી.આઇ.પી. રૂમો ધારાસભ્યશ્રીઓને ના મળવા બાબત**

૨૨૨૧૭**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ સરકીટ હાઉસમાં કુલ કેટલા વી.આઇ.પી. અને કેટલા સામાન્ય રૂમો છે,

(૨) તા.૬/૭ અને ૮ ફેબ્રુ,૦૭ ના દિવસોમાં આ વી.આઇ.પી. તેમજ સામાન્ય રૂમો કોના કોના નામે ફાળવેલ હતા, અને

(૩) વી.આઇ.પી. રૂમો ખાલી હોવા છતાં ધારાસભ્યોને આ રૂમો ફાળવવામાં ના પાડવામાં આવે છે તે સામે સરકાર શાં પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

(૧) કુલ ૩૫ રૂમો છે.

(૨) સામેલ *પત્રકો મુજબ રૂમોની ફાળવણી કરવામાં આવેલ.

(૩) રૂમોની ઉપલબ્ધી ધ્યાને લઈ ફાળવણી કરવામાં આવતી હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**પ્રવાસન વર્ષમાં ટુરિસ્ટ ગાઇડોને તાલીમ**

૨૨૨૧૩**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા(શહેર કોટડા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પ્રવાસન વર્ષ ૨૦૦૬ દરમ્યાન રાજ્યમાં કેટલા ટુરીસ્ટ ગાઇડોને તાલીમ આપવામાં આવી છે ?

**જવાબ**

૬૦૧ (છસો એક)

----------

**આણંદ જિલ્લામાં નગર નિયોજકની કચેરી**

૨૨૮૫૩ **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નગર નિયોજકની કચેરી કાર્યરત છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો ના, તો શા કારણોસર આણંદ જિલ્લામાં નગર નિયોજકની કચેરી કાર્યરત નથી, અને | (૨) ખેડા જિલ્લાનું ખેડા અને આણંદ એમ બે જિલ્લાઓમાં વિભાજન કરાતાં આણંદ જિલ્લાની કામગીરી નગર નિયોજક, નડીયાદ જિલ્લા કચેરી દ્વારા કરવામાં આવતી હોવાથી આણંદ જિલ્લામાં નગર નિયોજકની સ્વતંત્ર જિલ્લા કચેરી કાર્યરત નથી. |
| (૩) આ કચેરી કાર્યરત કરવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) સને ૨૦૦૭-૨૦૦૮ના અંદાજ પત્રકમાં નવી કચેરી શરૂ કરવાની નાણાકીય જોગવાઈ સુચવાયેલ છે. |

----------

**સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન કરવા બાબત**

૨૨૪૬૨ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ દરમ્યાન ક્યારે ક્યારે રાજ્યની સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન કરવામાં આવ્યું, | (૧) સંકલન એ સતત પ્રક્રિયા છે. સરકારના જુદા જુદા વિભાગો પોતાની યોજનાઓ અને કાર્યક્રમોના અમલીકરણ માટે સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સંકલન જુદા જુદા સ્તરે જરૂરીયાત મુજબ કરે છે. રાજ્યસ્તરે, ઉદાહરણ તરીકે વર્ષ ૨૦૦૪-૦૫માં દક્ષિણ ભારતમાં આવેલ સુનામી વખતે, તા. ૨૯-૧૨-૦૪ના રોજ અને વર્ષ ૨૦૦૫-૦૬માં વડોદરા અને આસપાસના વિસ્તારોમાં અતિવૃષ્ટિ થતાં, તા. ૪-૭-૦૫ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે બેઠક બોલાવીને સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સંકલન કરવામાં આવેલ હતું. |
| (૨) આ સ્વૈચ્છિક સંકલનનો રાજ્યના વિકાસના ક્યા ક્યા કાર્યોમાં ઉપયોગ કરવામાં આવ્યો, અને | (૨) રાજ્ય સરકારના જુદા જુદા વિભાગો જેવા કે આરોગ્ય અને પરિવાર કલ્યાણ, અન્ન અને નાગરિક પુરવઠા, શિક્ષણ, ગ્રામ વિકાસ, કૃષિ અને ગોસંવર્ધન, સિંચાઈ, શ્રમ અને રોજગાર, મહિલા અને બાળ વિકાસ વગેરે, વિકાસ કામો માટે પોતાની જરૂરરીયાત મુજબ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સંકલન કરે છે. |
| (૩) આ સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન કરવાની અને સમયાંતરે બેઠકો બોલાવીને રાજ્યના વિકાસમાં સહભાગી થવા માટેના કોઇ નિયમો હાલમાં પ્રવર્તમાન છે કે કેમ ? | (૩) ના, જી. આ વિભાગ હેઠળ આ માટે કોઈ નિયમો ઘડેલા નથી પરંતુ વિભાગવાર પોતાની યોજનાઓ/કાર્યક્રમો માટે પોતાના અલાયદા નિયમો અને માર્ગદર્શક સિધ્ધાંતોનો અમલ થાય છે. |

----------

**કડાણા અને સંતરામપુર તાલુકામાં માર્ગોને રીપેર કરવા બાબત**

૨૨૨૩૭**શ્રી પ્રબોધકાંત દા. પંડ્ય ા (સંતરામપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકાર દ્વારા કડાણા અને સંતરામપુર તાલુકામાં માર્ગોના રીપેરીંગ માટે સરકાર દ્વારા તા.૧-૧-૦૬ થી તા.૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલા નાણાંની ફાળવણી કરવામાં આવેલ છે, અને | (૧) તાલુકાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. |
| (૨) ડીસે.૦૬ સુધીમાં કેટલા નાણાં વપરાયાં ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ખેડા માતર પાસે બાયપાસ રોડ જરૂર કરતાં વધારે ઉંચો હોવા બાબત**

૨૨૭૬૨**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫માં ખેડા જિલ્લાના માતર તાલુકામાં શેઢી નદીમાં પૂરના કારણે ખેડા માતર પાસે બાયપાસ રોડ જરૂર કરતાં વધારે ઉંચાઇના કારણે અગિયારથી વધારે ગામ ડુબી ગયા પછી આ પાણીના નિકાલ અર્થે નવા નાળા બનાવવા કેટલી ગ્રાન્ટ કોણે ફાળવી,

(૨) આ બાબતે સરકારે ક્યારે સર્વે કરાવ્યો,

(૩) કેટલો ખર્ચ આવવાની શક્યતા છે, અને

(૪) આવા અતિ સંવેદનશીલ પ્રશ્ન ઉપર ઢીલી નીતિના સરકારના શાં કારણો છે ?

**જવાબ**

(૧) ખેડા બાયપાસ રાષ્ટ્રીય ધોરીમાર્ગ છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગના કામો માટે કેન્દ્ર સરકાર દ્વારા કામવાર ગ્રાન્ટની ફાળવણી થતી નથી. પરંતુ વાર્ષિક જોગવાઈ સામે કામો મંજૂર કરવામાં આવે છે. આ કામના રૂા. ૩૭૧.૬૨ લાખના નકશા અંદાજો તા. ૨૪-૮-૦૬ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરાયેલ છે. જેના ટેન્ડર મેળવવામાં આવેલ છે.

(૨) વર્ષ ૨૦૦૫-૦૬ માં.

(૩) રૂા. ૩૭૧.૬૨ લાખ.

(૪) કાર્ય પ્રક્રિયામાં છે તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**વેરાવળના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલ મહેકમ**

૨૨૪૭૧ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વેરાવળ ખાતેના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે અને તેમાંથી તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ ભરાયેલ જગ્યાઓ કેટલી, અને

(૨) બાકી રહેલી જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માગે છે ?

**જવાબ**

(૧) મંજૂર મહેકમ

| ક્રમ | સંવર્ગ | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧. | વર્ગ-૧ | ૦૪ |
| ૨. | વર્ગ-૨ | ૦૫ |
| ૩. | વર્ગ-૩ | ૧૬ |
| ૪. | વર્ગ-૪ | ૧૨ |
| | કુલ.. | ૩૭ |

ભરાયેલ જગ્યાઓ

| ક્રમ | સંવર્ગ | ભરાયેલ જગ્યાઓ |
|---|---|---|
| ૧. | વર્ગ-૧ | ૦૧ |
| ૨. | વર્ગ-૨ | ૦૫ |
| ૩. | વર્ગ-૩ | ૧૫ |
| ૪. | વર્ગ-૪ | ૦૮ |
| | કુલ : | ૨૯ |

(૨) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ તથા લાયક ઉમેદવાર ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ.

-----------

**બાવળા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલ મહેકમ**

૨૨૫૨૪ **શ્રી કાંતિલાલ ૨ા. લકુમ(બાવળા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકા મથકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કુલ મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) ૨૭ (સત્યાવીસ)

| | |
|---|---|
| (૨) તે પેકી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મુજબ કેટલી જગ્યાઓ તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ ખાલી છે, અને | (૨) ૧૩ (તેર) |
| (૩) આ ખાલી જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે ? | (૩) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ તથા લાયક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ. |

-----------

**વઢવાણ ફુલગ્રામ રોડ પર પુલ બનાવવા બાબત**

૨૨૦૨૬**શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વઢવાણ-ફુલગ્રામ રોડ ઉપર સાસુવહેણનો કોઝવે ૪ ફુટ નીચો હોવાને કારણે દર ચોમાસામાં વાહનવ્યવહાર ખોરવાઇ જાય છે તે હકીકત સરકાર જાણે છે, અને | (૧) ચોમાસામાં અતિ ભારે વરસાદ હોય ત્યારે થોડો સમય વાહન વ્યવહાર બંધ રહેવા પામે છે. |
| (૨) જો હા, તો આ જગ્યાએ પુલ બનાવવાનું સરકારનું શું આયોજન છે ? | (૨) નાણાકીય ઉપલબ્ધતા અનુસાર વિચારવામાં આવશે. |

-----------

**ભીલોડીયાથી કાશીપુરા રોડ મંજૂર થવા બાબત**

૨૨૯૮૧**શ્રી ચંદ્રકોત મો. પટેલ (ડભોઇ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભીલોડીયાથી કાશીપુરા રોડ ઘણા વખતથી મંજૂર થયેલ છે તેનો સમાવેશ ક્યા હેડમાં કરેલ છે, | (૧) ભીલોડીયા-કાશીપુરા રોડ મંજૂર થયેલ નથી. |
| (૨) તેનું કામ ક્યારે શરુ કરવા સરકાર માંગે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ રોડનું કામ કેટલા સમયમાં પૂર્ણ થવાની ધારણા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**શ્રી ભોજબાપા વિદ્યાલયના નામથી ચાલતી માધ્યમિક શાળા**

૨૦૫૧૬ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલીતાણા તાલુકાના મોરચુપણા ગામે શ્રી કામળીયા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા શ્રી ભોજબાપા વિદ્યાલયના નામથી માધ્યમિક શાળા ચલાવવામાં આવે છે. તેના સંચાલક મંડળમાં ભારતીય નાગરિક ન હોય તેવી વ્યક્તિઓના નામો તાજેતરમાં ફેરફાર રિપોર્ટસથી નોંધાયા છે તેની માહિતી સરકારને છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તેવી ગેરકાયદેસર પ્રવૃત્તિ બદલ સરકારે લીધેલા કે લેવા ધારેલા પગલાંની વિગતો શી છે ? | (૨) આ અંગે ચેરીટી કમિશ્નરશ્રી અને જિલ્લા ક્લેકટરશ્રી દ્વારા તપાસ ચાલુ છે. |

**રાજકોટની સિવિલ હોસ્પિટલનું સંચાલન ખાનગી સંસ્થાને સોંપવા બાબત**

૨૨૮૭૪ **શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટની સિવિલ હોસ્પિટલનું સંચાલન | (૧) ના, જી. |

| | |
|---|---|
| રાજ્ય સરકાર દ્વારા કોઇ ખાનગી સંસ્થાને સોંપવાનું વિચારી રહી છે તે હકીક્ત સાચી છે, | |
| (૨) જો હા, તો કઇ ખાનગી સંસ્થાને સોંપવામાં આવનાર છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ હોસ્પિટલનું સંચાલન ખાનગી સંસ્થાને સોંપવાના કારણો શાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ચોટીલા તાલુકાના ચામુંડા માતાના મંદિરને યાત્રાધામમાં લેવા બાબત**

૨૨૦૧૯ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના સુપ્રસિધ્ધ તરણેતર અને ચોટીલા ચામુંડા માતાજીના મંદિરને યાત્રાધામ તરીકે સમાવેશ કરવા કાર્યવાહી ચાલે છે કે કેમ, અને | (૧) ના. જી. |
| (૨) જો ના, તો બન્ને સ્થળોને તીર્થધામ તરીકે સમાવેશ ન કરવા ક્યા કરણો છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ઉમરગામ તાલુકાના સરીગામ ફણસા રોડનું કામ**

૨૨૦૬૯**શ્રી શંકરભાઈ મં. વારલી(ઉમરગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરીગામ-ફણસા રોડનું કામ છેલ્લા બે વર્ષથી ચાલુ છે તે કામ તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) મંજુર કામગીરી પેકી ૪.૩ કી.મી. લંબાઈમાં વાઈડનીંગની મેટલીંગ સુધીની કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૨) કેટલું કામ બાકી છે, અને | (૨) અને (૩) |
| (૩) આ બાકી કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે અને કેટલો ખર્ચ થશે ? | ડામર કામની કામગીરી બાકી છે જે એપ્રિલ-૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. આ કામ પેટે આશરે ૪૫ લાખનો અંદાજી ખર્ચ થશે. |

-----------

**બારમાં નાણા પંચમાં કેન્દ્ર સરકારની સહાય**

૨૨૭૧૯ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બારમા નાણા પંચની કેન્દ્ર સરકારની કુલ કેટલી સહાય મળનાર છે, અને | (૧) રૂપિયા ૪૧૪/- ક્રોડની સહાય મળનાર છે. |
| (૨) આ સહાય પેકી કેટલી રકમ ૨૦૦૫-૨૦૦૬ ના વર્ષમાં મળેલ છે ? | (૨) રૂપિયા ૮૨.૮૦ ક્રોડ. |

-----------

**અમરેલી નગરપાલિકામાં ગોરવપથનું કામ**

૨૨૭૫૯**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી નગરપાલીકામાં ગોરવપથનું કામ ક્યારે અને કેટલી રકમનું મંજૂર કરવામાં આવેલ છે, | (૧) ગોરવપથ માટે જે તે નગરપાલિકાએ રસ્તાઓ નક્કી કરવાના હોય છે. ગોરવપથ માટે અલગ ફંડ ફાળવવામાં આવતું નથી.<br>રસ્તાના હેતુ માટે ફાળવેલ ફંડમાંથી |

નગરપાલિકાઓ ગોરવપથના કામ માટે ગ્રાન્ટનો ઉપયોગ કરે છે.

(૨) તે પેકી ગોરવપથ અમરેલીનું કામ તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ કામ કોના મારફત કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

### બનાસકાંઠા જિલ્લામાં ટાઉન પ્લાનીંગ એકટની કલમ ૬ બી અન્વયેની અપીલો

૨૨૯૬૨ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ટાઉન પ્લાનીંગ એકટની કલમ ૬ બી અન્વયે સને કેલેન્ડર વર્ષ ૨૦૦૬ દરમ્યાન બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી સમક્ષ કેટલી અપીલો દાખલ થઇ,

(૧) ૩ (ત્રણ)

(૨) તેની સુનાવણી ક્યારે થઇ,

(૨)

| અપીલ નંબર | સુનાવણીની તારીખ |
|---|---|
| અપીલ નં. ૧/૨૦૦૬ | તા. ૨૬-૦૭-૨૦૦૬ |
| અપીલ નં. ૨/૨૦૦૬ | તા. ૨૬-૦૭-૨૦૦૬ |
| અપીલ નં. ૩/૨૦૦૬ | તા. ૧૭-૦૧-૨૦૦૭ |

(૩) કેટલી અપીલના ચુકાદા આપેલ છે, અને

(૩) ૩ (ત્રણ)

(૪) કેટલી અપીલોના ચુકાદા બાકી છે ?

(૪) શુન્ય

-----------

### પાલીતાણાને યાત્રાધામ તરીકે વિકસાવવા બાબત

૨૨૦૭૩ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પાલીતાણાને યાત્રાધામ તરીકે વિકસાવાઇ રહ્યું છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો આંતરરાષ્ટ્રીય ટુરિસ્ટોને સગવડતા મળી રહે તે માટે આંતરારાષ્ટ્રીય કક્ષાની કોઇ સુવિધા ઉભી કરવામાં આવી છે, કે કેમ

(૩) જો હા, તો કઇ કઇ સુવિધા ઉભી કરી છે, અને

(૨) અને (૩)

આંતર રાષ્ટ્રિય સુવિધાઓ ઉભી કરવાનો પ્રશ્ન નથી. કેમ કે આ યાત્રાધામ ખાતે આંતરમાળખાકીય પ્રવાસન સુવિધાઓ અને પ્રવાસી સવલતો ઉભી કરવાનું આયોજન છે. જેનો લાભ આંતરરાષ્ટ્રિય ટુરીસ્ટોને મળી શકે છે.

(૪) ભવિષ્યમાં કઇ સુવિધા ઉભી કરવાનું આયોજન છે ?

(૪) નીચેની સુવિધા સભરના વિકાસ કામો હાથ ધરાનાર છે.

-- ભેરવનાથ ચોકીથી તળેટી સુધી પ્રોવાઈડીંગ, કર્બીંગ એન્ડ રેલીંગનું કામ

-- તળેટી ખાતે કોમ્યુનીટી ટોઈલેટ (ત્રણ બ્લોક)

-- ફાઉન્ટેન સર્કલ એન્ડ ડેકોરેટીવ લાઈટીંગ પોલ

-- કંપાઉન્ડ વોલ દીનદયાળ બાગ

-- પ્રોવાઈડીંગ પેવર બ્લોક ઈન દીનદયાલ બાગ

-----------

**મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર દ્વારા રેઇટ કોન્ટ્રાકટથી સરકારી દવાખાનામાં દવાઓ પૂરી પાડવા બાબત**

૨૨૮૫૫ ડૉ. **અનિલ જોષીયારા(ભીલોડા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર દ્વારા રેઇટ કોન્ટ્રાકટથી સરકારી દવાખાનાઓમાં પૂરી પાડવામાં આવેલ દવાઓની લેબોરેટરી ચકાસણી બાદ હલકી કક્ષાની દવાઓ જણાઇ હોય તેવી કેટલી કંપનીઓ તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જણાઇ આવી, | (૧) ૭૧ કંપનીઓની દવાઓ અપ્રમાણસર જણાઈ. |
| (૨) કેટલી અને કઇ કઇ કંપનીઓ પાસેથી આવી દવાઓની કિંમત વસુલાઇ કે બદલામાં અન્ય દવા ખરીદાઇ, અને | (૨) કુલ ૬૬ (છાસઠ) કંપનીઓ (*પત્રક - બ મુજબ) |
| (૩) કઇ કઇ કંપનીઓને બ્લેક લીસ્ટ કરવામાં આવી છે ? | (૩) ૩૫ કંપનીઓને સંબંધિત આઈટમો માટે જ્યારે ૧ કંપનીને બધી જ ઈન્જેક્ટેબલ આઈટમો માટે ડી બાર કરવામાં આવી છે. (* પત્રક - ક મુજબ) |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**એશિયન ડેવલપમેન્ટ બેંકે માર્ગ અને મકાન વિભાગને માર્ગ મરામત અને નવીનીકરણ માટે આપેલ રકમ**

૨૧૮૫૪ ડૉ. **જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬ના વર્ષમાં એશિયન ડેવલપમેન્ટ બેંકે માર્ગ અને મકાન વિભાગને કુલ કેટલી રકમ માર્ગ મરામત અને નવીનીકરણ માટે ફાળવી, અને | (૧) એડીબી સહાયિત યોજના હેઠળ વર્ષ ૨૦૦૫-૦૬ માં ગ્રામ્ય માર્ગોનાં નવીનીકરણ માટે રૂા. ૪૦૨૦.૪૫ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૨) તા.૩૧-૩-૦૬ સુધીમાં એ.ડી.બી. ની આ મળેલ રકમમાંથી અમદાવાદ જિલ્લાના કેટલા માર્ગો મંજૂર કરવામાં આવ્યા અને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી ? | (૨) અમદાવાદ જિલ્લાનાં ૫૦ માર્ગોની યોજનામાં રૂા. ૧૮૫.૧૨ લાખનો ખર્ચ થયેલ છે. |

-----------

**જૂનાગઢ તાલુકાના ખડિયા ગામે ગુડાજલી નદી ઉપરનો પુલ પહોળો કરવા બાબત**

૨૧૮૩૬**શ્રી ભીખાભાઇ ગ.જોષી (માળીયા)** :**માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| જૂનાગઢ તાલુકાના ખડીયા ગામ પાસે ગુડાજલી નદી પર પુલ પહોળો કરવા સરકારે શું આયોજન કરેલ છે ? | બજેટમાં સમાવેશ છે. પુરતી જોગવાઈ ન હોઈ હાલ આયોજન નથી. |

-----------

**સરકારી હોસ્પિટલોનું ખાનગીકરણ કરવા બાબત**

૨૧૮૪૬**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| શું રાજ્યમાં સરકારી હોસ્પિટલોનું ખાનગીકરણ કરવાનું છે, ત્યારે ખાનગી હોસ્પિટલોના ડોકટરો દર્દીઓને બેફામ ચીરે છે તો સરકાર કેમ કોઇ પગલાં ભરતી નથી ? | ના, જી, દર્દીઓને વધુ સારી તબીબી સારવાર/સેવા ઉપલબ્ધ કરી શકાય તે માટે સેવાભાવી સંસ્થાઓ સાથે લોકભાગીદારીથી આરોગ્ય સેવાઓને વધુ કાર્યક્ષમ બનાવવાના હેતુથી કેટલીક સરકારી હોસ્પિટલોનું સહયોગી સંચાલન કરવા માટેના પ્રયો હાથ ધરવામાં આવેલ છે. આમ સરકારી હોસ્પિટલોનું ખાનગીકરણ કરવામાં આવનાર નથી. |

-----------

**ઉના ખાતે જોઇન્ટ ડીસ્ટ્રીકટ કોર્ટ મંજુર થવા બાબત**

૨૨૨૨૦**શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાં ઉના ખાતે જોઇન્ટ ડીસ્ટ્રીકટ કોર્ટ મંજુર થયા પછી તેની કામગીરી તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) આ કોર્ટ શરૂ કરવા સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરી કાર્યવાહી શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) જોઈન્ટ ડીસ્ટ્રીકટ કોર્ટ શરૂ કરવાની પ્રક્રીયા ચાલુ છે.

(૨) ઉના ખાતે સૂચિત કોર્ટ શરૂ કરવા માટે નાણાં વિભાગ દ્વારા નીચે મુજબની સંવર્ગવાર જગ્યાઓમાંથી મંજૂર થયેથી કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

| જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|
| (૧) વધારાના જિલ્લા ન્યાયાધીશ | ૦૧ |
| (૨) અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૨ | ૦૧ |
| (૩) ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ | ૦૧ |
| (૪) કલાર્ક ઓફધી કોર્ટ/રજીસ્ટ્રાર | ૦૧ |
| (૫) નાઝર (સીની. કલાર્ક) | ૦૧ |
| (૬) સીનીયર કલાર્ક | ૦૧ |
| (૭) જુનીયર કલાર્ક | ૦૬ |
| (૮) કોપીંગ કલાર્ક | ૦૧ |
| (૯) બેલીફ | ૦૨ |
| (૧૦) પટાવાળા | ૦૨ |
| (૧૧) વોચમેન | ૦૧ |
| (૧૨) સ્વીપર (પાર્ટ ટાઈમ) | ૦૧ |
| (૧૩) વોટર સરવર (પાર્ટ ટાઇમ) | ૦૧ |
| કુલ : | ૨૦ |

અથવા ""નાણા વિભાગ અને ના. હાઈકોર્ટના પરામર્શમાં જગ્યાઓ નિયત થયેથી""

-----------

**જૂના સચિવાલય ખાતે ઓફિસોમાં રીનોવેશન કામ**

૨૨૯૬૬**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ ગાંધીનગર જૂના સચિવાલય ખાતે કેટલા બ્લોકોમાં, ઓફિસોમાં રીનોવેશનના કામ ચાલુ છે,

(૨) તે પૈકી કેટલા બ્લોકોમાં કોન્ટ્રાકટરો દ્વારા રીનોવેશનના કામ બાકી છે, અને

(૩) જો કામ બાકી હોય તો સરકાર કેટલા સમયમાં રીનોવેશનના કામ કરાવવા માંગે છે ?

**જવાબ**

(૧) ડૉ. જીવરાજ મહેતા ભવન ખાતે માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૧૮ બ્લોકમાં આંશિક સુધારા વધારાની કામગીરી ચાલુ છે.

(૨) ૧૮ બ્લોકમાં સુધારા વધારાના કામો બાકી છે, તે પ્રગતિમાં છે.

(૩) વર્ષ ૨૦૦૭-૨૦૦૮માં પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**સુપ્રસિધ્ધ દાંડીના વિકાસ માટે કેન્દ્ર સરકારે મંજૂર કરેલ રકમ**

૨૧૯૬૬ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુપ્રસિધ્ધ દાંડીના વિકાસ માટે તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ ભારત સરકાર તરફથી કેટલી રકમ મંજુર કરવામાં આવી છે, અને

**જવાબ**

(૧) ભારત સરકાર દ્વારા સ્થળના વિકાસ અને આંતરમાળખાકીય સુવિધા અંતર્ગત દાંડીના વિકાસ માટે રૂા. ૩૮૦.૨૭ લાખ અને દાંડી ગ્રામ્ય પ્રવાસન વિકાસ

| | |
|---|---|
| | અંતર્ગત રૂા. ૫૦.૦૦ લાખ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) આ પ્રોજેક્ટ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) સત્વરે. |

-----------

**ચેરીટી તંત્ર દ્વારા ટ્રસ્ટોના કરેલ ઓડીટ**

૨૨૨૩૩**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી, ૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચેરીટી તંત્ર દ્વારા જિલ્લાવાર કુલ કેટલા ટ્રસ્ટોના ઓડિટ કરવામાં આવ્યા, | (૧) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમની જોગવાઈઓ મુજબ ચેરિટીતંત્રની કચેરીઓ દ્વારા કોઈ ટ્રસ્ટના ઓડીટ કરવાનાં હોતાં નથી, પરંતુ મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ની કલમ-૩૨ અન્વયે ટ્રસ્ટીઓએ હિસાબો નિયમિત રાખવા કલમ-૩૩ અન્વયે દરેક વર્ષના માર્ચ મહીનાની ૩૧ તારીખે સરવેયુ તેયાર કરી અધિકૃત ઓડીટર મારફત ઓડીટ કરાવી, એ અધિનિયમની કલમ-૩૪ અન્વયે તેવા ઓડીટ હિસાબોની નકલ ચેરિટી કમિશ્નરશ્રીએ મોકલવાની અને તેવા ઓડીટેડ હિસાબોમાં અનિયમિતતા બાબતે ઓડીટ રીપોર્ટમાં જે તે ઓડિટરે રિમાર્કસ લખવાના રહે છે. |
| (૨) કેટલા ટ્રસ્ટોમાં ગેરરીતિ જણાઇ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેમની સામે શાં પગલાં લેવામાં આવ્યા? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**કોર્ટનું કોમ્પ્યુટર કરણ કરવા બાબત**

૨૨૩૨૩ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુ. ૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કુલ કેટલી કોર્ટોનું કેટલા ખર્ચે કોમ્પ્યુટીકરણ કાર્યક્રમ હેઠળ લેવાનો લક્ષ્યાંક રખાયો હતો, | (૧) કોઈ લક્ષ્યાંક રાખવામાં આવેલ નથી. |
| (૨) આ પેકી કેટલી કેટલી કોર્ટોનું કોમ્પ્યુટીકરણ કરવાનું બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ક્યા કારણોસર બાકી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**સિધ્ધપુરમાં પ્રોટોકોલ ભંગની ફરિયાદો બાબત**

૧૮૯૯૯ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧ જાન્યુઆરી ૨૦૦૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં સિધ્ધપુરમાં પ્રોટોકોલનો ભંગ થયો હોય એવી કેટલી ફરિયાદો મળી છે, અને | (૧) ૨ (બે) ફરિયાદો મળી છે. |
| (૨) આ અંગે રાજ્ય સરકારે શાં શાં પગલાં હાથ ધર્યા ? | (૨) આ અંગે કાર્યવાહી હાથ ધરાયેલ છે. |

-----------

**જામનગર તાલુકાના ઢીચડા ગામનો રસ્તો તુટી જવા બાબત**

૨૧૮૩૯ **ડૉ. દિનેશ પરમાર (જામનગર ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર તાલુકાના ઢિચડા ગામનો રસ્તો તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ તૂટી જવા પામ્યા છે, | (૧) રસ્તો વાહન વ્યવહાર લાયક છે. |

| | |
|---|---|
| તે સરકાર જાણે છે, | |
| (૨) આ રસ્તો તૂટવાના કારણે બેડીબંદરના અતીભારે વાહનોની અવરજવર જવાબદાર છે તે માટે સરકારે શી કાર્યવાહી કરી, | (૨) આ રસ્તો મરામત અને જાળવણી માટે ગુજરાત મેરી ટાઈમ બોર્ડ જામનગરને સોંપેલ છે. |
| (૩) ગ્રામ્ય રસ્તા ઉપર અતીભારે વાહનોની અવરજવર બંધ કરી બંદરનો ટ્રાફીકની વેકલ્પિક વ્યવસ્થા કરી અન્ય રસ્તા ઉપર વાળવામાં આવશે કે કેમ, અને | (૩) ક્લેકટરશ્રી, જામનગરના તા. ૨૭-૬-૨૦૦૬ના જાહેરનામાથી બંદરનો ટ્રાફિક અન્ય રસ્તા ઉપર વાળવામાં આવેલ છે. |
| (૪) ઢીંચડા ગામનો રસ્તો ફોરલેન સાથે મજબુતીકરણ કરવાનું કોઇ આયોજન છે કે કેમ ? | (૪) હાલમાં કોઈ આયોજન નથી. |

-----------

**હાથમતી-હરણાવ નદી પર કોઝવે બનાવવા બાબત**

૨૨૨૧૫ **શ્રીમતી રમીલાબેન બે. બારા(ખેડબ્રહ્મા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ સ્થિતિએ વિજયનગર તાલુકામાં હાથમતી-હરણાવ નદી પર "કોઝવે" બાંધવાની માંગણી વિચારણા હેઠળ છે કે કેમ, અને | (૧) અને (૨) નાણાકીય ઉપલબ્ધતા પ્રમાણે વિચારણા કરવામાં આવશે |
| (૨) જો હા, તો ક્યારે બાંધવામાં આવશે ? | |

-----------

**સંખેડા-ડભોઇ વચ્ચે ઓરસંગ નદી ઉપર પુલ બનાવવા બાબત**

૨૨૯૭૮**શ્રી કાંતિભાઈ ભા. તડવી(સંખેડા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સંખેડા ડભોઈમાં ઓરસંગ નદી ઉપર પુલ બનાવવા માટે કોઇ કાર્યવાહી થઇ છે કે કેમ, | (૧) હા, સર્વેક્ષણની કામગીરી થયેલ છે. |
| (૨) આ પુલની બજેટમાં કોઇ જોગવાઇ થઇ છે કે કેમ, અને | (૨) હા. |
| (૩) હા, તો કેટલી રકમની જોગવાઇ કરવામાં આવી છે ? | (૩) રૂા. ૧.૦૦ લાખની જોગવાઈ થયેલ છે. |

-----------

**રાજકોટ જિલ્લામાં રસ્તાના જોબનંબર**

૨૨૩૮૧ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા રસ્તાના જોબનંબર આપવામાં આવેલ, | (૧) ૮૩-રસ્તા (*પત્રક મુજબ) |
| (૨) તે પેકી કેટલા રસ્તાના કામો પૂર્ણ થયેલ છે અને કેટલા બાકી છે, અને | (૨) ૭૦-રસ્તાના કામો પૂર્ણ<br>૧૩-રસ્તાના કામો બાકી |
| (૩) બાકી રહેતા રસ્તાના કામો કેટલા સમયમાં પૂર્ણ કરવા માંગો છો ? | (૩) બનતી ત્વરાએ. |

(*પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**વલસાડ જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અટકાવવા બાબત**

૨૨૨૦૪ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અટકાવવા માટે તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં | (૧) દૂધ તથા દૂધની બનાવટ, ચા, ખાંડ, બિસ્કીટ, પિપરમેટ, સોસ, અથાણું, કઠોળ, લોટ, કેરીરસ, ફરસાણ, |

વલસાડ જિલ્લામાં કઇ ચીજોમાં ભેળસેળ અંગેના નમૂના લેવામાં આવ્યા,

મસાલા, આયોડાઈઝ સોલ્ટ, મુખવાસ, પાપડખાર, હીંગ, કાજુ, રેડીટુઈટ ફુડ, ગોળ, ડ્રાય મીક્સ ફ્લેવર ચીગનીગ, કાર્બોનેટેડ બેવરેજીસ, તેયાર શાક, ખાદ્ય તેલ, વનસ્પતિ, કાથો, મેંગો મીલ્કશેક, મીઠાઈ, પેકેઝડ ડ્રીકીંગ વોટર, ગુટખા વગેરેના નમૂના લેવામા આવ્યા હતાં.

(૨) લીધેલ નમૂનાઓ પેકી કઇ ચીજના નમૂનામાં ભેળસેળ માલુમ પડી,

(૨) દૂધ તથા દૂધની બનાવટ, અથાણું, કઠોળ, લોટ, મેંગો મીલ્કશેક, મીઠાઈ, તેયાર શાક, કાથો, ગુટખા, ખાદ્યતેલ, પેકેઝડ ડ્રીકીંગ વોટર વગેરેના નમૂનાઓમાં ભેળસેળ માલુમ પડી.

(૩) તેમાંથી કેટલા કેસ ભેળસેળના ગુના સબબ ફરીયાદ દાખલ કરવામાં આવી, અને

(૩) ૯ (નવ) ક્સ્સિામાં નામદાર કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવી.

(૪) ક્યા કેસમાં ભેળસેળ આચરનાર શખ્સોને ક્યા પ્રકારની સજા થવા પામી છે ?

(૪) નામદાર કોર્ટમાં કેસો પડતર છે.

-----------

**ભરુચ, વાગરા અને આમોદ તાલુકામાં પંચાયત હસ્તકના રસ્તાઓને રીકાર્પેટ કરવા બાબત**

૨૨૯૩૬ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂર થયેલ હોય તે પેકીના ભરૂચ, વાગરા અને આમોદ તાલુકામાં પંચાયત હસ્તકના કેટલા ગામોના રસ્તા ડામર સપાટીથી રીકાર્પેટ કરવામાં આવ્યા નથી, અને

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | ગામોની સંખ્યા | |
|---|---|---|
| | મંજૂર થયેલ | રીકાર્પેટ કરવાના બાકી |
| ભરૂચ | ૨૨ | ૧૩ |
| વાગરા | ૪ | ૨ |
| આમોદ | ૬ | ૪ |

(૨) ક્યા ક્યા ગામોના કેટલા કી.મી. ના રસ્તા કેટલા સમયમાં રીકાર્પેટ કરવામાં આવશે ?

(૨) સામેલ પત્રક મુજબ-
ટેન્ડર પ્રક્યિા પૂર્ણ થયેથી સત્વરે

**પત્રક**

| **અ.નં.** | **તાલુકો** | **ગામનું નામ** | **રસ્તાનું નામ** | **લંબાઈ કી.મી.** | **નોંધ** |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ભરૂચ | સિધોત | નબીપુર કવિઠા સિધોત ડભાલી રોડ કી.મી. ૪/૮ થઈ ૭/૦ | ૨.૨૦ | પ્રગતિમાં |
| ૨ | ભરૂચ | ચાવજ | ચાવજ એપ્રોચ રોડ | ૧.૨૦ | પ્રગતિમાં |
| ૩ | ભરૂચ | કંબોલી | કોઠી કંબોલી એપ્રોચ રોડ | ૩.૪૦ | પ્રગતિમાં |
| ૪ | ભરૂચ | હલદર | હલદર બોરી રોડ | ૨.૪૦ | પ્રગતિમાં |
| ૫ | ભરૂચ | કારેલા પાદરીયા | સમની કારેલા પાદરીયા ટંકારીયા રોડ | ૮.૦૦ | પ્રગતિમાં |
| ૬ | ભરૂચ | કીશનાડ ઠીકરીયા | પાલેજ કીશનાડ ઠીકરીયા રોડ | ૩.૮૦ | ટેન્ડર પ્રક્યિામાં |
| ૭ | ભરૂચ | શાહપુરા નાંદ | ડભાલી ભરથાણા નાંદ રોડ કી.મી. ૫/૦ થી ૧૦/૪ | ૪.૪૮ | ટેન્ડર પ્રક્યિામાં |
| ૮ | ભરૂચ | શુક્લતીર્થ | શુક્લતીર્થ એપ્રોચ રોડ | ૧.૫૦ | ટેન્ડર પ્રક્યિામાં |
| ૯ | ભરૂચ | કહાન | કહાન એપ્રોચ રોડ | ૨.૪૦ | ટેન્ડર પ્રક્યિામાં |
| ૧૦ | ભરૂચ | ઓસારા | હલદરવા ઓસારા કવિઠા રોડ કી.મી. ૩/૧૦ થી ૫/૬૦ | ૨.૫૦ | ટેન્ડર પ્રક્યિામાં |
| | | | **કુલ એકંદર -૧૩ ગામો** | **૩૧.૮૮** | |
| ૧ | વાગરા | વિછિયાદ | વાગરા વિછિયાદ કોલવણા રોડ સેકશન વાગરા કોલવણા રોડ | ૪.૧૦ | ટેન્ડર પ્રક્યિામાં |
| ૨ | વાગરા | કોલીયાદ | અટાલી કોલીયાદ રોડ | ૩.૬૦ | ટેન્ડર પ્રક્યિામાં |

| અ.નં. | તાલુકો | ગામનું નામ | રસ્તાનું નામ | લંબાઈ કી.મી. | નોંધ |
|---|---|---|---|---|---|
| | | | **કુલ-૨ ગામો** | **૭.૭૦** | |
| ૧ | આમોદ | આસનેરા | આસનેરા એપ્રોચ રોડ | ૧.૨૦ | ટેન્ડર પ્રક્રિયામાં |
| ૨ | આમોદ | શ્રી કોઠી રોઘ અડવાલા | શ્રી કોઠી અડવાલા રોડ | ૩.૮૦ | ટેન્ડર પ્રક્રિયામાં |
| | | | **કુલ-૪ ગામો** | **૫.૦૦** | |

-----------

**ગાંધીધામ રામબાગ-અંજાર રેફરલ હોસ્પિટલમાં ડોક્ટરોની ખાલી જ્ગ્યા**

૨૨૯૮૪ **ડૉ. નીમાબેન બ. આચાર્ય(અંજાર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ગાંધીધામ રામબાગ તેમજ અંજાર રેફરલ હોસ્પિટલમાં ડોક્ટરોની કેટલા જ્ગ્યા ખાલી છે, નર્સોની કેટલી જ્ગ્યા ખાલી છે તેમજ અન્ય ટેક્નીકલ સ્ટાફની કેટલી જ્ગ્યા ખાલી છે, અને

(૨) આ ખાલી જ્ગ્યાઓ ભરવાનું શું આયોજન છે, તેમજ કેટલા સમયમાં જરૂરી સ્ટાફની નિમણૂંક કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ગાંધીધામ રામબાગ તેમજ અંજાર રેફરલ હોસ્પિટલમાં સંવર્ગવાર જ્ગ્યાઓ નીચે મુજબ ખાલી છે.

| અ.નં. | જ્ગ્યાની વિગત | ગાંધીધામ રામબાગ હોસ્પિટલ | અંજાર રેફરલ હોસ્પિટલ |
|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૨ | ૨ |
| ૨ | વર્ગ-૨ | ૨ | ૦ |
| ૩ | સ્ટાફ નર્સ વર્ગ-૩ | ૧ | ૫ |
| ૪ | અન્ય ટેક્નીકલ સ્ટાફ | ૭ | ૮ |
| | **કુલ** | **૧૨** | **૧૫** |

(૨) -ડૉક્ટરોની જ્ગ્યાઓ ભરવા માટે દર અઠવાડિયે વોક-ઈન-ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે.
- ડૉક્ટર વર્ગ-૨ની ખાલી જ્ગ્યાઓ સીધી ભરતીથી ભરવા માંગણીપત્રક ગુજરાત જાહેર સેવા આયોગને મોકલેલ છે.
-સ્ટાફ નર્સની જ્ગ્યાઓ ભરવા માટે અરજી પત્રકો મંગાવેલ છે, તેમજ અન્ય ટેક્નીકલ જ્ગ્યાઓ માટે માંગણીપત્રકો મોકલી આપેલ છે. લાયક ઉમેદવારો ઉપલબ્ધ થતાં જ્ગ્યાઓ ભરવામાં આવશે.

-----------

**અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રેસીડેન્ટ ડૉક્ટર ક્વાર્ટરમાં મહિલા સાથે થયેલ અત્યાચાર**

૨૧૯૭૩**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રેસીડેન્ટ ડૉક્ટર્સ ક્વાર્ટરમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન મહિલા સાથે થયેલ અત્યાચાર સંબંધમાં કેટલા ડૉક્ટરોને કઇ કઇ સજા કરવામાં આવી, અને

(૨) શું એ હકીક્ત સાચી છે, કે યુનિટહેડની આ સંબંધમાં કરાયેલ બદલી તાજેતરમાં રદ કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) એક રેસીડેન્ટ ડૉક્ટરની રેસીડેન્સી સમાપ્ત કરવામાં આવેલ છે. તેમજ યુનિવર્સીટીએ રજીસ્ટ્રેશન રદ કરેલ છે. તથા એક રેસીડેન્ટ ડૉક્ટરની રેસીડેન્સી ટેમ્પરરી સસ્પેન્ડ કરવામાં આવેલ છે.

(૨) યુનીટ હેડની બદલી રદ કરવામાં આવેલ નથી. પરંતુ સ્વવિનંતીથી અમદાવાદ ખાતે પરત મુકેલ છે.

-----------

## શહેરમાં આવેલી ફાઈવસ્ટાર હોટલો

૨૨૨૮૮ **શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં કેટલી ફાઈવ સ્ટાર હોટલો આવેલી છે, | (૧) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં પાંચ ફાઈવ સ્ટાર હોટલો આવેલી છે, |
| (૨) તે ક્યા ક્યા શહેરોમાં આવેલી છે, | (૨) આ હોટલો અમદાવાદ, સુરત અને વડોદરા શહેરોમાં આવેલી છે. |
| (૩) રાજ્યમાં હોટલ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે કેવા પ્રકારનું પ્રોત્સાહન અપાય છે, અને | (૩) રાજ્ય સરકારે બહાર પાડેલ પ્રવાસન પેકેજ યોજના ૨૦૦૬ અંતર્ગત યોગ્યતા ધરાવતી હોટલોને પાંચ વર્ષ માટે લકઝરી ટેક્ષ અને ઈલેકટ્રીક સીટી ડયુટીમાં તેમજ જમીન ખરીદી અંગે સ્ટેમ્પડ્યુટીમાંથી સંપૂર્ણ રાહત આપવાની જોગવાઈ છે. |
| (૪) તાજેતરમાં ઉજવાયેલ વાયબ્રન્ટ ગુજરાતની ઉજવણી દરમ્યાન કઈ કઈ કંપનીઓ સાથે ક્યાં ક્યાં ફાઈવ સ્ટાર હોટલો શરૂ કરવા એમ.ઓ.યુ. થયા છે ? | (૪) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિતિ-૨૦૦૭ અન્વયે રાજ્યમાં ફાઈવ સ્ટાર હોટલ બાંધવા માટે ૧૬ અરજદારો તરફથી સરકારશ્રી સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. તેની વિગતો પત્રક્માં સામેલ છે. (* પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.) |

-----------

## રાધનપુરથી પાટણ સુધીનો રસ્તો

૨૨૩૫૦ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાધનપુર પાટણ વચ્ચેનો સીધો રસ્તો બનાવવાથી બંને સ્થળો વચ્ચેનું અંતર ઘણું બધું ઘટી જાય છે તે સરકારના ધ્યાનમાં છે, | (૧) હા, જી. |
| (૨) આ રસ્તો બનાવવા માટે સરકાર નાણાંકીય જોગવાઈ કરવા માંગે છે કે કેમ, અને | (૨) તબક્કાવાર અને નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર |
| (૩) જો હા, તો ક્યારે કામ ચાલુ થશે ? | (૩) ખુટતી કડી પેકી ૯.૫૨ કિ.મી. ના ટેન્ડર મંજુર થયેલ છે. જેની કામગીરી કરાર મુજબ પૂર્ણ કરવા આયોજન છે. |

-----------

## બનાસકાંઠા જિલ્લામાં કાચા રસ્તાઓ

૨૨૨૩૧**શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા રસ્તાઓ કાચા છે, | (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કાચા રસ્તાની તાલુકાવાર વિગત નીચે મુજબ છે. |

| અ.નં. | તાલુકો | કાચા રસ્તાની(પ્લાન) વિગત |
|---|---|---|
| ૧. | અમીરગઢ | ૩ |
| ૨. | પાલનપુર | ૨ |
| ૩. | દાંતા | ૭ |
| ૪. | કાંકરેજ | - |
| ૫. | ભાભર | - |
| ૬. | દીયોદર | - |
| ૭. | વડગામ | ૧ |

| | | |
|---|---|---|
| ૮. | ધાનેરા | ૧ |
| ૯. | દાંતિવાડા | - |
| ૧૦. | થરાદ | ૭ |
| ૧૧. | વાવ | - |
| ૧૨. | ડીસા | ૧ |
| | કુલ | ૨૨ |

(૨) આ કાચા રસ્તાઓને પાકા રસ્તાથી બનાવવા સરકારએ શું આયોજન કરેલ છે, અને

(૩) કેટલા સમયમાં તે પૂર્ણ થશે ?

(૨) અને (૩) રસ્તાની અગત્યતા અને નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર તબક્કાવાર આયોજન વિચારમાં આવશે.

-----------

**૨૦૦૬ના પ્રવાસન વર્ષમાં સોરાષ્ટ્રના યાત્રાધામ અને પ્રવાસન સ્થળો પાછળ થયેલ ખર્ચ**

૨૨૪૬૭**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૬ના પ્રવાસન વર્ષ દરમ્યાન સોરાષ્ટ્રના યાત્રાધામો તેમજ પ્રવાસન સ્થળો ધ્વારકા, સોમનાથ, પાલીતાણા, માધવપુર, જૂનાગઢ, ગોપનાથ વિગેરેમાં કેટલા નવા કામો હાથ ધરવામાં આવ્યા અને આ કામો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) સોરાષ્ટ્રના પ્રવાસન-તિર્થધામોના વિકાસ માટેની કોઈ બ્લુ પ્રિન્ટ તેયાર કરી છે કે કેમ, અને

(૩) જો હા, તો તેમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

**જવાબ**

(૧) સોરાષ્ટ્રના યાત્રાધામો અને પ્રવાસન સ્થળોના નવા કામો તથા થયેલ ખર્ચની યાદી પત્રક "અ" મુજબ.

(૨) ના જી,

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક : "અ"**

**સોરાષ્ટ્રના યાત્રાધામ અને પ્રવાસન સ્થળો, ફાળવેલ રકમ અને ખર્ચની વિગત**

| **જિલ્લો** | **ફાળવેલ ગ્રાન્ટ** | **થયેલ ખર્ચ** | **પ્રવાસન સ્થળ અને યાત્રાધામ** |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| અમરેલી | | | |
| પ્રવાસન | ૧૫૦.૦૦ | ૬.૬૮ | ભુખરીયા, સરખેશ્વર, કામનાથ મહાદેવ, રાજમહેલ કેમ્પસ, ક્લાપીની સમાધી, હેડાડુંગર, શામળીયા મહાદેવ, ખોડીયાર ડેમ, મુંજીયાસર ડેમ, પ્રાચિન ટાવર, કામનાથ મંદિર, વાદળીયા હનુમાન, લાઠી, ગાંધીબાગ |
| ભાવનગર | | | |
| પ્રવાસન | ૨૦૦.૦૦ | ૨.૬૭ | ગોપીનાથ સમુદ્રતટ, ગુંદી ખોટીયાર, ગંગાજડીયા તળાવ, પાલીતાણા, ક્તપર બીચ, વિક્ટોરીયા પાર્ક, ગોતમેશ્વર તળાવ |
| જામનગર | | | |
| પ્રવાસન | ૨૦૦.૦૦ | ૧૩.૮૧ | ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર-ભાણવદ, નવલખા મહેલ, હાથલા ગામ તળાવ, બાલાચડી બીચ, પીડતારક કુંડ-કલ્યાણપુર, મોટીગોપ-જામજોધપુર, ગોપ મંદિર, ઉમિયામંદિર, સસોઈ ડેમ, મોડપર કિલ્લો, ધુમલી મોખાણા, ગુલાબસાગર તળાવ, બેટ દ્વારકા, હર્ષદ મંદિર, શિવરાજપુર બીચ, નરારા ટાપુ, ખીજડીયા, દ્વારકા |
| દેવસ્થાન(યાત્રાધામ) | ૪.૦૦ | શૂન્ય | દ્વારકા |
| જૂનાગઢ | | | |
| પ્રવાસન | ૩૦૦.૦૦ | ૪૦.૯૯ | ગીરનાર, સરદાર બાગ, ઝફર મેદાન, સંત રોહિદાસ આશ્રમ, ક્લીમલહારી, શ્રી બાઈ આશ્રમ તલાલા, સતાધાર, ગુપ્ત પ્રયાગ, ઉપરકોટ, ખોરાસા, પ્રાંચી, શ્રી આનંદ આશ્રમ-બીલખા, બર્ડ સેન્ચુરી-નાડીયા, અક્ષયગઢ-કેશોદ, જમદગી આશ્રમ-જામવાળા, |

| | | | |
|---|---|---|---|
| | | | અહેમદપુર માંડવી, ભવનાથ, વાંકીયા ડુંગર, દેલવાડા, સુદર્શન તળાવ |
| ઈકોટુરીઝમ | ૨૦.૦૦ | શૂન્ય | કાજનાનાવાડા |
| દેવસ્થાન(યાત્રાધામ) | ૬.૨૨ | ૬.૨૨ | ગીરનાર |
| પોરબંદર | | | |
| પ્રવાસન | ૧૫૦.૦૦ | ૨૮.૦૦ | પાંડીચેરી મંદિર, ભારત મંદિર, માધવરાય મંદિર, ખીમેશ્વર મંદિર, સુદામા મંદિર, મુળ દ્વારકા મંદિર, પાશ્વનાથ મંદિર, ગોકળેશ્વર મંદિર, રાંદલમાતા મંદિર, ક્રિર્તિ મંદિર, રંગબાય માતાનું મંદિર, ખીમેશ્વર ંમંદિર, કુછડીપક્ષી અભ્યારણ, પક્ષી અભ્યારણ, પોરબંદર, માધવપુર પાર્ટ-૨ |
| ઈકોટુરીઝમ | ૯.૦૦ | શૂન્ય | માધુપુર |
| રાજકોટ | | | |
| પ્રવાસન | ૧૫૦.૦૦ | ૧૧૦.૦૦ | ધોલા સોમનાથ, મીનળવાવ, માળીયા મીયાણા, ખંભાલીડા, હિંગોળગઢ, મચ્છુ ડેમ-૨, વવાણીયા |
| સુરેન્દ્રનગર | | | |
| પ્રવાસન | ૨૦૦.૦૦ | ૧૯.૬૯ | તરણેતર, ઝીંઝુવાડા, સમરસ વાવ, માનસરોવર તળાવ, નાનીકઠેચી, વખતપર, નવી મોરવાડ, સાંગાણી ગામ |

-----------

**વડોદરાથી જંબુસર વાયા પાદરા ચાર માર્ગીય રસ્તાનું કામ**

૨૨૯૧૯ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરાથી જંબુસર વાયા પાદરા ચાર માર્ગીય રસ્તાનું કામ ક્યારે શરૂ કરવામાં આવ્યું છે,

(૨) કોન્ટ્રાકટની શરતમાં કામ પૂર્ણ કરવાની તારીખ કઈ હતી હવે તે ક્યારે પૂર્ણ થશે,

(૩) રસ્તાનું કામ વિલંબથી થવાના શા કારણો છે, અને

(૪) તેથી તેનો કુલ ખર્ચ વધશે કે નહીં ?

**જવાબ**

(૧) થી (૪) આ રસ્તાને ચાર માર્ગીય કરવાનું કામ મંજૂર થયેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમની કામગીરી**

૨૨૭૬૬ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ વિભાગમાં પોસ્ટમોર્ટમની કામગીરી ક્યા સમયમાં કરવામાં આવે છે,

(૨) પોસ્ટ મોર્ટમની કામગીરી દિવસ અને રાત્રિના સમયે કરવાની બાબત સરકારની વિચારણામાં છે એ હકીકત સાચી, અને

(૩) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) રાત્રીના સમયમાં ઝેરપીધાના, આપઘાતના, પેનલપી.એમ., બિનવારસી સડી ગયેલ કે વિકૃત મૃતદેહ, ખૂન કેસ તથા શંકાસ્પદ મૃત્યુ હોય તેવા કિસ્સામાં પોસ્ટમોર્ટમ કરવામાં આવતા નથી. આ સિવાયના તમામ કેસોમાં રાઉન્ડ ધી કલોક પોસ્ટમોર્ટમની કામગીરી તમામ દિવસોમાં કરવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**જસદણ શહેરમાં ગોરવપથ યોજના**

૨૧૮૫૨**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના જસદણ શહેરમાં ગોરવપથ ક્યારે કેટલી રકમના અને કેટલી લંબાઈના મંજૂર કરવામાં આવ્યા, | (૧) ""ગોરવ પથ"" રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરાતા નથી. |
| (૨) તેનું ખાત મુહુર્ત ક્યારે કોના હસ્તે થયું, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબકકે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ભાવનગર જિલ્લામાં યાત્રાધામના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ**

૨૨૪૨૦**શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) :માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં આવેલા યાત્રાધામના વિકાસ માટે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની ગ્રાન્ટ આપવામાં આવેલ, | (૧) રા. ૪૯.૮૦ લાખ |
| (૨) ક્યા ક્યા યાત્રાધામમાં ગ્રાન્ટ આપવામાં આવી, અને | (૨) પાલીતાણા |
| (૩) ક્યા ક્યા કામો માટે ગ્રાન્ટ આપવામાં આવેલ ? | (૩) નીચેના વિકાસ કાર્યો માટે ગ્રાન્ટ આપવામાં આવેલ.<br>(૧) પ્રોવાઈન્ડીંગ રેલીંગ ફ્રેમ તળેટી ટુ ભેરવનાથ ચોક<br>(૨) કંસ્ટ્રકશન ઓફ ૧૦ સીટેડ કોમ્યુનીટી ટોઈલેટ બ્લોક એટ તળેટી(ત્રણ બ્લોક)<br>(૩) પ્રોવાઈડીંગ ફાઉન્ટેન સર્કલ એન્ડ ડેકોરેટીવ લાઈટીંગ પોલ એટ દીનદયાલ બાગ.<br>(૪) કંપાઉન્ડ વોલ એટ દીનદયાલ બાગ.<br>(૫) પ્રોવાઈડીંગ પેવર બ્લોક ઈન દીનદયાલ બાગ. |

-----------

**નેશનલ અર્બન રીન્યુઅલ મીશનમાં મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓનો સમાવેશ**

૨૧૯૭૮**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન માટે રાજ્યની કેટલી નગરપાલિકા /મહાનગરપાલિકાનો સમાવેશ કરાયેલ છે, | (૧) ચાર મહાનગરપાલિકાઓ<br>(૧) અમદાવાદ (૨) વડોદરા (૩) સુરત (૪) રાજકોટ |
| (૨) તે પૈકી જૂનાગઢ જિલ્લાની કઈ કઈ નગરપાલિકા/મહાનગરપાલિકાનો સમાવેશ થાય છે, અને | (૨) એક પણ નગરપાલિકા/મહાનગરપાલિકાનો સમાવેશ થયેલ નથી. |
| (૩) તે માટેના નાણાં રાજ્ય સરકારને મળેલ છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

### અંજાર નગરપાલિકાની હદ વધારવા બાબત

૨૨૯૭૪ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાની અંજાર શહેરની નગરપાલિકાની હદ વધારવાનું સરકારની વિચારણા હેઠળ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો હદ કેટલા સમયમાં વધારવામાં આવશે ? | (૨) ધોરણસર કાર્યવાહી પૂર્ણ થયેથી. |

-----------

### પ્રવાસના વિકાસ કાઉન્સીલની રચના

૨૨૨૦૯ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા(કરજણ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે રાજ્યમાં પ્રવાસન વિકાસ કાઉન્સીલની રચના ક્યારે કરેલ છે, અને | (૧) રાજ્ય સરકારે કાઉન્સીલની રચના તા. ૭-૧-૨૦૦૬ના રોજ કરેલ છે. |
| (૨) સરકારે પ્રવાસન વિકાસ કાઉન્સીલ માટે ક્યા ઉદ્દેશો નિર્ધારિત કરેલ છે ? | (૨) નીચે મુજબના ઉદ્દેશો છે.<br>(૧) રાજ્યમાં પ્રવાસનના વિકાસ અને વેગ માટેની પ્રવૃત્તિઓ સંબંધે સર્વોચ્ચ મંડળ તરીકે કામ કરશે.<br>(૨) પ્રવાસન ક્ષેત્રે અમલમાં મુકાયેલ અધતન અભિગમોનો અને કાર્યક્રમોનો અભ્યાસ કરી રાજ્યમાં અમલ કરાવવા પગલાંઓ પ્રયોજવાની વિચારણા કરશે. જેથી રાજ્યમાં પ્રવાસીઓની સંખ્યા વધે અને પ્રવાસન થકી રાજ્યનું અર્થતંત્ર ગતિશીલ બને.<br>(૩) કાઉન્સીલનો મુખ્ય હેતુ રાજ્યમાં, રાજ્ય બહાર તથા વૈશ્વિક કક્ષાએ ગુજરાતના પ્રવાસનો વિકાસ થાય તે જોવાનો છે. આ માટે કાઉન્સીલની વખતો વખત બેઠકો તથા કાર્યક્રમોનું આયોજન કરશે. જરૂર જણાય કાઉન્સીલ દેશ-વિદેશનો પ્રવાસપણ કરશે. |

-----------

### માંગરોળ અને પોરબંદર તાલુકાના માટીકામ મેટલના બિસ્માર રસ્તાઓ

૨૨૨૧૮ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના અને પોરબંદર તાલુકાના કેટલા રસ્તાઓ એવા છે કે જે માટીકામ મેટલના છે, અને બિસ્માર છે, અને | (૧) કોઈ રસ્તા બિસ્માર નથી. |
| (૨) આવા રસ્તાઓને વાહનવ્યવહાર ચાલી શકે તેવા બનાવવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**વાસદ પાસેનો રેલ્વે ઓવરબ્રીજ બિસ્માર હાલતમાં હોવા અંગે**

૨૨૮૫૪ **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં વાસદ પાસેનો રેલ્વે ઓવર બ્રીજ બિસ્માર ભયજનક હાલતમાં છે તે હકિક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ રેલ્વે ઓવરબ્રીજ ક્યા વર્ષમાં બંધાયેલ અને તેનો કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેની મરામત અથવા નવીનીકરણ માટે સરકારે શું આયોજન કરેલ છે. | |

-----------

**અમદાવાદ શહેરમાં ગરીબી રેખા હેઠળના પરિવારોની સંખ્યા**

૨૨૪૭૭ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં ગરીબી રેખા નીચે નોંધાવેલા પરિવારોની સંખ્યા કેટલી છે. | (૧) ૧,૮૭,૧૬૬ |
| (૨) તાજેતરમાં ગરીબી રેખાના પુનઃમુલ્યાંકનનું કામ શરુ કરેલ છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે, | (૩) સુવર્ણ જ્યંતી શહેરી રોજગાર યોજના અંતર્ગત બી.પી.એલ. સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. અને તેના ડેટા એન્ટ્રીની કામગીરી હાલમાં ચાલુ છે. જે ટુંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. |
| (૪) કોઇ પરિવારના એકમાત્ર કમાતા પુરૂષ વ્યક્તિનું અવસાન થાય અને અન્ય કોઇ કમાનાર ન હોય તેવા વિધવા મહિલા બી.પી.એલ. પરિવારના ગણાય કે કેમ, અને | (૪) સુવર્ણ જ્યંતી શહેરી રોજગાર યોજનાની ગાઈડ લાઈન મુજબ આર્થિક ભારાંક અને બિનઆર્થિક માપદંડના ધોરણે જે તે કુટુંબને બી.પી.એલ. પરીવાર ગણવામાં આવે છે. |
| (૫) જો હા, તો આ અંગે તાત્કાલિક બી.પી.એલ. કાર્ડ આપવા સરકાર નિર્ણય કરવા ધારે છે કે કેમ ? | (૫) માપદંડની પૂર્તતા સાથે ધોરણસરની કાર્યવાહી કરાશે. |

-----------

**અમદાવાદ શહેરને મેગા સીટી પછી કેન્દ્ર સરકારની મળેલ ગ્રાન્ટ**

૨૨૭૬૩ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરને ડીસેમ્બર, ૦૬ની સ્થિતિએ મેગા સીટી જાહેરાત પછી તા. ૩૧-૧-૦૭ સુધીમાં કેટલી ગ્રાન્ટ ક્યા હેતુ માટે કેન્દ્ર સરકારે ફાળવી, | (૧) પાણી પુરવઠા, ગટરવ્યવસ્થા અને ટ્રાન્સપોર્ટેશનના કામો માટે રૂા. ૧૩૬૯.૪૯ લાખ. |
| (૨) કેટલી ગ્રાન્ટ રાજ્ય સરકારે ફાળવી, અને | (૨) રૂા. ૨૦૫.૪૨ લાખ. |
| (૩) રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારમાંથી કોની કેટલી ગ્રાન્ટ વપરાઇ અને કેટલી ગ્રાન્ટ વાપરવાની બાકી છે ? | (૩) રાજ્ય અને કેન્દ્ર સરકારે ફાળવેલ પુરેપુરી રકમનો ખર્ચ કરેલ છે. |

-----------

**ધોળકા તાલુકાના બદરખા ગામે રસ્તો બનાવવા બાબત**

૨૨૫૨૫ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના બદરખા ગામે પાકો રસ્તો બનાવવા માંગો છો કે કેમ, અને | (૧) બદરખા ગામ સ્ટેટ હાઈવે ઉપર આવેલ હોઈને પાકા રસ્તાથી જોડાયેલ છે. |
| (૨) જો હા, તો ક્યારે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ડભોઈ તાલુકાનું નડા ગામનું આયુર્વેદ દવાખાનું**

૨૨૯૮૨ **શ્રી ચંદ્રકાંત મો. પટેલ (ડભોઇ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડભોઇમાં આવેલ નડા ગામનું આયુર્વેદ દવાખાનું કેટલા સમયથી બંધ છે, | (૧) કાર્યરત છે. |
| (૨) ક્યા કારણોસર બંધ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ડૉક્ટર ન હોય તો ક્યારે મૂકવા માંગો છો ? | (૩) આ દવાખાનાની કામગીરી નજીકના દવાખાનાના ડૉક્ટરને ચાર્જ સોંપીને કાર્યરત રાખવામાં આવેલ છે. |

-----------

**સર ટી. હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં ન્યુરો સર્જનની કાયમી જગ્યા**

૨૨૯૭૨ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ભાવનગર ખાતેની સર ટી. હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં ન્યુરો ફીઝીશીયન તથા ન્યુરો સર્જનની કાયમી પોસ્ટ ક્યારે ભરવામાં આવશે ? | ભાવનગર ખાતેની સર ટી. હોસ્પિટલ અને મેડીકલ કોલેજમાં ન્યુરો ફીઝીશીયન તથા ન્યુરો સર્જનની એકપણ જગ્યા મંજૂર થયેલ નથી. જ્યારે મેડીકલ કોલેજ, ભાવનગર ખાતે ન્યુરો સર્જરીના સહપ્રાધ્યાપકની ૧ (એક) હંગામી જગ્યા મંજૂર થયેલ છે જે ભરેલ છે. |

-----------

**અમરેલી જેસીંગપુરા વચ્ચેની નદીનાં પુલનું નવીનીકરણ કરવા બાબત**

૨૨૭૬૦ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જેસીંગપુરા વચ્ચેની નદીનો પુલ એકમાર્ગી તથા સાંકડો છે તેને નવીનીકરણ કરવા આયોજન છે કે કેમ, અને | (૧) સદર પુલ દ્વી-માર્ગી પહોળાઈ ધરાવે છે. જેના પુનઃ બાંધકામનું આયોજન છે. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ કરવા આયોજન કરેલ છે ? | (૨) વહીવટી પ્રક્રીયા પૂર્ણ કરી બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. |

-----------

**સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી મેડીકલ કોલેજો**

૨૨૮૫૬**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કુલ કેટલી સરકારી અને સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ચાલતી મેડીકલ કોલેજો આવેલી છે, | (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ<br>સરકાર સંચાલિત ૬<br>કોર્પોરેશન સંચાલિત ૨<br>સ્વૈચ્છિક સંસ્થા/ટ્રસ્ટ સંચાલિત ૫<br>મેડીકલ કોલેજો આવેલ છે. |
| (૨) ઇન્ડીયન મેડીકલ કાઉન્સીલના નોર્મસ પ્રમાણે કઇ કઇ કોલેજોમાં કેટલા પ્રોફેસરોની | (૨) સરકારી મેડીકલ કોલેજો ખાતે<br>બી. જે. મેડીકલ કોલેજ અમદાવાદ ૦૪ |

| | | |
|---|---|---|
| જગ્યાઓ ખાલી છે, અને | મેડીકલ કોલેજ વડોદરા | ૦૮ |
| | એમ.પી. શાહ મેડીકલ કોલેજ જામનગર | ૧૦ |
| | સરકારી મેડીકલ કોલેજ સુરત | ૦૬ |
| | પી.ડી.યુ. મેડીકલ કોલેજ રાજકોટ | ૦૩ |
| | મેડીકલ કોલેજ ભાવનગર | ૦૩ |
| | **કુલ :** | ૩૪ |
| | **સ્વૈચ્છિક મેડીકલ કોલેજો ખાતે** (કોલેજો તરફથી મળેલ વિગત) | |
| | સી.યુ. શાહ મેડીકલ કોલેજ સુરેન્દ્રનગર | ૦૨ |
| | પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ કરમસદ | ૦૨ |
| | કેસરસાલ મેડીકલ કોલેજ અને રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ | ૦૬ |
| | સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સીસ એન્ડ રીસર્ચ વાલીયા | ૦૦ |
| | બી. કે. શાહ મેડીકલ ઈન્સ્ટીટ્યુટ અને રીસર્ચ સેન્ટર, વાઘોડીયા, વડોદરા | ૦૦ |
| | **કુલ :** | **૧૦** |
| | **મ્યુનિસિપલ મેડીકલ કોલેજો ખાતે** | |
| | શ્રીમતી એન. એચ.એલ. મ્યુનિસિપલ મેડીકલ કોલેજ અમદાવાદ | ૦૨ |
| | સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સુરત. | ૦૬ |
| | **કુલ :** | **૦૮** |
| (૩) આ જગ્યાઓમાં સરકાર હસ્તકની કોલેજોમાં પ્રોફેસરની ખાલી જગ્યા ભરવા સરકારનું શું આયોજન છે ? | (૩) બઢતીથી કરારબધ્ધ ધોરણે, પુનઃનિયુક્તિથી અને ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે સીધી ભરતીથી તેમજ એડહોક ધોરણે જગ્યાઓ ભરવામાં આવે છે. | |

-----------

**કેન્દ્ર સરકાર દ્વારા અમદાવાદને મેગાસીટી તરીકે આપેલ સહાય**

૨૧૯૭૦ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કેન્દ્ર સરકાર દ્વારા અમદાવાદ સિટીને મેગાસીટી તરીકેનો દરજ્જો આપ્યાને કારણે વર્ષ ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧-૦૭ સુધીમાં કુલ કેટલી સહાયો આપવાની હતી, | (૧) માત્ર મેગાસીટી જાહેર કરવાથી જે તે શહેરને કોઇ સહાય આપવાની થતી નથી. |
| (૨) જાન્યુ-૨૦૦૭ સુધીમાં કેટલી રકમો મળી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જાન્યુ-૨૦૦૭ સુધી કેટલું ખર્ચ કરવામાં આવ્યું ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**જૂનાગઢ શહેર અને જિલ્લામાં પ્રવાસનધામ ને યાત્રાધામ તરીકે વિકસાવવા બાબત**

૨૨૨૨૧ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ શહેર અને જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા સ્થળોને પ્રવાસધામ તથા યાત્રાધામ તરીકે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વિકસાવવા માટેનું આયોજન કરેલ છે, અને | (૧) (અ) નીચે જણાવેલ પ્રવાસનધામ તથા યાત્રાધામોનો વિકાસ જિલ્લા તંત્ર દ્વારા કરવાનું આયોજન છે. ગીરનાર, સરદારબાગ, ઝફર મેદાન, સંત રોહિદાસ |

આશ્રમ, ક્લીમલહારી, શ્રી બાઇ આશ્રમ-તલાલા, સતાધાર, ગુપ્ત પ્રયાગ, ઉપરકોટ, ખોરાસા, પ્રાંચી, શ્રી આનંદ આશ્રમ-બીલખા, બર્ડ સેન્ચ્યુરી-નાડીયા, અક્ષયગઢ-કેસોદ, જમદગી આશ્રમ-જામવાળા, અહેમદપુર-માંડવી, ભવનાથ, વાંકીયા ડુંગર, દેલવાડા, સુદર્શન તળાવ.

(બ) જ્યારે ગુજરાત પ્રવાસ યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા નીચે જણાવેલ યાત્રાધામોનું વિકાસ કરવાનું આયોજન છે.
સોમનાથ યાત્રાધામ વિવિધ સુવિધા સંકુલ, હિરણ ગોલક્ઘાટ, ગીરનાર યાત્રાધામ ખાતે વિકાસ કામો.
(ક) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી, વન અને પર્યાવરણ વિભાગ દ્વારા કાજનાનાવાડાને વિકસાવવાનું આયોજન છે.

(૨) તે પૈકી ક્યા ક્યા સ્થળો માટે ક્યા હેતુ માટે કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

(૨) ઉપરોક્ત સ્થળોના આંતર માળખાકીય વિકાસના કામો માટે કુલ રૂા. ૩૨૬.૨૨ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

-----------

**પ્રવાસન વર્ષ ૨૦૦૬માં પ્રવાસીને લગતી ભાષાની વેબસાઇટ**

૨૧૯૬૭ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પ્રવાસન વર્ષ ૨૦૦૬ અંતર્ગત કેટલી ભાષાઓમાં પ્રવાસનને લગતી વેબસાઇટ ઉપલબ્ધ કરાવવામાં આવી?

**જવાબ**

નીચે મુજબની સાત ભાષાઓમાં
(૧) અંગ્રેજી
(૨) હિન્દી
(૩) ગુજરાતી
(૪) સ્પેનીશ
(૫) ફ્રેન્ચ
(૬) પોચ્યુગીઝ
(૭) જર્મન

-----------

**હડકવાની રસી ખરીદવા બાબત**

૨૨૨૩૪**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં હડકવાની કેટલી રસી શા ભાવે ખરીદવામાં આવી ?

**જવાબ**

સામેલ પત્રક મુજબ.

**પત્રક**

તા. ૧-૦૨-૦૬ થી તા. ૩૧-૦૧-૦૭ દરમ્યાન ટીસ્યુકલ્ચર વેક્સીનની ખરીદીની વિગત દર્શાવતું પત્રક
સી.એમ.એસ.ઓ. ના આર.સી. મુજબ ખરીદ કરેલ જથ્થો :

| અ. નં. | કચેરીનું નામ | ખરીદ કરેલ જથ્થો | ભાવ (પ્રતિ વાયલ) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સી.એમ.એસ.ઓ. | ૫૫૨૦૦૦ | ૨૦૭.૪૧ |
| ૨ | વિ.ના.નિ. સુરત | ૩૬૦૦ | ૨૦૭.૪૧ |
| ૩ | જિ. પં. વલસાડ | ૨૭૭૨ | ૨૦૭.૪૧ |
| ૪ | વિ.ના.નિ. ભાવનગર | ૧૦૦૦ | ૨૦૭.૪૧ |
| ૫ | સર ટી. હોસ્પિટલ ભાવનગર | ૧૫૦૦૦ | ૨૦૭.૪૧ |

| | | | |
|---|---|---|---|
| ૬ | જિ. પં. ભાવનગર | ૫૦૦ | ૨૦૭.૪૧ |
| ૭ | વિ.ના.નિ. અમદાવાદ | ૧૦૦૦ | ૨૦૭.૪૧ |
| ૮ | જિ. પં. અમદાવાદ | ૬૦૦૦ | ૨૦૭.૪૧ |
| ૯ | જિ.પં. વડોદરા | ૫૦૦૦ | ૨૦૭.૪૧ |
| ૧૦ | જિ. પં. દાહોદ | ૧૦૦૦ | ૨૦૭.૪૧ |
| ૧૧ | જિ. પં. ગોધરા | ૧૧૮૭ | ૨૦૭.૪૧ |
| ૧૨ | વિ.ના.નિ. વડોદરા | ૩૬૦૦ | ૨૦૭.૪૧ |
| ૧૩ | જિ. પં. ગાંધીનગર | ૪૭૨ | ૨૦૭.૪૧ |
| | **કુલ :** | **૫૯૩૧૩૧** | |

**સ્થાનિક કક્ષાએથી ખરીદ કરેલ જથ્થો**

| **અ. નં.** | **કચેરીનું નામ** | **ખરીદ કરેલ જથ્થો** | **ભાવ (પ્રતિ વાયલ)** |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | સીવીલ હોસ્પિટલ અમદાવાદ | ૬૬૦ | ૨૯૦.૦૦ |
| ૨ | સીવીલ હોસ્પિટલ અમદાવાદ | ૪૪૮૦ | ૩૦૯.૦૦ |
| ૩ | સીવીલ હોસ્પિટલ અમદાવાદ | ૧૦૮૦ | ૩૧૬.૦૦ |
| ૪ | સીવીલ હોસ્પિટલ અમદાવાદ | ૩૦૦૦ | ૨૦૭.૦૦ |
| ૫ | સા. આ. કેન્દ્ર, ચોરીવાડ | ૨ | ૩૨૫.૦૦ |
| ૬ | સા. આ. કેન્દ્ર, માણસા | ૩ | ૩૧૮.૦૦ |
| ૭ | સા. આ. કેન્દ્ર, સાદરા | ૭ | ૩૨૫.૦૦ |
| ૮ | સા. આ. કેન્દ્ર, સાદરા | ૭ | ૩૪૪.૦૪ |
| ૯ | કોટેજ હોસ્પી. ભીલોડા | ૨૮૦ | ૩૧૦.૦૦ |
| ૧૦ | જન. હોસ્પી. ગાંધીનગર | ૧૭૦ | ૨૯૦.૦૦ |
| ૧૧ | જન. હોસ્પી. હિંમતનગર | ૪૦ | ૨૪૫.૦૦ |
| ૧૨ | જન. હોસ્પી. મહેસાણા | ૧૯ | ૨૫૪.૦૮ |
| ૧૩ | જન. હોસ્પી. પાટણ | ૨૦ | ૨૦૦.૦૦ |
| ૧૪ | સરકારી દવાખાનું, ઊંઝા | ૧ | ૩૩૨.૮૦ |
| | **કુલ :** | **૯૭૬૯** | |
| | **રાજ્યનું કુલ :** | **૬૦૨૯૦૦** | |

-----------

**જામનગર તાલુકાના ઢીંચડા ખારાબેરાજા રસ્તો તૂટી જવા બાબત**

૨૧૮૪૦ **ડૉ. દિનેશ પરમાર (જામનગર રૂરલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર તાલુકાના ઢીંચડા ખારાબેરાજા ગામનો રસ્તો તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલા સમયથી તૂટી જવા પામેલ છે,

(૨) આ રસ્તાને રીપેર કરવા શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) આ રસ્તાનું પ્રથમ વખત ટેન્ડર ક્યારે બહાર પાડવામાં આવેલ અને કુલ કેટલી વખત ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે,

(૪) આ રસ્તો ડામરનો બનાવવા સરકાર માંગે છે કે કેમ, અને

(૫) જો હા, તો ક્યારે અને કેટલા સમયમાં આ રસ્તો બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧) રસ્તો વાહન વ્યવહાર લાયક છે.

(૨) આ સમગ્ર રસ્તાને ગુજરાત મેરી ટાઇમ બોર્ડ, જામનગર તથા વિભાગ દ્વારા સામાન્ય મરામત કરી વાહન વ્યવહાર લાયક રાખવામાં આવેલ છે.

(૩) ફક્ત એક્વાર તા.૧૬-૨-૦૪ ના રોજ ટેન્ડર માંગવામાં આવેલ.

(૪) હા જી,

(૫) વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે.

-----------

**ભરૂચ જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓમાં કરન્ટ રીપેર નીચે કરવામાં આવેલ ખર્ચ**

૨૨૯૩૭ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાના પંચાયત હસ્તકના કેટલા રસ્તાઓના રીપેર પાછળ તાલુકાવાર કરન્ટ રીપેર હેડે કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લા પંચાયત ભરૂચ હસ્તકના તાલુકાવાર રસ્તાનાં રીપેરીંગ પાછળ કરંટ રીપેરીંગ સદરે નીચેની વિગતે ખર્ચ થયેલ છે.

| તાલુકાનું નામ | ૨૦૦૫-૨૦૦૬ | | ૨૦૦૬-૨૦૦૭ ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ | |
|---|---|---|---|---|
| | રસ્તાની સંખ્યા | રીપેરીંગનો ખર્ચ | રસ્તાની સંખ્યા | રીપેરીંગનો ખર્ચ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ભરૂચ | ૧૪ | ૧૫૭૪૪૫૬ | ૨૦ | ૩૯૯૪૩૫ |
| વાગરા | ૧૯ | ૯૧૯૨૨૬ | ૦૭ | ૧૬૮૧૪૯ |
| આમોદ | ૧૩ | ૨૪૬૯૯૬ | ૦૪ | ૮૫૯૧૪ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| જંબુસર | ૧૩ | ૪૭૭૧૨૦ | ૧૨ | ૩૧૩૪૦૩ |
| અંકલેશ્વર | ૨૪ | ૮૦૫૩૪૩ | ૦૫ | ૧૯૨૮૪૫ |
| હાંસોટ | ૧૮ | ૫૭૭૩૦૪ | ૨૨ | ૧૦૦૪૧૪૫ |
| વાલીયા | ૦૫ | ૨૦૦૩૪૦ | ૦૯ | ૬૧૯૯૮૪ |
| ઝઘડીયા | ૧૦ | ૪૪૯૭૯૩ | ૧૦ | ૪૬૧૩૨૮ |
| કુલ : | ૧૧૬ | ૫૨૫૦૫૭૮ | ૮૯ | ૩૨૪૫૨૦૩ |

**પ્રશ્ન** (૨) કેટલા કિલોમીટરના રસ્તાઓ મરામત કરવામાં આવ્યા,

**જવાબ** (૨) છેલ્લા બે વર્ષમાં ૧૩૮૫.૦૦ કીલોમીટરના રસ્તાઓની મરામત નીચેની વિગતે કરવામાં આવી,

| અં.નં. | તાલુકા | મરામત કરેલ રસ્તાના કીલોમીટર | |
|---|---|---|---|
| | | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ભરૂચ | ૮૯.૮ | ૧૫૪.૪ |
| ૨ | વાગરા | ૭૩.૦ | ૨૯.૦ |
| ૩ | આમોદ | ૬૯.૨ | ૨૫.૭ |
| ૪ | જંબુસર | ૮૭.૨ | ૧૮૯.૩ |
| ૫ | અંકલેશ્વર | ૧૩૬.૬ | ૪૦.૩ |
| ૬ | હાંસોટ | ૧૨૬.૦ | ૧૧૪.૮૦ |
| ૭ | વાલીયા | ૪૭.૭ | ૭૭.૬ |
| ૮ | ઝઘડીયા | ૬૯.૧ | ૫૫.૩ |
| | | ૬૯૮.૬ | ૬૮૬.૪ |

**પ્રશ્ન** (૩) કેટલા રસ્તાઓના કામો માટે મંજુરી આપ્યા પછી કામો શરુ કરવામાં આવેલ નથી, અને

**જવાબ** (૩) પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

**પ્રશ્ન** (૪) તેના શા કારણો છે ?

**જવાબ** (૪) પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

## કચ્છ જિલ્લામાં સરકારી દવાખાના સ્વૈચ્છિક સંસ્થાઓને આપવા બાબત

૨૨૯૮૭**ડૉ. નીમાબેન બ. આચાર્ય(અંજાર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સરકારી દવાખાનાઓ સ્વૈચ્છિક સંસ્થાઓને સંભાળવા આપવાનો નિર્ણય લેવાયો છે, | (૧) હા, જી. |
| (૨) આવી કેટલી અરજીઓ આવી છે, અને | (૨) ૨૫ અરજી મળેલ છે. |
| (૩) આવી કોઈ સંસ્થાઓને આપવા માંગો છો કે કેમ, અને ક્યારે આપશો ? | (૩) હા, જી. સરકારશ્રીએ નિયત કરેલ ધોરણો અને શરતો મુજબની વિગતવાર દરખાસ્તો મળ્યેથી વિચારણા કરવામાં આવશે. |

-----------

## મેડિકલ કોલેજોમાં તજજ્ઞોની ખાલી જગ્યા

૨૧૯૭૪**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યની સરકારી મેડીકલ કોલેજમાં કેટલા શૈક્ષણિક તજજ્ઞોની મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના નિયમો મુજબ જગા કેટલા વર્ષોથી ખાલી છે, | (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ ખાલી જગ્યાની માહિતી નીચે મુજબ છે. |

| સંવર્ગ | કેટલા સમયથી ખાલી | | | કુલ |
|---|---|---|---|---|
| | ૧ વર્ષથી | ૧થી૨ વર્ષથી | ૨થી૩ વર્ષથી | |
| ૧ | ૨ | ૩ | ૪ | |
| (૧) પ્રાધ્યાપક | ૧૮ | ૬ | ૬ | ૩૦ |
| (૨) સહપ્રાધ્યાપક | ૪૮ | ૨૫ | ૩૧ | ૧૦૪ |
| (૩)મદદનીશ પ્રાધ્યાપક | ૮૨ | ૧૬ | ૧૪ | ૧૧૨ |
| (૪) ટ્યુટર | ૪૩ | -- | -- | ૪૩ |
| કુલ: | ૧૯૧ | ૪૭ | ૫૧ | ૨૮૯ |

(૨) આ જ્ગ્યાઓ ભરવા માટે સરકારે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શી કાર્યવાહી કરી, અને

(૨) તબીબી શિક્ષણ પ્રભાગની મેડીક્લ કોલેજો ખાતેની શૈક્ષણિક ગણની ખાલી જ્ગ્યાઓ સરકારશ્રી ધ્વારા બઢતીથી ભરવામાં આવે છે. જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીથી ભરવા અંગેના પ્રાધ્યાપક, સહપ્રાધ્યાપક, મદદનીશ પ્રાધ્યાપક અને ટ્યુટર સંવર્ગમાં કુલ ૯૩૭ જ્ગ્યાઓના ૧૫૫ માંગણીપત્રકો મોક્લવામાં આવેલ છે. જે પૈકી ૧૮૫ તજજ્ઞોને નિમણૂંક આપવામાં આવેલ છે. તેમજ દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપી ૯૮૮ ઉમેદવારોની નિમણૂંક ક્રવામાં આવેલ છે. તેમજ જાન્યુઆરી-૨૦૦૭ માં કુલ ૨૦૩ ઉમેદવારોની નિમણૂંક અંગેની કાર્યવાહી ચાલુ છે.

(૩) નિષ્ણાત તજજ્ઞો ગેરહાજરીમાં મેડીક્લ કોલેજોની સીટો વધારવાનું પ્રયોજન શું છે ?

(૩)(૧)રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારમાં તબીબી સ્નાતકોની ખેંચ વરતાતી હોઇ, તબીબી સ્નાતકો ઉપલબ્ધ થાય તે હેતુસર.

(૨) તબીબી સ્નાતકો પુરતા પ્રમાણમાં મળે તો ગ્રામ્ય વિસ્તારમાં ગરીબ દર્દીઓની સારવાર અર્થે તબીબોને પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ ક્રાવી શકાય.

(૩) રાજ્યના વિદ્યાર્થીઓને તબીબી અભ્યાસ ક્રવા માટે અન્ય રાજ્યમાં જવું ન પડે અને રાજ્યમાં જ તબીબી અભ્યાસ કરી શકે તે હેતુસર.

(૪) પુરતા પ્રમાણમાં તજજ્ઞો મળી શકે તે હેતુસર.

-----------

**ફાગવેલ ગામના ભાથીજી મહારાજ મંદિરનો પવિત્ર યાત્રાધામમાં સમાવેશ કરવા બાબત**

૨૨૨૮૯ **શ્રી રાકેશ રાવ(માતર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જાન્યુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં આવેલ ક્ષત્રિયવીર ભાથીજી મહારાજ મંદિર, ફાગવેલ ગામને પવિત્ર યાત્રાધામ હેઠળ સમાવેશ કરેલ છે કે કેમ?

**જવાબ**

ના જી,

-----------

**રાધનપુર અને સાંતલપુર સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટર અને અન્ય સ્ટાફની ઘટ**

૨૨૩૫૧ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાધનપુર અને સાંતલપુર સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટર તેમજ સ્ટાફની કુલ કેટલી ઘટ છે,

(૨) આ ઘટ કેટલા સમયમાં પૂરી થશે, અને

(૩) સરકાર આ બાબતને ગંભીરતાથી ધ્યાને લેવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાધનપુર અને સાંતલપુર સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં નીચે મુજબની સંવર્ગવાર સ્ટાફની ઘટ છે.

| સંવર્ગ | સામુહિક આરોગ્ય કેન્દ્ર, રાધનપુર | સામુહિક આરોગ્ય કેન્દ્ર, સાંતલપુર |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૪ | ૦૧ |
| વર્ગ-૨ | ૦૦ | ૦૧ |
| વર્ગ-૩ | ૧૦ | ૦૮ |
| વર્ગ-૪ | ૧૭ | ૦૭ |
| કુલઃ | ૩૧ | ૧૭ |

(૨) યોગ્ય લાયકાતવાળા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી સત્વરે ઘટ પૂરી કરવામાં આવશે.

(૩) હા, જી.

-----------

**બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના સબસેન્ટરોના મકાનોમાં સ્ટાફ ન રહેવા બાબત**

૨૨૯૩૪**શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના સબસેન્ટરોના મકાનો તૈયાર હોવા છતાં સ્ટાફ રહેતા નથી તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો સ્ટાફ મકાનોમાં ન રહેતા હોય તો તેના કારણો શા છે, અને

(૩) કેટલા સમયમાં સ્ટાફ આ મકાનોમાં રહેવા આવશે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ૪૨૨ સબસેન્ટરના મંજુર મહેકમ સામે હાલ ૨૮૨ સબસેન્ટરના મકાનો બાંધવામાં આવેલ છે. આ મકાનો પેકી ૭૨ સબસેન્ટરોના મકાનોમાં સ્ટાફ રહેતો નથી.

(૨) સબસેન્ટરના બાંધવામાં આવેલ મકાનોમાં ભારે મરામત, મકાન કન્ડમ, હાલ વીજળી અને પાણીની સુવિધા ન હોવાથી તેમજ સબસેન્ટરના મકાનોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાર્યન્વિત હોવાને લીધે અને સબસેન્ટરની જગ્યા હાલમાં ખાલી હોવાના કારણસર સ્ટાફ આ મકાનમાં રહેતા નથી.

(૩) તબક્કાવાર આ મકાનોની મરામત, વીજળી અને પાણીની સુવિધા, ઉપલબ્ધ તથા ફિમેલ હેલ્થ વર્કરની ખાલી જગ્યાઓ ભરાયેથી સ્ટાફ રહેવા આવશે.

-----------

**રાજકોટની સરકારી હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિ ધ્વારા તબીબી સેવાઓનો ચાર્જ**

૨૨૪૬૮**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની સરકારી હોસ્પિટલોમાં રોગી કલ્યાણ સમિતિ ધ્વારા લેવામાં આવતા તબીબી સેવાઓના ચાર્જ સરકાર ધ્વારા નકકી કરાયેલા છે કે પછી પોતાની રીતે નકકી કરવાની છૂટ આપવામાં આવી છે, | (૧) રાજ્યની સરકારી હોસ્પિટલોમાં રોગી કલ્યાણ સમિતિ દ્વારા લેવામાં આવતા તબીબી સેવાઓના ચાર્જ સરકાર દ્વારા નક્કી કરાયેલ નથી, પરંતુ રોગી કલ્યાણ સમિતિઓ ધ્વારા દર્દીઓને આપવામાં આવતી તબીબી સેવાઓના બદલામાં સ્વૈછિક રીતે એક રૂપિયાથી પાંચ રૂપિયા સુધીની રકમ યુઝર્સ ચાર્જીસ તરીકે લેવામાં આવે છે. |
| (૨) રાજકોટની સિવિલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિ ધ્વારા કઈ સેવા માટે શું ચાર્જ લેવામાં આવી રહેલ છે, | (૨) *પત્રક - ૧ મુજબ |
| (૩) આ ચાર્જમાંથી કોઈને મુક્તિ આપવામાં આવી છે, જો હા, તો કોને કોને, અને | (૩) આ ચાર્જીસ સ્વૈચ્છિક છે ઉપરાંત ગરીબી રેખા હેઠળ આવતા તમામ દર્દીઓને યુઝર્સ ચાર્જીસ ચુકવવામાંથી મુક્તિ આપેલ છે. |
| (૪) સિવિલ હોસ્પિટલમાં આ સમિતિએ શું શું કામગીરી બજાવી ? | (૪) *પત્રક -૨ મુજબ |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

**પ્રશ્નોત્તરીનો સમય વેડફાવા અંગે**

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી) :** આજે પ્રશ્નોત્તરીમાં એક ટૂંકી મુદતનો પ્રશ્ન હતો અને બાકીના આપણે છ પ્રશ્નો પૂરા કરી શક્યા અને છ પ્રશ્નો પૂરા કરવાની અંદર પ્રશ્નોત્તરીમાં જે જવાબો અપાયા એ વિભાગની માહિતી આપતા હોય, આપ પોતે પણ સાંભળતા હતા એટલા લાંબા જવાબો અપાયા છે જે પ્રશ્ન પૂછ્યો હોય એની જગ્યાએ આખા વિભાગનો જે પ્રશ્ન હોય એને પૂર્વાપર સંબંધ આપી અને એક આખું લૅક્ચર તૈયાર થઈ જાય એટલા લાંબા જવાબો અપાયા છે અને એને કારણે મુળ જે જવાબ હોય એ મળતા નથી અને બીજી જે રાજય સરકારની માહિતી હોય એ અહીંયા અપાય છે પ્રશ્નોત્તરીમાં એ અમને વાંધો નથી પણ વિભાગની માગણીઓ વખતે એ આપી શકે છે પણ વિભાગની માગણીઓની અંદર પણ જે જવાબ અપાઈ ગયા હોય એ ફરી પાછા અહીંયા રીપીટ થાય છે અને એમ કરીને પ્રશ્નોત્તરીનો સમય જે આપણો છે એ કિંમતી સમય છે એ આવી બાબતમાં વેડફાય છે એટલે મારી આપના મારફતે વિનંતી છે કે પ્રશ્નોત્તરીની અંદર જે પ્રશ્ન પુછાય અને એના જવાબ થોડા ઘણા વધારીને અપાય એનો વાંધો નથી પણ એક આખું લૅક્ચર તૈયાર થઈ જાય ત્યાંસુધીના જવાબ અપાય છે એને કારણે પ્રશ્નોત્તરીનો જે હેતુ છે એ જ માર્યો જાય છે અને એટલા માટે મારી આપના મારફતે વિનંતી છે કે આ બાબતની અંદર જે પરંપરા, પ્રણાલિકા છે અને પ્રશ્ન શું છે એ સમજીને જવાબો અપાય.

**અધ્યક્ષશ્રી :** બસ હવે કોઈ ચર્ચા નહિ, બરાબર છે. પ્લીઝ, પ્લીઝ મેં પણ તમામ સભ્યશ્રીઓને કહ્યું જ છે કે પ્રશ્ન પૂછનાર અને જવાબ આપનાર બન્ને જણાએ ટૂંકા અને સ્પષ્ટ પ્રશ્ન પૂછી શકાય અને જવાબ આપી શકાય તો ગૃહનું કામ સારી રીતે ચાલશે પ્લીઝ.

# સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો

**ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના વાર્ષિક અહેવાલો**

**શ્રી રમણલાલ વોરા (સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કૉર્પોરેશનના સન ૨૦૦૧-૦૨, સન ૨૦૦૨-૦૩ અને સન ૨૦૦૩-૦૪ ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના વાર્ષિક અહેવાલો**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસમંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સન ૨૦૦૩-૦૪ના વાર્ષિક હિસાબો અને ઑડિટ અહેવાલ અને સન ૨૦૦૫-૦૬નો વાર્ષિક વહિવટી અહેવાલ તથા સન ૨૦૦૩-૦૪ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, ઑડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભભાઈ પટેલ (રાજય કક્ષાના ઉર્જામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૦૫-૦૬નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૯૫૬૬ (અગ્રતાક્રમ-૪)ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી અશોક ભટ્ટ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તારીખ ૧૩-૩-૨૦૦૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી બલવંતસિંહ ચ. રાજપૂતના 'એઈડસ નિયંત્રણ માટે કરેલ ખર્ચ' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમ્રાંક ૧૯૫૬૬ (અગ્રતાક્રમ-૪) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૯૧૧૧ (અગ્રતાક્રમ-૧)ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તારીખ ૨૭-૨-૨૦૦૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી પ્રવીણભાઈ મારૂના 'ભાવનગર જિલ્લામાં તાલુકા વાર સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાઓને જોબ નંબર' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમ્રાંક ૧૯૧૧૧ (અગ્રતાક્રમ-૧) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલું અનુમતિ મળેલ વિધેયક**

**સચિવશ્રી:** માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાએ ચાલુ સત્રમાં પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૯ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલ વિધેયક સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

## વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**પંચાયતી રાજ સમિતિનો છઠ્ઠા અહેવાલની રજૂઆત**

**શ્રી દિલીપસિંહ વ. પરમાર (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયતી રાજ સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

**વન અને પર્યાવરણ વિભાગ**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વન સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૩૮,૨૨,૫૫,૦૦૦/- તથા મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧,૦૨,૧૭,૭૧,૦૦૦/- ની માગણી ક્રમાંક-૨૬ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે.વાઘેલા:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મેઘજીભાઈ શાહ:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.**

**ડૉ ચંદ્રિકાબેન કા.ચુડાસમા:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ અને ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૮ અને ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી શિવજીભાઈ ક. આહિર:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચ. રાજપૂત:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, હું પર્યાવરણ સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૬૦,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક-૨૭ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચ. રાજપૂત:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહમદફારૂક હુ. શેખ:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળીયા:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.**

**સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**શ્રી મંગુભાઈ છ.પટેલ (આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આદિજાતિ વિસ્તાર પેટા યોજના સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૪,૬૮,૦૮,૬૨,૦૦૦/- તથા મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૦,૩૮,૭૫,૯૬,૦૦૦/- ની માગણી ક્રમાંક-૯૬ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક-૯૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ અને ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ અને ૩૪ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી.**

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ સેવાને લગતી રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૪૬,૧૩,૮૬,૦૦૦ ની માગણી ક્રમાંક ૯૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૯૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૮ રજૂ કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રી** : હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

*

**સન ૨૦૦૭–૨૦૦૮ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી ગુરુવાર, તા.૨૨–૩–૨૦૦૭ (બીજી બેઠક) (અગિયારમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | <u>વન અને પર્યાવરણ વિભાગ</u><br><u>માગણી નં.૨૬</u> | | |
| ૧. | ૨૪૦૬–વન નિર્માણ...પ્રાણી જીવન | ૧૦૦ | વન મહોત્સવ નિમિત્તે ઉગાડવામાં આવેલા રોપાઓનું પૂરતું જતન | શ્રી માલજીભાઈ દેસાઈ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧–વન નિર્માણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–એફએસટી–૨૭<br>મુખ્ય વન સંરક્ષક<br>રૂા.૧,૩૨,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૮<br>પા.નં.૧૧અને ૧૨ | | કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૨. | –– " –– | ૧૦૦ | જંગલોમાં આવેલા કૂવાઓ ઉપર કવચના અભાવે હિંસક પ્રાણીઓને કૂવાઓમાં પડી મૃત્યુ પામતાં અટકાવવા તંત્રની નિષ્ફળતા | |
| ૩. | –– " –– | ૧૦૦ | સિંહ અને અન્ય હિંસક પ્રાણીઓની હત્યામાં સંડોવાયેલ વ્યકિતઓ પર સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| *૪. | –– " –– | ૧૦૦ | તાબાની કચેરીઓ ઉપર યોગ્ય દેખરેખ રાખવામાં નિષ્ફળતા | |
| *૫. | –– " –– | ૧૦૦ | જંગલોના નેસડાઓમાં રહેતા માલધારીઓને વન ખાતા તરફથી થતી બિનજરૂરી કનડગત નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૬. | –– " –– | ૧૦૦ | જંગલોના વિનાશમાં સંડોવાયેલ કર્મચારીઓ સામે યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| *૭. | ––"–– | ૧૦૦ | માનવ વસાહતોમાં જંગલી હિંસક પ્રાણીઓના વધતા જતા હુમલાના બનાવો રોકવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૮. | ૨૪૦૬–વન નિર્માણ...પ્રાણી જીવન<br>૦૧–વન નિર્માણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૩–જોડી ચોકીયાત<br>રૂા.૪૦,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮<br>પા.નં.૧૫ | ૧૦૦ | જોડી ચોકીયાતોની બેદરકારીના કારણે જંગલોને થતું નુકશાન અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | ર્ડા. ચંદ્રિકાબેન ચુડાસમા |
| ૯. | ૨૪૦૬–વન નિર્માણ...પ્રાણી જીવન<br>૦૧–વન નિર્માણ<br>૦૦૫–વન......ઉપયોગ<br>રૂા. ૯,૧૧,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં.૮<br>પા.નં.૨૧ અને ૨૨ | ૧૦૦ | વન સંપત્તિની મોજણી કરવામાં તંત્રની ઉદાસીનતા | ર્ડા. ચંદ્રિકાબેન ચુડાસમા |
| *૧૦. | ૨૪૦૬–વન નિર્માણ....પ્રાણી જીવન<br>૦૧–વન નિર્માણ<br>૧૦૧–વન સંરક્ષણ અને વિકાસ<br>રૂા. ૧,૬૫,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં.૮<br>પા.નં.૨૫ થી ૩૨ | ૧૦૦ | જંગલોમાં વારંવાર લાગતી આગના કારણે થતું નુકશાન નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૧. | ૨૪૦૬–વન નિર્માણ.....પ્રાણી જીવન<br>૦૧–વન નિર્માણ<br>૧૦૫–વન પેદાશ | ૧૦૦ | ગૌણ વન પેદાશોના ભાવો નકકી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શિવજીભાઈ આહીર |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂા. ૨,૩૩,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૮<br>પા.નં. ૩૩ અને ૩૪ | | | |
| ૧૨. | ૨૪૦૬–વન નિર્માણ.....પ્રાણી જીવન<br>૦૧–વન નિર્માણ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૨–તપાસ......સ્થાપના<br>રૂા. ૪૩,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮<br>પા.નં. ૩૬ થી ૩૭ | ૧૦૦ | જંગલ ખાતાના તપાસ નાકાની નબળી કામગીરીને કારણે જંગલોમાંથી થતી ચોરી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૧૩. | ૨૪૦૬–વન નિર્માણ.....પ્રાણીજીવન<br>૦૨–પર્યાવરણ લક્ષી.......પ્રાણી જીવન<br>૧૧૦–વન્ય પ્રાણીજીવન<br>૦૧–વન્ય...સંરક્ષણ<br>રૂા. ૬૫,૦૫,૦૦૦<br>અં.પ્ર.નં.૮<br>પા.નં. ૪૪ અને ૪૫ | ૧૦૦ | શિયાળા દરમિયાન જુદા જુદા તળાવોમાં આવતા વિદેશી પંખીઓની થતી હત્યા અને વેચાણ બાબતે સખતાઈથી પગલાં લેવાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ |
| ૧૪. | –– " –– | ૧૦૦ | જંગલોમાં પ્રાણીઓને પીવાના પાણીના સ્ત્રોત પૂરા પાડવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. સી. જે. ચાવડા |
| ૧૫. | –– " –– | ૧૦૦ | જંગલમાં પ્રાણીઓ–પશુઓ માટે જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી રશીદાબેન પટેલ |
| ૧૬. | ૨૪૦૬–વન નિર્માણ.....પ્રાણી જીવન<br>૦૨–પર્યાવરણ લક્ષી<br>૧૧૦–વન્ય પ્રાણી જીવન<br>૦૫–ગીર.....પરિયોજના<br>રૂા. ૧૯,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮<br>પા.નં. ૫૨–૫૩ | ૧૦૦ | ગીર અને બરડાના સિંહ અભયારણ્યના વિકાસ માટેની પરિયોજના અન્વયે સિંહોને પૂરતી સવલતો મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| | **માગણી નં.૨૭** | | | |
| ૧૭. | ૨૨૧૫–પાણી પુરવઠો અને સ્વચ્છતા<br>૦૨–ગટર....સ્વચ્છતા<br>૧૦૬–વાયુ........નિવારણ<br>૦૧–ઈપીસી– ૧૦<br>ગુજરાત.....બનાવવુ<br>રૂા. ૧,૨૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮<br>પા.નં. ૭ | ૧૦૦ | પર્યાવરણ અંગે "ના વાંધા" પ્રમાણપત્ર આપતાં પહેલાં જરૂરી ચકાસણી કરી સમયસર અહેવાલ રજૂ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| *૧૮. | ––"–– | ૧૦૦ | પ્લાસ્ટીકની થેલીઓના વપરાશ ઉપરના પ્રતિબંધનો ખુલ્લેઆમ થતો ભંગ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૯. | ––"–– | ૧૦૦ | વાયુ, જળ અને જમીનમાં વધતું જતું પ્રદૂષણ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૦. | ––"–– | ૧૦૦ | ગંદા પાણીના શુધ્ધિકરણ માટે યોગ્ય કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૨૧. | ––"–– | ૧૦૦ | અમદાવાદની ખારીકટ કેનાલમાં | શ્રી ફારુક શેખ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ખુલ્લેઆમ ઠલવાતા કેમિકલ યુકત પાણીને કારણે જનતાના સ્વાસ્થ્ય ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૨. | --"-- | ૧૦૦ | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઈ ઝાલા |
| ૨૩. | --"-- | ૧૦૦ | પ્રદૂષણ ફેલાવતા ઔદ્યોગિક એકમો સામે જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૨૪. | --"-- | ૧૦૦ | નદી / તળાવ / કેનાલોમાં કેમિકલ યુકત પાણી છોડાતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૨૫. | ૨૨૧૫-પાણી પુરવઠો અને સ્વચ્છતા<br>૦૨-ગટર....સ્વચ્છતા<br>૧૦૬-વાયુ.....નિવારણ<br>૦૩-કચરાનું.....આપવું<br>રૂા.૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮<br>પા.નં. ૭ | ૧૦૦ | જોખમી કચરાના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શંકરભાઈ વારલી |
| **<u>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ</u>**<br>**<u>માગણી નં.૯૬</u>** | | | | |
| ૨૬. | ૨૦૨૯-જમીન મહેસૂલ<br>૭૯૬-આદિજાતિ....યોજના<br>૦૧-એલએનડી-૪<br>રાજયના....મોજણી<br>રૂા. ૨,૯૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (૩)<br>પા.નં. ૧૫ અને ૧૬ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારના ગામોની ફેર મોજણીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| ૨૭. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રાથમિક શિક્ષણ<br>૭૯૬-આદિજાતિ....યોજના<br>૦૨-૧૪ વર્ષની....શિક્ષણ<br>રૂા. ૪૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (૩)<br>પા.નં.૨૩ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણ સરળતાથી મળી રહે તે માટે વધુ શાળાઓને મંજૂરી આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શંકરભાઈ વારલી |
| ૨૮. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રાથમિક શિક્ષણ<br>૭૯૬-આદિજાતિ....યોજના<br>૦૯-ઈડીએન-૧૧<br>દેખરેખ..........બનાવવું<br>રૂા. ૧૩,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (૩)<br>પા.નં.૨૪ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણનો લાભ વધુમાં વધુ બાળકોને મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૨૯. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૨-માધ્યમિક શિક્ષણ<br>૭૯૬-આદિજાતિ....યોજના<br>૦૪-ઈડીએન-૨૦<br>માધ્યમિક..........કરવી<br>રૂા. ૯૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (૩)<br>પા.નં.૨૮ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારની માધ્યમિક શાળાઓમાં પુસ્તક બેંક શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| ૩૦. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં કોમ્પ્યુટરની | શ્રી જીતુભાઈ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૨–માધ્યમિક શિક્ષણ<br>૭૯૬–આદિજાતિ....યોજના<br>૧૯–ઈડીએન–૨૫<br>કોમ્પ્યુટર........અભ્યાસક્રમ<br>રૂા.૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (૩)<br>પા.નં.૩૨ | | જાણકારી ધરાવતા શિક્ષકોની ઘટ પૂરી કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૧. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૩–યુનિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણ<br>૭૯૬–આદિજાતિ....યોજના<br>૦૪–ઈડીએન–૨૮<br>સરકારી..........વિકાસ<br>રૂા. ૫,૪૬,૯૩,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (૩)<br>પા.નં.૩૩ થી ૩૫ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોની સરકારી કોલેજોમાં વિદ્યાર્થીઓને એડમિશન મેળવવામાં પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માધુભાઈ ભોયે |
| ૩૨. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૩–યુનિવર્સિટી શિક્ષણ<br>૭૯૬–આદિજાતિ....યોજના<br>૦૪–ઈડીએન–૨૮<br>સરકારી..........વિકાસ<br>રૂા. ૫,૪૬,૯૩,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (૩)<br>પા.નં.૩૩ થી ૩૫ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં પૂરતા પ્રમાણમાં સરકારી કોલેજો ખોલવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૩૩. | ૨૨૦૫–કલા અને સંસ્કૃતિ<br>૭૯૬–આદિજાતિ....યોજના<br>૦૧–ઈડીએન–૭૫<br>ગ્રંથાલય વિકાસ<br>રૂા.૧,૨૯,૮૩,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (૩)<br>પા.નં.૫૧ અને ૫૨ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં અદ્યતન ગ્રંથાલયોનો વિકાસ કરી લોકોની વાંચન પ્રવૃત્તિને વેગ મળે તેવું આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૩૪. | ૨૨૧૦–તબીબી......આરોગ્ય<br>૦૩–ગ્રામીણ.....એલોપેથી<br>૭૯૬–આદિજાતિ....યોજના<br>૦૧–આદિજાતિ....પાડવાં<br>રૂા.૧૮,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (૩)<br>પા.નં.૬૮ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં ગ્રામીણ આરોગ્ય સેવાઓને કથળતી જતી રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૩૫. | ૨૨૧૫–પાણી.....સ્વચ્છતા<br>૦૧–પાણી પુરવઠો<br>૭૯૬–આદિજાતિ....યોજના<br>રૂા.૩૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (૩)<br>પા.નં.૮૯ અને ૯૦ | ૧૦૦ | ગ્રામીણ આદિજાતિ વિસ્તારોમાં પીવાના પાણીનો પુરવઠો સમયસર પૂરો પાડવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| ૩૬. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૨–રોજગાર<br>૭૯૬–આદિજાતિ....યોજના<br>૦૪–ઈએમપી–૬<br>રોજગાર..........વિસ્તરણ<br>રૂા.૫૨,૮૧,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (૩)<br>પા.નં.૧૫૮ અને ૧૫૯ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારમાં સ્થાનિક કક્ષાએ રોજગારી મળે તેવું સુદૃઢ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| **રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ<br>માગણી નં.૯૮** | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૭. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૮૦–સામાન્ય<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૬–ઉત્તમ....ઈનામો<br>રૂા.૧,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫<br>પા.નં. ૧૧ | ૧૦૦ | ઉત્તમ પુસ્તકોને પુરસ્કાર આપવામાં દાખવવામાં આવતી ભેદભાવભરી નીતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૩૮. | ૨૨૦૪–ખેલકૂદ....સેવાઓ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–યુવક....નિયામક<br>રૂા.૫૫,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫<br>પા.નં. ૧૩ | ૧૦૦ | વરસોથી ગાંધીનગર ખાતે ફરજ બજાવતા કોચોને બદલીને અન્ય જિલ્લાઓમાં મૂકી વહીવટી તંત્રની સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી રશીદાબેન પટેલ |
| ૩૯. | ૨૨૦૪–ખેલકૂદ....સેવાઓ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–યુવક....નિયામક<br>રૂા.૫૫,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫<br>પા.નં. ૧૩ | ૧૦૦ | રાષ્ટ્રીય કક્ષાએ હરિફાઈ કરી શકે તેવા ખેલાડીઓ તૈયાર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શિવજીભાઈ આહીર |
| ૪૦. | ––"–– | ૧૦૦ | રમતગમતના મેદાનો વિકસાવી ખેલાડીઓને પ્રોત્સાહન પૂરું પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હેમાજી રાજપૂત |
| ૪૧. | ૨૨૦૪–ખેલકૂદ......સેવાઓ<br>૧૦૪–ખેલકૂદ.....રમત<br>રૂા.૧૦,૩૪,૨૭,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫<br>પા.નં. ૧૬ થી ૨૦ | ૧૦૦ | રમતગમત શિબિરોના ઓઠા હેઠળ થતા ખોટા ખર્ચ ઉપર અંકુશ મૂકવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૪૨. | ૨૨૦૫–કલા અને સંસ્કૃતિ<br>૧૦૨–કલા.....ઉત્તેજન<br>૦૧–ઈડીએન–૫૬<br>સંગીત....પ્રવૃત્તિઓ<br>રૂા.૩,૪૯,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫<br>પા.નં. ૨૨ | ૧૦૦ | સંગીત, નૃત્ય–નાટય અકાદમીની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| *૪૩. | ૨૨૦૫–કલા અને સંસ્કૃતિ<br>૧૦૨–કલા.....ઉત્તેજન<br>૦૨–ઈડીએન–૫૭–લલિત<br>કલા અકાદમી<br>રૂા. ૯૧,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫<br>પા.નં. ૨૨ અને ૨૩ | ૧૦૦ | કલા અને સંસ્કૃતિના જૂના વારસાને જાળવી રાખવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪૪. | ૨૨૦૫–કલા અને સંસ્કૃતિ<br>૧૦૩–પુરાતત્વ...મોજણી<br>૦૧–ઈડીએન–૫૮<br>પુરાતત્વ વિકાસ<br>રૂા.૨,૦૪,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫<br>પા.નં. ૨૬ | ૧૦૦ | ધરતીકંપથી અસર પામેલી પ્રાચીન ઐતિહાસિક ઈમારતોની મરામત કામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. સી. જે. ચાવડા |
| ૪૫. | ૨૨૦૫–કલા અને સંસ્કૃતિ<br>૧૦૩–પુરાતત્વ...મોજણી<br>૦૫–રક્ષિત.....અનુદાન<br>રૂા.૩,૩૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫ | ૧૦૦ | પ્રાચીન સ્મારકોની જાળવણી કરી તેના અવશેષોની થતી ચોરી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | પા.નં. ૨૭ અને ૨૮ | | | |
| ૪૬. | ૨૨૦૫–કલા અને સંસ્કૃતિ<br>૧૦૫–જાહેર ગ્રંથાલયો<br>રૂા.૯,૬૮,૪૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫<br>પા.નં. ૩૦ થી ૩૭ | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોમાં જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| ૪૭. | ૨૨૦૫–કલા અને સંસ્કૃતિ<br>૧૦૫–જાહેર ગ્રંથાલયો<br>રૂા.૯,૬૮,૪૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫<br>પા.નં. ૩૦ થી ૩૭ | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોમાં પુસ્તકોની યોગ્ય જાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૪૮. | ૨૨૦૫–કલા અને સંસ્કૃતિ<br>૧૦૭–સંગ્રહાલયો<br>રૂા.૪,૯૯,૦૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫<br>પા.નં. ૩૮ થી ૪૦ | ૧૦૦ | સંગ્રાહાલયોની મુલાકાતે જનાર જનતાને સંગ્રહાયેલ વસ્તુઓ વિશેની વિસ્તૃત જાણકારી મળે તેવી વ્યવસ્થા કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નહીં.**

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રીઓ જે માગણી લઈને આવ્યા છે, એમાં લગભગ આપણા આદિવાસી ભાઈઓ જે છે, ૬૦, ૬૫ લાખ લોકો અને એ આપણા રાજયની વસતિના ૧૪ ટકા લોકો છે. એટલે આ ૬૦ લાખ આપણા હેવનોટ્સ ફેમિલી જે છે એમના માટે માત્ર ૬૦ સેકન્ડ બોલવાની મને તક મળી છે. આપણે કેટલા બધા ગંભીર છીએ આ બાબતમાં, એનો પરિચય આના ઉપરથી મળે છે. મારે..

**અધ્યક્ષશ્રી** : આપને સમય જોઈતો હોય તો માગી લો ને.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : સમય લંબાવવાની ના પાડી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : દંડક સાહેબે કહયું કે અધ્યક્ષ સાહેબે ઠપકો આપ્યો છે, એમ કહીને ના પાડી. સંકલ્પના ૨ કલાક છે. સમય કેવી રીતે મળી શકશે?

**અધ્યક્ષશ્રી .** : તમે દરખાસ્ત મૂકો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ત્રણેય વિભાગની માગણી હોય ત્યારે મેં દંડકશ્રીને સવારે પણ વિનંતી કરી હતી કે આપણે આવું કરવું જોઈએ. એમણે કહ્યું કે પૂછીને કરીશ, પણ નહીં થઈ શકયું. ૧૧ મિનિટ આપતા હોય ત્યારે અમે અમારા બધા સભ્યોને એક એક મિનિટ ફાળવી છે. ત્યારે આપે કીધું છે ત્યારે સમય લંબાવવા માટે ફરી વિનંતી કરું છું. પણ, ભાગીદારી સરખી થાય.

**અધ્યક્ષશ્રી** : કેટલો સમય?

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : બે કલાક જો લંબાવવામાં આવે, ત્યારે સવારે આવતીકાલે પાછું આવવાનું છે,(અંતરાય) તો જ સરખી રીતે બોલી શકાય, નહીંતર ૧૦- ૧૨-૧૫ મિનિટમાં તો શું થવાનું? એક કલાકનો સમય લંબાવવાથી પણ સમય ના રહેવાનો હોય તો... (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપણે સમયની વહેંચણી કરીએ છીએ એટલે એમાં.....

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : અમારે જયારે બોલવાનું હોય અને ત્રણ વિભાગોની માગણીઓ હોય અને સમય ના મળે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તેમની પણ વહેંચણી હોય છે અને તમારી પણ હોય છે

**શ્રી બલવંતસિંહ રાજપૂત:** એમના તો મંત્રીશ્રી જવાબ આપવાના હોય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** હવે આપના સભ્ય કેટલા છે એની સંખ્યા પ્રમાણે વહેંચણી કરીએ છીએ. એટલે બધાને સરખો અવસર મળવાનો જ છે. (અંતરાય)

**ડૉ. અનિલ જોષીયારા** : ૭૫ લાખની વસતિ માટે એક એક મિનિટ અમને મળે તો કેવી રીતે બોલવાના અમે?

**અધ્યક્ષશ્રી**: આપણે રેશિયા પ્રમાણે વહેંચણી સમયની કરીએ છીએ, તમે સમય વધારો તો એ પ્રમાણે તમારો સમય વધવાનો છે.

**શ્રી બલવંતસિંહ રાજપૂત:** તો પછી અમે એક એક મિનિટ બોલીશું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : અરધો કલાક સમય વધારવાથી શું ફેર પડવાનો છે?

**અધ્યક્ષશ્રી:** ફેર પડે, કેમ ના પડે?

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : ખરેખર ગુરુવારે આ રીતે ના રાખવું જોઈએ, ગયા ગુરુવારે પણ ૫ મિનિટ અમારા ભાગમાં દરેકને બોલવા માટે આવી હતી અને ૧૩૦૦ કરોડ રૂપિયાની માગણી હોય અને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમાં સવાલ એટલો જ છે કે આ વર્ષે સભ્યોની જે સંખ્યા છે એના સપ્રમાણમાં આપણે. સમયની વહેંચણી કરીએ છીએ. એટલે સભ્યો જેટલા હોય એટલા પ્રમાણમાં સમય મળવાનો છે. આજે આપને સમય ઓછો પડતો હોય તો આપ સમય વધારવાની દરખાસ્ત કરો જેટલી દરખાસ્ત કરશો એમાં અનુકૂળતા હોય એ પ્રમાણે સમય વધારીએ અને આ ગૃહ લંબાવીએ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : સમય વધારવાનું આપની પાસે છે અને સમયની ફાળવણી પણ આપની હસ્તક છ, તો જ અમે બોલી શકીએ, ૩ વિભાગ ઉપર બોલવાનું છે. (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : એમાં ૨ કલાક લંબાવવાનો પ્રશ્ન જ નથી કારણ કે સવારથી આપણે બેઠા છીએ અને હજી ૭-૦૦ વાગ્યા સુધી બેસવાનું છે અને એટલે ૨ કલાક લંબાવીએ તો ૭-૦૦ વાગ્યા પછી પણ ૨ કલાક બિનસરકારી સંકલ્પ ઉપર ચર્ચા છે અને પાછું કાલે સવારે આવવાનું છે.(અંતરાય) બહેન, આપણે જયારે જયારે ૨ કલાક બિલ ઉપર લંબાવવાની વાત કરી (અંતરાય) ગીવ એન્ડ ટેક પણ નથી, સહયોગી વલણ હોવું જોઈએ અને આ સત્ર દરમ્યાન સહયોગી વલણ બતાવ્યું નથી (અંતરાય) શહેરી વિકાસની ચર્ચામાં...(અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આપણી પરંપરા છે કે...(અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : આ પણ અત્યારે સમય જ બગાડીએ છીએ,(અંતરાય) તો અમે એમાં સંમત નથી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : અમારું તો વલણ સહયોગી જ છે.

**શ્રી અશોક ભટ્ટ** : તે વખતે ત્રણ બિલો નકકી થયાં હતાં અને જયારે ચર્ચા ચાલતી હતી અને પછી સમય થયો એટલે કહે કે અમારો સમય થઈ ગયો છે એટલે અમે જઈએ છીએ. એટલે અમારે તમારી અનુકૂળતા પ્રમાણે સમય વધારવાનો? ત્યારે ૫.૧૫ કલાકનો સમય થયો એટલે કહે કે અમારો સમય થઈ ગયો છે અમારે બિલ ઉપર ચર્ચા કરવી નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બિલની ચર્ચા કરવાની હોય તો ૫ વાગ્યાનો નહીં, પણ ૫ દિવસની અમારી તૈયારી છે, પરંતુ વિધાનસભાને ફેઈસ કરવાની આપની તૈયારી હોવી જોઈએ, અમારી તો તૈયારી છે.

**શ્રી અશોક ભટ્ટ** : આપના જેવો વિરોધપક્ષ હોય તો અમને ફેસ કરવામાં કોઈ પ્રોબલેમ નથી, આપ વિરોધપક્ષના નેતા છો ત્યાં સુધી અમને વિધાનસભા ફેઈસ કરવાનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : રાતના ૧૨ વાગ્યે બિલ પસાર કરવાનું હોય તો અમે લાચાર છીએ, એ રીતે બિલ પાસ ના થાય.

**અધ્યક્ષશ્રી** : મારા મનમાં એક લાગણી છે કે આપણે એક કલાકનો સમય વધારીએ...(અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : ના, ના, ૨ કલાકનો સમય તો વધારવો જોઈએ.

**અધ્યક્ષશ્રી** : તો પછી, ચાલો આગળ ચાલો. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે આ ગૃહમાં આદિવાસી સભ્યો આ જ વિષય ઉપર વધારે બોલવા માગતા હોય અને એમાં એમને વધારે સમય ના મળે તો એ જે એમની પોતાની લાગણી વ્યકત કરવાના છે એ ના થઈ શકે અને જો આ ગૃહ સંમતિ આપતું હોય તો ૨ કલાક સમય વધારીએ જેથી બધાને બોલવાની તક મળે અને જો એ ના આપતા હોય તો આ....(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એક કલાક કહો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એક કલાકમાં કાંઈ ના થાય, અમારી પાસે ૧૦ મિનિટ છે અને ૨૦ મિનિટ થાય તો પછી શું બોલવાનું? (અંતરાય) ના બોલવા દેવા હોય તો કાંઈ વાંધો નહીં.

**શ્રી અશોક ભટ્ટ** : નહીં બોલવા દેવાનો પ્રશ્ન જ નથી, એમાં કેટલાંક વર્ષથી ૧૯૬૦ થી શરૂ કરીને આ સભાગૃહમાં નિયમ છે કે સંખ્યા પ્રમાણે બોલવાનો સમય મળે છે એ ૧૯૬૦ થી ચાલી આવતી પરંપરા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ૧૯૬૦ થી કંઈ છે નહીં, તમે બધું બોલેલા છો, અને અશોકભાઈ બિલ ઉપર તમે કેટલા કલાક બોલેલા છો, તમારે અહીંથી આખા દેશમાં નંબર વન આવ્યા તે કહેવાનું, અને તમે આખા દેશમાં કયાં છેલ્લા આવ્યા તે કહીએ તો કહે કે પોલીટીકલ ઓબ્જરવેશન કરે છે.

**શ્રી વજુભાઈ વાળા** : દર ગુરુવારે આ જ પરિસ્થિતિ થાય છે, ગુરુવારે જ્યારે માગણીઓ આવે ત્યારે રીશેષ પછી જ્યારે પ્રાઈવેટ બિલ હોય કે બાકીની વાત હોય, ત્યારે દર ગુરુવારે આ પરિસ્થિતિ થતી હોય છે. છતાં આપે કહ્યું એમ એક કલાક વધારી શકાય, અંદાજે ૯૦ મિનિટ જેટલી ચર્ચા થઈ શકે, એમાં ૩૦ એમને મળે અને ૬૦ આ બાજુ મળે, બાકી એમની પાસે જેમ એ વિભાગના સભ્યો છે એમ અહીં પણ એટલા જ સભ્યો છે. બે કલાકની બીજી કાર્યવાહી છે. જો બીજી કાર્યવાહી ન હોત તો વાત જુદી હતી. અને દર ગુરુવારે જે કાર્યવાહી હોય એમાં આ આવે જ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બે કલાક લંબાવવા હોય તો જ, બાકી અમે સંમંત નથી.

**અધ્યક્ષશ્રી** : ગૃહના સભ્યોની સંમતી પણ જાણવી પડે ને. સવારના ૮-૩૦ વાગ્યાના બેઠા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એક દિવસમાં બે બેઠકો રાખવાની અમે કયારેય ઈચ્છા નથી કરી, એક જ બેઠક એક દિવસમાં હોવી જોઈએ. આપની વાત સાચી છે. પણ ધરાર આખા દિવસમાં બે બેઠકો રાખે છે. અમે આગ્રહ નથી કરતા. આખા દેશમાં વિધાનસભાઓ ચાલે છે આવી રીતે આપણી જેમ નથી ચાલતી, બધે જ શાસક પક્ષની ઈચ્છા પ્રમાણે બધી વિધાનસભા નથી ચાલતી. એ નિયમ મુજબ ચાલે છે. આપણા નિયમમાં કયાંય જોગવાઈ નથી કે એક દિવસમાં બે બેઠકો હોય, અને છતાં અમે ચલાવીએ છીએ.

**શ્રી અશોક ભટ્ટ** : આ વર્ષોથી ચાલી આવતી પ્રથા છે બે બેઠકોની, તેઓ આજે પહેલી વાર નેતા થયા એમાં હું શું કરું સાહેબ. જુના વખતનું જોઈ લેજો, બે બેઠકો પહેલા પણ મળેલી જ છે. કાયમ માટે મળે છે. આ વખતે જ મળી છે એવું નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એ રેર કેસમાં જ મળતી હોય છે.

**અધ્યક્ષશ્રી** : હવે સમય ઓછો છે, માનનીય અર્જુનભાઈ આપ ચાલુ કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે આપણી ૧૪ ટકા વસતિ છે તેના માટે આ બજેટમાં જે જોગવાઈ થઈ છે તે માત્ર સાડા છ ટકા જોગવાઈ થઈ છે, અને મને આશ્ચર્ય એ વાતનું થાય છે કે જેની બજેટમાં કોઈ જોગવાઈ નથી થઈ, તે બજેટમાં જોગવાઈ કર્યા વગર માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ૧૫ હજાર કરોડનું પેકેજ આપ્યું, અને તેની નાણાંકીય જોગવાઈમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીના કાર્યક્રમો છે તેના બજેટ હેડમાં કયાંય સમાવેશ કર્યો નથી. માત્ર એટલું જ કરવામાં આવ્યું કે જેટલી જેટલી બજેટ હેડમાં રકમ હતી તે બધીનો સરવાળો કરીને મુખ્ય મંત્રીશ્રીના ખાતામાં નાખી દીધી. જો રાજય સરકાર આદિવાસી પ્રજા માટે ગંભીર હોત તો બજેટમાં પહેલા જોગવાઈ કરી અને મુખ્યમંત્રીશ્રીએ જે કાર્યક્રમ જાહેર કર્યો છે તેનો બજેટમાં સમાવેશ કર્યો હોત, પણ એક પૈસાભાર પણ આ કાર્યક્રમની ગંભીરતા નથી, અને માત્ર ચૂંટણી લક્ષી જાહેરાત થઈ છે. અને આ મુખ્ય મંત્રીશ્રીનો કાર્યક્રમ છે તેની સાથે ન તો યોજનાને સંબંધ છે ન તો બજેટને સંબંધ છે. માત્ર જાહેરાતને સંબંધ છે. એટલે આ યોજના જે લઈ આવ્યા છે તે કદાચ એક વર્ષ પછી બજેટમાં લાવીને લાવ્યા હોત તો આનંદ થયો હોત. બીજી જે વાત છે તે વન અંગેની છે, વનમાં ખૂબ ઓછી ફાળવણી થઈ છે તેની વાત કરું છું. વનમાં એટલી બેદરકારી રખાઈ કે જેના કારણે ઈતિહાસમાં આટલા વર્ષોમાં પહેલી વાર સિંહોનો શિકાર થયો અને નખ અને હાડકા સહિતના અંગો કાઢી જવામાં આવ્યા અને છતાં આ સરકાર જાગી નથી તે વાતનું મને દુઃખ છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં છેલ્લા પાંચ વર્ષમાં એક પણ કોચ લેવાયો નથી. રાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધામાં આપણા યુવાન ખેલાડીઓ રમવા જાય છે ત્યારે રહેવા જમવાનું દૈનિક ભથ્થું ૪૫ થી ૭૫ રૂપિયા અપાય છે. એક ટંકનું ભોજન પણ અપાતું નથી. રાજય સરકાર ઉત્સવો પાછળ કરોડો રૂપિયા વાપરે છે તેમાંથી ઓછો ખર્ચ કરીને ખેલાડીઓને રહેવા જમવા માટેનો ખર્ચ વધારી આપવામાં આવે તો યોગ્ય ગણાશે.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : ગુજરાતની ૭૫ લાખ આદિવાસી જનતા માટે જ્યારે બજૅટ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા હોય અને અહીંયા ગૃહમાં ૧૫ હજાર કરોડના પેકેજની વાત થઈ હોય અને તેની બજૅટમાં કોઈ જોગવાઈ કરવામાં આવી નથી ત્યારે એની પૂરી ચર્ચા વિધાનસભામાં થવી જોઈએ. પરંતુ એ ચર્ચા કરવા માટે આ સરકાર સમય નથી આપતી ત્યારે અમે કોઈ ચર્ચા કરી શકતા નથી. આપને મારી વિનંતી છે કે આપ અમને સમય આપો, બે કલાકનો સમય વધારી આપો અને અહીંયા જે જાહેરાત કરવામાં આવી છે તે ફક્ત ગુજરાતની જનતાને ગૂમરાહ કરવાની વાત છે ત્યારે એની ચર્ચા વિધાનસભામાં થવી જોઈએ.

**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : માનનીય આદિજાતિ અને વન મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે એમાં એકજ વાત મારે કરવી છે કે. કેન્દ્ર સરકાર ડાંગ સહિત ટ્રાયબલના છ જિલ્લાઓ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપી છે. અમારે ત્યાં ૨૩ કરોડનું ફંડ છે એમાંથી ફક્ત એક કરોડ રૂપિયા જ વપરાયા છે. માનનીય વન મંત્રીશ્રીએ અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી, આદિજાતિના કલ્યાણ માટેની વાત કરી. બીજી બાજુ જંગલો બેફામ રીતે કપાઈ રહ્યા છે એ બાબતમાં આ સરકાર બેદરકાર રહી છે એના પુરાવા અમે આપવા તૈયાર છીએ. હું આ અંગે તપાસ માગું છું. જંગલને ભારે નુકસાન થયું છે એ નુકસાન થવાને લીધે આદિવાસીઓનું અહિત થયું છે તેથી એની તપાસ થાય તેવી મારી વિનંતી છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, મારે અતિ દુઃખ સાથે કહેવું પડે છે કે ૧૯૯૦થી આ વિધાનસભા ગૃહના સભ્ય તરીકે ફરજ બજાવું છું. પહેલી વખત આવા ગંભીર વન અને પર્યાવરણ વિભાગ અને જે વિસ્તારનું હું પ્રતિનિધિત્વ કરુ છું એમાં ગીરનું જંગલ આવે છે. એ ગીરના જંગલના પ્રશ્નો એક પદાધિકારી તરીકે એ વિસ્તારના પ્રતિનિધિ તરીકે આ વિધાનસભા ગૃહની અંદર રજૂ ન થઈ શકે એના માટે સમય ન મળે એ અતિ દુઃખદ બાબત છે અને ભૂતકાળમાં આવું કદી બન્યું નથી. અને જ્યારે સરકાર આ પદ્ધતિ અપનાવીને સમય ન ફાળવે એ કોઈપણ સંજોગોની અંદર વાજબી નથી. એક મિનિટમાં અમે અમારા વિસ્તાર માટે શું રજૂ કરી શકીએ.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, વંચિતોની વાત કરનારી આ સરકાર ગીર બરડામાં વસતા માલધારીઓને ભારત સરકારે આદિવાસી ગણ્યા છે. એમને કાર્ડ આપવાની શરૂઆત થઈ છે. એના માટે એટલી બધી આટીઘૂંટી છે કે અમારો આદિવાસી છે એ કાર્ડ સહેલાથી મેળવી શકતો નથી. તેથી મારી રાજય સરકારને વિનંતી છે કે માલજીભાઈ દેસાઈ કમિટીએ અહેવાલ રજૂ કરેલ છે એનો સ્વીકાર કરી સરકાર જંગલમાં વસતા માલધારીઓ સાથે જંગલ ખાતું માનવીય અભિગમ અપનાવે અને આવા મહત્ત્વના આદિવાસીઓના પ્રશ્નો માટે રાજય સરકાર સમય આપતી નથી ત્યારે વિશેષ બોલવું યોગ્ય નથી.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આ ચાર વર્ષના ગાળામાં કદાચ વન મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરવામાં આવ્યું છતાં સમય ફાળવવામાં આવેલ નથી. અમને ત્રણ વિભાગ ઉપર બોલવા માટે એકજ મિનિટ ફાળવવામાં આવી એ ઇતિહાસના પાના ઉપર કાળા કલંક તરીકે લેખાશે એનાથી બીજું કંઈ નથી.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભામાં ત્રણ વિભાગની આજે માગણીઓ છે. આદિવાસીઓના નામે વાતો કરનારી આ સરકાર રમત ગમત લોકોને ઉત્સવો આપતી આ સરકાર અત્યારે સભ્યશ્રીઓને બોલવા ઉપર મોટો કાપ મૂક્યો છે ત્યારે ગુજરાતના ઇતિહાસમાં મને એમ લાગે છે કે આ વાતની નોંધ કાયમ રહેશે. જંગલ ખાતાની અંદર વારંવાર લાગતી આગ અને એમાં તંત્રની નિષ્ફળતા અને એના કરતાં પણ વિશ્વમાં જેનું નામ જાણીતું છે એ ગીરના સિંહો માટે રાજયમાં કોઈપણ જાતની યોજના ન કરી તથા આ રાજય સરકારે ગરીબ આદિવાસીઓ અને ફૉરેસ્ટમાં વસતા લોકોનું રક્ષણ કરી શકે નહિ તેવી કમનસીબ આ સરકાર છે.

**શ્રી અમિત અ. ચાવડા (બોરસદ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયનો સાંસ્કૃતિક વારસો, આ રાજયનું ભવિષ્ય એવું આ યુવાધન અને આ રાજયમાં જે પણ રમતગમત ક્ષેત્રે પ્રતિભાઓ રહેલી છે તેના વિકાસ માટે, તેના ચિંતન માટે અને આ રાજયનું ભવિષ્ય ઉજજવળ બને એવી માગણીઓની જ્યારે ચર્ચા થવાની હોય અને તેના માટે સમય ફાળવવામાં આવે નહીં આ આપણાં સૌ માટે અને ગુજરાતના યુવાનો માટે, ગુજરાતના સાંસ્કૃતિક જતનના જાણકારો માટે એક દુ:ખદ દિવસ ગણાશે અને આવનારા સમયમાં આ યુવકો અને આ રાજયની જનતા ચોક્કસ યાદ રાખશે અને સમય આવ્યે પરચો પણ બતાવશે.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં સિંહોની સંખ્યા ઘટતી ગઈ અને ભૂંડ અને રોઝની સંખ્યા વધતી ગઈ. પણ આ વન ખાતુ, જંગલ ખાતુ તેને કંટ્રોલ ન કરી શક્યું. સરકાર અસંતુષ્ટ ધારાસભ્યોને કંટ્રોલ કરી શકી પણ રોઝ અને ભૂંડને કંટ્રોલ કરી શકી નથી. એ કરવું જોઈએ. મંગુભાઈ ખૂબ ભાગ્યશાળી છે કે નરોત્તમકાકા જેવાના ખાતામાં ૫૦૦ કરોડનું કૌભાંડ થયું. રેવન્યુ મંત્રીને ત્યાં હજારો કરોડનું કૌભાંડ થયું. એટલે તેમને નાના-નાના કૌભાંડો દેખાતા નથી. પણ સુધારો આવ્યો એટલે ઘણું છે.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, ભાજપ સરકારે ચૂંટણીમાં રોટી-કપડાં-મકાન આપી ભ્રષ્ટાચાર દૂર કરવાનું વચન આપ્યું હતું. પણ આ સરકાર એ વચનને પાળી શકી નહીં. અમારા દક્ષિણના જિલ્લાઓમાં લગ્નના બહાને આદિવાસી છોકરીઓને વેચવાનું કૌભાંડ બહાર આવ્યું છે. છતાં બેકારી અને ગરીબીને કારણે પણ આપ દૂર કરી શક્યા નથી. ધન્યવાદ તો મારે કેન્દ્ર સરકારને આપવા જોઈએ કે રોજગારી માટે એક યોજના બહાર પાડીને ગરીબોને ન્યાય આપવાનું કામ કર્યું છે. આ વિભાગમાં ન્યાય આપવાની વાત છે પણ ન્યાય મળ્યો નથી. આદિવાસી ગરીબ બહેનો પોલીસ સ્ટેશનમાં જાય તો ફરિયાદ પણ લેવાતી નથી અને ફરિયાદ લેતા નથી પણ ખખડાવીને બહાર કાઢી મૂકે છે એવા કિસ્સાઓ બન્યા છે.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે તેના ઉપર મને એક મિનિટ બોલવાનો સમય મળ્યો છે, ખરેખર તમારો આભાર માનું છું, એટલા માટે કે આદિવાસીઓ માટે એક મિનિટ બોલવાની તક આપે તો ખરેખર આ ભાજપ સરકારને હું બિરદાવું છું. તેની સાથે સાથે..

**અધ્યક્ષશ્રી** : આમાં કોઈને બિરદાવવાની વાત નથી. તમને મળેલો ટાઈમ છે પ્લીઝ. આ કોઈ ટાઈમ ફાળવતું નથી. પ્લીઝ.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : આદિવાસી સમાજની મજાક સિવાય..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ના,ના. (અંતરાય)

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : આ અમારી આદિવાસી સમાજની ક્રુર મજાક છે. કહું છું અને દેવગઢ બારિયામાં અમારા મૅડમ સોનિયાજીએ જે સમયે આવ્યા અને જે લાખો માણસો જે આવ્યા છે એ દિવસો તમને સમય આવ્યે બતાવશે. આદિવાસી જીંદાબાદ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અમે સરકારને આટલી ગંભીર ચર્ચાનો સમય એક એક મિનિટનો આપ્યો એ બદલ અમે અભિનંદન આપીએ છીએ અને અભિનંદન આપીને અમે આપની રજા લઈએ છીએ.

**અધ્યક્ષશ્રી** : સરકાર નથી આપતી તમે જાતે જ સ્વીકારો છો.

**(આ તબકકે વિરોધપક્ષના નેતા સહિત ગૃહમાં હાજર રહેલ તમામ વિરોધપક્ષના સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા)**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, એમને આ જ કરવાનું હતું પહેલેથી, એમનું નકકી જ હતું, એમને કંઈ આદિવાસીઓની પડી નથી સાહેબ. એમને આદિવાસીઓની કંઈ પડી નથી. (સતત અંતરાય) એટલે આદિવાસીઓના કલ્યાણની કંઈ પડી નથી.(અંતરાય) ગરીબોની કંઈ પડી નથી. માત્ર અને માત્ર અહીં આવીને ચાળા કરવાના અને જતા રહેવાનું બીજું કંઈ કરવાનું નથી. માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીઓ માટે રાજયના મુખ્યમંત્રીશ્રીએ ૧૫હજાર કરોડનું પેકેજ જાહેર કર્યુ છે અને એમને આ પેટમાં દુખતું હતું અને એટલા માટે આજે એમણે ચર્ચામાં ભાગ ન લીધો. જવાબ નથી આપી શકતા સાહેબ. જે રીતે આદિવાસી ક્ષેત્રની અંદર કામ થયું છે એનો જવાબ નથી આપી શકતા એટલા માટે આજે એમણે વોકઆઉટ કર્યો છે. (સતત અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહની અંદર એમના દંડકે એક એક મિનિટ ફાળવી, આપણે કે સરકારે ફાળવી નથી અને એને સરકારની ટીકાના ભાગ બનાવે, આ સત્ર શરૂ થયુ ત્યારથી સભાત્યાગનું એક નાટક ચાલી રહયુ છે. નાટક શબ્દ નહોતો વાપરવો જોઈતો હતો પરંતુ સભાત્યાગનું શસ્ત્ર એ માત્ર પ્રસિદ્ધિ મેળવવા માટે સભાત્યાગ પાછળનો હેતુ શું? પ્રસિદ્ધિ સિવાય કોઈ હેતુ નથી. અને એટલા માટે મારે દુ:ખ સાથે કહેવુ પડે છે કે સામાન્ય રીતે આ સભાગૃહની એક પરંપરા રહી છે. સંસદીય પરંપરા રહી છે કે વિરોધ પક્ષના નેતા હોય કે વિરોધ પક્ષ હોય જેમણે ચર્ચાની અંદર ભાગ લીધો હોય એમણે મંત્રીશ્રીનો જવાબ સાંભળવો જોઈએ. આજે સવારથી એવું થયું કે એમણે આક્ષેપો કર્યા, વિરોધ પક્ષના નેતાએ અને આક્ષેપો કર્યા પછી જયારે મંત્રીશ્રીએ જવાબ આપ્યો ત્યારે એ જવાબ વખતે હાજર ન રહ્યા. આ સંસદીય પરંપરાનું ઘોર અપમાન બને છે. આજે પણ દસ જણાએ ભાગ લીધો, એમણે ટીકાઓ કરી, ટીકાઓ કરવાનો એમનો અધિકાર છે. એ પણ એમનો સંસદીય ધર્મ છે કે જયારે એ ટીકાનો જવાબ માનનીય મંત્રીશ્રી મંગુભાઈ અને આદરણીય આનંદીબેન જયારે જવાબ આપવાના હોય ત્યારે જવાબ સાંભળવો એ પણ સંસદીય સંસ્કાર છે અને એ સંસ્કારનો અભાવ છે. ગઈકાલે પણ એવું કર્યુ, પરમદિવસે પણ એવું કર્યુ. જે ઈશ્યુ ઉપર ગઈકાલે ચર્ચા જ ન કરી, ખેતીવાડી ખાતાની ચર્ચાની અંદર જે પ્રશ્નો ઉપસ્થિત કર્યા જ નહીં એમણે પોતે એમને તક હતી, પૂરી તક હતી. અને પછી સભાત્યાગ વખતે અમે આટલા માટે સભાત્યાગ કરીએ છીએ એમ કહીને જતા રહ્યા. મને લાગે છે કે સભાત્યાગ પણ આ રીતે વપરાય એ ખોટું છે અને એ પરંપરા રહી છે વિરોધ પક્ષની, મંત્રી જવાબ આપે ત્યારે એ જવાબને સાંભળવો જોઈએ, સહિષ્ણુતા ગુમાવી બેઠેલો વિરોધપક્ષ છે અને આજે જયારે વનમંત્રીશ્રી વનબંધુ કલ્યાણ યોજનાની પૂરી વિગતો આપવાના હતા અને એ સાંભળીને એમણે વાત કરવાની હતી. એમણે પ્રશ્ન ઉભો કર્યો કે ૧૫ હજાર કરોડનું બજેટ નથી તો એનો જવાબ આપવામાં આવ્યો હોત અને એ જવાબ સાંભળવાની જવાબદારી પણ વિરોધ પક્ષની છે. મને લાગે છે કે વિરોધપક્ષના નેતા સહિતનો વિરોધ પક્ષ એ સંસદીય પરંપરા અને સંસદીય સંસ્કારને ગુમાવી બેઠો છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના તમામ લોકો જે રીતે વોકઆઉટ કરીને ચાલ્યા ગયા છે. હવે ખરેખર જો સમય તો પહેલેથી નકકી કર્યો, આપની સૂચના પ્રમાણે અને આપે પણ કહ્યું કે એક કલાકનો સમય વધારી દેવામાં આવ્યો છે અને અમે અમારા તરફથી સંમતી પણ બતાવી અને એમને જો વાંધો હતો તો સમય ઓછો મળતો હતો તો પહેલા નીકળી જવું હતું, આ તો બધાએ એનો વિરોધ પણ કર્યો, માનનીય વિરોધ પક્ષના નેતાએ પણ કહ્યું કે આટલી જે બજેટમાં ફાળવણી કરી છે એ ઓછી કરી છે. એ બાબતની અંદર એમણે ચર્ચા પણ કરી, આ તો શેરીમાં રખડતા છોકરા જેવી પરિસ્થિતિ થાય કે મારીને ભાગી જવું , એમ બોલીને નીકળી જવું. આ બોલીને નીકળી જવું એ કોઈ રીતે યોગ્ય નથી. એક કલાકની ચર્ચા પછી પણ જો હાઉસને એમ લાગ્યું હોય કે હજી વધુ સભ્ય ભાગ લેવા માગે છે ત્યારે આપણે એ વધારી દીધો છે. એક કલાકનો દોઢ કલાક કર્યો છે. વધારી દીધો છે. એમ લોકશાહી પદ્ધતિ પ્રમાણે એ બોલે એમાં કોઈ દિવસ કોઈને વાંધો હતો જ નહીં અને રહેવાનો નહીં, અને આ પરિસ્થિતિ દર ગુરુવારે જે દિવસે અહીં માગણીઓ ઉપરની ચર્ચા હોય છે તે દિવસે આ પરિસ્થિતિ તો વર્ષોથી હાઉસની અંદર થતી આવી છે. અને બપોરના ૧૨-૦૦ વાગ્યાનું જયારે સેશન શરૂ થાય ત્યારે ૨-૩૦ વાગે તમામ માગણીઓ પર મતદાન પણ થતું જાય છે. એમાં પણ ક્યારેય વધારો કરી દેવામાં આવતો નથી. દર ગુરુવારે જે વિષયની માગણી હોય એમાં આ જ પરિસ્થિતિ થવાની છે. આપે એક કલાક સમય વધારવા માટે વિનંતી કરી ત્યારે અમે તૈયાર હતા. ત્યાર પછી પરિસ્થિતિ એવી નિર્માણ થાય ત્યારે એથી પણ વધુ સમય ભૂતકાળમાં વધારી દીધો છે. પણ બોલીને નીકળી જવું અને બીજું કાંઈ કહેવું નહિ એ કોઈ રીતે વાજબી નથી.

**અધ્યક્ષશ્રી** : દંડકશ્રી, આપના સભ્યશ્રીઓને જો કોઈને બોલવું હોય તો સમય લંબાવી શકો છો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પક્ષની આ સરકારે છેલ્લા પાંચ વર્ષના એના શાસનમાં રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક

પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા જે કાર્યો કર્યા છે એની વાત આજે હું અહીં કરવાની હતી અને કોંગ્રેસના શાસનમાં એમણે જે જાહેરાતો કરી હતી એ જાહેરાતોનું એમણે પાલન કર્યું નથી એની પણ વાતો કરવાની હતી. એ સાંભળવાની એમની તૈયારી ન હતી. કારણ કે જાહેરાત કર્યા પછી વર્ષો સુધી તમે કામ કરી શક્યા નથી. એટલા માટે આજે મંત્રીઓના જવાબો સાંભળ્યા પહેલા પોતે ટીકાઓ કરીને આ વિધાનસભા ગૃહમાંથી ચાલી ગયા.

માનનીય અધ્યક્ષશ્રી, ઐતિહાસિક દાંડી યાત્રાની ૭૫મી જયંતી જ્યારે ઉજવવાની થઈ ત્યારે કોંગ્રેસે તા. ૬-૪-૨૦૦૫ના રોજ દાંડી યાત્રાનું આયોજન કર્યું અને એ દાંડી યાત્રાના આયોજન સમયે આ દેશના વડાપ્રધાને દાંડી ખાતે એવી જાહેરાત કરી કે અમે સાબરમતી આશ્રમથી દાંડી સુધીના રૂટને હેરિટેજ રૂટ જાહેર કરીએ છીએ અને એના માટે ૨૦ કરોડની જાહેરાત કરીએ છીએ. આજે દાંડી યાત્રાને દોઢ વર્ષનો સમય પૂરો થયો પરંતુ આ હેરિટેજ રૂટ ક્યાં ગયો? ૨૦ કરોડની ફાળવણી ક્યાં ગઈ? કશું કામ થયું નથી અને ગુજરાત સરકારે જે હેરિટેજ રૂટ તૈયાર કરીને ભારત સરકારને મોકલ્યો હતો એની મંજૂરી આજ સુધી આપવામાં આવી નથી. આ બધું સાંભળવાની એમની તૈયારી ન હતી. એ જ રીતે જંબુસર ખાતે જ્યારે દાંડી યાત્રા સમયે ગાંધીજી રોકાયા હતા, એ સમયે ૧૯૮૮માં એમણે જાહેરાત કરી હતી કે આ જગ્યાએ અમે સ્વરાજ ભવન બનાવીશું. ૧૯૮૮માં ઉપરાષ્ટ્રપતિ શ્રી શંકરદયાળ શર્માના હસ્તે ત્યાં ખાતમુહૂર્ત કર્યું હતું. પરંતુ ૧૯૮૮ ના વર્ષ થી ૨૦૦૩ સુધીમાં આ સ્વરાજ ભવન ખાસ કરીને કોંગ્રેસના શાસનમાં બની ન શક્યું. પરંતુ ૮૭ લાખનો ખર્ચ કરીને આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ ૨૫મી જાન્યુઆરી ૨૦૦૭ના રોજ એનું ઉદ્ઘાટન કર્યું. જેમાં પ્રદર્શન હોલ અને એમ્ફી થિયેટરની રચના આ રાજ્ય સરકારે કરી. એ જ રીતે જ્યારે સ્વાતંત્ર્ય સંગ્રામની લડત ચાલતી હતી ત્યારે વિદેશની ધરતી ઉપર પંડિત શ્યામજી કૃષ્ણ વર્માએ ત્યાં કામ કર્યું હતું. વિદેશની ધરતી ઉપર સ્વતંત્રતા માટે આંદોલન ચલાવ્યું હતું. એમણે એવી જાહેરાત કરી હતી કે મારા મૃત્યું પછી મારા અસ્થિને દેશની અંદર લઈ જવામાં આવે. ક્યારે? આઝાદ ભારત થાય ત્યારે મારા અસ્થિ દેશમાં લઈ જવામાં આવે. ૭૩-૭૩ વર્ષનો સમય થયો, એમના અસ્થિ વિદેશમાં પડી રહ્યા. પરંતુ આ કોંગ્રેસના શાસનના પેટનું પાણી ન હલ્યું અને એમના અસ્થિ આપણા દેશમાં ન લાવ્યા. ૭૩ વર્ષ પછી શ્યામજી કૃષ્ણ વર્માના અસ્થિ લાવવાનું કામ આપણા રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું. માંડવી ખાતે ક્રાંતિતીર્થ બનાવવાની એક જાહેરાત કરી અને એના અનુસંધાનમાં ૭૦ હેકટર જમીનની પસંદગી કરવામાં આવી અને એના માટે પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા સોસાયટીના નામે આ જમીન તબદીલ કરવાની કાર્યવાહી ચાલું છે. કરવા જેવા કામો એ કરી શકતા નથી અને અહીંથી વોટ-આઉટ કરવા માટેની એમની ઈચ્છા હોય છે અને એ પ્રમાણે એ કરે છે. ૧૮૫૭માં સ્વાતંત્ર્ય સંગ્રામની શરૂઆત થઈ એને ૨૦૦૭માં ૧૫૦ વર્ષ પૂર્ણ થાય છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે હમણાં વર્ષ ૨૦૦૭-૦૮ના વર્ષમાં ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામની ઉજવણી કરવા માટેની એક યોજના બનાવી છે. ૧૮૫૭ નો સ્વાતંત્ર્ય સંગ્રામની ઊજવણી કરવા માટે એક યોજના બનાવી છે. જેના માટે ૨૦ લાખની જોગવાઈ કરી છે. આપણા બાળકો પણ સ્વાતંત્ર્ય સંગ્રામથી પરિચિત થાય અને આપણા જે નેતાઓ હતા એમણે સ્વાતંત્ર્ય સંગ્રામમાં કેવી રીતે શહીદી વ્હોરી છે અને કેવી રીતે કામ કર્યું છે એની જાણકારી પ્રાપ્ત થાય એના માટે શાળા, મહાશાળામાં આવતા વર્ષે પણ આ જ રીતે ઊજવવામાં આવશે. એ જ રીતે આંતરરાષ્ટ્રીય કક્ષાએ જે વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે એ ખેલાડીઓને હમણાં અમારા દંડકશ્રીએ કહ્યું હતું કે વિદ્યાર્થીઓને પૂરું ફૂડબીલ નથી આપવામાં આવ્યું. જે વાતનો હું ઉલ્લેખ કરવા માગું છું આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર વિદ્યાર્થીઓને અત્યાર સુધી ૨૦,૦૦૦ સહાય આપવામાં આવતી હતી. પરંતુ આવતા વર્ષથી ૨૦,૦૦૦ના બદલામાં ૭૫,૦૦૦ રૂપિયા વિદ્યાર્થી આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા જવાનો હશે તો એમને આપવામાં આવશે. આ દેશની અંદર નિવૃત્ત રમતવીરો હોય છે એજ રીતે ગુજરાતની અંદર પણ નિવૃત્ત રમતવીરો છે, જેમને અત્યાર સુધી રાજ્ય સરકાર ૮૦૦ રૂપિયા પેન્શન આપતી હતી. પરંતુ ૨૦૦૭-૦૮થી ૮૦૦માંથી વધારીને ૧૫૦૦ રૂપિયા પેન્શન આ નિવૃત્ત રમતવીરોને ગુજરાતની અંદર પહેલીવાર આપવામાં આવશે. નાની વયના વિદ્યાર્થી એટલે કે ૧૩ વર્ષથી નીચેના જે નાના બાળકો છે એમની સાહિત્ય કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની સ્પર્ધાઓ થાય અને એમની જે સુષુપ્ત શકિત રહેલી છે એ બાળ પ્રતિભાને વિકસાવવા માટે પણ આ રાજ્ય સરકારે એક નવી યોજના આ વર્ષથી દાખલ કરી છે જેના માટે બજૅટની અંદર ૧૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતના વિદ્યાર્થીઓ ધીરે ધીરે કરીને રાષ્ટ્રીય કક્ષાએ અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ જ્યારે પોતાની પ્રતિભાઓ બતાવી રહ્યાં છે ત્યારે એવા વિદ્યાર્થીઓને વધુ જોગવાઈ કરીને વધુ સારો સુંદર દેખાવ કરી શકે એ માટે શકિતદૂત યોજના અમલમાં આવી છે. (અંતરાય)

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને ત્યાર પછી મંગુભાઈ સાહેબનો જવાબ પૂરો થાય એટલા માટે ૧૦ મિનિટ રીસૅસનો સમય ટૂંકાવી સભાગૃહની બેઠકનો સમય લંબાવવા માટે વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનો સમય ૧૦ મિનિટ લંબાવવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શાંતિદૂત યોજનાની અમલવારી અમે આ વર્ષે કરી રહ્યા છીએ અને એમાં ૧૨૭ ખેલાડીઓને ૬૦ લાખ રૂપિયાના ખર્ચે એ સ્પર્ધાની અંદર ભાગ લેવા માટેની વ્યવસ્થા કરવામાં આવશે. એ જ રીતે ઐતિહાસિક નગરીઓ છે. જેમાં - પાટણ, વડનગર અને દ્વારિકા જેની અંદર

મ્યુઝિયમ બાંધવાનું કામ અત્યારે ચાલી રહ્યું છે અને એની અંદર ૧૭૫ લાખ રૂપિયાની જોગવાઈ અત્યારે કરવામાં આવી છે. આપણે ગુજરાતની અંદર મોઢેરા ઉત્સવ થાય છે. તાનારીરી ઉત્સવ થાય છે. આ મોઢેરા ઉત્સવની અંદર પણ દેશ અને વિદેશના જે નૃત્યમાં કામ કરી શકે છે એવા લોકોને બોલાવી ભરત નાટ્યમ્ અને ઓડિસી નૃત્ય કરાવી ગુજરાતના અનેક ભાઈ-બહેનો આ કાર્યક્રમ જોવા માટે આવતા હોય છે. એ જ રીતે ગાંધીનગરની અંદર સાંસ્કૃત્તિકુંજ છે, જ્યાં દર વર્ષે ફેબ્રુઆરી મહિનાની અંદર વસંતોત્સવ કાર્યક્રમનું આયોજન થાય છે. એ એટલા બધા આકર્ષણનું કેન્દ્ર બન્યું છે કે દર વર્ષે દોઢ લાખ જેટલા લોકો આ વસંતોત્સવ ઉજવણીમાં ભાગ લેતા હોય છે અને એમાં હસ્તકલા, ખાણીપીણી, ટેરાકોટા, બાંધણીતાર અને રમકડા જેવા ૧૭૫ જેટલા સ્ટોલ મૂકવામાં આવ્યાં છે જેના કારણે ગરીબમાં ગરીબ વ્યકિત પોતાનો માલસામાન લઈને અહીંયા આવે છે અને વેચાણ કરીને પૈસા કમાય છે અને પોતાની રોજગારી મેળવે છે. ૧૧ રાજ્યોની અંદરથી ૧૮૦ જેટલા કલાકારોએ ભાગ લીધો અને ગુજરાતના લગભગ ૨૦૦ કલાકારોએ પણ આની અંદર ભાગ લીધો છે જેમનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે. એ જ રીતે ગુજરાતની એક સંગીત બેલડી તાના-રીરી વડનગરની આ બંને દીકરીઓ મલ્હાર મહોત્સવ જે આજ સુધી કદી પણ યાદ નહોતી કરી. પરંતુ છેલ્લા ૩ વર્ષથી વડનગરની અંદર નવેમ્બરની અંદર દિવાળી પછી તાના-રીરીનો બે દિવસનો મહોત્સવ ઉજવવામાં આવે છે. આ મહોત્સવ એમને એમ નથી ઉજવવામાં આવતો એની અંદર જે વિષયો પસંદ કરવામાં આવે છે એ પણ આમજનતાને ધ્યાનમાં આવે અને આપણા જે હૅરીટેજ છે, આપણી જે સંસ્કૃત્તિ છે એ સંસ્કૃત્તિના આટલા વિષયો પર આધારિત નૃત્ય નાટિકાઓ તૈયાર કરવામાં આવે છે. તાના-રીરી મહોત્સવની અંદર ગુજરાતમાં સંગીતની વિકાસ યાત્રા કેવી રીતે થઈ એની ઉપર દોઢ કલાકની નૃત્ય નાટિકા કરીને સૌને સંગીતની યાત્રામાં વિકાસ કેવી રીતે થયો એની વાત ત્યાં રજૂ કરવામાં આવી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે છેલ્લે જે તાના-રીરી મહોત્સવ થયો એમાં વડનગરના ઇતિહાસ ઉપર આધારિત એક નૃત્ય નાટિકા તૈયાર કરવામાં આવી અને આ નૃત્ય નાટિકા લગભગ દોઢ કલાક રજૂ થઈ અને એમાં દસ થી પંદર હજાર લોકોએ આ નૃત્ય-નાટિકા નિહાળી. એજ રીતે ગુજરાતમાં સાહસ, શૌર્ય અને જાહેર સુખાકારી અને તબીબી ક્ષેત્રે પણ એવોર્ડ આપવામાં આવે છે અને સંસ્કૃતના વેદ પંડિતોનું પણ સન્નમાન કરી એમનું પણ સન્નમાન કરવાનો કાર્યક્રમ યોજાય છે. ગુજરાતમાં ૨૫ જિલ્લાઓમાં ૧૮ ગ્રંથાલયોનું કમ્પ્યુટરાઈઝેશન રાજય સરકારે પૂરું કર્યુ છે અને સરકારી જિલ્લા પુસ્તકાલયો ભુજ, ભચાઉ અને લખતરનું કામ પણ પૂર્ણ થયું છે અને આવતા વર્ષે આ બધા જ કામો લગભગ પૂર્ણ કરવામાં આવશે.બે લાયબ્રેરી એવી છે કે, જે ચોવીસ કલાક ખુલ્લી રાખવામાં આવે છે અને આ લાયબ્રેરીમાં વિદ્યાર્થીઓ જે સ્પાર્ધાત્મક પરીક્ષામાં જે પુસ્તકોની જરૂર પડે છે એવા પુસ્તકો ખરીદીને પણ આ લાયબ્રેરીમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે જેના કારણે વિદ્યાર્થીઓ એનો લાભ લઈ શકે છે. માનનીય અધ્યક્ષશ્રી, સંગીત નાટ્ય અકાદમી દ્વારા દેશમાં અને દેશની બહાર અને રાજયમાં પણ નાટકો, નૃત્યો, ભવાઈ વગેરે કરાવવામાં આવે છે જેથી આપણા દેશ અને રાજયની જે સંસ્કૃતિ છે એ વિદેશો સુધી પહોંચે અને એનો પ્રચાર અને પ્રસાર પણ આપણે કરી શકીએ. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષોમાં ૩૨ સંસ્થાઓએ આ કાર્યક્રમો રાજય બહાર કર્યા જેની પાછળ રાજય સરકારે બાવન લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે. એજ રીતે નવ સંસ્થાઓએ યુ.કે., યુ.એસ.એ., મલેશિયા વગેરે દેશોમાં જઈ અને ત્યાં પણ એમણે આજ પ્રકારના નૃત્યો, નાટકો અને ભવાઈ વગેરે કર્યા અને એની પાછળ રાજય સરકારે ૪૮ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રની આઝાદીની લડતમાં દેશના અનેક ક્રાંતિવીરો પોતે શહીદ થયા હતા આવા લગભગ ૪૪ જેટલા ક્રાંતિવીરોના જીવન ચરિત્રો પસંદ કરવાનું રાજય સરકારે નક્કી કર્યુ છે અને અત્યાર સુધીમાં ૧૬ ક્રાંતિવીરોના ચરિત્રોનું વિમોચન કરી દેવામાં આવ્યું છે અને આ બધા જ પુસ્તકો રાજયની પ્રાથમિક, માધ્યમિક સ્કૂલોમાં મોકલવામાં આવ્યા અને ગ્રંથાલયોમાં પણ મોકલવામાં આવ્યા અને બાકીનું કામ રાજય સરકાર પૂર્ણ કરવા માગે છે. માનનીય અધ્યક્ષશ્રી, આવી અનેક યોજનાઓ રાજય સરકાર કરી રહી છે. એજ રીતે પોરબંદર ખાતે પૂજ્ય મહાત્મા ગાંધીજી મેમૉરિયલનું નિમાર્ણ પણ રાજય સરકાર આ વર્ષે કરવાની છે. ચિત્રકલા, શિલ્પક્લા, છબીકલા, કે ગ્રાફિકક્લા આ બધાનું પણ પ્રદર્શન કરવા માટે જે કોઈને પ્રદર્શનની ઇચ્છા હોય એવા લાભાર્થીને રાજય સરકારના ખર્ચે એમના પ્રદર્શનનો લાભ એમને આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે જ મહિલા ખેલાડીઓને ઉત્તેજન આપવા માટે, મહિલા દીન નિમિત્તે ૯૪૧ મહિલા ખેલાડીઓને ૪૧ લાખ રૂપિયાની સ્કલોરશીપ મુખ્ય મંત્રીશ્રીના હસ્તે હમણાં જ આ ૮મી માર્ચના રોજ કરવામાં આવી. ખેલાડીઓ ઉત્કૃષ્ટ દેખાવ કરી શકે એના માટે ૧૨૨ ખેલાડીઓને ૪૫ લાખના પુરસ્કારો પણ રાજય સરકારે આપ્યા છે. હું અગાઉ પણ અનેકવાર કહી ગઈ છું કે, રાજયમાં ૨૨ કરોડ રૂપિયાના ખર્ચે ૧૧ જિલ્લાઓમાં રમતગમતના સંકુલોનું નિર્માણ ચાલુ છે અને આ વર્ષના અંતે એને પૂર્ણ પણ કરવામાં આવશે અને બાકી જે રહ્યા એ તમામને પણ નવા વર્ષમાં એની પણ જોગવાઈ કરવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય કક્ષાની અમદાવાદની અંદર સ્કેટિંગ અને ટેનિસની સ્પર્ધા યોજાઈ, જેમાં ૮૧ મેડલો ગુજરાતના વિદ્યાર્થીઓએ મેળવ્યા અને સમગ્ર દેશમાં આ વિદ્યાર્થીઓએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ. એજ રીતે દેશમાં જે રમતો રમાઈ એમાં પણ ૧૩૯ ચંદ્રકો મેળવી અને રાષ્ટ્રીય સ્તરે પણ રાજય અગ્રેસર રહ્યું છે. પંદરમી એશિયન ગેમ્સ દોહા ખાતે જે રમાઈ એમાં ગુજરાતના ત્રણ વિદ્યાર્થીઓએ ત્યાં ગોલ્ડ મેડલ મેળવી ગુજરાતને સન્નમાન અપાવવાનું કામ કર્યુ છે. આસામમાં પણ ૩૩મી નેશનલ ગેમ્સ રમાઈ જેમાં પણ ગુજરાતે ત્રણ

સુવર્ણ ચંદ્રકો, ચાર રજત ચંદ્રકો અને ૧૧ કાંસ્ય ચંદ્રકો મેળવ્યા છે. આવી અનેક કામગીરી આ રાજયમાં છેલ્લા ત્રણ-ચાર વર્ષોથી જ્યારે થઈ રહી છે ત્યારે ગુજરાતના વિદ્યાર્થીઓ એનો ભરપૂર પ્રમાણમાં લાભ લઈ રહ્યા છે એટલા જ માટે આ જે દરખાસ્તો હું લઈને આવી છું એ દરખાસ્તો વિધાનસભા ગૃહમાં પાસ કરવામાં આવે એવી અપીલ કરું છું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ (આદિજાતિ કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા આદિજાતિ કલ્યાણ, વન પર્યાવરણની ચર્ચામાં કોંગ્રેસના મિત્રોએ અમને ઓછો સમય ફાળવ્યો છે એમ કરીને ૧-૧ મિનિટમાં એમની પાસે કાંઈ કહેવાનું હતું નહીં એને કારણે પોતાની વાત રજૂ કરીને પછી જતા રહ્યા છે. ૧૫૦૦૦ની વનબંધુ કલ્યાણ યોજનાની જે માનનીય મુખ્યમંત્રીશ્રીએ યોજના બનાવી છે તેને લઈને આદિવાસી વિસ્તારમાં જે પોતાના કામ થવાના છે તેવી લાગણી ઉભી થઈ છે એને કારણે કોંગ્રેસના મિત્રોને એવું લાગે છે કે આપણા સુંપડા સાફ થઈ જવાના છે અને એને કારણે એ લોકો કાંઈ બોલી શકવાના નથી એને કારણે વાંધાવચકા કાઢીને નીકળી ગયા છે. આ વખતના બજેટમાં ૧૫૫૦૦કરોડની વાર્ષિક યોજના બની છે. આદિજાતિ કલ્યાણ વિભાગના અત્યાર સુધીના ઈતિહાસમાં પહેલી વાર આદિજાતિની કુલ વસ્તી ૧૫ટકા છે એ પ્રમાણે ૨૩૩૫કરોડનું આયોજન આદિજાતિ કલ્યાણ વિભાગને થયું છે અને ઈતિહાસમાં પહેલી વાર ૧૫ટકા પૈસા આદિજાતિ કલ્યાણ વિભાગને મળ્યા છે. એકબાજુ ૨૩૩૫કરોડનું બજેટ ગુજરાત રાજયનું છે. જયારે કેન્દ્રનું જે બજેટ આદિજાતિ કલ્યાણનું છે એ ૧૮૦૦કરોડનું છે. ૧૮૦૦કરોડ અને ૨૩૩૫કરોડ એમ૫૦૦કરોડ ખાલી એક રાજયમાં ફાળવાયું છે અને એ પોતાની આરસીમાં જુએ કે કેન્દ્ર સરકારે આખા દેશ માટે ૧૮૦૦કરોડ ફાળવ્યા અને ગુજરાતમાં ૨૩૩૫કરોડ ફાળવ્યા છે.કોંગ્રેસે ૨૭ વર્ષમાં બજેટમાં ૬૫૦૦કરોડ ફાળવ્યા છે તેની જગ્યાએ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના નેજા હેઠળ આ પાંચ વર્ષમાં ૬૦૦૦કરોડના બજેટની ફાળવણી થઈ અને એ પ્રમાણે કામ થયા છે. શિક્ષણની વાત કરું તો આદિવાસીમાં શિક્ષણનું પ્રમાણ જયારે કોંગ્રેસનું શાસન હતું એ વખતે ફકત ૨૯ટકા હતું આજે જોઈએ તો ૨૦૦૫ની ગણતરી થઈ એમાં એ શિક્ષણ લગભગ ૪૮ટકા ઉપર પહોંચ્યું છે. ડ્રોપ આઉટ રેશીયો પણ ૧૯૯૯-૨૦૦૦માં ૪૦ટકા હતો જે આજે લગભગ ૧૧ટકા જ રહ્યો છે. કન્યા કેળવણીની યોજના છે, પ્રવેશોત્સવ છે તેને કારણે આદિવાસીઓમાં શિક્ષણની ભુખ વધી છે અને સો ટકા શિક્ષણમાં આદિવાસીઓને સફળતા મળી છે. મારા વિભાગમાં આશ્રમશાળા ૪૫૬ જેટલી ચાલે છે. ૬૨૭૮૩ જેટલા વિદ્યાર્થીઓ એમાં અભ્યાસ કરે છે. ધોરણ-૮ થી ૧૨ માં અભ્યાસ કરતા ૮૯ જેટલા ઉત્તર બુનિયાદી આશ્રમશાળા ચાલે છે. એમાં ૧૨૩૨૧ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ૨૦૦૭-૦૮માં ૬૫.૩૬કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ધોરણ-૬ થી ૧૨ અને એકલવ્ય એમ કરીને ૧૦૫૫ બાળકો એમાં અભ્યાસ કરે છે. એની સાથે ૪૩ આદર્શ નિવાસી શાળામાં ૫૨૨૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. પાંચ વર્ષમાં સાડા પાંચ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. એ રીતે ગણવેશ માટે પણ ૧૦લાખ વિદ્યાર્થીઓ માટે ૨૦૦૭માં ૧૫૧૦લાખનું આયોજન કરવામાં આવ્યું છે. છાત્રાલય પણ ૯૩૫ જેટલા ચાલે છે. ૪૦૮૪૫ જેટલા વિદ્યાર્થીઓ એમાં રહે છે. ૫૦ સરકારી છાત્રાલયો છે તેમાં પણ ૫૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ રહે છે અને ભણે છે. ૨૦૦૭-૦૮માં ૨૬.૪૭કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. ૩૪ ડ્રાય હોસ્ટેલ પણ છે. ડ્રાય હોસ્ટેલ માટે ૫૦૫લાખની જોગવાઈ કરવામાં આવી છે. વિદ્યા સાધના યોજનામાં સરકારશ્રીએ જે ૧૫૦૦ રૂપિયા આપતા હતા સાઈકલ માટે એમાં વધારો કરીને ૨૦૦૦ રૂપિયા આપવાનું આયોજન કર્યું છે.સામેના પક્ષો કેટલી ટૂંકી વાતો કરી ગયા છે, જે હવામાં પથ્થર મારતા હતા એવી અમુક વાતો હતી. માધુભાઈએ કહ્યું જંગલો કપાય છે? ક્યાં કપાય છે. કોઈ ચોક્કસ જગ્યા તો બતાવો? ભારતીબેને કહ્યું કે રોજગારી મળતી નથી. વિદ્યાસહાયકમાં ૯૪,૦૦૦ વિદ્યાસહાયકોની, શિક્ષકોની ભરતી થઈ છે, એમાં લગભગ દસેક હજાર જેટલા આદિવાસી શિક્ષકો ભર્યા છે. વાયબ્રન્ટ ગુજરાતને લઈને એમ.ઓ.યુ. થયા છે, એમાં બધું જ આયોજન કરીએ તો લગભગ ૨૫ લાખ લોકોને રોજગારી મળનાર છે. છેલ્લા ૫ વર્ષથી વધારેમાં વધારે રોજગારી આપનાર એક ગુજરાત સ્ટેટ છે, જે છેલ્લા ૫ વર્ષથી પ્રથમ સ્થાને રહ્યું છે. જે રોજગારી મળે છે, એમાં આદિવાસીઓને સારા એવા પ્રમાણમાં એને રોજગારી મળતી હોય છે.

આદિમ જુથથી થોડી વાત કરવાની છે. ગુજરાતમાં લભગભ ૨૩,૪૭૯ પરિવારો આદિમ જુથના છે. એમાં કોળઘા, કોલચા, કોટવાળિયા, પઢાર, હળપતિ, તળાવિયા જાતિના વિદ્યાર્થીઓ છે, જે ૧ થી ૧૦ ધોરણમાં ભણે છે એ બાળકોને રૂપિયા ૩૦૦ થી ૬૦૦ સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ૨૦૦૭-૦૮ માં ૭.૭૫ કરોડની જોગવાઈ કરી. એ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવશે. આદિમ જુથ માટે જનશ્રી વીમા યોજના જેનું વીમાનું ભરણું છે એ સરકારશ્રી ભરે છે. અત્યાર સુધીમાં ૧૫,૧૦૪ લોકોને વીમાનું કવચ પૂરું પાડવામાં આવ્યું છે અને બાકીના જે લોકો છે, તેને પણ આ વર્ષે એમના પણ વીમા ઉતારવામાં આવશે.

કૃષિ મહોત્સવની વાત કરી. ગુજરાત સરકારે છેલ્લા ૩ વર્ષથી કૃષિ મહોત્સવ થાય છે, એના કારણે આદિવાસી વિસ્તારોમાં પણ કૃષિ તજજ્ઞો ગયા અને ખેતી કેવી રીતે કરવી તેની માહિતી પૂરી પાડી, તેને લઈને કેટલાક જળસંચયનાં કામો થયાં છે, એને લઈને આદિવાસી વિસ્તારમાં હરિયાળી આવી છે. અમે વાડી યોજના જે બનાવી તે આદિવાસી વિસ્તારમાં ખૂબ જ પ્રચલિત થઈ છે. લગભગ ૮૬,૭૨૮ જેટલા આદિવાસી ખેડૂતોને વાડી યોજનાનો લાભ અપાયો છે. ૫૩,૮૬૦ હેક્ટરમાં વાવેતર એમણે કરેલ છે. રાજ્ય સરકારે સિંચાઈ ઉપર વધુ ભાર

મૂકીને આદિવાસી વિસ્તારમાં લભગભ ૧૨,૩૧૧ જેટલા ચેકડેમો બાંધી સિંચાઈની ક્ષમતા ૫ વર્ષમાં લગભગ બમણી કરવામાં આવી છે. ૫,૧૨,૦૦૦ હેક્ટર સિંચાઈના વિસ્તારને આવરી લેવામાં આવ્યો છે. મેં અગાઉ કહ્યું તેમ આદિવાસી પણ જે ખેતી કરતા હોય છે. કપરાડા જેવા વિસ્તાર ટોટલ આદિવાસી જ્યાં આગળ ૯૮ ટકા રહે છે. ગયા વર્ષે ખાલી કપરાડામાં કાજુની ખેતી કરી, તે ૩ લાખ કિલો કાજુ પકવ્યા છે. કાજુ એવા હતા કે જે ગોવાને પણ ટક્કર મારે તેવા કાજુ કપરાડાએ પકવ્યા છે. ધરમપુરમાં ખરેડી અને નાની વહિયાળ બે ગામો છે, જે પૂરા આદિવાસી વિસ્તારો છે. આ વર્ષે એમણે ૯૦ લાખ રૂપિયાની દૂધી વેચી છે. ફક્ત બે જ ગામે પકવી છે. દાહોદમાં અત્યારે થોડા વખત પહેલા જવાનું થયું, ત્યાંથી માહિતી મળી કે દાહોદમાં ૧ લાખ ટન આદુ પકવ્યું છે. આદિવાસી લોકોએ ૫૬ મણનું એક ટન થાય એવા એક લાખ ટન આદુ પકવ્યા છે. આ રીતે આદિવાસી વિસ્તારમાં જળસંચયને લઈને કામો થયાં છે. અહી ગઈકાલે જ માનનીય અશોકભાઈએ આરોગ્ય વિભાગની ચર્ચામાં બોલતા હતા આદિવાસીઓમાં ખાસ કરીને રક્તપિત્ત, પાંડુ રોગ, સીકલસેલ, લેપ્ટોસ્પાયરોસીસ આ બધા રોગો છે. સરકારે એવા દર્દીઓને સહાય કરવાનું પણ આયોજન કરેલ છે. મારે ખાસ કરીને સીકલસેલ અંગેની વાત કરવી છે. સીકલસેલ જે હાડકામાં લોહી બને છે. સીકલસેલને લઈને હાડકામાના રક્તકણ દાંતરડા જેવા થઈ જાય છે અને એના કારણે બાળકોને એકદમ વિકનેસ આવી જાય છે. તેના માટે ગઈકાલે જે વાત થઈ, કોંગ્રેસના શાસનમાં અનેક રજૂઆતો થતી હતી અને તેમાં ફક્ત ૩૭ હજાર રૂપિયાનું આયોજન થયેલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ આઠ હજાર કરોડ રૂપિયા આદિવાસીઓની મુશ્કેલી સમજીને અને ડૉકટરોનું તો કહેવું છે કે દરરોજ સિકલસેલથી ગુજરાતમાં ૬ થી ૭ બાળકો મૃત્યું પામે છે. આ કોંગ્રેસના લોકો આદિવાસીઓને મામા કહેતા રહ્યા છે અને તે પ્રમાણે તેમનો વ્યવહાર છે. તેમણે આદિવાસીઓના આરોગ્યની કોઈ ચિંતા કરી ન હતી. ૨૭ વર્ષમાં ૩૭ હજાર રૂપિયાનું આયોજન કર્યુ છે. ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આઠ કરોડ રૂપિયાનો પ્રોજૅકટ બનાવીને ૭૮ કેન્દ્રો ખોલ્યા છે. તેમાં જેને સિકલસેલ હોય તેવા સ્કૂલમાં કે કૉલેજમાં ભણતા બાળકોના બ્લડની તપાસ કરી જેને સિકલસેલ થયો હોય તે દીકરા, દીકરીને કાર્ડ અપાય અને ભવિષ્યમાં આપણે લગ્ન વખતે જેમ જન્મોતરી જોઈએ છીએ તેની જગ્યાએ આદિવાસીઓ સિકલસેલ કાર્ડ જોઈ ભવિષ્યમાં સિકલસેલ બંને છોકરા છોકરીઓને હોય તેવા લોકો લગ્ન નહીં કરે જેથી આદિવાસીઓના બાળકોમાં સિકલસેલ નહીં આવે. તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આયોજન કરેલ છે તેના માટે આદિવાસીઓના તેમને આશિર્વાદ મળનાર છે. તે જ રીતે લેપ્ટોસ્પાઈરોસીસ ચોમાસામાં આદિવાસી વિસ્તારોમાં થતો એક રોગ છે. તેના માટે સરકારે આયોજન કરેલ છે. મેં અગાઉ વાત કરી તેમ આદિવાસીઓ માટે સૌથી મહત્ત્વની વાત ગુજરાત પેટર્નની વાત છે. તેમાં લાંબી વાત કરવી નથી અને સમય પણ નથી. ગુજરાત પેટર્ન ૧૯૯૯થી શરૂ થઈ ત્યારથી અત્યારસુધી ૧૩૧૪ કરોડ રૂપિયા વાપરીને ૬૮૦૫૫ જેટલા કામો પૂર્ણ કર્યા છે. તેનો અર્થ એવો થયો કે દર વર્ષે આદિવાસી વિસ્તારોમાં ૯ થી ૧૦ હજાર જેટલા નાના મોટા કામો થાય છે. આ ગુજરાત પેટર્ન યોજના એટલી બધી વખણાય છે કે દેશના અન્ય રાજયોમાંથી પણ ગુજરાત પેટર્નની કામગીરી કરીએ છીએ તે જોવા માટે લોકો આવે છે. છેલ્લી વાત આદિવાસીઓ માટે જે ૧૫ હજાર કરોડ રૂપિયાનું પૅકૅજ જાહેર કર્યુ તે માટે વાત કરવી છે. મેં અગાઉ કહ્યું તેમ ૨૭ વર્ષમાં ૩૭ હજાર રૂપિયા. અમારા ૬ હજાર કરોડ અને કયાં ૩૭ હજાર કરોડ રૂપિયા. આમાં સાહેબ ૬ હજાર રૂપિયામાંથી પાંચ વર્ષમાં ૧૫ હજાર કરોડ કર્યા છે. તેનો અર્થ એ થયો કે ૬ હજારથી અઢીગણું બજૅટ આવતા પાંચ વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ મળવાનું છે. તેના લીધે આદિવાસીઓની આવક બમણી થવાની છે. તેને પોતાનું ઘર મળશે, પાંચ લાખ કુટુંબોને રોજગારી મળવાની છે, છાત્રાલયો મળવાના છે, ઉત્તમ ગુણાત્મક શિક્ષણ મળવાનું છે, રસ્તાઓ મળવાના છે, પાણી મળવાનું છે, સિંચાઈની પૂરી સગવડો થવાની છે. આવનારા દિવસોમાં આ પૅકૅજમાંથી જે કામો થવાના છે તેના કારણે ગુજરાતનો આદિવાસી સમાજ છે, જે વંચિત વિસ્તાર છે તે નંદનવન બનવાનો છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. તેના માટે આદિવાસીઓ માનનીય મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે થોડીક જાહેરાત કરવી છે. આદિવાસીઓમાં જે વિદેશમાં ભણતા બાળકો છે તેમાં પાંચ લાખ રૂપિયા અપાય છે તેની જગ્યાએ હવે દસ લાખ રૂપિયા આપવાનું આયોજન છે. કોમર્શિયલ પાઈલોટનું શિક્ષણ મેળવે છે તેને અત્યાર સુધી પાંચ લાખ રૂપિયા આપતા હતા તેમાં પંદર લાખ રૂપિયા આપવાનું આયોજન છે. ગ્રાન્ટ ઈન એઈડ ધોરણે છાત્રાલયોને નિભાવ ગ્રાન્ટ ૪૫૦ રૂપિયા આપતા હતા તેમાં ૧૫૦ રૂપિયાનો વધારો કરીને ૬૦૦ રૂપિયા આપવાની વાત છે. મૅડિકલ અને એન્જિનિયરીંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સાધનો ખરીદવા માટે એક હજાર રૂપિયા આપતા હતા તેમાં વધારો કરીને હવે બે હજાર રૂપિયા આપવાની વાત છે. જે છાત્રાલયો ચાલે છે તેમાં અત્યાર સુધી દરવર્ષે ૨૦૦ રૂપિયાનો વધારો આપતા હતા તેમાં તે વધારો હવે રૂપિયા ૧૦૦૦ હજાર રૂપિયા કરવામાં આવે છે. મારા વન વિભાગની વાત કરું તો વન વિભાગમાં જે સરવે ઑફ ઈન્ડિયાનો જે રિપૉર્ટ છે તે રિપૉર્ટમાં ૧૯૯૧માં ૧૧૯૦૭ ચોરસ કિલોમીટર વન આચ્છાદિત વિસ્તાર હતો. તે વધીને ૨૦૦૩માં ૧૪,૯૪૬ ચોરસ કિલોમીટર થયો છે એક દશકામાં ૩૦૩૯ ચોરસ કિલોમીટરનો વધારો થયો છે એ ૨૬ ટકાનો વધારો છે. એના કારણે ગુજરાતની જે ૧૦૨૫ સોમીલ બંધ હતી, ગુજરાતમાં જે વન વિસ્તાર વધ્યો છે એનું સર્વે ઑફ ઈન્ડિયાએ સરવે કરેલું છે અને એના કારણે ૧૦૨૫ સોમીલ આપણે ઓપન કરી શક્યા છીએ, બીજા રાજયોમાં હજી પણ એ સોમીલ બંધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની લાંબા સમયની એક લાગણી હતી કે સ્પેશિયલ ઈમ્પોર્ટેડ ટીમ્બર કોન્ઝર્વેશન ઝોનની પણ મંજૂરી મળી છે. આખા દેશમાં આ બીજું રાજય ગુજરાત છે કે જેને આ રીતે ઝોન બનાવવાની મંજૂરી મળી છે. વન વિભાગને અત્યારે એવોર્ડ પણ મળ્યો છે. ભારત સરકારના પર્યાવરણ વન મંત્રાલય હસ્તકની સંસ્થા ટાટા એનર્જી રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા દિલ્હી ખાતે આયોજિત કુદરતી સોર્સના સસ્ટેનેબલ ડૅવલપમેન્ટ માટેના પ્રેરણારૂપ કામગીરી માટે ટીઈઆરઆઈ સ્ટેટ એવોર્ડ ૨૦૦૭નો વન વિભાગને જુનાગઢ જિલ્લામાં ભૂગર્ભ જળ રિચાર્જ કરવાની કામગીરીને માટે ટેરી એવોર્ડ, ૨૦૦૭ ગુજરાતને એનાયત કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, સહભાગી વન સમિતિઓ બનાવવામાં આવી છે, ૪૩૦૦ જેટલા ગામો છે એમાં ૨૧૭૮ જેટલા ગામોમાં અમે વન સમિતિઓ બનાવી છે જે ગામમાં પ્લાન્ટેશન થાય અને એ ગામની જે સમિતિ છે એ સમિતિને એની જે ગૌણ પેદાશ છે જે એની આવક છે એ આદિવાસીઓને મળી જાય અને જ્યારે વૃક્ષ મોટું થાય અને જ્યારે કાપવાની પરિસ્થિતિ આવે ત્યારે એના વીસ ટકા પૈસા એ આદિવાસીઓને મળે. એ રીતની યોજના છે એટલે એની પણ ૨૧૭૮ જેટલી વન સમિતિઓ બનાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ શહેરી વિસ્તારમાં કેવી રીતે હરિયાળી થાય એના માટે એક નવો જ કન્સેપ્ટ લોકલાકણીને અને ધાર્મિક ભાવનાને ધ્યાનમાં રાખીને જેમ રાષ્ટ્રિય પર્વ જુદા જુદા જિલ્લાઓમાં ઊજવાય છે તે રીતે અમારા ૫૪ જેટલા વન મહોત્સવ ગાંધીનગરમાં ઉજવ્યા હતા પરંતુ માનનીય મુખ્ય મંત્રીશ્રીની પ્રેરણાથી એ અમે શરૂઆત જે ગાંધીનગરના પુનિત વનથી કરી એ પુનિત વન પંદર એકર જમીનમાં છે. આજે પણ પુનિત વન આપણને આવતાં જતાં ખ્યાલ આવશે કે ત્યાં હરિયાળી જે ઊભી થઈ છે, ત્યાં સ્મૃતિ વન, નક્ષત્રવન, ગૃહ વન જે છે અને એક જ જગ્યાએ ૩૧૬૯ જેટલા બીલીવૃક્ષ વાવેલા છે અને એ આવનારા દિવસોમાં એક મોટું બીલીવન બનશે અને તે શિવલિંગના આકારે કરવાનું છે એ રીતના આ ત્યાં જે કામ કર્યા છે ત્યાર પછી બીજી વખત માંગલ્ય વન અંબાજીમાં કર્યુ, ૫૫૧ જેટલા નવદંપતીએ ત્યાં જે વૃક્ષારોપણ કર્યા છે એ આજે કૈલાસ વન ટેકરી, એ માંગલ્ય વન સુંદર મજાનું ઊછરી રહ્યું છે. એ જ રીતે ગઈ વખતે અમે તારંગાહીલમાં ચોવીસ તીર્થંકરના જે કોઈ ક્ષેત્ર છે એમાં પણ આખો ત્યાં વન મહોત્સવ ઉજવ્યો ત્યાં શ્વેતાંબર અને દિગંબરના જૈન ટેમ્પલ આવેલાં છે ત્યાં પણ સરસ મજાની આજુબાજુ હરિયાળી ઊભી થઈ છે, એ રીતે ગુજરાતના દરેકે દરેક શહેરો અને ગુજરાતની ૧૪૨ નગરપાલિકાઓ અને ૭ જેટલા કોરપોરેશનો પણ આ સ્મૃતિ વન....

**અધ્યક્ષશ્રી** : માનનીય મંગુભાઈ, સભ્યશ્રીઓને રીસૅસમાં જવું પડશેને?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે આખા વન વિભાગે કામગીરી કરી છે, પણ મારે એક વાત કહેવી છે કે એક સભ્યશ્રી અત્યારે બોલ્યા કે અમારા સોનિયાજી આવીને બહુ મોટી રૅલી કાઢી ગયા, પણ માનનીય અધ્યક્ષશ્રી, એ આવ્યા હતા કેમ? એકેએક વિસ્તારમાં જઈને આદિવાસીઓને જંગલની જમીન આપવાના છે, જંગલની જમીન આપવાના છે પણ માનનીય અધ્યક્ષશ્રી, મને જે પ્રમાણે માહિતી મળી છે એ પ્રમાણે ૫૦ થી ૫૫ હજાર જેટલા ફૉર્મ એમણે ભરાવ્યાં છે. સોનિયાજી ત્યાં આવવાના હતા, પણ સોનિયાજીને કોઈ હક્ક નહતો કે કોઈને એ સનદ આપે પરંતુ આદિવાસીઓને જે મામા સમજે છે એ રીતે ભોળવીને ત્યાં બધાને ભેગા કર્યા પણ એક પણ આદિવાસીને જંગલની જમીનની સનદ આપી નથી. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય આખા દેશમાં એક એવું રાજય છે કે જેણે ૪૫૦૦૦ આદિવાસીઓને સનદ આપી છે. લોકસભામાં બિલ પાસ થયું એને આજે ચાર મહિના થયા છે હજુ નિયમો બન્યા નથી. અહીંયા ૫૦ થી ૬૦ હજાર લોકોના ફૉર્મ ભરાવ્યા કે ચાલો તમે

રેલીમાં તમને બધાને અમે સનદ આપવાના છીએ. કેંદ્રમાં ગુજરાત સરકારે ૩૦-૧૨-૨૦૦૫ ના રોજ ૩૩૫૫ જેટલી અરજીઓ ચકાસણી કરીને મૂકી છે. કેંદ્ર સરકાર આદિવાસીઓને મદદ કરવા માગતી હોય તો અને આ જંગલની જમીન આપવી હોય તો એ ૩૩૫૫ અરજીની પહેલા સનદો આપે અને પછી આગળની વાત કરે. એમની આ બધી વાતો આદિવાસીઓને સમજાવવાની છે. એટલું જ નહીં કૉન્ગ્રેસના જે રાજયો છે એમાં આંધ્રપ્રદેશમાં ૬.૬ ટકા આદિવાસી વસતિ છે ત્યાં એક પણ સનદ આપી નથી. મહારાષ્ટ્રમાં ૮.૯ ટકા આદિવાસી વસતિ છે ત્યાં એક પણ સનદ આપી નથી. તામિલનાડુંમાં પણ એક પણ સનદ આપી નથી. આદિવાસીઓને સમજાવવાની વાત અને આ મુદ્દો આગળ ધરીને આદિવાસીઓના મત લેવાની વાત છે. ત્યારે મારે દાહોદ જવાનું થયું મને પૂછવા લાગ્યા કે પેલા અમને સનદ આપવાના હતા એ કયાં ગયા? મેં કહ્યું કે એ અત્યારે નહીં આવે એ નવેમ્બર-ડિસેમ્બરમાં પાછા તમારી પાસે આવશે ત્યારે તમે બરાબર હિસાબ આપજો. આ રીતે આદિવાસીઓને દર વખત સમજાવીને મત લઈ લીધા પછી આદિવાસીઓના કામ નથી કરવા અને ગુજરાત સરકાર કામ કરે છે એ બરાબર નથી કરતી એવી વાતો કરવી આ વાત ચલાવી લવાય નહીં. માનનીય અધ્યક્ષશ્રી, મારે પર્યાવરણની પણ ટૂંકમાં વાત કરવી છે. પર્યાવરણમાં પણ હવાનું પ્રદૂષણ, પાણીનું પ્રદૂષણ એને અટકાવવા માટે ૨૧ જેટલા એકટોનું નેટવર્ક ગોઠવ્યું છે અને એમાં જે આવા યુનિટો પ્રદૂષણ કરે છે એને નોટિસો આપી કલોઝર પણ આપ્યા છે અને જે મંજૂરી આપવાની હતી એ હવે ૫ વર્ષની એક સાથે મંજૂરી આપી છે. એટલે પ્રદૂષણ અટકાવવા માટેના પૂરા પ્રયત્નો મારા વિભાગ દ્વારા થયા છે ત્યારે આ મારા વિભાગની જે માગણીઓ લઈને આવ્યો છું એને સર્વાનુમતે મંજૂર કરવામાં આવે એવી મારી વિનંતી છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૩, ૬, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૪૬, ૪૭ અને ૪૮ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૨૬, ૨૭, ૯૬ અને ૯૮ મત માટે મૂકવામાં આવી મંજૂર કરવામાં આવી.**

**વિરામ સાંજના ૪-૪૮ થી ૫-૦૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

## બિન સરકારી સંકલ્પો

**સ્ત્રીભૃણ હત્યા બંધ કરવા અંગે**

**શ્રી ગણપતભાઈ વે. વસાવા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે, "રાજયમાં બેટી બચાવો અભિયાન" ને જે સફળતા સાંપડી છે અને હવે તે અભિયાન વેગવંતુ બન્યું છે ત્યારે રાજયમાં સ્ત્રીભૃણ હત્યા સંપૂર્ણ બંધ થાય તે માટે જરૂરી તમામ પગલાં લેવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.'"

**અધ્યક્ષશ્રી :** સંકલ્પ રજૂ થાય છે. માનનીય સભ્યશ્રી ગણપતભાઈ વસાવા.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા**: માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા તેના મહિલા અને બાળ કલ્યાણ વિભાગે સામાન્ય અને રોજબરોજની કામગીરી ઉપરાંત દેશ અને દુનિયા માટે નવો ચીલો ચાતરી શકાય તેવી શ્રેણીબદ્ધ મહિલા વિકાસની યોજનાઓનો આરંભ કર્યો છે. ગુજરાત સરકારે સંસાર અને સમાજની રક્ષા માટે સ્ત્રી ભૃણ હત્યા દૂર કરી બેટીને બચાવવાની ક્રાંતિકારી સામાજિક લડત જન આંદોલન સ્વરૂપે ગુજરાતમાં શરૂ કરી છે. તબીબી સગવડો અને આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરી દીકરીને જન્મતા પહેલા જ પતાવી દઈ હાશકારો અનુભવનારો સમાજ અજાણતામાં અઘોર પાપ કરી રહ્યો છે તેનો ખ્યાલ સરકારે આપ્યો છે. આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના પ્રથમ મુખ્યમંત્રીશ્રી છે કે જેમના નેતૃત્વ હેઠળ સમગ્ર ગુજરાત બેટી બચાવવાના સરકારના આહ્વાનને માથે ચડાવી માતાના પેટને કબ્રસ્તાન બનતું અટકાવવા રાજયનું સમાજ જીવન જંગે ચઢ્યું છે. ગુજરાત રાજયમાં વિશ્વ મહિલા દિનથી બેટી બચાવોની મોહીમ શરૂ થઈ છે. સુરત, રાજકોટ, અમદાવાદ, પાટણ સહિત ગુજરાતના તમામ નાના નાના પેટાં પરાઓ, ગામડાઓ સુધી સમગ્ર ગુજરાત રાજય બેટી બચાવવાના અભિયાનમાં પરોવાયુ છે. આ રાજય સરકારે જિલ્લા કક્ષાએ વિડિઓ કૉન્ફરન્સો દ્વારા બેટીને શા માટે બચાવવી છે તેની હૃદયદ્રાવક વિગતો રજૂ કરી છે. વર્ષો સુધી ઘોર નિદ્રામાં સૂતી રહેલી સરકારોની ઉપેક્ષિત નીતિને કારણે એ વાત વીસરી જવામાં આવી. ભૃણ હત્યાના વધતા પ્રમાણથી સમાજ વિનાશક પાપના માર્ગે ધકેલાઈ રહ્યો છે. છેલ્લી વસતિ ગણતરીના આંકડા અનુસાર એક દશકામાં એટલે કે છેલ્લાં દસ વર્ષમાં માત્ર ગુજરાત રાજયમાં સાડા ચાર લાખ દીકરીઓને જન્મતા પહેલાં જ મારી નાંખવામાં આવી. પાપના માર્ગે વળેલા સમાજને પાછો વાળવા માટે ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને આ વિભાગના મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રાજારામ મોહનરાયના બ્રહ્મો સમાજે દીકરીઓને દૂધ પીતી કરવાની રીતભાત સામે જે સામાજિક આંદોલન શરૂ કર્યુ હતું તેવું જ જનાધારવાળુ લોક આંદોલન શરૂ કર્યુ છે જેને વ્યાપક આવકાર પ્રાપ્ત થયો છે.

યોજનાઓ બનાવી પછી તેને અભેરાઈએ ચડાવી દેવાને બદલે યોજનાઓને લોકાભિમુખ બનાવીને આ સરકાર સોળે કલાએ ખીલી છે જેના પ્રતિસાદ રૂપે ગુજરાતની તમામ જ્ઞાતિઓ સામાજિક સંગઠનો, સાધુઓ, મહંતો સરકાર દ્વારા શરૂ થયેલા બેટી બચાવો જન અભિયાનની અપીલને સમર્થન કર્યુ છે. સરકારે વાતાવરણ ઊભું કર્યુ છે. વિવિધ જ્ઞાતિઓ દ્વારા સમૂહ લગ્નોમાં નવદંપતિઓ સમૂહમાં પ્રતિજ્ઞા કરે છે અમે ભૃણ હત્યાથી દૂર રહીશું. તબીબી ક્ષેત્રમાં આવતાં યુવાન ડૉકટરોએ પણ સરકારને આસ્વાત કરી છે કે અમે દીકરીઓને જન્મતા પહેલાં મારવાના કાર્યમાં ભાગીદાર નહિ થઈએ. ગુજરાત રાજયના ૪૩ તાલુકાઓમાં ભ્રૃણ હત્યાની સ્થિતિ ચિંતાજનક છે. રાજય સરકારના પ્રયાસોથી તેનું પ્રમાણ ઘટ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં સામાજિક ક્ષેત્રે સમાજને અંધકાર તરફથી પાછો વાળવાનું આ કદમ આશાવાદી સાબિત થયું છે. જો દીકરીઓ જન્મતા પહેલા પહેલા ખતમ થઈ જશે તો આ રાષ્ટ્ર માતૃશકિત વિહોણું બની જશે. આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ તો અમદાવાદની એક સભામાં કહ્યું હતું કે કહેવાતો ભણેલો સમાજ દીકરીને જન્મતા પહેલાં પતાવી દેવાના માર્ગે આગળ વધી રહ્યો છે. અલ્ટ્રા સાઉન્ડ અને સોનોગ્રાફી બંધ ઓરડાના અંધકાર વચ્ચે રિબાતી મા અને તેના ઉદરમાં પાંગરી રહેલી દીકરીની ચીસો સાંભળવામાં નિષ્ફળ નીવડેલી ભૂતકાળની શાસન વ્યવસ્થાના પાપે સમાજમાં ગંભીર સમસ્યાઓએ મૂળ નાંખ્યા છે. સમાજમાં જાગૃતિ લાવવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ ગામડે ગામડે ફરી સભાઓ કરી, વાહનોની રૅલીઓ કાઢી, લોકો વચ્ચે જઈ આ વિષયની ગંભીરતા સમજાવી સમગ્ર ગુજરાતમાં જાગૃતિ લાવ્યા છે. દર વર્ષે આપણાં રાજયમાં પ્રસુતિ દરમ્યાન યોગ્ય માર્ગદર્શન, યોગ્ય સારવાર ન મળવાના કારણે લગભગ ૫૦૦૦ જેટલી મહિલા માતાઓ તથા ૭૨ હજાર નવજાત બાળકો મરણ પામે છે તેના માટે પણ આ રાજય સરકારે ચિંતા કરી છે, અને ચિરંજીવી યોજના સમગ્ર રાજયમાં અમલમાં મૂકવામાં આવી છે. ખાનગી નર્સિંગ હોમ પ્રસુતિ કરાવે તો પણ એનો તમામ ખર્ચ રાજય સરકાર ભોગવે છે. આ ડોકટરને લગભગ ૧૭૯૫ રૂપિયા ચૂકવાવામાં આવે છે. તેની માતાને આવવા જવા માટે ૨૦૦ રૂપિયા આપવામાં આવે છે સાથેની વ્યકિતને રુપિયા ૫૦ આપવામાં આવે છે. સ્ત્રી ભ્રુણ હત્યામાં ઘટાડો થાય તેના માટે રાજય સરકારે કન્યાઓના શિક્ષણ ઉપર વધારે ભાર આપ્યો છે. કન્યા કેળવણી રથ વિદ્યા લક્ષ્મી બોન્ડ, દીકરીને ભણાવવામાં આવે તો તેને મફત અનાજ આપવામાં આવે છે. ગુજરાતની પ્રજાના સ્વપ્ન દ્રષ્ટા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર માત્ર ગાંધીનગર કે વહીવટ ઉપર જ રાજ કરે છે તેવું નથી સરકાર પ્રજાના દિલ અને દિમાગ ઉપર સવાર છે અને એટલે જ ગુજરાતના પ્રત્યેક વિકાસ પ્રેમી નાગરિક ઇચ્છે છે કે સ્થિર પ્રમાણિક અને પ્રતિબદ્ધ સરકાર જેના પ્રહરીઓ પારદર્શક છે. પ્રજા પ્રેમી છે જેના પરિણામે ગુજરાતની પ્રજાએ સરકારે આરંભેલા જન આંદોલનોને સમર્થન આપ્યું છે. બસ અહીં મારી આ બેટી વિચારોને હું વિરામ આપું છું.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ગણપતભાઈ આ સમાજની એક ચિંતાને સમગ્ર રાજયની અને સમગ્ર ગૃહની પણ ચિંતા. જે સમાજમાં અસમાનતા ઉભી થઈ છે તે માટે લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા ઉપસ્થિત થયો છું.

આ દેશમાં સૌથી પહેલાં જો કોઈએ ગર્ભ બચાવ્યો હોય તો ઇતિહાસમાં ઉદાહરણ છે કે જ્યારે અશ્વતથામાએ બાણ માર્યુ અને ઓતરાના પેટમાં જે ગર્ભ હતો તેને બચાવવા જગદીશ્વર ઈશ્વર કૃષ્ણએ પોતે તેને સજીવન કર્યો હતો. આ ગંભીર ચિંતા એટલા માટે છે કે, છેલ્લાં દશ વર્ષના આંકડા આપણે જોયા ૨૦૦૧ના સેન્સેકસ પ્રમાણે શહેરી વિસ્તારમાં ૧૯૦૧, ૨૦૦૧ સુધી માયનસ ૮૬ એટલે એક હજારે ૮૬ સ્ત્રીઓની સંખ્યા દ ટી અને કેટલાક એવા તાલુકા છે જેમાં ચોર્યાશી તાલુકા હું એટલા માટે બોલું છું કે આપણાં પોતાના વિસ્તારનો ખ્યાલ આવે.તેમાં ૭૨૨ છે એક હજારે સુરત શહેરમાં ૭૭૪, પલસાણામાં ૭૯૩, પાટડીમાં ૮૨૭ અને અંકલેશ્વરમાં ભરૂચમાં ૮૭૦. ગણપતભાઈએ સાચું કહ્યું કે જો આ પ્રયાસો ના થયા હોત તો આની આ પ્રક્રિયા જો ચાલુ રહી હોત તો આવનારા ૫૦ વર્ષમાં દીકરીઓની સંખ્યા માત્ર ૫૦ ટકા રહેત. આપણે એમ કહેતા આવ્યા છીએ કે " યત્ર નારી અસ્તુ પૂજયંતે રમંતે તત્ર દેવતાહા: " આ માતાઓની પૂજા કરવાને બદલે અવતરતા પહેલાં જ મારી નાંખવાનું ભણેલાં સમાજે કામ કર્યુ છે, અને તેના આંકડા બતાવે છે કે આપણાં કરતાં તો આદિવાસી જિલ્લાઓમાં આ પરિસ્થિતિ ખૂબ સારી છે. કદાચ તે ઇતિહાસના આંકડાઓના પાનાઓ કદાચ તેણે કોસ થીટા સાયન્સ થીટાના વિજ્ઞાન નહીં ભણ્યાં હોય પણ તેણે માણસાઈના જ્ઞાન પહેલેથી ભણ્યાં છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૦ ટકાની ઝીરોથી ૬ ટકાની ટકાવારી છેલ્લા દસ વર્ષમાં વધી. અમીરગઢમાં ૨૧.૯૩, ગરબાડામાં ૨૧.૩ દાંતામાં ૨૦.૫૬, ધાનેરામાં ૨૦.૫૦ અને ધાનપુરામાં ૨૦.૩૨ આ આંકડા આંખ ખોલનારા છે. બહુ ભણેલા કહેવાતા લોકોએ પોતાની સુખાકારીની કહેવાતી વ્યાખ્યામાં વિજ્ઞાનની આ માયાજાળમાં તપાસણીના નામે સોનોગ્રાફીના માધ્યમથી હજારો દીકરીઓને આ ધરતી પર આવતા રોકી છે અને સરકારે એટલા માટે પ્રયત્નો કર્યા છે કે આ કામ ભલે સરકારનું નથી. થોડા સમય પહેલા સમાજોએ પણ આ કામ કર્યુ છે. શરૂઆતમાં પાટીદાર સમાજે ભેગા થઈને સમાજ તરીકે સૌથી પહેલું કામ સ્વૈચ્છિક સંસ્થા તરીકે ઉપાડયુ અને અમે જે પણ કાર્યક્રમમાં

જઈએ છીએ, એ સમાજના મેળાવડા કે સમૂહ લગ્નો હોય છે. અમે અમારી જાતે શપથ લેવડાવીએ છીએ. આ સ્ત્રી ભૃણ હત્યા એ એવડું મોટું કલંક છે કે આવતા દિવસોમાં સમાજમાં એવી અસમાનતા પેદા ન થાય કે જેને કારણે સમાજની આખી વ્યવસ્થા તૂટી પડે.

સૌથી ચિંતાની બાબત એ છે કે મહેસાણા જિલ્લાએ ખૂબ ચિંતા કરવાની જરૂર છે. ઉંઝામાં એક હજાર દીકરીએ ૭૩૪ દીકરી છે. માણસામાં એક હજાર દીકરીએ ૭૬૬, વીસનગરમાં ૭૭૦, મહેસાણામાં ૭૭૨. આ એકલા જિલ્લામાં આ સ્થિતિ છે. અને પ્રાંતિજમાં ૭૮૧ છે. શહેરીકરણને કારણે શહેરોમાં આવેલી ભણેલી ગણેલી પ્રજા, પોતાની જાતને મોર્ડનાઈઝેશનના ઢાંચામાં ઢાળવાને કારણે આખી સમાજ વ્યવસ્થા તોડી છે. આપણે એનો કાયદો ચોકકસ બનાવ્યો છે. માનનીય અશોકભાઈએ પણ આ બાબતમાં પ્રયત્નો કર્યા કે ખોટી રીતે કોઈ સ્ત્રી ભૃણ હત્યા ન કરે એને માટેની તકેદારી રાખી, પરંતુ બધી વસ્તુ કાયદાથી અનુશાસિત કરી શકાતી નથી. એટલા માટે આ સમાજની ચિંતા છે. આ સમાજની જે વ્યવસ્થા છે. હું તો આ ગૃહના તમામ સભ્યશ્રીઓને વિનંતી કરીશ કે તેઓ જયાં જયાં મેળાવડામાં જાય, આપણે જે પ્રકારે પ્રજામાં મત માટે માગણી કરી શકીએ છીએ તો આપણે દીકરીઓને બચાવવા માટે પણ હાથ લાંબો કરી શકીએ. હું માનનીય ગણપતભાઈને અભિનંદન આપીશ કે આ એક એવો પ્રસ્તાવ છે કે આવનારા ઈતિહાસમાં ગુજરાત જે રીતે આગળ વધશે, દીકરીઓને બચાવવાનું બેટી બચાવવાનું કામ કરશે એ એક ઈશ્વરીય અને દૈવી કાર્ય છે. આ કાર્ય કરવામાં સરકારે જે પ્રયત્નો કર્યા છે એણે એક પ્રેરણા આપી છે. હું માનું છું કે સમાજની અનેક સંસ્થાઓને આમાં જોડવી પડશે. અનેક ધાર્મિક સંસ્થાઓને આમાં જોડવી પડશે. એક સામાજિક આંદોલન ગુજરાતમાં ઉભું કરવાની જરૂર છે. આપણે કહેવાતા સુધરેલા ભણેલા ગણેલા લોકોએ આપણે આપણી જાતને દોરવણી આપ્યા વગર જે રીતે દીકરીઓને આવતા રોકી છે.

માતા ન હોત તો આ સંસારમાં સંત પુરુષો અને મહાપુરુષો કોની કૂખે પેદા થયા હોત? સ્વામી વિવેકાનંદ, સ્વામી દયાનંદ સરસ્વતી, ગુરુ ગોવિંદસિંહ, બીર બૈરાગી બંદા. આવા મહાપુરુષોએ માતાની કૂખે જન્મ લીધો અને દેશ અને દુનિયાને માર્ગદર્શન આપ્યુ છે. આ સ્ત્રી ભૃણ હત્યા કરનારા સામે માબાપો કરે તો પણ, માત્ર ડોકટર જ નહીં, મારી તો મંત્રીશ્રીને વિનંતી છે કે જે કોઈ માબાપો આવા પ્રકારે સ્ત્રી ભૃણ હત્યા કરે અને જાણમાં આવે તો ઈન્ડિયન પીનલ કોડ નીચે જોગવાઈ કરીને એને સજા કરવી જોઈએ. આપણે ઈચ્છીએ છીએ કે કુદરતની આ બધી વ્યવસ્થા છે, આ આખી વ્યવસ્થા કુદરત નિર્મિત છે. આમાં દીકરીને પાપનો ભારો, સાપનો ભારો એમ કહીને ૨૧મી સદી પહેલા કદાચ આપણે કહેતા હોઈશું, પરંતુ સ્ત્રીઓએ આજે જે રીતે જુદા જુદા ક્ષેત્રોમાં કાઠુ કાઢયુ છે. અનેક ક્ષેત્રોમાં પુરુષ સમોવડી બની શકી છે. આ બહેન, દીકરી, માતા એ આ સમાજને સૌથી મોટી ભેટ છે. આ દીકરી પોતાના ઘરે રહે છે, તો પોતાના ઘરને ઉજાળે છે અને ૨૦, ૨૫ વર્ષ સુધી માબાપના ઘરે રહીને પછી બીજા અજાણ્યા ઘરે જઈને આખા ઘરને પોતાના હાથમાં લઈને લાલન પોષણ કરનારી મા બને છે અને એટલે હું માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી કરું છું કે કાર્યક્રમોમાં રાજયવ્યાપી આંદોલન ચલાવીએ. જેવી રીતે જળસંચયનું આંદોલન હતું, જેવી રીતે વિકાસના માર્ગનું આંદોલન કરીએ છીએ, આ પણ એક સામાજીક આંદોલન છે અને આ વિકાસની પરિભાષા છે, એટલે હું માનનીય ગણપતભાઈ જે બિલ લાવ્યા છે એ બિલ ઈશ્વરીય બિલ છે, દૈવી બિલ છે અને માનવતાને પ્રેરણા આપનારું બિલ છે અને લગ્ન કરનાર યુગલોને શપથ લેવડાવવામાં આવે અને જાહેરમાં એવા લોકોનું સન્માન કરવામાં આવે એવી આજે આ સમાજની તાતી જરૂરિયાત છે અને એટલે આ જે બિલ લઈને આવ્યા છે એ ખરેખર ખાનગી બિલ ભલે હોય, એમાં આપણે જાણીએ છીએ કે એ પસાર નહીં કરી શકીએ, પરંતુ આપણા ગુજરાતના તમામ માનનીય ચૂંટાયેલા સભ્યશ્રીઓ અને ગુજરાતની પ્રજાને આપની મારફત સંદેશો જાય કે આ વિધાનસભાની સરકારી કાર્યવાહી ભલે ના હોય, વિધાનસભાનું બિલ ભલે ના હોય, પરંતુ હૃદયમાંથી નીકળેલું, દિલમાંથી નીકળેલું આ બિલ છે અને આ બિલનું અક્ષરસઃ પાલન થાય એ રીતનુંસામૂહિક જન આંદોલન ઉભું કરીએ તો મને લાગે છે કે અહીંયાં આવવાનું સારામાં સારું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય. તો હવે પછી એકપણ દીકરી કમસે કમ અહીંયાં બેઠેલા હોય એમની નજરમાં એમના ધ્યાનમાં કયારેય પણ

અવતરતાં પહેલાં મોત ના પામે, એટલું પણ જો આપણે કરી શકીએ તો મને લાગે છે કે આપણે અહીંયાં આવવાનું ચરિતાર્થ છે. અસ્તુ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ગણપતભાઈ વસાવા જે સંકલ્પ લઈને આવ્યા છે એ આપણા સૌની સામાજિક ચિંતા જે છે એ ચિંતાને પ્રતિપાદિત કરવા માટેનો સંકલ્પ છે. જે પરિસ્થિતિ અત્યારે છેલ્લા વર્ષોમાં નિર્માણ થઈ છે, આપણી સામાજિક વ્યવસ્થામાં આપણે શબ્દોમાં પ્રતિપાદિત એવું કરીએ છીએ કે દીકરીને, મહિલાને, બહેનને માતા તરીકે પૂજીએ છીએ, પરંતુ વાસ્તવિકતા એના કરતાં જુદી જ છે. દીકરી જન્મ્યા પછી એની ઉપર આપણે ખૂબ જ અન્યાય કરીએ છીએ, પરંતુ એને જન્મતી જ રોકી દેવાનું પાપ આપણે કરીએ છીએ. માનનીય ગોરધનભાઈ અને માનનીય ગણપતભાઈએ બહુ સાચી વાત કરી કે એને જન્મતાં જ રોકી દેવાનો પ્રયાસ આપણા સુશિક્ષિત સમાજમાં વધારે થાય છે અને જે પ્રગતિશીલ રાજયો કહેવાય છે એની માનસિકતા એ રાજયોમાં કયા પ્રકારની છે એની પ્રતિતિ થાય છે. જે જેન્ડર રેશિયો આખા દેશમાં અસંતુલિત થયો છે એમાં ગુજરાત આ જેન્ડર રેશિયો અસંતુલિત કરવામાં સૌથી પાછળનાં જે રાજયો, પછાત રાજયો માનસિકતાની રીતે ગણાય એ રાજયોમાં આવ્યો છે. પંજાબ, હરિયાણા અને ગુજરાત આ જે રાજયો છે એ જેન્ડર રેશિયામાં અસમાનતા સૌથી જે પહેલા થોડા આગળના ક્રમમાં આવે એ પ્રકારની આપણી સ્થિતિ છે અને એના કારણે ભવિષ્યમાં ખૂબ બિહામણું ચિત્ર ઉભું થવાનું છે અને જો આ અસંતુલન ચાલુ રહેશે તો દીકરીઓ ઓછી જન્મશે એટલું જ નહીં, પરંતુ એના પછીનાં પરિણામ આવશે એ ભયાવહ પરિણામો આવવાનાં છે અને એ ભયાવહ પરિણામો આવવાનાં છે એને ટાળવાં હોય તો આ આદર્શ ઘેર ઘેર સુધી, નિશાળો સુધી, સ્કૂલો સુધી પહોંચવો જોઈએ અને આપણા બધાના મનમાં જે ભાવ પડેલો છે કે પ્રાયોરિટી દીકરાને આપવાની છે એના બદલે દીકરી અને દીકરો સમાન છે, એના અધિકારની માત્ર વાતો નહીં, પરંતુ પોતાના ઘરમાંથી જ એ વાત શરૂ કરે કે આપણા ઘરમાં દીકરો અને દીકરીને સમાન અધિકાર આપીએ છીએ? દીકરો રાતના એક કે બે વાગે જાય તો કાંઈ વાંધો નહીં, પરંતુ દીકરી રાતના એક કે બે વાગ્યે ઘરની બહાર જાય તો સમાજમાં ચર્ચાનો વિષય બને છે. તો આ જે ભેદભાવ રાખવામાં આવે છે. તો એને ભણાવવાથી માંડીને વ્યવસાયિક સ્થળો સુધી જયાં સુધી સન્માનની લાગણી અને જયાં સુધી તંદુરસ્ત માનસિકતા આપણી ઉભી ના થાય ત્યાં સુધી આ જે ચિત્ર જે આપણે ઉલટાવવા માગીએ છીએ એ ઉલટાવી નહીં શકીએ અને એના માટે આપણા સમાજની માનસિકતા જવાબદાર છે. ભલે આપણે કહીએ કે ઈતિહાસમાં અને પુરાણોમાં વાત લખાયેલી છે, પરંતુ એ માત્ર ચોપડામાં રહે છે. વાસ્તવિક રીતે આપણે હજુ પણ સ્ત્રીને સમાન દરજ્જો નથી આપ્યો, આર્થિક રીતે પણ સમાન દરજ્જો નથી આપ્યો અને સામાજિક રીતે પણ સમાન દરજ્જો નથી આપ્યો, અને તેના માટે ખૂબ ક્રાંતિ કરવાની જરૂર છે. મહાત્મા ગાંધી અને ડોકટર બાબા સાહેબ આંબેડકરે ખૂબ પ્રગતિશીલ અભિગમ આ બાબતમાં અપનાવ્યો હતો અને તેના કારણે એ જમાનામાં જે ટેલેન્ટેડ મહિલાઓ હતી તે ખૂબ આગળ આવી હતી. પણ આજે કમનસિબી છે કે એટલી મહિલાઓ આજે સમાજ જીવનમાં અને રાજકીય જીવનમાં અને આર્થિક જીવનમાં પણ જેટલી મહિલાઓ એ વખતે આગળ આવી હતી એટલી આગળ આવી શકતી નથી. આપણે આપણા બધાની માનસિકતા બદલવી પડશે, જેન્ડર રેશીયો સુધારીશું નહીં તો તેની કાયદો અને વ્યવસ્થા ઉપર પણ અસર પડવાની છે. અને તેની યુવા માનસ ઉપર પણ અસર પડવાની છે, એટલે આ ભયાવહ ચિત્ર ટાળવું હશે તો આપણે બધાએ સાથે મળીને કામ કરવું પડશે. બધી જ સરકારો આ બાબતમાં જાગૃત છે, પણ સ્લોગનના બદલે છેવાડાના લોકો સુધી જાગૃતિ લાવવા માટે બધી જગ્યાએ માનસિકતા તંદૂરસ્ત બને અને તેના માટે આપણે બધા કાર્ય કરીએ તે જરૂરી છે, ભારત સરકારે આ વખતે બહુ સારો નિર્ણય કર્યો છે કે જે દીકરી જન્મે તેને તેના મા-બાપ જો ઉછેરી ન શકે તો ભારત સરકાર એ દીકરીની ઉછેરવાની જવાબદારી લેવાની છે, એવી વ્યવસ્થા ગોઠવાય તેવી જાહેરાત કરી છે. અને આ પ્રકારે રાજય સરકાર પણ આ બાબતમાં જાગૃત છે, વધારે જાગૃત બને અને તેના મારફત પણ આપણે સાચા અર્થમાં આ લોક આંદોલન બનાવી શકીએ અને એ આંદોલનનો વ્યકિતગત ફાયદામાં કોઈ ઉપયોગ ન કરે, કારણ કે મને એવું દેખાઈ રહ્યું છે, હું બહુ ગંભીરતાથી વાત કરું છું. રાજ્ય સરકાર ભલે આંદોલન કરે, પણ તેનો વ્યકિતગત રાજકીય ઉપયોગ કરીશું તો લોકો સુધી આપણે પહોંચી શકીશું નહીં. આ ખૂબ ચિંતાનો વિષય છે, બધા માટે ચિંતાનો વિષય છે અને જેન્ડર રેશીયો સુધારવા માટે અને તેના માટે સામાજિક ચિંતન કરીને આગળ વધીએ તેવી અભ્યર્થના સાથે માનનીય ગણપતભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે એમાં હૃદય પૂર્વકનો અમારો બધાનો સાથ અને સહકાર છે એટલું જ નહીં અમારું કમિટમેન્ટ છે એટલી વાત કરીને મારો સૂર પુરાવું છું.

**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ગણપતભાઈ વસાવા, બેટી બચાવો અભિયાનને જે સફળતા સાંપડી છે તેને વધારે વેગવંતુ બનાવવા માટે સ્ત્રી ભૃણ હત્યા બંધ થાય તેના માટે જરૂરી તમામ પગલાં લેવા માટે સરકારને અનુરોધ કરતો જે સંકલ્પ લઈને આવ્યા છે તેને સમર્થન આપવા માટે

ઉપસ્થિત થઈ છું. હું સરકારને અને માનનીય મુખ્ય મંત્રીશ્રીના નેતૃત્વમાં માનનીય આરોગ્ય મંત્રીશ્રી અને મહિલા બાળ કલ્યાણ મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે અત્યારે જે પરિસ્થિતિ ઉપસ્થિત થઈ છે તે ખૂબ ગંભીરતાથી લઈ અને રાજયભરમાં જે રીતે આ અભિયાનને આંદોલનનું સ્વરૂપ સાંપડયું છે તે ખરેખર હૃદય પૂર્વકના અભિનંદન માગે તેવું છે. અત્યારે નવરાત્રિ પર્વ ચાલે છે. અને આપણે સૌ સ્ત્રી, એટલે કે શકિતની ઉપાસના કરીએ છીએ. આ દેશમાં નારી ની નારાયણી તરીકે પૂજા કરવામાં આવે છે. ભગવાનના દરબારમાં પણ જોઈએ તો ડિફેન્સ મિનિસ્ટ્રી દુર્ગા માતાને આપવામાં આવેલ છે. નાણા ખાતું લક્ષ્મી માતાને આપવામાં આવેલ છે, શિક્ષણ ખાતું સરસ્વતિ માતાને આપવામાં આવેલ છે, ભગવાનના દરબારમાં પણ સ્ત્રીનું આટલું મહત્ત્વ છે, અરે અન્નપૂર્ણા તરીકે પણ સ્ત્રી શકિતની પૂજા થાય છે. જ્યારે કોઈ ક્ષત્રિય રણ ભૂમિમાં જાય છે ત્યારે માતાજીને વંદન કરીને પછી જાય છે. ખોડિયાર માતા, રાંદલ માતા, સંતોષી માતા, વૈષ્ણોદેવી માતા, આ રીતે કોઈ ને કોઈ માતાજીની પૂજા કરવામાં આવતી હોય છે, અને એક કહેવત છે કે જે કર ઝૂલાવે પારણું તે જગત પર શાસન કરે, ત્યારે આ ઉકિત એ એક કલ્પના તો નથી રહી ગઈ ને તે વિચાર કરવો પડે તેવી સ્થિતિ આજે છે. આજના યુગમાં સ્ત્રીનું મહત્ત્વ ઘટી ગયું છે. સ્ત્રી ને કેમ જન્મવાનો અધિકાર આપવામાં આવતો નથી? આજે સ્ત્રીની અશ્મિતા ઉપર ખતરો ઊભો થયો છે, અને આ પરિસ્થિતિ કેમ ઊભી થઈ? સામાજિક વ્યવસ્થા એવી ઊભી થઈ કે પુત્ર કૂળ દિપક કહેવાય, પૂત્ર હોય તો મૃત્યુ વખતે અગ્નિ દાહ આપી શકે. પૂત્ર હોય તો જ પિંડ દાન થઈ શકે. પૂત્ર અગ્નિ દાહ આપે તો જ મોક્ષ પ્રાપ્ત થાય, આવી સામાજિક વ્યવસ્થા ઊભી થઈ ગઈ. પુત્રી આવી એટલે સાપનો ભારો બની ગઈ, પારકુ ધન બની ગઈ. ક્યાંકને ક્યાંક મા-બાપને એમ લાગવા લાગ્યું કે પુત્રીનો જન્મ થશે તો એને મોટી કરીશું તો કદાચ બદનામ થઈશું, એની ઉપર બળાત્કાર થશે, છેડતી થશે. આ સામાજિક જવાબદારીમાંથી છટકવા માટે એ મા-બાપો પુત્રીને જન્મ આપતા ગભરાયા. ક્યાંકને ક્યાંક મા-બાપને એવું થયું કે દહેજની પ્રથાને લીધે દીકરીને આટલું મોટું દહેજ કેવી રીતે આપીશું. સાસરિયામાં ત્રાસ થશે, આ સામાજિક વ્યવસ્થાને કારણે આખી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આપણો પુરુષ પ્રધાન સમાજ છે. આર્થિક ઉન્નતિમાં પુરુષોનું યોગદાન છે એવું કહેવાય છે. તો શું ખરેખર એ સાચું છે? કદાચ ઉદ્યોગપતિઓમાં આગળીના વેઢે બહેનો હશે પરંતુ આપણે જોવા જઈએ તો આર્થિક ઉન્નતિમાં પણ બહેનોનું એટલું જ યોગદાન છે. આજે નર્સિંગ ક્ષેત્ર બહેનો સંભાળે છે. શિક્ષણ કાર્ય પણ બહેનો જ સંભાળે છે. ડેરી ઉદ્યોગ પણ બહેનો જ ચલાવે છે. ખેતી પણ બહેનો કરે છે. આદિવાસી વિસ્તારમાં બધા જ કામો બહેનો કરે છે. આર્થિક ઉન્નતિમાં પણ બહેનોનું એટલું જ યોગદાન છે ત્યારે આ બહેનોને નિર્ણાયક પ્રક્રિયામાંથી કેમ દૂર રાખવામાં આવે છે એ આપણા માટે ચિંતાનો વિષય બની ગયો છે. અસુરોનો સંહાર કરનારી મા દુર્ગા. યમરાજા સાથે લડનારી સાવિત્રી. અન્યાયની સામે ઝઝૂમનારી દ્રૌપદી, ત્યાગ અને તપસ્યાની મૂર્તિ સીતા, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, કલ્પના ચાવલા, સુનિતા વિલિયમ્સ, કિરણ મજમુદાર, કિરણ બેદી. આ બધી બહેનો આ સમાજમાં હોય ત્યારે આ સમાજમાં આવી બહેનોની દુર્દશાના કારણો શું હોઈ શકે? કયારેક એમ થાય છે કે સ્ત્રીઓ પોતાનું ગૌરવ પોતે તો નથી ગુમાવી બેઠીને? જ્યારે સિંહના બચ્ચાને ઘેટાની વચ્ચે મૂકી દેવામાં આવે ત્યારે સમય દરમિયાન એ સિંહનું બચ્ચું ભૂલી જાય કે હું સિંહ છું એવી દશા સિંહણ જેવી સ્ત્રીઓની થઈ છે. એમને અશિક્ષિત રાખીને, એને કુપોષિત રાખીને એમને અનિર્ણાયકતામાં રાખીને અસમાનતાના હક્ક આપીને આ સિંહ જેવી સ્ત્રીને પામર બનાવી દેવામાં આવી છે. દેશ ભરમાં ૬૨ લાખ જેટલી દીકરીઓ ઓછી છે. ગુજરાતમાં પાંચ લાખ દીકરીઓ ઓછી છે જે આપણા માટે સૌથી મોટો ચિંતાનો વિષય બન્યો છે. આ પડકારને જે પ્રમાણે માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ નીચે ઝીલી લેવામાં આવ્યો છે જે રીતે બેટી બચાવોને આંદોલનનું સ્વરૂપ આપવામાં આવ્યું છે એ અભિનંદનને પાત્ર છે. એના પરિણામો મળી રહ્યા છે. પરિસ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે જે આવકારદાયક છે. આના માટે આપણે સૌ એ ત્રિપાંખીયો જંગ લડવો પડશે. ઘનિષ્ટ લોક જાગૃતિ લાવવાની છે. લોક જાગૃતિ લાવવા માટે જે પ્રમાણે સરકાર મોટા સંમેલનો કરી રહી છે. હમણાં બાયડમાં ૪૦ થી ૫૦ હજાર બહેનોનું સંમેલન થયું, એ જ રીતે જામનગરમાં પણ ૪૦ થી ૫૦ હજાર બહેનોનું સંમેલન થયું. આ રીતે દરેક જિલ્લાઓની અંદર સરકાર સંમેલનો કરવાનું આયોજન કરી રહી છે એ રીતે લોક જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરી રહી છે એ અભિનંદનને પાત્ર છે. પ્રચાર માધ્યમો, સંતો મહંતો, સ્વયંમસેવી સંસ્થાઓ આ બધા ખરેખર ખૂબ લાભદાયી થવાના છે. પરંતુ એનાથી પણ વધારે મને એ વાતનો આનંદ છે કે ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યો પોતાના વિસ્તારની અંદર પદયાત્રા કરીને કે સાયકલ યાત્રા કરીને માનનીય ડો.કનુભાઈ અને માનનીય સભ્યશ્રી પ્રાગજીભાઈએ સાયકલયાત્રા કરી એ જ રીતે દરેક ધારાસભ્યશ્રીઓએ પોતપોતાના મત વિસ્તારમાં આંદોલનના સ્વરૂપે લઈને જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો છે. જેમણે જેમણે પ્રયાસો કર્યા છે એ સૌને હું અભિનંદન આપું છું. ઘનિષ્ટ લોક જાગૃતિ ઉપરાંત સ્ત્રી સશકિતકરણની પણ એટલી જ જરૂર છે. સ્ત્રીનું સ્વાસ્થ્ય સારું હોવું જોઈએ, એ શિક્ષિત હોવી જોઈએ, કન્યા કેળવણીને એટલે જ મહત્ત્વ આપવામાં આવ્યું છે અને દીકરીઓ ભણશે તો આ સમસ્યાના મૂળ એમાં સ્ત્રીઓ સ્વનિર્ભર થશે એના માટે માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું એમણે સ્ત્રીઓને સ્વનિર્ભર કરવા માટે વિધવા બહેનો હોય કે આંગણવાડી વર્કર બહેનો હોય આ બધાને સ્વનિર્ભર કરવા માટેની જે ઝુંબેશ ઉપાડી છે એ પણ અભિનંદનનેપાત્ર છે. અહીંયા કાયદાના અમલની વાત થાય છે ત્યારે મને ખૂબ દુ:ખ થાય છે કે કાયદાથી કંઈ નહિ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, જે ડૉક્ટર મિત્રો સોનોગ્રાફી દ્વારા અને ગાયનેકોલોજીસ્ટ સ્ત્રી ભ્રૂણ હત્યા કરે છે એ અમારા માટે દુ:ખદ વિષય છે. તેના માટે હું એક ડૉક્ટર તરીકે ક્યારેક ક્યારેક ક્ષોભ અનુભવું છું. શું આ હિંસા નથી? ૧૯૭૧માં એમ.ટી.પી. એકટ આવ્યો. શેના માટે એમ.ટી.પી. એકટ આવ્યો? કોઈ બહેન ગર્ભવતી થઈ હોય, તેને માનસિક રોગ હોય, અથવા તો બળાત્કારના કારણે ગર્ભ થયો હોય અથવા ફૅમિલી પ્લાનીંગની પદ્ધતિઓ ફેઈલ ગઈ હોય તેના કારણે ગર્ભ થયો હોય તો એમ.ટી.પી. કરાવવાની વાત. આ દેવદૂત જેવા ડૉકટરો જ્યારે તેમને જે કૌશલ્ય પ્રાપ્ત થયું છે દર્દીઓની સેવા કરવાનું, આ કૌશલ્યનો એ લોકો જ્યારે જીવન લેવા માટે ઉપયોગ કરે છે એ ખરેખર ક્ષોભજનક છે.

માનનીય અધ્યક્ષશ્રી, વહાલના દરિયા જેવી દીકરીઓ દીકરો અમારો કયાં સુધી? દીકરો અમારો ત્યાં સુધી એ લગ્ન કરે. પણ દીકરી અમારી દીકરી કયાં સુધી તો જીવનના છેલ્લા શ્વાસ સુધી જીવીએ ત્યાં સુધી. સુપ્રીમ કોર્ટના ઉચ્ચ ન્યાયાધીશે પણ કહ્યું છે કે "A foetus is regarded as a human life from the moment of fertilisation". માનનીય અધ્યક્ષશ્રી, આ કૂખને કુરુક્ષેત્ર ન બનાવો. આ ઘાતકી અને રાક્ષસી કૃત્ય છે. બ્રહ્મહત્યા, ગૌહત્યા જેટલું પાપ આ નિરાધાર નારીની હત્યા સમાન છે. આ રીતસરનું સુનિયોજીત હત્યાનું કાવતરું. આમાંથી આપણે સૌએ બચવું જોઈએ. સરકારના પ્રયત્નોમાં ગઈ કાલે જે "પુત્રી દેવોભવ:" નાટક બતાવવામાં આવ્યું, આ નાટકમાં આપણને તેના ઈન્ટેન્શન ખબર પડે છે કે દીકરી કેવી રીતે પોતાના કૂળને ઉજાળી શકે છે, કેવી રીતે બચાવી શકે છે. એ આ નાટકમાં આપણને દેખાઈ આવ્યું છે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગણપતભાઈ વસાવા જે સંકલ્પ લઈને આવ્યા છે તેને મારું અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની આઝાદી વખતે અંગ્રેજોનું જવાનું નક્કી થયું હતું અને એક મોટા ગજાના પત્રકારે મહાત્મા ગાંધીને પૂછયું કે બાપુ, હવે શાની ચિંતા છે તમને? ત્યારે એમ કહ્યું હતું કે મને ભણેલા લોકોની જે કઠોરતા છે એ કઠોરતા આ દેશના ગરીબ લોકો માટે, આ દેશના અભણ લોકો સાથે આ ભણેલા લોકો કેવું વર્તન કરશે તેની મને ચિંતા છે. એ જ વાત આટલા વર્ષોની આઝાદી પછી શિક્ષણ વધ્યું, સંસ્કાર વધ્યા, કથા-મહાકથાઓ વધી, અનેક જાતનો વિકાસ થયો અને છતાંય જે દીકરીને દૂધ પીતી કરતા હતા એ જ દીકરીની હત્યા ભણેલા-ગણેલા, સુખી, સાધન સંપન્ન લોકો કરી રહ્યા છે. આ એક મોટામાં મોટું દૂષણ સમાજ જીવનમાં પ્રવેશ કરી રહ્યું છે. અનેક વાતો થઈ છે, બહેને વાત કરી. અર્જુનભાઈએ વાત કરી, ભાઈ ઝડફીયાએ પણ ઘણી સારી વાતો કરી. તેને એક મુવમેન્ટનું રૂપ મળે એ બહુ મહત્ત્વનું છે. સમાજના પરિવર્તન માટે સમાજના માણસ સુધી આ વાત જાય એ બહુ મહત્ત્વની છે. પણ મારે એક બીજી વાત કરવી છે. રાજ છે એ શકિતનો દંડ છે. દંડશકિત છે રાજ પાસે અને રાજનો જો ભય ન હોય તો એમ કહેવાય છે કે રાજ ન કહી શકાય. આવા જે લોકો છે તેને વધારેમાં વધારે શિક્ષા થવી જોઈએ. પછી જે કોઈ લોકો ઝપટમાં આવે, એ ડૉકટર આવે, બીજાં લોકો આવે, તેના કુટુંબો આવે, ભણેલા-ગણેલા લોકો આવે. એ જાતનું તંત્ર ગોઠવાવું જોઈએ. આ ત્રિપાંખીયો જંગ નહીં ગોઠવીએ તો મને લાગે છે કે આ વાત નહીં અટકે. કારણ કે માણસ સેલ્ફ સૅન્ટર્ડ થતો જાય છે. પોતાનું સુખ તેમાં તેને સર્વસ્વ લાગે છે. હું અને મારું કુટુંબ. બીજાં લોકોનું જે કંઈ થવાનું હોય એ થાય. કુટુંબમાં પણ એક દીકરો હોય અને ઘ ડપણમાં મારી ખબર રાખશે, દીકરીની મારે કંઈ જરૂર નથી. આ જાતનું માનસ ઉભું થઈ રહ્યું છે. એ માનસને રોકવા માટે આપણે જે મુવમેન્ટ ચલાવી રહ્યા છીએ એ તો સારી વાત છે. તેમાં જરૂર આ પક્ષ અને પેલો પક્ષ એમ કોઈ ભેદ કરવાની જરૂર નથી. તેનો જશ લેવાની પણ જરૂર નથી. જે રીતે કેટલાક સમાજજીવનમાં આપણે લોકો આ વિધાનસભામાં, આ હાઉસમાં એક થઈને ઉભા રહ્યા છીએ. જેમ નર્મદાના મુદ્દા ઉપર આ વિધાનસભા એક થઈને ઉભી રહી છે એવો જ આ સમાજ જીવનનો મુદ્દો છે. એમાં આપણે બધા એક થઈને બરાબર એકી સાથે કામ કરીએ એ મારી દૃષ્ટિએ ખૂબ મહત્વનું છે. અને આ બાબતમાં કડકમાં કડક કાયદા થાય એવું માનનીય આરોગ્ય મંત્રીશ્રીને સૂચન કરુ છું અને આમાં હજી પણ ઊંડાણમાં જઈને આમાં કયાં કયાં મૂળ છે એ મૂળ સુધી પહોંચવા માટે કારણ કે જે આંકડાઓ જે વિસ્તારમાંથી હું અને તમે આવીએ છીએ એ વિસ્તારના આંકડાઓ જે નીકળે છે એનાથી આપણી આંખો ઉઘડવી જોઈએ એવા છે. એટલા માટે વહેલામાં વહેલી તકે જેટલા પગલા લેવા જોઈએ એટલા પગલા આપણે લઈએ. તંત્ર લે, ન્યાયતંત્ર લે, સમાજ જીવન લે અને જે કંઈ લોકોના જીવન ઉપર અસરો છે એવા લોકો દ્વારા પણ આ કામ થાય એવી અપેક્ષા સાથે ભાઈશ્રી ગણપતભાઈના સંકલ્પને હું મારું અનુમોદન આપુ છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ગણપતભાઈ વસાવા બેટી બચાવો અભિયાનનો સંકલ્પ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો વ્યકત કરુ છું. બેટી બચાવો અભિયાન સમગ્ર ગુજરાતની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી આજે ચાલી રહયુ છે. સમાજમાં અને સરકારની આ એક મોટી ચિંતાનો વિષય છે. દીકરીઓની ઘટતી જતી સંખ્યા અને એનાથી થનારી આડઅસરો સમાજ ઉપર એ ચિંતાનો વિષય છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી, આદરણીય નરેન્દ્રભાઈ સાહેબે દોઢ વર્ષ પહેલા આ અભિયાનની શરૂઆત કરી હતી. ટાગોર હૉલમાં પાંચેક હજાર લોકો અને મહિલા અને બાળ વિકાસના ઉપક્રમે આ કાર્યક્રમ હતો. ગુજરાતના અને મધ્ય પ્રદેશના નામી સાધુસંતો પણ જોડાયા હતા અને જીસ્વાન નેટવર્ક મારફત

સમગ્ર ગુજરાતની અંદર આનુ પ્રસારણ પણ કરાયુ હતું. જયારે આ વિષયની ચિંતા સરકાર કરતી હોય ત્યારે મારું એવું માનવું છે કે સમાજને પણ જાગૃત કરવો પડે. આ સરકારમાં આપણે જરૂર કાયદો કર્યો, સજા અને દંડની જોગવાઈ કરી, તેમ છતાં પણ પાછલા બારણે ચાલતી પ્રવૃત્તિને રોકવી હોય તો સમાજને જ જાગૃત કરવો પડે અને દીકરીને બચાવવી હોય, સ્ત્રી હત્યા અટકાવવી હોય તો મારું પોતાનું એવું માનવું છે કે હયાત દીકરી ઉપરનો સમાજનો ભાવ એનું હેત બદલવા માટે સમાજ પાસે વિચારો મૂકવા પડે, સમાજને જાગૃત કરવો પડે, સમાજને જાગૃત કરવા માટે એવા વિચારો સમાજ પાસે મૂકો જે સમાજ આપણા વિચારો સ્વીકારી લે એવા વિચારો હું મૂકવા પ્રયત્ન કરુ છું. આપણા સમાજની અંદર લગ્નનો પ્રસંગ મહત્વનો પ્રસંગ છે. એની અંદર પણ કન્યા વિદાયના પ્રસંગનું ખૂબ જ મહત્વ છે. કન્યા વિદાયના પ્રસંગ માટે લોકકવી દાદે લખ્યું છે એની અંદર એવું લખ્યું છે કવીએ , દીકરી માટે લખ્યું છે કે કાળજા કેરો કટકો મારી ગાંઠથી છૂટી ગયો, એવું કન્યા વિદાયના પ્રસંગમાં લખ્યું છે અને દીકરીને કાળજાનો કટકો કીધો છે. દીકરી પ્રત્યેનો ઘણા કવીએ હેત અને પ્રેમથી લખ્યું છે, મા અને દીકરી માટે, આજ દિન સુધીમાં આટલું બધું દીકરા માટે લખાયેલું કોઈના ધ્યાનમાં આવ્યું નથી અને આવી દીકરીનો પ્રાચીન સમયથી જયારે જન્મ થયો ત્યારે સૌ આપણે એમ કહેતા ઘરમાં લક્ષ્મીજી પધાર્યા અને નાનો મોટો પ્રસંગ ઊજવાતો, ઘરની અંદર અને આવી દીકરી જયારે આજના જમાનામાં એનો જન્મ થાય ત્યારે દીકરી માટે જલેબી વેચાય અને દીકરા માટે પેંડા વેચાય. આ દૃષ્ટિ સમાજની બદલવાની જરૂર છે. દીકરી બીચારી સીધી, જલેબી વાંકી તેમ છતાં પણ દીકરી માટે જલેબી વેંચાય માટે મારું તો કહેવું છે કે જયારે દીકરી એના સાસરે જતી હોય, પિયરનું પાનેતર પહેરીને જતી હોય, કન્યા વિદાય ટાણે કોઈ દીકરી એના મા-બાપને એમ નથી કહેતી કે મારી જમીનમાંથી મને ભાગ આપો. મને ૧૦ તોલા સોનું આપો તો મારે સાસરે જઈશ. એવું કયારેય દીકરી નથી કહેતી કારણ કે દીકરી તો ત્યાગની મૂર્તિ છે. કાયદાની અંદર સમાન અધિકાર છે. મિલકતમાં સ્થાવર અને જંગમ મિલકતમાં તેમ છતાં સાસરે જતી દીકરી કયારેય કશું માગતી નથી. એને તો માત્ર ચિંતા છે એના માબાપની, એના માબાપની તબિયત સારી રહે એવી ચિંતા સાસરે જતી દીકરી કરતી હોય છે. સાસરામાં રહીને પણ સમાજની અંદર જાય છે કે સાસરામાં પણ કોઈ પિયરનું મળી જાય તો એ માબાપના સમાચાર પૂછે અને કયારેય કોઈ દીકરાને આપણે જોયા છે સમાજની અંદર કે સુરતની અંદર દીકરો વ્યવસાય કરતો હોય અને આપણા ગામનો કોઈ જઈ ચડે તો એ માબાપના સમાચાર પહેલા એવું પૂછે કે મારા બાપા જીરુ વેચી આવ્યા કે નહીં? કેટલા પૈસા આવ્યા, આવો ભાવ હોય એ દીકરી માત્ર એવી ચિંતા કરે છે. એના માબાપની ચિંતા કરે છે. આવી દીકરી માટે સમાજને ચિંતા કરવી પડે, આ દીકરી જયારે માંના પેટમાં હોય, ગર્ભના પરીક્ષણમાં મૅડિકલ સાયન્સથી ખબર પડે કે એના પેટમાં દીકરી છે ત્યારે આખા ઘરમાં કચવાટ થાય. આ કચવાટ સમાજમાં દૂર કરવા માટેનો પ્રયત્ન આપણે કરવો પડે. દીકરી ઘરની અંદર નાનેથી મોટી થાય, ઘર અને ખેતીનું કામ કરે, રસોડાનું કામ કરે તેમ છતાં એના મા-બાપને જો રાત્રિએ તાવ આવ્યો હોય તો પોતા મૂકે. આવી દીકરી માટે સમાજમાં જાગૃતિ લાવવી પડે અને દીકરી બચાવો અભિયાનને વેગવંતુ બનાવવા માટે હું મારું સમર્થન આપું છું.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રી ગણપતભાઈ વસાવા આ દેશની, આ રાજ્યની સૌથી વધુ ચિંતા અને સમસ્યા છે એનો સંકલ્પ લઈને આવ્યા છે. આજનો દિવસ આ વિધાનસભાની અંદર એક ઐતિહાસિક દિવસ હશે એવું હું માનું છું. જે સંકલ્પ લઈને આવ્યા છે એમાં મારું ખૂબ હૃદયપૂર્વકનું સમર્થન આપું છું અને એમનું હાર્દિક અભિનંદન સાથે સ્વાગત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં સ્ત્રી ભૃણ હત્યા ઉપર સમસ્ત લોકો ચિંતિત છે. મારા પહેલાના સન્માનનીય ધારાસભ્યશ્રીઓએ ઘણી સારી વાતો કરી. માનનીય ગોરધનભાઈ અને બેન માયાબેને સ્ત્રીને મા, શક્તિ, તાકાતવાન વિગેરે બતાવી. વિરોધપક્ષના નેતાશ્રીએ એમાં સૂર પૂરાવ્યો છે. મારે એક-બે વાતો કરવી છે. આજે રાજ્યની ધૂરા સંભાળતા મુખ્યમંત્રી હોય, કેન્દ્ર સરકારની ધૂરા સંભાળતા વડાપ્રધાન મનમોહનસિંહજી હોય કે રાજ્યના સંતો અને મહંતો હોય, રાજ્યના સમાજો હોય, રાજ્યના જુદા જુદા સ્તરે કામ કરતા મહિલાશક્તિઓ, મહિલા સંસ્થાઓ હોય, નારીશક્તિ હોય આ બધા સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા માટે સતત પ્રયત્નશીલ છે, સતત ચિંતિત છે. વર્ષો પહેલાં દીકરીને દૂધ પીતી કરતા હતા. ત્યારે દીકરીનો જન્મ તો થતો હતો. દીકરીનું મોઢું તો જોવામાં આવતું હતું. પરંતુ અત્યારે ૨૧મી સદી, ભાઈશ્રી ગોરધનભાઈએ કહ્યું એમ ખૂબ જ સુધરેલા લોકો, સુધરેલી વાતો કરનારા લોકોએ જે સ્થિતિ કરી છે એમાં નાનું એવું બાળક ગર્ભમાં હોય ત્યારે એ દીકરીને મારનારા ડાકટરો સામે માયાબેને વાત કરી એમ ૩૦૨નો ગુનો કરવો જોઈએ. ખૂન થાય એ વધારે સારું છે પણ એક ડાકટર ગર્ભસ્થ શિશુ, અંદરના બાળકની ખોપરી તોડી એના અંગો-ઉપાંગો છૂટા કરી સાધનોથી સર્જરી કરી એકેએક અંગ છૂટું કરે અને ગર્ભસ્થ દીકરી બૂમ પાડે, "હે મને બચાવો, હે મને બચાવો" એની ચીસ ક્રુરતાવાદી લોકો સાંભળી ન શકે એનાથી વધારે દયાજનક સ્થિતિ શું હોય? સમાજની રચના, સમાજે કરેલી વાતો, સમાજે કરેલી દેવીશક્તિ, તાકાત, નારી પૂજ્યતે જેવી વાતો કર્યા પછી આપણે સ્ત્રીને એ સ્થાન આપી શક્યા ખરા? દીકરો જન્મે એની ખુશાલી હોય, દીકરી જન્મે એની ખુશાલી ન હોય. દીકરીને ભણાવવાની હોય તો કહે પૈસા નથી, સ્થિતિ નથી. દીકરાને ગમે તેમ કરીને ભણાવવાની વાતો આજે પણ સમાજમાં છે. આવા સંજોગોમાં મારે કહેવું છે કે આજે જે પરિસ્થિતિ છે,

આટલા વર્ષો પછી, ૨૧મી સદીની વાતો કરીએ છીએ તો પણ એક બાજુ પાયલોટ તરીકે કલ્પના ચાવલા, સુનિતા વિલિયમ, આ રાજ્યની સક્ષમ મહિલા અધિકારી હોય કે જે વટથી નિર્ણયો લેતી હોય એની સામે આજે પણ સ્ત્રી સળગીને આત્મહત્યા કરતી હોય છે. ત્રાજવામાં મૂકો તો દહેજના દૂષણથી આત્મહત્યાના બનાવો અટકતા નથી. સંતો અને મહંતો કથાઓ કરે છે, ધર્મપારાયણો કરે છે, મહિલા સંસ્થાઓ, રાજ્ય અને કેન્દ્ર સરકાર રાત દિવસ આ પ્રવૃત્તિને અટકાવવાના પ્રયત્નો કરતી હોય છતાં પણ ગુજરાત ૧૯મા ક્રમે આવીને ઊભું છે. આજે જે સંકલ્પ લઈને માનનીય ગણપતભાઈ આવ્યા છે ત્યારે આ વિધાનસભામાં એક બેન તરીકે નમ્ર વિનંતી કરું છું કે તમામ ધારાસભ્યો સંપૂર્ણપણે સહકાર આપે. રાત દિવસ ચિંતા કરીને આ પ્રક્રિયામાંથી સમાજને બહાર કાઢે અને આ ઠરાવ પસાર થાય એ જ વિનંતી છે.

**શ્રી અશોક ભટ્ટ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ચૈત્રી નવરાત્રિમાં શક્તિપૂજનના પર્વની અંદર મા શક્તિને સાચવવાનો નિર્ધાર, અવતરતી દીકરીઓના થતા મોતને રોકવાનો નિર્ધાર. આ સભાગૃહ માટે ગણપતભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એના સમર્થનની અંદર સમગ્ર ગૃહ આજે એક અવાજે બોલી રહ્યું છે એજ આ ગૃહનું ગૌરવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને યાદ છે કે ગયા સત્રમાં આ સભાગૃહની અંદર આદરણીય શિક્ષણ મંત્રીશ્રીએ એક અજન્મી માતાનો પત્ર વાંચ્યો હતો અને એ અજન્મી માતાના પત્રની અંદર ગર્ભાવસ્થામાં રહેલી દીકરીને વિકેદીલથી મારી નંખાતી હોય એ દીકરીએ કહ્યું હતું કે હે મા, હે મધુમહીમા મને મારવા માટે તુ જે દવા લેવાનું ઇચ્છે છે એ મારા શરીરને ખૂબ કષ્ટ પહોંચાડશે. ગયા સત્રમાં પેલા ગર્ભપાત કરનાર ડોકરટની વેદના એમણે વ્યકત કરી હતી અને આ સભાગૃહના બધા જ સભ્યોની આંખની અંદર આંસું દેખાયા હતા અને આંસુંઓની અસર આપણા સૌની અંદર થઈ અને પરિણામ શું આવ્યું? પરિણામ એ આવ્યું કે રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ એક જન આંદોલન શરૂ કર્યુ અને એ જન આંદોલન સમગ્ર રાજ્યની અંદર પ્રજા આંદોલન બન્યું અને કેટલાક વિસ્તારમાં ધારાસભ્યશ્રીઓએ પદયાત્રા કરી, કયાંક કોઈકે સાઈકલ યાત્રા કરી, કયાંક જનસંપર્ક એ વખતે શરૂ થયું. સમાજ જીવનના પ્રત્યેક નેતૃત્વ કરનાર લોકોએ આદરણીય ગોરધનભાઈએ કહ્યું તેમ સુરતથી શરૂ કરીને ઊંઝાના વિસ્તારની અંદર અનેક સમાજોના સંમેલનો મળ્યા અને એ સંમેલનોની અંદર પ્રતિજ્ઞાઓ લેવડાવી અને પ્રતિજ્ઞાની શું અસર થઈ? હું એ કહેવા માગું છું કે "બેટી બચાવો આંદોલન" શરૂ થયા. એ સૌથી પહેલા આ સભાગૃહ દ્વારા આ તાલુકાઓને ખૂબ ધન્યવાદ આપું છું તાલુકાઓની પ્રજાને ધન્યવાદ આપું છું. અમદાવાદ જિલ્લાની અંદર સાણંદમાં ૨૦૦૪ની અંદર સૅક્સ રેશિયો ૮૦૬ હતો તે વધીને ૧૦૦૪ થયો. બનાસકાંઠાનાં વાવ તાલુકામાં ૮૬૩ હતો એ ૧૨૦૬ થયો. ૨૦૦૫ની અંદર જુનાગઢ જિલ્લાના કોડિનારમાં ૮૮૨થી વધીને ૧૦૦૬ થયો, કચ્છની અંદર અંજારમાં ૮૬૧ હતો એ વધીને ૧૦૧૯ થયો. ભચાઉની અંદર ૮૬૭ હતો એ વધીને ૧૩૧૫ થયો. ખેડાના માતરમાં૧030, સાબરકાંઠામાં ૧૦૦૮, સુરતના ઉચ્છલની અંદર ૧૧૨૩, વાલોડની અંદર ૧૦૦૭, પાવીજેતપુરની અંદર ૧૦૪૪, કરજણની અંદર ૧૦૪૦ અને નસવાડીની અંદર ૧૦૪૭, ધરમપુરની અંદર ૧૦૮૦ અને કપરાડાની અંદર ૧૦૨૭ એટલે પહેલા ત્રણ તાલુકા એવા હતા ૨૦૦૪ની અંદર એના બદલે ૧૪ તાલુકાની અંદર આપણે ૧૦૦૦ ઉપરાંતનો સૅક્સ રેશિયોની અંદર પહોંચી ગયા છીએ. પહેલા રાજ્યની અંદર ૨૦૦૪ કરતા ૨૦૦૫ની અંદર એટલે રાજ્યની અંદર "બેટી બચાવો આંદોલન" ચાલુ થયા એના પછી ૧૪૭ તાલુકાઓમાં સુધારો થયો છે. પરંતુ હજુ ૭૯ તાલુકા એવા છે કે જેમાં ઘટાડો નોંધાયેલો છે. ૨૦૦૪ની અંદર ૧૦૦૦ કરતા વધારે સંખ્યા ત્રણ હતી એ વધીને આજે ૧૪ તાલુકા થયા છે. પરિણામ શું આવ્યું છે અને આપણું લક્ષ્ય શું છે? મેં ગયા વર્ષે કહ્યું હતું ૨૦૧૦નું વર્ષ "ગોલ્ડન ઈયર" છે. ગુજરાત રાજ્યની "સુવર્ણ જયંતિ" વર્ષ શરૂ થાય ત્યારે આ રાજ્યની અંદર આપણે એવું કરી શકીએ. કે એક હજાર દીકરા જન્મે અને એક હજાર દીકરી જન્મે એ દિશા તરફ જવું હોય તો આજે આપણે સૌએ સાથે મળીને આદરણીય અર્જુનભાઈએ જે કહ્યું એ વાતનો હું સ્વીકાર કરું છું કે આજે આપણે સૌએ સાથે મળીને આ પ્રસ્તાવને આપણે સર્વાનુમતે પસાર કરીએ અને સર્વાનુમતે પસાર કરીને એક સંકલ્પ લઈએ. માનનીય અધ્યક્ષશ્રી, જે લેવાયા એ પગલા કયાંય અમે અટકવાના નથી. સાહેબ સૌથી પહેલાં કેન્દ્ર સરકારે એક કાયદો કર્યો અને એ P.N.D.T. Act. આ P.N.D.T. Act ના અમલમાં રાજયમાં તબક્કાવાર ૨૮૦૨માંથી ૧૪૧ મશીનો આપણે સીલ કર્યા છે અને ૭૮ કેસો દાખલ કર્યા છે. રાજકોટ અને અમદાવાદમાં સ્ટ્રીંગ ઑપરેશન કરી, કારણ કે, ઘણા લોકોની એ માગણી હતી કે એમને રેડ હેન્ડેડ પકડી બતાવો એટલે સ્ટ્રીંગ ઑપરેશન બે કર્યા અને હજુ જ્યાં જ્યાં માહિતી મળશે ત્યાં ત્યાં અમે સ્ટ્રીંગ ઑપરેશન કરવા તૈયારી છીએ. ૧૫ જેટલા કેસો આપણે હાઈ-કોર્ટમાં મોકલ્યા છે અને એ પહેલીવાર, સમગ્ર દેશમાં દાખલો બેસાડવા માટે M.T.P.Actમાં ગર્ભપાત કરવા માટે જે દવાઓ વપરાય છે આ દવાઓ પણ ગેરકાયદેસર રીતે જેમણે વાપરી છે એની સામે પણ અમે પગલા ભર્યા છે. સામાન્ય રીતે M.T.P.Act નો ભંગ ચોક્કસપણે એને ગર્ભપાત કરતા પહેલાં એની કાયદાની જોગવાઈઓ છે એ જોગવાઈઓ પ્રમાણે એને ગર્ભપાત કરવાના જે સંજોગો પેદા થાય એ સંજોગો કુંવારી માતાના થતા હોય તો એ થાય એટલે Actમાં એની જોગવાઈ છે પણ એ Act નીચે, એ Act ને બાજુએ રાખીને પણ જેમ પેલી અજન્મા દીકરીએ એના પત્રમાં લખ્યું કે માં, માં, માં મને મારી નાખવા માટે તું દવા ખાય છે એ મને પીડા કરે છે, માં તું મને સોનોગ્રાફી મશીનમાં બતાવી આવી અને હું દીકરી જન્મવાની છું

એટલે ચોથા કે પાંચમા મહિને તું નક્કી કરે છે, અને ગઈ વખતે જે વેદનાપૂર્વક જે લખાયો એ પત્ર આનંદીબહેને કહ્યો, એ વેદના સમગ્ર રાજયની વેદના બની, સમગ્ર રાજયની પ્રત્યેક માતાની એ વેદના બની, સમગ્ર રાજયના સૌ સભ્યોની આ વેદના બની, જાહેર જીવનની આ વેદના બની અને એ વેદના હવે  આંદોલન બની રહી છે, જ્યારે એ વેદના આંદોલન બની રહ્યું છે ત્યારે ગુજરાતમાં જે આ વેદનાઓને ન સમજાનારા રાક્ષસી કુળના હોય તો દાનવી હોય અને માત્ર પૈસા ખાતર કેટલાક નાણા મેળવવા માટે સોનોગ્રાફી મશીનોનો ઉપયોગ કરીને જો ગર્ભનું પરીક્ષણ કરતા હોય તો આ રાજયની સરકાર આ સભાગૃહના સૌ સભ્યોનું આટલું સમર્થન છે ત્યારે અને એ પહેલાં પણ જે પગલા લેવાયા છે એ પગલા પણ એની અસર છે અને એને કારણે એવી પરિસ્થિતિ રાજયમાં પેદા થઈ છે અને હું સભાગૃહના સૌ સભ્યોને વિનંતી કરું છું કે, હવે પછીના પગલા અમે એ પ્રકારના લેવા માગીએ છીએ કે સૅક્સ રેશિયાનો ડિફરન્સ કયાં કયાં છે, કયા ગામમાં છે, કયા તાલુકામાં છે એનું દર મહિને અમે મોનીટરીંગ કરવાના છીએ અને મોનીટરીંગ કરીને ખબર પડશે. કારણ કે, આપણે એક હજાર સુધી પહોંચવું છે તો ગયા વખતમાં શાના કારણે થયું છે એટલે એક મોનીટરીંગ અમારું વધારે સરસ બનાવવા માગીએ છીએ, આ ગૃહના સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, ક્યાંય આવી પ્રવૃત્તિ કરનારો કોઈ ડાંકટર હોય, કયાંય આવી પ્રવૃત્તિ કરનાર કોઈ મા, કોઈ સાસુની વહુ ઉપર સખ્તાઈ કરતી હોય તો ગઈ વખતે રાજયના મુખ્ય મંત્રીશ્રીએ એક સભામાં અને દરેક સભામાં એમણે કહ્યું છે કે, મને એક માત્ર પોસ્ટ કાર્ડ લખજો, માનનીય અધ્યક્ષશ્રી, રાજયની સરકારને એક પોસ્ટ કાર્ડ મળશે કે અહીંયા આ પ્રકારના ગેરકાયદેસર ગર્ભપાત થાય છે અને દીકરીને જન્મતી અટકાવે છે તો રાજયની સરકાર એવા તબીબો સામે, એવા તજજ્ઞોની સામે પગલા લેતાં જરાય અચકાશે નહીં કારણ કે, એ જન્મતી દીકરીને મારી નાખવી એ ખૂનના ગુના જેવું છે એનાથી વધારે કોઈ પાપ નથી અને એ પાપ ગુજરાતમાં થવા દેવું નથી અને એટલા માટે આ સભાગૃહમાં મેં આપની સમક્ષ જે સમર્થન મળ્યું છે મને, માનનીય સભ્યશ્રી ગણપતભાઈ અહીંયા પ્રસ્તાવ લાવ્યા એને સમર્થન અર્જુનભાઈનું મળ્યું, ગોરધનભાઈનું મળ્યું, ચંદ્રિકાબેનનું મળ્યું, માયાબેનનું મળ્યું અને અનેક સભ્યો એવા હતા કે જો આ સભાગૃહમાં એની ચર્ચા થાય તો એ વધારે એ ચર્ચાને આગળ લઈ જવાય, મારી સૌને વિનંતી છે કે, જે રીતે અત્યાર સુધી હું કહી શકું એમ છું કે, આ રાજયમાં કેટલા આપણા સભ્યશ્રીઓ એ પોતાના વિસ્તારમાં જન-જાગરણ કર્યુ છે. બેટી બચાવો આંદોલન, માતૃ વંદના કાર્યક્રમ, માતૃ વંદના કાર્યક્રમમાં ઘેર ઘેર જઈને જનજાગૃતિ લાવ્યા છીએ. એ સૌ કાર્યક્રમ કરનારને આ સભાગૃહ વતી હું ધન્યવાદ આપું છું. જે સમાજે સમૂહ લગ્નમાં પ્રતિજ્ઞા લેવડાવી છે, જે સમાજે જનજાગૃતિ કાર્યક્રમ કર્યા છે એ સૌ સમાજને હું આ કહું છું. જે ગાયનેકોલોજીસ્ટના એસોસિએશને પ્રતિજ્ઞા કાર્યક્રમ કર્યો છે, જે રેડીયોલોજીસ્ટ, ગાયનેકોલોજીસ્ટના સંગઠનોને પણ હું ધન્યવાદ આપું છું. કારણકે એમનો પણ સહયોગ જરૂરી છે. પરંતુ આ બધા પછી પણ કોઈ અનિષ્ટ તત્વો જો આ પ્રવૃત્તિ તરફ જતા હશે તો એની સામે કડકાઈથી પગલાં લેતાં આ સભાગૃહ ખચકાશે નહીં એની હું ખાતરી આપું છું અને ફરીથી વિનંતી કરું છું કે માત્ર સરકારના કડક પગલાં પી.એન.ડી.ટી. એકટ કે એમ.ટી.પી. એકટ નીચે લેવાયેલા પગલાંથી સમર્થન પ્રાપ્ત થશે નહીં. જે જન આંદોલનની શરૂઆત રાજયના મુખ્યમંત્રીશ્રીએ કરી છે અને આ જન આંદોલનને આ સભાગૃહના વિરોધ પક્ષના નેતા સહિત સૌ સભ્યોનું સમર્થન પ્રાપ્ત થયું છે એ સમર્થન પ્રાપ્ત થયા પછી આ સભાગૃહ માત્ર સંકલ્પ પાસ કરતું નથી પરંતુ પેલી અજન્મા દીકરીને ફરીથી એક વાર કહે છે કે દીકરી હવે તું ગુજરાતની ધરતી પર જન્મી શકીશ. દીકરી હવે તને જન્મતાં કોઈ અટકાવી શકશે નહીં. દીકરી તું જન્મજે. હવે ગુજરાતમાં તારી હત્યા કોઈ નહીં કરે. હું સૌને વિનંતી કરું છું અને ગણપતભાઈને કહું છું કે આ સંકલ્પ સર્વાનુમતે પસાર કરીએ અને ગુજરાત વિધાનસભાના ગુરુવારનું ગૌરવ વધારીએ કે ગુરુવારે ઘણા વર્ષો પછી સર્વાનુમતે એક સંકલ્પ પસાર થઈ રહ્યો છે અને હું એમને વિનંતી કરું છું કે નવરાત્રીના દિવસોમાં દીકરીને બચાવો.

**સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

## સૌરાષ્ટ્રની જનતાની પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવા અંગે

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે- "સૌરાષ્ટ્રના મોટા અને નાના શહેરો અને જિલ્લાઓમાં પીવાના પાણીની સમસ્યા વધુને વધુ ગંભીર બનતી જાય છે. સારો વરસાદ હોવા છતાં આજે પણ આવા શહેરો અને જિલ્લાઓમાં નિયમિત રીતે પીવાનું પાણી આપવામાં આવતું નથી. રાજ્ય સરકાર એક બાજુ ચેકડેમો અને તળાવો બાંધે છે. પરંતુ તેના પાણીનો ઉપયોગ ખેતીને પણ સમયસર મળતો નથી. નર્મદા યોજનાના પાણી, પાઈપ લાઈન દ્વારા કેટલાય શહેરોમાં અપાય છે છતાં ત્યાં પણ પાણી એકાંતરે અપાય છે. આમ લોકોને પાણી નિયમિત, સમયસર અને દરરોજ મળી રહે તેવી વ્યવસ્થા થઈ નથી તો સૌરાષ્ટ્રના નાના-મોટા બંધોમાં નર્મદાના પાણી અવારનવાર નાંખી ત્યાંની જનતાની પાણીની મુશ્કેલી કાયમી ધોરણે દૂર કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે."

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ ઉપરનો મારો સુધારો નીચે મુજબ રજૂ કરું છું.

સંકલ્પની ચોથી લીટીમાં " પાણી આપવામાં આવતું નથી" એ શબ્દો પછી નીચેની લીટી મૂકવી.
"ડેમો અને તળાવોમાં કાંપનો ભરાવો થતાં તેમની પાણીની સંગ્રહશકિત ઘટી છે."

ત્યારપછી મારો બીજો સુધારો રજૂ કરું છું.

સંકલ્પની પાંચમી લીટીમાં " સમયસર મળતો નથી" એ શબ્દો પછી નીચેની લીટીઓ મૂકવી.
"અને સૌરાષ્ટ્રની પીવાના પાણીની હયાત જૂથ યોજનાઓની પાઈપ લાઈનો વારંવાર તૂટી જવાથી તેમજ સમયસર રિપેર ન થવાથી ગ્રામ્ય વિસ્તારોમાં પીવાનું પાણી સમયસર મળતું નથી".

**સુધારા રજૂ કરવામાં આવ્યા.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ ઉપરનો મારો સુધારો નીચે મુજબ રજૂ કરું છું.

સંકલ્પની સાતમી લીટીમાં " એકાંતરે અપાય છે". એ શબ્દો પછી નીચેની લીટી મૂકવી.
"વળી નગરપાલિકાઓ અને કોર્પોરેશનોની આર્થિક સ્થિતિ નબળી હોવાથી નર્મદાના પાણીની રકમ ચૂકવી શકવામાં મુશ્કેલીઓ પડતી હોય છે ".

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : હવે સંકલ્પ અને સુધારા બંને ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર વિસ્તારની અંદર લગભગ કાયમ વરસાદની અનિયમિતતાના કારણે ઘણાં શહેરો અને ગામડાની અંદર આજ સુધી ચોખ્ખું પાણી અને પૂરતું પાણી પીવાલાયક મળતું નથી. ઘણાં સૌરાષ્ટ્રનાં એવાં ગામડાં છે. જ્યાં પીવાના પાણીનો સોર્સ નથી હોતો, અથવા હોય તો પાણીના તળ ઊંડા જવાના કારણે બોરમાથી પાણી ખેંચવામાં આવે છે અને એ પાણી ક્ષારવાળું હોય છે, પીવાલાયક હોતું નથી. એના કારણે ઘણા બધા શારીરિક રોગો પણ થાય છે. ખાસ કરીને જે વિસ્તારોની અંદર તળાવો અથવા ચેકડેમોમાં જ્યાં પાણીની સંગ્રહશક્તિ ઓછી થઈ ગઈ છે, અથવા પાણીની સંગ્રહ શક્તિ નથી એવા વિસ્તારોની અંદર વરસાદ ખૂબ સારો થાય એવા સમયે પણ ત્યાં પાણીના સોર્સ થોડા સમય પછી સુકાઈ જાય છે, જેના લીધે ત્યાં રહેતા લોકો અને એની સાથે પશુઓ એમને પણ પૂરતું પાણી પીવા માટેનું મળતું નથી. ઘણી જગ્યાએ ગામને કે શહેરને પીવાના પાણી માટેની સેપરેટ યોજના હોય અથવા આજુબાજુમાં જૂથ યોજના હોય, સેપરેટ યોજના હોય એની અંદર ગામડાની અંદર ઘણી વખત પાણીના સોર્સ હોય, પણ એ ગામની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે વીજળી બિલ નહિ ભરી શકવાના કારણે એ ગામને પાણી સમયસર અને પૂરતું મળતું નથી, કાં તો ગામની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે સમયસર પંપ, મોટર વગેરે રિપેર કરાવી શકતા નથી અને જેના કારણે પણ પીવાનું પાણી એ ગામને મળતું નથી. ઘણાં શહેરોના આજુબાજુના વિસ્તારોની અંદર જ્યાં કુદરતી આધારિત પીવાના પાણીનો સંગ્રહ થયેલ હોય છે, તે સોર્સ ઊંડો જવાને કારણે, પૂરતું પાણી શહેરોને કે

આજુબાજુના વિસ્તારોનાં ગામોને મળતું નથી. ઘણી વખત વરસાદ સૌરાષ્ટ્રમાં અનિયમિત હોય છે, ક્યારેક વરસાદ સારો થયો હોય એવા સમયે મોટા ચેકડેમો, બંધો છે ત્યાં આગળ પાણી પૂરતું ભરાય છે. બંધ વર્ષો પહેલાં બાંધવામાં આવેલ છે અને એમાં પાણીનો પૂરતો સંગ્રહ કરતા નહિ હોવાના કારણે લાંબા સમય સુધી પાણી સોર્સના ભાગરૂપે લેવું જોઈએ, તે સૌરાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં મળતું નથી. સાથે સાથે સિંચાઈ માટે ડેમ બનાવવામાં આવ્યા હતા, જેના કારણે સિંચાઈમાં પાણી આપવામાં આવે અને એક બાજુ ખેડૂતોની માંગ હોય, સિંચાઈમાં પાણી આપવામાં આવે તો એક બાજુ પીવાના પાણી માટેના સોર્સ ઘટ્યા છે અને ઉનાળાની અંદર ઘટ્યા છે. જે નવા ચેકડેમો બને છે, બંધો બને છે. પીવાના પાણીના સંગ્રહ માટે અલગ રીતે ચેકડેમ બને અને ખેતીની સિંચાઈ માટે પણ અલગથી બને તો આ સમસ્યા હળવી થઈ શકે. ઘણી વખત જે તળાવો છે, એની અંદર પાણીની સંગ્રહશક્તિ હોય અને પીવાના પાણી માટે શહેર પાણી લઈ જતું હોય અને શહેરી વિસ્તારના આજુબાજુના ખેડૂતો, ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો સિંચાઈ માટે અને પીવાનું પાણી લેવાના છે, તે બંને વચ્ચે પીવાના પાણી અને સિંચાઈના પાણી માટે સામસામે આવી જવાના કારણે ઘણી વખત ઝઘડા થવાના બનાવો સૌરાષ્ટ્રમાં બન્યા છે. મંત્રીશ્રીને વિનંતી છે કે સૌરાષ્ટ્રના એવા વિસ્તારોમાં બંને યોજનાના ચેકડેમો, નર્મદાની પાઈપ આવે વાત જુદી છે. એ પહેલા ચેકડેમ મોટામાં મોટા બને. તળાવો બન્યા છે અને બનાવવાના છે, તે બંને અલગથી પીવાના પાણી માટે અને સિંચાઈ માટે અલગથી બને એવી મારી મંત્રીશ્રીને આ તકે વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને સૌરાષ્ટ્રના થોડાક વિસ્તારની અંદર છેલ્લા વર્ષો દરમ્યાન નર્મદાના પીવાના પાણીની પાઈપ લાઈનો નાંખીને ઘણા ગામડાંઓને પીવાના પાણી આપવાની શરૂઆત થઈ છે. હું માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું કે મારા મત વિસ્તારના ૧૦૨ ગામડાંઓને તેમાં આવરી લીધા છે. એટલે મારે તેમનો ખાસ આભાર માનવો જોઈએ. સૌરાષ્ટ્રની આ યોજના જ્યારે બની ત્યારે સૌરાષ્ટ્રના ત્રણ જિલ્લાઓનો તેમાં સમાવેશ થયો હતો. ભાવનગર, અમરેલી અને રાજકોટનો તેમાં જે તે વખતે કમાન્ડ એરિયા તરીકે સમાવેશ થયેલો હતો. તેમાં ધીમે ધીમે બીજા ગામડાંઓ અને શહેરો ઉમેરાતાં ગયા જેના લીધે આજે પાણીની પરિસ્થિતિ વિકટ બનતી જાય છે. એટલા માટે પહેલાં જે ગામડાંઓ અને શહેરોનો સમાવેશ થયો હતો તેના કરતાં બમણા ગામડા અને શહેરોનો તેમાં ઉમેરો થયો છે. બે ભાગનો ઉમેરો થયો છે. તેમાં છેક જુનાગઢથી માંડી પોરબંદર સુધીના ગામડાંઓને આ પાઈપ લાઈન મારફતે પીવાનું પાણી અપાય છે. આ યોજનામાં તેનો સમાવેશ થયો છે. પીવાના પાણી માટે મારો વાંધો ન હોઈ શકે પણ. બીજા જિલ્લા કે બીજા ગામડાંઓને પીવાનું પાણી મળે તેમાં અમે ખુશી છીએ તેમાં અમારો કોઈ વિરોધ ન હોઈ શકે. પાઈપ લાઈન નાંખવામાં આવી હતી તે વખતે જે વિસ્તારનો જેટલો કવરેજ ગણી તેટલા ડાયામીટરની પાઈપ લાઈન નાંખવામાં આવી હતી. આજે તેના કરતાં બમણા ગામડાંઓ અને શહેરોનો સમાવેશ થયો છે ત્યારે તેને સમાંતર બીજી પાઈપ લાઈન નંખાય અથવા વધારે મોટા ડાયામીટરની પાઈપ લાઈન નંખાય અને તેમાં સૌરાષ્ટ્રના બીજા ગામડાંઓ અને શહેરોનો સમાવેશ થાય કે જેને લીધે સૌરાષ્ટ્રના ગામડાંઓની અંદર આવતા દિવસોમાં પીવાના પાણીના યુદ્ધ જેવી સ્થિતિ ઉભી થવાની છે તેવું ન થાય. ત્યાં શુદ્ધ, ચોખ્ખું, પીવા લાયક પૂરતું પાણી મળી રહે તે માટે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે. ખાસ કરીને છેલ્લા દિવસોમાં વધારે ગામડાંઓ અને શહેરોનો સમાવેશ કરવાને કારણે વારંવાર તેમાં ખામીઓ ઉભી થાય છે. કાં તો હલકી ગુણવત્તાવાળી નબળી પાઈપ લાઈનો નાંખવાને કારણે અથવા તો જેટલી ઉંડાઈમાં પાઈપ લાઈન નાંખવી જોઈએ તેના કરતાં ઓછી ઉંડાઈએ પાઈપ લાઈન નાંખવાને કારણે વારંવાર તે પાઈપ લાઈન તૂટી જાય છે. તેની સાથે સાથે છેલ્લા વર્ષોથી જે મશીનરી માટેના કોન્ટ્રાકટ અપાય છે, જ્યાં પમ્પીંગ સ્ટેશનો છે તેને ચલાવવાના જે કોન્ટ્રાકટ અપાય છે અને સાથે સાથે પાણીની વિતરણ વ્યવસ્થાના જે કોન્ટ્રાકટ અપાય છે તે તેવા લોકોના હાથમાં આવી જાય છે, અને તેઓ ખૂબ નીચા ભાવ ભરે છે તેના કારણે કાં તો સમયસર રીપેરીંગની કામગીરી થતી નથી કાં તો સમયસર વિતરણ વ્યવસ્થા થવી જોઈએ તે વિતરણ વ્યવસ્થામાં છેવાડાના ગામડા સુધી ખામીઓ ઉભી થાય છે, જ્યારે પાઈપ લાઈન તૂટે છે ત્યારે તેની પાસે પૂરતો માલસામાન નહીં હોવાના કારણે અથવા તો માલસામાન હોય તો તેની પાસે માણસો ન હોય અને માણસો હોય તો તેને પોષાતું ન હોય તેના કારણે પાઈપ લાઈન સમયસર રિપેર થતી નથી. જેથી પીવાનું પાણી જે નિયમિત મળવુ જોઈએ તે મળતું નથી. સામાન્ય રીતે રાજ્ય સરકારની નીતિ પ્રમાણે એક વ્યકિતદીઠ ૪૦ લિટર પીવાનું પાણી મળવું જોઈએ. સાથે સાથે ભલે ૧૪ રૂપિયા લેખે પાણી વેરો વસૂલ કરવામાં આવે તેમાં કોઈ વાંધો ન હોઈ શકે. પણ ખાસ કરીને ઉનાળાના દિવસોમાં ૪૦ લિટર નહીં પણ ૧૦ લિટર એકાંતરા વ્યકિતદીઠ પીવાનું પાણી ગામડાંઓમાં અને શહેરોમાં મળતું નથી, હું અગાઉ બોલી ગયો તે આ પાઈપ લાઈનમાં જે કમાન્ડ એરિયાનો સમાવેશ કર્યો હતા તેના કરતાં વધારે શહેરો અને ગામડાંઓનો તેમાં સમાવેશ થયો છે એટલા માટે એકાંતરા પાણી ઘણી વખત ગામડાંઓ અને શહેરોમાં આપી શકાતું નથી. ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે તેને પૅરેલલ પાઈપ લાઈન નંખાય અથવા તો અલગથી પાઈપ લાઈન નંખાય અને બાકીના જે ગામડાંઓ અને શહેરો રહ્યા છે તેનો આ યોજનાની અંદર સમાવેશ કરવામાં આવે અને પીવા માટે પૂરતું શુદ્ધ, ચોખ્ખુ અને સ્વચ્છ પાણી મળી રહે તે માટે આયોજન કરવું જોઈએ. મારે એક વધુ ધ્યાન દોરવું છે કે કેન્દ્ર સરકારની સ્વજલ ધારા યોજના અને આ યોજના અંતર્ગત ગામડાની સ્થાનિક કમિટી બને અને કમિટી દ્વારા ગામની આંતરિક વિતરણ વ્યવસ્થા ઉભી કરવાની થાય છે. આ યોજનામાં છેલ્લા વર્ષોમાં ધીમી

ગતિએ કામ થાય છે. મેં આ બાબતમાં વિભાગને અને પાણી પુરવઠા બોર્ડને કાગળ લખ્યા છે. સ્વજલ ધારા યોજના મારફતે જે આંતરિક વિતરણ વ્યવસ્થા છે તે આંતરિક વિતરણ વ્યવસ્થા ગોઠવવા માટે ૯૦:૧૦ની યોજના પ્રમાણે સમિતિઓ બને અને સમયસર વાસ્મોની મંજૂરી મળે, સમયસર કામગીરી થાય તે માટે આ બાબત માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું હવે એક મિનિટ લઈ મારી વાત પૂરી કરીશ. સૌરાષ્ટ્રના નાના મોટા શહેરો અને ગામડાંઓમાં પીવાનું પાણી જ્યાંથી અપાય છે તેના જે સોર્સ છે તેવા નાના મોટા બંધ, તળાવો કે નાના મોટા ચેકડેમો છે તેમાં સૌરાષ્ટ્રની અંદર અનિયમિત વરસાદને કારણે પાણી ભરાતું નથી અને તે સોર્સમાંથી પાણી મળતું નથી. તેના લીધે પીવાનું પાણી મળતું નથી. તો મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે સૌરાષ્ટ્રના જે તે વિસ્તારની અંદર આવા મોટા બંધો છે, ચેકડેમ છે તે બંધો અને ચેકડેમ છે તેને એ બંધો અને ચેકડેમો છે એને આજે સૌરાષ્ટ્રમાં મહી આધારિત યોજના છે એની સાથે સાંકળી લઈ નાના મોટા બંધો છે, ચેકડેમો છે એ પાણીથી ભરાય અને એના મારફતે જે જૂથ યોજનાઓ પીવાના પાણી માટેની છે અથવા તો અલગ યોજનાઓ , સેપરેટ યોજનાઓ હોય એ મારફતે ચોખ્ખું પાણી, શુદ્ધ પાણી મળી રહે એવી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, જેનર્મદાની પાઈપ લાઈન મારફતે ભરી, સૌરાષ્ટ્રના જે બધા ડૅમો છે જે વરસાદના અભાવે આજે ખાલી પડ્યા છે એ ડૅમોમાં પણ નર્મદાની પાઈપલાઈન દ્વારા પાણી નંખાય તેવી આ તબક્કે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળીયા જે સંકલ્પ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો સૌરાષ્ટ્રમાં જે પીવાના પાણીની મુશ્કેલી દિવસેને દિવસે અત્યારે વધતી જાય છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીનું હું ધ્યાન દોરવા માગું છું કે, નર્મદાનું પાણી આપવા માટેનું, જે શહેરો અને ગામડાઓનો આપણે સમાવેશ કર્યો છે એમાં સૌરાષ્ટ્રના રાજુલા સુધી પાઈપલાઈનથી પાણી પહોંચાડ્યું છે અને રાજુલાથી ઉના, અને ઉનાથી સોમનાથ - વેળાવર સુધી જે પાઈપલાઈન દ્વારા પાણી પહોંચાડવાનું છે એ કામોના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે, પણ પૂરતી નાણાકીય જોગવાઈ ન કરવાના કારણે આ કામો હાથ ધરાયેલ નથી એટલે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે, આ માટે નાણાકીય પૂરતી જોગવાઈ કરી અને રાજુલાથી ઉના અને ઉનાથી એક ફાંટો ખાંભા જાય છે અને બીજો ઉના અને ઉનાથી વેરાવળ, કોડીનાર અને વેરાવળ સુધી લંબાવવાનું આ કામ વહેલામાં વહેલીતકે થાય એ માટે હું માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

મારા ઉનાની અંદર રાજુલા જૂથ યોજના અને મસુદ્રી જુથ યોજના એ બે યોજનાઓ ચાલે છે અને દરિયાઈ પટ્ટી ઉપરના ગામોમાં જે પાણી સપ્લાય કરવામાં આવે છે એ રાવલ જુથ યોજનામાંથી કરવામાં આવે છે, આ રાવલ જૂથ યોજના જ્યારે અસ્તિત્વમાં આવી, એનું અમલીકરણ કરવામાં આવ્યું ત્યારે જે પાઈપલાઈન નાખવામાં આવી હતી એ પાઈપલાઈન સંપૂર્ણપણે તૂટી ગઈ છે અને છેલ્લા બે વર્ષથી આ પાઈપલાઈન સમયસર રિપેર નથી થતી અને એના કારણે ચાર ચાર, પાંચ પાંચ દિવસ સુધી પીવાનું પાણી મળતું નથી, મારા પોતાના ગામનો પણ આ જૂથ યોજનામાં સમાવેશ થયેલો છે, જ્યારે પણ પાણી આવે ત્યારે ગામના લોકોને પીવાનું પાણી મળે છે. ચાર પાંચ દિવસે મારા પોતાના ગામે પણ પાણી આવે છે એટલે માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, ટેન્ડર બહાર પડી ગયા છે, પાઈપલાઈન મંજૂર કરી છે, એજન્સી ફીકસ થઈ છે પણ સમયસર તાત્કાલિક અસરથી યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવે અને આ પાઈપલાઈન રિપેર કરી અને અને આ પાઈપલાઈન નવી નાખવામાં આવે તો જ આ જૂન યોજનાની અંદર જે ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે એ ગામોની અંદર નિયમિત રીતે પાણી આપવામાં આવે, જ્યારે એજન્સી ફીક્સ થઈ છે તો વહેલામાં વહેલીતકે કામગીરી કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જૂથ યોજના નીચે સૈયદ રાજપરા, ખજૂદ્રા, વાંસોજ, પાલડી, ઓલવાણ, ભાંગરણ, કોબ, ચીખલી, નવાબંદર, કાળાપણ, નાંદણ, સૈજલીયા, ખડા, દાંડી આ ગામો દરિયાઈ પટ્ટી પર આવેલા છે. ત્યાં સંપૂર્ણપણે ખારુ પાણી છે અને ત્યાં પીવાના પાણી માટેનો કોઈ સોર્સ નથી અને નિયમિત પાણી મળતું નથી એમાં સૈયદ રાજપરા, કોબ અને ચીખલીની અંદર તો આ જૂથ યોજના અસ્તિત્વમાં આવી ત્યારથી આજની તારીખે પણ, અને સૈયદરામપરા એ તો બંદર છે ૧૫ હજાર લોકોની વસતિને આઠ મહિના રોજગારી આપતું બંદર છે, મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલું છે અને પીવાના પાણી માટે આજે એક હેલ, કે જેને ગામડાની અંદર હાંડા અને ગાગરને એક હેલ કહેવાય એના અઢી થી પાંચ રૂપિયા લેખે પાણી વેચાતું લઈને એ પંદર હજારની વસતિ એનો ઉપયોગ કરે છે. ત્યારે નિયમિત પાણી આ યોજનામાંથી મળે એના માટેનું પ્લાનિંગ દ્વારા આયોજન કરી અને આવતા ચોમાસા પહેલાં આ ગામોને નિયમિત પાણી મળે એના માટેની વ્યવસ્થા કરવામાં આવે એવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ચેકડેમો કર્યા, ૬૦:૪૦ અને ૮૦:૨૦ના ધોરણે ચેકડેમો કર્યા. ચોમાસાના પાણીનો ટીપેટીપા પાણીનો સંગ્રહ થાય અને સંગ્રહ કરેલા પાણીથી પાણીના લેવલ ઊંચા આવે એના માટે રાજય સરકાર ખર્ચ કરે છે અને ભૂતકાળમાં પણ લાખો રૂપિયાનો ખર્ચ આપણે ડૅમો બનાવવા પાછળ કર્યો છે અને ચેકડેમો બનાવવા પાછળ પણ ભૂતકાળમાં લાખો રૂપિયાનો ખર્ચ કર્યો છે ત્યારે આ ચેકડેમો અને તળાવોમાં જે કાંપ ભરાયેલો છે એ કાંપ અંગે ભૂતકાળમાં, ગઈ વિધાનસભામાં પણ માનનીય મંત્રીશ્રીએ અહીંયા વાત કરી હતી કે આવાં જે તળાવો હશે અને આવા જે ડૅમો હશે અને એમાં કાંપ ભરાયો હશે તો એ કાંપ પણ કાઢવામાં આવે અને ખેડૂતોને લઈ જવો હશે તો ખેડૂતો લઈ જશે પણ મારી માહિતી મુજબ આવા કોઈ ડૅમોમાં એવા કોઈ ડેમ કે કોઈ તળાવમાંથી રાજય સરકાર દ્વારા કે માનનીય મંત્રીશ્રીના પાણી પુરવઠા વિભાગ કે જળ સંપત્તિ વિભાગ દ્વારા કોઈ કાંપ કાઢવામાં આવ્યો નથી આ અતિ જરૂરી છે. અત્યારે કાંપને કારણે ચેક ડેમોનું લેવલ પાળાની સપાટીની હારો હાર થઈ ગયું છે અને અન્ય ડેમોની પરિસ્થિતિ પણ એવી થઈ છે ત્યારે કાંપ કાઢવામાં આવે તો પાણીનો સંગ્રહ વધારે થઈ શકે અને જેની પાછળ અગાઉ ખર્ચ કરી ચૂકયા છીએ એટલે વધારાનો ખર્ચ કરવાની જરૂર નથી એટલે જે ડેમો છે અને જેમાં કાંપ ભરાયો છે એને માટે પૂરતી નાણાકીય જોગવાઈ કરીને વહેલામાં વહેલીતકે આવતા ચોમાસા પહેલા કાંપ દૂર કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવે તો આવતા ચોમાસાનું પાણી વરસે એનો વધારે સારી રીતે સંગ્રહ કરી શકાય અને એનો આપણને ફાયદો થાય.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યાર પછી ટેન્કરો બંધ કર્યા છે એવું માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે ત્યારે મારે કહેવું છે કે, પીવાના પાણીના એક તારાંકિત પ્રશ્નના જવાબમાં કહેવામાં આવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં ૧૪ કરોડ રૂપિયા જેટલો ખર્ચ પાણીના ટેન્કર પાછળ કર્યો છે ત્યારે પીવાના પાણીની મુશ્કેલી છે અને કટોકટી છે એ નિવારવામાં આવે અને શુદ્ધ અને પૂરતું પાણી સૌરાષ્ટ્રના લોકોને મળી રહે એના માટે જે વાત મેં મૂકી છે એ વાતને ગંભીરતાથી લઈ આવતા ચોમાસા પહેલા વ્યવસ્થા કરવામાં આવે એવો આપના મારફત માનનીય મંત્રીશ્રીને હું અનુરોધ કરું છું.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે અને એમાં માનનીય પુંજાભાઈએ સુધારા મૂકયા છે એમાં જે વાત કરી છે એમાં મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કરોડો રૂપિયાના ખર્ચ પછી પણ આજે પીવાના પાણી માટે હજારો ગામડાં તરસ્યાં છે. ૧૮ હજાર ગામો પૈકી ૩૨૫૦ ગામો એવા છે જેમાં પાણી અપાય છે, નર્મદાનું પાણી ૮૨૧૫ ગામો અને ૧૩૫ શહેરોને પહોંચાડવાનું આયોજન હતું એની સામે ૨૦૮૦ ગામો અને ૫૫ શહેરોને પહોંચાડી શકયા છીએ. ૨૭૦૦ કિલોમીટર પાઈપ લાઈન નાંખવાના કાર્યક્રમ સામે ૧૩૦૭ કિલોમીટરની પાઈપ લાઈન નાંખી છે. આજે પીવાના પાણી માટે ભયંકર પરિસ્થિતિ પેદા થઈ છે અને એમાં દરિયા કાંઠાના ૪૦૦ ગામો છે એમાં પીવાનું પાણી બિલકુલ મળતું જ નથી. આજે આ વિસ્તારના લોકો ભાંભરૂ અને કડવું પાણી પીએ છે. નાના બાળકો પથ્થરીની બિમારીથી પીડાય છે, સૌરાષ્ટ્રમાં કિડનીની બિમારી આ કારણથી સૌથી વધારે છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે જે વિસ્તારમાં બોર કરીએ, ડંકી કરીએ તો કોઈ સોર્સ નથી અને એ વિસ્તારમાં ભૂર્ગભમાંથી પાણી નથી મળતા ત્યારે પીવાના પાણી માટે નર્મદાની પાઈપ લાઈન કે મહી-પરિએજ યોજના સિવાય બીજો કોઈ વિકલ્પ નથી ત્યારે આ વિસ્તારમાં પૂરતું ધ્યાન આપવું અતિ જરૂરી છે. માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્ય મંત્રીશ્રી ૨૦૦૩માં

મારા વિસ્તારમાં ઉદ્‌ઘાટન કરવા આવ્યા હતા ત્યારે એમણે બહુ સરસ વાત કરી હતી અને અમે એમને અભિનંદન પણ આપ્યા હતા. આજે માંગરોળ નગરપાલિકામાં ૮ દિવસે એક વખત પાણી મળે છે અને એ એટલા માટે મળે છે કે નગરપાલિકાની સ્થિતિ સારી નથી એટલે નર્મદાનું પાણી વેચાતું લઈ શકે એમ નથી. માનનીય આઈ. કે. જાડેજા સાહેબ નથી પણ મારે વારંવાર કહેવું પડે છે કે જી.ઈ.બી.નું બિલ ભરાતું નથી એટલે આ સ્થિતિની જે નગરપા:લિકાઓ છે એમાં ભયંકર પરિસ્થિતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત કરવી છે કે, માંગરોળ સુધારણા પાણી પુરવઠા યોજના મંજૂર થઈ ૭૦મી તાંત્રિક ચકાસણી સમિતિમાં ૨-૧૧-૨૦૦૪ ના રોજ એને અનુમોદન આપવામાં આવ્યું. ખબર નથી શું પરિસ્થિતિ નિર્માણ થઈ, પૈસાની તકલીફ થઈ. માનનીય વજુભાઈ વારંવાર કહે છે કે, પીવાના પાણી માટે આ સરકારને કયાંય પૈસા ઘટતા નથી ત્યારે મારે વિનંતી કરવી છે કે જે ટેન્ડરો ૨૭-૭-૨૦૦૪ની રીવ્યુ કમિટીમાં રદ કરવાનો નિર્ણય કર્યો છે એ આઘાતજનક છે. માગરોળ તાલુકાના ૪૬ ગામો એવા છે કે એમાં પીવાના પાણીનો કોઈ સોર્સ નથી. આજે ઓઝત કે મહી-પરિએજ સિવાય કોઈ જગ્યાએથી પાણી મળી શકે એમ નથી અને જે પાઈપ લાઈનથી પાણી મળે છે એ પાઈપ લાઈન તૂટી ગઈ છે, અઠવાડિયામાં એક વાર કે બે વાર આ વાત આવે છે ત્યારે આ વાતને જ્યારે સંકલ્પના સ્વરૂપમાં મૂકી છે ત્યારે અમે કહીએ છીએ કે ખરેખર આ ગામોમાં ચાર દિવસે કે આઠ દિવસે પાણી આવે છે ત્યારે મારે વિનંતી કરવી છે કે આ વિસ્તારમાં આપ આવો અને જોશો તો ત્રણ દિવસે કે ચાર દિવસે પાણી મળે છે એવી સ્થિતિ છે. ત્યારે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે, જે ટેન્ડરો રદ કર્યા છે એની તાત્કાલિક અમલ વારી કરવામાં આવે. માંગરોળના ઘેડ વિસ્તારના હમણાં ટેન્ડરો કર્યા, પાઈપ લાઈન નાંખવાનું કામ ચાલુ કર્યુ છે એ બદલ માનનીય મંત્રીશ્રીનો હું આભાર માનીશ પરંતુ આ વિસ્તારની અંદર માત્ર પાઈપ લાઈન નાંખવાની જે વાત કરી છે પણ પાઈપ લાઈનને કારણે આ વિસ્તારની જે ભૌગોલિક પરિસ્થિતિ છે એમાં જે વાત કરવામાં આવી છે એની વિતરણ વ્યવસ્થા ઊભી કરવી પડે. આ ગામો ઘેડના છે અત્યંત પછાત છે અને આર્થિક રીતે બહુ નબળા છે. લોકફાળો આપી શકે તેવી સ્થિતિ નથી. ત્યારે સ્વ જળ ધારા હેઠળ પણ આ કાર્યક્રમને. અમે ઇચ્છીએ કે અમારી ગ્રાન્ટ આપીએ પણ એ પણ આપી શકાતી નથી ત્યારે આ ગામોમાં પાઈપ લાઈનનું કામ ચાલે છે, પાઈપ લાઈન મંજૂર પણ થઈ ગઈ છે બહુ જ સારી ગતિથી પાણી પુરવઠાના સેક્રેટરી અને એમનો સ્ટાફ પણ સારું કામ કરે છે. માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપીશ કે આ ટેન્ડરો વારંવાર રદ થયાં પછી પણ એમણે મંજૂર કર્યા છે પરંતુ આ વિસ્તારની જે વિતરણ વ્યવસ્થા છે એને તાત્કાલિક ધોરણે કરવી પડશે. માંગરોળ તાલુકાની અંદર એક અમારું ખોડાકા કરીને રબારી નેસનું અને માતાજીના મઢનું મોટું ગામ છે આજે એ ગામની અંદર પંદર દિવસે પણ પાણી આવતું નથી અને મેં માનનીય મંત્રીશ્રીને અને સેક્રેટરીને પણ કાગળ લખ્યો છે કે ખોડાકાને સીધી પાઈપ લાઈનથી પાણી આપવામાં આવે અને એનો અંદાજિત ખર્ચ રૂપિયા બાવીસ લાખ જેવો થાય છે, લોંજ, રઈજ, મકતુપુર અને વલ્લભગઢને પાણીનો પુરવઠો પૂરો પાડવા માટે ચીફ એંજિનિયર ગદાણી જ્યારે આવ્યા ત્યારે તમામ આગેવાનોએ પક્ષાપક્ષથી પર થઈને કહ્યું હતું કે આ અંગે કોઈપણ હિસાબે તાત્કાલિક કાર્યવાહી કરવી જોઈએ અને એ વખતનો એનો અંદાજિત ખર્ચ ૩.૭૫ કરોડનો હતો પણ હજી સુધી યોજના થઈ નથી. અમારી દુ:ખદ ઘટના કે અમારી કમનસીબી કહીએ તો ટૅન્કરો દ્વારા પણ અમને જે પાણી મળે છે તે ખારું અને કડવું પાણી મળે છે કારણકે પાણીનો કોઈ સોર્સ જ નથી અને આજની તારીખે ટૅન્કરો ચાલુ કરવા પડે તેવી સ્થિતિ છે ત્યારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે જે વિસ્તાર માટે આજે ૨૧મી સદીની વાત અને આઝાદીના આટલા વર્ષો પછી પીવાનું પાણી પણ આપી શક્યા નથી એવા વિસ્તારમાં માનનીય નાણામંત્રીશ્રી પૈસા ફાળવે અને આ વિસ્તારની પાણી મળે તેવી વિનંતી છે.

**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ સૌરાષ્ટ્ર વિસ્તારની ચિંતા લઈને ગૃહ સમક્ષ આવ્યા છે એમાંય એમણે ખાસ કરીને પીવાના પાણીની સમસ્યાઓને તેમના સંકલ્પ મારફતે વાચા આપવા માટેના પ્રયત્નો કર્યો છે તેના સંદર્ભમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું. આ સવાલ, આ સમસ્યા સમગ્ર ગુજરાતની છે. સૌરાષ્ટ્ર એ ગુજરાતનો એક હિસ્સો છે. સૌરાષ્ટ્ર એ ઊંધી રકાબી જેવો પ્રદેશ છે જેના કારણે ત્યાં નાની અને ટૂંકી જીવી અનેક નદીઓ હોવા છતાં પણ આ નદીઓના પાણી દરિયામાં વહી જવાના કારણે જલસંગ્રહ થઈ શકતો નથી. માત્રને માત્ર પીવાના પાણી માટેની યોજનાઓ આજસુધી એકલદોકલ હતી. આમાંથી સૌરાષ્ટ્રની જનતાને બહાર લાવવા માટે આ રાજય સરકારે અભિનંદનીય પ્રયત્નો કર્યા છે. એક વસ્તુ ઉપર જ નજર કરવાથી આપણને ખ્યાલ આવશે કે ૧૯૮૦ થી લઈને ૧૯૯૫ ના બજૅટની અંદર નજર નાંખીએ તો આપણને અંદાજ આવે કે ભૂતકાળની અંદર પાણી પુરવઠા યોજનાઓની અંદર રાજય સરકાર કેટલું બજૅટ ફાળવતી હતી એવરેજ ૫૦ થી ૧૦૦ કરોડ રૂપિયા. હું અભિનંદન આપીશ આ સરકારને આ રાજયના મુખ્યમંત્રીશ્રીને કે જેમણે સત્તાના સૂત્રો સંભાળ્યા પછી સૌરાષ્ટ્રને અગ્રિમતા આપી છે. પીવાના પાણીની સમસ્યાને હલ કરવા બાબતની સમસ્યાને અગ્રિમતા આપીને આ રાજયનું બજેટ છે છેલ્લાં પાંચ વર્ષના બજેટની અંદર જોઈએ તો ૫૨૦૦ કરોડ જેવી માતબર રકમની ફાળવણી કરી છે એવરેજ એક વર્ષની અંદર એક હજાર કરોડ રૂપિયાની જોગવાઈ. આ કોઈ નાની સૂની જોગવાઈ નથી. આવડી મોટી યોજના, આવડી મોટી જોગવાઈ સૌરાષ્ટ્રના સાત જિલ્લા ૪૭૦૦ ગામ, ૭૧ શહેર કુલ વસતિ ૧૩૫ લાખ

જેટલી. અગાઉ ૯૨૭ ગામોને આવરી લેતી જૂથ પાણી પુરવઠા યોજના હતી. ૧૧૬ જૂથ પાણી પુરવઠા યોજનાઓ હતી. મોટાભાગના ગામો હેન્ડપંપ આધારિત હતા. આજથી પાંચ વર્ષ પહેલાં ગુજરાતના ગામે ગામ આ ૪૭૦૬ ગામમાંથી અઢીથી ત્રણ હજાર ગામોની અંદર ટેન્કર ચાલતા હતા. આજે આ ટેન્કરનો આંકડો ઘટીને ૩૪૫ આવી ગયો છે. આનું કારણ શું ? આનું કારણ એટલું જ છે કે આ રાજય સરકારે જળ સંચયને પ્રાથમિકતા આપી છે તેને કારણે ગામની સ્થાનિક જૂથ પાણી પુરવઠા યોજનાઓ હતી, તે સજીવન થઈ છે. તે પુનર્જીવિત બની ચૂકી છે અને ૫૨ હજાર જેટલાં ચેકડેમો બનાવ્યા છે. આ ૫૨ હજાર જેટલાં ચેક ડેમો લોકોની ભાગીદારી જોડીને સરદાર સહભાગી જળ સંચય યોજના નીચે બનાવવામાં આવ્યા છે. ૬૦/૪૦ની યોજના નીચે, ૮૦/૨૦ની યોજના નીચે જેના કારણે ગામે ગામ જમીનના તળ ઉંચા આવ્યા. કૂવાઓની અંદર ત્રણ મીટર, પાંચ મીટર, સાત મીટર સુધી કૂવાના તળ ઊંચા આવ્યા. જે યોજનાઓ મૃત:પાય બની ગઈ હતી તે યોજનાઓ સૌરાષ્ટ્રની અંદર આજે પુનર્જીવિત બની ગઈ છે. હું અભિનંદન આપીશ તેના માટે આ સરદાર સહભાગી યોજના જેવી સૌરાષ્ટ્ર માટે સમગ્ર ગુજરાત માટે એક પુણ્યશાળી યોજના લઈને આ સરકાર આવી અને જેને કારણે ખેડૂતોને પણ ફાયદો થયો. પીવાના પાણી માટે પણ ફાયદો થયો. અમારા પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ આ નર્મદા યોજનાનું પાણી જ્યારે સૌરાષ્ટ્રના ગામે ગામ પહોંચાડવાની વાત લઈને આવ્યા ત્યારે પણ નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા હતા. ૮૦૦ કિલોમીટર લાંબી પાઈપ લાઈન જે છે તે વખતના મુખ્યમંત્રી અને જે તે વખતના અમારા સામા પક્ષના લોકો એવી ટીકા કરતા હતા કે આ મારૂતિ જતી રહે છે એવી પાઈપ લાઈનની અંદર પાણી નથી આવવાનું પણ હવા આવશે હવા. આજે મને કહેતાં આનંદ થાય છે કે સૌરાષ્ટ્રના સુકા ભઠ્ઠ વિસ્તારની અંદર જ્યાં પીવાના પાણીની સમસ્યા હતી તે વિસ્તારની અંદર નેવાનાં પાણી મોભે ચડાવવાનું કામ કોઈએ પણ કર્યુ હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. ચંદ્રિકાબહેનને ખબર છે આજે માંગરોળની અંદર ૯૦ દિવસની જૂથ પાણી પુરવઠા યોજના અમલની અંદર હોય, ઈમરજન્સી પાણી પુરવઠા યોજના અમલની અંદર આવે માંગરોળ તાલુકો તે દરિયા કિનારાનો તાલુકો, માળિયા હાટીના તાલુકો તે દરિયા કિનારાનો તાલુકો ૫૪ ગામોને જોડતી યોજના ૯૦ દિવસની અંદર પૂરી કરી અને રાજયના મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઈ મોદીએ ૫-૨-૦૩ના રોજ તે યોજનાનું ખાતમુહૂર્ત કર્યુ, તેનું લોકાર્પણ કર્યુ. આ કોઈ જેવી તેવી સિદ્ધિ નથી. માણાવદર, વંથલી મારા કેશોદ તાલુકાની પણ સમસ્યા હતી. આજે કેશોદ તાલુકાના ગામોને, આજે ભેંસાણ તાલુકાના ગામોને, આજે વંથલી તાલુકાના ગામોને મહિ પરિએજ યોજનાનું પાણી મળે છે. હું વિગતોની અંદર નહીં ઉતરું પણ તે આભારી છે આ સરકારને. હું મારા મત વિસ્તારની વાત કરું તો (સમય-સૂચક ઘંટડી ) સાહેબ, બે મિનિટમાં પૂરું કરું છું. મારા મત વિસ્તારમાં કેશોદ જૂથ પાણી પુરવઠા યોજનાના માધ્યમથી તાજેતરમાં ૩૬ ગામને જોડતી ૪૫ કરોડની યોજના મંજૂર કરી અને એ કામ ટૂંક સમયમાં શરુ થવાનું છે. આવી તો અનેકવિધ યોજનાઓ છે. આજે ગામે ગામ જે પહેલા ટેન્કરો ચાલતા હતા એમાંથી ગુજરાત મૂકત બન્યુ છે. આજે ગામો હેન્ડપંપ આધારિત રહ્યાં નથી. આવા સંજોગોમાં આ દરખાસ્ત આવી છે. આપણે સૌ કોઈએ સાથે મળીને પ્રયત્નો કરવા જોઈએ. રાજય સરકારના અભિગમને બિરદાવું છું.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્ય શ્રી કુંવરજીભાઈ બાવળિયા જે સંકલ્પ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

સૌરાષ્ટ્રની અંદર જે પીવાના પાણીની સમસ્યા હતી, એ સમસ્યાને વર્ષો પહેલા જયારે જોઈ છે, જેની કલ્પના ન થાય. આજે હું એમ કહું છું કે ચાર પાંચ વર્ષ પહેલા એક જિલ્લાનું શહેર સુરેન્દ્રનગર હોય અને એ સુરેન્દ્રનગર હોય કે વઢવાણ હોય, એની જે પાણીની વેદના અમે જોઈ છે, સગાવ્હાલા એમને ફોન કરે કે આવી રીતે કેમ પાણી આવે છે? આ બધી વેદના આપણે જોઈ છે. દરેક ગામડામાં આજે પીવાના પાણી માટે સુરેન્દ્રનગર જિલ્લામાં ધ્રાંગધ્રા, હળવદ, મૂળી કે પાટડી કે લીમડી હોય. એની પીવાના પાણીની મુશ્કેલી અમે જોઈ છે. આજે જે પરિવર્તન થયુ છે. આજે આ સંકલ્પ લઈને આવ્યા છે, હું તો એમ કહું છું કે રાજય સરકારને અભિનંદન આપતો સંકલ્પ લઈને આવવાની આજે વધારે જરૂર હતી. પણ ઠીક છે, પુંજાભાઈ, કુંવરજીભાઈ બધાએ બિરદાવ્યું છે. એમણે એક સૂચન એવું કર્યુ છે કે ગામડાનું જે પાઈપલાઈનનું આયોજન હતું એના કરતાં વધારે ગામડાનો રાજય સરકારે સમાવેશ કર્યો, તો પેરેલલ પાઈપો નાંખવાનું સૂચન કર્યુ, પણ એમણે કામગીરીના વખાણ કર્યા, આપણે બધાએ સાંભળ્યા. આ એક એમાં સુધારો આવ્યો કે પાઈપલાઈન તૂટી જવાથી વારંવાર પાણીની મુશ્કેલી પડી છે. સાહેબ, મારા વિસ્તારમાં તો આજે ૪ વર્ષ થયા આ પાઈપલાઈન છે. મારા વિસ્તારના દરેક શહેરમાં અત્યારે નર્મદા આધારિત પાણી આવે છે. અને અમે એ પાણી પીએ છીએ. એક ઘટના મારા ધ્યાનમાં આવી, એવું નથી કે પાઈપલાઈન તૂટી ગઈ. એટલે પાણી આવ્યું નથી. સુધારો મૂકયો, ભલે મૂકયો. પરંતુ ખરેખર પાણી પુરવઠા બોર્ડની જે કામગીરી છે, અને રાજય સરકારે જે લક્ષ બનાવ્યુ છે. એક જ લક્ષ છે કે પીવાનું પાણી સીધું મળવું જોઈએ અને અહીં આનંદીબેન બેઠા છે, અશોકભાઈ નથી. એક આરોગ્યની મિટિંગમાં અમે બેઠા હતા. મારે સૌરાષ્ટ્રના તમામ ધારાસભ્યોનું ધ્યાન દોરવું છે કે આજથી કરીને પાંચ સાત વર્ષ પહેલા જે પાણી પીવાથી શાળા આરોગ્યની તપાસમાં જયારે ગામે ગામ ડોકટરોની ટીમ જાય છે. સાહેબ, હું એમ કહીશ કે આ ગુજરાતનો ત્રીજો ભાગ સૌરાષ્ટ્ર છે. પણ, એ ગંભીર રોગોમાં આવડા આવડા બાળકોને ગંભીર રોગોમાં ખરેખર આ સૌરાષ્ટ્રના ધારાસભ્યોનું ધ્યાન દોરવું છે કે ગંભીર રોગોમાં ૫૦ થી ૬૦ ટકા સૌરાષ્ટ્રના બાળકોને ગંભીર રોગ મને જોવા મળ્યો. આંકડાકીય

માહિતીમાં એનું જે કોઈ પરિણામ હોય અને એ ભોગવવું પડયું અમારે, એ આ પાણીના કારણે છે. આજે એમ કહીએ કે ચેક ડેમ બનાવવાથી શું ફાયદો થયો છે, એનાથી શું ફાયદો થશે. પણ, ચેકડેમ બનાવવાથી જે તળ ઉંચા આવ્યા છે, તે પાણીનો જે સુધારો આવ્યો છે. ૬૦૦ ફૂટથી જે ખેંચીએ છીએ એ પાણી પીવું હોય તો પણ પી શકાતું નથી. એ ૬૦૦ ફૂટવાળાં પાણી આજે ૪૫૦ ફૂટે આવ્યાં છે અને એ પાણીની કવોલિટી સુધરી છે. ભાઈશ્રી કુંવરજીભાઈએ કહયું કે સ્વતંત્ર યોજનાઓ ગામડાંમાં છે કે એનાં લાઈટ બિલ ભરવાના પૈસા ના હોય, એની મોટર લાવવા માટેના પૈસા ના હોય, તો મારે તેમને કહેવું છે કે તમને ખબર નથી કે આવાં વારિગૃહોના વીજળીના બિલના પૈસા આ સરકારે માફ કરેલા છે, કોઈએ એના બિલના પૈસા ભરવાના નથી. હમણાં જ તેમણે તેમના પ્રવચનમાં કહયું કે (અંતરાય) ગામડાંની હકીકતની મને ખબર છે, એ પૈસા જે બાકી હશે એ ગ્રામપંચાયતોના જયારથી સરકારે બિલ માફ કર્યા છે ત્યાર પહેલાંના બિલના પૈસા હશે જે ભરવાના હશે. આ સંકલનમાં મારો પૂછેલો પ્રશ્ન છે અને આજે ગ્રામ પંચાયતના કોઈ બિલ ભરવાના હોય તો કહે. આપ જે વાત કરો છો એ આ માફ કર્યા છે એ પહેલાંના બાકી હશે, મારી ગ્રામ પંચાયતના પણ બાકી છે (અંતરાય)

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : એનાં જોડાણ કપાઈ ગયાં છે(અંતરાય)

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, એ મારી સાથે આવે તો હું બતાવવા તૈયાર છું. સાચી હકીકત છે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : સાચી હકીકત છે, પરંતુ પાણી પુરવઠા સ્વતંત્ર યોજનાના છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : મેં જેટલા પણ પ્રશ્નો રજૂ કર્યા છે તો એ મારી સાથે આવે તો હું બતાવવા તૈયાર છું.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું હજુપણ રેકર્ડ ઉપર કહું છું કે પાણી પુરવઠા બોર્ડના ગ્રામ પંચાયતના વારિગૃહના બિલના પૈસા લેવામાં આવતા નથી. (અંતરાય)

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : હું મારાં ગામડાંમાં તેમને ઉના લઈ જઈને બતાવવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : એ રીતે લઈ જવાના ના હોય. (અંતરાય) માનનીય પૂંજાભાઈ, એમણે આપને સાંભળ્યા છે તો તમે એમને સાંભળો.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : એ મારી સાથે આવે તો હું રેકર્ડ .પર બતાવવા તૈયાર છું.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : કોઈ જ ગ્રામ પંચાયતનાં પાણી પુરવઠા યોજનામાં સ્વતંત્ર યોજનાના બિલ લેવામાં આવતાં નથી, રેકર્ડ ઉપર છે કે લેવામાં આવતાં નથી, એમને જે કહેવું તે કહે. સરકારે પરિપત્ર કર્યો છે અને માનનીય ઉર્જા મંત્રીશ્રી પણ અહીં બેઠા છે, મારા તાલુકામાં પણ એ જે બાકી હશે એ પરિપત્ર કર્યા પહેલાંના બિલ બાકી છે એ લેવામાં આવે છે. હું કાયદેસર રીતે રેકર્ડ ઉપર આ વાત કહું છું, એમને જે કહેવું હોય એ કહે, એ મારી બધી તૈયારી છે. આ જે બાકી છે એ માફ કર્યા પહેલાંના બાકી હશે (અંતરાય) સાહેબ, આજે મને મારી વાત કરવા દો અને આવજો ને બહાર આપણે રેકર્ડ જોઈ લઈશું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સ્વજલધારા યોજના એ આ દેશના વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપાઈ હતા એમણે આ યોજના મૂકી હતી એ આવકારદાયક છે અને આ રાજયમાં વાસ્મો કામ કરી રહેલ છે. તો ખરેખર જે સારું કામ કરતા હોય એને આપણે બધાએ બિરદાવવાની જવાબદારી છે. વાસ્મો હોય કે સ્વજલધારા યોજના હોય જેના નીચે કામગીરી થાય છે એ કામગીરીને આપણે બિરદાવવી જોઈએ. આ ડેમમાં પણ એમનો સુધારો છે કે આ ડેમમાં કાંપ ભરાઈ જાય છે. તો સાચી વાત છે એની સાથે હું સંમત છું. તો આ વર્ષે આપણે આ કાંપ કાઢી નાંખીશું તો આવતા વર્ષે એ ભરાઈ જશે અને આ કાંપ કાઢવામાં બીજો નવો ડેમ બનાવો એટલો ખર્ચ થાય તેમ છે, પરંતુ આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન આપું છું કે જેમણે હમણાં પરિપત્ર કર્યો છે કે તળાવમાંથી જે લોકો માટી બહાર કાઢીને લઈ જાય એની ઉપર કોઈ રોયલ્ટી લેવાશે નહીં, એ લઈ જવાની ખેડૂતોને છૂટ આપી છે, નહીંતર એમાં પણ રોકટોક હતી ને આ માનનીય મુખ્યમંત્રીશ્રીના ધ્યાનમાં આવ્યું કે

લોકોને ખોટી રીતે પરેશાન કરવામાં આવે છે અને ખોટી રીતે હેરાન કરે છે એટલે આ પરિપત્ર કર્યો છે કે ગમે ત્યારે તળાવમાંથી માટી ઉપાડીને એના ખેતરમાં નાખી શકે છે અને આ માટી પણ ખાતર જેટલો ગુણ આપે છે અને ગમે તેટલી આવી માટી ખેડૂત લઈ જાય તો એને રોકવામાં આવતો નથી અને આજે એ મુકતપણે એના ખેતરમાં આવા તળાવમાંથી આવો કાંપ ઉપાડીને નાખી રહયો છે.

**ડૉ. કનુભાઈ કળસરિયા (મહુવા)**: માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્ય શ્રી કુંવરજીભાઈ બાવળિયા જે સંકલ્પ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. પાણી એ જીવન માટે એક અત્યંત જરૂરી એવું પરિબળ છે, પ્રકૃતિના જે પાંચ અંગો છે એમાં ભૂ, જળ, અગ્નિ, વા અને વ્યોમ, એમાં બીજો નંબર પાણીનો છે, પાણી વગર મનુષ્ય કે કોઈપણ જીવનું અહીં રહેવું શક્ય નથી. આટલું મહત્ત્વનું પરિબળ પાણી છે, તેના વિષે મને એટલું સાંભરે છે કે મારી આ ધારાસભ્ય તરીકેની ૯ વર્ષની કારકીર્દિ છે એ દરમિયાન દિન-પ્રતિદિન પાણીની તકલીફ ઘટતી ગઈ છે. અને પાણીના સોર્સ વધતા ગયા છે. લોકો પાણીનું મૂલ્ય વધુ ને વધુ સમજતા થયા છે. પાણીનો વેડફાટ ઓછો થયો છે, અને તેના કરણે મેઘરાજાની પણ આપણા ઉપર મહેરબાની થઈ છે. મહુવાનો અમારો અનુભવ છે કે સાત વર્ષ પહેલા ટેન્કરો મંગાવવા પડતા હતા. હું પહેલા માળે રહું છું, અમારા બધા ડોકટરો પણ હોસ્પિટલની ઉપર પહેલા માળે રહે છે, સાત વર્ષ પહેલા ટેન્કરથી પાણી લાવવામાં આવતું એટલે અમારે એવો નિયમ કરવો પડ્યો હતો કે આપણે નીચેથી પાણીની ડોલ ભરીને ઉપર લઈ જવું જેથી કરકસર થઈ શકે. પછીના વર્ષોમાં સ્થિતિ સારી થઈ, ચેક ડેમો બનવા માંડ્યા, ત્યારબાદ થોડા વખતમાં અમારો નિકોલ બંધારા થયો, આ નિકોલ બંધારા ક્ષાર નિયંત્રણની યોજના છે. અને તેનો જબરજસ્ત ફાયદો એ કાંઠાના ગામડાંને મળ્યો છે અને એટલે દૂર દૂર સુધી મળ્યો કે દસ પંદર કિલો મીટર સુધી પણ પાણીના તળ સુધર્યા છે તેવા રિપોર્ટ અત્યારે મળી રહ્યા છે. ત્યાંના લોકો જે પાણી પીવા માટે ઉપયોગમાં લઈ શકતા નહોતા અને એ પાણી પી શકતાં નહોતા, અને હિજરત કરવી પડે, ગામો ખાલી કરવા પડે તેવી સ્થિતિ હતી તેના બદલે આજે લોકો પોતાના કૂવા, ડંકી અને બોરના પાણી પીતા થઈ ગયા છે. અને અત્યારે અમારું ગામ છે તેની વાત કરું તો ત્યાંના લોકો, રોજકી જૂથ યોજના છે તેનું પાણી એટલા માટે નથી લેતા કે માણસ દીઠ ૧૪ રૂપિયા માત્ર રેટ છે, એક કુટુંબ દીઠ ૭૦ કે ૧૦૦ રૂપિયા થાય, છતાં એ લોકો એમ કહે છે કે, અમારું પાણી નર્મદા જેવું જ પાણી છે તેથી અમે પીએ છીએ, અને સ્વૈચ્છિક રીતે આ પાણીનો સ્વીકાર કરતા નથી. અને જમીનના તળનું પાણી પીએ છે. આટલી સરસ સ્થિતિ આજે મહુવા શહેરની પણ છે. અમારે ત્યાં ૨૦૦૧ માં પાણીની એટલી ખરાબ સ્થિતિ હતી કે તે વખતે અમારા માનનીય મંત્રીશ્રી પાણી પુરવઠાએ રેલવે દ્વારા પાણી પહોંચાડ્યું હતું, અને અમે ખૂબ અભિનંદન આપ્યા હતા, કાર્યક્રમ જેવું રાખ્યું હતું અને ત્યારબાદ ટૂંક સમયમાં ૨૦૦૨ માં મહી નદીનું પાણી આવ્યું અને તેનો લોકાર્પણનો કાર્યક્રમ માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રાખવામાં આવ્યો અને ત્યાર પછી અમારી ઓરિજનલ સોર્સની જૂથ યોજના, અથવા તો ડેમ, માલણ રોજકી, એમાંથી પાણી અત્યારે અનામત રાખવામાં આવ્યું છે. ગામડાંની જૂથ યોજના માટે, મહુવા માટે નહીં, અને એ જૂથ યોજનાને પણ હવે મહીના પાણીના નેટવર્ક, જે અત્યારે અમારા બે જૂથમાં પુરું થયું છે વાંગર પુરું થયું છે અને આસરાણાનું કામ ચાલુ છે જે પુરું થવામાં છે. અને છાપરીયાળી અને બગડાણા પુરું થશે એટલે ખેડૂતોના જે આંદોલનો થતા હતા કે અમારું ખેતીવાડીનું પાણી મહુવા શહેરને પીવા માટે લઈ જવામાં આવે છે તેના બદલે એ પાણી અનામત રહેશે અને ખેતીવાડીમાં વાપરી શકાશે. અને આ જૂથ યોજનાને મહીની પાઈપલાઈન દ્વારા જોડી દેવામાં આવનાર છે. આ માર્ચ પહેલા એ કાર્ય પણ પુરું થવાનું છે. પાણી માટેની જેટલી વાતો કરીએ એટલી ઓછી છે, પરંતુ માનનીય કુંવરજીભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે અને માનનીય પુંજાભાઈ અને માનનીય ચંદ્રિકાબહેને પોતાના વિચારો રજૂ કર્યા છે, પણ હું સમજું છું કે એમનો ધર્મ છે કે કોઈ વિરોધનો મુદ્દો ઊભો કરવો, અથવા કહેવો એ એમનો ધર્મ છે. પણ એમાં વાત સાચી હોય, અને કદાચ એવો જ મુદ્દો અમારો હોય તો પણ અમારો ધર્મ છે કે અમે બોલીએ નહીં, નાનો મુદ્દો કદાચ હોઈ શકે, આટલું જબ્બર જસ્ત કામ થાય એમાં બધે જ સો ટકા સંતોષ હોય તે શકય નથી. પણ ગીતાજીના ત્રીજા અધ્યાયમાં કહ્યું છે કે "શ્રેયાન્સ્વધર્મો વિગુણ: પરધર્માત્સ્વનુષ્ઠિતાત્, સ્વધર્મે નિધનં શ્રેય: પરધર્મો ભયાવહ:, એટલે બીજાના ધર્મનું સેવન કરવા કરતાં પોતાનો ધર્મ ખરાબ હોય તો પણ સારો છે. પોતાના ધર્મનું મૃત્યું પણ શ્રેયસકર છે અને બીજાનો ધર્મ ભયે ભરેલો છે. એટલે બહુ સ્વાભાવિક છે કે એ લોકો અમારી જેમ ખુલ્લા કંઠે પ્રશંસા ન કરી શકે તેમ છતાં માનનીય કુંવરજીભાઈએ ખુલ્લા મનથી કહ્યું કે પાણી પુરવઠા મંત્રીશ્રીએ એમના ૧૦૨ ગામોમાં પાણી પહોંચાડી દીધું છે એ એમણે કદરની વાત કહી છે એ અવગણી ન શકે એટલી વાત કરીને મારુ વક્તવ્ય પુરુ કરુ છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળિયા સંકલ્પ લઈને આવ્યા છે એને હું ટેકો આપું છું. આ સન્માનનીય ગૃહના અનેક સભ્યશ્રીઓ આ કુંવરજીભાઈના સંકલ્પ ઉપર બોલ્યા છે. માનનીય સભ્યશ્રી માધુભાઈ બોરિચા કહેતા હતા કે અગાઉના પાણી પુરવઠાના બજેટો ઘણા જ નાના હતા અને અત્યારે ધન્યવાદ આપે છે. તેઓએ ૧૯૯૫-૯૬નો ઉલ્લેખ કર્યો. ૧૯૯૬-૯૭નો પણ ઉલ્લેખ કર્યો. ૧૯૯૫-૯૬ માં ભારતીય જનતા પક્ષની સરકાર હતી અને માનનીય સુરેશભાઈ મહેતા નાણા મંત્રી હતા. જ્યારે ૧૯૯૫-૯૬ માં માનનીય વજુભાઈ વાળા સાહેબ હતા. ૧૯૯૬-૯૭નું બજેટ છે તેમાં ૬૦૦ કરોડ રૂપિયાની

ફાળવણી કરવામાં આવી હતી. અને તે વખતે શંકરસિંહજી વાઘેલાની સરકારે એ ફાળવણી કરી હતી એટલે આત્મશ્લાગા કે મારી બડાઈ નહિ કરુ. પ્લાનિંગ કમિશનના વાઈસ ચેરમેન મધુ દંડવતે હતા અને તે વખતના વડાપ્રધાન દેવગોડા વખતની નવમી પંચવર્ષીય યોજનામાં જે ધોરણો નક્કી કર્યા એ ફક્ત ગુજરાતમાં જ નહિ હું અન્ય રાજયોની પણ વાત કરુ છું. નવમી પંચવર્ષીય યોજનાનું પ્લાન સાઈઝનું કદ છે એના ૫૦ ટકા રકમ સામાજિક સેવાઓ પાછળ ખર્ચવી એના કારણે આપણા બજેટમાં વધારો થયો હતો. અમે કર્યુ છે તેમ નહિ પરંતુ પ્લાનિંગ કમિશને આ પૈસા ગ્રામીણ પાણી પુરવઠા માટે આપ્યા. આ તબક્કે એક નાનકડો અનુભવ સભાગૃહ સમક્ષ રજૂ કરીશ. હું મહારાષ્ટ્રની અંદર ત્યાંના સ્પીકર સાથે પાલઘરમાં ગયો હતો. ત્યાંના શિવસેનાના મહિલા ધારાસભ્ય હતા એમને પાણી પુરવઠા માટે પૂછયું ત્યારે એ મહિલા સભ્યશ્રીએ કહ્યું કે અહીંયા કૂવા નહિ પરંતુ પાઈપ લાઈનથી પાણી આપવામાં આવે છે. ત્યારે જે મધુ દંડવતેજીનું વિઝન હતું એ પ્રસ્થાપિત થયું હતું. નવમી પંચવર્ષીય યોજનાના ત્રીજા કે ચોથા વર્ષમાં પાલઘરની અંદર પાણીની તંગી હતી અને ટેન્કરો દ્વારા પાણી આપવામાં આવતું હતું એ પછી પાઈપ લાઈન દ્વારા પાણી આપવાનું શરૂ કરવામાં આવ્યું. આપણે ત્યાં પણ પાણીનો ખર્ચ થાય છે એ જ રીતે સમગ્ર ભારતમાં જે દ્દષ્ટકોણથી લેવાયો એના કારણે આ પાણી પુરવઠા બોર્ડ અંગે અગાઉ પણ મેં કહ્યું હતું કે એના સ્વપ્ન દૃષ્ટા મકરંદભાઈ દેસાઈ હતાં એમનું એ વિઝન હતું. પહેલા આરોગ્ય વિભાગનું ખાતું હતું એના બદલે સ્વતંત્ર પાણી પુરવઠા બોર્ડની રચના કરવામાં આવી. ૧૯૮૦ના દાયકામાં આ પાણી પુરવઠા બોર્ડની રચના થઈ અને આજે એનો મોટો ફલક થયો છે. આજે ૬૦૦ કિલોમીટરની પાઈપ લાઈન કહે છે. એ કર્ટલ કરી નાખી એનો યશ કાર્યદક્ષ પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓને જાય છે. એમણે ખર્ચમાં કસર માટે થઈને કેવડિયાથી મહી સુધીની પાઈપ લાઈન કાઢી નાખી. કેવડિયાથી મહી સુધી કેનાલ દ્વારા પાણી આવે અને ત્યારપછી પાઈપ લાઈન દ્વારા જાય. એ જ રીતે ઢાંકીમાં પંમ્પીંગ સ્ટેશન થયું છે આ સૌરાષ્ટ્ર શાખાનું ૧૯૯૪માં પ્લાનિંગ થયું હતું અને પમ્પીંગ સ્ટેશનના ટેન્ડરો પણ નીકળ્યા હતા. મારે ધન્યવાદ આપવા જોઈએ માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને કે ૨૦૦૦ની સાલમાં આ પૂર્ણ કરાવ્યું અને એના લીધે માળિયા શાખા નહેર છે ત્યાંથી પછી પાઈપ લાઈન દ્વારા છેક કચ્છમાં પાણી જાય છે. કેવડિયા કોલોનીથી પાઈપ લાઈન આવે છે એ ભરમાવા જેવું છે માનનીય કુંવરજીભાઈનો હાર્દ એ છે કે પાઈપ લાઈનથી બધા જળાશયો ભરી દો અને આવતા દિવસોમાં જે એકાંતરે પાણી આપવું પડે છે. ક્યાંક ડીસ્ટર્બ થાય તો તમે રોજ પાણી આપી શકો. આ કચ્છની પાઈપ લાઈન વખતે ટપ્પર ડૅમની અંદર આ પાણી ભરીને સમગ્ર કચ્છને પાણી આપવા માટેનું આયોજન થયેલું અને એટલા માટે પાણી પુરવઠા બોર્ડે ૯ કરોડ રૂપિયા સિંચાઈ ખાતાને આપીને ટપ્પર ડૅમની ક્ષમતા અઢી ગણી કરેલી. એટલા માટે કુંવરજીભાઈના ઠરાવનું હાર્દ છે તેના માટે થઈને પાણી પુરવઠા બોર્ડના અત્યારના અધિકારીઓ એમ કહે છે કે નર્મદાની કેનાલ આવે છે. કેનાલ નહીં, પણ પાઈપ લાઈનમાંથી પાણી ભરવા માટે થઈને આ નક્કી થયું હતું અને ટપ્પર ડૅમમાં જો પાણી ભરાય તો કુંવરજીભાઈના સંકલ્પનો હાર્દ છે. કચ્છના ગામોને નિયમિત પાણી મળે, સૌરાષ્ટ્રના ગામોને પાણી આપવા માગે છે એ જ રીતે મળે એવી રીતે જે કોઈ ખામીઓ હોય એ મંત્રીશ્રી સુધારે એ મારે આ સંકલ્પમાં કહેવાનું છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પાણી પુરવઠામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહના સદસ્યશ્રી કુંવરજીભાઈ બાવળીયા જે સંકલ્પ લાવ્યા છે, સૌરાષ્ટ્રના વિસ્તારોને પાણીની તકલીફ અને તેમાં ભાઈશ્રી પુંજાભાઈ વંશ અને ચંદ્રિકાબેન ચુડાસમાનો જે સુધારો હતો, અહીં ત્રણે મિત્રોના વકતવ્યો મેં સાંભળ્યા છે. એ બોલે છે ત્યારે તેમના હૃદયમાંથી અવાજ આવે છે કે આમ તો અમે બરાબર બોલતા નથી પરંતુ છતાં બોલે છે તેનો વાંધો નથી. અમુક સૂચનોની મેં નોંધ લીધી છે. જે સૂચનો અમલીકરણ કરવા જેવા છે, આમ પણ આટલું મોટું વિશાળ કામ આપણે ગુજરાતમાં હાથમાં લીધું હોય ત્યારે કોઈને કોઈ જગ્યાએ નાની-મોટી ક્ષતિઓ હોય યા તો સૂચનો આવે તેને અમે હંમેશા આમેજ કરી લઈએ છીએ. મારા મિત્રોનું ધ્યાન દોરવું છે કે આ ગુજરાતની પીવાના પાણીની સમસ્યા એ એક વિકરાળ પ્રશ્ન છે. તે સમસ્યા સાથે આપણે પાછળના વર્ષોથી લડી રહ્યા છીએ. પાણી પાઈપ લાઈન દ્વારા મોકલવાનું અને ત્યાંથી તરત જ વિતરણ કરીને ગામે ગામ પહોંચાડવાનું અને આટલા પાણીની લાઈનો તૂટે અને મુશ્કેલી ઉભી થાય અને પોલીટીકલી આપણે તેનું ઓબ્ઝર્વેશન લઈએ એ બરાબર નથી. હું જ્યારે પહેલવહેલો મંત્રી બન્યો,

### સભાગૃહનો સમય લંબાવવા અંગે

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને સંકલ્પ ઉપર નિર્ણય લેવાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને સંકલ્પ ઉપર નિર્ણય લેવાય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે મને આનંદ એ વાતનો થાય છે કે હું પ્રથમવાર મંત્રી બન્યો ત્યારે પહેલો પ્રશ્ન કુંવરજીભાઈ બાવળીયાએ પૂછયો હતો. તેમનો વિસ્તાર મેં જોયો નહોતો. તેમણે મને કહ્યું કે મારા વિસ્તારમાં પાણી આવતું નથી. તળમાં પાણી નથી. કાળા પથ્થરવાળો ઝોન છે અને પાણી કેમ ન મળે? પાણી નથી, ટૅન્કરો નથી, કૂવાઓમાં નથી, તળાવમાં નથી. કુંવરજીભાઈને મારાથી તે વખતે કહેવાયું કે હા,

હું તમારું કામ એક મહિનામાં કરી નાખીશ. એ મારું કમિટમૅન્ટ હતું. પણ મને ખબર પડી કે મેં આ અજગર ઉપાડ્યો છે. પાછળથી ખબર પડી કે એમનો વિસ્તાર તો એવો પ્રોબ્લેમેટીક છે કે પાણી તાત્કાલિક ઉભું કરવું શકય નથી તેમના જસદણમાં. પરંતુ અમે સેવા કરવાનું નક્કી કર્યું હતું. અમે કોઈ પોલીટીકલ અવલોકનો કર્યા નહોતા. ત્યારે પાણી પુરવઠાની યોજનાઓમાં પાણીની લાઈનો નાખતા હતા ત્યારે ત્યાં કોંગ્રેસના ધારાસભ્યો રહે છે કે બીજાં લોકો રહે છે તેનું કોઈ અવલોકન કર્યું નહોતું. તેમના ૧૦૨ ગામની ૬૬ કરોડ રુપિયા ખર્ચ કરીને પાણીની લાઈનો નાખી અને આજે તેમના બધા જ ગામોમાં પાણીની યોજના કરી છે. મને આનંદ છે. એ સંતોષ વ્યક્ત કરે છે. મને લૉબીમાં મળ્યા ત્યારે પણ કહેતા હતા કે મારી કોઈ ફરિયાદ નથી. પણ આ થોડું ઓબ્ઝર્વેશન છે. મને પણ સંતોષ છે. એમનો અને પુંજાભાઈનો વિસ્તાર દૂર હોવાને કારણે ત્યાં પણ થોડી મુશ્કેલીઓ છે તે વાત સાચી છે. ચંદ્રિકાબેને પણ ગયા વખતે ઈમરજન્સી બાબતમાં માંગરોળમાં પાણી નથી અને એ વિસ્તાર દૂર હોવાને કારણે તેમણે ધ્યાન દોર્યું ત્યારે અમે ૫૬ ગામની એ યોજના તાત્કાલિક ૯૦ દિવસમાં કરીને એમને પૂરી કરી આપી હતી. એ વખતે પણ અમે કોઈ પોલીટીકલ ઓબ્ઝર્વેશન લીધાં નહોતા. એ આવશ્યકતા હતી. જ્યારે જુનાગઢમાં પાણી નહોતું ત્યારે ઈમરજન્સી પાઈપ લાઈન નાખીને જુનાગઢ સુધી પાણીની લાઈનો લઈ ગયા હતા. ગુજરાતનું નેટવર્ક ૨૩૦૦ કિલોમીટરની પાઈપ લાઈન નખાઈ, મોટી ટ્રંક લાઈન બાબુભાઈ આપની સાથે હું વિવાદમાં નથી ઊતરતો એટલા માટે કે એનાથી પાછું વાતાવરણ ગરમ થઈ જશે. બાબુભાઈ બોલી જાય છે. બાબુભાઈ તમે આવ્યા ત્યાં સુધી એક પણ ટ્રંક લાઈન ઝીરો ટ્રંક લાઈન નાખેલી છે. મારા રેકૉર્ડ ઉપર છે, એક પણ મીટર જેની અંદરથી પાઈપ લાઈન લાંબી લઈ જવામાં એક મીટર પણ લાઈન નખાઈ નથી. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, બાબુભાઈ આવ્યા ત્યાં સુધી, બાબુભાઈ તમે ઘણું કહ્યું (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૩હજાર કિલોમીટર પાઈપ લાઈન ૪૦-૫૦ વર્ષમાં નખાઈ છે. અને અમે તો ૧ લાખ ૧૦ હજાર કિલોમીટર પાઈપ લાઈન નાખી છે. જો પાણી આપવાનો ઈરાદો ન હોય અમારે જો તો અમે આ ગુજરાતના લોકોની પાણીની તકલીફ દૂર કરવાનો ઈરાદો ન હોય તો અમે જૂનાગઢ સુધી ન પહોંચ્યા હોત અને સૌરાષ્ટ્રની અંદર રાજકોટમાં અમે જસદણ સુધી ન ગયા હોત અને કચ્છ સુધી પણ ન આવ્યા હોત, હમણાં મારા મિત્રોએ એમ કહ્યું, મારી જોડે રેકોર્ડ છે અને હું ટેબલ ઉપર મૂકવા તૈયાર છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય નરોત્તમભાઈ, તમારે ગૃહને કહેવાનું છે. બાબુભાઈને કહેવાનું નથી. તમે ઊભા થયા ત્યારના બાબુભાઈ, બાબુભાઈ કર્યા કરો છો. ગૃહને વાત કરો પ્લીઝ. નો, નો, પ્લીઝ બાબુભાઈ બાબુભાઈ એવી વાત નહીં કરો પ્લીઝ.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સોરી, ૯૭-૯૮માં ગૃહમાં જયારે તેઓ મંત્રી હતા, પાણી પુરવઠાના ત્યારે ફાળવણી ૧૮૨ કરોડની હતી. એમાંથી ૧૩૪ કરોડ રુપિયાનો જે ખર્ચ થયો હતો એવું આપના દ્વારા એમનું ધ્યાન દોરુ છું. આ બધા ખર્ચના આકડા મારી પાસે છે. મારે એનું અવલોકન નથી કરવું. આપણી સૌરાષ્ટ્રની પાણીની સમસ્યા એ સાચે જ સમસ્યા છે. અને એના ઉકેલ માટે અમારી સરકારે ખૂબ મહેનત કરી છે. એની પ્રાયોરીટી આપી હતી. કુલ ગામ ૪૭૦૬ હતા એમાંથી અમે જે કામો કુલ ૩૩૫૭ ગામોનું કામ અમે હાથમાં લીધુ છે અને હજી પણ અમે સૌરાષ્ટ્રનો જે ભાગ જામનગરનો જે ભાગ છે એને અમે હમણાં લીધું છે. કારણ કે ધોળી ધજામાં ત્યાં સુધી પાણી ન આવે જયાં સુધી નર્મદાના પંપીંગ સ્ટેશનો તૈયાર ન થાય. ત્યાં સુધી વાંકાનેર અને મોરબી સાઈડના ગામ અને જામનગરના ગામોને પાણી આપવાનું કામ એકદમ સરળ નથી અને એટલા માટે હજારેક ગામોને અમારા માટે પાણીનો સોર્સ એ પ્રોબ્લેમ છે. તેમ છતાં રાજકોટના રતનપુરમાંથી પાણી લઈને જામનગરના લોકોને અમે પાણી આપવા માટે પ્રયત્ન કર્યો છે. હમણાં જ અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૫૦૦ કરોડની જામનગરની યોજના ૫૦૦ ગામો માટે અમે ખાતમુહૂર્ત કરીને આવ્યા છે અને પુંજાભાઈ આ કામ દોઢ વર્ષની અંદર પૂરું કરવાના છીએ. મતલબ કે સૌરાષ્ટ્રને જયાં પાણી નથી, જયાં ટ્રેઈનોથી પાણી અપાતુ હતુ ત્યાં પાણી આપવાનો અમારો નિષ્ઠાવાન પ્રયત્ન આપે ઓબ્ઝર્વ કર્યો હોત, આપે અમને એન્કરેજ કર્યા હોત તો આનંદ થાત. નો ડાઉટ કે કોઈ જગ્યાએ મુશ્કેલીઓ થાય છે. તૂટી જાય છે પાઈપો, એ બધી બાબતો પણ, કવોલીટીને સંબંધ છે ત્યાં સુધી થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન અમે રાખીએ છીએ. જયાં આગળ લોકોએ ભૂલ કરી છે કવોલીટીમાં ત્યાં આગળ અમે એમને પકડયા છે અને અમે એમને શિક્ષા કરી છે અને એમને અમારા હાથમાંથી હજી સુધી કોઈ છોડાવી શકયું નથી. આ બાબતમાં અમારી નિષ્ઠા ઉમ્પર શંકા કરવાનું કોઈ કારણ નથી.(અંતરાય) આપણી જે યોજનાઓ છે એમાં ૨૧૪૮ ગામોને પાણી સપ્લાય કરીએ છીએ. પ્રગતિમાં ૭૧૧ ગામો પ્રગતિમાં છે એ ટૂંક સમયમાં થઈ જશે. સ્વતંત્ર ગામોની બાબતમાં મારે વાત કરવી છે કે પીવાનું પાણી પાઈપ લાઈન દ્વારા લેવામાં ઘણી વખત ઉદાસીનતા રાખે છે એટલા માટે પરંતુ અમારું કામ ફકત પાઈપો નાખવાનું નથી. પાણી આપવાનું અમારું મુખ્ય કામ છે અને પાણી આપવા માટેના જે મીન્સ પાણીને રોકવું, ચેકડેમ બાંધવા, રીચાર્જીંગ કરવું, હયાત વ્યવસ્થાઓને હજારોની સંખ્યામાં દસ હજાર ગામડાઓ કરતા વધારે ગામ સ્વતંત્ર ગામડા છે. જૂના વખતની આપણી સંપત્તિ છે. એની અંદર રીચાર્જીંગ કર્યા સિવાય પાણી આવે નહીં. એના માટે નદી, નાળા અને ટ્રિબ્યુટરી છે ત્યાં એની અંદર ચેકડેમ બાંધવા પડે એ પછી એ પાણી રીચાર્જીંગ થાય. એ પછી આ બધી ગુજરાત સરકારની સંપતિ હતી એ સંપતિમાં રીચાર્જીંગ થતાં કૂવાઓમાં પાણીના તળ ઊંચા આવ્યા

છે. ત્યાં સરકારના પંપો મૂકેલા હતા એ પંચાયતોને આપેલા એ પંપો દ્વારા એ લોકો ઉપરથી પાણી મેળવી શકે. હું સાથી મિત્રોને કહેવા માગું છું કે પાઈપમાં પાણી આપવું જોઈએ એ હકીકત છે. પરંતુ જ્યારે કૂવામાં પાણી અવેલેબલ હોય તો શા માટે આ સંપતિનો ઉપયોગ ન કરવો જોઈએ? એ જળસંપત્તિ છે, આપણી મિલકત છે. ગામડાના માણસો હોય કે શહેરના માણસો હોય પણ કૂવામાંથી પાણી લેવાનું સસ્તુ પડતું હોય તો એ લેવાનો આગ્રહ કરીએ છીએ. પાઈપલાઈનથી પાણી આપી દઈએ તો લોકો આ પાણી વાપરે નહિ. સાત-સાત વખત પંપીંગ કરીને મોકલેલું પાણી મોંઘુ પડે છે. એવું નહિ કે આપવું જ નહિ. ક્યાંક અછતનો સમય આવે તો એ પાણી જરૂર વાપરવું જોઈએ. એ જુનાગઢમાં હોય કે કચ્છમાં હોય. પણ લોકલ રીચાર્જીંગ કરીને સરકારે વ્યવસ્થા ગોઠવી હોય તો પાણી લેવું પડે. મારે પુંજાભાઈને જવાબ આપવો છે કે ૧૯૯૫ પછી અમારી સરકાર આવ્યા પછી અમે ગુજરાતના ગ્રામ પંચાયતોના બિલો ૧૦૦ ટકા માફ કર્યા છે. એના પહેલાના બિલો કોઈ જગ્યાએ રહેલા છે. જયંતિભાઈએ કહ્યું એને સમર્થન કરું છું. જી.ઈ.બી.એ કોઈ વખત બિલ કલેક્ટ કરવામાં કઠોરતા કરી છે ત્યારે એનો અવાજ અમારા સુધી આવ્યો છે. અમે માનનીય નાણામંત્રીશ્રીને ધ્યાને વાત મૂકી છે કે ભૂતકાળના બિલો છે એનું શું કરવું? નાણામંત્રી અને મુખ્યમંત્રીશ્રીને વિચારવા માટે જણાવેલ છે. પરંતુ તે પછીના બિલો તો સરકારે ભર્યા છે. આપ મનમાં એવો ખ્યાલ ન રાખતા કે ચાલું બિલો અત્યારે કોઈ ગ્રામ પંચાયત ભરે છે. અમે બે વ્યવસ્થા રાખી છે. પાણીની પાઈપલાઈનથી અને ગ્રામીણ વિસ્તારમાં જે પાણી આપીએ છીએ તે વાસ્મો દ્વારા ગામડાના માણસોની લોક ભાગીદારી કરાવીને ગામડાને જવાબદારીથી સીધેસીધા એમને જોડવા જઈ રહ્યા છીએ. હજુ જોઈએ એટલું ટેમ્પરામેન્ટ થયું નથી. અમે તાલીમ આપતા જઈએ છીએ અને ગ્રામીણ વિસ્તારોમાં જવાબદારી લેવા લોકો આગળ આવે છે. ૬૫૦૦ કરતાં વધારે પાણી સમિતિઓ બની છે. એના દ્વારા પાણીનું વિતરણ થાય છે. ધીરે ધીરે ગ્રામ પંચાયતો જવાબદારી ઉપાડતી થઈ છે. બાકીની વ્યવસ્થાઓ અગર તમને કોઈ તકલીફ દેખાતી હોય તો એના માટે હંમેશા અમે તૈયાર છીએ. અમારા ચેકડેમો દ્વારા રીચાર્જીંગનો લાભ ગુજરાતના અને સૌરાષ્ટ્રના લોકોને મળે છે એના કારણે પાણીના લોકલ સોર્સ જીવંત બન્યા છે. એમાંથી પાણી લેવાનો આપને આગ્રહ પણ છે. છતાં પણ જ્યારે જ્યારે અગવડતા હશે તો અમે કોઈપણ જયાએ પહોંચી વળવા તૈયાર છીએ. માધુભાઈ બોલ્યા હતા. આ સરકારે નિર્ણય કર્યો છે કે ટેન્કરો ઝીરો થવા જોઈએ. હું આ હાઉસમાં કહું છું કે એમણે ૩૪૫ ગામની વાત કરી હતી. આપના ધ્યાન ઉપર મૂકું છું કે આજની તારીખે જે ૩-૪ હજાર ગામડામાં ટેન્કરો જતા હતા એમાં આજે ૯ ગામ સિવાય ક્યાંય ટેન્કર જતા નથી. ત્યાં સુધી આપણી વ્યવસ્થાઓ સચવાઈ છે. નાની મોટી ક્ષતિઓ આપને દેખાઈ હશે પરંતુ સૌરાષ્ટ્રની જનતા છે એ ઝોન છે એણે ખૂબ મોટી તકલીફો વેઠી છે. મારું નેટવર્ક કામ કરી રહ્યું છે એની પ્રાયોરિટી સૌરાષ્ટ્રની છે. ઉત્તર ગુજરાતના ફ્લોરાઈડવાળા વિસ્તારોને અમે સાઈડમાં હાથમાં લીધા છે. કોઈને તકલીફ ન રહે એવો સરકારનો સંકલ્પ છે. આપ સંકલ્પ લઈને આવ્યા છો અને ખૂબ સારા સૂચનો કર્યા છે. સારી વસ્તુ છે એનો સરકાર તરફથી એનો ભાગ બનાવશે. મારી વિનંતી છે કે આપ સંકલ્પ લઈને આવ્યા છો, સૌને ઉપયોગી છે, ગુજરાતના હિતમાં છે પણ સરકાર જ્યારે આ લાઈન ઉપર કામ કરી રહી છે ત્યારે આપ સંકલ્પ પાછો ખેંચો એવી વિનંતી કરું છું.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સૌરાષ્ટ્રના પીવાના પાણીની મુશ્કેલીનો સંકલ્પ છે અને અમારા સૂચનો છે એ માનનીય મંત્રીશ્રી સ્વીકારે અને બાકીનું જે કાંઈ ઘટતું હોય એ વહેલી તકે થાય એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. હું મારો સંકલ્પ પાછો ખેંચતો નથી.

**સુધારા ક્રમાંક : ૧,૨,૩ મત ઉપર મૂકવામાં આવ્યા અને નામંજૂર થયા.**
**સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યા અને નામંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૭-૧૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૨૩મી માર્ચ, ૦૦૭ ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **અંબાલાલ આ. રોહિત** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૨૫ |
| | સી.આઈ.ડી. ક્રાઈમના અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્યની તપાસ | ૧૭૩ |
| **અતુલ કે.પટેલ** | | |
| | ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક,૨૦૦૭ | ૧૪૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૧૭ |
| **અનિલ જોષીયારા** | | |
| | આદિજાતિ વિકાસ વિભાગના બજેટની જોગવાઇ | ૩૦૦ |
| | કૃષિ ઉત્પાદન પાછળ ખર્ચ | ૭૭ |
| | ભિલોડા તાલુકાના સરકી લીમડીથી વાંકાટીંબા-કંટાણું અને વિરપુરથી ચિત્રોડી સુધીનો લીંક રસ્તાને ડામરકામ | ૪૦૯ |
| | મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર દ્વારા રેઇટ કોન્ટ્રાકટથી સરકારી દવાખાનામાં દવાઓ પૂરી પાડવા બાબત | ૪૨૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૬૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૨૨ |
| | રાજ્યમાં યુરિયા ખાતરની ફાળવણી | ૧૧૧ |
| | રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ થયેલ ખર્ચ | ૯૯ |
| | એસ. કે. ૪ યોજના અંતર્ગત ભિલોડા તાલુકાના ગામડાઓને પીવાનું પાણી | ૧૯૦ |
| | સોનગઢ તાલુકામાં ચાલતી પેપરમીલને વાંસ કાપવાની પરવાનગી | ૨૮૩ |
| | સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી મેડીકલ કોલેજો | ૪૪૧ |
| | સુજલામ્ સુફલામ્ યોજના પાછળ થયેલ ખર્ચ | ૧૬૨ |
| **અનિલકુમાર મો.પટેલ** | | |
| | ૧૦ રૂા. અને ૨૦ રૂા. ના સ્ટેમ્પ પેપરની અછત | ૩૦૬ |
| | દયાનગર કોલોનીના રહીશોને સ્થળાંતર કરાવવા બાબત | ૨૯૮ |
| | બારડોલી તાલુકાના તરભોણ ગામની બાળા ઉપર થયેલ બળાત્કાર સંબંધે પોલીસની નિષ્ક્રીયતા | ૨૧૪ |
| | બારડોલી તાલુકામાં ઇન્દિરા આવાસો પૂર્ણ કરવા અંગે | ૮૬ |
| | બારડોલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ બળાત્કારના કેસ | ૧૯૮ |
| | બારડોલી તાલુકામાં સરદાર આવાસનાં પૂર્ણ થયેલ કામો | ૪૯ |
| | માંડવી તાલુકામાં સરદાર આવાસના પૂર્ણ થયેલ કામો | ૧૦૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૮ |
| | વન વિભાગના અધિકારીઓ લાંચ લેતા પકડાવા બાબત | ૨૮૧ |
| | સુરત જિલ્લામાં આદિવાસી અત્યાચાર ધારા હેઠળના બનાવો | ૧૭૩ |
| | સુરત જિલ્લામાં પ્રવાસન વર્ષ નિમિત્તે ફાળવેલ ગ્રાન્ટ | ૪૧૭ |
| **અમિત અ. ચાવડા** | | |
| | આણંદ અને ખેડા જિલ્લાના ઉદ્યોગોને આપાયેલ કર રાહતો | ૧૮૨ |
| | આણંદ જિલ્લામાં નગર નિયોજકની કચેરી | ૪૨૪ |
| | આણંદ જિલ્લામાં સંવર્ગવાર મહેસૂલી મહેકમ | ૨૯૩ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં લોકલ બોર્ડના દવાખાના | ૪૦૧ |
| | ખેતી માટે પ્રતિદિન વીજ માંગ | ૨૦૫ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **અમિત અ. ચાવડા** | | |
| | ગ્રામીણ રોજગારી માટે ફાળવણી અને ખર્ચ | ૭૨ |
| | મહેસૂલ વિભાગના વર્ગ-૧ નાકર્મચારીઓ ત્રણ વર્ષથી એક જ જગ્યાએ ફરજ બજાવવા બાબત | ૨૭૫ |
| | મહીસાગર નદીમાં ઉમેટા બ્રીજ પાસેના આડબંધની ક્રામગીરી | ૨૧૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૬૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૪૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૨૯ |
| | વાસદ પાસેનો રેલ્વે ઓવરબ્રીજ બિસ્માર હાલતમાં હોવા અંગે | ૪૪૦ |
| **અમિત અ. શાહ** | | |
| | દાખલ કરવાનાં સરકારી વિધેયકો | ૨૨૭ |
| | દાખલ કરવાનાં સરકારી વિધેયકો | ૨૨૭ |
| | બંદરો અને વાહન વ્યવહાર વિભાગની અધિસૂચનાઓ | ૨૨૬ |
| **અર્જુનભાઈ દે. મોઢવાડીયા** | | |
| | કામકાજ સલાહકાર સમિતિનો પંદરમા અહેવાલની પર માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનો સુધારો | ૧૧૫ |
| | કામકાજ સલાહકાર સમિતિનો પંદરમા અહેવાલની પર માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનો સુધારો | ૧૧૬ |
| | ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી માનસીંગભાઈ વીરાભાઈ જાદવના અવસાન અંગે | ૩૦૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૫૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૬૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૫૬ |
| | સ્ત્રીભૃણ હત્યા બંધ કરવા અંગે | ૪૭૧ |
| **અશોક ભટ્ટ** | | |
| | કામકાજ સલાહકાર સમિતિનો પંદરમા અહેવાલની પર માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનો સુધારો | ૧૧૬ |
| | કામકાજ સલાહકાર સમિતિનો પંદરમા અહેવાલની પર માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનો સુધારો | ૧૧૫ |
| | ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી માનસીંગભાઈ વીરાભાઈ જાદવના અવસાન અંગે | ૩૧૦ |
| | તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૯૫૬૬ (અગ્રતાક્રમ-૪)ના અનુસંધાને વધારાની માહિતી | ૪૫૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૭ |
| | સભ્યશ્રીને ઠપકો આપવા અંગે | ૨૪૮ |
| | સ્ત્રીભૃણ હત્યા બંધ કરવા અંગે | ૪૭૫ |
| **આનંદીબેન મ.પટેલ** | | |
| | ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક,૨૦૦૭ | ૧૪૪ |
| | ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૩૧૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૫૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૬૨ |

| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **આનંદીબેન મ.પટેલ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૬૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૨ |
| **આર.સી. પટેલ** | | |
| | અલંગ શીપ યાર્ડ ખાતે જી.આઈ.ડી.સી. અંગે | ૨૦૩ |
| | ગીર અભ્યારણનો વિસ્તાર લંબાવવા બાબત | ૨૮૭ |
| | ડેમોમાં નર્મદાનું પાણી નાખવાનું આયોજન | ૨૧૭ |
| | નવસારી જિલ્લાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્યની તપાસ | ૧૭૯ |
| | રાજ્યમાં માછીમારોને ડીઝલની સબસીડી | ૬૨ |
| | નિર્મળ ગુજરાત-૨૦૦૭ અન્વયે નગરપાલિકાઓને પ્રોત્સાહનની યોજના | ૪૦૦ |
| **ઇશ્વરસિંહ ઠા.પટેલ** | | |
| | ખેતીના વિકાસ અને બિયારણની વૃધ્ધિ | ૧૦૩ |
| | ભરુચ જિલ્લામાં ગૃહ રક્ષકદળ અને ગ્રામરક્ષક દળની સંખ્યા | ૨૧૮ |
| | ભરૂચ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને લોન માટે મળેલ અરજીઓ | ૧૮૦ |
| | ભરૂચ જિલ્લાનું પોલીસ ખાતાનું મહેકમ | ૨૦૪ |
| | રાજ્યમાં ઘઉંના પાક્નું વાવેતર | ૮૪ |
| **ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** | | |
| | ગુજરાત (હોટૅલ અને નિવાસગૃહ) સુખ સુવિધા કર (સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૧૧૮ |
| | ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૧૧૮ |
| | ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના વાર્ષિક અહેવાલો | ૪૫૦ |
| | ગુજરાત શિક્ષણ ઉપ-કર (સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૩૧૫ |
| | બિન સરકારી વિધેયકો | ૧૩૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ) | ૧૨૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ) | ૧૧૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ) | ૧૧૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ) | ૧૧૯ |
| **ઈન્દ્રવિજયસિંહ કિ.જાડેજા** | | |
| | તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૯૧૧૧ (અગ્રતાક્રમ-૧)ના અનુસંધાને વધારાની માહિતી | ૪૫૦ |
| **ઈશ્વરભાઈ ધ. મકવાણા** | | |
| | ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી માનસીગભાઈ વીરાભાઈ જાદવના અવસાન અંગે | ૩૦૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૩૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૫૯ |
| **ઈશ્વરસિંહ ઠા. પટેલ** | | |
| | કૃષિ યુનિવર્સિટી નવસારી તરફથી શેરડીનું બિયારણ | ૪૩ |
| **કનુભાઈ કળસરિયા** | | |
| | ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક,૨૦૦૭ | ૧૪૨ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કનુભાઈ કળસરિયા** | |
| ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી માનસીંગભાઈ વીરાભાઈ જાદવના અવસાન અંગે | ૩૧૦ |
| બિન સરકારી વિધેયકો | ૧૩૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૨૪ |
| સૌરાષ્ટ્રની જનતાની પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવા અંગે | ૪૮૪ |
| **કનુભાઈ મે. ભલાળા** | |
| ૫૦૦થી વધુ વસ્તાવાળા ગામોને બારમાસી રસ્તા આપવા બાબત | ૪૦૭ |
| અનુસૂચિત જાતિના વકીલોને સ્વનિર્ભર થવા તાલીમ | ૧૦૭ |
| કૃષિ વિષયક જણસીઓને આવરી લેવા અંગે | ૯૦ |
| જૂનાગઢ જિલ્લાને કલ્પસર યોજનાનું સિંચાઈ માટે મળનાર પાણી | ૧૪૮ |
| જૂનાગઢ જિલ્લામાં યુરિયા ખાતરની ખેંચ | ૬૧ |
| ફ્રેન્કીંગ મશીનથી સ્ટેમ્પનું વેચાણ | ૨૮૬ |
| વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ દરમિયાન કરવામાં આવેલ ઘોષણા | ૧૮૭ |
| **કરસનભાઈ ભી. પટેલ** | |
| પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના | ૪૧૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૩૪ |
| **કાંતિભાઈ ત્રિ. ભીલ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૨૧ |
| **કાંતિભાઈ ભા. તડવી** | |
| સંખેડા તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો | ૪૧૬ |
| સંખેડા-ડભોઇ વચ્ચે ઓરસંગ નદી ઉપર પુલ બનાવવા બાબત | ૪૩૨ |
| **કાંતિભાઈ રા. લકુમ** | |
| અમદાવાદ જિલ્લામાં નર્મદા યોજનાનું પાણી આપવાનું આયોજન | ૧૭૪ |
| ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો માટે શૌચાલય બનાવવા અંગે | ૬૧ |
| ડૉ. આંબેડકર આવાસના ફોર્મ ભરાવા અંગે | ૯૧ |
| ધોળકા તાલુકાના બદરખા ગામે રસ્તો બનાવવા બાબત | ૪૪૧ |
| બાવળા તાલુકામાં કોર્ટ શરૂ કરવા બાબત | ૪૦૪ |
| બાવળા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલ મહેકમ | ૪૨૫ |
| બાવળા શહેરમાં પોલીસ આવાસો બનાવવા અંગે | ૧૯૯ |
| મહેસૂલી પ્રશ્નોના ઉકેલના વેગ માટે કલેકટરોની મિટીંગ | ૨૭૩ |
| લેન્ડ કમિટી ધ્વારા જમીનની ફાળવણી | ૨૯૨ |
| **કાંતિભાઈ રે. ગામીત** | |
| અમદાવાદ જિલ્લાના ગામોને નર્મદાનું પીવાનું પાણી આપવા અંગે | ૨૧૫ |
| ઉકાઈ અસરગ્રસ્ત ખેડૂતોને ખેતીના ઉપયોગ માટે યોજના | ૮૪ |
| ઉકાઈ ડેમમાંથી મત્સ્ય ઉછેરનો ધંધો | ૫૨ |
| રસ્તાના દબાણ દૂર કરવાની ફરિયાદ | ૨૭૪ |
| વીજળીકરણથી વંચિત સુરત જિલ્લાના પેટાપરાઓ | ૧૮૩ |
| વૃક્ષ છેદન અટકાવવા બાબત | ૨૯૨ |
| સુરત જિલ્લાના જ્યોતિગ્રામ બનેલ ગામો | ૨૦૭ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કાંતિભાઈ રે. ગામીત** | |
| સુરત જિલ્લાની ગ્રામ પંચાયતો અલગ કરવાની કાર્યવાહી | ૧૦૩ |
| સુરત જિલ્લામાં છોડ ઉછેરવા બાબત | ૩૦૩ |
| **કાળુભાઈ વી. વીરાણી** | |
| અમરેલી જિલ્લામાં ઘરફોડ અને લૂંટના ગુનાઓ | ૧૭૨ |
| અમરેલી જિલ્લામાં દારૂ સંબંધી કેસો | ૧૯૭ |
| પ્રવાસન, દેવસ્થાન અને યાત્રાધામના વિકાસ માટે થયેલ ખર્ચ | ૪૦૪ |
| **કાળુભાઈ હી. માલીવાડ** | |
| તીર્થગ્રામ તરીકે જાહેર થયેલ ગામો | ૫૬ |
| નેશનલ અર્બન રિન્યુઅલ મીશનમાં કેન્દ્ર સરકારે આપેલ ગ્રાન્ટ | ૪૦૬ |
| પંચમહાલ જિલ્લાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્યની તપાસ | ૧૬૦ |
| પંચમહાલ જિલ્લામાં વૃક્ષોનું વાવેતર | ૨૭૯ |
| બારમાં નાણા પંચમાં કેન્દ્ર સરકારની સહાય | ૪૨૭ |
| રાજ્યમાં અષ્ટાવક્ર યોજના હેઠળ વિકલાંગોને સાધન સહાય | ૮૭ |
| **કુંવરજીભાઈ મો. બાવળિયા** | |
| ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના વિભાજન | ૯૯ |
| જસદણ તાલુકાના નાની લાખવડ નીનામાં ગામે બે તાલુકાને જોડતો પુલ બનાવવા બાબત | ૪૨૧ |
| જસદણ શહેરમાં ગોરવપથ યોજના | ૪૩૮ |
| જિલ્લા મથકે આવેલ હૉસ્પિટલોમાં રોગી કલ્યાણ સમિતિ બનાવી દર્દીઓ પાસેથી કેસની કિંમત લેવા બાબત | ૩૯૫ |
| જિલ્લાવાર ખંડણીના હેતુસર અપહરણના કેસો | ૧૯૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૧૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૬૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૮ |
| રાજકોટ જિલ્લામાં આરોગ્ય વર્કરોની ખાલી જગ્યાઓ | ૭૬ |
| રાજકોટ જિલ્લામાં ખેતીવાડી વીજ જોડાણની તત્કાલ યોજના | ૧૭૧ |
| રાજકોટ જિલ્લામાં નિર્મળ ગામ યોજના હેઠળ સુવિધા | ૧૧૦ |
| રાજકોટ જિલ્લામાં વનીકરણ અને પ્લાન્ટેશન યોજના | ૩૦૧ |
| રાજકોટ શહેરની અનામત જમીન તેમજ ટોચ મર્યાદાની જમીન | ૨૮૭ |
| રાજકોટના જસદણ તાલુકાના ક્નેસરા ઘેલા સોમનાથ પાસેની પનીધો નાની સિંચાઇ યોજના | ૨૧૪ |
| સૌરાષ્ટ્રની જનતાની પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવા અંગે | ૪૭૭ |
| સૌરાષ્ટ્રની જનતાની પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવા અંગે | ૪૭૭ |
| **કેશુભાઈ હી. નાકરાણી** | |
| ગારીયાધારના સામૂહિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ ક્વાટર્સ જર્જરિત હોવા બાબત | ૩૯૭ |
| ભાવનગર જિલ્લામાં ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના હેઠળ ચૂકવણી | ૭૧ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કેશુભાઈ હી. નાકરાણી** | |
| ભાવનગર જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા બનાવેલ રસ્તામાં સરકારને મળેલ ફરિયાદો | ૪૨૧ |
| ભાવનગર જિલ્લામાં યાત્રાધામના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ | ૪૩૮ |
| **કૌશિકભાઈ જ. પટેલ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૭૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૮ |
| મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૩૧૬ |
| **ગણપતભાઈ વે. વસાવા** | |
| માંગરોળ અને ઉમરપાડા તાલુકાના અદિવાસી વિસ્તારોને સિંચાઈનો લાભ | ૧૫૫ |
| સ્ત્રીભૃણ હત્યા બંધ કરવા અંગે | ૪૬૮ |
| **ગોપાલભાઈ ગા. ધુઆ** | |
| અંજાર નગરપાલિકાની હદ વધારવા બાબત | ૪૩૯ |
| અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશના બદલે રોકડ રકમ | ૪૪ |
| અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન | ૧૦૩ |
| કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકામાં લૂંટ, ધાડ, ખૂન,ચોરી ધાર્મિક સ્થળે ચોરીના કેસો | ૨૧૧ |
| કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકામાં ખૂનના કેસો | ૧૬૩ |
| કચ્છ જિલ્લામાં આવેલ, દેવસ્થાન | ૩૯૮ |
| કચ્છ જિલ્લામાં તાલુકાવાર હેલ્થ સેન્ટરો | ૪૨૨ |
| કચ્છ જિલ્લામાં વાહન અકસ્માતોના કેસો | ૧૯૦ |
| ભૂમિહીન ખેત મજૂરોને આપવાના પ્લોટો | ૨૯૭ |
| વારસાઇ હક્કની એન્ટ્રીઓ પાડવા બાબત | ૩૦૫ |
| વેચાણવેરાની બાકી રકમ વસુલ કરવા બાબત | ૨૮૧ |
| સ્વામી તેજાનંદ કર્મકાંડ તાલીમ યોજનામાં લીધેલ તાલીમ | ૮૪ |
| **ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** | |
| અમદાવાદ શહેરમાં ગરીબી રેખા હેઠળના પરિવારોની સંખ્યા | ૪૪૦ |
| અમદાવાદ શહેરમાં નોંધાયેલા શિક્ષિત બેરોજગારો | ૨૮૦ |
| અમદાવાદ શહેરમાં માનવ ગરિમા યોજના હેઠળ અરજીઓ | ૪૮ |
| ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક,૨૦૦૭ | ૧૩૮ |
| નર્મદા યોજનાથી સોરાષ્ટ્રને મળનાર સિંચાઈનો લાભ | ૧૭૪ |
| ભાવનગર તથા અમરેલી જિલ્લાને જોડતો પાલિતાણા-સાતપડા, લુવારા, વિજપડી માર્ગ મંજૂર કરવા બાબત | ૪૦૨ |
| મહી પરીએજ યોજનાથી જોડાયેલ ગામો | ૧૯૮ |
| રાજ્યમાં ઉદ્યોગોના પ્રોત્સાહન અન્વયે વેચાણવેરામાં રાહત આપવા અંગે | ૨૧૫ |
| સ્ત્રીભૃણ હત્યા બંધ કરવા અંગે | ૪૬૯ |
| સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન કરવા બાબત | ૪૨૪ |
| હીરાના વેપારીઓની લૂંટના બનેલા બનાવો અંગે | ૨૨૩ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** | |
| હીરાના વેપારીઓની લૂંટના બનેલા બનાવો અંગે | ૨૨૪ |
| **ગોવાભાઈ હ. રબારી** | |
| અસરગ્રસ્તોને સહાય ચૂકવવા બાબત | ૨૮૦ |
| ઉર્જાના હેડ હેઠળ થયેલ ખર્ચ | ૧૯૩ |
| ગાંધીનગર એફ.એસ.એલ.માં દારૂની ચકાસણી માટે આવેલ કેસ | ૧૬૬ |
| ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક,૨૦૦૭ | ૧૪૩ |
| પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં બનાસકાંઠા જિલ્લામાં બનેલ રસ્તાઓ | ૪૧૯ |
| ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ખાતે સોફ્ટવેરની ખરીદી | ૨૧૩ |
| બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના સબસેન્ટરોના મકાનોમાં સ્ટાફ ન રહેવા બાબત | ૪૪૮ |
| બનાસકાંઠા જિલ્લામાં કાચા રસ્તાઓ | ૪૩૫ |
| બનાસકાંઠા જિલ્લામાં બી.પી.એલ. ના લાભાર્થીઓને રકમ ચૂકવવા અંગે | ૯૭ |
| રાજ્ય સરકારના મહેસૂલી કરની આવક | ૨૯૭ |
| રાજ્યમાં કમોસમી વરસાદથી બટાટાના પાકને નુકસાન | ૧૧૦ |
| **ગોવિંદભાઈ વ. પરમાર** | |
| જૂનાગઢ અને બરોડાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્યની તપાસ | ૧૬૧ |
| જૂનાગઢ જિલ્લાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્યની તપાસ | ૧૮૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૩૦ |
| **ગૌતમભાઈ જે. ઝાલા** | |
| ખેડા જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મેડીકલ ઓફીસરનું સેટઅપ | ૪૧૬ |
| ખેડા જિલ્લામાં હરિયાળી વોટરશેડની યોજનાની કામગીરી | ૬૨ |
| ગ્રીન રીવોલ્યુશન કંપની ધ્વારા ખેડૂતોને સહાય | ૧૬૬ |
| રાજ્ય સરકારે લીધેલ ઓવરડ્રાફ્ટ | ૨૭૩ |
| વીજળી મેળવવા થયેલ એમ.ઓ.યુ. | ૧૯૩ |
| **ચંદ્રકાંત મો. પટેલ** | |
| અકોટીથી નાગડોલ રસ્તો મંજૂર થવા બાબત | ૪૦૫ |
| ડભોઈ તાલુકાનું નડા ગામનું આયુર્વેદ દવાખાનું | ૪૪૧ |
| ડભોઈ તાલુકામાં હોમગાર્ડ અને ગૃહ રક્ષક દળના બાકી માનદ વેતન અંગે | ૧૬૫ |
| ભીલોડીયાથી કાશીપુરા રોડ મંજૂર થવા બાબત | ૪૨૬ |
| **ચંદ્રિકાબેન કા. ચુડાસમા** | |
| ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક,૨૦૦૭ | ૧૩૫ |
| ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક,૨૦૦૭ | ૧૪૬ |
| જૂનાગઢ જિલ્લામાં ભૂમિ સંરક્ષણના કામો | ૯૭ |
| જૂનાગઢ જિલ્લામાં લેન્ડ કમીટી દ્વારા સો ચોરસવારના પ્લોટ | ૭૦ |
| જૂનાગઢ જિલ્લામાં વેચાણવેરાની આવક | ૨૭૩ |
| પોરબંદર જિલ્લામાં ખાણ ખનીજ માટે અપાયેલ પરવાનગીઓ | ૧૬૫ |
| માંગરોળ અને પોરબંદર તાલુકાના માટીકામ મેટલના બિસ્માર રસ્તાઓ | ૪૩૯ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **ચંદ્રિકાબેન કા. ચુડાસમા** | | |
| | માંગરોળ તાલુકાના નવલખા ડેમની યોજના | ૧૯૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૬૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૭૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૪૦ |
| | માધવપુરાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફેરવવા બાબત | ૪૦૧ |
| | રાજકોટ સરકીટ હાઉસમાં વી.આઇ.પી. રૂમો ધારાસભ્યશ્રીઓને ના મળવા બાબત | ૪૨૩ |
| | રાજ્યમાં મહિલાઓ ઉપર બળાત્કાર, અપહરણ અને અત્યાચારના નોંધાયેલ કેસ | ૨૧૨ |
| | સૌરાષ્ટ્રની જનતાની પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવા અંગે | ૪૭૭ |
| | સૌરાષ્ટ્રની જનતાની પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવા અંગે | ૪૮૦ |
| | સ્ત્રીભૃણ હત્યા બંધ કરવા અંગે | ૪૭૪ |
| **છત્રસિંહ પૂં મોરી** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૮૩ |
| **છનાભાઈ કો. ચૌધરી** | | |
| | જંગલ મંડળીઓને રોપા આપવા બાબત | ૨૯૩ |
| | ડાંગ અને નવસારી જિલ્લામાં આદિવાસીઓને જંગલની જમીન આપવા બાબત | ૨૭૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૨ |
| **છબીલભાઈ ના. પટેલ** | | |
| | ઉદ્યોગ ગૃહો અને વેપારીઓને જમીન ફાળવવા બાબત | ૩૦૭ |
| | ઉદ્યોગોમાં શ્રમિકોના અકસ્માતથી મૃત્યુ અને ઇજા | ૩૦૨ |
| | કચ્છ જિલ્લાની ગ્રામ પંચાયતોના પોતાના ઘર | ૧૦૬ |
| | કચ્છ જિલ્લામાં ખનીજોની મળેલી રોયલ્ટી | ૧૯૬ |
| | કચ્છ જિલ્લામાં નર્મદાના પૂરના પાણીનો સંગ્રહ | ૧૬૯ |
| | ભૂકંપ પછી ભૂજ શહેરમાં દુકાનો ગુમાવનારને અન્ય જગ્યાએ દુકાનો આપવા બાબત | ૩૯૯ |
| | ભૂજ-માંડવી રોડ ઉપરના સાંકળા પુલોને પહોળા કરવા બાબત | ૪૨૩ |
| | મુન્દ્રા સ્પેશ્યલ ઈકોનોમી ઝોનને જમીન આપવા બાબત | ૨૮૮ |
| | રાજ્યમાં ડૉ. આંબેડકર ભવન બાંધવા અંગે | ૮૯ |
| | રાજ્યમાં પશુ ડૉક્ટર, લાઇવ સ્ટોક ઇન્સ્પેક્ટરની ખાલી જગા | ૫૯ |
| **જગદીશ ઠાકોર** | | |
| | ઈન્ટીગ્રેટેડ ટાઉનશીપ પોલીસી | ૪૧૪ |
| | કચ્છમાંથી લીગ્નાઈટને બીજા રાજ્યમાં લઈ જવા માટે મૂકાયેલ પ્રતિબંધ | ૧૬૩ |
| | કોર્ટનું કોમ્પ્યુટર કરણ કરવા બાબત | ૪૩૧ |
| | ઓદ્યોગિક પાર્ક યોજનાનો લાભ લેવા અંગે મળેલ અરજીઓ | ૧૯૧ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **જગદીશ ઠાકોર** | |
| તીર્થધામ યોજના હેઠળ ગામોને લાભ આપવાનો લક્ષ્યાંક | ૬૮ |
| નીલ ગાય અને ભૂંડ ધ્વારા ખેડૂતોના પાકને થતું નુક્સાન | ૨૯૦ |
| શ્રમિકોના અક્સ્માતથી મૃત્યુ અને ઇજા | ૨૭૦ |
| હાઇટેક ઓક્સન સેન્ટર માટે બજેટની ફાળવણી | ૧૦૦ |
| **જયંતિલાલ રા. કવાડિયા** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૨૬ |
| રાજકોટ જિલ્લામાં જમીન સાંથણીમાં આપવા બાબત | ૨૭૬ |
| વેટનો અમલ કરવા બાબત | ૨૯૫ |
| સૌરાષ્ટ્રની જનતાની પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવા અંગે | ૪૮૨ |
| હળવદ તાલુકામાંથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલો | ૧૮૩ |
| **જયદ્રથસિંહજી ચં. પરમાર** | |
| અતિ વરસાદથી પંચમહાલ જિલ્લામાં પાકને નુક્સાન | ૧૦૭ |
| પંચમહાલ જિલ્લામાં વીજળીની લાઈન તેમજ ટ્રાન્સફોર્મરની ચોરીઓ | ૧૭૦ |
| પંચમહાલ જિલ્લામાં હેન્ડપંપોના કામ સમય મર્યાદામાં પૂરા ન થવા અંગે ફરિયાદ | ૧૯૬ |
| પાવાગઢ ખાતે નવીન હટ બનાવવા પાછળ ખર્ચ | ૯૦ |
| પાવાગઢ ગામમાં શોપીંગ સેન્ટર માટે જમીન | ૨૯૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૩૫ |
| હડતાલ પ્રતિબંધ કરતો હુકમ બાબત | ૩૦૫ |
| હાલોલ તાલુકા પંચાયતના મકાનની કાર્યવાહી | ૬૧ |
| હાલોલ તાલુકાના નુરપુરા સેજાની જમીન | ૨૭૮ |
| **જસુબેન સ. કોરાટ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૪૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૧૮ |
| **જીતુભાઈ હ. ચૌધરી** | |
| અનુસૂચિત જાતિની કન્યાઓને સરસ્વતી સાધના યોજના હેઠળ આપેલ સાયકલ | ૧૦૯ |
| ચેરીટી તંત્ર દ્વારા ટ્રસ્ટોના કરેલ ઓડીટ | ૪૩૧ |
| જંગલમાં વસતા ખેડૂતોને જમીન હક્કના પત્ર આપવા બાબત | ૨૯૫ |
| બારમા નાણાપંચની રકમની ફાળવણી | ૨૭૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૬૧ |
| વલસાડ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના | ૨૦૯ |
| વલસાડ જિલ્લામાં ડીસ્ટ્રીકટ કોર્ટનું મકાન બનાવવા બાબત | ૪૧૪ |
| વલસાડ જિલ્લામાં ડૉ. આંબેડકર આવાસનો લક્ષ્યાંક | ૯૭ |
| વલસાડ જિલ્લામાં વાડી યોજના | ૩૦૫ |
| વાહન પર લાલ લાઈટ લગાવવાની મંજૂરી | ૧૮૬ |
| હડકવાની રસી ખરીદવા બાબત | ૪૪૩ |
| **જીતેનદ્રકુમાર ઉ. વાઘેલા** | |
| અમદાવાદ શહેરના પોલીસ સ્ટેશનમાં મહેકમની સંખ્યા | ૧૯૧ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** | |
| અમદાવાદ શહેરની ક્રાઈમ બ્રાન્ચે પકડેલ નાર્કોટિક્સનો જથ્થો | ૧૬૪ |
| અમદાવાદ શહેરમાં માનવ ગરીમા યોજના હેઠળ મળેલ અરજીઓ | ૮૦ |
| પ્રવાસન વર્ષમાં ટુરિસ્ટ ગાઇડોને તાલીમ | ૪૨૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૩૯ |
| રાજ્ય સરકારે કરેલ પ્રવાસન વિકાસ કાઉન્સીલની રચના | ૪૦૧ |
| રાજ્યમાં ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ | ૧૦૦ |
| વિદેશ અભ્યાસ માટે વિદ્યાર્થીઓને લાભ | ૧૧૩ |
| **જીતેન્દ્રભાઈ બા. પટેલ** | |
| અમદાવાદ, સુરત અને વડોદરા શહેરમાં સેલ્સટેક્ષની આવક | ૨૬૩ |
| આદર્શ નિવાસી શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યા | ૩૦૩ |
| ગેરકાયદે ખનીજ ખોદાણના કેસો | ૨૧૭ |
| ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક,૨૦૦૭ | ૧૩૭ |
| ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી માનસીંગભાઈ વીરાભાઈ જાદવના અવસાન અંગે | ૩૦૯ |
| પંચાયતીરાજ સંસ્થાને સંગીન બનાવવા રકમની ફાળવણી | ૮૧ |
| મોટા ઉદ્યોગોને કરમુક્તિ | ૨૦૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૧૫ |
| રાજ્યના ધોરી માર્ગને નેશનલ હાઇવેમાં ફેરવવાની દરખાસ્ત | ૪૦૯ |
| રાજ્યમાં ગરીબી રેખા હેઠળ કુટુંબો | ૧૦૧ |
| રાજ્યમાં થયેલ વિદેશી મૂડીરોકાણ | ૧૭૯ |
| વેચાણવેરા પેટે રકમ મેળવવાનો લક્ષ્યાંક | ૨૯૦ |
| એશિયન ડેવલપમેન્ટ બેંકે માર્ગ અને મકાન વિભાગને માર્ગ મરામત અને નવીનીકરણ માટે આપેલ રકમ | ૪૨૯ |
| **જેઠાભાઈ ઘે. ભરવાડ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૨૮ |
| **જેઠાભાઈ ઘે.ભરવાડ** | |
| અનુસુચિત જાતિની મહિલાઓને શિવણવર્ગોની તાલીમ | ૬૪ |
| પંચમહાલ જિલ્લામાં પડતર તુમારો | ૨૬૯ |
| પંચમહાલ જિલ્લામાં ભેળસેળના નમૂનાઓ લેવા બાબત | ૪૦૦ |
| પંચમહાલ જિલ્લામાં શિક્ષિત બેરોજગારોની સંખ્યા | ૨૯૦ |
| રાજ્યમાં યુરિયા ખાતરની ખેંચ | ૧૦૮ |
| શહેરા અને લુણાવાડા તાલુકામાં વોટરશેડ પાછળ ખર્ચ | ૯૨ |
| **જેસાભાઈ ભા. બારડ** | |
| આયોજન પ્રભાગ હેઠળની કચેરીઓનું પુનઃગઠન | ૧૫૬ |
| જૂનાગઢ જિલ્લામાં સોઈલ હેલ્થકાર્ડ હેઠળ જમીનની ચકાસણી | ૭૬ |
| ટુકડા નિયંત્રણ ધારો રદ કરવા બાબત | ૨૭૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૨૧ |
| વેરાવળના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલ મહેકમ | ૪૨૫ |
| શહેરી વિકાસ વર્ષ નિમિત્તે વેરાવળ- સોમનાથ નગરપાલિકામાં ગોરવપથ રસ્તાના કામો | ૪૦૩ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **જેસાભાઈ ભા. બારડ** | | |
| | સૌરાષ્ટ્રની ડેરીઓ પુન : શરૂ કરવા અંગે | ૯૮ |
| **જોધાજી ગ. ઠાકોર** | | |
| | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને રોકડ રકમ | ૧૧૨ |
| | સમરસ તરીકે જાહેર થયેલ ગામો | ૭૭ |
| **ટપુભાઈ લીંબાસિયા** | | |
| | આરોગ્ય માટે દારુનું સેવન કરવાની મંજૂરી | ૧૮૫ |
| | રાજકોટની પદમકુંવરબા હોસ્પિટલમાં સંવર્ગવાર સ્ટાફ | ૪૦૫ |
| | રાજકોટની સિવિલ હોસ્પિટલનું સંચાલન ખાનગી સંસ્થાને સોંપવા બાબત | ૪૨૬ |
| | રાજકોટ શહેરમાં જંત્રી નક્કી કરવા અંગે | ૨૬૪ |
| | રીક્ષા અને અન્ય વાહનોમાં સી.એન.જી. ગેસનો ઉપયોગ | ૨૦૮ |
| | વાયબ્રન્ટ ગુજરાત ઓદ્યોગિક સમિટમાં થયેલ એમ. ઓ. યુ. | ૨૨૧ |
| **દિનેશ પરમાર** | | |
| | જેલ સુધારણા સમિતિની ભલામણોનો અમલ | ૨૦૯ |
| | જામનગર કાલાવડ હાપા રેલ્વે સ્ટેશનનો રસ્તો સ્ટેટ હસ્તક લેવા બાબત | ૪૧૫ |
| | જામનગર જિલ્લામાં સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના દ્વારા રકમ ફાળવવા અંગે | ૬૫ |
| | જામનગર તાલુકાના ગામોમાં પાણી સમિતિની રચના | ૧૬૦ |
| | જામનગર તાલુકાના ઢીંચડા ખારાબેરાજા રસ્તો તૂટી જવા બાબત | ૪૪૪ |
| | જામનગર તાલુકાના ઢીચડા ગામનો રસ્તો તુટી જવા બાબત | ૪૩૧ |
| | જામનગર તાલુકામાં ખેતી સહકારી મંડળીને જમીન ફાળવવા બાબત | ૨૭૯ |
| | રાજ્યની સહકારી સંસ્થામાં એસ.સી.ને ડાયરેકટર તરીકે મૂકવા અંગે | ૯૪ |
| | સ્વજલ ધારા યોજના હેઠળ જામનગર તાલુકાના ગામોમાં પીવાના પાણીની વ્યવસ્થા | ૧૮૭ |
| **દિપસિંહ શં. રાઠોડ** | | |
| | અતિ વરસાદથી સાબરકાંઠા જિલ્લામાં જમીનનું ધોવાણ | ૫૫ |
| | કૃષિ વિષયક જણસીઓને આવરી લેવા અંગે | ૧૦૫ |
| | ગણોતીયાની જગ્યામાં પાકા મકાનો બાંધવા બાબત | ૨૮૬ |
| | ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૫ દરમિયાન થયેલ એમ.ઓ.યુ. | ૧૯૦ |
| | પાકિસ્તાન દ્વારા પકડાયેલા માછીમારો | ૮૭ |
| | પ્રાંતિજ-વિરમગામ રસ્તાનું કામ | ૪૦૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૪૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં બનાવેલ ચેકડેમો | ૧૬૩ |
| **દિલીપસિંહ વ. પરમાર** | | |
| | પંચાયતી રાજ સમિતિનો છઠ્ઠા અહેવાલની રજૂઆત | ૪૫૦ |
| | સાબરકાંઠા જિલ્લાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્યની તપાસ | ૧૭૯ |
| **દિલુભા ટે. ચુડાસમા** | | |
| | આપત્તિ વ્યવસ્થાપન અન્વયે લીધેલ પગલાં | ૨૯૧ |
| | ઓદ્યોગિક મૂડીરોકાણ અંગેના એમ. ઓ. યુ. | ૨૨૦ |
| | ગ્રામ્ય કક્ષાએથી જમીન દફતરની નકલો ઓન લાઈન મળવા બાબત | ૨૭૨ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **દિલુભા ટે. ચુડાસમા** | | |
| | મહી કાંઠાના વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા | ૨૦૭ |
| | રાજ્યમાં પેટ્રોલિયમ યુનિવર્સિટી | ૧૮૩ |
| | વડોદરા જિલ્લા રજિસ્ટ્રાર ધ્વારા સહકારી મંડળી અને સોસાયટીની તપાસણી | ૮૬ |
| | વડોદરા તાલુકામાં ખેત તલાવડીનું નિર્માણ | ૫૪ |
| **દોલતભાઈ પરમાર** | | |
| | પાક સંરક્ષણ સાધન યોજના અન્વયે ચૂકવેલ સહાય | ૬૬ |
| | બનાસકાંઠા જિલ્લાના ગામોને ટેન્કર દ્વારા અપાતું પીવાનું પાણી | ૧૭૦ |
| | બિન સરકારી વિધેયકો | ૧૨૮ |
| | બિન સરકારી વિધેયકો | ૧૩૪ |
| | માઈક્રો મેનેજમેન્ટ ઓફ એગ્રીકલ્ચર યોજના અન્વયે ફાળવેલ રકમ | ૯૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૩૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૭૭ |
| **ધનરાજભાઈ કેલા** | | |
| | અતિવૃષ્ટિમાં વઢવાણ તાલુકાના તૂટી ગયેલા રસ્તાઓ | ૪૦૪ |
| | થિયેટરો પાસેથી મનોરંજન કરની બાકી વસુલાત | ૨૧૩ |
| | નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૮૬ |
| | પાણી પુરવઠાની વઢવાણ તાલુકા માટે મંજૂર થયેલ યોજનાઓ | ૧૯૫ |
| | વઢવાણ ફુલગ્રામ રોડ પર પુલ બનાવવા બાબત | ૪૨૬ |
| | વન તલાવડી બનાવવા બાબત | ૨૮૨ |
| | સુરેન્દ્રનગર જિલ્લાની નહેરોનું રીપેરીંગ | ૧૬૮ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોને ચૂકવેલ પાક વીમાની રકમ | ૫૪ |
| **ધનસુખભાઈ ના. પટેલ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૬૮ |
| | રાજ્યમાં સમરસ થયેલ ગ્રામ પંચાયતો | ૭૫ |
| | સુરત જિલ્લા અને શહેરમાં અતિ વરસાદથી પશુઓના મૃત્યુ | ૨૮૭ |
| | સુરત શહેર અને જિલ્લામાં સહકારી મંડળીઓને નુક્સાન | ૯૮ |
| | સ્રીભૃણ હત્યાના નોંધાયેલા ગુના | ૧૮૨ |
| **ધારશીભાઈ લ. ખાનપુરા** | | |
| | કાંકરેજ તાલુકામાં ખેડૂતોના પાકને નુક્સાન | ૭૩ |
| | શિહોરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડોકટરની બેદરકારીના કારણે દર્દીના મૃત્યુ થવા બાબત | ૪૦૫ |
| **ધીરુભાઈ હ. ગજેરા** | | |
| | દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં છાત્રાલયો અને આશ્રમશાળાઓ | ૧૦૦ |
| | મગફળી અને કપાસનો નિષ્ફળ ગયેલ પાક | ૭૮ |
| **નટવરસિંહ ફૂ. ઠાકોર** | | |
| | અમદાવાદ શહેરને મેગા સીટી પછી કેન્દ્ર સરકારની મળેલ ગ્રાન્ટ | ૪૪૦ |
| | આઈ.પી.એસ. અધિકારીઓ સામે ચાલતી તપાસ | ૧૯૯ |
| | આણંદ જિલ્લામાં અતિવૃષ્ટિથી નુક્સાન | ૫૮ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **નટવરસિંહ ફૂ. ઠાકોર** | |
| આરોગ્ય અને તબીબી સેવાઓ, તબીબી શિક્ષણની ક્ચેરી સુરત અને વડોદરા ખાતે ખોટા મેડીક્લ બીલ બનાવી ગેરરીતિ થવા બાબત | ૪૦૩ |
| કેન્દ્ર સરકાર દ્વારા વીજ પુરવઠો પરત લેવા અંગે | ૧૭૪ |
| ખેડા માતર પાસે બાયપાસ રોડ જરૂર કરતાં વધારે ઉંચો હોવા બાબત | ૪૨૫ |
| ખેડા, આણંદ અને મહેસાણામાં શૌચાલયો બાંધવામાં ગેરરીતિ | ૧૦૬ |
| બિન સરકારી વિધેયકો | ૧૨૯ |
| રાજ્યમાં બક્ષીપંચની આશ્રમશાળા અને છાત્રાલયને મંજૂરી | ૮૮ |
| **નરેન્દ્રભાઈ મોદી** | |
| ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ગુલાબભાઈ ભુલાભાઈ પટેલ ના અવસાન અંગે | ૩૦૭ |
| **નરેન્દ્રસિંહ મા. જાડેજા** | |
| ભૂકંપગ્રસ્ત વિસ્તારોને અલગ તારવવા અંગે | ૨૭૧ |
| **નરેશકુમાર મી. કનોડિયા** | |
| અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ટ્યુશન ફી | ૯૦ |
| આંતરમાળખાકીય સુવિધાઓ માટે પ્રવાસન વર્ષમાં ફાળવેલ રક્મ | ૩૯૯ |
| કરજણ તાલુકામાં નવી શરતની જમીનને જૂની શરતમાં ફેરવવા બાબત | ૨૮૯ |
| પ્રવાસન વર્ષમાં ટુરીસ્ટ ગાઇડોને તાલીમ આપવા બાબત | ૪૨૩ |
| પ્રવાસના વિકાસ કાઉન્સીલની રચના | ૪૩૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૪૬ |
| રાજ્યમાં ડૉ. આંબેડકર આવાસના પૂર્ણ થયેલ મકાનો | ૬૧ |
| વિદેશ અભ્યાસ અર્થે વિદ્યાર્થીઓને લોન | ૧૦૭ |
| **નરોત્તમભાઈ ત્રિ. પટેલ** | |
| સૌરાષ્ટ્રની જનતાની પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવા અંગે | ૪૮૫ |
| **નારાયણભાઈ લ. પટેલ** | |
| ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી માનસીંગભાઈ વીરાભાઈ જાદવના અવસાન અંગે | ૩૧૨ |
| જૂના સચિવાલય ખાતે ઓફિસોમાં રીનોવેશન કામ | ૪૩૦ |
| પોલીસ દળના આધુનિકરણ પાછળ થયેલ ખર્ચ | ૨૦૫ |
| પ્રવાસન વર્ષ ૨૦૦૬ નિમિત્તે માર્ગોની સુધારણા કરવા બાબત | ૪૧૩ |
| મહેસાણા અને પાટણ જિલ્લાના પોલીસ કર્મચારીઓ/અધિકારીઓના આરોગ્યની તપાસ | ૧૮૧ |
| મહેસાણા અને પાટણ જિલ્લામાં યોજાયેલ લોકદરબાર | ૨૧૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૨૩ |
| વેટના અમલથી સરકારની આવકમાં વધારો | ૨૭૯ |
| **નીમાબેન બી. આચાર્ય** | |
| કચ્છ જિલ્લામાં ચિરંજીવી યોજનામાં ખાનગી ડૉક્ટર જોડાવા બાબત | ૪૧૭ |
| કચ્છ જિલ્લામાં સરકારી દવાખાના સ્વૈચ્છિક સંસ્થાઓને આપવા બાબત | ૪૪૬ |
| ગાંધીધામ રામબાગ-અંજાર રેફરલ હોસ્પિટલમાં ડોક્ટરોની ખાલી જગ્યા | ૪૩૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૩૬ |
| **પરસોત્તમભાઈ ના. ભોજાણી** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૩૯ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **પરેશભાઈ ગો. વસાવા** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૮ |
| **પરેશભાઈ ધી. ધાનાણી** | |
| અમરેલી જેસીંગપુરા વચ્ચેની નદીનાં પુલનું નવીનીકરણ કરવા બાબત | ૪૪૧ |
| અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિથી મગફળી અને કપાસનું ઓછું ઉત્પાદન | ૭૯ |
| અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિમાં થયેલ નુક્સાન તથા વળતર | ૨૮૪ |
| અમરેલી નગરપાલિકામાં ગોરવપથનું કામ | ૪૨૭ |
| ગેસ સીલીન્ડર દીઠ વેચાણ વેરો | ૩૦૭ |
| દારુ, અફીણ, ગાંજો, ચરસ કોકેઇન તથા હેરોઇનના કેસો | ૨૧૪ |
| પગાર વિસંગતતા સમિતિનો અહેવાલ જાહેર કરવા બાબત | ૩૦૦ |
| રાજ્યની મેડીક્લ કોલેજોમાં અપૂરતા તબીબો | ૪૦૭ |
| વીજ ગ્રાહકો પાસેથી મેળવેલ અલગ- અલગ ચાર્જ | ૧૯૮ |
| વીજચોરીના દંડની આકારણી બાબતે | ૧૭૩ |
| **પુંજાભાઈ ભી. વંશ** | |
| ઉના ખાતે જોઇન્ટ ડીસ્ટ્રીક્ટ કોર્ટ મંજુર થવા બાબત | ૪૩૦ |
| ઉના તાલુકાના પંચાયત હસ્તકના રસ્તાઓની મરામત કામગીરી | ૪૧૧ |
| ઉના તાલુકામાં એસ.જી.આર. યોજનાના કામોમાં ગેરરીતિ | ૮૧ |
| જૂનાગઢ જિલ્લાના તળાવો, ચેકડેમો અને ચેકડેમ કમ કોઝવેની મરામત અંગે | ૨૧૭ |
| જૂનાગઢ શહેર અને જિલ્લામાં પ્રવાસનધામ ને યાત્રાધામ તરીકે વિક્સાવવા બાબત | ૪૪૨ |
| પંચાયત વિભાગમાં રહેમરાહે આશ્રિતોને નોકરીના કેસો | ૧૧૩ |
| પુર અને ભારે વરસાદના કારણે કેન્દ્ર સરકાર તરફથી મળેલ સહાય | ૨૬૧ |
| બિન સરકારી વિધેયકો | ૧૩૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૬૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૪૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૩૩ |
| રાજકોટ ખાતે સરપંચના સંમેલનનો ખર્ચ | ૧૦૧ |
| રાજ્ય સરકાર પાસે ઉપલબ્ધ ભંડોળ | ૩૦૩ |
| રાજ્યમાં સિંચાઇ યોજનાઓને આપવામાં આવેલ મંજૂરી | ૧૭૮ |
| વેચાણવેરા પેટે રકમ મેળવવાનો લક્ષ્યાંક | ૨૮૯ |
| સુરત જિલ્લામાં ઉદ્યોગો દ્વારા પાણીનો ઉપયોગ | ૨૦૨ |
| સૌરાષ્ટ્રની જનતાની પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવા અંગે | ૪૭૭ |
| સૌરાષ્ટ્રની જનતાની પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવા અંગે | ૪૭૯ |
| **પુનાભાઈ ઢે. ગામીત** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૮ |
| **પોપટભાઈ સ. જીંજરિયા** | |
| ચોટીલા અને સાયલા તાલુકામાં મહિલાઓને પ્રસુતિ સહાય | ૪૦૬ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **પોપટભાઈ સ. જીંજરિયા** | |
| ચોટીલા તાલુકાના ચામુંડા માતાના મંદિરને યાત્રાધામમાં લેવા બાબત | ૪૨૭ |
| ચોટીલા, સાયલા અને થાન પોલીસ સ્ટેશનમાં ખાલી જગ્યાઓ | ૧૯૫ |
| વારસાઇ એન્ટ્રી પાડવા બાબત | ૨૭૮ |
| વિકાસ સેવા વર્ગ-૨ માં ડીમડેઇટ માટે માંગણીઓ | ૧૦૪ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં પાડવામાં આવેલ રેડો | ૧૬૮ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં બિયારણ કિટ્સ અને જંતુનાશક દવા | ૫૨ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં વૃધ્ધ સહાય યોજના હેઠળ અરજીઓ | ૮૫ |
| **પ્રદિપસિંહ ભ. જાડેજા** | |
| અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | ૬૨ |
| અમદાવાદ શહેર અને જિલ્લામાં વિદ્યાર્થીઓને વિના મૂલ્યે સાયકલ | ૯૧ |
| અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમની કામગીરી | ૪૩૭ |
| કલેકટર કચેરીમાં બાકી તુમારો | ૨૭૨ |
| નેશનલ અર્બન રિજીઓનલ મીશન કાર્યક્રમ અન્વયે અમદાવાદ શહેરને સુંદર બનાવવા બાબત | ૪૨૦ |
| રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ | ૩૯૦ |
| **પ્રબોધકાંત દા. પંડ્યા** | |
| કડાણા અને સંતરામપુર તાલુકામાં માર્ગોને રીપેર કરવા બાબત | ૪૨૪ |
| કડાણા તાલુકાના ઘોડીયાર ગામના નદીનાથ મહાદેવનો યાત્રાધામમાં સમાવેશ કરવા બાબત | ૪૦૨ |
| સંતરામપુર અને કડાણા તાલુકામાં આદિવાસીઓને જાતિના દાખલા અંગે | ૨૭૧ |
| **પ્રવિણભાઈ છ. રાઠોડ** | |
| સુરત જિલ્લાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્યની તપાસ | ૧૭૭ |
| **પ્રવિણભાઈ ટી. મારૂ** | |
| ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક,૨૦૦૭ | ૧૩૯ |
| દારૂબંધી માટે થયેલ ખર્ચ | ૧૫૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૪૭ |
| **પ્રવિણભાઈ મો. માકડિયા** | |
| ૨૦૦૬ના પ્રવાસન વર્ષમાં સૌરાષ્ટ્રના યાત્રાધામ અને પ્રવાસન સ્થળો પાછળ થયેલ ખર્ચ | ૪૩૬ |
| ઉપલેટા શહેરમાં આવારા તત્વો સામે ફરિયાદ | ૧૯૯ |
| ધોરાજી ઉપલેટા હાઇવે પરનો પુલ રીપેર કરવા બાબત | ૪૨૦ |
| રાજકોટની સરકારી હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિ ધ્વારા તબીબી સેવાઓનો ચાર્જ | ૪૪૯ |
| હેલ્મેટના કાયદાના ભંગ બદલ થયેલ આવક | ૧૭૫ |
| **પ્રાગજીભાઈ ના. પટેલ** | |
| કન્યા કેળવણી અંતર્ગત છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળામાં વિદ્યાર્થીઓ | ૯૮ |
| ગુજરાત વાયબ્રન્ટ સમીત ૨૦૦૭માં ઉર્જા ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ. | ૧૯૪ |
| ગ્રામ્ય કક્ષાએથી જમીન દફતરની નકલો ઓન લાઈન મળવા બાબત | ૨૭૨ |
| માંડલ, દેત્રોજ અને વિરમગામ તાલુકાના તુટી ગયેલ વરસાદી નાળા | ૧૬૭ |

| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **પ્રાગજીભાઈ ના. પટેલ** | | |
| | રાજ્યમાં દુધ ઉત્પાદનનો વધારો | ૭૪ |
| | રાજ્યમાં સ્વસહાય જુથોને સ્ટેમ્પ ડયુટીમાંથી મુક્તિ આપવા | ૨૯૧ |
| | વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ- ૨૦૦૭ દરમિયાન થયેલ એમ. ઓ.યુ. | ૨૧૩ |
| | સ્ત્રીભૃણ હત્યા બંધ કરવા અંગે | ૪૭૩ |
| **ફતેસિંહ વ. ચૌહાણ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૨૮ |
| | સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો છઠ્ઠો અહેવાલની રજૂઆત | ૧૧૭ |
| | સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો છઠ્ઠો અહેવાલની રજૂઆત | ૧૧૮ |
| **બચુભાઈ ખાબડ** | | |
| | વિકસતી જાતિના વિદ્યાર્થીઓની વિદેશ અભ્યાસ માટે અરજીઓ | ૪૬ |
| **બલવંતસિંહ ચં. રાજપૂત** | | |
| | કામકાજ સલાહકાર સમિતિનો પંદરમા અહેવાલની પર માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનો સુધારો | ૧૧૫ |
| | કૃષિ મહોત્સવ માટે મળેલ અરજીઓ | ૮૨ |
| | કૃષિ વિકાસ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ | ૧૦૧ |
| | ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી માનસીંગભાઈ વીરાભાઈ જાદવના અવસાન અંગે | ૩૧૨ |
| | જિલ્લાવાર લશ્કરી ભરતી મેળા યોજવા બાબત | ૩૦૪ |
| | પ્રવાસન વર્ષ માટે ફાળવેલ રકમ | ૪૧૫ |
| | બિન સરકારી વિધેયકો | ૧૩૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ) | ૧૨૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૬૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૨૯ |
| | રાજ્ય સરકારનું આંતરિક દેવું | ૨૯૪ |
| | રાજ્યમાં વીજળીની ખાધ | ૧૬૧ |
| | વીજળીકરણથી વંચિત પેટા પરાઓ | ૧૮૯ |
| | સરકારની વાર્ષિક યોજનાનું કદ અને ખર્ચ | ૨૧૧ |
| | સિધ્ધપુરમાં પ્રોટોકોલ ભંગની ફરિયાદો બાબત | ૪૩૧ |
| | સુરતમાં આવેલ પુરની આપત્તિ માટે ખર્ચ | ૨૭૫ |
| **બળદેવજી ચં. ઠાકોર** | | |
| | કડી અને કલોલ તાલુકામાં પીવાના પાણીની વ્યવસ્થા | ૨૦૫ |
| | કડી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં રાયડા અને કપાસની માર્કેટ સેસ | ૬૮ |
| | કડી તાલુકામાં ખાદ્યતેલમાં ભેળસેળ | ૩૯૬ |
| | કડી તાલુકામાં પરવાનગી વિના વૃક્ષ કાપવા બાબત | ૨૯૮ |
| | કડી શહેર અને તાલુકા પોલીસ સ્ટેશનને અલગ કરવા અંગે | ૧૮૧ |
| | મહેસાણા જિલ્લામાં ખેડૂત ખાતેદાર અકસ્માત વીમાના કેસો | ૧૦૯ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **બળદેવજી ચં. ઠાકોર** | | |
| | મહેસાણા જિલ્લામાં સરકારી પડતર જમીન પંચાયતોને સુપ્રત કરવા બાબત | ૨૮૧ |
| | મુખ્ય મંત્રીશ્રીના પ્રવાસ ભથ્થાની રકમ | ૨૧૯ |
| | રાજ્યમાં બિયારણ વૃધ્ધિ કેન્દ્રો | ૯૫ |
| **બાબુભાઈ મે. શાહ** | | |
| | ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી માનસીંગભાઈ વીરાભાઈ જાદવના અવસાન અંગે | ૩૧૧ |
| | ભીમાસર અને આધોઈ પોલીસ સ્ટેશનોની મૂળ સ્થિતિએ કાર્યરત કરવા અંગે | ૧૮૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૬૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૯ |
| | સિંચાઈ યોજનામાંથી ઉદ્યોગોને અપાતા પાણીના દરોમાં તફાવત અંગે | ૧૫૮ |
| | સૌરાષ્ટ્રની જનતાની પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવા અંગે | ૪૮૪ |
| **બાબુભાઈ મે.શાહ** | | |
| | કચ્છ જિલ્લામાં ગોશાળા અને પાંજરાપોળોને બાંધકામ અંગે ચૂકવણી | ૫૫ |
| | કતારથી લવાતા સી.એન.જી. ગેસના કરાર અંગે | ૨૧૦ |
| | રાજ્યમાં આરોગ્ય સેવા ગ્રાન્ટ-ઇન-એઇડ હોસ્પિટલો અને આરોગ્ય સેવા સંસ્થાઓ | ૩૯૭ |
| | એસ.જે.આર. યોજના હેઠળ ગરીબ પરિવારોને માનવદિન રોજગારી | ૮૬ |
| **બાવકુભાઈ ના. ઉંધાડ** | | |
| | અનુસૂચિત જાતિ અને પછાત વર્ગની યોજનાઓ બંધ થવા અંગે | ૮૦ |
| | ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળને અપાતું વેતન | ૧૮૮ |
| | નશાબંધીના નિયમોમાં છુટછાટ | ૨૧૦ |
| | રાજ્યની જેલોમાં કેદીઓ રાખવાની ક્ષમતા | ૧૬૦ |
| **બિમલ શાહ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૧૧ |
| **બેચરભાઈ વી. ભાદાણી** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૨૪ |
| **ભરતભાઈ પંડ્યા** | | |
| | કોમ્પ્યુટરાઈઝેશનમાં કરેક્શન મોડ્યુલ | ૩૦૫ |
| | ખેતી માટે નવી શરતમાંથી જુની શરતમાં જમીન તબદીલની નવી સરળનીતિ | ૨૯૬ |
| | ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૭ દરમિયાન થયેલ દરખાસ્તોનું અમલીકરણ | ૧૭૫ |
| | ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૦૭ દરમિયાન થયેલ એમ.ઓ.યુ. | ૨૦૦ |
| | પ્રવાસન વર્ષ ૨૦૦૬માં આંતરમાળખાકીય સુવિધાઓ આપવા બાબત | ૪૧૩ |
| | પ્રવાસન વર્ષ ૨૦૦૬માં પ્રવાસીને લગતી ભાષાની વેબસાઇટ | ૪૪૩ |
| | રાજ્યમાં ગામ નમૂના નં-૭/૧૨ તથા ૮-અ નું કોમ્પ્યુટરાઇઝેશન | ૨૭૭ |
| | સુપ્રસિધ્ધ દાંડીના વિકાસ માટે કેન્દ્ર સરકારે મંજૂર કરેલ રકમ | ૪૩૦ |
| **ભવાનભાઈ જી. ભરવાડ** | | |
| | અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓને ટ્યુશન ફી | ૫૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **ભવાનભાઈ જી. ભરવાડ** | | |
| | મુખ્ય મંત્રીનો સુરક્ષા ખર્ચ | ૧૬૫ |
| | રાજ્યની મેડીકલ કોલેજોમાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ/ટયુશન ફી અને ફુડ બીલની રકમ | ૩૯૭ |
| | સીમની જમીન ફાળવણીમાં ફેર વિચારણા કરવા અંગે | ૨૭૧ |
| **ભારતીબેન ન. પટેલ** | | |
| | ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી માનસીંગભાઈ વીરાભાઈ જાદવના અવસાન અંગે | ૩૧૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૬૧ |
| **ભાવનાબેન હે. ચપટવાલા** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૩૧ |
| | સુરત શહેરમાં ઘરેણાની ચીલઝડપના નોંધાયેલ કેસ | ૧૫૯ |
| | સુરત શહેરમાં નોંધાયેલ લૂંટ અને ધાડના ગુના | ૧૮૭ |
| | સુરત શહેરમાં મંજૂર થયેલ પાળા યોજના | ૨૦૯ |
| **ભાવિનભાઈ ન. શેઠ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૭૨ |
| **ભીખાભાઈ ગ. જોષી** | | |
| | જુનાગઢ જિલ્લાની ઓઝત-૨ યોજનાનું કામ | ૨૧૭ |
| | જુનાગઢ ધોરાજી રોડ પર થયેલ ખુનની ફરિયાદ | ૨૦૩ |
| | જૂનાગઢ તાલુકાના ખડિયા ગામે ગુડાજલી નદી ઉપરનો પુલ પહોળો કરવા બાબત | ૪૨૯ |
| | પવિત્ર યાત્રાધામ ગીરનાર ખાતે રોપ વે બનાવવા બાબત | ૪૦૯ |
| | માળીયા તાલુકાના માતરવાણીયા પુલનું કામ | ૧૭૯ |
| **ભીખીબેન ગિ. પરમાર** | | |
| | રાજકોટ શહેરમાં અને જિલ્લામાં સરકારી જમીનો પર દબાણ | ૨૭૭ |
| **ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૪૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૧૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૧૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૧૭ |
| | સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૧૪ |
| **ભેમાભાઈ રા. પટેલ** | | |
| | બનાસકાંઠા જિલ્લામાં ખાતરનો જથ્થો ફાળવવા અંગે | ૫૮ |
| **મંગુભાઈ છ. પટેલ** | | |
| | ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી માનસીંગભાઈ વીરાભાઈ જાદવના અવસાન અંગે | ૩૧૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૫૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૫૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૫૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૬૫ |
| **મનસુખભાઈ લ. માંડવિયા** | | |
| | ખેડૂતોના અકસ્માત વીમા યોજના હેઠળ અરજીઓ | ૧૦૮ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **મનસુખભાઈ લ. માંડવિયા** | | |
| | જેસર પંથકમાં સિંહોની સંખ્યા | ૨૭૪ |
| | પાલીતાણા તાલુકાના જુના પાદરા ગામને જોડતો રસ્તો | ૪૦૮ |
| | પાલીતાણાને યાત્રાધામ તરીકે વિકસાવવા બાબત | ૪૨૮ |
| | ભાવનગર ખેત ઉત્પાદક સહકારી મંડળી ફડચામાં જવા અંગે | ૯૩ |
| | ભાવનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૬૫ |
| | મહેસૂલ વિભાગમાં સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ | ૨૯૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૭૧ |
| | શહેરી ગરીબોને ૨૫ ચો.મી. ના પ્લોટો ફાળવવા બાબત | ૩૦૪ |
| **મનહરલાલ મ. મકવાણા** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૩૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૩૭ |
| **મનીષ ન. ગીલીટવાલા** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૯ |
| | વિનાશક પૂર અને વરસાદને કારણે સુરતના ઉદ્યોગોને થયેલ નુક્સાન | ૨૦૬ |
| | સરકારી પડતર જમીનો ઉપર દબાણો | ૨૮૦ |
| | સુરત જિલ્લામાં મત્સ્યોદ્યોગના તળાવો | ૯૫ |
| | સુરત જિલ્લામાં મત્સ્યોદ્યોગના તળાવોથી લાભ | ૬૭ |
| | સુરત શહેરમાં નોંધાયેલ વિવિધ ગુના | ૨૨૦ |
| | સુરત શહેરમાં પી.આઇ. અને પી.એસ.આઇ. ની ખાલી જ્ગ્યાઓ | ૧૮૨ |
| | હળપતિઓના નામે ૭૩ એ. એ.એ.ની જમીનો | ૨૯૭ |
| **મહેન્દ્ર શાં. ત્રિવેદી** | | |
| | બિન સરકારી વિધેયકો | ૧૩૦ |
| | ભાવનગર જિલ્લાના આર્થિક ગુન્હા વિરોધી સેલ સમક્ષ થયેલ ફરીયાદ | ૧૮૪ |
| | ભાવનગર જિલ્લાના ખડસલીયા ખાતેના લિગ્નાઇટ પાવર પ્રોજેક્ટની મંજુરી | ૨૨૧ |
| | ભાવનગર જિલ્લામાં દેવસ્થાનોના લાઈટબીલ બાબત | ૪૨૦ |
| | ભાવનગરના આલ્કોક એશ ડાઉન નામના ઔદ્યોગિક એકમ દ્વારા કામદારોની છટણી | ૨૬૭ |
| | રાજ્યમાં વિકલાંગો માટેની શાળાઓ | ૬૮ |
| | વડોદરાથી જંબુસર વાયા પાદરા ચાર માર્ગીય રસ્તાનું કામ | ૪૩૭ |
| | વર્ગ-૩ના કર્મચારીઓને કોમ્પ્યુટરની ટ્રીપલ-સી ની તાલીમ અંગે | ૨૦૭ |
| **મહેશભાઈ છો. વસાવા** | | |
| | આદિજાતિ નિવાસી કન્યા શાળા | ૩૦૬ |
| | કન્યા આદર્શ નિવાસી શાળાનું બાંધકામ | ૨૮૨ |
| | ટીચકપુરા ગામની સરકારી આદર્શનિવાસી કન્યા શાળા તૂટી પડવાથી થયેલ જાનહાનિ | ૨૯૯ |
| **મહેશભાઈ સો. ભુરિયા** | | |
| | સંજેલી આઉટ પોસ્ટને પોલીસ સ્ટેશનનો દરજ્જો | ૧૬૦ |
| **માધાભાઈ લા. બોરીચા** | | |
| | કૃષિ મહોત્સવ દરમ્યાન ખેડૂતોને ફાયદા | ૧૦૬ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **માધાભાઈ લા. બોરીચા** | | |
| | ગામતળ વધારાની પડતર દરખાસ્તો | ૨૯૬ |
| | જુનાગઢ જિલ્લામાં કાર્યરત ઓદ્યોગિક તાલીમ કેન્દ્રો | ૨૭૯ |
| | જૂનાગઢ જિલ્લામાં એક્ષપોર્ટ ઝોનને મંજૂરી | ૬૦ |
| | જૂનાગઢ જિલ્લામાં રેલ્વે લાઇન પર અંડરબ્રીજ/ઓવરબ્રીજ બનાવવા બાબત | ૩૯૭ |
| | જૂનાગઢ જિલ્લામાં એસ.જી.આર. યોજના અને હરિયાળી ક્રાંતિ માટે ફાળવેલ રકમ | ૮૯ |
| | નેશનલ અર્બન રીન્યુઅલ મીશનમાંમહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓનો સમાવેશ | ૪૩૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૩૮ |
| | સરકારે શરુ કરેલ રાત્રિ કોર્ટો | ૪૨૨ |
| | સૌરાષ્ટ્રની જનતાની પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવા અંગે | ૪૮૧ |
| **માધુભાઈ જે. ભોયે** | | |
| | આદર્શ નિવાસી શાળાનું મકાન ભયજનક હાલતમાં હોવા બાબત | ૨૮૩ |
| | ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ ડાંગ જિલ્લામાં ફાળવેલ રકમ | ૯૨ |
| | ડાંગ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના | ૨૨૨ |
| | ડાંગ, વલસાડ અને નવસારી જિલ્લામાં નોંધાયેલ જંગલ કામદાર સહકારી મંડળીઓ | ૬૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૬૦ |
| | વઘઈથી સાપુતારા રાજયધોરી માર્ગના ભયજનક વળાંક દૂર કરી ચારલેન કરવા બાબત | ૩૮૭ |
| | શબરી કુંભ મેળા વખતે બનાવેલ પ્લાસ્ટિક ફાયબરની પોલીસ ચોકીઓ | ૧૮૬ |
| | સાપુતારા ખાતે ૬૬ કે.વી. સબ સ્ટેશન | ૨૦૯ |
| **માયાબેન સુ. કોડનાની** | | |
| | અમદાવાદ શહેરની આર.ટી.ઓ. ક્ચેરીની આવક | ૨૦૦ |
| | અમદાવાદ શહેરમાં નિરાધાર વૃદ્ધ સહાયની અરજીઓ | ૪૨ |
| | ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક,૨૦૦૭ | ૧૪૧ |
| | ગુજરાત વિદ્યુત બોર્ડ અને ઝોનલ કંપનીઓ બાબત | ૧૭૫ |
| | ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ માં થયેલ એમ.ઓ.યુ. | ૨૧૫ |
| | ભાષાકીય લઘુમતીના બાળકોને સહાય | ૧૦૩ |
| | મહિલા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા યોજના | ૮૩ |
| | મુખ્યમંત્રી રાહત ફંડમાંથી ગરીબ દરદીને રાહત માટે અરજીઓ | ૨૬૦ |
| | રાજ્યમાં એઈડસના દર્દીઓ | ૩૮૯ |
| | સંસ્થાઓને જમીન ફાળવવા બાબત | ૨૮૯ |
| | સ્ત્રીભૃણ હત્યા બંધ કરવા અંગે | ૪૭૧ |
| **માલજીભાઈ દે. દેસાઈ** | | |
| | ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક,૨૦૦૭ | ૧૪૧ |
| | ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી માનસીગભાઈ વીરાભાઈ જાદવના અવસાન અંગે | ૩૧૦ |
| | દારુબંધી હળવી કરવાની નીતિ | ૧૮૫ |
| | પાટણ જિલ્લામાં પોલીસ ખાતાની ખાલી જ્ગ્યાઓ | ૨૦૯ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **માલજીભાઈ દે. દેસાઈ** | |
| બેચરાજી ટેમ્પલ ટ્રસ્ટના વિકાસ માટેનો માસ્ટર પ્લાન | ૪૧૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૬૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૪૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૧૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૮ |
| સ્ત્રીભ્રૂણ હત્યા બંધ કરવા અંગે | ૪૭૩ |
| **મુકેશ ભૈ. ગઢવી** | |
| અમીરગઢ અને દાંતા તાલુકામાં કિંમતી ખનીજોનો જથ્થો | ૧૮૧ |
| તાલુકાઓમાં હેલીપેડ બનાવવા બાબત | ૪૦૮ |
| પચાસ કરોડથી વધુ રોકાણવાળા નવા ઉદ્યોગોની સ્થાપના | ૨૦૪ |
| બનાસકાંઠા જિલ્લા હસ્તકની સિંચાઇ યોજનાઓ અંગે | ૨૧૮ |
| બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોના પાક તેમજ જમીન ધોવાણની ચૂકવણી | ૪૫ |
| બનાસકાંઠા જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા | ૮૪ |
| બનાસકાંઠા જિલ્લામાં ટાઉન પ્લાનીંગ એકટની કલમ ૬ બી અન્વયેની અપીલો | ૪૨૮ |
| માર્કેટયાર્ડમાં અનાજની આયાત | ૧૦૪ |
| **મુળુભાઈ હ. આયર બેરા** | |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૯૦૫૭ના અનુસંધાને વધારાની માહિતી | ૩૧૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૫૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૨૭ |
| **મોહંમદફારુક હુ. શેખ** | |
| અમદાવાદ શહેર પોલીસે પકડેલ જાનવરો | ૧૫૩ |
| કેન્દ્ર સરકાર દ્વારા અમદાવાદને મેગાસીટી તરીકે આપેલ સહાય | ૪૪૨ |
| ગાંધીનગર શહેરમાં સેક્ટરવાર રહેણાંક્ના ખાલી પ્લોટ | ૪૧૦ |
| વઢવાણમાં મોતિયાના ઓપરેશન પછી આંખોને થયેલ નુકસાન | ૩૮૫ |
| સરકારી હોસ્પિટલોનું ખાનગીકરણ કરવા બાબત | ૪૨૯ |
| **મોહનભાઈ ક. કુંડારિયા** | |
| ટંકારા અને પડધરી ખાતે નવી કોર્ટ શરૂ કરવા બાબત | ૪૧૬ |
| મચ્છુ-૩ના બંધના કામની પ્રગતિ બાબત | ૨૦૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૬૬ |
| રાજકોટ જિલ્લાના માળિયા તાલુકાના મીઠાના અગરમાં પીવાના પાણીની વ્યવસ્થા | ૧૮૨ |
| રાજકોટ જિલ્લામાં બનાવેલ ચેકડેમો | ૨૨૦ |
| રાજકોટ જિલ્લામાં રસ્તાના જોબનંબર | ૪૩૨ |
| રાજકોટ જિલ્લામાં શૌચાલય બનાવવા પાછળ ખર્ચ | ૮૨ |
| **મોહનભાઈ ધ. ઢોડિયા** | |
| જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની અરજીઓ | ૨૮૫ |
| **યોગેશભાઈ ના.પટેલ** | |
| ઓદ્યોગિક મૂડીરોકાણ અંગે મળેલ દરખાસ્તો | ૧૬૨ |
| **રણછોડભાઈ ચ. ફળદુ** | |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **રણછોડભાઈ ચ. ફળદુ** | | |
| | અર્બન મિશન કાર્યક્રમ નીચે આવરી લેવાયેલ શહેરો | ૪૧૦ |
| | જામનગર જિલ્લાની ક્ચેરીઓનું સચિવાલય જોડે કોમ્પ્યુટર નેટવર્કથી જોડાણ | ૧૬૧ |
| | જામનગર જિલ્લામાં શહેરી ગરીબોને ઘરથાળના પ્લોટ | ૨૬૫ |
| **રણજીતસિંહ ન.ચાવડા** | | |
| | મંડાલી (વિહાર)ની ગૌચર જમીન ઉપરના દબાણ દૂર કરવાની કાર્યવાહી | ૫૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૬૪ |
| **રમણલાલ વોરા** | | |
| | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના વાર્ષિક અહેવાલો | ૪૪૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૫૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૨૭ |
| | સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૧૪ |
| | સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૧૪ |
| **રમીલાબેન બ. બારા** | | |
| | ખોખરાથી વિજયનગર અને ચિઠોડા સુધીના રસ્તાને કિસાનપથમાં લેવા બાબત | ૪૧૫ |
| | ખેડબ્રહ્મા તાલુકામાં ઝાંઝવા પણાઈ યોજના | ૧૬૭ |
| | વિજયનગર તાલુકામાં પાલ સિંચાઈ યોજના | ૧૯૪ |
| | હાથમતી-હરણાવ નદી પર કોઝવે બનાવવા બાબત | ૪૩૨ |
| **રમીલાબેન રા. દેસાઈ** | | |
| | કૃષિ મેળામાં કીટ ફાળવવાનો ખર્ચ | ૧૦૯ |
| | કૃષિ વિભાગ હસ્તકના જાહેર સાહસોમાં ચેરમેન | ૯૭ |
| | ખેડબ્રહ્મા તાલુકામાં દુધાળા ઢોર ખરીદવાની માંગણી | ૫૮ |
| | ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિનો વહીવટ | ૭૧ |
| | ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી માનસીંગભાઈ વીરાભાઈ જાદવના અવસાન અંગે | ૩૧૨ |
| | ચિંતન શિબિરો પાછળ થયેલ ખર્ચ | ૧૭૬ |
| | ડોકટરોનું નોન પ્રેકટીસ એલાઉન્સ બંધ કરવા બાબત | ૪૦૪ |
| | વલસાડ જિલ્લામાં સાતફેરા સમુહલગ્નમાં ચૂકવેલ રકમ | ૭૧ |
| | હિસાબ અને તિજોરી ખાતામાં વર્ગ-૧ની જગ્યાઓ | ૨૮૧ |
| **રશીદા ઈ. પટેલ** | | |
| | નર્મદા યોજનામાંથી ભરૂચ આમોદ તથા વાગરા તાલુકાને મળનાર સિંચાઈનો લાભ | ૧૯૨ |
| | ભરુચ જિલ્લાના આદિજાતિ વિકાસ મંડળીની બેઠક યોજવા બાબત | ૨૯૬ |
| | ભરુચ, વાગરા અને આમોદ તાલુકામાં પંચાયત હસ્તકના રસ્તાઓને રીકાર્પેટ કરવા બાબત | ૪૩૩ |
| | ભરૂચ જિલ્લાની કેનાલના કામો | ૧૬૬ |
| | ભરૂચ જિલ્લામાં ઇન્દિરા આવાસના પૂર્ણ થયેલ મકાનો | ૫૬ |
| | ભરૂચ જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓમાં કરન્ટ રીપેર નીચે કરવામાં આવેલ ખર્ચ | ૪૪૫ |
| | ભરૂચ જિલ્લામાં સો ચોરસવારના પ્લોટ પર મકાન બાંધવા સહાય | ૧૦૫ |

| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **રશીદા ઈ. પટેલ** | | |
| | ભરૂચ જિલ્લામાં સ્થાનિક બેરોજગારોને રોજગારી | ૨૭૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૬૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૮ |
| | વોટરશેડ કાર્યક્રમ અંતર્ગત જળ વિકાસના પૂર્ણ થયેલ કામો | ૮૭ |
| | વાગરા-ભરૂચ અને આમોદ તાલુકામાં પંચાયત હસ્તકના નવા રસ્તાઓને ડામરકામની મંજૂરી | ૪૧૭ |
| | વિદ્યુત શુલ્કમાં રાહત | ૨૧૩ |
| **રાકેશ રાવ** | | |
| | ખેડા જિલ્લામાં વિનાશક પૂરમાં તણાઈ ગયેલા નાગરિકોને બાકી સહાય ચૂકવવા અંગે | ૨૫૮ |
| | પ્રવાસન વર્ષમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવા બાબત | ૪૧૮ |
| | ફાગવેલ ગામના ભાથીજી મહારાજ મંદિરનો પવિત્ર યાત્રાધામમાં સમાવેશ કરવા બાબત | ૪૪૮ |
| | બક્ષીપંચ જાતિના વિદ્યાર્થીઓને આશ્રમશાળામાં અપૂરતી વ્યવસ્થા | ૭૦ |
| | માતર-ખેડા તાલુકામાં માટીના પાળા તથા પૂર સંરક્ષણ દિવાલો રીપેર કરવા બાબત | ૧૮૭ |
| **રાજેશભાઈ પાઠક** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૬૩ |
| **લક્ષ્મણભાઈ બા. પટેલ** | | |
| | ગુમ થયેલા બાળકોની સંખ્યા | ૨૧૨ |
| | મોટા ઉદ્યોગો પાસેથી લેવાની થતી પાણી વેરાની બાકી રકમ | ૧૯૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૬૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૧ |
| | વલસાડ જિલ્લા પંચાયત કચેરીમાં ખાલી જગ્યાઓ | ૫૭ |
| | વલસાડ જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અટકાવવા બાબત | ૪૩૨ |
| | વલસાડ જિલ્લામાં ઓદ્યોગિક એકમોમાં થયેલ મૃત્યુ કે ઈજાની માહિતી | ૨૮૫ |
| | વલસાડ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ | ૮૮ |
| | વલસાડ જિલ્લામાં થયેલા વિવિધ ગુના | ૧૬૫ |
| | વલસાડ જિલ્લામાં મામલતદાર કચેરીનું મહેકમ | ૩૦૦ |
| | વાપી જી.આઈ.ડી.સી.નું કામદાર રાજ્ય વીમા યોજનાનું દવાખાનું બિન ઉપયોગી હોવા બાબત | ૪૧૬ |
| **વજુભાઈ પ. ડોડિયા** | | |
| | નંદાણ-દોદર છાટોડી ડ્રેનેજ રીપેર કરવા અંગે | ૧૮૧ |
| | વિરમગામના મુનસર તળાવના વિકાસ માટે મંજૂર થયેલ ગ્રાન્ટ | ૩૯૪ |
| | વિરમગામની સિનિયર ડીવીઝન કોર્ટને ગ્રાન્ટ ન આપવા બાબત | ૪૨૧ |
| **વજુભાઈ વાળા** | | |
| | નાણા વિભાગની અધિસૂચનાઓ | ૩૧૫ |
| **વસુબેન ન. ત્રિવેદી** | | |
| | નગરપાલીકાઓ તથા મહાનગરપાલીકાઓમાં ઇ-ગવર્નન્સની કામગીરી | ૪૧૩ |
| | નર્મદા યોજના માટે તજજ્ઞ સમિતિની નિમણૂક | ૧૮૫ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **વસુબેન ન. ત્રિવેદી** | | |
| | નર્મદા યોજના વીજ મથકોની ઉત્પાદન ક્ષમતા | ૨૦૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૧૨ |
| | રાજ્યમાં ભારે વરસાદથી નુકસાન માટે રાહત | ૫૩ |
| **વેચાતભાઈ હ. બારિયા** | | |
| | અનુસૂચિત જનજાતિના દાખલા મેળવવામાં મુશ્કેલી | ૨૯૧ |
| | ચોમાસા દરમિયાન વરસાદમાં વૃક્ષો પડી જવા બાબત | ૨૭૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૭૬ |
| | વડોદરા જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ કરવા બાબત | ૪૦૦ |
| **શંકરભાઈ દે. વાઘેલા** | | |
| | બિન સરકારી વિધેયકો | ૧૩૩ |
| **શંકરભાઈ મં. વારલી** | | |
| | આંગણવાડીઓના બાંધકામને અગ્રતા | ૧૬૪ |
| | ઉમરગામ તાલુકાના સરીગામ ફણસા રોડનું કામ | ૪૨૭ |
| | ઉમરગામ તાલુકાની કાર્યરત ક્વોરીઓ | ૧૯૨ |
| | ગણોતીયાની જ્ગ્યામાં પાકા મકાનો બાંધવા બાબત | ૨૮૬ |
| | ગાંધીનગર ખાતે સેકટરવાર રહેણાંક્ના ખાલી પડેલ પ્લોટ | ૪૦૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૪૬ |
| | વાપી ઓદ્યોગિક વિસ્તારમાં થતાં કોમર્શિયલ બાંધકામો | ૨૧૧ |
| | વાપી જી.આઇ.ડી.સી. માટે સંપાદન કરવામાં આવેલ જમીન | ૧૬૪ |
| **શંકરભાઈ લ. ચૌધરી** | | |
| | ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી માનસીંગભાઈ વીરાભાઈ જાદવના અવસાન અંગે | ૩૧૩ |
| | નર્મદાનું પાણી બનાસ નદીમાં નાખવા અંગે | ૧૬૮ |
| | ભારે વરસાદથી રણકાંઠાની જમીનમાં ખારાશ | ૭૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૨૦ |
| | રાજ્યમાં ચાલતા મદ્રેસાઓ | ૪૧૮ |
| | રાધનપુર અને સાંતલપુર સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટર અને અન્ય સ્ટાફની ઘટ | ૪૪૮ |
| | રાધનપુરથી પાટણ સુધીનો રસ્તો | ૪૩૫ |
| | વડગામ તાલુકાની કરમાવત તળાવમાં નર્મદાનું પાણી નાખવા અંગે | ૧૯૫ |
| **શંકરભાઈ વી. રાઠવા** | | |
| | ગાંધીનગર શહેરમાં સેકટરવાર રણેણાંકના ખાલી પ્લોટ | ૩૯૨ |
| | ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ દરમિયાન થયેલ એમ.ઓ.યુ. | ૨૦૭ |
| | બરોડાના એસ.આર.પી. ગૃપ-૯ ના અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્યની તપાસ | ૧૮૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૭૫ |
| | વડોદરા જિલ્લાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્યની તપાસ | ૨૨૦ |
| | વડોદરા જિલ્લામાં વૃક્ષોનું વાવેતર | ૨૬૮ |
| | શહેરમાં આવેલી ફાઈવસ્ટાર હોટલો | ૪૩૫ |
| **શિરીષકુમાર મ. શુકલ** | | |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **શિરીષકુમાર મ. શુકલ** | | |
| | અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રેસીડેન્ટ ડૉક્ટર ક્વાર્ટરમાં મહિલા સાથે થયેલ અત્યાચાર | ૪૩૪ |
| | ખેડૂત ખાતેદારોની આકસ્મિક વીમાની અરજીઓ | ૯૪ |
| | મેડિકલ કોલેજોમાં તજજ્ઞોની ખાલી જગ્યા | ૪૪૬ |
| | રાજ્યના મત્સ્યોદ્યોગને વધુ હુંડિયામણ | ૬૬ |
| | રાજ્યની મેડીકલ કોલેજોમાં અપૂરતા તબીબો | ૪૧૮ |
| | વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૭ દરમિયાન મૂડીરોકાણ અંગે | ૧૬૨ |
| **શીવજીભાઈ ક. આહીર** | | |
| | કચ્છ જિલ્લા પશુ દવાખાનામાં રસીનો જથ્થો | ૯૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૨૭ |
| | રાજ્યમાં પશુ આરોગ્ય મેળાનું આયોજન | ૭૭ |
| **શીવાભાઈ જે. ગોહિલ** | | |
| | ઉંચા કોટડા યાત્રાધામ ખાતે કાયમી પોલીસ ચોકી આપવા અંગે | ૧૭૦ |
| | કોસ્ટલ પોલીસ સ્ટેશનની સ્થાપના | ૧૯૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૪૧ |
| **સી. જે. ચાવડા** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૬૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૩૭ |
| | રાજ્ય સરકાર ધ્વારા વીજળીની ખરીદી | ૨૦૦ |
| | રાજ્યમાં કૃત્રિમ બીજદાન | ૯૨ |
| | રાજ્યમાં તલાટીઓની ખાલી જગા | ૬૩ |
| | રાજ્યમાં નોંધાયેલ વિવિધ ગુના | ૧૭૮ |
| | સેલ્સટેક્ષમાં મોટા એકમોને રાહત આપવા બાબત | ૨૮૦ |
| | સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં થયેલ ખર્ચ | ૨૧૬ |
| **સુનીલ બા. ઓઝા** | | |
| | ભાવનગર જિલ્લામાં શ્રમિક સુરક્ષા અકસ્માત જૂથ વીમા યોજના | ૨૯૫ |
| | ભાવનગર શહેર ખાતે કામદારોને વી.આર.એસ. ની સ્કીમ અંગે | ૨૭૬ |
| | ભાવનગર શહેરનો આઉટર રીંગ રોડ | ૪૦૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૫૭ |
| | રાજ્યમાં જાહેર કરવામાં આવેલ સ્પેશીયલ ઇકોનોમિક ઝોન | ૧૭૯ |
| | શ્રી ભોજબાપા વિદ્યાલયના નામથી ચાલતી માધ્યમિક શાળા | ૪૨૬ |
| | સર ટી. હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં ન્યુરો સર્જનની કાયમી જગ્યા | ૪૪૧ |
| **સૌરભ પટેલ** | | |
| | ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો વાર્ષિક અહેવાલ | ૪૫૦ |
| | મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૭ | ૩૧૬ |
| **હરેશકુમાર ઈ. ભટ્ટ** | | |
| | ૧૧મી પંચવર્ષીય યોજના હેઠળ કૃષિ ટેક્નીકલ કોલેજ માટે દરખાસ્ત | ૬૪ |
| | માજી સૈનિક માટે પોલીસ ભરતીના નિયમોમાં છૂટછાટ | ૧૭૬ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **હરેશકુમાર ઈ. ભટ્ટ** | |
| શેત્રુંજય જળાશયની ડાબા અને જમણા કાંઠાની કેનાલોના રીપેરીંગ અંગે | ૧૭૬ |
| **હીરાભાઈ ઓ. સોલંકી** | |
| પ્રવાસન વર્ષમાં ભાવનગર અને અમરેલી જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ | ૪૧૯ |
| વન્યપ્રાણીઓ દ્વારા મનુષ્યને ઈજા | ૨૮૩ |
| સિંહ અને દિપડાની કાયમી વસાહત | ૨૯૯ |
| **હેમાજી દ. રાજપૂત** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૩૪૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૨૬ |
| વાવ તાલુકાના ઢીમા તથા નડાબેટ નડેશ્વરી માતાના ધામને યાત્રાધામમાં સમાવવા બાબત | ૪૧૪ |
| વાવ-થરાદમાં પશુ ડૉક્ટરની ખાલી જગા | ૮૧ |